સર્વજ્ઞ શ્રી દાદા ભગવાન
પ્રરૂપિત
વીતરાગ વિજ્ઞાન

: સંકલન :

સર્વજ્ઞ શ્રી દાદા ભગવાન દીક્ષિત આપ્તપુત્ર
શ્રી કમલેશ કાન્તિલાલ દવે

॥ શ્રી સીમંધરસ્વામીને નમઃ ॥

॥ નમામિ નિત્યં દાદા ભગવાનમ્ ॥

સર્વજ્ઞ શ્રી દાદા ભગવાન પ્રરૂપિત વીતરાગ વિજ્ઞાન

: સંકલન :

સર્વજ્ઞ શ્રી દાદા ભગવાન દીક્ષિત આપ્તપુત્ર
શ્રી કમલેશ કાન્તિલાલ દવે

પ્રકાશક	:	**"સંયમ ધામ"** નાગર બાગ, ગામ - **સિગોંદ**, વાયા - કડોદ, તાલુકો - બારડોલી, જિલ્લો - સુરત. પીન કોડ : ૩૯૪૩૩૫
આવૃતિ	:	પ્રથમ
પ્રત	:	૧૦૦૦
વર્ષ	:	તારીખ : ૨૦/૪/૧૯૯૬ (વૈશાખ સુદ ત્રીજ) [અખાત્રીજ]
મૂલ્ય	:	પરમ વિનય અને હું કંઈજ જાણતો નથી એ ભાવ.
પ્રાપ્તિ સ્થાન	:	**"સંયમ ધામ"** નાગર બાગ, ગામ - **સિગોંદ**, વાયા - કડોદ, તાલુકો - બારડોલી, જિલ્લો - સુરત. પીન કોડ : ૩૯૪૩૩૫
ટાઈટલ પેજ ડિઝાઈન	:	કાંતિલાલ એસ. પંચાલ **[કલેન્દ્ર]** આચાર્ય, સી. એન. કોલેજ ઓફ ફાઇન આર્ટસ્, આંબાવાડી, અમદાવાદ.
લેસર કંપોઝ	:	**"માતૃ કોમ્પ્યુટર્સ"** ૨૭, નંદી શોપીંગ સેન્ટર, ઈન્ડીયા કોલોની રોડ, બાપુનગર, અમદાવાદ-૫૦. ✆ ૨૭૪૫૧૯૩ પી.પી.
મુદ્રક	:	**એસ. એસ. ઓફસેટ,** ગોમતીપુર, અમદાવાદ. ✆ ૩૮૦૯૯૭ પી.પી.

મંગલાચરણ

(૧) સંસાર વિઘ્નો નિવારક ત્રિમંત્ર

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વ સાહૂણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં ॥ ૧ ॥
ૐ નમો ભગવતે વાસુદેવાય ॥ ૨ ॥
ૐ નમઃ શિવાય ॥ ૩ ॥

(૨) પ્રત્યક્ષ "દાદા ભગવાન" ની સાક્ષીએ વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર ભગવાન "શ્રી સીમંધર સ્વામીને" અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

(૩) ભરતક્ષેત્રે હાલ વિચરતા સર્વજ્ઞ "શ્રી દાદા ભગવાનને" નિશ્ચયથી અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

(૪) પ્રત્યક્ષ "દાદા ભગવાન" ની સાક્ષીએ છ દેવલોકમાં રહેલાં સર્વે દેવી-દેવતાઓને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

(૫) પ્રત્યક્ષ "દાદા ભગવાન" ની સાક્ષીએ મહાવીર શાસનના રક્ષક દેવી-દેવતાઓને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

જય સચ્ચિદાનંદ

પ્રસ્તાવના

[પ્રાસ્તાવિક કથન]

વર્તમાન કાળે બુદ્ધિશાળી વર્ગ ઉત્તરોત્તર વધતો જાય છે, પરંતુ કોમ્પ્રેસ થયેલા કર્મોની ગાંસડીઓ લઈને આવેલા આ જીવોને ઘડીની નવરાશ નથી અને પળની ફુરસદ નથી. બાકી આ કાળમાં શાસ્ત્રો, ધર્મગ્રંથો કે આધ્યાત્મિક પુસ્તકોની કોઈ કમી નથી.પરંતુ આ કળિકાળના જીવોને લાંબુ લચક વાંચવાની, વિચારવાની ફુરસદ નથી, ઉપરાંત કેટલાક જીવો આવા વ્યાખ્યાન, આખ્યાન, અને ભાષણો વાંચીને, સાંભળીને, ઉબાઈ ગયા છે, સખત કંટાળો અનુભવી રહ્યાં છે. અધ્યાત્મ માર્ગના જિજ્ઞાસુ તેમજ મુમુક્ષુ વર્ગને યોગ્ય માર્ગદર્શન કે અલ્પ સમયમાં સૈદ્ધાંતિક વિજ્ઞાન સમજાવનાર સમર્થ ગુરુનો ભેટો થતો નથી. આવા જીવોને અલ્પ સમયમાં અધ્યાત્મ જ્ઞાનનો આસ્વાદ યથાર્થ સ્વરૂપમાં અનુભવવા મળશે તે આ દિવ્ય ગ્રંથની એક આગવી વિશેષતા છે, કારણ કે અધ્યાત્મ જગતના અગિયારમાં આશ્ચર્ય સ્વરૂપ અક્રમ વિજ્ઞાની સર્વજ્ઞ શ્રી દાદા ભગવાનના મુખે નીકળેલી વીતરાગ વિજ્ઞાન સબંધી વાતોનું પ્રતિપાદન કરતો જડીબુટ્ટી રૂપ ગુટકા સમાન આ ગ્રંથ છે જેની વાચક વર્ગને પ્રતીતિ થયા વગર રહેવાની નથી.

કળિયુગ તથા દુઃષમકાળ જેને જ્ઞાની વિકરાળ કાળની ઉપમા આપે છે, તેવા આ કાળના પ્રભાવે વિપુલ ધર્મશાસ્ત્રો આજના માનવીને અણીના સમયે કામ લાગતા નથી. ગમે તેવી મૂલ્યવાન દવા હોય તો પણ એની એકસપાયરી ડેટ વીતી જાય એટલે એની રોગ નિર્મૂળ કરવાની મૌલિક તાકાત કાળક્રમે આપો આપ જ ખલાસ થઈ જાય છે એટલે જ્ઞાનીએ કેવળદર્શનમાં જોઈને કરુણાભાવે કહ્યું કે ''પહેલાના શાસ્ત્રો આજે આ કાળમાં કામ નહીં લાગે, લોકો જ એને અભરાઈએ ચઢાવી દેશે અને આ કાળને અનુરૂપ નવા શાસ્ત્રો રચાશે.'' જ્ઞાનીએ શાસ્ત્રની વ્યાખ્યા આપતા કહ્યું કે ''પબ્લીકને એડજેસ્ટેબલ થાય તેનું નામ શાસ્ત્ર.'' આ બંને વાક્યમાં રહેલાં બ્રહ્માંડી વચનબળને કારણે જ એમની અપાર કૃપા દૃષ્ટિને વરેલા એક સમકિતધારી આપ્તપુત્રને પૂજ્ય દાદાશ્રીને શ્રીમુખેથી નીકળેલ વીતરાગ વિજ્ઞાન સબંધી વાણીને પ્રશ્નોતરી રૂપે ટૂંકમાં રજુ કરવાની એક તમન્ના પ્રગટ થઈ તેના ફળ સ્વરૂપે તથા વર્તમાન કાળના જિજ્ઞાસુ તથા મુમુક્ષુ જીવોની ઉત્કૃષ્ટ પુણ્યના પ્રતાપે આ ''સર્વજ્ઞ શ્રી દાદા ભગવાન પ્રરૂપિત વીતરાગ વિજ્ઞાન'' નામક ગ્રંથની સંકલના થવા પામી છે.

તમન્ના એટલે તેની પરિપૂર્તિ માટે બધું જ હોડમાં મૂકવામાં આવે ... તન, મન, ધન ..... દિવસ, રાત અંદર આજ ચાલ્યા કરે કે કેમ કરીને સત્વરે આ કાર્ય પરિપૂર્ણ થાય અને જ્ઞાનીના જગત કલ્યાણના કાર્યમાં આ ગ્રંથ ઉત્કૃષ્ટ નિમિત્ત કેમ કરીને બને ! જેથી જ્ઞાનીની પ્રત્યક્ષ સરસ્વતી સ્વરૂપ વાણી દ્વારા જગત શાશ્વત શાંતિ અને સુખ સહજ રીતે ઘેર બેઠાં પામે અને આ તમન્ના તથા તેણે એકલા હાથે ઉઠાવેલ જબરજસ્ત પુરૂષાર્થ એ આપ્તપુત્રની આથમતી ઇચ્છાના ફળરૂપે છે, એની પાછળ તે આપ્ત પુત્રના પૂર્વનાં અનંત ભવોનો જગત કલ્યાણનો ઘૂટેલો સંકલ્પ નિગૂઢ રીતે રહેલો મહેસૂસ થાય છે.

એક સિદ્ધાંત છે કે તીર્થંકર ભગવંતોના ગણધરો મોટાભાગે બ્રાહ્મણ કુળમાં જ જન્મેલાં હોય છે. અત્યારે જે ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી ભગવાનનું શાસન છે તેમના અગિયાર ગુણધરો બ્રાહ્મણ

કુળમાં જ જન્મેલા હતા. આ ગુણધરો દ્વારા જ શાસ્ત્રોની તથા દ્વાદશાંગીની રચના થતી હોય છે. કુદરતી રચનાના આયોજન અનુસાર પ્રસ્તુત ગ્રંથનું સંકલન જેના નિમિત્તે થયું છે તે આપ્તપૂત્ર શ્રી કમલેશ દવે બાજ ખેડાવાળ (વેદ પુરુષ) નામના ઉચ્ચ બ્રાહ્મણ કુળમાં જન્મેલ છે. ઉપરાંત પૂર્વ જન્મના બળવત્તર સંસ્કારોને કારણે આ આપ્તપૂત્રને આ જ ભવમાં ઘણી બધી વિદ્યાઓ લબ્ધિ કે સિદ્ધિ સ્વરૂપે પ્રાપ્ત થયેલી છે. જ્ઞાનીના કથન મુજબ આ આપ્તપુત્ર શ્રી કમલેશ દવેને કલમ, કડછી, બરછી, તરવું, તસ્કરવું. અને તંતરવું આ છ વિધાઓ સિદ્ધ થયેલી છે. વધુમાં આ આપ્તપુત્ર જ્યોતિષ, આયુર્વેદ, વેદાંત, કર્મકાંડ, રસોઈ, સૌદર્ય સાધના, માર્શલ આર્ટ (કરાટે) તથા ઘણા બધાં લૌકિક ધર્મો તથા દર્શનો વિશે ઉંડાણમાં માહિતગાર છે.

આ દિવ્ય ગ્રંથની એક આગવી વિશેષતા એ છે કે, જીવમાત્રની આકુળતા, વ્યાકુળતા સમી જાય એવી અદ્‌ભુત ચમત્કારિક રસાયણ ઔષધિ આ ગ્રંથમાં છે. મનુષ્ય પાસે જે સુખ સગવડના આધુનિક પ્રાપ્ત સાધનો છે તેનો સદ્‌ઉપયોગ કરી જીવનને સત્યમ્, શિવમ્ સુંદરમ્ બનાવી શકે એવી સમજ આપવાની શક્તિ આ ગ્રંથમાં આવિષ્કાર પામી છે. આધિ, વ્યાધિ, ઉપાધિ રૂપ ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ અંદર સમાધિ નિરંતર રહે એવી સમ્યક્ સમજ આ ગ્રંથના યથાર્થ દોહનથી નિષ્પન્ન થાય એ નિઃસંદેહ વાત છે કારણ કે માલિકી ભાવ વગરની જ્ઞાનીની વાણીનું આ સમ્યક સંકલન છે. તમામ પ્રકારના વિકલ્પોને સમાવનારી તથા તમામ પ્રકારનાં વિકલ્પોનો અંત લાવનારી જ્ઞાનીની વાણીનું આ સર્વાંગ સંપૂર્ણ સંકલન છે. આ ગ્રંથ એ અક્રમ વિજ્ઞાની એવા અજોડ જ્ઞાનીની પ્રત્યક્ષ સરસ્વતી રૂપ અપૂર્વ વાણીનો આસ્વાદ છે. આ ગ્રંથનો એક દિવ્ય પ્રભાવ એ છે કે કોઈના મનમાં કોઈપણ પ્રશ્ન ઉઠે તો તેનો જવાબ સદરહુ ગ્રંથમાંથી સહજાસહજ આપોઆપ મળી જાય તેમ છે. કોઈપણ પ્રકારનાં પક્ષાપક્ષી રહિત જ્ઞાની પુરુષની સ્યાદવાદ વાણી પ્રશ્નોતરરૂપે સંકલના થવા પામી છે. જે મોક્ષ માર્ગના પગથીયાં ચઢવામાં ઉત્કૃષ્ટ ફરીસ્તા કે દીવાદાંડી સમાન બને તેમ છે.

જ્ઞાનીના કથન પ્રમાણે માનવ મનનાં ચૌદલાખ થર (લેયર્સ) છે. અર્થાત આ જગતમાં સમગ્ર પણે ચૌદ લાખ પ્રકારની વિભિન્ન પ્રકૃતિ ધરાવતો માનવ મહેરામણ છે. એ ભિન્ન ભિન્ન રુચિ ધરાવતા દરેક જીવોને પ્રસન્નતા ઉપજે અને અંદરથી સમાધાન થાય એવી અક્રમ વિજ્ઞાની દાદા ભગવાનની મૌલિક તેમજ ચરોતરી તળપદી વાણીના સારાંશનો અલ્પાંશ અત્રે પ્રશ્નોત્તરી રૂપે આ જગત સમક્ષ લઘુતમ ભાવે યથાશક્તિ મતિ પ્રમાણે મુકવાનો નમ્ર પ્રયાસ થયો છે. પૃથ્વીના વ્યાપક ફલકના અલગ અલગ ક્ષેત્રે અલગ અલગ સમયે વિવિધ નિમિત્તોને આધિન સહજ રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવથી અપ્રતિબદ્ધ રીતે વિચરતા જ્ઞાનીનાં શ્રીમુખેથી નીકળેલા જિજ્ઞાસુ અને મુમુક્ષુઓના પ્રશ્નોના યથાર્થ સમાધાન પ્રસ્તુત ગ્રંથમાં સમાવિષ્ટ થયા છે.

આ કાળનો પ્રભાવ જ કંઇક ઔર છે અનેક વિધ અટપટી સમસ્યાઓ અને પઝલ્સનો ઉકેલ ન મળતા સદરહું પઝલ્સમાં ડીજોલ્વ થયેલો આજનો આ માનવી પોતે ક્યાં ઉભો છે અને ક્યાં જઇ રહ્યો છે તેનું જ તેને ભાન રહ્યું નથી. ચોગરદમથી ત્રિવિધ તાપથી બળતો આ માનવી અજ્ઞાનવશ ચોપડવાની દવા પી ગયો અને પીવાની દવા ચોપડી દીધી એટલે રોગ મટ્યો નહી, ઉલ્ટો રોગ વકર્યો અને નવા રોગનો ભોગ બન્યો, ત્યારે જ્ઞાની કરૂણાભાવે આર્શીવાદ આપતા જણાવે છે કે વીતરાગ વિજ્ઞાનની યથાર્થ સમજનું ફળ ત્રણ રીતે પ્રાપ્ત થાય છે. ૧. જુનો રોગ મટે છે. ૨. નવા રોગ ઉભા થતા નથી ૩. જે શક્તિ પ્રગટ થઇ તેનું રક્ષણ કરે છે આવા ગજબનાક વીતરાગ વિજ્ઞાનના થોડાંક અંશો પ્રસ્તુત ગ્રંથમાં સંકલિત થવા પામ્યા

છે. વીતરાગ વિજ્ઞાનના સુક્ષ્મત્તમ રહસ્યો જે અત્યાર સુધી ગુપ્ત રહયા હતા તે આ જ્ઞાની ખટપટીયા વીતરાગ હોવાથી તેમના મુખેથી પ્રગટ થયા એની પાછળનું ગૃહયતમ રહસ્ય એ છે કે તીર્થંકર ભગવંતો સંપૂર્ણ વીતરાગ હતા જેઓ ૩૬૦° ડિગ્રી ઉપર હતા જયારે આ અક્રમ વિજ્ઞાની આ કાળના પ્રભાવે કેવળજ્ઞાનમાં ૪ માર્ક માટે નાપાસ થયા, અર્થાત્ ૩૫૬° ડિગ્રી ઉપર હતા અને તેથી જ ખટપટીયા વીતરાગ હોવાથી આજે આ વીતરાગ વિજ્ઞાનનો આ લાભ આપણને ઉપલબ્ધ થયો અને તેમાંય આ આપ્તપુત્રે પૂજ્ય દાદાશ્રીના મુખેથી નીકળેલ વીતરાગ વિજ્ઞાનના આ તમામ ગૃહ્યતમ રહસ્યોને પ્રસ્તુત ગ્રંથમા નેવુંથી વધુ વિષયોનાં ૨૨૮૬ પ્રશ્નોનાં ઉત્તર સ્વરૂપે જ્ઞાની કૃપાથી સંકલિત કર્યા છે. આ અમૂલ્ય સર્જનની પાછળ એક માત્ર જ્ઞાનીની તે આપ્તપુત્ર ઉપરની અસીમ કૃપા અને કરુણા જ કાર્યાન્વીત રહેલી અનુભવાય છે. જ્ઞાનીની કૃપા વગર આ શક્ય જ નથી એટલે તો આ સંકલન સહેજાસહેજ કુદરતી રીતે બે વર્ષ જેટલા ટૂંકા ગાળામાં બે ગ્રંથો દ્વારા સર્જન પામ્યું છે.

પ્રસ્તુત ગ્રંથ ચોવીસ પર્વોમાં વિભાજીત છે એમાંનો પર્વ શબ્દ પ્રયોજવા પાછળ ગૂઢાર્થ સમાયેલો છે પર્વ એટલે પરમ કલ્યાણપદ માંગલિક તિથિ કે જે તિથિઓમાં ધર્મનિષ્ઠ પુરુષો અને સાચા જીજ્ઞાસુ શ્રાવકો ઉત્કૃષ્ટ પ્રકારના તીર્થંકર નામકર્મ નિકાચિત કરાવનારા વીસ સ્થાનકો પૈકી કોઇ એક કે એકથી વધુ સ્થાનકોની ઉપાસના થકી તીર્થંકર નામકર્મ બાંધવા અથાગ્ પરિશ્રમ અને કઠોર તપશ્ચર્યા કરે છે. પરંતુ વીતરાગ વિજ્ઞાનની યથાર્થ સમજના અભાવે નિર્ધારિત ફળની પ્રાપ્તિને પામતા નથી. અલબત્ત આ અત્યંત શુભ ક્રિયા હોવાથી ઉપાસના કાળ દરમ્યાન તત્કાલીન લાભને પામે છે. લાભ હંમેશા ક્ષણિક (ટેમ્પરરી) હોય છે જયારે ફળ પરમેનન્ટ વસ્તુ છે. જૈન સાધુ - આચાર્ય મહારાજ સાહેબને કોઇપણ વંદન કરે ત્યારે મહારાજ સાહેબના મુખેથી તત્ક્ષણ ''ધર્મલાભ'' શબ્દ સરી પડે છે, ધર્મફળ શબ્દ ક્યારેય બોલાતો નથી. આનું રહસ્ય મનનીય છે. અહીં પ્રસ્તુત ગ્રંથનાં ચોવીસ પર્વોમાં વર્તમાન ચોવીસીમાં થયેલા ચોવીસ તીર્થંકર ભગવંતોના દિલમાંથી વીતરાગ વિજ્ઞાનના જે અંશો બહાર પ્રગટ નહોતા થયા તે શ્રી દાદા ભગવાનના શ્રીમુખેથી ખુલ્લા થયેલા તે વીતરાગ વિજ્ઞાન રૂપ બ્રહ્માંડી ખજાનો પ્રશ્નોત્તરી રૂપે સંકલિત થયો છે. સદરહું ગ્રંથમાં સંકલીત થયેલ તત્વને જે કોઇ પણ જીવ ઉપયોગપૂર્વક વાંચશે, વિચારશે, સમજશે અને સમાવશે ત્યારે તેનો અધ્યાત્મ માર્ગે કરેલો પરિશ્રમ કે તપશ્ચર્યા ફળપદ થશે અર્થાત્ કાયમ માટે પરિણમશે. સર્વજ્ઞ શ્રી દાદા ભગવાન ચોવીસ તીર્થંકર ભગવંતોના ભેળા સ્વરૂપ એવા સંગમેશ્વર ભગવાન હોવાથી ચોવીસ પર્વોમાં તે અપૂર્વ વાણીની રસ ધારા આ ગ્રંથમાં સહેજાસહેજ સંકલિત થઇ છે.

અધ્યાત્મ જીવનની આધારશીલા સમાન તથા અધ્યાત્મ જીવનને સ્પર્શતા કેટલાક શબ્દોથી આ માર્ગનાં પ્રવાસીઓ ઘણા સુપરિચિત છે અને તેનો લેખન, વાતચીત, આદિમાં છુટથી ઉપયોગ કરતા પણ નજરે પડે છે પરંતુ તેના મર્મથી સાવ અનભિજ્ઞ છે તેવું દેખાય છે. આવા શબ્દોના તાત્વિક અર્થ તથા તે શબ્દોમાં છુપાયેલ અર્ક આપણી સમજમા ઉતરે તો કામ થઇ જાય. આ પ્રસ્તુત ગ્રંથમાં છે આત્યંતિક મુક્તિ અને પરમ શાંતિનો પથદર્શક પ્રકાશ અને અનુભવસિદ્ધ અમરફળદાયક તત્ત્વબોધ. વિશેષ તો શું કહીએ ? પામી પચાવી જીવનસાર્થક થાય તો ગ્રંથસર્જકનો શ્રમ - અભિગમ, આપનાં પરત્વેના કલ્યાણમાં નૈમિત્તિક કારણ બનવામાં દાદાના સુચરણોમાં હો ! આ ઉપરાંત તો કેટકેલુંય આ ગ્રંથમાં પડેલું છે જેનું આકલન કરવા આ વાણી અસમર્થ છે.

મહાત્મા શ્રી જયંતિભાઇ વી. શાહ

અમદાવાદ

આત્મીય નિવેદન

આ દેહ કે જેનું નામ કમલેશ છે, તેનો જન્મ તારીખ : **૮/૧૦/૧૯૫૫** ના રોજ ઉચ્ચ બ્રાહ્મણ કુળમાં વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં થયેલ. બાળપણથી જ માબાપ દ્વારા ઉચ્ચ સંસ્કારોનું સિંચન થયેલ અને તેથી ધર્મ અને અધ્યાત્મમાં રુચિ ઉત્પન્ન થયેલ. કમલેશનું બાળપણ અને યુવાની તથા સમગ્ર ભણતર **(બી. કોમ., એલ. એલ. બી.)** અમદાવાદ શહેરમાં પુરું થયેલ. પૂર્વના પુણ્ય ઉદયથી બાવીસ વર્ષની ઉંમરે **તારીખ ૧૨/૫/૧૯૭૭**ના રોજ ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમ નામની અર્ધ સરકારી સંસ્થામાં નોકરી મળેલ. પુણ્યાનું બંધી પુણ્યને કારણે ચોવીસ વર્ષની ઉંમરે વ્યવહારના ગુરુ શ્રી નટુભાઇ શેઠના નિમિત્તે જ્ઞાની પુરૂષ સર્વજ્ઞ શ્રી દાદા ભગવાનનો ભેટો થયો અને તેમના દ્વારા **તારીખ - ૨૭/૫/૧૯૭૯** ના રોજ **જ્ઞાન દીક્ષાની** પ્રાપ્તિ થઇ. બીજા શબ્દોમાં કહીએ તો અજન્માં અમર એવો નવો જન્મ જ્ઞાની દ્વારા આ દિવસે થયો. જ્ઞાની પુરુષની અદ્ભૂત કરૂણાને કારણે **તારીખ ૪/૧૨/૧૯૮૨**ના રોજ **બ્રહ્મચર્ય વ્રતની દીક્ષા** પ્રાપ્ત થઇ તથા આ શરીરને પ્રારબ્ધ કર્માનુસાર **તારીખ ૨/૫/૧૯૯૩** ના રોજ **સર્વસંગ પરિત્યાગ** ઉદયમાં આવેલ અને ત્યાર પછી સર્વજ્ઞ શ્રી દાદા ભગવાનની આજ્ઞા અનુસાર પુજય દાદાશ્રીએ નક્કી કરેલ સિંગોદ ગામની પવિત્ર ભૂમિ ઉપર બંધાયેલ **"સંયમધામ"** માં રહેવાનો સંયોગ પ્રાપ્ત થયો. આ ક્ષેત્રમાં જ્ઞાનીની આજ્ઞા પાળવાના ઉત્કૃષ્ટ પુરુષાર્થ કરતા જગત કલ્યાણનાં કાર્યમાં નિમિત્ત બની શકાય તે માટે જ્ઞાનીની વાણીને પ્રશ્નોત્તરી રૂપે સંકલિત કરવાનો એક દિવ્ય સંકેત પ્રજ્ઞા શક્તિ દ્વારા પ્રાપ્ત થયો અને તે સંકેત મુજબ સૌ પ્રથમ જ્ઞાનીની વ્યવહાર સબંધી વાણી ઉપરાંત જૈન દર્શનની વાતોનો પ્રથમ ગ્રંથ **"વીતરાગ પ્રશ્નોત્તરમાળા"** નામનો તથા નિશ્ચય સબંધી વાણીનો આ ગ્રંથ એમ કુલ બે ગ્રંથ તૈયાર થઇ શક્યા છે તે પાછળ જ્ઞાનીની સૂક્ષ્મ કૃપા અને દેવી - દેવતાઓનો રાજીપોજ કામ કરી રહ્યો છે એ ચોક્કસ વાત છે. આ ગ્રંથમાં સંકલિત થયેલી કોઇ વાત વાંચતાં, કોઇને પોતાની પ્રકૃતિ મુજબ તે પસંદ ન પડે અથવા કિંચિત્માત્ર પણ દુઃખ થાય તો તેની અમો

ક્ષમા માંગીએ છીએ તથા અમારું વાંચક વર્ગને એક નમ્ર નિવેદન છે કે અમારી કોઇ ભૂલ જણાય તો વિના સંકોચે અમોને લખી જણાવશો તો અમે આપનો ખૂબ ખૂબ આભાર માનીશું. અહીં એક અન્ય નિવેદન છે કે આ ગ્રંથની કોઇપણ પ્રકારે અશાતના ન થાય તે બાબતનું વાચકવર્ગ હમેશાં ધ્યાન અને સાવધાની રાખે. આ ગ્રંથ તૈયાર કરવાના કાર્યમાં સિંગોદ ગામના યુવકોએ જે સહકાર આપ્યો છે તે બદલ તેમનો હું ખૂબ આભારી છું. અને તેમાંય ખાસ કરીને શ્રી સંજય પટેલ, શ્રી રાજુ પટેલ, તથા શ્રી વિમલ શાહ આ ત્રણ યુવાનોએ જે સહકાર આપ્યો છે તે ક્યારેય ભૂલી શકાય તેમ નથી આ ઉપરાંત આ ગામના વડીલ સજ્જનો અને ખાનદાન એવા શ્રી કાંતુભાઇ નાથાભાઇ પટેલ, શ્રી મોહનભાઇ ડાહ્યાભાઇ પટેલ, શ્રી કિરણભાઇ ડાહ્યાભાઇ પટેલ, શ્રી જયંતીભાઇ પટેલ, શ્રી નાનુભાઇ નાથાભાઇ પટેલ વિગેરેએ જે સહકાર આપ્યો છે તે બદલ પણ હું તેઓનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. પ્રસ્તુત ગ્રંથ છપાવવા માટે જે દાનવીર મહાત્માઓએ જ્ઞાન દાનનો પ્રવાહ વહેવડાવીને જે આર્થીક સહાયતા પૂરી પાડેલ છે. તે તમામ મહાત્માઓનો હું ખૂબ ખૂબ ઋણી છું.

કમલેશ કે. દવેના લઘુત્તમભાવે
જય સચ્ચિદાનંદ

પ.પૂ. પિતાશ્રી અને પ.પૂ. માતુશ્રી

આપની સંસ્કાર સૌરભ આજે આપના બાળકમાં જગત કલ્યાણનાં નિર્ધારમાં પરિણમી છે તેનાં ફળસ્વરૂપ આ સ્વ પરિમલ પ્રસાદી રૂપ ગ્રંથ આપ પ્રત્યેનો અહોભાવ વ્યક્ત કરતાં આપના ચરણકમળમાં સમર્પિત કરું છું.

કમલેશ કે. દવે.

અનુક્રમણિકા

પર્વ	વિષય	પ્રશ્ન સંખ્યા	પૃષ્ઠ
પહેલું	કર્મ, કષાય, કરુણા, કેવળજ્ઞાન, ક્રમિકમાર્ગ	૧૯૫	૩
બીજું	ગર્વ, ગારવતા, ગુરુ, ગીતા, ગુણસ્થાનક	૭૮	૫૮
ત્રીજું	ચિત્ત, ચારિત્ર	૪૪	૮૬
ચોથું	જિજ્ઞાસા, જાગૃતિ	૨૩	૯૯
પાંચમું	તપ, ત્યાગ	૮૨	૧૦૫
છઠ્ઠું	દાન, દીક્ષા	૩૩	૧૩૦
સાતમું	ધર્મ, ધ્યાન	૧૨૪	૧૩૯
આઠમું	નોંધ, નિયાણું, નિશ્ચય	૧૦	૧૭૮
નવમું	પ્રારબ્ધ, પુરુષાર્થ, પરાક્રમ, પુદ્ગલ, પૂર્વગ્રહ, પરિગ્રહ, પોતાપણું, પ્રજ્ઞા, પ્રતિક્રમણ	૯૭	૧૮૧
દસમું	ફાઈલ	૧૦	૨૦૫
અગિયારમું	બુદ્ધિ, બ્રહ્મચર્ય	૨૦૬	૨૦૮
બારમું	ભક્ત, ભગવાન, ભક્તિ, ભાવ, ભ્રાંતિ	૧૦૫	૨૫૫
તેરમું	મન, માન, મિથ્યાત્વ, મુમુક્ષુ, મોરાલિટી, મૃત્યુ, મોક્ષ	૨૭૦	૨૮૩
ચૌદમું	યોગ	૩૯	૩૪૫

પર્વ	વિષય	પ્રશ્ન સંખ્યા	પૃષ્ઠ
પંદરમું	રાગ-દ્વેષ	૧૧	૩૬૨
સોળમું	લેશ્યા	૯	૩૬૫
સત્તરમું	વિનય, વિરતિ, વીતરાગ, વ્યવસ્થિત, વાણી	૨૧૫	૩૬૯
અઢારમું	શંકા, શિષ્ય	૧૨	૪૧૬
ઓગણીસમું	સ્વપ્ન, સમકિત, સમાધિ, સામાયિક, સંત, સંન્યાસ, સાધુ, સ્થવિર, સ્થિતપ્રજ્ઞ, સિન્સિયર, સહજતા, સ્વચ્છંદ, સંયમ, સત્સંગ, સ્વાધ્યાય, સાયન્સ, સિધ્ધાંત	૨૦૦	૪૨૦
વીસમું	હિંસા, અહિંસા	૧૫	૪૮૬
એકવીસમું	જ્ઞાન, જ્ઞાની	૧૧૨	૪૯૧
બાવીસમું	અજ્ઞાન, આત્મા, અહંકાર, અક્રમ, અભિપ્રાય, અધ્યાત્મ, અભિમાન, અંતરાય, આજ્ઞા	૩૫૮	૫૨૩
ત્રેવીસમું	ઉપાદાન, ઉદ્દીરણા, ઉદ્વેગ, ઉદાસીન, ઉપયોગ, ઉન્માદ	૩૨	૬૦૭
ચોવીસમું	વીતરાગ વિજ્ઞાન રહસ્ય	૬	૬૧૮
		૨૨૮૬	

પર્વ પહેલું

કર્મ, કષાય, કરુણા, કેવળજ્ઞાન, ક્રમિક માર્ગ

પ્ર. ૧ કર્મ એટલે શું ? કર્મ કોને કહેવાય ?

ઉ. ૧ જ્યાં કોઇ બીજો કરતો હોય ને ત્યાં આપણે આરોપ કરીએ કે હું કરું છું તેનું નામ કર્મ. જે તું કરતો નથી તેની ઉપર તું આરોપ કરું છું કે હું કરું છું. તેનું નામ કર્મ. સંકલ્પ-વિકલ્પ (હું અને મારું) એ જ કર્મ. હું અને મારું કહ્યું એ જ કર્મ છે. જ્યાં પોતે નથી કર્યું ત્યાં મેં કર્યું કહ્યું તેનું નામ કર્મ. હું ચંદુલાલ છું એ જ કર્મ છે. ક્રિયામાં કર્તાપણાનો આરોપ કરવામાં આવે તે કર્મ. અટકાવી શકાય તેનું નામ કર્મ.

પ્ર. ૨ કર્મ શું છે ?

ઉ. ૨ કર્મ તો વ્યવસ્થિતનો એક અંશ છે. કર્મ નથી સ્ત્રી જાતિ કે નથી પુરુષ જાતિ એ તો નપુંસક છે. કર્મો ખરેખર જડ નથી અને ચેતન પણ નથી પરંતુ નિશ્ચેતન ચેતન છે. નિશ્ચેતન ચેતનને શુદ્ધ ચેતનનો સ્પર્શ થવાથી કર્મ ચાર્જ થાય છે. કર્મ પુદ્ગલ સદ્ભાવનાં છે, એ પર પરિણામ છે અને જ્ઞેય સ્વરૂપે છે. કર્મ એ પુદ્ગલ દ્રવ્યની એક પ્રકારની અવસ્થા છે. કર્મ એ પુદ્ગલનું એક પરિણમન છે, જેમ સાત ધાતુ એ ખોરાકનું પરિણમન છે તે રીતે. આત્માની ચૈતન્ય શક્તિ એવી છે કે રોંગ બીલિફથી (અજ્ઞાન માન્યતાથી) વિકલ્પ થાય છે કે આ હું છું, તરત જ સક્રિય સ્વભાવી પરમાણુંઓ ત્યાં જ ચાર્જ થઇ જઇને આત્માને વીંટળાઇ વળે છે, જેને કર્મ કહે છે. જીવની કર્તાભાવવાળી ક્રિયા કે પ્રવૃત્તિ દ્વારા કાર્મણવર્ગણાના જે પુદ્ગલો જીવ તરફ ખેંચાઇ એને ચોંટે છે તે પુદ્ગલોને કર્મ કહે છે.

પ્ર. ૩ કર્મની મા કોણ ?

ઉ. ૩ ભાવ

પ્ર. ૪ કર્મ કયા પદાર્થનું બનેલું છે ?

ઉ. ૪ ''કર્મ'' પુદ્ગલાસ્તિકાયના પેટાભેદ રૂપ કાર્મણવર્ગણાનું બનેલું છે. કાર્મણવર્ગણા એ એક પ્રકારના સૂક્ષ્મ રજકણો (પુદ્ગલાણુંઓ) છે. જે અનંત અનંત પ્રદેશોના બનેલા સ્કંધો છે.

પ્ર. ૫ આ કાર્મણવર્ગણા આ જગતમાં ક્યાં ભરેલી હશે ?

ઉ. ૫ સમસ્ત વિશ્વમાં (લોકાકાશમાં) સર્વત્ર ભરેલી છે.

પ્ર. ૬ કર્મ રૂપી કે અરૂપી ?

ઉ. ૬ કર્મ રૂપી છે પરંતુ સૂક્ષ્મ હોવાથી દૃષ્ટિગોચર થતું નથી.

પ્ર. ૭ કર્મનું સ્વરૂપ શું ? તેનું ઉદ્‌ભવ સ્થાન શું ? તેનો લય શું ?

ઉ. ૭ કર્મનું સ્વરૂપ કંઇ નક્કી નથી તેની અવસ્થાઓ અનંતાઅનંત છે. ખરી રીતે કર્મ જેવું કશું જ છે નહીં પણ અજ્ઞાનને લઇને જ કર્મ ઊભા થાય છે. કર્મનું મૂળ સ્થાન અજ્ઞાન છે. તેનો ક્ષય જ્ઞાનથી થાય અર્થાત્ જ્ઞાનથી લય થાય છે.

પ્ર. ૮ કર્મની થિયરી શું ?

ઉ. ૮ ''હું કરું છું'' અને ''હું ભોગવું છું'' તે જ કર્મની થિયરી છે.

પ્ર. ૯ કર્મનો સિદ્ધાંત શું ?

ઉ. ૯ પોતે કરતો નથી અને છતાં કહે છે કે ''હું કરું છું'' તે કર્મનો સિદ્ધાંત છે.

પ્ર. ૧૦ કર્મતત્ત્વને જૈન દર્શનકારો જ સમજાવે છે કે અન્ય દર્શનકારો પણ આ તત્ત્વને સમજાવે છે ?

ઉ. ૧૦ અન્યદર્શનકારો પણ કર્મતત્ત્વને શબ્દાન્તરથી સ્વીકારે જ છે અને જગતને સમજાવે પણ છે. ન્યાય અને વૈશેષિકદર્શનકારો કર્મને બદલે ધર્મ-અધર્મ તત્ત્વ માને છે. વેદાન્તદર્શનમાં કર્મને ''અવિદ્યા'' તત્ત્વરૂપે માનેલું છે. સાંખ્યદર્શનમાં કર્મને ''પ્રકૃત્તિ'' રૂપે સમજાવેલ છે અને તેના ચાર ભેદો બતાવેલા છે, જેવા કે કૃષ્ણ, શુકલકૃષ્ણ, શુકલ અને અશુકલકૃષ્ણ. બૌદ્ધ દર્શનમાં કર્મને વાસના કહેવામાં આવે છે.

પ્ર. ૧૧ કર્મ બંધાવાનાં મુખ્ય કારણ કયા ?

ઉ. ૧૧ અજ્ઞાન, માન્યતા અને પર ઉપાધિ એ કર્મ બંધાવાના મુખ્ય કારણ છે. શાસ્ત્રના મતે પાંચ કારણો કર્મબંધના જણાવેલ છે. જેવાં કે (૧) મિથ્યાત્વ (૨) અવિરતિ, (૩) કષાય, (૪) યોગ [મન, વચન, કાયાના ત્રણ યોગ] (૫) પ્રમાદ. કોઇક ઠેકાણે પ્રમાદ સિવાય ચાર કારણ પણ દર્શાવેલ છે.

પ્ર. ૧૨ કર્મ શેનાથી બંધાય છે ?

ઉ. ૧૨ ક્રિયાથી કર્મ બંધાતા નથી ક્રિયાના કરનારથી કર્મ બંધાય છે. પોતે ક્રિયાનો કર્તા થાય તો કર્મ બંધાય છે. કર્તાપણાના આરોપથી કર્મ બંધાય છે.

કર્તાભાવ છે તેથી કર્મ બંધાય છે. ''હું ચંદુલાલ છું.'' એ ભાન છે, ત્યાં સુધી કર્મ બંધાય. ''હું ચંદુલાલ છું.'' એ આરોપિત ભાવ થયો એટલે એ કર્તા ભાવ થયો. અજ્ઞાન છે ત્યાં સુધી કર્મો તો થયા જ કરવાના. જ્યાં સુધી અહંકાર છે ત્યાં સુધી કર્મ છે. અહંકાર વિલય થઇ ગયો એટલે કર્મ બંધ થઇ જાય. હું કરું છું એ કર્તાભાવ છે. કરે છે બીજો અને પોતે આરોપ કરે છે કે મેં કર્યું કોલેજમાં પાસ થાય છે તે બીજી શક્તિના આધારે પાસ થાય છે અને કહે છે કે હું પાસ થયો એ આરોપિત ભાવ છે, તેનાથી કર્મ બંધાય છે. અહંકાર જ કર્મ કરે છે અને અહંકાર જ કર્મ ભોગવે છે. ટૂંકમાં પોતે જ્યાં નથી કરતો છતાં અજ્ઞાનતાએ કરીને આરોપ કરે છે કે મેં કર્યું એ અહંકાર અને આ અહંકારથી કર્મ બંધાય છે. હું જ્યોત્સ્ના અને 'મેં આ રોટલી કરી' કહ્યું કે તરત જ કર્મ બંધાય છે 'આ મેં કર્યું કહ્યું' તેથી કર્મ બંધાય છે અને બીજું આ મારું છે એમ બોલવાથી કર્મ બંધાય છે. આ શાથી કે આપણે જે છીએ તે નથી બોલતાં તેથી આરોપિત ભાવથી બોલવામાં આવે છે તેથી કર્મ બંધાય છે. હું અને મારું છૂટે એટલે કર્મ બંધાવાનાં બંધ થાય. જો માત્ર ક્રિયાથી કર્મ બંધાતું હોય તો મહાવીર ભગવાન દેશના આપતા હતા ત્યારે તેઓને પણ કર્મ બંધાય પરંતુ મહાવીર એ વાણીના કર્તા નહોતા એથી તેમને કર્મ બંધાતું નથી.

પ્ર. ૧૩ કર્મ બંધાતા ક્યારે બંધ થાય. ?

ઉ. ૧૩ જ્ઞાની પુરુષ પોતાના સ્વરૂપનું ભાન કરાવડાવે પછી કર્મ બંધાતાં બંધ થાય. પોતાના સ્વરૂપનું ભાન થાય એટલે કે ''હું શુદ્ધાત્મા છું'' એ ભાન થાય તો બધું કરવા છતાં કર્મ બંધાય નહી. સ્વરૂપનું ભાન થતાં અજ્ઞાનતા જાય અને અજ્ઞાનતા જાય એટલે રાગ-દ્વેષ બંધ થઈ જાય. રાગ-દ્વેષ બંધ થઈ જાય એટલે કર્મ બંધાતાં બંધ થઈ જાય. જ્યાં સુધી અહંકાર છે ત્યાં સુધી કર્મ છે. અહંકાર વિલય થઈ ગયો એટલે કર્મ બંધાતાં બંધ થઈ જાય. આત્મજ્ઞાની થયા પછી કર્મ ના બંધાય.

પ્ર. ૧૪ કર્મોનો નાશ કોણ કરી શકે ?

ઉ. ૧૪ જ્ઞાની પુરુષ એકલા જ કર્મોનો નાશ કરી શકે. જ્ઞાની પુરુષ પાણી અને વરાળ રૂપે રહેલાં કર્મોને બાળીને ભસ્મીભૂત કરી ઉડાડી મૂકે પણ બરફ રૂપે થઈ ગયેલા કર્મોને ભોગવ્યે જ છૂટકો. પરંતુ જ્ઞાની પાસેથી સ્વરૂપ જ્ઞાન

પ્રાપ્ત થયા પછી એ કર્મોના ભોગવટામાં ફેર પડી જાય છે. શૂળીનો ઘા સોય જેવો લાગે. જ્ઞાની પુરુષ કારણ સ્વરૂપે રહેલાં કર્મોનો નાશ કરી આપે. આજે જે કાર્ય સ્વરૂપે કર્મો છે, તે બરફ રૂપે થઈ ગયેલાં છે તેને ભોગવવાં જ પડે.

પ્ર. ૧૫ એક સેકન્ડમાં કેટલાં કર્મો બંધાઈ શકે ?

ઉ. ૧૫ એક સેકન્ડમાં સત્તાવીસ કર્મો બંધાઈ શકે છે.

પ્ર. ૧૬ શેનાથી ભયંકર કર્મો બંધાય ?

ઉ. ૧૬ વિરોધાભાસી જીવન જીવવાથી ભયંકર કર્મો બંધાય. આ તો કમાય ત્યારે હું કમાયો અને ખોટ જાય ત્યારે ભગવાન ઉપર અગર બીજા કોઈ ઉપર આરોપ ઘાલે. આ તો ખોટ ના હોય તો પોતે કર્તા હોય પણ આ તો વિરોધાભાસ બોલે છે તેનાથી ભયંકર કર્મો બંધાય છે.

પ્ર. ૧૭ કર્મ આત્માને ફસાવે છે કે આત્મા કર્મને બાંધે છે ?

ઉ. ૧૭ કર્મ આત્માને ફસાવે છે. પુદ્ગલની એટલી બધી શક્તિ છે કે મહીં પરમાત્મા જુઓને કેવા ફસાયા છે.

પ્ર. ૧૮ કર્મનો ઉદય કોને કહેવાય ?

ઉ. ૧૮ જે ઢસડીને લઈ જાય, તે સંજોગોના સકંજામાં આવી જાય અને જવું પડે તે કર્મનો ઉદય કહેવાય. રાજીખુશીથી જાય તેને કર્મ ઉદય ના કહેવાય. કર્મ ઉદયમાં પોતાની ઈચ્છાપૂર્વકનું ના હોવું જોઈએ. પોલીસવાળો મારીને માંસાહાર કરાવે તેવું હોવું જોઈએ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આ ચાર ભેગા થાય તેને ઉદય કર્મ કહેવાય. ઉદય કર્મ ક્યારે કહેવાય કે નિશ્ચય હોવા છતાં નિશ્ચયને જંપવા ના દે ત્યારે ઉદય કર્મ કહેવાય. દ્રવ્ય કર્મ ફળ આપવા તૈયાર થાય ત્યારે ઉદય કર્મ કહેવાય. મહીં જે કર્મ હતું તે ફળ આપવા માટે સન્મુખ થયું પછી કડવું હોય કે મીઠું હોય જે તમારો હિસાબ હોય તે ઉદય કહેવાય.

પ્ર. ૧૯ ઉદયકર્મ શેને આધિન છે ?

ઉ. ૧૯ ઉદયકર્મ સર્જકશક્તિને આધિન છે. સર્જકશક્તિને જ્ઞાની પુરુષ ''ચાર્જ'' કહે છે, એને પુરુષાર્થ નથી કહેતા.

પ્ર. ૨૦ ઉદયકર્મનો ગર્વ કોને કહેવાય ?

ઉ. ૨૦ કર્મનો ઉદય ત્યાગ કરાવડાવે અને કહે કે મેં ત્યાગ કર્યો આ અહંકાર એ જ ઉદયકર્મનો ગર્વ કહેવાય.

પ્ર. ૨૧ આત્મા અને કર્મને કેવો સબંધ છે ?

ઉ. ૨૧ રીલેટિવ સબંધ છે.

પ્ર. ૨૨ કર્મને અને દેહને સબંધ ખરો ?

ઉ. ૨૨ કર્મો વધારે હોય ત્યારે દેહ નાનો હોય જેમ કે કીડી. કીડી રાત્રે ચાર વાગેય ખાંડનો દાણો ખેંચ ખેંચ કરતી હોય, અને કર્મો ઓછાં હોય ત્યારે દેહ મોટો હોય, જેમ કે હાથી, એ બાદશાહી ઠાઠથી મસ્તીમાં રહે છે.

પ્ર. ૨૩ કર્મરૂપી ફાચર શેનાથી નીકળી જાય ?

ઉ. ૨૩ રાગ-દ્વેષ કર્યા વગર આવી પડેલી ફાઈલોનો સમભાવે નિકાલ કરવો એ જ કર્મરૂપી ફાચરો કાઢવાનો ઉપાય છે. ફાઈલને દેખતાં જ મનમાં નક્કી કરવું કે મારે સમભાવે નિકાલ કરવો જ છે તો તે પ્રમાણે બધું ગોઠવાઈ જશે. પોતાની શુદ્ધ દશા વધારવા માટે સામાના શુદ્ધાત્મા જુઓ એટલે પોતાની દશા વધતી જાય. પોતે પૂર્વે ચીતરેલા ચોપડા એ જ કર્મરૂપી ફાચર કહેવાય છે. ખરું સુખ મોક્ષમાં જ છે અને આ બધું ખોટુ છે એવું બોલ બોલ કરવું.

પ્ર. ૨૪ દ્રવ્ય કર્મ એટલે શું ?

ઉ. ૨૪ દ્રવ્ય કર્મ એટલે કર્મ ફળ કહેવાય. દેહ ઉત્પન્ન થયો એજ દ્રવ્ય કર્મ. દ્રવ્ય કર્મ કરવું ન પડે. દ્રવ્ય કર્મ તો એમને એમ જ પ્રાપ્ત થાય. જેમાં મહેનત ના કરવી પડે તે દ્રવ્યકર્મ. દ્રવ્યકર્મ અનૌપચારિક છે. આત્મા સિવાયનું બીજું બધું દ્રવ્ય કર્મ છે. દ્રવ્યકર્મ એ ઈફેક્ટ (પરિણામ) છે. દ્રવ્યકર્મ એ ગયા અવતારનું જે સરવૈયું હોય તેનાથી જે ચશ્મા પ્રાપ્ત થાય તે છે.

પ્ર. ૨૫ ભાવ કર્મ એટલે શું ?

ઉ. ૨૫ આ હું કરું છું એનું નામ ભાવ કર્મ. પોતે કરતો નથી છતાં હું કરું છું એમ કહે એનું નામ ભાવકર્મ બંધાય. લોકો બોલે છે કે હું કરું છું એ બધાં ભાવકર્મ. ભાવકર્મ એટલે કર્મ બીજ કહેવાય. હું આનો કર્તા છું એવું ભાન રાખવું તે ભાવકર્મ. ભાવકર્મ એટલે નિશ્ચેતન ચેતનકર્મ. ભાવકર્મથી આખું જગત બંધાયું છે. ભાવકર્મ એ કોઝ છે. અરૂપી છે તે ભાવકર્મ છે.

પ્ર. ૨૬ નોકર્મ એટલે શું ?

ઉ. ૨૬ નોકર્મ એટલે નહીં જેવાં કર્મ. જેવાં કે હાસ્ય, શોક, ગમો, અણગમો, જુગુપ્સા, ભય, પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસક વેદ એમ આ નવ પ્રકારનાં નોકર્મ છે. તે જ્ઞાનીને અને અજ્ઞાનીને બંનેને હોય છે. દ્રવ્ય કર્મનું ફળ તે નોકર્મ છે. નોકર્મ એટલે બિલકુલ જડ જેવાં કર્મ, નહીં જેવાં કર્મ. મિકેનિકલ કર્મો જેમાં બિલકુલ નિશ્ચેતન ચેતન નથી. ચિત્ત ના હોય ને કાર્ય થયા કરે તેને નોકર્મ કહેવાય. નોકર્મ એ કર્મફળ છે એ કર્મ નથી. ચિત્ત હાજર હશે તો નો કર્મ ફળ આપશે. ચિત્ત હાજર નહીં હોય તો નો કર્મ ફળ નહીં આપે. પુસ્તક વાંચતો હોય અને ચિત્ત બહાર ગયું હોય તો વાંચેલું કશુંય યાદ ના રહે. ઈચ્છા ના હોય છતાંય થાય એ નોકર્મ. નોકર્મ એ ફરજિયાત કર્મ છે.

પ્ર. ૨૭ સંચિતકર્મ, પ્રારબ્ધ કર્મ અને ક્રિયમાણ કર્મ શું છે ?

ઉ. ૨૭ સંચિતકર્મ બધાં સૂક્ષ્મ છે. ક્રોધ, માન, માયા, લોભ એ રાગ દ્વેષમાંથી ઊભાં થાય છે તે સંચિત કર્મ છે, જે તદ્દન સૂક્ષ્મ છે. સંચિતમાંથી જેટલું સ્થૂળરૂપે થાય છે એટલું પ્રારબ્ધ ગણાય અને પ્રારબ્ધ થયા પછી પ્રારબ્ધ ભોગવતી વખતે આ હું કરું છું એવું ભાન થાય છે, તેનાથી ક્રિયમાણ કર્મ ઉત્પન્ન થાય છે.

પ્ર. ૨૮ કર્મના પ્રકાર તેના ભેદ અને તેની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ જણાવો ?

ઉ. ૨૮ મિથ્યાત્વાદિ હેતુ દ્વારા જીવ વડે જે કરાય તે કર્મ. આત્માના આઠ અક્ષય ગુણોને રોકનાર આઠ પ્રકારનાં મુખ્ય કર્મો તેના ભેદ, જઘન્ય સ્થિતિ અને ઉત્કૃષ્ટ સ્થિતિ નીચે મુજબ છે.

કર્મનું નામ	તેના ભેદ	જઘન્ય સ્થિતિ	ઉત્કૃષ્ટ સ્થિતિ
૧ જ્ઞાનાવરણીય કર્મ	૫	અંતમુહૂર્ત	૩૦ સાગરોપમ
૨ દર્શનાવરણીય કર્મ	૯	અંતમુહૂર્ત	૩૦ સાગરોપમ
૩ વેદનીય કર્મ - શાતા	૨	૨ સમય	૧૫ સાગરોપમ
- અશાતા		૧૦ મુહૂર્ત	૩૦ સાગરોપમ
૪ દર્શન મોહનીય કર્મ	૩	અંતમુહૂર્ત	૭૦ સાગરોપમ
ચારિત્ર મોહનીય કર્મ	૨૫	અંતમુહૂર્ત	૪૦ સાગરોપમ
૫ નામ કર્મ	૧૦૩	૮ મુહૂર્ત	૨૦ સાગરોપમ

૬ આયુષ્ય કર્મ	૪	અંતમુહૂર્ત	૩૩ સાગરોપમ
૭ ગોત્ર કર્મ	૨	૮ મુહૂર્ત	૨૦ સાગરોપમ
૮ અંતરાય કર્મ	૫	અંતમુહૂર્ત	૩૦ સાગરોપમ

૧૫૮

આઠ કર્મોના કુલ ૧૫૮ ભેદ છે. અમુક જગ્યાએ નામ કર્મના ૯૩ ભેદ દર્શાવેલા છે તેથી તે મતે આઠ કર્મોના કુલ ૧૪૮ ભેદ થાય છે.

પ્ર. ૨૯ ઘાતિકર્મ અને અઘાતિકર્મ કોને કહે છે ?

ઉ. ૨૯ (૧) આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય આ ચાર મૂળગુણોને જે રોકે છે તે ઘાતિકર્મ છે. (૨) આત્માના મૂળગુણોનો જે નાશ ન કરે તે અઘાતિકર્મ છે. સંસારની ભોગ સામગ્રી, સુખ દુઃખ આપનારા કર્મો તે અઘાતિકર્મ છે.

ઘાતિકર્મ-૪ ભેદ	ભેદ	અઘાતિકર્મ-૪ ભેદ	ભેદ
૧. જ્ઞાનાવરણીય કર્મ	૫	૧. વેદનીય કર્મ	૨
૨. દર્શનાવરણીય કર્મ	૯	૨. આયુષ્ય કર્મ	૪
૩. મોહનીય કર્મ	૨૮	૩. નામ કર્મ	૧૦૩
૪. અંતરાય કર્મ	૫	૪. ગોત્ર કર્મ	૨
કુલ	૪૭	કુલ	૧૧૧

ચાર ગતિમાં રખડાવનાર કુલ ૪૭ + ૧૧૧ = કુલ ૧૫૮ ભેદવાળા મુખ્ય આઠ કર્મો છે.

પ્ર. ૩૦ આત્માના આઠ અક્ષય ગુણોને રોકનાર આઠ પ્રકારનાં કર્મો કયા કયા ગુણોને રોકે છે અને તે આઠ કર્મોના દૃષ્ટાન્ત તથા ભેદ જણાવો ?

ઉ. ૩૦ આત્માના આઠ અક્ષય ગુણોને રોકનાર આઠ પ્રકારનાં કર્મોનું કોષ્ટક નીચે મુજબ જાણવું

કર્મનું નામ	પ્રકાર	કયા ગુણને રોકે	દૃષ્ટાન્ત
૧. જ્ઞાનાવરણીય	૫	આત્માના જ્ઞાન ગુણને રોકે	આંખે પાટા જેવું
૨. દર્શનાવરણીય	૯	આત્માના દર્શન ગુણને રોકે	રાજાના દ્વારપાલ જેવું
૩. વેદનીય	૨	આત્માના અવ્યાબાધ સુખને રોકે	મધથી ખરડાયેલ છરી જેવું

૪. મોહનીય	૨૮	આત્માના સમ્યક દર્શન અને ચારિત્ર ગુણને રોકે	મદિરા જેવું
૫. આયુષ્ય	૪	આત્માની અક્ષય સ્થિતિને રોકે	બેડીબંધન કારાગર જેવું
૬. નામ	૧૦૩	આત્માના અરૂપી ગુણને રોકે	ચિતારા જેવું (ચિત્રકાર)
૭. ગોત્ર	૨	આત્માના અગુરૂ-લઘુ ગુણને રોકે	કુંભારના ઘડા જેવું
૮. અંતરાય	૫	આત્માના અનંત વીર્ય ગુણને રોકે	રાજાના ભંડારી જેવું
	૧૫૮		

સિદ્ધ ભગવંતોને આ આઠ કર્મનો ક્ષય થવાથી આ આઠ અક્ષય ગુણો પ્રગટે છે.

પ્ર. ૩૧ જ્ઞાનવરણીય કર્મ અને તેના પ્રકારો વિષે સવિસ્તાર સમજાવો ?

પ્ર. ૩૧ જેનામાં જ્ઞાન પ્રગટ ન થવા દેવાનું નિમિત્ત થવાનો સ્વભાવ હોય તે કાર્મણ વર્ગણાઓને જ્ઞાનવરણીય કર્મ કહે છે. જે કર્મ આત્માના જ્ઞાન ગુણને પ્રગટ ન થવા દે અર્થાત્ જ્ઞાન ગુણના અવિકાસમાં નિમિત્ત હોય તેને જ્ઞાનાવરણીય કર્મ કહે છે. આત્માનો જે જ્ઞાયક સ્વભાવ છે તેને રોકનારું અને આવરણ લાવનાર કર્મ તે જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. જ્ઞાનાવરણીય કર્મ પડદાની જેમ જ્ઞાનને રોકે છે. જ્ઞાનાવરણીય કર્મના પાંચ પ્રકાર છે, જે નીચે મુજબ છે.

અ **મતિજ્ઞાનાવરણીય :** પાંચ ઈન્દ્રિય તથા મનથી જે જ્ઞાન થાય તે મતિજ્ઞાન, એવા મતિજ્ઞાનને રોકે તે મતિજ્ઞાનાવરણીય. જે કર્મના ઉદયના નિમિત્તથી મતિજ્ઞાન પ્રગટ ના થાય તેને મતિજ્ઞાનાવરણીય કર્મ કહે છે.

બ **શ્રુતજ્ઞાનાવરણીય :** શ્રુતજ્ઞાનને રોકે તે શ્રુતજ્ઞાનાવરણીય. જે શ્રુતજ્ઞાનને રોકે અથવા પ્રગટ ન થવા દે તેને શ્રુતજ્ઞાનાવરણીય કર્મ કહે છે.

ક **અવધિજ્ઞાનાવરણીય :** દેવ-નારકીને ભવ હેતુક અને મનુષ્યને ગુણ હેતુક અવધિજ્ઞાન હોય, એવા અવધિજ્ઞાનને રોકે તે અવધિ

જ્ઞાનાવરણીય કર્મ. જે અવધિજ્ઞાનનું આવરણ કરે તેને અવધિ જ્ઞાનાવરણીય કર્મ કહે છે.

ડ **મનઃપર્યવ જ્ઞાનાવરણીય :** અઢી દ્વીપ સમુદ્રમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને જણાવનારું જ્ઞાન તે મનઃપર્યવ જ્ઞાન. આ જ્ઞાનને રોકે તે મનઃપર્યવ જ્ઞાનાવરણીય કર્મ છે. જે કર્મ મન-પર્યવજ્ઞાનને પ્રગટ ન થવા દે તેને મનઃપર્યવ જ્ઞાનાવરણીય કર્મ કહે છે.

ઈ **કેવળજ્ઞાનાવરણીય :** ચાર પ્રકારનાં ઘાતિકર્મના ક્ષયથી ઉત્પન્ન થતું અને સકળ લોકાલોકના સ્વરૂપનું સ્પષ્ટ જ્ઞાન કરાવનારું જ્ઞાન તે કેવળજ્ઞાન, એવા જ્ઞાનને રોકે તે કેવળજ્ઞાનાવરણીય કર્મ છે. જે કર્મ કેવળજ્ઞાનને પ્રગટ ન થવા દે તેને કેવળજ્ઞાનાવરણીય કર્મ કહે છે.

પ્ર. ૩૨ મોટામાં મોટું જ્ઞાનાવરણીય કર્મ કયું ?

ઉ. ૩૨ તમે ના સમજો એવું કહેવું એ મોટામાં મોટું જ્ઞાનાવરણીય કર્મ છે. તમે ના સમજો એવું ક્યારેય કહેવાય નહીં પણ તમને સમજણ પાડીશ એવું કહેવું. તમે ના સમજો એવું કહો તો સામાના કાળજે ઘા વાગે.

પ્ર. ૩૩ જ્ઞાનાવરણીય કર્મરૂપી શત્રુનો નાશ કેવી રીતે થાય ?

ઉ. ૩૩ વિવેકરૂપી સરાણે કરીને તેજસ્વી કરેલું અને સંતોષરૂપી તીક્ષ્ણ ધારવાળું જે સંયમરૂપી શસ્ત્ર છે, તે જ્ઞાનાવરણાદિ કર્મરૂપી શત્રુનો નાશ કરવાને સમર્થ થાય છે.

પ્ર. ૩૪ જ્ઞાનાવરણીય કર્મ કેવી રીતે બંધાય છે ?

ઉ. ૩૪ જ્ઞાન તથા જ્ઞાનીનો દ્વેષ કરવાથી અને જ્ઞાન ભણનારને અંતરાય કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. જ્ઞાનના સાધનોની અશાતનાથી પણ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. જ્ઞાન કે જ્ઞાનીની નિંદા, અવજ્ઞા, અશાતના વગેરે કરવાથી પણ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

પ્ર. ૩૫ દર્શનાવરણીય કર્મ એટલે શું ? તેના કેટલા પ્રકાર છે ?

ઉ. ૩૫ જે કાર્મણ વર્ગણાઓમાં અંતર્મુખ ચૈતન્ય પ્રકાશને પ્રગટ ન થવા દેવાનું નિમિત્ત બનવાનો સ્વભાવ હોય તેને દર્શનાવરણીય કર્મ કહે છે. જે આત્માના દર્શન ગુણનો વિકાસ ન થવા દે તેને દર્શનાવરણીય કર્મ કહે છે.

દર્શન એટલે આત્માના દેખવાના ગુણને રોકનારું કર્મ તે દર્શનાવરણીય કર્મ છે. તેના કુલ નવ પ્રકાર છે.

૧. **ચક્ષુદર્શનાવરણીય :** જેના ઉદયથી ચક્ષુ (આંખ)નું આવરણ થાય તે ચક્ષુદર્શનાવરણીય કર્મ છે. જે કર્મ ચક્ષુ દર્શન ન થવા દે તે ચક્ષુદર્શનાવરણીય કર્મ છે.

૨. **અચક્ષુદર્શનાવરણીય :** જેના ઉદયથી ચક્ષુ સિવાય અન્ય ઇન્દ્રિયોનું આવરણ થાય તે. જે કર્મ અચક્ષુ દર્શન ન થવા દે તેને અચક્ષુ દર્શનાવરણીય કર્મ કહે છે

૩. **અવધિદર્શનાવરણીય :** જેના ઉદયથી રૂપી પદાર્થો સ્પષ્ટપણે ન દેખાય તે અવધિદર્શનાવરણીય એટલે કે જે અવધિ દર્શન ન થવા દે તેને અવધિદર્શનાવરણીય કર્મ કહે છે

૪. **કેવળદર્શનાવરણીય :** જેના ઉદયથી જગતના તમામ રૂપી-અરૂપી પદાર્થો ન દેખી શકાય એટલે કે જે કર્મ કેવળ દર્શન પ્રગટ ન થવા દે તેને કેવળદર્શનાવરણીય કર્મ કહે છે.

૫. **નિંદ્રા :** જે કર્મના ઉદયથી સાધારણ નિંદ્રા આવે એટલે કે જેના ઉદયથી જીવ સુખેથી જાગી શકે તે નિંદ્રા કર્મ કહેવાય.

૬. **નિંદ્રાનિંદ્રા :** જે કર્મના ઉદયથી ગાઢ નિંદ્રા આવે, જાગ્યા પછી પણ ફરીથી નિંદ્રા આવી જાય અને જેનાથી દર્શન અથવા સ્વસંવેદન ન થઇ શકે તેને નિંદ્રાનિંદ્રા દર્શનાવરણીય કર્મ કહે છે. જેના ઉદયથી જીવ દુઃખે કરીને જાગે છે તેને નિંદ્રાનિંદ્રા કહેવાય.

૭. **પ્રચલા :** જે કર્મના ઉદયથી જીવને ઊભાં ઊભાં કે બેઠાં બેઠાં ઊંઘ આવે તેને પ્રચલા કહે છે.

૮. **પ્રચલાપ્રચલા :** જે કર્મના ઉદયથી જીવને રસ્તે ચાલતાં ચાલતાં ઊંઘ આવે અથવા તો જે કર્મના ઉદયથી એવી નિંદ્રા આવે કે જેમાં અંગ ઉપાંગ હાલે-ચાલે, દાંત કચકચાવે, મોઢામાંથી લાળ નીકળે અને જેનાથી દર્શનોપયોગ ન થઇ શકે તેને પ્રચલાપ્રચલા દર્શનાવરણીય કર્મ કહે છે.

૯. **સત્યાનગૃદ્ધિ અથવા થીણદ્ધી :** જેના ઉદયથી જીવ દિવસે ચિંતવેલા કાર્યને ઊંઘમાં કરી આવે અને આ વ્યક્તિને ઊંઘમાં વાસુદેવના બળ

કરતા અર્ધું બળ હોય છે. આ ઊંઘ અતિ વિચિત્ર છે. આ નિંદ્રાવાળો જીવ પ્રાયઃ મરીને નરકે જાય છે. જે કર્મના ઉદયથી એવી નિંદ્રા આવે કે નિંદ્રામાંથી ઊઠીને કોઇ મોટું કામ કરી આવે, પરંતુ જાગે ત્યારે તેની ખબર પણ ન હોય તેને સત્યાનગૃદ્ધિ અથવા થીણદ્ધી દર્શનાવરણીય કર્મ કહે છે.

પ્ર. ૩૬ દર્શનાવરણીય કર્મ કેવી રીતે બંધાય છે ?

ઉ. ૩૬ દર્શનાવરણીય કર્મ છ પ્રકારે બંધાય છે.

(૧) સમ્યક્ત્વીના અવર્ણવાદ બોલે તો.

(૨) સમકિત પમાડનારને ઓળવે તો.

(૩) સમકિત પામતો હોય તેને અંતરાય પાડે તો.

(૪) સમકિત ઉપર દ્વેષ કરે તો.

(૫) સમકિતની આશાતના કરે તો.

(૬) સમકિતધારી જીવ સાથે ખોટો ઝઘડો, વિખવાદ કરે તો.

ઉપરોક્ત છ કારણે દર્શનાવરણીય કર્મ બંધાય છે.

પ્ર. ૩૭ દર્શનાવરણીય કર્મનો અબાધા કાળ કેટલો ?

ઉ. ૩૭ દર્શનાવરણીય કર્મનો અબાધા કાળ ત્રણ હજાર વર્ષનો છે.

પ્ર. ૩૮ વેદનીય કર્મ એટલે શું ? તેના કેટલા પ્રકાર છે ?

ઉ. ૩૮ જે કર્મના ઉદયથી જીવને આરોગ્ય આદિ સુખ (શાતા) મળે અથવા રોગાદિ અશાતા (દુઃખ) મળે તેને વેદનીય કર્મ કહે છે. વેદનીય કર્મના મુખ્ય બે પ્રકાર છે.

૧. શાતા વેદનીય : જે કર્મના ઉદયથી જીવને આરોગ્ય આદિ શાતા (સુખ) મળે તે.

૨. અશાતા વેદનીય : જેના ઉદયથી જીવને રોગાદિ અશાતા (દુઃખ) મળે તે.

પ્ર. ૩૯ શાતા વેદનીય કર્મ કેટલા પ્રકારે બંધાય છે ?

ઉ. ૩૯ શાતા વેદનીય કર્મ દસ પ્રકારે બંધાય છે ?

(૧) પ્રાણી ઉપર અનુકંપા રાખવાથી

(૨) ભૂતાનુકંપા રાખવાથી

(૩) જીવ ઉપર અનુકંપા રાખવાથી

(૪) સત્ત્વ અનુકંપાથી
(૫) સર્વ પ્રાણી, ભુત, જીવ, વગેરેને દુઃખ નહીં આપવાથી
(૬) શોક નહીં કરવાથી
(૭) ઝૂરણા નહીં કરવાથી
(૮) ટપક ટપક આંસુ નહીં પાડવાથી
(૯) મારપીટ નહીં કરવાથી
(૧૦) પરિતાપના નહીં કરવાથી

પ્ર. ૪૦ શાતા વેદનીય કર્મ કયા આઠ પ્રકારે ભોગવાય છે ?

ઉ. ૪૦ શાતા વેદનીય કર્મ નીચેના આઠ પ્રકારે ભોગવાય છે.

(૧) મનોજ્ઞ શબ્દ (૫) મનોજ્ઞ સ્પર્શ
(૨) મનોજ્ઞ રૂપ (૬) મન સૌખ્ય
(૩) મનોજ્ઞ ગંધ (૭) વચન સૌખ્ય
(૪) મનોજ્ઞ રસ (૮) કાય સૌખ્ય

પ્ર. ૪૧ અશાતા વેદનીય કર્મ કયા બાર પ્રકારે બંધાય છે ?

ઉ. ૪૧ અશાતા વેદનીય કર્મ નીચે જણાવેલ બાર પ્રકારે બંધાય છે.

(૧) બીજાને દુઃખ આપવાથી
(૨) બીજાને શોક આપવાથી
(૩) બીજાને ઝૂરણા આપવાથી
(૪) બીજાને આંસુ પડાવવાથી (રડાવવાથી)
(૫) બીજાને મારપીટ કરવાથી
(૬) બીજાને પરિતાપના આપવાથી
(૭) સર્વ પ્રાણી, ભૂત, જીવ વગેરેને દુઃખ આપવાથી
(૮) શોક કરવાથી
(૯) ઝૂરણા કરવાથી
(૧૦) ટપક ટપક આંસુ પાડવાથી
(૧૧) મારપીટ કરવાથી
(૧૨) પરિતાપના કરવાથી

પ્ર. ૪૨ અશાતા વેદનીય કર્મ કયા આઠ પ્રકારે ભોગવાય છે ?

ઉ. ૪૨ અશાતા વેદનીય નીચેના આઠ પ્રકારે ભોગવાય છે.

(૧) અમનોજ્ઞ શબ્દ (૫) અમનોજ્ઞ સ્પર્શ
(૨) અમનોજ્ઞ રૂપ (૬) મન દુઃખ
(૩) અમનોજ્ઞ ગંધ (૭) વચન દુઃખ
(૪) અમનોજ્ઞ રસ (૮) કાયા દુઃખ

પ્ર. ૪૩ શાતા વેદનીયની જઘન્ય તથા ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી ?

ઉ. ૪૩ શાતા વેદનીયની જઘન્ય સ્થિતિ બે સમયની અને ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર કોડાકોડી સાગરોપમની. અબાધાકાળ કરે તો જઘન્ય અંતરમુહુર્તનો અને ઉત્કૃષ્ટ દોઢ હજાર વર્ષનો થાય.

પ્ર. ૪૪ અશાતા વેદનીયની જઘન્ય તથા ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી ?

ઉ. ૪૪ અશાતા વેદનીયની જઘન્ય સ્થિતિ એક સાગરના સાત ભાગ કરીએ તો માંહેના ત્રણ ભાગ અને એક પલ્યને અસંખ્યાતમે ભાગ ઊણી તથા ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોડાકોડી સાગરોપમની. તેનો અબાધાકાળ ત્રણ હજાર વર્ષનો છે.

પ્ર. ૪૫ કર્કશ વેદનીય કર્મ શેનાથી બંધાય છે ?

ઉ. ૪૫ સામાન્ય રીતે અતિક્રમણથી વેદનીય કર્મ બંધાય છે પરંતુ અઢાર પાપ કરવાથી જીવ કર્કશ વેદનીય કર્મ બાંધે છે.

પ્ર. ૪૬ વેદનીય કર્મ કેવી રીતે બંધાય છે ?

ઉ. ૪૬ આવતા કષાયોને રોકવાથી તેનું દમન કરવાથી, શાતા વેદનીય કર્મ બાંધે છે. સુપાત્રે દાન આપે, જપ, તપ, વ્રતનું દૃઢતાપૂર્વક જતન કરે. જિનેશ્વરના વચનમાં વિશ્વાસ રાખવાથી પણ શાતા વેદનીય કર્મ બંધાય એથી વિરૂદ્ધ કરવાથી અશાતા વેદનીય કર્મ બંધાય છે.

પ્ર. ૪૭ વેદનીય કર્મના ઉદયથી દેવ મનુષ્યમાં સુખ અને નરક તિર્યંચમાં દુઃખ પ્રાયઃ હોય છે એમાં પ્રાયઃ કેમ લખ્યું ?

ઉ. ૪૭ જયાં સુખ કહ્યું છે ત્યાં દુઃખ પણ હોય છે. દેવોને ચ્યવન, યુદ્ધ, સ્ત્રી-ધનાદિના અપહરણ સમયે અને મનુષ્યોને મૃત્યુકાળે તથા ધન-સ્ત્રી આદિના વિયોગકાળે દુઃખ પણ હોય છે. નારકીને ભગવાનના જન્માદિકલ્યાણક પ્રસંગે અને તિર્યંચોમાં પણ તેવા પ્રસંગે તેમજ પટ્ટહસ્તી આદિને સુખ પણ હોય છે એટલે પ્રાયઃ લખ્યું છે.

પ્ર. ૪૮ મોહનીય કર્મ એટલે શું ? તેના કેટલા પ્રકાર છે ?

ઉ. ૪૮ જીવને સત્-અસત્‌ના વિવેક વિનાનો બનાવે તે મોહનીય કર્મ છે. જે કર્મના ઉદયથી બીજાં તત્ત્વોમાં મોહિત થઇ જાય, પોતાના શુદ્ધ સ્વરૂપમાં શ્રદ્ધા ન કરી શકે અને સ્વરૂપરમણતા ન કરી શકે તેને મોહનીય કર્મ કહે છે. મોહનીય કર્મના મુખ્ય બે પ્રકાર છે.

૧. **દર્શન મોહનીય :** આત્માના સમ્યક્ દર્શન નામના ગુણને રોકે છે તે દર્શન મોહનીય, તેના ત્રણ ભેદ છે.

૨. **ચારિત્ર મોહનીય :** આત્માના સમ્યક્ ચારિત્ર નામના ગુણને રોકે છે તે ચારિત્ર મોહનીય, તેના પચ્ચીસ ભેદ છે.

પ્ર. ૪૯ દર્શન મોહનીયના ત્રણ ભેદ વિષે સમજાવો ?

ઉ. ૪૯ જે આત્માના સમ્યક્ દર્શન નામના ગુણને રોકે છે તે દર્શન મોહનીય કર્મ છે, તેના ત્રણ પ્રકાર છે.

૧. **મિથ્યાત્વ મોહનીય :** જે કર્મના ઉદયથી જિન પ્રણિત તત્ત્વ ઉપર અશ્રદ્ધા રહે તે મિથ્યાત્વ મોહનીય કહે છે. આ કર્મના ઉદયથી જીવ શુદ્ધ નિજસ્વરૂપની પ્રતીતિ કરી શકતો નથી અને શરીર આદિમાં આત્મબુદ્ધિ કરે છે.

૨. **મિશ્ર મોહનીય :** જેના ઉદયથી જિન પ્રણિત તત્ત્વ ઉપર રાગ પણ ન થાય અને દ્વેષ પણ ના થાય. દા.ત. નાળિયેર દ્વીપના મનુષ્યોને અન્ન ઉપર રાગ પણ ન હોય અને દ્વેષ પણ ન હોય કારણ કે અન્ન જેવી વસ્તુથી એ બિલકુલ અજાણ છે.

૩. **સમ્યક્ત્વ મોહનીય :** જેના ઉદયથી સમ્યક્ દર્શનની પ્રાપ્તિ થાય અને નવ તત્ત્વો ઉપર પણ શ્રદ્ધા હોય પણ સામાન્યતઃ શંકા રહે એ કારણે ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થાય.

પ્ર. ૫૦ ચારિત્ર મોહનીયના પચ્ચીસ ભેદ વિષે સમજાવો ?

ઉ. ૫૦ આત્માના ચારિત્ર ગુણને રોકે છે તે ચારિત્ર મોહનીય છે. તેના કુલ પચ્ચીસ ભેદ છે. તેમાં ૧૬ કષાયો અને નવ નોકષાય એમ કુલ પચ્ચીસ ભેદ થાય છે.

૧. અનંતાનુબંધી ક્રોધ : તે પર્વત ફાટ્યા સમાન
૨. અનંતાનુબંધી માન : તે પત્થરના સ્તંભ સમાન
૩. અનંતાનુબંધી માયા : તે વાંસની ગાંઠ સમાન
૪. અનંતાનુબંધી લોભ : તે કીરમજીના રંગ સમાન
આ ચારેયની ગતિ નરકની, સ્થિતિ જાવજીવની કરે અને ઘાત સમકિતની કરે.
૫. અપ્રત્યાખ્યાની ક્રોધ : તે કાંપ-કાદવમાં પડેલ ફાટ સમાન
૬. અપ્રત્યાખ્યાની માન : તે હાડકાના સ્તંભ સમાન
૭. અપ્રત્યાખ્યાની માયા : તે ઘેંટાના શિંગડા સમાન
૮. અપ્રત્યાખ્યાની લોભ : તે ગાડાના ઊંજણ સમાન
આ ચારેયની તિર્યંચ ગતિ, સ્થિતિ એક વર્ષની, ઘાત કરે દેશ વ્રતની.
૯. પ્રત્યાખ્યાની ક્રોધ : તે વેળુ (રેતી) મધ્યે લીટી સમાન.
૧૦. પ્રત્યાખ્યાની માન : તે લાકડાના સ્તંભ સમાન
૧૧. પ્રત્યાખ્યાની માયા : તે ગોમૂત્રિકા સમાન
૧૨. પ્રત્યાખ્યાની લોભ : તે છાણના ચલા સમાન, કાજળ સમાન
આ ચારેયની ગતિ મનુષ્યની, સ્થિતિ ચાર માસની, ઘાત કરે સાધુપણાની.
૧૩. સંજ્વલન ક્રોધ : તે પાણી મધ્યે લીટી સમાન
૧૪. સંજ્વલન માન : તે નેતરના સ્તંભ સમાન
૧૫. સંજ્વલન માયા : તે વાંસની છોઇ (છાલ) સમાન
૧૬. સંજ્વલન લોભ : તે પતંગિયું અથવા હળદરના રંગ સમાન
આ ચારેયની દેવ ગતિ, સ્થિતિ પંદર દિવસની, ઘાત કરે કેવળજ્ઞાનની તે યથાખ્યાત ચારિત્રને રોકે છે.

૧૭. હાસ્ય
૧૮. રતિ (ગમો)
૧૯. અરતિ-(અણગમો)
૨૦. ભય
૨૧. શોક
૨૨. દુઃગંછા (તિરસ્કાર)
૨૩. સ્ત્રી વેદ
૨૪. પુરુષ વેદ
૨૫. નપુંસક વેદ

પ્ર. ૫૧ મોહનીય કર્મ કયા છ પ્રકારે બંધાય છે ?

ઉ. ૫૧ મોહનીય કર્મ નીચેના છ પ્રકારે બંધાય છે.

૧. તિવ્ર ક્રોધ કરવાથી
૨. તિવ્ર માનથી
૩. તિવ્ર માયાથી
૪. તિવ્ર લોભથી
૫. તિવ્ર દર્શન મોહનીયથી
૬. તિવ્ર ચારિત્ર મોહનીયથી

પ્ર. ૫૨ મોહનીય કર્મની જઘન્ય તથા ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી ?

ઉ. ૫૨ મોહનીય કર્મની જઘન્ય સ્થિતિ અંતમુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર કોડાકોડી સાગરોપમની છે. મોહનીય કર્મનો અબાધાકાળ જઘન્ય અંતમુહૂર્તનો અને ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષનો છે.

પ્ર. ૫૩ સિત્તેર કોડાકોડી સાગરોપમ સુધી ભોગવવું પડે એ કયું કર્મ ?

ઉ. ૫૩ આ હીટલરે જે કર્મ કર્યું હતું તે સિત્તેર કોડાકોડી સાગરોપમનો મોહ કહેવાય. એ મોહનીય કર્મ હતું. જેમાં ક્રોધ, માન, માયા, લોભ, તિવ્રપણે વધી ગયાં, એ સિત્તેર કોડાકોડી પર ગયું. ''હમકું ક્યા હૈ ? કૌન બોલનેવાલા હૈ ? સરકાર કો કૌન પૂછતા હૈ ?'' એવું બોલે એ સિત્તેર કોડાકોડી જેવું કહેવાય.

પ્ર. ૫૪ મહામોહનીય કર્મ એટલે શું ?

ઉ. ૫૪ ધર્મના અંગે દુરુપયોગ કરવો તે મહામોહનીય કર્મ કહેવાય. તે ભયંકર અવતારો બાંધી દે. ધર્મમાં વેપાર કરે, પૈસા સબંધીનો વેપાર બહુ ખરાબમાં ખરાબ કહેવાય. વળી, ધર્મમાં દુરાચારી હોય તે ભયંકર કર્મ બાંધે. સંસાર અંગે દુરુપયોગ કરે તે મોહનીય કર્મ. અનંત સુખને રોકે તે મોહનીય કર્મ અને ધર્મમાં દુરુપયોગ કરે તે મહામોહનીય કર્મ કહેવાય.

પ્ર. ૫૫ મોહનીય કર્મ કેવી રીતે બંધાય છે ?

ઉ. ૫૫ સન્માર્ગ નાશ કરવાથી, દેવ દ્રવ્યનું હરણ કરવાથી મોહનીય કર્મ બંધાય છે. જ્ઞાન, દ્રવ્ય અને ગુરુ દ્રવ્યનું હરણ કરવાથી પણ મોહનીય કર્મ બંધાય છે. મુનિ, ચૈત્ય, સાધુ આદિની અશાતના કરતાં તથા તેઓનો તિરસ્કાર કરતાં પણ મોહનીય કર્મ બંધાય છે.

પ્ર. ૫૬ આયુષ્ય કર્મ એટલે શું ? તેના કેટલા ભેદ છે ?

ઉ. ૫૬ જે કર્મના ઉદયથી જીવ નરકાદિ ગતિમાં રહે તેને આયુષ્ય કર્મ કહે છે.

આયુષ્ય કર્મના ચાર ભેદ છે.

૧. નારકીનું આયુષ્ય ૩. મનુષ્યનું આયુષ્ય

૨. તિર્યંચનું આયુષ્ય ૪. દેવનું આયુષ્ય

પ્ર. ૫૭ નારકીનું આયુષ્ય કયા ચાર પ્રકારે બંધાય છે ?

ઉ. ૫૭ નારકીનું આયુષ્ય નીચેના ચાર પ્રકારે બંધાય છે.

૧. મહા આરંભથી ૩. માંસનો આહાર કરવાથી

૨. મહા પરિગ્રહથી ૪. પંચેન્દ્રિય જીવનો વધ કરવાથી

પ્ર. ૫૮ તિર્યંચનું આયુષ્ય કયા ચાર પ્રકારે બંધાય છે ?

ઉ. ૫૮ તિર્યંચનું આયુષ્ય નીચેના ચાર પ્રકારે બંધાય છે.

(૧) માયા સહિત અલિક - કપટી, દંભી, ગૂઢ હૃદયવાળો.

(૨) નિવડ માયા અલિક - દિલમાં આંટી રાખે, છેતરે

(૩) અલિક વચન બોલવાથી - હળાહળ જૂઠું બોલે

(૪) ખોટા તોલ, ખોટાં માપ વાપરવાથી

પ્ર. ૫૯ મનુષ્યનું આયુષ્ય કયા ચાર પ્રકારે બંધાય છે ?

ઉ. ૫૯ મનુષ્યનું આયુષ્ય નીચેના ચાર પ્રકારે બંધાય છે.

૧. ભદ્ર પ્રકૃતિ-ઉદાર દિલ ૩. અનુક્રોશ-ધર્મમાં રુચિ હોય

૨. વિનય પ્રકૃતિ-કષાય મંદ હોય ૪. અમત્સર

પ્ર. ૬૦ દેવનું આયુષ્ય કયા ચાર પ્રકારે બંધાય છે ?

ઉ. ૬૦ દેવનું આયુષ્ય નીચેના ચાર પ્રકારે બંધાય છે.

૧. સરાગ સંયમ ૩. બાલ તપ કરવાથી

૨. સંયમા સંયમ ૪. અકામ નિર્જરા થવાથી

પ્ર. ૬૧ આયુષ્ય કર્મની જઘન્ય તથા ઉત્કૃષ્ટ સ્થિતિ શું ?

ઉ. ૬૧ નારકી અને દેવની આયુષ્ય કર્મની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષને અંતમુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમ સુધીની છે. (પૂર્વ કોડીનો ત્રીજો ભાગ અધિક) જ્યારે મનુષ્ય અને તિર્યંચની આયુષ્ય કર્મની જઘન્ય સ્થિતિ અંતમુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમનો પૂર્વકોડીનો ત્રીજો ભાગ અધિક છે.

પ્ર. ૬૨ નામ કર્મ એટલે શું ? તેના કેટલા ભેદ છે ?

ઉ. ૬૨ જેના ઉદયથી જીવ સરૂપી હોવા છતાં જુદી-જુદી ગતિઓ વિષે જુદાં-જુદાં નામ રૂપ ધારણ કરે છે, તે નામ કર્મ છે. તેના મુખ્ય બે ભેદ છે.

૧. શુભ નામ કર્મ ૨. અશુભ નામ કર્મ.

નામ કર્મના કુલ એકસો ત્રણ ભેદ છે. (૧૦૩ ભેદ)

અમુક જગ્યાએ ૯૩ ભેદ પણ જણાવેલ છે.

પ્ર. ૬૩ નામ કર્મના એકસો ત્રણ ભેદનું વિગતવાર વર્ણન કરો ?

ઉ. ૬૩ નામ કર્મના એકસો ત્રણ ભેદ નીચે મુજબ ગણાય છે.

૧. પિંડ પ્રકૃતિ	- ૭૫ ભેદ
૨. પ્રત્યેક પ્રકૃતિ	- ૮ ભેદ
૩. ત્રસ દસક	- ૧૦ ભેદ
૪. સ્થાવર દસક	- ૧૦ ભેદ
	૧૦૩ ભેદ થાય છે.

પ્ર. ૬૪ નામ કર્મની પિંડ પ્રકૃતિના પંચોતેર ભેદનું વર્ણન કરો ?

ઉ. ૬૪ નામ કર્મની પિંડ પ્રકૃતિના પંચોતેર ભેદ નીચે મુજબ ગણાવી શકાય.

[૧] **ગતિ :** જે કર્મના ઉદયથી જીવ નરકાદિમાં ગમન કરે તે ગતિ તેના ચાર ભેદ ૧. નરક ગતિ ૨. તિર્યંચની ગતિ ૩. મનુષ્ય ગતિ. ૪. દેવની ગતિ.

[૨] **જાતિ :** જે કર્મના ઉદયથી હીનાધિક ઇન્દ્રિયપણું પ્રાપ્ત થાય તે જાતિ તેના પાંચ ભેદ

(૧) એકેન્દ્રિયની જાતિ (૨) બેઇન્દ્રિયની જાતિ (૩) ત્રિઇન્દ્રિયની જાતિ (૪) ચૌઇન્દ્રિયની જાતિ (૫) પંચેન્દ્રિયની જાતિ

[૩] **શરીર :** જે કર્મના ઉદયથી પાંચ પ્રકારના શરીરોની પ્રાપ્તિ થાય તે શરીર

(અ) **ઔદારિક :** સ્થૂલ પુદ્ગલોનું બનેલું શરીર તે મનુષ્ય અને તિર્યંચને હોય છે.

(બ) **વૈક્રિય :** વિવિધ પ્રક્રિયાથી બનેલું નાનું મોટું થઇ શકે તેવું શરીર તે દેવલોકો અને નારકીને જન્મથી હોય છે.

(ક) આહારક : ચૌદપૂર્વી લબ્ધિધારી સાધુ, તીર્થંકર ભગવાનને સંશય પૂછવા કે ઋદ્ધિ-સમૃદ્ધિ જોવા જે અતિ વિશિષ્ટ રૂપવાળું એક હાથનું શરીર બનાવે તેને આહારક શરીર કહેવાય.

(ડ) તૈજસ્ : અનાદિ કાળથી જીવ સાથે રહેલ તૈજસ્ દ્રવ્યોનો સમૂહ કે જેના દ્વારા આહારનું પાચન વગેરે થઈ શકે અને જેનાથી તપોલબ્ધિ ઉત્પન્ન થતાં તેજોલેશ્યા પ્રગટી શકે છે.

(ઈ) કાર્મણ : જીવ સાથે લાગેલ કર્મનો જથ્થો (જે આઠ કર્મના વિકારરૂપ અને સર્વ શરીરનું કારણભૂત બને છે.)

[૪] અંગોપાંગ : અંગ અને ઉપાંગ જે કર્મના ઉદયથી પ્રાપ્ત થાય તે

અંગ : હાથ, પગ, છાતી, પેટ, માથું

ઉપાંગ : હાથ અને પગની રેખાઓ

ઔદારિક, વૈક્રિય અને આહારક આ ત્રણ શરીરમાં અંગોપાંગ હોય છે. તૈજસ્ અને કાર્મણ શરીરમાં અંગોપાંગ હોતાં નથી, એટલે તેના ત્રણ ભેદ છે.

[૫] શરીર બંધન : પૂર્વે ગ્રહણ કરેલા અને નવા ગ્રહણ કરાતા ઔદારિક આદિ પુદ્ગલોને (લોખંડની જેમ) જોડનાર તે બંધન, તેના કુલ પંદર ભેદ છે.

૧. ઔદારિક ઔદારિક બંધન
૨. ઔદારિક તૈજસ્ બંધન
૩. ઔદારિક કાર્મણ બંધન
૪. ઔદારિક તૈજસ્ કાર્મણ બંધન
૫. વૈક્રિય વૈક્રિય બંધન
૬. વૈક્રિય તૈજસ્ બંધન
૭. વૈક્રિય કાર્મણ બંધન
૮. વૈક્રિય તૈજસ્ કાર્મણ બંધન
૯. આહારક આહારક બંધન
૧૦. આહારક તૈજસ્ બંધન
૧૧. આહારક કાર્મણ બંધન
૧૨. આહારક તૈજસ્ કાર્મણ બંધન

૧૩. તૈજસ્ તૈજસ્ બંધન
૧૪. તૈજસ્ કાર્મણ બંધન
૧૫. કાર્મણ કાર્મણ બંધન

[૬] **શીર સંધાતન :** દંતાળી જેમ ઘાસને ભેગું કરે તેમ ઔદારિક આદિ પુદ્ગલોને જે એકઠા કરે તેને સંધાતન કહે છે તેના પાંચ ભેદ છે.

(૧) ઔદારિક સંધાતન (૪) તૈજસ્ સંધાતન
(૨) વૈક્રિય સંધાતન (૫) કાર્મણ સંધાતન
(૩) આહારક સંધાતન

[૭] **શરીર સંધયણ :** સંધયણ એટલે હાડકાની રચના અથવા શરીરનું બંધારણ. તેના કુલ છ ભેદ છે.

(અ) **વજ્ર ઋષભ નારાચ સંધયણ :** અત્યંત મજબૂત હાડકાનો બાંધો અસ્થિ સાંધામાં બે બાજુ મર્કટબંધ તેના ઉપર હાડકાનો પટ્ટો અને વચમાં આરપાર હાડકાની ખીલી.

(બ) **ઋષભ નારાચ સંધયણ :** અસ્થિ સાંધામાં બે બાજુ મર્કટબંધ તેના ઉપર પટ્ટો પણ વચમાં ખીલી નહી.

(ક) **નારાચ સંધયણ :** અસ્થિ સાંધામાં બે બાજુ મર્કટબંધ હોય.

(ડ) **અર્ધનારાચ સંધયણ :** જેમાં એક તરફ મર્કટબંધ હોય અને બીજી તરફ ખીલી બંધ હોય.

(ઈ) **કીલિકા સંધયણ :** જેમાં અસ્થિ માત્ર ખીલીના બંધથી બંધાયેલા હોય.

(ફ) **છેવટું સંધયણ :** જેમાં હાડકાના સાંધા માત્ર છેડે અડીને રહેલા હોય અને હમેશાં તેલમાલિસ વગેરેની અપેક્ષા રાખે. આપણું હમણાંનું સંધયણ ''છેવટું'' છે.

[૮] **સંસ્થાન :** શરીરની આકૃતિ તેના પણ છ ભેદ છે.

(અ) **સમચતુરસ્ત્ર સંસ્થાન :** પર્યકાસને બેઠેલા અને ચારે છેડા એક જ સરખા હોય તેવા પ્રકારનું અથવા સામુદ્રિક શાસ્ત્ર અનુસારે લક્ષણયુક્ત સુંદર હુષ્ટપુષ્ટ (તંદુરસ્ત) શરીર તે

(બ) **ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન :** ન્યગ્રોધ = વડલો. નાભિ

ઉપરનાં અંગો શુભ લક્ષણ અને પ્રમાણયુકત હોય તેવા પ્રકારનું શરીર.

(ક) **સાદિ સંસ્થાન** : જેના ઉદયે નાભિ નીચેનાં અંગો શુભ લક્ષણ અને પ્રમાણયુકત હોય.

(ડ) **કુબ્જ સંસ્થાન** : જેના ઉદયે કૂબડાપણું મળે. દા.ત. રાજા શ્રીપાળ

(ઈ) **વામન સંસ્થાન** : જેના ઉદયે ઠીંગણાપણું મળે.

(ફ) **હુંડક સંસ્થાન** : જેના ઉદયથી બધાં અંગો હીનાધિક તથા બેડોળ હોય (ઊંટ જેવા) તેવા પ્રકારનું શરીર મળે તે.

[૯] **વર્ણ** : રંગ તેના પાંચ ભેદ છે.

૧. કાળો (કાજળ)
૨. નીલ (વાદળી) આકાશ જેવો
૩. લોહિત (રાતો) મજીઠ જેવો
૪. હરિદ્ર (પીળો) હળદર જેવો
૫. શ્વેત (સફેદ) શંખ જેવો

[૧૦] **ગંધ** : તેના બે ભેદ છે.

૧. સુરભિગંધ (સુગંધ) કસ્તુરી જેવી
૨. દુરભિગંધ (દુર્ગંધ) લસણ જેવી

[૧૧] **રસ** : તેના પાંચ ભેદ છે.

૧. તિકત - તીખો - સૂંઠ (મરી) જેવો
૨. કટુક - કડવો - લીમડા જેવો
૩. કષાય - તૂરો - ત્રિફળાદિક, હરડે
૪. આમ્લ - ખાટો - આંબલી જેવો
૫. મધુર - મીઠો - સાકર વગેરે જેવો

[૧૨] **સ્પર્શ** : તેના આઠ ભેદ છે.

૧. શીત - ઠંડો - હિમ (બરફ) જેવો
૨. ઉષ્ણ - ગરમ - અગ્નિ જેવો
૩. સ્નિગ્ધ - ચીકણો - તેલ જેવો
૪. રૂક્ષ - લૂખો - રાખ જેવો

૫. લઘુ - હલકો - અર્કતૂલ (રૂ) જેવો
૬. ગુરુ - ભારે - લોખંડ જેવો
૭. મૃદુ - સુંવાળો- માખણ જેવો
૮. કર્કશ - ખર - કરવત જેવો.

[૧૩] આનુપૂર્વી : આનુપૂર્વી (વિગ્રહગતિ) વક્રગતિથી ભવાંતરે જતા જીવનો આકાશ પ્રદેશની શ્રેણી અનુસાર જે ગમન કરે તે. આનુપૂર્વીનો ઉદય અંતરાલ ગતિ (વિગ્રહગતિ)માં જ હોય છે. જીવની સ્વાભાવિક ગતિ ઋજુ - સીધી હોય છે. તેના ચાર ભેદ છે.

૧. દેવાનુપૂર્વી ૩. તિર્યંચાનુપૂર્વી
૨. મનુષ્યાનુપૂર્વી ૪. નરકાનુપૂર્વી

[૧૪] વિહાયોગતિ : ચાલવાની રીત તે વિહાયોગતિ (ખગતિ), તેના બે ભેદ છે.

૧. **શુભ વિહાયોગતિ :** જેના ઉદયથી બીજાને પ્રિય લાગે તેવી ચાલ મળે, હંસ, હાથી, બળદ જેવી શુભ ચાલ મળે.
૨. **અશુભ વિહાયોગતિ :** જેના ઉદયથી બીજાને ન ગમે તેવી ચાલ મળે. ઊંટ, ગધેડા, ખચ્ચર જેવી અશુભ વાંકી ચાલ મળે.

ચૌદ પિંડ પ્રકૃતિના કુલ પંચોતેર (૭૫) ભેદ થાય છે.

		ભેદ			ભેદ
૧.	ગતિ	૪	૮.	સંસ્થાન	૬
૨.	જાતિ	૫	૯.	વર્ણ	૫
૩.	શરીર	૫	૧૦.	ગંધ	૨
૪.	અંગોપાંગ	૩	૧૧.	રસ	૫
૫.	શરીર બંધન	૧૫	૧૨.	સ્પર્શ	૮
૬.	સંઘાતન	૫	૧૩.	આનુપૂર્વી	૪
૭.	સંઘયણ	૬	૧૪.	વિહાયોગતિ	૨

પ્ર. ૬૫ નામ કર્મની પ્રત્યેક પ્રકૃતિના આઠ ભેદનું વર્ણન કરો ?

ઉ. ૬૫ નામ કર્મની પ્રત્યેક પ્રકૃતિના આઠ ભેદ નીચે મુજબ છે.

૧. **અગુરુલઘુ :** જેના ઉદયથી હલકું નહીં તેમજ ભારે પણ નહીં એવા શરીરની પ્રાપ્તિ થાય છે

૨. **નિર્માણ** : જેના ઉદયથી શરીરનાં અંગોપાંગ યોગ્ય સ્થાને વ્યવસ્થિત રીતે ગોઠવાય છે.

૩. **આતપ** : જેના ઉદયથી પોતે શીતળ હોવા છતાં બીજાને ગરમ પ્રકાશ આપે તેવા શરીરની પ્રાપ્તિ થાય છે. (આવા પ્રકારનું શરીર સૂર્યવિમાનમાં રહેલા પૃથ્વીકાયના જીવોને હોય છે.)

૪. **ઉદ્યોત** : જેના ઉદયથી પોતે શીત હોય અને બીજાને પણ શીત પ્રકાશ આપે તેવા શરીરની પ્રાપ્તિ થાય છે (આવું શરીર ચન્દ્ર વિમાનમાં રહેલા પૃથ્વીકાય જીવોનું હોય છે.)

૫. **પરાઘાત** : જેના ઉદયથી જીવ બળવાનથી પણ હારે નહીં એટલે મહાબળવાનને પણ હરાવે તે (દા.ત. લવ અને કુશ)

૬. **ઉપઘાત** : જેના ઉદયથી જીવ પોતે પોતાના વધારાના અંગોપાંગથી પીડાય, દુઃખી થાય (દા.ત. પડજીભી, રસોળી વગેરે)

૭. **ઉચ્છ્વાસ** : જેના ઉદયથી જીવને શ્વાસોચ્છ્વાસ લેવા-મૂકવાની શક્તિ પ્રાપ્ત થાય.

૮. **તીર્થંકરનામ** : જેના ઉદયથી જીવ ત્રણે જગતમાં પૂજય બને છે. (આ કર્મનો ઉદય કેવળજ્ઞાન થયા પછી જ થાય)

પ્ર. ૬૬ **નામ કર્મની ત્રસ દસકના દસ ભેદનું વર્ણન કરો ?**

ઉ. ૬૬ નામ કર્મની ત્રસ દસકના દસ ભેદ નીચે મુજબ છે.

૧. **ત્રસ** : જે કર્મના ઉદયથી જીવને ત્રસ પણું, હાલવા ચાલવાની શક્તિ મળે છે. સ્વેચ્છાએ તડકા-છાયડામાં જવા આવવાની શક્તિ મળે છે.

૨. **બાદર** : જીવને આંખથી જોઈ શકાય તેવા પ્રકારનું શરીર મળે છે.

૩. **પર્યાપ્ત** : જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરવા શક્તિમાન બને છે.

૪. **પ્રત્યેક** : જીવ દીઠ જુદા જુદા શરીરની પ્રાપ્તિ થાય છે. એટલે કે પ્રત્યેક પણું અર્થાત્ એક જ શરીરમાં એક જ જીવ હોય..

૫. **સ્થિર** : જીવને સ્થિર અથવા દૃઢ અવયવોની (દા.ત.:-હાડકાં, દાંત) પ્રાપ્તિ થાય છે.

૬. **શુભ** : નાભિ ઉપરનાં અંગો શુભ હોય છે.

૭. **શુભગ (સૌભાગ્ય)** : જીવ કોઈના ઉપર ઉપકાર ન કરતો હોય છતાં પણ સહુને વહાલો લાગે.

૮. **સુસ્વર** : બધાને ગમે તેવો મીઠો અને મધુર સ્વર (અવાજ) મળે છે.

૯. **આદેય** : બોલેલું વચન બધાને માન્ય હોય છે.

૧૦. **યશ** : દુનિયામાં કીર્તિ પ્રસરે છે.

પ્ર. ૬૭ નામ કર્મની સ્થાવર દસકના દસ ભેદોનું વર્ણન કરો ?

ઉ. ૬૭ નામ કર્મની સ્થાવર દસકના દસ ભેદ નીચે મુજબ છે.

૧. **સ્થાવર** : જે કર્મના ઉદયથી જીવને સ્થાવરપણું હાલીચાલી ન શકે તેવું શરીર મળે છે.

૨. **સૂક્ષ્મ** : એક અથવા અનંત જીવો ભેગા થાય તો પણ નરી આંખે જોઇ ન શકાય તેવું સૂક્ષ્મપણું મળે.

૩. **અપર્યાપ્ત** : જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરવા સમર્થ ન બની શકે.

૪. **સાધારણ** : એક જ શરીરમાં અનંતા જીવો રહે છે.

૫. **અસ્થિર** : જીવને અસ્થિર અવયવોની (પાંપણ, જીભ) પ્રાપ્તિ થાય છે.

૬. **અશુભ** : નાભિ નીચેનાં અંગો અશુભ હોય છે.

૭. **દુર્ભગ (દૌર્ભાગ્ય)**: જીવ કોઇના ઉપર ઉપકાર કરે તો પણ વહાલો ન લાગે પણ અળખામણો લાગે.

૮. **દુઃસ્વર** : કર્કશ (ગધેડા, કાગડા જેવો) એટલે કોઇને ગમે નહીં તેવો સ્વર (અવાજ) મળે.

૯. **અનાદેય** : બોલેલું વચન કોઇ માન્ય ન રાખે.

૧૦. **અપયશ** : દુનિયામાં સઘળેથી અપયશ (અપકીર્તિ) મળે.

પ્ર. ૬૮ શુભ નામ કર્મ કયા ચાર પ્રકારે બંધાય છે ?

ઉ. ૬૮ શુભ નામ કર્મ નીચેના ચાર પ્રકારે બંધાય છે.

૧. કાયાની સરળતા તે કાયાના યોગ સારા પ્રવર્તાવે.

૨. ભાષાની સરળતા તે વચનના યોગ સારા પ્રવર્તાવે.

૩. ભાવની સરળતા તે મનના યોગ સારા પ્રવર્તાવે.

૪. અક્લેશકારી પ્રવર્તન તે ખોટા રાડ, ઝઘડા વિવાદ ન કરે.

પ્ર. ૬૯ શુભ નામ કર્મ કયા ચૌદ પ્રકારે ભોગવે છે ?

ઉ. ૬૯

૧. ઇષ્ટ શબ્દ	૮. ઇષ્ટ લાવણ્ય
૨. ઇષ્ટ રૂપ	૯. ઇષ્ટ યશો કીર્તિ
૩. ઇષ્ટ ગંધ	૧૦. ઇષ્ટ ઉત્થાન (પુરુષાકાર પરાક્રમ)
૪. ઇષ્ટ રસ	૧૧. ઇષ્ટ સ્વર
૫. ઇષ્ટ સ્પર્શ	૧૨. કાંત સ્વર
૬. ઇષ્ટ ગતિ	૧૩. પ્રિય સ્વર
૭. ઇષ્ટ સ્થિતિ	૧૪. મનોજ્ઞ સ્વર

પ્ર. ૭૦ અશુભ નામ કર્મ કયા ચાર પ્રકારે બંધાય છે ?

ઉ. ૭૦ ૧. કાયાની વક્રતા ૨. ભાષાની વક્રતા

૩. ભાવની વક્રતા ૪. ક્લેશકારી પ્રવર્તન

પ્ર. ૭૧ અશુભ નામ કર્મ કયા ચૌદ પ્રકારે ભોગવે છે ?

ઉ. ૭૧ અશુભ નામ કર્મ નીચેના ચૌદ પ્રકારે ભોગવે છે.

૧. અનિષ્ટ શબ્દ	૨. અનિષ્ટ રૂપ	૩. અનિષ્ટ ગંધ
૪. અનિષ્ટ રસ	૫. અનિષ્ટ સ્પર્શ	૬. અનિષ્ટ ગતિ
૭. અનિષ્ટ સ્થિતિ	૮. અનિષ્ટ લાવણ્ય	૯. અનિષ્ટ યશોકીર્તિ
૧૦. અનિષ્ટ ઉત્થાન	૧૧. હીણ સ્વર	૧૨. દીન સ્વર
૧૩. અનિષ્ટ સ્વર	૧૪. અકાન્ત સ્વર	

પ્ર. ૭૨ નામ કર્મની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ જણાવો ?

ઉ. ૭૨ નામ કર્મની જઘન્ય આઠ મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ કોડા કોડી સાગરોપમની છે. અબાધાકાળ બે હજાર વર્ષનો છે.

પ્ર. ૭૩ ગોત્ર કર્મ એટલે શું ? તેના કેટલા ભેદ છે ?

ઉ. ૭૩ જેના ઉદયથી જીવોનો જન્મ ઉત્તમ કે હીન કુળમાં થાય છે તેને ગોત્ર કર્મ કહે છે તેના મુખ્ય બે ભેદ છે.

૧. **ઉચ્ચ ગોત્ર :** જેના ઉદયથી ઉત્તમ કુળમાં જન્મ થાય તેને ઉચ્ચ ગોત્ર કહે છે.

૨. નીચ ગોત્ર : જેના ઉદયથી હલકા કુળમાં જન્મ થાય તેને નીચ ગોત્ર કહે છે.

પ્ર. ૭૪ ઉચ્ચ ગોત્ર કયા આઠ પ્રકારે બંધાય છે ?

ઉ. ૭૪ ઉચ્ચ ગોત્ર નીચેના આઠ પ્રકારે બંધાય છે.

૧.	જાતિ અમદ	૫.	તપ અમદ
૨.	કુળ અમદ	૬.	સૂત્ર અમદ
૩.	બળ અમદ	૭.	લાભ અમદ
૪.	રૂપ અમદ	૮.	ઐશ્વર્ય અમદ

પ્ર. ૭૫ ઉચ્ચ ગોત્ર કયા આઠ પ્રકારે ભોગવે છે ?

ઉ. ૭૫ ઉચ્ચ ગોત્ર નીચેના આઠ પ્રકારે ભોગવે છે.

૧.	વિશિષ્ટ જાતિ	૫.	વિશિષ્ટ તપ
૨.	વિશિષ્ટ કુળ	૬.	વિશિષ્ટ સૂત્ર
૩.	વિશિષ્ટ બળ	૭.	વિશિષ્ટ લાભ
૪.	વિશિષ્ટ રૂપ	૮.	વિશિષ્ટ ઐશ્વર્ય

પ્ર. ૭૬ નીચ ગોત્ર કયા આઠ પ્રકારે બંધાય છે ?

ઉ. ૭૬ નીચ ગોત્ર નીચેના આઠ પ્રકારે બોધાય છે.

૧.	જાતિ મદ	૫.	તપ મદ
૨.	કુળ મદ	૬.	સૂત્ર મદ
૩.	બળ મદ	૭.	લાભ મદ
૪.	રૂપ મદ	૮.	ઐશ્વર્ય મદ

પ્ર. ૭૭ નીચ ગોત્ર કયા આઠ પ્રકારે ભોગવાય છે ?

ઉ. ૭૭ નીચ ગોત્ર નીચેના આઠ પ્રકારે ભોગવાય છે.

૧.	વિહીન જાતિ	૫.	તપ વિહીન
૨.	વિહીન કુળ	૬.	સૂત્ર વિહીન
૩.	બળ વિહીન	૭.	લાભ વિહીન
૪.	રૂપ વિહીન	૮.	ઐશ્વર્ય વિહીન

પ્ર. ૭૮ ગોત્ર કર્મની જઘન્ય તથા ઉત્કૃષ્ટ સ્થિતિ જણાવો ?

ઉ. ૭૮ ગોત્ર કર્મની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્તની અને ઉત્કૃષ્ટ વીશ કોડાકોડી સાગરોપમની છે. અબાધા કાળ બે હજાર વર્ષનો છે.

પ્ર. ૭૯ અંતરાય કર્મ એટલે શું ? તેના કેટલા ભેદ છે ?

ઉ. ૭૯ દાનાદિ કાર્યોમાં જે કર્મ વિઘ્ન કરે તે અંતરાય કર્મ. અંતરાય કર્મના પાંચ ભેદ નીચે મુજબ છે.

૧. **દાનાંતરાય :** દ્રવ્ય અને સુપાત્ર મળ્યું હોય અને દાનનું ફળ પણ જાણતો હોય છતાં આપવાની ઈચ્છા ન થાય તે દાનાંતરાય કહેવાય.

૨. **લાભાંતરાય :** જગતની ભૌતિક વસ્તુઓ (ધન, મોટર, બંગલા વગેરે) કે ધર્મ સામગ્રીની પ્રાપ્તિ ન થાય તે.

૩. **ભોગાંતરાય :** જે વસ્તુ એકવાર જ ભોગવાય તે ભોગ કહેવાય દા.ત. ભોજન વગેરે. સારામાં સારી વસ્તુઓ ખાવા, પીવા કે ભોગવવા મળી હોય છતાં ભયંકર રોગાદિના કારણે એનો ઉપયોગ ન કરી શકે તે ભોગાંતરાય કહેવાય.

૪. **ઉપભોગાંતરાય :** જે વસ્તુ વારંવાર ભોગવાય તે ઉપભોગ દા.ત. વસ્ત્ર, સ્ત્રી વગેરે. વસ્ત્ર, સ્ત્રી, અલંકાર વગેરે સામગ્રી હોવા છતાં પરવશતાના કારણે એનો ઉપભોગ ન કરી શકે તે ઉપભોગાંતરાય.

૫. **વીર્યાંતરાય :** યુવાન હોય, કાયા નિરોગી હોય છતાં તપ, વૈયાવચ્ચ વગેરે શુભ કાર્યો કરવામાં ઉત્સાહ ન જાગે, વીર્ય ન ફોરવી શકે પણ દુર્બળ બને તે વીર્યાંતરાય કહેવાય.

પ્ર. ૮૦ અંતરાય કર્મ કેવી રીતે બંધાય છે ?

ઉ. ૮૦ કોઈના સુખમાં અંતરાય નાખીએ તો અંતરાય કર્મ બંધાય. પશુ પંખીઓનાં ઈંડાં કે પક્ષીઓના માળા રહેઠાણો તોડી પાડીએ તો અંતરાય કર્મ બંધાય. કોઈ ધર્મ કરતો હોય કે દાન આપતો હોય અને તેને રોકે અથવા કહે કે ધર્મ કરવાથી કોનું ભલું થયું છે તો પણ અંતરાય કર્મ બંધાય. કોઈને ભૂખ્યા-તરસ્યા રાખે તો પણ અંતરાય કર્મ બંધાય.

પ્ર. ૮૧ અંતરાય કર્મની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ જણાવો ?

ઉ. ૮૧ અંતરાય કર્મની જઘન્ય સ્થિતિ અંતમુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોડાકોડી સાગરોપમની છે.

પ્ર. ૮૨ બંધાદિની અપેક્ષાએ કર્મની પ્રકૃતિઓ કેટલી છે ?

ઉ. ૮૨ ૧. બંધની અપેક્ષાએ ૧૨૦ પ્રકૃતિ

૨. ઉદયની અપેક્ષાએ ૧૨૨ પ્રકૃતિ

૩. ઉદીરણાની અપેક્ષાએ ૧૨૨ પ્રકૃતિ

૪. સત્તાની અપેક્ષાએ ૧૫૮ પ્રકૃતિ

પ્ર. ૮૩ કર્મની ઉત્તર પ્રકૃતિ કેટલી ? તેમાં કેટલી શુભ કેટલી અશુભ તે જણાવો ?

ઉ. ૮૩ અ. ચાર ઘાતિ કર્મની પીસ્તાલીસ અશુભ પ્રકૃતિઓ

૧. જ્ઞાનાવરણીય	૫
૨. દર્શનાવરણીય	૯
૩. મોહનીય	૨૬
૪. અંતરાય	૫

૪૫ - અશુભ પ્રકૃતિઓ

બ. અઘાતિ ચાર કર્મની બેંતાલીસ શુભ અને સાડત્રીસ (૩૭) અશુભ પ્રકૃતિઓ

	શુભ		અશુભ
૧. વેદનીય (શાતા)	૧	(અશાતા)	૧
૨. આયુષ્ય (મનુષ્ય દેવ, જાનવર)	૩	નરકનું	૧
૩. નામ (દેવ, મનુષ્ય અને પંચેન્દ્રિય)	૩૭	એકેન્દ્રિયથી ચોઇન્દ્રિય	૩૪
૪. ગોત્રકર્મની (શુભ)	૧	નીચ ગોત્રકર્મ	૧
	૪૨		૩૭

આઠ કર્મની ૧૫૮ ઉત્તર પ્રકૃતિ તેમાં ૪૨ શુભ અને ૮૨ પ્રકૃતિ અશુભ

પ્ર. ૮૪ નામ કર્મની શુભાશુભ પ્રકૃતિની તાલિકા જણાવો ?

ઉ. ૮૪

શુભપ્રકૃતિ		અશુભપ્રકૃતિ	
૧. ગતિ - દેવ, મનુષ્ય	૨	તિર્યંચ નારક	૨
૨. જાતિ - પંચેન્દ્રિય	૧	એકેન્દ્રિય, દ્વિન્દ્રિય, તિઇન્દ્રિય, ચોઇન્દ્રિય	૪
૩. શરીર-ઔદારિકાદિ	૫	——	
૪. અંગોપાંગ -ઔદારિકાદિ	૩	——	
૫. સંઘયણ-વૃજઋષભ નારાચ	૧	ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા, સેવાર્ત	૫
૬. સંસ્થાન-સમચતુરસ્ર	૧	ન્યગ્રોધપરિમાણ, સાદિસંસ્થાન, કુબ્જ, વામન, હુંડક.	૫
૭. રસ,વર્ણ,ગંધ,સ્પર્શ	૪	વર્ણ, રસ, ગંધ, સ્પર્શ	૪
૮. દેવાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી	૨	તિર્યંચાપૂર્વી તથા નરકાપૂર્વી	૨
૯. વિહાયોગતિ	૧	વિહાયોગતિ	૧
૧૦. ત્રસ દાયક	૧૦	સ્થાવર દાયક	૧૦
૧૧. પ્રત્યેક પ્રકૃતિ અગુરુલઘુ, પરાઘાત, આતપ, ઉદ્યોત, શ્વાસોચ્છ્વાસ, નિર્માણ, તીર્થંકર	૭	ઉપઘાત પ્રત્યેક પ્રકૃતિ	૧
	૩૭		૩૪

પ્ર. ૮૫ કોને કર્મ અડે નહીં ?

ઉ. ૮૫ પોતાની ભૂલો દેખાય તેનું નામ આત્મા. પોતે પોતાની જાત માટે નિષ્પક્ષ પાતી થયો એનું નામ આત્મા. તમે આત્મા છો અને શુદ્ધ ઉપયોગમાં છો તો તમને કોઇ કર્મ અડશે નહીં. શાસ્ત્ર કહે છે કે ''શુદ્ધ ઉપયોગીને સમતા ધારી, જ્ઞાન, ધ્યાન મનોહારી રે, કર્મ કલંકકો દૂર નિવારી, જીવ લહે શિવનારી રે.''

પ્ર. ૮૬ કર્મોનો નાશ કેવી રીતે થાય ?

ઉ. ૮૬ કેટલાંક કર્મો વિચારવાથી જ નાશ પામે છે. કેટલાંક કર્મો શરીર ભોગવે એટલે નાશ પામે છે. કેટલાંક કર્મો મનને ભોગવવાં પડે છે.

પ્ર. ૮૭ નિષ્કામ કર્મ એટલે શું ?

ઉ. ૮૭ નિષ્કામ કર્મ એટલે એના આગળનાં પરિણામ ધાર્યા વગર કર્યે જાવ. સાહેબ મને વઢશે, ટૈડકાવશે, એવો વિચાર કર્યા વિના કર્યે જાવ. પરીક્ષા આપવાનો વિચાર કર્યો હોય તો પછી પાસ થવાશે કે નહિં એવા વિચાર કર્યા વિના તૈયારી કરીને પરીક્ષા આપ્યે જાવ એ નિષ્કામ કર્મ. ફળની આશા રાખ્યા વિના કર્મ કર્યે જવું એ નિષ્કામ કર્મ. પ્રિય કે અપ્રિયની આશા ના રાખવી તે નિષ્કામ કર્મ. સાડી લેવા ગયા માટે સાડીની આશા હોય જ પણ જો સાડી ખરાબ નીકળી તો ડીપ્રેસ ના થઇશ. વેપારી પ્રત્યે રાગ-દ્વેષ ના કરીશ, જે થયું તે માન્ય રાખજે, શાંતિ રાખજે, એના ઉપર વિલાપ ના કરીએ અને ત્યાં સમતા રાખીએ એનું નામ નિષ્કામ કર્મ. નિષ્કામ કર્મ એટલે પરિણામનો વિચાર કર્યા વિના કામ કર્યે જાવ. મન, વચન, કાયા બધાં જ કર્મ કરે પણ તેનાથી પર રહેવું તે નિષ્કામ કર્મ. બદલો લેવાની ઇચ્છા સિવાય કામ કર્યા કરવું અને કોઇનાય તરફની સ્પૃહા નહીં અને એક માત્ર આત્માની સ્પૃહા રાખે તે નિષ્કામ કર્મ કહેવાય. ફળની ઇચ્છા રહિત કામ કરે તે નિષ્કામ કર્મ કહેવાય. નિષ્કામ કર્મ એટલે ગલનને જોયા કરવું.

પ્ર. ૮૮ સંન્યાસ કર્મયોગ કોને કહેવાય ?

ઉ. ૮૮ દેહની અને ઇન્દ્રિયોની ક્રિયા થાય તેમાં કર્તાભાવ નહીં તે સંન્યાસ કર્મયોગ.

પ્ર. ૮૯ કર્મ બંધનાં મુખ્ય કયા ત્રણ કારણો છે ?

ઉ. ૮૯ કરવું, કરાવવું અને અનુમોદવું આ ત્રણ કર્મ બંધના કારણો છે. નાના બાળકોને જે વેદના ભોગવવી પડે છે, એ બાળકના કર્મના ઉદય છે. એ મૂળ કર્મ બાળકનું એટલે બાળકને પોતાને ભોગવવાનું અને માતાએ જોઇને ભોગવવાનું કારણ કે એની માતાએ અનુમોદના કરેલી તેથી બાળકનું દુઃખ જોઇને તેની માતાને પણ ભોગવવાનું થાય છે.

પ્ર. ૯૦ ચીકણાં કર્મ કોને કહેવાય ?

ઉ. ૯૦ મન, વચન, કાયાના તદ્દન એકાકારથી કરે કે જેનાથી બીજો વિરોધાભાસ ભાવ ના હોય તેનાથી ભયંકર ચીકણાં કર્મો બંધાય. કેટલાંક કર્મો પસ્તાવો કરવાથી જાય અને જે પસ્તાવો કરો તોય ભોગવવાં જ પડે તેને ચીકણાં કર્મ કહ્યાં એને ભોગવ્યે જ છૂટકો એને શાસ્ત્રની ભાષામાં નિકાચિત કર્મ પણ કહેવાય છે.

પ્ર. ૯૧ કર્મો ક્યારે નવાં થતાં અટકે ?

ઉ. ૯૧ આત્મજ્ઞાની થાય ત્યાર પછી નવાં કર્મ થતાં અટકે. આ કર્મોના જ્ઞાતા-દ્રષ્ટા રહે તો નવું કર્મ ના થાય.

પ્ર. ૯૨ કર્મનો લય થયો શી રીતે ખબર પડે ?

ઉ. ૯૨ જેના સંબંધમાં આપણું કર્મ હોય ત્યાં રાગ કે દ્વેષ ના રહે તો જાણવું કે આપણું કર્મ લય થઇ ગયું અને ગમો અણગમો રહેતો હોય તો જાણવું કે કર્મની સત્તા હજી ચાલું છે.

પ્ર. ૯૩ પ્રવિકર્મ એટલે શું ?

ઉ. ૯૩ પ્રવિકર્મ એટલે વિરુદ્ધ કર્મો. જગતને ન પોષાય તેને પ્રવિકર્મ કહેવાય અને આવા કર્મો કરવાથી તિર્યંચ ગતિ બંધાય છે.

પ્ર. ૯૪ મનુષ્યને નવા કર્મના બીજ શેનાથી નંખાય છે ?

ઉ. ૯૪ મનુષ્યને અહંકારથી જ કર્મ ચેતના છે અને તેનાથી જ નવા કર્મનાં બીજ નંખાયા કરે છે.

પ્ર. ૯૫ કર્મ ઉપરની જૂની કહેવત કહો ?

ઉ. ૯૫ કરમ વગરનો કરસનિયો જાને શા જવાં.
કરમમાં લખ્યાં ડોરિયા, ઘિયાં શા ખાવા.
(ડોરિયા એટલે મહુડાનાં બીજ પીલીને બનાવેલું ઘી)

પ્ર. ૯૬ કોને ભયંકર કર્મ બંધાય છે ?

ઉ. ૯૬ આ મને છેતરી ગયો તેમ બોલ્યો તે મહા ભયંકર કર્મ બાંધે છે, તેનાં કરતાં તેને બે ધોલ મારી હોત તો ઓછું કર્મ બાંધે.

પ્ર. ૯૭ અનાદેય નામ કર્મ અને અપયશ નામકર્મ કેવી રીતે બંધાય છે ?

ઉ. ૯૭ ના કામની વાતો કરવાથી અને વગર બોલાવ્યે કે વગર પૂછયે બોલ બોલ કરવાથી અનાદેય નામ કર્મ અને અપયશ નામ કર્મ બંધાય છે.

પ્ર. ૯૮ અબંધ કોને કહેવાય ?

ઉ. ૯૮ પોતાના સ્વરૂપની જાગૃતિપૂર્વકનું કર્મ એ અબંધ છે.

પ્ર. ૯૯ નિષ્કામી કોને કહેવાય ?

ઉ. ૯૯ આખુંય જીવન પારકા માટે જીવે તે નિષ્કામી. નિષ્કામીને મારું તારું ના હોય, પંથ, વાડો, સંપ્રદાય ના હોય. અહંકાર અને મમતા જાય ત્યારે નિષ્કામી કહેવાય.

પ્ર. ૧૦૦ જાણે-અજાણે ખોટાં કર્મ થઇ જાય તો શું કરવું ?

ઉ. ૧૦૦ હમેશાં ખોટું કર્મ થઇ ગયું તો તરત એની પછી પસ્તાવો કરવો અને ખરા દિલથી સિન્સિયારિટીથી પસ્તાવો કરવો જોઇએ. પસ્તાવો કર્યા પછી ફરીથી એવી ભૂલ થાય તો ચિંતા નહીં કરવાની. જેટલી વાર ભૂલ થાય તેટલી વાર પસ્તાવો કરવો. ખરા દિલથી પસ્તાવો કરે એનાં બધાં કર્મ ધોવાઇ જાય છે. તમે જે માનતા હો તે ભગવાનની સાક્ષીએ પસ્તાવો કરવો. પ્રાયશ્ચિત કરવાથી કર્મની ગાંઠો હલકી થઇ જાય છે.

પ્ર. ૧૦૧ કર્મોને ભસ્મીભૂત કરનાર કોણ છે ?

ઉ. ૧૦૧ બ્રહ્મચર્યવ્રત આપનારનું વચનબળ અને લેનારનું નિશ્ચયબળ આ બે ભેગાં થાય તો ગમે તેવાં કર્મોને ભસ્મીભૂત કરનાર છે. જ્ઞાની પુરુષની વાણી સંસારમાં દીવાલ જેવી છે.

પ્ર. ૧૦૨ કોઝ શું છે ?

ઉ. ૧૦૨ રાગ દ્વેષ એ કોઝ છે. રૂટ કોઝ અજ્ઞાન છે. કોઝ એટલે સામાન્ય રીતે બધાં સેવન કરે છે તે, આ ભગવાનના નામ ઉપર તપ કરે છે, ઉપવાસ કરે છે, આયંબિલ કરે છે એ બધાં કોઝ છે.

પ્ર. ૧૦૩ ડિસ્ચાર્જ શું છે ?

ઉ. ૧૦૩ આ મન, વચન, કાયાને જેટલી ચીજો જોઇએ છે એ બધું ડિસ્ચાર્જ છે. નિર્જરા એટલે ડિસ્ચાર્જ.

પ્ર. ૧૦૪ બુદ્ધ ભગવાને શૂન્ય કહ્યું છે તે શું છે ?

ઉ. ૧૦૪ શૂન્ય એટલે કર્મ ચાર્જ થતાં બંધ થઇ ગયાં અર્થાત્ કર્મ બંધાતાં અટકી ગયાં એટલે શૂન્ય. પોતાને કર્તાપણું બંધ થઇ જાય એવું સમજાઇ જાય ત્યાર પછી કર્મ બંધાય નહીં એને શૂન્ય કહેવાય.

પ્ર. ૧૦૫ કૃષ્ણ ભગવાને સાતમી નરકમાંથી ત્રીજી નરકમાં કઇ રીતે કર્મોને વાળેલાં ?

ઉ. ૧૦૫ તીર્થંકર ભગવાન શ્રી નેમિનાથની આજ્ઞાથી કૃષ્ણ ભગવાને ૫૦૦ સાધુઓને વંદન કરેલાં અને આ વાંદવાની ક્રિયા વડે જ શ્રીકૃષ્ણ વાસુદેવે સાતમી નારકીના દલીકોને ખપાવતાં ખપાવતાં ત્રીજી નારકી સુધી લાવી મૂકેલા.

પ્ર. ૧૦૬ કર્મ કપાય તેવી કળાનું નામ શું ?

ઉ. ૧૦૬ કર્મ કપાય તેવી કળાનું નામ સમ્યક્જ્ઞાન કળા છે.

પ્ર. ૧૦૭ કર્મનો બંધ થયો ક્યારે કહેવાય ?

ઉ. ૧૦૭ કાર્મણ વર્ગણાનો આત્મા સાથે બંધ થાય ત્યારે તે કર્મની સંજ્ઞા પામે છે એને આપણે કર્મ બંધાયાં અથવા કર્મનો બંધ થયો એમ કહીએ છીએ.

પ્ર. ૧૦૮ કર્મનો નાશ શેનાથી થાય છે ?

ઉ. ૧૦૮ કર્મનો નાશ શુભ ધ્યાનથી થાય છે. ધર્મધ્યાન અને શુક્લ ધ્યાનથી.

પ્ર. ૧૦૯ કરણ કોને કહેવાય ?

ઉ. ૧૦૯ જેના વડે ક્રિયાની સિદ્ધિ થાય તે કરણ કહેવાય. એક બાણાવળી બાણ મારીને વૃક્ષ પરથી ફળ નીચે પાડે છે તેમાં બાણ વડે ફળ તોડવાની ક્રિયા સિદ્ધ થાય છે એટલે બાણને કરણ કહેવાય. એક સોની હથોડા વડે સોનું ટીપે છે. તેમાં હથોડા વડે સોનું ટીપવાની ક્રિયા સિદ્ધ થાય છે એટલે હથોડાને કરણ કહેવાય.

પ્ર. ૧૧૦ કરણ કેટલા છે ? તે દરેકનાં નામ આપો ?

ઉ. ૧૧૦ કરણ આઠ છે જે નીચે મુજબ છે.

૧. **બંધન કરણ :** જેના વડે કાર્મણ વર્ગણાનું આત્મપ્રદેશો સાથે જોડાણ થાય, બંધન થાય તે બંધન કરણ.

૨. **નિયત કરણ :** બંધન થયા પછી પ્રશંસા કરી કર્મને મજબૂત કરનારું કરણ તે નિયત કરણ.

૩. **નિકાચના કરણ :** ખરાબ કર્મ કર્યા પછી ખુશ થવું તે નિકાચના કરણ.

૪. **ઉદ્વર્તના કરણ :** જેના લીધે કર્મની સ્થિતિ અને રસ વધી જાય તેને ઉદ્વર્તના કરણ કહે છે.

૫. **અપવર્તના કરણ :** જેના લીધે કર્મની સ્થિતિ અને રસ ઘટી જાય તે અપવર્તના કરણ.

૬. **સંક્રમણ કરણ :** જેના લીધે કર્મની પ્રકૃતિમાં પરિવર્તન થઈ જાય તેને સંક્રમણ કરણ કહે છે.

૭. **ઉદ્દીરણા કરણ :** કર્મની ઉદ્દીરણા કરનારું જે કરણ તે ઉદ્દીરણા કરણ.

૮. **ઉપશમન કરણ :** ઉદ્દીરણા ન થાય તેને યોગ બળે શાંત પાડી દેવા તે શમના કરણ કહેવાય.

પ્ર. ૧૧૧ સંધ્યાકાળે કયાં ચાર કર્મોનો ત્યાગ કરવો ?

ઉ. ૧૧૧ ૧. આહાર ૨. નિંદ્રા ૩. મૈથુન ૪. સ્વાધ્યાય

૧. સંધ્યાકાળે આહાર લેવાથી વ્યાધિ ઉત્પન્ન થાય છે.

૨. સંધ્યાકાળે નિંદ્રા લેવાથી ધનનો નાશ થાય છે.

૩. સંધ્યાકાળે મૈથુન કરવાથી દુષ્ટ ગર્ભ ઉત્પન્ન થાય છે.

૪. સંધ્યાકાળે સ્વાધ્યાય કરવાથી મરણ થાય છે.

પ્ર. ૧૧૨ ભવોપગ્રાહી કર્મનો ક્ષય એટલે શું?

ઉ. ૧૧૨ નામકર્મ, ગોત્રકર્મ, વેદનીયકર્મ, આયુષ્યકર્મ એ ચાર અઘાતિ કર્મ સંસારનો અંત થતાં સુધી રહે છે, તેથી તે ભવોપગ્રાહી કહેવાય છે. આ ચાર અઘાતિ કર્મનો ક્ષય એટલે મોક્ષ.

પ્ર. ૧૧૩ કર્મને શી રીતે દૂર કરવાં ?

ઉ. ૧૧૩ કરોડો ભવમાં સંચિત કરેલું કર્મ તપ વડે નિર્જરાય છે ક્ષય પામે છે. આત્મામાં રહેલા કર્મના મેલને તપ જુદો પાડે છે. અજાણપણે તપ કરવાથી જે કર્મ ખપે તે અકામનિર્જરા છે. જે તપમાં અહિંસા અને આત્મશુદ્ધિનો વિચાર મુખ્ય ન હોય તેનાથી કર્મની અલ્પ નિર્જરા થાય અને જે તપમાં અહિંસા અને આત્મશુદ્ધિનો વિચાર મુખ્ય હોય તથા સમજણપૂર્વકની તપશ્ચર્યા હોય તો કર્મની ઘણી નિર્જરા થાય છે, તેને સકામ નિર્જરા કહેવાય.

પ્ર. ૧૧૪ શાસ્ત્રમાં કયા પંદર પ્રકારનાં કર્મનો ત્યાગ કરવા જણાવેલું છે ?

ઉ. ૧૧૪ ૧. કુંભાર, લુહાર, કલાલ, સોની, ભાડભૂંજા, ઈંટ-ચૂનાનો ભઠ્ઠો, રેતી જેમાં અગ્નિથી કામ થાય તે ત્યાગવું.

૨. વનસ્પતિનાં ફળ, ફુલ, પાંદડાં કાપવાં, વેચવાં, લાકડાં કાપવાં, વેચવાં.

૩. ગાડાં, હળ આદિ બનાવવાં, વેચવાં, ખેડવાના અવયવો બનાવવા.

૪. ઊંટ, ઘોડા, ખચ્ચર, બળદ આદિ ભાર ઉપાડવા માટે ભાડે આપવાં.

૫. ખેડવું, અનાજ ઉગાડવું, તોડવું, લણવું, ભરડવું, ખેતીનાં કામકાજ.

૬. કૂવા, તળાવ, વાવડી ખોદાવવાં.

૭. હાથીના દાંત, મોરનાં પીંછાં, પશુપંખીઓના અવયવોનો વેપાર.

૮. દારૂ, મધ, માખણ, ઘી, તેલ વગેરેનો વેપાર

૯. લાખ, ગળી, તલ, ક્ષાર, કસુંબો, દૂધ, દહીં, ઘી, છાસનો વેપાર

૧૦. રોમ, પીંછાં, ઊન, પશુઓ, પક્ષીઓ વેચવાનો વેપાર, દાસ-દાસી વેચવાનો વેપાર

૧૧. વચ્છનાગ, સોમલ, અફીણ અન્ય વિષ (ઝેર) વેચવાનો વેપાર

૧૨. યંત્ર, પીલવાનાં યંત્રો બનાવવા, વેચવાનો વેપાર

૧૩. પાણી કાઢવાનાં મોટર ડંકી બનાવવાં, વેચવાનો વેપાર

૧૪. પશુઓના કાન વીંધવા, ખસી કરવી, ડામ દેવા

૧૫. જંગલમાં આગ લગાડવી, કચરો બાળવો અને સરોવર આદિના પાણીને શોષવાનાં કાર્યો

પ્ર. ૧૧૫ સ્થૂલ કર્મ અને સૂક્ષ્મ કર્મ સમજાવો ?

ઉ. ૧૧૫ સ્થૂલ કર્મો એટલે કે પાંચ ઈન્દ્રીયોથી અનુભવમાં આવતાં કર્મો. આ સ્થૂલ કર્મોનું ફળ અહીંને અહીં જ ભોગવાઈ જાય છે અને સૂક્ષ્મ કર્મ જે દેખાય નહીં તેના માલિકનેય ખબર ન પડે તે કર્મનું ફળ આવતા ભવે ભોગવાય. સ્થૂલ કર્મો ડિસ્ચાર્જ સ્વરૂપે છે અને મહીં-અંદર નવાં ચાર્જ થઈ રહ્યાં છે તે સૂક્ષ્મકર્મો છે. દાન આપે છે તે સ્થૂળ કર્મ, તેનું ફળ નામ, કીર્તિ, વાહ વાહ રૂપે લોકો તરત જ આપશે જ પણ દાન આપતી વખતે મહીં ભાવ એવો હોય કે આ તો મેયરનું દબાણ હતું એટલે આપ્યું બાકી હું કાંઈ આપું એવો નથી અથવા તો ભાવની વર્તના એવી હોય કે મારી પાસે વધારે હોત તો

વધારે આપત. સ્થૂળ ક્રિયાની પાછળનો અભિપ્રાય જ સૂક્ષ્મકર્મ ''ચાર્જ'' કરે છે. સૂક્ષ્મ કર્મનો કર્તા અહંકાર છે. મેં કર્યું એ ભાવ જ કર્મ બાંધે. સ્થૂળ કર્મથી બંધન નથી પણ સૂક્ષ્મ કર્મથી બંધન છે માટે અંદરના ભાવ હંમેશાં સારા રાખો. આખો બાહ્યાચાર ડિસ્ચાર્જ સ્વરૂપ છે. ભાવ ફેરવવાની જરૂર છે. જગત આખું ક્રિયા ફેરવવા પાછળ નકામી મહેનત કરે છે. ત્રણ બેટરીઓ મન, વચન, કાયાની ડિસ્ચાર્જ થઈ રહી છે અને નવી ત્રણ ભરાઈ રહી છે તે સૂક્ષ્મ કર્મથી.

પ્ર. ૧૧૬ કર્મોનાં નાશનો ક્રમ કયો છે ?

ઉ. ૧૧૬ સૌથી પહેલાં મોહનીય કર્મનો નાશ થાય છે. પછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મ એ ત્રણેનો નાશ એક સાથે થાય છે. પછીથી બાકીના ચાર અઘાતિ કર્મોનો એક સાથે ક્ષય થાય છે. આઠેય કર્મોનો ક્ષય થઈ જવાથી આત્મા સિદ્ધ ભગવાન પરમાત્મા કહેવાય છે. સિદ્ધ ભગવાન આઠેય કર્મોથી રહિત છે.

પ્ર. ૧૧૭ કર્મ કયા કયા ઉપાયથી નષ્ટ થાય છે ?

ઉ. ૧૧૭ નિજ શુદ્ધાત્માના અનુભવના બળથી કર્મ સ્વયમ્ અકર્મ થઈ જાય છે. કર્મનું અકર્મરૂપ થઈ જવું તેને જ કર્મનો નાશ કહે છે.

પ્ર. ૧૧૮ કર્મ સત્ છે તો તેનો નાશ કેવી રીતે થઈ શકે ?

ઉ. ૧૧૮ કર્મ એક પર્યાય છે. આ પર્યાય જે પુદ્ગલ દ્રવ્યનો છે તે પુદ્ગલ દ્રવ્યનો કદાપિ નાશ થતો નથી. જે પુદ્ગલ સ્કંધમાં કર્મરૂપે પરિણમવાની યોગ્યતા છે તે સ્કંધને કાર્મણવર્ગણા એવું નામ આપવામાં આવ્યું છે. આ કાર્મણવર્ગણાઓ કર્મપર્યાય રૂપે પરિણમે છે અને તે કર્મપર્યાય તે રૂપે ન રહેતાં અકર્મરૂપે પણ થઈ જાય છે. પૂર્વ ચાર ઘાતિયા કર્મરૂપે પરિણમેલી વર્ગણાઓ કર્મપર્યાયને છોડીને અકર્મરૂપ થઇ જાય છે અને પછી ભવિષ્યમાં કદાપિ તે કર્મપર્યાય રૂપે થઈ શકતી નથી આ જ કર્મ નાશનો અભિપ્રાય છે, એમ શ્રી અરિહંત ભગવાને કહ્યું છે.

પ્ર. ૧૧૯ કર્મનું કયા રૂપે પરિણમવું તે તેનો નાશ કહેવાય ?

ઉ. ૧૧૯ કાર્મણવર્ગણાઓનું આ કર્મરૂપ અવસ્થાથી છૂટી જઈને અકર્મત્ત્વરૂપ

અવસ્થામાં આવી જવું તેને કર્મનો નાશ કહે છે. આગળ ઉપર નિષ્કર્મ અવસ્થા થયા પછી કર્મોની ઉત્પત્તિ જ ન થવી તેને અહીં મુખ્યરૂપથી કર્મનો નાશ સમજવો.

પ્ર. ૧૨૦ કર્મોનાં ફળ કેવી રીતે મળે છે તે સમજાવો ?

ઉ. ૧૨૦ કર્મનો બંધ થઈ ચૂકે છે પછી કેટલોક સમય તે કર્મને પાકતાં લાગે છે એ સમયને અબાધાકાળ કહે છે. જો એક કોડાકોડી સાગરોપમની સ્થિતિ પડે તો એકસો (સો-૧૦૦) વર્ષ પાકવામાં લાગે છે એ હિસાબે ઓછી સ્થિતિમાં ઓછો સમય લાગે છે. કોઈક કર્મોની અબાધા એક પલકમાત્ર સમય જ હોય છે. બંધાયા પછી એક આવલી પછી ઉદયમાં આવે છે.

પ્ર. ૧૨૧ આવતાં કર્મને અટકાવવાં તેનું નામ શું ?

ઉ. ૧૨૧ સંવર

પ્ર. ૧૨૨ જીવ કર્મ મુકત કેવી રીતે થઇ શકે ?

ઉ. ૧૨૨ નવા કર્મને અટકાવવાથી અને જૂના કર્મને ખપાવવાથી જીવ કર્મ મુકત થઇ શકે છે.

પ્ર. ૧૨૩ કર્મ ક્યાંથી આવે છે ? તે કેમ અટકી શકે ? કેવી રીતે ખપાવી શકાય ?

ઉ. ૧૨૩ આશ્રવરૂપી દ્વારથી કર્મ આવે છે અને સંવરરૂપી કમાડથી તે આવતાં અટકે છે તેમજ નિર્જરાથી અગાઉનાં કર્મ ખપાવી શકાય છે.

પ્ર. ૧૨૪ બધાં કર્મોમાં જોરદાર કર્મ શું ?

ઉ. ૧૨૪ મોહનીય કર્મ.

પ્ર. ૧૨૫ કર્મ જડ છે કે ચેતન છે ?

ઉ. ૧૨૫ કર્મ એ જડ છે. કર્મના રજકણો ઘણા ઝીણા અને સૂક્ષ્મ હોવાથી તે દેખાતા નથી પણ તે જડ છે. કર્મ એ પુદ્ગલનો પર્યાય છે માટે જડ છે. છ અવિનાશી તત્ત્વોમાં ચેતન તત્ત્વ એક આત્મા જ છે. (અપેક્ષાએ)

પ્ર. ૧૨૬ સૌભાગ્ય, આદેય અને યશનામ કર્મમાં તફાવત શું ?

ઉ. ૧૨૬ કામ ઓછું કરવા છતાં જગત વ્હાલ વરસાવે તે સૌભાગ્ય. પોતાનું બોલેલું વચન લોકો ઝીલી લે, ગ્રાહ્યવચની થાય તે આદેય અને ચારે દિશામાં પ્રશંસા ફેલાય, ગુણગાન થાય તે યશનામ કર્મ કહેવાય.

પ્ર. ૧૨૭ યશ અને કીર્તિ આ બંનેમાં તફાવત શું ?

ઉ. ૧૨૭ દાન-તપ-બ્રહ્મચર્યાદિ ગુણથી જે પ્રસિદ્ધિ થાય તે કીર્તિ કહેવાય અને પરાક્રમ-શૂરવીરતા અર્થાત્ બળથી જે પ્રસિદ્ધિ થાય તે યશ કહેવાય. બીજા શબ્દોમાં કહીએ તો એક દિશામાં પ્રસિદ્ધિ થાય તે કીર્તિ અને સર્વ દિશાઓમાં પ્રસિદ્ધિ થાય તે યશ કહેવાય.

પ્ર. ૧૨૮ શું બંધાયેલા કર્મો અવશ્ય ભોગવવાં જ પડે ?

ઉ. ૧૨૮ ''રસોદયથી'' ભોગવવાં જ પડે તેવો નિયમ નથી પરંતુ પ્રદેશોદયથી અવશ્ય ભોગવવાં જ પડે છે. પ્રદેશોદય આત્માને વિઘાતક બનતો નથી.

પ્ર. ૧૨૯ શું કર્મો બાંધ્યા પછી તેમાં ફેરફારો થાય ?

ઉ. ૧૨૯ હા, શુભનું અશુભમાં અને અશુભનું શુભમાં સંક્રમણ, સ્થિતિરસની અપેક્ષાએ નાનાનું મોટું અને મોટાનું નાનું તે ઉદ્વર્તના, અપવર્તના, બળાત્કારે વહેલું ઉદયમાં લાવવું તે ઉદીરણા, તીવ્રનું મંદ કરવું તે ક્ષયોપશમ એમ અનેક ફેરફારો થઇ શકે. ફકત નિકાચિત કર્મમાં ફેરફાર થતા નથી. પરંતુ તે ઘણું અલ્પ જ હોય છે.

પ્ર. ૧૩૦ શું આઠે કર્મો આ જીવ પ્રતિસમયે બાંધે જ ?

ઉ. ૧૩૦ ના, આયુષ્ય સિવાયના સાત કર્મો આ જીવ પ્રતિસમયે નવમાં ગુણસ્થાનક સુધી સદા બાંધે છે પરંતુ આયુષ્ય કર્મ દરેક ભવોમાં ફકત એક જ વાર બાંધે છે. મનુષ્ય અને તિર્યંચના ભવોમાં પોતાના ભવના ત્રીજા ભાગમાં આયુષ્ય કર્મ બાંધે છે અને દેવ-નારકીના ભવોમાં પોતાના ભવના છ માસ બાકી રહે ત્યારે જ આયુષ્ય બાંધે છે.

પ્ર. ૧૩૧ શ્રી જિને જીવ અને કર્મનો સબંધ ક્ષીર-નીરની પેઠે કહ્યો છે, તેનો હેતુ શું છે ?

ઉ. ૧૩૧ શ્રી જિને જીવ અને કર્મનો ક્ષીર-નીરની પેઠે સબંધ કહ્યો છે તેનો હેતુ પણ એ જ છે કે, ક્ષીર અને નીર એકત્ર થયાં સ્પષ્ટ દેખાય છે, છતાં પરમાર્થે તે જુદાં છે, પદાર્થપણે ભિન્ન છે, અગ્નિપ્રયોગે તે પાછા સ્પષ્ટ જુદા પડે છે, તેમ જીવ અને કર્મનો સબંધ છે.

પ્ર. ૧૩૨ જડ એવું કર્મ જીવને દુઃખ-સુખ આપી શકે ?

ઉ. ૧૩૨ ચલણી રૂપિયાની નોટોનું બંડલ કોઇ આપે તો સુખ થાય અને ખોવાઇ જાય

તો દુઃખ થાય, વિષ અને અમૃત દુઃખ-સુખમાં નિમિત્ત બને, પથ્ય ભોજન અને અપથ્ય ભોજન દુઃખ-સુખમાં નિમિત્ત બને તેમ કર્મ પણ જીવને દુઃખ-સુખમાં નિમિત્ત બને છે.

પ્ર. ૧૩૩ કષાય એટલે શું ? કષાય કોને કહે છે ?

ઉ. ૧૩૩ કષ્ + આય = કષાય. કષ્ એટલે સંસાર અને આય એટલે લાભ. જેનાથી સંસારનો લાભ થાય અર્થાત્ સંસાર વધે તે કષાય. બીજા અર્થ પ્રમાણે કષ્ એટલે પીડાવું. જેનાથી આત્માને પીડા ઉત્પન્ન થાય છે તે કષાય. આત્માને પીડે તે કષાય. જે આત્મા મરવાનો નથી તેવા આત્માને ઘા કરે છે, તે આત્મઘાતીને કષાય કહેવાય. આત્માને નિરંતર દુઃખી કરે તે કષાય. આત્મા અને નિશ્ચેતન ચેતનનો સાંધો એ કષાય છે. જેનાથી ભવભ્રમણ વધે તે કષાય છે. ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય છે.

પ્ર. ૧૩૪ કષાયો કેમ ઊભા થયાં ?

ઉ. ૧૩૪ અજ્ઞાનતાને લઈને ઊભા થયા છે અને અજ્ઞાનતા સંજોગોના દબાણથી ઊભી થઈ છે.

પ્ર. ૧૩૫ કષાયનું બીજ શું છે ?

ઉ. ૧૩૫ રાગ અને દ્વેષ એ કષાયનું બીજ છે.

પ્ર. ૧૩૬ ચારેય ગતિના જીવોમાં કોને કયો કષાય વધારે હોય ?

ઉ. ૧૩૬ ૧. દેવતાઓને લોભ વધારે હોય
૨. નારકીઓને ક્રોધ વધારે હોય.
૩. મનુષ્યને માન વધારે હોય.
૪. તિર્યંચને માયા વધારે હોય.

પ્ર. ૧૩૭ ચારેય કષાયો શેનો શેનો નાશ કરે છે ?

ઉ. ૧૩૭ ૧. ક્રોધ કષાય પ્રીતિનો નાશ કરે છે.
૨. માન કષાય વિનયગુણનો નાશ કરે છે.
૩. માયા કષાય સરળતાનો નાશ કરે છે.
૪. લોભ કષાય સર્વ વસ્તુઓનો નાશ કરે છે.

પ્ર. ૧૩૮ કષાયો કેટલા પ્રકારના છે ? વિગતવાર જણાવો ?

ઉ. ૧૩૮ કષાયો કુલ પચ્ચીસ છે.

૧૬ ક્રોધ, માન, માયા, લોભ.

૯ નો કષાય - હાસ્ય, શોક, ભય, જુગુપ્સા, ગમો, અણગમો, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ

૨૫

૧.	અનંતાનુબંધી ક્રોધ	: પર્વતની ફાટ સમાન ક્યારેય પણ વિલય ન પામે
૨.	અપ્રત્યાખ્યાની ક્રોધ	: પૃથ્વીમાંની રેખા સમાન, મંદ વરસાદથી મટે
૩.	પ્રત્યાખ્યાની ક્રોધ	: રેતીમાં દોરેલી રેખા સમાન પવનથી દૂર થાય
૪.	સંજ્વલન ક્રોધ	: જળમાં દોરેલી રેખા સમાન તરત વિલય પામે
૫.	અનંતાનુંબંધી માન	: પત્થરના થાંભલા જેવો કોઇ રીતે નમે નહીં.
૬.	અપ્રત્યાખ્યાની માન	: હાડકાના થાંભલા જેવો મહાકષ્ટે નમે.
૭.	પ્રત્યાખ્યાની માન	: લાકડાના થાંભલા જેવો, ઉપાયે નમે
૮.	સંજ્વલન માન	: નેતરની સોટી જેવો ઝડપથી નમે
૯.	અનંતાનુબંધી માયા	: વાસના મૂળ જેવી કુટિલતા ટળે જ નહીં
૧૦.	અપ્રત્યાખ્યાની માયા	: ઘેટાના શિંગડાં જેવી, વક્રતા અતિ કષ્ટે વળે.
૧૧.	પ્રત્યાખ્યાની માયા	: બળદના મૂત્રની ધારા સરખી પવનાદિથી દૂર થાય.
૧૨.	સંજ્વલન માયા	: વાંસની છાલ જેવી સહેલાઇથી વળે.
૧૩.	અનંતાનુબંધી લોભ	: કિરમજી રંગ સરખો કદાપિ ન મટે.
૧૪.	અપ્રત્યાખ્યાની લોભ	: ગાડાના પૈડાની મળી (કીટ) જેવો અતિ કષ્ટે દૂર થાય.
૧૫.	પ્રત્યાખ્યાની લોભ	: વસ્ત્ર ઉપર લાગેલા કાજળ જેવો દુઃખે ઊતરે

૧૬. સંજ્વલન લોભ : હળદરના રંગ સરખો, સૂર્ય તાપથી ટળે.

૧૭. હાસ્ય : જેના ઉદયથી હસવું આવે તે

૧૮. રતિ : જેના ઉદયથી મનગમતા પદાર્થો ઉપર રાગ થાય આનંદ થાય, ગમો ઊભો થાય.

૧૯. અરતિ : જેના ઉદયથી અણગમતી વસ્તુઓમાં ખેદ થાય.

૨૦. શોક : જેના ઉદયથી ઇષ્ટ વસ્તુના વિયોગમાં અને અનિષ્ટ વસ્તુના સંયોગમાં અફસોસ થાય.

૨૧. ભય : જેના ઉદયથી ભયવાળા સ્થાનો દેખી ભય ઊભો થાય.

૨૨. જુગુપ્સા : જેના ઉદયથી દુર્ગંધવાળા પદાર્થો કે વસ્તુ કે વ્યકિત જોઇ તિરસ્કાર થાય.

૨૩. પુરુષવેદ : જેના ઉદયથી સ્ત્રી ભોગવવાની ઇચ્છા થાય.

૨૪. સ્ત્રીવેદ : જેના ઉદયથી પુરુષ ભોગવવાની ઇચ્છા થાય.

૨૫. નપુંસકવેદ : જેના ઉદયથી પુરુષ અને સ્ત્રી બન્નેને ભોગવવાની ઇચ્છા થાય.

પ્ર. ૧૩૯ ક્રોધ, માન, માયા, લોભ અર્થાત્ કષાય એ શું છે ?

ઉ. ૧૩૯ ક્રોધ, માન, માયા, લોભ એ આત્માના વ્યતિરેક ગુણો છે. પુદ્ગલ પરમાણુ અને ચેતન (આત્મા) તત્ત્વ બે ના ભેગા થવાથી આ ગુણો ઉત્પન્ન થયા. જો બે ભેગા ના થયા હોત તો આ વ્યતિરેક ગુણો ઉત્પન્ન ના થાત. ક્રોધ અને માનનો હું થયો અને માયા અને લોભનું મારું થયું, તે હું અને મારું ઊભા થઈ ગયા. હવે 'ન્હોય મારું' કહીએ એટલે બેઉ જતા રહે. દરિયો એની જગ્યાએ હતો, સૂર્ય એની જગ્યાએ હતો છતાં વરાળ ઊભી થઈ. વરાળ થવી એ સૂર્યનો ગુણ નથી તો એ દરિયાનો પણ ગુણ નથી એવી રીતે આ કષાય બાબતમાં સમજવાનું છે.

પ્ર. ૧૪૦ આ ક્રોધ, માન, માયા, લોભ એ આપણે સિકવન્સમાં કેમ બોલીએ છીએ ?

ઉ. ૧૪૦ વીતરાગોની આ શોધખોળ છે આ કષાયોને જે જવાનો રસ્તો છે તે પહેલો ક્રોધ જાય છે, પછી માન જાય છે, પછી માયા જાય છે અને લોભ છેલ્લામાં છેલ્લો જાય છે. હવે નિયમ કેવો છે કે જે પહેલાં પેઠેલો હોય તે છેલ્લું જાય. જેમ કે કોઈ વસ્તુ જોઈ તો તે લેવાનું મન થયું એટલે લોભ ઊભો થયો. લોભની સાથે માયા (કપટ) હોય જ પછી તે વસ્તુ બીજાને બતાવવાની ઈચ્છા થઈ તે માન થયું. હવે કોઈ એ વસ્તુ લઈ લે તો ક્રોધ ઊભો થાય. એટલે જે રીતે પેસે છે તેવી રીતે પછી નીકળે છે માટે સિકવન્સ છે. ક્રોધ છેલ્લો પેઠો એટલે તે પહેલો નીકળે છે.

પ્ર. ૧૪૧ કષાયની મંદતા ક્યારે થાય ?

ઉ. ૧૪૧ પરિગ્રહ ઘણો ખરો ખલાસ થઈ ગયો હોય ત્યારે કષાયની મંદતા થાય.

પ્ર. ૧૪૨ કષાય શેનાથી જિતાય ?

ઉ. ૧૪૨ કષાય સમતાથી જિતાય.

પ્ર. ૧૪૩ કષાય શું નુકશાન કરે છે ?

ઉ. ૧૪૩ કષાય આત્મશક્તિનું વિટામિન હણે છે.

પ્ર. ૧૪૪ મંદ કષાયો કોને કહેવાય ?

ઉ. ૧૪૪ મંદ કષાયોથી પોતાને દુઃખ થાય અને બીજાને દુઃખ ના થાય તે મંદ ભાવે છે અને જે કષાયોથી બીજાને દુઃખ થાય તો તે વિશેષ ભાવે છે. કષાય ઉત્પન્ન થાય એ પોતાને ખબર પડે પણ બીજાને કોઈને ખબર પડવા ના દે, કષાયને વાળી દેવાય એવી દશાને મંદ કષાય કહેવાય.

પ્ર. ૧૪૫ ક્રોધ એટલે શું ? ક્રોધ કોને કહેવાય ?

ઉ. ૧૪૫ ક્રોધ એ લોભ અને માનનો રક્ષક છે. ક્રોધ એટલે પોતાની એસેટ સળગાવવી અને સામાની લાયાબિલિટી ઊભી કરવી. આવો ધંધો તો મૂર્ખા જ કરે. ક્રોધ એ પુદ્ગલ અને આત્માની તન્મયાકાર વસ્તુ છે. તાંતો અને હિંસકભાવ આ બે હોય તો એ ક્રોધ કહેવાય. શરીરની ઉગ્રતા અને આત્માની તેમાં તન્મયાકારતા તે ક્રોધ. ક્રોધથી સ્પાર્ક થાય છે. ઉગ્ર અવસ્થામાં આત્મા તન્મયાકાર થાય ત્યારે ક્રોધ કહેવાય. ક્રોધ એ ઉગ્ર

પરમાણુઓ છે. કોઠીની મહીં દારૂ ભરેલો હોય તે ફુટે ત્યારે ઝાળ લાગે અને તણખા ઝરે અને મહીં બધો દારૂ પૂરો થઈ જાય એટલે એની મેળે કોઠી શાંત થઈ જાય તેવું જ ક્રોધનું છે. ક્રોધમાં તાંતો રહે તે જ ક્રોધ કહેવાય છે. ક્રોધના બે ભાગ એક કંઢાપા રૂપે અને બીજો અજંપા રૂપે. ક્રોધની પોતાને અને બીજાને બંનેને અસર થાય તે કંઢાપા રૂપે કહેવાય અને અજંપારૂપે જે ક્રોધ છે તે પોતે અંદર એકલો જ બળ્યા કરે. જે લોકો ક્રોધને જીતવા જાય છે તે કંઢાપારૂપે જીતે છે એ દ્રશ્ય ક્રોધને જીત્યો કહેવાય, પણ ખરી રીતે સંપૂર્ણ રીતે નથી જિતાતો. ક્રોધ એ સામાના દોષ જોવાનું પરિણામ છે. મન સુધરે તો ક્રોધ ના થાય. ક્રોધ એ ચાર્જ છે.

પ્ર. ૧૪૬ ક્રોધ એટલે શું ? ક્રોધના દસ નામ કયા કયા ?

ઉ. ૧૪૬ શ્રી ભગવતી સૂત્ર શતક ૧૨ ના ઉદેશા ૫નો અધિકાર જણાવે છે કે ક્રોધના પરિણામ ઉત્પન્ન કરવાવાળા કર્મને ક્રોધ કહે છે. ક્રોધના દસ નામ નીચે મુજબ છે.

૧. ક્રોધ : ક્રોધનું સામાન્ય નામ છે.

૨. કોપ : ક્રોધનું વિશેષ નામ. ક્રોધનો ઉદય થવાથી પોતાના સ્વભાવથી ચલિત થવું.

૩. રોષ : ક્રોધનો અનુબંધ, ક્રોધની પરંપરા.

૪. દ્વેષ : પોતે પોતાને તથા બીજાને દોષ દે છે તે દોષ, અથવા અપ્રીતિ માત્ર તેને દ્વેષ કહેવાય.

૫. અક્ષમા : બીજાના અપરાધને સહન ન કરવો.

૬. સંજ્વલન : ક્રોધથી વારંવાર બળતા રહેવું.

૭. કલહ : જોરજોરથી શબ્દ કરતાં કરતાં પરસ્પર અનુચિત બોલવું.

૮. ચાંડિક્ય : રુદ્રરૂપ ધારણ કરવું.

૯. ભંડણ : લાકડી આદિથી લડવું.

૧૦. વિવાદ : પરસ્પર એકબીજા માટે આક્ષેપ જનક શબ્દ કહેવા.

પ્ર. ૧૪૭ ક્રોધનો ખોરાક શું ?

ઉ. ૧૪૭ ક્રોધનો બચાવ એ જ ક્રોધનો ખોરાક છે. કોઈના ઉપર આપણે ક્રોધ કર્યો હોય અને થોડીવાર પછી આપણને કોઈ સમજાવે કે, તમે ખોટો ક્રોધ કર્યો ત્યારે જો આપણે બચાવ કરીએ કે તમે શું જાણો એના ઉપર તો ક્રોધ કરવા

જેવો જ છે. આમ બોલ્યા એ ક્રોધને ખોરાક આપ્યા બરોબર છે. ક્રોધનું રક્ષણ કરવું કે તેનો બચાવ કરવો તે જ ક્રોધનો ખોરાક છે. ક્રોધ કર્યો તેનું ઉપરાણું લેવું તે જ ક્રોધનો ખોરાક છે.

પ્ર. ૧૪૮ તાંતો કોને કહેવાય ?

ઉ. ૧૪૮ પોતાનું માનેલું અને સમજેલું તેને મારી ઠોકીને સાચું કરાવડાવવું તેનું નામ તાંતો. એક માણસ આપણને ચાર ગાળો આપી ગયો હોય તે પછી એ માણસ બે મહિને ભેગો થાય ત્યારે તે ગાળો ભાંડેલી યાદ આવે તો તેને તાંતો કહેવાય. આ માણસે મને ચાર ગાળો બે મહિના ઉપર આપેલી તે યાદ આવવાનું જ્ઞાન તે જ તાંતો કહેવાય છે. રાત્રે પતિ-પત્નીને કંઈક બોલાચાલી કે ઝઘડો થયો હોય અને સવારે પછી ચાનો પ્યાલો ટેબલ ઉપર જરા પછાડીને પત્ની મૂકે એ તાંતો કહેવાય.

પ્ર. ૧૪૯ ક્રોધ અને ગુસ્સો એ બે માં શું ફેર ?

ઉ. ૧૪૯ ક્રોધ એ ચાર્જ છે જેમાં હિંસકભાવ અને તાંતો બે હોય તે ક્રોધ કહેવાય છે. જેમાં હિંસકભાવ હોય પણ તાંતો ના હોય તો તે ગુસ્સો કહેવાય. ગુસ્સો ડિસ્ચાર્જ છે. આ પુદ્ગલ ગરમ થાય, બીજા સાધનો, બીજા સંજોગો મળ્યા એટલે પુદ્ગલ ગરમ થાય એ ગુસ્સો કહેવાય. ગુસ્સો એ પૌદ્ગલિક વસ્તુ છે. જ્યારે ક્રોધ એ પુદ્ગલ અને આત્માની તનમ્યાકાર વસ્તુ છે.

પ્ર. ૧૫૦ ગુસ્સો કોને વધારે આવે ?

ઉ. ૧૫૦ જેની બુદ્ધિની તીવ્રતા વધી છે તેને ગુસ્સો વધારે આવે.

પ્ર. ૧૫૧ ગુસ્સો શાથી આવે છે ?

ઉ. ૧૫૧ કંદમૂળ ખાવાથી આવરણ આવે છે તેથી અજ્ઞાન વધે અને તેથી સામાની વાત સમજણ ન પડવાથી ગુસ્સો થાય.

પ્ર. ૧૫૨ ક્રોધ ના થાય તેનો રસ્તો શું ?

ઉ. ૧૫૨ ક્રોધને બંધ કરવાનો ઉપાય કરવો એ મૂર્ખતા છે. ક્રોધ એ પરિણામ છે. મનને સુધાર સુધાર કરે તો ક્રોધ ના થાય અને ક્રોધને ખોરાક ના આપે એટલે કે ક્રોધનું રક્ષણ ના કરે, તેનું ઉપરાણું ન લે અને લાગલગાટ ત્રણ વર્ષ સુધી જો ક્રોધને ખોરાક ના આપો તો ક્રોધ બંધ થઈ જાય અથવા તો પહેલાં લિસ્ટ બનાવો કે કેટલા માણસો જોડે આ ક્રોધ આવે છે. હવે તે તે

માણસો માટે ગ્રંથિ બંધાયેલી છે એટલે જેના ઉપર ક્રોધ આવતો હોય એના માટે મન બગડવા ના દેવું જોઈએ. આપણે મનને સુધારવું કે પ્રારબ્ધને હિસાબે આ માણસ આવું કરે છે એ મારા જ કર્મનો ઉદય છે. એ રીતે મન સુધાર સુધાર કરવું. થોડો વખત ઈફેક્ટ આવશે પછી બંધ થઈ જશે. બીજાના દોષ જોઈએ છીએ એટલે ક્રોધ આવે છે. આપણે બીજાનાં દોષ જોવાનું બંધ કરી દેવું એટલે ક્રોધ બંધ થઈ જાય. ગુસ્સે થવું, ગરમ થઈ જવું એટલે ગધેડા થઈ જવું. મનુષ્યપણામાં ગધેડો થયો પણ પોતાના હાથમાં સત્તા નહીં પછી શું થાય ? ગરમ થઈ જવું એ નિર્બળતા કહેવાય, અબળા કહેવાય. ક્રોધ એ અહંકાર છે. આવી સમજણથી ક્રોધ જાય એને દબાવવાનો નથી. મનને સુધારવા જૂની કહેવત મુજબ ''અન્ન એવું મન'' તે પ્રમાણે તામસી પદાર્થો તથા કંદમૂળ ખાવાનાં બંધ કરી દેવાં અથવા ઓછા કરી દેવાં અને જમતાં પહેલાં અવશ્ય વિધિ કરીને પછી જમવું. વિધિ કરવાથી તે ભોજનનું પ્રસાદમાં રૂપાંતર થાય છે. આવા પ્રસાદનું ભોજન કરવાથી મન સારું રહે છે.

પ્ર. ૧૫૩ પ્રતાપ નામનો ગુણ ક્યારે ઉત્પન્ન થાય છે ?

ઉ. ૧૫૩ ક્રોધ બંધ થઈ જાય ત્યારે પ્રતાપ નામનો ગુણ ઉત્પન્ન થાય છે.

પ્ર. ૧૫૪ ક્રોધની સામે દવા શું છે ?

ઉ. ૧૫૪ ક્રોધથી કરેલું તે ક્ષમાથી નિવારાય. ક્ષમા નામનો ગુણ પ્રગટાવવાથી ક્રોધ નહીં થાય.

પ્ર. ૧૫૫ લોભ એટલે શું ?

ઉ. ૧૫૫ સરપ્લસ છે અને બીજું બધું ભેગું કરવું તેનું નામ લોભ. પોતાની જરૂરિયાત કરતાં વધારાનું ભેગું કરવું તેનું નામ લોભ. લોભ એ તો મોટામાં મોટું રૌદ્રધ્યાન છે. ભેળું કરવાની ભાવના થાય એ જ લોભ કહેવાય. આપણી પાસે હોવા છતાં બીજાનું પડાવી લેવું એનું નામ લોભ કહેવાય. ખાવા પીવાની આપણી લિમિટ છે, એ બધું હોવા છતાં આગળનું વિચારવું એનું નામ લોભ કહેવાય. બીજાનું લૂંટી લેવાનો વિચાર કર્યો તે લોભ. પરમાણુંનો આકર્ષણનો ગુણ છે તેમાં આત્મા ભળે તો તે લોભ કહેવાય. જે વસ્તુ પ્રિય થઈ પડી હોય તેના તાનમાં ને તાનમાં રહેવું તેનું નામ લોભ. લોકોનો કવોટા ખાઈ જવો એનું નામ લોભ કહેવાય. બીજાના કવોટા ઉપર તરાપ મારવી તેનું નામ લોભ. લોભની વૃત્તિ તો શાંતિથી ખાવાય ના દે.

લોભમાંથી જ કપટ ઊભું થાય. છળકપટ અને લુચ્ચાઇ આ બંને લોભમાંથી જ ઊભાં થાય છે. આ તો દરેક જીવ પોત પોતાનો કવોટા લઈને જ આવ્યો છે છતાં લોભ કરે છે.

પ્ર. ૧૫૬ લોભના સોળ નામ કયા કયા તે જણાવો ?

ઉ. ૧૫૬ શ્રી ભગવતી સૂત્ર શતક ૧૨ ના ઉદેશા ૫ ના અધિકાર મુજબ લોભનો બંધ કરવાવાળા કર્મને લોભ કહે છે. લોભના સોળ નામ નીચે મુજબ છે.

૧. લોભ : લોભનું સામાન્ય નામ
૨. ઇચ્છા : અભિલાષા
૩. મૂર્છા : જે વસ્તુ પ્રાપ્ત થઇ ગઇ છે એની રક્ષા કરવાની નિરંતર અભિલાષા
૪. કાંક્ષા : જે વસ્તુ પ્રાપ્ત થઇ નથી, તેને પ્રાપ્ત કરવાની ઇચ્છા કરવી.
૫. ગૃદ્ધિ : પ્રાપ્ત વસ્તુમાં આસક્તિ ભાવ.
૬. તૃષ્ણા : અતૃપ્તિ અર્થાત્ અધિકાધિક વસ્તુઓને પ્રાપ્ત કરવાની ઇચ્છા તથા પ્રાપ્ત વસ્તુ કદી નાશ ન થાય એવી ઇચ્છા રાખવી.
૭. ભિધ્યા : વિષયોનું ધ્યાન રાખવું, વિષયોમાં એકાગ્રતા.
૮. અભિધ્યા : અદૃઢ આગ્રહ અર્થાત્ ચલાયમાન ચિત્તની સ્થિતિ, પોતાના નિશ્ચયથી ડગી જવું.
૯. આશંસના : પોતાની ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિની ઇચ્છા કરવી.
૧૦. પ્રાર્થના : બીજાને માટે ઇષ્ટ વસ્તુની માંગણી કરવી.
૧૧. લાલપનતા : પોતાની ઇષ્ટ વસ્તુને મેળવવા માટે બીજાની ખુશામત કરવી, ચાપલુસી કરવી.
૧૨. કામાશા : ઇષ્ટ રૂપ અને શબ્દની પ્રાપ્તિની ઇચ્છા કરવી.
૧૩. ભોગાના : ઇષ્ટ ગંધ આદિની પ્રાપ્તિની ઇચ્છા કરવી.
૧૪. જીવિતાશા : જીવવાની અભિલાષા કરવી.
૧૫. મરણાશા : વિપતિના સમયમાં મરવાની અભિલાષા કરવી.
૧૬. નંદિરાગ : પોતાની પાસે રહેલી ઋદ્ધિ પર રાગ કરવો.

પ્ર. ૧૫૭ લોભનું રૂટ કોઝ શું ?

ઉ. ૧૫૭ લોભનું રૂટ કોઝ અહંકાર છે અને અહંકારનું રૂટ કોઝ અજ્ઞાનતા છે.

પ્ર. ૧૫૮ લોભથી આયુષ્ય વધે છે તે વાત સાચી છે ?

ઉ. ૧૫૮ હા, લોભી માણસ વિષયી ઓછો હોય એને તો આખો દિવસ પૈસાની જ પડેલી હોય. પૈસાની વાત આવી કે કાન તૈયાર, માટે તેના શ્વાસોચ્છ્વાસ ઓછા વપરાય. લોભી ક્રોધ નથી કરતો અને તેથી તેમાં પણ શ્વાસોચ્છ્વાસ ઓછા વપરાય એટલે લોભથી આયુષ્ય વધે છે. તે આ દૃષ્ટિએ સાચી વાત છે કારણકે મનુષ્યનું આયુષ્ય શ્વાસોચ્છ્વાસ ઉપર આધારિત છે. જેટલા શ્વાસોચ્છ્વાસ ઓછા વાપરો તેટલું આયુષ્ય લંબાય છે.

પ્ર. ૧૫૯ લોભની ગાંઠ કેવી રીતે ઊભી થાય છે ?

ઉ. ૧૫૯ બીજાનું જોઈને, કોઈનું જુએ એટલે એમ માન્યું કે આ પૈસો સંઘરી રાખીશ તો મને સુખ મળશે અને પછી દુઃખ આવશે નહીં, પણ એ સંઘરી રાખવાનું કરતાં કરતાં લોભિયો એવો થઇ જાય કે પછી આદત પડી જાય. ભેગું કરેલું ક્યારેક કામ લાગશે અને વારે ઘડીએ ઉછીના ખોળવાની જરૂર ના પડે એવું બધું માને એટલે લોભની ગાંઠ વધે. લોભ બહુ હોય એટલે ભેગું કર કર કર્યા કરે.

પ્ર. ૧૬૦ લોભની ગાંઠ ક્યારે છૂટે ?

ઉ. ૧૬૦ ધંધામાં જબર-જસ્ત ખોટ આવે ત્યારે અથવા જ્ઞાની પુરુષના કહ્યાં પ્રમાણે કરે તો ગાંઠ છૂટે.

પ્ર. ૧૬૧ લોભની ગાંઠ તોડવા શું કરવું ?

ઉ. ૧૬૧ લોભની ગાંઠ તોડવા જ્ઞાની પુરુષની તન, મન, ધનથી સેવા કરવી. ભક્તિ કરવી.

પ્ર. ૧૬૨ લોભ કેવો કષાય છે ?

ઉ. ૧૬૨ લોભ ઘણા અવતારો સુધી જોડે રહે છે. લોભી હોય ને તે દરેક અવતારમાં લોભી થાય. આ લોભ કષાય સૌથી છેલ્લો જાય છે. લોભ છેક દસમા ગુણસ્થાનકે જાય છે.

પ્ર. ૧૬૩ લોભ અને કરકસર એ બેમાં શો ફેર ?

ઉ. ૧૬૩ લોભ એટલે આપણું ચિત્ત ત્યાંને ત્યાં જ રહ્યાં કરે. આપણી મૂડીમાં જ ચિત્ત રહે, ઓછી ના થાય ઓછી ના થાય એવું રહ્યાં કરે એનું નામ લોભ. માર્કેટમાં જાય તો પાંચ મિનિટ વધારે થાય તો ભલે પણ બહુ પૈસા ના જતા રહે એવી રીતે પણ સારું શાક લે એનું નામ કરકસર કહેવાય. સારું શાક

લેવું અને વધુ ખર્ચ ના થાય એનું નામ કરકસર. જ્યારે સસ્તી ઢગલીઓ ક્યાં મળે છે એમાં જાગૃતિ રહે અને સડેલું શાક લેવું એ લોભ કહેવાય. ઢગલીઓવાળું શાક લેવું એ લોભ કહેવાય.

પ્ર. ૧૬૪ ક્રોધ, માન, માયા, લોભનો ખોરાક શું ?

ઉ. ૧૬૪ આચાર્ય મહારાજ શિષ્યને ટૈડકાવે તે વખતે કોઇ કહે કે મહારાજ સાહેબ શું કામ ટૈડકાવો છો ત્યારે મહારાજ કહે તેને તો ટૈડકાવવા જેવો જ છે. આવું બોલ્યા તે ક્રોધનો ખોરાક છે. કરેલા ક્રોધનું રક્ષણ કરે તેજ તેનો ખોરાક. ચંદુલાલ સામા મળે અને આપણે કહીએ,: ''આવો ચંદુલાલ'' ત્યારે ચંદુલાલની છાતી પહોળી થઇ જાય, અકકડ થાય ને ખુશ થાય તે માનનો ખોરાક. રોજ કાળાબજાર કરતો હોય પણ કપટની વાત નીકળે ત્યારે મૂંઓ બોલી ઊઠે કે આવાં કાળાબજાર ન કરીએ આમ ઉપરથી શાહુકારી બતાવે તે જ માયાનો ખોરાક. કોક ઝીણા સ્વભાવનો તમને ચાની પડીકી લાવવા કહે અને તમે ૩૦ પૈસાની લાવો તો તે કહે આટલી મોંઘી તે લવાતી હશે ? આવું બોલ્યો તે લોભ પોષાય. અને કોક ૮૦ પૈસાની ચાની પડીકી લાવ્યો તો સામો માણસ કહે કે આ સારી છે તે ત્યાંય પણ લાફાપણાનો લોભ પોષાય, આ લોભનો ખોરાક. ટૂંકમાં ક્રોધ, માન, માયા, લોભનું રક્ષણ કરવું તે તેનો ખોરાક છે.

પ્ર. ૧૬૫ ક્રોધ, માન, માયા, લોભ ક્યારે મડદાલ થઇ જાય ?

ઉ. ૧૬૫ માત્ર ત્રણ જ વર્ષ ક્રોધ, માન, માયા, લોભને ખોરાક ન આપીએ તો બધાં મડદાલ થઇ જશે અને ભાગી જશે.

પ્ર. ૧૬૬ ક્રોધ, માન, માયા, લોભ પાસેથી કેવી રીતે કામ લેવું ?

ઉ. ૧૬૬ જ્યારે સામાવાળા નંગોડો હોય તેને જાણવા ના દેવું કે તમે જ્ઞાની છો, નહીં તો તેઓ સમજશે કે આ ક્ષમતાવાળાં છે એટલે કચર કચર કરશે. આપણે તો નંગોડોને ટૈડકાવવા. મૂવા નંગોડો એમ બોલવું અને આપણે પેલા ક્રોધને જેલમાં ઘાલેલો છે તેને બહાર કાઢીને કહીએ કે આ મૂવા નંગોડોને સીધા કરો. જબ્બર ક્રોધ બતાવીને ક્રોધની પાસે નંગોડોને કાઢી મુકાવવા. પછી આપણે તે ક્રોધને પાછો જેલમાં ઘાલી દેવો. મૂવા તે ક્રોધ, માન, માયા, લોભ એ આપણું મફતનું ખાય છે અને આપણું કામ કરતા નથી અને બગાડો કરે છે. એટલે જ્ઞાને કરીને તેને આપણે જેલમાં ઘાલી દીધા છે તે

જરૂર પડે તેમને બહાર કાઢીને તેમની પાસે કામ કઢાવી લેવું પછી પાછા તેમને જેલમાં ધકેલી દેવા, જરૂર પડયે બહાર કાઢવા. ભસો પણ કરડો નહીં. ભસવામાં કંઇ હિંસા થતી નથી.

પ્ર. ૧૬૭ હિન્દુસ્તાન અને અમેરિકાના કષાયો કેટલા ડેવલપ થયા છે ?

ઉ. ૧૬૭ ફોરેનમાં પાંચ વર્ષનાં ક્રોધ, માન, માયા, લોભ હોય તો હિન્દુસ્તાનમાં પાસઠ વર્ષનાં થયાં છે.

પ્ર. ૧૬૮ અનંતાનુબંધી કષાયનો જઘન્ય ઉદય કેટલા કાળનો ?

ઉ. ૧૬૮ યોગ શાસ્ત્રમાં શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે કહ્યું છે અનંતાનુબંધી કષાયનો જઘન્ય ઉદય અંતમુહૂર્તનો છે.

પ્ર. ૧૬૯ કરુણા એટલે શું ? કરુણા કોને કહેવાય ?

ઉ. ૧૬૯ અહંકાર સિવાયની દયા એનું નામ કરુણા. કરુણા એટલે જીવમાત્ર ઉપર એક જ ભાવ. મરઘું કાપનાર અને મરઘા ઉપર એક જ ભાવ અને કોઇનોય દોષ ના દેખાય તે કરુણા. પોતાના સુખનું નહીં પણ સામાને શી અડચણ છે તે જ રહ્યાં કરે ત્યાંથી કરુણાની શરૂઆત થાય. પોતાના માટે વિચારેય ના આવે અને સામાની અડચણ કેમ દૂર થાય તેની પડેલી હોય એ કરુણા કહેવાય. સત્તાનો સદ્ઉપયોગ એનું નામ કરુણા. કોઇ જીવને કોઇપણ કામમાં લેવાની ઇચ્છા ના થાય ત્યારથી જ કરુણા ઉત્પન્ન થાય. કોઇ ગમે તેવું બોલે એને મનમાં જમે નહીં રાખવાનું, લેટ ગો કરીને ચાલવા દેવું આનું નામ કરુણા કહેવાય. સામાની મૂર્ખાઇ પર પ્રેમ રાખવો તેને કરુણા કહેવાય. નિર્દયતા અને દયા બંને ના હોય ત્યારે કરુણા કહેવાય. કરુણા એ પ્રજ્ઞા શક્તિના જ ભાવ છે. કરુણા એ અહંકાર રહિતનો ભાવ છે. કરુણા એ સહજ વસ્તુ છે. કરુણા એટલે તો બીજાનામાં ડખલ નહીં કરવી. કુદરતી નિર્માણમાં હાથ ન ઘાલવો તે કરુણા. કરુણા એ દ્વન્દ્વ ગુણ નથી, કરુણા તો સામુદાયિક ભાવ છે. ઉત્કૃષ્ટ પ્રકારનો પ્રેમ એ જ કરુણા.

પ્ર. ૧૭૦ ક્ષમા એટલે શું ?

ઉ. ૧૭૦ ક્ષમા એ કોઇ વસ્તુ જ નથી. ક્ષમા એટલે તો ક્રોધનો અભાવ. જે જગ્યાએ ક્રોધ થવો જોઇએ ત્યાં ના થાય એનું નામ ક્ષમા. ક્રોધ ના આવ્યો એનું નામ ક્ષમા કહેવાય. ક્રોધ ગેરહાજર રહ્યો એનું નામ ક્ષમા. ક્રોધ કરવાની

જગ્યાએ ક્રોધ ગેરહાજર રહ્યો એનું નામ ક્ષમા. આપણે સળી કરીએ અને એને ક્રોધ ના આવ્યો એનું નામ ક્ષમા છે. ક્રોધ છે તો ક્ષમા નથી અને ક્ષમા છે તો ક્રોધ નથી. ક્ષમા એ આત્માનો ગુણ નથી.

પ્ર. ૧૭૧ દયા અને કરુણાનો તફાવત શો ?

ઉ. ૧૭૧ દયા એ દ્વન્દ્વ ગુણ છે. દ્વન્દ્વ ગુણ એટલે એક હોય તો બીજું હોય જ. બીજો સામાવળિયો ગુણ હોય જ, જેમ ઉત્તર છે તો દક્ષિણ હોવું જ જોઇએ. પૂર્વ છે તો પશ્ચિમ હોવું જ જોઇએ. આ નફો છે તો ખોટ હોવી જ જોઇએ. એવું દયા હોય ત્યાં નિર્દયતા હોય જ. દયા ૯૮ ટકા કોઇનામા વધી ગઇ હોય તો ૨ ટકા નિર્દયતા હોય. જ્યારે કરુણા આવે ત્યારે આ બેઉ ના હોય. કરુણા એ દ્વન્દ્વ ગુણ નથી. કારુણ્ય તો બધે સરખું. કરુણા એટલે આ શેનું ફળ ભોગવી રહ્યો છે, એ બધું જ્ઞાનથી દેખાય અને આ કેમ કરીને છૂટે એને કરુણા કહેવાય. કરુણા સામુદાયિક ભાવ છે, પ્રેમભાવ છે.

પ્ર. ૧૭૨ કેવળજ્ઞાન એટલે શું ? કેવળજ્ઞાન કોને કહેવાય ?

ઉ. ૧૭૨ પોતે પોતાની આખા બ્રહ્માંડને પ્રકાશવાની જે સ્વસંવેદન શક્તિ છે તેને કેવળજ્ઞાન કહેવાય છે. શુદ્ધ ઉપયોગની ઉપરેય ઉપયોગ રાખે કે શુદ્ધ ઉપયોગ કેવો વર્તે છે એ કેવળજ્ઞાન કહેવાય. કેવળ આત્મ પ્રવર્તન એનું નામ કેવળજ્ઞાન. જ્ઞાન-ક્રિયા, દર્શનક્રિયા સિવાય અન્ય કોઇ પ્રવર્તન નહીં તેનું નામ કેવળજ્ઞાન. નિરંતર નિજ પરિણતિ, પુદ્ગલ પરિણતિ જ નહીં એનું નામ કેવળજ્ઞાન. અનંત જાતના અનંત પર્યાયોમાં પોતાના જ્ઞાન સિવાય અન્ય કંઇ જ નથી તે કેવળજ્ઞાન. નિજ પરિણતિ સંપૂર્ણ થાય એને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. સંપૂર્ણ જાગૃતિ એનું નામ કેવળજ્ઞાન. ઉપયોગમાં ઉપયોગ વર્તે એ કેવળજ્ઞાન. કેવળજ્ઞાન એટલે અકર્તા દ્રવ્ય. સંસારના બધા જ પર્યાયોને AT A TIME જોવા અને જાણવા તેનું નામ કેવળજ્ઞાન. ભૂતકાળના અને ભવિષ્યકાળના બધા જ પર્યાયો જ્ઞાનથી તેમજ સમજથી પણ જાણે તે કેવળજ્ઞાન. કેવળજ્ઞાન એટલે ''હું શુદ્ધાત્મા છું.'' સિવાયનું બીજું કાંઇ જ નહીં તેવું જ્ઞાનમાં આવે, વર્તનમાં આવે અને શ્રદ્ધામાં આવે તે કેવળજ્ઞાન. મતિજ્ઞાનના ટોપ ઉપરના જ્ઞાનને કેવળજ્ઞાન કહે છે. ઉપયોગ તે ઉપયોગમાં રહે તે કેવળજ્ઞાન. હું કરતો નથી એ કેવળદર્શન છે અને તે અનુભવમાં આવવું તે કેવળજ્ઞાન. આખા બ્રહ્માંડનાં

જ્ઞેયોને જોવા જાણવાની શક્તિ પ્રાપ્ત થાય તેજ કેવળજ્ઞાન. જેણે સંપૂર્ણ તત્ત્વો અને અતત્ત્વોને જોયાં છે, જાણ્યાં છે તે કેવળજ્ઞાન. સર્વજ્ઞપદ તે કેવળજ્ઞાન. સર્વ દોષોનો લય એનું નામ કેવળજ્ઞાન. જે આત્માને જોઇ શકે એને કેવળજ્ઞાન કહેવાય છે. કેવળજ્ઞાન એટલે જ્ઞાન સિવાય બીજા કોઇ ભાવ નહીં, જ્ઞાયક ભાવ સિવાય બીજો કોઇ ભાવ નહીં, એનું નામ કેવળજ્ઞાન. આ જગતમાં જે કંઇપણ કરવામાં આવે છે તે જગતને પોષાય યા ન પણ પોષાય છતાં હું કંઇ જ કરતો નથી એવી સમજ નિરંતર રહેવી તે કેવળજ્ઞાન છે. બુદ્ધિ મતિનો જયાં અંત થાય ત્યાં કેવળજ્ઞાન થાય. રીલેટિવ વ્યૂ પોઇન્ટ અને રિયલ વ્યૂ પોઇન્ટ એ બંને ભાવમાં નિરંતર રહે તે કેવળજ્ઞાન. આત્મા સંપૂર્ણ જાણવો એનું નામ કેવળજ્ઞાન. પૂર્ણ સમજ એ કેવળદર્શન કહેવાય અને વર્તનમાં આવે તે કેવળજ્ઞાન. સંસારનાં વિચાર પેસી ગયા છે એ પાછા કાઢી નાખે એટલે કેવળજ્ઞાન. જેટલું લીધું એટલું પાછું દીધું તો કેવળજ્ઞાન. બધા જ જ્ઞેય અને જ્ઞેયના બધા જ પર્યાયો દેખાય એ જ કેવળજ્ઞાન. આત્મા માટે સંપૂર્ણ નિઃશંક થયો એ જ કેવળજ્ઞાન. કેવળજ્ઞાન એટલે નિરંતર વર્તમાનમાં જ વર્ત્યા કરે તે. ઉપયોગ વગર ના જવા દેવું એનું નામ કેવળજ્ઞાન. લોકાલોકની અંદર રહેલા તમામ રૂપી અને અરૂપી સર્વ દ્રવ્યોને તથા તેના અતીત, અનાગત અને વર્તમાનકાળના સર્વ પર્યાયોને એક સાથે એક સમયે જાણે તેને કેવળજ્ઞાન કહીએ. જે સ્વતંત્રતાથી કેવળ આત્મશક્તિ દ્વારા ત્રિકાળવર્તી સમસ્ત પર્યાયો સહિત સમસ્ત દ્રવ્યોને સર્વ પ્રત્યક્ષ જાણે તેને કેવળજ્ઞાન કહે છે. શુક્લ ધ્યાનના પ્રભાવથી સર્વ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી અનંતજ્ઞાનનો પ્રકાશ થવો તે કેવળજ્ઞાન છે.

પ્ર. ૧૭૩ કેવળજ્ઞાનની માં કોણ ?

ઉ. ૧૭૩ કેવળદર્શન તે કેવળજ્ઞાનની માં છે. કેવળદર્શન છે તો કેવળજ્ઞાન આવશે જ.

પ્ર. ૧૭૪ કેવળજ્ઞાન ક્યારે ઉત્પન્ન થાય ?

ઉ. ૧૭૪ અવસ્થા માત્ર કુદરતી રચના છે તેવું જયારે ફિલ (Feel) થશે ત્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થશે. શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાન સો ટકા થાય ત્યારે કેવળજ્ઞાન થાય. સર્વ પર દ્રવ્યમાં એક સમય પણ ઉપયોગ સંગ ન પામે એવી દશાને જીવ ભજે ત્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. કેવળજ્ઞાન અવસ્થા

જ્ઞાયિક ભાવ છે. કેવળજ્ઞાન તો જ્ઞાનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થાય તો જ ઉત્પન્ન થાય છે. ''સઘળું કર્તા સ્વ નહીં કર્તા સૂત્ર પામે જે જન'' એટલું જ જો સમજાય તો કેવળજ્ઞાન પ્રગટ થાય એવું છે. યથાખ્યાત ચારિત્ર પુરું થાય પછી કેવળજ્ઞાન થાય. ઉપયોગ સંપૂર્ણ શુદ્ધ થાય ત્યારે કેવળજ્ઞાન થાય. સંસારનું કોઇપણ પરમાણુ ના હોય એવો પ્યોર ઇગોઇઝમ થાય એટલે કેવળજ્ઞાન થાય. જયારે પોતે સંપૂર્ણ દોષ રહિત થશે અને જે સમયે આખું જગત સંપૂર્ણ નિર્દોષ દેખાશે તે સમયે આપોઆપ જ પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થશે. આરંભ પરિગ્રહ જાય ત્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. હું ચંદુલાલ છું એ આરંભ અને આ મારું છે એ પરિગ્રહ આ બંને જાય ત્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય.

પ્ર. ૧૭૫ કેવળજ્ઞાન કેવી રીતે ઊપજે ?

ઉ. ૧૭૫ જેટલા અંશે મન, વાણી અને કાયાને છૂટાં ભાળ્યાં (જોયાં) તેટલા અંશે કેવળજ્ઞાન ઊપજે. મન, વચન, કાયાની ક્રિયાને ખસેડવાની કે ફેરવવાની જરૂર નથી, તેને માત્ર જોવાની જ છે. શું બને છે એ જોયા કરવું એ જ્ઞાનીઓનો અંતિમ દશાનો સંયમ છે.

પ્ર. ૧૭૬ કેવળજ્ઞાનની શરૂઆત શું છે ?

ઉ. ૧૭૬ સમ્યક્ સમજ એ કેવળજ્ઞાનની બિગિનિંગ (શરૂઆત) છે.

પ્ર. ૧૭૭ કેવળજ્ઞાન સ્વરૂપ કેવું દેખાય ?

ઉ. ૧૭૭ કેવળજ્ઞાન એટલે એબ્સોલ્યૂટ જ્ઞાન સ્વરૂપ છે. કેવળજ્ઞાન આકાશ જેવું. આકાશ જેવો સ્વભાવ છે, અરૂપી છે. આત્મા આકાશ જેવો સૂક્ષ્મ છે. એટલે આખા દેહમાં આકાશ જેટલો જ ભાગ પોતાનો દેખાય. આકાશ જ ખાલી દેખાય. બીજું કશું દેખાય નહીં. કોઇ મૂર્ત વસ્તુ એમાં ના હોય.

પ્ર. ૧૭૮ કેવળજ્ઞાન ક્યાં ઊભું છે ?

ઉ. ૧૭૮ જયાં બુદ્ધિ અંતને પામે, મતિજ્ઞાન અંત ને પામે ત્યાં કેવળજ્ઞાન ઊભું છે. એ પ્રકાશ કેવળજ્ઞાનથી જ ઉત્પન્ન થયેલો પ્રકાશ છે.

પ્ર. ૧૭૯ કેવળજ્ઞાનની છેલ્લી નિશાની શું ?

ઉ. ૧૭૯ કેવળજ્ઞાનની છેલ્લી નિશાની એ જ છે કે પોતાની જ પ્રકૃતિને જો જો કરે.

અને અન્ય વસ્તુના માત્ર જ્ઞાતા દ્રષ્ટા. દરરોજ પાંચ હજાર આડાઇ દેખાય તો જાણવું કે કેવળજ્ઞાન વર્તે છે.

પ્ર. ૧૮૦ કેવળજ્ઞાન ક્યારે વર્તતું કહેવાય ?

ઉ. ૧૮૦ આત્માપણે કેવળ ઉજાગરા અવસ્થા વર્તે, અર્થાત્ આત્મા પોતાના સ્વરૂપને વિષે કેવળ જાગૃત હોય, ત્યારે તેને કેવળજ્ઞાન વર્તે છે એમ કહેવું યોગ્ય છે એવો શ્રી તીર્થંકરનો આશય છે.

પ્ર. ૧૮૧ કેવળીને આત્મા દેખાતો હશે ?

ઉ. ૧૮૧ આત્મા કેવળીને જ્ઞાનથી દેખાય. જોવું એટલે ભાન થવું અને જાણવું એટલે અનુભવ થવો. એ અરૂપી પદ છે, અનુભવગમ્ય છે.

પ્ર. ૧૮૨ કેવળજ્ઞાન વગર કેવળદર્શન હોઇ શકે ?

ઉ. ૧૮૨ ક્રમિક માર્ગમાં કેવળજ્ઞાન વગર કેવળદર્શન હોય નહીં. અક્રમમાર્ગમાં કેવળદર્શન થાય પછી કેવળજ્ઞાન થતાં અમુક ટાઇમ લાગે છે.

પ્ર. ૧૮૩ "આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે" એ સમજાવો ?

ઉ. ૧૮૩ નિજ પરિણતિ એ આતમભાવના છે. કેવળદર્શનમાં નિજ પરિણતિ ઉત્પન્ન થાય છે. અને નિજ પરિણતિ સંપૂર્ણ થાય એને કેવળજ્ઞાન કહેવાય છે. કેવળદર્શન એટલે અકર્તા ભાવ અને કેવળજ્ઞાન એટલે અકર્તા દ્રવ્ય.

પ્ર. ૧૮૪ ભરત ચક્રવર્તીને ક્યાં કેવળજ્ઞાન થયેલું ?

ઉ. ૧૮૪ ભરત ચક્રવર્તીને પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન પાસેથી અક્રમમાર્ગનું જ્ઞાન પ્રાપ્ત થયેલ તેમને અરીસા ભવનમાં એક આંગળી પરની વીંટી ના જોતાં વિચારની શ્રેણીએ ચઢતાં કેવળજ્ઞાન થયેલું.

પ્ર. ૧૮૫ કેવળજ્ઞાની કોણ ?

ઉ. ૧૮૫ આ કેવળજ્ઞાન અને આ કેવળ પુદ્ગલ બેના ભેદને જે સમજે છે એ કેવળજ્ઞાની.

પ્ર. ૧૮૬ શ્રુત કેવળી કોને કહેવાય ?

ઉ. ૧૮૬ આત્મા અને સંસારને છૂટા પાડવાનું જે જ્ઞાન લે તે શ્રુત કેવળી કહેવાય. ભગવાને મોક્ષનું જે બધુંય જ્ઞાન આપ્યું છે તે યાદ રહે તેને શ્રુતકેવળી કહ્યાં છે. શ્રુત કેળવીને તત્ત્વ દ્રષ્ટિ ન પણ હોય. શ્રુતજ્ઞાન પુરું જાણે તે શ્રુતકેળવી. ચૌદ લબ્ધિપુર્વની જેને પ્રગટી હોય કે, જેથી તેનાથી શાસ્ત્રમાં

આવેલી કોઇ પણ વસ્તુ અજાણી ન રહે તે શ્રુતકેવળી છે. શ્રુતકેવળી દીવા સમાન શ્રુતજ્ઞાન વડે આત્માને દેખે અનુભવે છે.

પ્ર. ૧૮૭ કેવળજ્ઞાનથી બધા પદાર્થો કેવા પ્રકારે દેખાય છે ?

ઉ. ૧૮૭ વર્તમાનમાં વર્તમાન પદાર્થ જેમ દેખાય છે તેમ ગયા કાળમાં પદાર્થ ગયા કાળમાં જે સ્વરૂપે હતા તે સ્વરૂપે વર્તમાનકાળમાં દેખાય છે અને આવતા કાળમાં (ભવિષ્યમાં) તે પદાર્થ જે સ્વરૂપે પરિણમન પામશે તે સ્વરૂપ પણ વર્તમાનકાળમાં તેમને દેખાય છે.

પ્ર. ૧૮૮ પૂજ્ય શ્રી દાદાને કેવળજ્ઞાનમાં જે ચાર અંશ ખૂટે છે તે કયા ?

ઉ. ૧૮૮ બે અંશ તો આ હુક્કાના અને બે અંશ તે આ સંસારી વેશ અને ઇન્કમટેક્ષ વગેરે ભરીએ છીએ તેના આ બે ગુના અમારા રહ્યાં છે. આમાં અમારા ચાર અંશ ઓછા રહ્યાં છે.

પ્ર. ૧૮૯ ક્રમિક માર્ગ એટલે શું ?

ઉ. ૧૮૯ ક્રમિક માર્ગ એટલે અહંકારનું શુદ્ધિકરણ. ભગવાનની આજ્ઞા પ્રમાણે સિન્સિયર થઇ ચાલ્યા કરે એટલે અહંકાર શુદ્ધ થતો જાય. અહંકારનું શુદ્ધિકરણ કરવાનું એટલે શું ? કે એમાં ક્રોધ, માન, માયા, લોભના જે પરમાણુંઓ બધા ભર્યા છે. તે ખેંચી ખેંચીને બહાર કાઢી અહંકાર બિલકુલ બહાર રાખવો. જ્યારે અહંકાર સંપૂર્ણ પ્યોર થાય ત્યારે અને શુદ્ધાત્મા એક થઇ જાય તે છેલ્લો અવતાર. પ્યોર અહંકાર એટલે શું કે જ્યાં કર્તાપણું હોય નહિં એ પ્યોર અહંકાર. જેમાં કિંચિત્માત્ર ક્રોધનું માનનું, લોભનું, કપટનું પરમાણું નથી એવો અહંકાર શુદ્ધ થઇ ગયો કે એ શુદ્ધાત્મા જોડે એકાકાર થઇ જાય એવો કાયદો છે. અનંત પ્રકારની ક્રિયાઓ કરતાં કરતાં નિષ્ઠા ફેરવવી તે ક્રમિક માર્ગ. મન-વચન, કાયાની એકાત્મવૃત્તિ તેને ભગવાને ક્રમિક માર્ગ કહ્યો. ક્રમિક માર્ગ એટલે પરાપૂર્વથી આવતો માર્ગ તપ, ત્યાગ, જપ કરી કરીને અહંકારને શુદ્ધ કરવાનો તે ક્રમિક માર્ગ.

પ્ર. ૧૯૦ ક્રમિક માર્ગ ક્યારે ફળદાયી થાય ?

ઉ. ૧૯૦ ક્રમિક માર્ગ નીચેની ત્રણ શરતો હોય તો ફળદાયી થાય.

૧. મન, વચન, કાયાની એકતા જોઇએ.

૨. આ ત્યાગ, તપ, જપ, વગેરે થાય છે તે ઉદયકર્મને આધિન છે. આમાં મારો પુરુષાર્થ નથી એવી જાગૃતિ.

૩. જેટલો ત્યાગ નથી થતો તેના માટે ઉદયમાં નથી તેમ સમજી શાંત રહે.

પ્ર. ૧૯૧ ક્રમિક માર્ગમાં ક્યારે ધ્યાન થઇ શકે ?

ઉ. ૧૯૧ ક્રમિક માર્ગમાં બધી ઇન્દ્રિયોને નિરાહારી ના કરે ત્યાં સુધી ધ્યાન ના કરી શકાય. પ્રત્યાહાર થયા સિવાય કોઇ દહાડોય ધ્યાન, ધારણા અને સમાધિ થાય નહીં. ધ્યાન જ ઉત્પન્ન ના થાય. પ્રત્યાહાર એટલે ઇન્દ્રિયોના તમામ પ્રકારના આહારો નિરાહારી થવા જોઇએ.

પ્ર. ૧૯૨ ક્રમિક માર્ગમાં આત્મજ્ઞાન ક્યારે થાય ?

ઉ. ૧૯૨ આરંભ પરિગ્રહ જાય તો આત્મજ્ઞાન થાય. આરંભ એટલે આ હું કરું છું એ અને આ મેં કર્યું. કર્યાનું ફળ આવેને તેને પરિગ્રહ કહે છે. આ બંને જાય ત્યારે આત્મજ્ઞાન થાય.

પ્ર. ૧૯૩ ક્રમિક માર્ગના તમામ જ્ઞાનીઓ શેના આધારે જીવે છે ?

ઉ. ૧૯૩ ક્રમિક માર્ગના તમામ જ્ઞાનીઓ બધા બુદ્ધિના આધારે જ જીવે છે.

પ્ર. ૧૯૪ ક્રમિકના જ્ઞાનીઓને કેટલા શિષ્ય હોય ?

ઉ. ૧૯૪ શાસ્ત્રકારોએ લખ્યું છે કે ત્રણથી વધારે હોય જ નહીં. કોઇ ફેરા ચાર હોય તો પણ ચારથી વધારે શિષ્ય હોય જ નહીં.

પ્ર. ૧૯૫ ક્રમિક માર્ગ ક્યારથી ચાલતો આવે છે ?

ઉ. ૧૯૫ ક્રમિક માર્ગ અનાદિ અનંત છે. સામાન્ય રીતે અનાદિ કાળથી ચાલ્યો આવતો ધર્મ માર્ગ એ ક્રમિક તરીકે ઓળખાય છે. અક્રમ માર્ગ જ અપવાદ રૂપ છે, જ્યારે ક્રમિક માર્ગ તો પરાપૂર્વથી ચાલી આવતો મૂળ માર્ગ છે. વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી વૃષભદેવ ભગવાને આ અક્રમ માર્ગ જે અપવાદ માર્ગ ગણાય છે, તે પોતાના પુત્ર શ્રી ભરતચક્રવર્તીને આપેલ ત્યારપછી અક્રમ માર્ગ બંધ થઇ ગયેલ. ત્યારપછી મૂળ ધોરીમાર્ગ કે જે ક્રમિક માર્ગ તરીકે ઓળખાય છે, તે જ ચાલ્યો આવે છે. આ રીતે જોતાં ક્રમિક માર્ગ અનાદિ અનંત છે. અનંતી ચોવીસીઓમાં ક્રમિક માર્ગ જ અસ્તિત્વમાં હતો, અત્યારે પણ છે જ અને ભવિષ્યમાં પણ રહેશે જ. અક્રમ માર્ગ તો અપવાદ રૂપે જ દર દસ લાખ વર્ષે નિયમથી જ પ્રગટ થાય છે, અને તે અમુક કાળ પુરતો જ રહે છે.

ૐ

પર્વ બીજું

ગર્વ, ગારવતા, ગુરુ, ગીતા, ગુણ સ્થાનક

પ્ર. ૧ ગર્વ કોને કહેવાય ?

ઉ. ૧ આ ઉદયકર્મ ત્યાગ કરાવડાવે અને પોતે કહે છે કે મેં કર્યું એનું નામ ગર્વ. કરાવે છે કોક અને પોતે કહે છે મેં કર્યું એનું નામ ગર્વ. જ્યાં સુધી સ્વરૂપનું ભાન ના થાય ત્યાં સુધી જે જે ક્રિયા કરવામાં આવે છે એ બધા પ્રકૃતિના નાચ છે અને આ પ્રકૃતિ નાચે છે અને પોતે કહે છે કે હું નાચ્યો એનું નામ ગર્વ કહેવાય. પોતે કરતો નથી ત્યાં મેં કર્યું કહેવું એનું નામ ગર્વ કહેવાય. ગર્વ એટલે પોતે જ્યાં નથી કરતો ત્યાં આગળ કરે છે તેવું માનવું તે. તે વખતે ગર્વ રસ ઉત્પન્ન થાય છે. આ ગર્વ રસ બહુ ચીકણો છે. ગર્વથી સંસાર ઊભો રહ્યો છે. સંસારનું બીજ જ ગર્વ છે. આ મેં કેવું સરસ કર્યું છે તે હું સમજું આમ બોલવું તે ગર્વ રસ ચાખ્યો કહેવાય.

પ્ર. ૨ ગારવતા એટલે શું ?

ઉ. ૨ ગારવતા એટલે બસ, જ્યાં બેસી રહેવાનું મન થાય અને ખસવાની ઇચ્છા ના થાય એ બધી ગારવતા કહેવાય. ગારવતા પ્રગતિ રોકી દે. ગારવતા એટલે એને ઊઠવાનો વિચારેય ના આવે. હું ગારવતામાં છું એવું ભાનેય ના હોય. આ મિલો અને કારખાનાં એ બધું હોય છે ને ત્યાં આગળ વધારાનું ગંદુ પાણી નીકળે ને ત્યાં બહાર ખાડો હોય કોઇ જગ્યાએ તેમાં પાણી ભરાઇ રહેલું હોય એ પાણી એસિડ અને ક્ષારવાળું હોય તેને લીધે જમીન સડી જાય, કોહવાઇ જાય એટલે એ જમીનમાં અમથું કશું નાંખીએ તો મહીં ગરકી જાય એ કાદવ જેવું થઇ જાય. હવે ઉનાળામાં આ ભેંસ હોય તેનાથી ગરમી સહન ના થાય એટલે પછી એ કાદવમાં બેસવા જાય અને મહીં અંદર જઇને બેઠી એટલે પેલો કાદવ હતોને તે ચારે બાજુએ ફરી વળે અહીં ગળા સુધી એટલે એ ગારવતાની ઠંડક એટલી સરસ લાગે ઉપર તાપ હોય એને લીધે પાણી સહેજ સહેજ ગરમ થયેલું હોય અને આ ગારો ઠંડો લાગે એટલે ભેંસ આટલું ડોકુંજ બહાર રાખે તે બસ જાણે ફ્રીઝમાં બેઠી

હોય એવું એને લાગ્યા કરે, આજ ગારવતા કહેવાય છે. હવે પાંચ વાગ્યા તે પેલો ભરવાડ શોધવા આવે કારણ કે દોહવી હોય તે બૂમ પાડે પણ આ જુવે ખરી પણ ઊઠે નહીં પેલો સમજી જાય કે કંઇ લાલચ બતાવવી પડશે. એટલે કપાસિયા, ખોળ, લીલું ઘાસ બતાવે એટલે ભેંસ આમ જુએ કે સારી ખાવા જેવી ચીજ તો છે પણ આના જેવું તો નહીં ને, આ ગારવતાના સુખના જેવું તો નહીંને ? અને એને જ ગારવતા કહેવાય છે. આ ઠંડકનું જે સુખ ભોગવે છે તે ગારવતાનું સુખ. હવે મારે તોય જલ્દી ઊભી ના થાય. આ લોકો પણ સંસારમાં, ગારવતામાં જ બેસી રહ્યાં છે. તે ઘણાય સંતપુરુષો, જ્ઞાનીપુરુષો કહે કહે કરે છે પણ કાન હલાવીને પાછા ફ્રીઝની મહીં બેસી જાય છે. પાંચ ઇન્દ્રિયનાં સુખ એ જ લોકોની ગારવતા. આખું જગત ગારવતામાં જ સપડાયું છે.

પ્ર. ૩ ગારવતા કેટલા પ્રકારની છે ?

ઉ. ૩ મુખ્યત્વે ગારવતા ત્રણ પ્રકારની છે.

૧. રસ ગારવતા ૨. રિદ્ધિ ગારવતા ૩. સિદ્ધિ ગારવતા

૧. રસ ગારવતા : ખોરાકના સ્વાદ એ રસ ગારવતા કહેવાય. પાંચ ઇન્દ્રિયોના રસોમાં ગારવતા છે એ રસ ગારવતા. ઇન્દ્રિયોની રસ ગારવતા કહેવાય. આ ભેંસ કાદવમાં પડી રહે એ રસ ગારવતા કહેવાય. માણસને અમુક ચીજ ભાવતી હોય એ વસ્તુ જે દિવસે બનાવવાની હોય તો સવારથી એનું ચિત્ત એ વસ્તુમાં રમ્યા કરે અને જમ્યા પછી પણ એનું ચિત્ત એ વસ્તુમાં જ હોય એ રસ ગારવતા કહેવાય.

૨. રિદ્ધિ ગારવતા : રિદ્ધિ ગારવતા એટલે મારે બે મિલો છે અને આમ છે અને મારે પાંચ છોકરા છે, બે છોડીઓ છે, બંગલો છે એ બધું રિદ્ધિ ગારવતા. રિદ્ધિ એટલે પૈસા સબંધી. આ ભૌતિક એ બધું રિદ્ધિ કહેવાય.

૩. સિદ્ધિ ગારવતા : સિદ્ધિ આધ્યાત્મિક હોય. સિદ્ધિ હોય તો સિદ્ધિની ગારવતામાં જ રહ્યા કરે. અહિંસક માણસ હોય ત્યાં આગળ બકરી, વાઘ બધું ભેગું થઇ જાય તોય વાંધો ના આવે અથવા કોઇ માર-માર કરતો અહીં આવ્યો હોય તો એને દેખે એટલે પછી બધું ભૂલી જાય, સ્વભાવ ભુલાડે. આ સાધુ આચાર્યોને સિદ્ધિ ગારવતા હોય. પેલા સિદ્ધિ વટાવે પછી ગારવતામાં રહે. લોકો બાપજી બાપજી કહે એટલે ખુશ થઇ જાય.

પ્ર. ૪ ગર્વ અને અભિમાનમાં શું ફેર ?

ઉ. ૪ મારી પાસે આ બધું છે તે બતાય બતાય કરે તે અભિમાન અને પોતાનાં કરેલાં કર્મનાં વખાણ કરે અને બીજાને કહી બતાવે ને પાછો કહે કે મેં આમ કર્યું તેમ કર્યું અને બીજાથી તે ના થાય તો તે ગર્વ કહેવાય.

પ્ર. ૫ ગુરુ એટલે શું ?

ઉ. ૫ ગુરુ શબ્દનો સંસ્કૃતમાં અર્થ થાય છે અંધકારમાંથી પ્રકાશ તરફ લઇ જનાર. ગુ એટલે અંધકાર અને રુ એટલે પ્રકાશ. મુમુક્ષુને અંધકારમાંથી (અજ્ઞાનમાંથી) પ્રકાશ (જ્ઞાનમાં) માં લઇ જાય તે ગુરુ. ગુરુનો શાબ્દિક અર્થ ભારે, વજનદાર કે અતિ મહત્ત્વપૂર્ણ એવો પણ થાય. ગુરુને શાસ્ત્રમાં છત્ર (છત્રી) સમાન કલ્પવામાં આવ્યા છે. છત્રી જેમ મનુષ્યને વરસતા વરસાદથી ભીંજાતો બચાવે એમ સાચો ગુરુ માણસનું આંતરિક શત્રુથી રક્ષણ કરે છે. આમ ગુરુનું શરણ સાધકની સાધનાને સરળ, સઘન અને નિર્વિઘ્ન બનાવે છે. સાચો ગુરુ તેને જ કહેવાય કે જેને આત્મ સાક્ષાત્કાર થયો છે.

પ્ર. ૬ ગુરુ કોને કહેવાય ?

ઉ. ૬ પાણીથી પાતળો હોય અને શિષ્યથી હલકો હોય તે ગુરુ. ગુરુને ખબર ના હોય કે મારે કેટલા શિષ્યો છે તે ગુરુ. શિષ્યને માથે ન પડે તે ગુરુ. જે અંધારું (અજ્ઞાન) નાશ કરે તે ગુરુ. તમારો મેલ કાઢે તે ગુરુ અને તેનો પોતાનો મેલ મૂકે તે ગુરુ. નમ્રતા, મૃદુતા, ઋજુતા અને સહજ ક્ષમા હોય તે ગુરુ. જેનામાં વીતરાગતા અને નિર્ભયતા હોય તથા સહજ સંતોષી હોય તે ગુરુ. પોતાની ભૂલ બતાવે તે ગુરુ. જ્ઞાન આપે તે નહીં પણ અજ્ઞાન બતાવે તે ગુરુ. જ્ઞાન એ કંઇ લેવા-આપવાની વસ્તુ નથી એ તો સહેજે પ્રગટે છે. જે ગુરુને મનમાં એમ રહેતું હોય કે હું બધાનો શિષ્ય છું તે ગુરુ કહેવાય. જે મુક્તિ અપાવે તે ગુરુ. ગુરુ એ કે આપણને ક્લેશ ના થાય એવી સમજણ પાડે તે, આખા મહિનામાં એકપણ ક્લેશ ના થાય એવી સમજણ પાડે એનું નામ ગુરુ કહેવાય. સર્વસ્વ દુઃખ લઇ લે એને ગુરુ કહેવાય. આપણા મનનું સમાધાન કરે એ ગુરુ. ગુરુ તો આપણને દરેક બાબતમાં હેલ્પ કરે, મદદ કરે એવા હોવા જોઇએ. આપણાં મા-બાપ કરતાંય વધારે આપણી કાળજી રાખે તો એને ગુરુ કહેવાય. પારકાને માટે જીવન જીવતા હોવા જોઇએ

એને ગુરુ કહેવાય. ગુરુ કોને કહેવાય કે તેમને લક્ષ્મી અને સ્ત્રી વિષય બંને ના જોઇતા હોય તે ગુરુ કહેવાય. ગુરુ તો દિલ ઠરે એવા હોવા જોઇએ. જેની અંદર કષાય ના હોય તેને ગુરુ કહેવાય. શિષ્યો ગાળો દે તોયે સમતા રાખે તેનું નામ ગુરુ કહેવાય. ગુરુમાં તો બહુ ઉદારતા જોઇએ, બહુ ઉદાર મન જોઇએ, શિષ્યનું બધું ચલાવી લેવાની ઉદારતા હોય. ગુરુ કોને કહેવાય કે જે કાંઇ કરવાનું ના કહે એનું નામ ગુરુ. ગુરુ તો એનું નામ કે શિષ્યને વઢે નહીં. શિષ્યની રક્ષા કરે શિષ્યને આશરો આપે, તારી આંખમાં સમાય એવા હોય એને ગુરુ કરજે. ગુરુ તો એનું નામ કહેવાય કે એ વાણી બોલે ને તે આપણને એની મેળે જ પરિણામ પામે એવો વચનબળવાળો હોય.જે ગુરુ પ્રેમ રાખે, જે ગુરુ આપણા હિતમાં હોય એ જ સાચો ગુરુ. ગુરુને આમ જોતાંજ આપણું આખું શરીર આમ વિચાર્યા વગર જ નમી જાય એને ગુરુ કહેવાય. જેને જોતાંની સાથે જ આપણું મસ્તક નમી જાય એનું નામ ગુરુ. આપણને જગત ભુલાવડાવે એને ગુરુ કરવા. જેને જોતાંની સાથે જ આપણે જગત ભુલી જઇએ એટલે કે જગત વિસ્મૃત થઇ જાય તેને સાચો ગુરુ કહેવાય. જે અકષાયી હોય અથવા મંદ કષાયી હોય તેને ગુરુ કહેવાય. આર્તધ્યાન રૌદ્રધ્યાન ન થતા હોય એને ગુરુ કહેવાય. ધર્મ ધ્યાન કરાવી શકે એનું નામ ગુરુ કહેવાય. ગુરુ એટલે જાણકાર. આપણે રસ્તો ના જાણતા હોઇએ તો જેને પૂછવું પડે એ ગુરુ કહેવાય. ગુરુ એટલે આપણને આગળની સૂઝ પાડે તે. ગુરુ એ તો બીજી આંખ છે. ગુરુ એટલે જે માર્ગ દેખાડે, ગાઇડ તરીકે આપણને માર્ગદર્શન આપે એને ગુરુ કહેવાય.

પ્ર. ૭ **સદ્‌ગુરુ કોને કહેવાય ?**

ઉ. ૭ સદ્‌ગુરુ એટલે કે જેણે સત્‌ને પ્રાપ્ત કરેલું છે. સત્ એટલે અવિનાશી આત્મા. જેણે આત્મા પ્રાપ્ત કર્યો છે તે સદ્‌ગુરુ કહેવાય. સદ્‌ગુરુ એ તો આત્મજ્ઞાની જ કહેવાય. આત્માનો અનુભવ થયેલો હોય એમને, એટલે જે નિરંતર આત્મામાં જ રહે અવિનાશી તત્ત્વમાં રહે છે તે સદ્‌ગુરુ. સદ્‌ગુરુ એ તો જ્ઞાનીપુરુષ કહેવાય. જે ગુરુ દ્વન્દ્વાતીત હોય તેને સદ્‌ગુરુ કહેવાય. કષાય રહિત હોય તથા બુદ્ધિ ખલાસ થઇ ગયેલી હોય, બુદ્ધિ ના હોય એ સદ્‌ગુરુ કહેવાય. સદ્‌ગુરુ એટલે આપણને આ જગતનાં સર્વ દુઃખોથી મુક્તિ અપાવડાવે, કારણ કે એ પોતે મુકત થયેલા હોય. સદ્‌ગુરુ તો આપણને

આત્માની સન્મુખ બનાવે. સદ્‌ગુરુ તો ભગવાનનું પ્રતિનિધિત્વ ધરાવતા હોય તે સદ્‌ગુરુ કહેવાય. હાથમાં મોક્ષ આપે તે સદ્‌ગુરુ. ભેદવિજ્ઞાની હોય એને સદ્‌ગુરુ કહેવાય. સદ્‌ગુરુના વાણી, વર્તન અને વિનય મનોહર હોય. સદ્‌ગુરુ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ હોય, શાસ્ત્રમાં વાંચ્યું ના હોય, ક્યાંય સાંભળ્યું ના હોય છતાં અનુભવમાં આવે એવી સંપૂર્ણ વાણી હોય, ક્રોધ, માન, માયા, લોભ રહિત પરિણામ હોય, આવા લક્ષણો ધરાવતા હોય તેને સદ્‌ગુરુ કહેવાય. આત્મજ્ઞાન થયા પછીના ગુરુ એ બધા સદ્‌ગુરુ કહેવાય. સમકિત પ્રાપ્ત થયેલું હોય એવા ગુરુ તે સદ્‌ગુરુ કહેવાય. સદ્‌ગુરુ એ અવિનાશી પદને પામેલા હોય એટલે કે એમને આત્મજ્ઞાન થયેલું હોય અને જે શુદ્ધ ચૈતન્યના સ્વામી હોય. નિજ સહજાત્મ સ્વરૂપમાં હોય તે સદ્‌ગુરુ. સામાને શુદ્ધાત્મા પ્રાપ્ત કરાવે તેવા હોય તે સદ્‌ગુરુ કહેવાય. જેમને નિરંતર સ્વ પરિણતિ રહેતી હોય, પર પરિણતિ ના રહેતી હોય અને દેહધારી હોય તે સદ્‌ગુરુ કહેવાય.

પ્ર. ૮ સદ્‌ગુરુ પામવા શું કરવું જોઈએ ?

ઉ. ૮ પરમ વિનય.

પ્ર. ૯ વ્યવહારના ગુરુ કોને કહેવાય ?

ઉ. ૯ સાંસારિક પ્રોબ્લેમ સોલ્વ કરાવે તે વ્યવહારિક ગુરુ કહેવાય.

પ્ર. ૧૦ ગુરુ કોણ થઈ શકે ? ગુરુ થવાને લાયક કોણ ?

ઉ. ૧૦ જે આખા જગતનો શિષ્ય થાય તે જ ગુરુ થવાને લાયક છે. એક ક્ષણવાર મારે શિષ્ય છે એવું ભાન રહેતું ના હોય તે ગુરુ થવાને લાયક ગણાય. માર ખાઈને આશીર્વાદ આપે તે સાચો ગુરુ.

પ્ર. ૧૧ સાચા ગુરુ માટે કંઈ ચોક્કસ ઓળખ ખરી ?

ઉ. ૧૧ ઓળખમાં તો આપણે ગાળ ભાંડીએ તો ક્ષમા ન આપે પણ સહજ ક્ષમા હોય. આપણે મારીએ તોય ક્ષમા હોય, ગમે તેવું અપમાન કરીએ તોય ક્ષમા હોય પછી સરળ હોય, તેમને આપણી પાસે કંઈ લાલચ ના હોય અને આપણી પાસે પૈસા સબંધી કંઇ માગણી કરતા ના હોય અને આપણે જે પ્રશ્નો પૂછીએ તે પ્રશ્નોનું સમાધાન કરે અને જો એમને છંછેડીએ તોય એ ફેણ ના માંડે. અર્થાત્ ગુસ્સો ના કરે વખતે આપણી ભૂલચૂક થઇ ગઇ હોય તો પણ ક્રોધ કે ગુસ્સો ના કરે આ બધી ઓળખ કહી. જેને રાગ-દ્વેષ ના થાય તે છેલ્લા ગુરુ.

પ્ર. ૧૨ ગુરુની કૃપા પ્રાપ્ત કરવા માટે શિષ્યે શું કરવું જોઈએ ?

ઉ. ૧૨ શિષ્યે ગુરુની કૃપા પ્રાપ્ત કરવા માટે ગુરુને રાજી રાખવાના. બીજું કંઇ નથી કરવાનું, જે રસ્તે ગુરુ રાજી રહેતા હોય તે રસ્તે અને તે રીતે ગુરુને સતત રાજી રાખે એટલે ગુરુની કૃપા પ્રાપ્ત થાય જ. ગુરુના કહ્યા પ્રમાણે કરે તો ગુરુ રાજી રહે અને એનું નામ જ કૃપા દૃષ્ટિ. ગુરુની આજ્ઞાનું પાલન કરે તો કૃપા પ્રાપ્ત થાય. આપણે જેને ભજીએ તે જયાં સુધી ગયા હોય ત્યાં સુધી આપણને પહોંચાડે.

પ્ર. ૧૩ સતદેવ કોને કહેવાય ?

ઉ. ૧૩ મહીં શરીરની અંદર બિરાજેલા પરમાત્મા જ સતદેવ છે. એ પરમાત્માનાં દર્શન ના થાય ત્યાં સુધી મંદિર કે દેરાસરના સતદેવને માન્ય કરવાના.

પ્ર. ૧૪ ગુરુકિલ્લી એટલે શું ?

ઉ. ૧૪ ગુરુકિલ્લી એટલે ગુરુની પોતાની સેફસાઇડ. ગુરુકિલ્લી એટલે જ્ઞાની પુરુષે તેને સમજાવ્યું હોય કે પોતાના શિષ્ય સાથે કેવી રીતે વર્તવું. લઘુત્તમ રહીને ગુરુપણું કરજે, લઘુત્તમ રહેજે. ગુરુકિલ્લી એટલે ગુરુએ એટલું સમજવું જોઇએ કે હું આ લોકોનો ગુરુ થઇ બેઠો છું એટલે મારે કયો રસ્તો પકડવો જોઇએ કે જેથી મને નુકસાન ના થાય અને આ લોકોને ફાયદો થાય. ગુરુકિલ્લી એટલે વિષયોમાં નિઃસ્પૃહ હોવા જોઇએ અને એને કેફ ના રહે તે. ગુરુ કિલ્લી એટલે હું શિષ્યનો શિષ્ય છું, લઘુત્તમ છું, એવી નિરંતરની જાગૃતિ. લઘુત્તમપણે રહીને ગુરુપણું કરજે એ ગુરુકિલ્લી છે. ગુરુકિલ્લી જ્ઞાની પુરુષનો ભેટો થયા વગર ક્યારેય પ્રાપ્ત થાય નહીં. ગુરુકિલ્લી વગર ગુરુ થઇ બેસવું એ મોટામાં મોટી જોખમદારી છે.

પ્ર. ૧૫ શાસ્ત્રો એમ કહે છે કે ગુરુ તો એક જ હોવા જોઇએ તો આ બાબતે આપ કંઇ પ્રકાશ આપો ?

ઉ. ૧૫ ગુરુ તો આખા જગતને કરવા જેવું છે. જયાંથી પણ કંઇ આપણને જ્ઞાન મળે તો તે પ્રાપ્ત કરી લેવું. સ્કૂલમાં પહેલા, બીજા ધોરણમાં હોય ત્યાં સુધી એક જ ગુરુ જોઇએ પછી કોલેજમાં જાય ને તેને તો ચોવીસ ગુરુ જોઇએ અને અપર કોલેજમાં જાય ત્યારે તેને તો આખા જગતના શિષ્ય બનવું પડે. બાકી છેલ્લા ગુરુ તો આખા જગતમાં જીવમાત્રને ગુરુ કરવા જેવા છે. મહાવીર ભગવાને આ પ્રમાણે કર્યું હતું.

પ્ર. ૧૬ ગુરુ બાબતે અખો શું કહે છે ?

ઉ. ૧૬ ગુરુ થઇ બેઠો હોંસે કરી, કંઠે પહાણો શકે કયમ તરી ?
શિષ્યને ભારે ભારે રહ્યો, અખા તે મૂલગેથી ગયો.
પોતે હરિ નહીં જાણે લેશ, કાઢી બેઠો ગુરુનો વેશ
એવા ગુરુ ઘણા સંસાર, તે અખા શું મૂકે ભવ પાર ?

પ્ર. ૧૭ ક્રમિક માર્ગમાં ગુરુ કેવા હોવા જોઇએ ?

ઉ. ૧૭ જેના કષાયો ઘણાખરા ઉપશમ થઇ ગયા હોય અને એક વર્ષમાં પાંચ જ રૌદ્રધ્યાન કરે એવા ગુરુ હોવા જોઇએ.

પ્ર. ૧૮ સહજાત્મ સ્વરૂપ પરમગુરુ એટલે શું ?

ઉ. ૧૮ જેનો આત્મા સહજ થઇ ગયો છે એટલે કે વિકલ્પી નથી એવા પરમગુરુ છે અને બીજા ગુરુઓ કરવા જેવા નથી. એક માત્ર સહજાત્મ સ્વરૂપીને જ પરમગુરુ કરવા જેવા છે, એવું જ્ઞાની પુરુષ કહી ગયા છે. અમેરિકાવાળાને પ્રકૃતિ સહજમાં હોય છે અને આત્મા આવરણોમાં પડ્યો છે જ્યારે અહીં હિન્દુસ્તાનમાં આત્માને આવરણો ઘટવા માંડ્યા છે તો પ્રકૃતિ અસહજ થઇ ગઇ અને આત્મા પણ અસહજ થયો છે. અસહજ એટલે વિકલ્પી. જ્ઞાન પછી આત્મા સહજ થાય, નિર્વિકલ્પ થાય, છતાં પ્રકૃતિ વિકલ્પી રહે એ ધીમે ધીમે સહજમાં આવે. જગતમાં લોકોને આત્મા અસહજ હોય.

પ્ર. ૧૯ ત્રણ પ્રકારના ગુરુ કયા કયા ?

ઉ. ૧૯ ૧. અજ્ઞાની ગુરુ - તે આદેશ આપે.
૨. અહંકારી ગુરુ - તે ઉપદેશ આપે.
૩. જ્ઞાની ગુરુ - તે દેશના આપે.

પ્ર. ૨૦ અન્ય મતે ગુરુના ત્રણ પ્રકાર કયા કયા છે. ?

ઉ. ૨૦ ગુરુના ત્રણ પ્રકાર છે.

૧. **કાષ્ટ સમાન :** પોતે તરે અને પોતાના આશ્રિતોને પણ તારે તે ઉત્તમ કાષ્ટ સમાન છે.

૨. **કાગળ સ્વરૂપ :** જે પુણ્ય સંચય કરે પણ પોતે તરી શકે નહીં કે બીજાને તારી શકે નહીં.

૩. **પત્થર સ્વરૂપ :** જે પોતે ડૂબે અને પોતાના આશ્રિતોને પણ ડૂબાડે તેવા પત્થર સ્વરૂપ.

પ્ર. ૨૧ નિર્ગ્રંથ ગુરુ કોને કહેવાય ? તેના કેટલા ભેદ છે ?

ઉ. ૨૧ નિર્ગ્રંથ ગુરુ એટલે જેની ગ્રંથિ છેદાઈ ગઈ છે તેવા ગુરુ. મિથ્યાત્વની ગ્રંથિ છેદાઈ ગઈ છે તે નિર્ગ્રંથ ગુરુ કહેવાય. નિર્ગ્રંથ ગુરુ પાંચ પ્રકારના છે. તેમાં પ્રથમના ત્રણ વ્યવહારિક અને પછીના બે તાત્ત્વિક છે.

૧. **પુલાક** : મૂળ ગુણ અને ઉત્તર ગુણમાં પરિપૂર્ણતા પ્રાપ્ત ન કર્યા છતાં વીતરાગ પ્રણિત આગમથી કદી પણ ચલિત ન થાય તે પુલાક ગુરુ કહેવાય.

૨. **બકુશ** : જેઓ શરીર અને ઉપકરણના સંસ્કારોને અનુસરતા હોય, ઋદ્ધિ અને કીર્તિ ચાહતા હોય, સુખશીલ હોય તથા અતિચાર દોષોથી યુકત હોય તે બકુશ ગુરુ કહેવાય.

૩. **કુશીલ** : (અ) પ્રતિસેવનાકુશીલ : ઈન્દ્રિયોને વશવર્તી હોવાથી કોઈ પ્રકારના ઉત્તમ ગુણોની વિરાધના કરતાં પૂર્વક પ્રવર્તે.

(બ) કષાયકુશીલ : જેઓ તીવ્ર કષાયને કદી વશ ન થતાં માત્ર મંદ કષાયને ક્યારેક વશ થાય.

૪. **નિર્ગ્રંથ** : જેમાં સર્વજ્ઞપણું ન હોવા છતાં રાગ-દ્વેષનો અત્યંત અભાવ હોય અને અંતમુહૂર્ત જેટલા વખત પછી જેનામાં સર્વજ્ઞપણું પ્રગટ થવાનું હોય.

૫. **સ્નાતક** : જેનામાં સર્વજ્ઞપણું પ્રગટ્યું હોય તે સ્નાતક ગુરુ કહેવાય.

પ્ર. ૨૨. શાસ્ત્રમાં ગુરુ કોને કહે છે ?

ઉ. ૨૨. શાસ્ત્રમાં સાધુને ગુરુ કહે છે. ગુરુ શાંતિના પ્રતીક છે. પાંચ ઈન્દ્રિયોના વિજેતા છે. ગુરુ એ મુમુક્ષુને માર્ગદર્શન આપવા માટે સાકારરૂપે પ્રકટ થયેલા સાક્ષાત્ પરમેશ્વર છે. તમારી શંકાઓને નિર્મૂળ કરનાર, તમારી સાધનામાં સહાનુભૂતિ ધરાવનાર, તમારી માન્યતાઓનો વિરોધ કર્યા વગર તમે જયાં હો ત્યાંથી જ આગળ વધવામાં સહાય કરનાર, પોતાના સાંનિધ્ય માત્રથી આધ્યાત્મિક ઉચ્ચ ભાવનો અનુભવ કરાવનાર જ તમારા ગુરુ છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને રાત્રિ ભોજન ત્યાગ આમ છ મહાવ્રતોથી સુશોભિત જે છે. ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપણ અને ઉત્સર્ગ આ સમિતિ તથા મન, વચન, કાયા એ ત્રણ ગુપ્તિ આ આઠ પ્રવચનમાતાને ધારણ કરનાર છે. સમતા, વંદના, સ્તુતિ,

પ્રતિક્રમણ, સ્વાધ્યાય અને કાયોત્સર્ગ એ છ આવશ્યક જેના રક્ષક છે. આવું જેનું અંતરંગ જીવન છે. તથા નગ્નતા, કેશલોચન, અદંતધાવન, સ્નાનરહિતતા, એકવાર ભોજન, ઊભા ઊભા હાથમાં જમી લેવું તથા જમીન ઉપર શયન એમ સાત બાહ્ય ગુણોના ધારક છે. આમ સત્તાવીશ મૂલ ગુણો સહિત જે ક્ષમા, માર્દવ, આર્જવ, શોચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, અકિંચન્ય અને બ્રહ્મચર્ય એ દશ ધર્મોના ધારણ કરવાવાળા છે, તથા બાવીસ પ્રકારના પરિષહો સહન કરનારા છે, તેવા સાધુ ગુરુ કહેવાય.

પ્ર. ૨૩ ગીતા પુસ્તક વિષે વિદ્વાનો શું કહે છે ?

ઉ. ૨૩ સુપ્રસિદ્ધ પ્રાશ્ચાત્ય વિદ્વાન વિલ્હેલ્મ ફોન હમ્બોલ્ટ કહે છે ''જગતની પાસે જે સર્જનો છે તેમાં ભગવદ્ ગીતા એ સૌથી ઊંડું અને સર્વોચ્ચ સર્જન છે.'' અમેરિકાનો મહાન સંત ઇમર્સન હંમેશાં ગીતાની નકલ પોતાના ટેબલ ઉપર રાખતા તે કહેતા કે ''ગીતા એ ઇશ્વરની વાણી છે, શુરાતન પ્રજ્ઞાનું એ ગીત છે, આધ્યાત્મિક સંસ્કૃતિનું એ પાઠયપુસ્તક છે, એ શાશ્વતતાનો અમર ગ્રંથ છે, મારા જીવનની એ સદાની સાથી છે એની ઉપદેશકથા સમસ્ત માનવજાત માટે છે.'' આ જગતના તમામ ધાર્મિક કે આધ્યાત્મિક ગ્રંથો ભગવાન માટે લખાયા, ભગવાન ને માધ્યમ તરીકે રાખીને લખાયા. જયારે ગીતા એ એકજ એવો દિવ્ય ગ્રંથ છે કે જે ભગવાન કૃષ્ણની ડાયરેક્ટ વાણી છે, એ ભગવાનના સ્વમુખેથી નીકળેલી અમૃતધારા છે. તેમાં અઢાર અધ્યાય અને ૭૦૦ શ્લોકો છે. શ્રીમદ ભગવત ગીતા એ મહાભારતના ભીષ્મપર્વમાં વર્ણવાયેલો ભગવાન કૃષ્ણ અને અર્જુનની વચ્ચેનો સંવાદ છે. ગીતા એ વેદોનું નવનીત છે, ઉપનિષદનો અર્ક છે, મહાભારતનું મુકુટમણિ છે. હિન્દુ ધર્મના શાસ્ત્ર ગ્રંથ - પ્રસ્થાનત્રયીમાં એનું સ્થાન છે. ગીતાના પ્રથમ છ અધ્યાયમાં કર્મયોગની ચર્ચા છે એ પછીના છ અધ્યાયમાં ભક્તિયોગનો ઉપદેશ છે અને છેલ્લા છ અધ્યાયમાં જ્ઞાનયોગ વિષે વિવરણ છે. આમ જ્ઞાન, ભક્તિ અને કર્મનો ત્રિવેણીસંગમ આ દિવ્ય ગ્રંથમાં સમાવિષ્ટ થયેલો છે.

પ્ર. ૨૪ કૃષ્ણ એટલે શું ?

ઉ. ૨૪ કર્મને કૃષ્ કરે તે કૃષ્ણ. આ કાલીય દમનમાં નાગ એટલે ક્રોધ. આ ક્રોધને વશ કર્યો હોય ત્યારે કૃષ્ણ થવાય.

પ્ર. ૨૫ કૃષ્ણ ભગવાને કોની પાસેથી દિવ્યચક્ષુ મેળવેલાં ?

ઉ. ૨૫ શ્રી કૃષ્ણ ભગવાને એમના કાકાના દીકરા નેમિનાથ ભગવાન જે વર્તમાન ચોવીસીના બાવીસમાં તીર્થંકર હતા તેમની પાસેથી દિવ્યચક્ષુ મેળવ્યાં હતાં, ત્યાર પછી આ ગીતાનો ઉપદેશ તેમણે કરેલો.

પ્ર. ૨૬ કૃષ્ણ ભગવાનની આડાઈ કાઢવા નેમિનાથ ભગવાને શું કર્યું હતું ?

ઉ. ૨૬ કૃષ્ણ ભગવાનની આડાઈ કાઢવા નેમિનાથ ભગવાને કિમિયો કર્યો, તે પોતે અસ્ત્રાગારમાં ગયા અને ત્યાં પડેલ વાસુદેવનો શંખ ફૂક્યો. તે કૃષ્ણ વાસુદેવે સાંભળ્યો અને પોતે અસ્ત્રાગારમાં દોડી આવ્યા, ત્યાં જોયું તો નેમિનાથ ભગવાને તેમનો શંખ ફૂંક્યો હતો. તેથી કૃષ્ણને લાગ્યું કે આ તો મારી ગાદી પડાવી લેશે, એટલે કૃષ્ણે નેમિનાથ ભગવાનને પૂછયું કે મારો શંખ કેમ ફૂંક્યો અને નેમિનાથ જોડે બાટકવા ગયા ત્યારે નેમિનાથ ભગવાને કહ્યું અલ્યા કૃષ્ણ મારી આ આંગળી જરા વાંકી થઈ ગઈ છે તે લગાર સીધી કરી આપને તે આંગળી સીધી કરવા જતાં કૃષ્ણ જ આખી આંગળી ઉપર લટકાઈ ગયા. આમ નેમિનાથ ભગવાને બોધકળા વાપરીને કૃષ્ણના બળના ગર્વનું ખંડન કર્યું હતું.

પ્ર. ૨૭ ગીતામાં કૃષ્ણ ભગવાન શું કહેવા માગે છે ?

ઉ. ૨૭ કૃષ્ણ ભગવાન ગીતામાં તો બે જ શબ્દ કહેવા માંગે છે, કૃષ્ણ ભગવાન કહે છે કે મહીં જે ''માલ'' છે તે જ હું પોતે છું, એ જ કૃષ્ણ છે, એને ઓળખ, એટલે ઉકેલ આવશે બાકી લાખ અવતાર તું ગીતાના શ્લોક ગાઈશ તોય તારો ઉકેલ નહીં આવે. ''ખોખું'' અને ''માલ'' આ બે જ શબ્દોમાં કૃષ્ણ ભગવાન જે બધું કહેવા માગતા તે છે. આ બે જ શબ્દોમાં કૃષ્ણ ભગવાનનો અંતર આશય સમાઈ જાય છે.

પ્ર. ૨૮ શું કહેવા માટે ભગવાને આખી ગીતા લખી છે ?

ઉ. ૨૮ ત્રણ શબ્દ ''હું શુદ્ધાત્મા છું'' કહેવા માટે ભગવાને આખી ગીતા લખી છે. અર્થાત્ તેમના મુખેથી નીકળી હતી.

પ્ર. ૨૯ કૃષ્ણ ભગવાન ગીતા કયા બે વાક્યો સમજાવવા બોલ્યા ?

ઉ. ૨૯ ''આત્મવત્ સર્વ ભૂતેષુ'' અને ''મમતા તથા અહંકાર મોક્ષ દાતા પુરુષ વિના કોઈ જ કાઢી આપી શકે નહીં,'' આ બે જ વાક્યો સમજાવવા માટે આખી ગીતા નીકળી હતી.

પ્ર. ૩૦ શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને શા માટે મહાભારતનું યુદ્ધ લડવા માટે કહ્યું ?

ઉ. ૩૦ ભગવાનને તે વખતે આવું બોલવાનું નિમિત્ત હતું. અર્જુનને મોહ ઉત્પન્ન થયો હતો. ક્ષત્રિય ધર્મ હોવા છતાં તે મૂર્છિત થયેલો તેથી મૂર્છા કાઢવા કૃષ્ણ ભગવાને અર્જુનને ચેતવ્યો ને કહ્યું કે તારી મૂર્છા ઉતાર, તું તારા ધર્મમાં આવ, કર્મનો કર્તા કે ના કર્તા તું થઈશ નહીં. કૃષ્ણ વ્યવસ્થિત જાણતા હતા અને વ્યવસ્થિતના નિયમમાં હતું એટલું જ કૃષ્ણ બોલ્યા છે. નૈમિત્તિક રીતે કૃષ્ણ ભગવાને વાત કહેલી કે તું ક્ષત્રિય છે અને તારા પરમાણું લઢ્યા વગર રહેવાના જ નથી એ અમને જ્ઞાનમાં દેખાય છે, કે તારું વ્યવસ્થિત આવું છે, માટે તું ખોટો મોહ ના કરીશ. મારવા માટે મોહ વગર કાર્ય કર. ખોટો અહંકાર ના કરીશ.

પ્ર. ૩૧ કૃષ્ણ ભગવાને અર્જુનને વિશ્વદર્શન કરાવેલું એ શું છે ?

ઉ. ૩૧ કૃષ્ણ ભગવાને અર્જુનને જે વિરાટ સ્વરૂપ બતાવેલું તેને આપણે વ્યવસ્થિત કહીએ છીએ. આ કાળ ચક્રમાં બધા હોમાયા જ કરે છે માટે કોઈ મારનાર નથી કોઈ જિવાડનાર નથી, માટે હે અર્જુન તને જે મોહ છે મારી નાંખવાનો તે ખોટો છે, તું તે મોહને ત્યજી દે.

પ્ર. ૩૨ કૃષ્ણનું સુદર્શન ચક્ર એ શું હતું ?

ઉ. ૩૨ એ તો નેમિનાથ ભગવાને તેમને સમ્યક્દર્શન આપેલું તે. સુદર્શન એટલે સમ્યક્દર્શન, સવળું દર્શન. સુદર્શનચક્ર એટલે બધામાં, જીવમાત્રમાં, દુશ્મનમાં પણ શુદ્ધાત્મા જુએ કે જેથી દુશ્મન દેખાય નહીં. બધે જ આત્મા જુએ તેને સુદર્શન કહેવાય.

પ્ર. ૩૩ દિવ્યચક્ષુ એટલે શું ? તે ક્યારે પ્રાપ્ત થાય ?

ઉ. ૩૩ દિવ્યચક્ષુ એટલે જ્યાં જુઓ ત્યાં ભગવાન દેખાય. જીવમાત્રમાં ભગવાન દેખાય. આત્મવત્ સર્વ ભૂતેષુ જ દેખાય. મહાભારતના યુદ્ધ સમયે અર્જુનને માત્ર પાંચ મિનિટ માટે જ તેનો મોહ ટાળવા દિવ્યચક્ષુ કૃષ્ણ ભગવાને તેને આપ્યાં હતાં. દિવ્યચક્ષુ એટલે હાથીમાં, ઘોડામાં, કૂતરામાં, ઝાડમાં, બધાંમાં ભગવાન દેખાય તે. કૂતરું એ તો પેકિંગ છે અને મહીં ભગવાન છે તે માલ છે. દિવ્યચક્ષુ એટલે એક આંખથી રીલેટિવ એટલે ખોખું-પેકિંગ દેખાય અને બીજી આંખથી રિયલ એટલે આત્મા દેખાય. આમ રીલેટિવ વ્યૂ પોઈન્ટ એન્ડ રીયલ વ્યૂ પોઈન્ટ દેખાય તે દિવ્યચક્ષુ કહેવાય.

જે બે વ્યૂ પોઇન્ટ Real and Relative જાણે છે એ દિવ્યચક્ષુ કહેવાય છે અને આ ચશ્માં પહેરીએ એટલે આત્મવત્ સર્વ ભૂતેષુ દેખાય. આ ચશ્માં તો અનબ્રેકેબલ છે, તૂટી ના જાય તેવા છે અને આ વાપરશે તો ભગવાન દેખાશે. ઇન્દ્રિયો જિતાય ત્યારે દિવ્યચક્ષુ પ્રાપ્ત થાય. જ્ઞાની પુરુષ જ્ઞાન આપે ત્યારે જિતેન્દ્રિય થવાય એટલે કે જ્ઞેયને જ્ઞેય અને જ્ઞાતાને જ્ઞાતા માને તો ઇન્દ્રિય જિતાય. પોતે જ્ઞાતા સ્વરૂપ થાય અને ચંદુલાલ જ્ઞેય સ્વરૂપે થાય ત્યારે બધી ઇન્દ્રિયો જિતાય તેમ છે.

પ્ર. ૩૪ ભગવાનની ગીતા કયા બે વાક્યમાં આવી જાય છે ?

ઉ. ૩૪ આ દેહ (શરીર) તે ''ચંદુલાલ'' એ પેકિંગ છે અને તમે પોતે ''કૃષ્ણ'' છો આ જ બે વાક્યમાં આખી ગીતા સમાઇ જાય છે.

પ્ર. ૩૫ નિષ્કામ યોગ એટલે ભગવાન શું કહેવા માગે છે ?

ઉ. ૩૫ નિષ્કામ યોગને લોકો એમ સમજે છે કે કામ કર પણ ફળની આશા રાખીશ નહીં, પણ ફળની આશા રાખ્યા વગર તો કોઇ પણ કામ કરે જ નહીંને. જોડાની આશા રાખ્યા વગર મોચીને ત્યાં કોણ જાય ? ભગવાને એટલે કહ્યું કે રાગ દ્વેષ ના કરીશ જે થયું તે માન્ય રાખજે. અહીંથી સાડી લેવા માટે ગયા એટલે સાડીની આશા તો હોય જ પણ પછી ખરીદી લીધા બાદ જો સાડી ખરાબ નીકળી તો નિરાશ ના થઇશ. સાડીવાળા પ્રત્યે દ્વેષ ના કરીશ. તું શાક લેવા જાય તો શાકની આશા રાખજે પણ શાક લીધું પછી જો કડવું કે ખરાબ આવી જાય તો લેવાઇ ગયું એ ફળ છે એમ, રાગ દ્વેષ ના કરીશ. એટલે સાડી જેવી નીકળી એવી ખરી. શાક જેવું નીકળ્યું તેવું ખરું. ત્યાં આગળ ફળની આશા ના રાખીશ અને રાગ દ્વેષ ના કરીશ. પ્રિય કે અપ્રિયની આશા ના રાખવી તે નિષ્કામ કર્મ યોગ છે.

પ્ર. ૩૬ નિષ્કામ પુરુષ કોને કહેવાય ?

ઉ. ૩૬ જેને કામના નથી, ઘાટ નથી તેને નિષ્કામ પુરુષ કહેવાય.

પ્ર. ૩૭ ગીતાર્થ એટલે શું ?

ઉ. ૩૭ ગીતાર્થ એટલે દરેક શાસ્ત્રોમાંથી દોહન કરી લેવાની શક્તિ તે ગીતાર્થ કહેવાય.

પ્ર. ૩૮ "સર્વ ધર્માન પરિત્યજય, મામેકમ શરણમ્ મમઃ" નો અર્થ શો ?

ઉ. ૩૮ બધા ધર્મોને છોડી દે અને મારે શરણે આવ. આ ગીતાના વિખ્યાત સિંહનાદનો ખરો અર્થ એ છે કે તું દેહના ધર્મો, ઇન્દ્રિયોના ધર્મો, મનના ધર્મો, વાણીના ધર્મો કે જે પરધર્મ છે, ભયાવહ છે તે બધાને છોડી એક મારા એટલે કે આત્માના ધર્મમાં આવ. ઇન્દ્રિયો ઇન્દ્રિયોના ધર્મમાં વર્તી રહી છે તે બધા ધર્મોને છોડી દે અને મારા સ્વાભાવિક ધર્મમાં આવી જા, આત્મધર્મમાં આવી જા. ટૂંકમાં ઇન્દ્રિયો રૂપી ધર્મોને છોડી આત્માને શરણે આવ. મારા એટલે જે મુરલીવાળા દેખાય છે તેમના નહીં પરંતુ મહીં બેઠેલા પ્રગટ પરમાત્મ સ્વરૂપના શરણે આવવાનું કહ્યું છે. લોકો ચોપડવાની દવા પી જાય એમાં ડોકટરનો શો દોષ. તેમ કૃષ્ણ ભગવાને શું કહ્યું અને લોકો શું સમજયા, તેમાં લોકોનો દોષ છે. આંખનું કાજળ ગાલે ના ઘસાય એ જોવાનું છે.

પ્ર. ૩૯ ગીતામાં કહ્યું છે કે પૃથ્વી પર પાપનો ભાર વધી જાય છે ત્યારે તેનો નાશ કરવા માટે હુ જન્મ લઉં છું, તે હું કોણ ?

ઉ. ૩૯ એને જ આત્મા કહે છે. હું એટલે કૃષ્ણ નહીં. હું એટલે જ આત્મા. નિયમ એવો છે કે જયારે જયારે પૃથ્વી ઉપર પાપનો ભાર વધે ત્યારે કોઇ મહાન પુરુષનો જન્મ થઇ જ જાય. એટલે યુગે યુગે મહાન પુરુષનો જન્મ થાય છે. કૃષ્ણ ભગવાન ત્રણ અવતાર પછી આવતી ચોવીસીમાં બારમાં તીર્થંકર અમમનાથ તરીકે સંપૂર્ણ ભગવાન રૂપે છેલ્લો જન્મ લેશે.

પ્ર. ૪૦ ગીતામાં ક્ષર પુરુષ અને અક્ષર પુરુષ બે વર્ણવ્યા છે. તે અક્ષર પુરુષ એટલે નિર્વિકલ્પ પુરુષ કહેવાય ?

ઉ. ૪૦ ક્ષર તો આ દેહ જ છે અને અક્ષર એ વિકલ્પી છે. ક્ષર-અક્ષરથી જે પર છે તે નિર્વિકલ્પ છે.

પ્ર. ૪૧ વૈકુંઠ એટલે શું ? અક્ષરધામ એટલે શું ?

ઉ. ૪૧ વૃત્તિઓ કુંઠિત કરવી એ વૈકુંઠ. અક્ષરધામ એટલે હું આત્મા છું. હવે એને અક્ષરની દૃષ્ટિ જ કરાવડાવી છે, કંઇ અક્ષરમાં મૂક્યા નથી પણ અક્ષર ધામમાં લઇ જશે એટલે ''હું આત્મા છું'' એવું એના મનમાં દૃષ્ટિ થઇ કે હવે મરીશ તોય ફરી અવતાર મને મળશે. આ દેહ મરવાનો છે. ભલે, સો અવતાર થવાના હોય પણ એ અક્ષરધામ કહેવાય જો એને પોતે આત્મા છે અને બ્રહ્મ છે એનું ભાન થયું તો.

પ્ર. ૪૨ રાધા-કૃષ્ણ કોણ ?

ઉ. ૪૨ આરાધના એ રાધા છે. શુદ્ધાત્મા એ કૃષ્ણ છે. ચિત્ત જયારે કૃષ્ણમાં સંલગ્ન થાય ત્યારે રાધેકૃષ્ણ. જયારે એ બંનેના જ્ઞાની પુરુષ લગ્ન કરાવી આપે અને રાધાકૃષ્ણ થયાં કે બેડો પાર. એ સબંધ જ્ઞાની પુરુષ સિવાય કોઇ બાંધી ન આપે.

પ્ર. ૪૩ કૃષ્ણ ભગવાને શું કહ્યું છે ?

ઉ. ૪૩ કૃષ્ણ ભગવાને કહ્યું હતું કે ''જીવ તું શીદને સોચના કરે કૃષ્ણને કરવું હોય તે કરે.'' કૃષ્ણ ભગવાને ચિંતા કરવાની ના કહી છે. વળી કહ્યું છે કે ''પ્રાપ્તને ભોગવ અને અપ્રાપ્તની ચિંતા ના કરીશ.''

પ્ર. ૪૪ રામ મર્યાદા પુરુષોત્તમ અને કૃષ્ણને પૂર્ણ પુરુષોત્તમ કહ્યાં એ ખરું છે ?

ઉ. ૪૪ ખરી રીતે કૃષ્ણને પૂર્ણ પુરુષોત્તમ ના કહેવાય. રામ જ પૂર્ણ પુરુષોત્તમ કહેવાય કારણ કે રામ મોક્ષે ગયા, રામ પરમાત્મા થઇ ગયા. કૃષ્ણને પરમાત્મા ના કહેવાય, ભગવાન કહેવાય. હજી કૃષ્ણ મોક્ષે ગયા નથી. આવતી ચોવીસીમાં બારમાં તીર્થંકર થઇને મોક્ષે જવાના છે. આ તો કૃષ્ણને પૂર્ણ પુરુષોત્તમ શાથી કહ્યાં છે કે પ્રગટનું માહાત્મ્ય ગાવા માટે. જે મોક્ષે ગયા તે ધોળી ના શકે આપણું, હજી જે હાજર છે તે બ્રહ્માંડમાં ક્યારેય સાંધો મળે તો કામ કાઢી નાંખે એટલે પ્રગટનું માહાત્મ્ય ગાવા માટે તેમને પૂર્ણ પુરુષોત્તમ કહ્યાં છે બાકી ખરેખર તો રામ જ પૂર્ણ પુરુષોત્તમ કહેવાય.

પ્ર. ૪૫ કૃષ્ણ ભગવાને ગોવર્ધન પર્વત આંગળી ઉપર ઝીલ્યો એ વાત શું રહસ્ય સૂચવે છે ?

ઉ. ૪૫ ગોવર્ધન પર્વત ઝીલ્યો એ શબ્દ સ્થૂળમાં રહ્યો પણ લોકો એમની સૂક્ષ્મ ભાષા સમજ્યા નહીં. ગોવર્ધન એટલે ગાયોનું વર્ધન. ગાયોની વસ્તી કેમ વધે એવું બધું ઠેર ઠેર પ્રયોજન કર્યું અને ગોરક્ષાનું પ્રયોજન કર્યું કારણ કે હિન્દુસ્તાનના લોકોનું જીવન જ આના ઉપર છે એટલે બહું જ હિંસા વધી જાય ત્યારે બીજું બધું છોડી દઇને પહેલું આ સાચવો એટલે આ એકલું જ ગોવર્ધન અને ગોરક્ષણ બે જ વસ્તું પહેલી પકડવા જેવી છે. એટલે ગાયો બચાવવા કરતાં ગાયોની વસ્તી કેમ કરીને વધે એ બધું કરવાની જરૂર છે. આ રહસ્ય આ વાતમાં છુપાયેલું હતું.

પ્ર. ૪૬ "નષ્ટો મોહ સ્મૃતિ લબ્ધ્વા" એ શ્લોકનો અર્થ શો ?

ઉ. ૪૬ હે ભગવાન આપની કૃપાથી મારો મોહ નષ્ટ થયો છે. હું આત્મા છું એ મારું દર અસલ સ્વરૂપ વિસ્મરણ થઇ ગયું હતું તે મારા સ્વરૂપની ઓળખ મને આપની કૃપાથી થઇ ગઇ છે કે હું જીવાત્મા નથી પરંતુ શુદ્ધાત્મા છું. હે ભગવાન આપની કૃપાથી હવે હું આત્મામાં મારા સ્વ સ્વરૂપમાં સ્થિર થયો છું. આત્મ સન્મુખ થયો છું. આપની કૃપાથી મારા સર્વ સંશયો ટળી ગયા. હું નિઃશંક બન્યો. હે ભગવાન હવે હું આપની આજ્ઞાનું નિશ્ચયથી અવશ્ય પાલન કરીશ.

પ્ર. ૪૭ કૃષ્ણ ભગવાનની મરણ સમયની છેલ્લી દશાનું વર્ણન ?

ઉ. ૪૭ અવસ્થા માત્ર કુદરતી રચના છે તેનું જ્ઞાન નહીં હોવાથી કૃષ્ણ આરામથી સૂઇ ગયા હતા. તે હરણું જાણીને તેમના જ કુળમાં ઉત્પન્ન થયેલ ભાઇએ તીર માર્યું ને પેલાને થયું કે આ હરણું નહોય એટલે નજીક જોવા ગયો. ત્યારે કૃષ્ણ બોલ્યા. અલ્યા ભાગ બળરામ આવશે ને તું ભાગી જા નહીં તો મારી નાંખશે. તે પેલો ભાગવા માંડ્યો ત્યારે કૃષ્ણને વિચાર આવ્યો કે મેં તેને ક્યાં જવા દીધો, મારે એને મારી જ નાંખવો જોઇતો હતો. તેવો વિચાર આવ્યો તેથી દશા ભોગવે છે. પણ તેઓ બે અવતાર પછી પૂર્ણ ભગવાન થવાના છે. કારણ વાસુદેવ પદ પ્રાપ્તિથી જ ભગવાન પદ ઉત્પન્ન થાય છે. પણ તે વખતે અવસ્થા માત્ર કુદરતી રચના છે તેનું જ્ઞાન તેમને નહોતું એટલે દશા ભોગવે છે.

પ્ર. ૪૮ ગુણસ્થાનક એટલે શું ? તે કેટલા છે ? તેનાં નામ જણાવો.

ઉ. ૪૮ ગુણનું સ્થાન એ ગુણસ્થાન કે ગુણસ્થાનક કે ગુંઠાણું. ગુણ એટલે આત્માના ગુણ તે જ્ઞાન, દર્શન અને ચારિત્ર અને તેનું સ્થાન એટલે તેની અવસ્થા અર્થાત્ કે જેમાં આત્માના ગુણોની વિવિધ અવસ્થાઓ, વિવિધ ભૂમિકાઓ દર્શાવી હોય તે ગુણસ્થાનક કહેવાય. ટુંકમાં મોહ અને યોગના સદ્ભાવ કે અભાવથી આત્માના ગુણની હીનાધિકતા અનુસાર થવાવાળી અવસ્થા ઓને ગુણસ્થાનક કહેવાય છે. ગુણ સ્થાનકને કર્મના વિષય સાથે ગાઢ સબંધ છે. તે ચૌદ છે. તેના નામ નીચે મુજબ છે.

૧. મિથ્યાત્વ ગુણસ્થાનક	૮. અપૂર્વકરણ (નિવૃતિકરણ)
૨. સાસ્વાદન	૯. અનિવૃત્તિકરણ (બાદર સંપરાય)
૩. મિશ્ર	૧૦. સૂક્ષ્મ સંપરાય
૪. અવિરત સમ્યગ્દૃષ્ટિ	૧૧. ઉપશાંત મોહ
૫. દેશ વિરતિ	૧૨. ક્ષીણ મોહ
૬. પ્રમત સર્વ વિરતિ	૧૩. સયોગી કેવલી
૭. અપ્રમત્ત સર્વ વિરતિ	૧૪. અયોગી કેવલી

પ્ર. ૪૯ ગુણસ્થાન દરજ્જાઓ કેવી રીતે નક્કી કરવામાં આવ્યા છે ?

ઉ. ૪૯ મોહનીય કર્મ તથા મનોયોગ, વાણીયોગ અને કાયાયોગના નિમિત્તથી આ ગુણસ્થાનક બન્યા છે. આત્મામાં નિશ્ચય નયથી તે નથી. અશુદ્ધ નિશ્ચય નય અથવા વ્યવહાર નયથી એ ગુણસ્થાનક આત્મામાં કહેવાય છે. મોહનીય કર્મના બે ભેદ છે એક દર્શન મોહનીય અને બીજો ચારિત્ર મોહનીય. દર્શન મોહનીયના ત્રણ ભેદ અને ચારિત્ર મોહનીયના પચ્ચીસ ભેદ છે.

પ્ર. ૫૦ ગુણસ્થાનકો વિષે સવિસ્તાર સમજાવો ?

ઉ. ૫૦ [૧] **મિથ્યાત્વ ગુણસ્થાનક :** આ ગુણ સ્થાનમાં રહેલા જીવો રાગ-દ્વેષના ગાઢ પરિણામવાળા હોય છે અને ભૌતિક ઉન્નતિમાં રાચનારા હોય છે. તેમની સર્વ પ્રવૃતિઓનું લક્ષ્ય સાંસારિક સુખોનો ઉપભોગ અને તે માટે જરૂરી સાધનોનો સંગ્રહ હોય છે. મોક્ષનો અનાદર હોય છે. મિથ્યાત્વ એટલે જીવ અને શરીરને એક જ સમજે. પાંચ ઈન્દ્રિયના વિષય અને ચાર કષાય-ક્રોધ, માન, માયા, લોભમાં અનન્ય રસ અનુભવે. મૃત્યુ પછી જીવનું શું થશે એ સંબંધી નિર્ણય કરવામાં પોતે નાખુશ છે આવી વૃત્તિ એ જ મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વના પણ પાછા પાંચ પ્રકાર છે.

અ. **અભિગ્રહિક મિથ્યાત્વ :** પૌદ્ગલિક સુખોમાં અધિક રુચિ ધરાવનાર જીવોને આ મિથ્યાત્વ હોય છે.

બ. **અનભિગ્રહિક મિથ્યાત્વ :** બધાં ધર્મો સારા, બધાં ધર્મો રુડા, બધાં દર્શનો સારાં એટલે કે સારા-ખોટાનો વિવેક ન હોવો એ મૂઢતા છે.

ક. **અભિનિવેશિક મિથ્યાત્વ :** જે જીવો ભારે કર્મી છે. મોટા ગણાતા માણસોનું આંધળું અનુકરણ કરે છે.

ડ. **સાંશયિક મિથ્યાત્વ :** તત્ત્વના સૂક્ષ્મ વિષયમાં સંશય હોય પરંતુ તે સંશય નિવારવા કોઇ ગુરુ કરવાની ઇચ્છા પણ ન હોય તે સાંશયિક મિથ્યાત્વ.

ઇ. **અનાભોગિક મિથ્યાત્વ :** જે જીવોએ એકપણ વખત સમ્યક્દર્શન પ્રાપ્ત નથી કર્યું તેવા બધા જીવો.

કાળની અપેક્ષાએ ૧. અનાદિ અનંત ૨. અનાદિ સાંત ૩. સાદિ-સાંત એમ ત્રણ મિથ્યાત્વ છે.

[૨] સાસ્વાદન સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાનક : જ્યારે જીવને મિથ્યાત્વ હોતું નથી અને સમ્યક્ત્વ પણ હોતું નથી પરંતુ સમ્યક્ત્વનો કંઇક સ્વાદ હોય છે. ત્યારે તેને સાસ્વાદન ગુણસ્થાનક કહે છે. આવો જીવ બીજે ગુણસ્થાનકે રહેલો મનાય છે. એકે માણસે દૂધપાકનું આકંઠ ભોજન કર્યું હોય પછી તેને વમન થાય ત્યારે ખાધેલો દૂધપાક બધો નીકળી જાય પણ તેનો કંઇક સ્વાદ જીભે આવે તેના જેવી આ સ્થિતિ છે. ચોથા ગુણ સ્થાનકથી તે અગિયારમાં ગુણસ્થાનકેથી કોઈ જીવ મોહના ઉદયથી લથડે (ગબડે, પડી જાય) તો આ ગુણસ્થાનકે આવે છે અને જઘન્ય ૧ સમય પછી અથવા ઉત્કૃષ્ટ છ આવલિકા પછી મિથ્યાત્વને અર્થાત પ્રથમ ગુણસ્થાનકને પામે છે. આ બીજું સાસ્વાદન ગુણસ્થાનક સાદિ સાંત છે. તે અભવ્યને હોતું નથી.

[૩] મિશ્ર (સમ્યક્-મિથ્યા દૃષ્ટિ) ગુણ સ્થાનક : દર્શન મોહનીય કર્મની બીજી પ્રકૃતિ મિશ્ર મોહનીય છે. તેના ઉદયથી જીવને સમકાળે સરખા પ્રમાણમાં સમ્યક્ત્વ અને મિથ્યાત્વ એ બે મિશ્ર થવાથી એક પ્રકારનો મિશ્રિતભાવ હોય છે, તેને સમ્યક્ મિથ્યાદૃષ્ટિ કે મિશ્ર ગુણસ્થાનક કહેવામાં આવે છે. દા.ત. ગોળ અને દહીંનો સંયોગ થાય તો એક નવીન જાતનો જ સ્વાદ આવે. આવી જ રીતે જે જીવની બુદ્ધિ સર્વજ્ઞ ભાષિત ધર્મમાં રાગ-દ્વેષ વિનાની થાય તેવા પરિણામમાં મિશ્ર ગુણસ્થાનક હોય છે. આ ગુણસ્થાનક સાદિ-સાંત છે. આ ગુણસ્થાનકે જીવ મરણ પામતો નથી. કાંતો ચોથે ગુણસ્થાનકે ચઢીને મરણ પામે યા તો કુદૃષ્ટિ થઈને મિથ્યાત્વ ગુણસ્થાનકમાં આવી મરણ પામે. આ ગુણસ્થાનકે મનની સ્થિતિ ડામાડોળ હોય છે.

[૪] અવિરત સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાનક : આ ગુણસ્થાનકે જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, એટલે આધ્યાત્મિક વિકાસનો પ્રારંભ આ

ગુણસ્થાનકથી થાય છે. આ ગુણસ્થાનકે અનંતાનુબંધી કષાયો ઉદયમાં હોતાં નથી, પરંતુ પ્રત્યાખ્યાની વગેરે કષાયો ઉદયમાં હોય છે. તેથી ચારિત્ર હોતું નથી, માટે અવિરતિ શબ્દ મૂકયો છે. આત્માની શુદ્ધ નિર્મળ એવી અરૂપી દશાને ધરનારો આત્મા તે દેહથી જુદો છે, એવી એકવાર રુચિ થતાં જ સમ્યક્દર્શન પ્રકટ થાય છે, તેને ચોથું ગુણસ્થાનક કહેવાય છે. ચોથા ગુણસ્થાને આત્મજ્ઞાનનો સંભવ થાય છે. ચોથે ગુણસ્થાનકે અનંતાનુબંધી કષાયની મુકત દશા હોવાથી આત્મ સ્વભાવનો આર્વિભાવ પ્રગટે છે અને તેની સાથે સ્વરૂપ સ્થિતિ પણ હોય છે. સમકિતના ત્રણ પ્રકાર છે.

અ. **ઔપશમિક :** અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વ મોહનીય સત્તામાં પડેલા હોય છે. પણ પ્રદેશ કે રસથી તેનો ઉદય હોતો નથી. આ સમકિત કર્મના ઉપશમને લીધે પ્રાપ્ત થયેલું હોવાથી તે ઉપશમ કે ઔપશમિક સમકિત કહેવાય છે. સમસ્ત ભવભ્રમણ દરમ્યાન વધારેમાં વધારે પાંચવાર હોઈ શકે છે અને એક ભવમાં બે વખત પણ આવી શકે છે. તેની અવધિ અંતમુહૂર્તની છે.

બ. **ક્ષાયોપશમિક :** મિથ્યાત્વ મોહનીય સત્તામાં છે. સમ્યક્ત્વ મોહનીયના દળિયા ઉદયમાં છે. પરંતુ અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વ મોહનીયના પ્રદેશોનો રસથી ઉદય નથી. આ સમકિત સમસ્ત્ ભવભ્રમણ દરમ્યાન અસંખ્યાતી વાર હોઈ શકે. તેની સ્થિતિ જઘન્ય અંતમુહૂર્ત અને ઉત્કૃષ્ટ છાસઠ (૬૬) સાગરોપમથી પણ કંઈક અધિક છે.

ક. **ક્ષાયિક :** જે જીવે ચાર કષાય, તેમજ મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વ એ ત્રણે પ્રકારનાં દર્શન મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય કર્યો છે. તેને ક્ષાયિક સમ્યક્ત્વ હોય છે. આ સમકિત સમસ્ત ભવભ્રમણ દરમ્યાન માત્ર એક જ વાર હોઈ શકે છે. આ સમકિત એકવાર આવ્યા પછી જતું નથી તેથી તેની સ્થિતિ આદિ-અનંત છે.

[૫] **દેશવિરતિ ગુણ સ્થાનક :** આ ગુણસ્થાનકે કેટલાક અંશે વિરતિપણું છે અને કેટલાક અંશે અવિરતિપણું છે, કેટલાક અંશે અસંયતપણું છે કેટલાક અંશે વ્રતીપણું છે અને કેટલાક અંશે અવ્રતીપણું છે. ચોથા ગુણસ્થાનકે વિવેક છે, પરંતુ ચારિત્ર મોહનીય કર્મની પ્રબળ અસરને લીધે

તે વિવેકનો અમલ થઈ શકતો નથી. જ્યારે પાંચમે ગુણસ્થાનકે ચારિત્ર મોહનીય કર્મનું બળ અમુક પ્રમાણમાં ઘટે છે, તેથી સમજેલી વસ્તુને અમલમાં મૂકવાનો પ્રયત્ન થાય છે. અહીં બધી પાપવૃત્તિઓને છોડી શકતો નથી, પરંતુ અમુકને છોડવાનો પ્રયત્ન કરે છે તેને દેશવિરતિ કહેવામાં આવે છે. દેશવિરતિ એટલે અમુક અંશે વિરતિ, શ્રાવકનાં બાર વ્રતો અંગીકાર કરે છે, જેટલા ના અંગીકાર થાય તેના માટે ભાવના ભાવે છે. (પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો, ચાર શિક્ષાવ્રતો) સ્થૂલ હિંસા, સ્થૂલ ચોરી, સ્થૂલ જૂઠ, સ્થૂલ વિષય, સ્થૂલ પરિગ્રહ નથી હોતાં. આ ગુણસ્થાનકે એક બાજુ સર્વ વિરતિ અને બીજી બાજુ અવિરતિ એ બે વચ્ચેની સ્થિતિ છે. આ ગુણ સ્થાનકે આર્તધ્યાન, રૌદ્રધ્યાન મંદ હોય છે. આ ગુણસ્થાનક વાળો જીવ ઉલ્લાસભેર વીતરાગ વાત સાંભળે છે. પાંચમે ગુણ સ્થાનકે અંશે સ્વરૂપ સ્થિરતા થાય છે. પાંચમે ગુણ સ્થાનકે દેશે ચારિત્રઘાતક કષાયો રોકાવાથી ચોથા કરતાં વિશેષ આત્મ સ્વભાવનું આર્વિભાવપણું થાય છે.

[૬] પ્રમત્ત (સર્વ વિરતિ) ગુણ સ્થાનક : અહીં જે જીવ મન, વચન, કાયાથી કોઈપણ પાપ કરવું, કરાવવું કે અનુમોદવું નહીં એવું મૃત્યુ આવે ત્યાં સુધીનું સામાયિકનું પચ્ચક્ખાણ કરે એટલે દૃઢ નિશ્ચય કરે અને પાંચ મહાવ્રતોને ધારણ કરે તે સર્વવિરતિમાં આવ્યો ગણાય અને તેને સંયત કહેવાય, એટલે કે સાધુ કહેવાય. આ સંયત જીવો પાંચ મહાવ્રતોના રક્ષણ માટે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપ અષ્ટપ્રવચન માતાનું પાલન કરે. આ સાધુપણામાં પ્રમાદનો સંભવ હોવાથી પ્રમત્ત સંયત અવસ્થા ગણાય છે. મોક્ષના ધ્યેય માટે સ્વાધ્યાય, ધ્યાન, તપ કરી જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધિ કરતાં રહે. સંજ્વલન કષાયોના તિવ્ર ઉદયથી સાધુ પ્રમાદયુકત થાય છે. આ ગુણ સ્થાનકની જઘન્ય સ્થિતિ એક સમય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતમુહૂર્તની છે. આ ગુણસ્થાનકે પ્રમાદ દશા આવે છે જે જ્ઞાનની રોધક નથી, પરંતુ ચારિત્રની રોધક જરૂર છે. છઠ્ઠામાં કષાયો વિશેષ રોકાવાથી સર્વ ચારિત્રનું ઉદયપણું છે એથી આત્મ સ્વભાવનું વિશેષ આર્વિભાવપણું છે. આ પ્રમત્ત સર્વ વિરતિ કહેવાય છે. છઠ્ઠું ગુંઠાણું એટલે સ્ત્રી, પુરુષો બધું છોડ્યું તેને નહીં પણ અપ્રત્યાખ્યાન આવરણ ના હોવું જોઈએ. પ્રત્યાખ્યાન કરીએ તોય પાછું એનું એ જ દેખાય ફરી પાછું ડુંગળીનાં પડ દેખાય એ

પ્રત્યાખ્યાન આવરણ. પ્રત્યાખ્યાન આવરણ છે અને મહીં ઉદય થાય પણ કાર્યકારી ના થાય તો એ સંજવલન કહેવાય. કષાય કાર્યકારી થાય રૂપકમાં દેખાય એવા કાર્યકારી થાય છે માટે પચ્ચક્ખાણી પ્રતિક્રમણ કર્યા છે છતાં હજી બાકી રહ્યાં છે આ ગાંઠ મોટી હોવાથી એ પ્રત્યાખ્યાની કહેવાય. આ ગુણસ્થાનકે ચિંતા બંધ થઈ જાય છે.

[૭] અપ્રમત્ત સર્વ વિરતિ ગુણ સ્થાનક : છઠ્ઠામાં પ્રમાદ સેવાય છે. ઈન્દ્રિયોની લોલુપતા જોઈએ તેવી છોડી શકે નહીં જયારે આ સાતમા ગુણ સ્થાનકમાં સર્વ લોલુપતા છોડી શકે છે. થોડો પણ પ્રમાદ જીવમાં રહેતો નથી. આ ગુણસ્થાને જીવને પૂર્ણ જાગ્રત દશાનાં ચિહ્નો સ્ફુરતાં હોય છે. પ્રત્યાખ્યાન આવરણ કોક ફેરો એક કલાક માટે બેસી જાય ત્યારે આ અપ્રમત્ત નામનું સાતમું ગુંઠાણું આવે છે. અડતાળીસ મિનિટ આત્માના ઉપયોગમાં રહેવું તે અપ્રમત્ત. અડતાળીસ મિનિટ સુધી જગત વિસ્મૃત રહે અને શુદ્ધાત્મા તથા તેના ગુણો યાદ રહે તે સાતમું ગુંઠાણું અપ્રમત્ત કહેવાય. આ કાળમાં સાતમાં ગુણસ્થાનથી આગળ કોઈ જાય નહીં. સંજવલન કષાયોનો ઉદય મંદ થતાં સાધુ પ્રમાદ રહિત થવાથી અપ્રમત્ત બને છે. આ ગુણ સ્થાનકમાં જરાપણ પ્રમાદ થયો કે છઠ્ઠા ગુણ સ્થાનકે આવી જાય છે. વળી પાછો પ્રમાદ જાય એટલે સાતમે આવી જાય છે. આમ છઠ્ઠા અને સાતમા ગુણ સ્થાનકનું પરિવર્તન લાંબા કાળ સુધી ચાલ્યા કરે છે. આ ગુણસ્થાનકે જઘન્ય સ્થિતિ એક સમય અને ઉત્કૃષ્ટથી અંતમુહુર્ત પર્યંત હોય છે. આ ગુણ સ્થાનકે ધર્મધ્યાનનો આશરો જીવ લે છે આ ધર્મધ્યાનથી ચિત્તશુદ્ધિમાં વૃદ્ધિ થતી જાય છે.

[૮] નિવૃત્તિકરણ (અપૂર્વકરણ) ગુણ સ્થાનક : આત્મા સમ્યક્ત્વ પ્રાપ્ત કરતી વખતે રાગ-દ્વેષની નિબિડ ગ્રંથિનો ભેદ કરે તેને પણ અપૂર્વકરણ કહેવાય અને આઠમાં ગુણ સ્થાનકે જે અપૂર્વકરણ થાય છે તે જુદું છે. જેમ એક નામવાળા બે પર્વતો કે બે શહેરો હોય તે પ્રમાણે અહીં પણ જુદું સમજવું. આ અપૂર્વકરણમાં મુખ્યત્વે પાંચ વસ્તુઓ હોય છે. ૧. સ્થિતિઘાત ૨. રસઘાત ૩. ગુણશ્રેણી ૪. ગુણ સંક્રમ ૫. અપૂર્વ સ્થિતિબંધ. આ પાંચ વસ્તુઓ જીવે અનંત સંસારમાં આ અગાઉ કદી ક્યારેય કરી નથી તેથી તેને અપૂર્વકરણ કહેવામાં આવે છે.

અ. **સ્થિતિઘાત :** કર્મની દીર્ઘ લાંબી સ્થિતિને અપવર્તનાકરણ વડે ન્યૂન, ન્યૂનતર કે ન્યૂનતમ કરવી તે સ્થિતિઘાત કહેવાય.

બ. **રસઘાત :** કર્મના તીવ્ર રસને અપવર્તનાકરણ વડે મંદ મંદતર કે મંદતમ્ બનાવવો તે રસઘાત કહેવાય.

ક. **ગુણશ્રેણી :** આત્માની વિશુદ્ધિથી ઉપરની સ્થિતિ સ્થાનોમાંથી દલિકો ગ્રહણ કરી ઉદય સમયથી અંતમુહૂર્ત સુધી અસંખ્ય ગુણના ક્રમ ગોઠવવા તે ગુણશ્રેણી કહેવાય. આ ગુણશ્રેણીમાં ઉપશમ તથા ક્ષપક શ્રેણી હોય છે. ઉપશમ શ્રેણીએ ચડનારો આત્મા મોહનીય કર્મની પ્રકૃતિઓનું ઉપશમન કરે તેથી ઉપશમક કહેવાય. ક્ષપક શ્રેણીએ ચડનારો આત્મા મોહનીય કર્મની પ્રકૃતિઓનો ક્ષય કરે તેથી તે ક્ષપક શ્રેણી કહેવાય.

ડ. **ગુણ સંક્રમણ :** બંધાઈ રહેલી શુભ પ્રકૃતિમાં સત્તામાં રહેલા અશુભ પ્રકૃતિના દળિયા વિશુદ્ધિપૂર્વક ઉત્તરોત્તર અસંખ્યાત ગુણ વૃદ્ધિએ સંક્રમવા બહુ મોટી સંખ્યામાં નાંખવા તે ગુણ સંક્રમણ છે.

ઇ. **અપૂર્વસ્થિતિ બંધ :** પૂર્વપૂર્વ સ્થિતિ બંધથી ઉત્તરોત્તર સ્થિતિ પલ્યોપમના સંખ્યાત ભાગ પ્રમાણ ન્યૂન, ન્યૂનતર અંતમુહૂર્તે થાય તેનું નામ અપૂર્વસ્થિતિ બંધ. આ ગુણસ્થાનકે સ્થૂલ કષાયો રહે છે માટે બાદર શબ્દ મૂક્યો છે.

આઠમાં ગુણસ્થાનકે શુક્લ ધ્યાનનો પ્રારંભ થાય છે. આ ગુણ સ્થાનકે ક્રોધ સંપૂર્ણપણે જાય છે. આ ગુણસ્થાનકે અપૂર્વ આનંદ આનંદ થઈ જાય છે.

[૯] **અનિવૃત્તિકરણ (બાદર સંપરાય) :** નિવૃત્તિ એટલે અધ્યવસાયોની ભિન્નતા તે અહીં હોતી નથી. આ ગુણ સ્થાનકે સમકાળે આવેલા સર્વ જીવોના અધ્યવસાય સરખા હોય છે. દસમા ગુણસ્થાનકની અપેક્ષાએ અહીં કષાયો બાદર હોય છે. આ ગુણસ્થાનકે મોહનીય કર્મની વીસ પ્રકૃત્તિઓને અને આગળ બીજી સાત પ્રકૃત્તિઓનો ઉપશમ કે ક્ષય થયેલો છે એટલે અહીં સંજવલન લોભ જ બાકી રહે છે. જ્યાં સુધી સ્ત્રી પરિગ્રહ છે ત્યાં સુધી આ નવમું ગુંઠાણું ઓળંગાય નહીં. મન, વચન, કાયાથકી વિષય સંપૂર્ણપણે નિવૃત્ત થાય ત્યારે નવમું ગુણસ્થાનક ઓળંગાય. જ્યાં સુધી

સ્ત્રીનો કે વિષયનો સહેજ પણ વિચાર આવે ત્યાં સુધી આ નવમું ગુંઠાણું ઓળંગાય જ નહીં. આ ગુણસ્થાનકે માન જાય છે.

[૧૦] સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક : સ્થૂલ કષાયો સંપૂર્ણ નાશ પામેલ હોય પણ સૂક્ષ્મ કષાયો રહે છે તેથી સૂક્ષ્મ સંપરાય કહેવાય છે. લોભ છેલ્લે સુધી રહે છે. તે ઘણો પાતળો બનાવી દેવામાં આવે છે અંતમાં લોભ જાય છે.

[૧૧] ઉપશાંત મોહ ગુણસ્થાનક : ઉપશમ શ્રેણી કરતાં જીવ દશમા ગુણસ્થાનકેથી અગિયારમાં ગુણસ્થાને આવે છે, પણ ક્ષપક કરતો જીવ આ સ્થાને ન આવતાં સીધો બારમાં ગુણસ્થાનકે પહોંચી જાય છે. જ્યાં બધાં મોહનીય કર્મો અમુક સમય સુધી ઉપશાંત થઈ જાય એવી દશાને ઉપશાંત મોહ ગુણસ્થાન કહેવામાં આવે છે. જઘન્ય એક સમય ઉત્કૃષ્ટથી એક અંતમુહૂર્ત. વળી પાછો કષાય મોહનીય કર્મનો ઉદય થતાં અહીંથી પડીને છઠ્ઠે, સાતમે, ચોથે કે પહેલે પણ પહોંચી જાય છે. આ ગુણસ્થાનકે આવનાર જીવનું અવશ્ય પતન એટલે કે પડવાનું થાય જ છે. આ ગુણ સ્થાનકે મોહ જાય છે.

[૧૨] ક્ષીણ મોહ ગુણસ્થાનક : જેનું મોહનીય કર્મ સર્વથા ક્ષીણ થયું હોય તેવી અવસ્થાને ક્ષીણ મોહ ગુણસ્થાનક કહેવાય છે. આ ગુણ સ્થાનને પામેલો આત્મા વીતરાગી કહેવાય. બારમાં ગુણસ્થાનના છેલ્લા સમયે બાકીના ત્રણ ઘાતીકર્મનો નાશ થાય છે. શુક્લ ધ્યાનના બીજા પાયાનું ધ્યાન થાય છે. બારમામાં શુક્લ ધ્યાનના બે પાયા હોય છે. પહેલો આત્માનું અસ્પષ્ટ વેદન અને બીજો પાયો આત્માનું સ્પષ્ટ વેદન. આત્માનું વેદન થવું એને બારમું ગુણસ્થાન કહે છે.

[૧૩] સયોગી કેવલી ગુણસ્થાનક : ચારે ઘાતીકર્મનો ક્ષય થતાં કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થાય છે. હવે માત્ર ચાર અઘાતીકર્મનો ક્ષય કરવાનો બાકી છે. અહીં અઘાતી કર્મના વિપાક સહજ અને સમભાવે ભોગવે છે. અહીં મન, વચન, કાયાનો યોગ છે, માટે સયોગી કેવલી કહેવાય. અહીંની જઘન્ય સ્થિતિ અંતમુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન્ કોટી પૂર્વ હોય છે. સમુદ્ઘાત નામની ક્રિયા આ સ્થાને શક્ય બને છે.

[૧૪] અયોગી કેવલી ગુણસ્થાનક : મન, વચન, કાયાના યોગનો નિરોધ કરી અયોગી એટલે યોગરહિત બને ત્યારે તેની અવસ્થા અયોગીકેવલી કહેવામાં આવે શુક્લધ્યાનનું ચોથા પાયાનું ધ્યાન શરૂ કરે તે વડે સૂક્ષ્મ કાય યોગનો પણ નિરોધ કરે અને ચોથા ધ્યાન પછી સિદ્ધ ક્ષેત્રમાં ચાલ્યો જાય.

પ્ર. ૫૧ દરેક ગુણસ્થાનકમાં કેટલા પ્રકારે બંધ પડે તે કહો ?

ઉ. ૫૧ ૧. મિથ્યાત્વ ગુણ સ્થાનમાં ૧૨૦ માંથી ૧૧૭નો બંધ પડે

૨. સાસ્વાદન ગુણ સ્થાનમાં ૧૦૧નો બંધ થાય છે નીચેની ૧૬નો બંધ થતો નથી.

૩. મિશ્ર ગુણ સ્થાનમાં ૧૦૧ માંથી નીચેની ૨૭ સિવાય ૭૪નો બંધ થાય છે.

૪. અવિરત સમ્યક્ત્વમાં ૭૪ માં મનુષ્યાયુ, દેવાયુ, તીર્થંકર મળીને ૭૭ નો બંધ થાય છે. ૪૩ પ્રકૃતિનો બંધ થતો નથી.

૫. દેશ વિરતિમાં ૭૭ માં ૧૦ ઓછી ૬૭ પ્રકૃતિનો બંધ થાય છે.

૬. પ્રમત્ત વિરતિમાં ૬૭માં ૪ ઓછી ૬૩ પ્રકૃતિનો બંધ થાય છે.

૭. અપ્રમત્ત વિરતિમાં ૬૩માં ૬ ઘટીને અને ૨ ઉમેરીને ૫૯ નો બંધ થાય છે.

૮. અપૂર્વકરણમાં ૫૯ માંથી દેવાયુ ઘટાડીને ૫૮ નો બંધ થાય છે.

૯. અનિવૃતિકરણમાં ૫૮ માંથી ૩૬ ઘટીને ૨૨ નો બંધ થાય છે.

૧૦. સૂક્ષ્મ સંપરાયમાં ૨૨ માંથી ૫ જતાં ૧૭ પ્રકૃત્તિનો બંધ થાય છે.

૧૧. ઉપશાંત મોહમાં ૧૭ માંથી ૧૬ જતાં એક શાતાવેદનીયનો બંધ થાય છે.

૧૨. ક્ષીણ મોહ } આ બંનેમાં પણ શાતાવેદનીયનો
૧૩ સયોગી કેવલી } બંધ થાય છે.

પ્ર. ૫૨ કયા ગુણસ્થાનકે જીવનું મરણ થતું નથી ?

ઉ. ૫૨ મિશ્ર ગુણસ્થાનકમાં રહેલો જીવ નવું આયુષ્ય બાંધે નહીં અને મરણ પામે નહીં. ત્રીજા, બારમાં અને તેરમાં આ ત્રણ ગુંઠાણે જીવ મરણ પામે નહીં. બાકીના ગુંઠાણે મરણ થાય. પરંતુ પહેલું, બીજું કે ચોથું ગુંઠાણું લઈને જ જવાય. બાકીના આઠ ગુણસ્થાન પરભવમાં સાથે જતાં નથી.

પ્ર. ૫૩ મહાત્માઓ તથા પૂજ્ય શ્રી દાદા કયા ગુણસ્થાનમાં ગણાય ?

ઉ. ૫૩ મહાત્માઓને નિશ્ચયથી બારમું ગુણસ્થાનક અને વ્યવહારથી પાંચમું ગુંઠાણું એવી દશા છે. હવે છઠ્ઠા ગુંઠાણામાં કયારે આવે તો કે નિર્જીવ ક્રોધ, માન, માયા, લોભ છે તે વાળી લેવાય, એવા થાય એટલે કે કોઈને નુકશાન ન થાય અને આપણને ખબર પડે કે તરત જ વાળી લેવાય તો તે છઠ્ઠા

ગુંઠાણામાં આવ્યો કહેવાય. આ જગતની કોઈપણ વિનાશી ચીજ મને ખપતી નથી એવું નિશ્ચયથી સાચા ભાવથી બોલો તો ભલે કપડાં બદલ્યાં ના હોય તોયે વ્યવહારમાં છઠ્ઠું ગુંઠાણું પ્રાપ્ત થયું એમ કહેવાય. પૂજ્ય શ્રી દાદાને વ્યવહારમાં દશમું ગુણસ્થાનક અને નિશ્ચયમાં બારમું ગુણસ્થાન છે. દર દસ લાખ વર્ષે નિયમથી પ્રગટ થતાં આ અક્રમ વિજ્ઞાનને કારણે જ આ કળિકાળમાં આ વસ્તુ શક્ય બની છે.

પ્ર. ૫૪ અનુત્તરવાસી દેવોને કેટલામું ગુંઠાણું હોય ?

ઉ. ૫૪ અનુત્તરવાસી દેવોને ચોથું ગુંઠાણું હોય છે.

પ્ર. ૫૫ ચોથા, પાંચમાં ગુંઠાણામાં રહેલો ઉત્કૃષ્ટ કેટલા દેવલોક સુધી જઈ શકે ?

ઉ. ૫૫ વજ્ર ઋષભનારાય સંઘયણવાળો શ્રાવક બારમા દેવલોક સુધી જાય પણ છેવટ્ઠા સંઘયણવાળો હોય તો ચોથા દેવલોકથી ઉપર ન જાય.

પ્ર. ૫૬ દેશવિરતિવાળો જીવ કઈ ગતિમાં જાય ?

ઉ. ૫૬ દેશવિરતિ ગુણ સ્થાનકે (પાંચમે ગુણસ્થાનકે) જે જીવને આયુષ્ય બંધ થાય તો તે દેવગતિમાં જાય છે.

પ્ર. ૫૭. જિનનામ કર્મ આઠમાં ગુણસ્થાનક સુધી બંધાય અને પછીથી નવમાં ગુણ સ્થાનકમાં કેમ ન બંધાય ?

ઉ. ૫૭ તથા પ્રકારના અધ્યવસાયનો અભાવ હોવાથી નવમાં ગુણ સ્થાનકે જિનનામ કર્મ બંધાતું નથી.

પ્ર. ૫૮ આખા સંસારચક્રમાં ઉપશમ શ્રેણી દસમું ગુણસ્થાનક કેટલીવાર પામી શકે ?

ઉ. ૫૮ ચાર વાર પામી શકે છે. અર્થાત્ એક ભવમાં ઉત્કૃષ્ટથી બે વખત ઉપશમશ્રેણી પામી શકે છે. બીજી વખત બે વખત પામી શકે છે. એટલે આખા સંસારચક્રમાં ચાર વખતથી વધારે પામી શકે નહી તે પછી એ મોક્ષે જવાના ભવમાં ક્ષપકશ્રેણી જ માંડે એ નક્કી વાત છે.

પ્ર. ૫૯ ઉપશમ શ્રેણી અને ક્ષપક શ્રેણી એટલે શું ?

ઉ. ૫૯ આઠમે ગુણ સ્થાનકે ઉપશમ કે ક્ષપકશ્રેણી મંડાય છે. કર્મોનો ઉપશમ દબાવતો જાય તે ઉપશમ શ્રેણી. પ્રથમના ત્રણ સંઘયણથી અગિયારમેથી અવશ્ય પડે. કર્મોનો ક્ષય કરતો જાય તે ક્ષપક શ્રેણી કહેવાય. આ વ્યકિત દસમેથી બારમે જાય અને ક્ષપક શ્રેણી વાળો જીવ જો પ્રથમ સંઘયણવાળો હોય તો તેથી કેવળજ્ઞાન પામી અવશ્ય મોક્ષે જાય.

પ્ર. ૬૦ અગિયારમું ગુણ સ્થાનક કેવુ છે ?

ઉ. ૬૦ અગિયારમું એવું છે કે ત્યાં પ્રકૃતિઓ ઉપશમ ભાવમાં હોવાથી મન, વચન, કાયાના યોગ પ્રબળ શુભ ભાવમાં વર્તે છે એથી શાતાનો બંધ થાય છે અને એ શાતા ઘણું કરીને પાંચ અનુત્તર વિમાનના દેવ જેવી હોય છે.

પ્ર. ૬૧ અગિયારમાં ગુણસ્થાનકથી લથડેલો ઓછામાં ઓછાં અને વધારેમાં વધારે કેટલા ભવ કરે ?

ઉ. ૬૧ અગિયારમેથી લથડેલો ઓછાંમાં ઓછા ત્રણ અને વધારેમા વધારે પંદર ભવ કરે.

પ્ર. ૬૨ અગિયારમાં ગુણસ્થાનકેથી જીવ પાછો શું કારણે પડે છે ?

ઉ. ૬૨ પ્રત્યક્ષ દર્શનના સંભવને અભાવે અગિયારમેથી જીવ પાછો પડે છે.

પ્ર. ૬૩ પહેલુ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય કે સયોગી ગુણસ્થાનક ?

ઉ. ૬૩ બંને સાથે થાય એ વાત નયની અપેક્ષાએ સમજવી. બારમાંના અંતે જ્ઞાનવરણીય આદિનો નાશ થાય છે. નાશ અને કેવળજ્ઞાન થવામાં એક સમયનું અંતર નથી આ અપેક્ષાએ કેવળજ્ઞાન બારમે થાય છે અને સયોગી ગુણસ્થાનક તે પછી પ્રાપ્ત થાય છે.

પ્ર. ૬૪ કયા ગુણસ્થાનકે આયુષ્યનો બંધ થાય ?

ઉ. ૬૪ ચોથે અને પાંચમે ગુણસ્થાનકે આયુષ્યનો બંધ ખુશીથી થાય છે. ૩, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ આ આઠ ગુણસ્થાનકો એ આયુષ્ય ન બંધાય પરંતુ છઠ્ઠા ગુણ સ્થાનકે આયુષ્ય બાંધવુ શરૂ કરીને આયુષ્ય બાંધતો સાતમે ગુણસ્થાનકે જાય તો ત્યાં પણ આયુષ્યનો બંધ સંભવે બાકી શરૂઆતની અપેક્ષાએ તો સાતમે ગુણસ્થાનકે આયુષ્યનો બંધ થતો નથી.

પ્ર. ૬૫ કયા ગુણઠાણાનો કાળ ઓછામાં ઓછો હોય ?

ઉ. ૬૫ ૧. ચૌદમાં ગુણઠાણાનો કાળ પાંચ હ્રસ્વાક્ષર પ્રમાણે એટલે અ, ઇ, ઉ, ઋ, લુ ને બોલતા પુરો થઇ જાય.

૨. બીજા ગુણ ઠાણાનો કાળ છ આવલિકા પ્રમાણ છે.

૩. ત્રીજા, છઠ્ઠા, સાતમાં, આઠમાં, નવમાં, દસમાં, અગિયારમાં, બારમાંનો કાળ અંતમુહૂર્ત પ્રમાણ છે.

૪. આઠમાં ગુણસ્થાનકથી બારમાં ગુણસ્થાનકનો ભેગો કાળ પણ અંતમુહૂર્ત પ્રમાણ છે.

૫. છઠ્ઠા અને સાતમાં ગુણસ્થાનકનો ભેગો કાળ આઠ વર્ષ ઉણ પૂર્વ કોડ વર્ષનો છે.

૬. છઠ્ઠે ગુણસ્થાનકે અંતમુહૂર્તથી વધારે રહે તો નીચે જાય અને સાતમે ગુણસ્થાનકે વધારે રહે તો શ્રેણીએ ચઢી ઉંચે જાય એટલે છઠ્ઠું-સાતમું ઝોલા લેતું હીંડોળા જેવું છે.

પ્ર. ૬૬ કયા ગુણસ્થાનકનો કાળ વધારે હોય ?

ઉ. ૬૬ ૧. તેરમાં ગુણસ્થાનકનો નવ વર્ષ ઉણ પૂર્વ ક્રોડ વર્ષ છે.

૨. છઠ્ઠા-સાતમાંનો કાળ આઠ વર્ષ ઉણ પૂર્વ ક્રોડ વર્ષ છે.

૩. પાંચમા ગુણસ્થાનકનો કાળ આઠ વર્ષ ઉણ પૂર્વ ક્રોડ વર્ષ છે.

૪. ચોથા ગુણસ્થાનકનો એક ભવાશ્રી ૩૩ સાગરોપમ હોય છે.

અ - ક્ષાયિક સમકિતનો કાળ સાદિ અનંત હોય છે.

બ - ક્ષયોપક્ષમ સમકિતનો કાળ ૬૬ સાગરોપમનો હોય છે.

ક - ઉપશમ સમકિતનો કાળ અંતમુહૂર્તનો હોય છે.

પ્ર. ૬૭ કયા ગુણસ્થાનકે કેટલા પરિષહ હોય છે ?

ઉ. ૬૭ ૧. દસમાં, અગિયારમાં અને બારમાં ગુણસ્થાનકે નીચે મુજબ ચૌદ પરિષહ હોય છે. ૧. ભૂખ ૨. તરસ ૩. ઠંડી ૪. ગરમી ૫. દેશમશક ૬. ચર્યા ૭. શૈયા ૮. વધ ૯. અલાભ ૧૦. રોગ ૧૧. તૃણ સ્પર્શ ૧૨. મલ ૧૩. પ્રજ્ઞા ૧૪. અજ્ઞાન

૨. તેરમા ગુણસ્થાનકે અગિયાર પરિષહ હોય છે.

ઉપર જણાવેલ ચૌદમાંથી અલાભ, પ્રજ્ઞા અને અજ્ઞાન આ ત્રણ પરિષહ હોતા નથી અને તે પણ સદ્ભાવ વેદનીય કર્મના સદ્ભાવને કારણે (અપેક્ષાથી) બતાવ્યા છે.

૩. છઠ્ઠા, સાતમાં, આઠમાં અને નવમાં ગુણસ્થાનકમાં બાવીસ પરિષહ હોય છે.

પ્ર. ૬૮ જુદા જુદા ગુણસ્થાનકમાં રહેલો જીવ કેટ કેટલી કર્મ પ્રકૃતિઓને બાંધે છે અને કેટલી પ્રકૃતિઓને વેદે છે. તે જણાવો ?

ઉ. ૬૮ ૧. મિથ્યાત્વ ગુણસ્થાનકમાં ૧૧૭ કર્મપ્રકૃતિઓને બાંધે છે અને તેટલી જ પ્રકૃતિઓને વેદે છે.

૨. સાસ્વાદન ગુણસ્થાનકમાં ૧૦૧ કર્મપ્રકૃતિઓને બાંધે છે. અને ૧૧૧ પ્રકૃતિઓને વેદે છે.

૩. મિશ્ર ગુણસ્થાનકમાં ૭૪ કર્મ પ્રકૃતિઓને બાંધે છે અને ૧૦૦ પ્રકૃતિઓને વેદે છે.

૪. ચોથા ગુણસ્થાનકમાં ૭૭ કર્મ પ્રકૃતિઓને બાંધે છે અને ૧૦૪ પ્રકૃતિઓને વેદે છે.

૫. પાંચમાં ગુણસ્થાનકમાં ૬૭ કર્મ પ્રકૃતિઓને બાંધે છે અને ૮૭ પ્રકૃતિઓને વેદે છે.

૬. છઠ્ઠા ગુણસ્થાનકમાં ૬૩ કર્મ પ્રકૃતિઓને બાંધે છે અને ૮૧ પ્રકૃતિઓને વેદે છે.

૭. સાતમાં ગુણસ્થાનકમાં ૫૯ કર્મ પ્રકૃતિઓને બાંધે છે અને ૭૬ પ્રકૃતિઓને વેદે છે.

૮. આઠમાં ગુણસ્થાનકમાં ૫૮ કર્મ પ્રકૃતિઓને બાંધે છે અને ૭૨ પ્રકૃતિઓને વેદે છે.

૯. નવમાં ગુણસ્થાનકમાં ૨૨ કર્મ પ્રકૃતિઓને બાંધે છે અને ૬૬ પ્રકૃતિઓને વેદે છે.

૧૦. દશમાં ગુણસ્થાનકમાં ૧૭ કર્મ પ્રકૃતિઓને બાંધે છે અને ૬૦ પ્રકૃતિઓને વેદે છે.

૧૧. બારમાં ગુણસ્થાનકમાં ૧ કર્મ પ્રકૃતિને બાંધે છે અને ૫૭ પ્રકૃતિઓને વેદે છે.

પ્ર. ૬૯ પાંચમાં ગુણસ્થાનકમાં રહેલો જીવ કઇ ગતિમાં ઉત્પન્ન થાય અને આ સંસારમાં કેટલા ભવ કરીને મોક્ષે જાય ?

ઉ. ૬૯ દેવગતિમાં ઉત્પન્ન થાય છે અને જઘન્ય ત્રણ ભવ તથા ઉત્કૃષ્ટ પંદર ભવ કરીને મોક્ષે જાય છે.

પ્ર. ૭૦ દસમાં સુક્ષ્મસંપરાય ગુણસ્થાનકની માર્ગણા કેટલી હોય છે ?

ઉ. ૭૦ ચાર માર્ગણા હોય છે. પ્રતિપાતી હોય તો નવમાં અનિવૃતિબાદર ગુણસ્થાનકમાં તથા અગિયારમાં ઉપશાંતમોહ ગુણસ્થાનકમાં જાય છે. અપ્રતિપાતી હોય તો બારમાં ક્ષીણમોહ ગુણસ્થાનકમાં જાય છે, જો મૃત્યુ થાય તો અવિરત સમ્યદૃષ્ટિ ગુણસ્થાનકમાં ઉત્પન્ન થાય છે.

પ્ર. ૭૧ પાંચ માર્ગણા કયા ગુણસ્થાનકમાં હોય છે ?

ઉ. ૭૧ પાંચ માર્ગણા ચોથા અવિરત સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાનકમાં હોય છે. જો પડે તો પહેલે, બીજે, ત્રીજા ગુણસ્થાનકમાં જાય અને ચઢે તો પાંચમાં તથા સાતમે ગુણસ્થાનકે જાય છે.

પ્ર. ૭૨ શુક્લધ્યાન કયા ગુણસ્થાનકથી પ્રારંભ થાય છે ?

ઉ. ૭૨ શુક્લધ્યાન આઠમાં અપૂર્વકરણ ગુણસ્થાનકથી પ્રારંભ થાય છે.

પ્ર. ૭૩ ચોથા, પાંચમાં અને આઠમાં ગુણસ્થાનકમાં કેટલી જીવ યોનિ હોય છે ?

ઉ. ૭૩ ચોથા ગુણસ્થાનકમાં ૨૬ લાખ જીવયોનિયો છે. પાંચમાં ગુણસ્થાનકમાં ૧૮ લાખ જીવયોનિયો તથા આઠમાં ગુણસ્થાનકમાં ૧૪ લાખ જીવયોનિયો છે.

પ્ર. ૭૪ છઠ્ઠા ગુણસ્થાનકમાં એક સાથે કેટલા જીવો હોઈ શકે છે ?

ઉ. ૭૪ છઠ્ઠા ગુણસ્થાનકમાં એક સાથે જઘન્યથી બે હજાર ક્રોડ તથા ઉત્કૃષ્ટથી નવ હજાર ક્રોડ જીવો હોઈ શકે છે.

પ્ર. ૭૫ વિકલેન્દ્રિયના અપર્યાપ્ત જીવમાં કેટલા ગુણસ્થાનક હોઈ શકે ?

ઉ. ૭૫ વિકલેન્દ્રિયના અપર્યાપ્ત જીવમાં પહેલું મિથ્યાત્વ અથવા બીજું સાસ્વાદન ગુણસ્થાનક હોઈ શકે છે.

પ્ર. ૭૬ સૌથી ઓછા જીવો કયા ગુણસ્થાનકમાં હોય છે અને સૌથી વધુ જીવો કયા ગુણસ્થાનકમાં હોય છે ?

ઉ. ૭૬ સૌથી ઓછા જીવો અગિયારમાં ઉપશાંતમોહ ગુણસ્થાનકમાં હોય છે અને સૌથી વધુ જીવો પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકમાં હોય છે.

પ્ર. ૭૭ ચૌદ ગુણસ્થાનકોમાંથી સૌથી વધુ સ્થિતિ કયા ગુણસ્થાનકની છે તથા સૌથી ઓછી સ્થિતિ કયા ગુણસ્થાનકની છે ?

ઉ. ૭૭ ચૌદ ગુણસ્થાનકોમાંથી સૌથી વધુ સ્થિતિ ચોથા અવિરત સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાનકની ગણાય છે, જે ૬૬ સાગરોપમની છે. તથા સૌથી ઓછી ચૌદમાં અયોગીકેવલી ગુણસ્થાનકની છે.

પ્ર. ૭૮ પહેલા, પાંચમાં અને સાતમાં ગુણસ્થાનકમાં કેટકેટલા હેતુ હોય છે ?

ઉ. ૭૮ પહેલા ગુણસ્થાનકમાં પંચાવન હેતુ હોય છે, પાંચમાં ગુણસ્થાનકમાં ચાલીસ હેતુ હોય છે અને સાતમાં ગુણસ્થાનકમાં ચોવીસ હેતુ હોય છે.

ૐ

પર્વ ત્રીજું
ચિત્ત, ચારિત્ર

પ્ર. ૧ ચિત્ત એટલે શું ?

ઉ. ૧ ચિત્ત એ તો રીલેટિવ આત્મા છે. ચિત્ત એ ટેમ્પરરી આત્મા છે તે જોઇ શકે, જાણી શકે અને ગમે ત્યાં જઇ શકે તે ચિત્ત કહેવાય. ચિત્ત એટલે જ્ઞાન અને દર્શન ભેગાં કરવાથી જે ભાવ ઉત્પન્ન થાય તે. ટૂંકમાં ચિત્ત એટલે જ્ઞાન + દર્શન. જડ પણ નહીં અને ચેતન પણ નહીં એટલે મિશ્રચેતન કહેવાય. ચિત્તનું કાર્ય ભટકવાનું છે અને જેમ છે તેમ ફોટા પાડવાનું કામ કરે છે. ચિત્ત શરીરની અંદર તથા શરીરની બહાર બધે ભટકી શકે છે. ચિત્ત તો વ્યવહારિક ચેતન છે. એ અશુદ્ધ છે એટલે વ્યવહારિક ચેતન કહેવાય છે, મિકેનિકલ ચેતન કહેવાય છે. મિકેનિકલ ચેતન એટલે પાવર ચેતન કહેવાય. આત્માનો જે ભાગ આવરાયો છે તે ભાગ ચિત્ત છે, એટલે કે આત્માનો જે ભાગ આવરાયેલો છે એને ચિત્ત કહે છે. ચિત્ત એટલે જ્ઞાન અને દર્શન પરંતુ આ જ્ઞાનદર્શન અહંકાર સહિત છે તેથી અશુદ્ધ ચિત્ત કહેવાય. આ અશુદ્ધ ચિત્ત જયારે શુદ્ધ થશે ત્યારે શુદ્ધ ચિદ્રૂપ એ જ શુદ્ધાત્મા કહેવાય. જ્ઞાનદર્શનનું મિશ્રણ એ ચિત્ત છે. સાંસારિક જ્ઞાનદર્શન છે એને અશુદ્ધ ચિત્ત કહેવાય છે અને આત્માનું જ્ઞાનદર્શન છે તેને શુદ્ધચિત્ત કહેવામાં આવે છે. આ સંસાર એ અશુદ્ધ ચિત્તનું ફળ છે. ચિત્ત શરીરની બહાર જઇ શકે છે અને પાછું શરીરમાં દાખલ થઇ શકે છે. જગતની લાલચો છે ત્યાં સુધી અશુદ્ધ છે. ચિત્તના મેલાપણાને લઇને આ જગત ઊભું છે. ચિત્ત અશુદ્ધ છે ત્યાં સુધી વૃત્તિઓ બધી બહાર ખેંચાય છે. ચિત્ત શુદ્ધિનું ફળ મોક્ષ છે. આ જગતમાં જે ચિત્ત છે તે મોક્ષે જવાના માર્ગમાં આરામ સ્થાન છે. અંતઃકરણમાં રહેલું આ ચિત્ત અનંતા દૃષ્યોના ફોટા પાડવાનું કામ કરનારું અર્થાત્ એક ફોટોગ્રાફર તરીકેનું કામ કરનારું વ્યવહારિક ચેતન છે. ચિત્ત શરીરની બહાર તેમજ અંદર ગમે ત્યાં જઇ શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો તે ગમે ત્યાં ભટકી શકે છે, પરંતુ આપણને ન સમજાવવાથી મન ભટકે છે એવું આપણે બોલીએ છીએ.

પ્ર. ૨ વ્યવહારિક ચિત્ત કેટલા પ્રકારનાં હોય છે ?

ઉ. ૨ વ્યવહારિક ચિત્ત ત્રણ પ્રકારનાં છે.

૧. **અનંત ચિત્ત :** એની સ્થિરતા જ ન હોય

૨. **અનેક ચિત્ત :** એની સ્થિરતા હોય તેથી જ તો દેરાસરે કે મંદિરે જાય છે.

૩. **એક ચિત્ત :** એ થાય તો તો કામ જ કાઢી નાંખે એક ચિત્ત થાય ત્યારે દાદાનાં સ્વપ્નાં આવે.

પ્ર. ૩ અશુદ્ધ ચિત્ત કોને કહેવાય. ? શુદ્ધ ચિત્ત કોને કહેવાય ?

ઉ. ૩ સંસારી ચિત્ત એ અશુદ્ધ ચિત્ત કહેવાય. અશુદ્ધ ચિત્ત એ મિશ્રચેતન છે. અશુદ્ધ ચિત્ત એ ટેમ્પરરી છે. અશુદ્ધ ચિત્ત એ બુદ્ધિનો પર્યાય છે. ચેતન ઉપરથી ચિત્ત થયું છે. ચિત્ત એ જ્ઞાન-દર્શનનો શોર્ટ શબ્દ છે. ચિત્ત એટલે જ્ઞાન-દર્શન. અશુદ્ધ જ્ઞાન દર્શન એટલે અશુદ્ધ ચિત્ત. એ ચિત્ત શુદ્ધ થાય છે એટલે શુદ્ધ ચેતન થઇ જાય છે અને શુદ્ધ ચિત્ત થયું એજ અંતરાત્મ દશા અથવા હું શદ્ધાત્મા છું એ લક્ષ બેઠુ એજ આપણું સ્વરૂપ. શુદ્ધ ચિત્ત એ પરમેનન્ટ છે. શુદ્ધ ચિત્ત એ આત્માનો પર્યાય છે.

પ્ર. ૪ ચિત્ત અશુદ્ધ કેમ થયું છે ?

ઉ. ૪ ચિત્ત સ્વને જોતું નથી અને પરને જુવે છે તેથી અશુદ્ધ થઇ ગયું છે.

પ્ર. ૫ ચિત્ત શુદ્ધ કેવી રીતે થાય ? ચિત્ત શુદ્ધિનો ઉપાય શું ?

ઉ. ૫ જ્ઞાની પુરુષ મળે તો જ ચિત્ત શુદ્ધ થાય. ચિત્ત શુદ્ધિનો સારો અને સરળ ઉપાય ''દાદા'' નો પ્રત્યક્ષ સત્સંગ, તેમની હાજરીમાં નિરંતર ચિત્તની શુદ્ધિ થયા જ કરે. ''દાદા ભગવાનના અસીમ જય જય કાર હો'' બોલવાથી ચિત્ત પ્રસન્ન થાય અને ચિત્ત પ્રસન્ન થાય તો શુદ્ધ થતું જાય. સત્સંગમાં ચિત્તને ઝબોળ ઝબોળ કરવાથી શુદ્ધ થતું જાય. ધાર્મિક ગ્રંન્થોનું વાંચન, ચિંતન, મનન, નિદિધ્યાસન એ ચિત્ત શુદ્ધિનાં સાધનો છે. પ્રતિક્રમણ એ ચિત્ત શુદ્ધિ માટેનું ઊંચામાં ઊંચું સાધન છે અને ચિત્ત શુદ્ધિનું સહુથી ઊંચામાં ઊંચું સાધન પ્રગટ જ્ઞાની પુરુષને સમર્પણ અને જ્ઞાનવિધિ.

પ્ર. ૬ ચિત્ત શુદ્ધિનો વ્યવહારિક ઉપાય શો ?

ઉ. ૬ સામા ઉપર વાણીથી કે કાયાથી એટેક (આક્રમણ) કરવાથી ચિત્તની અશુદ્ધિ થાય છે, એટલા માટે કોઈ એટેક કરે તેની ઉપર પણ એટેક નહીં કરવાથી

ચિત્ત શુદ્ધ થાય. આંખો મીંચીને ચોપડીના અક્ષરો જેમ છે, તેમ દેખાય તે રીતે વાંચવાથી ચિત્ત શુદ્ધિ થાય. ઓછામાં ઓછા નિઃસ્પૃહી માણસોનો સંગ કરવો અને વીતરાગોનું નિદિધ્યાસન કરવાથી ચિત્ત શુદ્ધ થાય. બધા કાયદાઓ પાળવાના, ટ્રાફિકના કાયદા, કુદરતના કાયદા, ભગવાનના કાયદા, એ બધા કાયદા પાળવાથી ચિત્ત શુદ્ધ થાય. ભગવાનનો કાયદો શું કહે છે કે તમને કોઈને દુઃખ દેવાનો, ત્રાસ આપવાનો, હિંસા કરવાનો અધિકાર નથી. કોઈપણ જીવને કિંચિત્‌માત્ર પણ દુઃખ ન આપવું, એ જ ભગવાનનો કાયદો. ખ્યોર વેજિટેરિયન ખોરાક ખાવાનો, એ કુદરતી કાયદો છે. એકાગ્રતા કરવાથી, સારા અને સાચા સંતોની સેવા કરવાથી અથવા તો મા-બાપની સેવા કરવાથી ચિત્ત શુદ્ધ થાય. પ્રામાણિકતા, નિષ્ઠા અને પરગજુ ભાવ એ ચિત્તને શુદ્ધ કરવાનાં સાધન છે.

પ્ર. ૭ ચિત્તવૃત્તિની મલિનતા શેનાથી દૂર થાય ?

ઉ. ૭ કવિરાજ નવનીત સંઘવીનાં પદો ગાવાથી ચિત્તની મલિનતા દૂર થાય છે. પદો સાંભળ સાંભળ કરવાથી પણ ચિત્તવૃતિની મલિનતા દૂર થાય છે. શુક્લ ધ્યાનની શ્રેણીથી લખાયેલા કવિરાજના પદો જેમ છે તેમ ધારણ કરીને ઉપયોગ પૂર્વક ગાવાથી ચિત્તવૃતિની મલિનતા દૂર થાય તેમ છે.

પ્ર. ૮ ચિત્ત અને વૃતિઓ એ બેમાં શું ફેર ?

ઉ. ૮ ઘરમાં હોય અર્થાત્ શરીરમાં હોય તે ચિત્ત અને બહાર ભટકવા જાય તે વૃતિ.

પ્ર. ૯ વૃતિ સ્થિર ન રહેવાનું કારણ ?

ઉ. ૯ તમે પોતે સ્થિર બેસી શકો છો તો પછી વૃતિ સ્થિર શી રીતે રહી શકે ?

પ્ર. ૧૦ કોની ચિત્તવૃતિઓ વિશ્રામ પામે છે ?

ઉ. ૧૦ દાદા ભગવાનનાં દર્શન સ્વપ્નમાં થાય તેની ચિત્તવૃતિઓ વિશ્રામ પામે છે.

પ્ર. ૧૧ વૈકુંઠ એટલે શું ?

ઉ. ૧૧ વૃતિઓને કુંઠિત કરવી એટલે વૈકુંઠ. કૃષ્ણ ભગવાનને અનન્ય નિષ્ઠાથી ભજનારા ત્યાં સુધી પહોંચે.

પ્ર. ૧૨ સૌથી વધારે ચિત્તની ફસામણ શેમાં ?

ઉ. ૧૨ સૌથી વધારે ચિત્તની ફસામણ સ્ત્રી વિષયમાં રહેલી છે.

પ્ર. ૧૩ અણહકકના વિષયમાં ચિત્ત ખેંચાય તેનું શું ફળ ?

ઉ. ૧૩ અણહકકના વિષયોમાં ચિત્ત ખેચાય ત્યાં તો ચિત્તની અશુદ્ધિ કેટલાંય વર્ષોની સાધનાને ખાઈમાં ધકેલી દે છે. ચિત્તનું સ્ફેજ પણ વિષયમાં કંપન આત્માના સ્વ-સંવેદનથી દૂર-સુદૂર ફેંકી દે છે.

પ્ર. ૧૪ ચિત્તની ગેરહાજરીમાં જમવાથી શું થાય ?

ઉ. ૧૪ ચિત્તની ગેરહાજરીમાં જમવાથી હાર્ટફેઈલ થવાના સંજોગો પ્રબળ બને છે. સંડાસ જતી વખતેય ચિત્તને એબસન્ટ ના રખાય નહીં તો બંધકોષનો રોગ થઈ જશે.

પ્ર. ૧૫ ચિત્ત શુદ્ધિ કોણ કરી આપે ?

ઉ. ૧૫ જ્ઞાની સિવાય ચિત્ત શુદ્ધિ કોઈ કરી આપી શકે જ નહીં.

પ્ર. ૧૬ સંકલ્પવાળું ચિત્ત અને સંકલ્પવગરનું ચિત્ત કોને કહેવાય ?

ઉ. ૧૬ મારું સ્વરૂપ શુદ્ધાત્મા છે તે સંકલ્પવાળું ચિત્ત અને હું શુદ્ધાત્મા છું તે સંકલ્પવગરનું ચિત્ત.

પ્ર. ૧૭ ચિત્ત ભટકતું ક્યારે અટકે ?

ઉ. ૧૭ જ્ઞાની (દાદા) પાસેથી જ્ઞાન લઈને જ્ઞાનીની (દાદાની) આજ્ઞા પાળે તો ચિત્ત ભટકતું અટકે. જગતમાં કોઈ ચીજની કિંમત ના લાગે તો જેની કિંમત સમજાઈ ત્યાં ચિત્ત ભટકયા કરે.

પ્ર. ૧૮ ચિત્તની ભાંજગડ ક્યારથી શરૂ થાય ?

ઉ. ૧૮ અગિયાર વર્ષની ઉમરનો થાય પછી ચિત્તની ભાંજગડ શરૂ થાય તે પહેલાં તો મનની ભાંજગડ હોય. વિચારો પજવે.

પ્ર. ૧૯ ચમત્કાર કેવી રીતે ઊભા થાય છે ?

ઉ. ૧૯ અશુદ્ધ ચિત્ત પર જયારે તું ઉપયોગ દઉં તો ચમત્કાર ઊભા થાય એ તો પ્રજ્ઞાને લઈને થાય છે. લાઇટ દેખાય, પ્રકાશ થાય વગેરે.

પ્ર. ૨૦ ઐશ્વર્ય કેવી રીતે ખલાસ થાય છે ?

ઉ. ૨૦ ચિત્તવૃત્તિ વીખરાવાથી ઐશ્વર્ય તૂટે છે. જેટલું ચિત્ત વેરાયું એટલી ઐશ્વર્યતા તૂટી ગઈ. ચિત્ત જયાં જયાં જેટલું ફસાયું ત્યાં એટલું ઐશ્વર્ય ખલાસ થઈ ગયું. જેટલી ચિત્તશક્તિ ખવાય તેટલું ઐશ્વર્ય ખવાતું જાય. ચિત્તનું મોટું ફસામણ તે વિષય. બીજું અનાવશ્યક ચીજોમાં ચિત્ત ભટક

ભટક કરવાથી લપટું પડી જાય છે નબળુ પડી જાય. ચિત્તવૃત્તિમાં દાદા રમી રહ્યા હોય ત્યાં કશું જ આવે નહીં. ચિત્ત મારફતે ઐશ્વર્ય વપરાય છે. છતાં તમારી બીલિફ તો ઐશ્વર્ય એક કરવા તરફ જ છે. મૂળ તો તમારી બીલિફ શામાં છે તે જ જોવાનું છે.

પ્ર. ૨૧ ઐશ્વર્ય ક્યારે પ્રગટ થાય ?

ઉ. ૨૧ ગુરુપૂર્ણિમા, જન્મજયંતી અને દિવાળી આ ત્રણ દહાડે અમારે સંપૂર્ણ ઐશ્વર્ય પ્રગટ થયેલું હોય એ ઐશ્વર્યનાં દર્શન કરીએ ને તો આપણું ઐશ્વર્ય પ્રગટ થાય અથવા તો ચિત્ત શુદ્ધિ સંપૂર્ણ થાય તો ઐશ્વર્ય પ્રગટ થાય. જેટલી જેટલી ચિત્ત શુદ્ધિ થતી જાય તેમ તેમ ઐશ્વર્ય પ્રગટ થતું જાય.

પ્ર. ૨૨ ચિત્ત અને આત્મામાં ફેર શો ?

ઉ. ૨૨ ચિત્તના બે ગુણ જ્ઞાન અને દર્શન અને આત્માના બે ગુણ, જ્ઞાન અને દર્શન. ચિત્ત એ આત્માનો જ પર્યાય છે. બન્ને એક જ વસ્તુ છે, ફેર એટલો કે ચિત્ત ફેરફાર થયા કરવાનું અને આત્મામાં ફેરફાર ના થાય. આ તો જેમ સૂર્યનારાયણ છે અને તેનાં કિરણો છે તેમ આત્મા છે અને તેનાં કિરણો તે ચિત્ત છે.

પ્ર. ૨૩ ચિત્ત અને પ્રજ્ઞા શક્તિમાં શું ફેર ?

ઉ. ૨૩ ચિત્ત તો બહાર નીકળીને બધું જોઇ આવે બધે ભટકે. ચિત્ત છે તે પહેલાંનું જોયેલું જુવે અને પ્રજ્ઞા નવું દેખે, પહેલા જોયેલું ના હોય તે દેખે. આપણને ખબર પડે કે પહેલા ક્યાં ગયા હતા તે જ જુવે તે ચિત્ત અને પ્રજ્ઞા નવું જ જુવે. પ્રજ્ઞા એટલે વિશેષ જાણવું. પ્રજ્ઞાથી પોતાના દોષ દેખાય.

પ્ર. ૨૪ ચિંતવન શેને કહેવાય છે ?

ઉ. ૨૪ આ તમે બધી ક્રિયાઓ કરો છો તેને ચિંતવન નથી કહેવાતું. તમે વિચાર કરો છો તેને પણ ચિંતવન નથી કહેવાતું. ચિંતવન તો તમે જે આશય મનમાં નક્કી કર્યો હોય કે એક બંગલો, એક વાડી, છોકરો ભણાવવાનું આવું બધું ચિંતવન કરે તો તે તેવો થઇ જાય. લાંચના રૂપિયા લેવામાં વાંધો નથી એવું ચિંતવન કરે તે તેવો થઇ જાય. આ દેખાય છે તે જેવું ચિંતવન કર્યું તેનું ફળ છે. જેવું નિદિધ્યાસન કરે તેવો આત્મા થાય.

પ્ર. ૨૫ મૂડ એટલે શું?

ઉ. ૨૫ મૂડ એટલે જાગૃતિ કોઇ એક જગ્યાએ રમ્યા કરે. ચિત્તેય એમાં ઝલાઇ જાય બીજી કોઇ વાત એને ગમે નહી. મૂડ એ છે પુદ્ગલનો ગુણ. મૂડ મનને લાગુ પડે છે.

પ્ર. ૨૬ મંદિરમાં ઘંટ કેમ બાંધે છે ?

ઉ. ૨૬ ચિત્તને એકાગ્ર કરવા. મન અને ચિત્ત થોડીવાર પૂરતું એકાગ્ર રહે તે માટે મંદિરમાં ઘંટ રાખવામાં આવે છે.

પ્ર. ૨૭ ચારિત્ર કોને કહેવાય ?

ઉ. ૨૭ ચય એટલે આઠ કર્મનો સંચય અને રિક્ત એટલે ખાલી કરવું. અર્થાત્ કર્મ રહિત થવું તે ચારિત્ર કહેવાય છે. કમ્પ્લીટ મોરાલિટી અને કમ્પ્લીટ સિન્સિયારિટી એનું નામ ચારિત્ર. કમ્પ્લીટ મોરાલિટી સેન્ટ પણ ઓછી નહીં અને કમ્પ્લીટ સિન્સાયારિટી સેન્ટ પણ ઓછી નહીં એનું નામ ચારિત્ર. જ્ઞાતા દેષ્ટા રહો એટલો જ ભાગ ચારિત્ર કહેવાય. મનના સૂક્ષ્મ સંયોગો, દેહના સ્થૂળ સંયોગોમાં અને વાણીના સંયોગો એ બધાને તમે જોયા કરો એ તમારો આત્માનો સ્વભાવ છે અને એજ ચારિત્ર કહેવાય. સ્વભાવમાં રહેવું જ્ઞાતા દેષ્ટા રહેવું તેનું નામ ચારિત્ર. ''દાદા'' આખો દહાડો યાદ રહે તે મોટામાં મોટું ચારિત્ર. ચંદુલાલને તમે જોયા કરો ચંદુલાલના મનમાં શું વિચાર આવે છે એની વાણી શું બોલી રહી છે, એ બધાને તમે જોયા કરો એ તમારો આત્માનો સ્વભાવ છે અને એ જ ચારિત્ર કહેવાય. ક્રોધ, માન, માયા, લોભ શાંત પડે એનું નામ ચારિત્ર. ચારિત્ર એટલે આત્મ રમણતા. સર્વ સાવધ યોગનો ત્યાગ તે ચારિત્ર કહેવાય છે. ચારિત્ર એટલે વીતરાગતા. રાગ દ્વેષ થાય નહીં, ગાળ ભાંડે તો પણ સામેવાળા ઉપર દ્વેષ નહીં અને ફૂલો ચઢાવે તેની ઉપર રાગ નહીં તેનું નામ ચારિત્ર. જ્ઞાન દર્શન સચોટ થાય તેનું નામ ચારિત્ર. જ્ઞાન ક્રિયા સાથે હોય તે ચારિત્ર. ક્રિયા માત્ર એકલી હોય તે ચરિતર કહેવાય, પતંગ ગુલાંટ ખાય અને દોરો ખેંચે તે ચારિત્ર. આત્મ પ્રવર્તના, આત્માનો શુદ્ધ ઉપયોગ તેનું નામ ચારિત્ર. સંસારમાં રહેવા છતાં નિર્લેપ રહે તે શુદ્ધ ચારિત્ર છે. ભગવાને રાગ-દ્વેષ વગરના ચારિત્રને ચારિત્ર કહ્યું છે. જે જ્ઞાતા દેષ્ટા રહી શકે તે જ ચારિત્ર છે. ક્રોધ, માન, માયા, લોભ ના હોય તેને ચારિત્ર કહેવાય. સ્થિરતાથી

ચારિત્ર પ્રગટે. સ્વ સ્વરૂપમાં નિશ્ચય સ્થિતિ એનું નામ ચારિત્ર. જ્ઞાતા દૃષ્ટા રહ્યા તે સ્થિતિ નિશ્ચલ હોય તે ચારિત્ર. આત્માનો ધર્મ પાળો એનું નામ ચારિત્ર. જ્ઞાન દર્શન કમ્પ્લીટ થયું એટલે ઓટોમેટિક ચારિત્ર થાય જ. કષાયનો અભાવ હોય અથવા કષાય મંદ થયેલા હોય ઉપશમ થયા હોય તો તે ચારિત્ર કહેવાય. જોવું જાણવું અને તે વખતે જે આનંદ થાય તે ચારિત્ર. આત્મામાં સ્થિરતા, સ્વરૂપમાં સ્થિરતા એને ક્રમિકમાં ચારિત્ર કહે છે. અક્રમમાં જ્ઞાતા દૃષ્ટાપણું એને ચારિત્ર કહે છે. ચિઢાય પણ એનોય જ્ઞાતા દૃષ્ટા રહે એ ચારિત્ર. ચિઢાય ખરો પણ જો તાંતો ના રહે તો એ રાગ દ્વેષ જ ના કહેવાય. ભગવાને રાગ દ્વેષ વગરના ચારિત્રને ચારિત્ર કહ્યું છે. શાસ્ત્રની પરિભાષામાં નિજ શુદ્ધ આત્મ સ્વરૂપમાં અવસ્થિત રહેવું તે ચારિત્ર છે. ચારિત્ર એટલે શ્રી જિનના અભિપ્રાયમાં શું છે તે વિચારી સમવસ્થાન થવું.

પ્ર. ૨૮ ચારિત્ર શું છે ?

ઉ. ૨૮ ચારિત્ર એ જ્ઞાન દર્શનનું ફળ છે. ચારિત્ર એ કાંઇ કરવું ના પડે. જો જ્ઞાન દર્શન ભેળું થાય તો ઓટોમેટિક ચારિત્ર થાય જ. એક છોકરાએ આઠ આના કોઇના ધૂળમાં પડતા જોયા તો એક જ્ઞાન કહે કે પગ તળે દબાવી દે અનેં બીજું જ્ઞાન કહે કે આ તો પાપ કહેવાય. એ બેમાંથી જે કાર્ય થાય તે સાચું અને તે દબાવી દે તે વાકું જ્ઞાન જીતે. જ્ઞાન જ આત્મા છે. જેવું જેવું જેને જ્ઞાન મળ્યું તેવો તેનો આત્મા વિપરીત જ્ઞાન લે એટલે વિપરીત આત્મા થાય. જે જ્ઞાન ઉપર શ્રદ્ધા બેઠી તેવો તે થઈ જાય. શ્રધ્ધા બેઠી એટલે શ્રધ્ધાને મદદ કરનાર જ્ઞાન મળી જાય અને જ્ઞાન તથા શ્રદ્ધા એક થાય એટલે ચારિત્ર તેવું જ થાય. આત્મા તેવો જ થઇ જાય.

પ્ર. ૨૯ ચારિત્રના કેટલા ભેદ છે ?

ઉ. ૨૯ પરમાર્થથી તો ચારિત્ર એક જ પ્રકારે છે. પરતું તેની પૂર્ણતા અપૂર્ણતા આદિની દૃષ્ટીએ તે પાંચ પ્રકારનું છે.

૧ **સામાયિક ચારિત્ર :** જેમાં સમતાનો લાભ થાય તેવા સાધુના આચારનું પ્રતિજ્ઞાપૂર્વકનું સમ્યક્ પાલન તે સામાયિક ચારિત્ર છે. સર્વે જીવો ચૈતન્ય સામાન્ય સ્વરૂપમાં છે. તત્ત્વે કરીને બધાં એક જ છે, એ ભાવના દ્વારા સમતા પરિણામ થવાં સ્વરૂપાનુભવના બળથી શુભ

અશુભ, સંકલ્પ વિકલ્પથી રહિત સમાધિભાવ ઊપજવો, નિર્વિકાર નિજ ચૈતન્ય સ્વરૂપનાં અવલંબનથી રાગ દ્વેષથી રહિત થવું, સુખ દુઃખ, લાભ, અલાભ, જીવન મૃત્યુમાં મધ્યસ્થ થવું અને વિકલ્પ રહિત પરમનિવૃત્તિરૂપ વ્રત પાળવું તેને સામાયિક ચારિત્ર કહે છે.

૨. **છેદોપસ્થાપનીય ચારિત્ર :** યોગ્યતા પ્રાપ્ત કર્યા પછી જેમાં પાંચ મહાવ્રતોનું આરોપણ કરાય છે તે છેદોપસ્થાપનીય ચારિત્ર છે. સર્વ વિકલ્પ પરિત્યાગરૂપ સામાયિકમાં સ્થિત ન રહી શકતાં અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ પ્રકારનાં વ્રતો દ્વારા પાપોથી નિવૃત થઈને પોતાને પોતાના શુદ્ધાત્માની સન્મુખ કરવું તેને છેદોપસ્થાપનીય ચારિત્ર કહે છે. અથવા આ પાંચ પ્રકારના મહાવ્રતોમાં કોઈ દોષ લાગતાં, વ્યવહાર પ્રાયશ્ચિત અને નિશ્ચય પ્રાયશ્ચિત દ્વારા શુદ્ધ થઈને નિજશુદ્ધ આત્મ તત્ત્વની સન્મુખ થવું તેને છેદોપસ્થાપનીય ચારિત્ર કહે છે.

૩. **પરિહારવિશુદ્ધિ ચારિત્ર :** અઢાર (૧૮) માસ સુધી વિશિષ્ટ તપશ્ચર્યા કરીને વિશેષ પ્રકારે ચારિત્રની આરાધના કરાય છે તે પરિહારવિશુદ્ધિ ચારિત્ર છે. આ ચારિત્ર નવ પૂર્વથી વધારે અને દશ પૂર્વથી ઓછું ભણેલા સાધુઓ માટે છે. રાગાદિ વિકલ્પોનો વિશિષ્ટ પદ્ધતિથી ત્યાગ કરવા દ્વારા આત્માની એવી નિર્મળતા પ્રગટ કરવી કે જેથી એક ઋદ્ધિ વિશેષ પ્રગટ થાય છે. જેથી વિહાર દરમ્યાન કોઈપણ જીવને જરા પણ બાધા ન પહોંચે તેને પરિહાર વિશુદ્ધિ ચારિત્ર કહે છે.

૪. **સૂક્ષ્મસંપરાય ચારિત્ર :** જ્યાં થોડા પણ લોભ કષાયનો ઉદય હોય છે તે સૂક્ષ્મસંપરાય ચારિત્ર કહેવાય છે તે દશમા ગુણસ્થાનકે હોય છે. સંપરાયનો અર્થ કષાય થાય છે. જે ચારિત્રમાં સૂક્ષ્મ સંપરાય અર્થાત્ સંજવલન લોભનો સૂક્ષ્મ અંશ ઉદયમાં રહે છે તે સૂક્ષ્મ સંપરાય ચારિત્ર છે.

૫. **યથાખ્યાત ચારિત્ર :** સર્વથા કષાયના ઉદયનો અભાવ હોય તેવું ચારિત્ર તેને યથાખ્યાત ચારિત્ર કહે છે. જેવું સ્વભાવથી સહજ શુદ્ધ કષાય રહિત આત્માનું સ્વરૂપ છે તેવું ખ્યાત એટલે પ્રગટ થઈ જાય

તેને યથાખ્યાત ચારિત્ર કહે છે. અકષાયી સાધુનું યથાર્થ ચારિત્ર યથાખ્યાત ચારિત્ર કહેવાય છે. યથાખ્યાત ચારિત્ર પૂરું થાય પછી કેવળજ્ઞાન થાય. છેલ્લા અવતારમાં છેલ્લા દસ કે પંદર છેવટે પાંચ વર્ષેય કોઈ સગાઈઓ વ્યવહારિક કે નાટકીય ના હોય તે યથાખ્યાત ચારિત્ર કહેવાય છે.

પ્ર. ૩૦ અન્ય મતે ચારિત્રના કેટલા પ્રકાર છે ?

ઉ. ૩૦ અન્ય મતે ચારિત્રના બે પ્રકાર છે.

૧. વ્યવહાર ચારિત્ર ૨. નિશ્ચય ચારિત્ર

૧. **વ્યવહાર ચારિત્ર :** કોઈપણ ઈન્દ્રિય વિષયમાં વૃત્તિ નહીં એ વ્યવહાર ચારિત્ર છે. વ્યવહાર ચારિત્ર એટલે કોઈ સ્ત્રીને દુઃખ ના થાય તેમ વર્તે અને કોઈ સ્ત્રી તરફ દૃષ્ટિ ન બગાડે તે. વ્યવહાર ચારિત્ર એટલે લોકો દ્વારા કહેવાતા લૌકિક વ્યવહારમાં કોઈનેય દુઃખ ના થાય એવું વર્તન હોય અને દુઃખ દેનારનેય દુઃખ ના થાય એવું વર્તન એ વ્યવહાર ચારિત્ર કહેવાય અને વિષય બંધ હોવા જોઈએ. વ્યવહાર ચારિત્રમાં મુખ્ય બે વસ્તુ હોવી જોઈએ.

અ. સ્ત્રી વિષય બંધ હોવો જોઈએ.

બ. લક્ષ્મી સબંધી કોઈ જાતનો વ્યવહાર ન હોવો જોઈએ.

નિયમસરના પવિત્ર આચાર, શાસ્ત્રમાં લખ્યામુજબના પાળવા એ વ્યવહાર ચારિત્ર છે. તીર્થંકરોની આજ્ઞામાં રહેવું તે વ્યવહાર ચારિત્ર. દેહ ડાહ્યો થયો તેનું નામ વ્યવહાર ચારિત્ર. વીતરાગ માર્ગમાં હોય તેને વ્યવહાર ચારિત્ર કહેવાય. વીતરાગ માર્ગમાં હોય એટલે કે અન્ય કોઈ ધર્મને પરાયો ન માનતો હોય છતાં વીતરાગ ધર્મને પોતાનું ધ્યેય રાખતો હોય. વીતરાગોને માન્ય રાખે અને બીજા કોઈને અન્યાય ના કરે. કોઈ ધર્મ પ્રત્યે, કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ ના રહે ત્યારે વ્યવહાર ચારિત્ર કહેવાય. પાંચ ઈન્દ્રિયોનો સંયમ તે વ્યવહાર ચારિત્ર કહેવાય.

૨. **નિશ્ચય ચારિત્ર :** ખાતાં-પીતાં, હરતાં-ફરતાં, જ્ઞાતા-દૃષ્ટા રહો એ નિશ્ચય ચારિત્ર. વ્યવહારની દરેક ક્રિયામાં પોતે જ્ઞાતા-દૃષ્ટા રહ્યો તે નિશ્ચય ચારિત્ર. ચંદુલાલ પોતે શું શું કરી રહ્યા છે, એને સંપૂર્ણ રીતે જુએ જાણે, ત્રાહિત માણસ હોય એવી રીતે જુએ અને એવું જાણે તો

એ નિશ્ચય ચારિત્ર કહેવાય. પોતાના પર્યાય જોયા એનું નામ જ આત્માનું ચારિત્ર. નિરંતર એકધારું આ જાણવા જોવાનું રહે તે જ નિશ્ચય ચારિત્ર કહેવાય. આત્મા ડાહ્યો થયો તેનું નામ નિશ્ચય ચારિત્ર. બીજી કશી ભાંજગડમાં હાથ ના ઘાલે અને નિરંતર જ્ઞાતા દ્રષ્ટા અને પરમાનંદમાં રહેવું તે નિશ્ચય ચારિત્ર.

પ્ર. ૩૧ સમ્યક્ ચારિત્ર કોને કહેવાય ?

ઉ. ૩૧ જોયું અને જાણ્યું થયું એટલે સંયમ પરિણામ થયું. સંયમ પરિણામ થયું એ જ સમ્યક્ ચારિત્ર. આ દેહમાં હર્ષ, શોક આદિ બધું જ ભરેલું છે, પણ તેમાં આત્મા તન્મયાકાર ના થાય અને પુદ્ગલના દરેક સંયોગને પર પરિણામ છે તેમ જાણે તેને સમ્યક્ ચારિત્ર કહેવાય. કષાય રહિત ચારિત્ર એ સમ્યક્ ચારિત્ર. સમ્યક્ ચારિત્ર એટલે દુઃખના સાગરમાં પરમાનંદ. ચારિત્ર મોહનીને જુએ અને જાણે તે સમ્યક્ ચારિત્ર છે. સંયમ પરિણામ એજ સમ્યક્ ચારિત્ર છે. પોતાના આત્મામાં રમણ કરવું, જ્ઞાન તથા શ્રદ્ધા (દર્શન) સહિત પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિરતા પ્રાપ્ત કરવી અને રાગ-દ્વેષ-મોહના વિકલ્પોથી રહિત થઈ જવું તે નિશ્ચય સમ્યક્ ચારિત્ર છે.

પ્ર. ૩૨ વીતરાગ ચારિત્ર કોને કહે છે ?

ઉ. ૩૨ જુએ, જાણે પરંતુ એની પર રાગ-દ્વેષ ના થાય તેને વીતરાગ ચારિત્ર કહે છે. રાગ-દ્વેષ રહિત જોવા જાણવાની ક્રિયા થાય છે, તેને ભગવાને વીતરાગ ચારિત્ર કહ્યું છે.

પ્ર. ૩૩ સરાગ ચારિત્ર એટલે શું ?

ઉ. ૩૩ સરાગ ચારિત્ર એ બહુ ઊંચી વસ્તુ છે. જ્ઞાનીઓ સરાગ ચારિત્રમાં કહેવાય અને જ્ઞાનીઓ સંપૂર્ણ થઈ જાય પછી વીતરાગ ચારિત્ર થાય.

પ્ર. ૩૪ કેવળ ચારિત્ર અને સમ્યક્ ચારિત્રમાં ફેર શો ?

ઉ. ૩૪ સમ્યક્ ચારિત્ર જગતનાં લોક જોઈ શકે અને કેવળ ચારિત્ર કોઈને દેખાય નહીં. એ ઇન્દ્રિયગમ્ય હોતું નથી, કેવળ ચારિત્ર એ જ્ઞાન ગમ્ય છે. વર્તનમાં આવી ગયું એનું નામ સમ્યક્ ચારિત્ર કહેવાય.

પ્ર. ૩૫ શુભ ચારિત્ર કોને કહેવાય ?

ઉ. ૩૫ જ્યાં ક્રોધ આવતો હોય ત્યાં ક્રોધ ના કરે તેનું નામ શુભ ચારિત્ર. શુભ ચારિત્રથી સંસાર માર્ગ સુધરે જ્યારે મોક્ષ તો શુદ્ધ ચારિત્રથી જ થાય.

પ્ર. ૩૬ ચારિત્ર ધર્મ કોને કહેવાય ?

ઉ. ૩૬ ગંભીરતા અને સ્થિરતાને ચારિત્ર ધર્મ કહેવાય છે.

પ્ર. ૩૭ ચારિત્રબળ કોને કહેવાય ? તે શાનાથી ઉત્પન્ન થાય ?

ઉ. ૩૭ ચારિત્રબળ એટલે સામો આપણા ઉપર ગુસ્સો કરે કે કરતો હોય અને આપણે મૌન રહીને તેનું પ્રતિક્રમણ કરી તેના ઉપર આશીર્વાદ વરસાવીએ કે તેણે આપણને એક કર્મમાંથી મુકત કર્યા તેને ચારિત્ર બળ કહેવાય. એક બ્રહ્મચર્ય અને બીજું કોઈ જીવને કિંચિત્માત્ર પણ દુઃખ દેવું નહીં એ બે નો ગુણાકાર થાય ત્યારે ચારિત્રબળ ઉત્પન્ન થાય. ધ્યેય કેવો હોવો જોઈએ કે કોઈને કિંચિત્માત્ર દુઃખ દેવું નથી અને ભૂલથી દેવાય તો પ્રતિક્રમણ કરવું જોઈએ અને બીજું બ્રહ્મચર્યનું બળ જોઈએ તો ચારિત્રબળ વધે. હવે ચારિત્રબળ વધે એટલે પ્રભાવ પડે એટલે તમારી વાણીની સામાને અસર થાય.

પ્ર. ૩૮ ચારિત્રવાન કોને કહેવાય ?

ઉ. ૩૮ પ્રમાણિક અને નીતિવાળો હોય અને વિષયમાં સિન્સિયર હોય તે ચારિત્રવાન કહેવાય.

પ્ર. ૩૯ લિંગ કે વેશ કે દેખાવ એ શું ચારિત્ર છે કે કેમ ?

ઉ. ૩૯ વસ્ત્ર, પાત્ર, રજોહરણ, મુહપત્તી એ સાધુ હોવાનો દેખાવ-વેશ છે અને તે રાખવાથી સાધુતા (સાધુપણું) સચવાય છે પણ તે ચારિત્ર નથી. ચારિત્ર તો જ્ઞાન, દર્શન અને પંચ મહાવ્રતોનું યથાર્થ પાલન તે ચારિત્ર છે.

પ્ર. ૪૦ ચારિત્ર લેવાનો કોને અધિકાર છે ?

ઉ. ૪૦ જેને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન બંધ થયાં છે તેને ચારિત્ર લેવાનો અધિકાર છે.

પ્ર. ૪૧ ચારિત્ર ન હોય તો કેટલો દોષ બંધાય ?

ઉ. ૪૧ અંદરમાં ચારિત્ર ના હોય અને પોતાને ચારિત્ર છે એમ મનાવવું તેથી સિત્તેર કોડા કોડી સાગરોપમનું કર્મ બંધાય છે. સ્વરૂપની સ્થિરતા, જ્ઞાનની સ્થિરતા તેનું નામ ચારિત્ર છે.

પ્ર. ૪૨ ચારિત્રાચાર એટલે શું ? તેના કેટલા પ્રકાર છે ?

ઉ. ૪૨ ચારિત્રરૂપી પુત્રની જે આઠ માતાઓ કહીએ છીએ તે જ આઠ પ્રકારે ચારિત્રાચાર છે. મુમૂક્ષુ જીવોએ તેને સમ્યક્પ્રકારે સેવવા તેનું આચરણ

કરવું તેનું નામ ચારિત્રાચાર છે તે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એમ આઠ પ્રકારે છે.

૧. **ઈર્યા સમિતિ :** દિવસે સૂર્યનારાયણની હાજરીમાં સાડા ત્રણ હાથ જેટલી પગથી આગળની ભૂમિ જોઈને કાચી માટી, પાણી, વનસ્પતિ, બી વગેરે સ્થાવર અને કુથુવા કીડી આદિ ત્રસ જંતુની રક્ષા કરવા પગલે પગલે સારી રીતે ચાલવું તે ઈર્યા સમિતિ. ઈર્યા એટલે ગતિ તેની સમિતિ એટલે સમ્યક્ રીતે, સમ્યક્ પ્રકારે ચાલવું તે, ઉપયોગ પૂર્વક ચાલવું તે.

૨. **ભાષા સમિતિ :** ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, વાચાળતા તેમજ વિકથા આ આઠ દોષ વિનાની યથા યોગ્ય કાળે સર્વ જીવોને હિતકારી અને ટૂંકમાં ધર્મ સબંધી વાત કહેવી કે બોલવી તે ભાષા સમિતિ કહેવાય.

૩. **એષણા સમિતિ :** સુડતાલીસ દોષથી રહિત એવો આહાર ધર્મ-સંયમ યાત્રાના નિર્વાહ અર્થે લેવો તે એષણા સમિતિ કહેવાય.

૪. **આદાન-નિક્ષેપ સમિતિ :** ધર્મનાં ઉપકરણોને જોઈ તપાસીને, પ્રમાર્જીને મુકવાં-લેવાં તેનું નામ આદાન નિક્ષેપ સમિતિ, રજોહરણ (ઓઘો), મુહપત્તી, સંથારો વગેરે જોઈ, પ્રમાર્જીને લેવાં-મૂકવાં. કોઈ જીવની હિંસા ના થાય તેનું ધ્યાન રાખવું.

૫ **પારિષ્ઠા - પતિકા સમિતિ :** જીવ-જંતુ વિનાના છિદ્રાદિ રહિત ભૂમિ પ્રદેશમાં જોઈ, પૂંજીને મળ-મૂત્રાદિકનો ત્યાગ કરવો તેનું નામ પારિષ્ઠા-પતિકા સમિતિ કહેવાય. મળ, મૂત્ર, બળખો, થૂંક, મેલ, આહાર, પાણી, વસ્ત્ર આદિ કે જે વસ્તુ વોસરાવવા જેવી હોય તે બધી વસ્તુ લીલી વનસ્પતિ, બી, અંકુર, સૂક્ષ્મ કંથુવા, કીડી, મંકોડી આદિ જયાં ન હોય તેવી નિર્જીવ ભૂમિમાં ઉપયોગપૂર્વક મૂકવી.

૬. **મનોગુપ્તિ :** કલ્પનાની પરંપરાથી રહિત સત્ય વસ્તુનું ચિંતનવાળું જે મનનું સ્થૈર્ય છે તેજ મનોગુપ્તિ કહેવાય. મનને આત્મામાં જ રમણ કરવા માટે શુક્લધ્યાનમાં રહેવું.

૭. **વચનગુપ્તિ :** સર્વથા વચનનો નિરોધ અથવા યથાર્થ અને સમ્યક્ પ્રકારે બોલવું તે વચનગુપ્તિ.

૮. કાયા ગુપ્તિ : સર્વથા ચેષ્ઠાના અભાવવાળી અને આગમમાં જણાવ્યા પ્રમાણે ચેષ્ઠાના નિયમવાળી તથા કાયોત્સર્ગ દ્વારા દેહને નિશ્ચલ રાખવો તેને કાયા ગુપ્તિ કહેવાય છે. શાસ્ત્રોકત ક્રિયા કરવાપૂર્વક કાયાની ચેષ્ટાને નિયમમાં રાખવી તેને કાયા ગુપ્તિ કહેવાય છે.

આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી પવિત્ર એવું જીવન એ જ ઊંચામાં ઊંચું વ્યવહાર ચારિત્ર છે અને તેને જ ચારિત્રાચાર કહેવાય છે.

પ્ર. ૪૩. ચારિત્રદશા સબંધી અનુપ્રેક્ષા કરવાથી શું ફળ થાય ?

ઉ. ૪૩ ચારિત્રદશા સબંધી અનુપ્રેક્ષા કરવાથી જીવમાં સ્વસ્થતા ઉત્પન્ન થાય છે.

પ્ર. ૪૪ ચારિત્ર ધારણ કર્યા પછી શું જાગૃતિ રાખવી ઘટે ?

ઉ. ૪૪ પૂર્વ જન્મનાં બળવત્તર સંસ્કારો ઉદયમાં આવતાં ચારિત્ર ધારણ કરવાની પ્રબળ ઇચ્છા પ્રગટ થાય છે અને ચારિત્રની દિક્ષા આપનાર ગુરુનો ભેટો થતાં ચારિત્ર ધારણ કરવામાં આવે છે પરંતુ ચારિત્ર ધારણ કર્યા પછી જો આ ચારિત્ર આગમ તથા શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે જેમ છે તેમ પાળી ન શકાય તો તે જીવ ઉર્ધ્વગતિને બદલે અધોગામિ બનશે. ભગવાન મહાવીરે કહ્યું હતું કે ''કષાય સહિતની પ્રરૂપણા એ નર્કે જવાની નિશાની છે.'' ચારિત્ર ધારણ કર્યા પછી સાધુએ પોતાની જાતને તપાસવાની છે અને જોવાનું છે કે પોતાની અંદર કષાયો મંદ થયા છે કે નહિ ? કષાયોની મંદતા ન થઇ હોય અને પોતે વ્યાખ્યાન કે ઉપદેશ આપે છે તો તે નરકમાં જવાના કારણો સેવી રહ્યાં છે, એમ નિશ્ચયથી જાણવું. કષાયો જયાં સુધી મંદ થયા નથી, ત્યાં સુધી વ્યાખ્યાન, આખ્યાન કે ઉપદેશની માથાકૂટમાં પડવા જેવું નથી, તેનું ધ્યાન રાખવું તે ચારિત્ર ધારણ કરનારની પવિત્ર ફરજ બને છે. પાટ ઉપર બેસીને સ્વાધ્યાય કરવાની છૂટ છે. ચારિત્ર ધારણ કરનાર સાધુએ સ્પષ્ટ પણે શ્રાવકોને જણાવવું કે અમો સ્વાધ્યાય કરીએ છીએ અને તે સ્વાધ્યાય તમે સાંભળો આમ બોલીને પછી પાટ ઉપરથી પોતે જે અભ્યાસ કરતા હોય તે વાંચી સંભળાવવો જોઇએ. આ પ્રકારની જાગૃતિ રાખવાથી ચારિત્ર યથાર્થ સ્વરૂપમાં સચવાઇ રહેશે.

ૐ

પર્વ ચોથું
જિજ્ઞાસા, જાગૃતિ

પ્ર. ૧ જિજ્ઞાસુ કોને કહેવાય ?

ઉ. ૧ જ્ઞાન નથી મળ્યું છતાં જ્ઞાનીને ભજતાં હોય તે જિજ્ઞાસુ કહેવાય. જેનો છૂટકારો થોડા વખતમાં થવાનો છે તેને જિજ્ઞાસુ કહેવાય. જિજ્ઞાસુ એટલે શોધખોળ કરવા નીકળ્યા કે આ ખરું કે તે ખરું એ તપાસ કરવા નીકળ્યા અને જેને ભગવાન ક્રિએટર હશે કે નહીં તેવી શંકા પડે તે જિજ્ઞાસુ.

પ્ર. ૨ જિજ્ઞાસુ પદ શું છે ?

ઉ. ૨ જેને અજંપો ગમતો નથી એજ જિજ્ઞાસુ પદ છે. જેને અજંપો ગમતો નથી એ ઈટસેલ્ફ એને મોક્ષે લઈ જશે કારણ કે અજંપો ના થવો જોઈએ, આ ખોટું છે એ જે જાગૃતિ વર્તે છે એ જાગૃતિ જ એને મોક્ષે લઈ જશે.

પ્ર. ૩ જાગૃતિ કોને કહેવાય ?

ઉ. ૩ અસ્થિર જગ્યામાં બેસીએ અને સ્થિર કરે તે જાગૃતિ. આ જગતમાં જેમ છે તેમ જીવે તે જાગૃતિ. અવસ્થાને અવસ્થા રૂપે જુવે અને તત્ત્વને તત્ત્વરૂપે જુવે તે જાગૃતિ. પોતાને આધિ, વ્યાધિ, ઉપાધિ અડે નહીં તેનું નામ જાગૃતિ. માણસને જોતાંજ આરપાર દેખાય તે જ ખરી જાગૃતિ. જે ક્રિયાના પરિણામનું લક્ષ રહે તે જાગૃતિ. પોતાની ભૂલ દેખે તેનું નામ જાગૃતિ. પોતે જે જે કંઈપણ કરે તેને દેખે તેનું નામ જાગૃતિ. પોતાનો નાનામાં નાનો દોષ દેખાય તેનું નામ જાગૃતિ. કિંચિત્માત્ર પણ હિતાહિતને નુકસાન ના કરે તેનું નામ જાગૃતિ. અંતર આત્માનું પરિણામ માપી લે એ જાગૃતિ. દરેકે દરેકે ક્રિયાના પરિણામનું લક્ષ રહે તેનું નામ જાગૃતિ. વિચાર આવતાં પહેલાં જ સમજાય કે આ તો જ્ઞેય છે અને હું જ્ઞાતા છું એ જાગૃતિ કહેવાય. પોતે શું કરી રહ્યો છે એનું જાણપણું એનું નામ જાગૃતિ. ઉપયોગ એ જાગૃતિ છે. ઉપયોગપૂર્વક કાર્ય થાય એ જાગૃતિ કહેવાય. આત્માનો ઉપયોગ ખસવા ના દેવો એનું નામ ઉપયોગ જાગૃતિ. આ ભવમાં અને પરભવમાં લાભકારી થાય એવું શુભ કાર્ય હોય ત્યારે જાગૃતિ કહેવાય.

મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ ચારેય અંતઃકરણના ભાગ દરેક વખતે હાજર રહે એનું નામ જાગૃતિ. ક્રોધ થવાની જગ્યાએ સમતા રહે એનું નામ જાગૃતિ. નાક કાપી લે તો પણ દ્વેષ ના થાય તેનું નામ જાગૃતિ, પોતાને આધિ, વ્યાધિ, ઉપાધિ અડે પણ નહીં અને નડે પણ નહીં એનું નામ જાગૃતિ. કોઈપણ વસ્તુને કે મનુષ્યને જોતાં જ પૃથ્થકરણ થઈ જાય તેનું નામ જાગૃતિ. આ લોક અને પરલોકનું સહેજ પણ અહિત ના થાય એનું નામ જાગૃતિ.

પ્ર. ૪ જાગૃતિ વિશે સમજાવો ?

ઉ. ૪ જાગૃતિ જ મોક્ષની જનની છે. નિજનાં (પોતાના) દોષ દર્શન જાગૃતિની નિશાની છે. પોતે પોતાથી ક્યારેય પણ કોઈપણ સંયોગોમાં ક્લેષિત ના થાય ત્યારથી જાગૃતિની શરૂઆત થાય. પછી બીજા સ્ટેપિંગમાં બીજાથી પણ પોતે ક્લેષિત ના થાય ત્યારથી ઠેઠ સહજ સમાધિ સુધીની જાગૃતિ હોય. કોઈને સહેજ પણ દુઃખ દે તો તે જાગૃતિ કેવી રીતે કહેવાય ? પોતાના દોષો દેખાય અને નિષ્પક્ષપાતી જજમેન્ટ આપી શકે તે જાગૃતિ કહેવાય. અતઃકરણની પ્રત્યેક ક્રિયામાં જાગૃત તે ખરી જાગૃતિ, કષાય થયા પછી પ્રતિક્રમણ કરી ધોઈ નાંખે તે જાગૃતિ કહેવાય, અને ખરો જાગૃત તો કષાય થયાં પહેલાં જ વાળી લે તે. જ્ઞાતા-જ્ઞેય રૂપે સંપૂર્ણ જ્ઞાન નિરંતર હાજર રહે તે સંપૂર્ણ જાગૃતિ કહેવાય. જ્ઞાની પુરુષની આજ્ઞામાં રહેવાય તે ઊંચી જાગૃતિ કહેવાય. જીવમાત્રની મહીં શુદ્ધાત્મા-દર્શનનો ઉપયોગ રહે તે પણ ઊંચી જાગૃતિ ગણાય. સર્વોચ્ચ જાગૃતિ કઈ કે કોઈની જોડે વાત કરે ત્યારે સામી વ્યક્તિ ખરેખર તો શુદ્ધાત્મા છે એ લક્ષ સહિત વાત થાય તે. પોતે નિર્દોષ થઈ આખા જગતને નિર્દોષ ભાળે તે જાગૃતિની અંતિમ દશા કહેવાય. પોતાના સ્વરૂપની જાગૃતિમાં આવેલા ત્યારથી માંડીને ઠેઠ કેવળજ્ઞાન સુધીની જાગૃતિમાં આવી ગયેલા જાગ્રત પુરુષોની ભજનાથી તે તે દશા સુધીની જાગૃતિ પ્રગટ થાય તેમ છે. મેડિટેશનની માદકતાથી જાગૃતિ પર રાખોડી ફરી વળે. મેડિટેશન જાગૃતિ વધારનાર નથી, પરંતુ અહંકારને વધારનાર છે.

પ્ર. ૫ જાગૃતિ કેવી રીતે વધે ?

ઉ. ૫ સોય એકલી રાખો તો ખોવાઈ જાય, જો સોયને દોરો પરોવાયેલો રાખો તો તે ખોવાઈ ન જાય તેમ આત્મા ન ખોવાઈ જાય તે માટે દોરો પરોવાયેલો ને પરોવાયેલો જ રાખજો. સોય એટલે આત્મા અને દોરો એટલે શુદ્ધાત્માનું (દાદાનું) ધ્યાન રાખીને લક્ષ રાખવું તે. આ લક્ષ નિરંતર રહે તો જાગૃતિ વધે.

પ્ર. ૬ જાગૃતિ કેવી રહેવી જોઈએ ?

ઉ. ૬ જાગૃતિ તો એટલી બધી રહેવી જોઈએ કે આ કર્મ કરતાં પહેલાં શું સ્થિતિ, પછી શું સ્થિતિ એ બધું એકદમ દેખાય એવું નિરાવર્ણ જ્ઞાન થયું હોય ત્યાર પછી વાંધો નહીં.

પ્ર. ૭ જાગૃતિ ક્યારે જ્ઞાનમાં પરિણમે ?

ઉ. ૭ જયારે કોઈપણ પ્રકારના કપટનો અંશ ના રહે, વિષયનો વિચાર શુદ્ધાં ના આવે તથા કષાયો નિર્મુળ થઈ જાય ત્યારે જાગૃતિ જ્ઞાનમાં પરિણમે.

પ્ર. ૮ છેલ્લા પ્રકારની જાગૃતિ કઈ ?

ઉ. ૮ આ જગતમાં કોઈ દોષિત જ ના દેખાય, તે છેલ્લા પ્રકારની જાગૃતિ છે. જયાં સુધી જગત દોષિત દેખાશે ત્યાં સુધી ભટક ભટક કરવાનું થશે અને જયારે જગત નિર્દોષ દેખાશે ત્યારે આપણો છુટકારો થશે. વીતરાગોએ જગત નિર્દોષ શા આધારે જોયું ? કારણ બધા કર્મોને આધિન છે તેથી. આ જગતમાં કોઈ જીવે કોઈ કાર્ય જાણી જોઈને કર્યું નથી, પરવશતાથી કર્મ કરવાં પડે છે. કર્તા ભાવ છે તેથી કર્મ બંધાય છે. ટૂંકમાં છેલ્લા પ્રકારની જાગૃતિ એને કહેવાય કે જગતમાં કોઈ દોષિત ના દેખાય, આખું જગત નિર્દોષ દેખાય.

પ્ર. ૯ જગત નિર્દોષ જોવા માટે કયાં ત્રણ બટન વાપરવાં?

ઉ. ૯ જગત નિર્દોષ જોવા માટે નીચે મુજબનાં ત્રણ બટન વાપરવાં.

૧. ગજવામાંથી કંઈક (કશું) પડી ગયું કે કંઈક ખોવાઈ ગયું તો વ્યવસ્થિતનું બટન દાબવું અથવા કોઈ અથડાઈ પડયો તોય વ્યવસ્થિતનું બટન દાબવું.

૨. કોઈ ગાળ ભાંડે તો આપણાં જ કર્મનો ઉદય છે અને સામેવાળો અર્થાત્ ગાળ ભાંડનાર તો નિમિત્ત માત્ર છે તે બટન દાબવું (કોઈ સ્વતંત્ર કર્તા નથી નિમિત્ત છે.)

૩. તત્ત્વ દૃષ્ટિ રાખવી કોઈ લૂલો, લંગડો કે કદરૂપો જતો હોય તો તે વખતે હાસ્ય ન ઊપજવું જોઈએ તેમજ દયા પણ ન ખાવી જોઈએ પણ તે શુદ્ધાત્મા છે તેમ તત્ત્વ દૃષ્ટિથી જોવું. (તત્ત્વ દૃષ્ટિ)

પ્ર. ૧૦ યથાર્થ જાગૃતિ કોને કહેવાય ?

ઉ. ૧૦ સંયમ પરિણામ એ યથાર્થ જાગૃતિ કહેવાય. કોઈ ધોલ મારે તો કશી જ અસર ના થઈ હોય એવું રહે તે સંયમ પરિણામ કહેવાય.

પ્ર. ૧૧ વ્યવહાર જાગૃતિ માટે શું ઉપાય ?

ઉ. ૧૧ આ કાળમાં કોઈનાય સંસર્ગમાં આવવા જેવું નથી, કોઈનુંય સાંભળવા જેવું નથી અને કોઈનેય વાત કરવા જેવી નથી. દાદાને જુઓ, દાદાની જોડે વાત કરો અને દાદાને સાંભળો.

પ્ર. ૧૨ સ્થૂલ જાગૃતિ અને સૂક્ષ્મ જાગૃતિ કોને કહેવાય ?

ઉ. ૧૨ આ વ્યવહારમાં જે ભૂલો દેખાય છે તે સ્થૂળ જાગૃતિ કહેવાય. સૂક્ષ્મ ભૂલો એ કષાયને એકલાને લાગુ પડે. જાગૃતિથી કષાય અને ચેતન બે જુદાં પડી જાય. કષાય પુદ્ગલમાં જતા રહે અને ચેતન ચેતનમાં જાય.

પ્ર. ૧૩. જાગૃતિની નિશાની શું ?

ઉ. ૧૩ કોઈપણ પ્રકારની ખેંચ ના હોય. જાગ્રત માણસ ક્યારેય દલીલ ના કરે. જેમ જેમ અને જેટલું જેટલું જગત નિર્દોષ દેખાતું થાય તેમ જાગૃતિ વધતી જાય.

પ્ર. ૧૪ સંપૂર્ણ જાગૃતિ ક્યારે થાય ?

ઉ. ૧૪ અહંકારનો વિલય થાય ત્યારે સંપૂર્ણ જાગૃતિ થાય

પ્ર. ૧૫ પૌદ્ગલિક જાગૃતિને ભણતર સાથે શો સબંધ છે ?

ઉ. ૧૫ જાગૃતિવાળા ભણી શકે નહીં, અજાગ્રત જ ભણી શકે. ભણતર ના હોય તેની પાસે ગણતર હોય પરંતુ ગણતરવાળા હોય ત્યાં લક્ષ્મી ઘટે અને ગણતરી ના હોય ત્યાં લક્ષ્મી વધે.

પ્ર. ૧૬ બહુ તોફાન ચાલે ત્યારે શું જાગૃતિ રાખવી ?

ઉ. ૧૬ મોટેથી બોલવું ''મારું સ્વરૂપ ન હોય'' સંયોગો વિયોગી સ્વભાવના છે કે બધું હડહડાટ ઊડી જાય. ''મનમાં જે વિચારો આવે છે એ બધા જ્ઞેય છે અને આપણે જ્ઞાતા છીએ'' આમ મોટેથી બોલવું એટલે બધું તોફાન ગમે તેટલું હોય છતાં અસર કરશે નહીં.

પ્ર. ૧૭ વેદના વખતે શું જાગૃતિ રાખવી ?

ઉ. ૧૭ વેદનામાં હારી ના જશો, હાલી પણ ના જશો, તેવી સ્થિતિમાં શદ્ધાત્માનું અને તેના ગુણોનું રટણ કરવું. વેદના વધે ત્યારે આત્માના ગુણોનું વર્ણન યાદ કર્યે જવું તો વેદકતાનો નાશ થશે. આ શરીર આખુંય સંયોગી પુરાવાનો ઢગલો છે. જયારે જે સંયોગી પુરાવાઓ ભેગા થાય ત્યારે જે તે બને છે અને જે જે કંઇ બને છે તે તમામ સંયોગો વિયોગી સ્વભાવનાં છે.

પ્ર. ૧૮ કઇ જાગૃતિથી મોક્ષની નજીક આવી શકાય ?

ઉ. ૧૮ ૧. મેં કર્યું એ બોલવું એ નિમિત્ત છે નિમિત્ત ભાવ છે. અને

૨. કરાવે છે એ ઉદયકર્મ કરાવે છે

આ બે જ વાક્યોની જાગૃતિ રાખીને આખી જિંદગી પસાર કરે તો તે મોક્ષની નજીક આવી ગયો. આ વાક્યોને જેમ છે તેમ રહેવા દે તો આત્મા જ થઈ જાય. શુદ્ધાત્મા થવાનું આ જ સાચું સાધન છે.

પ્ર. ૧૯ ઇન્દ્રિયજ્ઞાનમાં સંપૂર્ણ જાગૃતિ એટલે શું ?

ઉ. ૧૯ પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ બધું ઇન્દ્રિયજ્ઞાનમાં આવે. ઇન્દ્રિયજ્ઞાનની સંપૂર્ણ જાગૃતિ આવે ત્યારે એનો અહંકાર કેવો હોય કે કોઇનીય જોડે એને મતભેદ ના પડે. આપણે મતભેદ પાડીએ તોય એ મતભેદ ના પડે એ રીતે છટકી જાય. કોઇ જગ્યાએ ઝઘડો થવાની જગ્યા હોય ત્યાં એ મતભેદનું નિવારણ કરી નાંખે. ઇન્દ્રિયજ્ઞાનની જાગૃતિથી કિંચિત્‌માત્ર કોઇની જોડે અથડામણ ના થાય, એવરીવ્હેર એડજ્સ્ટેબલ થાય, સંસારી ડખો ના થાય.

પ્ર. ૨૦ મિકેનિકલ અને જાગૃતિપૂર્વક એ બે વચ્ચેનો ફેર સમજાવો ?

ઉ. ૨૦ આખું જગત બધું ઊંઘમાં ચાલે છે, એ બધું મિકેનિકલ કહેવાય. જાનવરો તિર્યંચો બધાં મિકેનિકલ કહેવાય. મિકેનિકલ એટલે ઉપયોગ રહિત અને ઉપયોગપૂર્વક કાર્ય થાય એ જાગૃતિ કહેવાય. અશુભ ઉપયોગ અને અશુદ્ધ ઉપયોગ એ બધાં મિકેનિકલ. શુભ ઉપયોગમાં અંશ જાગૃતિ હોય.

પ્ર. ૨૧ ઉઘાડી આખે ઊંઘવું એનો અર્થ શો ?

ઉ. ૨૧ ઉઘાડી આંખે ઊંઘવું એનો અર્થ અજાગૃતિ, પોતાના હિતમાં કાયમ રહેતો નથી. હિતાહિતનો ખ્યાલ કાયમ રહેતો નથી એટલે ઉઘાડી આંખે ઊંઘી

રહ્યો છે એમ કહીયે છીએ. સંસારમાં વ્યવહારમાં સંપૂર્ણ જાગ્રત રહે અને લોક પરલોકમાં હિતાહિતનું સાધન સાથે રાખે ત્યારે જાગ્રત કહેવાય. મારું હિત શેમાં અને મારું અહિત શેમાં એવો જેને ખ્યાલ નિરંતર રહેતો હોય એ જાગ્રત કહેવાય એટલે જે નિરંતર પરલોકનોજ વિચાર કરે છે અને આ લોકનું સુખ અને પરલોકનું ભાન બંનેય કામ સાથે લેતો હોય, દરેક ક્ષણે સાવધ હોય તો એ જાગ્રત કહેવાય. આ જગત ઉઘાડી આંખનું સ્વપ્ન જ છે એવું જે સમજે છે એ જાગ્રત છે.

પ્ર. ૨૨ જાગૃતિનાં સ્વરૂપ વિશે સમજાવો ?

ઉ. ૨૨ ચાર પ્રકારનાં સ્વરૂપ છે.

૧. **અવેરનેસ :** અવેરનેસ એટલે બાહ્ય જાગૃતિ. ઇન્દ્રિયોમાં જાગૃતિ રાખવી તેનું નામ અવેરનેસ.

૨. **બિવેરનેસ :** ઇન્દ્રિયોની જાગૃતિથી કઇક આગળ વધે અને આંતરિક જાગૃતિ રહે તેને બિવેરનેસ કહેવાય.

૩. **એલર્ટનેસ :** એલર્ટનેસ એટલે ધૂની. બધી જ જાગૃતિ એક જ કોર્નરમાં વાપરવી તે એલર્ટનેસ. કષાયો માટે જાગૃતિ રાખવી તેનુ નામ એલર્ટનેસ. એકમાંજ ચિત્ત રમતું હોય તે એલર્ટનેસ. ટૂંકમાં એલર્ટનેસ એટલે આંતરિક જાગૃતિ પણ પોતપોતાના વિષયમાં જ જાગૃતિ હોય તે.

૪. **એક્ઝેક્ટનેસ :** બધા જ કોર્નરની જાગૃતિ રાખવી તેનું નામ એક્ઝેક્ટનેસ. સંપૂર્ણ જાગૃતિ તેનું નામ એક્ઝેક્ટનેસ કહેવાય.

પ્ર. ૨૩ જાગૃતિ વધારવા માટેનો સરળ ઉપાય કયો ?

ઉ. ૨૩ સર્વજ્ઞ શ્રી દાદા ભગવાને કહેલું કે ''આખું જગત નિર્દોષ દેખાય તે છેલ્લામાં છેલ્લા પ્રકારની જાગૃતિ છે.'' જ્ઞાનીના આ કથન મુજબ આપણે આપણા ઘરના માણસોને નિર્દોષ જોવાની શરૂઆત કરીએ પછી અડોશપડોશના માણસોને નિર્દોષ જોવાની શરૂઆત કરીએ એમ કરતા કરતા જાગૃતિ વધતી જશે. તીર્થંકર ભગવંતોએ જે આધાર જગતને નિર્દોષ જોવા માટે લીધેલ કે આખુ જગત કર્મને આધિન છે, કોઇ સ્વતંત્ર કર્તા નથી, તે આધાર લઇ આપણે પણ જગતને નિર્દોષ જોઇ શકીશું.

ૐ

પર્વ પાંચમું
તપ, ત્યાગ

પ્ર. ૧ તપ કોને કહેવાય ?

ઉ. ૧ જે પોતાની જાતને એક ક્ષણ પણ લીકેજ થવા ના દે એનું નામ તપ કહેવાય. કોઇ દહાડો ભાવ જ ના બગડે એનું નામ તપ. દુઃખમાં સમતા ધરવી એનું નામ તપ. મહીં મન, બુદ્ધિ જે તપે છે તેને સમતાપૂર્વક જોયા કરવું એનું નામ તપ. ગમે તેવો મોટો ઉપસર્ગ આવ્યો હોય પણ આ પર પરિણામ છે અને એ મારાં પરિણામ નથી એમ સ્વ પરિણામમાં મજબૂત રહેવું એનું નામ તપ. જ્ઞાતા- જ્ઞેય વચ્ચે જાગ્રત રહે એ જ તપ. જ્ઞાતા, જ્ઞેય ના થઇ જાય એ જ તપ. કોઇએ અપમાન કર્યું કે ગાળ ભાંડી અને અંતઃકરણમાં મન અને બુદ્ધિ લાલચોળ થઇ તપે છે તેને સમતાપૂર્વક જોયા કરવું એનું નામ તપ. કશામાં તન્મયાકાર ન થવું તે જ તપ. કોઇ ગાળ ભાંડે તો આપણે જોવાનું કેટલી ભાંડી ત્રણ કે ચાર, ટૂંકી ભાંડી કે લાંબી ભાંડી પણ તેમાં તન્મયાકાર નહીં થવાનું અને એ જ તપ છે. શરીર, મન અને બુદ્ધિની પ્રતિકૂળ અવસ્થાઓને સમતાથી સમાવવી તેનું નામ તપ. સત્‌પુરુષની આજ્ઞા એ જ સાચું તપ છે. સમભાવે સહન કરીએ ત્યારે મન તપે, દેહ તપે તે તપ. કોઇ પણ રીતે કષાય ન કરવો એ જ મોટામાં મોટું તપ છે. હોમ ડિપાર્ટમેન્ટ અને ફોરેન ડિપાર્ટમેન્ટ એકાકાર ના થાય ત્યાં જાગૃતિ રહે એને ભગવાને તપ કહ્યું છે. હાથ કાપતા હોય ધસી ધસીને કાપતા હોય એવા સંયોગોમાં પણ આ પર પરિણામ છે અને આ મારા પરિણામ નથી એમ સ્વપરિણામમાં મજબૂત રહેવું અનું નામ તપ. ઉદા. ગજસુકુમાર સ્વામીએ કરેલ તપ કહેવાય. તપ એટલે સામાનાં ગુન્હામાં ના આવવું તેનું નામ તપ. તપ એટલે પાછલા અવતારમાં જે ભેગું કરેલું તે આ અવતારમાં ત્યાગવું પડે તે. મૌન એ જ તપ છે. આવેલા સુખને પાછું કાઢવું તેનું નામ તપ. જે ના ગમતું હોય છતાં કરવું પડે છે તેનું નામ તપ કહેવાય. ભગવાને કહેલું કે કોઇ તારી ઉપર ગુસ્સો કરે ત્યારે તું સમતામાં રહેજે, સમતામાં રહેવું, શાંત રહેવું તેને માટે જે કરવું પડે તે તપ. ગમે તેવા વિકટ અને કપરાં

સંજોગોમાં પણ પોતાનું ધ્યાન ન બગડવું જોઇએ એને તપ કહેવાય. આખો દિવસ ઘરમાં એક પણ કષાય નહીં થવા દેવો એનું નામ તપ. તપ તો એનું નામ કે હોમ અને ફોરેનના સાંધાને એક ના થવા દે. તપ એટલે દુઃખમાં સમતા ધરવી તે. આ કાળમાં ઘેર બેઠાં જ તપ છે, ચામાં ખાંડ ઓછી આવી કે ભૂલથી ભૂલી ગયા હોય ત્યારે તપ કરવાનું ત્યાં મૂઓ બૂમાબૂમ કરી મૂકે. શિષ્યે લોટું ફોડી નાંખ્યું કે શિષ્યથી અવળું થયું ત્યાં તપ કરવાનું ત્યાં કકળાટ કરી મેલે અને પેણે તપ કરવા બેસે. પ્રતિકૂળ સંયોગોમાં સમતા રાખે એ જ તપ. રાગ-દ્વેષ ના થાય તે જ તપ. ઇચ્છાનો નિરોધ કરવો તેને તપ કહે છે.

પ્ર. ૨ તપ કરવું એટલે શું ?

ઉ. ૨ જે પાછલો હિસાબ ચૂકવવાનો આવે છે તે ચૂકવતી વખતે મીઠાશેય આવે અને કડવાશેય આવે, મીઠાશ આવે ત્યાંયે તપ કરવાનું છે અને કડવું આવે ત્યાંય તપ કરવાનું છે. બધાં ઝેર આપનારા આવે તે વખતે મહીં અંતર તપે તોય સહન કરી લેવાનું, લાલ લાલ હૃદય થઈ જાય તોય શાંત ભાવે પોતાના જ કર્મનો ઉદય છે તેમ સમજી સહી લેવું, કોઈનેય જાણવા ના દેવું એ તપ કર્યું કહેવાય.

પ્ર. ૩ તપના કેટલા પ્રકાર છે ?

ઉ. ૩ તપના મુખ્ય બે પ્રકાર છે.

૧. **બાહ્ય તપ** ૧ અનશન ૨. ઉણોદરી ૩. વૃત્તિસંક્ષેપ
૪. રસત્યાગ (આયંબિલ) ૫. કાયકલેશ ૬. સંલીનતા

૨. **અભ્યંતર તપ** ૧. પ્રાયશ્ચિત ૨. વિનય ૩. વૈયાવચ્ચ
૪. સ્વાધ્યાય ૫. ધ્યાન ૬. કાયોત્સર્ગ

બાહ્ય તપ છ પ્રકારનાં અને અભ્યંતર તપ છ પ્રકારનાં એમ કુલ બાર પ્રકારનાં તપ ગણી શકાય.

પ્ર. ૪ બાહ્ય તપ વિશે વિગતવાર જણાવો ?

ઉ. ૪ બાહ્ય તપ છ પ્રકારનાં છે.

૧. **અનશન :** અમુક વખત સુધી અથવા જિંદગીના અંત સુધી સર્વ પ્રકારના અથવા અમુક પ્રકારના આહારનો ત્યાગ તેને અનશન કહે છે. અનશન એટલે ચારે પ્રકારના આહારનો ત્યાગ. ખાદ્ય=ખાવાનું,

પેય = પીવાનું, સ્વાદ્ય = પાન, બીડી, સિગારેટ અને ચાટય = ચાટવાનું આ ચારે પ્રકારના આહારના ત્યાગને અનશન કહે છે. પાણીને છોડીને ત્રણ પ્રકારના આહારનો ત્યાગ કરવો તેને પણ અનશન કહે છે.

૨. **ઉણોદરી :** જેટલી ભૂખ હોય તેથી અડધું જમવું, રોજ ચાર રોટલી ખાતા હોય તો બે રોટલી ખાવી અને અડધો ઉદરનો (પેટનો) ભાગ હવા અને પાણી માટે ખાલી રાખવો તે ઉણોદરી. ભૂખ કરતાં ઓછું ખાવું તે ઉણોદરી. પેટના બે ભાગ અન્નાદિથી અને એક ભાગ પાણીથી ભરી, એક ભાગ હવા માટે ખાલી રાખવો તે ઉણોદરી. ઉણોદરી એટલે ભૂખ લાગે તો ખાજો પણ ડોઝિંગ ના થાય એ રીતે લેવાનું, પેટ ઉણું રાખવાનું. જાગૃતિ ચુકાય નહીં એનું નામ ઉણોદરી. ટૂંકમાં ઉણોદરી એટલે બે ભાગ ખોરાક, એક ભાગ પાણીનો અને એક ભાગ હવાનો એવું ચાર ભાગ પાડીને જમી લેવું તેનું નામ ઉણોદરી.

૩. **વૃત્તિ - સંક્ષેપ :** નિયમપૂર્વક અમુક વસ્તુથી નિર્વાહ કરી લેવો. ભોગ-ઉપભોગ યોગ્ય વસ્તુનો વિવેકથી ત્યાગ કરવો તે વૃત્તિ સંક્ષેપ કહેવાય છે. ભિક્ષા લેવા જતી વખતે કોઈ પ્રતિજ્ઞા લેવી અને તે પૂર્ણ થાય તો જ તે દિવસે આહાર લેવો.

૪. **રસ ત્યાગ :** ષટ્રસ ભોજન અથવા દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને તળેલા પકવાન આ છ વિગઇનો સંતોષપૂર્વક વિવેકથી રસ લોલુપતા ત્યજી ત્યાગ કરવો તે. અથવા આ છ વિગઇમાંથી એક અથવા એકથી વધારેનો ત્યાગ કરવો તેને રસ ત્યાગ કહેવાય છે.

૫. **કાયક્લેશ :** કાયક્લેશ એટલે દેહને જ્ઞાન સહિત કરણી કરવામાં કષ્ટ આપવું તે અને શરીરનું સુખિયાપણું મટાડવા કઠણ કઠણ સ્થાનો ઉપર જઈ તપ કરવું, ટાઢ-તડકો તથા બાવીસ પ્રકારના પરિષહ અને ઉપસર્ગ સહન કરવા, લોચાદિક કષ્ટ સહવાં અને તે એમ સમજીને કે દેહે દુઃખ મહા-ફલમ્.

૬. **સંલીનતા :** શરીરમાનાં અંગોપાંગ કાચબાની જેમ સંકોચીને રાખવાં, કોઈ જીવને કીલામણા ઉપજાવવી નહીં, કોઈપણ ક્રિયા જયણાથી જ

કરવા લક્ષ રાખવું, એકાંતમાં શયન અને સૂવા-બેસવાનું રાખવું અને ઈન્દ્રિયોને કાબુમાં રાખવી તેને સંલીનતા કહેવાય છે.

પ્ર. ૫ અભ્યંતર તપના છ પ્રકારો સવિસ્તાર વર્ણવો ?

ઉ. ૫ અભ્યંતર તપ છ પ્રકારના છે જે નીચે મુજબ છે.

૧. **પ્રાયશ્ચિત** : કરેલા પાપનો પશ્ચાતાપ કરવો અને દોષ, ભૂલ કે અપરાધનો સદ્‌ગુરુ પાસેથી દંડ લઇ શુદ્ધ થવું અર્થાત્ તે ભૂલ, દોષ કે અપરાધ અંગે સદ્‌ગુરુ જે શિક્ષા ફરમાવે તે પ્રમાણે વર્તવું. પ્રાયશ્ચિત દસ પ્રકારનું છે.

ક. **આલોચના** : ગુરુ સમક્ષ નિખાલસભાવે પોતાની ભૂલ, દોષ, અપરાધ જેમ છે તેમ જાહેર કરવાં અને ફરી તે ન થાય માટે સાવધાન રહેવું.

ખ. **પ્રતિક્રમણ** : થયેલ ભૂલની માફી માગવી અને નવી ભૂલ ન થાય તે માટે સાવધાન રહેવું.

ગ. **ઉભય** : ઉપરોક્ત આલોચના અને પ્રતિક્રમણ સાથે કરવાં તથા પ્રત્યાખ્યાન એટલે ફરીથી તેવી ભૂલ ન થાય તે માટે દૃઢ નિશ્ચય કરવો.

ઘ. **વિવેક** : ખાનપાન આદિ વસ્તુ જો અકલ્પનીય આવી જાય અને પછી માલૂમ પડે તો તેનો ત્યાગ કરવો.

ચ. **વ્યુત્સર્ગ** : એકાગ્રતા પૂર્વક શરીર અને વચનના વ્યાપારો છોડી દેવા.

છ. **તપ** : અનશન આદિ બાહ્ય તપ કરવું.

જ. **છેદ** : દોષ પ્રમાણે દિવસ, પક્ષ, માસ કે વર્ષની પ્રવજયા ઘટાડવી.

ઝ. **પરિહાર** : દોષપાત્ર વ્યકિતને તેના દોષના પ્રમાણમાં પક્ષ, માસ આદિ પર્યંત કોઇ જાતનો સંસર્ગ રાખ્યા વિના દૂરથી જ પરિહરવી.

ટ. **ઉપસ્થાપન** : અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય આદિ મહાવ્રતોનું આરોપણ કરવું.

ઠ. **શ્રદ્ધા** : સત્‌દેવ, સત્‌ગુરુ અને સત્‌શાસ્ત્રમાં શ્રદ્ધા રાખવી.

૨. **વિનય :** આચાર્ય, ઉપાધ્યાય તથા નિર્ગ્રંથ સાધુનો ઉચિત આદર સત્કાર કરવો તે વિનય. ધર્મ તથા ધર્માત્માઓનું સન્માન તે પણ વિનય કહેવાય છે. જ્ઞાન, દર્શન ચારિત્ર અને ઉપચાર એ ચાર પ્રકાર વિનયના છે. ગુરુ તથા વડીલોનો વિનય કરવો તે.

૩. **વૈયાવચ્ચ :** બાળ, ગ્લાન, તપસ્વી, વૃદ્ધ, આચાર્યની તન, મન, ધનથી સેવા ચાકરી બજાવવી તે વૈયાવચ્ચ કહેવાય છે. સાધુ, સાધ્વી, આચાર્ય, ઉપાધ્યાયની દસ પ્રકારે સેવા કરવી તે વૈયાવચ્ચ ગણાય છે. વૈયાવચ્ચથી સંયમનું સ્થાપન, દુર્ગંચ્છાનો અભાવ, પ્રવચનમાં વાત્સલ્યપણું અને સનાથપણું ઇત્યાદિ અનેક ગુણ પ્રગટે છે. પોતાના ચૈતન્ય સ્વરૂપ આત્માને રાગ-દ્વેષાદિ દોષોથી લેપાવા ના દેવો, પોતાના આત્માને દસ લક્ષણરૂપ ધર્મમાં લીન કરવો, કષાયથી આત્માને પીડા ન થાય તે માટે જાગૃતિ રાખવી તે વૈયાવચ્ચ છે. જે પોતાની શક્તિથી છ કાય-જીવની રક્ષા કરવામાં સાવધાન છે, તેને સમસ્ત પ્રાણીઓની વૈયાવચ્ચ પ્રાપ્ત થાય છે.

૪. **સ્વાધ્યાય :** શાસ્ત્રો સદ્‌ગુરુ સમીપે પૂછીને વિનય પૂર્વક વાંચવા અને તેના અર્થની બારીક વિચારણા કરવી એ સ્વાધ્યાય. સદ્‌ગુરુના માર્ગદર્શન હેઠળ શાસ્ત્રોનું પઠન, પાઠન અને મનન તે સ્વાધ્યાય.

૫. **ધ્યાન :** આર્તધ્યાન, રૌદ્રધ્યાનને ફેરવવા અને ધર્મધ્યાન તરફ વાળવાં તેમજ શુક્લધ્યાનમાં રહેવું તે ધ્યાન.

૬. **કાયોત્સર્ગ :** દેહ આદિ જડ પદાર્થો પરથી મૂર્છા ત્યજી દઇ પરમાત્માના ધ્યાનમાં લક્ષને પરોવી દેવું, મન, વચન, કાયાના દુષ્ટ યોગોનો નિગ્રહ કરી સ્વરૂપમાં એક તાર કરવા વિશેષ પ્રયત્ન કરવો, શરીરાદિ ઉપરથી મમતાનો ત્યાગ કરી નિશ્ચળપણે ધ્યાનમાં રહેવું તે કાયોત્સર્ગ છે. ધન, ધાન્ય, મકાન આદિ બાહ્ય વસ્તુઓમાંથી મમતા ઉઠાવવી તે, બાહ્યોપાધિ વ્યુત્સર્ગ છે.

પ્ર. ૬ **વીતરાગોના મતે તપ કેટલા પ્રકારનાં છે ?**

ઉ. ૬ વીતરાગોના મતે તપ બે પ્રકારનાં છે.

૧. **બાલ તપ :** દેખી શકાય તેવું હોય તે, તેના ફળ રૂપે સારી ગતિ થાય.

૨. **જ્ઞાન તપ :** અદીઠ તપ દેખી ન શકાય તે. તેના ફળરૂપે મુક્તિ મળે.

પ્ર. ૭ અદીઠ તપ એટલે શું ?

ઉ. ૭ અહંકારનો રસ ઓગાળી મૂકવા માટે જે જાગૃતિ રાખવી પડે તે જ અદીઠ તપ. જ્ઞેય, જ્ઞાતા ના થઇ જાય એ જાગૃતિ તે જ અદીઠ તપ. લૌકિકમાં જે તપ કોઇ જોઇ ના શકે તેને અદીઠ તપ કહે છે. અંદર થાય બહાર કોઇને દેખાય નહીં. વિષમ પરિસ્થિતિમાં, પ્રતિકૂળ સંજોગોમાં તે પરિસ્થિતિને અંદરથી પ્રસન્નતાપૂર્વક એડ્જસ્ટ થવું અને આ જે સંયોગ છે એ મારા જ કર્મના ઉદયથી છે, સામેવાળો તો નિમિત્ત છે એમ સમજી વિપરીત સંજોગોનો સમતા ભાવે નિકાલ કરવો એ અદીઠ તપ છે. અંદર હૃદય તપે તેને જોવું જાણવું તે ભગવાનની ભાષાનું અદીઠ તપ છે. અનેકવિધ અવસ્થાઓમાં ભાવક પોતે જ્ઞાતા ન થાય, જ્ઞેય સ્વરૂપે રહે તે માટેની જાગૃતિને વીતરાગ ભગવંતોએ અદીઠ તપ કહ્યું છે. મહીં જ્ઞાન અને અજ્ઞાન ભેગું ના થવા દે તેનું નામ અદીઠ તપ. અહંકાર વગેરે જ્ઞેય છે તેમાં તન્મયાકાર ના થવાય એ ધ્યાન રાખવાનું એ જ અદીઠ તપ કહેવાય. જ્ઞાતા જ્ઞેય વચ્ચે જાગૃતિ રાખવી તે અદીઠ તપ કહેવાય છે.

પ્ર. ૮ સાચું તપ કોને કહેવાય ?

ઉ. ૮ જગતના ભોતિક નાશવંત પદાર્થોની ઇચ્છાઓનો નિરોધ તે સાચું તપ છે. જે તપમાં કોઇપણ પ્રકારની સ્પૃહા નથી તેવું શલ્ય નિદાન રહિત તપ સાચું તપ છે.

પ્ર. ૯ અંતર તપ કોને કહેવાય ?

ઉ. ૯ નિરંતર સમભાવે ફાઇલનો નિકાલ કરવો એ મોટામાં મોટું અંતરતપ છે. સમભાવે ફાઇલનો નિકાલ કરવો એના જેવું બીજું કોઇ તપ નથી. કોઇ જાણે નહીં કે આ તપ કરી રહ્યા છે એને અંતરતપ કહેવાય. એ દેખાય નહીં, કોઇ માણસ એ દેખી શકે નહીં એને અંતરતપ કહેવાય છે.

પ્ર. ૧૦ છેલ્લું તપ કોને કહેવાય ?

ઉ. ૧૦ હોમ ડિપાર્ટમેન્ટ અને ફોરેન ડિપાર્ટમેન્ટ એકાકાર ના થાય ત્યાં જાગૃતિ રહે એને ભગવાને છેલ્લું તપ કહ્યું છે. સૂક્ષ્મ તપ એ છેલ્લું તપ છે. કોઇ માણસ ગાળ ભાંડતો હોય તો તે વખતે તમને મારો શબ્દ યાદ આવે ને તે પ્રમાણે નક્કી થાય કે મારે સમભાવે નિકાલ કરવો છે, એનું નામ સૂક્ષ્મ તપ છે અને આને તમે જોયા કરો તે છેલ્લું તપ છે.

પ્ર. ૧૧ કયું તપ મોક્ષે લઇ જાય ?

ઉ. ૧૧ ભયંકર અપમાનના ઉદયમાં અંતઃકરણ તપીને લાલચોળ બની જાય ત્યારે એ તપને ઠેઠ ઠંડુ થતાં સુધી તન્મયાકાર થયા સિવાય સમતાપૂર્વક જોયા કરે તો એ તપ મોક્ષે લઇ જાય.

પ્ર. ૧૨ જ્ઞાની મહાત્માઓ માટે તપ અને ધર્મ કયો ?

ઉ. ૧૨ જ્ઞાની પુરુષ દાદા ભગવાનના વાક્યોનું આરાધન એ જ તપ અને એ જ ધર્મ છે.

પ્ર. ૧૩ અગિયારશ કોને કહેવાય ?

ઉ. ૧૩ પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને અગિયારમું મન એ બધાંયને એક દિવસ કાબૂમાં રાખવાનાં, બિલકુલ આહાર જ નહીં આપવાનો, નિરાહારી રાખવાનાં તેને સાચી અગિયારશ કહેવાય.

પ્ર. ૧૪. ચોવિહાર એટલે શું ?

ઉ. ૧૪ ચોવિહાર એટલે ચતુર્વિધ આહાર. ચાર પ્રકારના આહારનો ત્યાગ, એમાં ખાદ્ય, પેય, સ્વાદ્ય એટલે પાન, બીડી અને ચાટ્ય એટલે ચાટવાનું, આ ચારેય પ્રકારના આહારનો ત્યાગ તેને ચોવિહાર કહેવાય. પાણી છૂટું રાખે અને બાકીના ત્રણનો ત્યાગ રાખે તો તેને તિવિહાર કહે છે.

પ્ર. ૧૫ આયંબિલ એટલે શું ?

ઉ. ૧૫ આયંબિલ તો સાયન્સ છે. એ ઋષભદેવના વખતથી છે. તીર્થંકર ભગવાનના મહેલમાં આખી ''આ'' ઓરડી સાચી રહી છે. બીજું બધું જ પડી ગયું છે. શરીરને સારું રાખવા માટે છે. એ આત્મધર્મના હેતુ માટે નથી, શરીર ધર્મના હેતુ માટે છે. આયંબિલ એટલે દિવસમાં એક જ વખત ગમે તે એક જ ધાન્ય ખાવાનું અને ભગવાનના મંત્ર જપ્યા કરવાના. એક જ ધાન્ય ખાઈને રહેવાથી શરીરમાં રહેલાં ઝેરી દ્રવ્યો બળીને ખાખ થઈ જાય છે. આયંબિલથી ચામડીનાં કેટલાક દર્દો મટી જાય છે. કોઢના રોગ માટે પણ આ તપ ફાયદાકારક છે. નોર્માલિટીમાં આ તપ કરવું. બહુ લાંબા કાળ સુધી આ તપ કરવાથી પાછું શરીરને નુકસાન થાય છે. આયંબિલ તપ આત્મા કર્મોથી લુખો થાય તેવી ભાવનાસહિત કરવું.

પ્ર. ૧૬ યમ કોને કહેવાય ?

ઉ. ૧૬ યમ એટલે નિયમમાં આવવાની ઈચ્છા. નિયમમાં આવવાની ઈચ્છાઓ ઉત્પન્ન થાય ત્યારથી યમમાં આવ્યો કહેવાય. આપણી ભાવના હોય કે મારે આમ કરવું છે, તેમ કરવું છે માટે નિયમ રાખવો જ છે અને નિયમમાં રહેવાતું હોય તે બધું યમમાં સમાઇ જાય છે. નિયમમાં ના હોય તે યમમાં ન કહેવાય.

પ્ર. ૧૭ નિયમ એટલે શું ?

ઉ. ૧૭ નિયમ એટલે કે જ્ઞાની પુરુષે કહ્યું હોય કે દિવસમાં એક-એક વખત વાંચવું અને તે પ્રમાણે વાંચે એ નિયમમાં આવી ગયો. એ એકેય દહાડો ચૂકી જાય નહીં તે નિયમમાં આવી ગયો કહેવાય.

પ્ર. ૧૮ આ પૂજા, જપ, તપ, કરે તો તે જાગૃતિ માટે હેલ્પ કરે ખરું ?

ઉ. ૧૮ એ તો જે હેતુ માટે કરવામાં આવે તે હેતુનું ફળ મળે. કાઈ ભૌતિક હેતુ માટે કરે તો તેને ભૌતિક ફળ મળે. અધ્યાત્મના હેતુ માટે કરે તો આધ્યાત્મિક ફળ મળે. હેતુ ઉપર આધાર રાખે છે. જાગૃતિ વધારવાના હેતુથી જપ-તપ કરતો હોય તો જાગૃતિ વધે.

પ્ર. ૧૯ સંથારો એટલે શું ?

ઉ. ૧૯ સંથારો એટલે સમસ્થરણ. જયારે દેહમાં કોઈપણ પ્રકારનો અસાધ્ય રોગ થયો હોય અને તે રોગ કે દુઃખ જાય તેમ ન હોય અને ઓપરેશન કરાવવાનો વખત આવે કે એવાં તેવાં બધાં કારણો ઊભા થાય ત્યારે ગુરુના આશ્રયે અન્ન-જળનો ત્યાગ કરી દેહ છોડી દેવો તે સંથારો કહેવાય. આર્તધ્યાન, રૌદ્રધ્યાન થયા સિવાય ગુરુના આશ્રયે ધર્મધ્યાન પૂર્વક રહે.

પ્ર. ૨૦ શલ્ય એટલે શું ? તેના કેટલા પ્રકાર છે ?

ઉ. ૨૦ શલ્ય એટલે મહીં ખૂંચ્યા કરે. ભગવાને ત્રણ પ્રકારના શલ્ય કહ્યાં છે. ૧. મિથ્યાત્વ શલ્ય ૨. નિદાન શલ્ય ૩. માયા શલ્ય.

પ્ર. ૨૧ ઉપસર્ગ અને પરિષહ એટલે શું?

ઉ. ૨૧ ઉપસર્ગ એટલે બાહ્ય પીડા આપનાર. બહારની ફાઈલ તે ઉપસર્ગ અને પરિષહ એટલે અંતર પીડા આપનાર. અંદરની ફાઈલ તે પરિષહ કહેવાય છે.

પ્ર. ૨૨ બાવીસ પ્રકારના પરિષહ કયા કયા છે?

ઉ. ૨૨ ૧. ભૂખ ૨. તરસ ૩. ઠંડી ૪. ગરમી ૫. મચ્છર ૬. ઓછા વસ્ત્ર કે વસ્ત્રનો અભાવ ૭. અરતિ ૮. સ્ત્રી ૯. ચાલવાનો (વિહારનો) ૧૦. એકાંતમાં બેસવાનો (નિષધા) ૧૧. સ્થાનકનો (શય્યા-સૂવાનો) ૧૨. કઠોર વાણીનો (આક્રોશનો) ૧૩. મારનો (વધનો) ૧૪. યાચનાનો ૧૫. અલાભનો ૧૬. રોગ ૧૭. તૃણ સ્પર્શ ૧૮. મેલ ૧૯. સત્કાર-પુરસ્કારનો ૨૦. પ્રજ્ઞા ૨૧. અજ્ઞાન ૨૨. દર્શન પરિષહ. આ બાવીસે પરિષહોનો ચાર કર્મ પ્રકૃતિઓમાં સમાવેશ થાય છે.

જ્ઞાનાવરણીય નિમિત્તથી પ્રજ્ઞા અને અજ્ઞાન પરિષહ થાય છે. દર્શનમોહ અને અંતરાય કર્મથી અનુક્રમે અદર્શન અને અલાભ પરિષહ થાય છે. ચારિત્ર મોહથી નગ્નત્ત્વ, અરતિ, સ્ત્રી, નિષધા, આક્રોશ, યાચના અને સત્કાર પુરસ્કારનો પરિષહ થાય છે. બાકીના પરિષહ વેદનીયથી થાય છે. એક સાથે એક આત્મામાં એકથી માંડી ઓગણીસ પરિષહો વિકલ્પે સંભવે છે. આત્માની વિશુદ્ધિ થતાં પરિષહની સંખ્યા ઘટતી જાય છે. દસમાંથી બારમા ગુણસ્થાને ચૌદ પ્રકારના પરિષહ સંભવે છે અને તેરમા ગુણસ્થાને માત્ર અગિયાર પ્રકારના પરિષહ સંભવે છે.

પ્ર. ૨૩ પૂર્ણ વીતરાગ તપ કયા ગુણસ્થાનકે આવે છે ?

ઉ. ૨૩ પૂર્ણ વીતરાગ તપ તેરમે ગુણસ્થાનકે આવે છે.

પ્ર. ૨૪ સાગારી સંથારો કોને કહેવાય ?

ઉ. ૨૪ સાગારી સંથારો એટલે આ ઉપસર્ગ ના શમે ત્યાં સુધી આ શરીર પણ ન ખપે તેવો નિયમ.

પ્ર. ૨૫ આયંબિલ પાછળની ભાવના શું હોવી જોઈએ ?

ઉ. ૨૫ આયંબિલમાં અનાજના કોળિયા લૂખા છે તેમ મારો આત્મા પણ લૂખો થાય, કર્મ રસથી મુક્ત થાય તેમ ભાવના હોવી જોઈએ. આયંબિલમાં જેમ લૂખાશ હોય છે તેમ મારો આત્મા સંસારથી સાવ લૂખો થઈ જાય તેવી ભાવના અને હેતુ સાથે આયંબિલ થાય તો તેનું ઉત્કૃષ્ટ ફળ મળે.

પ્ર. ૨૬ વર્ધમાન આયંબિલ તપ કેટલાં વર્ષ-દિવસનું હોય છે ?

ઉ. ૨૬ વર્ધમાન આયંબિલ તપ લાગ-લગાટ ચૌદ વર્ષ, ત્રણ મહિના અને વીસ દિવસે પૂર્ણ થાય છે.

પ્ર. ૨૭ **પ્રત્યાખ્યાન એટલે શું ?**

ઉ. ૨૭ જેનાથી મન, વચન, કાયાના સમૂહવડે કંઈપણ અનિષ્ટનો નિષેધ થાય તે પ્રત્યાખ્યાન. આ પ્રત્યાખ્યાનને જ પ્રાકૃતભાષામાં પચ્ચક્ખાણ કહેવામાં આવે છે. હવે ફરીથી આવી ભૂલ, દોષ કે અપરાધ નહીં કરું એવો દ્રઢ નિશ્ચય કરવો તે જં પ્રત્યાખ્યાન કહેવાય છે.

પ્ર. ૨૮ **પચ્ચક્ખાણના કેટલાં ભેદ છે ?**

ઉ. ૨૮ પચ્ચક્ખાણના મુખ્ય દસ પ્રકાર છે. તેમાંનો એક પ્રકાર અદ્ધા (કાળ) પચ્ચક્ખાણ છે, તેના પણ દસ પ્રકાર છે, જે નીચે મુજબ છે.

૧. **નવકારશી** : એક મુહૂર્ત - રાત્રી ભોજનના ત્યાગના નિયમરૂપ છે.

૨. **પોરસી** : સૂર્યોદય પછી એક પ્રહર અર્થાત્ ત્રણ કલાક સુધીનું

૩. **પરિમૂઢ** : તે પછી ત્રણ પ્રહરનું.

૪. **એકાસણું** : એક જ આસને બેસીને એકવાર ભોજન લેવું તે.

૫. **એકલઠાણું** : ભોજન કરતી વખતે કોઈ અન્ય અંગ હલાવવાં નહીં.

૬. **આયંબિલ** : ચોખા, અડદ અને સાથવો આ ત્રણમાંથી ગમે તે એક ધાન્ય ખાઈને થઈ શકે. બાફીને ઓસાવાથી સ્વાદ વિનાનું અન્ન થઈ જાય છે.

૭. **ઉપવાસ** : આખો દિવસ અન્ન ન લેવું.

૮. **દિવસ ચરિત્ર** : આજીવન ચોવિહાર અથવા તિવિહાર.

૯. **અભિગ્રહ** : અંગૂઠી, મૂઠી, ગ્રંથિ બાંધી પછી છોડવી તે.

૧૦. **વિગઈ ત્યાગ** : દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને મીઠાઈ (કડાઈમાં તળેલા અથવા પકવેલાં પકવાન) નો ત્યાગ અથવા છ માંથી ગમે તે એક વિગઈનો ત્યાગ.

પ્ર. ૨૯ **નવકોટિ પચ્ચક્ખાણ એટલે શું ?**

ઉ. ૨૯ ત્રણયોગ એટલે મન, વચન, કાયા તથા ત્રણ કરણ એટલે કરવું, કરાવવું અને અનુમોદવું. આ બંનેના યોગથી નવકોટિ સામાયિકનું પચ્ચક્ખાણ કહેવાય.

૧. મનથી પાપ કરવું નહીં તે પ્રથમ કોટિ

૨. વચનથી પાપ કરવું નહીં તે બીજી કોટિ

૩. કાયાથી પાપ કરવું નહીં તે ત્રીજી કોટિ

૪. મનથી પાપ કરાવવું નહીં તે ચોથી કોટિ
૫. વચનથી પાપ કરાવવું નહીં તે પાંચમી કોટિ
૬. કાયાથી પાપ કરાવવું નહીં તે છઠ્ઠી કોટિ
૭. મનથી પાપ અનુમોદવું નહીં તે સાતમી કોટિ
૮. વચનથી પાપ અનુમોદવું નહીં તે આઠમી કોટિ
૯. કાયાથી પાપ અનુમોદવું નહીં તે નવમી કોટિ

પ્ર. ૩૦ જુદા જુદા પ્રકારનાં પચ્ચક્ખાણનાં ફળ જણાવો ?

ઉ. ૩૦ ૧. **નવકારશી** : એક સો વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જે કર્મ નિર્જરા થાય તેટલી કર્મ નિર્જરા આ પચ્ચક્ખાણથી થાય.

૨. **પોરસી** : એક હજાર વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જે કર્મ નિર્જરા થાય તેટલી કર્મ નિર્જરા થાય.

૩. **સાઢ પોરસી** : દસ હજાર વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જેટલી કર્મ નિર્જરા થાય તેટલી નિર્જરા થાય.

૪. **પુરિમુડ્ઢ** : એક લાખ વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જેટલી કર્મ નિર્જરા થાય તેટલી નિર્જરા થાય.

૫. **એકાસણું** : દસ લાખ વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જેટલી કર્મ નિર્જરા થાય તેટલી કર્મ નિર્જરા એકાસણાના પચ્ચક્ખાણથી થાય છે.

૬. **નિવી** : એક કરોડ વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જેટલી કર્મ નિર્જરા થાય તેટલી નિર્જરા નિવીથી થાય.

૭. **એકાદતિ** : સો કરોડ વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જેટલી કર્મ નિર્જરા કરે તેટલી નિર્જરા થાય.

૮. **આયંબિલ** : એક હજાર કરોડ વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જેટલી કર્મ નિર્જરા કરે તેટલી નિર્જરા થાય.

૯. **ઉપવાસ** : દસ હજાર કરોડ વર્ષ સુધી નારકી જીવોને જે દુઃખ પડે અને જેટલી કર્મ નિર્જરા થાય તેટલી નિર્જરા થાય.

પ્ર. ૩૧ ઉપધાન એટલે શું ?

ઉ. ૩૧ ઉપધાન એટલે જે તપ વડે સૂત્રાદિક સમીપ કરાય તે ઉપધાન. અર્થાત્ જે સૂત્રને ભણવાનો અધિકાર પ્રાપ્ત થયો ન હતો તે આ ક્રિયાથી પ્રાપ્ત થાય

છે. સૂત્રો વિધિસર ગ્રહણ કરવા ઉપધાન જરૂરી છે. ઉપધાનમાં એકવીસ ઉપવાસ, આઠ આયંબિલ અને અઢાર (૧૮) એકાસણાંની તપશ્ચર્યા એકધારી થઈ શકે છે. આત્માની સમીપે રહી તપ વડે જે જ્ઞાનને ધારણ કરાય તે ઉપધાન તપ કહેવાય છે.

પ્ર. ૩૨ એક ચતુર્થ એટલે શું ?

ઉ. ૩૨ એક ચતુર્થ એટલે એક ચતુર્થમાં પહેલે દિવસે એકાસણું, બીજા દિવસે ઉપવાસ, ત્રીજે દિવસે એકાસણું એમ ત્રણ રાત્રીનો ક્રમ સચવાય છે.

પ્ર. ૩૩ ભદ્ર, મહાભદ્ર અને સર્વતોભદ્ર એટલે શું ?

ઉ. ૩૩ ભદ્ર પ્રતિમા એટલે બે દિવસના ઉપવાસ સાથે કાયોત્સર્ગ તપ.
મહાભદ્ર પ્રતિમા એટલે ચાર દિવસના ઉપવાસ સાથે કાયોત્સર્ગ તપ.
સર્વતોભદ્ર પ્રતિમા એટલે દસ દિવસના ઉપવાસ સાથે કાયોત્સર્ગ તપ.

પ્ર. ૩૪ પાદપોપગમ અનશન એટલે શું ?

ઉ. ૩૪ વૃક્ષની જેમ સ્થિરતાવાળું અનશન એને પાદપોપગમ અનશન કહે છે જેમાં અન્ન જળનો સંપૂર્ણ ત્યાગ અને વૃક્ષની જેમ સ્થિર ઊભા રહેવાનું તે પાયપોપગમ અનશન કહેવાય છે.

પ્ર. ૩૫ તપ બાબતે જિનેશ્વર ભગવંતોએ શું કહ્યું છે ?

ઉ. ૩૫ પાક્ષિક તપમાં એક ઉપવાસ, ચોમાસી તપમાં છઠ્ઠ અને વાર્ષિક પર્વમાં અઠ્ઠમનો તપ કરવાનું જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે.

પ્ર. ૩૬ કેટલાં પર્વ છે ? તે પર્વ તિથિઓમાં શું લાભ થાય છે ?

ઉ. ૩૬ ૧. **બીજ :** બીજ પાળવાથી અને તે દિવસે ઉપવાસનો તપ કરવાથી અણુવ્રત અને મહાવ્રત રૂપ બે પ્રકારનો ધર્મ થાય છે.

૨. **પાંચમ :** પાંચમ પાળવાથી પાંચ જ્ઞાન પમાય છે.

૩. **આઠમ :** આઠમની આરાધનાથી આઠ કર્મ ખપે છે.

૪. **અગિયારશ :** અગિયારશની આરાધનાથી અગિયાર અંગનું જ્ઞાન પ્રાપ્ત થવાની શક્તિ પ્રગટ થાય છે.

૫. **ચૌદશ :** ચૌદશની આરાધનાથી ચૌદ પૂર્વનો લાભ થાય છે.

૬. **પૂનમ :** પૂનમની આરાધનાથી જ્ઞાન પ્રકાશ લાધે છે.

૭. **અમાસ :** અમાસની આરાધનાથી અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામે છે.

અ. બે બીજ દર્શનતિથિ ગણાય છે અને તે સમ્યક્દર્શનની આરાધના માટે છે.

બ બે પાંચમ અને બે અગિયારશ આ ચાર જ્ઞાન તિથિઓ ગણાય છે અને તે તિથિઓ ચૌદ પૂર્વના જ્ઞાનની આરાધના માટે છે.

ક બે આઠમ, બે ચૌદશ, પૂર્ણિમા અને અમાસ આ છ તિથિઓ ચારિત્રતિથિ ગણાય છે અને તે ચારિત્રની આરાધના માટે છે.

પ્ર. ૩૭ આપણાં પર્વોનાં નામ આપો અને તે ક્યારે આવે છે તે જણાવો ?

ઉ. ૩૭ ૧. પર્યુષણ : શ્રાવણ વદ બારશથી ભાદરવા સુદ ચોથ સુધી (૮ દિવસ)

૨. આયંબિલની ઓળી : આસો સુદ સાતમથી પૂર્ણિમા સુધી
ચૈત્ર સુદ સાતમથી પૂર્ણિમા સુધી (નવ દિવસ)

૩. જ્ઞાન પાંચમ : કારતક સુદ પાંચમ

૪. મૌન અગિયારશ : માગસર સુદ અગિયારશ

૫. ચૌમાસી ચૌદશ :-૧. કારતક સુદ ચૌદશ
૨. ફાગણ સુદ ચૌદશ
૩. અષાઢ સુદ ચૌદશ

૬. પૂર્ણિમા :-૧. કારતક સુદ પૂર્ણિમા તે દિવસે શેત્રુંજય તીર્થની યાત્રા કરવી અથવા શેત્રુંજય આદિ મહાતીર્થના પટોનાં દર્શન કરવા જવું
૨. ચૈત્ર સુદ પૂર્ણિમા આ દિવસે શ્રી ઋષભદેવ પ્રભુના પ્રથમ ગણધર પુંડરિક સ્વામી પાંચ કરોડ મુનિવરો સાથે મોક્ષે ગયેલા

૭. તેરશ : મેરુ તેરશ (પોષ વદ તેરશ)-શ્રી ઋષભદેવ પ્રભુનું મોક્ષ કલ્યાણક છે.

૮. દશમ : પોષ દશમ, માગશર વદ દશમ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું જન્મ કલ્યાણક.

૯. અખાત્રીજ : વૈશાખ સુદ ત્રીજને દિવસે શ્રી ઋષભદેવ ભગવાનને શ્રેયાંસકુમારે શેરડીના રસથી પારણું કરાવ્યું. બીજું નામ અક્ષય તૃત્તિયા છે.

૧૦. તેરશ : ચૈત્ર સુદ તેરશ - શ્રી મહાવીર પ્રભુનો જન્મ દિવસ

૧૧. અમાસ : આસો વદ અમાસ - શ્રી મહાવીર પ્રભુનો નિર્વાણ દિવસ (દિવાળીની રાત્રે)

પ્ર. ૩૮ અઠ્ઠઈઓ કઈ કઈ અને ક્યારે આવે છે ?

ઉ. ૩૮ ધર્મની વિશેષ આરાધના કરવાના દિવસોને અઠ્ઠઇ કહેવાય છે. તે છ છે. જે નીચે મુજબ છે.

૧. ચૈત્ર સુદ સાતમથી ચૈત્ર સુદ પૂનમ સુધીની

૨. આસો સુદ સાતમથી આસો સુદ પૂનમ સુધીની

ઉપરોક્ત બંને અઠ્ઠઈઓ શાશ્વત અઠ્ઠઈઓ ગણાય છે. આ દિવસોમાં દેવી-દેવતાઓ નંદીશ્વર દ્વીપે જાય છે અને ત્યાં આવેલ જિન ચૈત્યોમાં અઠ્ઠઇ મહોત્સવ ઊજવે છે. સદાકાળ પ્રભુભક્તિ આદિ આરાધના માટેના આ દિવસો શાશ્વતી અઠ્ઠઇ તરીકે ઓળખાય છે.

૩. કારતક સુદ સાતમથી કારતક સુદ પૂનમ સુધી

૪. ફાગણ સુદ સાતમથી ફાગણ સુદ પૂનમ સુધી

૫. અષાઢ સુદ સાતમથી અષાઢ સુદ પૂનમ સુધી

૬. શ્રાવણ સુદ બારશથી ભાદરવા વદ ચોથ સુધી

પ્ર. ૩૯ પર્યુષણ પર્વમાં અવશ્ય કરવા જેવું શું ?

ઉ. ૩૯ પર્યુષણ પર્વમાં અઠ્ઠમ તપ (ત્રણ દિવસના સળંગ ઉપવાસ) અવશ્ય કરવાં જોઇએ. અઠ્ઠમ તપ ન થઇ શકે તો છ આયંબિલ કરવાં. છ આયંબિલ ન થઇ શકે તો તેવાઓએ નવ નિવી કરવી અથવા બાર એકાસણાં કરવાં અથવા ચોવિસ બેસણાં કરવાં અથવા છ હજાર સ્વાધ્યાય કરવો અને તે પણ શક્ય ન હોય તો છેવટે ૬૦ બાંધી નવકારવાળી ગણવી.

પ્ર. ૪૦ અઠ્ઠમ તપ એટલે શું ?

ઉ. ૪૦ અઠ્ઠમ એટલે આઠ સમયના આહારનો ત્યાગ. સામાન્યપણે સાધક દિવસમાં એક અથવા બે વાર આહાર લે છે. એમાં પ્રથમ દિવસે એકવાર આહાર લઇ લીધા પછી ત્રણ દિવસ સર્વ પ્રકારના આહારનો ત્યાગ કરી, પાંચમા દિવસે એકવાર આહાર ગ્રહણ કરે તો એ પ્રમાણે આઠ વાર આહારનો ત્યાગ થતાં તેને અઠ્ઠમ તપ કહેવામાં આવે છે. યથા શક્તિ તપ કરનાર પર્યુષણના છેલ્લા ત્રણ દિવસ જે ઉપવાસ કરે છે તે અઠ્ઠમ તપ છે. ટૂંકમાં ત્રણ દિવસના આહાર પાણીના ત્યાગવાળા તપને અઠ્ઠમ કહેવાય.

પ્ર. ૪૧ સ્વાધ્યાય તપ એટલે શું ?

ઉ. ૪૧ સ્વાધ્યાય તપ એટલે દરેક પંદર દિવસે એક ઉપવાસ અથવા બે આયંબિલ, અથવા ચાર એકાસણાં, અથવા આઠ બેસણાં અથવા ૨૧૬૦ વાર નવકાર મંત્રનો જપ કરવો તે સ્વાધ્યાય તપ છે.

પ્ર. ૪૨ પૌષધ એટલે શું ?

ઉ. ૪૨ પૌષધ એટલે ધર્મની પુષ્ટિ થાય તે અથવા ધર્મ વધારે થાય એવી શ્રી તીર્થંકર ભગવંતોએ બતાવેલી બાર કલાક કે ચોવીસ કલાક સુધીની સાધુ ભગવંત જેવા આચારના અભ્યાસની ક્રિયા.

પ્ર. ૪૩ પૌષધ ક્યારે કરવો ?

ઉ. ૪૩ બે આઠમ, બે ચૌદશ, પૂનમ અને અમાસ આ છ દિવસોમાંથી ગમે તે દિવસે પૌષધ કરી શકાય. જે દિવસે પૌષધ કર્યો હોય તે દિવસે જિનેશ્વરનું કેસર-બરાસ આદિથી અર્ચન-પૂજન કરવું. અમાસ કે પૂનમને દિવસે પૌષધ કરવાથી શ્રેષ્ઠ ફળ મળે છે.

પ્ર. ૪૪ પૌષધના કેટલા પ્રકાર છે ?

ઉ. ૪૪ પૌષધના ચાર પ્રકારો છે.

૧. આહાર પૌષધ (ઉપવાસ, આયંબિલ કે એકાસણું કરીને પૌષધ કરવો તે)

૨. શરીર સત્કાર પૌષધ (પૌષધ નિમિત્તે શરીરને શણગારવું નહીં તે)

૩. અવ્યાપાર પૌષધ (પાપના કામનો ત્યાગ કરવો તે)

૪. બ્રહ્મચર્ય પૌષધ (શિયળ પાળવું તે.)

પ્ર. ૪૫ અતિથિસંવિભાગ એટલે શું ?

ઉ. ૪૫ ચૌવિહાર ઉપવાસપૂર્વક રાત-દિવસનો (૨૪ કલાકનો) પૌષધ કરી પારણે એકાસણું કરી, મુનિ મહારાજને વહોરાવી તથા જેટલી ચીજ મુનિમહારાજ વહોરે તેટલી ચીજ વાપરવી તે અતિથિસંવિભાગ કહેવાય છે.

પ્ર. ૪૬ આવશ્યક એટલે શું ?

ઉ. ૪૬ આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય કરણી તે. આવશ્યક છ ગણાય છે જે નીચે મુજબ જાણવા.

૧. **સામાયિક :** જેનાથી સમતાનો લાભ થાય તે સામાયિક, આ પહેલું આવશ્યક છે. તે દેવસિ પ્રતિક્રમણ થયા પછી કરેમિભંતેથી પંચા

ચારની આઠ ગાથાનો કાઉસગ્ગ કરીએ છીએ ત્યાં સુધી ગણાય છે. અડતાળીસ મિનિટ સુધી બંધ આંખની ફિલ્મ જોવી અને પ્રતિક્રમણ કરવું તે સામાયિક.

૨. **ચઉવીસત્થો :** લોગસ્સ જેમાં ચોવીસ ભગવાનના નામોનું સ્મરણ થાય છે તે બીજું આવશ્યક. તે પંચાચારની આઠ ગાથાનો કાઉસગ્ગ કર્યા પછી લોગસ્સ કરીએ છીએ તે ગણાય છે.

૩. **વાંદણાં :** જેમાં ગુરુ મહારાજને વંદન કરવામાં આવે છે, તે ત્રીજું આવશ્યક છે. તે ત્રીજા આવશ્યકની મુહપત્તી પડીલેહી બે વાંદણાં દેવાય છે ત્યાં સુધી ગણાય છે.

૪. **પ્રતિક્રમણ :** જેમાં લાગેલાં પાપોનાં પ્રાયશ્ચિત કરી માફી માગવામાં આવે છે તે ચોથું આવશ્યક છે. તે ''ઈચ્છા દેવસિ આલો ઉ થી આયંબિલ ઉવજ્જાએ'' સુધીનું ગણાય છે.

૫. **કાઉસગ્ગ :** મન, વચન, કાયાની એકાગ્રતા થાય તે પાંચમું આવશ્યક. તે આયુરિય ઉવજ્જાયે પછી આવતા બે લોગસ્સ અને એક એક લોગસ્સના કાઉસગ્ગ સુધી ગણાય છે.

૬. **પચ્ચક્ખાણ :** અવિરતિપણાનો ત્યાગ જેમાં થાય તે છઠ્ઠું આવશ્યક પચ્ચક્ખાણ કરાય છે તે છે.

પ્ર. ૪૭ જાગરિકા કેટલા પ્રકારની છે ?

ઉ. ૪૭ **૧. બુદ્ધ જાગરિકા :** તે કેવળી ભગવંતને હોય છે.

૨. અબુદ્ધ જાગરિકા : તે છદ્મસ્થ અનગારી મુનિને હોય છે.

૩. સુદક્ષ જાગરિકા : તે શ્રમણોપાસક શ્રાવકને હોય છે.

પ્ર. ૪૮ વિષ્ણુ પુરાણમાં પર્વના માહાત્મ્ય વિશે શો ઉલ્લેખ છે ?

ઉ. ૪૮ જે વ્યક્તિ બે ચૌદશ, બે આઠમ, પૂર્ણિમા અને અમાસના આ પર્વણીના દિવસોએ તેલ ચોળીને સ્નાન કરે છે, સ્ત્રી સંભોગ કરે છે અને માંસ ખાય છે, તે મૃત્યુ પામ્યા પછી નરકમાં જાય છે અને ત્યાં વિષ્ઠા અને મૂત્રનું ભોજન કરવું પડે છે.

પ્ર. ૪૯ કારતક પૂનમે શેત્રુંજય ગિરિ ઉપર એક ઉપવાસના તપનું ફળ શું ?

ઉ. ૪૯ કારતક પૂનમે શ્રી શેત્રુંજયગિરિ ઉપર એક ઉપવાસ કરવાથી માણસ ઋષિ હત્યા, સ્ત્રી હત્યા અને બાળ હત્યા વગેરેના પાપથી મુકત થાય છે.

પ્ર. ૫૦ કયા નક્ષત્રમાં છઠ્ઠ તપ કરવાથી ઉત્કૃષ્ટ ફળ મળે ?

ઉ. ૫૦ સ્વાતિ નક્ષત્રમાં છઠ્ઠ તપ કરવાથી લાખ-કોડ છઠ્ઠ પ્રમાણ તપનો લાભ થાય છે.

પ્ર. ૫૧ કાઉસગ્ગ એટલે શું ?

ઉ. ૫૧ કાઉસગ્ગ એટલે કાયાને હલાવ્યા-ચલાવ્યા વગર રાખી કંઈપણ બોલ્યા વિના એક ધ્યાને નવકારમંત્ર કે લોગસ્સ આદિ દ્વારા પરમેષ્ઠી ભગવંતોનું સ્મરણ કરવું તે.

પ્ર. ૫૨ કાઉસગ્ગના સોળ આગારોનાં નામ આપો ?

ઉ. ૫૨ ૧. ઊંચો શ્વાસ લેવો ૨. નીચો શ્વાસ મૂકવો
૩. ખાંસી આવવી ૪. છીંક આવવી
૫. બગાસું આવવું ૬. ઓડકાર આવવો
૭. વાછૂટ થવી ૮. ચકરી આવવી
૯. પીત વડે મૂર્છા આવવી ૧૦. સૂક્ષ્મ રીતિએ શરીર હાલવું
૧૧. સૂક્ષ્મ રીતિએ કફ - બળખો આવવો.
૧૨. સૂક્ષ્મ રીતિએ દૃષ્ટિ હાલવી
૧૩. અગ્નિના ઉપદ્રવથી બીજે સ્થાને જવું પડે
૧૪. પંચેન્દ્રિય જીવ આડા આવતા હોય તો બીજે સ્થાને જવું પડે.
૧૫. રાજાદિના ભયથી બીજે સ્થાને જવું પડે
૧૬. સર્પાદિ પ્રાણીઓના ઉપદ્રવથી બીજે સ્થાને જવું પડે.

પ્ર. ૫૩ દેસાવગાસિક એટલે શું ?

ઉ. ૫૩ ઓછામાં ઓછું એકાસણું કરવા પૂર્વક સવાર-સાંજ પ્રતિક્રમણ અને બીજા આઠ સામાયિક કરવા તેને દેસાવગાસિક કહેવાય છે.

પ્ર. ૫૪ ચૌદ નિયમ કેવી રીતિએ ધારવા ?

ઉ. ૫૪ ૧. **સચિત :** દિવસમાં જેટલાં સચિત (સચેતન) દ્રવ્ય મુખમાં નાંખવા પડે તેની સંખ્યા નક્કી કરવી.

૨. **દ્રવ્ય :** જુદાં જુદાં નામવાળી અને સ્વાદવાળી જેટલી ચીજો ખાવી હોય તેની સંખ્યા નક્કી કરવી.

૩. **વિગઈ :** ઘી, ગોળ, દૂધ, દહીં, તેલ અને કડાઈ (તળેલી વસ્તુ)એ છ વિગઈઓમાંથી હંમેશાં ઓછામાં ઓછી એક વિગઈનો ત્યાગ કરવો.

૪. **વાણહ** : જોડા, ચંપલ, મોજાં, પાવડી વગેરેની સંખ્યા ધારવી.

૫. **તંબોલ** : સોપારી, એલચી વગેરે મુખવાસ ખાવાનું માપ ધારવું.

૬. **વત્થ** : દિવસમાં અમુક વસ્ત્ર પહેરવાં એમ સંખ્યા ધારવી.

૭. **કુસુમ** : સૂંઘવાની વસ્તુનું વજન ધારવું.

૮. **વાહન** : ગાડી, ઘોડા, ઊંટ, મોટર, ટ્રેઈન, રિક્ષા, બસ વગેરે વાહનોમાં બેસવાની સંખ્યા ધારવી.

૯. **શયન** : શય્યા, આસન, ગાદી વગેરે સૂવા-બેસવાનાં સાધનોની સંખ્યા ધારવી.

૧૦. **વિલેપન** : શરીરે વિલેપન કરવાનું માપ ધારવું.

૧૧. **બ્રહ્મચર્ય** : યથાશક્તિ તે વિષે નિયમ ધારવો, દિવસે સર્વથા બ્રહ્મચર્ય પાળવું.

૧૨. **દિશિ** : દશેય દિશામાં જવાની મર્યાદા બાંધવી.

૧૩. **સ્નાન** : સ્નાનની ગણતરી કરવી, તે માટે વાપરવાના પાણીનું પ્રમાણ નક્કી કરવું અને બને તેટલું ઓછું પાણી વાપરવું.

૧૪. **ભતેસુ** : ભોજન પાણીનું પ્રમાણ નક્કી કરવું.

પૃથ્વીકાય : માટી, ખારો, ચાક, મીઠું આદિ વાપરવાનું પ્રમાણ નક્કી કરવું.

અપકાય : પાણી પીવાનું તથા વાપરવાનું વજન ધારવું.

તેઉકાય : ચૂલા અને દીવાનું પરિમાણ કરવું.

વાયુકાય : પંખા, હીંડોળા, વસ્ત્રની ઝાપટ વગેરેનું પરિમાણ કરવું.

અસિ : સોય, કાતર, સૂડી, છરી ચપ્પુ, તલવાર વગેરે વાપરવાની સંખ્યાનું પરિમાણ કરવું.

મસિ : ખડિયા, કલમ, ઈન્ડિપેન આદિ વાપરવાની સંખ્યા ધારવી.

કૃષિ : હળ, કુહાડા, પાવડા, કોશ વગેરે વાપરવાની સંખ્યાનું પરિમાણ કરવું.

ઉપર પ્રમાણે ચૌદ નિયમો ધારણ કરવાથી જગતમાં થતાં અનેક પાપોથી જીવ બચી જાય છે. આ ચૌદ નિયમો ધારણ કર્યા પછી તેને ચુસ્તપણે વળગી રહેવું તે જ શ્રાવકની પવિત્ર ફરજ બને છે.

પ્ર. ૫૫ સાધુ-સાધ્વીએ અમુક તપ કરવો જ જોઈએ ?

ઉ. ૫૫ મહનિશીથ સૂત્રનાં સાતમાં અધ્યયનમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે આઠમ, ચૌદશ અને જ્ઞાનપંચમીનો ઉપવાસ તેમજ પર્યુષણા એટલે સંવત્સરીનો અઠ્ઠમ તથા ચોમાસીનો છઠ્ઠ તપ જો સાધુ-સાધ્વી ન કરે તો તેને ઉપવાસનો દંડ આવે છે.

પ્ર. ૫૬ પાંચ પ્રકારની ક્રિયા કઇ કઇ તે સમજાવો ?

ઉ. ૫૬ ૧. **વિષ** : આ લોકમાં સુખ મેળવવાની ઇચ્છાથી જે ક્રિયા કરવામાં આવે તે.

૨. **ગરલ** : પરભવના સુખ માટે જે ક્રિયા કરવામાં આવે તે.

૩. **અનુષ્ઠાન** : ઉપયોગ શૂન્ય થતી ક્રિયા.

૪. **તદહેતુ** : શુદ્ધ ક્રિયાના રાગપૂર્વક કરાતી અશુદ્ધ ક્રિયા.

૫. **અમૃત** : ઉચ્ચ કોટિના ભાવપૂર્વક કરાતી સંપૂર્ણ શુદ્ધ ક્રિયા.

પ્ર. ૫૭ તપસ્વી કેવા હોય ?

ઉ. ૫૭ તપસ્વી માણસો ભોળા હોય તેથી તરત ગુસ્સે થઇ જાય. મૂળથી તપેલો હોય અને સળી થાય તો ગરમ થઇ જાય એને તપિયો કહેવાય છે.

પ્ર. ૫૮ ક્ષપક એટલે શું ?

ઉ. ૫૮ ક્ષપક એટલે કે ઘોર તપસ્વી જેવા કે.

૧. **વિષ્ણુકુમાર મુનિ** : છ હજાર વર્ષ સુધી છઠ્ઠનો તપ કરનાર

૨. **ઢંઢણકુમાર મુનિ** : છ માસી તપ કરનાર

૩. **સુંદરી** : ૬૦૦૦૦ હજાર વર્ષ સુધી આયંબિલ તપ કરનાર

૪. **બાહુબલિજી** : ૧ વર્ષ સુધી કાઉસગ્ગમાં રહેનાર

૫. **બહુધામુનિ** : વિષમ પ્રકારના અભિગ્રહ ધારનારા

૬. **નંદન મુનિ** : ૧૧,૮૦,૫૦૦ માસ ક્ષમણ કરનાર

૭. **જગરચંદ્ર સૂરિજી** : ૧૬ વર્ષ સુધી આયંબિલ તપ કરનાર

૮. **સ્કંધક મુનિ** : સંવત્સર તપ કરનાર

પ્ર. ૫૯ અનશનના કેટલા ભેદ છે ?

ઉ. ૫૯ અનશનના મુખ્ય બે ભેદ છે.

૧. **ઇત્વરિક અનશન** : અલ્પકાળને માટે કરવામાં આવતા અનશનને ઇત્વરિક અનશન કહેવાય છે. તેના ચૌદ ભેદ છે. ચતુર્થભકત,

ષટભકત, અષ્ટમભકત, દશમભકત, દ્વાદશભકત, ચતુર્દશભકત, ષોડશભકત, અર્ધમાસિક, માસિક, દ્વિમાસિક, ત્રિમાસિક, ચાતુર્માસિક, પંચમાસિક અને છ માસિક

૨. **યાવત્કથિક અનશન :** લાંબા કાળ માટે અથવા કેટલીક વાર દેહ છૂટી જાય ત્યાં સુધી જે કઠોર તપ કરવામાં આવે છે તેને યાવત્કથિક અનશન કહે છે. તેના કુલ છ ભેદ છે.

૧. પાદપોગમન ૨. ભક્તપ્રત્યાખ્યાન ૩. ઈંગિતમરણ. આ ત્રણેના નિર્હારિમ અને અનિર્હારિમ એમ કુલ છ ભેદ થાય છે.

પ્ર. ૬૦ તપ કેવી રીતે કરવાથી આત્માનું કલ્યાણ થાય ?

ઉ. ૬૦ જે જે વખતે તપશ્ચર્યા કરવી તે તે વખતે સ્વચ્છંદથી ન કરવી, અહંકારથી ન કરવી, લોકોને લીધે ન કરવી. સામાન્ય રીતે લોકસંજ્ઞાએ, માનાર્થે, ઓઘસંજ્ઞાએ, પૂજાર્થે, પદના મહત્ત્વાર્થે, શ્રાવકાદિના પોતાપણાર્થે કે એવા બીજા કારણથી જપતપાદિ વ્યાખ્યાનાદિ કરવાનું પ્રવર્તન થઇ ગયું છે. તે આત્માર્થે કોઇ રીતે નથી માટે ગમે તે ક્રિયા જપ, તપ, શાસ્ત્રવાંચન કરીને એક જ કાર્ય સિદ્ધ કરવાનું છે, તે એ છે કે જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના શરણમાં રહેવું અને આ એક જ લક્ષ ઉપર પ્રવૃત્તિ કરવાથી જીવને પોતાને શું કરવું યોગ્ય છે અને શું કરવું અયોગ્ય છે તે સમજાય છે, સમજાતું જાય છે. હેતુ મોક્ષે જવાનો હશે અને મોક્ષે જવાના હેતુસર તે જપ, તપ, ક્રિયા થશે તો જ આત્માનું કલ્યાણ થશે.

પ્ર. ૬૧ તપ કેવા કરવા જોઇએ ?

ઉ. ૬૧ શાસ્ત્રોમાં વર્ણન આવે છે કે જે તપ કરવાથી મનમાં અમંગળના વિચારો ન આવે, ઇન્દ્રિયોમાં અશક્તિ ન આવે અને યોગોમાં હિનતા ન થાય તે રીતે તપ કરવા જોઇએ.

પ્ર. ૬૨ ત્યાગ કોને કહેવાય ?

ઉ. ૬૨ સહજ વર્તનમાં વર્તાયેલો હોય તે ત્યાગ કહેવાય. તાદાત્મ્ય અધ્યાસ એ જ રાગ અને તાદાત્મ્ય અધ્યાસ નહીં તે ત્યાગ. ભગવાને વસ્તુનો ત્યાગ કરવાનો કહ્યો નથી પણ વસ્તુની મૂર્છાનો, મોહનો ત્યાગ વર્તવો જોઇએ એમ કહ્યું છે. વસ્તુની મૂર્છાના ત્યાગને ત્યાગ કહેવામાં આવે છે. વસ્તુના ત્યાગને ત્યાગ ન કહેવાય. ઇન્દ્રિયોના સંયમને ત્યાગ કહેવાય. અહંકાર

સહિત વસ્તુનો અભાવ કરવો તે ત્યાગ. મૂર્છા બંધ થઇ તેનું નામ જ ત્યાગ. ત્યાગ એનું નામ કહેવાય કે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ના કરાવડાવે. આપણી જરૂરિયાત પૂરતું રાખીએ તેને ત્યાગ કહેવાય. જે મળે તેનાથી ચલાવી લેવું તે ત્યાગ. ઉદય કર્મનો ગર્વ ના લે તેને ત્યાગ વર્ત્યો કહેવાય. તીર્થંકરો મૂર્છાના અભાવને ત્યાગ કહે છે. ત્યાગ વર્તતો હોય તે યાદ ના આવે તે વ્રત કહેવાય અને યાદ આવે તે ત્યાગ. વિષયના સંયમને ત્યાગ કહેવાય. જેમાં હું પણું નથી અને સહેજે વર્તે છે તે ત્યાગ. મૂર્છા ગઇ તેનું નામ ત્યાગ. મોહ અને મૂર્છા ના હોય તેનું નામ ત્યાગ. સંકલ્પ-વિકલ્પના જ્ઞાતા-દ્રષ્ટા રહેવું તે જ ત્યાગ. ભગવાને કોને ત્યાગ કહ્યો છે કે મનમાં જે વિચારો ઉત્પન્ન થાય, વાણીમાં જે જે પરમાણું ઊડે તેમાં તન્મયાકાર ના થાય તેને શુદ્ધ ત્યાગ કહ્યો છે. મનમાં જે જે વિચારો આવે પછી તે ગમે તેવા હોય, સારા હોય, ગમતા હોય કે ના ગમતા હોય પણ તેમાં છૂટો રહે અને તેમાં તન્મયાકાર ના થાય એને ભગવાને ત્યાગ કહ્યો છે, પછી વાણીના જે જે પરમાણું ઊડે તે દરેકમાં પોતે તન્મયાકાર ના થાય તેને સર્વસ્વ ત્યાગ ભગવાને કહ્યો છે. અંતરની ઇચ્છા ઘટે ત્યારે જ ત્યાગ કહેવાય. મોહ ગયો એનું નામ ત્યાગ. વસ્તુ ભલે રહી, પણ કોઇ લઇ લે તો અસર ના થાય એનું નામ ત્યાગ. ત્યાગ એ કસરત છે. ત્યાગ કરવું અને તરછોડવું બંનેય સરખું છે. ત્યાગ એટલે તિરસ્કાર. જો તારે વિષય સુખ આવતા ભવમાં જોઇતા હોય તો એક સ્ત્રીને છોડીશ તો સો સ્ત્રીઓ આગળ ભેગી થશે. અર્થાત્ ''ત્યાગે સો આગે'' તું જે જે ત્યાગીશ તે અનંતગણું થઇને આગળ આવશે. જેનું મન બહુ નબળું હોય તેણે કસરત કરવા માટે ત્યાગ કરવો જોઇએ. જે હશે તેનાથી ચાલશે, જે મળે તેનાથી ચલાવી લેવું તે ત્યાગ. જ્યાં બીજો કરે છે અને પોતે કહે છે કે મેં કર્યું તેને ત્યાગ કહેવાય.

પ્ર. ૬૩ ત્યાગ શાં માટે કરવાનો છે ?

ઉ. ૬૩ ત્યાગ સમતા વધારવા માટે કરવાનો છે. કષાયો ઓછા કરવા માટે ત્યાગ કરવાનો છે. જો સમતા ના રહે તો એ ત્યાગ બુડથલ છે. સમતા વધતી જાય અને કષાયો ઘટતા જાય માટે ત્યાગની જરૂર છે. મન નબળું હોય તો તેને મજબૂત કરવા માટે ત્યાગરૂપ કસરતની જરૂર છે.

પ્ર. ૬૪ ત્યાગ શેનો કરવાનો છે ?

ઉ. ૬૪ ભગવાને ''હું'' અને ''મારું'' એટલે કે અહમ્ અને મમતાનો ત્યાગ કરવાનું કહ્યું હતું. મમતાનો ત્યાગ કરવાનો છે, જો મમતા જ ન મુકાણી તો વિષયોના ત્યાગથી શું વળવાનું છે ? કારણ કે કાંચળીના ત્યાગથી સર્પ નિર્વિષ થઈ શકતો નથી. આ મમતા તમામ ગુણોને રમતમાત્રમાં ખાઈ જાય છે. ત્યાગ તો અજ્ઞાનતાનો કરવાનો છે. અહંકાર અને મમતાનો ત્યાગ કરવાનો છે ત્યારે મૂવા બાયડી-છોકરાંને રખડતાં મૂકીને જંગલમાં ભાગી જાય છે, જે એક પ્રકારનું ગાંડપણ ગણાય છે.

પ્ર. ૬૫ મોટામાં મોટો ત્યાગ કયો ?

ઉ. ૬૫ પ્રમાણિકપણું તે મોટામાં મોટો ત્યાગ છે.

પ્ર. ૬૬ ત્યાગ કર્યો ક્યારે કહેવાય ?

ઉ. ૬૬ શું શું ત્યાગ્યું છે તે યાદ ન આવે ત્યારે ત્યાગ કર્યો કહેવાય.

પ્ર. ૬૭ ત્યાગ અંગેની જ્ઞાનપંકિત જણાવો ?

ઉ. ૬૭ ત્યાગ ના ટકે વૈરાગ્ય વિના, વૈરાગ્ય ના ટકે વિચાર વિના, વિચાર ના ટકે એકાંત વિના.

પ્ર. ૬૮ પરિત્યાગ એટલે શું ?

ઉ. ૬૮ અહંકાર રહિત ત્યાગ તે પરિત્યાગ. અહમ્ નથી તે પરિત્યાગ. ત્યાગનોય ત્યાગ તે પરિત્યાગ કહેવાય.

પ્ર. ૬૯ પર પરિણતિનો ત્યાગ કોને કહેવાય ?

ઉ. ૬૯ આરંભ, પરિગ્રહ છૂટે ત્યારે પર પરિણતિનો ત્યાગ થાય. શુક્લધ્યાન થયા વગર આરંભ પરિગ્રહ જાયં નહીં.

પ્ર. ૭૦ તેર કાઠિયા જેનો ત્યાગ કરવો જોઈએ તે કયા કયા ?

ઉ. ૭૦

૧. આળસ	૫. ક્રોધ	૯. અજ્ઞાન	૧૩. દ્વેષ
૨. મોહ	૬. કંજૂસાઈ	૧૦. કુતૂહલ	
૩. અવજ્ઞા	૭. ભય	૧૧. રતિ	
૪. ઘમંડ	૮. શોક	૧૨. રાગ	

પ્ર. ૭૧ સંધ્યાટાણે કઈ ચાર વસ્તુનો ત્યાગ કરવો ? શાં માટે ?

ઉ. ૭૧ સંધ્યાટાણે આહાર, નિંદ્રા, મૈથુન અને સ્વાધ્યાય આ ચારેય વસ્તુ અવશ્ય છોડી દેવી.

૧. સંધ્યાટાણે આહાર કરવાથી વ્યાધિ (રોગ) થાય છે.

૨. સંધ્યાટાણે મૈથુન સેવવામાં આવે અને ગર્ભ રહે તો ક્રૂર બાળકનો જન્મ થાય છે.

૩. સંધ્યાટાણે નિંદ્રા લેવાથી (ઊંઘવાથી) ધનનો નાશ થાય છે.

૪. સંધ્યાટાણે સ્વાધ્યાય કરવાથી મૃત્યુ થાય છે.

પ્ર. ૭૨ ત્યાગી કોને કહેવાય ?

ઉ. ૭૨ સંસારીઓનાં દુઃખો પોતાને હો અને પોતાનાં સુખો સંસારીઓને હો એવી ભાવના રહેતી હોય તે ત્યાગી કહેવાય. ત્યાગીનું મોઢું જોતાં જ આનંદ થઈ જાય. બધું નભાવી લે તેનું નામ ત્યાગી કહેવાય. જેને સાધક અને બાધક બંને અવસ્થા વર્તે તેને ત્યાગી કહેવાય. જેને ત્યાગનો કેફ ન હોય તે ત્યાગી. પાણીમાં રહેવા છતાં અસંગ હોય તે ત્યાગી. જેને જોતાં જ ચિંતા હોય તોય ભૂલી જઈ આનંદ આવે અને દિલ ઠરી જાય તેને ત્યાગી કહેવાય.

પ્ર. ૭૩ સંપૂર્ણ ત્યાગી કોને કહેવાય ?

ઉ. ૭૩ જેના અહંકાર અને મમતા સંપૂર્ણ જાય તેને સંપૂર્ણ ત્યાગી કહેવાય.

પ્ર. ૭૪ મહાવીરના ત્યાગી કોને કહેવાય ?

ઉ. ૭૪ જેના જીવનમાં કોઈપણ પ્રકારની યાચના નથી તે ત્યાગી કહેવાય.

પ્ર. ૭૫ સાધુઓ અને ત્યાગીઓ બીજા અવતારમાં શું થાય ?

ઉ. ૭૫ સાધુઓ અને ત્યાગીઓ બીજા અવતારમાં બકરી ન થાય, તેમનું સ્થાન બળદિયામાં અને ઘોડામાં છે ત્યાં તે પાછું ત્યાગી જીવન જીવી શકે. બળદને ખસી કરવામાં આવે છે ત્યારે તે રડતો નથી પણ જો તેને ખાવાનું ન મળે ત્યારે આંખમાંથી પાણી નીકળે છે. તેમનામાં ત્યાગ છે પણ પાશવી સ્વભાવ છે એટલે પશુનો અવતાર થાય છે. (સમજણ વગરના બળપૂર્વકના ત્યાગની અપેક્ષાએ આ વાત સમજવાની છે.)

પ્ર. ૭૬ જન્મ વૈરાગી અને જન્મ ત્યાગી એટલે શું ?

ઉ. ૭૬ તીર્થંકર ભગવંતો જન્મ વૈરાગી કહેવાય. જન્મ ત્યાગી કોઈને કહેવાય નહીં કારણ કે બધાંને બૈરાં-છોકરાં હતાં.

પ્ર. ૭૭ વૈરાગ્ય કોને કહેવાય ?

ઉ. ૭૭ પરણતી વખતે રાંડવાનો વિચાર આવે તેનું નામ વૈરાગ્ય. વૈરાગ્ય એટલે હિતાહિતના વિચાર. વૈરાગ્ય તો આવ્યા પછી જાય નહીં એને વૈરાગ્ય કહેવાય. આ તો ઘડીમાં વૈરાગ્ય આવીને જતો રહે તેને તો ચીઢ કહેવાય. વૈરાગ્ય એટલે રાગ નહીં તે, આસકિત રહિત થવું. સંસાર, શરીર અને ભોગ એ ત્રણેથી ઉદાસીનતા એ વૈરાગ્ય કહેવાય. મૂળ વિશુદ્ધ સ્વરૂપની પ્રીતિ કરવી તેનું નામ જ વૈરાગ્ય. યથા યોગ્ય સમયે જ્યાં જે વિચારની જરૂર હોય ત્યાં તે વિચાર લાવે તેનું નામ વૈરાગ્ય. વૈરાગ્ય એ તો વીતરાગતાથી નીચું સ્ટેજ છે. વૈરાગ્ય એટલે પોતે જ માર ખાધેલો તે યાદ આવે તે.

પ્ર. ૭૮ વૈરાગ્ય ક્યારે આવે ?

ઉ. ૭૮ દેહથી છૂટો વર્તાય અને દેહમાં શું છે તે વર્તાય એટલે ઓટોમેટિક વૈરાગ્ય આવે.

પ્ર. ૭૯ વૈરાગ્ય કેટલા પ્રકારના છે. ?

ઉ. ૭૯ વૈરાગ્યના મુખ્ય ત્રણ પ્રકાર છે.

૧. **દુઃખ ગર્ભિત વૈરાગ્ય** - સંસારમાં સુખનો છાંટોય ન મળવાથી અને દુઃખ સહન ન થવાથી સાધુ થઈ જાય તે દુઃખ ગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. પરણ્યા પછી વહુ કે બાપ કઠણ થાય તો તે સહન ના થાય તેથી પછી સાધુ થઈ જાય. દુઃખના માર્યા સંસાર છોડી ભાગી જાય તે બૈરી-છોકરાંને રખડાવી મારે. સંસારમાં ઠેકાણું ના પડતું હોય તો તે વિચાર કરે કે ચાલો વૈરાગ્ય લઈ લઈશું તો બે ટંક ખાવાનું તો મળશે અને એકલું ઉઘાડા પગે ચાલવાનું અને માંગીને ખાવાનું એટલું જ દુઃખ ને તે તો દેખા જાયેગા, આમ વિચારીને જે વૈરાગ્ય લેવામાં આવે તે દુઃખ ગર્ભિત વૈરાગ્ય કહેવાય. આવા ત્યાગનું પરિણામ ચોર્યાસી લાખ અવતાર ભટક ભટક કરવાનું. કેટલીક વાર સ્ત્રી, ધન, પુત્ર, મિત્ર કે અન્ય ઈષ્ટ વસ્તુઓ નાશ પામે ત્યારે મનમાં દુઃખ ઉત્પન્ન થવાથી તે નિમિત્તે સંસાર ઉપર ઉદ્વેગ થાય અને વૈરાગ્ય લેવાય તે દુઃખ ગર્ભિત વૈરાગ્ય કહેવાય છે.

૨. **મોહ ગર્ભિત વૈરાગ્ય :** સાંસારિક સુખો હોવા છતાં સહન ન થવાથી શિષ્યો મળશે, માન મળશે, વાહવાહ થશે તે હેતુથી સાધુ થાય, લોકો પૂજશે એ લાલચે વૈરાગ્ય લે તે મોહ ગર્ભિત વૈરાગ્ય અથવા સ્વર્ગાદિ સુખની આશાથી વૈરાગ્ય લે તે મોહ ગર્ભિત વૈરાગ્ય કહેવાય. આવા ત્યાગનું ફળ સંસારમાં ભટકામણ જ છે.

૩. **જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય :** સંસારની નશ્વરતાનો બોધ થવાથી થયેલ ત્યાગ તે જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય છે. જ્ઞાન અને મોક્ષની આકાંક્ષાથી વૈરાગ્ય લે તે જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય. જ્ઞાન તો જ્ઞાની પાસે જાય તો જ મળે તેમ છે અને તે પછી જ જ્ઞાન પ્રકાશથી યથાર્થ વૈરાગ્ય ઉત્પન્ન થવા માંડે. આ જ યથાર્થ સ્વરૂપે વૈરાગ્ય છે. સંસાર અસાર છે, શરીર નાશવંત છે, એવી બુદ્ધિથી જે વૈરાગ્ય થાય તે સાચો વૈરાગ્ય છે.

પ્ર. ૮૦ વૈરાગ્યનું સાહિત્ય શું ?

ઉ. ૮૦ સ્વચ્છતા, સુંદરતા અને પવિત્રતા, એ તો વૈરાગ્ય સર્જનનાં સાહિત્ય છે. દેહ સ્વચ્છ અને સુંદર રાખવો, યોગ્ય સાત્ત્વિક આહાર કે વ્યવહાર કરવો, તેમજ જીવનમાં પવિત્રતા જળવાઈ રહે તે માટે બરાબર વ્યવસ્થા ગોઠવવી, તેનાથી વૈરાગ્યને પોષણ મળે છે. આ લોક કે પરલોકના ભોગમાં આસક્તિ કે આગ્રહ ન રાખવો તે વૈરાગ્ય છે.

પ્ર. ૮૧ સંસારમાં માત્ર વૈરાગ્યને જ અભય કેમ કહ્યો છે?

ઉ. ૮૧ ભર્તૃહરિ ઉપદેશે છે કે ભોગમાં રોગનો ભય છે, કુળને પડવાનો ભય છે, લક્ષ્મીમાં રાજાનો કે ચોરનો ભય છે, માનમાં દીનતાનો ભય છે, બળમાં શત્રુનો ભય છે, રૂપથી સ્ત્રીને ભય છે, શાસ્ત્રમાં વાદનો ભય છે, ગુણમાં ખળનો ભય છે, અને કાયા ઉપર કાળનો ભય છે, એમ સર્વ વસ્તુ ભયવાળી છે, માત્ર એક વૈરાગ્ય જ અભય છે.

પ્ર. ૮૨ ત્યાગી ગુરુને ૧૦૮ વાર (વખત) વંદના શા માટે થાય છે ?

ઉ. ૮૨ ત્યાગીમાં પાંચ પરમેષ્ઠિના ૧૦૮ કુલ ગુણો લક્ષણ સ્વરૂપે હોય તો તે યાદ કરવાના હેતુથી ત્યાગી ગુરુને ૧૦૮ વાર વંદના થાય છે.

ૐ

પર્વ છઠ્ઠું
દાન, દીક્ષા

પ્ર. ૧ **દાન એટલે શું ?**

ઉ. ૧ દાન એટલે કોઈ પણ જીવને સુખ આપવું. મનુષ્ય હોય કે બીજા જાનવરો હોય બધાંને સુખ આપવું એનું નામ દાન કહેવાય. સુખ આપ્યા જ કરવાનું છે અને એનું નામ જ દાન. દાન તો કોનું નામ કહેવાય કે સામાને માગ્યા વગર આપે તે. માગ્યા વગર પોતાના ભાવથી આપવું તે દાન કહેવાય. પોતાના અને પરના કલ્યાણ માટે પોતાની ધનાદિ સંપત્તિને આપી દેવી તે દાન કહેવાય.

પ્ર. ૨ **દાનના કેટલા પ્રકાર છે ?**

ઉ. ૨ દાનના મુખ્ય ચાર પ્રકાર છે.

૧. **આહારદાન :** ભૂખ્યાને જમાડો. આજનું તો જીવતદાન એને મળ્યું પછી કાલની ફિકર ન કરો, કાલે એને કોઈ બીજો દાતા મળી આવશે. એક દિવસનું જીવતદાન એક ટંક જમાડી કરો. કોઈપણ ભૂખ્યો જીવ હોય તો તેને પ્રેમ અને ભાવથી તમારી પાસે જે કંઈ હોય તે ખાવાનું આપી જમાડો તે આહારદાન છે.

૨. **ઔષધદાન :** ગરીબ માણસ બિમાર પડેલ હોય તેવાને દવાના પૈસા આપવા અગર દવાખાને લઈ જવો અને ડોકટર લખી આપે તે દવા લાવી આપવી અને તે રીતે ઔષધદાન કરો. મફત દવા આપવી એનું નામ ઔષધદાન. આ દવાથી જે બે-પાંચ વર્ષ જીવી ગયો અને દર્દથી રિબાતો અટક્યો. આહારદાન કરતાં ઔષધદાન ઊંચું છે.

૩. **જ્ઞાનદાન :** ઔષધદાનથી જ્ઞાનદાન ઊંચું છે. લોકોને સન્માર્ગેવાળે એવાં પુસ્તકો છપાવી વહેંચવા તેને જ્ઞાનદાન કહ્યું છે. પૂજ્ય શ્રી દાદાની વાણીનાં પુસ્તકો છપાવવાં. કોઈને પણ દાદાનું એક વાક્ય મળી જાય તો કેટલો બધો ફેરફાર કરી નાંખે. વધારે લક્ષ્મી હોય તો જ્ઞાનદાનમાં વાપરવી. જે પુસ્તકો દ્વારા લોકો ધર્મ કે અધ્યાત્મનાં

માર્ગે આગળ વધે તેવાં પુસ્તકો છપાવી વિના મૂલ્યે લોકોને વહેંચવા તે જ્ઞાનદાન ગણાય છે.

૪. **અભયદાન :** સૌથી ઊંચામાં ઊંચું અભયદાન છે. આપણાથી કોઈપણ જીવને કિંચિત્માત્ર પણ ભય ના લાગે એટલે કે પ્રાપ્ત મન, વચન, કાયાથી કોઈને કિંચિત્માત્ર પણ ભય ના લાગે એને અભયદાન કહેવાય. રાત્રે કૂતરું આપણા બૂટના ચાલવાના અવાજથી ભડકીને જાગે નહીં તેની સાવચેતી રાખવી તે અભયદાન છે. અભયદાન એટલે આપણાથી કોઈ જીવને કિંચિત્માત્ર દુઃખ ન થાય એવા ભાવ કાયમ રાખવા. અભયદાન એટલે કોઈપણ જીવ આપણાથી ભય ના પામે તે. કોઈપણ જીવમાત્રને ત્રાસ ના થાય, દુઃખ ના થાય એવાં વાણી, વર્તન રાખવાં એ અભયદાન છે. લક્ષ્મી ના હોય તેણે અભયદાનનો ઉપયોગ કરવો જોઈએ. કોઈને ભય ના થાય એવી રીતે આપણે ચેતીને ચાલવું જોઈએ.

પ્ર. ૩ દાન અંગે શું ધ્યાનમાં રાખવું ?

ઉ. ૩ દાનમાં લક્ષ્મી સીધી ક્યાંય આપવાની વીતરાગોએ નથી કહી. અપેક્ષાવાળું દાન સત્ત્વહીન સમાન કહ્યું છે. દાનમાં રૂપિયા આપવાં નહીં અને મેઈન્ટેનન્સની હેલ્પ કરવી. સામાને ધંધે ચઢાવવો અર્થાત્ રોજી રોટી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવી આપવી, બીજી મદદ કરવી પણ સીધા રૂપિયા આપવા નહીં.

પ્ર. ૪ આ દુનિયામાં શ્રેષ્ઠ દાન કયું ગણાય ?

ઉ. ૪ આ દુનિયામાં જ્ઞાનદાન એ શ્રેઠ દાન ગણાય છે. જ્ઞાનદાનમાં લોકોને સન્માર્ગે વાળે તેવાં પુસ્તકો છપાવી વિના મૂલ્યે વહેંચો. સાચા રસ્તે વળે તેવાં અને લોકોનું કલ્યાણ થાય તેવાં પુસ્તકો છપાવવાં. જ્ઞાનદાનથી ઊંચી ગતિ થાય છે, અગર તો મોક્ષે પણ જવાય છે. આ દુનિયામાં ઊંચામાં ઊંચું જ્ઞાનદાન ગણાય છે. કેવળજ્ઞાન વગર મોક્ષે જવાતું નથી. જ્ઞાન દાન જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરવામાં મદદ રૂપ થાય તેવા હેતુથી જો કરવામાં આવે તો આ જ્ઞાન દાનથી કેવળજ્ઞાન પ્રગટ થવાના ઉત્કૃષ્ટ સંયોગો ભેગા થાય તેમ છે અને તેથી જ જ્ઞાનદાન દુનિયામાં શ્રેષ્ઠ દાન તરીકે ઓળખાય છે.

પ્ર. ૫ જગતમાં દાનધર્મ કોના થકી પ્રવતર્યો ? કેવી રીતે ?

ઉ. ૫ વર્તમાન અવસર્પિણી કાળમાં જગતમાં દાનધર્મ શ્રેયાંસ રાજા થકી પ્રવતર્યો. (તેઓ ઋષભદેવ ભગવાનના પુત્ર બાહુબલિ અને બાહુબલિના પુત્રના પુત્ર સોમપ્રજા રાજાના પુત્ર હતા. અર્થાત શ્રેયાંસ રાજાના પિતા સોમ પ્રજા તેના દાદા બાહુબલિ અને બાહુબલિના પિતાશ્રી ઋષભદેવ ભગવાન તે શ્રેયાંસના પ્રપિતામહ થાય) આ શ્રેયાંસ રાજાએ શ્રી ઋષભદેવ ભગવાનને શેરડીના રસથી પારણું કરાવ્યું હતું. તેમણે ભગવાનને શેરડીના રસનું દાન કર્યું હતું અને આ દાન વૈશાખ સુદ ત્રીજના દિવસે થયું હતું તેથી આ પર્વ આજદિન સુધી અક્ષય તૃતિયાના નામથી અદ્યાપિ જગતમાં પ્રવર્તે છે જેને લોકો અખાત્રીજ તરીકે ઓળખે છે.

પ્ર. ૬ દાતા (દાન આપનાર) પુરુષનાં શાં લક્ષણ હોવાં જોઈએ ?

ઉ. ૬ દાતા પુરુષનાં મુખ્ય સાત લક્ષણ છે.

૧. શ્રદ્ધા ૨. સંતોષ ૩. ભક્તિ ૪. જ્ઞાન
૫. અલુબ્ધતા ૬. ક્ષમા ૭. શક્તિ

પ્ર. ૭ દાન કોને આપવું જોઈએ ?

ઉ. ૭ દાન સુપાત્રે આપવું જોઈએ.

પ્ર. ૮ સુપાત્ર કોને કહેવાય ?

ઉ. ૮ સુપાત્ર મુખ્યત્વે ત્રણ પ્રકારે છે.

૧. પાંચ મહાવ્રતને ધારણ કરનારા મુનિ ભગંવતો તથા સાધ્વીજી મહારાજો.

૨. જ્ઞાન અને સંયમની આરાધનામાં ઉદ્યમી એવા દેશવિરતીધર જીવોને સુપાત્ર ગણવા.

૩. સમ્યક્ દર્શનને ધારણ કરનારા પુણ્યવાન પુરુષો.

પ્ર. ૯ સુપાત્રે દાન કેવી રીતે આપવું જોઈએ ?

ઉ. ૯ અંતરમાં ભક્તિભાવ સહિત વિનયપૂર્વક જ્ઞાન અને સંયમની આરાધનાની વૃદ્ધિ થાય તેવી યોગ્ય વસ્તુઓનું કોઈપણ પ્રકારની અપેક્ષા વિના દાન આપવું જોઈએ.

પ્ર. ૧૦ સુપાત્ર ન મળે તો દાન આપવું કે નહીં ?

ઉ. ૧૦ સુપાત્ર ન મળે તો પણ કરુણાથી દાન તો આપવું જ જોઈએ. દાન આપવાથી પોતાને પણ સુખ જ ઊપજે છે માટે દાન તો અવશ્ય આપવું જોઈએ. આહારદાન, ઔષધદાન, જ્ઞાનદાન, અભયદાન ગમે તે આપી શકાય.

પ્ર. ૧૧ દાન કેવી રીતે આપવું ?

ઉ. ૧૧ લોકો દાન આપે છે તેય સામાને દીન બનાવીને દાન આપે છે તે યોગ્ય નથી. આપણે કોઈને દાન આપવું હોય તો તે આપણો દાતા છે તેમ માનીને ગુપ્ત રીતે આપો. ગુપ્ત રીતે ના આપો તો તેનો વાંધો નથી પણ એમ કહીને આપો કે લ્યો ભાઈ તમારા છે તે લઈ જાઓ.

પ્ર. ૧૨ જાગૃતિપૂર્વકનું દાન કોને કહેવાય ?

ઉ. ૧૨ જે કંઈપણ દાન આપીએ તે ગુપ્ત આપીએ. જમણા હાથે આપેલું તે ડાબા હાથને ખબર ન પડે તેમ આપવું, કોઈને ખબર ના પડે કે ખબર ના પડવા દઈએ એ જાગૃતિપૂર્વકનું દાન કહેવાય.

પ્ર. ૧૩ કંઈ મેળવવાની અપેક્ષાએ જે દાન કરે છે તે શું છે ?

ઉ. ૧૩ કોઈપણ પ્રકારની અપેક્ષા ના રાખવી તે ઉત્તમ છે. અપેક્ષા રાખે છે તે દાન નિર્મૂળ થઈ ગયું, સત્ત્વહીન થઈ ગયું કહેવાય. પૂજ્ય દાદાશ્રી કહેતા હતા કે પાંચ જ રૂપિયા આપો પણ અપેક્ષા વગર આપો.

પ્ર. ૧૪ ક્યારે કરેલું દાન અક્ષય થાય છે ?

ઉ. ૧૪ પુત્રનો જન્મ થતાં આપેલું દાન અક્ષય થાય છે.

પ્ર. ૧૫ શાસ્ત્રમાં કેટલા પ્રકારના દાન વર્ણવ્યા છે. ?

ઉ. ૧૫ શાસ્ત્રમાં પાંચ પ્રકારના દાન વર્ણવ્યાં છે.

૧. **અભયદાન :** જીવને કિંચિત્માત્ર પણ આપણા થકી ભય ઊભો ન થાય તે અભયદાન. તીર્થંકર હંમેશાં અભયદાન આપે છે.

૨. **સુપાત્રદાન :** સાધુ-સાધ્વી મહારાજ સાહેબને યોગ્ય સમયે, યોગ્ય વસ્તુ અર્થાત્ આહાર-પાણી વહોરાવવાં.

૩. **અનુકંપાદાન :** દીન દુઃખીની દયા લાવી દાન આપવું તે. ગરીબ લૂલાં-પાંગળા તેમજ આંધળાને ખાવાપીવાનું તેમજ કપડાં વગેરે આપવું તે.

૪. **ઉચિત્તદાન :** જરૂરી પ્રસંગે વ્યવહાર સાચવવા કંઈક વસ્તુ કે વસ્ત્રાદિ આપવું તે. સગાં સબંધીઓને યોગ્ય પ્રસંગે યોગ્ય વસ્તુ આપવી તે ઉચિત્તદાન.

૫. **કીર્તિદાન :** યશની ખાતર દાન આપવું તે કીર્તિદાન. પોતાની આબરૂ જાળવી રાખવા દાન કરવું તે કીર્તિદાન.

પ્ર. ૧૬ દાનને શોભાવનાર પાંચ આભૂષણો કયાં કયાં ?

ઉ. ૧૬ દાનને શોભાવનાર પાંચ આભૂષણો નીચે મુજબ છે.

૧. દાનને આપતાં આપતાં આંખમાં હર્ષનાં આંસુ (અશ્રુ) આવે.

૨. દાન આપતી વખતે રોમાંચ ખડા થઈ જાય.

૩. દાન આપતી વખતે બહુમાન પેદા થાય. દાતા બહુમાનથી દાન આપે.

૪. દાન આપતી વખતે પ્રિય વચન બોલે.

૫. દાન આપ્યા પછી દાનની અનુમોદના કરે. દાતા પાત્રની અનુમોદના કરે.

પ્ર. ૧૭ દાનને દુષિત કરનારાં પાંચ કારણો કયાં ?

ઉ. ૧૭ ૧. અનાદરથી આપવું.

૨. ઘણીવાર લગાડીને આપવું.

૩. વાકું મોઢું રાખીને આપવું.

૪. અપ્રિય વચન સંભળાવીને આપવું.

૫. દાન આપ્યા પછી ખેદ કરવો.

પ્ર. ૧૮ દાનનું ફળ ક્યારે મળે ?

ઉ. ૧૮ વાણીથી અને વર્તનથીય દાન અપાય પરંતુ મનથી ના અપાય તો તેનું ફળ ના આવે. મનથી આપ્યા કરે અને વાણી અને વર્તનથી ના અપાય તોય તેનું ફળ આવે આવતા ભવે. વીતરાગ વિજ્ઞાનમાં ભાવની કિંમત છે. મન, વાણી અને વર્તનથી આપવું છે તેની તો વાત જ જુદી છે.

પ્ર. ૧૯ દાન આપવાથી કલ્યાણ કેવી રીતે થાય ?

ઉ. ૧૯ દાન આપવાથી પોતાનો લોભ ઘટે, પાત્રતા વધે, પુણ્યનો સંચય થાય અને સાધકોને સગવડ મળતાં તેઓ પણ ધર્મ આરાધનામાં નિશ્ચિંત થઈ પ્રવર્તી શકે. એ દૃષ્ટિએ દાન આપવાથી કલ્યાણ થાય છે.

પ્ર. ૨૦ દાનથી સમાજ કલ્યાણ થાય ?

ઉ. ૨૦ યોગ્ય સ્થળે દાન આપવાથી તેનો સદ્‌ઉપયોગ થતાં સમાજોપયોગી કાર્યો પણ થાય છે. નિશાળો, કૉલેજો, અનાથાલયો, ઘરડાનાં ઘરો, હૉસ્ટેલો, વનિતાવિશ્રામ, પુસ્તકાલયો, વ્યાયામ શાળાઓ તથા નિરાધાર મનુષ્યો અને પશુઓને રહેવાનાં સ્થાનોનું નિર્માણ થતાં સમાજ-સુખાકારી વધે છે અને તે રીતે સમાજનું કલ્યાણ થાય છે.

પ્ર. ૨૧ જ્ઞાન દાનને શ્રેષ્ઠ શા માટે કહ્યું છે ?

ઉ. ૨૧ બીજાં બધાં દાનથી જગતના જીવોને થોડા કાળ માટે સુખશાંતિ ઊપજે છે પણ જો જ્ઞાનદાનની ખરેખર પ્રાપ્તિ થઈ જાય તો સર્વ કાળ માટે પરમ આનંદની પ્રાપ્તિ થઈને સંસાર પરિભ્રમણથી કાયમનો છુટકારો થઈ જાય છે. જ્ઞાનદાનના પ્રભાવથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ પણ થઈ શકે છે અને મોક્ષે જઈ શકાય છે, માટે જ જ્ઞાનદાન બીજાં બધાં દાનોમાં સૌથી શ્રેષ્ઠ દાન કહ્યું છે.

પ્ર. ૨૨ દીક્ષા એટલે શું ? દીક્ષા કોને કહેવાય ?

ઉ. ૨૨ જ્ઞાનને જ્ઞાનમાં બેસાડવું અને અજ્ઞાનને અજ્ઞાનમાં બેસાડવું એનું નામ દીક્ષા. આત્મા આત્મામાં જ મૂક્યો તે જ સંન્યસ્ત યોગ. સદ્‌ગુરુની શિક્ષા ધારણ કરે તે દીક્ષા. દીક્ષા એ તો આત્મા સાથેનું લગ્ન છે. દીક્ષા એટલે અહંકાર અને મમતા જાય અને આત્મ સ્વરૂપનું દર્શન થાય એ દીક્ષા. દેહની માલિકીના દસ્તાવેજ ફાડી નાંખીએ તો સાચી દીક્ષા. પ્રકૃતિનું બંધન તોડી નાંખે તે દીક્ષા. સાધક સાધ્યના ભાવમાં ટકી જવું તેનું નામ દીક્ષા. મરણાંત કષ્ટ આવે તો પણ જ્ઞાન-દર્શનથી ચલાયમાન ન થવું તેનું નામ દીક્ષા. માલિકીપણાના બધા દસ્તાવેજ ફાડી નાંખીએ તે સાચી દીક્ષા. આર્તધ્યાન, રૌદ્રધ્યાન આ બે ધ્યાન ખલાસ થાય ત્યારે સાચી દીક્ષા કહેવાય. આઠેય કર્મથી મુક્તિ અપાવડાવે તેનું નામ દીક્ષા. વ્રત નિયમમાં લાવવું એનું નામ દીક્ષા. દીક્ષા એટલે વ્રત નિયમોનું કૂંડાળું. દીક્ષા તો તેને કહેવાય કે લક્ષ્મીની ભીખ ના હોય, લક્ષ્મીની અનુમોદના ના હોય, કરવું, કરાવવું અને અનુમોદવું ના હોય, વિષયોની, કીર્તિની, માનની કે દેરાં બાંધવાની પણ ભીખ ના હોય તે સાચી દીક્ષા.

પ્ર. ૨૩ જિન દીક્ષા અથવા મુનિ દીક્ષા કોને કહે છે. ?

ઉ. ૨૩ દીક્ષા એને કહી છે કે જયાં આગ્રહ અને પરિગ્રહનો તથા મોહનો ત્યાગ હોય, જયાં બાવીસ પ્રકારના પરિષહોને ખમવાના હોય, કષાયોને નિર્મૂળ કરવાના હોય, શત્રુ મિત્રમાં સમતા, સ્તુતિ-નિંદા, લાભ-અલાભમાં સમભાવ રાખવાનો હોય તથા તમામ પ્રકારના દ્વન્દ્વોથી મુક્ત થવાનું હોય તેને દીક્ષા કહી છે. સંપૂર્ણપણે નિર્ગ્રંથ થવાના પુરુષાર્થને અને આત્મ ધ્યાનમાં લીન રહેવું તેને જિનદીક્ષા કહે છે.

પ્ર. ૨૪ દીક્ષા લેતી વખતે સામાન્ય નિયમ કેવો હતો ?

ઉ. ૨૪ દીક્ષા લેતી વખતે દીક્ષા લેનાર પંચ મુષ્ટિ વડે કેશલોચ કરે તેવો નિયમ હતો.

પ્ર. ૨૫ ભગવાન મહાવીરના સમયમાં દીક્ષા લેતી વખતે શું બોલાવતા હતા ?

ઉ. ૨૫ ભગવાન મહાવીરના સમયમાં દીક્ષા લેતી વખતે નીચે મુજબ બોલાવતાં હતાં.

''એગો મે સાષઓ અપ્પા, નાણ દર્શન સંજ્જુઓ.
શેષા મેં બાહિરાભાવા, સવ્વે સંજોગ લખ્ખણા.
સંજોગ મૂલા જીવેણ, પતા દુઃખ પરંપરા.
તમ્હા સંજોગ સબંધમ્, સવ્વમ્ તિવીહેણ વોસરીયામી.''

પ્ર. ૨૬ ભગવાન મહાવીર પછી કેટલાં વર્ષ સુધી દીક્ષા વિધિ રહી હતી. ?

ઉ. ૨૬ ભગવાન મહાવીર પછી ૬૦૦ વર્ષ સુધી દીક્ષા વિધિ રહી હતી, ત્યાર પછી દીક્ષા વિધિ જ નાશ પામી છે.

પ્ર. ૨૭ શાસ્ત્રમાં દીક્ષા અંગે શી જોગવાઈ છે ?

ઉ. ૨૭ શાસ્ત્રમાં આઠ વર્ષથી નીચેની ઉંમરવાળાને દીક્ષા આપવાની મનાઈ છે છતાં પણ દીક્ષાને યોગ્ય જણાય તો દીક્ષા આપવાની મનાઈ નથી.

પ્ર. ૨૮ શાસ્ત્રમાં કેટલી જાતના મનુષ્યોને દીક્ષા આપવાની મના કરેલી છે ?

ઉ. ૨૮ શાસ્ત્રમાં ઓગણચાલીસ (૩૯) જાતના મનુષ્યોને દીક્ષા આપવાની મના કરેલી છે જે નીચે મુજબ છે.

૧. આઠ વર્ષથી નાની ઉંમર હોય.
૨. સિત્તેર વર્ષથી મોટી ઉંમર હોય.

૩. સ્ત્રીને દેખીને કામાતુર થઈ જાય.

૪. પુરુષ વેદનો ઉદય વધારે હોય.

૫. બહુ જ જાડું શરીર હોય. પૂરું બોલી ન શકે અથવા કદાગ્રહી હોય.

૬. મોટો રોગ હોય.

૭. રાજ્યનો ગુનેગાર હોય.

૮. ગાંડો હોય.

૯. ચોર હોય.

૧૦. આંધળો હોય.

૧૧. દાસી પુત્ર હોય.

૧૨. મહા ક્રોધી હોય.

૧૩. મૂર્ખ હોય.

૧૪. હીનાંગી (નકટો, કાણો, લંગડો વગેરે) હોય

૧૫. બહુ જ કરજવાન (દેવાદાર) હોય.

૧૬. મતલબી હોય.

૧૭. આગળ-પાછળ કોઈ જાતનો ડર હોય.

૧૮. સ્વજનની આજ્ઞા ન હોય.

આમ અઢાર બોલ સ્ત્રીના ગણવા એટલે કુલ છત્રીસ એ ઉપરાંત સ્ત્રીના ત્રણ બોલ વધારે ગણવા.

૩૭. ગર્ભવંતી સ્ત્રી હોય.

૩૮. બચ્ચું (બાળક) ધાવણું હોય અને

૩૯. જન્મથી નપુંસક હોય તેને

આમ ઉપરોક્ત ૩૯ જાતનાં મનુષ્યોને દીક્ષા ન આપવા માટે શાસ્ત્રમાં મના કરેલી છે.

પ્ર. ૨૯ નિષ્ક્રમણોત્સવ એટલે શું ?

ઉ. ૨૯ દીક્ષા લેવા માટે નીકળતાં થતો ઉત્સવ તે નિષ્ક્રમણોત્સવ કહેવાય છે.

પ્ર. ૩૦ દીક્ષા ક્યારે લેવી યોગ્ય ગણાય ?

ઉ. ૩૦ ક્રોધાદિ અનેક પ્રકારના દોષો પરિક્ષીણ પામી ગયાથી સંસાર ત્યાગ રૂપ દીક્ષા યોગ્ય છે અથવા તો કોઈ સત્પુરુષનો યોગ હોય તો યોગ્ય ગણાય.

પ્ર. ૩૧ સામાયિક ચારિત્ર આપ્યા બાદ કેટલા કાળે છેદોપસ્થાપનીય ચારિત્ર આપી શકાય ?

ઉ. ૩૧ નાની દીક્ષા આપ્યા પછી વડી દીક્ષા જઘન્યથી સાત દિવસે, મધ્યમ ચાર મહિને અને ઉત્કૃષ્ટ છ મહિને આપી શકાય. ઠાણાંગ સૂત્રના ત્રીજા ઠાણાંના બીજા ઉદ્દેશા મુજબ આ પ્રમાણે જણાવેલ છે.

પ્ર. ૩૨ દીક્ષા લેવાવાળામાં કેટલું જ્ઞાન હોવું જોઈએ ?

ઉ. ૩૨ ''આ સંસાર અસાર છે અને તેનો ક્ષય કરી મોક્ષ મેળવવા માટે મારે દીક્ષા લેવી જોઈએ.'' આટલું જ્ઞાન દીક્ષા લેવા માટે પુરતું છે. (આઠ વર્ષની ઉંમરના બાળકની અપેક્ષાએ આ વાત સમજવાની છે.)

પ્ર. ૩૩ દીક્ષાને યોગ્ય કોણ કહેવાય ?

ઉ. ૩૩ નીચે મુજબના સત્તર ગુણો હોય તે વ્યક્તિ દીક્ષાને યોગ્ય ગણાય.

૧. આર્ય દેશમાં ઉત્પન્ન થયેલો હોય.
૨. વિશુદ્ધ જાતિ કુળથી યુક્ત હોય. અર્થાત્ માતાની જાતિ અને પિતાનું કુળ કે વંશ કલંકિત બનેલા ન હોય.
૩. કર્મ મળ જેનો પ્રાયઃ ક્ષીણ થયો હોય.
૪. વિમલ બુદ્ધિવાળો હોય.
૫. નિર્મળ બુદ્ધિ દ્વારા સંસારના સ્વરૂપને જાણનાર હોય.
૬. સંસારથી વિરક્ત બનેલો હોય.
૭. અલ્પ કષાયી હોય.
૮. અલ્પ હાસ્યવાળો હોય.
૯. કૌતુક વગરનો હોય.
૧૦. કૃતજ્ઞ અર્થાત્ કરેલા ઉપકારને કદી ભૂલે નહિ તેવો હોય.
૧૧. વિનીત અર્થાત્ નમ્ર અને વિનયી હોય.
૧૨. નગરમાં જેનું બહુમાન થતું હોય.
૧૩. દ્વેષભાવ વગરનો હોય
૧૪. કલ્યાણાંગ અર્થાત્ જેનું શરીર પંચેન્દ્રિય પૂર્ણ હોય
૧૫. શ્રદ્ધાવાળો હોય.
૧૬. જેની શ્રદ્ધા સ્થિર બની હોય.
૧૭. સંયમ સ્વીકારવા માટે તૈયાર હોય.

ૐ

પર્વ સાતમું
ધર્મ, ધ્યાન

પ્ર. ૧ ધર્મ કોને કહેવાય ?

ઉ. ૧ જે સંસારને વિસ્મૃત કરે તેનું નામ ધર્મ. સર્વ દુઃખોનો ક્ષય કરે તે ધર્મ. મનનું સંપૂર્ણ સમાધાન થાય તે ધર્મ. વસ્તુનો મૂળ સ્વભાવ જાણે તેનું નામ ધર્મ. ધર્મ તો તેનું નામ કહેવાય કે નિરાશ્રિતપણું ના હોય. અવિરોધાભાસ વર્તન કરવું એનું નામ ધર્મ. ફાંસીએ ચઢનાર ના રડે પણ ચઢાવનાર રડે એવું જ્ઞાન પ્રગટ થાય તે સાચો ધર્મ. ઉદ્ધતાઈ કે કાયરતા ના હોય તેને ધર્મ કહેવાય. કોઈપણ જીવને કિંચિત્માત્ર પણ દુઃખ ન આપવું તેનું નામ ધર્મ. ધર્મ એટલે ચેતન આત્માને જાણવા માટેનાં જડ સાધનો. આપણો કોઈ ઉપરી નહીં એવી સાચી આઝાદી અપાવે તે ધર્મ. ધર્મ તો એનું નામ કહેવાય કે જયાં મતાગ્રહ, કદાગ્રહ, દુરાગ્રહ ન હોય, આગ્રહ નામેય ના હોય. જે વસ્તુ આપણને અંતઃકરણની સ્થિરતા કરાવે તે ધર્મ. આધ્યાત્મિકનાં સાધન ભેગાં કરી આપે તેનું નામ ધર્મ. ગમે તેવા સંજોગો ભેગા થાય પણ સ્થિરતા ના તૂટે તેને ધર્મ કહેવાય. મુક્ત પુરુષની આજ્ઞાવશ રહેવું તેનું નામ ધર્મ. જે દૃષ્ટિ દોષ ઓછો કરે તેનું નામ ધર્મ. જે આપણને ધરી રાખે અને પડવા ના દે તેનું નામ ધર્મ. ગૂચવાડો ઊભો ના થાય તેનું નામ ધર્મ. તરત ફળ આપે તેનું નામ ધર્મ. સમભાવે સારા કે ખોટાનો નિકાલ કરાવે તેનું નામ ધર્મ. બિલો નોર્મલમાંથી અને એબોવ નોર્મલમાંથી નોર્મલમાં લાવે તેનું નામ ધર્મ. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં અંતરશાંતિ ના જાય તેનું નામ ધર્મ. જેનાથી ક્લેશ ઉત્પન્ન ન થાય એને ધર્મ કહેવાય. મિથ્યાત્વ ખસેડે તેનું નામ ધર્મ. ધર્મ તો તેનું નામ કહેવાય કે ખરાબ ટાઈમ આવે ત્યારે હાજર થાય, કોઈ ગાળ ભાંડે, અપમાન કરે ત્યારે મદદ કરે તેનું નામ ધર્મ. સામસામી સમાધાનપૂર્વક હિસાબ કરવો તેનું નામ ધર્મ. શાક બનાવ્યું હોય અને મીઠું વધારે પડયું હોય તો ચૂપચાપ બોલ્યા વગર ખાઈ લેવું તે ધર્મ. મિથ્યાત્વનું ક્ષયોપશમ કરે તે ધર્મ. વસ્તુ સ્વભાવમાં પરિણમે એનું નામ ધર્મ. જેનાથી અંતર શાંતિ થાય તે ધર્મ. મન, વચન, કાયા એકાકાર થાય તેને ભગવાને ધર્મ કહ્યો છે. સર્વદુઃખોથી

મુક્તિ થાય તેનું નામ ધર્મ. ઠોકર ના વાગે તેનું નામ ધર્મ. ઉદય કર્મમાં રાગ દ્વેષ ન કરવા એનું નામ ધર્મ. ધર્મ એટલે ધ્યેય પ્રાપ્ત કરવાની સાધના. જે ધર્મથી ક્રોધ, માન, માયા, લોભ ઓછાં થતાં થતાં નિર્મૂળ થાય તે ધર્મ કહેવાય. કોઇપણ જીવને કિંચિત્માત્ર સુખ આપવું તેજ ધર્મ. ધર્મ એટલે અધર્મને ધક્કા માર માર કરે તે જ ધર્મ. વિકલ્પ શમે એનું નામ ધર્મ. પોતે ખરેખર નિર્વિકલ્પી છે અને નિર્વિકલ્પી થવું છે, એનું નામ ધર્મ. કષાય ઘટે તેનું નામ ધર્મ. ઇગોઇઝમ નથી તેજ ધર્મ. ધર્મ એનું નામ કહેવાય કે મુક્તિ અપાવડાવે. ધર્મ તો એનું નામ કહેવાય કે વિખવાદ ના હોય, અમૃતવાદ હોય તેનું નામ ધર્મ. ધર્મ એટલે મોહ ઓછો કરનાર અને જેનાથી મોહ ઓછો થાય તેવું સાધન. વસ્તુ સ્વગુણધર્મમાં પરિણમે તે ધર્મ. એડ્જસ્ટ થવું એ જ ધર્મ છે. ઉપકાર બુદ્ધિ હોય તેને ધર્મ કહેવાય. ધર્મ તો તેનું નામ કહેવાય કે જેને આ દેહ પોતાનો છે તેવું ના લાગે, તેને તો દેહ પાડોશી દેખાય. સાચી આઝાદી અપાવે તે ધર્મ. જેનાથી વ્યાકુળતા ટળે તે ધર્મ. મનુષ્યને સરળ બનાવે તે ધર્મ. ઇગોઇઝમ ઓગાળવો એનું નામ ધર્મ. ધર્મ તો કોને કહેવાય કે ચિત્તાં અડે નહિં. આધિ વ્યાધિ ઉપાધિ પણ ના અડે તે ધર્મ. જીવન વ્યવહારમાં ક્લેશ ઉત્પન્ન ના થાય તેનું નામ ધર્મ. ધર્મ એટલે માન કાઢવાનું સાધન, માન ડિમોલિશ કરવાનું સાધન તે ધર્મ. ધર્મ તો હૃદયની ગુફાઓથી જ પહોંચવાનો મેઇન રોડ છે. સંસાર નિંદ્રા જતી રહે તેનું નામ ધર્મ. નબળાઇ કાઢી નાંખીને મૂળસ્થિતિમાં આવી જવું તેનું નામ ધર્મ. અવિનાશી સુખધામ એવા આત્મદેવમાં અખંડ વિશ્વાસ હોય તેને વીતરાગ ભગવાન ધર્મ કહે છે. ક્રોધાદિ કષાયો ઉત્પન્ન કરવાવાળાં કારણોનો પ્રસંગ ઉપસ્થિત થવા છતાં પણ ઇચ્છા અને ક્લેશ પરિણામો ઉત્પન્ન ન થવા દેવાં અને સ્વભાવની નિર્મળતા બની રહેલી રહે તેને ધર્મ કહેવાય છે.

પ્ર. ૨ ધર્મની વ્યાખ્યા શું ? તેનાં લક્ષણો શું ?

ઉ. ૨ ધર્મ શબ્દ ધૃ ધાતુ ઉપરથી બનેલો છે. ધૃ ધાતુ ધારણ કરવાનો, ધરી રાખવાનો અર્થ બતાવે છે. અર્થાત્ ''જે વસ્તુ પ્રાણીને દુર્ગતિમાં પડતાં ધરી રાખે (બચાવે) તેને ધર્મ કહેવાય'' અથવા તો દુર્ગતિ તરફ જઇ રહેલા જીવોનો ઉદ્ધાર કરીને તેને પુનઃ શુભ સ્થાને સ્થાપે તેથી તે ધર્મ કહેવાય છે. જે ધર્મ અહિંસા, સંયમ અને તપનાં લક્ષણવાળો છે તે ઉત્કૃષ્ટ મંગળરૂપ છે.

પ્ર. ૩ ધર્મની માતા કોણ?

ઉ. ૩ અહિંસા એ ધર્મની માતા છે.

પ્ર. ૪ ધર્મનું પ્રથમ પગથિયું કયું છે ?

ઉ. ૪ પસ્તાવો એ તો ધર્મનું શરૂઆતનું પગથિયું છે.

પ્ર. ૫ ધર્મની શરૂઆત ક્યાંથી થાય છે ? ધર્મનો અંત ક્યાં થાય છે ?

ઉ. ૫ ધર્મની શરૂઆત દયાથી થાય છે. ઓબ્લાઇઝિંગ નેચરથી શરૂઆત થાય છે. મનુષ્ય જયારથી કોઇને સુખ આપતો થયો ત્યારથી જ ધર્મની શરૂઆત થઇ અને કરુણા પ્રાપ્ત થતાં તેનો અંત આવે છે.

પ્ર. ૬ ધર્મનો પાયો શું છે ?

ઉ. ૬ ધર્મનો પાયો નૈતિકતા છે. તત્ત્વ દૃષ્ટિએ સમ્યક્ત્વ એ ધર્મનો પાયો છે.

પ્ર. ૭ ધર્મનો મર્મ શું છે ?

ઉ. ૭ શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી. મર્મ તો જ્ઞાનીપુરુષના હૃદયમાં રહ્યો છે.

''છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ
નહીં ભોકતા તું તેહનો, એજ ધર્મનો મર્મ''

પ્ર. ૮ ધર્મનાં મુખ્ય અંગ કયાં કયાં ગણાય છે ?

ઉ. ૮ ઉતરાધ્યયનમાં ધર્મનાં મુખ્ય ચાર અંગ કહ્યાં છે

૧. મનુષ્યપણું
૨. સત્પુરુષના વચનનું શ્રવણ
૩. તેની પ્રતીતિ
૪. ધર્મમાં પ્રવર્તવું

પ્ર. ૯ આ જગતમાં મોટામાં મોટો ધર્મ કયો ?

ઉ. ૯ ભગવાને કહ્યું આર્તધ્યાન અને રૌદ્રધ્યાન બંધ થયું એ જ મોટામાં મોટો ધર્મ, એથી આગળ મોટો ધર્મ નથી, આ જગતમાં દરેક જગ્યાએ એડ્જસ્ટ થવું એ જ મોટામાં મોટો ધર્મ છે. એડ્જસ્ટ એવરીવ્હેર, અથડામણ ટાળો, ભોગવે તેની ભૂલ અને બન્યું તે જ ન્યાય આ ચાર મહાવાક્યો જેમ છે તેમ સમજમાં આવ્યા તે જ મોટામાં મોટો ધર્મ છે.

પ્ર. ૧૦ ઊંચામાં ઊંચો ધર્મ કયો ?

ઉ. ૧૦ જે ધર્મમાં અહિંસા પૂરેપૂરી સમજ્યા હોય એટલે કે જે ધર્મમાં અહિંસાની શોધખોળ પૂરેપૂરી હોય તે પૂર્ણ ધર્મ કહેવાય. જ્ઞાની પુરુષોને રાજી રાખવા તેનાથી ઉત્તમ બીજો કોઈ જ ધર્મ દુનિયામાં નથી. ઊંચામાં ઊંચો ધર્મ તો એ કે તમારા ધર્મથી નીચેના બધા જ ધર્મોને સાચા માનવા તે.

પ્ર. ૧૧ ભગવાન મહાવીરે કયાં બે વાક્યોમાં આખો ધર્મ આપી દીધો ?

ઉ. ૧૧ ૧. જીવડાં નહીં મારવાના અને આડોશી-પાડોશી કોઈની જોડે વેર નહીં કરવાનું

૨. ચિંતા નહીં કરવાની.

આ બે વાક્યોમાં આખો વ્યવહાર ધર્મ કહી દીધો.

પ્ર. ૧૨ ધર્મ સાર કોને કહેવાય ?

ઉ. ૧૨ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ના થાય એ જ ધર્મ સાર છે. તમને કોઈ સળી કરે તોય કોઈનો દોષ ના દેખાય તેને ધર્મ સાર કહેવાય.

પ્ર. ૧૩ ધર્મ પામ્યો ક્યારે કહેવાય ?

ઉ. ૧૩ મન, વચન, કાયાનો એકાત્મ યોગ થાય ત્યારે ધર્મ પામ્યો કહેવાય. દરેક પક્ષના દરેક ધર્મના શાસ્ત્રો વાંચે ત્યારે ધર્મ પામ્યો કહેવાય. આર્તધ્યાન, રૌદ્રધ્યાન જાય તો ધર્મ પામ્યો કહેવાય. ક્રોધ, માન, માયા, લોભ જાય તો જાણવું કે કંઈક ધર્મ પામ્યા છે. ''આખા બ્રહ્માંડનાં જીવમાત્રના રીયલ સ્વરૂપને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. રીયલ સ્વરૂપ એ ભગવત્ સ્વરૂપ છે, જેથી આખા જગતને ભગવત્ સ્વરૂપે દર્શન કરું છું.'' આ વાક્ય જો સમજે તોય ધર્મ પામી ગયા કહેવાય.

પ્ર. ૧૪ ધર્મનું ફળ શું ?

ઉ. ૧૪ આત્માને જાણવો તે સાચું ધર્મનું ફળ છે.

પ્ર. ૧૫ ધર્મનું સાધન શું છે ?

ઉ. ૧૫ ધર્મનું સાધન ઉપાદાન જાગ્રત જોઈએ તે છે અને કષાય ઘટી ગયા હોય તો જાણવું કે ધર્મ ઉત્પન્ન થયો છે. પ્રામાણિકતા અને નીતિ જેવું મોટામાં મોટું બીજું કોઈ સાધન નથી. ઉપાદાન જાગ્રત કરવાથી ધર્મમાં સ્થિર થવાય.

પ્ર. ૧૬ ધર્મની વિરાધના એટલે શું ?

ઉ. ૧૬ ધર્મની વિરાધના એટલે કોઇપણ જીવને કિંચિત્માત્ર પણ દુઃખ દેવાનો ભાવ થવો તે.

પ્ર. ૧૭ ધર્મની પરીક્ષા કયા ગુણો વડે થાય ?

ઉ. ૧૭ ધર્મની પરીક્ષા દાન, શીલ, તપ અને દયા વગેરે ગુણો વડે થાય છે.

પ્ર. ૧૮ ધર્મ શાં માટે છે ? તે સમજણપૂર્વક ક્યારે કહેવાય ?

ઉ. ૧૮ ધર્મ પ્રતિષ્ઠિત આત્માના કલ્યાણ માટે છે, કર્મને તોડવા માટે છે. મોક્ષે જવા માટે ધર્મ કરવાનો છે, આટલું સમજીને ધર્મ ક્રિયા કરો તો તે સમજણ પૂર્વકની ધર્મ ક્રિયા કહેવાય. કારણકે ભગવાન ક્રિયા જોતા નથી તે ક્રિયા પાછળ તમારો હેતુ શું છે, ભાવ શું છે તે જ જુએ છે. તમારો હેતું આ ક્રિયા પાછળ જો મોક્ષની પ્રાપ્તિ માટે કે કર્મનો નાશ કરવા માટે હોય તો તે ક્રિયા સમજણપૂર્વકની ધર્મક્રિયા કહેવાય અને તો જ તેનું યથાર્થ ફળ મળે. બાકી લાભ થાય પરંતુ ફળ મળે નહીં.

પ્ર. ૧૯ દસ પ્રકારના યતિ ધર્મ કયાં કયાં તે જણાવો ?

ઉ. ૧૯ ૧. ક્ષમા ૨. મૃદુતા (નમ્રતા) ૩.ઋજુતા (સરળતા)
૪. નિર્લોભતા ૫. તપ ૬. સંયમ
૭. શૌચ (પવિત્રતા) ૮. અકિંચન્ય ૯. સત્ય
૧૦. બ્રહ્મચર્ય

પ્ર. ૨૦ ૐ શું છે ?

ઉ. ૨૦ ૐ માં બધાં શાસ્ત્રો અને બધાં ધર્મો આવી જાય. ૐ બહુ મોટી વસ્તુ છે. ૐ એ ભગવાનનું સ્વરૂપ નથી પણ તે સાધન છે. ભગવાન પાસે લઇ જનાર સાધન છે. ૐ માં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ પંચ પરમેષ્ઠી ભગવંતો સમાઇ જાય છે. ૐ એ પાંચેય પરમેષ્ઠીનો ટૂંકાર્થ છે. ૐ એટલે તત્ત્વદૃષ્ટિ. નવકારમંત્ર એક ધ્યાનથી બોલે તેનું નામ ૐ કહેવાય અને હું શુદ્ધાત્મા છું તે ઉપયોગ સાથે નવકારમંત્ર બોલે તો ૐ કાર બિન્દુ સંયુક્તમ્ કહેવાય. બિન્દુ સંયુક્તમ્ એટલે મોક્ષનું લક્ષ. સૂક્ષ્મ રીતે જ્ઞાનીપુરુષ એ ૐ કહેવાય. જેણે આત્મા પ્રાપ્ત કર્યો છે, એવા સત્પુરુષથી માંડીને પૂર્ણાહુતિ સ્વરૂપ સુધીના ઉત્કૃષ્ટ જીવોને ૐ સ્વરૂપ કહેવાય. ૐ એ ઊંચામાં ઊંચો મંત્ર છે તે ઉપયોગપૂર્વક બોલવાથી ઘણો લાભ થાય એમ છે. ૐ એટલે પંચ પરમેષ્ઠીનું ભજન સ્તવન.

પ્ર. ૨૧ ધર્મના કેટલા પ્રકાર છે ?

ઉ. ૨૧ ધર્મના મુખ્ય બે પ્રકાર છે

૧. રીલેટિવ ધર્મ ૨. રીયલ ધર્મ

પ્ર. ૨૨ રીલેટિવ ધર્મ એટલે શું ? તે વિગત વાર સમજાવો ?

ઉ. ૨૨ રીલેટિવ ધર્મ એટલે મનના ધર્મ, વાણીના ધર્મ, દેહના ધર્મ. અશુભમાંથી શુભમાં આવવું તેનું નામ રીલેટિવ ધર્મ. ભૌતિક સુખો મળે અને ક્લેશ ઉત્પન્ન ના થાય તેનું નામ રીલેટિવ ધર્મ. જૈનધર્મ, ઇસ્લામધર્મ, ખ્રિસ્તીધર્મ, બૌદ્ધધર્મ, શીખધર્મ, વૈષ્ણવધર્મ, શૈવધર્મ, એ બધા રીલેટિવ ધર્મ કહેવાય. બધા રીલેટિવ ધર્મો સાચા છે પણ સરખાં નથી, પોતપોતાના સ્ટાન્ડર્ડમાં દરેક સાચા છે. રીલેટિવ ધર્મોથી ભૌતિક સુખો મળે. રીલેટિવ ધર્મને લૌકિક ધર્મ પણ કહી શકાય. લૌકિક ધર્મ એટલે લોકોએ માનેલો ધર્મ. એક કુટેવ કાઢે અને બીજી સુટેવ નાંખે તે રીલેટિવ ધર્મ છે. રીલેટિવ ધર્મો બધા પ્રાકૃત ધર્મો છે. આત્મા અને પરમાત્માને ભેદ સ્વરૂપે ભજવા એ જ લૌકિક ધર્મ કે રીલેટિવ ધર્મ. લૌકિક ધર્મમાં કર્તાપણું છે માટે પાપ અને પુણ્ય બંધાય છે. લૌકિક ધર્મ એટલે ભગવાનની આજ્ઞામાં રહેવું તે અને સ્ટેપબાય સ્ટેપ ધીમે ધીમે તપ, જપ, ધ્યાન કરતાં કરતાં આગળ વધવું તે. ચંચળતાથી ચંચળતા ભાંગવી એનું નામ રીલેટિવ ધર્મ. મિથ્યાત્વ સહિત જે જે ક્રિયાઓ કરવામાં આવે છે એ બધા લૌકિક ધર્મો કહેવાય, એનું ફળ સંસાર છે. લૌકિક ધર્મ સાંસારિક સુખ આપે પણ મોક્ષ ના મળે. રીલેટિવ માર્ગ એ ધીમે ધીમે મોક્ષ ભણી લઇ જાય ખરા. ત્યાગ અને તપ કરતાં કરતાં છેવટે ક્રોધ, માન, માયા, લોભ, વિષયો, સાંસારિક ભાવો આ બધાથી અહંકાર શુદ્ધ કરવો પડે ત્યારે મોક્ષનો દરવાજો ખુલ્લો થાય. જગતના બધા રીલેટિવ ધર્મો શુભ વિકલ્પમાં છે, મોક્ષ નિર્વિકલ્પમાં છે.

પ્ર. ૨૩ રીયલ ધર્મ (અલૌકિક ધર્મ) એટલે શું ? તે વિગતવાર સમજાવો ?

ઉ. ૨૩ રીયલ ધર્મ એટલે સ્વધર્મ, આત્મધર્મ. રીયલધર્મ તો એક જ્ઞાની પુરુષના હૃદયમાં જ સમાયેલો હોય બીજે ક્યાંય પણ એ ન હોઇ શકે. રીયલ ધર્મ એ સાયન્ટિફિક વસ્તુ છે, ફેંકાબાજી નથી, એ તો અધ્યાત્મિક વિજ્ઞાન છે. આત્માને આત્મા માનવામાં આવે છે, તે જ રીયલ ધર્મ. આત્મા જયારે પોતાના ગુણધર્મમાં જ રહે પોતાના સ્વભાવમાં આવી જઇને સ્વ-

સ્વભાવમાં જ સ્થિત થાય ત્યારે આત્મા આત્મધર્મમાં છે તેમ કહી શકાય, આને જ સર્વજ્ઞ ભગવાને રીયલ ધર્મ કહ્યો છે. સ્વધર્મ એ જ સાચો રીયલ ધર્મ. અલૌકિક ધર્મમાં, ક્યાંય વાડા ના હોય, પંથ ના હોય, ધજા ના હોય, ગાદી ના હોય, ગ્રહણ - ત્યાગ ના હોય, મતભેદ ના હોય. અલૌકિક ધર્મ નિષ્પક્ષપાતી હોય, પુણ્ય પાપથી રહિત સાચો ધર્મ છે. જયાં પુણ્ય-પાપને હેય ગણવામાં આવે છે અને ઉપાદેય પોતાનું સ્વરૂપ ગણવામાં આવે છે તે અલૌકિક ધર્મ છે, રીયલ ધર્મ છે. શુદ્ધાત્મા માટે જે કંઇ કરો તે સ્વધર્મ, બીજા બધા જ પર ધર્મ. સ્વને જાણીને સ્વનો ધર્મ જાણે તે સ્વધર્મ, જ્ઞાતા-દેષ્ટાપણું નાં ચુકાય તે સાચો ધર્મ. રીયલધર્મને વીતરાગ ધર્મ પણ કહી શકાય.

પ્ર. ૨૪ વીતરાગ ધર્મ એટલે શું ?

ઉ. ૨૪ વીતરાગ ધર્મ એટલે આત્મધર્મ. આત્મધર્મ સિવાય કોઇ ધર્મ મારો નહીં એ વીતરાગ ધર્મ. જીવમાત્રને આપણા નિમિત્તે કિંચિત્માત્ર પણ દુઃખ કે કષ્ટ ના થાય તેનું નામ આત્મધર્મ. દરરોજ પાંચસો પાંચસો પ્રતિક્રમણ થતાં હોય ત્યાં વીતરાગ ધર્મ છે. વીતરાગ ધર્મ એટલે જે આ જગતના બધા રીલેટિવ ધર્મોને સાચા માને છે તે. વીતરાગ ધર્મ એટલે નિષ્પક્ષપાતી હોય. જીવમાત્ર પ્રત્યે ભેદ ન રાખે તે વીતરાગ ધર્મ. અજ્ઞાનથી નિવૃત્તિ થાય તે વીતરાગ ધર્મ. કરોમિ, કરોસિ અને કરોતિ ના હોય તેનું નામ વીતરાગ ધર્મ. વીતરાગ ધર્મ એટલે મતભેદ રહિત અનેકાંત માર્ગ. વીતરાગ ધર્મ હોય ત્યાં વાદ ઉપર વિવાદ પણ ના હોય અને પ્રતિવાદ પણ ના હોય ત્યાં તો સ્યાદવાદ હોય. સ્યાદવાદ એટલે કે કોઇપણ ધર્મનું પ્રમાણ ના દૂભવે. કોઇપણ ધર્મની ડિરેક્ટ ભૂલ ના દેખાડે, બધા જ દેષ્ટિબિંદુઓને પોતે સમાવી લે તેનું નામ વીતરાગ ધર્મ. સર્વ દુઃખોથી મુક્તિ થાય તેનું નામ વીતરાગ ધર્મ. અહંકાર જાય, રોંગ બીલિફો જાય તે વીતરાગ ધર્મ. વીતરાગ ધર્મ તો તેને કહેવાય કે ભ્રાંતિ ના હોય. વીતરાગ ધર્મ એટલે નિષ્પક્ષપાતી ધર્મ. વીતરાગ ધર્મ એટલે નિજ સ્વરૂપનું ભાન. કિંચિત્માત્ર પણ દુઃખ ના હોય, સર્વ દુઃખોનો ક્ષય એટલે વીતરાગ ધર્મ. વીતરાગ ધર્મ એટલે જયાં તમામ પ્રકારની ચંચળતાનો નાશ થઇ જાય છે તે. કોઇ માણસ વિરોધી વાત લાવ્યો હોય એને શાંતભાવે સાંભળવામાં આવે તો ત્યાં

વીતરાગ ધર્મ છે એમ માનવું. વીતરાગનો મત શો છે કે કોઇ વિરોધી હોય તોય એની વાત શાંત ભાવે સાંભળવી જોઇએ અને કદાગ્રહ, મતાગ્રહ, હઠાગ્રહ, દુરાગ્રહ કિંચિત્ ના હોવા જોઇએ. વીતરાગનો ધર્મ એટલે કષાયનો અભાવ.

પ્ર. ૨૫ વીતરાગ ધર્મ કોને માટે છે ?

ઉ. ૨૫ જે વ્યક્તિઓ ક્યારેય કોઇથીય અંજાય નહીં એના માટે વીતરાગ ધર્મ છે.

પ્ર. ૨૬ વીતરાગ ધર્મમાં શું વોસરાવવાનું છે ?

ઉ. ૨૬ વીતરાગ ધર્મમાં નામ વોસરાવવાનું છે.

પ્ર. ૨૭ વીતરાગ ધર્મ ક્યારે પ્રાપ્ત થયો કહેવાય ?

ઉ. ૨૭ ક્રોધ, માન, માયા, લોભ ગયાં તો જાણવું કે વીતરાગ ધર્મ પ્રાપ્ત થયો છે, એ એની નિશાની. વાદ ઉપર વિવાદ પણ ના હોય અને પ્રતિવાદ પણ ના હોય ત્યારે વીતરાગ ધર્મ પ્રાપ્ત થયો કહેવાય.

પ્ર. ૨૮ વીતરાગ ધર્મ ક્યારે પામ્યા કહેવાય ?

ઉ. ૨૮ ઊંઘવામાં, ખાવામાં, પીવામાં, હરવામાં, ફરવામાં દરેક બાબતમાં નોર્માલિટી હોય ત્યારે વીતરાગ ધર્મ પામ્યા કહેવાય. છેલ્લા પંદર અવતાર બાકી રહ્યાં ત્યારે વીતરાગ ધર્મ પામ્યો કહેવાય.

પ્ર. ૨૯ મહાવીરનો ધર્મ એટલે શું ?

ઉ. ૨૯ મહાવીરનો ધર્મ એટલે સંયમની દશા. મહાવીરનો ધર્મ એ ત્યાગની ઉપરની દશા છે, સંયમની દશા છે અર્થાત્ જયાં સંયમ નથી ત્યાં મહાવીરનો ધર્મ જ નથી. સંયમ એટલે ક્રોધ, માન, માયા, લોભના સંયમને સંયમ કહ્યો છે એટલે કે કષાયો પાતળા પડી ગયેલા હોય કંટ્રોલેબલ હોય અર્થાત્ કષાયોનાં સંયમને ભગવાને સંયમ કહ્યો છે.

પ્ર. ૩૦ મહાવીર ભગવાનના માર્ગને ક્યારે પામ્યો કહેવાય ?

ઉ. ૩૦ જયારે રોજ પોતાના સો સો દોષ દેખાય અને તે સો સો દોષોનાં પ્રતિક્રમણ થાય ત્યાર પછી મહાવીરના માર્ગમાં આવ્યો કહેવાય. જયારે સંપૂર્ણ નિષ્પક્ષપાતીપણું આવે ત્યારે જ પોતે પોતાના બધા દોષોને જોઇ શકે. જેને પોતાના દેહ માટે, વાણી માટે કે મન માટે પક્ષપાત નથી રહ્યો તેને જ પોતાના બધા દોષો દેખાય.

પ્ર. ૩૧ સત્‌ધર્મ એટલે શું ?

ઉ. ૩૧ જ્ઞાની પુરુષની આજ્ઞા એજ સત્‌ધર્મ. જ્ઞાની પુરુષના મુખેથી નીકળેલાં વચનો તે જ સત્‌ધર્મ. જે મોક્ષ અપાવે એ જ સત્‌ધર્મ. શાસ્ત્રો એ સત્‌ધર્મ ના હોય, પરંતુ જ્યાં સુધી સાચાં મોતી ના મળે ત્યાં સુધી કલ્ચર્ડ મોતી તો પહેરવાં પડે ને. સત્‌દેવ, સત્‌ધર્મ અને સદ્‌ગુરુ એ ત્રણેય બધું ભેગું થાય એનું નામ જ્ઞાની પુરુષ. જ્ઞાની પુરુષની આરાધનામાં બધું જ આવી ગયું માટે જ વીતરાગોએ કહ્યું કે મોક્ષ માટે કશું કરવાનું નથી, માત્ર જ્ઞાની પુરુષની પૂંઠે પૂંઠે ચાલ્યા જવાનું છે.

પ્ર. ૩૨ માનવ ધર્મ કોને કહેવાય ?

ઉ. ૩૨ કોઈનેય દુઃખ ના થાય તેવી સહજ સમજણ તે માનવ ધર્મ. કોઈપણ મનુષ્યને આપણા નિમિત્તે દુઃખ ના થાય એ માનવધર્મ. આપણને દુઃખ ગમતું નથી તો સામાને કેવી રીતે ગમે એનો વિચાર આવે એ માનવધર્મ કહેવાય. અકળામણમાં શાંતિ રહે એ માનવધર્મ. જેનાથી સાંસારિક સુખ વધે, સાંસારિક અડચણો નાશ પામે, કોઈને દુઃખ ન થાય તેવી સહજ સમજણ તે માનવધર્મ. પોતાની પાસે કશું ના હોય છતાં સામાને મદદ કર્યે જાય એ માનવધર્મ. પોતાનું સાચવે અને કોઈને દુઃખ ન દે તે માનવધર્મ.

પ્ર. ૩૩ વ્યવહારિક ધર્મ કોને કહેવાય ?

ઉ. ૩૩ તમારે સુખ જોઈતું હોય તો બીજાને સુખ આપજો, એજ માણસ તમને સુખ ના આપે તો બીજા માણસોય સુખ આપશે તમને અને જો દુઃખ આપશો તો ગમે તે માણસ તમને દુઃખ આપશે જ, આનું નામ વ્યવહારિક ધર્મ કહેવાય. વ્યવહાર ધર્મ તો આપણે કરવો પડે, શીખવો પડે, ક્લેશ અને કકળાટ વગરનું જીવન એ વ્યવહારિક ધર્મ.

પ્ર. ૩૪ મર્યાદા ધર્મ કોને કહેવાય ?

ઉ. ૩૪ નવું દેવું ઊભું ના કરે અને જૂનું દેવું આપતો જાય તેનું નામ મર્યાદા ધર્મ. લૌકિક માન્યતા મુજબ વૈષ્ણવ સંપ્રદાયમાં મર્યાદા ધર્મ પળાય છે એવું માનવામાં આવે છે.

પ્ર. ૩૫ પુષ્ટિ માર્ગીય ધર્મ એટલે શું ?

ઉ. ૩૫ પડી ભાંગેલા ધર્મને પુષ્ટિ આપી તે પુષ્ટિ માર્ગીય ધર્મ કહેવાય. વેદાંત માર્ગ પડી ભાંગ્યો હતો, તેને શ્રી વલ્લભાચાર્યે સુંદર પુષ્ટિ આપી હતી.

પ્ર. ૩૬ આ વેદાંત માર્ગ શું છે ?

ઉ. ૩૬ આ વેદાંત માર્ગ એમાં વૈદક શાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર બે ભેગું કર્યું છે. વેદાંત ધર્મ સાયન્ટિફિકલી ગોઠવાયેલો છે, કે ભાદરવામાં મેલેરિયાના તાવમાંથી જીવી ગયો તો પછી નવરાત્રી જુએ પછી માતાજીની ભક્તિ કરે એટલે પ્રકૃતિની પૂજા થાય પછી દિવાળી આવે એટલે દારૂખાનું ફોડે તેથી અગ્નિથી તથા ધુમાડાથી બધાં જંતુઓ મરી જાય. માતાજીના દીવા કરે તેથી પણ જંતુઓ મરી જાય. ભાદરવામાં છેલ્લાં પંદર દિવસ શ્રાદ્ધ કરે, તે મચ્છર કરડે તેથી પિત્ત થયેલું હોય તે શ્રાદ્ધમાં ખીર ખાય, દૂધ પાક પીવે તે પિત્તનું શમન થાય. આમ વેદાંત માર્ગ પાછળ આખો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ છુપાયેલો છે.

પ્ર. ૩૭ પરોક્ષ ધર્મ અને પ્રત્યક્ષ ધર્મ એટલે શું ?

ઉ. ૩૭ પરોક્ષ ધર્મ એટલે કોઈપણ જીવને કિંચિત્માત્ર પણ દુઃખ ના દેવું તે કે જેથી સંસારમાં સુખ વધે અને પ્રત્યક્ષ ધર્મ એટલે જીવમાત્રમાં બધેય ભગવાન જોવા, આત્મવત્ સર્વ ભૂતેષુ અને આત્મા અર્થે જ જીવવું તે.

પ્ર. ૩૮ લૌકિક ધર્મ પાળવા કયાં બે વાક્ય સમજવા જેવા છે?

ઉ. ૩૮ ૧. આપણાથી કોઇ જીવને દુઃખ ના થાય

૨. આપણી પાસે કંઇક હોય તો આ લોકોને આપી દઉં એ ભાવના.

પ્ર. ૩૯ સંસાર સાગર તરવા માટે કયા ચાર પ્રકારના ધર્મ હોવા જોઇએ ?

ઉ. ૩૯ ૧. સુપાત્ર દાન

૨. નિર્મળ શીલ

૩. કર્મની નિર્જરાના હેતુથી તપ

૪. શુભ ભાવ

પ્ર. ૪૦ વ્યવહાર ધર્મ અને નિશ્ચય ધર્મ ક્યારે જુદા પડે ?

ઉ. ૪૦ જ્ઞાની પુરુષ પોતાની અનંત સિદ્ધિ વાપરી આત્મા અને અનાત્મા વચ્ચે લાઈન ઓફ ડિમકિશન નાંખી આપે અને નિરંતર છૂટુંને છૂટું જ રાખે ત્યારે આ શબ્દ બોલાય ત્યાં સુધી વ્યવહાર ધર્મ અને નિશ્ચય ધર્મ જુદા પડે નહીં. હોમ ડિપાર્ટમેન્ટ અને ફોરેન ડિપાર્ટમેન્ટ, આ શબ્દો આત્મા અને અનાત્મા જુદા પડયા પછી જ બોલાય.

પ્ર. ૪૧ **માળા કયા ધર્મ સુધી હોય ?**

ઉ. ૪૧ માળા મુસ્લિમના સ્ટેજ સુધી હોય. હિન્દુ થયા પછી તો મનની માળા ફેરવવાની હોય.

પ્ર. ૪૨ **લોકોને ધર્મ ક્યારે સમજાવી શકાય ?**

ઉ. ૪૨ આપણા મહાત્માઓને જ્ઞાન છે, ગંભીરતા નથી. ગંભીરતા આવશે તો પછી બબ્બે-પાંચ પાંચ મહાત્માઓ લોકોને ધર્મ સમજાવવા જશે.

પ્ર. ૪૩ **કોઈ પૂછે કે મારે શું ધર્મ પાળવો તો શું કહેવું ?**

ઉ. ૪૩ અમે કહીએ કે આ ત્રણ વસ્તુ પાળને બા

૧. એક તો નીતિમત્તા (પ્રામાણિકતા) પાળવી.

૨. ઓબ્લાઈઝિંગ નેચર રાખ. પૈસા ના હોય તો રસ્તે જતાં કહીએ, તમારે કંઈ બજારમાં કામકાજ હોય તો મને કહો, હું જાઉ છું એમ પૂછતાં જઈને કોઈનો ધક્કો ફેરો ખાવો. કોઈનુંય પણ કામ કરી છૂટવું એ ઓબ્લાઈઝિંગ નેચર (પરોપકારી સ્વભાવ) કહેવાય.

૩. કામ કર્યું કે સેવા કરી પણ પછી તેનો બદલો કે વળતર લેવાની ઈચ્છા નહીં રાખવાની.

પ્ર. ૪૪ **ધર્મમાં વેપારનું ફળ શું ?**

ઉ. ૪૪ ઉચ્છેદિયું થાય. અંદર મહીં ઉચ્છેદિયું થાય અને પછી પથરાનો અવતાર આવે તે ડુંગર થઈને લાખો વર્ષો સુધી પડી રહેવું પડે.

પ્ર. ૪૫ **પુણ્ય વધારવા શું કરવું ?**

ઉ. ૪૫ આખો દહાડો લોકો ઉપર ઉપકાર કર કર કરવા. મનોયોગ, વાણીયોગ, દેહયોગ લોકોને માટે વાપરવા અર્થાત્ મન, વચન, કાયા લોકો માટે વાપરવાં તો પુણ્ય વધે. સુખની દુકાન કાઢવી, કબૂતરોને જુવાર નાખવી, કીડીઓનાં દર હોય ત્યાં ખાંડ મૂકી આવવી, એનાથી પુણ્ય વધશે.

પ્ર. ૪૬ **ઈસ્લામ ધર્મ વિશે સમજાવો ?**

ઉ. ૪૬ **ઈસ્લામનો અર્થ** : અરબી ભાષામાં ઈસ્લામનો અર્થ શાંતિ થાય છે. ઈસ્લામનો બીજો અર્થ સલામતી એવો પણ થાય છે. ઈશ્વરના ફરમાનને વશ થવું. એક જ ઈશ્વરને શરણે જવું તે.

સ્થાપક : હજરત મહમ્મદ પયગંમ્બર

સ્થળ : મક્કા, અરબસ્તાન

સમય : ૭ મી સદી

ફેલાવાનો ક્રમ : દુનિયામાં બીજો, ભારતમાં બીજો

મુખ્ય ગ્રંથ : તવરેત-મૂશાઅલહસલામ
ઈન્જીલ-ઈશાઅલહસલામ
ઝબૂર-દાઉદ અલહસલામ
કુરાનમજીદ-મહમ્મદ પયગમ્બર સાહેબ
અલહદિશ, ઈજમા, કીયાસ

મુખ્ય દેવ : અલ્લા

ધર્મ ગુરુ : હાફીસ, મૌલવી, મુફતી

ધર્મ સ્થાન : મસ્જિદ (મસીદ)

ધર્મ ચિન્હ : બીજનો ચંદ્ર અને તારો

મુખ્ય પંથો : શિયા, સુન્ની

અનુયાયીઓની સંખ્યા : ભારતમાં ૬ કરોડ બીજા દેશોમાં ૪૨ કરોડ

મુખ્ય મંત્ર : લાઈલાહ ઈલ્લલ્લાહ-બિસ્મિલ્લાહ અર્રહેમાન અર્રહીમ
એક અલ્લાહ સિવાય અન્ય કોઈ ઈબાદતને (પૂજાને) લાયક નથી.

મુખ્ય સિદ્ધાંતો :

૧. ઈમાન.

૨. દિવસની પાંચ નમાજ-ફઝર, ઝોહર, અસર, મગરીબ, ઈશા.

૩. જકાત- કુલ કમાઈના અઢી ટકા ખેરાતમાં વાપરવાં તે.

૪. હજની યાત્રા કરવી. કુરબાની આપવી.

૫. રમઝાન મહિનામાં રોઝા રાખવા.

૬. દારૂ ના પીવો.

૭. વ્યાજ ના લેવું.

૮. ભાઈચારો રાખવો.

૯. જે કંઈ બને છે તે અલ્લાહની મરજીથી બને છે.

૧૦. અલ્લાહની સાથે કોઈની સરખામણી ના કરવી.

પ્ર. ૪૭ ઈસ્લામ ધર્મના છેલ્લા પયગંબર વિષે જણાવો ?

ઉ. ૪૭ ઈસ્લામ ધર્મમાં આજ દિન સુધી ૧,૩૦,૦૦૦ પયગંબરો થઈ ગયા છેલ્લા પયગંબર હજરત મહંમદ પયગંબર સાહેબ હતા તેમનું આયુષ્ય ૬૩ વર્ષનું હતું તેમને ૪૦ વર્ષની ઉંમરે નબુવત અર્થાત્ પયગંબરીનો ખિતાબ અને જવાબદારી મળ્યા હતા. તે પછી તેઓએ ૨૩ વર્ષ સુધી લોકોને માની ગોદથી કબરની ગોદમાં જતાં સુધી કેવા પ્રકારનો વ્યવહાર કરવો તે વાત સમજાવી, તે વાણીને ઉર્દૂમાં હંદીસ શરીફ તરીકે ઓળખવામાં આવે છે. તેમની વાણીને સંકલિત કરીને જે ગ્રંથમાં ઉતારવામાં આવી તેને કુરાન મજીદ કહે છે. તેમાં ૩૦ પ્રકરણ, ૩૦૦ થી વધુ સુરત અને ૯૦૦૦ આયાતો છે. તેમના પછી હવે કોઈ પયગંબર થશે નહીં એવું વિધાન છે.

પ્ર. ૪૮ ખ્રિસ્તી ધર્મ વિશે સમજાવો ?

ઉ. ૪૮ અર્થ : ખ્રિસ્તે બતાવેલો માર્ગ
સ્થાપક : ઈસુ ખ્રિસ્ત ઈ.પૂ. ૪થી ઈ.સ. ૨૯
સ્થળ : ઈઝરાયેલ, પશ્ચિમ એશિયા.
ફેલાવાનો ક્રમ : દુનિયામાં પહેલો, ભારતમાં ત્રીજો.
મુખ્ય ગ્રંથ : બાઈબલ
મુખ્ય દેવ : લોર્ડ (ઈશ્વર)
ધર્મ ગુરુ : પોપ, બિશપ, પાદરી
ધર્મ ચિન્હ : વધસ્તંભ
ધર્મ સ્થાન : દેવળ, ચર્ચ, કેથેડ્રલ
મુખ્ય પંથો : રોમન કેથોલિક, પ્રોટેસ્ટંટ
મુખ્ય સિદ્ધાંતો : પ્રેમ, ભ્રાતૃભાવ
મુખ્ય તીર્થ : જેરુસલેમ, બેથલેહેમ, નાઝરેથ, રોમ, કાર્થેજ, તુર્ક, તેસાલોનિકા, એકસસ, એથોસ, સિનાઈ, ફિયેફ, લૂર્દ, ફાતિમા, ગ્લાદેલૂપ, યેસ્તોવા, માયલાપુર, ગોવા.

પ્ર. ૪૯ બૌદ્ધ ધર્મ વિશે સમજાવો ?

ઉ. ૪૯ અર્થ : પરમ માર્ગ ભગવાન બુદ્ધનો માર્ગ
સ્થાપક : ગૌતમ બુદ્ધ ઈ.પૂ. ૫૬૩-૪૮૩
સ્થળ : બિહાર, ભારત

મુખ્ય ગ્રંથ : ત્રિપિટક અને ધમ્મપદ

ધર્મ ગુરુ : ભિખ્ખુ, શ્રમણ, સ્વામી.

ધર્મ સ્થાન : વિહાર, મઠ

ધર્મ ચિન્હ : કમળ, હાથી

મુખ્ય પંથ : મહાયાન, હિનયાન, થેર

મુખ્ય સિદ્ધાંતો : દુઃખ સનાતન છે તેનું કારણ તૃષ્ણા છે. જીવ કર્મવશ છે. અહિંસાદિ પાળવાથી મુકિત મળે છે. તૃષ્ણાનો નાશ અષ્ટવિધ મહાયાન માર્ગથી લાવી શકાય છે.

પ્ર. ૫૦ સપ્તર્ષિ કયા કયા ગણાય છે ?

ઉ. ૫૦ ૧. કશ્યપ ૨. અત્રિ ૩. વશિષ્ઠ
૪. વિશ્વામિત્ર ૫. ગૌતમ ૬. જમદગ્નિ
૭. ભારદ્વાજ

પ્ર. ૫૧ સાધન ચતુષ્ટય એટલે શું ?

ઉ. ૫૧ શમ, દમ, તિતિક્ષા અને ઉપરતિ આ ચારને સાધન ચતુષ્ટય કહેવામાં આવે છે.

પ્ર. ૫૨ શ્રીમદ્ ભાગવતમાં કયા પાંચ પ્રકારની મુક્તિ વર્ણવેલ છે.

ઉ. ૫૨ ૧. સાલોકય મુક્તિ : ભગવાનની સાથે વૈકુંઠાદિ સમાન લોકમાં નિવાસ કરવો તે.
૨. સાર્ષ્ટિમુક્તિ : ભગવાનની સમાન ઐશ્વર્ય પ્રાપ્ત કરવું તે.
૩. સામીપ્ય મુક્તિ : ભગવાનની સમીપ અવસ્થિતિરૂપ મુકિત થવી તે.
૪. સારૂપ્ય મુક્તિ : ભગવાનની સમાન રૂપ કે વિગ્રહ પ્રાપ્ત કરવો તે.
૫. એકત્વ મુક્તિ : જેમાં ભગવાનમાં એકત્વ પ્રાપ્ત થાય તે મુકિત.

પ્ર. ૫૩ અપવર્ગ એટલે શું ?

ઉ. ૫૩ મુક્તિનું બીજુ નામ અપવર્ગ છે જેમાં ૫ વર્ગ નથી તે અપવર્ગ કહેવાય છે એટલે કે જેમાં ક્યારેય ૫, ફ, બ, ભ, મ

૫ : જેમાં ક્યારેય પતન થતું નથી. પાપ કે પુણ્યનો બંધ રહેતો નથી.

ફ : કોઇપણ ફળની ઇચ્છા રહેતી નથી.

બ : જ્યાં કોઇપણ પ્રકારનું બંધન રહેતું નથી.

ભ : ભય રહેતો નથી.

મ : મૃત્યુ રહેતું નથી.

પ્ર. ૫૪ દસ દિવ્ય કયા કયા ગણાય છે ?

ઉ. ૫૪ જળ, અગ્નિ, ધડો, કોશ, વિષ, માયા, ચોખા, ફળ, ધર્મ અને પુત્રનો સ્પર્શ કરવો, આ દસ દિવ્ય ગણાય છે.

પ્ર. ૫૫ ધર્મ કોની સાથે દોસ્તી કરતો નથી ?

ઉ. ૫૫ ધર્મ ચાર પ્રકારના મનુષ્યો સાથે દોસ્તી બાંધતો નથી.

૧. દુષ્ટ ૨. શઠ ૩. કદાગ્રહી ૪. પક્ષપાતી

પ્ર. ૫૬ પ્રભુ દર્શન ક્યારે આપે ?

ઉ. ૫૬ તમામ પ્રકારની વિષય વાસનાનો અંત આવે અને હૃદય સ્ફટિક જેવું શુદ્ધ અને નિર્મળ થાય ત્યારે પ્રભુ દર્શન આપે.

પ્ર. ૫૭ સંપ્રદાય એટલે શું ?

ઉ. ૫૭ સમ + પ્ર + દાય = સંપ્રદાય અર્થાત્ સમ્યક્ પ્રકારે પ્રદાન કરનાર. સમ્યક્ પ્રકારે પવિત્ર જ્ઞાન સંપતિ કે શુદ્ધ વિચાર ધારા પ્રદાન કરનાર પરંપરા તે સંપ્રદાય.

પ્ર. ૫૮ સંસ્કૃતિ એટલે શું ?

ઉ. ૫૮ પ્રામાણિક, નમ્ર અને ધાર્મિક બનવું એ સંસ્કૃતિ. દયાળુ, પરોપકારી, ભક્તિ અને જ્ઞાનયુકત જીવન જીવવું એ સંસ્કૃતિ. સેવા અને સ્વાર્થ ત્યાગની ભાવનાથી હૃદયને રંગવું એ સંસ્કૃતિ છે.

પ્ર. ૫૯ ત્યાગ ધર્મની સાધનામાં પહેલું પગથિયું શું છે ?

ઉ. ૫૯ સામાયિક.

પ્ર. ૬૦ કોની કૃપાથી ભગવાન પ્રાપ્ત થાય ?

ઉ. ૬૦ જ્ઞાનીની કૃપાથી ભગવાન પ્રાપ્ત થાય.

પ્ર. ૬૧ મહાદેવજીનું ત્રિશૂળ શું છે ?

ઉ. ૬૧ ત્રિશૂળ એટલે ત્રણ શૂળ.-આધિ, વ્યાધિ અને ઉપાધિ. આ ત્રણ ત્રણ શૂળ હોવા છતાં જગતના અપમાન રૂપી ઝેર પી-પીને મહાદેવજી થયા છે. આપણે મહાદેવજી થવું હોય તો હસતે મુખે જગતનાં અપમાન રૂપી ઝેર પીવાં પડશે.

પ્ર. ૬૨ બાર જ્યોર્તિલિંગો કયાં કયાં છે ?

ઉ. ૬૨ ૧. **સોમનાથ** : આ પ્રભાસ પાટણમાં આવેલ છે. ચંદ્રના કષ્ટનો નાશ કરનાર અવતાર સોમનાથ ગણાય છે. તેનું વિધિપૂર્વક પૂજન કરવાથી ક્ષય કે કોઢનો રોગ મટે છે. સૌરાષ્ટ્રમાં આવેલ છે.

૨. **મલ્લિકાર્જુન** : શ્રી શૈલમ પર્વત ઉપર આંધ્રપ્રદેશમાં આવેલું છે. મનવાંછિત ફળ અને ખાસ કરીને સંતાનપ્રાપ્તિ માટે સારું ફળ આપે છે.

૩. **મહાકાલેશ્વર** : ઉજ્જૈનમાં ક્ષિપ્રા નદીને કાંઠે આવેલ છે. ભક્તોની સર્વ પ્રકારે રક્ષા કરે છે. આ સ્થળે હુંકાર માત્રથી અસુરને બાળી ભસ્મ કર્યો અને બ્રાહ્મણની રક્ષા કરી હતી.

૪. **ઉૐ કારેશ્વર** : વિંધ્યાચળ પર્વત ઉપર મધ્યપ્રદેશમાં આવેલ છે.

૫. **કેદારેશ્વર** : હિમાલયમાં કેદાર શિખર ઉપર આવેલ છે. ભક્તોને ઉત્તમ ફળ આપનારું છે.

૬. **ભીમાશંકર** : નેરલ સ્ટેશન, મહારાષ્ટ્રમાં આવેલ છે. ડાકિની સ્થળ કહેવાય છે.

૭. **કાશી વિશ્વનાથ** : કાશીમાં (બનારસમાં) આવેલ છે. જે મોક્ષદાતા ગણાય છે.

૮. **ત્રંબકેશ્વર** : ગૌતમી નદીના તટ ઉપર નાસિકથી ત્રંબક જવાનું આની પૂજાથી સર્વ આશાઓ ફળે છે.

૯. **વૈદ્યનાથ** : પરલી સ્ટેશન ચીતાભૂમિમાં, ઔરંગાબાદમાં આવેલ છે. રાવણ વિદ્યાધરની પ્રાર્થનાથી પ્રગટ થયેલ છે.

૧૦. **નાગેશ્વર** : દારૂક વનમાં, ચોડી સ્ટેશન, મહારાષ્ટ્રમાં આવેલ છે.

૧૧. **રામેશ્વર** : રામેશ્વર, મદ્રાસથી આગળ આવેલ છે. ભગવાન રામની ભક્તિથી પ્રસન્ન થઇ પ્રગટેલા.

૧૨. **ધુષ્ણેશ્વર** : ઇલોરા, મહારાષ્ટ્રમાં, ઔરંગાબાદથી આગળ એક સરોવરમાં પ્રગટેલા.

પ્ર. ૬૩ અવતાર એટલે શું ?

ઉ. ૬૩ અવતાર એટલે અવતરણ, એક ફેઝમાંથી બીજા ફેઝમાં બદલાવું તે. રાજીખુશીથી ભગવાન અવતાર લે છે તેમ કહે છે, ભગવાન પોતે તો શું

પણ કોઇપણ રાજી ખુશીથી માના પેટમાં આવે જ નહીં, માના પેટમાં અપાર દુઃખ છે. સાઇઠ વર્ષની ઉંમરે જેટલું દુઃખ ના પડે તેના કરતાં ભયંકર દુઃખ પડે છે, ત્યાં ભગવાન ઇચ્છાથી આવે જ નહીં. ગર્ભમાં ભયંકર વેદના હોય છે.

પ્ર. ૬૪ જપ કરીએ ત્યારે વિચાર પણ ચાલે અને એને જોવાય પણ ખરું તો આ ત્રણ જણ કોણ છે ?

ઉ. ૬૪ વિચાર કરનારું મન છે, જપ કરનારી વાણી છે અને જોનારો આંધળો અહંકાર બુદ્ધિ સહિત છે. અહંકાર આંધળો છે તે, બુદ્ધિ સહિત જુએ છે. અર્થાત્ બુદ્ધિની આંખોથી જુએ છે. આમાં આત્મા વપરાતો નથી.

પ્ર. ૬૫ ગણપતિ એટલે શું ? તેની ભક્તિથી શું ફળ મળે ?

ઉ. ૬૫ ગણપતિ એટલે ગણધર પતિ. ગણધરોનો ઉપરી મહાવીર ભગવાનના અગિયાર ગણધરો હતા. ગૌતમ સ્વામી ગણધર પતિ, ગૌતમ એ જ ગણપતિ. ગૌતમ એટલે જે તીર્થંકરોની વાણી ઝીલે, બરોબર સમજે છે તે. ગણપતિ એ બુદ્ધિના અધિષ્ઠાયક દેવ છે. શાસ્ત્રો લખવાનો મુખ્ય અધિકાર તો એમને જ છે, એમને કોઇપણ જગ્યાએ બુદ્ધિનો પ્રકાશ ના પડે એવું ના હોય તેથી તેમની બુદ્ધિમાં જરાય કચાશ નહીં, એટલા માટે જ એમને સર્વ દેવોમાં પહેલા મૂકવામાં આવે છે. ગણપતિની પૂજાથી બુદ્ધિ વિનમ્ર થાય. ગણપતિ બુદ્ધિની દરેક આંટી-ઘૂંટીમાંથી પસાર થઇ ગયેલા છે. તેમની સમજીને પૂજા કરવાથી બુદ્ધિનો ભ્રમ ટળી જાય અને સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય. બુદ્ધિ વિપરીત ન થાય માટે ગણપતિને પ્રથમ પૂજામાં મૂકે છે.

પ્ર. ૬૬ આરતી કરવાથી શું લાભ થાય ?

ઉ. ૬૬ આરતી કરવાથી શરીરમાં જે બધા મળ ભરાઇ રહેલા હોય તે નીકળી જાય છે. આરતીનું ફળ વિરતિ છે.

પ્ર. ૬૭ સ્વસ્તિકનો અર્થ શો ?

ઉ. ૬૭ સ્વસ્તિક એ ચાર ગતિસૂચક પ્રતિક ગણાય છે. એના ચાર પાંખિયા ચાર ગતિ સૂચવે છે અને સેન્ટરમાં મોક્ષ છે. ચાર ગતિમાંથી છેવટે મોક્ષમાં જ જવું પડશે. ચાર ગતિ એટલે મનુષ્યગતિ, દેવગતિ, તિર્યંચ ગતિ અને નર્ક ગતિ. આ ચાર ગતિ પાપ-પુણ્યના આધારે છે અને પુણ્ય પાપથી રહિત

થયો અને જ્ઞાન પ્રાપ્ત થયું તો મોક્ષની ગતિ થાય. પુણ્ય બહુ જમા થાય એટલે દેવગતિમાં જાય અગર તો મનુષ્યમાં વડાપ્રધાન થાય. પાપ વધારે થાય તો તિર્યંચ કે નર્કમાં જવું પડે અને પાપ તથા પુણ્ય બેય ના થયું તો મોક્ષ થાય.

પ્ર. ૬૮ અગિયારશ કોને કહેવાય ?

ઉ. ૬૮ પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને અગિયારમું મન એ બધાને એક દિવસ કાબૂમાં રાખવાના હોય અને તેમને બિલકુલ ખોરાક નહિં આપવાનો તે સાચી અગિયારશ કહેવાય.

પ્ર. ૬૯ પ્રાર્થના એટલે શું ?

ઉ. ૬૯ પ્ર + અર્થના = પ્રાર્થના. પ્ર એટલે વિશેષ અને અર્થના એટલે માગણી કરવી તે. ભગવાન પાસે વધારાના અર્થની માગણી કરવી તે પ્રાર્થના કહેવાય. પ્રાર્થના કરતી વખતે ચિત્ત બીજે હોય તો તે સાચી પ્રાર્થના ના કહેવાય. પ્રાર્થના એટલે પોતે પોતાની શોધખોળ કરે છે. પ્રાર્થના તો સમજી, વિચારીને હૃદયને અસર થાય તેવી હોવી જોઇએ.

પ્ર. ૭૦ પ્રાર્થના કરવાથી શું લાભ થાય ?

ઉ. ૭૦ પ્રાર્થના પોતે જ ભૌતિક વસ્તુ છે એટલે પ્રાર્થનાથી ભૌતિક મદદ મળે. પ્રાર્થનાથી તો સંસારની બધી ચીજો મળે, સંસારની ભૌતિક ચીજો મળે. ગાડીમાં જતા હોઇએ અને સાંકળ ખેંચીએ તો ગાડી ઊભી રહે અને આપણી કંઇ વસ્તુ પડી ગઇ હોય તો તે લઇ લેવાય પણ તેથી કંઇ ત્યાં ટેક્ષી કે જમવાનું કશું મળે નહી. સાંકળ ખેંચવાનો જે લાભ મળતો હોય એટલો જ લાભ મળે. તેમ પ્રાર્થના કર્યાનો જે લાભ મળતો હોય તેટલો જ લાભ મળે પરંતુ પ્રાર્થના સાચા હૃદયની હોવી જોઇએ.

પ્ર. ૭૧ પ્રાર્થના કેવી રીતે કરવી જોઇએ ?

ઉ. ૭૧ હે પ્રગટ પરમાત્મા સ્વરૂપ પ્રભુ, આ આપનું સ્વરૂપ એજ મારું સ્વરૂપ છે. આપનું કેવળ જ્ઞાન સ્વરૂપ છે, એ જ મારું કેવળજ્ઞાન સ્વરૂપ છે, પણ મને તેનું ભાન નથી. હે પ્રભુ આપના આ સમગ્ર બ્રહ્માંડને પ્રકાશિત કરવા વાળા પરમ જ્યોતિ સ્વરૂપને હું અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. હે પ્રભુ! આપ એવી કૃપા કરો કે અમને ભેદભાવ છૂટી જાય અને અભેદ સ્વરૂપ પ્રાપ્ત થાય, અમે તમારામાં અભેદ સ્વરૂપે તન્મયાકાર રહીએ.

પ્ર. ૭૨ **નિરાશ્રિત કોને કહેવાય ?**

ઉ. ૭૨ હવે મારું શું થશે એવું એક વાર પણ વિચારમાં આવ્યું તો તે નિરાશ્રિત છે. જયાં સુધી પ્રગટના દર્શન કર્યા નથી ત્યાં સુધી તમે નિરાશ્રિત છો અને પ્રગટનાં દર્શન થાય તો તમે આશ્રિત છો. જે જ્ઞાની પુરુષનો આશરો લે એનું અનંતકાળનું નિરાશ્રિતપણું મટી જાય છે.

પ્ર. ૭૩ **નિક્ષેપ શું છે ?**

ઉ. ૭૩ નિક્ષેપ એટલે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર વગર ધર્મ જ નથી.

૧. ભાવ નિક્ષેપ - : શુદ્ધાત્મા.

૨. દ્રવ્ય નિક્ષેપ - : જૈન.

૩. નામ નિક્ષેપ - : ચંદુલાલ.

૪. સ્થાપના નિક્ષેપ : આકૃતિ દેખાય છે તે.

પ્ર. ૭૪ **સાચાં દર્શન કોને કહેવાય ?**

ઉ. ૭૪ જેને જોતાં જ સમાધિ થાય એ દર્શનને દર્શન કહેવાય. જોતાં જ સમાધિ થાય તે દર્શન સાચાં. જેને જોતાં જ શ્રદ્ધા બેસી જાય તે સાચાં દર્શન.

પ્ર. ૭૫ **બહુવચન એટલે શું ?**

ઉ. ૭૫ બહુવચન એટલે સંપૂર્ણ લક્ષ ત્યાં હોવું તે. ભગવાને એકવચનમાં કહ્યું હતું કે જયાં જરૂર પડે ત્યાં તપ કરજો, જરૂર પડે ત્યાં ત્યાગ કરજો, તેને લોકોએ બહુવચન કર્યું. બહુવચન એટલે ત્યાં જ પડી રહ્યા. અભિનિવેષ એટલે લોકો તપ અને ત્યાગને જ વળગી રહ્યાં અને આત્મા બાજુ ઉપર રહી ગયો. ભગવાને બધાં વાક્યો એક વચનમાં કહેલાં કે એક પર પક્ષપાત ના કરશો પણ બધાં વાક્યો બહુવચન કર્યા તેથી આત્મા પ્રાપ્ત ના થયો.

પ્ર. ૭૬ **છ અઠ્ઠઈઓ કઈ કઈ ?**

ઉ. ૭૬ આઠ દિવસ સુધી કોઈ પણ પ્રકારનાં અન્ન નહીં લેવાં, ઉકાળેલું પાણી લેવાની છૂટ અને તેમાંય સૂર્યાસ્ત પછી તો ઉકાળેલું પાણી પણ નહીં પીવાનું, એને જૈન ધર્મમાં અઠ્ઠઈ તરીકે ઓળખવામાં આવે છે. ટૂંકમાં આઠ દિવસના ઉપવાસને અઠ્ઠઈ કહેવાય. આ આઠ દિવસ દરમ્યાન ભગવત્ ભજન અને ઉત્કૃષ્ટ પ્રકારે કર્મોની નિર્જરા થાય અને કષાય ઘટાડવા માટેનો આ પ્રયોગ છે. આવી છ અઠ્ઠઈઓ નીચે મુજબ છે.

ચૈત્ર મહિનાની અને આસો મહિનાની, આ બે શાશ્વતી અઠ્ઠઇઓ ગણાય છે. સર્વ દેવો આ સમયે નંદીશ્વર દ્વીપમાં આવેલા શાશ્વત જૈન ચૈત્યોમાં જઇ ત્યાં આરાધના કરે છે. કારતક મહિનાની, ફાગણ મહિનાની, અષાઢ મહિનાની અને ભાદરવા મહિનાની, તે ચાર અશાશ્વતી અઠ્ઠઇઓ ગણાય છે.

પ્ર. ૭૭ સર્વ પ્રકારની આરાધના માટેના સામાન્ય નિયમો શું ?

ઉ. ૭૭ ૧. સર્વ પ્રકારના પાપથી બચવું. પાપ છોડવું.

૨. ખાંડવું, દળવું, ભૂમિ ખોદવી, વસ્ત્રો ધોવાં, અબ્રહ્મચર્ય સેવવું. આ પાંચ છોડવાં.

૩. બિન જરૂરી ખાન, પાન, સ્નાન ત્યજવાં.

૪. આરંભ-સમારંભ ત્યજવા.

૫. સાત મહાવ્યસનોનો સર્વથા ત્યાગ.

પ્ર. ૭૮ પર્યુષણ પર્વનાં મુખ્ય કર્તવ્ય કયાં કયાં ?

ઉ. ૭૮ **૧. અમારિ પ્રવર્તન** : સંપૂર્ણ અહિંસા.

૨. સાધર્મિક વાત્સલ્ય : ધર્મમાં સહાય કરે તે સાધર્મિક.

૩. પરસ્પર ખામણાં : (ક્ષમાપના) ક્ષમા માગવી.

૪. અઠ્ઠમનો તપ : ત્રણ દિવસના ઉપવાસ.

૫. ચૈત્ય પરિપાટી : સમૂહમાં જિન પ્રતિમાની પૂજા-દર્શન ભક્તિ કરવી.

પ્ર. ૭૯ પૌષધ એટલે શું ?

ઉ. ૭૯ ધર્મની પુષ્ટિ કરે તે પૌષધ. આ શ્રાવકનું અગિયારમું વ્રત છે. પૌષધ દ્વારા રાગ-દ્વેષાદિ વિભાવને ત્યજીને સ્વભાવમાં રમણ કરવાનું હોવાથી તેને પૌષધોપવાસ પણ કહેવાય છે. પૌષધથી સાચો ક્ષમાભાવ પ્રગટે છે.

પ્ર. ૮૦ ચાતુર્માસ એક જગ્યાએ રહેવા માટે કયું ક્ષેત્ર ઉત્તમ ગણાય ?

ઉ. ૮૦ ૧. જયાં ઘણો કાદવ ન હોય. જિનમંદિરે જવાનો માર્ગ સરળ અને નજીક હોય.

૨. સંમૂર્છિમ જીવોની ઘણી ઉત્પત્તિ ન હોય.

૩. જયાં સ્થંડિલ ભૂમિ જીવરહિત નિરવદ્ય શુદ્ધ હોય.

૪. વસ્તી, સ્ત્રી, પશુ, પંક વગેરેથી રહિત નિર્દોષ હોય.

૫. દૂધ, દહીં, ગોરસ સુલભ હોય.

૬. લોકસમૂહ, સજ્જન, ભદ્રિક અને મોટા કુટુંબવાળા હોય.
૭. વૈદ્ય-ડોકટરો સેવાભાવી હોય.
૮. ઓષધાદિ સુલભ હોય.
૯. શ્રાવકો ધન-ધાન્યથી સુખી અને મોટા પરિવારવાળા હોય.
૧૦. રાજા ભદ્રિક હોય.
૧૧. અન્ય ધર્મવાળાઓ જૈન સાધુઓનું અપમાન ન કરતા હોય.
૧૨. જ્યાં સ્વાધ્યાય ભૂમિ શુદ્ધ હોય.
૧૩. જ્યાં આહાર પાણી સુલભ હોય.

ઉપરોકત તેર ગુણોવાળું ક્ષેત્ર સાધુના ચાતુર્માસ માટે ઉત્તમ ગણાય. તેમાંય ૧, ૩, ૧૨ અને ૧૩ આ ચાર ગુણો તો અવશ્ય હોવા જ જોઈએ.

પ્ર. ૮૧ મન, વચન, કાયાની અવસ્થાની આહુતિ ક્યારે અપાઇ ગઇ કહેવાય ?

ઉ. ૮૧ સૂક્ષ્મ યજ્ઞ એટલે મન, વચન, કાયાની અવસ્થા માત્ર કુદરતી રચના છે જેનો કોઇ બાપોય રચનાર નથી અને તે વ્યવસ્થિત છે કહ્યું એટલે આહુતિ અપાઇ જાય.

પ્ર. ૮૨ ધર્મમાં ઠપકો કોણ આપી શકે ?

ઉ. ૮૨ જ્ઞાની પુરુષ સિવાય બીજો કોઇ પણ ધર્મમાં ઠપકો ના આપી શકે. જ્ઞાની પુરુષ એકલા જ ધર્મમાં ઠપકો આપી શકે.

પ્ર. ૮૩ એક જ વાળની ટોચે બિરાજ્યા દુનિયાભરના શાસ્ત્રો છે એનો અર્થ શો ?

ઉ. ૮૩ આવું કવિએ લખ્યું છે કારણ કે આ શાસ્ત્રોની સંખ્યા તો ગણી શકાય તેમ છે અને જ્ઞાન તો અનંત છે તે દૃષ્ટિએ કહ્યું છે કે એક જ વાળની ટોચે બિરાજ્યાં દુનિયાભરના શાસ્ત્રો છે.

પ્ર. ૮૪ ધર્મમાં કામ થઇ ગયું ક્યારે કહેવાય ?

ઉ. ૮૪ નામ અને કીર્તિ આ બે ભૂતો છેક સુધી વળગેલા રહે છે. જેના આ બે ગયા તેનું કામ થઇ ગયું કહેવાય.

પ્ર. ૮૫ શાસ્ત્રની પરિભાષામાં કયા બે પ્રકારના ધર્મ છે ?

ઉ. ૮૫ ધર્મ બે પ્રકારના છે.

૧. **સર્વ વિરતિ :** અણગારી સાધુઓનો પહેલો સર્વ વિરતિ ધર્મ છે તે સંયમાદિ દસ પ્રકારનો છે.

૨. **દેશ વિરતિ :** આગારી ગૃહસ્થનો બીજો દેશ વિરતિ ધર્મ છે. તે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ બાર પ્રકારનો છે.

પ્ર. ૮૬ માળા કરવાના નિયમો કયા કયા ?

ઉ. ૮૬ દરેક ધર્મ અને સંપ્રદાયમાં એકાગ્રતા કરવા માટેના સાધન તરીકે માળાનો ઉપયોગ થાય છે. પરંતુ માળા કરવા અંગેના નિયમો ન જાણવાને કારણે તે જપનું યથાર્થ ફળ પ્રાપ્ત થતું નથી, તેટલો સમય શાંતિ રહે એટલો લાભ થાય છે. કબીર જેવા હાજર જવાબી સંતે કહ્યું છે કે ''માલા બનાઇ કાષ્ટકી બીચમેં ડાલા સૂત, માલા બિચારી ક્યા કરે જપનેવાલા કપૂત.'' માળાનો વાંક નથી, માળા જપનારને નિયમોનું ભાન નથી. હવે માળાના નીચેના નિયમો જાણી લઇએ કે જેથી તેનું યથાર્થ ફળ પ્રાપ્ત થઇ શકે.

૧. જો પુરુષ તત્ત્વની અર્થાત્ રામ, કૃષ્ણ, મહાવીર, ગણપતિ, શંકર કે અન્યની માળા ફેરવવાની હોય તો માળા મધ્યમાં આંગળી ઉપર મૂકી ફેરવવી જોઇએ અને મંત્ર-જપ સ્ત્રી તત્ત્વ અર્થાત્ ગાયત્રી, અંબિકા, પદમાવતી કે અન્યની હોય તો માળા અનામિકા આંગળી ઉપર મૂકી ફેરવવી જોઇએ.

૨. અંગૂઠાની બાજુની આંગળી જેને તર્જની કહેવામાં આવે છે. તે જપ સમયે દૂર રાખવી. માળા ગૌમુખી નામના રેશમી વસ્ત્રથી બનેલ ઝોળીમાં રાખી ફેરવવી જોઇએ. પુરુષે આ ઝોળી સફેદ રેશમી કાપડની રાખવી. સ્ત્રીઓએ લાલ રેશમી કાપડની રાખવી.

૩. માળાને આરોહ-અવરોહ મુજબ ફેરવવાની છે અર્થાત્ માળાની વચ્ચે જે મોટો મણકો જેને મેરુ નામથી ઓળખવામાં આવે છે, તેને ક્યારેય ઓળંગવાનો નથી જ્યાં માળા પૂરી થાય ત્યાંથી તેને ઉલટાવી દેવાની છે અર્થાત્ જ્યાં છેલ્લો મણકો પૂરો થાય તરત જ માળા ઉલટાવી દેવી અને તેને પ્રથમ મણકો ગણી ફરીથી ત્યાંથી માળા શરૂ કરવાની છે.

૪. માળાના મણકા ફેરવતી વખતે અર્થાત્ જપ કરતી વખતે આંખો સંપૂર્ણ બંધ રાખી જે મંત્રનો જપ કરતા હોય તે મંત્રનો અર્થ ચિંતવવો જોઇએ. અથવા તો તે મંત્રના અક્ષરો યા તો સ્વરૂપ દેખાય તે રીતે બંધ આંખે ચિંતવન કરવું જોઇએ.

૫. માળા આસન ઉપર બેસાને જ કરવી જોઇએ. હંમેશા પૂર્વ કે ઉત્તર દિશા તરફ આપણું મુખ રહે તે રીતે જપ કરવા બેસવું. આસન ત્રણ

પડવાળું હોવું જોઇએ. સૌથી નીચે દર્ભનું આસન, તેના ઉપર ગરમ આસન (જૈનો જેને કટાસણું નામથી ઓળખે છે તે.) અને સૌથી ઉપર રેશમી કપડું. પુરુષ હોય તો સફેદ રેશમી વસ્ત્ર રાખવું અને સ્ત્રીનું આસન હોય તો લાલ રેશમી વસ્ત્ર રાખવું.

પ્ર. ૮૭ **માળાના ૧૦૮ મણકા કેમ હોય છે**

ઉ. ૮૭ માળા એ ધર્મમાં સહાયક એકાગ્રતા કરવા માટેનું એક ઉત્કૃષ્ટ સાધન છે. ૧+૦+૮=૯ થાય, નવનો આંકડો એ અવિકારી આંકડો છે. નવને ગમે તે સંખ્યા વડે ગુણવામાં આવે તો જે જવાબ આવે, તે જવાબનાં આંકડાઓનો સરવાળો નવ જ થાય. આ બ્રહ્માંડના શ્રેષ્ઠ પંચ પરમેષ્ઠી ભગવંતોના કુલ ગુણોનો સરવાળો ૧૦૮ થાય છે તેથી માળામાં ૧૦૮ મણકા રાખવામાં આવે છે. (અરિહંતના ૧૨ ગુણ, સિદ્ધના ૮ ગુણ, આચાર્યના ૩૬ ગુણ, ઉપાધ્યાયના ૨૫ ગુણ અને સાધુના ૨૭ ગુણ. એમ કુલ ગુણોનો સરવાળો ૧૦૮ થાય છે.)

પ્ર. ૮૮ **ધ્યાન એટલે શું ?**

ઉ. ૮૮ પહેલું પોતે ધ્યાતા નક્કી થવો જોઇએ અને ધ્યેય નક્કી કરવું જોઇએ, પોતે ધ્યાતા અને ધ્યેયમાં લક્ષ થાય, ધ્યેયમાં તન્મયાકાર થાય અને તેમાંથી જે ઉત્પન્ન થનારી વસ્તુ છે એ ધ્યાન કહેવાય. ધ્યેય અને ધ્યાતાની લગની લાગે એ ધ્યાન. બધાં જ આત્માનાં ગુણો એટ એ ટાઇમ ધ્યાનમાં લે ત્યારે ધ્યાન થયું કહેવાય. ધ્યેય તે તારા ગુણો અને તું ધ્યાતા થાય તો એ તારું ધ્યાન કહેવાય. અહંકાર કોઇપણ ક્રિયા કરે તેમાંથી જે પરિણામ ઉત્પન્ન થાય એ ધ્યાન છે. ધ્યાન એ પરિણામ છે. પરિણામ કરાય નહીં, પરિણામ ઉત્પન્ન થાય, સ્વાભાવિક આવે. મનના પરિણામમાં આત્મા તન્મયાકાર થાય તો ધ્યાન ઉત્પન્ન થાય. અહંકારથી જે નિર્લેપ રહે તે ધ્યાન કહેવાય. ધ્યાન હોય ત્યાં ઇગોઇઝમ ના હોય. ધ્યાતા-ધ્યેયનો તાર સંધાયો તેનું નામ ધ્યાન. પોતાના સ્વરૂપનું ધ્યાન એને જ ખરેખર ધ્યાન કહેવાય. ધ્યાનનો અર્થ શો કે કોઇપણ ધ્યેય નકકી કરવો અને તેની જોડે સાંધો લગાડો તે ધ્યાન. જેટલીવાર સાંધો રહે તેટલીવાર ધ્યાન રહે. ધ્યાનમાં ધ્યાતા અને ધ્યેય બન્ને નકકી થવું જોઇએ, હવે ધ્યાતા અને ધ્યેયને જે જોઇન્ટ કરે છે તે ધ્યાન છે. નકકી કરેલામાં તન્મયાકાર રહેવું તેનું નામ ધ્યાન છે. ધ્યાતા-

ધ્યેયનું ડિસિઝન આવે અને તેનો સાંધો મળે તેને ધ્યાન કહેવાય. ધ્યાતા-ધ્યેયનું અનુસંધાન કરવું એ પુરુષાર્થ છે અને ધ્યાન એ પરિણામ છે. હંમેશાં ધ્યેયને લક્ષમાં રાખીને કરવામાં આવતી બધી ક્રિયાઓ ધ્યાન જ કહેવાય. ધ્યેય અને ધ્યાતાનું મિલન થાય તો ધ્યાન ઉત્પન્ન થાય. ધ્યાન એ સાધન છે. ધ્યેય સ્વરૂપનું અને ધ્યાતા શુદ્ધાત્મા તો જ તે ધ્યાન ફળે. ધ્યાનમાં ગજબની શક્તિ છે. સમજણપૂર્વક ધ્યાન થાય તો પરમાત્મા પણ પ્રાપ્ત થઈ શકે તેમ છે.

પ્ર. ૮૯ ધ્યાનની શરૂઆત ક્યાંથી થાય છે ?

ઉ. ૮૯ ધ્યાનની શરૂઆત સ્વજ્ઞાનની સ્થિરતાથી જ થાય છે. તે જ્ઞાન ચોથે ગુણસ્થાનકે શરૂ થાય છે અને સાતમે ગુણસ્થાનકે પૂરું થાય છે. આઠમે ગુણસ્થાનકે શુક્લ ધ્યાનનો આરંભ થાય છે.

પ્ર. ૯૦ ધ્યાનના મુખ્ય કેટલા પ્રકાર છે ?

ઉ. ૯૦ ધ્યાનના મુખ્ય ચાર પ્રકાર છે.

૧. આર્તધ્યાન ૨. રૌદ્રધ્યાન ૩. ધર્મધ્યાન ૪. શુક્લધ્યાન

પ્ર. ૯૧ ધ્યેય એટલે શું ?

ઉ. ૯૧ ધ્યાનના અવલંબનને ધ્યેય કહેવામાં આવે છે. તે ચાર પ્રકારનું છે.

૧. પિંડસ્થ ૨. પદસ્થ ૩. રૂપસ્થ ૪. રૂપાતીત

૧. **પિંડસ્થ :** મારામાં ભગવાન બેઠેલા છે તે ધ્યાન. ભગવાનનું જેવું સ્વરૂપ તેવું મારું સ્વરૂપ થાય તે ધ્યાન. શરીરમાં રહેલા અનંત ગુણોના ધામ એવા આત્માનું ધ્યાન કરવું તે.

૨. **પદસ્થ :** પંચ પરમેષ્ઠીના ગુણોનું ધ્યાન કરવું તે. ૐ નમો ભગવતે વાસુદેવાય તે પદસ્થ ધ્યાન.

૩. **રૂપસ્થ :** મૂર્તામૂર્ત ભગવાન કહે છે તેનું ધ્યાન કરવું તેને રૂપસ્થ ધ્યાન કહે છે. વિચિત્ર સંસારથી છૂટવાના ઉપાય ચિંતવવા તેનું ધ્યાન કરવું તે.

૪. **રૂપાતીત :** સચ્ચિદાનંદ, અગમ્ય, નિરાકાર, નિરંજન સિદ્ધ પ્રભુનું ધ્યાન કરવું તે. શુદ્ધાત્માનું ધ્યાન કરવું તે. શુદ્ધાત્માનું ડિરેક્ટ ધ્યાન તે રૂપાતીત ધ્યાન છે.

પ્ર. ૯૨ આર્તધ્યાન એટલે શું ?

ઉ. ૯૨ સંયોગોમાં સુખ દુઃખ માનવું એ આર્તધ્યાન કહેવાય છે. ગમતી વસ્તુનો વિયોગ થાય તો દુઃખ થાય અને ગમતી વસ્તુનો સંયોગ થાય તો સુખ થાય, એ બધું આર્તધ્યાન કહેવાય. સંયોગોને જે આંતરે છે તે આર્તધ્યાન અને સંયોગોને જે ધક્કા મારે છે તે ય આર્તધ્યાન છે. દુઃખને ધક્કા મારે અને સુખને આંતર આંતર કરે એ બધું જ આર્તધ્યાન. દુઃખ એ અશાતાવેદનીય છે. દુઃખનાં પરિણામ એ આર્તધ્યાન છે. મન અને આત્મા તન્મયાકાર થાય તો જ આર્તધ્યાન કહેવાય. પોતાને ખબર ના પડે કે આર્તધ્યાન થયું છે. આર્તધ્યાન થયું તેવી ખબર પડી જાય તો તે આર્તધ્યાન ના કહેવાય તો તે મન છે. આજે ખાવાનું નથી તેના માટે ચિંતા કરે તેને આર્તધ્યાન કહ્યું છે. બહારના કોઇ જીવમાત્રને અસર ન કરે પણ ચિંતા કર્યા કરે, અગ્રશોચ કર્યા કરે તે આર્તધ્યાન. ન ગમતા મહેમાન ઘેર આવે અને મનમાં થયા કરે કે આ જાય તો સારું એ આર્તધ્યાન છે. પોતાનું કિંચિત્માત્ર પણ ભાન નહીં અને આગળનું વિચારે તેને આર્તધ્યાન કહેવાય. અંદર બળ્યા કરવું તે અજંપો. અજંપો એ જ આર્તધ્યાન છે. આર્તધ્યાન એટલે પોતાના આત્માને પીડાકારી ધ્યાન.પોતાને માટે અવળું વિચારવું, અવળું કરવું, પોતાની ગાડી ચાલશે કે નહીં ચાલે ? માંદા થયા ને મરી જવાય તો શું થાય ? એ આર્તધ્યાન કહેવાય. અગ્રશોચના એ બધું આર્તધ્યાન કહેવાય. છોકરી પાંચ વર્ષની હોય ત્યારથી ચિંતા કરે કે પરણાવવાની છે તે કેમ કરીશું એ આર્તધ્યાન થયું કહેવાય. ભવિષ્યના વિચાર કરતાં જો ભય લાગે તો જાણવું કે આર્તધ્યાન થયું છે. આર્તધ્યાનમાં પોતે પોતાની ઉપાધિ કર્યા કરે કે આમ થશે તો શું થશે ? તેમ થશે તો શું થશે ? એવો ભડકાટ લાગ્યા કરે. દુઃખમય પરિણામ એટલે આર્તધ્યાન. સાધારણ વિચારમાં એકાગ્રતા તે આર્તધ્યાન. અન્ય તરફના રાગ-દ્વેષમાં પોતાના જ્ઞાનને લીન કરે છે તેનું નામ આર્તધ્યાન. દુઃખના નિમિત્તથી કે ભાવી દુઃખની આશંકાથી થનારું ધ્યાન આર્તધ્યાન છે. કોઇપણ પર પદાર્થને વિષે ઇચ્છાની પ્રવૃતિ અને કોઇપણ પર પદાર્થના વિયોગની ચિંતા છે તેને શ્રી જિન આર્તધ્યાન કહે છે.

પ્ર. ૯૩ આર્તધ્યાનનાં કેટલા લિંગ છે ?

ઉ. ૯૩ આર્તધ્યાનના ચાર લિંગ છે.

૧. **આક્રંદન** : ઊંચા સ્વરથી રડવું તે.

૨. **શોચન** : આંખોમાં આંસુ લાવીને દીન ભાવ લાવવો.

૩. **પરિવેદના** : વારંવાર ક્લિષ્ટ ભાષણ કરવું, વિલાપ કરવો.

૪. **તેપનતા** : ટપ ટપ આંસું પાડવા.

ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ અને વેદનાના નિમિત્તથી આ ચાર ચિન્હ થાય છે.

પ્ર. ૯૪ આર્તધ્યાનના કેટલા પ્રકાર છે ?

ઉ. ૯૪ આર્તધ્યાનના મુખ્ય ચાર પ્રકાર છે.

૧. **ઇષ્ટ વિયોગજ આર્તધ્યાન** : ઇષ્ટ વસ્તુ, ઇષ્ટ ધન, ઇષ્ટ મિત્ર કે બંધુ વગેરેનો વિયોગ થવાથી તેના સંયોગ માટે જે ચિંતવન રહે છે તે ઇષ્ટ વિયોગજ આર્તધ્યાન કહેવાય છે. મનોજ્ઞ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શનો સંયોગ ઇચ્છવો એ ઇષ્ટ વિયોગજ આર્તધ્યાન છે.

૨. **અનિષ્ટ સંયોગજ આર્તધ્યાન** : અમનોજ્ઞ સંયોગના વિયોગની ચિંતા તે અનિષ્ટ સંયોગજ આર્તધ્યાન કહેવાય છે, એટલે કે અનિષ્ટ વસ્તુ કે અનિષ્ટ બંધુ અથવા મિત્ર વગેરેનો સંયોગ થતાં તેના વિયોગ માટે જે ચિંતવન રહે છે તે અનિષ્ટ સંયોગજ આર્તધ્યાન કહેવાય છે. દૂર્ગુણી પુત્ર, શત્રુ, આદિના સંયોગમાં એ સબંધ ક્યારે છૂટે એવી ચિંતા અથવા વિચારો એ અનિષ્ટ સંયોગજ આર્તધ્યાન છે.

૩. **વેદના જન્ય આર્તધ્યાન** : રોગ થવાથી તેની વેદના વિષયક જે ચિંતવન રહે છે તેને વેદના જન્ય આર્તધ્યાન કહે છે. રોગ-મુક્તિ અંગેની ચિંતા એટલે કે રોગ-પીડા ક્યારે મટે તેના માટેના ઉપાયોમાં ચિંતિત પરિણામ રહ્યા કરે તે વેદના જન્ય આર્તધ્યાન છે. અથવા તો તેને વ્યાધિ પ્રતિકાર જન્ય આર્તધ્યાન પણ કહેવાય છે.

૪. **નિદાન જન્ય આર્તધ્યાન** : પ્રાપ્ત કામ-ભોગો અચલ રહે તેમ ઇચ્છવું અથવા ધર્મક્રિયાના સ્વરૂપ આ લોક સબંધી કે પરલોક સબંધી આગામી કાળમાં ભોગ મળે તેવા ભાવ રાખવા કે ઇચ્છા કરવી તેને નિદાન જન્ય આર્તધ્યાન કહેવાય છે.

પ્ર. ૯૫ રૌદ્રધ્યાન કોને કહેવાય છે ?

ઉ. ૯૫ કઢાપો એ રૌદ્રધ્યાન છે. ક્રોધ કરવો, ઊંચા અવાજે કોઇને દુઃખ થાય તેમ બોલવું, કોઇને દુઃખ થાય તેવી કોઇપણ ક્રિયા કરવી તે બધું જ રૌદ્રધ્યાન છે. જેનો દોષ નથી તેને દોષિત ઠરાવીએ એ રૌદ્રધ્યાન. સામાને છેતરીને તેના ભાગનું પડાવી લેવું, પોતાના સુખને માટે બીજાનું કિંચિત્‌માત્ર સુખ ખૂંચવી લેવાનો, લઇ લેવાનો વિચાર કરે તે રૌદ્રધ્યાન કહેવાય. ક્રોધ કરે, ગાળો બોલે, ક્લેશ કરે અથવા મનમાં બીજા ઉપર ચિઢાય તેય રૌદ્રધ્યાન ગણાય છે. ક્રોધ, માન, માયા, લોભ એ રૌદ્રધ્યાન છે. પૈસા કમાવાની ભાવના એ રૌદ્રધ્યાન છે. રૌદ્રધ્યાન તો આપણે બીજાને માટે કલ્પના કરીએ કે આણે મારું નુકશાન કર્યું એ બધું રૌદ્રધ્યાન કહેવાય. બીજાને નિમિત્તે વિચાર કરે, બીજાને કંઇપણ નુકશાન થાય એવો વિચાર આવ્યો તો એ રૌદ્રધ્યાન થયું કહેવાય. મનમાં વિચાર આવ્યો કે કાપડ ખેચીંને આપજો એવી કલ્પના કરી અને તેના વધારે પૈસા પોતે પડાવી લેશે એવી કલ્પના કરીએ એ રૌદ્રધ્યાન કહેવાય. બીજાનું નુકશાન કરે એ ધ્યાન રૌદ્રધ્યાન કહેવાય. આપણે લોકોને કહીએ કે આ બધા નાલાયક છે, લુચ્ચા છે, ચોર છે, બદમાસ છે એ બધું રૌદ્રધ્યાન જ કહેવાય. રૌદ્રધ્યાન એટલે સહેજ પણ ઘાટ હોય તે. જે માણસ બીજાને સુધારવા ફરતો હોય તો તે રૌદ્રધ્યાન છે. કોઇનું તલ જેટલું પણ લેવું કે લઇ લેવાની ઇચ્છા કરી તેને રૌદ્રધ્યાન કહેવાય. જગતમાં ખરેખર કોઇ દોષિત છે જ નહીં આમ છતાં કોઇનોય દોષ દેખાય છે તે રૌદ્રધ્યાન છે. ક્રોધની પરિણતિ અથવા ક્રૂરતાનો ભાવ જેમાં રહેલ હોય, બીજાને મારવું, પીટવું, ઠગવું અને દુઃખી કરવાની ભાવના, જે ચિંતનના મૂળમાં હોય એવા કુવિચાર યુક્ત ધ્યાનને રૌદ્રધ્યાન કહેવાય છે.

પ્ર. ૯૬ રૌદ્રધ્યાનનાં કેટલા પ્રકાર છે ?

ઉ. ૯૬ રૌદ્રધ્યાનનાં ચાર પ્રકાર છે.

૧. હિંસાનંદ રૌદ્રધ્યાન : હિંસા કરવી, કરાવવી અને અનુમોદવી અને તેમાં આનંદરૂપ ચિંતવન તે હિંસાનંદ રૌદ્રધ્યાન કહેવાય છે.

૨. **મૃષાનંદ રૌદ્રધ્યાન :** અસત્ય બોલવામાં, બોલાવવામાં અને અનુમોદન કરવામાં તથા ચૂગલી, નિંદા વગેરેમાં આનંદ માનવો તેને મૃષાનંદ રૌદ્રધ્યાન કહેવાય છે. જૂઠાને સાચું સાબિત કરી આનંદ માનવો તે મૃષાનંદ રૌદ્રધ્યાન કહેવાય છે.

૩. **ચૌર્યાનંદ રૌદ્રધ્યાન :** ચોરી કરવામાં, કરાવવામાં અને ચોરીનું અનુમોદન કરવામાં, ચોરીને પ્રોત્સાહન આપવામાં, ચોરીનો માલ રાખવામાં તથા ખરીદવામાં આનંદ માનવો તે ચૌર્યાનંદ રૌદ્રધ્યાન કહેવાય છે.

૪. **વિષય સંરક્ષણાનંદ રૌદ્રધ્યાન :** પાંચ ઇન્દ્રિયોનાં વિષય સાધનોના સંરક્ષણમાં, પરિગ્રહના ઉપાર્જનમાં અને રક્ષણમાં આનંદ માનવો તેને વિષય સંરક્ષણાનંદ રૌદ્રધ્યાન કહે છે.

પ્ર. ૯૭ રૌદ્રધ્યાનનું ફળ શું ?

ઉ. ૯૭ રૌદ્રધ્યાનનું ફળ નર્ક ગતિ છે.

પ્ર. ૯૮ રૌદ્રધ્યાનનું ફળ ક્યાં સુધી પહોંચે ?

ઉ. ૯૮ રૌદ્રધ્યાનનો આનંદ એ નિગોદ સુધી પહોંચી જાય, ફરી મનુષ્યમાં આવવું ય મુશ્કેલ થઇ જાય ત્યાં સુધી પહોંચે છે.

પ્ર. ૯૯ રૌદ્રધ્યાનના કેટલા લક્ષણ છે ?

ઉ. ૯૯ રૌદ્રધ્યાનના ચાર લક્ષણ છે.

૧. **ઓસન્ન દોષ :** હિંસા આદિ દોષોમાંથી કોઇપણ એક દોષમાં અધિક પ્રવૃતિ કરવી તેનાથી જરા પણ અપ્રીતિ ન થવી.

૨. **બહુલ દોષ :** હિંસાદિ ઘણા તથા બધા દોષોમાં પ્રવૃત્તિ કરવી તે બહુલ દોષ કહેવાય.

૩. **અજ્ઞાન દોષ :** અજ્ઞાનથી અથવા મિથ્યા શાસ્ત્રોના પ્રભાવથી અધર્મ સ્વરૂપ હિંસાદિમાં ધર્મબુદ્ધિથી પ્રવૃતિ કરવી.

૪. **આમરણાંત દોષ :** મરણ પર્યંત હિંસાદિ ક્રૂર કાર્યોનો પશ્ચાતાપ ન થવો અને હિંસાદિમાં પ્રવૃતિ કર્યા કરવી.

પ્ર. ૧૦૦ ધર્મધ્યાન કોને કહેવાય ?

ઉ. ૧૦૦ નિમિત્ત ઉપર કિંચિત્માત્ર ઘૃણા નહીં એનું નામ ધર્મધ્યાન. વિષયી સુખોમાં ગમતા-અણગમતા ભાવ ઉત્પન્ન થાય, તેમાં સહિષ્ણુતા રાખીને કોઇના

ઉપર આરોપ ભાવ ન કરવો એ ધર્મધ્યાન છે. દુર્ધ્યાન ના થાય તે માટે તું જે ઉપચારો કરીશ તે જ ધર્મધ્યાન છે. ક્રોધ, માન, માયા, લોભ અંગેના વિચારોને પ્રતિક્રમણ કરીને ફેરવી નાંખવા તે ધર્મધ્યાન છે. કોઇને સુખ આપવું તે ધર્મધ્યાન. વૈભવ ઓછો હોવા છતાં સંતોષ રહે તે ધર્મધ્યાન. આર્તધ્યાન, રૌદ્રધ્યાન અટકાવે તેનું નામ ધર્મધ્યાન. આર્તધ્યાન-રૌદ્રધ્યાન અટકાવવાના જે જે સાધન છે, એનું નામ ધર્મધ્યાન. આર્તધ્યાન, રૌદ્રધ્યાનથી બચવા ઉપાય કરવા તેને ધર્મધ્યાન કહ્યું છે એટલે જેનાથી આર્તધ્યાન, રૌદ્રધ્યાન અટકે તેને ધર્મધ્યાન કહ્યું છે. રીલેટિવ પુરુષાર્થ તે ધર્મધ્યાન છે. કોઇ ગાળ ભાંડે કે અપમાન કરે ત્યારે ક્રોધ થાય તે રૌદ્રધ્યાન છે, હવે કોઇ ગાળ ભાંડે કે અપમાન કરે ત્યારે આટલું જ્ઞાન હાજર થાય કે ગાળ ભાંડનારો નિમિત્ત છે અને મારા જ કર્મના ઉદયનું ફળ છે, માટે આમાં સામો ગુનેગાર છે જ નહીં એવું સમજાય અને પોતાને ક્રોધ ના થાય ત્યારે તે ધર્મધ્યાન થયું કહેવાય. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને ફેરવવું તે ધર્મધ્યાન છે. ધર્મધ્યાન એ અશાશ્વતી વસ્તુનું ધ્યાન છે, અવસ્થાનું ધ્યાન છે. આખો દિવસ કોઇપણ પ્રકારની ચિંતા ના થાય અને આંતર ક્લેશ શમી ગયેલો રહે તે ધર્મધ્યાન છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ઉત્પન્ન થાય ત્યારે તે ફેરવવા જે પુરુષાર્થ કરવો પડે છે તે જ ધર્મધ્યાન છે. આ ધર્મધ્યાનમાં આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાનનો સમાવેશ થાય છે. કોઇ માણસે પોતાનું ખરાબ કર્યું તો એના તરફ કિંચિત્માત્ર પણ ભાવ ન બગડે અને જ્ઞાનનું એવું અવલંબન લે કે મારા જ કર્મના ઉદયે આ ભાઇ મને ભેગા થયા છે અને તેણે મને આ કર્મમાંથી છોડાવ્યો અને તેનો મનમાં ઉપકાર માનો તો એ ધર્મધ્યાનમાં ખપે. કોઇએ ભરી સભામાં અપમાન કર્યું હોય તો એ આશીર્વાદ આપીને ભૂલી જાય અથવા ઉપેક્ષા ભાવે ભૂલી જાય તો એને ભગવાને ધર્મધ્યાન કહ્યું છે. બીજાને દુઃખ ના આપે, ઓબ્લાઇઝિંગ નેચર રાખે તે ધર્મધ્યાન. ફાઇલોનો સમભાવે નિકાલ કર્યો તે ધર્મધ્યાન. મહીં ગૂંચવાડો પેદા થાય તેને ખસેડવાનો પુરુષાર્થ કરે તે ધર્મધ્યાન. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને અટકાવવું તેનું નામ ધર્મધ્યાન. રાગ-દ્વેષ ના થાય તેનું નામ ધર્મધ્યાન. પોતાના ઉદય કર્મને લઇને જ સારું-ખોટું બને છે તેમ માનવું એ જ ધર્મધ્યાન. નોકરના હાથમાંથી પ્યાલા પડી જાય અને

ફૂટી જાય તો માનવું કે આ તો મારા જ કર્મના ઉદયે ફૂટ્યા છે નોકર નિમિત્ત છે તો તે ધર્મધ્યાન કહેવાય છે. કોઇનું ભલું કરવાનું કામ કરે તે ધર્મધ્યાન છે. ભગવાનની આજ્ઞામાં રહેવા પ્રયત્ન કરવો તેનું નામ ધર્મધ્યાન. દોષ થયો એ જાણ્યું એનું નામ ધર્મધ્યાન. ફકત દોષો જોયા કરે અને આ વસ્તું ખોટી છે એવું જાણ્યું ત્યારથી જ એ ધર્મધ્યાન કહેવાય. શાસ્ત્રની પરિભાષામાં સ્વરૂપના પર્યાલોચનમાં મનને એકાગ્ર કરવું તે ધર્મધ્યાન છે. અપમાનને ઉપેક્ષા ભાવે ભૂલે તેને ભગવાને ધર્મધ્યાન કહ્યું છે.

પ્ર. ૧૦૧ ધર્મધ્યાન ક્યારે રહે ?

ઉ. ૧૦૧ પોતાનું સુખ બીજાને આપી દો ત્યારે ધર્મધ્યાન રહે. ઓબ્લાઇઝ કરો તે ઘડીએ ધર્મધ્યાન રહે. લોકોને ફ્રી ઓફ કોસ્ટ જમાડો તો ધર્મધ્યાન રહે.

પ્ર. ૧૦૨ ધર્મધ્યાન ક્યારે ઊભું થાય ?

ઉ. ૧૦૨ જ્યારે તમે તમારું પોતાનું સુખ સ્વેચ્છાએ બીજાને આપી દો, કોઇને સુખ પહોંચાડો ત્યારે ધર્મધ્યાન ઊભું થાય.

પ્ર. ૧૦૩ ધર્મધ્યાનના કેટલા પ્રકાર છે ?

ઉ. ૧૦૩ ધર્મધ્યાનના ચાર પ્રકાર છે અથવા ચાર પાયા છે.

૧. **આજ્ઞા વિચય :** સર્વજ્ઞ ભગવંતોએ ધર્મતત્ત્વ સંબંધી જે જે કહ્યું છે અને જે જે આજ્ઞા કરી છે તે સત્ય જ છે એમ માનવામાં આવે તે આજ્ઞા વિચય ધર્મધ્યાન છે. સર્વજ્ઞ ભગવંતોએ જે જે આજ્ઞાઓ ફરમાવી છે તેનું સ્વરૂપ કેવું છે વગેરે બાબતોની સતત વિચારણા કરવી એ આજ્ઞા વિચય ધર્મધ્યાન છે. જિનેન્દ્રદેવ અન્યથા કહેવા વાળા નથી હોતા એવી પ્રતીતિને કારણે જિનેન્દ્રની આજ્ઞા અનુસાર સૂક્ષ્મ તત્ત્વોનો નિશ્ચય કરવો તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે. શ્રી વીતરાગ પ્રભુનાં વચન નિશ્ચય અને વ્યવહાર, નિત્ય અને અનિત્ય એવા સ્યાદવાદ પ્રકારથી અમૂલ્ય અને સર્વોત્તમ છે તેમ માનવું તે આજ્ઞા વિચય ધર્મધ્યાન છે. વીતરાગની આજ્ઞામાં રુચિ થવી તથા શાસ્ત્રોક્ત અર્થ પર શ્રદ્ધા થવી તે આજ્ઞા વિચય ધર્મધ્યાન છે.

૨. **અપાયવિચય ધર્મધ્યાન :** અપાય એટલે દુઃખ. આ સંસાર દુઃખથી (અપાયથી) ભરેલો છે તેમાં પ્રાણીને કંઇપણ સુખ નથી, જે સુખ છે

તે સાચું નથી, માત્ર ભ્રમ છે, જડ-પુદ્ગલથી સુખની પ્રાપ્તિ થઇ શકે તેમ નથી, સાચા સુખની પ્રાપ્તિ તો આત્મા પ્રાપ્ત કરવાથી જ થાય તેમ છે, આવી વિચારણા કરવી એ અપાયવિચય ધર્મધ્યાન છે. આ જીવે સંસારમાં પરિભ્રમણ કરતાં અનંત પ્રકારના દુઃખો ભોગવ્યા છે, કષ્ટો સહન કર્યા છે. મુકિતમાર્ગ છોડીને અજ્ઞાનતાને કારણે અસંખ્યવાર દુઃખ અને કષ્ટમાં ડૂબ્યો છે અને આત્મતત્ત્વ નહીં જાણવાથી આ બધી માયાજાળ ઊભી થયેલી છે, માટે આત્મા પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવા જોઇએ, એ માટે આત્મા અવર્ણનીય, અવ્યય છે, અવિનાશી છે આવા ધ્યાનને અપાયવિચય ધર્મધ્યાન કહે છે. ક્રોધ, માન, માયા, લોભ એ દુઃખદાયી છે અને નિકાલી બાબત છે, આ કષાયો કેવી રીતે નિર્મૂળ થાય અને મારાં કર્મોનો ક્યારે નાશ થશે, એ પ્રકારનું ચિંતન એ અપાય વિચય ધર્મધ્યાન છે કોઇ સળી કરે તો પણ કષાય ઊભા ના થાય તો સારું એવું ચિંતવન તે અપાયવિચય ધર્મધ્યાન છે. ભેદાભેદ રત્નત્રયની ભાવના દ્વારા પોતાનાં અને અન્ય ભવ્યાત્માઓનાં રાગાદિ ભાવનો ક્યારે વિનાશ થશે વગેરે પ્રકારે કર્મોના અપાયનું અને મુકિતના ઉપાયનું ચિંતવન કરવું તેને અપાયવિચય ધર્મધ્યાન કહે છે.

૩. **વિપાક વિચય ધર્મધ્યાન :** સામાએ ઢેખાળો માર્યો કે ગાળ ભાંડી એ મારા જ કર્મનો ઉદય છે એવું સમજવું તે વિપાક વિચય ધર્મધ્યાન છે. ઢેખાળો મારનાર કે ગાળ ભાંડનાર નિર્દોષ દેખાય તે વિપાક વિચય ધર્મધ્યાન છે. કર્મની મૂળ પ્રકૃતિ કેટલી, ઉત્તર પ્રકૃતિ કેટલી તેનો બંધ કેમ પડે, તેનો ઉદય કેમ થાય, કયું કર્મ કેવો વિપાક આપે, હું જે અવસ્થાનો અનુભવ કરું છું તે કયા કર્મને આભારી છે, આ જાતની નિરંતર વિચારણા કરવી તે વિપાક વિચય ધર્મધ્યાન છે. આ જીવે જેવા કર્મ કર્યા હોય તેવું ફળ પામે છે, સારા કર્મોથી સારું ફળ મળે અને ખરાબ કર્મોથી ખરાબ ફળ મળે છે તેવા ધ્યાનને વિપાક વિચય કહે છે. હું જે જે ક્ષણે દુઃખ સહન કરું છું તે સઘળું કર્મના ફળનાં ઉદય વડે કરીને છે એમ ચિંતવવું તે વિપાક વિચય ધર્મધ્યાન છે. આત્માનો સ્વભાવ અવિકાર સહજ ચૈતન્યમય છે, તો પણ પુણ્ય કર્મના ઉદયથી સુખનો અને પાપ કર્મના ઉદયથી દુઃખનો અનુભવ કરે છે વગેરે પ્રકારે કર્મવિપાકનું ચિંતવન કરવું તે વિપાકવિચય ધર્મધ્યાન છે.

૪. **સંસ્થાન વિચય ધર્મધ્યાન :** ઉપર દેવલોક છે વચ્ચે મનુષ્ય અને તીર્યંચ લોક છે, નીચે નર્કલોક છે એનું વર્ણન [ચૌદ લોકનું વર્ણન : ૬ દેવલોક, ૧ વચ્ચે મધ્યલોક, નીચે સાત નર્ક (સાત પાતાળ)] તમે સમજી લીધું તે ધ્યાનમાં રહે તે સંસ્થાન વિચય ધર્મધ્યાન છે. સંસ્થાન વિચય એટલે આખાં બ્રહ્માંડનું સ્વરૂપ કેવું છે તે જાણવું તે. રાક્ષસીભાવથી નર્કે જવાય, પાશવી ભાવથી તીર્યંચમાં જવાય, સજ્જનતાના ભાવથી મનુષ્ય થવાય અને સુપર હ્યુમન ભાવથી દેવગતિમા જવાય એ વાત જાણી લીધી, સમજી લીધી તે સંસ્થાન વિચય ધર્મધ્યાન કહેવાય છે. ચૌદ રાજલોકમાં એવું કોઇ સ્થાન નથી કે જયાં આ જીવે સ્પર્શ ન કર્યો હોય એમ ચૌદ રાજલોકનું ધ્યાન કરવું તે સંસ્થાન વિચય ધર્મધ્યાન કહેવાય છે. દ્રવ્ય તથા ક્ષેત્ર સબંધી સતત વિચારણા કરવી એ સંસ્થાન વિચય ધર્મધ્યાન છે. દ્રવ્ય એટલે છ અવિનાશી દ્રવ્યો [જીવ, અજીવ, સ્થિતિ સહાયક, ગતિ સહાયક, આકાશ, કાળ] તથા ક્ષેત્ર એટલે ચૌદ રાજલોક, મતલબ કે આ ધ્યાન ધરનાર કમ્મર પર હાથ રાખીને ઊભેલા પુરુષ સમાન ચૌદ રાજલોકનું સ્વરૂપ ચીંતવે તે સંસ્થાન વિચય ધર્મધ્યાન છે. લોકની રચનાનો અને લોકના બધા પ્રદેશોમાં પોતે જન્મમરણાદિ કર્યાનું ચિંતવન કરવું તે સંસ્થાન વિચય ધર્મધ્યાન કહેવાય છે.

પ્ર. ૧૦૪ ધર્મધ્યાન કયા ગુણસ્થાનકમાં હોય છે.

ઉ. ૧૦૪ ધર્મધ્યાન ચોથાથી સાતમા ગુણસ્થાનક સુધી જાણવું.

પ્ર. ૧૦૫ ધર્મધ્યાનના કેટલા લક્ષણ છે ?

ઉ. ૧૦૫ ધર્મધ્યાનના ચાર લક્ષણ છે.

૧. **આજ્ઞારુચિ :** વીતરાગ ભગવાનની આજ્ઞા અંગીકાર કરવાની રુચિ ઉત્પન્ન થાય તે.

૨. **નિસર્ગ રુચિ :** કોઇના ઉપદેશ વિના સ્વભાવથી જ જિનભાષિત તત્ત્વો પર શ્રદ્ધા થવી તે નિસર્ગ રુચિ છે. આત્મા સ્વાભાવિક પણે જાતિસ્મરણાદિ જ્ઞાને કરી શ્રુત સહિત ચારિત્ર ધર્મ ધરવાની રુચિ પામે તે નિસર્ગ રુચિ કહેવાય છે.

૩. **ઉપદેશ રુચિ :** સાધુ આદિના ઉપદેશથી જિનધર્મમાં રુચિ ઉત્પન્ન થવી તે ઉપદેશ રુચિ કહેવાય. અજ્ઞાને કરીને ઉપાર્જેલા કર્મ જ્ઞાને કરી ખપાવીએ તેમજ જ્ઞાન વડે નવા કર્મ ન બાંધીએ તે માટે અજ્ઞાનાદિક આશ્રવ માર્ગ છોડીને જ્ઞાનાદિક સંવર માર્ગ ગ્રહણ કરવા તીર્થંકર ભગવંતનો ઉપદેશ સાંભળવાની રુચિ ઊપજે તે ઉપદેશ રુચિ છે.

૪. **સૂત્ર રુચિ :** આગમ પ્રતિપાદિત તત્ત્વો ઉપર શ્રદ્ધા થવી તે સૂત્ર રુચિ છે. સૂત્ર શ્રવણ કરવા, મનન કરવા અને ભાવથી પઠન કરવાની રુચિ ઉપજે તે સૂત્ર રુચિ કહેવાય છે.

પ્ર. ૧૦૬ ધર્મધ્યાનના ચાર આલંબન કયા કયા ?

ઉ. ૧૦૬ ધર્મધ્યાનના ચાર આલંબન નીચે મુજબ છે.

૧. **વાંચના :** વાંચના એટલે વિનય સહિત નિર્જરા તથા જ્ઞાન પામવાને માટે મર્મના જાણનાર ગુરુ કે સત્પુરુષ સમીપે સૂત્ર તત્ત્વનું વાંચન લઇએ તે

૨. **પૃચ્છના :** શંકાના નિવારણને માટે ગુરુ કે સત્પુરુષને પ્રશ્ન પૂછીને તેનું સમાધાન મેળવવું તે પૃચ્છના કહેવાય છે.

૩. **પરિવર્તના :** પહેલાં જે જિનભાષિત સૂત્ર ભણ્યા હોઇએ તે સ્મરણમાં કાયમ રહેવા માટે તથા નિર્જરાના અર્થે શુદ્ધ ઉપયોગ સહિત શુદ્ધ સૂત્રાર્થની વારંવાર સજ્જાય કરીએ તેનું નામ પરિવર્તના.

૪. **ધર્મકથા :** વીતરાગ ભગવાને જે ભાવ જેવા પ્રણિત કર્યા છે, તે ભાવ તેવા લઇને, પોતાની નિર્જરાના અર્થે સભામધ્યે તે ભાવ તેવા પ્રણિત કરીએ તેને ધર્મકથાલંબન કહે છે.

પ્ર. ૧૦૭ ધર્મધ્યાનની અનુપ્રેક્ષાઓ કેટલી છે ?

ઉ. ૧૦૭ ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષાઓ છે.

૧. એકત્વાનુપ્રેક્ષા ૨. અનિત્યાનુપ્રેક્ષા
૩. અશરણાનુપ્રેક્ષા ૪. સંસારાનુપ્રેક્ષા

પ્ર. ૧૦૮ ધર્મધ્યાનની ચાર ભાવનાઓ કઇ કઇ છે ?

ઉ. ૧૦૮ ધર્મધ્યાનમાં ચાર ભાવનાથી ભૂષિત થવું સંભવે છે.

૧. **મૈત્રીભાવના :** જગતના સર્વ જીવ પ્રત્યે મૈત્રી ભાવ નિર્વૈરબુદ્ધિ તથા સર્વ જીવ પ્રત્યે હિતચિંતવના.

૨. **પ્રમોદભાવના :** અંશ માત્ર પણ કોઇનો ગુણ નિરખીને રોમાંચિત્ત ઉલ્લાસવા. ગુણજ્ઞ જીવ પ્રત્યે ઉલ્લાસ પરિણામ.

૩. **કરુણા :** જગતના જીવમાત્રના દુઃખ જોઇને અનુકંપિત થવું. કોઇ પણ જીવને જન્મ મરણથી મુક્ત થવા માટેના માર્ગે લઇ જવા નિમિત્ત બનવું.

૪. **મધ્યસ્થતા :** નિર્ગુણી જીવ પ્રત્યે મધ્યસ્થતા જાળવવી.

પ્ર. ૧૦૯ શુક્લ ધ્યાન કોને કહેવાય ?

ઉ. ૧૦૯ ''હું શુદ્ધાત્મા છું.'' એવો નિરંતર આપણને ખ્યાલ રહેવો એ શુક્લ ધ્યાન છે. શુક્લ ધ્યાનમાં જગત આખું નિર્દોષ દેખાવાની શરૂઆત થાય છે. આ જગત જેમ છે તેમ જ યથાર્થ દેખી શકે તે શુક્લધ્યાન. શુક્લધ્યાન એટલે તત્ત્વ સ્વરૂપનું ધ્યાન. રીયલ પુરુષાર્થ એ શુક્લધ્યાન છે. શુક્લધ્યાન એટલે હું શુદ્ધાત્મા છું, એવું નિરંતર ધ્યાન રહે તે, પરંતુ તે તૂટક તૂટક ન હોવું જોઇએ, નિરંતર હોવું જોઇએ. શુક્લધ્યાન એટલે શાશ્વતી વસ્તુનું ધ્યાન ઉત્પન્ન થવું તે. આત્માનું અસ્પષ્ટ વેદન અને સ્પષ્ટ વેદન એ શુક્લધ્યાન છે. અંધારા ઓરડામાં એક ખૂણામાં બરફ પડયો હોય અને તે દિશામાંથી પવન આવતો હોય તો ઠંડક લાગે તે અસ્પષ્ટ વેદન અને બરફને અડીને બેઠા હોય તેવું લાગે તે સ્પષ્ટ વેદન. મોક્ષનો ધ્યેય અને ધ્યાતા નિરઅહંકારી એટલે શુક્લધ્યાન કહેવાય. શુક્લધ્યાન એ આત્માનું પરિણામ છે, એ સ્વાભાવિક પરિણતિ છે. શુક્લધ્યાન એટલે હું શુદ્ધાત્મા છું એવું નિરંતર ધ્યાન રહે તે. સમ્યક્ દૃષ્ટિવાળો અહંકાર ધ્યાતા થયો પછી ધ્યેય આત્મા જ થાય પછી નિરંતર ધ્યાનેય આત્માનું જ રહે તેને શુક્લધ્યાન કહ્યું છે. પોતે પોતાનું જ ધ્યાન, બીજી કોઇ ચીજ પેસે નહીં તે શુક્લધ્યાન. શાસ્ત્રની ભાષામાં પૂર્વ વિષયક શ્રુતના આધારથી ઘાતિકર્મોનો નાશ કરીને આત્માને વિશેષ રૂપથી સ્વચ્છ બનાવનારું પરમધ્યાન અથવા મનની અત્યંત સ્થિરતા અને યોગનો નિરોધ શુક્લધ્યાન કહેવાય છે.

પ્ર. ૧૧૦ શુક્લધ્યાનના કેટલા પ્રકાર છે ?

ઉ. ૧૧૦ શુક્લધ્યાનના ચાર પ્રકાર છે.

૧. **પૃથકત્ત્વવિતર્ક વિચાર :** પૃથકત્ત્વનો અર્થ છે દ્રવ્ય ગુણ, અને પર્યાયની ભિન્નતા. વિતર્કનો અર્થ છે, નિજશુદ્ધ આત્માના

અનુભવરૂપ ભાવશ્રુત અથવા ભાવશ્રુતનું વાચક અંતર્જલ્પરૂપ વચન. વિચારનો અર્થ છે કોઇ અર્થથી અર્થાંતરમાં, કોઇ વચનથી વચનાંતરમાં કોઇ યોગથી યોગાંતરમાં પરિણમવું, ઉપર પ્રમાણે ઇચ્છા વિના પોતાની જાતે જ પરિવર્તન સહિત પરિણમન થતું રહે તેવા વીતરાગ શુકલધ્યાનને પૃથકત્ત્વવિતર્ક વિચાર નામનું શુક્લ ધ્યાન કહે છે. જો કે ધ્યાન કરનાર પુરુષ નિજ શુદ્ધાત્માનું સંવેદન છોડીને બાહ્ય પદાર્થોનું ચિંતન કરતો નથી, તો પણ જેટલા અંશે તેને સ્વરૂપમાં સ્થિરતા નથી તેટલાં અંશે ઇચ્છા વિના વિકલ્પો ઉત્પન્ન થાય છે તે કારણે આ ધ્યાનને પૃથકત્ત્વવિતર્ક વિચાર કહેવાય છે. આ પ્રથમ શુક્લધ્યાન આઠમે, નવમે, દશમે અને અગિયારમે ગુણસ્થાનકે હોય છે. ટૂંકમા પૃથકત્ત્વનો અર્થ છે ભિન્નતા, વિતર્કનો અર્થ છે, શ્રુતજ્ઞાન અને વિચારનો અર્થ છે એક પરથી બીજા અર્થ પર એક શબ્દથી બીજા શબ્દ પર અને એક યોગથી બીજા યોગ પર ચિંતનાર્થે થતી પ્રવૃત્તિ મતલબ કે શ્રુતજ્ઞાનના આલંબનપૂર્વક ચેતન અને અચેતન પદાર્થમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, રૂપીત્વ, અરૂપીત્વ, સક્રિયત્વ, અક્રિયત્વ, આદિ પર્યાયોનું ભિન્ન ભિન્ન રૂપથી ચિંતન કરવું તે આ ધ્યાનનો મુખ્ય વિષય છે.

૨. **એકત્ત્વવિતર્ક નિર્વિચાર :** શ્રુતજ્ઞાનના આલંબનપૂર્વક માનસિક આદિ કોઇપણ એકયોગમાં સ્થિર થઇને દ્રવ્યના એક જ પર્યાયનું અભેદ ચિંતન કરવું એ બીજો પ્રકાર છે. આ ધ્યાનથી ચાર ઘાતિ કર્મોનો નાશ થાય છે. આ ધ્યાન બારમાં ગુણસ્થાનક ક્ષીણ મોહમાં હોય છે. આ ધ્યાનમાં દ્રવ્ય, ગુણ કે પર્યાયમાં પરાવર્તન કરતું નથી.

૩. **સૂક્ષ્મક્રિયા પ્રતિપાતિ :** સૂક્ષ્મકાયની ક્રિયાના વ્યાપારરૂપ અને અપ્રતિપાતિ (ન પડે તેવું) એવું આ ત્રીજું શુક્લધ્યાન છે. તે ઉપચારથી સયોગી કેવલી નામના તેરમાં ગુણસ્થાનકમાં હોય છે.

૪. **વ્યુપરતક્રિયા નિવૃત્તિ :** જયાં સમસ્ત ક્રિયા (યોગ) ઓનો અભાવ થઇ ગયો હોય અને ફરીથી યોગ આવી જ ન શકે એવા પરિણમનને વ્યુપરતક્રિયા નિવૃત્તિ શુક્લધ્યાન કહે છે. આ ધ્યાન ચૌદમાં ગુણ સ્થાનકમાં હોય છે.

પ્ર. ૧૧૧ શુક્લધ્યાનના ચાર પાયાઓ બાબતે સમજાવો ?

ઉ. ૧૧૧ શુક્લધ્યાનના ચાર પાયા નીચે મુજબ છે.

૧. **અસ્પષ્ટ વેદન :** આત્માનું લક્ષ બેસે પરંતુ આત્માનું અસ્પષ્ટ વેદન હોય છે, એટલે કે અંશ કેવળદર્શન હોય છે. પોતાના સ્વરૂપની સ્પષ્ટ સમજ પરંતુ આત્માનું અસ્પષ્ટ વેદન હોય છે. પૂજય શ્રી દાદા ભગવાનના મહાત્માઓ શુક્લધ્યાનના પહેલા પાયામાં છે.

૨. **સ્પષ્ટ વેદન :** શુક્લધ્યાનના બીજા પાયામાં આત્માનું સ્પષ્ટ વેદન હોય છે. પૂજય દાદાશ્રી શુક્લધ્યાનના બીજા પાયામાં હતા. આ પાયામાં કેવળદર્શન હોય છે. આ પાયામાં દેશના ચાલુ થાય છે એટલે ફાઇલ આવે તો મુંબઇ જવું પડે.

૩. **કેવળજ્ઞાન :** શુક્લધ્યાનનો ત્રીજો પાયો અરિહંત અને કેવળી ભગવંતોને હોય છે. આ પાયામાં કેવળ જ્ઞાન થાય છે. તેરમા ગુણસ્થાનકે આ પાયો કહેવાય. સંપૂર્ણ વીતરાગ પદ. ત્રીજા પાયાવાળાને ફાઇલ ટકે નહીં, ફાઇલ આવે ને રામ રામ કરીને ચાલી જાય.

૪. **મોક્ષ :** શુક્લધ્યાનનો ચોથો પાયો મોક્ષ ગણાય છે. આ ધ્યાન ત્રણ જ મિનિટ રહે પછી સિદ્ધ થઇ જાય. ચોથા પાયાનો કાળ માત્ર પાંચ હ્રસ્વસ્વરના ઉચ્ચારણ જેટલો જ હોય છે. પછી તરત જ મોક્ષ થઇ જાય.

પ્ર. ૧૧૨ શુક્લધ્યાનના ચાર લક્ષણ કયા છે ?

ઉ. ૧૧૨ ૧. **અવ્યથા :** દેવાદિના ઉપસર્ગથી ચલિત ન થવું. પીડાની આત્મા ઉપર અસર ન થવી.

૨. **અસમ્મોહ :** ગહન વિષયોમાં અથવા દેવાદિ કૃત છલનામાં સંમોહ ન થવો.

૩. **વિવેક :** આત્માને દેહથી તથા સમસ્ત સાંસારિક સંયોગોથી ભિન્ન માનવો.

૪. **વ્યુત્સર્ગ :** નિસંગતાથી દેહ અને ઉપાધિનો ત્યાગ કરવો.

પ્ર. ૧૧૩ શુક્લધ્યાનના કેટલા આલંબન છે ?

ઉ. ૧૧૩ શુક્લધ્યાનના ચાર આલંબન છે.

૧. ક્ષમા : અક્રોધ, સહિષ્ણુતા

૨. મુકિત : નિર્લોભતા

૩. આર્જવ : કપટ ત્યાગ

૪. માર્દવ : માન ત્યાગ

પ્ર. ૧૧૪ શુક્લધ્યાનની ચાર અનુપ્રેક્ષાઓ કઇ કઇ છે. ?

ઉ. ૧૧૪ ૧. અનંતવર્તિતાનુ પ્રેક્ષા : ભવ પરંપરાની અનંતતાની ભાવના કરવી.

૨. વિપરિણામાનું પ્રેક્ષા : વસ્તુઓના વિવિધ પરિણમન પર વિચાર કરવો.

૩. અશુભાનુ પ્રેક્ષા : સંસારના અશુભ સ્વરૂપ પર વિચાર કરવો.

૪. અપાયાનું પ્રેક્ષા : આશ્રવો અને કષાયોથી જીવોને થવાવાળું દુઃખ તથા સંસારવૃદ્ધિના કારણોનું ચિંતન કરવું.

પ્ર. ૧૧૫ શુક્લધ્યાન ક્યારે ઉત્પન્ન થાય ?

ઉ. ૧૧૫ દેહાધ્યાસ ઉપર શંકા પડીને ત્યાંથી જ એને શુક્લધ્યાન ઉત્પન્ન થયું.

પ્ર. ૧૧૬ અપધ્યાન એટલે શું ?

ઉ. ૧૧૬ હેતુ વગર જે ક્રિયા કરવામાં આવે તે અપધ્યાન. અપધ્યાન એટલે જે ચારેય ધ્યાનમાં ના સમાય તે ધ્યાન અપધ્યાન ગણાય. ધ્યાન સામાયિકમાં ના હોય પણ શીશીમાં હોય આને અપધ્યાન કહેવાય. ઓછી બુદ્ધિવાળાનું વધારે બુધ્ધિવાળા પડાવી લે તે અપધ્યાન. કોઇપણ પ્રકારના અર્થ વગર, હેતુ વગર જે ક્રિયા કરવામાં આવે છે તે અપધ્યાન. આ સામાયિક કરતી વખતે શીશીમાં જો જો કરે કે હજી કેટલી બાકી રહી, ક્યારે પૂરી થશે એમ ધ્યાન સામાયિકમાં ના હોય પણ રેતીની શીશીમાં હોય તેને અપધ્યાન કહેવાય. વધારે બુદ્ધિશાળીઓએ ઓછી બુદ્ધિવાળાને ગોળીબાર કર્યા એને ભગવાને અપધ્યાન કહ્યું. વધુ બુદ્ધિશાળીએ ઓછી બુદ્ધિશાળીનો લાભ ઉઠાવ્યો એટલે ગોળી મારી કહેવાય. બુદ્ધિથી મારવાનું તો કોઇ કાળમાં હતું જ નહીં, આ કાળમાં જ નવું લફરું ઊભું થયું. જે ધ્યાન આર્તધ્યાનમાં, રૌદ્રધ્યાનમાં, ધર્મધ્યાનમાં કે શુક્લધ્યાનમાં ના સમાય તે અપધ્યાન. દુર્ધ્યાન કરતાંય અપધ્યાન ઊતરતું છે, એટલે કે દુર્ધ્યાન કરતાંય અપધ્યાન ખરાબ છે. ધ્યેય નકકી કર્યા વગર જે ધ્યાન કરવામાં આવે છે તે અપધ્યાન. ધ્યેય

વગરનું ધ્યાન તે અપધ્યાન છે. ભેળસેળ કરીને ખુશ થાય તે અપધ્યાન કહેવાય. છૂટવા માટેના ધ્યાનને પદ્ધતિસર ના કરે તે અપધ્યાનમાં ગયું કહેવાય. શાસ્ત્રની ભાષામાં સ્વયંમ્ વિષયોના અનુભવસહિત હોવા છતાં પણ આ જીવ બીજાના જોયેલા, સાંભળેલા, અનુભવેલા, વિષયોનું મનમાં સ્મરણ કરીને જે વિષયોની અભિલાષા કરે છે, તેને અપધ્યાન કહેવામાં આવે છે. રાગને વશ થઇ પરસ્ત્રી આદિની અયોગ્ય ઇચ્છાઓ કરવી અથવા દ્વેષવશ બીજાને મારવાના, બાંધવાના વગેરે અનિષ્ટ ચિંતવન કરવાને અપધ્યાન કહે છે.

પ્ર. ૧૧૭ દુર્ધ્યાન એટલે શું ?

ઉ. ૧૧૭ દુર્ધ્યાન એટલે વિરોધી ધ્યાન

પ્ર. ૧૧૮ અપધ્યાનનું ફળ શું ?

ઉ. ૧૧૮ તીર્યંચ ગતિ

પ્ર. ૧૧૯ શેનું ધ્યાન થવાથી જાનવર ગતિમાં જવું પડે ?

ઉ. ૧૧૯ પૈસાનું (લક્ષ્મીનું) ધ્યાન ધરવાથી જાનવર થવું પડે અને તેને સાચવવા પાછું સાપ થવું પડે. જેમ સહજ ભાવે ઊંઘ આવે છે, તેજ રીતે લક્ષ્મી આવે છે. લક્ષ્મી ઊંઘના જેવી છે, ઊંઘ આવે છે તેમ પૈસો આવે છે.

પ્ર. ૧૨૦ ક્યાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન હોતું નથી ?

ઉ. ૧૨૦ આત્મજ્ઞાન છે ત્યાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન હોય જ નહીં, નહીં તો આત્મા પ્રાપ્ત થાય નહીં કોઇ દહાડોય. ઇગોઇઝમ જીવતો હોય તો જ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થાય. જ્ઞાન મળ્યા પછી ઇગોઇઝમ મડદાલ રહ્યો તેને કંઇ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થાય નહીં અને જે થાય છે તે ખાલી ગૂંગળામણ છે માટે પ્રતિક્રમણ કરવાનું. આપણા મહાત્માઓને આર્તધ્યાન, રૌદ્રધ્યાન થાય નહીં કારણકે એ શુદ્ધાત્મા છે, નામ રૂપ નથી. ભાવ હોય ત્યારે આર્તધ્યાન, રૌદ્રધ્યાન કહેવાય. ભાવ આખો જ્ઞાન પછી ઊડી જાય છે.

પ્ર. ૧૨૧ પ્રતિક્રમણ એ ધર્મધ્યાન કે શુક્લધ્યાન ગણાય ?

ઉ. ૧૨૧ પ્રતિક્રમણ એ ધર્મધ્યાનમાંય નથી જતું અને શુક્લધ્યાનમાંય નથી જતું પ્રતિક્રમણ કોઇ ધ્યાન નથી, પ્રતિક્રમણ તો તમને ચોખ્ખા કરે. ખરી રીતે

આત્મા પ્રાપ્ત થઇ ગયા પછી પ્રતિક્રમણ કરવાની જરૂર જ નથી. પણ આ તો અક્રમ વિજ્ઞાન છે, તમને રસ્તે ચાલતા આત્મા પ્રાપ્ત થઇ ગયો છે, તે પાછલા દોષો ધોવા પ્રતિક્રમણ કરવા પડે, નહીં તો દોષો મહીં અંદર કૂદા કૂદ કરે એટલે પ્રતિક્રમણ કરવાનું કહ્યું છે.

પ્ર. ૧૨૨ ધ્યાતા, ધ્યેય અને ધ્યાન સમજાવો ?

ઉ. ૧૨૨ ધ્યાતા આ સમ્યક્દૃષ્ટિ પોતે. પોતે હવે સમ્યક્દૃષ્ટિવાળો થયો પહેલાં મિથ્યાદૃષ્ટિવાળો હતો તે ધ્યાતા થયો. હવે સમ્યક્દૃષ્ટિવાળો થયો એટલે પોતે ધ્યાતા થયો, ધ્યેય છે આત્મા, ધ્યાતા ધ્યેયમાં એકાકાર રહે એટલે નિરંતર આત્માના ધ્યાનમાં રહેવો જોઇએ એ જ ધ્યાન. ધ્યેય ધ્યાનમાં રહે એનું નામ મોક્ષ. તમે શુદ્ધાત્મા છો, એ ધ્યાન તમને રહે છે, આજ શુક્લ ધ્યાન છે.

પ્ર. ૧૨૩ શ્રેણી માંડી કયારે કહેવાય ?

ઉ. ૧૨૩ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ગયું એ શ્રેણી માંડી કહેવાય.

પ્ર. ૧૨૪ વર્તમાન સમયમાં ધ્યાન શીખવાડવા અંગેના ક્લાસ ચાલે છે તે શું છે ?

ઉ. ૧૨૪ ક્લાસ ચાલે છે તે સમજણવગરની વાત છે કારણકે ધ્યાન એ કરવાની વસ્તુ નથી, ધ્યાન તો પરિણામ છે. આજે કાળનાં પ્રભાવે દરેક માનવી અજ્ઞાનતાને કારણે વ્યગ્રતા નામનાં રોગથી જાણતાં અજાણતાં પીડાઇ રહ્યો છે. આ વ્યગ્રતાની દવા એકાગ્રતા છે. આજે વર્તમાનયુગમાં જે ધ્યાન શીખવાડવામાં આવે છે તે ખરેખર તો એકાગ્રતા કરાવડાવવામાં આવે છે અને આ એકાગ્રતા ઉત્પન્ન થતા માનવી વ્યગ્રતામાંથી અમુક સમય માટે મુક્તિ અનુભવે છે અને તેથી જ તેને થોડીવાર પુરતી શાંતિ થાય છે. જયાં આગળ મેડીટેશનના નામથી આ ડિંડવાણું (ધતીંગ) ચાલે છે તે ખરેખર બુદ્ધિશાળી માણસોને મુરખ બનાવવાની એક કળા જ આ કાળમાં વિકાસ પામી છે. આમ છતાં આ જગતમાં કોઇ દોષિત છે જ નહિ. વર્તમાન કાળનો પ્રભાવ જ છે કે ''દુનિયા ઝુકતી હે, ઝુકાનેવાલા ચાહિએ.'' આ ન્યાય અનુસાર આ કાળમાં બધી જ દુકાનો ચાલે તેમ છે.

ૐ

પર્વ આઠમું

નોંધ, નિયાણું, નિશ્ચય

પ્ર. ૧ નોંધ એટલે શું ? એ.વિગતવાર સમજાવો ?

ઉ. ૧ નોંધ એટલે પુદ્ગલ. નોંધ તો પુદ્ગલ પક્ષી જ કહેવાય. ખાસ નોંધ લે એટલે હતો તેવો ને તેવો જ થઇ જાય. જેણે જ્ઞાન ના લીધું હોય અને લીધું હોય તેમાં ફેર નહીં એનું નામ નોંધ. નોંધ અહંકાર કરાવડાવે છે. સહેજ પણ અરુચિ ઉત્પન્ન થઇ કે નોંધ લઇ લે. નોંધ એ તાંતો છે. મને આ કહી ગયો, ફલાણું કહી ગયો, આમ કહી ગયો, તેમ કહી ગયો, એવી બધી અનેક પ્રકારની નોંધ હોય છે. નોંધથી મન ડંખીલું થાય. બહુ નોંધ થાય એટલે ડંખ માર્યા વગર રહેજ નહીં. નોંધથી ફરી આખો સંસાર ઊભો થઇ જાય છે. નોંધ હંમેશા કર્તા જુએ છે. નોંધ રાખવી એ મોટામાં મોટી અજ્ઞાનતાની નિશાની છે. નોંધ લેવાની શરૂઆત થાય એટલે માનસિક યુદ્ધ શરૂ થાય, પછી વાચિક યુદ્ધ અને છેવટે કાયિક યુદ્ધ સુધી જઇ શકે છે. નોંધ લેવાની અટકી તેનો સંસાર અટકયો. અરુચિ થાય અને નોંધ ના લે તો મોક્ષ આપે. નોંધ તો આવતા ભવનો સંસાર ઊભો કરે છે. નોંધ ના કરે એનું નામ વીતરાગ. નોંધ ના રાખે એનું નામ જ સહજ ક્ષમા કહેવાય.

પ્ર. ૨ નોંધ અને અભિપ્રાયમાં ફેર શું ?

ઉ. ૨ નોંધથી સંસાર ઉભો થાય અને અભિપ્રાયથી મન ઊભું થાય. નોંધ આખો સંસાર ઊભો કરી દે, આખોય હતો તેવો જ કરી નાખે, લીલે પાંદડે કરી નાંખે. અભિપ્રાયનું એટલું બધું જોખમ નથી એ મનનું બંધારણ બાંધે એટલું જ. નોંધ કર્તા જુએ અને અભિપ્રાય વસ્તુ જુએ. નોંધ તો એક સેન્ટ ના હોવી જોઇએ. અભિપ્રાય થોડોક રહ્યો હશે તો વાંધો નથી. નોંધ રાખે એટલે તો એના માટે મહીં (અંદર) વેર રાખ્યું કહેવાય.

પ્ર. ૩ નિયાણું એટલે શું ?

ઉ. ૩ પોતાની પુણ્યૈની બધી જ મૂડી કોઈ એક વસ્તુ પ્રાપ્ત કરવામાં ખર્ચવી તે નિયાણું. આપણી વસ્તુના બદલામાં વસ્તુ ઈચ્છવી, વસ્તુ સામે વસ્તુની ઈચ્છા કરવી તે નિયાણું. નિયાણું શલ્યવાળાને ઊભું થાય છે. નિયાણું એટલે

તપ, જપ, ધ્યાનથી જે કમાણી કરી હોય તે સંસાર અર્થે વાપરી નાંખે તે નિયાણું.

પ્ર. ૪ નિયાણું કેવું રાખવું ?

ઉ. ૪ નિયાણું તો મોક્ષે જવા માટે જ કરવા જેવું છે. નિયાણું એવું રાખવું કે મોક્ષે જતા સુધી જે બે ચાર અવતાર થાય તે પરણ્યા વગરના જાય તો સારું એના જેવું એકેય નહીં, એવું નિયાણું રાખવું પછી જે થાય તે દેખ લેંગે અને જો આ એક બોજો ગયો ને તો બધાય બોજા ગયા, આ એક છે તો બધુંય છે.

પ્ર. ૫ કયા નવ પ્રકારના નિયાણાંનો ત્યાગ કરવાનું કહ્યું છે ?

ઉ. ૫ ધર્મ આરાધનાનાં ફળ રૂપે સાંસારિક પદાર્થોની જે ઈચ્છા કરવી તે નિયાણું કહેવાય. નિયાણું એટલે તપના પ્રભાવનું ફળ માગવું. શાસ્ત્રમાં નીચે મુજબના નવ પ્રકારના નિયાણાં ન કરવા માટે નિર્દેશ છે.

૧. રાજા બનવાનું
૨. શ્રીમંત બનવાનું
૩. સ્ત્રી બનવાનું
૪. પુરુષ બનવાનું
૫. દેવ બનવાનું
૬. માત્ર પોતાની દેવી સાથે જ ભોગ ભોગવે તેવો દેવ બનવાનું
૭. અલ્પ વિકારવાળો દેવ બનવાનું
૮. દરિદ્ર બનવાનું
૯. શ્રાવક બનવાનું

પ્ર. ૬ નિશ્ચય કોને કહેવાય ?

ઉ. ૬ નિશ્ચય એને કહેવાય કે, નિરંતર યાદ રહ્યા કરે. નથી પરણવું એવો જે નિશ્ચય કર્યો છે એ નિશ્ચય ભૂલાય નહીં એટલે એને પરણવાનું આવે જ નહીં, બધા સબંધીઓ પરણાવા ફરે તોય કુદરત તાલ ખાવા ન દે. નિશ્ચય ભૂલી ગયા એટલે પછી પરણવાનું આવશે એ વાત નક્કી છે. નિશ્ચય ભૂલાયો નહીં તો પરણવાનું નહીં આવે એની હું ગેરન્ટી લખી આપું. નિશ્ચય તો એને કહેવાય કે જેનો નિશ્ચય કર્યો હોય તેમાં જરાપણ છેદન ના થવું જોઈએ, એવોને એવોજ ૧૦૦ ટકા જ રહેવો જોઈએ તો જ તે નિશ્ચય કહેવાય.

પ્ર. ૭ નિશ્ચય કોનું નામ કહેવાય ?

ઉ. ૭ નિશ્ચય કર્યો પછી એ ફરે નહીં એનું નામ નિશ્ચય કહેવાય. નિશ્ચય એ પુરુષાર્થ છે. નિશ્ચય એટલે આજે આપણે જે નકકી કર્યું એ ઠેઠ સુધી રહે તેનું નામ નિશ્ચય કહેવાય. નિશ્ચય આગળ બધા ટાઈમીગ બદલાઈ જાય. વ્યવહાર સ્પર્શે નહીં એનું નામ નિશ્ચય. વ્યવહાર એટલો પૂરો કરવાનો કે નિશ્ચયને સ્પર્શે નહીં, પછી ભલેને આ વ્યવહાર ગમે તે પ્રકારનો હોય.

પ્ર. ૮ નિશ્ચય મજબૂત કરવા શું કરવું જોઈએ ?

ઉ. ૮ હે દાદા ભગવાન ''હું નિશ્ચય મજબૂત કરું છું મને નિશ્ચય મજબૂત કરવાની શક્તિ આપો'' એવું બોલ્યા કે શક્તિ વધે. જેને નિશ્ચય થયો કે મારે હવે છૂટવું જ છે તે બધા શાસ્ત્રો સમજી ગયો.

પ્ર. ૯ નિશ્ચય ક્યારેય ના ડગે એટલા માટે શું કરવું ?

ઉ. ૯ જેણે બ્રહ્મચર્ય પાળવું છે એનાથી આંખ તો મંડાય જ નહીં. એક તો કોઈની સામે દૃષ્ટિ ના માંડવી જોઈએ. અર્થાત્ દૃષ્ટિ સાચવવાની અને બીજું આપણે સ્પર્શ તો થવો જ ના જોઈએ તો પછી નિશ્ચય ડગે નહીં. બ્રહ્મચર્યની ભાવના નિરંતર ભાવવી જોઈએ અને દાદાની આજ્ઞામાં રહે ત્યાર પછી નિશ્ચય મજબૂત થાય પછી એ નિશ્ચય ક્યારેય ડગે જ નહી.

પ્ર. ૧૦ દૃઢ નિશ્ચય કોને કહેવાય ?

ઉ. ૧૦ નિશ્ચય તો એનું નામ કે ઠેઠ સુધી રહે અને ઠેઠ સુધી રહ્યો તો એનો સાંધો આગળ ઉપર મળી જાય એટલે એવો નિશ્ચય કે જેનો સાંધો બીજા જન્મમાં પણ આગળ આપણને ભેગો થઈ જાય એને દૃઢ નિશ્ચય કહેવાય. નનામી કાઢતા જો નિશ્ચય ફેરવી નાંખ્યો તો પછી આગળ ઉપર શી રીતે ઠેકાણું પડે, આગળ નિશ્ચય તો ભેગો થાય પણ ટૂકડાવાળો આવે, પીસીસવાળો આવે. જે નિશ્ચય હવે પછીના બીજા જન્મમાં પણ આપણને ભેગો થઇ જાય એવા જબરજસ્ત પુરુષાર્થવાળા નિશ્ચયને દૃઢ નિશ્ચય કહેવાય.

ૐ

પર્વ નવમું

પ્રારબ્ધ, પુરુષાર્થ, પરાક્રમ, પુદ્ગલ, પૂર્વગ્રહ, પરિગ્રહ, પોતાપણું, પ્રજ્ઞા, પ્રતિક્રમણ

પ્ર. ૧ પ્રારબ્ધ એટલે શું ?

ઉ. ૧ પ્રારબ્ધ એટલે પાછલા ભવના સંચિત્ત કર્મ હતા તે ફળ આપવા સન્મુખ થયા તે પ્રારબ્ધ. પ્રારબ્ધ એ ડિસ્ચાર્જ કર્મ છે. આપણે ન કરવું હોય તો યે ફરજિયાત કરવું પડે તેનું નામ પ્રારબ્ધ. સાધન થકી કાર્ય થાય તે પ્રારબ્ધ. સંજોગો ભેગા થાય અને તેથી જે કાર્ય થાય તે બધું પ્રારબ્ધ કહેવાય. જેટલી ચીજનો સંયોગ થાય એ પ્રારબ્ધ. મનનાં કહ્યાં પ્રમાણે ચાલવું તેનું નામ પ્રારબ્ધ. પાંચ ઈન્દ્રિયોથી જે જે થાય છે તે બધું જ પ્રારબ્ધ. મનથી જે જે કંઈ પ્રવર્તન થાય છે તે સર્વ પ્રારબ્ધાધિન છે. આંખે જોઈ શકાય અને કાને સાંભળી શકાય તે બધું જ પ્રારબ્ધ છે. પ્રારબ્ધ એ ફ્રી ઓફ કોસ્ટ વસ્તુ છે. પરાવલંબી છે તે બધું જ પ્રારબ્ધ. પ્રારબ્ધ એ રૂપક છે. બીજા જે અવલંબનથી કામ થઈ જાય છે કે જયાં બીજા કોઈપણ સંયોગથી થાય છે તે પ્રારબ્ધ. જે જે સંયોગો ભેગા થાય છે તે બધું પ્રારબ્ધ. સંજોગો કરાવડાવે તે પ્રારબ્ધ છે. સંજોગો બધા ભેગા થઈને કરાવડાવે તે પ્રારબ્ધ.

પ્ર. ૨ કેવળ પ્રારબ્ધ એટલે શું ?

ઉ. ૨ મહાવીર ભગવાનને ચૌદમાં ગુણસ્થાનકમાં કેવળ પ્રારબ્ધ વર્તતું હતું. પ્રાણ નીકળી જાય ત્યાં સુધી ''હું શુદ્ધાત્મા છું'' તેવું ભાન ના જાય તે કેવળ પ્રારબ્ધ કહેવાય.

પ્ર. ૩ નિયતી એટલે શું ?

ઉ. ૩ પ્રારબ્ધ કે નસીબ એ નિયતી નથી, નિયતી જુદી વસ્તુ છે. નિયતી એટલે આ સંસારના જીવોનો જે પ્રવાહ ચાલી રહ્યો છે તે કોઈ નિયતીના કાયદાને અનુસરીને ચાલી રહ્યો છે પણ બીજા ઘણા બધા કારણો પણ તેમાં છે.

પ્ર. ૪ **પુરુષાર્થ શું છે ?**

ઉ. ૪ પાપના ઉદયમાં શાંતિ રહે એનું નામ પુરુષાર્થ. જે સફળ થાય તેનું નામ જ પુરુષાર્થ કહેવાય. પુરુષાર્થ તેનું નામ કહેવાય કે જેમાં નિષ્ફળતા ન હોય, સ્વપરાક્રમ હોય. ભાવના એ જ પુરુષાર્થ. સત્‌ના જોગમાં રહેવું અને જાગૃતિ રાખવી એ જ પુરુષાર્થ. આપણું મન ક્યારેય ના બગડે તે પુરુષાર્થ. જાણીને અજાણ રહેવું એ મોટો પુરુષાર્થ છે. વેરનો નિકાલ થયો એ જ મોટામાં મોટો પુરુષાર્થ છે.

પ્ર. ૫ **પુરુષાર્થ કોને કહેવાય ?**

ઉ. ૫ વ્યવસ્થિત પ્રમાણે ઉદયમાં તન્મયાકાર ના થવું એ પુરુષાર્થ છે. શુદ્ધાત્મા પ્રાપ્ત થયા પછી દાદાનું નીદીધ્યાસન અને શુદ્ધાત્મામાં નિરંતર રમણતાં રહેવી તથા આ માટે જે જે કંઈપણ કરવામાં આવે છે તે પુરુષાર્થ છે. આપણો હાથ કોઈ કાપતું હોય ત્યારે પોતે જ્ઞાતા-દ્રષ્ટા રહેવું તે પુરુષાર્થ. પારિણામિક ભાવ જેને ઉત્પન્ન થયો તેને પુરુષાર્થ કહેવાય. સંયોગ અવળો બાઝે ત્યારે ભાવ ફેરવે અને સમતા રાખે તે પુરુષાર્થ. યમ, નિયમ અને સંયમ એ પુરુષાર્થ છે. જે કંઈ બન્યું તેમાં સમતા રાખવી એ પુરુષાર્થ. આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન એ જ મોટામાં મોટો પુરુષાર્થ છે. ફરજિયાતમાં ઈગોઈઝમ ના કરે તેનું નામ પુરુષાર્થ. મનની જોડે સંલગ્ન રહેવું તેનું નામ પુરુષાર્થ. મનનાં કહ્યાં પ્રમાણે નહીં ચાલવું તેનું નામ પુરુષાર્થ. રાગ-દ્વેષમાં સમતા રાખવી તેનું નામ પુરુષાર્થ. દુઃખમાં પણ સુખના કોઝીઝ નાંખે તેનું નામ પુરુષાર્થ. દુઃખને ફેંકી દેવાની તરકીબ અને સુખને નિભાવવાની તરકીબ એ પુરુષાર્થ. રડવાના ટાઈમે હસે તે પુરુષાર્થ. પ્રારબ્ધને સપોર્ટ આપ્યો તે અગર તો અભિપ્રાય આપ્યો તે પુરુષાર્થ. સામો માણસ તમારું અવળું કરે અને તમને સમતા રહે એ પુરુષાર્થ. પ્રારબ્ધ ભોગવતા તમારો હેતું શું છે તે જ પુરુષાર્થ. જે ના ગમતું થઈ રહ્યું છે તેને અને ગમતું થઈ રહ્યું છે તેને જોયા કરવું તે જ પુરુષાર્થ. આવતા ભવ માટે જે ચાર્જ કરે છે તેને પુરુષાર્થ કહે છે. લપસવામાં અટકવું તેનું નામ પુરુષાર્થ. પુરુષાર્થ એટલે ઉપયોગમય જીવન. પ્રકૃતિને નિહાળે તે પુરુષાર્થ. કર્મોના જે ફળ આવે છે તે ફળને રાગ-દ્વેષ કર્યા વગર શાંતિપૂર્વક ભોગવી લેવું એનું નામ પુરુષાર્થ. જ્યાં મેળ ના પડતો હોય ત્યાં મેળ પાડવો એ પુરુષાર્થ.

પોતાની નિજશકિત ઉત્પન્ન થઈ એટલે પુરુષાર્થ. આ કાળમાં ના ફાવતા જોડે રહેવાનું અને ત્યાં જ પાસરો રહે તેનું નામ પુરુષાર્થ. વહેલું ઊઠવું હોય તો મનમાં નકકી કરવું કે વહેલું ઊઠવું જ છે તે પુરુષાર્થ. જે કંઈપણ બને છે તેમાં સમતા રાખવી તે પુરુષાર્થ. જન્મથી મરણ સુધીની બધી ક્રિયાઓ ફરજિયાત છે, આ ફરજિયાતમાં ઈગોઈઝમ ના કરે તેનું નામ પુરુષાર્થ. આવતા ભવના બીજ નાંખવા તેનું નામ પુરુષાર્થ. જાગૃતિનો ઉપયોગ કરવો તેનું નામ પુરુષાર્થ.

પ્ર. ૬ રીલેટિવ પુરુષાર્થ એટલે શું ?

ઉ. ૬ અહંકાર અને બુદ્ધિને જુદા પાડવા એ રીલેટિવ (વ્યવહારિક) પુરુષાર્થ છે. ના ગમતું કાઢી નાંખવું એનું નામ વ્યવહારિક પુરુષાર્થ.

પ્ર. ૭ પ્રયત્ન કોને કહેવાય ?

ઉ. ૭ એની મેળે થઈ જાય તેનું નામ પ્રયત્ન. સાપ દેખતાંની સાથે જ કૂદી પડાય છે તે પ્રયત્ન કહેવાય.

પ્ર. ૮ પુરુષાર્થ કોણ કરાવડાવે છે ?

ઉ. ૮ વાયટાલીટી પાવર બધું કરાવે છે. આ જે કંઈપણ દેખાય છે તે વાયટાલીટી પાવરને લીધે છે. આ વાયટાલીટી પાવર સૂર્યમાંથી સીધી શક્તિ મેળવે છે. માથુ વાયટાલીટી પાવરનું સ્થાન છે. માથામાં-પિચ્યુટરી ગ્લેન્ડ આવેલી છે, ગળામાં થાયરોઈડ ગ્રંથિ છે, પેટમાં એડ્રીનલ ગ્રંથિ છે અને પેઢુંમાં ટેસ્ટીસ નામની ગ્રંથિ છે, આ ચાર ગ્રંથિઓ શરીરમાં સ્વતંત્ર છે તેઓને એકબીજા સાથે કોઈ સાંધો કે તાર નથી.

પ્ર. ૯ યથાર્થ પુરુષાર્થ કોને કહેવાય ?

ઉ. ૯ જ્ઞાતા-દ્રષ્ટા અને પરમાનંદી રહેવું એનું નામ યથાર્થ પુરુષાર્થ. ફરીથી જન્મ ન લેવો પડે એ દિશામાં પ્રયત્ન એ જ સાચો પુરુષાર્થ કહેવાય છે.

પ્ર. ૧૦ રીયલ પુરુષાર્થ કોને કહેવાય ?

ઉ. ૧૦ રીયલ પુરુષાર્થ એ શુક્લ ધ્યાન છે. જ્ઞાતા-દ્રષ્ટા એજ રીયલ પુરુષાર્થ. ફરજિયાતમાં ઈગોઈઝમ ના કરે એનું નામ પુરુષાર્થ. જ્ઞાની પુરુષ સાચા અર્થમાં પુરુષ બનાવે ત્યાર પછી જે પુરુષાર્થ થાય તે રીયલ પુરુષાર્થ છે.

પ્ર. ૧૧ ખરેખર (વાસ્તવિક) પુરુષાર્થ ક્યારે શરૂ થયો ગણાય ?

ઉ. ૧૧ જ્ઞાની પુરુષ પાસેથી આત્માનું (સ્વરૂપનું) જ્ઞાન પ્રાપ્ત થાય ત્યાર પછી પુરુષ બન્યા કહેવાય અને ત્યારે આત્મા જોવા જાણવાનું શીખ્યો. આપણે જ્ઞાતા અને ચંદુલાલ જ્ઞેય એટલું જાણ્યું ત્યારથી પુરુષાર્થ શરૂ થયો. કોઈ તમને ગાળ ભાંડે તે વખતે તમને મનમાં એમ થાય કે આ મારા જ કર્મનું ફળ છે સામી વ્યકિત તો નિમિત્ત છે, નિર્દોષ છે, એ ભગવાનની આજ્ઞા રૂપી વાસ્તવિક સાચો પુરુષાર્થ છે. તે ઘડીએ તમે સમતા રાખો તે પુરુષાર્થ છે. અવળો સંજોગ બાઝયો હોય તેને સવળો કરી લેવો એ પુરુષાર્થ છે. સંયોગ અવળો આવે તે ઘડીએ સમતા રાખવી એનું નામ પુરુષાર્થ.

પ્ર. ૧૨ પુરુષ થયા પછીનો પુરુષાર્થ કેવો હોવો જોઈએ ?

ઉ. ૧૨ પુરુષ થયા પછીનો પુરુષાર્થ એટલે એક ત્રાડ પાડે તો કેટલાય સિંહ અને સિંહણો ભાગી જાય. આ તો કુરકુરિયાં હઉં મોઢું ચાટી જાય છે. માયા નાની નાની ચીજ આપી તમને અજગરની જેમ ગળી જઈ રહી છે. જ્યારે મોટી બાબત આવે ત્યારે જ તમે શુદ્ધાત્મામાં પેસો છો એટલે બધી જ બાબતોમાં જાગૃતિ રહેવી જોઈએ. તમને એક આંગળીનું નહીં પણ દશેય આંગળીઓના સુદર્શન આપેલા છે તે બધું કાપીને એક કલાકમાં તો આખો કૌરવવંશ નાશ કરી નાંખે તેમ છે, માટે એક ક્ષણ પણ પ્રમાદ ના સેવાય તેવો પુરુષાર્થ હોવો જોઈએ.

પ્ર. ૧૩ પુરુષાર્થ ક્યાં સુધી ફળે નહીં ?

ઉ. ૧૩ પ્રકૃતિ ઉપશમ ના થાય ત્યાં સુધી પુરુષાર્થ ફળે જ નહીં.

પ્ર. ૧૪ સ્વપુરુષાર્થ કોને કહેવાય ?

ઉ. ૧૪ સ્વપુરુષાર્થ એટલે પુદ્ગલમાં રાગ-દ્વેષ ના થાય તે. પુદ્ગલ પરિણતિમાં ક્યાંય પણ રાગ-દ્વેષ ના થાય તે સ્વપુરુષાર્થ. પુરુષાર્થ ક્યારેય કોઈ દહાડોય દેખાય નહીં. સૂક્ષ્મ ભાગ તે પુરુષાર્થ છે.

પ્ર. ૧૫ ઊંચામાં ઊંચો પુરુષાર્થ કયો ?

ઉ. ૧૫ સમજીને છેતરાવા જેવો પુરુષાર્થ અન્ય કોઈ નથી. સમજીને છેતરાવાથી બ્રેઈન ટોપ ઉપર જાય. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જેવું બ્રેઈન થાય. જે જાણીને છેતરાય તે મોક્ષે જાય. સમજીને છેતરાયો તેનો બેડો પાર. કબીરે આ બાબતે સરસ કહ્યું છે કે ''કબીર આપ ઠગાઈએ ઔર ઠગે ન કોઈ આપ ઠગે સુખ ઊપજે ઔર ઠગે દુઃખ હોઈ.''

પ્ર. ૧૬ છેલ્લામાં છેલ્લો પુરુષાર્થ કયો ?

ઉ. ૧૬ કોઈને દેખાડવી ના પડે એવી ભૂલ ના રહે એ છેલ્લામાં છેલ્લો પુરુષાર્થ અને ત્યાર પછી દર અસલ ખુમારી રહે.

પ્ર. ૧૭ પુરુષાર્થી કોને કહેવાય ?

ઉ. ૧૭ એક પણ ભૂલ જેની ના થાય તે પુરુષાર્થી. સાચા પુરુષાર્થીની ક્યારેય પણ એક પણ ભૂલ ન થાય.

પ્ર. ૧૮ પુરુષાર્થીની ડિક્ષનરીમાં કયાં શબ્દો ના હોય ?

ઉ. ૧૮ પુરુષાર્થીની ડિક્ષનરીમાં ''જો'' અને ''તો'' શબ્દ ન હોય, જો આમ થયું હોત તો આમ થાત આ શબ્દ ક્યારેય ના હોય. જે લોકો ગાઢ અંધકારમાં કે ગાઢ અજ્ઞાનમાં જીવે છે તેમની ડિક્ષનરીમાં ''જો'' અને ''તો'' શબ્દ હોય છે.

પ્ર. ૧૯ શાસ્ત્રમાં કેટલા પ્રકારના પુરુષાર્થ કહ્યાં છે ?

ઉ. ૧૯ ચાર પ્રકારના પુરુષાર્થ પ્રાપ્ત કરવાનો સંતપુરુષોનો ઉપદેશ છે.

૧. **ધર્મ** : વસ્તુના સ્વભાવને ધર્મ કહેવામાં આવે છે. સંસારમાં અધોગતિમાં પડતા જીવને જે ધરી રાખે તે ધર્મ છે.

૨. **અર્થ** : આત્મા જાણવા સબંધી જે પુરુષાર્થ કરવામાં આવે તે અર્થ છે. જડ અને ચેતન સબંધી જે વિચારો છે તેને અર્થ કહ્યો છે.

૩. **કામ** : ચિત્તવૃત્તિના નિરોધને કામ કહેવાય છે.

૪. **મોક્ષ** : સર્વ પ્રકારના કર્મોનો ક્ષય થતાં જન્મ-મરણનાં ફેરામાંથી કાયમની મુક્તિ તે મોક્ષ છે.

પ્ર. ૨૦ પ્રારબ્ધ અને પુરુષાર્થ વચ્ચેનો તફાવત સમજાવો ?

ઉ. ૨૦ સંયોગ બાઝયો એ પ્રારબ્ધ અને સંયોગ અવળો આવે એ ઘડીએ સમતા રાખવી એ પુરુષાર્થ છે. સાધન થકી કાર્ય થાય તે પ્રારબ્ધ અને સાધન વગર કાર્ય થાય તે પુરુષાર્થ. કઢી કરી તે પ્રારબ્ધ અને કઢી મેં કેવી સરસ કરી તેવો મનમાં ગર્વ લેવો તે પુરુષાર્થ. પ્રારબ્ધમાં મન, વચન, કાયા વપરાય અને પુરુષાર્થ ભાવથી થાય. ઉદા. રાત્રે અગિયાર વાગે મહેમાનો આવે તે વખતે બોલીએ કે આવો પધારો તે પ્રારબ્ધ અને મનમાં થાય કે અત્યારે ક્યાંથી મુઆ પધાર્યા તે પુરુષાર્થ. અંદર જે ભાવ થાય છે તે પુરુષાર્થ છે. સંજોગો ભેગા થાય અને તેથી જે કાર્ય થાય એ બધું પ્રારબ્ધ છે અને

સંજોગો ભેગા થઇ કાર્ય થાય છે તે વખતે જે ધ્યાન ઉત્પન્ન થાય છે તે પુરુષાર્થ છે. જેટલી ચીજવસ્તુઓનો સંયોગ થાય છે તે પ્રારબ્ધ છે અને સંયોગથી ભેગી થતી ચીજવસ્તુઓમાં જે ભાવ-અભાવ (ભાવાભાવ) થાય છે એ પુરુષાર્થ છે. દાન આપ્યું તે પ્રારબ્ધ અને દાન આપતી વખતે મહીં (અંદર) કંઈ ભાવના હતી તે પુરુષાર્થ. મનનાં કહ્યાં પ્રમાણે ચાલવું તેનું નામ પ્રારબ્ધ અને મનનાં કહ્યાં પ્રમાણે ના ચાલવું તે પુરુષાર્થ. દ્રવ્ય બધું પ્રારબ્ધ છે અને ભાવ એ પુરુષાર્થ છે. પુરુષાર્થ એ યોજના રૂપે છે અને પ્રારબ્ધ એ રૂપક છે.

પ્ર. ૨૧ પરાક્રમ એટલે શું ?

ઉ. ૨૧ ક્રમ-અક્રમથી પર એ પરાક્રમ. ફાઈલોનો સમભાવે નિકાલ એ પરાક્રમ છે. સ્વ વીર્યનું સ્ફુરાયમાન કરવું તે પરાક્રમ કહેવાય છે. જ્ઞાનીની આપેલી પાંચ આજ્ઞામાં નિરંતર રહેવું તે પરાક્રમ.

પ્ર. ૨૨ પરાક્રમ કોને કહેવાય ?

ઉ. ૨૨ કર્મનો ઉદય આવે અને જાગૃતિ ના રહેતી હોય ત્યારે જ્ઞાનના વાક્યો મોટેથી બોલીને જાગૃતિ લાવે અને કર્મોની સામો થાય એ પરાક્રમ કહેવાય. જે કર્મોનો નિકાલ કરે તે પરાક્રમ કહેવાય. ફરજિયાતને મરજિયાત સમજીને કરે તો તે પરાક્રમ છે. જીવનમાં જન્મથી મરણ સુધીનું બધું ફરજિયાત છે, છતાં તેને મરજિયાત સમજીને કરો તો તે પરાક્રમ છે.

પ્ર. ૨૩ પરાક્રમ શેનાથી ઊભું થાય ?

ઉ. ૨૩ જ્ઞાની પુરુષ પાસે પડ્યા રહેવું છે એવી ભાવનાથી પરાક્રમ ઊભું થાય.

પ્ર. ૨૪ સ્વપરાક્રમ એટલે શું ?

ઉ. ૨૪ અઘરામાં અઘરી, ચીકણામાં ચીકણી ફાઈલનો સમભાવે નિકાલ કરે અથવા જે ફાઈલમાંથી કરોડો અવતાર સર્જાય તેવી ફાઈલનો સમભાવે નિકાલ કરે તે સ્વપરાક્રમ કહેવાય.

પ્ર. ૨૫ પરાક્રમભાવ એટલે શું ? તેમાં આવવા શું કરવું ?

ઉ. ૨૫ પરાક્રમભાવ એ એલર્ટનેશ છે. મારે એલર્ટનેશમાં જ રહેવું છે એવું જેને નક્કી હોય તેને પછી પ્રજ્ઞા બધી વ્યવસ્થા કરી આપે. સ્ટ્રોંગ નિશ્ચય આપણો હોવો જોઈએ કે મારે સ્વભાવમાં જ રહેવું છે પછી જે થાય તે એને પછી કોણ રોકનાર છે. પરાક્રમમાં પોતાને કશું જ કરવાનું નથી પોતાનો ભાવ પરાક્રમભાવ ઉત્પન્ન થાય છે એટલે પછી પ્રજ્ઞા તે ભાવ પ્રમાણે બધું કરી આપે છે.

પ્ર. ૨૬ પુદ્ગલ એટલે શું ?

ઉ. ૨૬ પુદ્ગલ એટલે પુરણ-ગલન થયા કરે છે તે. આત્મા સિવાય બીજું બધું પુરણ-ગલન છે. પુદ્ગલ તો આત્માની જેલ છે. પુરણ થાય અને ગલન થાય તે પુદ્ગલ. ટૂંકમાં જેમાં પુરણ અને ગલનનો સ્વભાવ હોય તેને પુદ્ગલ કહે છે. શરીરમાં ખાવાનું પૂરે તે પુરણ કહેવાય અને સંડાસમાં જાય તે ગલન કહેવાય. શ્વાસ લીધો તે પુરણ અને ઉચ્છ્વાસ એ ગલન છે. પુદ્ગલ પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શવાળું છે. જેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ ગુણો હોય તેને પુદ્ગલ તત્ત્વ કહે છે. પુરન ગલન એટલે ક્રેડિટ અને ડેબીટ તે પુદ્ગલ. પુદ્ગલ રૂપી છે, પૃથ્વી, જળ, વાયુ અને તેજ એ ચારેયને પુદ્ગલ કહેવાય. મન, ચિત્ત અને અહંકાર એ પુદ્ગલ છે કારણ કે તેમાં પુરન ગલન થાય છે. બુદ્ધિ એકલી પુદ્ગલ ના કહેવાય, બુદ્ધિ તો પ્રકાશ છે. મન, ચિત્ત, અહંકાર બધું પરમાણુંઓનું બનેલું છે.

પ્ર. ૨૭ પુદ્ગલ તત્ત્વ શેનું બનેલું છે ?

ઉ. ૨૭ પૃથ્વી, જળ, વાયુ, તેજ એ વિનાશી છે એ ચાર ભેગા થઈને એક તત્ત્વ થાય છે એ પુદ્ગલ તત્ત્વ છે. જેને પુદ્ગલ પરમાણું કહેવામાં આવે છે એ તત્ત્વ પાછુ અવિનાશી છે. પરમાણું એ રૂપી છે. એ પુદ્ગલ તત્ત્વ પરમાણું રૂપે હોય છે. પરમાણું સિવાય બીજી જે કંઈ પુદ્ગલની અવસ્થાઓ છે એ બધી વિનાશી છે. પરમાણુંથી આગળ મિશ્ર થાય છે પછી એ મૂળ તત્ત્વ ગણાતું નથી એ પછી એ વિનાશી તત્ત્વ થયું, એ અવસ્થા વિનાશી છે અને પરમાણું છૂટા પડયા એટલે પાછું મૂળ પરમાણું અવિનાશી છે. મૂળ તત્ત્વ રૂપે પુદ્ગલ આંખેથી દેખાય નહીં અને કાને સંભળાય નહીં પરંતુ અવસ્થાવાળું પુદ્ગલ છે એટલે આંખે દેખાય, કાને સંભળાય, પાંચ ઈન્દ્રિયથી અનુભવમાં આવે છે, એ બધું અવસ્થાવાળું પુદ્ગલ છે, પુદ્ગલમાં ચેતન નથી, છતાં પોતે ક્રિયાકારી સ્વભાવનું છે એટલે એ સક્રિય છે, મિશ્ર ચેતન છે. પુદ્ગલમાં જ્ઞાન-દર્શન નથી, લાગણીનો અનુભવેય નથી અને ક્ષાયકભાવ પણ નથી. જગતમાં સક્રિયતા એકલા પુદ્ગલની જ છે, બાકીના તત્ત્વો અક્રિય સ્વભાવે છે. પુદ્ગલની સક્રિયતાને કારણે જ જગતમાં જાત જાતના રૂપો દેખાય છે. પુદ્ગલના મુખ્ય ચાર ગુણો છે, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ. આત્માનો એક વિકલ્પ અને પુદ્ગલે ગોઠવી દીધી સર્વ બાજી પરિણામે સંસાર ખડો થયો છે.

પ્ર. ૨૮ **પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શ કયા કયા ?**

ઉ. ૨૮ સફેદ (શ્વેત), પીત (પીળો), નીલ (વાદળી), લાલ અને કૃષ્ણ (કાળો) એ પાંચ રંગ (વર્ણ), ખાટો, તીખો, ગળ્યો, કડવો, તૂરો એ પાંચ રસ. સુગંધ અને દુર્ગંધ એ બે ગંધ તથા શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ (લુખ્ખો), કોમળ (નરમ અને સુંવાળો), કઠોર (કર્કશ અથવા કઠણ), હલકો અને ભારે એ આઠ સ્પર્શ છે.

પ્ર. ૨૯ **પુદ્ગલનો સ્વભાવ કેવો છે ?**

ઉ. ૨૯ પુદ્ગલનો સ્વભાવ ભોળો છે એટલે આપણે એને સમજાવી-પટાવીને કામ લેવું પડે.

પ્ર. ૩૦ **પુદ્ગલ કરામત શું છે ?**

ઉ. ૩૦ પુદ્ગલ કરામત તે બધી અશુદ્ધ ચિત્તની છે.

પ્ર. ૩૧ **પુદ્ગલની લીલા એટલે શું ?**

ઉ. ૩૧ પુદ્ગલની લીલા એટલે વૈજ્ઞાનિક સાંયોગિક પૂરાવા બધા ભેગા થાય અને કાર્ય થાય. ભણવું, ભણાવવું, પાસ થવું, ત્યાગ કરવો, આચાર્ય થવું, શિષ્ય થવું એ બધી પુદ્ગલની લીલા છે.

પ્ર. ૩૨ **પુદ્ગલનો અવિભાજ્ય ભાગ શું છે ?**

ઉ. ૩૨ પરમાણું એ પુદ્ગલનો અવિભાજ્ય ભાગ છે અણું વિભાજ્ય છે.

પ્ર. ૩૩ **પુદ્ગલ રમણું ક્યાં સુધી હોય છે ?**

ઉ. ૩૩ કેવળદર્શન થતાં પહેલાં અગિયારમાં ગુણસ્થાનમાંય પુદ્ગલ રમણું હોય છે.

પ્ર. ૩૪ **પુદ્ગલના કેટલા પ્રકાર છે ?**

ઉ. ૩૪ સંક્ષેપમાં પુદ્ગલના બે પ્રકાર છે. ૧. પરમાણું ૨. સ્કંધ

પ્ર. ૩૫ **સ્કંધ પુદ્ગલના કેટલા પ્રકાર છે ?**

ઉ. ૩૫ સ્કંધ પુદ્ગલના છ પ્રકાર છે.

૧. અતિસ્થૂળ : પૃથ્વી.
૨. સ્થૂળ : જળ.
૩. સ્થૂળ-સૂક્ષ્મ : છાયા (પડછાયો), પ્રકાશાદિ નેત્રેન્દ્રિય વિષય તે.
૪. સૂક્ષ્મ-સ્થૂળ : રસ, ગંધ, સ્પર્શ, શબ્દ વગેરે શેષ ઇન્દ્રિય વિષય.
૫. સૂક્ષ્મ : કાર્મણ સ્કંધ
૬. અતિ સૂક્ષ્મ : પરમાણું

પ્ર. ૩૬ વિસ્તારથી પુદ્ગલના કેટલા પ્રકાર છે ?

ઉ. ૩૬ સંક્ષેપથી પણ નહીં અને વિસ્તારથી પણ નહીં એમ ગણતા પુદ્ગલ ત્રેવીસ પ્રકારના છે.

૧. અણું	૧૩. ધ્રુવ વર્ગણા
૨. સંખ્યાતાણું વર્ગણા	૧૪. સાન્તર નિરંતર વર્ગણા
૩. અસંખ્યાતાણું વર્ગણા	૧૫. સાન્તર નિરંતર શૂન્ય વર્ગણા
૪. અનંતાણું વર્ગણા	૧૬. પ્રત્યેક શરીર વર્ગણા
૫. ગ્રાહ્ય આહાર વર્ગણા	૧૭. ધ્રુવ શૂન્ય વર્ગણા
૬. ગ્રાહ્ય ભાષા વર્ગણા	૧૮. બાદર નિગોદ વર્ગણા
૭. ગ્રાહ્ય મનો વર્ગણા	૧૯. બાદર નિગોદ શૂન્ય વર્ગણા
૮. ગ્રાહ્ય તેજસ વર્ગણા	૨૦. અગ્રાહ્ય ભાષા વર્ગણા
૯. કાર્મણ-વર્ગણા	૨૧. સૂક્ષ્મ નિગોદ વર્ગણા
૧૦. અગ્રાહ્ય આહાર વર્ગણા	૨૨. નભો વર્ગણા
૧૧. અગ્રાહ્ય તેજસ વર્ગણા	૨૩. મહા સ્કંન્ધ વર્ગણા
૧૨. અગ્રાહ્ય મનો વર્ગણા	

પ્ર. ૩૭ પુદ્ગલ દ્રવ્ય મૂર્ત કેવી રીતે છે ?

ઉ. ૩૭ પુદ્ગલમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ ચાર ગુણો અને તેમનું પરિણમન જોવામાં આવે છે. તે રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ ચારેયના એકીકરણથી પુદ્ગલ દ્રવ્ય મૂર્ત કહેવાય છે. આ જગતમાં જે કંઇ દેખાય છે તે તમામ પુદ્ગલની અવસ્થાઓ જ છે અને તે દૃષ્ટિએ પુદ્ગલ દ્રવ્ય મૂર્ત ગણાય છે.

પ્ર. ૩૮ પુદ્ગલ દ્રવ્યનો શું ઉપકાર છે ?

ઉ. ૩૮ શરીર, વચન, મન તથા શ્વાસોચ્છ્વાસ તે પુદ્ગલ દ્રવ્યના ઉપકાર છે. ઇન્દ્રિય જન્ય સુખ, દુઃખ, જીવન અને મરણ તે પણ પુદ્ગલ દ્રવ્યના ઉપકાર છે.

પ્ર. ૩૯ પુદ્ગલ દ્રવ્યના લક્ષણ ભેદ કયા પ્રકારે છે ?

ઉ. ૩૯ સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ અને પરમાણું એમ પુદ્ગલ અસ્તિકાય ચાર પ્રકારે જાણવો. સકળ સમસ્ત તે સ્કંધ, તેનું અર્ધ તે દેશ, તેનું વળી અર્ધ તે પ્રદેશ અને અવિભાગી (અવિભાજ્ય) તે પરમાણું.

પ્ર. ૪૦ આગમની દૃષ્ટિએ પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યાં છે ?

ઉ. ૪૦ ભગવતી સૂત્રના શતક આઠના ઉદ્દેશા નંબર એકના અધિકારમાં જણાવ્યા પ્રમાણે ત્રણ પ્રકારનાં પુદ્ગલો નીચે મુજબ કહ્યાં છે.

૧. પ્રયોગ પરિણત : પ્રયોગ પરિણત એટલે જીવના વ્યાપારથી શરીરાદિરૂપે પરિણામ પામેલા ઔદારિકાદિ શરીરપણે પરિણામ પામેલી ઔદારિકાદિ વર્ગણાઓ જીવના પ્રયોગથી જ્યારે ઔદારિકાદિ શરીર વગેરે રૂપે પરિણત થાય ત્યારે તે પણ પ્રયોગસા પરિણત કહેવાય છે.

૨. મિશ્રસા પરિણત : જીવે મૂકેલા (છોડેલા) પુદ્ગલો તે મિશ્રસા. જેમ કે મૃત કલેવરાદિ પુદ્ગલો તે મિશ્રસા કહેવાય.

૩. વિસ્ત્રસા પરિણત (સ્વભાવથી પરિણમેલા) : જે પુદ્ગલો સ્વભાવથી મળે અને વિખરાય તે વિસ્ત્રસા. જેમ કે તીર્થંકર દેવના અશોક વૃક્ષાદિ પ્રતિહાર્ય તથા વાદળાં આદિ જે પુદ્ગલો મનુષ્યથી ગ્રહણ થઇ ન શકે તે વિસ્ત્રસા કહેવાય.

ઉપરોક્ત ત્રણેયના પાંચ પાંચ પ્રકાર છે.

પ્ર. ૪૧ પ્રિજ્યુડીસ એટલે શું ?

ઉ. ૪૧ આ ભાઇ કાયમ દાન આપે છે અને આજેય તે દાન આપશે એમ માનવું એ પ્રિજ્યુડીસ છે. કોઇ માણસ રોજ આપણને લપકાં કરી જતો હોય અને આજે જમવા બોલાવવાં આવ્યો હોય તોય તેને દેખતાં જ વિચાર આવે કે આ લપકાં કરશે તે પ્રિજ્યુડીસ. આ પ્રિજ્યુડીસને લઇને સંસાર ઊભો રહ્યો છે.

પ્ર. ૪૨ પરિગ્રહ એટલે શું ?

ઉ. ૪૨ રાગ-દ્વેષથી માલિકીપણાનો ભાવ નક્કી કરવો એનું નામ પરિગ્રહ. વસ્તુની મૂર્ચ્છા એ પરિગ્રહ છે. જે આપણને સ્વરૂપથી છેટા કરે એ પરિગ્રહ. જે યાદ આવ્યા કરે તેને પરિગ્રહ કહેવાય. પૌદ્ગલિક ભાવના એ બધો જ પરિગ્રહ છે. જ્યાં મારાપણાનો ભાવ હોય ત્યાં પરિગ્રહ છે. જે યાદ આવે એને પરિગ્રહ કહેવાય. થોડીવાર થાય પાછું ભૂલી જઇએ. પાછું યાદ આવે એ પરિગ્રહ કહેવાય. ભગવાને કહ્યું જેમાં મન ભરાયેલું છે એ બધો પરિગ્રહ. મમતા એ જ પરિગ્રહ છે. મન કષાયમાં રહી ગયું તો તેને ભગવાને પરિગ્રહ કહ્યો. મનને વળગેલું હોય અને જે સાંભળ્યા જ કરે, યાદ આવ્યા

જ કરે તે પરિગ્રહ. જે જે રાગ દ્વેષને આધિન થઇને ભેળું કરે તે પરિગ્રહ. હું અને મારું એ પરિગ્રહ છે. જે આપણને યાદ આવે અને જે આપણને સ્પર્શ કરે તે પરિગ્રહ કહેવાય. રાગ-દ્વેષ પૂર્વકનો માલિકીભાવ એનું નામ જ પરિગ્રહ. ભોકતાભાવ તેનું નામ પરિગ્રહ. હું ચંદુલાલ છું એ પરિગ્રહ છે. રાગ-દ્વેષ એ જ પરિગ્રહ છે. જે શૈલ્ય (શલ્ય) એ જ પરિગ્રહ. આ હીરાની વીંટી તને ખૂંચતી ના હોય કે યાદ આવતી જ ના હોય તો તે પરિગ્રહ ના કહેવાય, પરંતુ યાદ આવે કે ખૂંચે તે જ પરિગ્રહ છે. જે વસ્તુ યાદ રહ્યા કરે અને વસ્તુ ખોવાઇ જાય તો ઉપાધિરૂપ લાગે તે બધો જ પરિગ્રહ કહેવાય.

પ્ર. ૪૩ મોટામાં મોટો પરિગ્રહ કયો ?

ઉ. ૪૩ બૈરી-છોકરાં એ પરિગ્રહ નથી. આ મન, વચન, કાયા એ મોટામાં મોટો પરિગ્રહ છે.

પ્ર. ૪૪ મોક્ષે જતાં પરિગ્રહ નડે છે ?

ઉ. ૪૪ મોક્ષે જતાં પરિગ્રહ કંઇ નડતા નથી. પરિગ્રહ ગમે તેટલા હોય પણ જો પોતે આત્માની રમણતામાં રહે તો મોક્ષ જ છે.

પ્ર. ૪૫ પરિગ્રહના કેટલા પ્રકાર છે ?

ઉ. ૪૫ પરિગ્રહના મુખ્ય બે પ્રકાર છે.

૧. અભ્યંતર પરિગ્રહ ૨. બાહ્ય પરિગ્રહ

પ્ર. ૪૬ અભ્યંતર પરિગ્રહ એટલે શું ?

ઉ. ૪૬ જે આત્માંનુ જ પરિણમન હોય પરંતુ સ્વભાવરૂપ ન હોતાં વિકૃતરૂપ હોય તેને અભ્યંતર પરિગ્રહ કહે છે. તેના ચૌદ ભેદ છે.

૧. ક્રોધ, ૨. માન, ૩. માયા, ૪. લોભ, ૫. હાસ્ય ૬. રતિ, ૭. અરતિ, ૮. શોક, ૯. ભય, ૧૦. જુગુપ્સા, ૧૧. પુરુષવેદ, ૧૨. સ્ત્રીવેદ, ૧૩. નપુંસક વેદ ૧૪. મોહ (મિથ્યાત્વ).

પ્ર. ૪૭ બાહ્ય પરિગ્રહ એટલે શું ? તેના કેટલા ભેદ છે ?

ઉ. ૪૭ જગતના નાશવંત (વિનાશી) પદાર્થોની મૂર્ચ્છા હોવી તેને બાહ્ય પરિગ્રહ કહે છે તેના દસ પ્રકાર છે.

૧. ક્ષેત્ર (ખેતર, જમીન) ૨. વાસ્તુ (મકાન) ૩. ચાંદી, ૪. સોનું, ૫. ધન-

પૈસા, ગાય, ભેંસ આદિ પશુ, ધાન્ય (અનાજ), ૬. દાસ-દાસી (નોકર નોકરાણી) ૭. કુપ્ય (વસ્ત્રાદિ) ૮. ભાંડ (વાસણો) ૯. વાહન, ૧૦. આસન અને શૈય્યા (બિછાનું)

પ્ર. ૪૮ **અપરિગ્રહી કોણ કહેવાય ?**

ઉ. ૪૮ મનનો તું જ્ઞાતા દ્રષ્ટા છે તો તું અપરિગ્રહી છે. જ્યારે પરિગ્રહી થઇ શકવું હોય ત્યારે થઇ શકે એ અપરિગ્રહી. જેને રાગ-દ્વેષ નથી તે અપરિગ્રહી.

પ્ર. ૪૯ **છેલ્લી ટેસ્ટ એકઝામીનેશન કઇ ?**

ઉ. ૪૯ સંપૂર્ણ પરિગ્રહોમાં સંપૂર્ણ અપરિગ્રહી રહે તે છેલ્લામાં છેલ્લી ટેસ્ટ એકઝામીનેશન છે.

પ્ર. ૫૦ **પોતાપણું એટલે શું ?**

ઉ. ૫૦ પોતાપણું એટલે અહંકાર અને મમતા બેઉ એક જ શબ્દમાં ભેગા આવી જાય. પોતાની જાતનું અને પોતાની પ્રકૃતિનું રક્ષણ કરવું એ પોતાપણું. આ તો જે પ્રકૃતિથી છૂટવાનું છે તેનું જ રક્ષણ કરે છે તે પોતાપણું કહેવાય. ડિસ્ચાર્જ અહંકાર છે એ પોતાપણું કહેવાય. ઉપયોગ ચૂક્યા એ પોતાપણું કહેવાય.. અજ્ઞાનતાના પક્ષમાં બેસવું એ પોતાપણું કહેવાય. અમે કહીએ કે ''હેંડો બગીચામાં'' તો તમે ના પાડો કે ના મને નહીં ફાવે ત્યાં બગીચામાં હું નહીં આવું એ જ પોતાપણું કહેવાય. કળા કરીને કે કપટ કરીનેય પોતાની પ્રકૃતિનું રક્ષણ કરે એ ડબલ પોતાપણું-(ગાઢ પોતાપણું) કહેવાય.

પ્ર. ૫૧ **પોતાપણાનો શોખ કોને કહેવાય ?**

ઉ. ૫૧ મારું કહેલું જ કરવું પડશે એમ કહેવું એ પોતાપણાનો શોખ કહેવાય.

પ્ર. ૫૨ **પોતાપણું ક્યારે ઓછું થાય ?**

ઉ. ૫૨ કોઇની સાથે ક્યારેય પણ મતભેદ ના પાડીએ તો પોતાપણું ઓછું થાય.

પ્ર. ૫૩ **પોતાપણું જવા માટે કયા પ્રકારની જાગૃતિ જોઇએ ?**

ઉ. ૫૩ ''આ હું અને આ હું ન્હોય'' એ ખ્યાલમાં રહે, પોતે કોણ છે એ નિરંતર લક્ષમાં હોય, જ્ઞાની પુરુષની આજ્ઞા પળાતી હોય, સામી વ્યક્તિ નિર્દોષ અને અકર્તા દેખાતી હોય ત્યારે પોતાપણું જાય. પોતાની ભૂલો ખુલ્લા મને જાહેર કરી દેવામાં આવે તેમ તેમ પોતાપણું છૂટતું જાય. આપણે ભાવ

કરવો કે પોતાપણું કાઢવું છે અને એ ભાવને સિન્સિયર રહેવું તો પોતાપણું જતું રહે. વ્યવસ્થિતની આજ્ઞા એ પોતાપણું છોડવા માટે જ આપેલી છે.

પ્ર. ૫૪ પોતાપણું ક્યારે નાશ થાય ?

ઉ. ૫૪ જ્ઞાનીની આજ્ઞામાં સંપૂર્ણ રહેવાય એટલે સ્વછંદ રહ્યો જ નહીં એટલે પોતાપણું નાશ પામે. સંપૂર્ણ આજ્ઞામાં નિરંતર રહેવાય એટલે પોતાપણું નાશ પામે.

પ્ર. ૫૫ પોતાપણું જાય એટલે શું થાય ?

ઉ. ૫૫ પોતાપણું જાય એટલે ભગવાન જોડે અભેદ થઇ ગયો. પોતાપણું જાય તો એ ભગવાન થયો કહેવાય. પોતાપણું જાય એટલે બધી સંપૂર્ણ જવાબદારી ભગવાનની ગણાય છે. આપોપુ ગયું એટલે પરમાત્મા જ થઇ ગયો, જ્ઞાની થઇ ગયો કહેવાય.

પ્ર. ૫૬ પોતાપણું ગયું તેની નિશાની શું ?

ઉ. ૫૬ કોઇનીય સાથે જુદાઇ જ નહીં, દુશ્મન હોય તોય જુદાઇ જ ના લાગે, બધાંની સાથે એકતા લાગે. આ પોતાપણું ગયું એટલે ભગવાન જ કહેવાય.

પ્ર. ૫૭ પોતાપણું રહિતના લક્ષણો શું ?

ઉ. ૫૭ પોતાપણું રહિતના લક્ષણો નીચે મુજબ છે.

૧. પોટલાની જેમ જ્યાં જ્યાં જવું પડે ત્યાં જાય.
૨. સંપૂર્ણ સંયોગાધિન વર્તે. અધિનતા એટલે સંપૂર્ણ નિરઅહંકારતા.
૩. પોતાનો મત ના હોય. સંપૂર્ણ સાહજિકતા, કુદરત જેમ રાખે તેમ રહે.
૪. આખો દહાડો એ ડ્રામેટિક જ હોય, બધી ક્રિયા તેમની નાટકીય હોય.
૫. પોતાનો સહેજ પણ અવાજ ના હોય, જેમ બધા કહે એમ કરે.
૬. બુદ્ધિ હોય નહીં.
૭. ઘણી ચીજો ભાવી ના હોય તોય ખાઇ જાય. ઘણી ચીજો પીવી ના હોય તોય પીવે. ના જોઇતું હોય તેય બધું કરે.
૮. અંતઃકરણથી આત્મા જુદો જ રહે. ડિસ્ચાર્જ કર્તાભાવ પણ ના હોય.
૯. નિરંતર જાગૃત હોય. ગર્વ કે ગારવતા ના હોય.
૧૦. વ્યવહાર બધો સંપૂર્ણ આદર્શ હોય.
૧૧. પોતાપણું ના હોય એવા તો ફક્ત તીર્થંકર ગોત્રમાં નાપાસ થયેલા એટલા જ હોય.

પ્ર. ૫૮ મારાપણું એટલે શું ?

ઉ. ૫૮ મારાપણું એટલે વિનાશી ચીજવસ્તુઓ પ્રત્યેની મમતા સૂચવે છે. મમત્ત્વ અને માલિકીભાવની લાગણી એ જ મારાપણું છે.

પ્ર. ૫૯ મારાપણામાંથી છૂટવાનો ઉપાય શો ?

ઉ. ૫૯ તમે જે ચીજને મારું મારું કરો ને એટલે તમે તે રૂપ થઇ જાવ હવે તેમાંથી છૂટવા માટે ન હોય મારું, ન હોય મારું એમ કરીને તમે છેદ ઉડાડી શકો છો. એક દહાડો બે કલાક બેસીને ''ન હોય મારું, ન હોય મારું કહીને બધાની જોડે છેદ ઉડાડી દો પછી જુઓ કેટલી સુંદર જાગૃતિ ઊભી થાય છે.'' આ દુનિયામાં કોઇપણ ચીજને મારી કહેવા કરતાં આ ''દાદા''ને મારા કહેવાં ઉત્તમ વસ્તુ છે. અહીં તમે મારા કહેશો તો બીજે બધે મારાપણું ઊડી જશે.

પ્ર. ૬૦ મારાપણું અને પોતાપણું એ બેમાં ફેર શું ?

ઉ. ૬૦ મારાપણું એ મમત્ત્વ સૂચવે છે અને પોતાપણું જે છે તે ઊંચો અહંકાર છે, મોટો અહંકાર છે, એ કંઇ નોમિનલ અહંકાર નથી. આ જ્ઞાન લીધા પછી હું અને મમતા છૂટી ગયા એમાં બે મત નથી છતાંય પોતાપણું રહ્યું છે.

પ્ર. ૬૧ લઘુત્તમ એટલે શું ?

ઉ. ૬૧ આ દુનિયામાં જેટલા જીવ છે એમાં સૌથી નાનામાં નાનો હું છું એ મારી હાઇટ છે. લઘુત્તમ એટલે સર્વથી નાનો જે કોઇ જીવ હોય, એનાથી પણ નાનો હું છું એનું નામ જ લઘુત્તમ. આ ભૌતિકમાં, નામમાં, રૂપમાં, પૈસામાં, માનમાં, તાનમાં, એ બધી બાબતમાં લઘુત્તમ બને ત્યારે લઘુત્તમ કહેવાય. વ્યવહારથી લઘુત્તમ રહેવાનું છે. ભાવ લઘુત્તમનો જ રાખવો, જેટલો લઘુત્તમનો ભાવ રાખશો, એટલું નિશ્ચયમાં (ગુરુત્તમમાં) આગળ વધશો. લઘુત્તમને માર ના અડે, ગાળો ના અડે, એને કશું જ અડે નહીં એનું નામ લઘુત્તમ કહેવાય.

પ્ર. ૬૨ લઘુત્તમ યોગમાં શું કરવાનું ?

ઉ. ૬૨ દહાડે દહાડે હલકા થવાનું, ગુરુ નહીં થવાનું, હલકા થતાં જવાનું, બધાના શિષ્ય થતાં થતાં આખા જગતના શિષ્ય થઇ જવાનું છે. આ જગતમાં બધાના શિષ્ય થવાનું. કોઇ નાલાયક કહે તો એના શિષ્ય થવું આપણે કે ભાઇ તું મારો ગુરુ કે તેં મને શીખવાડ્યું કે હું નાલાયક છું. લઘુત્તમ યોગમાં બસ આ જ કરવાનું છે.

પ્ર. ૬૩ લઘુત્તમ થવાનું એ તો બહુ મોટી વસ્તુ ખરીને ?

ઉ. ૬૩ ના એવી મોટી વસ્તુ નથી. આપણે નક્કી કર્યું ને કે મારે લઘુત્તમ થવું છે તો મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર આ બધા પછી એ બાજુ જ જયા કરે એટલે ધ્યેય નક્કી કર્યો એ બાજુ જાય. અમે તમને લાઇન ઓફ ડીમાર્કેશન નાંખી આપેલી છે એટલે તમે લઘુત્તમની ખુમારીમાં રહો. આપણે ચંદુલાલને કહેવાનું કે ભાઇ કામ કર્યે જાવ, ચા પીવી હોય તો ચા પીવો પણ કામ કરો, આટલું કહેવાનું એટલે આપણને તો લઘુત્તમની ખુમારી રહેવી જોઇએ. લઘુત્તમ એ તો આપણું કેન્દ્ર છે. લઘુત્તમ ભાવમાં રહેવું અને અભેદ દૃષ્ટિ રાખવી એ અક્રમ વિજ્ઞાનનું ફાઉન્ડેશન છે.

પ્ર. ૬૪ લઘુત્તમ થયાની નિશાની શું ?

ઉ. ૬૪ અહીંથી તમને એક ગાડીમાં લઇ જતા હોય અને પછી ઓળખાણવાળા આવ્યા એટલે તમને પછી કહેશે કે ઊતરી જાવ એટલે કંઇપણ અસર થયા વગર ઊતરી જવું. ફરી પાછો થોડીવાર પછી કહે ના ના તમે આવો ફરી પાછા તમને બેસાડ્યા તો તમે બેસી જાવ. ફરી વળી બીજા ઓળખાણવાળા આવ્યા અને તમને કહે કે ઊતરી જાવ તો કંઇપણ અસર થયા સિવાય ઉતરી પડવું ને કંઇપણ ઇફેક્ટ સિવાય ચઢવું એવું નવવખત ગાડીમાંથી ઉતારી મૂકે અને નવ વખત પાછા બોલાવે તો દરેક વખતે જરાય અસર થયા વિના પોતે વર્તે તો જાણવું કે પોતે લઘુત્તમ થયો છે.

પ્ર. ૬૫ પ્રજ્ઞા એટલે શું ? પ્રજ્ઞા કોને કહેવાય ?

ઉ. ૬૫ પ્રજ્ઞા એ આત્માનો ડિરેક્ટ પ્રકાશ છે. કેવળજ્ઞાનના અંશ સ્વરૂપના ભાગને પ્રજ્ઞા કહેવામાં આવે છે. પ્રજ્ઞા એ જ્ઞાન પર્યાય છે. આત્માના જ્ઞાનનું કિરણ ફૂટે તે જ પ્રજ્ઞા કહેવાય. પ્રજ્ઞા એ આત્માનું જ અંગ છે અને તે આત્માને નિરંતર મુક્તિ અપાવવાનું જ કાર્ય કરે છે. આત્માથી જે પરાયું છે તેને ક્યારેય પોતાનું ના થવા દે અને પોતાનું છે તેને ક્યારેય પરાયું ના થવા દે તે પ્રજ્ઞા. હોમ ડિપાર્ટમેન્ટ અને ફોરેન ડિપાર્ટમેન્ટ બન્ને ને છૂટા જ રાખે તે પ્રજ્ઞા છે. પ્રજ્ઞા ભાગ અચંચળ ભાગમાં આવે. જે જ્ઞાનથી જ્ઞાતા-દ્રષ્ટાનું ભાન રહે તે પ્રજ્ઞા. શ્રદ્ધા છે પણ વર્તનમાં નથી તે પ્રજ્ઞા છે. શ્રદ્ધા એ પ્રજ્ઞા અને વર્તન એ જ આત્મા, જે વર્તનમાં રખાવે છે તે આત્મા છે. શ્રદ્ધામાં રખાવે છે તે પ્રજ્ઞા. પ્રજ્ઞા એ રીયલમાંથી ઉત્પન્ન થનારી શક્તિ છે. પ્રજ્ઞા તો

મોક્ષે લઇ જતા સુધી છોડે જ નહીં. જે ટાઇમે અહીંથી દેહ છૂટ્યો અને મોક્ષની તૈયારી થઇ એ ટાઇમે પ્રજ્ઞા આત્મામાં ભળી જાય, એ કંઇ જુદી શક્તિ નથી. જ્ઞાની પુરુષ પાસેથી સ્વરૂપનું જ્ઞાન મળે ત્યાર પછી જે પ્રગટે છે તે પ્રજ્ઞા. આ જ્ઞાન મળ્યા પછી પ્રજ્ઞાશક્તિ ઉત્પન્ન થાય છે એને પ્રજ્ઞાન બ્રહ્મ કહેવાય છે.

પ્ર. ૬૬ પ્રજ્ઞાની પાંખડી ક્યારે ખૂલે ?

ઉ. ૬૬ બુદ્ધિ પરાનુગ્રાહી થાય તો પ્રજ્ઞાની પાંખડી ખૂલે.

પ્ર. ૬૭ પ્રજ્ઞા શું કાર્ય કરે છે ? તેનો સ્વભાવ કેવો છે ?

ઉ. ૬૭ પ્રજ્ઞા એ તો ''પતિ એ જ પરમેશ્વર માનતી વફાદાર પત્ની''નું કામ કરે છે. આત્માના સંપૂર્ણ હિતનું જે દેખાડે અને અહિતને છોડાવે તેને પ્રજ્ઞા કહેવાય. જેટલા જેટલા બાહ્ય સંયોગ આવે તેટલાનો સમભાવે નિકાલ કરી આપે અને પાછી સ્વરૂપના ધ્યાનમાં બેસી જાય આ બે તેના કાર્ય છે. અજ્ઞાનના સંયોગોનો વિયોગ કરાવી વિસર્જન કરાવે અને નિરંતર મોક્ષ તરફ મુક્તિ તરફ પ્રયાણ કરાવે. પ્રજ્ઞા નિરંતર વારે ઘડીએ ચેતવ ચેતવ કરે. ફાઇલ આવે ત્યારે જ્ઞાન વાક્યો હાજર કરી જાગૃત કરાવે છે અને ફાઇલનો સમભાવે નિકાલ પણ એ જ કરાવે છે. પરાયું છે તે ક્યારેય પોતાનું ના માનવા દે તે પ્રજ્ઞા. પ્રજ્ઞા અંદરનુંય કાર્ય કરે અને બહારનુંય કાર્ય કરે, Interim Government ની જેમ અને તેય જયાં સુધી સંપૂર્ણ સ્વતંત્ર ગવર્નમેન્ટ સ્થાપિત ના થાય ત્યાં સુધી. પ્રજ્ઞા મહીં રીયલ રીલેટિવનું ડીમાર્કેશન દેખાડે, નીજદોષ દેખાડે, પ્રતિક્રમણ કરાવડાવે છે. પ્રજ્ઞાનું કાર્ય કેવળજ્ઞાન થતાં જ પુરું થાય છે. પ્રજ્ઞા એ હંમેશાં મોક્ષે લઇ જવા માટે માથાકૂટ કર્યા કરે. બુદ્ધિ અર્થાત્ અજ્ઞા સંસાર પક્ષમાં જ હોય અને પ્રજ્ઞા મોક્ષે લઇ જવાના પક્ષમાં હોય એટલે આ બંનેનું સંઘર્ષણ નિરંતર શરીરની અંદર ચાલતું હોય છે.

પ્ર. ૬૮ ''હું શુદ્ધાત્મા છું'' એવું કોણ બોલે છે ?

ઉ. ૬૮ ''હું શુદ્ધાત્મા છું'' એવું પ્રજ્ઞા નામની જે શક્તિ ઊભી થયેલી છે તે બોલે છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર જો બોલે તો તો તેમનું અસ્તિત્ત્વ જ ઊડી જાય એટલે આ પ્રજ્ઞા નામની શક્તિ બોલે છે.

પ્ર. ૬૯ પ્રજ્ઞાચક્ષુ કોને કહેવાય ?

ઉ. ૬૯ મોક્ષ ભણી લઈ જવા માટે જે તમને નિરંતર ચેતવ્યા કરે તે પ્રજ્ઞાચક્ષુ.

પ્ર. ૭૦ પ્રતિક્રમણ શું છે ?

ઉ. ૭૦ પ્રતિક્રમણ એ મોક્ષે લઈ જવા માટે નથી પણ એ તો વેર અટકાવવા માટે ભગવાનને ત્યાંનો ફોન છે. પ્રતિક્રમણમાં કાચા પડ્યા તો વેર બંધાય. ભૂલ જ્યારે સમજાય ત્યારે તરત જ પ્રતિક્રમણ કરી લો.

પ્ર. ૭૧ પ્રતિક્રમણ એટલે શું ? પ્રતિક્રમણ કોને કહેવાય છે ?

ઉ. ૭૧ ક્રમણ એટલે વ્યવહાર આપણે વ્યવહારમાં કોઈને કડક શબ્દ બોલ્યા કે વર્તનમાં અવળું થયું કે અવળા ચાલ્યા તે અતિક્રમણ કહેવાય હવે જેટલું અવળા ચાલ્યા એટલું જ સવળા પાછાં આવ્યા, તેનું નામ પ્રતિક્રમણ. અવળા ચાલ્યા એનું નામ અતિક્રમણ અને પાછા આવીએ એનું નામ પ્રતિક્રમણ. કોઈને આપણા મન, વચન, કાયાથી દુઃખ થયું તે અતિક્રમણ તો તેનું પ્રતિક્રમણ કરવું પડે. પ્રતિક્રમણ એટલે માફી માંગવી, પ્રતિક્રમણ એટલે તમને સમજણ પડે એ રીતે એની માફી માંગવાની છે. નવાં કર્મ પ્રતિક્રમણથી અટકે. દોષ ઉત્પન્ન થતાંની સાથે જ પ્રતિક્રમણ કરવામાં આવે તો નિવેડો આવે. ક્ષમા માંગવાથી પાપ ઓછા થાય અને પ્રતિક્રમણથી તો પાપ ખલાસ થઈ જાય. ક્રોધ કર્યો હોય તેની પર પસ્તાવો કરવો તેનું નામ પ્રતિક્રમણ. પ્રતિક્રમણ તો કોનું નામ કહેવાય કે જે કરવાથી દોષ ઘટે. પ્રતિક્રમણ એટલે કષાયને ખલાસ કરી નાંખવાના. પ્રતિક્રમણ તો શૂટ ઓન સાઈટ દોષ થતાંની સાથે જ પ્રતિક્રમણ હોય. પ્રતિક્રમણ અભિપ્રાય છોડવા માટે જ છે ખાલી. પ્રતિક્રમણ એટલે પોતાના આત્માની શક્તિ ભેગી થવી. પ્રતિક્રમણથી શક્તિ વધે. દોષને સુધારે તે પ્રતિક્રમણ કહેવાય. પ્રતિક્રમણ તો દોષ થતાંની સાથે જ તરત જ હોય, શૂટ ઓન સાઈટ હોય તેને પ્રતિક્રમણ કહેવાય. મનથી જો જરાક દોષ થયો હોય તો એનું પ્રતિક્રમણ તરત જ કરી નાંખવાનું. પ્રતિક્રમણ એ જાગૃતિ છે. અજ્ઞાની પ્રતિક્રમણ કરે તો તેને પુણ્ય બંધાય. આત્મજ્ઞાન થયા પછી પ્રતિક્રમણ કરે તો તે મોક્ષમાર્ગ આપે. પ્રતિક્રમણ મોહનો નાશ કરે છે. ખરેખર તો નિજસ્વરૂપની પ્રાપ્તિ પછી પ્રતિક્રમણ હોય. પ્રતિક્રમણ કોનું

નામ કહેવાય કે ડાઘ પડ્યો કે તરત ધોઈ નાંખવું એને પ્રતિક્રમણ કહેવાય. પ્રતિક્રમણમાં તો એટલી બધી શક્તિ છે કે વાઘ કૂતરા જેવો થઈ જાય. વ્યવહાર ના શોભે એવો હોય ત્યાં પ્રતિક્રમણ કરવું પડે, જેની સ્મૃતિ આવે તેનું પ્રતિક્રમણ કરવું પડે. ટૂંકમાં પ્રતિક્રમણ એટલે પાપથી પાછા હઠવું. પાપ ધોવાઈ જાય, પાપનો નાશ થાય, તેવી જ્ઞાની ભગવંતોએ બતાવેલી માફી માંગવાની મહાન ક્રિયા એટલે પ્રતિક્રમણ. પ્રતિક્રમણ એટલે બીજને શેકી નાંખવું તે.

પ્ર. ૭૨ પ્રતિક્રમણ શેના માટે કરવાના ?

ઉ. ૭૨ પ્રતિક્રમણ ક્રેડિટ અને ડેબીટ બંનેને નિઃશેષ કરવા માટે છે, પણ ક્રેડિટનું યાદ ના રહે ને એટલે ક્રેડિટનું પ્રતિક્રમણ તો હંમેશાં કરવાનું.

પ્ર. ૭૩ ટૂંકું પ્રતિક્રમણ કેમ બોલવું ?

ઉ. ૭૩ હે દાદા ભગવાન મારાથી આ ભૂલ થઈ ગઈ, આ ભાઈની જોડે ગુસ્સો વધારે થઈ ગયો માટે હું ક્ષમા માંગું છું, પસ્તાવો કરું છું, ફરી નહીં કરું આટલું જ બોલો તોય ચાલે. સામાની ભૂલ હોય તોય આપણે માફી લેવી આ જ ટૂંકામાં ટૂંકું પ્રતિક્રમણ.

પ્ર. ૭૪ જાથુ પ્રતિક્રમણ કોને કહેવાય ?

ઉ. ૭૪ જાથુ એટલે નિરંતર. જે નિરંતર યાદ આવ્યા કરતું હોય તેનું તેટલી વાર પ્રતિક્રમણ કરવું પડે. સ્મૃતિ એ રાગ-દ્વેષનો અરિસો છે. રાગ દ્વેષ છે માટે જ યાદ આવ્યા કરે છે, જે જે યાદ આવે છે તેના નિરંતર પ્રતિક્રમણ તે જાથુ પ્રતિક્રમણ કહેવાય.

પ્ર. ૭૫ અક્રમનું પ્રતિક્રમણ કેવું છે ?

ઉ. ૭૫ અક્રમનું પ્રતિક્રમણ તો તરત દાનને મહાપુણ્ય જેવું છે. ખરાબ વિચાર આવ્યો ને તરત જ તે ભૂલ માટે માફી માંગી લેવાની હોય તો ચોખ્ખું થઈ જાય. અહી તો શૂટ ઓન સાઈટ દોષ દેખાતાની સાથે તરત જ તેને ધોઈ નાખવાનો છે.

પ્ર. ૭૬ પ્રતિક્રમણમાં શું વિધિ બોલવાની છે ?

ઉ. ૭૬ પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ દેહધારી ★ ના મન, વચન, કાયાના યોગ, ભાવકર્મ, દ્રવ્ય કર્મ, નો કર્મથી ભિન્ન એવા હે પ્રગટ શુદ્ધાત્મા

ભગવાન આજ દીન સુધી જે જે ★★ દોષ થયા તેની ક્ષમા માંગુ છું. પશ્ચાતાપ કરું છું આલોચના પ્રતિક્રમણ પ્રત્યાખ્યાન કરું છું મને ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો અને ફરી આવા દોષ ક્યારેય પણ નહી કરું એવો દૃઢ નિશ્ચય કરું છું હે દાદા ! ભગવાન ફરીથી આવાં દોષ ક્યારેય પણ ના થાય એવી મને પરમ શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.

★ સંબંધિત વ્યક્તિનું નામ લેવું

★★ જે જે દોષ થયા હોય તે મનમાં જાહેર કરવા

પ્ર. ૭૭ કુટુંબના માણસોના પ્રતિક્રમણ કેવી રીતે કરવા ?

ઉ. ૭૭ ઉપરોક્ત વિધિમાં હે પ્રગટ શુદ્ધાત્મા ભગવાન પછી નીચે પ્રમાણેના વાક્ય બોલવા. ''સંસાર ભજવવાના આરંભકાળથી આજ દિનની અદ્યક્ષણ પર્યંત, શ્રી ચંદુલાલના પ્રત્યે આ ભવમાં, ગતભવમાં, સંખ્યાતભવોમાં, અસંખ્યાત ભવોમાં કે અનંતાભવોમાં રાગ કે દ્વેષનો બંધ પડે તેવા જે કોઈપણ પ્રકારનાં અપકૃત્યો, દુષ્કૃત્યો, દોષો, ભૂલો કે અપરાધો તથા સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર કે સૂક્ષ્મત્તમ કષાય સબંધી દોષો, મારા પ્રાપ્ત મન, વચન, કાયા થકી જાણતા કે અજાણતા મેં કર્યાં, કરાવ્યા કે કર્તા પ્રત્યે અનુમોદ્યા હોય તો તે સર્વ દોષોની, ભૂલોની, અપરાધોની હું ક્ષમા માંગું છું. આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન કરું છું. મને ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો, અને ફરીથી આવાં દોષો ક્યારેય પણ નહીં કરું એવો દૃઢ નિશ્ચય કરું છું. હે દાદા ભગવાન ફરીથી આવાં દોષો ક્યારેય પણ ના થાય તેવી મને પરમ શક્તિ આપો. શક્તિ આપો. શક્તિ આપો.

પ્ર. ૭૮ સાધુ-સાધ્વીઓનું પ્રતિક્રમણ કેવી રીતે કરવાનું ?

ઉ. ૭૮ પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ દેહધારી તમામ ધર્મોના સાધુ, સાધ્વી કે આચાર્યોના મન, વચન, કાયાના યોગ, ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મથી ભિન્ન એવા હે પ્રગટ શુદ્ધાત્મા ભગવાન, સંસાર ભજવવાના આરંભકાળથી આજ દિનની અદ્યક્ષણ પર્યંત, તેઓના પ્રત્યે આ ભવમાં, ગતભવમાં, સંખ્યાત ભવોમાં, અસંખ્યાત ભવોમાં, કે અનંતા ભવોમાં પ્રાપ્ત મન, વચન, કાયા થકી જે જે અવર્ણવાદ, અપરાધ, અવિનય કે વિરાધના મેં કરી, કરાવી કે કર્તા પ્રત્યે અનુમોદી હોય તથા રાગ દ્વેષ કે અજ્ઞાનતાથી જે જે આક્ષેપો કર્યા હોય, અહંકાર ભગ્ન કર્યો હોય અથવા અન્ય કોઈપણ પ્રકારના સ્થૂલ,

સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મત્તમ દોષો, ભૂલો કે અપરાધો મેં કર્યાં, કરાવ્યા કે કર્તા પ્રત્યે અનુમોદ્યા હોય, તો તે સર્વ દોષોની, ભૂલોની, અપરાધોની હું ક્ષમા માંગું છું, આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન કરું છું મને ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો, અને ફરીથી આવાં દોષો ક્યારેય પણ નહીં કરું એવો દૃઢ નિશ્ચય કરું છું, હે દાદા ભગવાન ફરીથી આવાં દોષો ક્યારેય પણ ના થાય એવી મને પરમ શક્તિ આપો. શક્તિ આપો. શક્તિ આપો. (વ્યક્તિગત નામ યાદ આવતું હોય તો તે સાધુ, સાધ્વી કે આચાર્યનું નામ લઈને ઉપર મુજબ પ્રતિક્રમણ કરવું એટલે એક ફાઈલનો નિકાલ થયો તેમ કહેવાય.)

પ્ર. ૭૯ પ્રતિક્રમણના મુખ્ય કેટલા પ્રકાર છે ?

ઉ. ૭૯ પ્રતિક્રમણના મુખ્ય પાંચ પ્રકાર છે.

૧. દેવશી ૨. રાયશી ૩. પાક્ષિક

૪. ચૌમાસી -(ચાતુર્માસિક) ૫. સંવત્સરી

૧. **દેવશી પ્રતિક્રમણ :** આખો દિવસ જે જે દોષ કે ભૂલ અથવા અપરાધ થયા હોય તેને રાત્રે સૂતા પહેલાં યાદ કરીને (સંભારીને) તેના પ્રતિક્રમણ કરવાના તેને દેવશી પ્રતિક્રમણ કહે છે.

૨. **રાયશી પ્રતિક્રમણ :** રાત્રી દરમ્યાન જે જે દોષો થયા હોય તેને યાદ કરી સવારના પહોરમાં પ્રતિક્રમણ કરવાના તેને રાયશી પ્રતિક્રમણ કહે છે.

૩. **પાક્ષિક પ્રતિક્રમણ :** પખવાડિયાના દોષો દૂર કરવા માટે પ્રતિક્રમણ કરીએ તેને પાક્ષિક પ્રતિક્રમણ કહે છે.

૪. **ચૌમાસી પ્રતિક્રમણ :** ચાર મહિના દરમ્યાન જે જે દોષો થયા હોય તેને દૂર કરવા માટે ચૌમાસી પ્રતિક્રમણ હોય છે.

૫. **સંવત્સરી પ્રતિક્રમણ :** આખા વર્ષ દરમ્યાન જે જે દોષો થયા હોય તેને ધોવા માટે જે વર્ષમાં એકવાર કરીએ તે સંવત્સરી પ્રતિક્રમણ કહેવાય છે.

પ્ર. ૮૦ પાંચ પ્રતિક્રમણ વર્ષમાં કેટલી વખત થાય ?

ઉ. ૮૦ સંવત્સરી પ્રતિક્રમણ વર્ષમાં એકવાર ભાદરવા સુદ ચોથના દિવસે થાય છે. ચૌમાસી પ્રતિક્રમણ વર્ષમાં ત્રણ વખત કારતક સુદ ચૌદશે, ફાગણ સુદ

ચૌદશે અને આસો સુદ ચૌદશે થાય છે. પાક્ષિક પ્રતિક્રમણ વર્ષમાં એકવીશ વાર, ચૌમાસી સિવાયની સુદ ચૌદશોએ તથા બધી વદ ચૌદશોએ થાય છે. દેવશી પ્રતિક્રમણ ઉપરના પચ્ચીસ દિવસ સિવાય બાકીના બધાં દિવસે રોજ સાંજે થાય છે. રાયશી પ્રતિક્રમણ વર્ષના બધાં દિવસો એ અર્થાત્ ત્રણસોને પાસઠ દિવસો એ રોજ સવારે કરવામાં આવે છે.

પ્ર. ૮૧ પ્રતિક્રમણના આઠ પર્યાય કયા કયા છે ?

ઉ. ૮૧ પ્રતિક્રમણના આઠ પર્યાય નીચે મુજબ ગણાય છે.

૧. **પ્રતિક્રમણ :** અશુભ યોગમાં ગયેલા મન, વચન, કાયાને શુભ યોગમાં પાછા સ્થિર કરવા તેનું નામ પ્રતિક્રમણ

૨. **પરિહરણા :** સર્વ પ્રકારે ત્યાગવું તે પરિહરણ કહેવાય. ક્રોધ આદિનું ત્યજવું તે પ્રશસ્ત પરિહરણ અને જ્ઞાનાદિકનું ત્યજવું તે અપ્રશસ્ત પરિહરણ છે.

૩. **પ્રતિચારણા :** પ્રતિચારણા એટલે વારંવાર તે તે ભાવમાં ગમન કરવું, ભાવ-ભાવવા. મિથ્યાત્વાદિકનું સેવન તે અપ્રશસ્ત વિચારણા અને સમ્યક જ્ઞાન, દર્શન, ચારિત્રનું સેવન તે પ્રશસ્ત વિચારણા.

૪. **વારણા :** જે નિવારવામાં આવે તે વારણા કહેવાય છે. જે વિષયોને નિવારવામાં આવે છે તેને વારણા કહેવાય.

૫. **નિવૃત્તિ :** પ્રમાદ વગેરેથી નિવૃત્તિ તે પ્રશસ્ત જાણવી અને સમિતિ અને ગુપ્તિ વગેરેથી નિવૃત્તિ તે અપ્રશસ્ત જાણવી.

૬. **નિંદા :** આત્માની સાક્ષીએ આત્માની નિંદા કરવી. આપણે આપણા દૂર્ગુણોની નિંદા કરવી, બીજાની નિંદા કરવાની નથી.

૭. **ગર્હા :** પોતાના પાપની નિંદા કરવી. પોતાનાથી જે કાંઈ પાપ થઈ ગયું હોય તેની દેવ-ગુરુ સમક્ષ કડક નિંદા કરવી જોઈએ.

૮. **પર્યાય શુદ્ધિ :** જ્ઞાનાદિકની શુદ્ધિ તે પ્રશસ્ત શુદ્ધિ. ક્રોધાદિકની સ્પષ્ટતા તે અપ્રશસ્ત શુદ્ધિ. તમામ પ્રકારના પાપની આલોચના કરીને શુદ્ધિ કરવી તે.

પ્ર. ૮૨ ક્રમિક માર્ગમાં પ્રતિક્રમણની જરૂર ક્યાં સુધી ?

ઉ. ૮૨ ક્રમિક માર્ગમાં આત્મા પ્રાપ્ત થયા પછી પ્રતિક્રમણ એ પોઈઝન જેવું છે.

ક્રમિકમાં અતિક્રમણ કરે જ નહીં કારણ કે એટલે ઊંચે દરજ્જે આવેલો માણસ અતિક્રમણ કરે જ નહીં. ક્રમિકમાર્ગમાં શુદ્ધાત્મા અનુભવ થયા પછી પ્રતિક્રમણ કરવાના હોતા નથી. અક્રમમાર્ગમાં પણ શુક્લધ્યાન પછી પ્રતિક્રમણ જાતે કરવાનું હોતું નથી. આ પ્રતિક્રમણ જાતે કરે તો તો પછી શુક્લધ્યાન કહેવાય જ નહીં, તમારે ચંદુલાલને કહેવાનું કે પ્રતિક્રમણ કરો. પ્રજ્ઞા શક્તિ જ મહીં કામ કર્યા કરે છે. શુદ્ધાત્માનું જ્ઞાન થયા પછી પ્રતિક્રમણની જરૂર હોતી નથી, આ તો અક્રમ છે તેથી પ્રતિક્રમણ કરવું પડે. પ્રતિષ્ઠિત આત્માએ ગુન્હો કર્યો માટે પ્રતિષ્ઠિત આત્મા માફી માંગે. તમારે અમારાથી છૂટા થવાનું છે અને તમારે ચોખ્ખા થવાનું છે માટે તમે છે તે પ્રતિક્રમણ કરો ફક્ત એવું કહેવાનું. અતિક્રમણ થાય તો પ્રતિક્રમણ કરવાનું. પ્રતિક્રમણ એ પૌદ્ગલિક છે, પણ એ પુરુષાર્થ છે અને જાગૃતિને આધિન છે. જાગૃતિ એ જ પુરુષાર્થ છે.

પ્ર. ૮૩ પ્રતિક્રમણ ના થાય એ શું છે ?

ઉ. ૮૩ એ પ્રકૃતિ દોષ છે. જાગૃતિ ઓછી કહેવાય. પ્રતિક્રમણ ના થાય એને અંતરાય ના કહેવાય પણ જાગૃતિનો અભાવ અર્થાત્ જાગૃતિ ઓછી છે એમ કહેવાય.

પ્ર. ૮૪ દ્રવ્ય પ્રતિક્રમણ અને ભાવ પ્રતિક્રમણ એટલે શું ?

ઉ. ૮૪ ભાવથી બોલવું કે આવું ન હોવું જોઈએ, ભાવ એવો રાખવો કે આવું ન હોવું જોઈએ આ ભાવ પ્રતિક્રમણ કહેવાય છે અને પેલું દ્રવ્યથી તો આખું બધું શબ્દે શબ્દ બોલવો પડે. જેટલા શબ્દ લખેલા હોય છે ને એ બધાં આપણે બોલવા પડે એ દ્રવ્ય પ્રતિક્રમણ કહેવાય. પ્રતિક્રમણ એટલે ગુન્હાની માફી માંગી લેવી, સાફ કરી નાંખવું. એક ડાઘ પડયો હોય એ ડાઘાને ધોઈને સાફ કરી નાંખવું અને એ હતી એવીને એવી ચોખ્ખી જગ્યા કરી નાંખવી એનું નામ પ્રતિક્રમણ.

પ્ર. ૮૫ ચોથું ગુંઠાણું ક્યારે શરૂ થાય ?

ઉ. ૮૫ મિથ્યાત્વ જાય અને પ્રતિક્રમણ શરૂ થાય એટલે ચોથું ગુંઠાણું શરૂ થાય.

પ્ર. ૮૬ પ્રશ્ચાતાપ એટલે શું ?

ઉ. ૮૬ કરેલા દુષ્કૃત્યોનો એકરાર અને ફરીથી ન કરવાનો કરાર તે પ્રશ્ચાતાપ કહેવાય.

પ્ર. ૮૭ માફી માંગવાથી શું થાય ?

ઉ. ૮૭ માફી માંગવાથી તમારા પાપનું મૂળ બળી જાય એટલે એ ફરી ફૂટે નહીં પરંતુ તેનું ફળ તો ભોગવવું જ પડે. કેટલીકવાર બરાબર બળ્યું ના હોય તો ફરી ફૂટેય ખરું, બાકી મૂળ ગમે તેટલું બળી ગયું હોય પણ તોય ભોગવવા તો પડે જ, પ્રશ્ચાતાપથી પાપ હલકું થઈ જાય.

પ્ર. ૮૮ મિચ્છામી દુકકડમ્ એટલે શું ?

ઉ. ૮૮ મિચ્છામી દુકકડમ્ એ અર્ધમાગધી ભાષાનો શબ્દ છે. મિચ્છામી દુકકડમ્ એટલે મારા થયેલા તમામ દુષ્કૃત્યો મિથ્યા થાઓ. મિચ્છામી દુકકડમ્ એટલે જેટલા દુષ્કૃત્ય થયા હોય તે બધી જ જાતના દુષ્કૃત્ય મિથ્યા થાવ. દુષ્કૃત્ય કોને કહેવાય કે જેમાં પ્રત્યક્ષ હિંસાનો વેપાર થતો હોય. દા.ત. અનાજ-કરિયાણાનો વેપાર.

પ્ર. ૮૯ પચ્ચક્ખાણ એટલે શું ?

ઉ. ૮૯ રાત્રે નહીં ખાવાની બાધા એનું નામ પચ્ચક્ખાણ. લીલોતરી નહીં ખાઉ, બટાકા નહીં ખાઉ, કંદમૂળ નહીં ખાઉં, આ પ્રકારની ગુરુ પાસે લીધેલી આજ્ઞા એ બધાને પચ્ચક્ખાણ કહેવાય. પચ્ચક્ખાણ લેવા તે સંસારમાર્ગ છે. પચ્ચક્ખાણ એનું નામ કહેવાય કે જે ગ્રહણ કરતો હોય તેનું પચ્ચક્ખાણ લેવાનું હોય.

પ્ર. ૯૦ પ્રત્યાહાર એટલે શું ?

ઉ. ૯૦ પ્રત્યાહાર એટલે ઈન્દ્રિયોને નિરાહાર રાખવાની તે. ઈન્દ્રિયોને આહાર નહીં આપવો તે પ્રત્યાહાર કહેવાય. પ્રત્યાહાર થયા વિના ધ્યાન થાય જ નહીં.

પ્ર. ૯૧ સમાલોચના એટલે શું ?

ઉ. ૯૧ ભૂલ કેમ થઈ ? શાથી થઈ ? તેની ઊંડામાં ઊંડી તપાસ કરે તેને સમાલોચના કહેવાય અથવા વિચારણા કહેવાય.

પ્ર. ૯૨ આલોચના એટલે શું ?

ઉ. ૯૨ આલોચના એટલે પ્રાપ્ત મન, વચન, કાયાથી જે જે ખરાબ કામ કર્યા હોય તેની જેમ છે તેમ કંઈપણ છૂપાવ્યા વગર અને બીક રાખ્યા વગર જ્ઞાનીપુરુષ અગર તો ગીતાર્થ ગુરુ સમક્ષ કબૂલાત કરવી અર્થાત્ એકરાર કરવો અને તમામ ગુન્હાઓ જાહેર કરવા તે. ટૂંકમાં જે કંઈપણ દોષો,

ભૂલો અપરાધો થયા છે તેને પોતાના ગુરુ સમક્ષ જેમ છે તેમ વર્ણવવા તે આલોચના કહેવાય.

પ્ર. ૯૩ પ્રત્યાખ્યાન એટલે શું ?

ઉ. ૯૩ પ્રત્યાખ્યાન એટલે થયેલો દોષ ફરી ના થાય તે માટે દૃઢ નિર્ણય નિશ્ચય કરવો. જે દોષ થઇ ગયો તેવો દોષ ફરી નહીં કરું એમ ગુરુ મહારાજની મૂર્તિને યાદ કરીને પ્રોમીસ (વચન) આપવું તે, અને કદાચ ફરીથી થઈ જાય તો પાછું ફરીથી તેમ ના થાય તે માટે દૃઢ નિર્ણય-નિશ્ચય કરવાનો તેને પ્રત્યાખ્યાન કહેવાય. મનમાં નક્કી કરવું કે આવો દોષ ક્યારેય પણ કરવો જ નથી એનું નામ પ્રત્યાખ્યાન.

પ્ર. ૯૪ પ્રત્યાખ્યાનાવરણ એટલે શું ?

ઉ. ૯૪ પ્રત્યાખ્યાનાવરણ એટલે પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન કર્યું તોય કષાયો આવે છે, એ તો કેટલાય પડવાળા છે એ આવે છે, થોડા પડવાળા જતા રહ્યા પણ બહુ પડવાળા પ્રત્યાખ્યાન આવરણ લાખો પ્રતિક્રમણ કરે તોય ના જાય. પ્રત્યાખ્યાન કર્યા હોય તોય દોષ થાય તે પ્રત્યાખ્યાનાવરણ કષાય કહેવાય, કારણ કે જાથુ પ્રતિક્રમણ કરેલું ને તેથી. એટલે અપ્રત્યાખ્યાન આવરણ કર્યા, પ્રત્યાખ્યાન કરીને પણ હવે એ પ્રત્યાખ્યાનનું આવરણ થયું તેનું શું થાય ? સાબુથી તું મેલ કાઢું પણ પાછો સાબુનો મેલ આવ્યો તેનું શું કરવાનું એટલે તેને પ્રત્યાખ્યાનાવરણ કહેવાય છે.

પ્ર. ૯૫ પ્રતિક્રમણ કોનું અને પ્રત્યાખ્યાન કોનું ?

ઉ. ૯૫ દોષોનું પ્રતિક્રમણ હોય અને માલિકીભાવનું પ્રત્યાખ્યાન હોય.

પ્ર. ૯૬ પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન થયું નથી એવા કષાયને શું કહે છે ?

ઉ. ૯૬ જેનું પ્રતિક્રમણ કે પ્રત્યાખ્યાન થયું નથી તેને અપ્રત્યાખ્યાની કષાય કહેવામાં આવે છે.

પ્ર. ૯૭ આલોચના, પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન એટલે શું ?

ઉ. ૯૭ દાદાને યાદ કરીને ગુન્હાની કબુલાત કરી તે આલોચના. જ્ઞાની પાસે જેમ છે તેમ તમામ દોષો જાહેર કર્યા, રજુ કર્યા તે આલોચના કહેવાય છે. જે ભૂલ થઈ તેની ક્ષમા માંગવી તે પ્રતિક્રમણ અને ભૂલ નહીં કરું એવો નિશ્ચય કરવો તે પ્રત્યાખ્યાન. સામાને સમાધાન ના થયું તો આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન કરવું જ પડે. જ્યાં આલોચના પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન છે ત્યાં મહાવીરનો માર્ગ છે.

ૐ

પર્વ દસમું
ફાઈલ

પ્ર. ૧ ફાઈલ એટલે શું ?

ઉ. ૧ આપણને સામે આવીને વળગે તે ફાઈલ. ખસેડે તોય જાય નહીં તેનું નામ ફાઈલ. ફાઈલ એટલે પૂર્વભવમાં વાળેલા લોચા અને તેનું ફળ આ ભવમાં આવે તે. મોક્ષે જતા જે ગૂંચવે તે ફાઈલ. જ્યાં કિંચિત્‌માત્ર પણ રાગ-દ્વેષ થતા હોય, જ્યાં અસર છે, જ્યાં હિસાબ છે, જ્યાં ઋણાનુબંધ છે એ બધી જ ફાઈલ. તારું મન જે જે કંઈ પેમ્પલેટ બતાવે અને જે ઊભું થાય છે તે બધી જ ફાઈલો છે. આપણા ચિત્તને પરોવી રાખે તે ફાઈલ. ગમે તે રસ્તે ખસેડ ખસેડ કરીએ તોય તે ના જતી હોય તેને ફાઈલ કહેવાય. જે વળગી પડી હોય અને ખસેડી ખસે જ નહીં તે ફાઈલ. આપણી છોડી છૂટે નહીં તે ફાઈલ. સાંભળ સાંભળ થયા કરે, યાદ આવ્યા કરે તેનું નામ ફાઈલ. છોડ છોડ કરીએ છતાં છૂટે જ નહીં એ ફાઈલ. આપણને ગળ્યો ખોરાક ભાવતો ના હોય અને થાળીમાં એનું એ જ આવ્યા કરે તો એ ફાઈલ છે. ફાઈલ એટલે નિકાલ કરવાનું સાધન. ફાઈલ તો એનું નામ કે જે સામે ચાલીને આવીને વળગે, ખસેડે તો જાય નહીં તેનું નામ ફાઈલ. આ દેહ (શરીર) એ જ ફાઈલ નંબર એક છે અર્થાત્ પહેલા નંબરની ફાઈલ એ પોતાનું શરીર છે. આ ચંદુલાલના નામની ફાઇલ ગૂંચવે છે, પછી બીજી બધી ફાઈલો આવે તે ગૂંચવે. જે ગૂંચવ્યા કરે તે બધી જ ફાઈલ.

પ્ર. ૨ ફાઈલ શબ્દ કેવો છે ?

ઉ. ૨ આ ફાઈલ શબ્દ બોલવાથી આખો મારાપણાનો ભાવ છૂટી જાય. આ સંસારમાં તો એક ક્ષણ પણ મારાપણાનો ભાવ છૂટે તેવો નથી, પણ આ તો જ્ઞાન જ એવું છે કે એક ક્ષણ પણ મારાપણાનો ભાવ થાય નહીં. આ ફાઈલ શબ્દ તો મોટા મોટા તપસ્વીઓના તપને તોડી નાંખે તેવો ગજબનો શબ્દ છે. આ ફાઈલ અને નિકાલ એ બે શબ્દો સહજ નીકળ્યા છે અને એ તો વીતરાગ ભગવાનની પ્રસાદી છે. દેહને ''ફાઈલ'' કહ્યું તે મોટામાં મોટો અધ્યાત્મ વિજય છે.

પ્ર. ૩ નિકાલ કોને કહેવાય ?

ઉ. ૩ વેર વિરોધ વધે નહીં અને સામાનાં મનનું સમાધાન થાય તેનું નામ નિકાલ. સામેથી પાડો કે હાથી આવતો હોય તો બાજુમાં ખસીને ચાલ્યા જવું, જેમ તેમ કરીને ઉકેલ લાવવાનો તેનું નામ નિકાલ.

પ્ર. ૪ સમભાવ કોને કહે છે ?

ઉ. ૪ સમભાવ નફાને અને ખોટને સરખું ના કહે. સમભાવ એટલે નફો કે ખોટ ગમે તે આવે તોય વાંધો નહીં. નફો આવે તોય વાંધો નહીં અને ખોટ આવે તોય વાંધો નહીં આ પ્રકારની આંતરિક સમજ તેને સમભાવ કહેવાય. નફાથી ઉત્તેજના ના થાય અને ખોટથી ડીપ્રેશન ના આવે એટલે કશું થાય નહીં તે સમભાવ કહેવાય. સમભાવ એટલે રાગની જગ્યાએ રાગ ના થાય અને દ્વેષની જગ્યાએ દ્વેષ ના થાય તેનું નામ સમભાવ કહેવાય. દ્વન્દ્વાતિત થવું તેને સમભાવ કહેવાય છે.

પ્ર. ૫ ફાઈલોનો સમભાવે નિકાલ કરવો એટલે શું ?

ઉ. ૫ વેર વધે નહિ અને વીતરાગ રહેવું એનું નામ ફાઈલોનો સમભાવે નિકાલ કહેવાય. વેર વધે નહીં એતો સંસારના લોકોને ય આવડે પણ ખરું તો વેર વધે નહીં અને વીતરાગ રહેવાય એ અગત્યનું છે. સમભાવે નિકાલ કરવો એટલે કષાયભાવ બિલકુલ થવો ના જોઈએ. સમભાવે નિકાલ કરવો એટલે આ ભવની બધી ખોટ ખાઈ લેવી પણ આવતા ભવની ખોટ ના ખાવી તેનું નામ જ સમભાવે નિકાલ. જયાં ડાઘા પડયાં હોય ત્યાં ધોઈ નાખવાના અને નવા ડાઘ નહીં પાડવાના એનું નામ સમભાવે નિકાલ. ક્રોધ, માન, માયા, લોભ ઊભા ના થાય અને બહાર થાય તો તેના જ્ઞાતા-દ્રષ્ટા રહીએ એ જ ફાઈલનો સમભાવે નિકાલ છે. ફાઈલનો સમભાવે નિકાલ એટલે સ્વ માં રહીને આહુતિ સ્વાહા કરવાની છે. કોઈનાંથી મન જુદું ના પડી જાય તો તે સમભાવે ફાઈલનો નિકાલ થયો કહેવાય. ફાઈલોનો સમભાવે નિકાલ કરવો એ જાગૃત યજ્ઞ કહેવાય છે.

પ્ર. ૬ ફાઈલોની અસર ક્યારે ન થાય?

ઉ. ૬ મરીને જીવો એટલે કે જીવતા હોવા છતાં મર્યાની જેમ રહે તો ફાઈલોની અસર ના થાય.

પ્ર. ૭ સમભાવે નિકાલ નથી થતો તો શું કરવું ?

ઉ. ૭ ફાઇલોનો સમભાવે નિકાલ નથી થયો એ જાણ્યું એનું નામ જ સમભાવ કહેવાય. આપણે જાણ્યું એ જ દર્શાવે છે કે આપણે આપણા ધર્મમાં છીએ, પુદ્ગલનો ધર્મ હોય કે ના હોય આપણે તેની જોડે લેવા-દેવા નથી. પુદ્ગલ ધર્મ જુદો અને આત્મધર્મ જુદો.

પ્ર. ૮ ફાઇલોનો સમભાવે નિકાલ થયો ક્યારે કહેવાય ?

ઉ. ૮ જ્યારે સમજાઇ જાય કે દોષ કોનો હતો. દોષ પોતાનો હતો એમ સમજાય એટલે સમભાવે નિકાલ થાય.

પ્ર. ૯ ફાઇલોનો સમભાવે નિકાલ થાય તે માટે શું ઉપાય કરવો ?

ઉ. ૯ દરરોજ સવારમાં ઊંઠતાની સાથે જ સર્વજ્ઞ શ્રી દાદા ભગવાન પાસે પોતાના કાનને સંભળાય તેટલે મોટેથી બોલીને નીચે મુજબ શક્તિ માંગવી. પાંચ વખત આ પ્રમાણે શક્તિ માંગવી. ''હે દાદા ભગવાન, મારા પ્રારબ્ધ કર્માનુસાર મને ભેગી થતી તમામ ફાઇલોનો સમભાવે નિકાલ થાય, તેવી મને પરમ શક્તિ આપો.'' અને દરરોજ રાત્રે સૂતી વખતે દિવસ દરમ્યાન જ્યાં જ્યાં ફાઇલનો સમભાવે નિકાલ નથી થયો તેની પૂજ્ય દાદાશ્રી પાસે આલોચના કરી, માંફી માંગી લેવી તથા ફરીથી આવી ભૂલ ના થાય તે માટેનો દૃઢ નિર્ણય અને નિશ્ચય કરવો. આ પ્રયોગ સિન્સિયારીટીથી થાય તો અવશ્ય સફળતા પ્રાપ્ત થશે જ.

પ્ર. ૧૦ ફાઇલોનો સમભાવે નિકાલ થાય છે તો તેની નિશાની શું ?

ઉ. ૧૦ સર્વજ્ઞ શ્રી દાદા ભગવાન કહે છે કે અમે જે આશયથી ફાઇલોનો સમભાવે નિકાલ કરવાનું જણાવેલ છે તે મુજબ જેમ છે તેમ યથાર્થ સ્વરૂપમાં જો ફાઇલોનો સમભાવે નિકાલ થાય તો ચારિત્ર પ્રગટ થયા વગર રહે જ નહિ. અર્થાત્ ચારિત્ર પ્રગટે તો જ જાણવું કે આપણાથી ફાઇલોનો સમભાવે નિકાલ થઇ રહ્યો છે. ટૂંકમાં ચારિત્ર પ્રગટ થાય તે જ ફાઇલોનો સમભાવે નિકાલ થયાની સાચી નિશાની છે.

ૐ

પર્વ અગિયારમું
બુદ્ધિ, બ્રહ્મચર્ય

પ્ર. ૧ બુદ્ધિ શું છે?

ઉ. ૧ બુદ્ધિ એ ઇનડાયરેક્ટ પ્રકાશ છે. બુદ્ધિ એ તમારા આગલા ભવનો વ્યૂ પોઇન્ટ છે. બુદ્ધિ એ આંધળા પુરુષનો દીવો છે, આગળ અંધ અને પાછળ દેખાય નહીં તેવો. બુદ્ધિ એ જડ નથી, તેમ ચેતન પણ નથી એ તો મિશ્રચેતન છે. અજ્ઞાનો અર્થ જ બુદ્ધિ અર્થાત્ અજ્ઞા એટલે બુદ્ધિ. બુદ્ધિ એ ભ્રાંત પુરુષાર્થ છે. વિનાશી ચીજો જોઇ ઇમોશનલ થાય એ બુદ્ધિ. બુદ્ધિ એ ટેમ્પરરી (કામચલાઉ) મિલ્કત છે. બુદ્ધિ એ પર પ્રકાશ છે.

પ્ર. ૨ બુદ્ધિ એટલે શું ? બુદ્ધિનું સ્વરૂપ શું ?

ઉ. ૨ બુદ્ધિ એ આત્માનો ઇનડાયરેક્ટ (અપ્રત્યક્ષ) પ્રકાશ છે. ઇનડાયરેક્ટ પ્રકાશ એટલે સૂર્યનું અજવાળું અરિસા ઉપર પડયું અને અરિસામાંથી પ્રકાશ રસોડામાં ગયો આ ઇનડાયરેક્ટ પ્રકાશ થયો. એવી રીતે આત્માનો પ્રકાશ અહંકાર ઉપર પડે છે અને ત્યાંથી બહાર નીકળે છે તે બુદ્ધિ. અરિસાની જગ્યાએ અહંકાર છે, સૂર્યની જગ્યાએ આત્મા છે અને બહાર નીકળ્યો તે પ્રકાશ બુદ્ધિ છે. ટૂકમાં આત્માનો ઇનડાયરેક્ટ પ્રકાશ અહંકાર ના માધ્યમથી બહાર નીકળે તે બુદ્ધિ. બુદ્ધિ સંસારાનુંગામી છે, તે હંમેશા સંસાર ભણી જ તાણ્યાં જ કરે છે. બુદ્ધિ સંસારની બહાર નીકળવા ના દે અને મોક્ષે જવા ના દે તેનું નામ બુદ્ધિ. સંસારમાં ભટકાવવાનું કામ કરે તે બુદ્ધિ. મોક્ષથી છેટા રાખે અને મોક્ષમાં ક્યારેય ના જવા દે એનું નામ બુદ્ધિ. બુદ્ધિ સંસારમાં હિતકારી છે પણ મોક્ષે જતાં વાંધો ઊઠાવે છે. બુદ્ધિ દ્વન્દ્વની માતા છે. સુખ- દુઃખ, સારું-ખોટું, નફો-ખોટ, દેખાડયા કરે અને અશાંતિ કરાવે તેનું નામ બુદ્ધિ. વેગમાંથી ઉદ્વેગમાં તાણે તે બુદ્ધિ. અંતઃકરણમાં નિર્ણય લેવાનું કામ કરે છે તે બુદ્ધિ છે. બુદ્ધિ પરિણામને જોઈ શકે છે, માટે તે નિર્ણય કરી શકે છે. પુણ્ય ઉદય હશે તો ફાયદાકારક નિર્ણય લેવાશે અને પાપનો ઉદય હશે તો નુકશાનકારણ નિર્ણય લેવાશે. પાપનો ઉદય બુદ્ધિને સેન્સીટીવ કરે. ડિસાઈડેડ વિચારો એનું નામ બુદ્ધિ. (નિર્ણય ના હોય એનું

નામ મન, અનડિસાઈડેડ વિચારો એનું નામ મન. મન તો ખાલી વિચારો જ કર્યા કરે છે.) જેવો અહંકાર હોય તેવી બુદ્ધિ હોય કારણ કે જેવું માધ્યમ હોય તેવું પરિણામ આવે છે. ગાંડો અહંકાર હોય તો ગાંડી બુદ્ધિ અને અહંકાર નિર્મળ હોય તો સુંદર બુદ્ધિ. અહંકારને લીધે બુદ્ધિ છે. બુદ્ધિ એટલે અજ્ઞા. શંકા કરાવે, ભેદ પડાવે, સ્વચ્છંદ કરાવે એ બુદ્ધિ. બુદ્ધિ હોય ત્યાં સુધી રાગ-દ્વેષ હોય જ. ન્યાય ખોળે એનું નામ જ બુદ્ધિ. આખા જગતના તમામ વિષયોનું જ્ઞાન જાણે તે બુદ્ધિ. જે જ્ઞાન અહંકાર સહિત છે તે બુદ્ધિ છે. સંસારમાંથી બહાર નીકળવા ના દે તેનું નામ બુદ્ધિ. બુદ્ધિ એટલે પ્રત્યક્ષ સિદ્ધ કરી શકાય એવી સમજ. બુદ્ધિ એટલે વ્યૂ પોઈન્ટ કે જે સંસારમાં ચારો ચરાવનાર અને માર ખવડાવનાર છે.

પ્ર. ૩ બુદ્ધિનું મૂળ કોઝ શું ?

ઉ. ૩ ઈગોઈઝમ.

પ્ર. ૪ બુદ્ધિનો સ્વભાવ કેવો છે ?

ઉ. ૪ ઈમોશનલ કરવો એ બુદ્ધિનો સ્વભાવ છે. કોઈ દહાડો મોશનમાં રહેવા જ ના દે તેવો બુદ્ધિનો સ્વભાવ છે. ના કામનું યાદ કરાવે એ બુદ્ધિનો સ્વભાવ છે.

પ્ર. ૫ બુદ્ધિનો ધંધો શું ?

ઉ. ૫ બુદ્ધિ સંસારની બહાર નીકળવા ના દે એવી છે. બુદ્ધિનો ધંધો જ એ કે અહંકારમાં ઊંડા ઉતારે. સંસારમાં ભટકાવવાનું કામ કરે તે બુદ્ધિ. નિરંતર દ્વન્દ્વોમાં રમણતા કરાવવી એ બુદ્ધિનો ધંધો છે કારણકે બુદ્ધિ એ દ્વન્દ્વોની માતા ગણાય છે.

પ્ર. ૬ બુદ્ધિના અધિષ્ઠાયક દેવ કોણ ?

ઉ. ૬ બુદ્ધિના અધિષ્ઠાયક દેવ એ ગણપતિ છે. એ પોતે બધાં ગુણોના અધિપતિ છે. શાસ્ત્ર લખવાનો મુખ્ય અધિકાર તો ગણપતિને જ છે. તેમની બુદ્ધિમાં જરાય કચાશ નહીં એટલા માટે જ એમને સર્વ દેવોમાં પ્રથમ મૂકવામાં આવે છે, એમની પૂજાથી બુદ્ધિ વિનમ્ર થાય. ગણપતિ બુદ્ધિની દરેક આંટી-ઘૂંટીમાંથી પસાર થઇ ગયેલા દેવ છે. ગણપતિની સમજીને પૂજા કરવાથી બુદ્ધિનો ભ્રમ ટળી જાય અને સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

પ્ર. ૭ બુદ્ધિના કેટલા પ્રકાર છે તે વિગતવાર સમજાવો ?

ઉ. ૭ બુદ્ધિના મુખ્ય બે પ્રકાર છે.

૧. વ્યભિચારિણી બુદ્ધિ (વિપરીત બુદ્ધિ)

૨. અવ્યભિચારિણી બુદ્ધિ (સમ્યક્ બુદ્ધિ)

૧. વ્યભિચારિણી બુદ્ધિ (વિપરીત બુદ્ધિ) : આત્માનું અહિત કરનારી અને સંસારમાં સુખી કે દુઃખી કરનારી તે વિપરીત બુદ્ધિ. ઇમોશનલ કરે એ વિપરીત બુદ્ધિ. ભૌતિકમાં, વિનાશી ચીજોમાં સુખ દેખાડે એ વિપરીત બુદ્ધિ. નિરંતર પોતાનું અહિત જ કર્યા કરે તે વિપરીત બુદ્ધિ. વિપરીત બુદ્ધિ એટલે અંધારામાં ઊંધી ધારે શાક સમારવું, તે શાક છોલાય નહીં અને આંગળીમાં લોહી નીકળે. બુદ્ધિથી સામાને લાભ ને બદલે નુકશાન કેમ થાય અર્થાત્ તેનો દુરુપયોગ કરે તેને વ્યભિચારિણી બુદ્ધિ કહેવાય. અધ્યાત્મમાં અહિત કરે અને સંસાર વધારવામાં, સંસારમાં હિત કરે એનું નામ વિપરીત બુદ્ધિ. વિપરીત બુદ્ધિ એટલે આપનારા અને લેનારા બંનેને દુઃખ આપે. વિનાશી ચીજોને મારી મારી કરવી તે વિપરીત બુદ્ધિ. વિપરીત એટલે પોતે પોતાનું જ અહિત કરે તે. મન ફેક્ચર થાય એટલે બુદ્ધિ વિપરીત થાય. સદ્બુદ્ધિનો વિનાશ થાય તેનું નામ વિપરીત બુદ્ધિ. વિપરીત બુદ્ધિ એટલે મછવો ઊંધો થઇ જાય તેના જેવું થાય. કોઇપણ વસ્તુનો દુરુપયોગ કરે તેને વિપરીત બુદ્ધિ કહેવાય. આ વિપરીત બુદ્ધિને કારણે જ અનંત અવતાર સુધી સંસારમાં ભટકામણ ઊભી થાય છે. સર્વથા અહિત કરનારી બુદ્ધિ તે વિપરીત બુદ્ધિ છે. જયાં સમ્યક્ બુદ્ધિનો અભાવ ત્યાં વિપરીત બુદ્ધિ અવશ્ય હોય જ. વિપરીત બુદ્ધિનો સ્વભાવ જ છે કે એવું દેખાડે કે જેથી કરીને સંસારના જ પાયા મજબૂત થાય અને ક્યારેય મોક્ષે ના જવા દે તે વિપરીત બુદ્ધિ. બુદ્ધિ હોય ત્યાં હું કરું છું એવો અહંકાર હોય જ અને તેથી ચિંતા રહ્યાં કરે છે. ભગવાનથી વિખૂટા રાખે તે વિપરીત બુદ્ધિ છે. જેમ જેમ બુદ્ધિ વધે તેમ તેમ બળાપો વધે. કૃષ્ણ ભગવાને બુદ્ધિને વ્યભિચારિણી કહ્યું કારણ કે તે સંસારમાં રખડાવી મારે છે.

૨. અવ્યભિચારિણી બુદ્ધિ (સમ્યક્ બુદ્ધિ) : સમ્યક્ બુદ્ધિ એટલે સવળી એ ચઢેલી બુદ્ધિ. સમકિત થાય પછી જ સમ્યક્ બુદ્ધિ ઉત્પન્ન થાય અને તે પછી તે બધું સવળું જ દેખાડે. જેમ છે તેમ દેખાડે તેનું નામ સમ્યક બુદ્ધિ. જે બુદ્ધિ બધાનું સમાધાન કરે, કોઇને કિંચિત્માત્ર પણ નુકશાન ન કરે અને મોક્ષ તરફ લઇ જાય તે સમ્યક્ બુદ્ધિ. નિરંતર પરોપકારી સ્વભાવ, નિરંતર પારકાના સુખ ને માટે જીવ્યા કરતો હોય એ સમ્યક્ બુદ્ધિ કહેવાય. સુખ મોક્ષમાર્ગમાં છે, અગર તો આત્મામાં છે એવું જે દેખાડે એ સમ્યક્ બુદ્ધિ. સમ્યક્ બુદ્ધિ ચોથ - પાંચમની લડાઇ ના કરે. વ્યવહાર એડજસ્ટ કરે અને પોતે ખોટ ના ખાય એનું નામ સમ્યક્ બુદ્ધિ. કોઇ અવતારમાંયે જિનના દર્શન કર્યા હોય અને શ્રદ્ધા બેઠી હોય તો બીજ નકામું જતું નથી, તેને સમ્યક્ બુદ્ધિ ઉછરે અર્થાત્ ઉત્પન્ન થાય અને પછી સહજ ભાવે માર્ગ મળી આવે. સંસારમાંય હિત કરે અને અધ્યાત્મમાં ય હિત કરે એનું નામ સમ્યક્ બુદ્ધિ. સમ્યક્ બુદ્ધિ એટલે આપનારા અને લેનારા બંનેયને સુખ આપે. જે બુદ્ધિ આત્મા તરફ લઇ જાય તે સમ્યક્ બુદ્ધિ. સમ્યક્ બુદ્ધિ એ મિશ્રચેતન છે. બધાં જ વિપરીત સંજોગોમાં સમ્યક્ બુદ્ધિ સમ્યક્ જ રાખે છે. આત્મા મારો અને આત્માનો માર્ગ બતાવનારને મારા માને તે સમ્યક્ બુદ્ધિ. દુઃખમાં સુખ કરે તે સમ્યક્ બુદ્ધિ. એવરી વ્હેર એડજેસ્ટેબલ હોય તે સમ્યક્ બુદ્ધિ. જૂની ખોટ વસૂલ કરી લે અને નવી ખોટ ના ખાય એનું નામ સમ્યક્ બુદ્ધિ. સમ્યક્ બુદ્ધિ એ સંસ્કારેલી બુદ્ધિ છે. સમ્યક્ બુદ્ધિ એટલે આ લોકનું સુધારે અને પરલોકનુંયે સુધારે. સમ્યક્ બુદ્ધિ વ્યવહારના ભાગને વ્યવસ્થિત ગોઠવી આપે. વ્યવહારમાં એડજસ્ટ કરી આપે અને ખોટ ના ખાય તેનું નામ સમ્યક્ બુદ્ધિ.

પ્ર. ૮ બુદ્ધિ સમ્યક્ ક્યારે થાય ?

ઉ. ૮ પરિગ્રહ સંપૂર્ણ ખલાસ થાય, શાસ્ત્રોનો અને સંતોનો સંગ થાય ત્યારે અને જ્ઞાની પાસે બેસવાથી, જ્ઞાનીની વાણી એકાગ્રતાથી સાંભળવાથી જ બુદ્ધિ સમ્યક્ થઇ જાય. જ્ઞાનીના શબ્દો જેટલા હૃદયમાં પેઠા એટલી બુદ્ધિ સમ્યક્ થતી જાય.

પ્ર. ૯ વિપરીત મતિ કોને વધારે હોય ?

ઉ. ૯ આંધળાને વિપરીત મતિ વધુ હોય.

પ્ર. ૧૦ ખરી બુદ્ધિ કોને કહેવાય ?

ઉ. ૧૦ તમામ ક્લેશો કાઢી નાંખે, મતભેદ ના પડવા દે, બધી રીતે પોતાની સેફ સાઇડ રાખે, એડજસ્ટ એવરીવ્હેર કરી નાંખે, તમામ અથડામણો ટાળે, ક્રોધ, માન માયા, લોભનું પૃથ્થકરણ કરી બધાને ખસેડે તે સાચી બુદ્ધિ. ઘરમાં કોઇપણ મતભેદ પડયો હોય તેને નિવારે અને સંપૂર્ણ તારણ કાઢે તે સાચી બુદ્ધિ. સંસારમાં સંપૂર્ણ હિતકારી થઇ પડે અને દરેક જગ્યાએ બધામાં જ સેફ સાઇડ હોય, બેસવામાં, ખાવામાં, પીવામાં, સૂવામાં, હરવા-ફરવામાં તેનું નામ સાચી બુદ્ધિ. ચિંતા ઊભી ના થવા દે, મતભેદ ના પડવા દે, કોઇને દુઃખ ના આપે તથા ઘરમાં સહેજ પણ ક્લેશ કે મતભેદ ઊભો ન થવા દે તેનું નામ સાચી બુદ્ધિ.

પ્ર. ૧૧ બુદ્ધિશાળી કોને કહેવાય ?

ઉ. ૧૧ જેણે પોતાની બધી સેઇફ સાઇડ કરેક્ટ કરેલી હોય, ઘરમાં કોઇ દહાડોય કકળાટ ના થાય, મતભેદ ના થાય એવી ડિઝાઇન તૈયાર કરેલી હોય તેને બુદ્ધિશાળી કહેવાય. ક્રોધ, માન, માયા, લોભની અસર ના થવા દે, તેવું તારણ જેણે કાઢયું હોય તે બુદ્ધિશાળી કહેવાય. કોઇ ક્રોધ કરે અરે ગજવું કાપે તોયે પોતાને સહેજ પણ અશાંતિ ના થાય તે બુદ્ધિશાળી કહેવાય. બુદ્ધિશાળી તો બધું જ ઘોળીને પી જાય. ક્યારેય પણ ડીપ્રેસ ના થાય તે બુદ્ધિશાળી કહેવાય. બુદ્ધિશાળીને તો સંસારમાં એકેય મુશ્કેલી જ ના હોય, તે તો જ્ઞાનીની નજીકનો હોય. બુદ્ધિ એટલે ગમે તેવા સંજોગોમાં અને ગમે તેવી પરિસ્થિતિમાં પણ પોતાનું રક્ષણ કરે. આ સંસારી બધી જ અડચણોથી રક્ષણ કરે તે બુદ્ધિશાળી કહેવાય. મુશ્કેલીઓના મહાસાગરમાં પણ જે મુશ્કેલીમાં ના મુકાય તે બુદ્ધિશાળી કહેવાય. જે પોતાના ઘરમાં, ધંધામાં ગમે ત્યાં ઓછામાં ઓછી અથડામણ ઊભી થાય તે રીતે વ્યવહાર કરે તે બુદ્ધિશાળી કહેવાય. બુદ્ધિશાળી તો તેનું નામ કહેવાય કે કોઇ માણસ આપણાથી ફફડે નહીં એવી રીતે બુદ્ધિ વાપરતો હોય. ક્લેશના કારણ નિર્મૂળ કરે તે બુદ્ધિશાળી. જે સ્પીડી ડિસીઝન (ઝડપી નિર્ણય) લઇ શકે તે

બુદ્ધિશાળી. ગમે તેવું હોય પણ તરત નિર્ણય લઇ લે તે બુદ્ધિશાળી કહેવાય. કોઇપણ માણસનું નુકશાન ના થાય અને એનું પોતાનુંય કિંચિત્માત્ર નુકશાન ના કરે એ બુદ્ધિશાળી. જે ક્રોધ, માન, માયા, લોભનું વિવરણ કરે અને એ બધાયને બાજુએ મૂકી દે તથા ઘરમાં અથડામણ ના થવા દે, એવરીવ્હેર એડજેસ્ટમેન્ટ કરાવે એ બુદ્ધિશાળી ગણાય.

પ્ર. ૧૨ એકસેસ બુદ્ધિ કોને કહેવાય ?

ઉ. ૧૨ પોલીસવાળો પકડવા આવે ત્યારે છટકબારી દેખાડે તે એકસેસ બુદ્ધિ.

પ્ર. ૧૩ તત્ત્વ બુદ્ધિ એટલે શું ?

ઉ. ૧૩ તત્ત્વ બુદ્ધિ એટલે ''હું શુદ્ધાત્મા છું'' એ હાથમાં આવી ગયું એ જ. હું ચંદુલાલ છું એ બુદ્ધિ તૂટી અને હું શુદ્ધાત્મા છું, એવી બુદ્ધિ ઊભી થઇ હોય તે તત્ત્વ બુદ્ધિ કહેવાય.

પ્ર. ૧૪ ગાંડી બુદ્ધિ કોને કહેવાય ?

ઉ. ૧૪ જ્ઞાની પુરુષની આગળ પોતાની જાતનું રક્ષણ કરવા જવું એને મેડ બુદ્ધિ કહેવાય. જ્ઞાની પુરુષ કે જેને રાગ-દ્વેષ નથી ત્યાં આગળ પોતાનું સાચું કરાવવા જાય તે ગાંડી બુદ્ધિ કહેવાય.

પ્ર. ૧૫ વિપુલમતિ એટલે શું ?

ઉ. ૧૫ વિપુલમતિ એટલે બોલતાંની સાથે જ ફોડ પડે. ચોગરદમના તોલ થાય, વાત નીકળે તો તરત જ તારણ નીકળી જાય, તેને વિપુલમતિ કહેવાય. એવરીવ્હેર એડજસ્ટ કરી આપે તેવી મતિ હોય તે વિપુલમતિ કહેવાય.

પ્ર. ૧૬ કુમતિ એટલે શું ?

ઉ. ૧૬ ભૌતિક સુખો માટે જે જે ક્રિયા કરવી એ બધી બુદ્ધિ એ કુમતિ છે. કુશ્રુતમાંથી કુમતિ ઉત્પન્ન થાય છે. સંસાર સબંધી બુદ્ધિ વધી તે કુમતિ. કુશ્રુત એટલે કુમતિ.

પ્ર. ૧૭ સુમતિ કોને કહેવાય ?

ઉ. ૧૭ અવિરોધાભાસ ખોળવાની જેની મતિ ઊભી થઇ તે જ સુમતિ કહેવાય.

પ્ર. ૧૮ અક્કલ કોને કહેવાય ?

ઉ. ૧૮ ઉપાધિ ઘટાડે તેનું નામ અક્કલ. અક્કલ તો કોનું નામ કહેવાય કે જે નઠારામાં નઠારા માણસ જોડે એડજસ્ટ થઇ જાય. અક્કલ તો કોનું નામ

કહેવાય કે જેણે કોઇ દહાડો કોઇનીય નકલ ના કરી હોય તે. અક્કલ એટલે સૂઝ પડવી. અક્કલ એ પુરુષાર્થ નથી એ તો ખુદાઇ બક્ષિસ છે. અથડામણ ના થવા દે એનું નામ અક્કલ. મતભેદ ટાળે તે અક્કલ. ચિંતા ઊભી ના થાય, ચિંતા ઊભી થવા જ ના દે, મતભેદ ના પડવા દે, અને કોઇનેય દુઃખ ના આપે તેનું નામ અક્કલ. અક્કલ એટલે અજવાળું અને બુદ્ધિ એટલે પ્રકાશ. ચારે તરફની સેફ સાઇડ તેનું નામ અક્કલ. અક્કલ એ કુદરતી બક્ષિસ છે.

પ્ર. ૧૯ અક્કલવાળો કોને કહેવાય ?

ઉ. ૧૯ જેને સૂઝ વધારે પડતી હોય એ અક્કલવાળો કહેવાય. કોઇનેય દુઃખ ના આપે અને જે કોઇ દુઃખ આપે તેને પોતે જમા કરી લે, બધાય ને Oblige કર્યા કરે, આખો દહાડો સવારે ઊઠે ત્યારથી જ એનું લક્ષ લોકોને કેમ કરીને મદદરૂપ થઇ શકું એવું જેને સતત રહ્યાં કરે તે અક્કલવાળો કહેવાય. જેણે કોઇ દહાડોય કોઇની નકલ જ ના કરી હોય તે અક્કલવાળો કહેવાય.

પ્ર. ૨૦ અક્કલ ક્યાં વાપરવાની હોય ?

ઉ. ૨૦ અક્કલ તો લોકોનું ભલું કરવા માટે જ વપરાય. પૈસા કમાવા માટે અક્કલ વાપરવાની ના હોય.

પ્ર. ૨૧ આ કાળમાં અક્કલવાળા કોણ ?

ઉ. ૨૧ આ લોખંડના વેપારી જેવા કોઇ અક્કલવાળા નહીં.

પ્ર. ૨૨ અક્કલનો કોથળો કોણ ?

ઉ. ૨૨ જેનો જીવ ના બળે તે અક્કલનો કોથળો, બાકીના બધા કમ અક્કલના કોથળા. જેને ક્યારેય કોઇ પણ પ્રકારના સંજોગોમાં ચિંતા ના થાય તે સાચા અર્થમાં અક્કલનો કોથળો કહેવાય.

પ્ર. ૨૩ અબુધ કોને કહેવાય ?

ઉ. ૨૩ ઇમોશનલપણું જતું રહે એનું નામ અબુધ. ઇમોશનલ થવાની જગ્યા હોય ત્યાં ઇમોશનલ ના થાય તેનું નામ અબુધ. બુદ્ધિ પર વૈરાગ્ય આવે પછી અબુધ થવાય. અબુધ થયા વગર કેવળજ્ઞાન ઉત્પન્ન થાય જ નહીં. બુદ્ધિ ચલાવવાની જગ્યામાં બુદ્ધિ ન ચલાવે તે અબુધ. અબુધ થયા વગર નોર્માલિટી ક્યારેય નહીં આવે. સર્વજ્ઞને અબુધ કહેવાય.

પ્ર. ૨૪ અબુધ થવાનો રસ્તો શું ?

ઉ. ૨૪ હે દાદા ભગવાન મારું મન સદાય સર્વથા આપને વશ વર્ત્યા કરો એમ બોલવું એ અબુધ થવાનો સરળ રસ્તો છે અને અબુધ થવા માટે દાદા ભગવાન પાસે શક્તિ માંગવી.

પ્ર. ૨૫ બુદ્ધિની ક્યાં સુધી જરૂર ?

ઉ. ૨૫ જ્યાં સુધી આપણે સંસારરૂપી મહાસાગરમાં મછવામાં (હોડીમાં) ફરવું હતું ત્યાં સુધી બુદ્ધિની જરૂર હતી હવે આપણે કિનારે ઊતરી પડયા પછી બુદ્ધિની આપણે શી જરૂર ? તેથી આપણે બુદ્ધિ બેનને કહેવું કે હવે તમે વિદાય લો.

પ્ર. ૨૬ સંસારમાં બુદ્ધિની કેટલી જરૂર ?

ઉ. ૨૬ સંસારમાં બુદ્ધિની કેટલી જરૂર, તો કે પથરા નીચે આંગળી ફસાઇ ગઇ હોય તો તેને કળથી કાઢી લેવા પૂરતી જ બુદ્ધિ વપરાય. પૈસા કમાવા કે લોકોને છેતરવા માટે બુદ્ધિ ના વપરાય.

પ્ર. ૨૭ બુદ્ધિનો વિકાસ ક્યારે થાય ?

ઉ. ૨૭ જેમ અગવડ વધે તેમ બુદ્ધિનો વિકાસ થાય. અહિંસા પાળે તો બુદ્ધિ વધે. જીવનો જે ઘાત ના કરતા હોય, અહિંસક ધર્મ પાળતા હોય છે, કોઇની પણ હિંસા ના કરતા હોય તેની બુદ્ધિ વધે. કોઇપણ પ્રકારના કંદમૂળ ના ખાતા હોય તો તેની વ્યક્તિની બુદ્ધિ વધે.

પ્ર. ૨૮ બુદ્ધિને ડેવલપ કરવાનો કાંઇ માર્ગ ખરો ?

ઉ. ૨૮ વેદાંતમાર્ગ એ બુદ્ધિને ડેવલપ કરનારો છે. બુદ્ધિ ને વધારેમાં વધારે ડેવલપ કરનારો આખી દુનિયામાં જો કોઇ ધર્મ હોય તો તે વેદાંતમાર્ગ છે.

પ્ર. ૨૯ બ્રેઇન ટોપ ઉપર ક્યારે જાય ?

ઉ. ૨૯ જ્યારે તમે સમજીને જાણી જોઇને છેતરાશો ત્યારે બ્રેઇન ટોપ ઉપર જાય. જાણીને છેતરાવું એ બહું મોટામાં મોટી પુણ્યૈ છે. સમજીને છેતરાવા જેવી પ્રગતિ આ જગતમાં બીજી કોઇપણ નથી (જ્ઞાન લીધું હોય તેણે આવો પ્રયોગ ના કરવો. કારણકે જ્ઞાન લીધા પછી તો આપણે અબુધ થવાનું છે. અને આ પ્રયોગથી બુદ્ધિ ખૂબ વિકાસ પામે.)

પ્ર. ૩૦ સર્વજ્ઞ કોણ થઇ શકે ?

ઉ. ૩૦ જ્યાં સંપૂર્ણ બુદ્ધિ-પ્રકાશ આથમી જાય ત્યાં સર્વજ્ઞપદ સામું વાજતે-ગાજતે હારતોરા સાથે ઉદયમાં આવે, આજ નિયમ છે અને અબુધ થાય તે જ સર્વજ્ઞ થઇ શકે.

પ્ર. ૩૧ બુદ્ધિને કાઢવાનો ઉપાય શો ? ક્યારે બુદ્ધિ જતી રહે ?

ઉ. ૩૧ જ્યારે કંઇપણ પ્રસંગ બને ત્યારે ન્યાય ખોળવા ન જતાં ''બન્યું તે ન્યાય'' કહીને પ્રસન્નતા અનુભવે તો બુદ્ધિ ધીમે ધીમે જતી રહે. જે ન્યાય ખોળે છે ને ત્યાં બુદ્ધિ કાયમને માટે રહે. ''બન્યું તે ન્યાય'' કહેવાથી નિર્વિકલ્પ રહેવાશે. જ્યારે બુદ્ધિ વિકલ્પ કરાવડાવે ત્યારે કહી દેવું ''બન્યું તે જ ન્યાય'' છે. બુદ્ધિને તારે કાઢવી હોય તો ''બન્યું તે જ ન્યાય'' છે એવું કહે જે. દાળમાં મીઠું વધારે પડ્યું હોય તોય ન્યાય જ છે. ન્યાય ખોળવાનુ બંધ કરી દઇએ તો બુદ્ધિ જતી રહે. ન્યાય ખોળવા જઇએ તો બુદ્ધિ જીવતી રહે. સંસારની ઝંઝટ છૂટે ત્યારે બુદ્ધિ વિદાય લે. તમે ન્યાય ખોળવા ન જાવ એટલે બુદ્ધિ સમજી જાય કે આ ભાઇને હવે મારા વગર ચાલશે એમ કરતાં કરતાં બુદ્ધિ જતી રહેશે.

પ્ર. ૩૨ બુદ્ધિની કોને જરૂર નહી ?

ઉ. ૩૨ બુદ્ધિની બધાંને જ જરૂર માત્ર ૩૫૦° થી ૩૬૦° ડિગ્રીવાળાને બુદ્ધિની જરૂર નથી કારણકે ત્યાં તો જ્ઞાન છે.

પ્ર. ૩૩ બુદ્ધિ ક્યારે બંધ થઇ જાય ?

ઉ. ૩૩ જ્ઞાનીની આજ્ઞા પાળે તો બુદ્ધિ બંધ થઇ જાય. જેટલું મૌન પાળશો એટલી બુદ્ધિ બંધ થશે. બુદ્ધિના બારણાં બંધ થાય ત્યારે મોક્ષની તૈયારી થાય. બુદ્ધિનું અપમાન કરવાથી અને તેને રાંડ કહેવાથી તે ચીડ ચઢાવીને જતી રહેશે. (જે આદર્શ વ્યવહારની અપેક્ષાએ યોગ્ય નથી.)

પ્ર. ૩૪ બુદ્ધિને પેન્શન આપવાનું તે શું ?

ઉ. ૩૪ પેન્શન એટલે આશ્વાસન. બુદ્ધિને કહીએ કે તું જતી રહે તો તે તરછોડ છે. તરછોડ ના મરાય. બુદ્ધિને રાંડ કહેવાથી નહિ જાય પણ વિકલ્પથી કહીએ કે પેન્શન આપીશું એટલે બુદ્ધિ જતી રહે. બુદ્ધિને સમજાવી પટાવીને કહેવું હે બુદ્ધિબેન હવે મારે તમારી જરૂર નથી, તમે વિદાય લો, તે પેન્શન આપ્યું કહેવાય.

પ્ર. ૩૫ કોણ બુદ્ધ બની ગયો?

ઉ. ૩૫ આ જગતનો બનાવનાર કોણ છે તેને બુદ્ધિથી જાણનારા બધા બુદ્ધ બની ગયા છે.

પ્ર. ૩૬ બુદ્ધિનું ફળ શું છે?

ઉ. ૩૬ બુદ્ધિનું ફળ છેવટે બુદ્ધપણું પ્રાપ્ત થાય છે.

પ્ર. ૩૭ ઓવરવાઈઝનેશ એટલે શું ?

ઉ. ૩૭ ઓવરવાઈઝનેશ એટલે પોતાના ડહાપણે બધા કામ કરવા તે. દરેકમાં પોતાનું ડહાપણ વાપર્યા કરે, આમ દેખીતી રીતે જ્ઞાનીના કહ્યા પ્રમાણે ચાલે પણ તોય પોતાનું ડહાપણ વાપરે એટલે પછી ગૂંચો પડે એ ઓવરવાઈઝ નેશ કહેવાય છે.

પ્ર. ૩૮ અંધશ્રદ્ધા એ કોની પેદાશ છે ?

ઉ. ૩૮ અંધશ્રદ્ધા એ બુદ્ધિની પેદાશ છે.

પ્ર. ૩૯ પ્રશ્ન શું છે ?

ઉ. ૩૯ ખૂલાસાના અભાવને પ્રશ્ન કહે છે. પ્રશ્ન એ તો બુદ્ધિનો ડખો છે. જંપ ના વળે ને એટલે બુદ્ધિ ડખો કર્યા જ કરે છે.

પ્ર. ૪૦ ડખો એટલે શું ? ડખોડખલ એટલે શું ?

ઉ. ૪૦ કોઈપણ અવસ્થા હમણાં થઈ તેમાં ચિત્ત થોડી વાર ચોટ્યું તે ડખો. ભગવાને કહ્યું કે સામાન્ય જુએ તેની કશી ભાંજગડ નહી પણ આ ખરું અને આ ખોટું એવું જોવા ગયો તે ડખો થઈ જાય. સીધેસીધું ચાલતું હોય તેમાં આડખીલી કરવી તે ડખોડખલ.

પ્ર. ૪૧ બુદ્ધ કોને કહેવાય ?

ઉ. ૪૧ અજ્ઞાનને જાણ્યું એ બુદ્ધ કહેવાય.

પ્ર. ૪૨ બુદ્ધ ભગવાન, એ ભગવાન કહેવાય. ?

ઉ. ૪૨ બુદ્ધ ભગવાન એ ભગવાન કહેવાય. બુદ્ધ ભગવાન બુદ્ધિના છેલ્લા લેયરમાં હતા, એનાથી આગળ ગયા હોત તો સંપૂર્ણ ભગવાન કહેવાત. અબુધ થાય એ ભગવાન. જેનામાં બુદ્ધિ નહીં એ ભગવાન. એ ચર્ચા કરવા જેવા પુરુષ નથી. બુદ્ધિ જન્ય અહંકાર વિલય થયો ત્યારે એ બુદ્ધ કહેવાયા અને આગળ જો પગલું મૂક્યું હોત તો કેવળજ્ઞાની કહેવાત. પણ ત્યાં અટકી ગયા.

પ્ર. ૪૩ બુદ્ધિનું લેયર કોને કહેવાય ?

ઉ. ૪૩ બુદ્ધિનું લેયર તો કોનું નામ કહેવાય કે પાકીટ કોઇનું જડે ને તરત વિચાર આવે કે મારું પડી ગયું હોત તો મને કેટલું દુઃખ થાય, એવો તરત વિચાર આવે એ બુદ્ધિનું લેયર કહેવાય.

પ્ર. ૪૪ બુદ્ધ ભગવાને કોની પાસે અધ્યાત્મની તાલીમ લીધેલી ?

ઉ. ૪૪ ''આલામકાલાર'' નામના એક જ્ઞાની પુરુષ હતા તેમની પાસેથી બુદ્ધે અધ્યાત્મની તાલીમ મેળવેલી હતી.

પ્ર. ૪૫ સામો બુદ્ધિથી ગોળીબાર કરે તો આપણે શું કરવું ?

ઉ. ૪૫ મોક્ષે જવું હોય તો જે ગોળીબાર આપણા ઉપર થાય છે, તે જમા કરી લેવા. આપણે પૂર્વે કરેલા તેનું આ પરિણામ આવ્યું છે, માટે શાંત રહી જમા કરી લેવાં અને સામા માટે અવળા વિચાર નહીં કરવાના. હસતાં મોંઢે ગોળીબાર સ્વીકાર કરી લેવાનાં અને કહેવું કે સામાવાળાનું બહું સારું થજો કારણકે તેણે આપણને એક કર્મમાંથી છોડાવ્યા. સામાવાળાને આપણે આશીર્વાદ આપવાનાં જો છૂટવું હોય તો. ક્ષત્રિય હોવા છતાં હથિયાર હેઠા મૂકી દેવા.

પ્ર. ૪૬ બુદ્ધિથી ગોળી મારવાનું ફળ શું ?

ઉ. ૪૬ એમ ને એમ રિવોલ્વરથી ખૂન કરી નાંખે તો એક અવતારનું મરણ થયું પણ આ તો બુદ્ધિથી ગોળી મારવામાં અનંત અવતારનું મરણ થશે. બુદ્ધિનો લોકોએ દુરુપયોગ કર્યો એ હાર્ડ રૌદ્રધ્યાન છે, નર્કમાં જતાં યે છૂટાશે નહીં. બુદ્ધિથી મારવું એ ભયંકર ગુન્હો છો. બુદ્ધિથી મારતાં મારતાં તું નિર્દય થઇ જઇશ, એનાં કરતા તો હાથેથી મારવું સારું કે ક્યારેક તને દયા આવશે. બુદ્ધિથી મારવું એ ઊંચાંમાં ઊંચું રૌદ્રધ્યાન છે તેનું સીધું ફળ નર્ક ગતિ આવે છે.

પ્ર. ૪૭ પ્રકૃતિ સહજ ક્યારે થાય ?

ઉ. ૪૭ બુદ્ધિબેન વિશ્રાંતિ લે ત્યારે પ્રકૃતિ સહજ થાય. બુદ્ધિ ચંચળ બનાવે તેથી આત્માનો જે સહજ સ્વભાવ છે એનો સ્વાદ ચાખવા મળતો નથી. પ્રતિષ્ઠિત આત્મા સહજ થાય તો પ્રકૃતિ સહજ થાય.

પ્ર. ૪૮ જગત જેમ છે તેમ ક્યારે દેખાય ?

ઉ. ૪૮ બુદ્ધિ ખલાસ થાય ત્યારે જગત જેમ છે તેમ દેખાય.

પ્ર. ૪૯ સ્થિતપ્રજ્ઞ એટલે શું ?

ઉ. ૪૯ બુદ્ધિ સ્થિર થઇ ગઇ, બુદ્ધિ શાંત થઇ ગઇ તેને કૃષ્ણ ભગવાને સ્થિતપ્રજ્ઞ કહ્યું છે.

પ્ર. ૫૦ વીતરાગતા ક્યારે ઉત્પન્ન થાય ?

ઉ. ૫૦ બુદ્ધિનો અભાવ થાય ત્યારે વીતરાગતા ઉત્પન્ન થાય.

પ્ર. ૫૧ પ્રબુદ્ધ એટલે શું ?

ઉ. ૫૧ પ્રબુદ્ધ એટલે બુદ્ધિ એડવાન્સ થતી ચાલી. લોકોની બુદ્ધિ કરતા સ્હેજ વધારે પડતી બુદ્ધિ હોય ત્યારે પ્રબુદ્ધ કહેવાય.

પ્ર. ૫૨ ભગવાન ક્યાં પ્રગટ થાય ?

ઉ. ૫૨ બુદ્ધિ ના હોય ત્યાં ભગવાન પ્રગટ થાય એવો આ દુનિયાનો નિયમ છે.

પ્ર. ૫૩ કોના વખતમાં બુદ્ધિ સો ટકા સમ્યક્ હતી ?

ઉ. ૫૩ આનંદઘનજીના વખતમાં સો ટકા બુદ્ધિ સમ્યક્ હતી. જે આનંદઘનજીની પાટ હતી અને તે પાટના અમુક આચાર્યોની પાટ ઉપર સમ્યક્ રહ્યું હતું. ચોથો આરો પૂર્ણ થયો ત્યાં સુધી બુદ્ધિ બધી સમ્યક્ હતી.

પ્ર. ૫૪ બુદ્ધિ ક્યાં સુધી પહોંચી શકે ?

ઉ. ૫૪ બુદ્ધિ એટલે સુધી પહોચી શકે કે ભગવાનના પગને અર્ધો ઇંચ છેટું રહે છે. અર્ધો ઇંચ અડી જાય તો કામ થઇ જાય. એક્સપીરિયન્સ જ્ઞાનથી (અનુભવ જ્ઞાનથી) બુદ્ધિ એટલે સુધી પહોંચી શકે છે કે તીર્થંકર, જ્ઞાની કે કેવળી હોય એમનાં ચરણથી આ અર્ધો ઇંચ જ છેટો રહે.

પ્ર. ૫૫ પુણ્યનો નાશ શેનાથી થાય ?

ઉ. ૫૫ બુદ્ધિના બળાપાને કારણે પુણ્યનો નાશ થાય છે.

પ્ર. ૫૬ કાગડાઓને બુદ્ધિ ખરી ?

ઉ. ૫૬ કાગડાઓને બહુ બુદ્ધિ હોય. કાગડાઓને લુચ્ચાઈ હોય, સંગ્રાહખોરી હોય.

પ્ર. ૫૭ વિરાટ સ્વરૂપ કોનું કહેવાય ?

ઉ. ૫૭ વિરાટ સ્વરૂપ એટલે જેનામાં સહેજ પણ બુદ્ધિ ના હોય, છાંટોય બુદ્ધિ ના હોય. બીજાનો અહંકાર લઈ લે એ વિરાટ સ્વરૂપ. જે આપણા અહંકારને ખાઈ જાય, આપણા અહંકારનું ભક્ષણ કરી જાય એનું નામ વિરાટ સ્વરૂપ.

પ્ર. ૫૮ નિર્વિકલ્પ પુરુષ કેવો હોય ?

ઉ. ૫૮ નિર્વિકલ્પ પુરુષમાં બુદ્ધિનો છાંટોય ના હોય. બુદ્ધિનો એક છાંટોય ના હોય તેથી એનું નામ નિર્વિકલ્પ પુરુષ.

પ્ર. ૫૯ અભેદ ક્યારે થવાય ?

ઉ. ૫૯ બુદ્ધિ જાય ત્યારે અભેદ થવાય. બુદ્ધિ જ ભેદ પાડે છે, આ મારું અને આ તમારું. બુદ્ધિ જ માણસને ઈમોશનલ કરે છે, એ બુદ્ધિ ઓગળી જાય ત્યારે અભેદ થવાય.

પ્ર. ૬૦ ધારણ શકિત શેને આધિન છે ?

ઉ. ૬૦ ધારણ શકિત એ બુદ્ધિને આધિન છે, બુદ્ધિને અનુસરીને છે. અષ્ટાવધાની અને સતાવધાની એ બધી બુદ્ધિની જાગૃતિ છે.

પ્ર. ૬૧ સ્વાર્થવૃત્તિ શાનાથી ઊભી થાય છે ?

ઉ. ૬૧ બુદ્ધિથી

પ્ર. ૬૨ સ્પૃહા એટલે શું ?

ઉ. ૬૨ સ્પૃહા એટલે એના પ્રત્યેની લાગણી

પ્ર. ૬૩ બુદ્ધિના આશય વિષે સમજાવો ?

ઉ. ૬૩ બુદ્ધિનો આશય એટલે ''આપણે બસ ચોરી કરીને જ ચલાવવું છે, કાળાબજાર કરીને જ ચલાવવું છે'' એવું જે આગળના જન્મમાં સજ્જડ ભાવ કરીને નક્કી કર્યું હતું તે. કોઈ કહેશે આપણે ચોરી ક્યારેય પણ નથી કરવી, કોઈ કહે મારે આવું ભોગવી લેવું છે, તે ભોગવી લેવા માટે એકાન્તની જગ્યા હઉ તૈયાર કરી આપે. તેમાં પાછું પાપ-પુણ્ય કામ કરે છે. જે બધું ભોગવવાની ઈચ્છા કરી હોય એવું બધું એને મળી આવે, માનવામાં ન આવે એવું બધું પણ એને મળી જાય, કારણ કે એના બુદ્ધિના આશયમાં હતું અને પુણ્ય ભેગું થાય તો કોઈ એને પકડીએ ના શકે. ગમે તેટલાં ચોકી-પહેરા કરો તોય અને પુણ્ય પૂરું થાય ત્યારે એમને એમ પકડાઇ જાય, નાનું છોકરુંય એને ખોળી કાઢે. બુદ્ધિનો આશય છે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આધિન છે એમાં પોતાનું કર્તાપણું નથી. કર્તાપણું માનવામાં આવે છે તે ભ્રાંતિ છે. અહંકાર પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને

ભાવને આધિન છે. મૂળ પહેલા વિચાર છે, એમાંથી ઈચ્છા થાય છે અને ઈચ્છામાંથી આશય ઉત્પન્ન થાય છે અને આશયમાંથી એને એની ભૂમિકા મળે છે. તમને જે દેહ કે અન્ય જે કંઈ પણ મળ્યું છે તે બધું જ તમારા બુદ્ધિના આશય મુજબ હોય છે.

પ્ર. ૬૪ બુદ્ધિનું આ શરીરમાં સ્થાન કયાં આવેલું છે ?

ઉ. ૬૪ બુદ્ધિનું આ શરીરમાં સ્થાન તાળવામાં જેને બ્રહ્મરંધ એટલે કે દશમ સ્થાન કહે છે ત્યાં છે.

પ્ર. ૬૫ બુદ્ધિ ખલાસ ક્યારે થાય ?

ઉ. ૬૫ આત્મા એના ધર્મમાં આવે તો બુદ્ધિ ખલાસ થાય. આત્માને આત્મ ધર્મમાં લાવવા માટે મોક્ષદાતા પુરુષ જોઈશે. બધીય રોંગ બીલિફો જાય ત્યારે આત્મા પોતાના ધર્મમાં આવ્યો કહેવાય. તમામ રોંગ બીલિફો જાય અને રાઈટ બીલિફ એટલે કે ''હું શુદ્ધાત્મા છું'' એ ભાન થાય ત્યારે આત્મા પોતાના ધર્મમાં આવે અને ત્યારે જ બુદ્ધિ ખલાસ થાય. ટૂંકમાં જ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રજ્ઞા ઉત્પન્ન થાય એટલે બુદ્ધિ ધીમે ધીમે ખલાસ થાય.

પ્ર. ૬૬ બુદ્ધિ અને જ્ઞાન એ બે વચ્ચેનો તફાવત સમજાવો ?

ઉ. ૬૬

બુદ્ધિ	જ્ઞાન
૧. બુદ્ધિ એ આત્માનો ઈન્ડીરેક્ટ પ્રકાશ છે.	૧. જ્ઞાન એ આત્માનો ડાયરેક્ટ (ડીરેકટ) પ્રકાશ છે.
૨. જગતના બધાજ સબજેક્ટસ જાણે તે બુદ્ધિમાં સમાય કારણ કે તે અહંકારી જ્ઞાન છે અર્થાત્ અહંકાર સહિતનું જ્ઞાન તે બુદ્ધિ	૨. નિરઅહંકારી જ્ઞાન એ જ્ઞાન કહેવાય છે.
૩. જગતની બધી કલ્પિત વસ્તુઓ બુદ્ધિથી સમજાય.	૩. આત્મા નિર્વિકલ્પ વસ્તુ છે. તે જ્ઞાનથી સમજાય.
૪. બુદ્ધિ ભેદ પાડે છે.	૪. જ્ઞાન અભેદ બનાવે છે.
૫. બુદ્ધિ પરપ્રકાશ છે તેથી સ્વ ને જોઈ ના શકે	૫. જ્ઞાન સ્વ પર પ્રકાશ છે.

૬. બુદ્ધિ એ સંયોગી દ્રવ્ય છે.	૬. જ્ઞાન એ મૂળ દ્રવ્ય છે.
૭. બુદ્ધિ લૌકિકતા પ્રકાશે છે.	૭. જ્ઞાન તો અલૌકિકતાને પ્રકાશે છે.
૮. બુદ્ધિનો પ્રકાશ લિમિટેડ છે એટલે ગૂંચો પાડે છે.	૮. જ્ઞાનનો પ્રકાશ અનલિમિટેડ છે તેથી તે ગૂંચો ઉકેલે
૯. બુદ્ધિ હમેશાં ઈમોશનલ કરે. સંસાર રમણતા કરાવે.	૯. જ્ઞાન હમેશાં મોશનમાં રાખે અને આત્મ રમણતા કરાવે છે.
૧૦. બુદ્ધિ એટલે અજ્ઞાન	૧૦. જ્ઞાન એનું નામ કે ફરી ફરી યાદ ના કરવું પડે વાંચવું ના પડે.

પ્ર. ૬૭ બુદ્ધિ અને સમજ વચ્ચે શું ફેર ?

ઉ. ૬૭ સમજ છે તે મતભેદ દેખાડે છે અને બુદ્ધિ છે તે મતભેદ ઘટાડે છે. સમજ એટલે દર્શન અને બુદ્ધિ એટલે પ્રકાશ.

પ્ર. ૬૮ ભાવ અને બુદ્ધિનો આશય એમાં શું ફેર ?

ઉ. ૬૮ ભાવ એ દહીં છે અને બુદ્ધિનો આશય એ માખણ છે. બુદ્ધિનો આશય એટલે પૂર્વભવમાં જે પ્લાનિંગ કર્યુ તે અત્યારે રૂપકમાં આવેલું છે. ભાવ એ કોઝ છે અને એ ચાર્જ છે. ગયા અવતારે જે બુદ્ધિનો આશય હતો તે અત્યારે રૂપકમાં આવેલું છે માટે પરિણામ છે.

પ્ર. ૬૯ વિપર્યાસબુદ્ધિ એટલે શું ?

ઉ. ૬૯ ગૃહ-કુટુંબ-પરિગ્રહાદિ ભાવને વિશે જે અહંતા, મમતા છે અને તેની પ્રાપ્તિ-અપ્રાપ્તિ પ્રસંગમાં જે રાગ-દ્વેષ કષાય છે, તે જ વિપર્યાસબુદ્ધિ છે.

પ્ર. ૭૦ સદ્‌બુદ્ધિ કેમ ઉત્પન્ન થાય ?

ઉ. ૭૦ વૈરાગ્ય અને ઉપશમ પ્રાપ્ત થાય તો સદ્‌બુદ્ધિ ઉત્પન્ન થાય. ગૃહ કુટુંબાદિ ભાવને વિષે અનાસકત બુદ્ધિ થવી તે વૈરાગ્ય છે. વસ્તુ વ્યકિત કે પદાર્થની પ્રાપ્તિ-અપ્રાપ્તિ નિમિત્તે ઉત્પન્ન થતો એવો જે કષાય ક્લેશ, તેનું મંદ થવું તે ઉપશમ છે.

પ્ર. ૭૧ ઔત્પાતિકી બુદ્ધિ વિષે દૃષ્ટાંત આપો ?

ઉ. ૭૧ રોહિણિયા ચોરનું દૃષ્ટાંત શાસ્ત્રમાં આવે છે. આ ચોર ઘણી જ ચોરી કરતો હતો, કોઇ પણ રીતે પકડાતો ન હતો, એક વખત એક ગામમાં તે ચોર આવ્યો છે એમ સમાચાર મળતા રાજાએ તે ગામના પ્રજાજનોને બોલાવીએ કડક આજ્ઞા કરી કે એક સપ્તાહ પછી તમારે રાજય સભામાં

આવવું, પરંતુ ચાલતાં ચાલતાં પણ ન આવવું અને વાહન ઉપર પણ નહીં, ભોજન કરીને પણ નહીં અને ભૂખ્યા પણ નહીં. તડકે પણ નહીં અને છાંયે પણ નહીં, દિવસે પણ નહીં અને રાત્રે પણ નહીં, ઇત્યાદિ બે બે વિરોધીભાવો જણાવીને સભામાં આવવાનું કહ્યું, ગામ લોકો ગભરાયા, કોયડો ઉકલતો નથી, ગામલોકોને ચિંતાતુર જાણીને સંતાયેલા રોહિણિયા ચોરે ગામલોકોને પૂછયું. ગામલોકોએ ચિંતાનું કારણ જણાવ્યું. રોહિણિયા ચોરે પોતાની ઓત્પાતિકી બુદ્ધિના પ્રભાવે તુરત ગામલોકોને સમજાવ્યું કે લાકડીનો ઘોડો કરીને સભામાં જવાનું, જેથી ચાલતા પણ ન કહેવાય અને વાહન ઉપર પણ ન કહેવાય. શીંગ ચણા ફાકતાં ફાકતાં જવાનું જેથી ભોજન કરીને પણ ન કહેવાય અને ભૂખ્યા પણ ન કહેવાય, કાણાંવાળી કામળી ઓઢીને જવાનું જેથી તડકે પણ ન કહેવાય અને છાંયે પણ ન કહેવાય, સંધ્યા સમયે જવાનું જેથી રાત્રિ પણ ન કહેવાય અને દિવસ પણ ન કહેવાય. ઇત્યાદિ ઊકેલ મળી આવતાં ગામલોકો હરખાયા, સપ્તાહ પછી ઉપર પ્રમાણે રાજસભામાં ગયા. રાજાએ કડકાઇથી પ્રશ્ન કર્યો કે તમને આ પ્રશ્નો કોણે ઉકેલી આપ્યા ? સાચું બોલો નહીં તો તમારો વધ થશે. ઇત્યાદિ કહેતા રોહિણિયા ચોરનું નામ આપ્યું અને તેને પકડવામાં આવ્યો, આવી આકસ્મિક બુદ્ધિ, તત્કાલ જવાબ આપે એવી જે બુદ્ધિ તે ઔત્પાતિકી બુદ્ધિ કહેવાય છે.

પ્ર. ૭૨ વૈનયિકી બુદ્ધિ કોને કહેવાય ?

ઉ. ૭૨ સાંકેતિક ચિન્હોથી વસ્તુ સમજવા માટેની જે બુદ્ધિ તે વૈનયિકી બુદ્ધિ કહેવાય. ગુરુજીના વિનયથી જે બુદ્ધિ આવે તે વૈનયિકી બુદ્ધિ કહેવાય.

પ્ર. ૭૩ કાર્મિકી બુદ્ધિ કોને કહેવાય ?

ઉ. ૭૩ સોનીની, દરજીની, હજામની, રસોઇની વિગેરેની સર્વે કળાઓ કામ કરતાં કરતાં જ વિકસે તે કાર્મિકી બુદ્ધિ છે.

પ્ર. ૭૪ પારિણામિકી બુદ્ધિ કોને કહેવાય ?

ઉ. ૭૪ દરેક વસ્તુ કે ઘટના શાં માટે કેવા સંજોગોમાં બની, તેના માટે કાર્ય કારણ અને પરિણામ ઉપર ખૂબ જ વિચાર કરી નિર્ણય કરનાર બુદ્ધિને પારિણામિક બુદ્ધિ કહેવાય. પરિણામ એટલે ઉંમર વિશેષ, વયઃવિશેષ અને વયના પરિપાકથી જે બુદ્ધિ આવે તે પારિણામિક બુદ્ધિ કહેવાય.

પ્ર. ૭૫ વિષય કોને કહેવાય ?

ઉ. ૭૫ બીગનીંગમાં (શરૂઆતમાં) પણ ગમે અને એન્ડમાં (અંતમાં) પણ ગમે એનું નામ વિષય. વિષય એ વસ્તુ જ નથી, પરંતુ પરમાણુંનો ફોર્સ છે. જ્યાં અંતઃકરણ ઠર્યું તે વિષય છે. જે વિષય ઉત્પન્ન થયા પછી કંટ્રોલ કરવામાં આવે છે તે વિષય કહેવાય. વિનંતી કરીને પ્રાપ્ત કરવામાં આવે તે વિષય. જે તને ગમી ગયું તે બધાં જ વિષયો છે. તપ ત્યાગમાં પણ તન્મયતા રહે તો તેને પણ વિષય કહેવાય. અવસ્થામાં એબનોર્મલ થાય કે બીલોનોર્મલ થાય તે વિષય કહેવાય. જેમાં જેમાં મન પ્રફુલ્લિત થાય તે વિષય છે. મન પાંચ મિનિટ એક જગ્યાએ ઝલાયું એ વિષય. મન ઝલાય એ વિષય. જેમાં મન ભમ્યા કરે એ બધાં જ વિષય. જેમ કે ગોળની પાછળ માંખી ભમ્યા કરે છે, તેમ જયાં મન ભમ્યા કરે એ બધાં જ વિષય. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર જેમાં જેમાં તન્મયાકાર થાય તે વિષય છે. જે તને સાંભળ સાંભળ થયા કરે તે વિષય છે. જયાં પ્રતિપક્ષી છે તે સર્વ વિષય છે. ત્યાગનો પ્રતિપક્ષી શબ્દ ગ્રહણ છે માટે ત્યાગ એ પણ વિષય છે. જે વસ્તુને પરવશ થાઓ તે વિષય. જે ચિત્તને ડગાવે તે બધાં જ વિષય. ટેવો કે તેનો અનુગ્રહ પકડયો તે વિષય. જે પ્રગતિ અટકાવે તે બધાં જ વિષય. જેમાં ચિત્તવૃત્તિઓ રમે તે વિષય. જે યાદ રહ્યાં કરે તે વિષય. પોતાના સ્વરૂપ સિવાય જે કંઇ પણ સ્મૃતિમાં રહેશે એ બધાં વિષયો જ છે. તપસ્વીને આખો દિવસ તપની ને તપની જ સ્મૃતિ રહ્યાં કરે ત્યાગીને ત્યાગની જ સ્મૃતિ રહ્યાં કરે, અને વિલાસીને વિલાસની જ સ્મૃતિ રહ્યાં કરે એ બધાં વિષયો જ છે. જે સાંભળ સાંભળ થાય છે તેને ભગવાન વિષય કહે છે. વિષય માત્ર કાદવ સ્વરૂપ છે.

પ્ર. ૭૬ પાંચ વિષય કયા કયા ?

ઉ. ૭૬ પાંચ ઇન્દ્રિયના પાંચ વિષય છે. કાનનો વિષય સારું સારું સાંભળવાનું ગમે, આંખનો વિષય જોવું ગમે, નાકનો વિષય સારી સુગંધ લેવાનું ગમે, જીભનો વિષય સારું જમવાનું (સ્વાદ) ગમે, અને પાંચમો ચામડીનો વિષય સ્પર્શ સુખ ગમે તે.

પ્ર. ૭૭ વિષયની શરૂઆત ક્યાંથી થાય છે ?

ઉ. ૭૭ સ્ત્રીને મોહ ભાવે જોવી, મૂર્છિત ભાવે સ્ત્રીને જોવાથી વિષયની શરૂઆત થાય છે.

પ્ર. ૭૮ સ્ત્રી વિષય શું છે ? તેનુ પરિણામ શું છે ?

ઉ. ૭૮ સ્ત્રી વિષય એટલે જ ભયંકર આત્મઘાત છે, એ અનંત અવતારનું મરણ લાવે છે. વિષય સબંધે સુખ માન્યતા એ માત્ર લોક સંજ્ઞા જ છે. વિષય અજવાળામાં દિવસે આચરે તો એ બ્લડપ્રેશર તથા હાર્ટએટેક જેવા પરિણામ લાવે છે. એક જ વિષય ભોગમાં અજાણ પણે ભયંકર અનંત જીવ હિંસા થાય છે. ઓછામાં ઓછા એક લાખ અને વધુમાં વધુ નવ લાખ ત્રસ જીવોની હિંસા થાય છે અને તેથી જ વિષયાસક્તિ પરિણામે અધોગતિ પમાડે છે. એ જાનવર ગતિ લાવે અથવા તો નર્કગતિ પણ લાવે. જેમાં અલ્પ પણ સુખ નથી એવો વિષય સબંધ જ અનંત અવતારની ફસામણનું મૂળ છે. જગતનાં સર્વ દુઃખોનું ઉદ્ભવસ્થાન એટલે જ સ્ત્રી વિષય કે પુરુષ વિષય. વિષયનું સ્વરૂપ સંડાસ છે. વિષય એ તો જાનવરોની કોડ લેંગવેજ છે, પાશવતા છે. સ્ત્રી વિષય એ ખુલ્લી પાશવતા છે. વિષય એ વિચાર્યા વગરની વાત છે. વિષય એ અજાગૃતિ છે. વિષય એ સંડાસ છે. વિષય આકર્ષણમાંથી જન્મે છે અને આકર્ષણ પછી નિયમથી જ વિકર્ષણ થાય છે જ અને તેમાં પછી વેર બંધાય છે. વિષયનું વેર અત્યંત ઝેરીલું હોય છે, અનંતકાળ બગાડી નાંખે તેવું ભયંકર છે.

પ્ર. ૭૯ વિષય રોગ કેવી રીતે ચોંટે છે ?

ઉ. ૭૯ શ્રી વિઝનનો ઉપયોગ જે ચૂકી ગયો એને તો સ્ત્રી પ્રત્યે દૃષ્ટિ માંડતા જ વિષયરોગ ચોંટી જાય છે.

પ્ર. ૮૦ વિષયરોગ આખો શેના આધારે ટકેલો છે ?

ઉ. ૮૦ વિષયરોગ આખોય કપટના આધારે ટકેલો છે અને કપટને કોઈની પાસે ખુલ્લું કરી દેવામાં આવે તો વિષય નિરાધાર બની જાય. વિષય સબંધી ગમે તેટલો ભયંકર દોષ થયો હોય પણ તેની જ્ઞાની પુરુષ પાસે આલોચના થાય તો તે દોષથી છૂટી જવાય.

પ્ર. ૮૧ વિષયાસક્તિની જડ કેવી રીતે નિર્મૂળ થઈ શકે ?

ઉ. ૮૧ સંપૂર્ણ બ્રહ્મચર્યનાં પાલન થકી જ વિષયાસક્તિની જડ નિર્મૂળ થઈ શકે તેમ છે. શુદ્ધ બ્રહ્મચર્ય પાળવાનો પોતાનો નિશ્ચય મેરૂ પર્વતની જેમ અડોલ રહે છે ત્યાં કુદરત પણ તેને યારી આપે છે અને વિષયમાં લપસવાના

સંજોગોજ ભેગા નથી થવા દેતી એટલે બ્રહ્મચર્યના સ્ટ્રોંગ નિશ્ચય ઉપર જ બધો આધાર છે. શુદ્ધ બ્રહ્મચર્ય પાળવા જ્ઞાની પુરુષનું સાનિધ્ય તથા બ્રહ્મચારીઓનો સંગ અતિ અતિ આવશ્યક છે. એક બાજુ મોતને સ્વીકારવાનું બને તો તે સહર્ષ સ્વીકારી લે, પરંતુ પોતાની બ્રહ્મચર્યની સેફસાઈડ ના ચૂકે આવી સ્ટ્રોંગનેસ તથા પોતાની બ્રહ્મચર્ય પાળવાની ચોખ્ખી દાનત અને તેની સંપૂર્ણ સિન્સિયારિટીથી જ આ વિષયાસક્તિની જડ નિર્મૂળ થઈ શકે.

પ્ર. ૮૨ સ્ત્રી વિષયની અટકણમાં શું જાગૃતિ રાખવી ?

ઉ. ૮૨ સ્ત્રી વિષય કે પુરુષ વિષય સબંધી વિચાર આવ્યો કે તરત જ ત્યાં ને ત્યાં તમારે પ્રતિક્રમણ કરી નાખવા, ઓન ધી સ્પોટ પ્રતિક્રમણ કરી નાખવા. જે જે દુકાનની મહીં આપણું મન ગૂંચાય એ દુકાનની મહીં જે શુદ્ધાત્મા ભગવાન બીરાજમાન છે, તે જ આપણને છોડાવનાર છે, એટલે તે વ્યક્તિના શુદ્ધાત્મા પાસે માફી માંગી લેવી તેમ જ તેના શુદ્ધાત્મા પાસે માંગણી કરવી કે મને આ અબ્રહ્મચર્ય વિષયથી મુક્ત કરો. એ જ દુકાનના શુદ્ધાત્મા આપણને આ વિધિથી છોડાવનાર છે, એ ખાસ ધ્યાનમાં રાખવું.

પ્ર. ૮૩ ભગવાને વિષયમાં જાગૃત રહેવા શું કહ્યું હતું ?

ઉ. ૮૩ ભગવાને કહેલું કે આ જગતમાં બધી ચીજો જો જો પણ આ મનુષ્ય (પુરુષ કે સ્ત્રી)ના આંખ અને મોંઢું ના જોશો અને જોવાય તો સહજ ભાવે જોશો, સામાન્ય ભાવે જોશો. પુરુષને સ્ત્રી છે એવું દેખાય તે પુરુષમાં રોગ હોય તો સ્ત્રી છે, એવું દેખાય. પુરુષમાં રોગ ના હોય તો સ્ત્રી ના દેખાય.

પ્ર. ૮૪ વિષયનું વિરેચન ક્યારે થાય ?

ઉ. ૮૪ મન, વચન, કાયાથી સંપૂર્ણ રીતે નિર્વિષયી હોય તેવા પુરુષના શબ્દોથી વિષયનું વિરેચન થાય. જ્ઞાની પુરુષના વાક્યો વિષયનું વિરેચન કરાવનારા છે.

પ્ર. ૮૫ વિષયમાં પુરુષાર્થ કોને કહેવાય ?

ઉ. ૮૫ પુરુષાર્થ એનું નામ કહેવાય કે હિસાબ હોય ત્યાંયે ઝલાવા ના દે. ચિત્ત જાય પણ ધોઈ નાખે તો એ અબ્રહ્મચર્ય નથી કહેવાતું. મનને કહેવું તું જ્ઞેય અને હું જ્ઞાતા છું તથા પ્રતિક્રમણ કરો, એટલે તરત છૂટું થઈ જાય.

પ્ર. ૮૬ વિષય સબંધી કેવો અભિપ્રાય હોવો ઘટે ?

ઉ. ૮૬ ''આમા સુખ જ નથી અને આ ફસામણ છે.'' એવો અભિપ્રાય રહેવો જોઈએ.

પ્ર. ૮૭ કોને વિષય નિર્વિષય થાય ?

ઉ. ૮૭ આટલું જ જેને આવડે કે વિષયનું બીજ ઊગતા જ, બે પાંદડે ફૂંપણ નીકળતા જ તેને ઉખેડીને બાજુએ ફેંકી દે તો એનો વિષય નિર્વિષય થાય.

પ્ર. ૮૮ વિષયમાં સંપૂર્ણ જાગૃતિ માટે કયો પ્રયોગ વાપરવાનો ?

ઉ. ૮૮ થ્રી વિઝનનો પ્રયોગ વાપરવાનો. આમ સુંદર કપડાં પહેર્યાં હોય બે હજારની સાડી પહેરી હોય તોય જોતાની સાથે જ તરત જાગૃતિ ઊભી થાય તે નગ્ન દેખાય પછી બીજી જાગૃતિ ઉત્પન્ન થાય તે ચામડી વગરનું આખું શરીર દેખાય અને ત્રીજી જાગૃતિ પછી પેટ કાપી નાંખે તો મહીં આંતરડાં દેખાય, લોહીની નશો મહીં ફરતી દેખાય, સંડાસ દેખાય આમ બધો ગંદવાડો દેખાય, પછી વિષય ઊભો થાય જ નહીંને, આમાંથી આત્મા ચોખ્ખી વસ્તુ છે ત્યાં આગળ જઈને અમારી દૃષ્ટિ અટકે પછી શી રીતે મોહ થાય. AT A TIME આ ત્રણ જાગૃતિ હોય તો વિષય જીતી શકાય. જ્ઞાની પુરુષને જ્ઞાન નહોતું એ પહેલા આવી જાગૃતિ રહેતી હતી. પૂજ્ય દાદા શ્રી કહેતા કે ''મારો જે પ્રયોગ કરેલો એ પ્રયોગ જ વાપરવાનો. અમારે એ પ્રયોગ નિરંતર ગોઠવાયેલો જ હોય.''

પ્ર. ૮૯ વિષય - વિચાર સબંધી કેવો પુરુષાર્થ હોવો જોઈએ ?

ઉ. ૮૯ સામામાં શુદ્ધાત્મા જ જો જો કર્યા કરવો અને બીજું દેખાય અને આકર્ષણ થાય તો પ્રતિક્રમણ કરવું તે સિવાય બીજો કોઈ ઉપાય નથી. પોતાની જબરજસ્ત તૈયારી હોય કે ઉપયોગ ચૂકવો નથી પરંતુ પેલું ફૂટે પછી પાછું પ્રતિક્રમણ કરી ધોઈ નાખવાનું. ''હું દાદા ભગવાન જેવો નિર્વિકારી છું.'' એમ બોલીએ તોય જાગૃતિમાં આવી જવાય. ''હું શુદ્ધાત્મા છું.'' ''હું શુદ્ધાત્મા છું.'' એમ બોલવું અને પ્રતિક્રમણ ચાલુ રાખવાના.

પ્ર. ૯૦ સ્ત્રી વિષય સબંધી એક કલાક ધ્યાનનું ફળ શું ?

ઉ. ૯૦ સ્ત્રી વિષય વિચારમાં રમણતા કરવી એનું નામ ધ્યાન રૂપ થયું કહેવાય. એના એ જ વિચારમાં રમણતા ચાલે એનું નામ ધ્યાન કહેવાય. એ સ્ત્રી જે

સ્થાને જવાની હોય એ સ્થાને આપણને લઈ જાય. એ સ્ત્રી આપણી બીજા ભવમાં મધર (મા) થાય કે વાઈફ (પત્ની) થાય કે છોકરી થાય, માટે આ એકલું જ આપણે ચેતતા રહેવા જેવું છે, બીજા કશામાં ચેતવાનું નથી.

પ્ર. ૯૧ સ્ત્રીવિષય સબંધે શ્રીમદ્ રાજચંદ્રે શું કહ્યું છે ?

ઉ. ૯૧ વિષય તો લોક સંજ્ઞા છે. ખાલી વિચાર્યા વગરની વાત છે. કૃપાળુ દેવે તો એનું બહુ ખરાબ રીતે વર્ણન કર્યું છે. યોનિ એ તો વમન કરવા યોગ્ય કે થૂંકવા યોગ્ય પણ જગ્યા નથી એમ કહ્યું છે. યોનિને અડેલો હાથ જો સોંડવામાં (સૂંઘવામાં) આવી જાય તો એ મરેલા માછલા હોય ને એવું ગંધાય.

પ્ર. ૯૨ વિષયને ભગવાને શું કહ્યું છે ?

ઉ. ૯૨ વિષયને ભગવાને રૌદ્રધ્યાન કહ્યું છે. એક જ વખતના આ પ્રયોગથી અનંતાજીવ મરી જાય છે, તેની જવાબદારી આવે છે એટલે એને રૌદ્રધ્યાન કહ્યું છે. વિષય બહુ રોગિષ્ટ વસ્તુ છે, એ પ્રત્યક્ષ ઝેર છે, એવું જ્ઞાન હાજર રહેવું જોઈએ. વિષય તો બળતરા સમાવવા માટેનું એક જાતનું સાધન છે. ભગવાન જો કદી વિષયની હિંસાનું યથાર્થ વર્ણન કરે તો માણસ સાંભળતાં જ મરી જાય એટલી વિકરાળતા તેમાં સમાયેલી છે.

પ્ર. ૯૩ વિષય બીજને કેવી રીતે શેકી નાંખવાના ?

ઉ. ૯૩ આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાનથી આ વિષયના બીજને શેકી નાંખવાના (અક્રમના આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન હોવા જોઈએ.)

પ્ર. ૯૪ વિષયના વિચાર કેમ આવે છે ?

ઉ. ૯૪ જ્યાં સુધી પાશવતા છે ત્યાં સુધી વિષયના વિચાર આવ્યા વગર રહે નહીં. મનુષ્યમાં પશુપણું છે ત્યાં સુધી વિચાર આવે. પશુપણું ગયુ તો એ વિચાર જતા રહે. પશુપણું એટલે કોઈનું પડાવી લેવું, કોઈને મારવું, અણહક્કનું ભોગવી લેવું વગેરે.

પ્ર. ૯૫ હક્કના વિષયના પ્રતિક્રમણ શાં માટે ?

ઉ. ૯૫ વિષય માત્ર અતિક્રમણ છે, એટલે જેને છૂટવું છે તેણે તો હક્કના વિષયના (પોતાની કાયદેસરની પત્ની સાથેના) પણ પ્રતિક્રમણ કર કર કરવા જોઈએ. વિષય તો મિયાં-બીબી રાજી તો ક્યા કરેગા કાજી એવું કહેવાય છે, પણ એનાથી લાખો જીવો મરી જાય છે, તેનો વાંધો છે. લાખો જીવો મરી જાય છે એટલે અતિક્રમણ થયું માટે એનું પ્રતિક્રમણ કરો.

પ્ર. ૯૬ વિષય બાબતમાં પૂજય દાદાશ્રીએ કરેલી સ્પષ્ટતા જણાવો ?

ઉ. ૯૬ ૧. જગત આખું કહે છે કે સ્પર્શ કરવાથી વિષયો વધે છે, હું કહું છું કે સ્પર્શ કરવાથી વિષયો ઘટે.

૨. નપુંસક લિંગ દસ કલાક એક જગ્યાએ સૂઇ રહે તો પણ પોતાનો ભાવ વ્યકત ન કરે. સ્ત્રી લિંગ આઠ કલાક એક જગ્યાએ સૂઇ રહે તો પણ પોતાનો ભાવ વ્યકત ન કરે. પુરુષ લિંગ કલાકમાં જ ભાવ વ્યકત કરી દે.

૩. માંસાહારીને સ્થિરતા વધારે હોય અને નિરોગીને સ્થિરતા વધારે હોય. માંસાહારીને વિષય ઓછો હોય. શાકાહારીને વિષય વધારે હોય. કબૂતર સંપૂર્ણ શાકાહારી છે તેથી તેનું લોહી ખૂબ જ ગરમ છે તે દિવસમાં બે થી ત્રણ વખત વિષય ભોગવે છે.

૪. વિષય એ વસ્તુ નથી, ભ્રમણા છે. બળતરા ઓછી કરવાનું સાધન છે.

૫. અતિશય સ્થૂળકાય શરીરવાળાને વિષય ઓછો હોય અને પાતળા શરીરવાળાને વિષય વધારે હોય.

પ્ર. ૯૭ વિષય કેવી રીતે ઓછો થાય ?

ઉ. ૯૭ જ્ઞાની પુરુષને અડવાથી, જ્ઞાની પુરુષના સ્પર્શથી વિષય ઓછા થાય.

પ્ર. ૯૮ વિષયો કોણ ભોગવે છે ?

ઉ. ૯૮ વિષયો ઇન્દ્રિયો ભોગવે છે. વિષયો સ્થૂલ છે. અહંકાર સૂક્ષ્મ છે. અહંકાર તો ખાલી અમથો કહે કે મેં તો બહુ સરસ ભોગવ્યું એટલું બાકી વાસ્તવમાં વિષયો ઇન્દ્રિયો ભોગવે છે. સૂક્ષ્મ સ્થૂલને કેવી રીતે ભોગવી શકે.

પ્ર. ૯૯ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાંથી છૂટવા માટે શું પ્રયોગ કરવો ?

ઉ. ૯૯ તમે સવારથી બોલો કે આજે ઇન્દ્રિયોના ઘોડાની લગામ છોડી દઇએ છીએ એવું પાંચ વખત શુદ્ધ ભાવે બોલો પછી એની મેળે લગામ છૂટેલી જુઓ તો ખરા. એક રવિવારનો દહાડો તો પસાર થવા દો આ તો શું થઇ જશે એવો ખોટો ભડકાટ રહે છે. અલ્યા કશુંય થવાનું નથી. દાદાએ ભગવાન પદ આપ્યું છે. એ પદ વાપરતા જ નથી આવડતું. આ પ્રયોગ કરે તો પૂરે પૂરો લાભ મળે તેમ છે. પાંચ ઇન્દ્રિયોમાં સુખ છે એવો અભિપ્રાય તો રહેવો જ ના જોઇએ.

પ્ર. ૧૦૦ પાંચ ઇન્દ્રિયોના વિષયમાં કયો સાચો વિષય છે ?

ઉ. ૧૦૦ પાંચ ઇન્દ્રિયોના વિષયમાં એક જીભનો વિષય એકલો સાચો વિષય છે. વાસ્તવમાં તે પણ કલ્પિત છે પરંતુ ઊંચામાં ઊંચુ કલ્પિત છે.

પ્ર. ૧૦૧ વિષયને એન્કરેજ કરે તેવો કયો ખોરાક છે ?

ઉ. ૧૦૧ શાકાહારી ખોરાક વિષયને એન્કરેજ (પ્રોત્સાહિત) કરે છે. સૌથી વધારેમાં વધારે વિષયી આ દાળભાત ખાવાવાળા લોકો છે. માંસાહારી કરતા શાકાહારી વધારે વિષયી હોય છે. વેજીટેબલ આહાર લેવાથી લોહી ગરમ વધારે રહે છે. જાનવરોમાં કબૂતરનું લોહી વધારે ગરમ છે કારણકે તે સંપૂર્ણ શાકાહારી છે, ક્યારેય તે જીવડું ના ખાય. જયારે સિંહને વિષયની પડેલી જ ના હોય એમને વર્ષમાં એકાદ વખત વિષય હોય. ચિકાસવાળો સ્નિગ્ધ ખોરાક એ વિષયને એન્કરેજ કરે છે. ચરબીવાળો, ઘી, તેલ, દૂધ વગેરે ખોરાક ખાવાથી માંસ વધે, માંસ વધે એટલે વીર્ય વધે અને વિષયની ઇચ્છા થાય.

પ્ર. ૧૦૨ હક્કના વિષયમાં કેવી જાગૃતિ રાખવી જોઇએ ?

ઉ. ૧૦૨ પોતાની કાયદેસરની પત્ની સાથેના હક્કના વિષયમાં પણ નીચે મુજબની જાગૃતિ હોવી ઘટે.

૧. વિષય એ મીઠી (ગળી) દવા છે, માટે રોજ રોજ ના પીવાય. એ દવા સ્વરૂપે છે, એટલે તાવ આવે, બેમાંથી એકને નહીં પણ બંનેને તાવ આવે અને તે અસહ્ય થઇ પડે તો જ દવા પીવાય, નહીં તો મીઠી દવા છે માટે પી પી કરે તો એ દવા જ પોઇઝન થઇ જશે.

૨. પોલીસવાળો પકડીને લઇ જાય અને બે ચાર દહાડા ભૂખ્યા રાખી દંડા મારી મારીને માંસાહાર કરાવે તે વખતે જે રીતે પરાણે ના છૂટકે ચીઢપૂર્વક માંસાહાર કરે, તેવી રીતે વિષય સેવન થવું જોઇએ.

૩. જ્ઞાની પુરુષ પાસે આજ્ઞા લઇને બાંધેલી નિયમ મર્યાદા મુજબનું મહિનામાં બે, પાંચ કે સાત દિવસનું જ હોય, એથી વધારે ના હોવું ઘટે.

૪. ગમે તે ભોગે પણ આ વિષયને તો નહીં જ અડું એવો સ્ટ્રોંગ નિશ્ચય જોઇએ.

૫. બંનેની પથારી જુદી જુદી હોવી જોઇએ. ડબલ બેડની પથારી ના ચાલે અને જો અનુકૂળતા હોય તો બંને જણે જુદી જુદી રૂમમાં સૂવું જોઇએ. એકાંત શૈયાસન આવશ્યક છે.

પ્ર. ૧૦૩ એક વખતનો વિષય પણ કેટલું નુકશાન કરે છે ?

ઉ. ૧૦૩ એક ફેરો કરેલું વિષયનું સેવન પણ મહિનાઓ સુધી ધ્યાન કે એકાગ્રતાની સ્થિરતાને બાધક નિવડે છે.

પ્ર. ૧૦૪ વિષય સબંધી લેણ-દેણ કોને કહેવાય ?

ઉ. ૧૦૪ લેણ દેણમાં ઇચ્છાપૂર્વકનું ના હોવું જોઇએ. પોલીસવાળો જેમ મારી ઠોકીને માંસ ખવડાવે તેવું હોય તેને લેણ - દેણ કહેવાય અને તેમાં તમે ગુનેગાર નથી.

પ્ર. ૧૦૫ વાઘ - સિંહને વિષય બહુ ઓછા કેમ ?

ઉ. ૧૦૫ વાઘ-સિંહને વિષય બહુ ઓછા હોય કારણકે તે માંસાહારી છે. માંસાહારીને વિષય ઓછા હોય.

પ્ર. ૧૦૬ પાંચ ઇન્દ્રિયોના ચોવીસ વિષયો કયા કયા ?

ઉ. ૧૦૬ પાંચ ઇન્દ્રિયોના ચોવીસ વિષયો નીચે મુજબ છે.

૧. કાન :	શબ્દ, અજીવશબ્દ, મિશ્ર શબ્દ.	૩
૨. આંખ :	કાળો, લીલો, લાલ, પીળો, ધોળો.	૫
૩. નાક :	સુગંધ, દુર્ગંધ.	૨
૪. જીભ :	ખારો, ખાટો, કડવો, ગળ્યો, તીખો, તુરો.	૬
૫. ચામડી :	સુવાળો, ખરખરો, હલકો, ભારે, ગરમ, ઠંડો, લૂખો, ચીકણો.	૮
		૨૪

પ્ર. ૧૦૭ વિષય અર્થાત મૈથુન સંજ્ઞા કયા ચાર પ્રકારે જાગૃત થાય છે ?

ઉ. ૧૦૭ મૈથુન સંજ્ઞા નીચેના ચાર કારણે જાગૃત થાય છે.

૧. **વેદ મોહનીયના ઉદયથી :** સ્ત્રીને સ્ત્રી વેદ હોય અને પુરુષને પુરુષ વેદ હોય, એ વેદ જ્યારે ઉદયમાં આવે ત્યારે એ બૂમ પડાવડાવે.

૨. **હાડ, માંસ, લોહી વગેરેથી શરીર પુષ્ટ થવાથી :** લોહી માંસથી શરીર હુષ્ટ - પુષ્ટ થાય ત્યારે.

૩. **સ્ત્રીને નજરે જોવાથી :** સ્ત્રીની આંખો કે મોઢાં પ્રત્યે દૃષ્ટિ માંડવાથી.

૪. **સ્ત્રીનું ચિંતવન કરવાથી :** સ્ત્રી વિષેના વિચારો કરવાથી. પૂર્વે સ્ત્રી સાથે ભોગવેલા વિષયોને યાદ કરવાથી.

પ્ર. ૧૦૮ વિષય દોષથી બચવા શું કરવું ?

ઉ. ૧૦૮ ૧. મોક્ષ માટેની તીવ્ર તાલાવેલી પ્રગટાવવી.

૨. ભૂતકાળમાં થઇ ગયેલા દોષોની જ્ઞાની કે ગીતાર્થ ગુરુ પાસે સાચા પશ્ચાતાપ પૂર્વકની આલોચના કરવી. થયેલી ભૂલો પ્રત્યે ભયંકર ખેદ અને અણગમો રહેવો જોઇએ.

૩. બીજાના સારા ગુણોની પ્રશંસા કરવી.

૪. જ્ઞાની પુરુષ અથવા પરમાત્માનું ભજન, પૂજન, ભક્તિ ભાવપૂર્વક કરવા.

૫. કુસંસ્કારોને ખતમ કરવા સારા. અધ્યાત્મિક પુસ્તકોનું વાંચન, મનન, નીદિધ્યાસન કરવું.

૬. તપ અને ઉપવાસ શક્તિ પ્રમાણે કરવા.

૭. વિષયના નિમિત્તોથી હંમેશા દૂર જ રહેવું.

૮. પાપોનો અંજામ નરકની વેદના છે તે સતત લક્ષમાં રાખવું.

૯. વિષય એ ખુલ્લી પાશવતા છે તે બાબત હમેશાં લક્ષમાં રાખવી.

૧૦. સ્ત્રી પ્રત્યે ક્યારેય દૃષ્ટિ ના માંડવી.

પ્ર. ૧૦૯ બ્રહ્મચર્ય એ શું છે ?

ઉ. ૧૦૯ બ્રહ્મચર્ય એ પુદ્ગલ સાર છે. આત્માનું જ્ઞાન કરે એ સમયસાર કહેવાય. આત્માનું જ્ઞાન કરે, જાગૃતિમાં રહે એટલે સમયનો સાર ઉત્પન્ન થયો અને બ્રહ્મચર્ય એ પુદ્ગલ સાર છે. બ્રહ્મચર્ય તો શરીરનો રાજા છે. જેને બ્રહ્મચર્ય હોય તેનું મગજ ખૂબ સુંદર હોય. બ્રહ્મચર્ય પાળ્યું પળાય નહીં, બ્રહ્મચર્ય તો ભાવનાનું ફળ છે, પૂર્વે કરેલી ભાવનાનું ફળ છે.

પ્ર. ૧૧૦ બ્રહ્મચર્ય કોને કહેવાય ?

ઉ. ૧૧૦ બ્રહ્મમાં ચર્યા કરે, આત્મામાં ચર્યા કરે તે બ્રહ્મચર્ય. આત્મામાં રમણતા તે બ્રહ્મચર્ય. ભગવાને સ્થૂળ બ્રહ્મચર્યને બ્રહ્મચર્ય કહ્યું નથી, એને તો પુરન - ગલન કહ્યું છે. સૂક્ષ્મ બ્રહ્મચર્યને બ્રહ્મચર્ય કહ્યું છે. મનથી જે બ્રહ્મચર્ય પાળે તે સાચું બ્રહ્મચર્ય. મનુષ્યનું બ્રહ્મચર્ય તો મન, વચન, કાયાથી હોવું જોઇએ. કાયાનું બ્રહ્મચર્ય તો બળદ અને ઘોડા પણ પાળે છે એટલે સાચું બ્રહ્મચર્ય તો મન, વચન, કાયાથી હોવું જોઇએ. સહજ ભાવમાં બ્રહ્મચર્ય તે ખરું બ્રહ્મચર્ય અને વિકલ્પી ભાવનું બ્રહ્મચર્ય એ અબ્રહ્મચર્ય છે. બ્રહ્મમાં નિષ્ઠા તે બ્રહ્મચર્ય.

નવું બીજ ન નાંખે તેનું નામ બ્રહ્મચર્ય. નિરંતર જે બ્રહ્મમાં રહે તે સાચું બ્રહ્મચર્ય. ''હું શુદ્ધાત્મા છું'' એ નિરંતર ધ્યાનમાં રહે એ મહાનમાં મહાન બ્રહ્મચર્ય, એના જેવું બીજું બ્રહ્મચર્ય નથી. મન, વચન, કાયાથી સ્ત્રી સબંધી વિચાર ના આવે તે બ્રહ્મચર્ય કહેવાય.

પ્ર. ૧૧૧ બ્રહ્મચર્ય વર્ત્યુ કોને કહેવાય ?

ઉ. ૧૧૧ બ્રહ્મચર્ય અને અબ્રહ્મચર્યનો જેને અભિપ્રાય નથી રહ્યો તેને બ્રહ્મચર્ય વર્ત્યુ કહેવાય. જેને અબ્રહ્મચર્ય યાદ જ ના આવે એને બ્રહ્મચર્ય વ્રત વર્તે છે એમ કહેવાય.

પ્ર. ૧૧૨ બ્રહ્મચર્ય વ્રત ક્યારે સચવાય ?

ઉ. ૧૧૨ બ્રહ્મચર્ય વ્રત લેવું કે વ્રત પાળવું એ કંઇ જેવી તેવી વાત નથી. બ્રહ્મચર્ય વ્રત લેવું એ તો એ જીવનો પૂર્વ કર્મનો ઉદય હોય તો સચવાય. પૂર્વે ભાવના કરેલી હોય તો સચવાય અગર તો જો તમે સાચવવા ધારો તો સચવાશે. તમારો સ્ટ્રોંગ નિશ્ચય હોય અને જ્ઞાની પુરુષનું વચનબળ હોય તો સચવાય.

પ્ર. ૧૧૩ બ્રહ્મચર્ય કાયમી રાખવા શું કરવું ?

ઉ. ૧૧૩ ૧. મનમાં વિષયનો વિચાર આવ્યો કે તરત તેને ઉખાડીને ફેંકી દેવો જોઇએ. ભગવાને વિષયના છોડવાને નીંદી નાંખવાનું કહ્યું છે.

૨. કંઇક આકર્ષણ થયું કે તરત જ તેનું પ્રતિક્રમણ કરવું જોઇએ.

આ બે શબ્દ બરોબર પકડે તેને બ્રહ્મચર્ય કાયમ રહે છે.

પ્ર. ૧૧૪ બ્રહ્મચર્યની જાગૃતિ માટે ભગવાને શું કહ્યું છે ?

ઉ. ૧૧૪ ભગવાને કહેલું કે જગતમાં બધી ચીજો ખાજો-પીજો, હરજો-ફરજો પણ મનુષ્ય જાતિની આંખને ના જોશો અને એના મોંઢાને ધારી ધારીને ના જોશો. જુઓ તો સામાન્ય ભાવે જો જો. આંખ બગડવા ન દેવી અને આંખ બગડી એટલે કે દૃષ્ટિ બગડી તો તરત જ પ્રતિક્રમણ કરજો.

પ્ર. ૧૧૫ બ્રહ્મચર્ય કેવું હોવું જોઇએ ?

ઉ. ૧૧૫ બ્રહ્મચર્ય તો એવું હોય કે આમ મોઢું જોઇને જ લોક અંજાઇ જાય એવો બ્રહ્મચારી પુરુષ તો દેખાય. પ્રભાવ એવો પડે કે લોકોને સહજાસહજ જ વંદન કરવાની ઇચ્છા થાય. સર્પ ભરેલી રૂમમાંથી બ્રહ્મચારી પસાર થાય તો સર્પ એકબીજા ઉપર ચઢી જઇને તેને માર્ગ આપી દે તેવું બ્રહ્મચર્ય હોવું જોઇએ.

પ્ર. ૧૧૬ બ્રહ્મચર્ય પાળવા માટે કેટલી જાગૃતિ હોવી જોઇએ ?

ઉ. ૧૧૬ બ્રહ્મચર્ય પાળી શકવા માટે નીચેના કારણો હોવા જોઇએ.

૧. આ જ્ઞાન અર્થાત્ સ્વરૂપનું જ્ઞાન હોવું જોઇએ.

૨. બ્રહ્મચારીઓનું ટોળું હોવું જોઇએ અને તેય પંદર વીસ માણસનું જોઇએ. બધા ભેગા રહે તો વાંધો ના આવે. બે - ત્રણનું કામ નહીં. પંદર વીસની તે હવા જ લાગ્યા કરે, હવાથી જ વાતાવરણ બધું ઊંચું રહે.

૩. બ્રહ્મચારીઓને રહેવા માટેની જગ્યા શહેરથી જરા દૂર હોવી જોઇએ.

૪. બહારના માણસનો પરિચય સંગ ના હોવો જોઇએ.

૫. બ્રહ્મચર્ય પાળવું સહેલું નથી.એમાં કુદરતની યારી હોવી જોઇએ. આપણી પુણ્યૈઇ અને પુરુષાર્થ બંને જોઇએ.

પ્ર. ૧૧૭ બ્રહ્મચારીએ ખોરાક કેવો અને કેટલો લેવો જોઈએ ?

ઉ. ૧૧૭ જેને બ્રહ્મચર્ય પાળવું છે એણે ખ્યાલ રાખવો કે અમુક ખોરાકથી ઉત્તેજના વધી જાય છે તે ખોરાક ઓછો કરી નાંખવો

૧. ચરબીવાળો ખોરાક જેવા કે, ઘી, તેલ, માખણ, ના લેવાય, દૂધેય જરા ઓછું લેવું. ઘી હમેશાં માંસ વધારનારું છે અને માંસ વધે એટલે વીર્ય વધે એ બ્રહ્મચારીઓની લાઈન જ ન હોય.

૨. માલમલીદાવાળો ખોરાક ખવાય જ નહીં અને ખાવો હોય તો થોડો ખાવો કે જેને ભૂખ જ ખાઈ જાય. ગળપણ બહુ ના લેવું.

૩. દાળ, ભાત, શાક, કઢી, રોટલી એ બધું નિરાંતે ખાવ અને તે ખોરાકનું પ્રમાણ ઓછું રાખવું, દબાણપૂર્વક ખાવું નહીં.

૪. બહાર નીકળ્યા હોય તો તળેલા ભજિયાં કે કોઈપણ તળેલી વસ્તુ ના ખાતાં, દૂધ પી લેવું સારું. બહારના પૂરી-શાક કરતા ઘરની ખીચડી પસંદ કરવી.

૫. મરચાં કરતા મરી ઉત્તમ. બ્રહ્મચર્ય પાળવા માટે સૌથી સારામાં સારી સૂંઠ છે.

૬. જીવવા પૂરતો જ આહાર લેવાનો. આ તો દીવડો સળગે એટલું જ ખાવાનું હોય. ખોરાક તો એવો અને એટલો લેવો કે મેણો જ ના ચઢે અને રાત્રે ત્રણ-ચાર કલાક ઊંઘ આવે એટલો ખોરાક લેવો જોઈએ.

૭. રાત્રે વધારે ખવાય જ નહીં. ખાવું હોય તો બપોરે ખાવું પણ રાત્રે તો વધારે ખવાય જ નહીં. રાત્રે વધારે ખાવાથી વીર્યનું સ્ખલન થયા વગર રહે જ નહીં.

૮. પાણીમાં રોટલી બોળીને ખાય ત્યારે સાધુઓ બ્રહ્મચર્ય પાળી શકે છે.

૯. કંદમૂળ તો બ્રહ્મચારીથી ખવાય જ નહીં. કંદમૂળ ખાવા અને બ્રહ્મચર્ય પાળવું એ વિરોધાભાસ છે.

૧૦. વીર્ય ઉર્ધ્વગામી ના થાય ત્યાં સુધી ખોરાકમાં બહુ જ કડક નિયમ પાળવા જોઈએ. બાવીસ પ્રકારના અભક્ષ્ય ખોરાકનો સદા-સર્વથા ત્યાગ હોવો ઘટે.

૧૧. તળેલા, તીખા, વધુ ખારા કે ખાટા ફરસાણ કે ખોરાક ન લેવાય તો તે વધુ સારું ગણાય.

પ્ર. ૧૧૮ બ્રહ્મચર્યને અને ઉણોદરીને કનેકશન ખરું ?

ઉ. ૧૧૮ ઉણોદરી જેવું કોઈ તપ નથી. બ્રહ્મચારીએ ઉણોદરી તો કાયમનું રાખવું જોઈએ. ઉપવાસ કરતાં ઉણોદરી સારું. ઉણોદરી તપ એટલે શું કે ચાર રોટલી ખાતા હોય તો પછી બે રોટલી ખાવી અર્થાત્ અડધું જમવું અને અડધો ભાગ પેટમાં હવા અને પાણી માટે ખાલી રાખવો તથા ચાવી ચાવીને ઉપયોગપૂર્વક જમવું. ઉણોદરી તપથી જ્ઞાન જાગૃતિ સારી રહે અને તેને લીધે બ્રહ્મચર્ય પાળી શકાય.

પ્ર. ૧૧૯ બ્રહ્મચારીને કેટલી ઊંઘ હોવી જોઈએ ?

ઉ. ૧૧૯ બ્રહ્મચારીને ઊંઘવાનું તો હોય જ નહીં. ઊંઘવાનું તો હોતું હશે, ઊંઘવાનું તો આ જે મહેનત, મજૂરી કરનારાઓ છે એ છ કલાક ઊંઘે અને એમને ઘસઘસાટ ઊંઘ પણ આવે. ઊંઘ તો કેવી હોવી જોઈએ કે ટ્રેનમાં બેસીને જઈએ છીએ ત્યારે પાંચ-દસ ઝોંકા આવી જાય કે બસ પત્યું પછી સવાર થઈ જાય. ઊંઘ તો એવી હોવી જોઈએ કે ભીડમાં બેઠા હોય, પછી ના આમ ખસાય કે ના તેમ ખસાય અને છતાં આવી ભીડમાં બેઠા બેઠા જે ઊંઘ આવી જાય તે જ ખરી ઊંઘ, એવી ઊંઘ હોવી જોઈએ.

પ્ર. ૧૨૦ બ્રહ્મચર્ય માટે શરીર નિરોગી હોવું જરૂરી છે ?

ઉ. ૧૨૦ નિરોગી શરીર હોય તો બ્રહ્મચર્ય સારું રહે. અબ્રહ્મચર્ય શરીરના રોગને લઈને થાય છે. પાતળા માણસને વિષય બહુ હોય છે અને જાડા માણસને

વિષય ઓછો હોય છે. રોગથી જ અબ્રહ્મચર્ય છે. નિરોગી માણસને અબ્રહ્મચર્યની ભાંજગડ જ ના હોય. જો શરીરે મજબૂત હોય પણ ખોરાક ઓછો હોય તો તે બ્રહ્મચર્યને સાચવી શકે. શરીરનું ઠેકાણું ના હોય અને ખોરાક ઠોકાઠોક લે તો એ બ્રહ્મચર્ય ટકે નહીં, અબ્રહ્મચર્ય થઈ જાય.

પ્ર. ૧૨૧ બ્રહ્મચારીએ ગરમ પાણીથી ન્હાવું કે ઠંડા પાણીથી ?

ઉ. ૧૨૧ બ્રહ્મચારીએ તો ન્હાવું જોઈએ નહીં, કારણ કે ન્હાવાથી શરીરમાં બધી જ ઈન્દ્રિયો સતેજ થાય છે અને તેથી વિષય જાગ્રત થાય છે માટે બ્રહ્મચારીએ ન્હાવું જોઈએ નહીં. ભીના કપડાંથી શરીર લૂછી નાંખે તો ઈન્દ્રિયો સતેજ ના થાય. પાણીનો સ્વભાવ કેવો છે કે ગરમ પાણી અંદર ઠંડક કરે છે અને ઠંડુ પાણી અંદર ગરમ કરે છે અર્થાત્ પાણીનો સ્વભાવ અંદર ફેરફાર કરવાનો છે બાકી બધું એકનું એક છે.

પ્ર. ૧૨૨ બ્રહ્મચર્ય બાબતે શ્રીમદ્ રાજચંદ્રે કયું પદ કહ્યું છે ?

ઉ. ૧૨૨ ''નીરખીને નવ યૌવના, લેશ ન વિષય નિદાન
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન''
''આ સઘળા સંસારની, રમણી નાયક રૂપ
એ ત્યાગી ત્યાગ્યું બધું કેવળ શોક સ્વરૂપ''
''એક વિષયને જીતતા, જીત્યો સહુ સંસાર
નૃપતિ જીતતા જીતિયો, દળ, પૂર ને અધિકાર''
''વિષય રૂપ અંકુરથી, ટળે જ્ઞાન અને ધ્યાન
લેશ મદિરાપાનથી, છકે જયમ અજ્ઞાન''
''જે નવવાડ વિશુદ્ધિથી, ધરે શિયળ સુખદાય
ભવ તેનો લવ પછી રહે, તત્ત્વ વચન એ ભાઈ''
''સુંદર શિયળ સુરતરુ, મન વાણી ને દેહ
જે નરનારી સેવશે, અનુપમ ફળ લે તેહ''

પ્ર. ૧૨૩ બ્રહ્મચર્ય બાબતે શ્રીમદ્ રાજચંદ્રે કઈ નવવાડ બતાવી છે ?

ઉ. ૧૨૩ નવવાડ એટલે બ્રહ્મચર્ય રૂપી સુંદર વૃક્ષની રક્ષા કરનારી જે નવ વિધિઓ તેને વાડનું રૂપ આપ્યું છે, તે નીચે મુજબ છે.

૧. સ્ત્રી, પશુ, નપુંસક ન રહેતા હોય એવા સ્થાનમાં રહેવું અર્થાત્ વસ્તીથી દૂર એકાંતમાં રહેવું.

૨. સ્ત્રીની સાથે કોઈપણ કારણસર વાતો ન કરવી.

૩. સ્ત્રી જે આસને બેઠી હોય તે આસન ઉપર પુરુષે અડતાળીસ મિનિટ (બે ઘડી) સુધી બેસવું નહીં અને પુરુષ જે આસને બેઠો હોય તે આસન ઉપર સ્ત્રીએ નવ કલાક (ત્રણ પ્રહર) સુધી બેસવું નહીં.

૪. સ્ત્રીના અંગોપાંગ રાગથી જોવાં નહીં.

૫. જ્યાં સ્ત્રી-પુરુષ સાથે સૂતાં હોય અથવા કામક્રિડાની વાતો કરતા હોય ત્યાં ભીતપ્રમુખને આંતરે રહેવું નહીં.

૬. સ્ત્રીની સાથે પહેલા ભોગવેલા ભોગો સંભારવા નહીં, તેને યાદ કરવા નહીં.

૭. વિકાર ઉત્પન્ન કરે એવાં ઘી, દૂધ, માખણ, માલ મલીદા કે કંદમૂળનો આહાર ન કરવો.

૮. ભૂખ શાંત થાય તે કરતાં વધારે અને ભારે આહાર ન કરવો.

૯. શરીરની શોભા ન કરવી કે જેથી કરીને બીજાને આપણા પ્રત્યે આકર્ષણ ઊભું થાય.

પ્ર. ૧૨૪ બ્રહ્મચર્યમાં સ્ટ્રોંગ રહેવા શું કરવું ?

ઉ. ૧૨૪ મરી જઈશું પણ ડગીશું નહીં એવો સ્ટ્રોંગ નિશ્ચય હોવો જોઈએ. મરવું પણ ડગવું નહી. મરી જવું તોય આ નહી જોઈએ એવું કડક રહે એ બ્રહ્મચર્ય પાળી શકે. દરરોજ દશ મિનિટ બોલવાનું કે ''હે દાદા ભગવાન મને બ્રહ્મચર્યવ્રત પાળવાની શક્તિ આપો'' અને વિષયના વિચારને તરત ને તરત જ ઉખાડીને ફેંકી દેવો તથા સ્ત્રીની સામે દૃષ્ટિ જ ના માંડવી તો સ્ટ્રોંગ બ્રહ્મચર્ય પાળી શકાય.

પ્ર. ૧૨૫ બ્રહ્મચર્યને અત્યંત નુકશાનકારક શું છે ?

ઉ. ૧૨૫ બ્રહ્મચર્ય પાળવું હોય તો કંદમૂળ ના ખવાય. કંદમૂળ ખાવા અને બ્રહ્મચર્ય પાળવું એ વિરોધી છે, કારણ કે કંદમૂળ અબ્રહ્મચર્યને પુષ્ટિ આપનારું છે.

પ્ર. ૧૨૬ બ્રહ્મચર્ય બરોબર છે તેનું થર્મોમીટર શું ?

ઉ. ૧૨૬ બ્રહ્મચર્ય જો બરોબર સચવાયું હોય તો તેની વાણી ખૂબ સુંદર હોય, મીઠાશવાળી હોય અને સામાને વાત સમજાય. પહેલાનો માલ ભરેલો હોય તો કદાચ એટેક કરવાનું થાય પણ તરત જ જ્ઞાને કરીને તેનું પ્રતિક્રમણ કરી ઉડાડી દે. વિષય સબંધી વિચાર જ ના આવે ત્યારે બ્રહ્મચર્ય કામનું.

પ્ર. ૧૨૭ બ્રહ્મચર્યના ખંડનથી કયા ફળ પ્રાપ્ત થાય ?

ઉ. ૧૨૭ બ્રહ્મચર્યના ખંડનથી નીચે મુજબના ફળ પ્રાપ્ત થાય છે.

૧. કુશિયળપણું
૨. બાળવિધવાપણું
૩. દુર્ભાગીપણું
૪. વંધ્યાપણું
૫. કાકવંધ્યાપણું (મરેલા બાળક જન્મે)
૬. વિષકન્યાપણું

પ્ર. ૧૨૮ બ્રહ્મચર્યના કેટલા પ્રકાર છે ?

ઉ. ૧૨૮ શાસ્ત્રના મત મુજબ બ્રહ્મચર્યના અઢાર પ્રકાર છે અને કુલ ભેદ અઢાર હજાર છે. આ અઢાર હજાર મૈથુનકર્મના દોષરૂપ ભેદ છે, તેનો અભાવ તે શીલ કહેવાય.

પ્ર. ૧૨૯ બ્રહ્મચર્ય સંબંધી વાણી કોણ બોલી શકે ?

ઉ. ૧૨૯ જે એક સમય પણ અબ્રહ્મચર્યને પામ્યા નથી અને એક સમય માટે પણ અબ્રહ્મચર્યનો વિચાર જેને આવતો નથી તો એ બ્રહ્મચર્ય સબંધી બોલી શકે.

પ્ર. ૧૩૦ બ્રહ્મચર્યની વાત કેટલી ઉંમરના બાળકો સમજી શકે ?

ઉ. ૧૩૦ બ્રહ્મચર્યની વાત તેર વર્ષ પછી સમજતો થાય કારણકે તેર વર્ષનો થાય ત્યારથી ઈમોશનલ થયા વગર રહે જ નહીં.

પ્ર. ૧૩૧ બ્રહ્મચર્યનો નિશ્ચય કર્યો છે એને વધારે મજબૂત કરવા શું કરવું ?

ઉ. ૧૩૧ આપણે નિશ્ચય મજબૂત કરવો છે એવું નક્કી કરવું જોઈએ અને ફરી ફરી નિશ્ચય કરવાનો છે એટલે નિશ્ચય મજબૂત થાય અને શક્તિ માગવી કે ''હે દાદા ભગવાન હું નિશ્ચય મજબૂત કરું છું મને નિશ્ચય મજબૂત કરવાની શક્તિ આપો'' એવું બોલ્યા કે શક્તિ વધે.

પ્ર. ૧૩૨ નિશ્ચય મજબૂત હોય છતાં વિચારો આવે છે ત્યારે શું કરવું ?

ઉ. ૧૩૨ વિચારો આવે છે ત્યારે તમે જોયા કરો અને એના અમલમાં ના ભળો. જે વિચારો આવે છે એના અમલમાં તમે સહી ના કરો અને નક્કી કરો કે મારે આ વિચારોમાં ભળવું જ નથી, છૂટા રહીને જોયા જ કરવું છે, તો જોઈ શકાશે અને ફાઈલ નંબર એક પાસે તેના પ્રતિક્રમણ કરાવડાવો. મનમાં વિષયના વિચાર આવતા હોય અને પોતાનો સ્ટ્રોંગ નિશ્ચય હોય કે મારે વિષય ભોગવવો જ નથી તો આને ભગવાને તપ કહ્યું. પોતાની કિંચિત્માત્ર પણ ઈચ્છા ના હોય છતાં વિચારો આવ્યા જ કરે ત્યાં તપ

કરવાનું છે. અબ્રહ્મચર્યનો વિચાર આવે છતાં બ્રહ્મચર્યની શક્તિ માગ માગ કરીએ તો છેવટે રાગે પડી જાય અને શક્તિ એટલી બધી વધે કે એ વિચાર પેસે જ નહીં કારણકે આપણને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું છે.

પ્ર. ૧૩૩ આ કાળમાં સ્ત્રી છતાં બ્રહ્મચર્ય ક્યારે ગણાય ?

ઉ. ૧૩૩ જેણે લગ્ન કર્યા છે તેને તો એક જ કાયદો અમે કરી આપેલો કે તારે બીજી કોઈ સ્ત્રી તરફ દૃષ્ટિ બગાડવાની નહીં અને વખતે દૃષ્ટિ એવી જાય તો પ્રતિક્રમણ વિધિ કરવાની અને નક્કી કરવાનું કે આવું હવે ફરી નહીં કરું. પોતાની સ્ત્રી સિવાય બીજી સ્ત્રીને જોતો નથી, બીજી સ્ત્રી ઉપર જેની દૃષ્ટિ રહેતી નથી, દૃષ્ટિ જાય છતાં એના મનમાં વિકારી ભાવ થતો નથી, વિકારી ભાવ થાય તો પોતે ખૂબ પસ્તાવો કરે છે એને આ કાળમાં એક સ્ત્રી છે છતાંય બ્રહ્મચર્ય કહેવાય. એક પત્નીવ્રત યથાર્થ સચવાયું તો સ્ત્રી છતાંયે બ્રહ્મચર્ય ગણાય. આજથી ત્રણ હજાર વર્ષ પહેલા હિન્દુસ્તાનમાં સોમાંથી નેવું માણસો એક પત્નીવ્રત પાળતા હતા, આજે ભાગ્યે જ હજારમાં એક હશે.

પ્ર. ૧૩૪ નૈષ્ઠિક બ્રહ્મચારી કોને કહેવાય ?

ઉ. ૧૩૪ જેના ભાવમાં નિરંતર બ્રહ્મચર્યની જ નિષ્ઠા છે એ નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાય. ડિસ્ચાર્જ થતું અબ્રહ્મચર્ય છે અને ચાર્જ થઈ રહ્યું છે અખંડ બ્રહ્મચર્ય એ નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાય. જેના ભાવમાં ક્યારેય પણ અબ્રહ્મચર્યનો ભાવ જ આવતો નથી તે સંસારમાં અનેક સ્ત્રીઓ ભોગવવા છતાં નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાય. નૈષ્ઠિક બ્રહ્મચારી એ કે જેની નિષ્ઠામાં નિરંતર બ્રહ્મચર્ય રમે છે, એમનું બહારનું વર્તન ગમે તેવું હોય પણ અંદરમાં નિષ્ઠાએ બ્રહ્મચર્ય વર્તે છે. અબ્રહ્મચર્ય ગમતું નથી છતાં થયા કરે છે પણ મહીં નિરંતર નિષ્ઠા બ્રહ્મચર્યની છે. કૃષ્ણ ભગવાન તો ગજબના ઊંચા પુરુષ હતા એ તો વાસુદેવ નારાયણ કહેવાય. એમને પાર વગરની તકલીફ હતી પણ એ તકલીફોને પોતે એક સેકન્ડમાં ખંખેરી નાંખતા હતા. વાસુદેવ કોઈ દહાડો બ્રહ્મચારી ના હોય પણ કૃષ્ણ નૈષ્ઠિક બ્રહ્મચારી હતા.

પ્ર. ૧૩૫ પૂરો બ્રહ્મચારી કોને કહેવાય ?

ઉ. ૧૩૫ જેને વિષયનો વિચાર જ આવે નહીં એ પૂર્ણ બ્રહ્મચારી કહેવાય અને જેને વિચાર આવે છે અને પ્રતિક્રમણ કરે છે એ બ્રહ્મચારી કહેવાય. બ્રહ્મની નિષ્ઠા બેઠેલી હોય તેને બ્રહ્મચારી કહેવાય. જેને ના ગમતું કશું હોય જ નહીં એ બ્રહ્મચારી.

પ્ર. ૧૩૬ શીલ એટલે શું ?

ઉ. ૧૩૬ સિન્સિયારિટી અને મોરાલિટીનું સરવૈયું એટલે શીલ. પ્રજ્ઞા હોય ત્યાં શીલ આવે. શીલ એટલે પર સ્ત્રી માત સમાન. શીલમાં તો બધી જ ચીજ આવી જાય. આ શીલ એ કોઈ એક વસ્તુ નથી, બધી ઘણી વસ્તુઓનું સંમેલન છે. શીલ તો એનું નામ કહેવાય કે જેણે કોઈ દહાડો કોઈનીય નકલ ના કરી હોય, બેસવામાં, ચાલવામાં, કોઈ બાબતમાં ક્યારેય નકલ ના કરી હોય. વિકૃત ભાવે પણ પર સ્ત્રીને હાથ અડી જાય તોય તે શીલ ભ્રષ્ટ થઈ જાય. શીલ ગયું એટલે શૌર્ય જાય પછી લક્ષ્મી ચાલવા માંડે, ત્યાર પછી બધું જ એક પછી એક શીલ પાછળ જતું રહે. શીલ એનું નામ કે મહીં રજમાત્ર પણ ખોટોભાવ ઉત્પન્ન થવો ન જોઈએ. ક્રોધની સામે ક્રોધથી જવાબ આપતા નથી, માની જોડે માનથી જવાબ આપતા નથી એ શીલ કહેવાય. ક્યારેય પણ કોઈપણ જીવમાત્રને મનથી, અહંકારથી, વાણીથી જરાય દુઃખ ના થાય એ ભાવ રહે તેને શીલ ઉત્પન્ન થાય.

પ્ર. ૧૩૭ શીલ માટે શું કહ્યું છે ?

ઉ. ૧૩૭ શીલે સર્પ ના અડે, શીલે શીતળ આગ

પ્ર. ૧૩૮ શીલવાન કોને કહેવાય ?

ઉ. ૧૩૮ કોઈપણ જીવને મનથી, વાણીથી, કાયાથી, કષાયથી, અંતઃકરણથી ક્યારેય પણ દુઃખ ન આપવાનો જેને ભાવ છે એ શીલવાન છે. શીલવાન કોને કહેવાય કે જેને વિષયનો વિચાર ના આવે. જેને ક્રોધ, માન, માયા, લોભ ના થાય એને શીલવાન કહેવાય. એકલો આ સ્ત્રીનો વિષય જ નહી પણ ક્રોધ, માન, માયા, લોભ પણ પોતાને વશ થયા હોય તેને શીલવાન કહેવાય. શીલવાન નિર્ભય હોય.

પ્ર. ૧૩૯ નિર્વિષયી કોને કહેવાય ?

ઉ. ૧૩૯ મારું કલ્યાણ થઈ ગયું છે પણ હવે કેમ કરીને સામાનું કલ્યાણ થાય આ એક જ ભાવના હોય તેને ભગવાને નિર્વિષયી કહ્યો છે અને એનું ફળ તીર્થંકર ગોત્ર બંધાય.

પ્ર. ૧૪૦ ચારિત્રવાન કોને કહેવાય ?

ઉ. ૧૪૦ જે કોઈને ક્રોધથી દુઃખી કરતો નથી, કોઈને લોભે કરીને પણ દુઃખી કરતો નથી, કોઈને માને કરીને તિરસ્કાર કરતો નથી કે કોઈને કપટે કરીને દુઃખ આપતો નથી એ ચારિત્રવાન કહેવાય.

પ્ર. ૧૪૧ સંયમ પરિણામી કોને કહેવાય ?

ઉ. ૧૪૧ સંયમ પરિણામી તો તેને જ કહેવાય કે જેને વિષયનો વિચાર ના આવે.

પ્ર. ૧૪૨ વાસના એટલે શું ?

ઉ. ૧૪૨ વાસના એટલે શું કે ચંદન ઘેર આવી અને શેઠની દુકાનમાં સાડીમાં તેનું ચિત્ત રહ્યું તે.

પ્ર. ૧૪૩ વાસનાઓ ક્યારે ઊડી જાય ?

ઉ. ૧૪૩ પુસ્તકો વાંચવાથી વાસનાઓ ના તૂટે પણ જ્ઞાની પુરુષના દર્શનથી અનંત વાસનાઓ તૂટી જાય. જ્ઞાની પુરુષના દર્શનથી વાસનાના બીજ પણ ભસ્મ થઈ જાય. હું ચંદુલાલ છું એ મટે તો જ વાસનાઓ જાય, નહીં તો વાસનાઓ જાય નહી. આત્મા શું છે એ જાણો અને અનાત્મા શું છે એ જાણો, એ જાણતાં જ વાસનાઓ ઊંડી જાય.

પ્ર. ૧૪૪ પુરુષ કરતાં સ્ત્રીની વાસના કેટલી વધુ હોય છે ?

ઉ. ૧૪૪ પુરુષ કરતાં સ્ત્રીની કામ વાસના આઠ ગણી વધુ હોય છે. પુરુષની કામ વાસના ઝટ જાગી શકે છે અને ઝટ શાંત પણ થઈ શકે છે, જ્યારે સ્ત્રીની કામ વાસના ઝટ જાગતી નથી અને જાગે પછી જલ્દી શાંત પડી શકતી નથી.

પ્ર. ૧૪૫ વાસનાઓ શાંત કરવા માટે શું કરવું ?

ઉ. ૧૪૫ વાસનાઓ શાંત કરવા માટે શિવલિંગ ઉપર બિલીપત્ર ચઢાવવા. ૐ નમઃ શિવાય બોલતા જવું અને બિલીપત્ર ચઢાવતા જવું. બિલીપત્રના ઝાડ (વૃક્ષ) ઉપર કોઠા જેવું ફળ થાય છે જેને બિલું કહેવામાં આવે છે તે બિલાના ફળની અંદરનો માવો કાઢીને ખાવો તેનાથી વાસનાઓ શાંત થાય છે, ઉપરાંત પેટના રોગોમાં તે ઘણો ઉપકારી છે.

પ્ર. ૧૪૬ વીર્ય ઉર્ધ્વગામી ક્યારે થાય ?

ઉ. ૧૪૬ વિકારમાં નિર્વિકાર થતા જો આવડે તો એનું વીર્ય બધું ઉર્ધ્વગામી થાય. જ્ઞાની પુરુષની આજ્ઞાથી વિકારમાં નિર્વિકાર રહી શકાય એવું છે. જ્યાં સુધી અભિપ્રાય બદલાય નહીં ત્યાં સુધી વીર્યનું ઉર્ધ્વગમન થાય જ નહીં. વીર્ય નિરંતર અધોગામી સ્વભાવનું છે એને આતરો, વિધિ કરો, પ્રતિક્રમણ કરો અને એમ કરતાં કરતાં ઉર્ધ્વગામી થઈ જશે.

પ્ર. ૧૪૭ આત્મવીર્ય કેવી રીતે પ્રગટ થાય ?

ઉ. ૧૪૭ અહંકારથી આત્મવીર્ય આવરાય છે. આત્મવીર્ય ઘટતું ભાસે ત્યારે ''હું અનંત શક્તિવાળો છું'' એમ મોટેથી પચાસ વખત બોલવાથી આત્મવીર્ય પ્રગટ થઈ જાય.

પ્ર. ૧૪૮ આત્મવીર્ય કેવી રીતે વધારવું ?

ઉ. ૧૪૮ દેહની લાલસાઓ તરફ અભાવ કરી દો તો આત્મવીર્ય વધે. ભૌતિક સુખોનો અભાવ કરે તો આત્મવીર્ય વધે.

પ્ર. ૧૪૯ આકર્ષણ શું છે ?

ઉ. ૧૪૯ આકર્ષણ એ પ્રગટ અગ્નિ છે. આકર્ષણવાળી વસ્તુ આ જગતમાં જે છે તે પ્રગટ અગ્નિ છે, ત્યાં ચેતવું જોઈએ. ભગવાને આકર્ષણને મોહ કહ્યો છે. મોહનું મૂળિયું જ આકર્ષણ છે. આપણે તો સામાનો શુદ્ધાત્મા જ જોવો અને છતાંય આકર્ષણ થઈ જાય તો તરત જ પ્રતિક્રમણ કરીએ એટલે ઊડી જાય.

પ્ર. ૧૫૦ સ્ત્રી-પુરુષના આકર્ષણને શું કહે છે ?

ઉ. ૧૫૦ લોહચૂંબક લોખંડને આકર્ષે જ એવો પરમાણુંઓનો સ્વભાવ છે તેમ સ્ત્રી-પુરુષના સરખા પરમાણુંઓ એકબીજાને આકર્ષે આમાં ખરેખર પરમાણુંઓ ખેંચાય છે, તેમાં જો હું તન્મયાકાર ના થાય તો પરમાણુંઓ ઈફેકટ આપી સહજભાવે ડિસ્ચાર્જ થઈને નિર્જરી જાય છે. અવસ્થા દૃષ્ટિથી આકર્ષણ ઉદ્ભવે છે.

પ્ર. ૧૫૧ આકર્ષણ થાય તો શું કરવું ?

ઉ. ૧૫૧ આકર્ષણ થાય તો તે ઘડીએ એનામાં રહેલા શુદ્ધાત્માને જુઓ તો આકર્ષણ ના થાય. આપણે તો સામી વ્યક્તિનાં શુદ્ધાત્મા જ જોઈએ તો નિવેડો આવે. આકર્ષણવાળી જગ્યાએ શુદ્ધ ઉપયોગ રાખો તો એ જગ્યાએ તમને હેરાન નહીં કરે. જ્યાં આકર્ષણ થાય ત્યાં શુદ્ધાત્મા જોઈને પ્રતિક્રમણ વિધિ કરીને બધુ ચોખ્ખું કરી નાંખવું. આકર્ષણ વખતે પોતે અસંગ છે એવી જાગૃતિ રાખવી જોઈએ.

પ્ર. ૧૫૨ મોહ બજાર કેટલામે વર્ષે શરૂ થાય અને કેટલામે વર્ષે પૂરું થાય ?

ઉ. ૧૫૨ મોહ બજાર ચૌદ વર્ષે શરૂ થાય અને ચાલીસ વર્ષે પૂરું થાય ત્યારે એ ઝાડ સુકાય.

પ્ર. ૧૫૩ મોહ શાંથી ઉત્પન્ન થાય છે ?

ઉ. ૧૫૩ અજાગૃતિથી મોહ ઉત્પન્ન થાય છે.

પ્ર. ૧૫૪ ભયંકર વ્યભિચાર કોને કહેવાય ?

ઉ. ૧૫૪ લક્ષ્મીમાં ચિત્ત રાખવું એ તો ભયંકર વ્યભિચાર છે, કારણ કે લક્ષ્મી તો ભગવાનની પત્ની છે.

પ્ર. ૧૫૫ અંકુર એટલે શું ?

ઉ. ૧૫૫ અંકુર એટલે મહીં બીજ હોય અને એ વિચાર આવ્યો ને તેની મહીં તન્મયાકાર થાય એ અંકુર કહેવાય. એ અંકુર ફૂટયો એટલે જ્ઞાન અને ધ્યાન બધુ ખલાસ થઈ જાય માટે બહુ ચેતતા રહેવું જોઈએ.

પ્ર. ૧૫૬ અબ્રહ્મચર્ય કોને કહેવાય ?

ઉ. ૧૫૬ હું બ્રહ્મચર્ય પાળું છું એવું ભાન રહે તે અબ્રહ્મચર્ય છે. વિકલ્પી ભાવનું બ્રહ્મચર્ય એ અબ્રહ્મચર્ય છે.

પ્ર. ૧૫૭ અબ્રહ્મચર્ય બાબતે શાસ્ત્રકારો એ શું કહ્યું છે ?

ઉ. ૧૫૭ શાસ્ત્રકારોએ તો એક જ વખતના અબ્રહ્મચર્ય ને મરણ કહ્યું છે. એક વખત અબ્રહ્મચર્ય થાય એના કરતા મરણ સારું, મરી જજે પણ અબ્રહ્મચર્ય ના થવા દઈશ. નર્કમાં જેટલો ગંદવાડો નથી એટલો વિષયમાં ગંદવાડો છે, પણ આ જીવને બેભાનપણામા સમજાતું નથી. એક જ વિષય રસ એવો છે કે સર્વસ્વ ખોવડાવી નાખે તેમ છે.

પ્ર. ૧૫૮ અબ્રહ્મચર્યની નોર્માલિટી કોને કહેવાય ?

ઉ. ૧૫૮ એક પત્ની વ્રત હોવું જોઈએ, વળી એનું પ્રમાણ પાછું કેવું હોવું જોઈએ કે મહિનામાં વધુમાં વધુ આઠ દહાડા કે ચાર દહાડા એ એનું પ્રમાણ, આજ અબ્રહ્મચર્યની નોર્માલિટી કહેવાય.

પ્ર. ૧૫૯ અબ્રહ્મચર્યના પરમાણું કેવી રીતે ખલાસ થઈ જાય ?

ઉ. ૧૫૯ વિષય ભાવનું બીજ જવા માટે આ અક્રમની સામાયિક છે. સામાયિકમાં જુઓ એટલે બધા પરમાણુંઓ ઊડી જાય. અબ્રહ્મચર્યને જોવાથી બ્રહ્મચર્યનું સામાયિક થાય, જોવાથી એટલા પરમાણું ઓછા થઈ જાય. બ્રહ્મચર્યનું સામાયિક કરો તો અબ્રહ્મચર્યના પરમાણું છૂટા થઈ જાય. બ્રહ્મચર્યની સામાયિક ખાસ કરવા જેવી છે. દીવા જેવી વાત છે બધું જોવાથી જતું રહે.

પ્ર. ૧૬૦ આપણા દેશની આબોહવા કેવી છે ?

ઉ. ૧૬૦ પંદર વર્ષના છોકરાને વિષયી બનાવે તેવી આ ભારત દેશની આબોહવા છે.

પ્ર. ૧૬૧ વ્યભિચાર એટલે શું ?

ઉ. ૧૬૧ જે કંઈપણ વસ્તુમાં જબરજસ્તી કરવામાં આવે તે વ્યભિચાર ગણાય. જબરજસ્તી એ જ વ્યભિચાર છે.

પ્ર. ૧૬૨ આ વિકરાળ કાળમાં કઈ બે વસ્તુઓ સાચવીને વાપરવા જેવી છે ?

ઉ. ૧૬૨ આ વિકરાળ કાળમાં એક વીર્ય અને બીજું લક્ષ્મી (પૈસો)એ બે વસ્તુ ખૂબ જ સાચવીને વાપરવા જેવી છે.

પ્ર. ૧૬૩ લગ્ન એ શું છે ?

ઉ. ૧૬૩ લગ્ન એ તો ખરેખરું બંધન છે, ભેંસને ડબ્બામાં પૂરે છે એવી દશા થાય છે. એ ફસામણમા ના પેસાય એ ઉત્તમ, અને પેઠા હોય તોય નીકળી જવાય તો વધુ ઉત્તમ અને નહી તોય છેવટે ફળ ચાખ્યા પછી નીકળી જવું જોઈએ. મનુષ્યને એની સ્ત્રી પર પ્રેમ છે એના કરતા ભૂંડને ભૂંડણ પર વધારે પ્રેમ છે. આ તે કંઈ પ્રેમ કહેવાતો હશે, આ તો પાશવતા છે. લગ્ન એ તો બધુ સંડાસ છે. પરણ્યા એટલે જાણવું કે એક જાજરું આવી ગયુ આપણી પાસે. સ્ત્રીએ એક જ વખત પરપુરુષ સાથે દોષ કર્યો હોય તો તેણે પાંચસો-હજાર અવતાર સ્ત્રી થવું પડે.

પ્ર. ૧૬૪ સ્ત્રી-વિષય અને પુરુષ વિષય એ શું છે ?

ઉ. ૧૬૪ સ્ત્રી વિષય અને પુરુષ વિષય એ વેર બાંધવાનું કારખાનું છે. વેરથી સંસાર ઊભો છે. વેર ના વધે એટલું જ જોવાનું છે. મોટામાં મોટો આત્મઘાત હોય તો આ સ્ત્રી વિષય અને પુરુષ વિષય છે.

પ્ર. ૧૬૫ સૂર્યનારાયણની હાજરીમાં અર્થાત્ દિવસે વિષય-સેવન કરવાનું ફળ શું ?

ઉ. ૧૬૫ સૂર્યનારાયણની હાજરીમાં વિષય સેવન કરવાથી બ્લડપ્રેસર વધે છે અને હાર્ટફેઈલ થવાના સંજોગો ઉભા થાય છે. વિષય એ અંધારામાં સેવન કરવાની વસ્તુ છે. જે જે પાશવતા છે, એ બધા અંધારે જ પ્રયોગ થાય છે.

પ્ર. ૧૬૬ પરણેલા માટે ચારિત્ર કોને કહેવાય ?

ઉ. ૧૬૬ પરણેલા માટે ચારિત્ર એને કહેવાય કે પોતાની સ્ત્રી સિવાય બીજી જગ્યાએ પર સ્ત્રી સામે દૃષ્ટિ જ ના મંડાય કે વિચાર પણ ના આવે એનું નામ ચારિત્ર કહેવાય.

પ્ર. ૧૬૭ ભોગ શું અને ઉપભોગ શું ?

ઉ. ૧૬૭ જેમાં વૃત્તિઓ ઝલાઈ રહે એનું નામ ભોગ. જે ભોગવ્યા પછી વિનાશ થઈ જાય તે ભોગ. આપણે ખાવાનું ખાઈ લીધું એટલે એનો વિનાશ થઈ ગયો એટલે એ ભોગ કહેવાય અને જે વારે ઘડીએ ભોગવવું પડે એ ઉપભોગ. આ ખમીશ કે પેન્ટ ફરી વાર ભોગવવું એ ઉપભોગ કહેવાય અર્થાત્ જે વસ્તુ એકથી વધુ વાર વાપરી શકાય તે ઉપભોગ ગણાય. સ્ત્રી એ ઉપભોગ કહેવાય.

પ્ર. ૧૬૮ વામમાર્ગી કોને કહેવાય ?

ઉ. ૧૬૮ વિકારનો સ્વીકાર કરે એ વામમાર્ગી કહેવાય. પહેલાના કાળમાં વામમાર્ગી હતા. વિકાર સાથે બ્રહ્મ ખોળવા નીકળેલા તેને વામમાર્ગી કહેવાય. વામમાર્ગી એટલે પોતે મોક્ષે જાય નહીં અને લોકોનેય મોક્ષે જવા દે નહીં, પોતે અધોગતિમાં જાય અને લોકોનેય અધોગતિમાં લઈ જાય.

પ્ર. ૧૬૯ ફસામણ એટલે શું ?

ઉ. ૧૬૯ જેમાંથી છૂટવું હોય તોય ના છૂટાય તે ફસામણ, બીજા શબ્દોમાં ફસામણ એ જ લફરું, લફરું એ રાગ-દ્વેષને આધિન છે. લફરું જાણીએ ત્યારથી એ છૂટવા માંડે.

પ્ર. ૧૭૦ કોઈ વ્યક્તિ આપણી પાછળ પડી જાય તો શું કરવું ?

ઉ. ૧૭૦ આપણે નીચું જોઈને બધું કામ કરવું. આપણે એની આગળ નાની ઉંમરના હોઈએ અને આમાં બીજું કશું સમજતો નથી એવું વર્તન કરી નાંખવું. સામેવાળી વ્યક્તિને એમ જ લાગે કે આ કશું સમજતો જ નથી, એટલે પછી એ જતી રહે અને કાં તો એનું અપમાન કરીએ તો એ જતી રહે. તેનું અપમાન કર્યુ એટલે તેના ગયા પછી તેનું પ્રતિક્રમણ કરી નાંખવું પણ આપણી સેફસાઈડ ચૂકવી નહીં.

પ્ર. ૧૭૧ સામાનો ભાવ ખરાબ હોય તો આપણને અસર થાય કે ન થાય ?

ઉ. ૧૭૧ જો તમારો શુદ્ધ ઉપયોગ છે તો સામાનો ગમે તેટલો ખરાબ ભાવ હોય તોય તમને અસર ના થાય. ભગવાન મહાવીરનું લાવણ્ય જોઈને ઘણી બધી સ્ત્રીઓને મોહ ઉત્પન્ન થતો હતો તેથી ભગવાનને કશું ના અડે.

પ્ર. ૧૭૨ વિષય સંબંધી ગુન્હા બાબતે કેવો નિયમ છે ?

ઉ. ૧૭૨ આ દુનિયાનો નિયમ છે કે ગુન્હાના ફળને જાણતો હોય તો એ ગુન્હો કરે જ નહીં. ગુન્હો કરે છે એ ગુન્હાના ફળને પૂરું જાણતો નથી. આ અમે વિષયનું ફળ નર્ક ગતિ જાણીએ છીએ એટલે નર્કનું ફળ આવે તેવી વાત આ શરીર તૂટી જાય તોય ના કરીએ.

પ્ર. ૧૭૩ આત્મવિજ્ઞાન ક્યારે સૂક્ષ્મતાએ સમજાય ?

ઉ. ૧૭૩ જ્યારે હકકની સ્ત્રી સાથેનો વિષય વ્યવહાર છૂટવા માંડે ત્યારે આત્મ વિજ્ઞાન સૂક્ષ્મતાએ સમજાય છે.

પ્ર. ૧૭૪ આત્માની અનંત સમાધિનો આનંદ શેને કારણે અટક્યો છે ?

ઉ. ૧૭૪ સ્વયમ્ ક્રિયાકારી વિજ્ઞાન પ્રાપ્ત થયું હોવા છતાં આત્માની અનંત સમાધિનો આનંદ (અનુભવ) એક વિષય દોષને કારણે જ અટકેલો છે. આત્માનું સ્પષ્ટ વેદન થવા માટે છ મહિના માટે પણ પરણિતો માટે વિષય બંધ થાય એ જરૂરી છે.

પ્ર. ૧૭૫ સ્ત્રી પરિગ્રહથી મુકતદશાનો ઉદય ક્યારે આવે ?

ઉ. ૧૭૫ વિષય ના છૂટે તો છેવટે વિષયથી છૂટવું જ છે એવી સતત ભાવના કર્યા કરે અને પ્રત્યેક દોષનો ખૂબ ખૂબ પસ્તાવો કરે તથા હકકના વિષયના પણ નિરંતર પ્રતિક્રમણ કરકર કરે તો આવતા ભવમાં સ્ત્રી પરિગ્રહથી મુક્ત દશાનો ઉદય આવે.

પ્ર. ૧૭૬ ચિત્ત ચોંટે એનાથી શું પરિણામ આવે ?

ઉ. ૧૭૬ કોઈક સ્ત્રી બહાર શાકભાજી લેવા નીકળે તે કોઈક પુરુષને દેખીને એનું ચિત્ત ત્યાં ચોંટે, આ ચિત્ત ચોંટવાથી બીજ પડે તે આવતા જતાં આવા પાંચ-પચ્ચીસ-પચાસ પુરુષ જોડે બીજ પડે, હવે બીજ પડે અને પ્રતિક્રમણથી ધોઈ ના નાંખે એટલે એનું ફળ તો ભોગવવું જ પડે. એનું ફળ બે પાંચ હજાર વર્ષેય આવે પણ સંસારમાં તેનાથી ભટકામણ વધી જાય.

પ્ર. ૧૭૭ આપણે રૂપાળાં કપડાં પહેર્યાં હોય તો કોઈને મોહ થાય એ કોનો ગુન્હો કહેવાય ?

ઉ. ૧૭૭ આપણે સારાં કપડાં પહેર્યા હોય અને આપણા નિમિત્તે સામાને મોહ થાય અને તે બિચારો દુઃખી થાય એટલે એ આપણો જ ગુન્હો છે, એટલા જ માટે પહેલાના સાધુઓ દાઢી રાખતા, પોતાના માથાના વાળ ચૂંટી કાઢતા, લોચ કરતા કે જેથી તેમના નિમિત્તે કોઈને મોહ ઊભો ના થાય.

પ્ર. ૧૭૮ પર સ્ત્રી વિચાર અને પર સ્ત્રી ગમનનું પરિણામ શું ?

ઉ. ૧૭૮ પર સ્ત્રી વિચાર અને પર સ્ત્રી ગમન એ નર્કે લઈ જનારા છે અને એક વખત નર્કમાં ગયો એટલે પછી ફરી જ્ઞાની પુરુષ ભેગા ના થાય, આ સત્સંગ ભેગો ના થાય. મોક્ષમાર્ગ હાથમાંથી જતો રહે માટે ખૂબ ખૂબ ચેતતા રહેવા જેવું છે.

પ્ર. ૧૭૯ રિસર્ચ કોણ કરી શકે ?

ઉ. ૧૭૯ નિર્વિષયી પુરુષ જ રિસર્ચ કરી શકે.

પ્ર. ૧૮૦ ક્યાં સુધી સ્ત્રીઓને અડવું જોખમ ગણાય છે ?

ઉ. ૧૮૦ જ્યાં સુધી તમે નિર્ગ્રંથ થયા નથી તથા અંદર વિષયની ગાંઠો છે ત્યાં સુધી સ્ત્રીઓને અડવું કે-સ્પર્શ કરવો તે જોખમ છે એમ ભગવાને કહ્યું છે.

પ્ર. ૧૮૧ દેહનું અને જીભનું આકર્ષણ બહું રહ્યાં કરે તો શું કરવું ?

ઉ. ૧૮૧ એ આકર્ષણ રહ્યાં કરે છે તેમાં ફકત જાગૃતિ રાખવાની છે. અમે તમને જે વાક્ય આપ્યું છે ને કે ''મન, વચન, કાયાની તમામ સંગીક્રિયાઓથી હું તદ્દન અસંગ જ છું.'' એ જાગૃતિ રહેવી જોઇએ અને ખરેખર એકઝેટલી એમ જ છે. એ બધું પુરન-ગલન છે, તમે આ જાગૃતિ રાખો તો તમને બંધન નથી. વિચાર આવ્યા સિવાય કોઇ દહાડો આકર્ષણ થાય નહીં. આકર્ષણ થવાનું થાય ત્યારે મહીં વિચાર આવે એટલે આપણે પ્રતિક્રમણ કરીને ઉડાડી મેલવું.

પ્ર. ૧૮૨ વિષ કોને કહેવાય ?

ઉ. ૧૮૨ વિષયમાં કપટ કરવું, બીજું બધું કરવું એ બધું વિષ કહેવાય.

પ્ર. ૧૮૩ પ્રભાવ એટલે શું?

ઉ. ૧૮૩ પ્રભાવ એટલે શું કે જેને જોવાથી જ લોકોના ભાવ ઊંચા થાય. આ જ્ઞાન પછી પ્રભાવ વધે અને પ્રભાવ વધે એ આગળ ઉપર ચારિત્ર કહેવાય છે. બહુ ઊંચો પ્રભાવ થાય ત્યારે ચારિત્રવાન કહેવાય. તમને જોઇને સામાને સમાધિ થાય તમને જોઇને સામો દુઃખ ભૂલે ત્યારે ખરેખર પ્રભાવ કહેવાય.

પ્ર. ૧૮૪ આ કાળમાં કેટલા ગૂંઠાણા સુધી જઈ શકાય ?

ઉ. ૧૮૪ આ કાળમાં વ્યવહારથી દસમાં ગૂંઠાણાથી આગળ જઈ ના શકે અને નિશ્ચયથી બારમાં ગૂંઠાણા સુધી જઇ શકે. પૂજ્ય દાદાશ્રી વ્યવહારથી દસમાં ગૂંઠાણામાં હતા અને નિશ્ચયથી બારમું ગૂંઠાણું હતું.

પ્ર. ૧૮૫ ડિસ્ચાર્જ કોને કહેવાય ?

ઉ. ૧૮૫ ડિસ્ચાર્જ તો પોલીસવાળો મારી ઠોકીને કરાવડાવે એનું નામ ડિસ્ચાર્જ કહેવાય. આ તો રાજીખુશીથી કરે છે એને ડિસ્ચાર્જ કહે છે, તે જ મોટામાં મોટી ભૂલ છે. ચાલુ ટ્રેનમાંથી તું પડી જાય એ ડિસ્ચાર્જ કહેવાય, કોઈ ચાલુ ટ્રેનમાંથી પડી જતું નથી. ટૂંકમાં જે પોતાની રુચિ વગર ફરજિયાત કરવું પડે તે ગમતું કે ના ગમતું, અનુકૂળ કે પ્રતિકૂળ, પ્રિયકર કે અપ્રિયકર જે બધું ફરજિયાતપણે આવ્યું એ ડિસ્ચાર્જ છે.

પ્ર. ૧૮૬ વિચાર અને ડિસ્ચાર્જને લીંક શું છે ?

ઉ. ૧૮૬ વિચાર આવ્યા ને તો એ વિચારમાં તન્મયાકાર થવું એ જ મનન અને મનન થયું એ મંથન કહેવાય. મંથન એટલે વલોવણું થઈ ગયું. વિષયનો વિચાર આવ્યો અને વિચાર સબંધી મનન થયું કે મંથન થાય અને મંથન થયું એટલે એટલું ડિસ્ચાર્જમાં જતું રહે તરત જ એટલો ભાગ મરી જાય પછી એ અંદર મરેલું પડી રહેશે, પછી બધું ભેગું થાય ત્યાર પછી બહાર નીકળે ત્યારે એને તો એમ જ થાય કે આજે મને ડિસ્ચાર્જ થઈ ગયું. ડિસ્ચાર્જ તો મહીં થતું હતું જ, મહીં થઈ જ રહ્યું હતું એ ટીપે ટીપે ડિસ્ચાર્જ થયા કરે એટલે જેને બ્રહ્મચર્ય પાળવું હોય એને વિષય સબંધી વિચાર આવે તો એ જોયું કે તરત જ પ્રતિક્રમણ કરવું જોઈએ. આગળ આ વિચાર હોય અને પાછળ પ્રતિક્રમણ હોવું જોઈએ, એક સેકન્ડની વાર લાગી તો ત્યાં ડિસ્ચાર્જ ચાલી જાય. ઝેર પીધું હોય તે ઘૂંટડો ગળામાંથી ઉતરે તે પહેલા એ ઊલટી કરી નાંખે તો કશું નથી, પણ ઘૂંટડો નીચે ઉતર્યો પછી અસર થયા વગર રહે નહીં અરે પછી તો ઊલટીઓ કરાવે તો પણ થોડું રહી જાય એવું આ વિષય સબંધી છે, માટે વિચાર આવ્યો કે તરત જ પ્રતિક્રમણ કરવું એમાં સહેજ જો અટક્યો અને મહીં મંથન થયું તો મંથન થયા પછી સ્ખલન થયા જ કરે, કોઈપણ રસ્તે એની વે સ્ખલન થાય જ. આપણે વિરોધ હોય તો જ તન્મયાકાર થાય નહીં. વિચાર એ જ્ઞેય છે અને હું જ્ઞાતા છું એ જાગૃતિ તથા પ્રતિક્રમણ વગર નિવેડો નથી.

પ્ર. ૧૮૭ સ્વપ્ન અવસ્થામાં ડિસ્ચાર્જ થાય છે તે શું છે ?

ઉ. ૧૮૭ સ્વપ્ન અવસ્થામાં ડિસ્ચાર્જ થાય છે એને માટે આપણે ગુનેગાર ગણતા નથી, એ પાછલી ખોટને લીધે થાય છે. આપણી દૃષ્ટિ બગડે એટલે વીર્યનો

અમુક ભાગ છે તે એકઝોસ્ટ થઈ ગયો કહેવાય તે પછી રાત્રે સ્વપ્ન અવસ્થામાં બહાર નીકળે. કેટલીકવાર રાત્રે ભારે ખોરાક લીધેલ હોય તેના દબાણથી પણ વીર્ય સ્ખલન થાય છે, પરંતુ સ્વપ્નમાં વિષય સેવનથી વીર્ય સ્ખલન થાય છે ત્યાં ચેતતા રહેવું. સ્વપ્ન અવ...ા પછી સવારમાં પસ્તાવો કરવો પડે અને એનું પ્રતિક્રમણ કરવું પડે કે આવું ના હોય.

પ્ર. ૧૮૮ વીર્ય સ્ખલનનું મૂળ કારણ શું છે ?

ઉ. ૧૮૮ વિજાતિય તરફ વિકાર ભાવે જોવા માત્રથી વીર્યકોષમાંથી વીર્ય ખસી પડે છે અને અંતે ગમે તે રીતે તે શરીરમાંથી છૂટી જાય છે, કારણ કે વિકાર ભાવથી જોવાથી તે વખતે લોહી ગરમ થઈ જાય છે, એ ગરમી જ્ વીર્યને ખળભળાવીને સ્થાન ભ્રષ્ટ કરે છે. વિજાતિય તરફની વિકારી નજર જ વીર્યપાતનું પ્રથમ સોપાન છે, અહી જ બ્રેક મારવાની છે, માટે જ ક્યારેય પણ સ્ત્રી પ્રત્યે દૃષ્ટિ ના માંડવી એમ કહેવામાં આવ્યું છે.

પ્ર. ૧૮૯ સ્વપ્ન દોષ અટકાવવા માટેના ઉપાય શો ?

ઉ. ૧૮૯ ૧. સાંજે ભોજન ન લેવું અથવા સૂર્યાસ્ત પહેલા રોટલી, ભાખરી, શાક, દૂધ એવું ઓછું અને સાદું ભોજન લેવું.

૨. કબજિયાત ન થવા દેવી, પેટ સાફ રાખવું દરરોજ સવારે વહેલા ઊઠી હરડેનો હળવો જુલાબ લેવો.

૩. મરચાં, મસાલા, ચટાકેદાર વાનગીઓ, ચટણી, રાયતા વગેરે ના ખાવા.

૪. ચરબીયુક્ત તથા વસાણાઓથી ભરપુર એવી વાનગીઓ ના ખાવી

૫. વહેલા સૂઈ જઈ વહેલા ઊઠવું.

૬. જમીન ઉપર કઠણ ભૂમિ ઉપર પાતળું વસ્ત્ર કે ગરમ કામળી ઉપર પાતળું વસ્ત્ર નાખી સૂઈ જવું.

૭. દિવસે ક્યારેય સૂવું નહીં.

પ્ર. ૧૯૦ નિશ્ચય કાચો કેમ પડી જાય છે ?

ઉ. ૧૯૦ અંદરખાને દાનત ચોર હોય તો નિશ્ચય કાચો પડી જાય. જો દાનત ચોખ્ખી હોય તો નિશ્ચય સ્ટ્રોંગ હોય અને નિશ્ચય સ્ટ્રોંગ હોય તો ગમે તેવો ભરેલો માલ ફૂટે પણ તે ઊડી જાય. ભરેલા માલની ભૂલ નથી પણ દાનત ચોર છે એની જ ભૂલ છે.

પ્ર. ૧૯૧ બ્રહ્મચર્યમાં અડગતા, સ્થિરતા રાખવા કેવા પ્રકારની જાગૃતિની આવશ્યકતા છે ?

ઉ. ૧૯૧ બ્રહ્મચર્યમાં અડગતા, સ્થિરતા રાખવા તથા બ્રહ્મચર્યને કાયમી ટકાવી રાખવા માટે નીચે મુજબની જાગૃતિની પરમ આવશ્યકતા છે.

૧. આ સંડાસ જોઈએ છે ત્યાં આકર્ષણ થાય છે ના ! તો આ સ્ત્રી એ પણ સંડાસ જ છે આ તો રેશમી ચાદરે વિટાળેલું માંસનું પોટલું જ છે. ફકત શુદ્ધાત્માના દર્શન કરવા જેવું છે, શુદ્ધાત્મા દેખાય એનું નામ જાગૃતિ, આવી જાગૃતિ રહેવી જોઈએ.

૨. આ બહારથી દેખાતું સુંદર શરીર વાસ્તવમાં મહીં અશૂચિનું આખું સંગ્રહસ્થાન છે. નર્યો દુર્ગંધનો કોથળો છે, આ કોથળામાં તો પાર વગરનો વિચિત્ર ગંદવાડો છે. આખી દુનિયાનો બધો કચરો આ શરીરમાં છે. આખા જગતની દુર્ગંધ એમાં છે અને જગતના તમામ દુઃખો એમાં રહેલા છે તે સતત ખ્યાલ રહેવો જોઈએ.

૩. મનમાં વિષયનો વિચાર આવ્યો કે તરત જ એને ઉખેડી નાંખવો અને કંઈક આકર્ષણ થયું કે એનું તરત જ પ્રતિક્રમણ કરવું જોઈએ. આ બે શબ્દ પકડે તેને બ્રહ્મચર્ય કાયમ રહે.

૪. કુસંગથી બહુ જ છેટા રહેવું ત્યાં તું લાખ પ્રતિક્રમણ કરું તોય કુસંગ હશે તો બધુ અવળું થશે, માટે બ્રહ્મચારીઓના ટોળામાં પડ્યા રહેવું. કુસંગ ગમે તેવા નિશ્ચયબળને કાપી નાંખે તેથી બ્રહ્મચારી સિવાય અન્ય કોઈનો સંગ કે વિશ્વાસ કરાય જ નહીં. સૌથી મોટું જોખમ કુસંગ છે. સત્સંગમાં પડી રહેલાઓને વાંધો ના આવે બાકી નિર્ભય પદ માની લેવા જેવું નથી.

૫. થ્રી વિઝનની દૃષ્ટિ કાયમ રાખવી પડે. પહેલી દૃષ્ટિએ સંપૂર્ણ નગ્ન દેખાય, કપડાં વગરની સ્ત્રી દેખાય પછી ચામડી વગરની દેખાય પછી ત્રીજી દૃષ્ટિએ આંતરડાં અને આ બધું કાપેલું દેખાય આ ત્રણ વિઝન એક જ સેકન્ડમાં હાજર થઈ જાય તો પછી બ્રહ્મચર્યમાં વાંધો આવે નહીં.

૬. આખા દિવસમાં ઓછામાં ઓછું એક કલાક તો રીલેટિવ, રીયલ જોવું જ પડે એટલે નિશ્ચય મજબૂત થાય. નિશ્ચય મજબૂત કરનારી આ આજ્ઞા છે.

૭. આંખ તો કોઈનાય સામે માંડવી જ નહીં. જેને બ્રહ્મચર્ય પાળવું છે એણે આંખ તો મંડાય જ નહીં. નીચું જોઈને જ ચાલવાનું રાખવું. કોઈની સામે દૃષ્ટિ ના માંડવી, દૃષ્ટિ મંડાઈ કે તરત જ પ્રતિક્રમણ કરવું. દૃષ્ટિ માંડવી એ ગુન્હો છે. આંખ બગડી તો તરત જ પ્રતિક્રમણ કરવું અને જ્યાં એવું લાગે તો તરત જ આઘાપાછા ખસી જવું તે જગ્યા તરત છોડી દેવી.

૮. આ સ્ત્રી જાતિ તો ખાલી આમ હાથ અડી ગયો હોય તો પણ નિશ્ચય ડગાવ ડગાવ કરે, માટે આપણે સ્પર્શ તો થવો જ ના જોઈએ અને દૃષ્ટિ સાચવે તો પછી નિશ્ચય ડગે નહીં. કોઈ સ્ત્રી સાથે ક્યારેય કોઈપણ પ્રકારની લપ્પન-છપ્પન રાખવી નહીં.

૯. જે સ્ત્રી પ્રત્યે દૃષ્ટિ ખેંચાય છે તે જ દુકાનના અર્થાત્ તે જ સ્ત્રીના શુદ્ધાત્મા પાસે બ્રહ્મચર્ય માટેની શક્તિઓ માંગવી કે હે શુદ્ધાત્મા ભગવાન મને આખા જગત જોડે બ્રહ્મચર્ય પાળવાની શક્તિઓ આપો. જે દુકાન જોડે વ્યવહાર થયો છે ત્યાં શક્તિઓ માંગી લેવી તે સારામાં સારું છે.

૧૦. દાદા ભગવાન પાસે દરરોજ સવારમાં ઊઠતાંની સાથે બ્રહ્મચર્ય પાળવા માટે શક્તિઓ માંગવી.

૧૧. બાવીસ પ્રકારના અભક્ષ્ય આહારનો સદા સર્વથા ત્યાગ હોવો ઘટે.

૧૨. બને ત્યાં સુધી મૌન રહેવું, અસંગ રહેવું, નવવાડનું પાલન કરવું.

પ્ર. ૧૯૨ વિષય અને બ્રહ્મચર્યમાં સ્થિરતા પ્રાપ્ત થઈ છે તેની નિશાની શું ?

ઉ. ૧૯૨ આપણે અહી બેઠા હોઈએ અને આપણી પાસે થઈને સાપ જતો હોય અને છતાંય આપણને ડર ના લાગે ત્યારે જાણવું કે સ્થિરતા પ્રાપ્ત થઈ છે.

પ્ર. ૧૯૩ સ્ત્રી જાતિ વશ ક્યારે થાય ?

ઉ. ૧૯૩ જ્યાં સુધી પુરુષોને સ્ત્રી પાસેથી વિષયની યાચના હશે ત્યાં સુધી સ્ત્રી ક્યારેય પણ કાબૂમાં નહીં આવે. ચાર-છ મહિના સુધી તું વિષય બંધ કરી જો તો એ કાલા-વાલા કરશે પછી સ્ત્રી કાબૂમાં આવશે. એ જમવા બોલાવે તો તમે કહો કે હમણાં નહીં બે-ત્રણ દિવસ પછી તો એ વશમાં રહે. સ્ત્રી જોડે વિકારી સબંધ જ બંધ કરી દેવો, પાશવતા બંધ કરી દેવી એટલે પછી એ વશમાં આવશે.

પ્ર. ૧૯૪ આયુષ્યનો આધાર જેના ઉપર છે તે શ્વાસોચ્છ્વાસ શેમાં વધારે વપરાય છે ?

ઉ. ૧૯૪ ક્રોધમાં અને વિષયમાં વધારેમાં વધારે શ્વાસોચ્છ્વાસ વપરાય છે. માણસ ક્રોધમાં હોય ત્યારે એક મિનિટમાં નોર્મલ માણસને પચ્ચીસ કે ત્રીસ શ્વાસોચ્છ્વાસ થતા હોય તો ક્રોધીને તે ઘડીએ પચ્ચીસ ઘણા વધારે વપરાઈ જાય છે. પર સ્ત્રી વિષયમાં તો ઘણા બધા શ્વાસોચ્છ્વાસ વપરાઈ જાય. એક બીજાને હરાવવાની હરીફાઈ (સ્પર્ધા) હોય એમાં પણ શ્વાસોચ્છ્વાસ વધારે વપરાય. આયુષ્ય ઘટવાના કારણોમાં આ સ્ત્રી વિષય અને ક્રોધ એ બે મુખ્ય કારણ છે.

પ્ર. ૧૯૫ સ્ત્રી સંભોગથી કેટલા જીવ મરી જાય છે ?

ઉ. ૧૯૫ સ્ત્રીની યોનિમાં બે લાખથી ઉત્કૃષ્ટ નવ લાખ જેટલા બે ઈન્દ્રિય (ત્રસ) જીવો હોય છે તે પુરુષના સંયોગે જેમ પોલા વાંસની રૂ ભરેલી ભૂંગળીમાં તપાવેલો સળિયો નાખતા રૂ બળી જાય છે તેમ તે જીવોનો નાશ થાય છે. એક પુરુષે એકવાર ભોગવેલી સ્ત્રીના ગર્ભમાં એકી સાથે ઉત્કૃષ્ટથી નવ લાખ ગર્ભજ જીવો ઉત્પન્ન થાય છે, તેમાંથી કોઈકવાર બળવાન આયુષ્યવાળા એક-બે આદિ જીવ બચી જાય, બાકીના મૃત્યુ પામે છે માટે ઘોર હિંસા થાય છે.

પ્ર. ૧૯૬ રૂપાળી સ્ત્રી કોને કહેવાય ?

ઉ. ૧૯૬ ચામડી ગોરી હોય તેને રૂપાળી સ્ત્રી ના કહેવાય, કારણકે ગોરી ચામડીવાળી સ્ત્રીમાં અત્યંત મોહ હોય, તે ભોગવાઈ જવા માટે જ હોય છે. મોહ ઓછો થયો હોય ત્યારે અંગ બધું ઘાટીલું હોય પણ ચામડી આકર્ષક ના હોય. ઘાટીલા અંગવાળી સ્ત્રીને રૂપાળી કહેવાય. શરીરના દરેક અંગો સુંદર હોય એ બધું ઘાટીલું હોય એ રૂપાળી કહેવાય.

પ્ર. ૧૯૭ નીતિશાસ્ત્રમાં સ્ત્રી માટે શું કહ્યું છે ?

ઉ. ૧૯૭ સ્ત્રીને પુરુષથી બમણો આહાર, ચાર ગણી લજ્જા, છ ગણો વ્યવસાય અને આઠ ગણું કામ (વિષયવાસના) હોય છે. સ્ત્રી કપટમુલક કહેવાય છે, માટે બુદ્ધિશાળી પુરુષો સ્ત્રીનો વિશ્વાસ કરતા નથી.

પ્ર. ૧૯૮ કયા પદાર્થના સેવનથી મૈથુનની ક્રિયા વધુ થાય છે ?

ઉ. ૧૯૮ અફીણના સેવનથી.

પ્ર. ૧૯૯ કામદેવનું નામ શું ? તેનો રથ કેવો છે ?

ઉ. ૧૯૯ કામદેવનું નામ મકરધ્વજ છે. મગરના ચિત્રવાળી ધજા તેમના રથ ઉપર હોવાથી તેને મકરધ્વજ કહેવામાં આવે છે. વૈરાગ્ય તેમનો દુશ્મન છે. તીવ્ર વૈરાગ્ય કામદેવને ખાઈ જાય છે.

પ્ર. ૨૦૦ કામરૂપી એટલે શું ?

ઉ. ૨૦૦ કામરૂપી એટલે ગુટિકાદિ પ્રયોગથી દેવની જેમ ઈચ્છિત રૂપ ધારણ કરનારો માનવી.

પ્ર. ૨૦૧ સાધકે (બ્રહ્મચારીએ) કામદેવના કયા પાંચ બાણથી સાવધ રહેવું ?

ઉ. ૨૦૧ જે સદા સર્વથા સાવધાન છે તે સાધક છે. તેણે કામદેવના પાંચ બાણથી સાવધ રહેવું. જુદા જુદા ત્રણ મત મુજબ તે નીચે મુજબ જાણવા.

પહેલા મતે : ૧. એકાંત ૨. અનુરાગ ૩. અનુકૂળતા ૪. આકર્ષણ ૫. અતિ પરિચય.

બીજા મતે : ૧. પ્રથમ જોવું ૨. જોવાથી દૃષ્ટિનો પ્રસાર ૩. દૃષ્ટિ પ્રસારથી રતિ. ૪. રતિથી સદ્‌ભાવ ૫. સદ્‌ભાવથી સ્નેહ

ત્રીજા મતે : ૧. કમલકંદ ૨. આમ્રમંજરી ૩. ચંપાના ફૂલ ૪. જાઈના ફૂલ ૫. બપોરિયાના ફૂલ

પ્ર. ૨૦૨ કામદેવના પાંચ બાણના નિવારણ માટે શું ?

ઉ. ૨૦૨ પાંચ મહાવ્રતરૂપી શસ્ત્રો ધારણ કરવા અને સ્થિરતા ધારણ કરવી. આ પાંચ મહાવ્રત જેવા કે સત્ય, અહિંસા, અચોર્ય, અપરિગ્રહ, અને બ્રહ્મચર્ય રૂપી શસ્ત્રો કામદેવના પાંચ બાણનું નિવારણ કરવા માટે શ્રેષ્ઠ સાધન છે. પાંચ મહાવ્રતોને વીતરાગ ભગવંતોના આશય મુજબ જેમ છે તેમ યથાર્થ સ્વરૂપમાં ધારણ કરવાથી અને તેનું ચુસ્તપણે કોઈપણ પણ પ્રકારના છૂટછાટ વગર પાલન કરવાથી કામદેવના પાંચ બાણનું નિવારણ થશે જ.

પ્ર. ૨૦૩ કામી અને ભોગી જીવો કયા કહેવાય ?

ઉ. ૨૦૩ કાન અને આંખ આ બે ઈન્દ્રિયોની અપેક્ષાએ જીવો કામી છે અને નાક, જીભ અને સ્પર્શની અપેક્ષાએ જીવો ભોગી છે અર્થાત્ જે જીવોને કાન અને આંખ નથી તે કામી નથી, પરંતુ ભોગી છે.

પ્ર. ૨૦૪ શાસ્ત્રમાં સત્તર પ્રકારનો સંયમ કેવી રીતે ગણાવેલ છે ?

ઉ. ૨૦૪ શાસ્ત્રમાં સત્તર પ્રકારનો સંયમ નીચે મુજબ વર્ણવ્યો છે.

૧.	પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાયની દયા પાળવી તે	૫
૨.	બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉઈન્દ્રિય અને પંચેન્દ્રિયની દયા પાળવી તે	૪
૩.	અજીવકાયની, પેહાની, ઉપેહાની, પરજણાંની, પરીઠાવણિયાની દયા પાળવી તે	૫
૪.	મનનો, વાણીનો અને કાયાનો સંયમ	૩
		૧૭

પ્ર. ૨૦૫ બ્રહ્મચર્યની પાંચ ભાવનાઓનું સ્વરૂપ કહો ?

ઉ. ૨૦૫ ૧. **સ્ત્રી રાગકથા શ્રવણ ત્યાગ :** સ્ત્રીઓમાં રાગ વધારનાર કથાઓનો સદા સર્વથા ત્યાગ.

૨. **તન્મનોહરાંગ નિરીક્ષણ ત્યાગ :** સ્ત્રીઓના મનોહર અંગોને દેખવાનો, નિહાળવાનો સદા સર્વથા ત્યાગ.

૩. **પૂર્વરતાનું સ્મરણ :** પહેલા ભોગવેલાં ભોગોના સ્મરણનો ત્યાગ.

૪. **પૃષ્ટરસ ત્યાગ :** કામોદિપક પુષ્ટ રસોનો સદા સર્વથા ત્યાગ.

૫. **સ્વશરીર સંસ્કાર ત્યાગ :** પોતાના શરીરના શૃંગારનો સદા સર્વથા ત્યાગ.

પ્ર. ૨૦૬. વીર્ય કેવી રીતે બને છે ?

ઉ. ૨૦૬. અન્ન અર્થાત્ ખોરાકમાંથી રસ બને છે, રસમાંથી લોહી બને છે, લોહીમાંથી માંસ, માંસમાંથી ચરબી બને છે, ચરબીમાંથી મજ્જા અને મજ્જામાંથી વીર્ય બને છે. આમ વીર્ય એ છેલ્લું તત્ત્વ છે, સાતમી ધાતુ છે, જે પુદ્ગલનો રાજા ગણાય છે.

ૐ

પર્વ બારમું

ભક્ત, ભગવાન, ભક્તિ, ભાવ, ભ્રાંતિ.

પ્ર. ૧ ભક્ત કોને કહેવાય ?

ઉ. ૧ વ્યવહારમાં રહેવું અને ગાંડા કાઢવા એનું નામ ભક્ત. જેને સંસાર ઉપર ધૃણા થાય તે ભક્ત કહેવાય. આ સંસારથી ત્રાસે તે ભક્ત કહેવાય. આ સંસારને તરછોડે તે ભક્ત કહેવાય. જે નિશ્ચયમાં ચોકકસ હોય અને વ્યવહારમાં ચોકકસ ના હોય તે ભક્ત કહેવાય. ભગવાનને ટૈડકાવે તેનું નામ ભક્ત. ભક્ત દયા માગે, દીન થઈ જાય તેને ભક્ત જ કેમ કહેવાય? જીવ શિવનો ભેદ મટે નહીં તે ભક્ત. ભક્ત હમેશાં ગરીબ હોય, બધું જ ખૂટતું અને તૂટતું હોય તેનું નામ ભક્ત. ભક્તો જોડે ભગવાન રિસાયેલા હોય કારણકે તે ભિખારી છે. ભક્તો ઘેલા અને ગાંડા હોય છે. અપદમા બેસીને જે ભક્તિ કરે તે ભક્ત.

પ્ર. ૨ સાચો ભક્ત કોને કહેવાય ?

ઉ. ૨ જે ભગવાન પાસે ક્યારેય પણ કોઈ જાતની માગણી ના કરે તે સાચો ભક્ત. ભગવાનને જે વઢતો નથી તે ભગવાનનો સાચો ભક્ત નથી. સાચો ભક્ત તો ભગવાનને ખખડાવે. સાચો ભક્ત તો વ્યવહારને સાચવે અને ભગવાનની ભક્તિ કરે તે. સાચા ભક્તને તો આત્મા પ્રાપ્ત કરવાની ભાવના પ્રગટ થયેલી હોય. આત્મજ્ઞાન જાણવાની જેને તીવ્ર ઝંખના છે. અને રાત-દહાડો આત્મા જ જાણવાની જ ધૂન છે, તે સાચો ભક્ત કહેવાય. બધી જ જાતની મુશ્કેલીઓ સહન કરે અને છતાંય કોઈનેય હેરાન ના કરે તે સાચો ભક્ત. જ્ઞાની પાસે કૃપા માગે તે સાચો ભક્ત કહેવાય. જેને મોહ ઓછો હોય, જેનો વ્યવહાર સાચો હોય અને જે આ લોકમાં તથા પરલોકમાં સુખી થાય તે જ ભગવાનનો સાચો ભક્ત. સાચા ભક્તને તો બહુ ખુમારી હોય. આત્માને જ ભગવાન તરીકે માને તે સાચો ભક્ત.

પ્ર. ૩. સાચા ભક્તની નિશાની શું ?

ઉ. ૩ સાચા ભક્તમાં સ્વચ્છંદ ના હોવો જોઈએ, અભિનીવેશ ના હોવો જોઈએ, દૃષ્ટિરાગ ના હોવો જોઈએ. જેને ક્લેશ ના થાય, આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ના થાય, એ સાચા ભક્તની નિશાની છે.

પ્ર. ૪ સાચો ભક્ત કેવો હોય ?

ઉ. ૪ ૧. તે ક્લેશથી દૂર હોય.

૨ વિષયથી વિરક્ત હોય.

૩. સર્વ જીવનો મિત્ર હોય.

૪. સૌના સુખમાં રાજી હોય.

૫. અન્યના ગુણનો રાગી હોય.

૬. શીલ અને સદાચારયુક્ત હોય.

૭. સહિષ્ણુ અને સૌમ્ય હોય.

૮. નમ્ર અને સંતોષી હોય.

૯. સત્યભાષી અને સરળ હોય.

૧૦. સ્વયમ્ પ્રભુમય હોય.

પ્ર. ૫ એકાંતિક ભક્ત એટલે શું ?

ઉ. ૫ એકાંતિક ભક્ત એટલે શું કે એક પ્રભુ સિવાય બીજું કશું જ યાદ ના આવે, સંસારનું કશું એને યાદ ના આવે. એકાંતિક ભક્ત એટલે ભગવાન સિવાય બીજું કશું જ જેને સાંભરે નહીં, ભગવાનમાં જ ચિત્ત આખો દહાડો હોય, એ એક જ પ્રકારનો આગ્રહ એ એકાંતિક ભક્ત કહેવાય. એકાંતિક ભક્ત અને ભગવાનમાં બહુ લાંબો ફેર નથી. એકાંતિક ભક્તો એ ઊંચી દેવગતિમાં જાય. એકાંતિક ભક્તો પાંચમો દેવલોક જેને બ્રહ્મલોક તરીકે ઓળખવામાં આવે છે, ત્યાં જાય છે. એકાંતિક ભક્ત થયા હોય તો આ કબીર એકલા જ છે પણ એય પાંચ ટકા દસ ટકા જેટલા ઓછા કારણ કે એકાંતિક ભક્તની ભાષા મીઠી હોય જયારે કબીરની વાણી તો તલવારની ધાર જેવી તીક્ષ્ણ હતી, તેથી તેમનું પાંચ દસ ટકા જેટલું ઓછું ગણાય. કબીર સાહેબે બુદ્ધિ આખી ફેંદી નાંખી છે, પોતે બુદ્ધિથી જેટલું ચકાચાય એટલું ચકાસીને મૂકી દીધું છે. કબીર સાહેબ તો મોક્ષની ધજા છેટે રહીને જોઇ ગયા છે.

પ્ર. ૬ ભગવાનના ચેલા કોને કહેવાય ?

ઉ. ૬ યાચક (માંગણીયાત) બધાં જ ભગવાનના ચેલા કહેવાય.

પ્ર. ૭ કૃષ્ણ ભગવાને જે ચાર પ્રકારના ભક્તો કહ્યાં છે તે કયા કયા ?

ઉ. ૭ કૃષ્ણ ભગવાને જે ચાર પ્રકારના ભક્તો કહ્યાં છે તે નીચે મુજબ છે.

૧. **અર્થાથી ભક્ત :** મંદિરમાં જે ભીડ થાય છે અને ધક્કમ ધક્કા થાય છે, એ બધા અર્થાથી ભક્ત છે, કારણકે તે લોકો મતલબી છે. મારે ત્યાં છોકરો થશે તો આમ કરીશ એવું ભગવાન પાસે માગે છે. વળી ભગવાનના દર્શન કરીએ તો આપણું સારું થાય, છોકરા થાય, ફલાણું થાય, આમ થાય, તેમ થાય એ માટે તેઓ દર્શન કરે છે. મારી છોકરીઓ પરણી જાય એટલે નિરાંત થઇ જાય એટલે અર્થને માટે ભગવાનની ભક્તિ કરે છે. સંસાર હેતુ માટે ભગવાનને ભજવું એનું નામ અર્થાથી ભક્ત. પૈસા માટે કે ભૌતિક સાધન સામગ્રીની પ્રાપ્તી અર્થે જ ભગવાનની ભક્તિ કરનારને અર્થાથી ભક્ત કહેવાય.

૨. **આર્ત ભક્ત :** આ ભક્તો કોઇ દહાડો મંદિરમાં કે કશે જાય નહીં પણ જયારે કંઇક દુ:ખ પડે ને ત્યારે કહે કે હે ભગવાન કંઇક છોડાવ, તું મને બચાવ. એટલે આ પ્રકારના ભક્તો દુ:ખના માર્યા ભગવાનને ભજે છે. દુ:ખ એટલે પોતાની ઇચ્છા વિરુદ્ધ થવું, અર્થાત્ દુ:ખ પરિણામ થાય ત્યારે ભગવાનને સંભારે તે આર્ત ભક્ત.

૩. **જિજ્ઞાસુ ભક્ત :** મોક્ષે જવાની ઇચ્છા થઇ છે એટલે એ ભગવાનની ભક્તિ કરે છે. સંસારી બાબતની કોઇ પ્રકારની જિજ્ઞાસા નહીં એનું નામ જિજ્ઞાસુ. સંસારનું કંઇપણ જાણવાની ઇચ્છા જ નહીં, ભગવાન શું હશે અને ખરેખર હું શું છું અને મારે ક્યાં જવાનું છે, આ જ બાબતની જિજ્ઞાસાના બળે કરીને જે જીવે એ જિજ્ઞાસુ ભક્ત. બીજી વસ્તુ એને ગમે નહીં, લોકોને જે ગમે એ એને ગમતું ના હોય એટલે જિજ્ઞાસાના બળે જીવે એ જિજ્ઞાસુ ભક્ત. ભગવાનના દર્શન કરવાની તાલાવેલી લાગે તે જિજ્ઞાસુ ભક્ત.

૪. **જ્ઞાની ભક્ત :** જેને ''હું શુદ્ધાત્મા છું'' એવું ભાન વર્તે છે, એને જ્ઞાની ભક્ત કહેવાય. ગીતામાં કૃષ્ણ ભગવાને કહ્યું છે કે ''જ્ઞાની ભક્ત એ જ મારો આત્મા છે અને તે હું પોતે જ છું.'' જ્ઞાની ભક્ત થોડા ભવોમાં મોક્ષે જાય છે.

પ્ર. ૮ ભક્ત અને જ્ઞાની એ બે માં ફેર શો ?

ઉ. ૮ અપદ એ મરણપદ છે. ''હું ચંદુલાલ છું.'' એ અપદ છે. અપદમાં બેસીને જે ભક્તિ કરે તે ભક્ત છે. ભક્ત અને જ્ઞાનીમાં સેવ્ય અને સેવક જેટલો ફેર છે. જ્ઞાની સેવ્ય છે અને ભક્ત સેવક છે. સેવ્યનું સેવન કરવાથી પોતે સેવ્ય થતા જાય. બંનેનું મૂળ રુપ તો એક જ છે પણ અવસ્થાના હિસાબે ફેર છે. જેણે આત્મા પ્રાપ્ત કર્યો એ બધાય જ્ઞાની કહેવાય. પરંતુ જ્ઞાની શ્રુતજ્ઞાની જેવા હોવા જોઇએ. વીતરાગ ભગવાનનું આખું શ્રુતજ્ઞાન તેમજ વેદાંત માર્ગનું શ્રુતજ્ઞાન એમ બધુંય શ્રુતજ્ઞાન હોય ત્યારે એને જ્ઞાની કહેવાય.

પ્ર. ૯ ભગવાન કોને કહેવાય ?

ઉ. ૯ ભગવત ગુણો પ્રાપ્ત કરે તે ભગવાન કહેવાય. ઋજુતા, મૃદુતા, ઐશ્વર્ય, ક્ષમા, શક્તિ વગેરે ગુણો પ્રાપ્ત કરે તે ભગવાન કહેવાય. ક્રોધ, માન, માયા, લોભ ના રહે તે ભગવાન. જે બીજાનો અહંકાર લઇ લે તે ભગવાન. જેને સંસાર ઉઘાડી આંખનું સ્વપ્ન જણાય તે ભગવાન. જેનો દેહાધ્યાસ છૂટયો તે ભગવાન કહેવાય. આત્મામાં જ મુકામ છે અને વ્યવહારમાં સુપર ફ્લુયસ (ઉપલક) રહે તે ભગવાન. જેને કઢાપો-અંજપો ના થાય તે ભગવાન. નિમિત્તને બચકાં ના ભરે તે ભગવાન. પ્રકૃતિને સંપૂર્ણ પણે ઓળખે તે ભગવાન. કોઇનીય દયા ના ખાય એનું નામ ભગવાન. જેના પોતાનામાં કલુષિત ભાવ નામેય ના રહ્યો હોય અને સામાને પણ પોતાના નિમિત્તે કલુષિત ભાવ ઉત્પન્ન ના થાય તેને ભગવાન કહેવાય. (કલુષિત ભાવ એટલે ક્લેશ) જે પોતાના દુઃખને ના ગણકારે અને પારકાના દુઃખને જુએ તે ભગવાન કહેવાય. જે નિરંતર સ્વપરિણતિમાં જ સ્થિત છે, પર પરિણતિનું ક્ષણ માત્ર માટે પણ જયાં સ્થાન નથી એવી વિભૂતિ પછી તેઓ પોતે ગમે તે વેશમાં હોય તો તે ભગવાન કહેવાય. જે દેહ હોવા છતાં દેહના માલિક નથી, મનના માલિક નથી, વાણીના માલિક નથી, કોઇ ચીજના માલિક નથી તે જગતમાં ભગવાન છે. જેને કોઇપણ પ્રકારનો ઘાટ ના હોય એનું નામ ભગવાન કહેવાય. સ્વસત્તામાં આવી જાય ત્યાર પછી ભગવાન કહેવાય. પુરુષ થયા પછી પુરુષાર્થમાં આવે ત્યારે ભગવાન કહેવાય. જેનામાં બુદ્ધિનો અભાવ

હોય એટલે કે ઇમોશનલ ના થાય, ક્રોધ, માયા, માન, લોભની નબળાઇ ખલાસ થઇ ગયેલી હોય, સ્ત્રી વિચાર જ ના આવે તેને ભગવાન કહેવાય. જેને કોઇ પણ પ્રકારની ભીખ ના હોય, લક્ષ્મી, કીર્તિ, માનની શિષ્યોની તથા જે નિરિચ્છક હોય તેને ભગવાન કહેવાય. જેનો કઢાપો અજંપો જાય તે ભગવાન કહેવાય. જે આ દુનિયામાં સ્વતંત્ર થયો છે અને જેનો કોઇ ઉપરી નથી તે ભગવાન. પોતાની એક ભૂલ ભાંગે તેને ભગવાન કહેવાય. જે દર્શન આપે તે ભગવાન. ભગવાન તે તો પ્રકાશ છે. કોઇનેય હેલ્પ ના કરે તેનું નામ ભગવાન. આ દેહ હોવા છતાં કોઇપણ ચીજવસ્તુ ઉપર ભાવ કે અભાવ ના થાય તો તે ભગવાન કહેવાય. દોષ રહિત જે માણસ થયો એ ભગવાન કહેવાય. ભગવાન એ નામ નથી, ભગવાન એ તો વિશેષણ છે. જેમ ભાગ્ય ઉપરથી ભાગ્યવાન થયું તેમ ભગવત્ ઉપરથી ભગવાન થયું છે, જે કોઇ ભગવત્ ગુણોને પ્રાપ્ત કરે તેને આ ભગવાન વિશેષણ લાગુ પડે. ભગ્ ધાતુ પરથી બનેલો શબ્દ છે. જેનામાં સંપૂર્ણ ઐશ્વર્ય, સંપૂર્ણ શકિત (બળ), સંપૂર્ણ યશ, સંપૂર્ણ લક્ષ્મી, સંપૂર્ણ જ્ઞાન એટલે સંપૂર્ણ વૈરાગ્ય આ છ ગુણ પ્રગટે તે ભગવાન કહેવાય. રીયલ ચારિત્ર હોય તે સંપૂર્ણ ભગવાન. મમતા બિલકુલેય ના હોય શરીરની કે કોઇ ચીજવસ્તુની મમતા ના હોય તે ભગવાન થયો કહેવાય. I WITHOUT MY IS GOD.

પ્ર. ૧૦ ભગવાન શબ્દ કઇ ધાતુ ઉપરથી બનેલો છે ?

ઉ. ૧૦ ભગવાન શબ્દ ભગ્ ધાતુ ઉપરથી બનેલો છે. ભગવાન એ નામ નથી વિશેષણ છે. ભગ્ શબ્દના શાસ્ત્રોમાં ચૌદ અર્થ દર્શાવવામાં આવ્યા છે.

૧. જ્ઞાન ૨. વૈરાગ્ય ૩. યશ ૪. મહાત્મ્ય ૫. મુક્તિ ૬. રૂપ ૭. વીર્ય ૮. પ્રયત્ન ૯. ઇચ્છા ૧૦. શ્રી ૧૧. ધર્મ ૧૨. ઐશ્વર્ય ૧૩. સૂર્ય ૧૪. યોનિ તીર્થંકરો સૂર્ય અને યોનિ સિવાયના બાર અર્થવાળા હોવાથી ભગવંત કહેવાય છે.

પ્ર. ૧૧ ભગવાનનું નામ શું ?

ઉ. ૧૧ ભગવાનનું નામ મહાવીર નથી, રામ નથી, કૃષ્ણ નથી, અલ્લાહ નથી, પણ ''સચ્ચિદાનંદ'' છે. સત્ ચિત અને આનંદ અર્થાત્ સચ્ચિદાનંદ એ ભગવાનનું સાચું નામ છે.

પ્ર. ૧૨ ભગવાનનું એડ્રેસ શું ?

ઉ. ૧૨ God is in every creature whether visible or invisible (But not in Creation creation is always man mad) ભગવાન જીવમાત્રની અંદર બિરાજમાન છે, તે જીવ ચાહે આંખોથી જોઇ શકાય કે દૂરબીનથી પણ ન જોઇ શકાય પણ જીવમાત્રની અંદર ભગવાન બિરાજમાન છે.

પ્ર. ૧૩ ભગવાન સાકારી છે કે નિરાકારી છે ?

ઉ. ૧૩ બાય રીલેટિવ વ્યૂ પોઇન્ટ ભગવાન સાકાર છે અને બાય રીયલ વ્યૂ પોઇન્ટ ભગવાન નિરાકાર છે.

પ્ર. ૧૪ સાકાર ભગવાન કોને કહેવાય ?

ઉ. ૧૪ જે દેહ સાથે આત્મજ્ઞાની છે એ સાકારી ભગવાન છે અર્થાત્ જે દેહમાં આત્મા સંપૂર્ણ પણે પ્રગટ થયો છે, તે દેહધારી જ્ઞાની પુરુષને સાકાર ભગવાન કહેવાય.

પ્ર. ૧૫ ભગવાન કેવા છે ?

ઉ. ૧૫ ભગવાન જ્ઞાતા, દ્રષ્ટા પરમાનંદી છે. એ જીવમાત્રને પ્રકાશ આપે છે બીજું કશું કરતા નથી, જેને જેટલો જોઇએ એટલો પ્રકાશ આપે છે. ભગવાન સંપૂર્ણ અકર્તા છે, નિરાળા છે, નિર્લેપ છે અને અસંગ છે.

પ્ર. ૧૬ છ જાતના ભગવાન કયા કયા ?

ઉ. ૧૬ છ જાતના ભગવાન વિષે વિગતવાર નીચે મુજબ માહિતી છે.

ક્રમ નામ	લાક્ષણિકતા	તેમના લોહીનો રંગ
૧. ક્રાઇસ્ટ	સહનશીલતાનો અવતાર ઉપદેશ ના આપે. સ્વર્ગમાં લઇ જઇશું એમ કહે. ૬૦° ડિગ્રી ઉપર હોય.	લોહી લાલ - + કાળાશ પડતું (બ્લેકીશ)
૨. અલ્લાહ	સહનશીલતા હોય, ઉપદેશ આપે અને એકતા કરે જન્નત મળશે તેમ કહે. ૧૨૦° ડિગ્રી ઉપર હોય	લોહી લાલ + ભુરાશ પડતું (બ્લુઇશ)

૩.	સહજાનંદ	નિર્માનીપણાનો મુખ્ય ગુણ હોય, કુસંગીને સત્સંગમાં લાવે અને અક્ષરધામમાં લઇ જઇશું તેમ કહે. ૧૮૦° ડિગ્રી ઉપર હોય.	લોહી લાલ + રીંગડીના ફૂલના રંગ જેવું
૪.	કૃષ્ણ	નિર્માનીપણું ના હોય, વૃત્તિઓ કુંઠિત કરે, લડાઇઓ લઢે. ૨૪૦° ડિગ્રી ઉપર હોય. વૈકુંઠમાં લઇ જઇશું એમ કહે	લોહી લાલ + સોનેરી રંગ (યલોઇશ)
૫.	દાદા ભગવાન	ધાલમેલિયા વીતરાગ અને ખટપટિયા વીતરાગ હોય. આવો તમને મોક્ષે જવું હોય તો અમે જ્ઞાન આપીએ. અમે વીતરાગ ધર્મ આપીએ છીએ. ૩૫૬° ડિગ્રી ઉપર હોય	લોહીલાલના હોય પરંતુ ચંપાના ફૂલની અંદરની પીળાશ જેવુ હોય.
૬.	તીર્થંકર ભગવાન	અમે મોક્ષનું દાન આપવા આવ્યા છીએ સંપૂર્ણ વીતરાગ. તેમના દર્શનમાત્રથી જીવનું કલ્યાણ થાય. ૩૬૦° ડિગ્રી ઉપર હોય.	લોહી સફેદ મોગરાના ફૂલ જેવું હોય

ઉપરના છ ભગવાનમાંથી પહેલા ચાર ભગવાનો પોત - પોતાનો પક્ષ સ્થાપિત કરે. અર્થાત્ પહેલા ચાર ભગવાન સુધી સ્થૂલ ધર્મ આપેલો છે. પાંચમાં ભગવાન પક્ષાતિત હોય અને છઠ્ઠા તીર્થંકર ભગવાન સંપૂર્ણ વીતરાગ હોય.

પ્ર. ૧૭ ભગવાનના ૨૪ અવતારો કહેવાય તે શું છે ?

ઉ. ૧૭ મૂળ ચોવીસ તીર્થંકર ભગવાનો હતા. જે હાલમાં સિદ્ધક્ષેત્રમાં બિરાજમાન છે. પરંતુ પ્રપંચીઓએ પોતાનું ગુજરાન ચલાલવા અક્કલ વાપરી દરેક તીર્થંકરનું જે લાંછન હતું તે ઉપરથી કાચબા અવતાર કે મત્સ્ય અવતાર એમ ચિતરી અવતાર બનાવ્યો. દરેક તીર્થંકરની પ્રતિમામાં પગ નીચે કાચબા કે મત્સ્ય (માછલી) કે અન્ય ચિન્હ (લાંછન) હોય છે. અલ્યા કાચબા કે માછલી કોઈ દહાડો ભગવાન થતા હશે ? પણ પ્રપંચી લોકોએ અક્કલ વાપરી લોકોને ઊંધા રવાડે ચઢાવ્યા છે.

પ્ર. ૧૮ સંગમેશ્વર ભગવાન એટલે શું ?

ઉ. ૧૮ સંગમેશ્વર ભગવાન એટલે બધાય ભગવાનો તેમાં સમાઈ જાય. જેમ સમુદ્રમાં બધી નદીઓ સમાઈ જાય, તેમ રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, સહજાનંદ, અલ્લાહ, ક્રાઈસ્ટ આ બધા ભગવાનો આ સંગમેશ્વર સ્વરૂપમાં સમાઈ જાય છે. આ પાંચમા નંબરના જે દાદા ભગવાન છે તેને સંગમેશ્વર ભગવાન કહેવાય. માટે જ દાદા પાસે જે ધર્મ જોઈએ તે મળશે. ધર્મની મોટી દુકાન પૂજ્ય શ્રી દાદા ભગવાન પાસે પ્રગટ થઈ છે.

પ્ર. ૧૯ દાદા ભગવાન કોણ છે ?

ઉ. ૧૯ આ ભમરડો જે ફરે છે તેની દોરી ખુલતી જાય છે અને સામે પાછી વીંટાતી જાય છે. આ જે દોરી ખૂલતી જાય છે તે દ્રવ્ય છે અને વીંટાય છે તે ભાવ છે. દ્રવ્ય અને ભાવથી જે છોડાવે તે દાદા ભગવાન છે. દાદા ભગવાન એટલે જ્ઞાનીપુરુષ શ્રી અંબાલાલ મૂળજીભાઈ પટેલની અંદર જે ચૌદ લોકનો નાથ (આત્મા) પ્રગટ થયો તે દાદા ભગવાન છે. એ દરેક જીવમાત્રમાં પણ બિરાજમાન છે પરંતુ તે જીવોમાં પ્રગટ નથી થયેલા. આ અંબાલાલ મૂળજીભાઈની અંદર જે પ્રગટ થયા છે તે દાદા ભગવાન ૩૬૦° ડિગ્રી ઉપર છે અને હું જ્ઞાનીપુરુષ ૩૫૬° ડિગ્રી ઉપર છું, એવું પૂજ્ય શ્રી કહેતા હતા. જેના દર્શન માત્રથી પાપ બળી જાય અને જેનું નામ બોલતા ચિત્ત સ્થિર થાય તે દાદા ભગવાન છે.

પ્ર. ૨૦ દાદા ભગવાનનું સ્વરૂપ શું ?

ઉ. ૨૦ જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને તપ એ એમનું સ્વરૂપ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના આધારે જે અનુભવમાં આવે છે તે દાદા ભગવાન છે. આ દુનિયામાં (વર્લ્ડમાં) જેને કોઈપણ જાતની મમતા નથી, જેને અહંકાર નથી, જેનામાં બુદ્ધિ નથી એ દાદા ભગવાન સ્વરૂપ છે.

પ્ર. ૨૧ ભગવાન પદ એટલે શું ?

ઉ. ૨૧ પોતાની પાસે હથિયાર છે છતાં હથિયાર ઉગામે નહીં અને સામાના હથિયારનો ભોગ બને એ ભગવાન પદ છે.

પ્ર. ૨૨ ભગવાન પદ ક્યારે ઉત્પન્ન થાય ?

ઉ. ૨૨ જેનું માતાનું રજ અને પિતાનું વીર્ય બળી જાય તો ભગવાન પદ ઉત્પન્ન થાય.

પ્ર. ૨૩ ભગવાન પદની શરૂઆત ક્યારે થાય ?

ઉ. ૨૩ જેને પોતાને એકપણ કલુષિત (ક્લેશ) ભાવ ના હોય અને સામાને પણ પોતાના નિમિત્તે કલુષિત ભાવ ના થાય, ત્યારથી ભગવાન પદની શરૂઆત થાય. લક્ષ્મી અને વિષયના વિચાર પણ ન આવે ત્યારથી ભગવાન પદની શરૂઆત થાય.

પ્ર. ૨૪ ઈશ્વર એટલે શું ?

ઉ. ૨૪ ઈશ એટલે જગત. જગતનો વર એટલે ઈશ્વર. ધારે તેવાં કર્મો બાંધી શકે તે ઈશ્વર. ઈશ્વર પદ પ્રાપ્ત થાય એટલે બધી જ બાજુ જવાની શક્તિ આવે. અર્થાત્ ઈશ્વર પદ પ્રાપ્ત થતા દેવગતિમાં, નર્ક ગતિમાં, મનુષ્ય ગતિમાં, તિર્યંચ ગતિમાં અને મોક્ષમાં જવાની શક્તિ પ્રાપ્ત થાય છે. મનુષ્યપણું પ્રાપ્ત થયું એટલે ઈશ્વરપદ પ્રાપ્ત થયું કહેવાય. આ મનુષ્યપણામાં જો જ્ઞાન પ્રાપ્ત થઈ જાય (પોતાના સ્વરૂપનું ભાન થઈ જાય) તો પરમેશ્વર પદ પણ પ્રાપ્ત થઈ શકે છે. દેવલોકો અને જાનવરો કોઈ કર્મો બાંધી ના શકે એટલે ઈશ્વર ના કહેવાય. મનુષ્ય એકલાને જ ઈશ્વર કહેવાય.

પ્ર. ૨૫ ભગવાનના દર્શન કેવી રીતે કરવા ?

ઉ. ૨૫ જ્યાં સુધી મહીં બિરાજેલા ભગવાનના પ્રત્યક્ષ દર્શન થતાં નથી ત્યાં સુધી દેરાસરમાં જઈને વીતરાગ ભગવાનની મૂર્તિ સન્મુખ ઊભા રહીને બોલવું કે ''હે વીતરાગ ભગવાન તમે મારી મહીં જ બેઠા છો, પણ મને તેની ઓળખાણ નથી થઈ તેથી તમારા દર્શન કરું છું. મને મારી પોતાની ઓળખાણ થાય એવી કૃપા કરો.'' જ્યાં જાઓ ત્યાં આ પ્રમાણે દર્શન કરજો. આ તો જુદા-જુદા નામ આપ્યા છે. રીલેટિવથી જુદા-જુદા છે, બધા ભગવાન રીયલી એક જ છે.

પ્ર. ૨૬ ભગવાન પાસે શું માંગવું ?

ઉ. ૨૬ ભગવાન પાસે કંઈ માંગવાં જેવું હોય તો એક જ માંગજો કે ''હે ભગવાન મને નિરંતર તમારી પાસેને પાસે રાખજો. હે ભગવાન તમામ પ્રકારની સંસારી અડચણો દૂર કરજો તથા આપના ચરણામૃતનું પાન પાયે જાવ'' આ પ્રમાણે બોલવું. હે ભગવાન અનિષ્ટ સંપત્તિ કરતાં ઈષ્ટ સંપત્તિ આપજો. હે ભગવાન મારું દર્શન સાચવજો.

પ્ર. ૨૭ ભગવાન પાસે કઈ શક્તિ માંગવી ?

ઉ. ૨૭ પુદ્ગલ શક્તિ ના માંગવી ફકત જ્ઞાનશક્તિ અને સ્થિરતા શક્તિ આપો એમ માંગવું.

પ્ર. ૨૮ ભગવાન પાસે જઈ ભગવાનને શું કહેવું ?

ઉ. ૨૮ હે ભગવાન અણસમજણથી, ખરાબ બુદ્ધિથી તેમજ કષાયોથી પ્રેરાઈને આજ દિનની અદ્યક્ષણ પર્યંત મેં જે-જે દોષો કર્યા છે, જે ભયંકર દોષો કર્યા છે, એની ક્ષમા માગું છું, મને ક્ષમા કરો. ક્ષમા કરો. ક્ષમા કરો. અને ફરીથી આવા દોષો હું ક્યારેય પણ નહીં કરું, એવો દૃઢ નિશ્ચય કરું છું. હે ભગવાન મને એવી શક્તિ આપો કે ક્યારેય પણ આવા દોષો મારાથી ન થાય.

પ્ર. ૨૯ ભગવાન કોના પર રાજી રહે ?

ઉ. ૨૯ જે બધાંના દુઃખો લઈ લે અને સામાને સુખો આપે એના પર ભગવાન રાજી રહે. મનમાં જે વિચાર્યું હોય તે પ્રમાણે વાણીમાં આવે અને તે પ્રમાણે વર્તન થાય તો ભગવાન રાજી રહે. મન, વચન, કાયાની એકતા હોય, (એકાત્મયોગ હોય) તો ભગવાન રાજી રહે.

પ્ર. ૩૦ ભગવાન કોને વશ થાય ?

ઉ. ૩૦ જેનામાં અહંકાર ઓછો હોય તો વાંધો નહીં પણ જેની મમતા ગયેલી છે, એને ભગવાન વશ થયાં વગર રહે જ નહીં. જેની મમતા સંપૂર્ણ ગઈ એને ભગવાન વશ થયા વગર રહે જ નહીં. જે કોઈ વ્યક્તિમાં અહંકાર અને મમતા ના હોય તેને ભગવાન વશ વર્તે.

પ્ર. ૩૧ ભગવાનની પાસે પહોંચવાનો મેઈન રોડ કયો ?

ઉ. ૩૧ સિન્સિયારિટી અને મોરાલિટી એ ભગવાન પાસે પહોંચવાનો મેઈન રોડ છે.

પ્ર. ૩૨ કોનું ભગવાન પણ નામ ન લઈ શકે ?

ઉ. ૩૨ જે કોઈને દુઃખ આપતો નથી તેનું ભગવાન પણ નામ લેતો નથી. જે કરેક્ટ માણસ છે અને શીલવાન છે, તેનું ભગવાન પણ નામ ન લઈ શકે. જ્ઞાનીપુરુષનું શરણું જે સ્વીકારે તો તેનું ભગવાન પણ નામ ના લઈ શકે.

પ્ર. ૩૩ કોણ ભગવાનને વઢી શકે ?

ઉ. ૩૩ ભગવાનને ભૂલ કાઢવાનો વખત જ ના આવે તે જ ભગવાનને વઢી શકે.

પ્ર. ૩૪ ભગવાનનો ઉપરી કોણ ?

ઉ. ૩૪ કોઈપણ વસ્તુનો જે ભિખારી નથી તે ભગવાનનો ઉપરી. જેને માનની, લક્ષ્મીની, કીર્તિની, વિષયોની, શિષ્યોની, દેરા બાંધવાની તથા અન્ય કોઈપણ પ્રકારની ભીખ નથી, ઈચ્છા નથી તે ભગવાનનો ઉપરી છે.

પ્ર. ૩૫ ભગવાન શું કહે છે ?

ઉ. ૩૫ ભગવાને કહેલું કે ''ખુદમાં રહેજો અને સ્વરૂપની સમજણ ના પડે તો ખુદીમા રહેજો પણ આપખુદીમાં ના રહેશો.'' ભગવાન કહે છે કે ''આ શબ્દો ના હોત તો મોક્ષ તો સહેજાસહેજ છે.'' આ કાળમાં વાણીથી જ બંધન છે, માટે કોઈને માટે અક્ષરેય બોલાય નહીં. ભગવાન કહે છે કે ''પૂર્વગ્રહના સેવનથી તારું મરણ છે.'' પ્રિજયુડીસથી તારું મરણ થઈ રહ્યું છે. ભગવાન કહે છે કે ''તું જે કાંઈ કરે છે તે ઉલ્લાસથી કરજે. મન, વચન, કાયાની એકાગ્રતાથી કરજે. તો કંઈક પામીશ. પ્રતિક્રમણ કરે તો તે પણ ઉલ્લાસથી કરજે તો ચાર આનાય લાભ પામીશ.'' રૌદ્રધ્યાન અને આર્તધ્યાનને ભગવાને આપખુદી કહ્યું છે.

પ્ર. ૩૬ ખુદા કોને કહેવાય?

ઉ. ૩૬ ખુદને સમજે, ખુદને જાણે અને ખુદમાં રહે તે ખુદા. ખુદા એટલે આત્મા.

પ્ર. ૩૭ ભગવાન મેળવવાનું છેલ્લામાં છેલ્લું સાધન કયું ?

ઉ. ૩૭ સ્વચ્છ દૃષ્ટિ કરો અને નિર્દોષ દૃષ્ટિ ઉત્પન્ન કરો. એ ભગવાનને મેળવવાનું છેલ્લામાં છેલ્લું સાધન છે.

પ્ર. ૩૮ શંકર ભગવાન કોને કહેવાય ?

ઉ. ૩૮ જગતનાં ઝેર પીવાની શક્તિ આપણને શીખવાડે તે શંકર ભગવાન કહેવાય. જગતના બધા ઝેર (અપમાનરૂપી) શાંતિપૂર્વક પીવાની શક્તિ ઉત્પન્ન કરાવે તેનું નામ શંકર ભગવાન કહેવાય. શિવલક્ષ્મી આપે તે શંકર ભગવાન કહેવાય. શિવલક્ષ્મી એટલે મોક્ષ. આધિ, વ્યાધિ અને ઉપાધિ રૂપ ત્રણ શૂળને દૂર કરવાની શક્તિ ઉત્પન્ન કરાવે તેને શંકર ભગવાન કહેવાય.

પ્ર. ૩૯ શેષસાયી ભગવાન કેમ કહેવાય ?

ઉ. ૩૯ અરિસામાં પ્રતિબિંબ રૂપે દેખાય તેમાં અરિસાને શું મહેનત પડે તેવા ભગવાન છે. આખું જગત પ્રતિબિંબ રૂપે દેખાય એવા શેષસાયી ભગવાન છે, કારણકે જો પર રમણ કરીશ તો સાપ કરડી ખાશે અને સ્વ રમણતા છે તો શાશ્વત આનંદ છે.

પ્ર. ૪૦ ભગવાનના દર્શન થયા ક્યારે કહેવાય ?

ઉ. ૪૦ કોઈપણ જાતનો દોષ પોતાનામાં હોય નહીં અને કોઈનામાં દોષ દેખાય નહીં ત્યારે એને ભગવાનના દર્શન થયા કહેવાય, અને ત્યારે એને જીવમાત્રમાં બધે ભગવાન જ દેખાય.

પ્ર. ૪૧ ભગવાનનું સ્વરૂપ સાકાર છે કે નિરાકાર તે વિગતવાર સમજાવો. ?

ઉ. ૪૧ મૂળવસ્તુ ભગવાન નિરાકાર છે. સાકાર ભગવાન કોને કહેવાય કે જેનામાં ક્રોધ, માન, માયા, લોભ બિલકુલ હોય નહીં, જેનો અહંકાર ખલાસ થઈ ગયેલો હોય, જેનામાં બિલકુલ બુદ્ધિનો એક છાંટોય હોય નહીં અને શરીરનું, મનનું, વચનનું માલિકીપણું ના હોય. આ બધું જ હોય ત્યારે એ સાકારી ભગવાન કહેવાય. સાકારી એટલે આત્મામાં જ હોય અને પોતે આત્મરમણતામાં જ રહેતા હોય. દેહ દેખાય પણ એ પોતે નિરાકારમાં જ રહેતા હોય, એટલે સાચું સ્વરૂપ તો નિરાકાર જ છે. પણ નિરાકાર તમને લાભ ના કરે. એટલે જેની મહીં નિરાકાર સ્વરૂપ આત્મા પ્રગટ થયો હોય, વ્યક્ત થયો હોય એ દેહ સાથે હોય ત્યારે તમને લાભ થાય. અર્થાત્ સાકારી નિરાકાર હોવા જોઈએ. બીજા શબ્દોમાં સગુણ પરમાત્મા એટલે દેહમાં પરમાત્મા પ્રગટ થઈ ગયેલા છે, દેહ તો ખાલી પ્રારબ્ધ ભોગવે છે, કર્મ બંધાતા નથી. જે પરમાત્મા મહીં પ્રગટ થઈ ગયા છે, એ સગુણ પરમાત્મા કહેવાય અને નિર્ગુણ પરમાત્મા નિરાકાર હોય.

પ્ર. ૪૨ ભગવાનનું નામ ક્યારે યાદ આવે ?

ઉ. ૪૨ આપણને એમના તરફ પ્રેમ આવે અથવા આપણને તેમની કિંમત સમજાય કે આપણને એમના તરફથી લાભ થાય ત્યારે યાદ આવે.

પ્ર. ૪૩ ભગવાનની કેપેસીટી શું છે ?

ઉ. ૪૩ ભગવાનની કેપેસીટી જ્ઞાનીને વશ થઈ જવું તે છે અને જ્ઞાની પુરુષ મારફત બધું કામ કરાવવું તે ભગવાનની કેપેસીટી કહેવાય.

પ્ર. ૪૪ ભગવાને કોને નમસ્કાર કરવાની ના પાડી છે ?

ઉ. ૪૪ ભગવાને શું કહેલું કે જ્યોતિષી, વૈદ્ય અને દોરા-ધાગા જે કરે છે તેને નમસ્કાર ના કરાય.

પ્ર. ૪૫ કરુણાસાગર કોને કહેવાય ?

ઉ. ૪૫ જ્ઞાન મળ્યા પછી તમે શુદ્ધાત્મા થઈ ગયા અને હવે આ કવિના પદો સાંભળે અને ધારણ કરે તો કરુણાસાગર થઈ જવાય.

પ્ર. ૪૬ ભગવાન ક્યારે થવાય ?

ઉ. ૪૬ મન, વચન, કાયા નિરોગી થાય ત્યારે ભગવાન પ્રગટ થાય. વિચાર, આચાર અને ઉચ્ચાર નિરોગી થાય ત્યારે જ ભગવાન થવાય. આત્માનું નિદિધ્યાસન થાય તો ભગવાન થવાય. પોતાની ભૂલ ભાંગે તો ભગવાન થવાય. પોતાપણું જાય તો ભગવાન થવાય. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન જાય તો ભગવાન થવાય.

પ્ર. ૪૭ ભગવાન થવાની નિશાની શું ?

ઉ. ૪૭ પોતે પોતાના દોષ દેખાવાની પ્રક્રિયા જ્યારથી શરૂ થઈ તે જ ભગવાન થવાની નિશાની છે.

પ્ર. ૪૮ કોણ ભગવાન થઈ ગયો ?

ઉ. ૪૮ કોઈને આક્ષેપ ના આપે તો તે ભગવાન થઈ ગયો. જેની સર્વસ્વ પ્રકારની નબળાઈ ગઈ તે ભગવાન થઈ ગયો. હું-તું નો અભેદ થઈ ગયો, એ ભગવાન થઈ ગયો. અબુધ થયો તે ભગવાન થઈ ગયો.

પ્ર. ૪૯ પરમાત્મા કોણ થઈ શકે ?

ઉ. ૪૯ આ દુનિયામાં જેનામાંથી ગરજ જતી રહે તો તે પરમાત્મા થઈ જાય, પરંતુ જો તેનો કેફ ન ચઢે તો. જો કોઈની ગરજ નથી તેનો કેફ ચઢે તેના કરતાં ગરજ સારી.

પ્ર. ૫૦ સર્વજ્ઞ કોણ ?

ઉ. ૫૦ વિશ્વના બધા તત્ત્વોને જે જાણે તે સર્વજ્ઞ. છ અવિનાશી દ્રવ્ય જેવા કે આત્મા, જડ, આકાશ, કાળ, ગતિસહાયક તત્ત્વ અને સ્થિતિ સહાયક તત્ત્વ તથા નવ તત્ત્વો જેવા કે આત્મા, જડ, પાપ, પુણ્ય, સંવર, નિર્જરા, બંધ, આશ્રવ અને મોક્ષ આ બધાને જાણે તે સર્વજ્ઞ. સર્વજ્ઞ એ મોક્ષ માર્ગના નેતા છે.

પ્ર. ૫૧ ભગવાનને હસવું કેમ આવે છે ?

ઉ. ૫૧ ભગવાન કહે છે મને હસવું આવે છે કારણકે કોઇ ગરીબ રડતો નથી પણ શ્રીમંતો જ રડે છે.

પ્ર. ૫૨ ઐશ્વર્ય કેવી રીતે પ્રગટે ?

ઉ. ૫૨ જેટલો ઇગોઇઝમ ઓગળે તેટલું ઐશ્વર્ય પ્રગટે.

પ્ર. ૫૩ ભગવાનનો નિયમ શું છે ?

ઉ. ૫૩ આ જગતમાં જે બધા આત્મા છે તે તમારું જ સ્વરૂપ છે માટે કોઇને સહેજ પણ દુઃખ ના થાય તે પ્રમાણે વર્તશો અને તે પ્રમાણે કામ કરશો તો ભગવાનનો નિયમ નહીં તૂટે. ભગવાનનો આટલો જ કાયદો સમજવા માટે બધાં શાસ્ત્રો છે. કારખાના બાંધનાર તે ભોગવે નહીં અને ભોગવનાર બાંધે નહીં તેવો ભગવાનનો નિયમ છે. મહેનત કરીને બાંધનાર સારા છે પણ તેને ભોગવનાર તે યોગભ્રષ્ટ પુરુષ હોય. ભોગવનાર તો સહેજાસહેજ ભોગવે. ભગવાનનો કાયદો છે કે સામો વાંકું બોલે તોય આપણે સ્યાદવાદ બોલવું જોઇએ. સામેના વાંકા બોલવાનો જવાબ આપવાનું જ વ્યવસ્થિતમાં આવે તો આપણે સ્યાદવાદથી જવાબ આપવો જોઇએ. જીવમાત્ર કર્માધિન છે, કોઇ દોષિત છે નહીં. બીજાનો દોષ જોવાથી તે દોષ આપણામાં ઊભો થાય છે.

પ્ર. ૫૪ ભગવાને સત્ય કોને કહ્યું છે ?

ઉ. ૫૪ આત્માના હેતુ માટે કપટ કરવામાં આવે કે અસત્ય બોલવામાં આવે તેને ભગવાને સત્ય કહ્યું છે.

પ્ર. ૫૫ ભગવાનની માયા કઇ ?

ઉ. ૫૫ જે ચેતન નથી તેને ચેતન મનાવડાવે તે જ ભગવાનની માયા. માયા એટલે હકીકત સ્વરૂપને ભૂલાવે તે.

પ્ર. ૫૬ ભગવાન કઇ ચાર રીતે છે ?

ઉ. ૫૬ ભગવાન એક રીતે નથી ભગવાન ચાર રીતે છે.

૧. નામ રીતે ૨. સ્થાપના રીતે ૩. દ્રવ્ય રીતે ૪. ભાવ રીતે. નામ, સ્થાપના અને દ્રવ્ય એ ત્રણેય સંસારી ભાવ છે. ચોથો ભાવ નિક્ષેપમાં આવ્યો તો મોક્ષ થશે. ત્રણ નિક્ષેપ છે તે સંસારી કારણો છે. ભગવાનનું નામ લો તે નામ નિક્ષેપ છે અને ભગવાનની સ્થાપના કરો એટલે કે મુર્તિ મૂકો તે

સ્થાપના નિક્ષેપ છે અને મહારાજના દર્શન કરો તે દ્રવ્ય નિક્ષેપ છે, એટલે એ ત્રણેય નિક્ષેપ થયા અને ચોથું ભાવથી દર્શન થયા તે ભાવ નિક્ષેપ છે. સૌથી વધુ મહત્વ ભાવ નિક્ષેપનું છે કારણકે ભગવાન ભાવ જ જુવે છે.

પ્ર. ૫૭ ભગવાને દર્શન કોને કહ્યું છે ?

ઉ. ૫૭ ખરેખર આત્માની પ્રતીતિ બેઠા પછી તે ક્યારેય તૂટે નહી તેને ભગવાને દર્શન કહ્યું છે.

પ્ર. ૫૮ ભગવાન શેનાથી બંધાયેલા છે ?

ઉ. ૫૮ ક્રોધ, માન, માયા, લોભથી જ કુદરતે ભગવાનને બાંધ્યા છે.

પ્ર. ૫૯ લોકો ભગવાનને કેમ નથી પામતા ?

ઉ. ૫૯ મૂર્તિમાં ભગવાન નથી છતાંય લોકો તેને નમે છે અને ગધેડામાં ભગવાન છે, કૂતરામાં ભગવાન છે પણ મુઆ લોક તે ગધેડાને કે કૂતરાને નમે ? ના નમે અને ઊલટાના ડફણાં મારે ત્યાં લોક ક્યાંથી ભગવાનને પામે.

પ્ર. ૬૦. અજ્ઞાનીનો ભગવાન અને જ્ઞાનીનો ભગવાન કોણ ?

ઉ. ૬૦ અજ્ઞાનીનો ભગવાન બુદ્ધિ અને જ્ઞાનીનો ભગવાન પ્રજ્ઞા.

પ્ર. ૬૧ ભગવાનની કૃપા અને જ્ઞાનીની કૃપામાં શો ફેર ?

ઉ. ૬૧ ભગવાનની કૃપા સંસારના ભૌતિક સુખો આપે, બંગલો આપે, મોટર આપે, જ્યારે જ્ઞાનીની કૃપા મોક્ષે લઇ જાય.

પ્ર. ૬૨ ભગવત સ્વરૂપ કોણ ?

ઉ. ૬૨ જેનામાંથી અહંકાર અને મમતા બે જતાં રહ્યાં હોય તે ભગવત સ્વરૂપ કહેવાય. શુદ્ધાત્મા એ ભગવત સ્વરૂપ છે.

પ્ર. ૬૩ ભક્તિ એટલે શું ? ભક્તિ કોને કહેવાય ?

ઉ. ૬૩ ભક્તિ એટલે ટુ એપ્રોચ નીયર એન્ડ નીયર ટુ ગોડ. સર્મપણ ભાવ એજ ભક્તિ છે. જ્ઞાનપૂર્વકનું સર્મપણ એ બહુ ઊંચી ભક્તિ છે. ભક્તિ એટલે તે રૂપ થવું, જેની જેની ભક્તિ કરે તે રૂપ થઇ જાય. પાડાની ભક્તિ કરે તો પાડા જેવો થઇ જાય. ભગવાન જેવા છે તેવા આપણે થઇએ એનું નામ ભક્તિ. સંસારમાં નીતિમાન રીતે કાર્ય કરો અને પ્રમાણિકતાપૂર્વક, નિષ્ઠાપૂર્વક કામ કરો તો એ પ્રભુની ભક્તિ જ છે. કોઇ પણ કાર્ય જે સામેવાળી કોઇપણ વ્યક્તિને દુઃખદાયી ન થઇ પડે એવા હોય તો તે

ભગવાનની ભક્તિ જ કહેવાય છે. જ્ઞાન જાણ્યા પછી જ્ઞાનક્રિયા એનું નામ ભક્તિ. ભક્તિ એટલે ભક્ત અને ભગવાનનો મેળ. ભગવાન અને હું જુદા છીએ એમ માનવું એનું નામ ભક્તિ. ભક્ત અને ભગવાન જુદા હોય. લોકોને સુખ આપવાનું કામ જ ભક્તિ. જીવમાત્રને સુખ આપવું એનું નામ જ ભક્તિ. પ્રમાણિકતા જેવી ઊંચી ભગવાનની ભક્તિ કોઇ નથી. જ્ઞાન વગરની ભક્તિ હોય જ નહીં. ભક્તિ એટલે ક્રિયા. જે જાણ્યું તે રીતે વર્તવું તેનું નામ ભક્તિ. આપણે સ્ટેશને જવું હોય તો તેના રસ્તાનું જ્ઞાન જાણવું પડે પછી આપણે ચાલવાની ક્રિયા કરી તે ભક્તિ. આત્માનું જ્ઞાન જાણ્યા પછીની ક્રિયાને ભક્તિ કહેવાય. ભગવાનની આજ્ઞા પાળવી એ જ ભક્તિ છે. જેની ભક્તિ કરો તેને યથાર્થ સ્વરૂપમાં ઓળખીને કરો તો એનું નામ ભક્તિ કહેવાય. અવિરત ભજના તે ખરી ભક્તિ કહેવાય. સમકિત થયા પછી, આત્મા પ્રાપ્ત થયા પછી જે ભક્તિ થાય તે સાચી (ખરી) ભક્તિ કહેવાય.

પ્ર. ૬૪ ક્યાં સુધી ખરી ભક્તિ થઇ શકે નહીં ?

ઉ. ૬૪ જ્યાં લગી આત્માનો અનુભવ થયો નથી ત્યાં લગી ખરી ભક્તિ થઇ શકે નહીં.

પ્ર. ૬૫ ઊંચામાં ઊંચા અને છેલ્લામાં છેલ્લી ભક્તિ કઇ ?

ઉ. ૬૫ પોતે આત્મ સ્વભાવમાં સ્થિર થઇને તેની જાગૃતિરૂપના જ્ઞાનમાં રહેવું અને પોતે પોતાની ભક્તિ કરે તે ઊંચામાં ઊંચી અને છેલ્લામાં છેલ્લી ભક્તિ છે. જ્ઞાનીઓનો પ્રતિષ્ઠિત આત્મા ભક્તિમાં છે અને જ્ઞાન જ્ઞાનમાં છે. પોતે શુદ્ધાત્મામાં રહે અને પ્રતિષ્ઠિત આત્મા પાસે એના પોતાના શુદ્ધાત્માની અને આ ''દાદા''ની ભક્તિ કરાવે એ ઊંચામાં ઊંચી અને છેલ્લામાં છેલ્લી ભક્તિ છે.

પ્ર. ૬૬ ભક્તિ કરવા માટે ઉત્કૃષ્ટ અને અપૂર્વકાળ કયો કહેવાય ?

ઉ. ૬૬ ભક્તિ કરવા માટે વહેલી સવારના સાડા ચાર થી સાડા છ સુધીનો બે કલાકનો સમય એ ઉત્કૃષ્ટ અને અપૂર્વકાળ કહેવાય છે.

પ્ર. ૬૭ શાસ્ત્રની પરિભાષામાં ભક્તિનો અર્થ શો ?

ઉ. ૬૭ જે તત્ત્વ દ્વારા વ્યવહારિક આકર્ષણો વગેરેનું આમર્દન (ભંજન) થાય છે, તેને ભક્તિ કહે છે. પાંચ ઇન્દ્રિયોથી ઇશ્વર પ્રાપ્તિ માટે જે કંઇપણ થાય તે ભક્તિ છે. ઇશ્વરમાં પરમ અનુરાગ એ જ ભક્તિ, ઇશ્વરના પ્રતિ જે પરમ

પ્રેમ એ જ ભક્તિ, સમસ્ત ઉપાધિઓથી મુકત થઈને તત્પરતાપૂર્વક એકાગ્રતાથી ઇન્દ્રિયો વડે ભગવાનની વિશુદ્ધ સેવા, પૂજા એ જ ભક્તિ, આત્મા, પરમાત્માનું અનુસંધાન એ જ ભક્તિ, પોતાના સ્વરૂપનું અનુસંધાન જ ભક્તિ છે, દ્રવિત થયેલા ચિત્તની ભગવાનમાં તન્મયતારૂપ સવિકલ્પવૃતિ તે ભક્તિ છે. ભગવાનની કથા, પૂજા આદિમાં અનુરાગ હોવો એ ભક્તિ છે. આત્મરતિના અવિરોધી વિષયમાં અનુરાગ હોવો એ જ ભક્તિ છે.

પ્ર. ૬૮ શેની ભક્તિ કરવાથી કેવળજ્ઞાન થાય ?

ઉ. ૬૮ જ્ઞાનની (આત્માની) ભક્તિ કરવાથી કેવળજ્ઞાન થાય. આત્મા જાણીને આત્માની ભક્તિ કરવામાં આવે ત્યારે કેવળજ્ઞાન થાય.

પ્ર. ૬૯ નવધા ભક્તિ એટલે શું ?

ઉ. ૬૯ નવધા ભક્તિ એટલે નવ પ્રકારની ભક્તિ. હવે નવધા ભક્તિ તો ભગવાન મળે તો જ થાય. અર્થાત્ ભગવાન હાજર હોય તો નવધા ભક્તિ થાય. કૃષ્ણ જેવો વાસુદેવ પુરુષ હાજર હોય તો એની નવધા ભક્તિ હોય.

૧. **શ્રવણ** : ભગવાનના ગુણો તથા નામાદિનું તથા તેમના દિવ્ય જીવનચરિત્રનું શ્રવણ કરવું તે.

૨. **કિર્તન** : ભગવાનના ગુણો, તેમની લીલા અને નામાદિનું કિર્તન

૩. **સ્મરણ** : ભગવાનના ગુણ, લીલા અને નામાદિનું સ્મરણ.

} પ્રભુના નામ સાથે આ ત્રણેય પ્રકારની ભક્તિનો સબંધ છે.

૪. **પાદ સેવન** : પ્રભુના ચરણોની સેવા.

૫. **અર્ચન** : પ્રભુના અંગે ચંદન વગેરેથી પૂજા.

૬. **વંદન** : ભગવાનને ભાવ સહિત નમસ્કાર કરવા તે.

} આ ત્રણ ભક્તિ ભગવાનના રૂપ સાથે સબંધ રાખે છે.

૭. **દાસ્ય** : હું પ્રભુનો દાસ છું સેવક છું ગોપીભાવ.

૮. **સખ્ય** : હું પ્રભુનો મિત્ર છું. પ્રભુ સાથે ખુલ્લા દિલે વાત કરવી.

} આ ત્રણ ભક્તિનો ભક્તના હૃદયગત્ ભાવની સાથે સબંધ છે.

૯. **આત્મનિવેદન** : સંપૂર્ણ સમજણપૂર્વકનું તથા ભાવ સહિત સમર્પણ.

કાયિક : શ્રવણ, પાદસેવન, અર્ચન, વંદન.

વાચિક : કિર્તન

માનસિક : સ્મરણ, સખ્ય, દાસ્ય, આત્મનિવેદન

પ્ર. ૭૦ તમામ પ્રકારની નવધા ભક્તિને ઓગાળી દે તેવી ભક્તિ કઇ ?

ઉ. ૭૦ આત્મ નિવેદન એ ઊંચામાં ઊંચી ભક્તિ છે. મન, વચન, કાયા તથા તેના નામની સર્વ માયા ભગવાનના ચરણોમાં સમર્પિત કરવામાં આવે, સંપૂર્ણ સમર્પણ ભાવ અને સમપર્ણ ભક્તિ એ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે.

પ્ર. ૭૧ પરાભક્તિ એટલે શું ?

ઉ. ૭૧ જે ભક્તિમાં સહેજેય બુદ્ધિનો પ્રવેશ હોય નહીં તે પરાભક્તિ કહેવાય. એ મોક્ષની ભક્તિ કહેવાય. બુદ્ધિ બહાર નીકળી ગઇ હોય તે પરાભક્તિ. પરાભક્તિ તો કોને કહેવાય કે જે આત્મા માટે કરવામાં આવે, શુદ્ધાત્મા માટે, આત્મ હેતુ માટે કરવામાં આવે તે. આત્મહેતુ માટે ભક્તિ કરે તે પરાભક્તિ. પરાભક્તિ એ મોક્ષનું કારણ છે.

પ્ર. ૭૨ પ્રેમલક્ષણા ભક્તિ કોને કહેવાય ?

ઉ. ૭૨ ભગવાન સાથેનો પ્રેમ એ જ ખરી પ્રેમલક્ષણા ભક્તિ છે. આખો દહાડો ભગવાન ભુલાય નહીં, રૂપિયા ગણતી વખતેય ભગવાન યાદ રહ્યા કરે તે ભગવત્ પ્રેમ કહેવાય. હજુ તો લક્ષ્મી માટે પ્રેમ વધારે છે. છોકરી પરણાવતી વખતે ભગવાન ભૂલી જવાય છે એ મોહ છે, મૂર્છા છે. પ્રેમલક્ષણા ભક્તિ એ તો બહુ ઊંચી ભક્તિ છે. એમાં ભગવાન જાતે હાજર થાય.

પ્ર. ૭૩ ભગવાનની ડાયરેક્ટ ભક્તિ કોને કહેવાય ?

ઉ. ૭૩ આ કવિના પદો ગાશે તો ડાયરેક્ટ ભગવાનની ભક્તિ થશે કારણકે કવિના પદો શુક્લ ધ્યાનની શ્રેણીથી લખાયેલા છે. કવિના પદો ગાવાથી નોર્માલિટીમાં અવાશે.

પ્ર. ૭૪ આરાધના કોને કહેવાય ?

ઉ. ૭૪ જે વિરાધના ના કરે તેને જ આરાધના કહેવાય. અજ્ઞાનની વિરાધના કરે તે આરાધના કહેવાય. આરાધવું એટલે દૃષ્ટિ દેવી અને ભજવું એટલે તેમાં તન્મયાકાર રહેવું. સંસારમાં તો જ્યાં માત્ર દૃષ્ટિ જ દેવાની છે ત્યાં લોક નિરંતર તન્મયાકાર રહે છે. આરાધના અને ભજના તો પોતાના આત્માની

જ કરવાની છે અને ખરેખર તો સંસાર આરાધવાનોય નથી અને ભજવાનોય નથી, સંસાર તો ભોગવવાનો છે. આરાધન કરવું એટલે પ્રસન્ન કરવું, સાંધી લેવું, પૂજા કરવી, સન્માન સાચવવું, ટૂંકમાં સ્વ અર્થ શુદ્ધ અર્થમાં સાધી લીધો તેને આરાધના કહેવાય.

પ્ર. ૭૫ વિરાધના કોને કહેવાય ? તેનું ફળ શું ?

ઉ. ૭૫ જ્ઞાની પુરુષ ઉપર અભાવ ઉત્પન્ન થવો તે જ વિરાધના કહેવાય. જ્ઞાની પુરષ તે જ પોતાનો આત્મા છે માટે જ્ઞાનીની વિરાધના એટલે પોતાના જ આત્માની વિરાધના થઇ કહેવાય. જ્ઞાનીની એક જ વિરાધના અસંખ્યકાળની નરકગતિ બંધાવે. ઇચ્છા વગર કોઇના મનને દુભવવું એ વિરાધના છે. કોઇ ગાતું હોય તેની મશ્કરી કરો તેના પર ચીઢીયા ખાવ કે બીજું કરો તો તે વિરાધના કરી કહેવાય અને તેના લીધે તમને ગાતાં આવડે નહીં. વિરાધના તો તેને કહેવાય કે પદ્ધતિસર જ્ઞાનીની સામો થાય તે. અવિનય એ વિરાધના ગણાતી નથી. પોતાને જે સત્ય સમજાય તેને ઢાંકીને અવળું અવળું બોલવું તેને જ વિરાધના કહી છે. જ્ઞાનની વિરાધના કરે તે વિરાધના કહેવાય. કોઇનું મન દુભાવવું એ વિરાધના કહેવાય. આરાધના એ ઉત્તર હોય તો વિરાધના એ દક્ષિણ થાય છે. વિરાધના એ ઇચ્છા વગર થાય છે.

પ્ર. ૭૬ અપરાધ એટલે શું ?

ઉ. ૭૬ ઇચ્છાપૂર્વક જાણી જોઇને કોઇના મનને દુભાવવું એ અપરાધ છે. કોઇ તંતે ચઢ્યો હોય તો એ અપરાધ કરી બેસે. જાણે કે અહીં વિરાધના કરવા જેવું નથી છતાં વિરાધના કરે એટલે કે જાણે છે છતાં પણ કરે એ અપરાધ ગણાય. બહુ તીવ્ર અહંકાર હોય તે અપરાધ કરી બેસે.

પ્ર. ૭૭ વિરાધના કરવી એટલે શું ?

ઉ. ૭૭ આપણે કહીએ કે તમને એક કલાકમાં મોક્ષ આપીશું અને આ શબ્દ ઉપર તમને પ્રેમ આવે તો વિરાધના ના થાય પણ આ શબ્દ કે વાક્ય ઉપર તમને આડા અવળા વિચાર આવે તો વિરાધના થાય. આટલા બધા અવતારમાં જે વસ્તુની પ્રાપ્તિ માટે સાંભળવામાં પણ નથી આવ્યું, એ મોક્ષ માટે આડા-અવળા વિચાર આવે તો તે વિરાધના કહેવાય. જ્ઞાનીના શબ્દો કે વાક્યો ઉપર આડા અવળા વિચાર આવે તેને વિરાધના કહેવાય.

પ્ર. ૭૮ આરાધક વૃત્તિ કોને કહેવાય ?

ઉ. ૭૮ જેનું મંડન કર્યું હોય તેનું ખંડન ના કરે તેનું નામ આરાધક વૃત્તિ. જેનું મંડન કર્યું તેનું ખંડન ના કરવું તે સિન્સિયારિટી.

પ્ર. ૭૯ નિષ્કામ ભક્તિ એટલે શું ?

ઉ. ૭૯ આખુંય જીવન પારકા માટે જીવે તે નિષ્કામ ભક્તિ. નિષ્કામને મારું-તારું ના હોય. દેહની પણ પરવા ના હોય, પંથ, વાડો, સંપ્રદાય ના હોય તે નિષ્કામી.

પ્ર. ૮૦ અનન્ય ભક્તિ કોને કહેવાય ?

ઉ. ૮૦ અનન્ય ભક્તિ એટલે કોઇ ચીજ એને યાદ ના આવે ઘરબાર, બૈરાં-છોકરાં કશું જ યાદ ના આવે માત્ર ભગવાનમય જ હોય.

પ્ર. ૮૧ જ્ઞાની પુરુષની ભક્તિ એટલે શું ?

ઉ. ૮૧ જ્ઞાની પુરુષની ભક્તિ એટલે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારેયના ગુણાકાર હોય ત્યારે થાય. જ્ઞાની પુરુષ તરફ પરમ વિનય અને એમનો રાજીપો મેળવવો એનું નામ ભક્તિ. જ્ઞાનીની આજ્ઞામાં નિરંતર રહેવું એ જ્ઞાની પુરુષની ભક્તિ છે.

પ્ર. ૮૨ ચાર પ્રકારની ભક્તિ કઇ કઇ છે ?

ઉ. ૮૨ ૧. સ્થૂળ ભક્તિ : નામ જપ કરવા.

૨. સ્થાપના ભક્તિ (સૂક્ષ્મ ભક્તિ) : સ્થાપના કરવી કે ભગવાનનો ફોટો કે મૂર્તિ મુકવી.

૩. સૂક્ષ્મતર ભક્તિ : ભગવાન જાતે હાજર હોય અને તેમની ભક્તિ કરીએ.

૪. સૂક્ષ્મત્તમ ભક્તિ : જ્ઞાનીની આજ્ઞા પાળવી એ ભાવ ભક્તિ.

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ આ ચાર પ્રકારની ભક્તિમાંથી પ્રથમ ત્રણ ભક્તિ વ્યવહાર છે અને ચોથા પ્રકારની ભક્તિએ નિશ્ચય ગણાય છે.

પ્ર. ૮૩ ત્રણ પ્રકારની ભક્તિ અને તેનું ફળ શું ?

ઉ. ૮૩ ૧. પ્રભુભક્તિ : તેનું ફળ માનવદેહ મળે.

૨. ગુરુ ભક્તિ : તેનું ફળ જ્ઞાન મળે.

૩. આત્મ ભક્તિ : તેનું ફળ મોક્ષ મળે.

પ્ર. ૮૪ ભક્તિથી અહંકાર કંટ્રોલમાં આવી શકે ?

ઉ. ૮૪ ભક્તિ તો અહંકારને ઘટાડે છે. ભક્તિથી અહંકાર ઓછો થાય પણ ભક્તિ ના કરે એટલે પાછો વધી જાય. ઓછો થાય અને વધી જાય પણ જયારે ખરેખર હું કોણ છું એવું ભાન થાય અર્થાત્ આત્મા જાણપણામાં આવે ત્યારે અહંકાર ખલાસ થઇ જાય.

પ્ર. ૮૫ નિરાકાર તરીકે ભગવાનને કોણ ભજી શકે ?

ઉ. ૮૫ જેને હું કોણ છું એનું ભાન થયેલું છે તેઓ જ નિરાકાર તરીકે ભગવાનને ભજી શકે. બાકી બધાંએ સાકાર રીતે જ ભગવાનને ભજવાના છે.

પ્ર. ૮૬ ''દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'' ની કિર્તન ભક્તિ ક્યારે પ્રગટ થઇ ?

ઉ. ૮૬ ઇ. સ. ૧૯૭૦ની સાલમાં દાદા સાથે કેસરિયાજી યાત્રામાં બધા ગયેલા ત્યારે દાદાએ ઋષભદેવ ભગવાનના ગભારામાં કહ્યું કે ''ગભારામાં જે ઋષભદેવ ભગવાન બિરાજેલા છે તે જ દાદા ભગવાન અમારી અંદર સંપૂર્ણપણે પ્રગટ થયા છે'' અને તત્ક્ષણ કવિરાજના શ્રીમુખેથી શુક્લ ધ્યાનની શ્રેણીએ ''દાદા ભગવાનના અસીમ જય જયકાર હો.'' શબ્દાવલિ સહજ રીતે સ્ફૂરી અને જગત કલ્યાણ અર્થે કિર્તન ભક્તિ સ્વરૂપે સહજ રીતે વહેતી થઇ ત્યાર પછી પચાસ મિનિટ સુધી બધા મહાત્માઓએ મંદિરની પ્રદક્ષિણા કરતા કરતા આનંદવિભોર બની આ કિર્તન ભક્તિ ગાયી.

પ્ર. ૮૭ ''દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'' ની કિર્તન ભક્તિ શું છે ? તેની પાછળનું અદ્ભૂત સામર્થ્ય શું ?

ઉ. ૮૭ ''દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'' એ મંત્ર નથી પણ આ તો ભગવાનની સીધી જ ડાયરેક્ટ પ્રસાદી છે. એ પ્રત્યક્ષ પરમાત્માની કિર્તન ભક્તિ છે. જ્ઞાની પુરુષની અંદર જે પ્રગટ થયેલા છે, તે પ્રત્યક્ષ પરમાત્માની કિર્તન ભક્તિ છે. ''દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'' તો કેશ બેંક ઓફ ડીવાઇન સોલ્યુશન છે અને તેની ધૂન મચાવવી એ દેહધારીની વાત નથી પણ એ તો અમૂર્તની વાત છે. જયાં શબ્દ પહોંચતો નથી ત્યાં આ ''દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'' એ પહોંચે છે. આ કિર્તન ભક્તિ જો એક કલાક બોલે તો આ સંસારના હરેક કામ થાય તેમ

છે. આ બોલવાથી આત્માનંદ થાય. ''દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'' એ તો ડીરેક્ટ અમૃત છે. દાદા ભગવાન જે જ્ઞાની પુરુષ શ્રી અંબાલાલભાઇના દેહ મંદિરમાં પ્રગટ થયા છે તે તીર્થંકર છે અને તે પૂર્ણ સ્વરૂપે છે અર્થાત્ ૩૬૦° ડિગ્રી ઉપર છે. ''દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'' પંદર મિનિટ સુધી ઉપયોગ પૂર્વક અને ચિત્તની હાજરીમાં બોલવાથી સો અવતારની જાત્રાનું ફળ મળે તેમ છે. ''દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'' એ સ્તુતિ છે પરંતુ તે સ્તુતિ પ્રત્યક્ષ પ્રગટ હાજર ભગવાનની છે, તે શું ફળ આપે તે તમારી કલ્પનામાં આવે તેવું નથી. આ પ્રત્યક્ષ પરમાત્માની કિર્તન ભક્તિ છે. અનંત અવતારથી હૃદયમાં જે ઘા પડ્યા છે, દિલમાં જે ઘા પડયા છે, એ ઘા રૂઝવવાની આ અણમોલ ઔષધિ છે. આ તો એક કલાક બોલાય તો ભયંકર પાપો ભસ્મિભૂત કરીને મોક્ષ ભણી લઇ જાય તેમ છે. ''દાદા ભગવાનના અસીમ જય જય કાર હો'' શુદ્ધ ઉપયોગપૂર્વક બોલવાથી શરીરની અંદર અમૃતબિંદુ ટપકે છે, આ તો સીધું અમૃત જ છે, એક પ્રકારનો અમૃતરસ છે, તે શું ફળ આપે એ મનુષ્યની કલ્પનામાં આવે તેમ નથી. ''દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'' એ સૂક્ષ્મતમની નજીકનું છે, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમની વચ્ચેનું છે. આ જગતના બધા શાસ્ત્રોનો સરવાળો કરે તો આટલી દવા નીકળે અર્થાત્ ''દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'' એ તમામ શાસ્ત્રોનો નિચોડ છે. આ કિર્તન ભક્તિ તો શબ્દે શબ્દે અમૃત પીવાનું છે, આ તો અમૃતની શીશી જેમ પીતાં હોય એના જેવું છે. આ જપ યજ્ઞ નથી. બીજી કોઇ વસ્તુથી આનંદની શરૂઆત ના થાય ફક્ત શાંતિ થાય મનની શાંતિ થાય. જ્યારે આ ''દાદા ભગવાનનના અસીમ જય જયકાર હો''થી આત્માના આનંદની શરૂઆત થાય. આ આત્મરમણતા છે એટલે નિરાકુળતા ઉત્પન્ન થાય. ''દાદા ભગવાનનના અસીમ જય જયકાર હો'' મોટેથી જોશથી બોલવાથી બધાં કષાયો ભાગી જાય છે. આ મોટેથી બોલે તો જ ફાયદો છે. કિર્તન ભક્તિ ક્યારે થઇ ગણાય કે તમે બોલોને તમે સાંભળો ત્યારે. આ બોલવાથી આપણામાં ભગવાન પ્રગટ થાય અને જેની કિર્તન ભક્તિ કરો એ રૂપ તમે થતા જાવ. આ કિર્તન ભક્તિ એકલી જ કર્યા કરે નો તોય બીજું કશું કરવાની જરૂર નથી. દાદાની કિર્તન ભક્તિ કરે

અને દાદાનું ગા ગા કર્યા કરે ને કે અમારા દાદા આવા છે તો દાદા જેવો જ થઇ જાય. આ કિર્તન ભક્તિથી મન, વચન, કાયા એકાકાર થઇને મહીં અંદર લોઢું, સોનું થતું જાય છે. પોતાના સ્વરૂપની ભક્તિ છે અને તેથી તુરત જ ફળ આપનારી છે. કળીકાળના તમામ દુઃખ દર્દોને નિવારવા માટેની આ અમોઘ જડીબુટ્ટી છે. ''દાદા ભગવાનનના અસીમ જય જયકાર હો'' આ કોઇ ધાર્મિક, સાંપ્રદાયિક, મજહબી, પંથ કે વાડાની કોઇ ધૂન નથી કે મંત્ર નથી તેમજ વ્યક્તિ પૂજાની અભિવ્યક્તિ કરતી કોઇ ભજન કે પદની પંક્તિ યા તો કડી નથી પરંતુ આ તો છે વીતરાગ ભગવાનની પ્રત્યક્ષ કિર્તન ભક્તિ. આ તમારા દેહ મંદિરમાં બિરાજમાન વીતરાગ ભગવાનની જ ભક્તિ છે એટલે કે તમારા પોતાના સ્વરૂપની જ ભક્તિ છે. શાસ્ત્રોમાં વર્ણન છે કે આ દુનિયામાં સૌથી ઊંચામાં ઊંચા પ્રકારની જો કોઇ ભક્તિ તો તે છે તમારા પોતાના સ્વરૂપની ભક્તિ. પોતાના સ્વરૂપની ભક્તિ હોઇ તે તુરત જ ફળ આપનારી છે. આ અનુભવ કરવાની વસ્તુ છે. ઓછામાં ઓછી આઠ મિનિટ અને વધુમાં વધુ પચાસ મિનિટ સુધી મુફ્ત પણે મોટા અવાજે ચિત્તની હાજરીમાં ''દાદા ભગવાનના અસીમ જય જય કાર હો'' બોલીને તમે જાતે જ અનુભવ કરો કે કેવો આનંદ અને ઉલ્લાસ પ્રવર્તે છે. કળીકાળના તમામ પ્રકારના ત્રિવિધ તાપથી તથા તમામ પ્રકારના દુઃખ દર્દને નિવારવા માટેની આ રામ બાણ ઔષધિ આપને પૂર્વના પુણ્ય પ્રતાપે હાથ લાગી ગઇ છે. જો જો માયાનાં મોહાંધ પ્રવાહમાં હીરાને કાચનો ટૂકડો સમજી ફેકી દેવામાં આવે તેમ વીતરાગ ભગવાનની પ્રત્યક્ષ કિર્તનની અવહેલના કે અવગણના ન થાય તેની કાળજી રાખજો. આમ છતા પણ ''દાદા ભગવાનના અસીમ જય જય કાર હો''ની કિર્તન ભક્તિનું જેમ છે તેમ મહાત્મય વર્ણવવા આ પૃથ્વી પર કોઇ સમર્થ નથી, તેવું કહેવામાં જરા પણ અતિશયોક્તિ નહીં ગણાય. બીજા શબ્દોમાં કહીએ તો આ પ્રત્યક્ષ સ્વરૂપની કિર્તન ભક્તિનું સામર્થ્ય વર્ણવવાને શબ્દો પહોંચી શકે તેમ નથી અને તેનું કારણ સ્પષ્ટ જ છે કે શબ્દો સ્થૂલ છે જ્યારે પોતાનું સ્વરૂપ સૂક્ષ્મતમમાં સૂક્ષ્મતમ છે. સ્થૂલ શબ્દો સૂક્ષ્મને કેવી રીતે વર્ણવી શકે કારણ આત્મા અવર્ણનીય છે. આ કિર્તન ભક્તિથી અદ્‌ભૂત વાયટાલિટિ પાવર શરીરમાં ઉત્પન્ન થાય છે.

પ્ર. ૮૮ "દાદા ભગવાનના અસીમ જય જયકાર હો"ની કિર્તન ભક્તિ કરતા તાળી વગાડવાનું શું મહત્ત્વ હશે ?

ઉ. ૮૮ તાળીનો થડકાર આપણા હૃદયના અવાજે થતો હોવાથી આપણા જ્ઞાન તંતુંઓને મજબૂત કરીને ચેતનના ભાવ પ્રત્યે અભિમુખ તથા જાગૃત કરવાનું કામ કરે છે. આ કિર્તન આપણામાં તત્ક્ષણ પ્રસન્નતા જન્માવે છે. પ્રસન્નતા એ આત્મશક્તિનું પ્રથમ પ્રગટ લક્ષણ છે. આ પ્રગટ પરમાત્માનો વિજય ઘોષ છે. પ્રસન્નતા અને શાંતિના અનુભવ દ્વારા દાદા પ્રગટ થાય છે.

પ્ર. ૮૯ માતાજીની ભક્તિ કરવાથી શો લાભ ?

ઉ. ૮૯ માતાજી એ આદ્યશક્તિ છે, તે પ્રાકૃત શક્તિ આપે છે. માતાજીની ભક્તિ કરવાથી પ્રાકૃત શક્તિ ઉત્પન્ન થાય, પ્રકૃતિ બહુ સારી રહે અને પ્રકૃતિ સહજ થાય. પ્રકૃતિ સહજ થાય તો આત્મા સહજ થાય. ચાર હાજરા હજુર માતાજી છે. ૧. અંબામા, ૨. બહુચરામા, ૩. કાળીકામા, ૪. ભદ્રકાળીમા. અંબામા તો સંસારના વિઘ્નો દૂર કરી આપે. માતાજી પાપ ધોઇ ના આપે પણ પ્રાકૃત શક્તિ આપે.

પ્ર. ૯૦ "હરિનો માર્ગ શૂરાનો નહીં કાયરનું કામ" એનો અર્થ શો ?

ઉ. ૯૦ જેટલું દિલ ચોખ્ખું એટલું શૂરાતન. જેટલા કપટ ઓછા એટલું દિલ ચોખ્ખું. દિલ ચોખ્ખાવાળાનું કામ છે. લોકો તો શારીરિક તાકાત અને કુશળ રણનીતિને જ શૂરાતન સમજે છે. પરંતુ વાસ્તવમાં શૂરાતન એ ખ્યોરીટી અર્થાત્ પવિત્રતાના સંદર્ભમાં છે.

પ્ર. ૯૧ પદ ગાવાથી શું થાય ?

ઉ. ૯૧ કવિરાજ નવનીત સંઘવીના શુક્લ ધ્યાનની શ્રેણીથી લખાયેલા પદો ગાવાથી ઉલ્લાસ આવે છે. કર્મ ક્ષય કરવા માટે ઉલ્લાસ એ અમોઘ સાધન છે.

પ્ર. ૯૨ પ્રાર્થના એટલે શું ?

ઉ. ૯૨ સ્થૂલ અર્થમાં પ્રાર્થના કરવી એટલે દુઃખને વખતે ભગવાન પર આધાર રાખવો તે. પ્રાર્થના એટલે ભક્તને દિલાસો આપવાને માટે ભગવાનને તક આપવી. પ્રાર્થના એટલે હૃદયને ઈશ્વર આગળ ખુલ્લું કરીને તેનો બોજો હલકો કરવો તે. પ્રાર્થના એટલે વિશેષ પ્રકારની માંગણી. યથાર્થ અર્થમાં

પ્રાર્થના એટલે ઈશ્વર સમીપ જવું તે. પ્રાર્થના એટલે મનને ભગવાનના સબંધમાં જોડવું તે, ભગવાનમાં કેન્દ્રિત કરવું તે. પ્રાર્થના એટલે ભગવાનનું ચિંતન. પ્રાર્થના એટલે ઈશ્વરને સર્વાંગી સમર્પણતા. પ્રાર્થના એટલે શાંતિપૂર્વક મન અને અહંકારને ઈશ્વરમાં લીન કરવા તે. પ્રાર્થના એટલે જીવાત્માનું પરમાત્મા સુધીની ઊંચી કક્ષાએ આરોહણ થાય તે. પ્રાર્થના એટલે ઈશ્વરનું પૂજન તથા યશોગાન. પ્રાર્થના એટલે ઈશ્વરની કૃપા માટે તેનો આભાર માનવો તે. પ્રાર્થના એટલે માનવના હૃદય, મન અને આત્મામાંથી સતત વહેતી આધ્યાત્મિક શક્તિનો આશ્રય લઈ પરમાત્માને પોકાર કરવો તે.

પ્ર. ૯૩ જ્ઞાન અને ભક્તિમાં શો ફેર ?

ઉ. ૯૩ અહીંથી નોર્થનો નકશો જાણવો તેનું નામ જ્ઞાન અને જ્ઞાન પ્રમાણે જવું (ચાલવું) તેનું નામ ભક્તિ. TO APPROACH NEAR AND NEAR TO GOD (ટુ એપ્રોચ નીઅર એન્ડ ટુ ગોડ.) એનું નામ ભક્તિ. ભક્તિમાં ભક્ત અને ભગવાન જુદા હોય જયારે જ્ઞાન એટલે હું પોતે જ પરમાત્મા છું એવું ભાન થાય તે. જયાં સુધી પોતે ભગવાન થાય નહીં ત્યાં સુધી ભગવાન મળે નહીં.

પ્ર. ૯૪ ભાવ કોને કહેવાય ?

ઉ. ૯૪ ઈચ્છાપૂર્વકની વૃત્તિને ભાવ કહેવાય. પ્રતિષ્ઠિત આત્માના ભાવને ભાવ કહેવાય.

પ્ર. ૯૫ ભાવ શું છે ? ભાવને સીલ કેવી રીતે વાગે ?

ઉ. ૯૫ ભાવ એ સૂક્ષ્મ વસ્તુ છે કે જેને જ્ઞાની સિવાય કોઈ જોઈ જ ન શકે. ભાવથી યોજના ઘડાઈ તે બીજા અવતારમાં ફલિત થાય. ભાવ એ કોઝ (કારણ) છે. ઈચ્છા અથવા વિચાર એ પરિણામ છે. ભાવો બધા નેચરમાં જાય છે, જે કુદરત પુદ્ગલ મિશ્રિત બનાવીને રૂપકમાં લાવે છે. શુદ્ધાત્માને ભાવ જ ના હોય પણ પ્રતિષ્ઠિત આત્મા ભાવ કરે છે. ભાવ દૃઢ થાય તે રૂપકમાં આવે. ''કેવળ શુદ્ધાત્મા અનુભવ સિવાય આ જગતની કોઈપણ વિનાશી ચીજ મને ખપતી નથી'' એ નિશ્ચય થતાં ભાવને સીલ વાગે છે. બીજા શબ્દોમાં કહીએ તો જ્ઞાન મળ્યા પછી એટલે કે આત્મા પ્રાપ્ત થયા પછી ભાવને સીલ વાગી જાય છે.

પ્ર. ૯૬ ભાવ કરનાર કોણ ?

ઉ. ૯૬ શરીરની અંદર બધા ભાવકો છે, ભાવક એનું નામ છે. આ ભાવકો ભાવ કરાવડાવે છે. આત્મા ભાવ્ય છે. શરીરની અંદર ભાવ થાય છે, તેની મહીં ભાવ્ય ભળી જાય છે, તેનાથી નવું ચિતરામણ થાય છે. આપણે જ્ઞાતા-દ્રષ્ટા થઇએ અને જોયા કરીએ કે મહીં ભાવકો કેવા ભાવ કરાવડાવે છે તો તે આપણને બંધન કર્તા નથી. ભાવકો અંતઃકરણથી જુદા છે. ભાવકો આત્માને મૂર્છિત કરે છે. આત્મા ભાવ્ય થાય એટલે પછી આ અંતઃકરણ ચાલુ થાય. અંતઃકરણ તો ભાવકોના દોરાવ્યું દોરવાય છે. ભાવક, ક્રોધક, લોભક, નિદક, ચેતક એવા બધા કેટલાય ''ક'' શરીરની અંદર ભરેલા છે. ''ક'' એટલે કરાવનારા છે. શરીરની અંદર તો આખું બ્રહ્માંડ છે. ભાવકો એ પુદ્ગલ પરમાણુંઓ છે. સ્વરૂપ જ્ઞાન થયા પછી મહીં આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને ચેતક (પ્રજ્ઞા) વગેરેના નવા થાણાં અંદર સ્થપાય છે અને ''ક'' ની વંશાવળીના થાણાં ઊંઠવા માંડે છે.

પ્ર. ૯૭ પ્રતિભાવ એટલે શું ?

ઉ. ૯૭ તમે કંઇક ખોટું બોલી ગયા અને પછી તમને અંદર એમ થાય કે આ ખોટું થયું આવું ના બોલવું જોઇએ, એ પ્રતિભાવ કહેવાય. તમે જે બોલો છો તેને જ તમે ના બોલવું જોઇએ એવો જે ભાવ કરો એ પ્રતિભાવ કહેવાય. ગોળી છૂટી જાય પછી મનમાં એમ થાય કે ના છૂટી હોત તો સારુ, એ પ્રતિભાવ કહેવાય. આ પ્રતિભાવ એ આપણો પુરુષાર્થ ગણાય છે. પ્રતિભાવ એ સંપૂર્ણ જાગૃતિની નિશાની છે. જેને સમ્યક્ દર્શન થયું છે. એવા જાગ્રત મહાત્માઓને પ્રતિભાવ થાય. અવળા ભાવ થાય કે તરત જ જાગૃતિ દેખાડે અને તેની સામે પ્રતિભાવ ઉત્પન્ન થાય.

પ્ર. ૯૮ ભાવ અને વિચાર એમાં શું ફેર ?

ઉ. ૯૮ ભાવ એ ચાર્જ છે જ્યારે વિચાર એ ડિસ્ચાર્જ છે. આ જે ભમરડો ફરે છે અને દોરી ખુલતી જાય છે તે દ્રવ્ય છે અને પાછી ફરીથી વીંટાય છે તે ભાવ છે. ભાવથી ભવ બંધાય છે જ્યારે વિચારથી ભવ બંધાય નહીં એટલે જ ભગવાને કહ્યું છે કે જેના ભાવ બંધ થયા તેનો ભવ બંધ થઇ જાય છે અર્થાત્ ભાવ બંધ થતા નવા ભવ બંધાતા પણ બંધ થાય છે.

પ્ર. ૯૯ ભાવ અને ઇચ્છા બેમાં ફેર શું ?

ઉ. ૯૯ ભાવ એ કોઝ છે જે સૂક્ષ્મ વસ્તુ છે જ્યારે ઇચ્છા એ પરિણામ છે. જે દેખાય નહિં તે ભાવ છે, પ્રતિષ્ઠિત આત્માના ભાવને ભાવ કહેવાય છે અને ઇચ્છા તો પ્રગટ અગ્નિ છે, જ્યાં સુધી ના હોલવાય ત્યાં સુધી એ અગ્નિ સળગેલો જ રહે છે. ઇચ્છાપૂર્વકની વૃત્તિને ભાવ કહેવાય.

પ્ર. ૧૦૦ તીરોભાવ અને આવિર્ભાવ એટલે શું ?

ઉ. ૧૦૦ જ્યાં ''હું'' નથી ત્યાં હું માનવું તે તીરોભાવ અને જ્યાં ''હું'' છું ત્યાં હું પણું માનવું તે આવિર્ભાવ.

પ્ર. ૧૦૧ ભ્રાંતિ એટલે શું ?

ઉ. ૧૦૧ જેમ છે તેમ નહીં દેખાવું અને બીજા સ્વરૂપે દેખાવું એનું નામ ભ્રાંતિ. આ સંસારનો અમલ ચઢે એટલે ભ્રાંતિ. આ જગતમાં હું કરું છું અને હું જાણું છું, એ બે ભાવ ભેગા કરે એનું નામ ભ્રાંતિ. ભ્રાંતિ એનુ નામ કે જે જૂઠું અને સાચું એક કાંટે તોલાય. રીલેટિવને, રીયલ માન્યું છે અને તેને ગુરુત્તમ કરવા માંગે છે અર્થાત્ જેને લઘુત્તમ કરવાનું તેને જ ગુરુત્તમ કરે એનું નામ ભ્રાંતિ. કિંચિત્ માત્ર અમારું છે એવું ભાન છે, એને ભગવાને પર પરિણામ કહ્યાં, પર પરિણામને તું પોતાના પરિણામ માને છે તે ભ્રાંતિ. ભ્રાંતિ એટલે ઘનચક્કર. ભ્રાંતિ એટલે ચક્કરે ચઢેલો ઘનચક્કર. ભ્રાંતિ એટલે જેમ છે તેમ નહીં દેખાવું અને ઊંધુ જ દેખાવું એનું નામ ભ્રાંતિ. પર ભાવને પોતાના ભાવ માને છે એ જ ભ્રાંતિ. કરે છે કોક અને હું કરું છું એમ માને છે એ જ ભ્રાંતિ. પરસત્તાને પોતાની સત્તા માને છે એનું નામ જ ભ્રાંતિ. લૌકિક જ્ઞાનનું નામ જ ભ્રાંતિ. રીલેટિવને રીયલ માનવું એનું નામ ભ્રાંતિ. ભ્રાંતિ એટલે જોતાંની સાથે જ તન્મયાકાર થઇ જવું તે. પરાઇ શક્તિને પોતાની માને તે ભ્રાંતિ. ભ્રાંતિ એટલે વસ્તુને વિપરીત પણે બોલવું ઉદા. ચગડોળમાં બેઠેલો માણસ જેમ બોલે છે કે આ બધું ફરે છે ત્યારે જે નથી બેઠેલો તે કહે છે કે આ તું ભ્રાંતિમાં છું એટલે તને બધું ફરતુ દેખાય છે. ભ્રાંતિ એટલે બેભાનપણું. પોતાના સ્વરૂપનું ભાન નહીં તે ભ્રાંતિ. જ્યાં પોતે નથી ત્યાં આરોપ કરે એનું નામ જ ભ્રાંતિ. જે વસ્તુ જે સ્વરૂપે છે તે સ્વરૂપે ન દેખાતાં અન્ય સ્વરૂપે દેખાય તેનું નામ ભ્રાંતિ કહેવાય.

પ્ર. ૧૦૨ ભ્રાંતિ કોને કહેવાય ?

ઉ. ૧૦૨ ગમતી વાત આવી તેમાં એકાકાર થવું એનું નામ ભ્રાંતિ. પ્રયોગી પ્રયોગ સ્વરૂપે થઇ જાય છે એ જ ભ્રાંતિ. પરસત્તાને પોતાની સત્તા માને છે એનું નામ ભ્રાંતિ. એક વાત સાચી ના જાણે તેનું ભ્રાંતિ. પોતે અવિનાશી છે અને વિનાશી ચીજોને પોતાની માનવી એનું નામ ભ્રાંતિ. થોડા વખતમાં ઊડી જાય તેનું નામ ભ્રાંતિ કહેવાય. વિનાશીના ધર્મો અને અવિનાશીના ધર્મો બંને ભેગું બોલે એનું નામ જ ભ્રાંતિ. પોતે અવિનાશી હોવા છતાંય પણ પોતે ''હું જ ચંદુલાલ છું'' એવું બેભાનપણાથી બોલે છે તેને ભ્રાંતિ કહેવાય. પ્રકૃતિ નચાવે છે અને કહે કે હું નાચ્યો એનું નામ ભ્રાંતિ. સ્વ અનુભવ ના કરાવે એ બધી જ ભ્રાંતિ કહેવાય. બીજાનો દોષ દેખાય એનું નામ ભ્રાંતિ. જૂઠું અને સાચું એક સાથે બોલાય તે ભ્રાંતિ. સેલ્ફ ડિસાઇડ કર્યા વગર બોલે છે તેનું નામ ભ્રાંતિ. ભ્રાંતિ એટલે પોતાને પોતાના જ હિતાહિતનું ભાન નહીં તે. જ્યાં જે વસ્તુ નથી ત્યાં તે વસ્તુનો આરોપ થઇ જાય એનું નામ ભ્રાંતિ. તમે જે નથી તેમાં તમારો આરોપ કરો છો તે જ ભ્રાંતિ. જ્ઞેયને જ્ઞાતા માનવું એનું નામ જ ભ્રાંતિ. બુદ્ધિને આત્મા માને તેનું નામ ભ્રાંતિ. આ બધું તંત્ર નેચર ચલાવે છે અને પોતે કહે કે હું ચલાવું છું એ જ ભ્રાંતિ છે.

પ્ર. ૧૦૩ ઇલ્યુઝન કોને કહેવાય ?

ઉ. ૧૦૩ આ રણમાં રેતી હોય અને છતાં દૂરથી આપણને એમ લાગે કે એ પાણી છે, એવું ખરેખર દેખાય. હું તમને દેખાડું ત્યારે તમનેય પાણી દેખાય, બધાંને પાણી દેખાય પણ ખરેખર ત્યાં પાણી હોય જ નહીં એનું નામ ઇલ્યુઝન કહેવાય.

પ્ર. ૧૦૪ ભ્રાંતિ અને માયાવાદ એટલે શું ?

ઉ. ૧૦૪ ભ્રાંતિ અને માયાવાદ એક જ છે. નિજ સ્વરૂપનું અજ્ઞાન એ પહેલા નંબરની ભ્રાંતિ છે. ભ્રાંતિ એટલે જે નથી એની કલ્પના થવી તે.

પ્ર. ૧૦૫ ભ્રાંતિ કેવી રીતે દૂર થાય ?

ઉ. ૧૦૫ આ જગતમાં હું કરું છું અને હું જાણું છું આ બે ભાવ ભેગા કરે તેનું નામ ભ્રાંતિ. હવે એ પોતે કોણ છે એવું જો જ્ઞાની પુરુષ એને જણાવડાવે તો એ ભ્રાંતિ જતી રહે. એટલે જ્ઞાની પુરુષ મળી જાય તો એ ભ્રાંતિ જાય.

પર્વ તેરમું

મન, માન, મિથ્યાત્વ, મુમુક્ષુ, મોરાલિટી, મૃત્યુ, મોક્ષ

પ્ર. ૧ મન શું છે ? તેનું સ્વરૂપ શું છે ?

ઉ. ૧ મન એ તો ગ્રંથિ છે. મન ગાંઠોનું બનેલું છે. મન સૂક્ષ્મ છે. મન એ અણુ પણ નહીં અને પરમાણું પણ નહીં એ બંનેની વચ્ચેની અવસ્થા છે. મન કમ્પલીટ ફીઝીકલ છે. મન એટલે વિચારોનું ગૂંચળું. મન નપુસંક છે. મન એ આગલા અવતારનો સંકુચિત ફોટો છે. મન સૂક્ષ્મ પરમાણુંઓનું બનેલું છે. પરમાણું ઇફેકટ આપવા માટે તૈયાર થાય છે ત્યારે તમને વિચાર આવે છે. મન એ રીલેટિવ આત્મા છે. આત્માનું FIRST CHARGE પરિણામ તે મન છે. મન એ પૂર્વાત્મા છે. મન તો ગયા અવતારનો તમારો આત્મા છે. મન એટલે ગયા અવતારની માન્યતાઓ, જ્ઞાન અને ચારિત્ર. મન એ મોક્ષે જવાનો મછવો (નાવડી) છે. મન નિરાધાર છે. મન એ ચાર્જ થયેલી વસ્તુ છે તે ડિસ્ચાર્જ થવાનું જ તો એ ડિસ્ચાર્જમાં આપણે શું લેવા દેવા. ડિસ્ચાર્જને મહત્ત્વ ના અપાય, આપણે તો એના માત્ર જ્ઞાતા-દ્રષ્ટા જ રહેવાનું. મન એ તો ફિલ્મ છે. ફિલ્મમાં જે આવે તે જોવાનું અને જાણવાનું એમાં રડવાનું કે હસવાનું ના હોય. મનની ફિલ્મનો એન્ડ (અંત) થાય ત્યારે મોક્ષ થાય. મન એ ગયા અવતારની સમરી છે.

પ્ર. ૨ મન રૂપી છે કે અરૂપી છે ?

ઉ. ૨ મન રૂપી છે.

પ્ર. ૩ મન સચિત છે કે અચિત છે ?

ઉ. ૩ મન સચિત નથી અચિત છે.

પ્ર. ૪ મન જીવ છે કે અજીવ છે ?

ઉ. ૪ મન અજીવ છે.

પ્ર. ૫ મનના માતા-પિતા કોણ છે ?

ઉ. ૫ ભાષા એ મનની માતા છે અને અભિપ્રાય એ મનનો પિતા છે.

પ્ર. ૬ મનના દાદા દાદી કોણ ?

ઉ. ૬ અહંકાર અને બુદ્ધિ એ મનના દાદા દાદી છે કારણકે અહંકાર અને બુદ્ધિથી અભિપ્રાય અને ભાષાનું સર્જન થાય છે.

પ્ર. ૭ મનની ફિલ્મ કેટલા ફૂટ લાંબી છે ?

ઉ. ૭ મનની ફિલ્મ ત્રણ અબજ ફૂટ લાંબી છે. આ ફિલ્મ માત્ર જોયા કરવાની છે.

પ્ર. ૮ મનનું આ શરીરમાં સ્થાન ક્યાં છે ?

ઉ. ૮ સ્થૂલમન (દ્રવ્યમન, કાર્યમન)નું સ્થાન હૃદયમાં છે, તે આઠ પાંખડીઓવાળું છે, જે કમ્પલીટ ઇફેક્ટ છે, ડિસ્ચાર્જ સ્વરૂપે છે અને સૂક્ષ્મ મન (ભાવમન, કારણમન)નું સ્થાન કપાળમાં બે ભ્રમરની વચ્ચે ભ્રુકુટિમાં અઢી ઇંચ અંદર આવેલું છે. આ સૂક્ષ્મ મન ચાર્જ કરે છે, તેથી નવા બીજ પડે છે.

પ્ર. ૯ મન કોના જેવું છે ?

ઉ. ૯ મન રડાર જેવું છે અર્થાત્ તે રડાર જેવું કામ કરે છે, દરેક વસ્તુ રડારમાં દેખાય, એટલે કે તે આપણને ઇન્ફોર્મેશન આપે છે. આપણે કહેવાનું કે ભાઇ તે દેખાડયું એની અમે નોંધ લીધી એમ કહીએ એટલે પછી મન બીજું દેખાડે અને બહાર ખરેખર ભય જેવું લાગે તો આપણે શુદ્ધાત્માની ગુફામાં પેસી જવું. મન તો વીતરાગી છે. જેવું જેવું બહાર પર્યાય ઊભા થાય ને એવી આપણને ખબર આપી દે, તે આપણે કહેવું બરાબર છે, અમે નોંધ કરીએ છીએ અમે ચેતતા રહીશું એટલે પછી મન બીજી આગળની વાત કરે પાછું.

પ્ર. ૧૦ મનના પર્યાયો કયાં કયાં ?

ઉ. ૧૦ મનના બહુ જાતના પર્યાયો હોય છે. કોઇ ફેરો તરંગમાં હોય, કોઇ ફેરો તર્કમાં હોય, કોઇ ફેરો વિર્તકમાં હોય, કોઇ ફેરો વિચારમાં હોય, કોઇ ફેરો સદ્વિચારમાં, દુર્વિચારમાં હોય કે કોઇ ફેરો અવિચાર દશામાં પણ હોય.

પ્ર. ૧૧ મનનો સ્વભાવ કેવો છે ?

ઉ. ૧૧ મનનાં સ્વભાવનું કોઇ વર્ણન કરી શકે એમ નથી. મનનો એવો સ્વભાવ છે કે જેની ઉપર આપણે નિરંતર ફૂલો વેરતા હોઇએ તેના તરફ પણ ક્યારેક અભાવ ઉત્પન્ન કરી દે તેવું છે. મનનો સ્વભાવ ખૂબ જ વિચિત્ર છે. મન ચંચળ સ્વભાવનું છે, તેનાથી ચમકવાનું નથી. મન ક્યારે છેતરી જાય તેય

ખબર પડવા દેતું નથી, તેવું ચાલાક પણ છે. મનનો સ્વભાવ કેવો છે કે સીધું વળે નહીં અને જો સમજાવી - પટાવીને એક વાર જો વાળી દીધું તો વાળ્યા પછી ત્યાંથી ખસે નહીં, પાછું ફરે નહીં. જ્ઞાની કહે છે કે ''મને પણ ઘણી વખત મન છેતરી ગયું પણ પછી મન સમજી ગયું કે આ ઘરમાં તો આપણું ચાલે એમ નથી, આ ઘર તો બધું જ ડીસમેન્ટલ કરવા માંડયું છે.'' જ્ઞાની પુરુષ કહે છે કે ''મન શું શું કરે છે, તેને જો જો કરજો અને ચેતતા રહેજો મેં બધા જ મનના પર્યાયો જોઇ લીધા છે.''

પ્ર. ૧૨ મનનો આધાર કઇ વસ્તુ ઉપર છે ?

ઉ. ૧૨ કહેવત છે કે ''અન્ન તેવું મન.'' આ કહેવત અનુસાર અનાજ (ખોરાક) ઉપર મનનો આધાર છે. ગળપણવાળી ખોરાકની ચીજવસ્તુઓ ઉપર મનનો આધાર છે.

પ્ર. ૧૩ મનનો સારામાં સારો ખોરાક શું ?

ઉ. ૧૩ મનને જગત કલ્યાણની ભાવનામાં વાળી દો, એ જ મનનો શ્રેષ્ઠત્તમ ખોરાક છે.

પ્ર. ૧૪ મન કોને હોય છે ?

ઉ. ૧૪ ચાર ઇન્દ્રિયોના જીવ સુધી મન જ ના હોય. પાંચ ઇન્દ્રિયોવાળા દરેક જીવોને મન ખરું પણ તિર્યંચોને મન લિમિટેડ હોય (સીમિત હોય). મનુષ્ય એકલાને જ અનલિમિટેડ મન હોય છે જે ચાહે (ઇચ્છે) તેટલું ખીલી શકે તેમ છે.

પ્ર. ૧૫ વ્યષ્ટિ મન અને સમષ્ટિ મન એટલે શું ?

ઉ. ૧૫ એક માણસના મનને વ્યષ્ટિ મન કહે છે અને બધા માણસના મનને સમષ્ટિ મન કહેવાય છે.

પ્ર. ૧૬ મનની છ પ્રકારની વિચારની ભૂમિકા કઇ કઇ છે ?

ઉ. ૧૬ મનની છ પ્રકારની વિચારની ભૂમિકા નીચે મુજબ છે.

૧. કોઇ દહાડો કાયદો બાયદો જોવાનો જ નથી. હરાયા ઢોરની માફક જયાંથી અને ત્યાંથી ભેગું જ કર કર કરવું, દયા પણ ન હોય. ઊછીનું કે ચોરીથી પણ ભેગું કરવું તે.

૨. ઉપરના કરતા દિલમાં થોડુંક અરે જેવું હોય અને કંઇક અંશે કાયદા - બાયદાને માને પણ છેતરવાની દાનત હોય.

૩. અહંકાર જાગે, બધાંને બચાવે, ખોટું જોઇને લોહી તપી જાય. પોતાના આશરે આવ્યો હોય તેને બચાવે. ક્ષત્રિય સ્વભાવનો હોય.

૪. બધાંથી છૂટવા માગે, બંધન ગમે નહીં. ધર્મ અને સંસારની મિશ્રવૃતિ હોય. સંસારથી કંટાળે તેવા વિચારો બહુ આવે અને અખંડ સુખની શોધમાં નીકળી પડે અને ધર્મને પામે.

૫. બધી જ વૃતિઓ ધર્મ ભણીજ વળેલી હોય. સ્વપરના વિવેકના વિચારો આવે ત્યાં સુધી જઇ શકે અને અહંકાર ખલાસ જાય.

૬ નિર્વિકાર ભૂમિકા અને જ્ઞાતા દૃષ્ટાવાળી ભૂમિકા પ્રાપ્ત થયેલી હોય.

પ્ર. ૧૭ ભાવમન અને દ્રવ્યમન એટલે શું ?

ઉ. ૧૭ ભાવમન એટલે ચાર્જમન. ભાવમન ભ્રાંતિથી ઉત્પન્ન થાય છે. ભ્રાંતિ છે ત્યાં સુધી ભાવમન છે. ભાવમનથી નવો પ્રતિષ્ઠિત આત્મા ઊભો થાય છે. ભાવમન એટલે પોતે નથી ત્યાં સ્થાપન કરવું તે. પ્રતિષ્ઠિત આત્મા ભાવ કરે એટલે ભાવમનની શરૂઆત થાય. દ્રવ્યમન એટલે ડિસ્ચાર્જ મન. દ્રવ્યમન એ પ્રતિષ્ઠિત આત્મા અને ભાવમન એટલે નવો પ્રતિષ્ઠિત આત્મા ઉત્પન્ન થાય તે. દ્રવ્યમન આખું ફિઝીકલ છે. ભાવ મન એ કારણ છે. જ્યારે દ્રવ્યમન એ કાર્ય છે. ભાવમન એ કોઝ છે જ્યારે દ્રવ્યમન એ ઇફેક્ટ (પરિણામ) છે.

પ્ર. ૧૮ વિચાર શું છે ?

ઉ. ૧૮ વિચાર એ કર્મફળ છે અને એ કર્મફળને આત્મા ચાખવા જાય છે, તેનાથી નવું બીજ પડે છે. વિચારોથી કર્મ ક્યારે બંધાય કે જ્યારે એમાં આત્મા તન્મયાકાર થાય એટલે કર્મ કહેવાય. વિચારો એમને એમ એકઝોસ્ટ (ખાલી) થયા કરતાં હોય તો કર્મો ના કહેવાય.

પ્ર. ૧૯ વિચાર કોને કહેવાય ?

ઉ. ૧૯ અંતઃકરણમાં જે પરમાણુંઓ કે સ્પંદનો ઊડે છે, એમાં અહંકાર વિચરે તો એને વિચાર કહેવાય. મન હંમેશા સતત એકઝોસ્ટ થયા જ કરે છે એટલે કે મનમાંથી નિરંતર સંયોગોને આધિન સ્પંદનો ઊડયા જ કરે છે એ સ્પંદનોમાં અહંકાર વિચરે ત્યારે એને વિચાર કહેવાય. વિચરે એટલે તન્મયાકાર થાય તે અને મનનાં પરમાણુંઓ જે ઊડે છે જેને અધ્યવસાન કહેવાય. આ મન અહીં આગળ દારૂની કોઠી જેમ ફૂટે છે તેમ ફૂટયા કરે

છે, સ્પંદનો નીકળે છે એ પોતે અહંકાર વાંચી અને પોતાને ગમે એટલે વિચરે એ અહંકાર વિચરે છે ત્યારે વિચાર થાય છે. વિચાર અનાત્મા છે. અહંકાર બુદ્ધિની લાઇટથી એ વાંચી શકે છે. વિચાર કરવો એ પુદ્ગલ અવસ્થા છે. વિચાર તો જડ પ્રવૃતિ છે. મનના વિચારો એ ગાંઠો છે. સંજોગ મળે તેના આધારે ગાંઠ ફૂટે.

પ્ર. ૨૦ વિચારક કોણ હોય ?

ઉ. ૨૦ ફરી ફરી કેટલાય અવતારથી મનુષ્ય થતો આવ્યો હોય તે વિચારક હોય. આ તો ત્યાંથી (તિર્યંચમાંથી) રાડા ખાતાં ખાતાં રોટલી ખાવા આવ્યો હોય અને પછી કહેશે વિચાર આવતા નથી. શાના વિચાર આવે ? બત્રીસ માર્ક હતાં તે ગધેડો રહ્યો ને તેત્રીસ માર્કે માણસ થયો તે અહીં આગળ સ્ટેશન પર પોટલા ઊંચકે એક માર્ક તેના દેહમાં ગયો ગુણ તો તેના તે જ રહ્યાને ! વિચારક તો કેવો હોય કે હું એક જ વાક્ય કહું કે ''વર્લ્ડ ઇઝ ધી પઝલ ઇટ સેલ્ફ'' એટલું સાંભળતા જ તો તેના મનના કંઇનું કઇ થઇ જાય. એટલા બધા વિચાર આવી જાય કે બાર કલાક સુધી તો એના એ જ વિચારમાં જ રહે એને વિચારક માણસ કહેવાય.

પ્ર. ૨૧ વિચારશીલ કોને કહેવાય ?

ઉ. ૨૧ વિચારશીલ કોને કહેવાય કે જે છતે દુઃખે સુખ ભોગવે. આ તો ઘેર સુખ સાહ્યબી હોવા છતાં બહારથી દુઃખ વેચાતા લઇ આવે. વિચારશીલ તો એને કહેવાય કે ઘરમાં દુઃખને પેસવા ન દે અને સુખને ઘરની બહાર નીકળવા ના દે તે. આ જગતમાં ક્ષણે ક્ષણે ભય વર્તે ત્યારે વિચારક થયો કહેવાય. વિચારક થયો ત્યારે, જેમ છે તેમ દેખાય, નહીં તો મૂર્છામાં વર્તે છે, આ તો ગાડીમાં જાય અને બીજી કોઇ ગાડી અથડાયેલી દેખાય ત્યારે ભાઇને જાગૃતિ આવે, આ તો પેલી ગાડીએ જાગૃતિ આપી, આવું તે હોતું હશે ! જેમ બુદ્ધિ વધે તેમ બળાપો વધે અને જેમ જાગૃતિ વધે તેમ ભય વધે.

પ્ર. ૨૨ વિચાર ફળીભૂત કરવા શું કરવું ?

ઉ. ૨૨ વિચાર ફળીભૂત કરવા સ્ટ્રોંગ (દૃઢ) નિશ્ચય કરવો જોઇએ.

પ્ર. ૨૩ મન સ્થિર કેવી રીતે થાય ?

ઉ. ૨૩ આત્મજ્ઞાની પાસે પ્રથમ મનના ખુલાસા થાય અને પછી તેનું જ્ઞાન મેળવી લે તો પછી મન સ્થિર થાય. ''દાદા ભગવાનના અસીમ જય જય કાર હો.'' ઉપયોગપૂર્વક ચિત્તની હાજરીમાં બોલ બોલ કરે તો એનાથી મન સ્થિર થતું જાય.

પ્ર. ૨૪ મતભેદ એટલે શું ?

ઉ. ૨૪ જ્યાં પોતાનું જ ખરું કરાવવા જાય તે મતભેદ. ધર્મ સબંધની પકડ એ જ મતભેદ. મતભેદ એટલે સામાના વ્યૂ પોઇન્ટ ન સમજવા તે. મતભેદ એટલે પોતાની બુદ્ધિનો અહંકાર. મતભેદ એટલે મુશ્કેલીઓનો સામનો કરવો તે. મતભેદ એટલે ભીંતમાં માથું અથડાવવું તે. મતભેદ એ ક્લેશ કહેવાય. મતભેદ એટલે તાળું ઉઘાડતાં ના આવડયું તે. મતભેદ એટલે સંપૂર્ણ કોમનસેન્સનો અભાવ. સ્વ મતના આવરણને લઇને પર મત સમજાય નહીં એટલે વાંકુ જ બોલ બોલ કરે એ જ મતભેદ.

પ્ર. ૨૫ મતભેદ થવાનું કારણ શું ?

ઉ. ૨૫ મતભેદ થવાનું મુખ્ય કારણ ભયંકર અજ્ઞાનતા. સંસારમાં જીવતા નથી આવડતું, દીકરાનો બાપ થતાં નથી આવડતું, વહુનો ધણી થતાં નથી આવડતું, જીવન જીવવાની કળા જ નથી આવડતી, આ તો છતે સુખે સુખ ભોગવી શકતાં નથી. મતિ પહોંચતી નથી એટલે મતભેદ થાય છે. દરેકના જુદા જુદા વ્યૂ પોઇન્ટ હોવાથી દરેક જુદું જુદું જુએ તેથી મતભેદ પડે છે. કોઇનાય વ્યૂ પોઇન્ટને ખોટો કહેવો તે તેના આત્માને ખોટો કહ્યાં બરાબર છે કારણકે તેની બીલિફમાં તે દૃઢ થયું છે. મતભેદ થાય ત્યારે ઝઘડો થાય.

પ્ર. ૨૬ મતભેદ ટાળવા માટે શું કરવું જોઇએ ?

ઉ. ૨૬ ઘરનાં બધાં માણસોએ સવારમાં ભેગા થઇને પાંચ વખત મોટેથી બોલવું જોઇએ કે ''આપણે બધા એક જ છીએ અને આપણામાં કંઇ જ જુદાઇ નથી.'' આવું દરરોજ બોલવાનું એટલે મતભેદ ઊડી જાય. આ મતભેદ ટાળવાની અદ્‌ભૂત ચાવી છે.

પ્ર. ૨૭ મનના વિકારો ક્યારે જાય ?

ઉ. ૨૭ મનમાં તન્મયાકાર ના થાય તો મનના વિકારો નાશ થાય. મનને જોયા કરવાથી વિકારો જાય. મનથી છેટા રહેવાથી અને તેને જો જો કરવાથી વિકારો જાય.

પ્ર. ૨૮ મનોબળ કેળવવા શું કરવું ?

ઉ. ૨૮ આત્માને જાણવો પડે તો મનોબળ કેળવાય. ઉશ્કેરાટ ઉત્પન્ન ના કરે તેને મનોબળ કહેવાય. તમને કોઇ ગાળ ભાંડે ને તમારું મન ઉશ્કેરાટ ના પામે કે તમારી શાંતિ ના જાય તો તે મનોબળ કહેવાય. આત્મા જાણવાથી મનોબળ વધે છે.

પ્ર. ૨૯ કોનું સર્વસ્વ લૂંટાઇ જાય ?

ઉ. ૨૯ કબીર સાહેબે ચારસો વર્ષ પહેલાં કહેલું કે ''મનકા તાકા (ચલતા) તન ચલે તાકા સર્વસ્વ જાય.'' મનના કહ્યાં પ્રમાણે જો શરીર કરે તો તેનું સર્વસ્વ લૂંટાઇ જાય તેમ છે.

પ્ર. ૩૦ પેપર [ન્યુઝ પેપર (છાપું)] શું છે ?

ઉ. ૩૦ પેપર એ મનનો ખોરાક છે. છાપું વાંચવામાં ચોર્યાસી પ્રકારનાં પ્રમાદ સમાયેલા છે.

પ્ર. ૩૧ મનની અશાંતિ એટલે શું ?

ઉ. ૩૧ પૂર્વાત્મા છે તે સ્થૂળ મન છે. પહેલાની જે શ્રધ્ધા હતી અને આજની શ્રધ્ધા એ બેમાં ઘર્ષણ થાય છે એનું જ નામ મનની અશાંતિ.

પ્ર. ૩૨ માનસિક રોગ કાઢવા માટે આ જગતમાં સર્વશ્રેષ્ઠ દવા કઇ ?

ઉ. ૩૨ મનને જોયા કરવું એના જેવી બીજી કોઇ શ્રેષ્ઠ દવા નથી. આ વર્લ્ડમાં માનસિક રોગ કાઢવા માટે મનને જોયા કરવું એના જેવી કોઇ ઊંચી દવા નથી.

પ્ર. ૩૩ મન પર લેવું કોને કહેવાય ?

ઉ. ૩૩ જ્ઞાતા-દ્રષ્ટા રહ્યાં એનું નામ જ મન પર લીધું કહેવાય એટલે એ અવસર તમારો શું અવસર કહેવાય.

પ્ર. ૩૪ મન નિર્બળ કેમ થતું જાય છે ? મન મજબૂત કેવી રીતે થાય ?

ઉ. ૩૪ દોષિત ના હોય એને દોષિત કહેવાથી, દોષિત જોવાથી મન નિર્બળ થતું જાય. આખું જગત નિર્દોષ છે કારણકે કર્મને આધિન છે. નિર્દોષને દોષિત કહે છે એ ગુન્હો છે. આમ દેખાવમાં એ દોષિત દેખાતો હોય છતાં ખરી રીતે એ નિર્દોષ છે એવું જો જોઇએ તો મન મજબૂત થઇ જાય. જ્ઞાની પુરુષના ભાવપૂર્વક દર્શન કરે તો મન મજબૂત થાય છે.

પ્ર. ૩૫ મનની શાંતિ મેળવવા માટે કયો જાપ કરવો ?

ઉ. ૩૫ સ્વરૂપના જાપ કરો તો નિરંતર શાંતિ મળે. મનની શાંતિ માટે જ્ઞાની પુરુષની પાસે કૃપા પાત્ર થવું જોઇએ. ''સહજાત્મ સ્વરૂપ પરમગુરુ'' એ સ્વરૂપનો જાપ નથી એ તો ભગવાનની ભક્તિ છે.

પ્ર. ૩૬ માનસિક શાંતિ મેળવવા શું કરવું ?

ઉ. ૩૬ માનસિક શાંતિ જોઇતી હોય તો આપણી ચીજ બીજાને ખવડાવી દેવી. કબૂતરોને જુવાર નાખવી. કોઇ જનાવર કે માંકડાને ચણા નાખ નાખ કરવા, કોઇની સેવા કરવી. આપણું સુખ આપણે બીજાને આપી દઇએ એટલે અંદર આનંદનો પાર નહી રહે અને માનસિક શાંતિ રહેશે. કોઇ માણસ રસ્તામાં પડી ગયો અને એનો પગ ભાંગી ગયો અને લોહી નીકળતું હોય ત્યાં તું તારું ધોતિયું ફાડીને આમ બાંધુ તે વખતે તને આનંદ થાય ભલેને સો રૂપિયાનું ધોતિયું તું ફાડે અને બાંધે પણ તે ઘડીએ તને આનંદ ખૂબ થાય. ટૂંકમાં તારી પોતાની વસ્તુ તું બીજાને આપી દે ખવડાવી દે તો અંદર આનંદ શરૂ થઇ જાય અને માનસિક શાંતિ થાય.

પ્ર. ૩૭ મન મોકળુ થયું ક્યારે ગણાય ?

ઉ. ૩૭ પોતાની પાસેનું ધન જ્યારે કાંકરા જેવું લાગે ત્યારે મન મોકળું થયું ગણાય.

પ્ર. ૩૮ મનની ચંચળતા શેનાથી કરીને દૂર થાય ?

ઉ. ૩૮ બ્રહ્મચર્ય અને જ્ઞાનથી મનની ચંચળતા દૂર થાય.

પ્ર. ૩૯ મનને વશ કરવું હોય તો શું કરવું ?

ઉ. ૩૯ નિજ સ્વરૂપનું ભાન થાય અને જ્ઞાન થાય ત્યારે મન વશ થાય. જ્ઞાનથી મન વશ થાય છે. મન એ જ્ઞેય છે અને પોતે જ્ઞાતા છે, ત્યાં જ મન વશ વર્તાય. અભિપ્રાય બંધ કરી દો તો ધીમે ધીમે મન વશ થતું જાય. જ્ઞાતા-દ્રષ્ટા રહો તો વશ થઇ જાય. પોતાની નબળાઇ ખુલ્લી (ઓપન) કરો તો મન વશ થાય. મનની ગમતી વાત આવે ત્યારે મનને છૂટું રાખે તો મન વશ થાય. મનને વશ કરવું હોય તો એકાંતમાં કરેલી વસ્તુ ખુલ્લી જાહેર કરી દેવી, આ જ સંસારીઓ માટે મનને વશ કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે અને બીજું જ્ઞાને કરીને મન વશ થાય છે. જ્ઞાન અને જ્ઞાની પુરુષની આજ્ઞા એ મનને વશ કરવાનાં શ્રેષ્ઠ સાધન છે.

પ્ર. ૪૦ મનને વશ કરવાનાં ઉત્તમ સાધન કયા ?

ઉ. ૪૦ અલ્પ આહાર, અલ્પ વિહાર, અલ્પ નિંદ્રા, નિયમિત વાચા, નિયમિત કાયા અને અનુકુળ સ્થાન એ મનને વશ કરવાનાં ઉત્તમ સાધન છે.

પ્ર. ૪૧ સામાનું મન વશ કરવું કઈ રીતે ?

ઉ. ૪૧ મહાવીરે ચીંધેલી રીતે - પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન કરીને સામાનું મન વશ કરવું જોઈએ. સામેવાળાનાં પ્રતિક્રમણ કરશો તેનાથી વશ થશે. જ્યારે તમારું મન તમને સંપૂર્ણ વશ વર્તશે ત્યારે સામાનું મન પણ તમને વશ વર્તશે.

પ્ર. ૪૨ મન કયા ઉપાયથી બંધ થઈ જાય ?

ઉ. ૪૨ અભિપ્રાય આપવાના બંધ થઈ જાય તો મન બંધ થઈ જાય. અભિપ્રાય આપવાનો બંધ કરી દેશો એટલે મનનો જન્મ થતો અટક્યો. આ ભવમાં અભિપ્રાય બંધ કર્યા હોય તો આવતા ભનમાં મન બંધ થઈ જાય. દ્વંદ્વ હોય ત્યાં અભિપ્રાય પેસી જાય, રાગ-દ્વેષ હોય તો જ અભિપ્રાય બંધાય અભિપ્રાયથી મન બંધાયું છે એટલે અભિપ્રાય બંધ થયા કે મન બંધ થઈ જાય.

પ્ર. ૪૩ મનોનિગ્રહ એટલે શું ? તે કેવી રીતે થાય ?

ઉ. ૪૩ મનોનિગ્રહ એટલે આપણને હરકત ના કરે, અશાંતિ ઉત્પન્ન ના કરે એવી રીતે મનને બીજી જગ્યાએ રોકી રાખવું તે. યોગી પુરુષો શરીરની અંદર કરોડરજ્જુના મૂળમાં તથા શરીરની અંદર આવેલાં છ ચક્રોમાં મનને રોકી રાખે છે તેને પણ મનોનિગ્રહ કહેવાય છે. મનોનિગ્રહ સંસારમાં કામની વસ્તુ છે. મનોનિગ્રહ એ રિદ્ધી અને સિદ્ધી ઉભી કરવા માટેનું સાધન છે. મનોનિગ્રહ તો ખોટ ખાઈને યોગ માર્ગમાં પુરુષાર્થ કરે તો થાય અથવા તો આત્માંની ભક્તિમાં સંલગ્ન થાય તો થાય, આ બે જ રસ્તા છે.

પ્ર. ૪૪ મનોનિગ્રહતામાં વિઘ્નરૂપ કયા દોષો છે ?

ઉ. ૪૪ નીચે જણાવેલા અઢાર દોષો મનોનિગ્રહમાં બાધારૂપ છે.

૧. આળસ ૨. અનિયમિત ઉંઘ ૩. વિશેષ આહાર ૪. ઉન્માદ પ્રકૃતિ ૫. માયા પ્રપંચ ૬. અનિયમિત કામ ૭. અકરણીય વિલાસ ૮. મન ૯. મર્યાદા ઉપરાંત કામ ૧૦. આપવડાઈ ૧૧. તુચ્છ વસ્તુથી આનંદ ૧૨. રસ ગારવતા (લુબ્ધતા) ૧૩. અતિ ભોગ ૧૪. પારકું અનિષ્ટ ઈચ્છવું ૧૫. કારણ વિનાનું રળવું ૧૬. ઝાઝાનો સ્નેહ ૧૭. અયોગ્ય સ્થળે જવું ૧૮. એકેય ઉત્તમ નિયમ સાધ્ય ન કરવો.

પ્ર. ૪૫ મનોગુપ્તિ એટલે શું ?

ઉ. ૪૫ અવળા વિચારો આવે તેને બંધ કરી દેવા તે મનોગુપ્તિ કહેવાય.

પ્ર. ૪૬ ઓપન માઈન્ડ કોને કહેવાય ?

ઉ. ૪૬ તમે ગમે તે ધર્મની વાતો કરો તો એના પેટમાં પાણી હાલે નહીં ત્યારે એ ઓપન માઈન્ડ કહેવાય, નહીં તો સંકુચિતતા કહેવાય. વૈષ્ણવ ધર્મની સંકુચિતતા હોય તે ૐ નમઃ શિવાય સાંભળે કે ગભરામણ થાય.

પ્ર. ૪૭ કલીયર માઈન્ડ એટલે શું ?

ઉ. ૪૭ મમતા રહિત મન એ કલીયર માઈન્ડ કહેવાય.

પ્ર. ૪૮ ચોખ્ખું મન એટલે શું ?

ઉ. ૪૮ ચોખ્ખું મન એટલે સામાં માટે ખરાબ વિચાર ના આવે તે. જે વ્યક્તિ નિમિત્તને બચકાં ન ભરે અને કદાચ સામા માટે ખરાબ વિચાર આવે કે તરત જ પ્રતિક્રમણ કરે તેને ચોખ્ખા મનવાળો કહેવાય. ચોખ્ખા મનવાળાને સામાં માટે ખરાબ વિચાર ના આવે પણ કદાચ અવળો વિચાર આવે તો તરત પ્રતિક્રમણ કરીને ધોઈ નાખે.

પ્ર. ૪૯ નિરોગી મન એટલે શું ?

ઉ. ૪૯ નિરોગી મન એટલે એ મનને કશી હરકત જ ના આવે. તમે મોળું ખાવાનું મૂકો કે ખાટું ખાવાનું મૂકો કે વધારે ગળ્યું મૂકો પણ મનને અસર ના થાય તેને નિરોગી મન કહેવાય. જ્યારે રોગી મન વાળાને ખાટાંનો રોગ પેસી ગયો હોય ને તો એને ખાટું જ ખાવા જોઈએ.

પ્ર. ૫૦ મન ફ્રેકચર થઈ ગયેલું કોને કહેવાય ?

ઉ. ૫૦ જેને મારું શું થશે તેવું થાય છે તે બધાંના જ મન ફ્રેકચર થઈ ગયેલા છે અને આ દુનિયામાં જીવવા જેવું શું છે તેવું જેને લાગે છે તેમનું મન તો ચૂરેચૂરા થઈ ગયેલું છે. આ જગતમાં બધા જ મનુષ્યોનાં મન ફ્રેકચર થઈ ગયેલા છે.

પ્ર. ૫૧ આધિ, વ્યાધિ, ઉપાધિ એટલે શું ?

ઉ. ૫૧ મનનું દુઃખ અથવા મનની ઝંઝટ તે આધિ દા.ત. ચિંતા. શરીરનું (દેહનું) દુઃખ તે વ્યાધિ અને બહારથી દુઃખ આવે તે ઉપાધિ. અહીં બેઠા હોય અને બહારથી કોઈ પથરો મારે તે ઉપાધિ કહેવાય.

પ્ર. ૫૨ મનનો નિરોધ એટલે શું ?

ઉ. ૫૨ મનનો નિરોધ એટલે મનને ચંપે ના ચઢવા દેવું તે.

પ્ર. ૫૩ મનનો સંયમ એટલે શું ?

ઉ. ૫૩ મહિનામાં દસ દહાડા કે બાર દહાડા જ આપણે પ્રયોગ રાખવો એ મનનો સંયમ કહેવાય. મુક્ત જાનવરો છે તે વિષય કેટલો ટાઈમ કરે છે એનો આપણે અભ્યાસ કરવો અને પછી એટલો વિષય રાખવો તો એ તમને કોઈ જાતનું બંધન નહીં કરે.

પ્ર. ૫૪ મન ઉપર વિજય પામવાનું એક માત્ર સાધન કયું ?

ઉ. ૫૪ આત્મ ઉપયોગ એ જ મન ઉપર વિજય પામવાનું એક માત્ર સાધન છે.

પ્ર. ૫૫ મન જીતી ગયો ક્યારે કહેવાય ?

ઉ. ૫૫ ખરાબ વિચાર આવે છે ત્યારે તન્મયાકાર નથી થતો એટલે ખરાબમાં નહીં ઊતરવાની શક્તિ તો છે પણ જો સારા વિચારમાં નહિ ઊતરવાની શક્તિ પ્રગટ થાય તો મન જીતી ગયો કહેવાય અર્થાત્ સારા વિચારોમાં ક્યારેય પણ તન્મય ના થાય ત્યારે મન જીતી ગયો કહેવાય.

પ્ર. ૫૬ ઈન્દ્રિયો જીતવા પ્રથમ શું ઉપાય કરવો ?

ઉ. ૫૬ મનને વશ કરવું એ સર્વોતમ છે એના વડે સઘળી ઈન્દ્રિયો વશ કરી શકાય છે. મન જીતવું બહુ અઘરું છે. એક સમયમાં અસંખ્યાત યોજન ચાલનાર અશ્વ તે મન છે. મન જ બંધ અને મોક્ષનું કારણ છે, મન જ સર્વ સંસારની માહિતી રૂપ છે. મન વડે ઈન્દ્રિયોની લોલુપતા છે, માટે મન જો વશ થયું તો ઈન્દ્રિયો જીતી શકાય છે.

પ્ર. ૫૭ મન શેનાથી બંધાય ?

ઉ. ૫૭ મન જ્ઞાનથી બંધાય તેવું છે. એક આત્મજ્ઞાન સિવાય મન બંધાય નહીં એટલે જ્ઞાન ભક્તિમાં રહે કે મન બંધાઈ જાય.

પ્ર. ૫૮ વિકલ્પ એટલે શું ? સંકલ્પ એટલે શું ?

ઉ. ૫૮ જે પોતાનું નથી તેની કલ્પના કરે તે અને જે પોતે નથી તેને જ તે પોતે માને તે વિકલ્પ. અર્થાત્ અહંકાર એજ વિકલ્પ છે. બીજા શબ્દોમાં કહીએ તો ''હું'' એ વિકલ્પ અને ''મારું'' અર્થાત્ મમતા એટલે સંકલ્પ. હું અને મારું એ જ સંકલ્પ વિકલ્પ ગણાય છે.

પ્ર. ૫૯ મનઃપર્યયજ્ઞાન એટલે શું ?

ઉ. ૫૯ મનઃપર્યયજ્ઞાન એટલે સામી વ્યકિતનાં મનમાં શા વિચાર ચાલે છે તેનો પડઘો પોતાનાં અંતઃકરણમાં પડે તો પહેલા સમજાય અને પછી ધીમે ધીમે સ્પષ્ટ રીતે પોતે વાંચે જુએ અને જાણે તે મનઃપર્યય જ્ઞાન કહેવાય. વીતરાગની ભાષામાં પોતાના મનના દરેકે દરેક પર્યાયને જુએ અને જાણે તે મનઃપર્યયજ્ઞાન છે. મનઃપર્યયજ્ઞાન સંપૂર્ણ પૌદ્ગલિક છે એટલે આપણે અહીં ધ્યાનમાં બેઠા હોઈએ અને કોઈક માણસ રૂમમાં પેસે તો તેના મનમાં ચાલતા વિચારોનું આપણા મહીં અંતઃકરણમાં તરત જ ફોટો પડે તેને મનઃપર્યયજ્ઞાન કહેવાય.

પ્ર. ૬૦ જ્ઞાના ક્ષેપકવંત એટલે શું ?

ઉ. ૬૦ જ્ઞાના ક્ષેપકવંત એટલે કે વિચાર દશામાં વિક્ષેપ જ ન પડે તે. દિવસોના દિવસો સુધી એની એ જ વિચાર ધારા ચાલુ રહે કે આત્મા કેવો હશે ? કેવો નહીં ? આમ માત્ર આત્મા સબંધી અવિરત વિચારધારા રહે તે વિચાર ધારાને જ્ઞાનાક્ષેપકવંત કહેવાય. આ પ્રકારની વિચાર ધારાથી સંસાર છૂટતો જાય.

પ્ર. ૬૧ સમરંભ, સમારંભ અને આરંભ એ સમજાવો ?

ઉ. ૬૧ મનમાં વિચાર આવે કે સ્ટેશને જવું છે એ સમરંભ અને મોઢેથી બોલે કે મારે સ્ટેશને જવું છે તે સમારંભ અને સ્ટેશને જવા માટે ચાલવા માંડે તે આરંભ કહેવાય. સામાયિક કરવાનો વિચાર આવ્યો તે સમરંભ અને બોલ્યો કે મારે સામાયિક કરવું છે તે સમારંભ અને સામાયિક કરવા બેઠો તે આરંભ કહેવાય. સમરંભ તે મનનું કાર્ય છે. સમારંભ તે વચનનું કાર્ય છે અને આરંભ તે મન, વચન, કાયાની ક્રિયા છે.

પ્ર. ૬૨ મનની ગ્રંથિઓ કઈ રીતે છેદાય ?

ઉ. ૬૨ મનમાંથી જે વિચાર રૂપે ઉદ્ભવે છે તે બધી જ ગ્રંથિઓ છે. ગ્રંથિઓ ટાઈમ થાય એટલે ફૂટે જ અને ફૂટે ત્યારે આપણે એની અંદર તન્મયાકાર નહીં થવું અને જોયા કરવું એટલે ગાંઠ છૂટવા માંડશે, એ રીતે જો જો કરવાથી જ ગ્રંથિ છેદાય. મન થોડી થોડી વારે કોઈ કોઈ જગ્યાએ ઊભું રહે છે તે ગ્રંથિ કહેવાય.

પ્ર. ૬૩ ભગવાને વિચાર માટે શું કહ્યું છે ?

ઉ. ૬૩ આવતી કાલનું વિચારવાનું ભગવાને ના કહ્યું છે. ભગવાને કહ્યું ''થીંક ફોર ટુડે નોટ ફોર ટુમોરો.''(આજ માટે વિચારો, આવતી કાલ માટે નહીં.)

પ્ર. ૬૪ નિર્વિચાર એટલે શું ?

ઉ. ૬૪ વિચાર સહિત આત્મદશા એનું નામ નિર્વિચાર દશા. નિર્વિચાર એટલે મનમાં તન્મયાકાર નહીં થવું. નિર્વિકલ્પી એ જ નિર્વિચાર દશા. અહંકાર વિચર્યો નહીં અને મનને જોયું એ નિર્વિકલ્પ અવસ્થા છે.

પ્ર. ૬૫ નિર્વિચારીપદ કોને કહેવાય ?

ઉ. ૬૫ સમયે સમયે આવતાં વિચારોને પોતે શુદ્ધાત્માની દશામાં રહીને સંપૂર્ણ જુદા રહીને જુએ અને જાણે તેજ ભગવાનની ભાષાનું નિર્વિચારી પદ છે.

પ્ર. ૬૬ ચિંતવન કોને કહેવાય ?

ઉ. ૬૬ ક્રિયા કે વિચારને ચિંતવન નથી કહેવાતું. ચિંતવન તો તમે જે મનમાં આશય નક્કી કર્યો હોય તેને કહેવાય છે.

પ્ર. ૬૭ મન સેન્સીટીવ ક્યારે થાય ?

ઉ. ૬૭ સેન્સીટીવ ફૂડ (ખોરાક) ખાય ત્યારે મન સેન્સીટીવ થાય. ખાટો ખોરાક એ મનને સેન્સીટીવ કરનારો છે.

પ્ર. ૬૮ પ્રતિબદ્ધ એટલે શું ?

ઉ. ૬૮ જેની ઉપર ઉછાળો આવ આવ કરે તે પ્રતિબદ્ધ. આપણી ઈચ્છા નથી છતાં આપણું મન બીજાને વીંટાયા કરે એ પ્રતિબદ્ધ. આપણને સત્સંગમાં ના આવવા દે તે પ્રતિબદ્ધ. જ્ઞાની કોણ કે જે નિરંતર અપ્રતિબદ્ધતાથી વિચરે છે. જ્ઞાની પુરુષને દ્રવ્યનું, ક્ષેત્રનું, કાળનું કે ભાવનું બંધન હોતું નથી.

પ્ર. ૬૯ કાર્યની સફળતાનો આધાર શેના ઉપર છે ?

ઉ. ૬૯ કાર્યની સફળતાનો આધાર મનની સ્થિરતા ઉપર છે. મન સ્થિર હોય તો કાર્ય સફળ થાય.

પ્ર. ૭૦ સંકલ્પ કયો કરવો સારો ?

ઉ. ૭૦ વર્તમાનમાં જીવવાનો અને પાપ ન કરવાનો સંકલ્પ કરવો સારો.

પ્ર. ૫૯ મનઃપર્યયજ્ઞાન એટલે શું ?

ઉ. ૫૯ મનઃપર્યયજ્ઞાન એટલે સામી વ્યકિતનાં મનમાં શા વિચાર ચાલે છે તેનો પડઘો પોતાનાં અંતઃકરણમાં પડે તો પહેલા સમજાય અને પછી ધીમે ધીમે સ્પષ્ટ રીતે પોતે વાંચે જુએ અને જાણે તે મનઃપર્યય જ્ઞાન કહેવાય. વીતરાગની ભાષામાં પોતાના મનના દરેકે દરેક પર્યાયને જુએ અને જાણે તે મનઃપર્યયજ્ઞાન છે. મનઃપર્યયજ્ઞાન સંપૂર્ણ પૌદ્ગલિક છે એટલે આપણે અહીં ધ્યાનમાં બેઠા હોઈએ અને કોઈક માણસ રૂમમાં પેસે તો તેના મનમાં ચાલતા વિચારોનું આપણા મહીં અંતઃકરણમાં તરત જ ફોટો પડે તેને મનઃપર્યયજ્ઞાન કહેવાય.

પ્ર. ૬૦ જ્ઞાના ક્ષેપકવંત એટલે શું ?

ઉ. ૬૦ જ્ઞાના ક્ષેપકવંત એટલે કે વિચાર દશામાં વિક્ષેપ જ ન પડે તે. દિવસોના દિવસો સુધી એની એ જ વિચાર ધારા ચાલુ રહે કે આત્મા કેવો હશે ? કેવો નહીં ? આમ માત્ર આત્મા સબંધી અવિરત વિચારધારા રહે તે વિચાર ધારાને જ્ઞાનાક્ષેપકવંત કહેવાય. આ પ્રકારની વિચાર ધારાથી સંસાર છૂટતો જાય.

પ્ર. ૬૧ સમરંભ, સમારંભ અને આરંભ એ સમજાવો ?

ઉ. ૬૧ મનમાં વિચાર આવે કે સ્ટેશને જવું છે એ સમરંભ અને મોઢેથી બોલે કે મારે સ્ટેશને જવું છે તે સમારંભ અને સ્ટેશને જવા માટે ચાલવા માંડે તે આરંભ કહેવાય. સામાયિક કરવાનો વિચાર આવ્યો તે સમરંભ અને બોલ્યો કે મારે સામાયિક કરવું છે તે સમારંભ અને સામાયિક કરવા બેઠો તે આરંભ કહેવાય. સમરંભ તે મનનું કાર્ય છે. સમારંભ તે વચનનું કાર્ય છે અને આરંભ તે મન, વચન, કાયાની ક્રિયા છે.

પ્ર. ૬૨ મનની ગ્રંથિઓ કઈ રીતે છેદાય ?

ઉ. ૬૨ મનમાંથી જે વિચાર રૂપે ઉદ્ભવે છે તે બધી જ ગ્રંથિઓ છે. ગ્રંથિઓ ટાઈમ થાય એટલે ફૂટે જ અને ફૂટે ત્યારે આપણે એની અંદર તન્મયાકાર નહીં થવું અને જોયા કરવું એટલે ગાંઠ છૂટવા માંડશે, એ રીતે જો જો કરવાથી જ ગ્રંથિ છેદાય. મન થોડી થોડી વારે કોઈ કોઈ જગ્યાએ ઊભું રહે છે તે ગ્રંથિ કહેવાય.

પ્ર. ૬૩ ભગવાને વિચાર માટે શું કહ્યું છે ?

ઉ. ૬૩ આવતી કાલનું વિચારવાનું ભગવાને ના કહ્યું છે. ભગવાને કહ્યું ''થીંક ફોર ટુડે નોટ ફોર ટુમોરો.''(આજ માટે વિચારો, આવતી કાલ માટે નહીં.)

પ્ર. ૬૪ નિર્વિચાર એટલે શું ?

ઉ. ૬૪ વિચાર સહિત આત્મદશા એનું નામ નિર્વિચાર દશા. નિર્વિચાર એટલે મનમાં તન્મયાકાર નહીં થવું. નિર્વિકલ્પી એ જ નિર્વિચાર દશા. અહંકાર વિચર્યો નહીં અને મનને જોયું એ નિર્વિકલ્પ અવસ્થા છે.

પ્ર. ૬૫ નિર્વિચારીપદ કોને કહેવાય ?

ઉ. ૬૫ સમયે સમયે આવતાં વિચારોને પોતે શુદ્ધાત્માની દશામાં રહીને સંપૂર્ણ જુદા રહીને જુએ અને જાણે તેજ ભગવાનની ભાષાનું નિર્વિચારી પદ છે.

પ્ર. ૬૬ ચિંતવન કોને કહેવાય ?

ઉ. ૬૬ ક્રિયા કે વિચારને ચિંતવન નથી કહેવાતું. ચિંતવન તો તમે જે મનમાં આશય નક્કી કર્યો હોય તેને કહેવાય છે.

પ્ર. ૬૭ મન સેન્સીટીવ ક્યારે થાય ?

ઉ. ૬૭ સેન્સીટીવ ફૂડ (ખોરાક) ખાય ત્યારે મન સેન્સીટીવ થાય. ખાટો ખોરાક એ મનને સેન્સીટીવ કરનારો છે.

પ્ર. ૬૮ પ્રતિબદ્ધ એટલે શું ?

ઉ. ૬૮ જેની ઉપર ઉછાળો આવ આવ કરે તે પ્રતિબદ્ધ. આપણી ઈચ્છા નથી છતાં આપણું મન બીજાને વીંટાયા કરે એ પ્રતિબદ્ધ. આપણને સત્સંગમાં ના આવવા દે તે પ્રતિબદ્ધ. જ્ઞાની કોણ કે જે નિરંતર અપ્રતિબદ્ધતાથી વિચરે છે. જ્ઞાની પુરુષને દ્રવ્યનું, ક્ષેત્રનું, કાળનું કે ભાવનું બંધન હોતું નથી.

પ્ર. ૬૯ કાર્યની સફળતાનો આધાર શેના ઉપર છે ?

ઉ. ૬૯ કાર્યની સફળતાનો આધાર મનની સ્થિરતા ઉપર છે. મન સ્થિર હોય તો કાર્ય સફળ થાય.

પ્ર. ૭૦ સંકલ્પ કયો કરવો સારો ?

ઉ. ૭૦ વર્તમાનમાં જીવવાનો અને પાપ ન કરવાનો સંકલ્પ કરવો સારો.

પ્ર. ૭૧ વિચક્ષણ પુરુષ કોને કહેવાય ?

ઉ. ૭૧ ક્ષણે ક્ષણે જે વિચારીને કામ કરે તે વિચક્ષણ. વિચક્ષણ પુરુષ તો બધા ખૂણામાં ચોકકસ હોય. વિચક્ષણ પુરુષ તો પોતાની ગાદી નીચે ખાડો પડવા જ ના દે અને કોઈનીય ગાદી નીચે ખાડો પાડે પણ નહીં. પોતાની મમતા પછી, કુટુંબની મમતા, પછી પોળની મમતા, પછી ગામની મમતા અને પછી દેશની મમતા, આ બધા જ પ્રકારની મમતામાં વિચક્ષણ રહે. બધામાં જ ડહાપણવાળો હોય અને તીવ્ર બુદ્ધિવાળો હોય તેને વિચક્ષણ પુરુષ કહેવાય.

પ્ર. ૭૨ નિર્વિકલ્પ દશા એટલે શું ?

ઉ. ૭૨ ઊડતા પરમાણુંને આત્મા વાંચે છે અને તે વાંચીને તે રૂપ ના થાય તો તે નિર્વિકલ્પ દશા છે.

પ્ર. ૭૩. ભડકાટ એટલે શું ?

ઉ. ૭૩ · મનથી ભડકવું તેનું નામ ભડકાટ. જયાં ભય હોય જ નહીં ત્યાં ભડકવું તેનું નામ ભડકાટ. ભડકાટ એટલે ખોટો કાલ્પનિક ભય.

પ્ર. ૭૪ "ભાવ બંધ થઈ ગયા તેના ભવ બંધ થઈ ગયા" તે સમજાવો ?

ઉ. ૭૪ ભાવે કરીને કોઈપણ પ્રકારની ઈચ્છા ના હોય તો તે ભાવ બંધ થઈ ગયા કહેવાય અને ભાવ બંધ થઈ જાય એટલે ચાર્જ બંધ થઈ જાય અને તેથી ભવ બંધ થઈ જાય.

પ્ર. ૭૫ રિવોલ્યુશન એટલે શું ?

ઉ. ૭૫ આ વિચારની જે સ્પીડ (ગતિ) છે તે દરેકને જુદી જુદી હોય. કશું બન્યું હોય તો તે એક મિનિટમાં તો કેટલુંય દેખાડી દે, એના બધા પર્યાયો AT A TIME દેખાડી દે. આ વિચારની જે સ્પીડ (ગતિ) છે તેને રિવોલ્યુશન કહે છે. કેટલીક વ્યક્તિઓના રિવોલ્યુશન એક મિનિટના પાંચ હજાર હોય અને કેટલાકના એક મિનિટના પાંચસો પણ હોય.

પ્ર. ૭૬ ન્યાય શું અને અન્યાય શું ?

ઉ. ૭૬ મન મેળ એનું નામ ન્યાય અને મનનો મેળ તૂટ્યો એનું નામ અન્યાય અને વાસ્તવમાં ભગવાનની ભાષામાં "બન્યું તે જ ન્યાય."

પ્ર. ૭૭ મનનો વિચાર અને ઈચ્છા એ બે માં શું ફેર ?

ઉ. ૭૭ મનમાં જે સ્પંદનો ફૂટે છે તેમાં અહંકાર વિચરે તેને વિચાર કહેવાય છે. આ વિચાર આવે તેને મંજૂર કરીએ તો ઈચ્છા થઈ ગઈ. મહીં વિચાર આવે કે ફરવા જઈએ અને આપણે મંજૂર કરીએ કે હાં ભાઈ ફરવા જઈએ તો એ ઈચ્છા ગણાય.

પ્ર. ૭૮ મનન અને ચિંતવનમાં શું ફેર ?

ઉ. ૭૮ મનન એ મનનું છે મનથી વિચારી નાંખવું તે અને ચિંતવન એ ચિત્તનું છે. હું નાલાયક થઈ ગયો, હું સારો થઇ ગયો, એવા પ્રકારના ભાવો તેને ચિંતવન કહેવાય. વ્યક્તિ જેવું ચિંતવન કરે તેવો આત્મા થઇ જાય.

પ્ર. ૭૯ વિચાર અને અભિપ્રાય એ બેમાં ફેર શું ?

ઉ. ૭૯ અભિપ્રાય એ ચાર્જ છે અને વિચાર એ પરિણામ છે. અભિપ્રાય એ કોઝીઝ છે અને વિચાર એ એનું પરિણામ છે.

પ્ર. ૮૦ નિર્વિચાર અને નિર્વિકલ્પ એ બેમાં ફેર શું ?

ઉ. ૮૦ બહુ ફેર છે. નિર્વિચાર એટલે વિચાર રહિતપણું અને નિર્વિકલ્પ એટલે વિકલ્પ રહિતપણું. વિચાર ખલાસ થઈ ગયા એટલે શૂન્ય થઈ ગયો. કેટલાક બાવાઓ વિચાર શૂન્ય થઈ જાય છે. વિચારો કરવાનું બંધ રાખે પછી વિચારોનું ધ્યાન ના આપે એટલે પછી દહાડે દહાડે વિચાર શૂન્ય એટલે પથરા જેવો થઈ જાય, આમ ઉપરથી રૂપાળો બંબ જેવો દેખાતો હોય, શાંત મૂર્તિ લાગે પણ મહીં જ્ઞાન ના હોય, મન વિચાર કરતું બંધ થઈ જાય એટલે બધું ''સ્ટેન્ડ સ્ટીલ'' થઈ જાય. વિચાર શૂન્યમાંથી ફરી પાછી એને વિચારની ભૂમિકા ઉત્પન્ન કરવી પડશે. શ્રીમદ્ રાજચંદ્રે (કૃપાળુ દેવે) કહ્યું છે કે ''કર વિચાર તો પામ'' એટલે વિચાર તો ઠેઠ સુધી જોઈએ અને આત્મજ્ઞાન પામ્યા પછી વિચારની જરૂર નથી. વિચારો જ્ઞેય થાય અને પોતે જ્ઞાતા થાય તથા કર્તા પદનું ભાન તૂટ્યું એ નિર્વિકલ્પ થયો કહેવાય દેહાધ્યાસ જાય પછી નિર્વિકલ્પ પદ પ્રાપ્ત થાય. નિર્વિકલ્પ પદ તો બહુ ઊંચુ પદ છે. નિર્વિકલ્પ પદ એ તો આત્મ જ્ઞાનીને હોય છે અર્થાત્ આ પદ પ્રાપ્ત થયા પછી તે જીવનો થોડાક ભવોમાં જ મોક્ષ નક્કી છે. નિર્વિકલ્પ પદ પ્રાપ્ત થતા મોક્ષ સુખ અનુભવાય છે.

પ્ર. ૮૧ મનના દોષો કયા કયા ?

ઉ. ૮૧ મનના દસ દોષો નીચે મુજબ છે.

૧. **અવિવેક દોષ** : સામાયિકમાં આત્મકલ્યાણ સિવાય બીજા વિચારો કરવા તે.

૨. **યશ કીર્તિ દોષ** : યશ-કીર્તિ અને પ્રતિષ્ઠા માટે સામાયિક કરવું તે.

૩. **લાભાર્થ દોષ** : ધન, આદિ લાભની ઈચ્છાથી સામાયિક કરવું.

૪. **ગર્વ દોષ**: સામાયિક આદિ ધર્મકરણીમાં બીજા કરતાં ચડિયાતો છું. એવું બોલવું તે.

૫. **ભય દોષ** : લોક નિંદાના ભયથી બચવા સામાયિક કરવી.

૬. **નિદાન દોષ** : ભૌતિક સુખની ઈચ્છાથી સામાયિક કરવી.

૭. **સંશય દોષ** : સામાયિકના ફળ સબંધી સંદેહ કરવો તે.

૮. **કષાય દોષ** : ગુસ્સાના કારણે, સામાયિક કરવા બેસવું, રોષપૂર્વક બેસવું અથવા સામાયિકમાં ક્રોધ કરવો તે.

૯. **અવિનય દોષ** : દેવ, ગુરુ તથા ધર્મનો વિનય ન કરવો તે. વિનય વગર સામાયિક કરે તે અવિનય દોષ

૧૦. **અબહુમાન દોષ** : આદર, અહોભાવ, ઉમંગ અને ભક્તિ ભાવ વગર સામાયિક કરવું તે.

પ્ર. ૮૨ અંતઃકરણ કોને કહેવાય ?

ઉ. ૮૨ જેમાંથી કર્તાભાવ ઉત્પન્ન થાય છે એ અંતઃકરણ છે. હું કંઈક કરું છું એ ભાવ ઉત્પન્ન થાય છે એ અંતઃકરણ કહેવાય. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચાર વસ્તુઓનું બનેલું તે અંતઃકરણ કહેવાય. અહંકાર પ્રેસીડેન્ટની જગ્યાએ છે અને બુદ્ધિ વડાપ્રધાનની જગ્યાએ છે, મન હોમ ડિપાર્ટમેન્ટ છે એ ગયા અવતારોની સંસ્કારોની ફિલ્મ છે. ચિત્ત ફોરેન ડિપાર્ટમેન્ટની જગ્યાએ છે. કોઈ એક જણની, કોઈનાય બાપની માલિકી નથી બધા જ સ્વતંત્ર છે અને પાર્લામેન્ટ પદ્ધતિ છે. જયાં એક બાજુ બે ભેગા થયા હતા ત્યાં ત્રીજો ભળી જાય અને બાકીના રખડી મરે. કોઈ કોઈનોય ઉપરી નથી, એવિડન્સ ઉપર સત્તાનો આધાર છે.

પ્ર. ૮૩ **મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકારનું આ શરીરમાં સ્થાન ક્યાં છે ?**

ઉ. ૮૩ ૧. મન : સ્થૂળ મન હૃદયમાં આઠ પાંદડીઓ વાળું કમળ છે
સૂક્ષ્મ મન બે ભ્રમરની વચ્ચે અઢી ઈંચ અંદર રહેલું છે. - આજ્ઞા ચક્રમાં-

૨. બુદ્ધિ : તાળવા ઉપર (બ્રહ્મરંધ્ર)-દશમ સ્થાનમાં છે.

૩. ચિત્ત : સ્થૂળ ચિત્ત માથામાં પાછળ ચોટલી બાંધે છે ત્યાં છે.
સૂક્ષ્મ ચિત બુદ્ધિની જોડે રહે છે એ અરૂપી છે.

૪. અહંકાર : કેડ નીચે પાછળના ભાગમાં છોકરાને શાબાશી આપે છે ત્યાં છે.

આ ચારેયના ફોટા પાડી શકાય તેમ છે.

પ્ર. ૮૪ **મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ જડ છે ?**

ઉ. ૮૪ અહંકાર એ ભાઈ છે અને મન, બુદ્ધિ અને ચિત્ત એ ત્રણ બહેનો છે. મન એકલું ફિઝીકલ છે અને બાકીના ત્રણ બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ મિશ્રચેતન છે. મિશ્રચેતન એટલે પાવર ભરેલો છે, એ પાવર જ્યાં સુધી છે ત્યાં સુધી કામ કરશે અને પાવર નહીં હોય તો ખલાસ થઈ જશે. આત્માની હાજરીથી એમાં પાવર ભરાય છે.

પ્ર. ૮૫ **અહંકાર અને બુદ્ધિને કોણ છેતરી જાય છે ?**

ઉ. ૮૫ મન

પ્ર. ૮૬ **અંતઃકરણના કયા ભાગને પહેલી અસર થાય છે ?**

ઉ. ૮૬ બુદ્ધિને અસર પહેલી થાય છે. બુદ્ધિ જો હાજર ના હોય તો અસર ના થાય પછી મન પકડી લે, વાગોળવાની ક્રિયા મન કરે.

પ્ર. ૮૭ **અંતઃકરણમાં ચલણ કોનું ?**

ઉ. ૮૭ અંતઃકરણમાં ચલણ બધું બુદ્ધિનું પણ રોફ આખો મારી ખાય અહંકાર. સામ્રાજ્ય આખું અહંકારનુ. બુદ્ધિ અને અહંકાર જોડે જ હોય છતાં ક્યારેક સામ સામા પણ આવી જાય છતાંય સહી તો બુદ્ધિ કહે ત્યાં જ એ કરે પરંતુ જો અહંકાર વીટો પાવર વાપરી સહી ના કરે તો બુદ્ધિનું પછી ચલણ ના રહે એટલે મુખ્યત્વે પાર્લામેન્ટરી પદ્ધતિ કોઈ એકનું સ્વતંત્ર ડિસીઝન (નિર્ણય) નહીં. શરીર ઉપર મનનું નિયંત્રણ, મન ઉપર બુદ્ધિનું નિયંત્રણ, બુદ્ધિ ઉપર અહંકારનું નિયંત્રણ આમ ખરેખર આ ચારેયનું નિયંત્રણ છે.

પ્ર. ૮૮ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર બે ભ્રમ થાય ત્યારે શું થાય ?

ઉ. ૮૮ મન બે ભ્રમ થાય ત્યારે ન જોઈતા ન ગમતા વિચારો આવે, બુદ્ધિ ભ્રમિત થાય ત્યારે કોઈ કામ ન થાય, ચિત્ત ભ્રમિત થાય ત્યારે એક પોળમાં જવાને બદલે બીજી પોળમાં પેસી જવાય અને અહંકાર ભ્રમિત થાય ત્યારે મરવાનાં વિચાર આવે.

પ્ર. ૮૯ અંતઃકરણ ક્યારે બંધ થાય ?

ઉ. ૮૯ કાં તો ગાંજો, ચલમ કે દારુનો નશો ચઢે તો અંતઃકરણ બંધ થાય અથવા ડૉકટર એનેસ્થેશિયા આપે તો અંતઃકરણ બંધ થાય બાકી અંતઃકરણ બંધ થાય નહીં.

પ્ર. ૯૦ વિચારો ક્યારે સુધરે ?

ઉ. ૯૦ દેવલોકોને ધરાવ્યા પછી જ ખવાય. આ દેવલોકોને ધરાવીને ખાય તો પછી વિચારો સુધરે. દેવલોકોને ધરાવ્યા વગર ખાધું તો તે ચોરીનો માલ કહેવાય અને ચોરીનો માલ ખાય તો પછી વિચારો ખરાબ આવે બગડે.

પ્ર. ૯૧ અધ્યવસન એટલે શું ?

ઉ. ૯૧ મનમાં જે જાત જાતના તરંગો ઊભા થાય તેને વીતરાગ ભગવંતોએ અધ્યવસન કહ્યું છે.

પ્ર. ૯૨ મનથી છૂટું શી રીતે થવાય ?

ઉ. ૯૨ જીવતા મરી જાય તો મનથી છૂટો થઈ જાય.

પ્ર. ૯૩ મન એજ બંધનનું કારણ છે અને મન એજ મોક્ષનું પણ કારણ છે આ વિધાન સવિસ્તાર સમજાવો?

ઉ. ૯૩ મનના કહ્યા પ્રમાણે ચાલીએ તો આ મન આપણને અનંત અવતારની ભટકામણમાં ફસાવી દે તેવું છે, આ અપેક્ષાએ શાસ્ત્રકારોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવેલ કે આ મન બંધનનું કારણ છે. પૂર્વ જન્મોના પૂણ્યાનુબંધી પુણ્યને કારણે જો મનુષ્યને જ્ઞાની પુરુષનો ભેટો થઇ જાય અને આ જ્ઞાની પુરુષ દ્વારા તે મનુષ્યને પોતાના સ્વરૂપનું ભાન થાય અર્થાત્ સમકિત પ્રાપ્ત થઇ જાય તો તે મનુષ્યનું મન મોક્ષે જવા માટેનું ઉત્તમ સાધન પણ બની શકે છે.

પ્ર. ૯૪ મન જો શંકાશીલ થયું હોય તો શું વિચારવા યોગ્ય છે ?

ઉ. ૯૪ મન જો શંકાશીલ થયું હોય તો દ્રવ્યાનુયોગ વિચારવો યોગ્ય છે.

પ્ર. ૯૫ મન પ્રમાદી થઈ ગયું હોય તો શું વિચારવા યોગ્ય છે ?

ઉ. ૯૫ મન પ્રમાદી થઈ ગયું હોય તો ચરણકરણાનુયોગ વિચારવો યોગ્ય છે.

પ્ર. ૯૬ મન કષાયી થઈ ગયું હોય તો શું વિચારવા યોગ્ય છે ?

ઉ. ૯૬ મન કષાયી થઈ ગયું હોય ત્યારે ધર્મકથાનુયોગ વિચારવો યોગ્ય છે.

પ્ર. ૯૭ મન જડ થઈ ગયું હોય ત્યારે શું વિચારવા યોગ્ય છે ?

ઉ. ૯૭ મન જડ થઈ ગયું હોય ત્યારે ગણિતાનુયોગ વિચારવો યોગ્ય છે.

પ્ર. ૯૮ માન એટલે શું ?

ઉ. ૯૮ માન એટલે અહંકારનું વિસ્તૃત સ્વરૂપ. બહુવચન થયેલું ''ઈગો વીથ રીચ મટિરિયલ્સ'' એ માન કહેવાય. કોઈપણ વ્યક્તિએ લોકોનું ધ્યાન તરત ખેંચાય તેવા કિંમતી વસ્ત્રો અને સોનાના દાગીના પહેર્યા હોય કે જે લોકોની તરત નજરમાં આવે તેને માન કહેવાય. ફર્સ્ટ કલાસ કપડાં પહેરી રૂ. ૩૦૦૦/- નું ઘડિયાળ ઘાલીને આટલી જરા બાંય ઊંચી રાખે, આમ લોકોને દેખાય એ માટે એ માન કહેવાય. માન એટલે તિરસ્કાર. હું કંઈક છું એમ કરી લોકોને તિરસ્કારે. માન પોતે હિંસકભાવ છે માનની અંદર ક્રોધ ભરાયેલો હોય જ છે.

પ્ર. ૯૯ માન એટલે શું ? માનના બાર નામ કયા કયા ?

ઉ. ૯૯ માનના પરિણામને ઉત્પન્ન કરવાવાળા કર્મને માન કહે છે. માનના બાર નામ નીચે મુજબ છે.

૧. માન : માનનું સામાન્ય નામ.

૨. મદ (હર્ષ) : માનનું વિશેષ નામ.

૩. મદમસ્તપણું : અહંકારભાવ.

૪. સ્તમ્ભ : થાંભલાની જેમ અક્કડ થઈ રહેવું, કોઈને નમસ્કાર ન કરવા.

૫. ગર્વ : ઘમંડ કરવો.

૬. અત્યુત્ક્રોશ : પોતે પોતાને બીજાથી શ્રેષ્ઠ બતાવવો.

૭. પરપરિવાદ : બીજાની નિંદા કરવી, બીજાના અવગુણવાદ બોલવા.

૮. ઉત્કર્ષ : અભિમાનથી પોતાની સમૃધ્ધિ, પોતાનું ઐશ્વર્ય પ્રગટ કરવું.

૯. અપકર્ષ : બીજાને નીચાં જોવડાવવું. પોતાની ક્રિયાને ઊંચી બતાવવી.

૧૦. ઉન્નત : પહેલા જે ગુરુજનોને નમસ્કાર કરતાં હતાં તેઓને પણ નમસ્કાર કરવાનું છોડી દેવું. અથવા અભિમાનથી શિષ્ટાચાર અર્થાત્ નીતિનો પણ ત્યાગ કરવો.

૧૧. ઉન્નામ : જે પોતાને નમસ્કાર કરે છે તેઓને વળતા નમસ્કાર ન કરવાં અથવા તેમને નમસ્કારનો જવાબ ન દેવો.

૧૨. દુર્નામ : ઉચિત રૂપથી નમવું નહિં અથવા મદથી દુષ્ટ રૂપે પ્રવૃત્તિ કરવી.

પ્ર. ૧૦૦ માનનો ગુરખો કોણ ?

ઉ. ૧૦૦ ક્રોધ એ માનનો ગુરખો છે. ક્રોધ તો માનનું રક્ષણ કરવા માટે હોય છે.

પ્ર. ૧૦૧ માનની ભૂખ ક્યારે મટી જાય ?

ઉ. ૧૦૧ નાનપણમાં દરેક બાબતમાં જેને માન મળેલું હોય તેને માનની ભૂખ મોટી ઉંમરે હોય નહીં. નાનપણમાં ભૂખ મટેલી હોય તો માનની પડેલી ના હોય. માન ખૂબ મળે તો માનની ભૂખ મટી જાય. પ્રમાણથી વિશેષ માન મળ્યા જ કરે તો પછી માનની ભૂખ મટી જાય. અપમાન કરનારો ઉપકારી જયારે જણાશે ત્યારે તમારું માન છેદાઇ જશે. અપમાનનાં વસાણાથી માનની ભૂખ મટે.

પ્ર. ૧૦૨ માન અને સ્વમાન વચ્ચે ભેદ શું ?

ઉ. ૧૦૨ માન એટલે ઇગો વીથ રીચ મટિરિયલ્સ અને સ્વમાન એટલે પોતાની જે કવૉલિટી છે ને એટલા પૂરતું જ માન. પોતાની જે કવૉલિટી ફીક્સ છે એટલા પૂરતું જ માન કે ભાઇ હું ગ્રેજ્યુએટ થયો છું, તે ગ્રેજ્યુએટ પૂરતું જ માન એ સ્વમાન કહેવાય. સ્વમાન એટલે પોતાનું પોતે જે છે એવું માંગણી કરે એથી વધારે નથી માંગતો. માન એટલે એની પાસે ડિગ્રી કે કવૉલિટી નથી એ જોવાનું નહીં પણ કિંમતી ચીજ વસ્તુઓ હોય એ બધું માન. માન ના સચવાય તો ક્રોધ થાય. જ્યારે સ્વમાન ભંગ થાય તો તે પોતે વેર વાળે. સ્વમાન એટલે અપમાન ના થાય એ માટેનું રક્ષણ કરવું તે.

પ્ર. ૧૦૩ નિર્માની એટલે શું ?

ઉ. ૧૦૩ અહંકારે કરીને જે માન દૂર કર્યું એને નિર્માની કહેવાય. નિર્માનીપણું એ સૂક્ષ્મ અહંકાર છે. માનીનો અહંકાર તો જ્ઞાની ઓગાળી આપે પણ નિર્માનીનો અહંકાર તો ભગવાનથીયે ઓગળે નહીં એવો સૂક્ષ્મ અહંકાર છે. અહંકારે કરીને અપમાનને સહન કરવું એ નિર્માનીપણું કહેવાય. નિર્માની એટલે અહંકાર X અહંકાર. બીજા શબ્દોમાં કહીએ તો ગાઢ સૂક્ષ્મ અહંકાર એટલે નિર્માનીપણું.

પ્ર. ૧૦૪ મિથ્યાત્વ કોને કહેવાય ?

ઉ. ૧૦૪ હું ચંદુલાલ છું એ અજ્ઞાન માન્યતા, હું સિતેર વર્ષનો છું એ અજ્ઞાન માન્યતા, હું જૈન છું એ અજ્ઞાન માન્યતા, હું આનો બાપ થાઉં. હું મામો થાઉં. હું આનો ફુઓ થાઉં એ બધી અજ્ઞાન માન્યતાઓ. આવી બધી અસંખ્ય અજ્ઞાન માન્યતાઓને પછી દોરડીથી બાંધીએ એને મિથ્યાત્વ કહેવાય. જેમ આ લાકડા આવડા આવડા એક એક જુદા હોય તેમને બધાને ભેગા કરીને બાંધીએ એને ભારી કહેવાય તેવું. તમામ પ્રકારની અજ્ઞાન માન્યતાઓને ભેગી કરીએ તેનું નામ મિથ્યાત્વ. જે ''હું છું'', ''હું છું'' એવું કહેવામાં આવે છે તે બધુ મિથ્યાત્વ કહેવાય. મિથ્યાત્વ એટલે અવસ્થાઓમાં તન્મયાકાર રહેવું તે. ભગવાનની ભાષામાં આ દુનિયામાં કોઇ માણસ સહેજે ય ગુનેગાર નથી આમ છતાં કોઇ ગુનેગાર દેખાય છે એનું નામ જ મિથ્યાત્વ. નિજશુદ્ધ આત્મતત્ત્વથી વિરુદ્ધ અભિપ્રાય હોવો અને અન્ય શુદ્ધ દ્રવ્યો વિષે વિરુદ્ધ અભિપ્રાય હોવો તેને મિથ્યાત્વ કહે છે. પોતાનું નહીં તેને પોતાનું માને તે મિથ્યાત્વ છે. કલ્યાણને અકલ્યાણ અને અકલ્યાણને કલ્યાણ સમજે તે મિથ્યાત્વ. સાચી શ્રદ્ધા ન થાય અને જીવાદિ તત્ત્વોની મિથ્યા શ્રદ્ધા એ મિથ્યાત્વ છે.

પ્ર. ૧૦૫ મિથ્યાત્વના પાંચ પ્રકાર વિગતે સમજાવો ?

ઉ. ૧૦૫ મિથ્યાત્વના પાંચ પ્રકાર નીચે મુજબ છે.

[૧] **એકાંત મિથ્યાત્વ :** અનંત ધર્માત્મક વસ્તુમાં એક જ ધર્મ માનવાની હઠ અથવા અભિપ્રાય તે એકાંત મિથ્યાત્વ છે. આત્મા અને પુદ્ગલાદિ દ્રવ્યોમાં અનેક સ્વભાવ છે, આમ છતાં એક જ સ્વભાવ છે એમ આગ્રહ કરવો તે એકાંત મિથ્યાત્વ છે. જેમ દ્રવ્ય મૂળ સ્વભાવની દૃષ્ટિએ નિત્ય છે અને પર્યાય (અવસ્થા) બદલાતી હોવાની અપેક્ષાએ અનિત્ય છે. આ રીતે વસ્તુ નિત્ય - અનિત્ય રૂપ છે, તેમ ન માનતા એમ હઠ કરવી કે વસ્તુ નિત્ય જ છે, તે એકાંત મિથ્યાત્વ છે.

[૨] **અજ્ઞાન મિથ્યાત્વ :** તત્ત્વોને જાણ્યા વગર દેખાદેખી કોઇ પણ તત્ત્વને માની લેવું તે અજ્ઞાન મિથ્યાત્વ. જેમ જળ સ્નાનથી ધર્મ થાય છે, એમ માની લેવું તે અજ્ઞાન મિથ્યાત્વ. વસ્તુ સ્વરૂપનું કંઇજ જ્ઞાન ન હોવું, હિત અહિતનો વિવેક ન હોવો, તે અજ્ઞાન મિથ્યાત્વ છે.

[૩] **વિનય મિથ્યાત્વ :** પરીક્ષા કર્યા વગર કુતત્ત્વ અને સુતત્ત્વ બંનેને એક સરખા માની આદર કરવો એ વિનય મિથ્યાત્વ. જેમ વીતરાગ સર્વજ્ઞ દેવ અને અલ્પજ્ઞ રાગી દેવ બંનેને સરખા સમજી બંનેની ભક્તિ કરવી તે વિનય મિથ્યાત્વ. દેવ - કુદેવ, શાસ્ત્ર - કુશાસ્ત્ર, ગુરુ - કુગુરુ વગેરેનો વિચાર કર્યા વિના બધાને સરખા માનવાનો વિનય કરવાનો ભાવ તે વિનય મિથ્યાત્વ છે.

[૪] **સંશય મિથ્યાત્વ :** સુતત્વ અને કુતત્વનો નિર્ણય ન કરવો અને સંશયમાં રહેવું તે સંશય મિથ્યાત્વ છે. વસ્તુના સ્વરૂપમાં ''આ'' આ પ્રમાણે હશે કે ''આ'' પ્રમાણે ? વગેરે સંશય કે સંદેહ કરવાનાં ભાવને સંશય મિથ્યાત્વ કહે છે.

[૫] **વિપરીત મિથ્યાત્વ :** જે ધર્મ ન હોઇ શકે તેને ધર્મ માની લેવો. જેમ પશુયજ્ઞમાં અર્થાત્ યજ્ઞમાં પશુની બલિ ચઢાવવી તેને ધર્મ માનવો, તે વિપરીત મિથ્યાત્વ છે. વસ્તુ સ્વરૂપથી બિલકુલ વિરુદ્ધ તત્ત્વરૂપ વસ્તુને માનવી તે વિપરીત મિથ્યાત્વ છે.

પ્ર. ૧૦૬ મિથ્યાત્વના દસ પ્રકાર કઇ રીતે વર્ણવ્યા છે ?

ઉ. ૧૦૬ ૧. ધર્મને અધર્મ કહેવો — ૨. અધર્મને ધર્મ કહેવો
૩. માર્ગને ઉન્માર્ગ કહેવો — ૪. ઉન્માર્ગને માર્ગ કહેવો
૫. સાધુને અસાધુ કહેવો — ૬. અસાધુને સાધુ કહેવો
૭. જીવને અજીવ કહેવો — ૮. અજીવને જીવ કહેવો
૯. મૂર્તને અમૂર્ત કહેવું — ૧૦. અમૂર્તને મૂર્ત કહેવું.

પ્ર. ૧૦૭ મિથ્યાત્વ શું છે તે શા કારણે સમજાય નહીં ?

ઉ. ૧૦૭ દુરાગ્રહભાવને લીધે મિથ્યાત્વ શું છે તે સમજાય નહીં.

પ્ર. ૧૦૮ અન્ય મતે મિથ્યાત્વના ચાર પ્રકાર કયા બતાવ્યા છે ?

ઉ. ૧૦૮ ૧. **પ્રરુપણા મિથ્યાત્વ :** ઉપદેશ, ધર્મકથા, આદિમાં શ્રી જિન કથિત સન્માર્ગથી વિપરીત નિરૂપણ કરવું તે પ્રરુપણા કહેવાય.

૨. **પ્રવર્તન મિથ્યાત્વ :** શ્રી જિન દર્શિત સમ્યક્ આચારો અને પર્વારાધનોથી વિપરીત આચરણ કરે તે પ્રવર્તન મિથ્યાત્વ છે.

૩. **પરિણામ મિથ્યાત્વ :** શ્રી જિન દૃષ્ટિ ભાવ વિશુધ્ધિના સમ્યક્ અવલંબનને છોડી વિરુદ્ધ કલ્પનાઓ કરે તે પરિણામ મિથ્યાત્વ છે.

૪. **પ્રદેશ મિથ્યાત્વ :** દર્શન મોહનીય કર્મના દળિયા પ્રદેશોદયથી વર્તી રહ્યાં હોય તે પ્રદેશ મિથ્યાત્વ છે.

પ્ર. ૧૦૯ અન્ય મતે મિથ્યાત્વના પાંચ ભેદ કયા વર્ણવ્યા છે ?

ઉ. ૧૦૯ ૧. **અભિગ્રહિક મિથ્યાત્વ :** પોતે ગ્રહણ કરેલાં, સ્વીકારેલાં કુધર્મને છોડવો નહીં તે અભિગ્રહિક મિથ્યાત્વ. અનાયાસે કુળ - પરંપરા આદિથી પ્રાપ્ત થયેલ જે ધર્મ માર્ગ પોતે સ્વીકારેલ હોય તેને ઉચિત પરીક્ષા વિધિથી તપાસ્યા સિવાય તે જ સાચો માર્ગ છે, એવો હઠાગ્રહ રાખવો તે.

૨. **અનાભિગ્રહિક મિથ્યાત્વ :** સર્વ ધર્મને એક સરખા માનવા તે અનાભિગ્રહિક મિથ્યાત્વ છે. જગતનાં ધર્મ માર્ગોની સત્યતા ચકાસ્યા સિવાય બધાંય ધર્મોને સાચા માનવા અગર બધાંય ધર્મને ખોટાં માનવાં અને તે પ્રમાણેનો આગ્રહ રાખવો તે અનાભિગ્રહિક મિથ્યાત્વ છે.

૩. **અભિનિવેશિક મિથ્યાત્વ :** ખોટું જાણવા છતાં તેને છોડવું નહીં. એટલે કોઇપણ ધર્મ કે તત્વ કે માર્ગ પોતે સ્વીકારેલ હોય તે કોઇના બતાવ્યાથી કે સમજાવવાથી પોતાને ખોટો ભાસે છે છતાં પણ મમત્વથી કે બીજા દુરાશયોથી તેને છોડવો નહીં અને તેને સાચો ઠરાવવાનો દુરાગ્રહ રાખવો તે અભિનિવેશીક મિથ્યાત્વ છે.

૪. **સાંશયિક મિથ્યાત્વ :** શ્રી વીતરાગદેવનાં વચનમાં શંકા રાખવી તે સાંશયિક મિથ્યાત્વ. પોતે સ્વીકારેલ ધર્મ સાચો જ હોય છતાં મનમાં સંદેહ ઘરે કે આ સાચો હશે કે પેલો આવું સંશયયુક્ત મન રાખે તે સાંસયિક મિથ્યાત્વ છે.

૫. **અનાભોગિક મિથ્યાત્વ :** અજાણપણે સાચું ખોટું કાંઇ સમજવું નહીં તે. અજ્ઞાનવશ જીવને સત્યાસત્યનું ભાન જ ન હોય તે અનાભોગિક મિથ્યાત્વ છે.

પ્ર. ૧૧૦ અવગાઢ મિથ્યાત્વ કોને કહેવાય ?

ઉ. ૧૧૦ અનાત્માને આત્મા માનવો અને આત્માને અનાત્મા માનવો એ ગાઢ મિથ્યાત્વ છે. ભયંકર દુરાગ્રહો એ જ અવગાઢ મિથ્યાત્વ છે. જે મિથ્યાત્વ એના સ્થાનને ક્યારેય પણ છોડે નહીં, વાંકું થાય, આંડુ થાય, ત્રાંસુ થાય પણ સ્થાનને છોડે નહીં એ જ અવગાઢ મિથ્યાત્વ છે.

પ્ર. ૧૧૧ મિથ્યા કોનું નામ કહેવાય ?

ઉ. ૧૧૧ જે ભોગવવું ના પડે અને જેની અસર ના થાય તો જાણવું મિથ્યા. મિથ્યા કોને કહેવાય કે ત્યાં ને ત્યાં અસર પૂરી થઇ જાય. મિથ્યા એટલે on the moment અસર થાય તે.

પ્ર. ૧૧૨ મિથ્યાત્વી કોને કહેવાય ?

ઉ. ૧૧૨ જે મિથ્યા ચીજો છે, નાશવંત ચીજો છે તેમાંથી સુખ મળશે તેમ જે માને છે તેને મિથ્યાત્વી કહેવાય. પોતે અવિનાશી છે અને મિથ્યા ચીજોમાંથી સુખ ખોળે છે તે મિથ્યાત્વી કહેવાય. જેને અવિદ્યામાં, દુર્બુદ્ધિમાં, કષાયમાં અને વિષયમાં આનંદ મળે છે, એવું ભાન છે તે મિથ્યાત્વી. જે પુણ્ય પાપ, સ્વર્ગ નરકની વિચારણાંને બુદ્ધિમાન લોકોએ ઉપજાવી કાઢેલ વસ્તુ છે એવું સમજે છે તે મિથ્યાત્વી છે. પુર્નજન્મને કે મને જે મળ્યું છે તે પૂર્વજન્મનાં આધારે મળ્યું છે તેમ સ્વીકારવા તૈયાર નથી તે મિથ્યાત્વી છે. સાચી વસ્તુને જ્ઞાની પુરુષ દ્વારા સમજાવવામાં આવે છતાં પણ જે આડાઇ અને સ્વછંદને કારણે તે વસ્તુ સ્વીકારવા તૈયાર ન થાય તેને મિથ્યાત્વી કહેવાય.

પ્ર. ૧૧૩ મિથ્યાત્વની કેટલી પ્રકૃતિ છે ? તેમાં કઇ પ્રકૃતિઓ ચક્રવર્તી સમાન છે ?

ઉ. ૧૧૩ મિથ્યાત્વની સાત પ્રકૃતિ છે, તેમાં અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા અને અનંતાનુબંધી લોભ એ ચાર પ્રકૃતિ ચક્રવર્તી સમાન છે.

પ્ર. ૧૧૪ મિથ્યાદર્શન અને સમ્યક્દર્શન બેમાં ફેર શો ?

ઉ. ૧૧૪ વિનાશી વસ્તુમાં સાચું સુખ માનવું અને પોતાનું અવિનાશી સુખ ના સમજવું, એ રોંગ બીલિફ તે મિથ્યાદર્શન. ''હું ચંદુલાલ છું'' એ મિથ્યાદર્શન અને રાઇટ બીલિફ એટલે કે ''હું શુદ્ધાત્મા છું'' તે સમ્યક્દર્શન છે.

પ્ર. ૧૧૫ મુમુક્ષુ કોને કહેવાય ?

ઉ. ૧૧૫ મુમુક્ષુ એટલે એકલા મોક્ષની જેને ઇચ્છા છે, નિરંતર મોક્ષની ઇચ્છાવાળો તે મુમુક્ષુ કહેવાય. મોક્ષ સિવાય બીજી કોઇપણ પ્રકારની ઇચ્છા નહીં તે મુમુક્ષુ. શબ્દનો ભાવાર્થ સમજે તે મુમુક્ષુ કહેવાય. જેને જ્ઞાની પુરુષની તરત ઓળખાણ પડી જાય તે મુમુક્ષુ. જે જ્ઞાનીને આંખો ઉપરથી ઓળખી જાય તે મુમુક્ષુ.

પ્ર. ૧૧૬ મુમુક્ષુ અને જિજ્ઞાસુમાં મોટો કોણ ?

ઉ. ૧૧૬ મુમુક્ષુ કરતાં જિજ્ઞાસુ પહેલો મોક્ષે જાય. જિજ્ઞાસુ તો કોક જ હોય. નટુભાઇ તમે ખરા જિજ્ઞાસુ કહેવાવ. વહેલી સવારના જ્ઞાની ઊઠયા ના હોય તે પહેલા દ્વાર આગળ જ્ઞાનીની પ્રતિક્ષા કરતાં બેસી રહે અને જ્ઞાની ક્યારે જાગે કે દ્વાર ખોલે તેની જ માત્ર રાહ જુએ તે ખરો જિજ્ઞાસુ.

પ્ર. ૧૧૭ મોરાલિટી એટલે શું ?

ઉ. ૧૧૭ પોતાના હક્કનું અને સહેજે મળી આવે તે બધું જ ભોગવવાની છૂટ આ છેલ્લામાં છેલ્લી મોરાલિટીનો અર્થ છે. મોરલ ત્યાં વક્રપણું ના હોય, કપટ ત્યાં ના હોય. મોરાલિટી હોય ત્યાં કપટનો સંપૂર્ણ અભાવ હોય. મોરલ એટલે કોઇના માટે સહેજ પણ મન બગડે નહીં, ઇન્દ્રિય વિષયોમાં કે ક્રોધ, માન, માયા, લોભમાં કશામાંય મન સહેજેય બગડે નહીં તે મોરલ. કષાયોની મંદતા થાય એ પણ મોરાલિટી. મોરાલિટી એટલે પોતાની પુત્રી ઉપર ભાવ આવે અને તે બધા જેટલા ભાવ આવે આખી જિંદગીમાં તે બધાય પુત્રીભાવ આવે બીજો ભાવ આવે નહીં. એજ રીતે છોકરાંની વહુ ઉપર પુત્રવધુના ભાવ આવે બીજો ભાવ ના આવે અને આખી જિંદગી તેના માટે પુત્રવધુના જ ભાવ આવે તે મોરાલિટી કહેવાય. બીજો ભાવ આવે તો એ મોરાલિટી તૂટી કહેવાય. પોતાના હક્કનું જો સહેજે આવીને ના મળે અને માંગીને લેવાનું થતું હોય તો તે મોરાલિટી ના કહેવાય. પોતાના હક્કનું છતાં માંગીને લેવાનું થતું હોય તો તે મોરાલિટી ના કહેવાય. સહેજે આવીને મળે તે જ ખપે એવી ચોખ્ખી દાનત અને એવો ચોખ્ખો ભાવ એ જ મોરાલિટી.

પ્ર. ૧૧૮ મૃત્યુ એટલે શું ?

ઉ. ૧૧૮ આ જન્મ થાય છે ત્યારે આ મન, વચન, કાયા એ ત્રણ ''બેટરીઓ'' પ્રાપ્ત થાય છે. એ ગર્ભમાંથી ''ઇફેક્ટ'' (પરિણામ) આપતી છે. તે ''ઇફેક્ટ'' પૂરી થાય અર્થાત્ બેટરીથી હિસાબ પૂરો થઇ જાય ત્યાં સુધી તે ''બેટરી'' રહે અને પછી ખલાસ થઇ જાય એને મૃત્યુ કહે છે. પાંચ ઇન્દ્રિયો, ત્રણ બળ (મનોબળ, વચનબળ, કાયાબળ) શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય આ દસ પ્રાણના નાશને મરણ કહે છે. મૃત્યુ એટલે પંચભૌતિક શરીરથી આત્માનો વિયોગ થવો તે. આત્માનો ભૌતિક સ્થૂળ શરીરમાં પ્રવેશ એટલે જન્મ અને તેમાંથી ચાલ્યા જવું તે મૃત્યુ. મૃત્યુ એટલે Rest House માં જવું તે. મૃત્યુ એ ફૂલ પોઇન્ટ થયું કહેવાય.

પ્ર. ૧૧૯ મૃત્યુ સમયે જીવ કયા પાંચ અંગેથી નીકળે છે ? તેની ગતિ શું ?

ઉ. ૧૧૯ ૧. પગથી નીકળનાર જીવ નરકગામી હોય છે.

૨. જાંઘેથી (સાથળમાંથી) નીકળનાર જીવ તીર્યંચ અર્થાત્ જાનવર ગતિમાં જાય છે.

૩. હૃદયમાંથી કે પેટથી નીકળનાર જીવ મનુષ્ય ગતિમાં જાય છે. અર્થાત્ મનુષ્યમાં જ પાછો આવે છે.

૪. મસ્તકથી જો જીવ નીકળે તો દેવગતિમાં જાય છે.

૫. સર્વ અંગોથી અર્થાત્ બધા અંગોથી જીવ નીકળે તો મોક્ષે જાય છે અર્થાત્ સિદ્ધગામી થાય છે.

પ્ર. ૧૨૦ મૃત્યુ થતાં જીવ દેહ ત્યાગી કેવી રીતે ગમન કરે છે ?

ઉ. ૧૨૦ પદાર્થમાત્રનું ગમન સમશ્રેણીએ થાય છે, વિષમશ્રેણીએ થતું નથી કારણકે આકાશના પ્રદેશની સમશ્રેણી છે. આત્માનો ઉર્ધ્વ સ્વભાવ છે તે પ્રમાણે પ્રથમ ઊંચો જાય અને વખતે સિદ્ધશિલાને ભટકાય પણ કર્મરૂપી બોજો હોવાથી તરત જ નીચે આવે છે. જેમ ડૂબતો માણસ એક વાર ઉપર આવે છે અને પછી પાછો નીચે જતો રહે છે તેમ. મૃત્યુ થતાં જીવ શરીર છોડીને પોતાનાં કર્મોને આધારે તથા મૃત્યુ સમયે જે છેલ્લો ફોટો પડે તે અનુસાર તે ગતિમાં જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો મૃત્યુ સમયે જેવી મતિ હોય તે પ્રમાણે તે જીવની ગતિ થાય છે.

પ્ર. ૧૨૧ મૃત્યુ થાય છે ત્યારે પહેલા દેહમાંથી શું નીકળે છે ?

ઉ. ૧૨૧ ૧. પહેલા આત્મા નીકળે છે પછી

૨. સૂક્ષ્મ બોડી નીકળે છે અને છેલ્લે

૩. કારણ બોડી બધું વાળી ઝૂડીને આ ક્રોધ, માન, માયા, લોભ સાથે નીકળે છે.

પ્ર. ૧૨૨ દેહ છૂટે ત્યારે આત્મા સાથે શું જોડે જાય ?

ઉ. ૧૨૨ દેહ છૂટે ત્યારે આત્મા સાથે સૂક્ષ્મ શરીર (ઇલેકટ્રિકલ બોડી) અને કારણ શરીર (તમામ પ્રકારના કર્મો - કારણ કર્મો) સાથે જાય છે.

પ્ર. ૧૨૩ મરણ કોને કહેવાય ?

ઉ. ૧૨૩ પહેલું મન ડિસ્ચાર્જ થાય, વાણી ડિસ્ચાર્જ થઇ ગઇ અને પછી ઇન્દ્રિયો ડિસ્ચાર્જ થઇ ગઇ તેને મરણ કહેવાય.

પ્ર. ૧૨૪ મૃત્યુ થાય તે વખતે મોઢામાં ગંગાજળ કેમ મૂકવામાં આવે છે ?

ઉ. ૧૨૪ ગંગાજળ એ પવિત્ર છે તથા હિમાલયમાંથી તે ગંગાનું પાણી આવતું હોવાથી ઘણી વનસ્પતિઓના સંસર્ગના કારણે તે એટલું શુધ્ધ હોય છે વળી તેમાં જંતુ હોતા નથી અને ગંગાજળ ગમે તેટલો વખત તમે બાટલીમાં ભરી રાખ્યું હોય તોય તેમાં જીવડાં (જંતુ) ઉત્પન્ન થતાં નથી આવું જંતુ મુક્ત પવિત્ર જળ હોવાથી તે મુખમાં મૂકવામાં આવે છે.

પ્ર. ૧૨૫ મૃત્યુ વિશેનું રહસ્ય શું છે ?

ઉ. ૧૨૫ જીવનો મરણકાળ ના આવ્યો હોય ત્યાં સુધી કોઇ મારી શકે જ નહીં અને મરણકાળ કોઇના હાથમાં નથી તેમજ આ જગતમાં ભગવાનની દૃષ્ટિએ કોઇ મરતો જ નથી. લોક ભાષામાં (ભ્રાંતિની ભાષામાં) મરે છે અને જીવે છે. લોકોના ભાવ બગડે એટલા માટે ભગવાને આ જ્ઞાન ખુલ્લું કર્યું નથી. અજ્ઞાની લોકોને ભાવ બગાડતા વાર ન લાગે અને ભાવ બગડે એટલે પોતે તેવો થઇ જાય. બીજા લોકોને માટે આ જ્ઞાન પોઇઝન છે.

પ્ર. ૧૨૬ મૃત્યુ વખતે દેહને કેવી વેદના થાય છે ?

ઉ. ૧૨૬ ગરુડ પુરાણમાં લખ્યું છે કે મૃત્યુ સમયે ૭૨૦૦૦ હજાર વીંછીના ડંખ એકસાથે જાણે શરીરમાં વાગતા હોય તેના જેવી પીડા થાય છે કારણકે શરીરમાં રહેલી ૭૨૦૦૦ નાડીઓ તે સમયે નાદારી કાઢે છે.

પ્ર. ૧૨૭ મરણના (મૃત્યુના) કેટલા પ્રકાર છે ?

ઉ. ૧૨૭ ભગવતી સૂત્રમાં આવિચિમરણના વીસ ભેદ, અવધિમરણના વીસ ભેદ, આત્યંતિક મરણના વીસ ભેદ, બાલ મરણના બાર ભેદ, પંડિત મરણના બે ભેદ એમ કુલ મળી ચુમ્મોતેર ભેદ કહ્યાં છે. જયારે અષ્ટપાહુડ ગ્રંથના પાંચમા ભાવ પાહુડમાં ગાથા બત્રીસમાં સત્તર પ્રકારનાં મૃત્યુનું કથન છે.

પ્ર. ૧૨૮ સત્તર પ્રકારના મરણ છે ? તે કયા કયા તે જણાવો ?

ઉ. ૧૨૮ સત્તર પ્રકારના મરણ નીચે મુજબ છે.

૧. **આવિચિમરણ :** આયુષ્ય કર્મના ભોગવાયેલા પુદ્ગલ પ્રતિ સમય ક્ષય થાય છે એને આવિચિમરણ કહે છે. જે રીતે પ્રતિ સમય આયુ ક્ષીણ થઇ રહે છે તે આવિચીમરણ છે. નારકી, તીર્યંચ, મનુષ્ય અને દેવની ગતિમાં ઉત્પતિથી માંડી પોત પોતાના આયુષ્ય કર્મના દલિકો પ્રતિ સમય વેદિને ઘટાડવા તે મરણને આવિચીમરણ કહે છે.

૨. **અવધિમરણ (મર્યાદા સહિત મરણ) :** અવધિ એટલે મર્યાદા. મર્યાદા સહિત મરણ છે તે અવધિમરણ છે. નરકાદિ ભવના હેતુભૂત વર્તમાન આયુષ્ય કર્મના પુદ્ગલોને ભોગવીને જીવ મરણ પામે છે અને ફરી એ આયુષ્ય કર્મના પુદ્ગલોને આગામી ભવમાં ગ્રહણ કરી મરણ પ્રાપ્ત કરે એને અવધિમરણ કહે છે.

૩. **આંત્યંતિક મરણ :** એકવાર ભોગવી છોડેલ આયુકર્મના પુદ્ગલોને એ જીવ બીજી વાર ન ભોગવે તે એ પુદ્ગલોની અપેક્ષાએ જીવનું આત્યંતિક મરણ કહેવાય છે. નરકાદિ ગતિના આયુકર્મના દળિયાને અનુભવીને મૃત્યુ પામ્યાં પછી ફરીથી કોઇપણ વખતે તે દળિયાને અનુભવીને મરવાનું જ ન હોય તે દ્રવ્યથી આત્યંતિક મરણ છે એ પ્રમાણે ક્ષેત્રાદિકથી પણ જાણવું.

૪. **બાલમરણ :** વ્રતરહિત (અસંયતિ) પ્રાણીઓના મૃત્યુને બાલમરણ કહે છે. બાલ એટલે મિથ્યાત્વીનું કે અવિરતિ જીવનું મરણ તે બાલમરણ છે.

૫. **પંડિતમરણ :** સર્વ વિરતિ પામેલા શ્રમણનું મૃત્યુ તે પંડિતમરણ છે. વિરતિ પૂર્વકના મૃત્યુને પંડિતમરણ કહે છે.

૬. **વલયમરણ :** ચારિત્રને છોડી દે અને હવે તો આમાંથી જલ્દી છૂટાય તો સારું આવી ભાવનામાં મૃત્યુ થાય તે વલયમરણ છે.

૭. **વશાર્તમરણ :** વિષય વશ થઇને, દીપક જયોત જોઇને આકુળ વ્યાકુળ થયેલા પતંગિયાની જેમ મરણ પામે તે વશાર્તમરણ કહેવાય.

૮. **અતિદુષ્ટમરણ :** પૂર્વે થયેલા દુરાચરણ અને શરમ આદિ કારણે આલોચના ન કરવી તે અન્તઃશલ્ય કહેવાય, આવા શલ્યવાળાનું મરણ તે અતિદુષ્ટ મરણ કહેવાય.

૯. **તદ્ભવમરણ :** વર્તમાન જે ભવ હોય ફરી તે જ ભવ યોગ્ય આયુષ્ય બાંધીને મરવું તે તદ્ભવમરણ કહેવાય. આ મૃત્યુ સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્ય તેમજ તીર્યંચને જ સંભવે છે.

૧૦. **મિશ્રમરણ :** બાલ-પંડિત એવા દેશવિરતિ શ્રાવકનું મરણ તે મિશ્રમરણ.

૧૧. **છદ્મસ્થમરણ :** મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય જ્ઞાન આ ચાર જ્ઞાન ધારક મુનિનું મરણ તે છદ્મસ્થમરણ છે.

૧૨. **કેવલીમરણ :** જેમણે ભવના વિસ્તારનો સર્વથા અપુર્નભવપણે નાશ કર્યો હોય એવા કેવળજ્ઞાનીનું મરણ તે કેવળીમરણ.

૧૩. **વૈહાયસમરણ :** વિહયસ એટલે પક્ષીની જેમ આકાશમાં પૃથ્વીથી અધ્ધર થયેલું મરણ એ વૈહાયસમરણ કહેવાય. ઝાડની ડાળે ફાંસો ખાનાર, ઊંચેથી નીચે પડતું મૂકનાર આવી કોઇ રીતે પ્રાણાંત કરનારનું મૃત્યુ તે વૈહાયસમરણ છે.

૧૪. **ગૃધસ્પૃષ્ટ મરણ :** ગૃધ એટલે ગીધ. ઉપલક્ષણથી સમળી, શિયાળ આદિએ જેમાં સ્પર્શ કર્યો છે એવુ મરણ પામનાર હાથી વગેરે ઢોરનાં શરીરે ગીધ આદિ ચોંટયા હોય કે શરીરમાં પણ પેઠા હોય એવાનું મરણ તે ગૃધસ્પૃષ્ટ મરણ કહેવાય.

૧૫. **ભક્તપરિજ્ઞા મરણ :** ભક્ત એટલે ભોજન ઉપલક્ષણથી પાણી આદિ અર્થાત્ આ ભોજન પાણી આદિ મે અનંતીવાર ખાધા, પીધા આ બધા તો પાપના નિમિત્ત છે તેનો ત્યાગ કરવો જોઇએ એમ જ્ઞાન પરિજ્ઞાથી જાણી પ્રત્યાખ્યાન પરિજ્ઞા દ્વારા ભોજનાદિનો ત્યાગ કરીને મરણ પામે તે ભક્તપરિજ્ઞા મરણ કહેવાય.

૧૬. **ઇંગિનીમરણ :** નિયમિત કરેલા પ્રદેશમાં જ ચેષ્ટા કરતાં મરવું તે ઇંગિનીમરણ. આવું મરણ ચારે આહારનું પચ્ચક્ખાણ કરીને નિયમિત પ્રદેશમાં સ્વયમ ઉધ્વર્તનાદિ કરતા મુનિઓને હોય છે.

૧૭. **પાદ્રપોપગમમરણ :** વૃક્ષની જેમ પોતાના અંગોને એક જ જગ્યાએ સ્થિર કરી ત્યાં જ મરણ પામવું તે પાદ્રપોપગમમરણ કહેવાય.

પ્ર. ૧૨૯ સંક્ષિપ્તમાં મરણના મુખ્ય મુખ્ય કેટલા પ્રકાર કહી શકાય ?

ઉ. ૧૨૯ સત્તર પ્રકારના મરણો સંક્ષિપ્તમાં મુખ્ય પાંચ પ્રકારે ગણાવી શકાય.

૧. **પંડિત-પંડિત મરણ :** અરિહંત પરમાત્માને હોય છે.

૨. **પંડિત મરણ :** આત્મજ્ઞાન સહિત સંયમ હોય તેને હોય છે.

૩. **બાળ-પંડિત મરણ :** જ્ઞાની પણ સંયમી ન હોય તેવા સમ્યક્ દૃષ્ટિવાળા જીવને પ્રાપ્ત થાય છે.

૪. **બાળ મરણ :** સત્પુરુષની તથા તત્ત્વની વ્યવહારિક શ્રધ્ધા કરે પણ પરમાર્થિક શ્રધ્ધા ના કરે અને તત્ત્વનું ભાન ન થયું હોય અને ઓધસંજ્ઞાએ કે લોકસંજ્ઞાએ આરાધના કર્યા કરે તેવા પુરૂષનું મરણ તે બાળમરણ છે.

૫. **બાલ-બાલ મરણ :** પરમાર્થથી સર્વથા વિમુખ એવા જગતના ધર્મ રહિત જીવોના મૃત્યુને બાલ-બાલ મરણ કહે છે.

પ્ર. ૧૩૦ બાલમરણ એટલે શું ? તેના કેટલા પ્રકાર છે?

ઉ. ૧૩૦ બાલમરણથી સંસારની વૃધ્ધિ થાય છે. તે બાર પ્રકારના છે.

૧. **વલય મરણ :** તિવ્ર ભૂખ, તરસથી પીડાઈને તરફડીને મરે અથવા સંયમથી ભ્રષ્ટ પ્રાણીનું મરણ વલય મરણ કહેવાય.

૨. **વશાર્ત મરણ :** ઈન્દ્રિયોને વશ થઈને કષાય, વેદના કે હાંસી પાત્ર થઈને મૃત્યુ પામે તે વશાર્ત મરણ કહેવાય.

૩. **અંતઃ શલ્ય મરણ :** માયા, નિયાણું અને મિથ્યાત્વ દર્શન શલ્ય એ ત્રણ શલ્યમાંથી કોઈપણ એક શલ્ય સહિત મૃત્યુ પામે તે સશલ્ય મૃત્યુ છે. અંતઃશલ્ય મરણના બે ભેદ છે. દ્રવ્ય અને ભાવ. શરીરમાં બાણ આદિ ઘૂસી જવાથી અને તેને પાછું ન કાઢવાથી જે મરણ થાય તેને દ્રવ્ય અંતઃશલ્ય મરણ કહે છે. અતિચાર રૂપ આંતરિક શલ્યની (મનમા શલ્ય રાખી) શુધ્ધિ કર્યા વિના જે મરણ થાય છે એને ભાવ અંતઃશલ્ય મરણ કહે છે.

૪. **તદ્‌ભવ મરણ :** મનુષ્ય અને તીર્યંચના શરીરને છોડીને ફરી મનુષ્ય અને તીર્યંચના શરીરને પ્રાપ્ત કરે અને મરણ પામે તે તદ્‌ભવમરણ. આ મરણ મનુષ્ય અને તિર્યંચમા થાય છે. માણસ પોતાના ભવનું નિંયાણું કરીને મૃત્યુ પામે તે તદ્‌ભવમરણ.

૫. **ગિરીપતન મરણ :** પર્વત પરથી પડીને મરે તેને ગિરીપતન મરણ કહે છે.

૬. **તરુપતન મરણ :** વૃક્ષ આદિ પર ચડીને પડી મરે તેને તરુપતન મરણ કહે છે.

૭. **જળ પ્રવેશ મરણ :** જળમાં ડૂબીને મરે તે જળ પ્રવેશ મરણ છે.

૮. **અગ્નિપ્રવેશ મરણ :** અગ્નિમાં બળી મરે તેને અગ્નિપ્રવેશ મરણ કહે છે.

૯. **વિષભક્ષણ મરણ :** ઝેર ખાઈને મરે તે વિષભક્ષણ મરણ

૧૦. **શસ્ત્રાવપાટન મરણ :** છરી, તલવાર આદિ (વગેરે) શસ્ત્રના પ્રહારથી મરે તે શસ્ત્ર મરણ છે.

૧૧. **ગૃધ પૃષ્ઠ મરણ :** હાથી, ઊંટ આદિના મૃત શરીરમાં પ્રવેશ કરી ગીધ આદિ પક્ષીઓ દ્વારા ખવાઈ જવાથી મરણ થાય, તે ગૃધ પૃષ્ઠ મરણ છે.

૧૨. **વૈહાયસ મરણ :** ગળામાં ફાંસી લગાડી વૃક્ષ આદિની ડાળી પર લટકી મરે તેને વૈહાયસ મરણ કહે છે અથવા પંખા ઉપર લટકી મરે તેને વૈહાયસ મરણ કહે છે.

પ્ર. ૧૩૧ પંડિત મરણના કેટલા ભેદ છે ?

ઉ. ૧૩૧ પંડિત મરણના બે ભેદ છે.

૧. પાદ્પોપગમન ૨. ભક્ત પ્રત્યાખ્યાન

૧. **પાદ્પોપગમન :** વૃક્ષની જેમ સ્થિર થઈ જઈ અન્ન જળનો ત્યાગ કરી મરણ પામવું તે. આના પણ બે ભેદ છે. ગામ-નગર આદિ વસ્તીમાં આ રીતે જે મરણ થાય તેને નિર્હારિમ કહે છે. અને પર્વતની ગુફા આદિ એકાંત સ્થાનમાં આ રીતે મરણ થાય તેને અનિર્હારિમ કહે છે.

૨. **ભક્ત પ્રત્યાખ્યાન :** ભોજન - પાણીનો જ્ઞાન પૂર્વક ત્યાગ કરી મરણ પામવું તે. આના પણ બે ભેદ છે. ઉપર મુજબ નિર્હારિમ અને અનિર્હારિમ. આ બન્ને ભેદ સપ્રતિક્રમ (શરીર સંસ્કાર સહિત કે પ્રતિક્રમણ સહિત) હોય છે. એમાં બીજાથી સેવા કરાવી શકાય છે.

પ્ર. ૧૩૨ સમાધિમરણ એટલે શુ ?

ઉ. ૧૩૨ આત્મજ્ઞાનાદિને મૃત્યુ સમયે ભવાંતરમાં સાથે લઈ જવાં તેને સમાધિમરણ કહે છે. સમતાપૂર્વક દેહનો સહજ ત્યાગ કરવો તે સમાધિમરણ. મૃત્યુ વખતે જેનો આત્મા સમભાવમાં રમે છે તેનુ સમાધિમરણ કહેવાય છે. સમાધિમરણ એટલે મરતી વખતે કોઈ કશો વિચાર જ ના આવે ''હું શુધ્ધાત્મા છું'' એ જ વિચાર આવશે. સમાધિમરણ એટલે શું કે છેલ્લો એક કલાક આ દાદા દેખાવા માંડ્યા અને કાં તો ''હું શુધ્ધાત્મા છું'' એનું ભાન રહ્યું એ એનું સરવૈયું આવીને ઊભું રહ્યું. સમાધિમરણમાં પોતાને કોઈજ જાતનું દુઃખ જ ના હોય છેલ્લો એક કલાક સમાધિ જ હોય. સમાધિમરણ એટલે આત્મા સિવાય બીજું યાદ જ ના હોય, પોતાના સ્વરૂપ શુધ્ધાત્મા સિવાય બીજી જગ્યા એ ચિત્ત જ ના હોય. સમાધિમરણ એટલે મન, બુદ્ધિ,

ચિત્ત, અંહકાર કશું જ હાજર ના હોય નિરંતર સમાધિ રહે, દેહને વખતે કદાચ ઉપાધિ હોય છતાં ઉપાધિ અડે નહીં ટૂંકમાં સમાધિમરણ એટલે ''હું શુધ્ધાત્મા છું'' તેનું ભાન રહે તે. સમાધિમરણ એટલે મહીં આત્મામાં જ રહે અને બહાર દુઃખ પડતું હોય પણ દુઃખને વેદે નહીં. અખંડ જાગૃતિમાં દેહ છૂટે તેને સમાધિમરણ કહે છે. સમાધિમરણ એ મોક્ષે જવાના રસ્તે ઉત્કૃષ્ટ સાધન છે. સમાધિમરણ પછી વધારેમાં વધારે બે ચાર અવતાર રહ્યાં હોય પછી મોક્ષે જાય. ચોથાં ગુણસ્થાનકવાળા અવિરત સમ્યક્ દૃષ્ટિ જીવોને જઘન્ય સમાધિ મરણ હોય છે. પાંચમાં ગુણસ્થાનકવાળા વિરતિ શ્રાવકોને મધ્યમ સમાધિમરણ હોય છે અને છઠ્ઠા ગુણસ્થાનકવાળા મુનિઓને ઉત્કૃષ્ટ સમાધિમરણ હોય છે.

પ્ર. ૧૩૩ મરતી વખતે શું શું વિચાર આવે છે ? શું શું દેખાય છે ?

ઉ. ૧૩૩ મરતી વખતે છેલ્લાં એક કલાકમાં આખી જિંદગીનું સરવૈયું આવે છે. આખી જિંદગી જે કામ વધારે કર્યા હોય તેનું આખું સરવૈયું આવે. વિષયોનું સરવૈયું મોટું હોય તો મરતી વખતે એનું ચિત્ત વિષયોમાં જ જાય. હવે ખરેખર શું છે કે આયુષ્ય બંધાવાની શરૂઆત થયા પછી જે ક્રિયા હોય ને તે ક્રિયાનું સરવૈયું આવે છે. માટે છેલ્લા વર્ષોમાં માણસે બહુ જાગ્રત રહેવું. સામાન્ય નિયમ પ્રમાણે જેટલું આયુષ્ય હોય ધારો કે ૮૧ વર્ષનું આયુષ્ય હોય તો ૫૪માં વર્ષે આયુષ્ય બંધાવાની શરૂઆત થાય એટલે ૫૪માં વર્ષ પછીના બધાં વર્ષોમાં સાવધ રહેવું જોઈએ. પછી જે કંઈ ક્રિયા થાય છે તેનું વિશેષ સરવૈયું આવે છે અને આયુષ્યના ફોટા પડતા જાય છે. ૫૪ વર્ષ સુધી જે કંઈ ગાંડાઘેલા કર્યા તે અજ્ઞાનતામાં ગયા પણ તે પછીના વર્ષોમાં જે ફોટા પડે છે તે ખૂબ અગત્યના ગણાય છે. ²/૩ ભાગ ફ્રી ઓફ કોસ્ટ મળે અને બાકીના ¹/૩ ભાગના ફોટા પડ્યા કરે. ટૂંકમાં મૃત્યુ સમયે મરણના એક કલાક અગાઉ આખી જિંદગીનું સરવૈયું તેને ફિલ્મની જેમ દેખાય છે. અર્થાત્ અત્યારે જે હાજર તે મરણ વખતે હાજર થાય. અત્યારે સંસાર હાજર તો મરણ વખતે સંસાર હાજર, અત્યારે શુધ્ધાત્મા હાજર તો મરણ વખતેય શુધ્ધાત્મા હાજર. આખી જિંદગી જે જે કર્યું હોય તે મરણ વખતે એક ગૂંઠાણું આવીને ઊભું રહે, એની મેળેજ પરિણામ આવે અને છેલ્લે ચિત્ત જેમાં રહ્યું અને છેલ્લો જે ફોટો પડ્યો તે પ્રમાણે અવતાર થાય.

પ્ર. ૧૩૪ મરતા પહેલા જેવી વાસના હોય એ રૂપે જન્મ થાય છે એવું લોકો કહે છે તે સાચી વાત ?

ઉ. ૧૩૪ ખરેખર વાસના કંઈ લાવવી લવાતી નથી એ તો સરવૈયું છે. આખી જિંદગી તમે જે કર્યું હોય ને તેનું મરતી ઘડીએ છેલ્લો એક કલાક હોય છે ત્યારે સરવૈયું આવે છે અને સરવૈયા પ્રમાણે એની ગતિ થઈ જાય છે.

પ્ર. ૧૩૫ બીજા જન્મમાં કઈ યોનિમાં જવાનું છે તેના ફોટા કેવી રીતે ક્યારથી પડવાના શરૂ થાય છે ?

ઉ. ૧૩૫ જેટલું આયુષ્ય હોય તેના ²/૩ આયુષ્ય પુરુ થાય ત્યાર પછી પહેલો બંધ પડવાની બીગીનીંગ (શરૂઆત) થાય. દા.ત. ૬૦ વર્ષનું આયુષ્ય છે તેનું ²/૩ આયુષ્ય અર્થાત્ ૪૦ વર્ષ એટલે ૪૦ વર્ષે તેનો પહેલો ફોટો (બંધ) પડવાની શરૂઆત થાય પછી ૫૨માં વર્ષે ફરી બીજો ફોટો પડે પછી ૫૮માં વર્ષે ત્રીજો ફોટો પડે તે પછી ૫૯ વર્ષ અને ૪ મહિને ચોથો ફોટો પડે, એમ ફોટા મનુષ્યના ધ્યાન પ્રમાણે બદલાતા જાય છેલ્લા દિવસોમાં બહું બંધાય માટે છેલ્લા દિવસે આજુબાજુનું વાતાવરણ બધું બહું શુધ્ધ રહેવું જોઈએ. સામાન્ય રીતે કુલ ૨૧ ફોટા પડે છે સમજો કે ૭૫ વર્ષનું આયુષ્ય હોય તો નીચે કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે ફોટા પડે છે અને છેલ્લો ફોટો જે પડે તે મુજબ અવતાર થાય.

ફોટો	વર્ષ	માસ	દિવસ	કલાક	મિનિટ	સેકંડ	પળ
૧	૫૦	-	-	-	-	-	-
૨	૬૬	૮	-	-	-	-	-
૩	૭૨	૨	-	-	-	-	-
૪	૭૪	૦	૨૬	૧૬	-	-	-
૫	૭૪	૮	૮	૨૧	૨૦	-	-
૬	૭૪	૯	૧૫	૨૧	૫૪	-	-
૭	૭૪	૧૧	૪	૨૨	૩૦	-	-
૮	૭૪	૧૧	૨૧	૧૫	૧૬	-	-
૯	૭૪	૧૧	૨૭	૫	૬	-	-
૧૦	૭૪	૧૧	૨૯	૧	૪૨	-	-
૧૧	૭૪	૧૧	૨૯	૧૬	૩૪	-	-

ફોટો	વર્ષ	માસ	દિવસ	કલાક	મિનિટ	સેકંડ	પળ
૧૨	૭૪	૧૧	૨૯	૨૧	૨૪	-	-
૧૩	૭૪	૧૧	૨૯	૨૩	૮	-	-
૧૪	૭૪	૧૧	૨૯	૨૩	૪૨	૪૦	-
૧૫	૭૪	૧૧	૨૯	૨૩	૫૪	૧૪	-
૧૬	૭૪	૧૧	૨૯	૨૩	૫૮	૮	-
૧૭	૭૪	૧૧	૨૯	૨૩	૫૯	૨૦	-
૧૮	૭૪	૧૧	૨૯	૨૩	૫૯	૪૬	-
૧૯	૭૪	૧૧	૨૯	૨૩	૫૯	૫૬	-
૨૦	૭૪	૧૧	૨૯	૨૩	૫૯	૫૮	૩૦
૨૧	૭૪	૧૧	૨૯	૨૩	૫૯	૫૯	૩૦

પ્ર. ૧૩૬ આપઘાત કે આત્મહત્યા કરીને મરી જવાથી શી ગતિ થાય ?

ઉ. ૧૩૬ આપઘાત કરવાથી તો પ્રેત થવાય અને પ્રેત થઈને રખડવું પડે. એક વખત આપઘાત કરે એના પછી કેટલાંય અવતાર સુધી તેના પડઘા રહ્યાં કરે એના પછી સાત-આઠ અંવતાર સુધી તેના સંસ્કાર રહે છે માટે ચેતતા રહેવા જેવું છે. અંદર વિકલ્પ ખલાસ થઈ જાય એટલે આગળ શું કરવું તેનું દર્શન દેખાતું બંધ થઈ જાય એટલે પછી આપઘાત કરવાનું વિચારે. સંકલ્પ એટલે મારું અને વિકલ્પ એટલે હું આ બેઉ બંધ થઈ જાય એટલે મરી જવાના વિચાર આવે, હું અને મારું દેખાય નહીં એટલે આપઘાત કરીને મરી જાય. પછી સાત અવતાર સુધી આપઘાત કરીનેજ મરવું પડે એવો કુદરતનો નિયમ છે.

પ્ર. ૧૩૭ અકસ્માતમાં, ભૂકંપમાં બધા એક સાથે મરી જાય છે તે કેવા કર્મને લીધે થાય છે ?

ઉ. ૧૩૭ એક કામ ઘણાં બધાંએ ભેગા મળીને કરેલું હોય અથવા એક પ્રસંગમાં ઘણાં બધાં હાજર હોય જેમ કે એક નાટક જુએ, ફાંસીની શિક્ષા જુએ, રમત-ખેલ જુએ, વેશ્યાનો નાચ જુએ, મેળો- મહોત્સવ સાથે ભેગાં થઈને ઊજવે વગેરે પ્રસંગોમાં સામુદાયિક ક્રિયા લાગે છે. આવા પ્રસંગોમાં સર્વ મનુષ્યોનાં એક સરખા પરિણામ (વિચાર) થાય છે, તેથી એક સાથે કર્મનાં બંધ પડે છે અને

તેમાં ફળ પણ આગમાં, અકસ્માતમાં કે પ્લેગ-મરકીના પ્રસંગે એકસાથે મરણ પામી ભોગવે છે. સરખા વિચાર હોય ને તો એક જ જાતનું મરણ આવે. સરખા વિચારવાળા બધાનો હિસાબ સરખો હોય એટલે સંયોગ મળે ત્યારે બધાં ભેગાં થાય અને પછી બનાવ બને અને આયુષ્ય કોઈકનું બાકી હોય તો એકાદ બચી જાય પણ ખરો.

પ્ર. ૧૩૮ લડાઈમાં શહિદ થઈને મરણ પામે તેને કેવું મૃત્યુ કહેવાય ?

ઉ. ૧૩૮ સંગ્રામમાં શૌર્ય ધારણ કરી મરણ પામે તે ગૃધ પુષ્ટ મૃત્યુ કહેવાય છે.

પ્ર. ૧૩૯ બેભાનપણામાં મરે તેની કઈ ગતિ થાય ?

ઉ. ૧૩૯ બેભાનપણામાં મરે તે ગાયો-ભેંસોમાં, તીર્યંચગતિમાં જાય. અર્થાત્ જાનવર ગતિમાં જાય. મરતી વખતે બેભાન હોય એને ત્યાંય બેભાન અવતાર મળે. બેભાન અવતાર કયો ? નાગા ફરે તોય શરમ ના આવે તે અને શરમનુંય ભાન નહીં તે જાનવરોનો તથા તિર્યંચોનો અવતાર એ બેભાન અવતાર ગણાય.

પ્ર. ૧૪૦ હાર્ટફેઈલ અને એટેક શું કહેવાય ? તેની શી ગતિ થાય ?

ઉ. ૧૪૦ કમોત કહેવાય. હાર્ટફેઈલ થાય તેનું તો ઠેકાણું જ નહીં. બીજા ભવે બહુ ભારે કર્મો ભોગવવા પડે.

પ્ર. ૧૪૧ મૃત્યુનાં છેલ્લાં કલાકમાં આર્તધ્યાન કે રૌદ્રધ્યાન હોય તો કઈ ગતિ થાય ?

ઉ. ૧૪૧ મૃત્યુનાં છેલ્લાં કલાકમાં રૌદ્રધ્યાન થાય તો નર્કે જાય અને મૃત્યુનાં છેલ્લાં સમયે આર્તધ્યાન થાય તો જાનવર ગતિમાં જાય. મારે હવે પાંચમી છોકરી પરણાવવાની રહી ગઈ એવું થાય એ આર્તધ્યાન થયું કહેવાય.

પ્ર. ૧૪૨ મૃત્યુ વખતની અવસ્થા સમજાવો ?

ઉ. ૧૪૨ મૃત્યુ સમયે જે સંસારી લોકો છે, જેને ફરી ભટકવાનું છે, તેમનો આત્મા ઈન્દ્રિયો થકી જાય છે. કોઈને આંખ થકી, કોઈને નાક થકી, કોઈને કાનમાંથી, કોઈને મોઢામાંથી, કોઈને પેશાબ વાટે ગમે તે કાણામાંથી નીકળી જાય. પવિત્ર કાણામાંથી નીકળે તો સારું અને જગત જેને અપવિત્ર કહે છે, તેવા કાણામાંથી નીકળે તે ખોટું કહેવાય તે અધોગતિમાં લઈ જનારું હોય.

પ્ર. ૧૪૩ સદેહે ગયા તેનો અર્થ શો ?

ઉ. ૧૪૩ જ્ઞાનીઓને અહીં ખભેથી એક આહારક શરીર નીકળે તે મહાવિદેહ ક્ષેત્રમાં જઈ કેવળજ્ઞાનીને અથવા તીર્થંકર ભગવાનને પ્રશ્ન પૂછે અને પ્રશ્નનું સમાધાન કરી પાછાં આવે. પ્રકાશ રૂપી એ શરીર હોય છે એ ગપ્પું નથી તેને આપણા લોકો સદેહે ગયા કહે છે. પણ એ સદેહ નો અર્થ લોકો એમની પોતાની ભાષામાં સમજે કે આ દેખાય છે એ દેહ સાથે પણ ખરેખર એવું નથી.

પ્ર. ૧૪૪ મરણ વખતે રડવું કેમ આવે છે ?

ઉ. ૧૪૪ એકબીજાનું જોઈને રડવું આવે છે અને જેને ખોટ ગઈ છે તેને રડવું આવે છે. મરી ગયા પછી સ્વાર્થનું રડે છે અને રડવું આવે છે એ મમતાનું પરિણામ છે. રડવું ના આવે તો મહીં ગભરામણ થઈ જાય એટલે એ પરમાણું નીકળી જવાં જોઈએ.

પ્ર. ૧૪૫ મરનારની પાછળ કઈ ક્રિયા કરીએ એ મરનારને પહોંચે છે ?

ઉ. ૧૪૫ મરનાર એ તો ગયા, તે ગયા તેને કશું ના પહોંચે પણ એક ગાળો ભાંડો તો પહોંચે અને બીજું તેનું સારું બોલો તો પહોંચે માટે મરનારની પાછળ હંમેશાં તેના માટે સારું બોલવું. બાકી કોઈ અન્ય ક્રિયાઓ તેને પહોંચતી નથી પરંતુ આર્ષદ્રષ્ટા પુરુષોએ મરનારની પાછળ તેના ઘરવાળા કંઈક પુણ્ય બાંધે તે હેતુથી આ ક્રિયાઓ ગોઠવી દીધેલી.

પ્ર. ૧૪૬ આ મરી ગયા પછી તેના અસ્થિ (હાડકાં) લોકો નદીમાં પધરાવે છે તેનાથી શો લાભ મળતો હશે ?

ઉ. ૧૪૬ એવું છે ને કે જો આ હાડકાં નદીમાં નાંખવાના ના કર્યા હોત ને તો ઠેર ઠેર રસ્તામાં હાડકાં પડેલાં હોત. ત્યાંથી કૂતરા ખેંચી લાવીને જ્યાં અને ત્યાં નાંખ નાંખ કરે એટલે આ લોકોએ વ્યવસ્થા સારી રહે અને બધું રખડેલ ના થાય, ખરાબ ના દેખાય તેવું ગોઠવ્યું છે. એ ફૂલ રહ્યાં તે ત્યાં આગળ નદીમાં નાંખી આવજો બીજું જે ના સળગ્યું એનું નામ ફૂલા. બાકી બીજો કોઈ લાભ થતો નથી.

પ્ર. ૧૪૭ લૌકિકનો અર્થ શું થાય ?

ઉ. ૧૪૭ લૌકિકનો અર્થ જ બનાવટી અર્થાત્ જુઠ્ઠું. બધા છાતી કૂટે પણ આમ હાથ પર હાથ રાખીને કૂટે અને સહુ સહુનું સંભારી રડે એટલે આ બધું બનાવટી છે. લૌકિક એટલે શું કે ઉપર છલ્લું (સુપર ફ્લુયસ) એટલે લોકોને

દેખાડવા સારું. રડ્યા વગર રોવાનું એટલે કે ખરેખર રડવાનું નહીં તે લૌકિક. લૌકિક એટલે બનાવટી. આપણે બાથરૂમમાં જઈને આંખમાં પાણી ચોપડીને આવીએ કારણકે આ તો લૌકિક છે. નાટકમાં જેમ અભિનય કરે છે તેવો અભિનય કરવો પડે. લૌકિક એટલે વ્યવહાર. બીજા બધા લૌકિક વ્યવહારમાં સમજ પડે છે પણ આમાં સમજ પડતી નથી. આમાં સાચે સાચું રડે છે. સબ રોતા હે તો આપણે પણ રોવાનું પણ રડ્યા વગર રોવાનું, રડવાનું નહી.

પ્ર. ૧૪૮ મરનાર પાછળ કલ્પાંત કરે છે તેનુ ફળ શું આવે ?

ઉ. ૧૪૮ મરનાર પાછળ જે કલ્પાંત કરે છે, માથા ફોડે છે, રોકકળ કરી મૂકે છે, તે લોકો તેનું ફળ જાણતા નથી તેથી આવું કરે છે. મરનારની પાછળ કલ્પાંત કરવાનું ફળ કલ્પના અંત સુધી ભટકવાનું. કલ્પ એટલે વીસ લાખ વર્ષ સુધી ભટકવાનું. અર્ધ કલ્પ એટલે દસ લાખ વર્ષ. વીસ લાખ વર્ષ સુધી તો જાણે કલ્પાંત કરનાર જીવે મોક્ષની વાત કરવાની જ નહીં કારણ કે કલ્પના અંત સુધીનું એકસ્ટેન્શન લીધું કહેવાય. ટૂંકમાં વીસ લાખ વર્ષ સુધી ભટકવું પડે.

પ્ર. ૧૪૯ મૃત્યુ, મુક્તિ અને મોક્ષ આ ત્રણ શબ્દ સમજાવો.?

ઉ. ૧૪૯ તમે જો ખરેખર ''ચંદુલાલ'' છો તો તમે મૃત્યુ પામવાના છો અને તમે જો શિવ છો તો તમારી મુક્તિ થયેલી છે અને મુક્તિ થઇ તો તેનું ફળ મોક્ષ આવે. અહીં મુક્તિ થઇ જવી જોઇએ.

પ્ર. ૧૫૦ નિર્વાણ એટલે શું?

ઉ. ૧૫૦ સર્વ પ્રકારે હું છુટ્ટો જ છું એ ભાન અને અનઇફેક્ટીવનેસ એજ નિર્વાણ છે. તમામ પ્રકારના જન્મ મરણનાં ફેરામાંથી મુક્તિ અને દેહ છૂટયા પછી સીધા જ મોક્ષે જવું તેને નિર્વાણ કહે છે.

પ્ર. ૧૫૧ કોઇ સ્વજનનો અંતકાળ નજીક આવ્યો હોય તો તેના તરફ આજુબાજુનાં સગાંસબંધીઓનું વર્તન કેવું હોવુ જોઇએ.?

ઉ. ૧૫૧ જેનો અંતકાળ નજીક આવ્યો હોય તેને તો બહું સાચવવો જોઇએ. એમનાં બોલે બોલ સાચવવા પડે એમને બ્રેક ના મરાવવી જોઇએ. બધાંએ એમને ખુશ રાખવાં અને એ અવળું બોલે તોય તમારે સ્વીકાર કરવું કે તમારું ખરું છે. એ કહેશે કે દૂધ લાવો તો તરત દૂધ લાવીને આપવું ત્યારે એ કહેશે કે

આ દૂધ તો પાણીવાળું છે બીજું લાવી આપો તો તરત બીજું દૂધ ગરમ કરી લઇ આવીએ પછી ધીરે રહીને કહેવું આ ચોખ્ખું સારું છે પણ એમને અનુકૂળ આવે એવું બોલવું જોઇએ. એમને જે ગમ્યું તે બસ ! આ નાના બાબા (બાળક) પાસે (જોડે) કેવી રીતે વર્તીએ છીએ, એ બાબો કાચનો પ્યાલો ફોડી નાંખે તો આપણે તેને વઢીએ! ના વઢીએ બાબા જોડે જેવું વર્તન કરીએ છીએ એવી રીતે એમની જોડે વર્તન કરવું. મરી ગયા પછી એની ઉપર ફૂલો ચઢાવે એના કરતાં હજુ જ્યાં સુધી જીવતા છે ત્યાં સુધી એમને કેમ કરીને રાજી રાખવા તે આદર્શ વ્યવહાર છે.

પ્ર.૧૫૨ કોઇ મરી ગયું હોય પછી લોકો આશ્વાસન આપવા આવે ત્યારે કેવો વ્યવહાર હોવો જોઇએ.?

ઉ.૧૫૨ લૌકિક ટૂંકમાં જ પતાવવું કહેવું કે તાવ આવ્યો અને ટપ થઇ ગયા, બીજું કશું થયું જ નથી. વિગતવાર કહેવા જાવ તો લોકો ગૂંચવ ગૂંચવ કર્યા કરે અને તમને કોચી ખાય એટલે ટૂંકમાં પતાવવું કે જેથી લોકો આગળ પછી પૂછવાનું જ બંધ કરી દે.

પ્ર.૧૫૩ ઘણીવાર એવા કિસ્સા વાંચ્યાં છે કે અમુક મરેલી વ્યક્તિ ફરીથી જીવંત થઇ એ પ્રક્રિયામાં શું સમજવું?

ઉ.૧૫૩ અમુક સંજોગોમાં આવું બને છે અપવાદ બને છે ત્યારે એ જીવ અહીં તાળવે ચઢી ગયેલો હોય છે. તાળવે બ્રહ્મરંધ્ર છે, એને દશમ સ્થાન કહે છે ત્યાં આગળ જીવ ચઢી જાય છે એટલે હૃદય બંધ પડી જાય, નાડી બંધ થઇ જાય. કોઇકને ભારે તાવ ચઢયો હોય અગર તો પાણીમાં એકદમ પડયો તે ઘડીએ એનો જીવ અહીં ઉપર બ્રહ્મરંધ્રમાં ચઢી જાય એટલે પછી ઉતારવો મુશ્કેલ હવે કેટલીક વાર તાળવેથી પાછો ઊતરે એટલે હૃદય ચાલુ થઇ જાય એવું બને એટલે અપવાદ રૂપે આવું બને છે. ત્યારે એમ લાગે કે મડદામાં ફરી જીવ આવ્યો બાકી સામાન્ય રીતે આવું બને નહીં.

પ્ર.૧૫૪ આ દેહ છોડવાનો અને બીજો દેહ ધારણ કરવાનો એ બે વચ્ચે કેટલો સમય લાગે?

ઉ.૧૫૪ કશો જ સમય નહીં અહીંયા પણ હોય, આ દેહમાંથી હજુ નીકળતો હોય અહીંથી અને ત્યાં યોનિમાં પણ હાજર હોય. મરનારો અહીં વડોદરામાં

હોય અને યોનિ ત્યાં દિલ્હીમાં હોય. વીર્ય અને રજનો સંયોગ હોય તે ઘડીએ અહીંથી દેહ છૂટવાનો હોય, ત્યાં પેલો સંયોગ હોય એ બધું ભેગું થાય ત્યારે અહીથી જાય, નહીં તો અહીંથી જાય જ નહીં. કારણ કે અહીંથી જાય તો એ ત્યાં ખાય શું ? ત્યાં યોનિમાં ગયો તે વખતે પુરુષનું વીર્ય અને માતાનું રજ એ બેઉ હોય એ આખુંય જતાંની સાથે ભૂખનો માર્યો ખાઇ જાય છે અને પછી પિંડ બંધાય છે. જીવ દેહ વગર સહેજવાર રહી શકે નહીં આ બધું સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે.

પ્ર. ૧૫૫ મૃત્યુ પછી દરેક જીવને જન્મ હોય છે ?

ઉ. ૧૫૫ કોઇ પણ જીવને મૃત્યુ પછી જન્મ જ હોય. મૃત્યુ પછી કોઇક જ એવા જે જ્ઞાનીપુરુષ હોય જેને પ્રવૃત્તિમાંય નિવૃત્તિ હોય તેને મુક્તિ છે. મૃત્યુ પછી આત્મા તેનાં કર્મો પ્રમાણે કોઇ દેવગતિમાં જાય, કોઇ નર્કગતિમાં જાય, અને બીજા કેટલાક જીવોને દેહ નહીં મળવાનો હોવાથી એના એવાં કર્મના ઉદય હોય તો એ પ્રેતયોનિમાં જાય એટલે મૃત્યુ પછી દરેક જીવમાત્રને જન્મ અવશ્ય હોય.

પ્ર. ૧૫૬ જન્મ મરણનું મૂળ કારણ શું ?

ઉ. ૧૫૬ જન્મ મરણનું કારણ એક જ છે કે પોતે કોણ છે એનું ભાન નથી તે. એ એકલું જ કારણ છે. એટલે કે અજ્ઞાનતાથી બંધાયો છે અને જ્ઞાનથી છૂટે. પોતે પોતાનું જ જ્ઞાન થાય અને ભાન થાય કે છૂટે.

પ્ર. ૧૫૭ માણસના મૃત્યુ પછી એને બીજો દેહ તરત જ મળે છે. તો પછી લોકો મોક્ષને માટે શું કામ પ્રયત્ન કરે છે?

ઉ. ૧૫૭ જેને આ સંસારની ચિંતા થતી હોય અને એ ચિંતા ના ગમતી હોય, સહન ના થતી હોય તેને માટે મોક્ષની જરૂર છે. જેને આ ચિંતા ગમતી હોય તેને તો મોક્ષની કંઈ જરૂર જ નથી, એટલે દરેકને મોક્ષની જરૂર નથી. આ ફોરેનવાળાને ચિંતા સહન થાય છે એમને મોક્ષની જરૂર જ નથી. આપણે અહીં હિન્દુસ્તાનમાં અમુક માણસોને ચિંતા સહન થાય છે તો તેમને મોક્ષની જરૂર નથી. બાકી જેને ચિંતા સહન થતી ના હોય અને જેને અહીં સંસારમાંથી ભાગી છૂટવા જેવું લાગતું હોય તેમને મોક્ષની જરૂર છે. જેને સંસારમાં ભયંકર કંટાળો આવતો હોય તેને મોક્ષની જરૂર છે.

પ્ર. ૧૫૮ મૃત્યુ પછી બધાં કંઇ મનુષ્ય રૂપે ફરીથી જન્મતા હશે કે અન્ય યોનિમાં જન્મ થાય ? અન્ય યોનિમાં કેટલો વખત જવું પડે ?

ઉ. ૧૫૮ બધાંય મનુષ્યો મૃત્યુ પછી ફરીથી મનુષ્ય યોનિમાં જન્મે એવો કાયદો નથી, કર્મ પ્રમાણે ગતિ થાય છે. જેણે અણહક્કનું લીધું હોય તેને બે પગના બદલે ચાર પગ એટલે જનાવરમાં જવાનું થાય પણ તેય કાયમનું નથી વધારેમાં વધારે ૨૦૦ વર્ષ અને બહું ત્યારે સાત - આઠ અવતાર જાનવરમાં જાય અને ઘણી વાર ઓછામાં ઓછી પાંચ જ મિનિટ માટે જાનવરમાં જઇને પાછો મનુષ્યમાં આવી જાય. કેટલાય જીવ એવા છે કે એક મિનિટમાં સત્તર અવતાર બદલાય એટલે એવાય જીવ છે માટે જાનવરમાં ગયા તે બધાંયને સો - બસો વર્ષનું આયુષ્ય નહીં મળવાનું. પાપ અને પુણ્ય મુજબ દેવું કે લેણું ઉતારવા અન્ય યોનિમાં જવું પડે. સારા કર્મો કર્યા હોય તો મનુષ્યમાં રાજા થવું પડે અને દેવું કર્યું હોય તો બળદ થઇને આપણે વાળવું પડે, ભેંસ થઇને વાળવું પડે, કૂતરું થઈનેય વાળવું પડે. હવે કેટલાકને એ દેવું એક અવતારમાં પુરું નાયે થાય તે કૂતરાનો અવતાર પૂરો થયા પછી પાછું દેવું બાકી હોય તો પાછો ગધેડાનો અવતાર આવે પછી દેવું બાકી હોય તો શિયાળનો અવતાર આવે પરંતુ નવમો અવતાર ના આવે. આઠ અવતારમાં એનું દેવું પુરું થઈ જાય અને પછી પાછો મનુષ્યમાં આવે.

પ્ર. ૧૫૯ મનુષ્યમાં આવ્યા પછી પૃથ્વીકાય, તેઉકાય કે જળકાય કે અન્ય સ્થાવરમાં જાય કે નહીં ?

ઉ. ૧૫૯ મનુષ્યમાં આવ્યા પછી પૃથ્વીકાય કે તેઉકાય કે જળકાયમાં જાય નહી. બહું ત્યારે વનસ્પતિ કાયમાં (ઝાડમાં) જઈ શકે. મનુષ્યમાંથી બહું ત્યારે આઠ અવતાર તીર્યંચમાં જાય. જે મનુષ્ય પ્રપંચ અને એવું બધું કર્યું હોય તે પછી નાળિયેરી, કેરીઓ, રાયણો, એવા ઝાડમાં જાય અને લોકોને આખી જિંદગી ફળ આપે ત્યારે લોકોના ઋણમાંથી મુક્ત થાય.

પ્ર. ૧૬૦ મનુષ્ય જન્મ મળ્યા પછી ફરીથી ચોર્યાસી લાખ યોનિમાં ભટકવાનું થાય ખરું?

ઉ. ૧૬૦ ના. એક વખત મનુષ્ય જન્મમાં આવ્યા પછી આખી ચોર્યાસી ફરવી પડતી નથી. જો પાશવતાના વિચાર આવે તો આઠ ભવ એને પશુ યોનિમાં જવું પડે અને તેય પાછું સો - બસો વર્ષ માટે જ, પછી પાછો અહીં મનુષ્યમાં આવે છે. એક ફેરો મનુષ્ય થયા પછી ભટકવાનું બહુ હોતું નથી.

પ્ર. ૧૬૧ શ્વાસોચ્છ્વાસ શેમાં વધારે વપરાય ?

ઉ. ૧૬૧ ભયમાં, લોભમાં અને ક્રોધમાં શ્વાસોચ્છ્વાસ બહુ વપરાય અને એથી વધારે સ્ત્રીસંગમાં વપરાય. ઘટિત સ્ત્રીસંગમાં તો વપરાય જ પણ અઘટિત સ્ત્રીસંગમાં તો ખૂબ જ વપરાય એકદમ ગરગડી ઊકલી જાય.

પ્ર. ૧૬૨ મરણનો ભય ક્યારે જાય ?

ઉ. ૧૬૨ કોઈપણ જાતનું ભિખારીપણું ના રહે તો મરણનો ભય જાય.

પ્ર. ૧૬૩ કોનો ત્રણ કે ચાર અવતારે મોક્ષ થાય ?

ઉ. ૧૬૩ જેનું એક વખત સમાધિમરણ થાય તેનો ત્રણ કે ચાર અવતારે અવશ્ય મોક્ષ થાય.

પ્ર. ૧૬૪ મૃત્યુ સમયે છેલ્લી અડતાલીસ મિનિટમાં કેટલા ફોટા પડે છે ?

ઉ. ૧૬૪ મૃત્યુ સમયે છેલ્લી અડતાલીસ મિનિટે, પછી ૩૨ મિનિટે, પછી ૨૧ મિનિટે, પછી ૧૪મી મિનિટે, પછી ૯મી મિનિટે, પછી ૬ ઠ્ઠી મિનિટે, પછી ચોથી મિનિટે, પછી બીજી મિનિટે, પછી ૧ મિનિટે અને છેલ્લી સેકંડે એમ કુલ દશ ફોટા પડે છે.

પ્ર. ૧૬૫ સંથારો એટલે શું ?

ઉ. ૧૬૫ મૃત્યુના બિછાનામાં છેલ્લી વખતનું શયન કરવા સજ્જ બને તે સંથારો.

પ્ર. ૧૬૬ સગારી સંથારો કોને કહે છે ?

ઉ. ૧૬૬ મૃત્યુનો ભરોંસો નથી કોઈ પણ વખતે અણચિંતવ્યું મૃત્યું થતાં આત્મા ખાલી હાથે પરભવમાં ચાલ્યો જાય એવો ડર લાવીને ધર્માત્માં જીવ સૂતી વખતે અલ્પકાળને માટે અર્થાત્ જાગ્રત થતાં સુધીના યાવજજીવનનાં પ્રત્યાખ્યાન કરી લે છે તેને સગારી સંથારો કહે છે. ''આહાર શરીરને ઉપાધિ પચ્ચક્ખુ પાપ અઢાર, મરણ હોય તો વોસિરે, જીવુ તો અગાર.''

પ્ર. ૧૬૭ સંલેખના એટલે શું ?

ઉ. ૧૬૭ સંલેખના એટલે સત+લેખના. અર્થાત્ સત્ એટલે કે આત્માને દેખવો. અતિશય વૃદ્ધાવસ્થા, અસાધ્ય રોગ, દુકાળ કે ઘોર ઉપસર્ગથી જ્યારે મૃત્યુ સમીપ લાગે ત્યારે સંકલ્પ કરી ચાર પ્રકારના આહારનો ત્યાગ કરી પોતાના ધર્મના રક્ષણાર્થે જે શરીરનો ત્યાગ કરે છે તેને સંલેખના તપ કહ્યું છે. ક્રોધાદિ કષાયોને ક્ષીણ કરવા તે અભ્યંતર સંલેખના છે અને શરીરનો પરિત્યાગ કરવો તે બાહ્ય સંલેખના છે, એમ બે પ્રકારની સંલેખના હોય છે.

પ્ર. ૧૬૮ મૃત્યુવેળાએ શ્રવણ કરવા યોગ્ય વચનો કયા કયા ?

ઉ. ૧૬૮ ૧. હું દેહાદિ સ્વરૂપ નથી આ દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈપણ મારા નથી, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું. દેહને પ્રત્યે જેવો વસ્ત્રનો સબંધ છે તેવો આત્મા પ્રત્યે જેને દેહનો સબંધ છે. મ્યાન પ્રત્યે તલવારનો જેવો સબંધ છે તેવો દેહ પ્રત્યે આત્માનો સબંધ છે.

૨. જેમ મેળામાં ભેગા થયેલા લોકો મેળો વિખરાવાની ફિકર કરતા નથી તેવી જ રીતે હું પણ પ્રેક્ષક છું મને પણ આ શરીર પર્યાય છૂટવાની ફિકર નથી.

૩. જગતનો કર્તા હર્તા કોઈ નથી. સર્વ સંયોગ સ્વભાવથીજ મળે છે અને સ્વભાવથી જ વિખરાય છે. તેવી જ રીતે શરીરનો સંયોગ પણ સ્વભાવથી જ મળ્યો છે અને સ્વભાવથી જ વિખરાશે, મારો રાખ્યો રહેશે નહીં અને એ વિખર્યો વિખરાશે નહીં તો પછી તેના વિયોગની ફિકર મારે શા માટે કરવી જોઈએ ?

૪. હું ચૈતન્ય જ્ઞાયક સ્વભાવવાળો છું મારો જ્ઞાયક સ્વભાવ અવિનાશી છે અને આ શરીર નાશવંત છે. શરીરનો નાશ થવાં છતાં પણ મારાં સ્વભાવનો નાશ થતો નથી માટે મારાં શરીરની ચિંતા કરવી અનુચિત નથી.

૫. હે જીવ કુટુંબીઓ વગેરેને તારી સાથે કાંઈ સબંધ નથી અને તારે એ બધાંથી કોઈ પ્રયોજન નથી એ બધાં તો એનાં સ્વાર્થના કારણે પ્રેમ કરી રહ્યાં છે તેથી તું તારા આત્મ ભાવમાં મસ્ત થઈ જા.

૬. દેહ તે આત્મા નથી. આત્મા તે દેહ નથી. ઘડાને જોનાર ઘડાદિથી ભિન્ન છે તેમ દેહનો જાણનાર જોનાર આત્મા તે દેહથી ભિન્ન છે. દેહ મરે છે આત્મા મરતો નથી. આત્મા અજર અમર છે.

પ્ર. ૧૬૯ મોક્ષ એટલે શું ?

ઉ. ૧૬૯ આ દુનિયામાં ક્રોધ, માન, માયા, લોભ સ્પર્શે નહીં અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું બંધન ના હોય એને મોક્ષ કહેવાય. નિરંતર આનંદમાં રહેવું એનું નામ જ મોક્ષ. કોઈ ગાળો ભાંડે, ગજવું કાપે તોય આનંદ ના જાય એનું નામ મોક્ષ. મોક્ષ એટલે સંકલ્પ-વિકલ્પથી મુક્ત થવું તે. જગતમાં અનઈફેક્ટીવ રહે અને જીવ ના બળે તે મોક્ષ. સ્વ સમય તે જ મોક્ષ.

કઢાપો, અજંપો તથા ચિંતા મટે તે જ મોક્ષ. સહજ સ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ મોક્ષ કહે છે. આપણો કોઈ જ ઉપરી નહીં તથા કોઈ અન્ડરહેન્ડ નહીં એનું નામ જ મોક્ષ. આ સંસારી દુઃખોથી મુક્તિ એનું નામ મોક્ષ. સનાતન સુખ એનું નામ મોક્ષ. જે સુખ આવ્યાં પછી ક્યારેય દુઃખ ના આવે તેને સનાતન સુખ કહેવાય. કલુષિત ભાવનો અભાવ થયો એ જ મોક્ષ. વીતરાગતા એ જ મોક્ષ છે. જીવનના ધ્યેય પરત્વેની સંપૂર્ણ જાગૃતિ એટલે મોક્ષ. આપણામાં કોઈની ડખલ નહીં એનુ નામ મોક્ષ. જ્ઞાન, દર્શન, ચારિત્ર, સમ્યક્ થાય એનું નામ મોક્ષ. મોક્ષ એટલે પોતે પોતાના સ્વભાવમાં આવવું તે. મોક્ષ એટલે સર્વ સંસારી દુઃખોનો અભાવ. વાણી ધાર્યા પ્રમાણે નીકળે ને એ જ મોક્ષ. પોતાનાં સ્વરૂપમાં રહેવું તે, પોતાનાં ફોર્મલેશ સ્વરૂપમાં રહેવું તે મોક્ષ. સર્વ દુઃખોથી આત્યંતિક મુક્તિ અને કાયમનું સુખ એનું નામ મોક્ષ. અજ્ઞાનથી મુક્તિ થઈ એનું નામ મોક્ષ. મોક્ષ એટલે સંપૂર્ણ મુક્તભાવ. ભાવનો જયાં અભાવ છે ત્યાં મોક્ષ છે. લેપાયમાન ભાવોમાં નિર્લેપ રહે તે મોક્ષ છે. સાંસારિક ભાવોમાં તન્મયતા નહીં તે મોક્ષ. દુનિયાનો કોઈ ભાવ એને બાંધે નહીં એનું નામ મોક્ષ. સનાતન નિરંતર પરમાનંદ રહે એનું નામ મોક્ષ. પોતાના મુક્ત સુખમાં રહેવું એનું નામ મોક્ષ. આત્મા પોતાના મૂળ સુખમાં આવી ગયો એનું નામ મોક્ષ. આર્તધ્યાન, રૌદ્રધ્યાન ના થાય તેનું નામ મોક્ષ. પોતાના સનાતન સુખનો જે સદભાવ એનું નામ મોક્ષ. એકેય ચિંતા ઉપાધિ ના થાય, ઈન્કમટેક્ષનું કાગળિયું આવે તોય સમાધિ ના જાય તે જ મોક્ષ. ક્લેશના વાતાવરણમાં જેને જરાય ક્લેશ ના થાય તેનું નામ મોક્ષ. મન, વચન, કાયાની એકતા તેનું નામ મોક્ષ. આ જગત આપણી માલિકીનું છે એવું સમજાય એજ મોક્ષ. જ્ઞાની પુરુષના ચરણમાં જ રહેવું તે મોક્ષ. દરેક સંજોગોમાં મનનું સમાધાન થાય અને એકપણ પઝલ ઊભું ના થાય તથા સંપૂર્ણ સમાધાન રહે એનું નામ મોક્ષ. સ્વસ્વરૂપનું જ્ઞાન, ભાન, અને ધ્યાન એનું નામ જ મોક્ષ. સ્વ સ્વરૂપની સમાધિ એનું નામ જ મોક્ષ. આત્મામાં આત્મબુદ્ધિ એનું નામ મોક્ષ. મોક્ષ એટલે મન, વચન, કાયાથી મુક્તપણું, પોતાનું સ્વતંત્ર સુખ, આ સંસારમાં કોઈપણ દુઃખ અડે નહીં તેનું નામ મોક્ષ. મોક્ષ એટલે પોતે પોતાના ગુણધર્મમાં આવી જવું અને સ્વ સ્વરૂપમાં

રહીને નિરંતર સનાતન સુખમાં રહેવું એનું નામ જ મોક્ષ. સંયોગ વિયોગ રહિત થવું એનું નામ મોક્ષ. શબ્દનો પરમ અર્થ એટલે મોક્ષ. વસ્તુનો છેલ્લામાં છેલ્લો અર્થ તે મોક્ષ. કાયમનું સુખ એનું નામ જ મોક્ષ. તમામ પ્રકારનાં કર્મોનો ક્ષય એ મોક્ષ છે.

પ્ર. ૧૭૦ મોક્ષ એ ફળ છે કે અવસ્થા છે ?

ઉ. ૧૭૦ મોક્ષ એ અવસ્થા છે અને તે સ્વાભાવિક અવસ્થા છે.

પ્ર. ૧૭૧ કઈ દશામાં મોક્ષ મળે ?

ઉ. ૧૭૧ વીતરાગ દશામાં મોક્ષ મળે.

પ્ર. ૧૭૨ મોક્ષનો સરળ ઉપાય શું ?

ઉ. ૧૭૨ કષાયરહિત જ્ઞાની પુરુષની સેવાથી મોક્ષમાર્ગ સરળ થાય છે. મોક્ષ તો એકલા જ્ઞાની પુરુષ પાસેથી જ મળે જે મુક્ત થયા હોય તે જ આપણને મુક્ત કરી શકે.

પ્ર. ૧૭૩ મોક્ષ કયા ધર્મથી તથા કયા સ્થાનમાં મળે ?

ઉ. ૧૭૩ આત્મધર્મથી મોક્ષ થાય. વીતરાગ સ્થાનકમાં મોક્ષ મળે.

પ્ર. ૧૭૪ કયા સાધનથી મોક્ષ થાય ?

ઉ. ૧૭૪ આત્મજ્ઞાનથી મોક્ષ થાય.

પ્ર. ૧૭૫ મોક્ષની માતા કોણ ?

ઉ. ૧૭૫ વીતરાગતા એ મોક્ષની જનની છે. જાગૃતિ એ મોક્ષની માતા છે.

પ્ર. ૧૭૬ મોક્ષને લાયક થયો ક્યારે ગણાય ?

ઉ. ૧૭૬ તમે બહારગામ જતા હો અને તમે મોટરમાં બેઠા અને મોટરના માલિકના કોઈ ઓળખીતા સામેથી આવ્યા એટલે તમને એ કહે કે તમે ઉતરી પડો અને તમે આગળ ચાલતા થાવ ત્યારે એ બૂમ પાડશે તમને કે તમે પાછા આવો એમ કરો તમે આગલી બાજુ બેસી જાવ એટલે પછી તમે આગળ બેસી ગયા. થોડી ગાડી આગળ ચાલી અને બીજો કોઈ ઓળખાણવાળો મિત્ર આવ્યો ત્યારે તમને કહે કે જરા ઉતરી જાવ તો સારું, હવે એવું નવ વખત તમને ચઢ ઉતર કરાવડાવે અને છતાંય પણ તમારાં મનનાં પર્યાય ફેર ના થાય ત્યારે જાણવું કે મોક્ષને લાયક થયો છે. નબળાનો જે પક્ષ લે અને રક્ષણ કરે એ જ મોક્ષને લાયક, તેથી જ તો ક્ષત્રિયને મોક્ષના અધિકારી કહ્યાં છે. જે છેતરાય નહીં તે મોક્ષને લાયક છે.

પ્ર. ૧૭૭ શેને મોક્ષનું અંગ કહ્યું છે?

ઉ. ૧૭૭ આર્ય દેશમાં (હિન્દુસ્તાનમાં) જન્મ એને શાસ્ત્રકારોએ મોક્ષનું અંગ કહ્યું છે.

પ્ર. ૧૭૮ મોક્ષનું મૂળ શું છે ?

ઉ. ૧૭૮ સમકિત એ મોક્ષનું મૂળ છે. સમકિત વિના કોઈ મોક્ષ પામ્યો નથી, પામતો નથી અને પામશે પણ નહી. સમકિત વિના જ્ઞાન, ચારિત્ર રૂપી ધર્મવૃક્ષ ન હોય અને એ વૃક્ષ વિના મોક્ષ રૂપ ફળ ન મળે.

પ્ર. ૧૭૯ કયા ચાર તત્ત્વોમાં શ્રદ્ધા બેસે તો મોક્ષ થાય ?

ઉ. ૧૭૯ આત્મા, સંવર, નિર્જરા અને મોક્ષ આ ચાર તત્વોમાં શ્રદ્ધા બેસે તો મોક્ષ થાય.

પ્ર. ૧૮૦ કોનો અહીંજ મોક્ષ છે ?

ઉ. ૧૮૦ જેને માન-અપમાનની કિંચિંત્માત્ર પણ અસર થતી નથી તેનો અહીંજ મોક્ષ છે.

પ્ર. ૧૮૧ મોક્ષની શરૂઆત ક્યાંથી થાય છે ?

ઉ. ૧૮૧ ઘાટ જ્યાં સંપૂર્ણ ગયો ત્યાંથી મોક્ષની શરૂઆત થાય છે.

પ્ર. ૧૮૨ મોક્ષનું કારણ શું ?

ઉ. ૧૮૨ ધર્મધ્યાન અને શુકલધ્યાન એ મોક્ષની લબ્ધિ છે.

પ્ર. ૧૮૩ મોક્ષ માર્ગનું પહેલું પગથિયું કયું ?

ઉ. ૧૮૩ જ્ઞાની પુરુષના શરણે જાવ અને જ્ઞાની પુરુષ ઉપર સંપૂર્ણ પૂરેપૂરો વિશ્વાસ મૂકવો એ મોક્ષ માર્ગનું પ્રથમ સોપાન છે. દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે શ્રદ્ધા તે જ દર્શન અને તે પ્રથમ પગથિયું છે.

પ્ર. ૧૮૪ મોક્ષ માટેનો પ્રથમ દરવાજો કયો ?

ઉ. ૧૮૪ સ્થિતપ્રજ્ઞ દશા અને આત્મદૃષ્ટિ એ મોક્ષ માટેનો પ્રથમ દરવાજો છે.

પ્ર. ૧૮૫ મોક્ષે જવા માટે ભગવાને શું કહ્યું હતું ?

ઉ. ૧૮૫ મોક્ષ માર્ગે જવું હોય તો નીચેનું મિક્ષ્ચર પીજો એમ ભગવાને કહેલું.

૧. શાસ્ત્રોના ૨૦ %, ૨. જ્ઞાનીઓના ૭૦ % (જ્ઞાનીનો પરમ વિનય)

૩. સંસારીભાવ ૧૦ % એમ કુલ મળીને ૧૦૦ % થાય.

ત્યારે આજે બધા તો શાસ્ત્રો જ પી. પી. કર્યા કરે છે.

પ્ર. ૧૮૬ મોક્ષના વાજાં વાગ્યા ક્યારે કહેવાય ?

ઉ. ૧૮૬ ઉપાધિમાં સમતા રહે ત્યારે જાણવું કે મોક્ષના વાજાં વાગવા માંડયા.

પ્ર. ૧૮૭ મોક્ષે જવાની નિશાની શું ?

ઉ. ૧૮૭ એટેકિંગ વિચારો બંધ થાય એ મોક્ષે જવાની નિશાની થઇ કહેવાય.

પ્ર. ૧૮૮ મોક્ષે જવાની ચાવી શું ?

ઉ. ૧૮૮ કોઇની સાથે ક્યારેય પણ અથડામણમાં ના ઊતરશો એ મોક્ષે જવાની મોટામાં મોટી ચાવી છે.

પ્ર. ૧૮૯ કોણ મોક્ષે જઇ શકે ?

ઉ. ૧૮૯ ક્ષાત્ર તેજ હોય, ક્ષાત્ર બળ હોય છતાં તેનો ઉપયોગ ન કરે તે જ મોક્ષે જઇ શકે.

પ્ર. ૧૯૦ કોનો ત્રણ કે ચાર અવતારે અવશ્ય મોક્ષ થાય ?

ઉ. ૧૯૦ તીર્થંકર ભગવાનના માતા પિતાનો ત્રણ કે ચાર અવતારે અવશ્ય મોક્ષ થાય છે.

પ્ર. ૧૯૧ મોક્ષના માર્ગે ચાલે છે એ શેના પરથી જણાય ?

ઉ. ૧૯૧ અપમાન જે સહન કરે છે એ જ મોક્ષને માર્ગે ચાલે છે તેમ કહેવાય.

પ્ર. ૧૯૨ મોક્ષે જવા માટેના સાધનો કયા ?

ઉ. ૧૯૨ પરાનુગ્રહ જેવું જગતમાં મોક્ષે જવા માટે બીજું કોઇ ઉત્તમ સાધન જ નથી. કૃપાળુ દેવનું (શ્રીમદ્ રાજચંદ્રનું) આખું જીવન પરાનુગ્રહમાં ગયેલુ. નોર્માલિટી દરેક બાબતમાં હોય તો મોક્ષે જવાય. ખાવામાં, પીવામાં, સૂવામાં, હરવામાં, ફરવામાં દરેક બાબતમાં નોર્માલિટી હોય અને સમભાવ એ મોક્ષનું સાધન છે. વીતરાગતા અને સમતા એ જ જગતમાંથી મોક્ષે જવાનું મોટું સાધન છે. વીતરાગી વાણી એ મોક્ષે જવા માટેનું મોટામાં મોટું સાધન છે. નિરાગ્રહીપણું, જેને કોઇપણ આગ્રહ નથી તે મોક્ષે જવાનો છે. સ્વચ્છંદને રોકવો એ જ મોટામાં મોટું સાધન છે.

પ્ર. ૧૯૩ કયો જીવ તે જ ભવે મોક્ષને પામે ?

ઉ. ૧૯૩ જે ભવ્ય જીવ સ્વલબ્ધિ વડે અષ્ટાપદ પર્વત ઉપર જઇ જિનેશ્વરોને વંદન કરે તે જીવ તે જ ભવે સિદ્ધપદને પામે.

પ્ર. ૧૯૪ આ વર્તમાન અવસર્પિણી કાળમાં સૌથી પહેલા કોણ મોક્ષે ગયું અને સૌથી છેલ્લે કોણ મોક્ષે ગયું ?

ઉ. ૧૯૪ વર્તમાન અવસર્પિણી કાળમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની માતા શ્રી મરુદેવી માતા સૌ પ્રથમ સ્વયંબુદ્ધ થઇ મોક્ષે ગયા અને ભગવાન મહાવીરના (ચોવીસમાં તીર્થંકરના) પાંચમા ગુણધર શ્રી સુધર્મા સ્વામીનો શિષ્ય શ્રી જંબુ સ્વામી પાંચમાં આરામાં આગ્રા (દિલ્હી પાસે આવેલ) શહેરમાંથી મોક્ષે ગયેલા. [**ખાસ નોંધ** : પાંચમાં આરામાં જન્મેલા તે જ આરામાં અહીંથી મોક્ષે જાય નહીં એ સિદ્ધાંત છે. પરંતુ જંબુ સ્વામી ચોથા આરામાં જ્ઞાન પામેલા અને પાંચમાં આરામાં આગ્રામાં જે દેરાસર છે તે જગ્યાએથી મોક્ષે ગયેલા પાંચમાં આરામાં તે એકલા જ મોક્ષે ગયેલા. જંબુ સ્વામી વણિક હતા.]

પ્ર. ૧૯૫ મોક્ષ પામવા માટે વચ્ચે કયા દૂષણો નડે છે ?

ઉ. ૧૯૫ મુખ્યત્વે નીચે જણાવેલા ચાર દૂષણો નડે છે.

૧. મિથ્યાત્વ : તમામ પ્રકારની અજ્ઞાન માન્યતાઓની ભારી

૨. અવિરતિ : અવિરત વિચારો આવ્યા કરે તે.

૩. કષાય : ક્રોધ, માન, માયા, લોભ

૪. યોગ : મન, વચન, કાયાનો યોગ

પહેલું મિથ્યાત્વ દૂષણ જાય તો બાકીના દૂષણો પછી ધીમે ધીમે જતા રહે છે.

પ્ર. ૧૯૬ મોક્ષે જવા માટે મોટામાં મોટા ભય સ્થાનો કયા છે ?

ઉ. ૧૯૬ ૧. આડાઇ ૨. સ્વચ્છંદ ૩. કેફ

મોક્ષે જવા માટે આ ત્રણ જ વસ્તુ નડતર રૂપ છે.

પ્ર. ૧૯૭ મોક્ષે જવું હશે તો કેવા પરાક્રમની જરૂર છે ?

ઉ. ૧૯૭ મોક્ષે જવું હશે તો લોક ભય અને લોક સંજ્ઞાથી વિરુદ્ધ જવું પડશે.

પ્ર. ૧૯૮ મોક્ષનો અધિકારી કોણ ?

ઉ. ૧૯૮ જગતમાં કોઇ દોષિત જ ના દેખાય એવી દૃષ્ટિ ચોક્કસ થઇ જાય એ મોક્ષનો અધિકારી

પ્ર. ૧૯૯ મોક્ષે ક્યારે જવાય ?

ઉ. ૧૯૯ આ જગત બધી રીતે જીત્યા વગર કોઇ મોક્ષે ગયેલો નહીં. જીતવાનું એકલું ઘરમાં નહીં પણ તમામ સંયોગો બધા જીતવા પડશે.

પ્ર. ૨૦૦ મોક્ષ ક્યારે થાય ?

ઉ. ૨૦૦ બહારના સંયોગોના દબાણથી આત્મામાં કંપન શક્તિ ઉત્પન્ન થાય છે. ત્યારે પરમાણું ગ્રહણ કરે છે. કંપનશક્તિ એક કલાક બંધ થઇ જાય તો મોક્ષ થાય. પોતે આત્મા છે એમ જાણે તો જ મોક્ષ થાય. તમારી સમજણ ભૂલ વગરની થશે ત્યારે તમારો મોક્ષ થશે. પોતાની વાણી જયારે પોતે સાંભળશે ત્યારે મોક્ષ થશે. દેહ હોવાં છતાં પણ દેહ અને આત્મા છૂટાં રહે ત્યાર પછી જ મોક્ષ થાય. નિરંતર જાગૃતિમાં આવી જાય તો મોક્ષ થાય. પરમાણું એ પરમાણું પ્રકૃતિને જે ઓળખી ગયો તે મોક્ષે જાય. ગજવું કાપનારની પ્રકૃતિ ભગવાન જેવી લાગશે ત્યારે મોક્ષે જવાશે. આત્મ સ્વરૂપ થવાય ત્યારે મોક્ષ થાય. વ્યવહારનું પૃથ્થકરણ કરતાં આવડે તો જ મોક્ષ થાય. દરેક જીવમાત્રને સાપ, વીંછી બધાને રાજી કરે ત્યારે મોક્ષ થાય. મોક્ષે જવું હોય તો કોઇનો ક્લેઇમ બાકી ના રહેવો જોઇએ, બધાં રાજી થાય તો મોક્ષ થાય. વર્લ્ડમાં કોઇનો ક્લેઇમ બાકી છે ત્યાં સુધી આજ્ઞા પાળવી પડે અને જ્ઞાનીની આજ્ઞામાં નિરંતર રહે એટલે મોક્ષ થાય. મોક્ષ તો અહિંસાની ટોચ ઉપર જાય ત્યારે થાય. કિંચિત્માત્ર પણ હિંસા ના થાય ત્યાર પછી મોક્ષ થાય. તમારું જ્ઞાન, તમારી સમજણ ભૂલ વગરની થશે ત્યારે મોક્ષ થશે. સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર ઉત્પન્ન થવાથી મોક્ષ થાય.

પ્ર. ૨૦૧ મોક્ષે જવા માટે કેવા ગુણ જોઇશે ?

ઉ. ૨૦૧ મોક્ષે જવા તો સ્થિતિસ્થાપક, ભારવહન અને વાળો તેમ વળી જાય એવા ત્રણ મુખ્ય ગુણ જોઇએ. કોમ્પ્રેસેબલ, ટેન્સનેબલ, ફલેક્સીબલ આ ત્રણ ગુણ જેનામાં, હોય તેને કોઇ ડરાવી શકે નહીં. ભગવાને મોક્ષે જવા માટે મુખ્ય ગુણ ''સરળતા'' નો કહ્યો છે. જેમ વાળો તેમ વળે તેને સરળતા કહેવાય. મોક્ષે જવા માટે જ્ઞાન સરળતા જોઇશે. જ્ઞાન સરળતા એટલે જાણીને છેતરાય. ઋજુતા ગુણ જોઇશે.

પ્ર. ૨૦૨ મોક્ષે જવું હશે તો કયો કાયદો માન્ય રાખવો પડશે ?

ઉ. ૨૦૨ મોક્ષે જવું હશે તો ''ભોગવે એની ભૂલ'' એ કાયદો માન્ય રાખવો પડશે. કુદરતનો નિયમ એવો છે કે જેટલા મોક્ષે ગયેલા તેમાંથી ૮૦ % નર્કે ગયા પછી જ મોક્ષે જાય છે. નર્કમાં ના ગયો હોય તો મોક્ષે જવા ના દે. જેટલા જેટલા મોક્ષે ગયા છે તે બધાંના છેલ્લા બે અવતાર સંસારી જ હોય.

પ્ર. ૨૦૩ કયું વાક્ય ગા ગા કરે ને તોય મોક્ષ થાય ?

ઉ. ૨૦૩ ''અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં હું સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું'' આ એક જ વાક્ય પૂરું ના સમજાય પણ ગા ગા કરે ને તોય મોક્ષ થાય. ''આખું વર્લ્ડ વ્યવસ્થિત છે તે તદ્દન સત્ય છે.'' આ વાક્ય બોલ બોલ કરજે તોય તારું કામ થઇ જશે. ''અવસ્થા માત્ર કુદરતી રચના છે જેનો કોઇ બાપોય રચનાર નથી અને તે વ્યવસ્થિત જ છે.'' આ વાક્ય બોલ બોલ કરે તોય મોક્ષ થઇ જાય. [આ વાત સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરેલ મહાત્માઓના સંદર્ભમાં સમજવાની છે.]

પ્ર. ૨૦૪ છેલ્લામાં છેલ્લું મોક્ષનું જ્ઞાન કયું ?

ઉ. ૨૦૪ ''હું કર્તા નથી અને હું ભોક્તા નથી, તેમજ સામાવાળો પણ કર્તા નથી'' આ સમજાઇ ગયું તે છેલ્લામાં છેલ્લું જ્ઞાન છે. હું કંઇજ કરતો નથી અને સામો પણ કંઇજ કરતો નથી, બધા કર્મને આધિન છે, એ સમજણપૂર્વક હોય તો એ થઇ ગયો જ્ઞાની.

પ્ર. ૨૦૫ મોક્ષે જવાનો સરળ રસ્તો કયો ?

ઉ. ૨૦૫ ભોમિયાને મળતું તે. ભોમિયો મળ્યો એટલે ઉકેલ આવી ગયો એનાથી સીધો ને સરળ માર્ગ વળી બીજો કયો છે. સમકિત થાય તો મોક્ષે જવાય. મોક્ષે જવું હોય તેને જ્ઞાન અને જ્ઞાનીની આજ્ઞા આ બેની જરૂર છે.

પ્ર. ૨૦૬ મોક્ષે જવાના કેટલા માર્ગ છે ?

ઉ. ૨૦૬ મોક્ષે જવાના બે માર્ગ છે. એક ધોરી માર્ગ તે મૂળ માર્ગ જેને ક્રમિક માર્ગ કહેવાય છે, તે પગથિયે પગથિયે ચઢવાનું, સત્સંગ મળે તો પાંચસો પગથિયાં ચઢી જાય અને કુસંગ મળે તો પાંચ હજાર પગથિયાં ઉતારી પાડે. ક્રમિક માર્ગ બહું કષ્ટદાયક માર્ગ છે. તપ, ત્યાગ, જપ કરતાં કરતાં ચઢવાનું તે ક્રમિક માર્ગ. બીજો માર્ગ અક્રમ માર્ગ તે લિફ્ટ માર્ગ સીધા લિફ્ટમાં બેસી જવાનું તે અપવાદ માર્ગ છે. દર દસ લાખ વર્ષે પ્રગટ થાય છે. શ્રી ઋષભદેવ ભગવાને તેમના સો પુત્રોમાંથી એક ભરતને જ આ અક્રમજ્ઞાન આપેલું. આ તો અગિયારમું આશ્ચર્ય છે આ કાળનું આ તો કોક વખત ઇનામી રસ્તો નીકળે છે તેમાં જેને ટિકિટ મળી ગઇ તેનું કલ્યાણ થઇ ગયું. અક્રમ માર્ગમાં શુદ્ધ ઉપયોગ હોય છે. ક્રમિક માર્ગ મૂળ માર્ગ એટલે કે પરાપૂર્વથી ચાલ્યો આવતો અનાદિ અનંત માર્ગ છે.

પ્ર. ૨૦૭ મોક્ષની નજીક પહોંચવાનો માર્ગ શો ?

ઉ. ૨૦૭ ૧. મેં કર્યું એ બોલવું એ નિમિત્ત છે, નિમિત્ત ભાવ છે અને ૨. કરાવે છે એ ઉદયકર્મ કરાવે છે આ બે જ મારા વાક્યની જાગૃતિ રાખીને આખી જિંદગીં પસાર કરે તો તે મોક્ષની નજીક આવી ગયો. આટલી જ જાગૃતિ રાખે અને આ વાક્યોને જેમ છે તેમ રહેવા દે એ સંપૂર્ણ એલર્ટ થાય તો આત્મા જ થઇ જાય. શુદ્ધાત્મા થવાનું આ જ સાચુ સાધન છે. કર્તાભાવ છૂટે તો જ શુદ્ધાત્માનું લક્ષ બેસે. જયાં સુધી હું કર્તા છું એવું ભાન છે ત્યાં સુધી ક્રિયાકાંડ છે. હું કર્તા છું નું ભાન જાય એટલે મોક્ષ. હું કર્તા છું ત્યાં સુધી ધર્મ છે અને કર્તાપદ છૂટે તો વિજ્ઞાન છે. હું કર્તા નથી એ ભાન થાય તો મુક્તિ થાય.

પ્ર. ૨૦૮ મોક્ષ માર્ગ કોને કહેવાય ?

ઉ. ૨૦૮ મોક્ષ માર્ગ એટલે બિલકુલ રાજમાર્ગ એટલે ક્રિયા વિક્રિયા ના હોય, મહેનત ના હોય. તપ ત્યાગથી દેવગતિ મળે મોક્ષ ના મળે. મોક્ષનો માર્ગ એટલે વિવેકમાંથી સદ્વિવેક, સદ્વિવેકમાંથી વિનય, વિનયમાંથી પરમ વિનય અને પરમવિનયથી મોક્ષ. મોક્ષ માર્ગ એટલે અંતર મુખી. નિરંતર અંદરની જાગૃતિમાં જ રહેવું અને સામાનું અંહ્મ દુભવ્યું હોય તો તરત જ પ્રતિક્રમણ કરી લેવું તે. પુણ્ય અને પાપ બન્ને ''હેય'' રૂપે હોય, ઉપાદેય રૂપે નહીં તેને મોક્ષ માર્ગ કહેવાય. ''હેય'' રૂપે ક્યારે થાય જયારે સ્વરૂપનું જ્ઞાન થાય તો, તે સિવાય ''હેય'' રૂપે થાય નહી. આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન એ મોક્ષ માર્ગ છે. પોતાના ગુનાઓ જાહેર કરવા તે આલોચના પછી તે ખોટું છે તેથી તેનું પશ્ચાતાપ કરવો માફી માંગવી તે પ્રતિક્રમણ અને ફરી નહીં કરું એવું નક્કી કરવું એ પ્રત્યાખ્યાન. નિરાગ્રહી થવું એ મોક્ષનો માર્ગ છે. મોક્ષે જવું હોય તો એકપણ આગ્રહ ના જોઇએ. આગ્રહ એ જ અજ્ઞાનતા છે.

પ્ર. ૨૦૯ મોક્ષ માર્ગ ક્યાંથી શરૂ થાય છે ?

ઉ. ૨૦૯ કર્તાપદ ઊડી ગયા પછી મોક્ષ માર્ગ શરૂ થાય છે.

પ્ર. ૨૧૦ મોક્ષ માર્ગમાં કઇ ત્રણ વસ્તુની જરૂર છે ?

ઉ. ૨૧૦ આત્મા અને જ્ઞાનીપુરુષ પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા તથા જ્ઞાની પુરુષ ના મળે ત્યાં સુધી જ્ઞાની પુરુષ પ્રાપ્ત થાય તેવી ભાવના ભાવવી.

પ્ર. ૨૧૧ મોક્ષ માર્ગમાં શું કરવા જેવું હોય છે ?

ઉ. ૨૧૧ મોક્ષ માર્ગમાં કશું કરવા જેવું હોતું જ નથી, સમજવા જેવું હોય છે. પોતાની જાતને જ જાણવાની હોય છે, બીજું કશું જાણવાનું નથી હોતું આ તો સમજીને સમાવવાનો માર્ગ છે.

પ્ર. ૨૧૨ મોક્ષ માર્ગમાં પોઈન્ટ મેન કોને કહેવાય ?

ઉ. ૨૧૨ આપણને ગમતું બોલે તે પોઈન્ટ મેન. આપણને ગમતું બોલે અને મન ભમી જાય તો જાણવું કે આ પોઈન્ટ મેન આવ્યા છે, તે આપણી ગાડી બીજે પાટે ચઢાવી દેશે માટે સાવધ રહેવું. આડે પાટે હોય ત્યારે અહંકારની મીઠાશ આવે અને અવળે પાટે ચઢયાની મીઠાશ આવે એટલે ઈમોશનલ થતો જાય જ્યારે મેઈન લાઈન ઉપર ગાડી હોય ત્યારે નિરાકુળતા જ હોય.

પ્ર. ૨૧૩ મોક્ષનો માર્ગ ક્યાં છે ?

ઉ. ૨૧૩ જ્યાં બુદ્ધિવાદ ના હોય, જ્યાં એટીકેટ ના હોય ત્યાં મોક્ષ માર્ગ છે. જ્યાં સહજતા છે, જ્યાં સરળતા છે, ત્યાં મોક્ષ માર્ગ છે. જ્યાં સંપૂર્ણ વ્યવહાર અને સંપૂર્ણ નિશ્ચય હોય ત્યાં મોક્ષ માર્ગ છે. બધી નાતના જ્યાં બેઠા હોય છતાં કોઈને વાણીનો વાંધો ના આવે ત્યાં મોક્ષ માર્ગ છે. વાઘરી બેઠા હોય, ચોર બેઠા હોય, ભણેલા બેઠા હોય, અભણ બેઠા હોય, યુરોપિયન બેઠા હોય, મુસ્લિમ બેઠા હોય કે પારસી બેઠા હોય છતાં કોઈને પણ વાણીનો વાંધો ના આવે, સહુ કોઈ ઉલ્લાસ પૂર્વક સાંભળે ત્યાં મોક્ષ માર્ગ છે.

પ્ર. ૨૧૪ મોક્ષ માર્ગની સાધનામાં જે બાધક કારણો છે તે કયા કયા છે ?

ઉ. ૨૧૪ ''હું જાણુ છું'' એજ મોક્ષમાર્ગમાં મોટામાં મોટું બાધક કારણ છે, ત્યાર પછી આડાઈ, ત્રાગુ, ઉદ્વેગ, શંકા, નોંધ, ગર્વ, ગારવતા, લાલચ, કપટ, પોતાપણું અને પૂંજાવાની કામના એ પણ બાધક કારણો છે.

પ્ર. ૨૧૫ મોક્ષ બંધ છે પણ મોક્ષ માર્ગ ખુલ્લો છે એ સમજાવો ?

ઉ. ૨૧૫ ભગવાને કહ્યું છે કે પાંચમાં આરામા મોક્ષ બંધ છે, પણ આ કાળમાં મોક્ષ માર્ગ બંધ નથી, ૨૧૦૦૦ વર્ષ સુધી જેનું શાસન છે તો મોક્ષ માર્ગ બંધ થઈ ગયો હોત તો તે શાસનની જરૂર જ શી છે ? પણ લોકો સમજ્યા જ નહીં. અત્યારે અહીં કારણ મોક્ષ થઈ જાય છે. મોક્ષ માર્ગથી કાર્ય મોક્ષ થતો નથી તો મોક્ષ ૯૯૯૯૯૯ સુધી પહોંચે છે લાખ પુરા થતા નથી. ભગવાને કહેલું કે

મોક્ષ નથી એ વાક્ય ક્યારેય ખોટું ના હોય એટલે આ વાત સાચી છે. લાખ રૂપિયા મળતા નથી તે પણ ક્યાં સુધી મળે છે તો કે ૯૯ હજાર નવસો નવ્વાણું રૂપિયા અને ૯૯ પૈસાનો ચેક મળે છે. તો એક પૈસા માટે મોક્ષ નથી એમ માનવું! આ કાળ માટે મોક્ષ નથી માટે એક જ પૈસાની ચિંતા રખાય, એક પૈસો તો એની મેળે જડી આવશે.

પ્ર. ૨૧૬ વૃષભદેવ ભગવાને કયા બે માર્ગથી મોક્ષ કહ્યો છે ?

ઉ. ૨૧૬ વેદાંત માર્ગથી અને જૈન માર્ગથી બંને માર્ગથી મોક્ષ છે, એમ વૃષભદેવ ભગવાને કહ્યું છે. બંનેય માર્ગ સમકિત આગળ ભેગા થાય છે. સમ્યક્દર્શનના સ્ટેશન ઉપર બેઉ ભેગા થઇ જાય છે.

પ્ર. ૨૧૭ મોક્ષ માર્ગ એ મુક્તિનો માર્ગ છે એમાં કશી અપેક્ષા ન હોઇ શકે તો પછી આમાં શાસન દેવ દેવીઓને રાજી રાખવાની શી જરૂર ?

ઉ. ૨૧૭ આ શાસન દેવ - દેવીઓને રાજી એટલા માટે રાખવાના કે આ કાળનાં જીવો (મનુષ્યો) પૂર્વ વિરાધક છે. પૂર્વ વિરાધક એટલે પૂર્વ ભવમાં કોઇને સળી કરીને આવેલા તેથી તો અત્યાર સુધી રખડી મરેલા. આપણે દેવ - દેવીઓનું આરાધન એટલા માટે કરવાનું કે એમના તરફનો કોઇ ક્લેઇમ ના રહે. આપણા માર્ગમાં વચ્ચે તેઓ અંતરાય ના નાખે અને આપણને પસાર થવા દે અને હેલ્પ કરે. આપણને આ ગામ જોડે પહેલાંનો ઝઘડો થયેલો હોય અને એ ગામ જોડે આપણે આરાધન ભાવ રાખીએ તો ઝઘડો મટી જાય અને ઊલ્ટું સારું કામ થાય. આમ આખાં જગત જોડે આરાધનાથી સાશન દેવ - દેવીઓ જ નહીં પણ જીવમાત્ર જોડે આરાધનાથી સારું થાય. શાસન દેવ -દેવીઓ નિરંતર શાસન ઉપર કે ધર્મ ઉપર કોઇપણ અડચણ આવે તો તે હેલ્પ કરે છે. મોક્ષ માર્ગમાં આત્મા સિવાય બીજા કોઇની ભક્તિ કરવાની હોતી નથી. પરંતુ મોક્ષ માર્ગે આવતા વિઘ્નોને દુર કરવા માટે દેવી-દેવતાઓને રાજી રાખવાની જરૂર છે.

પ્ર. ૨૧૮ "મોક્ષ માર્ગસ્ય નેતારમ્ ભતારમ્ કર્મ ભૂભૃતામ ! જ્ઞાતારમ્ વિશ્વ તત્વનામ્ વંદે તદ્ગુણલ કથયં" નો અર્થ શો ?

ઉ. ૨૧૮ મોક્ષ માર્ગનો નેતા અને કર્મ રૂપી પર્વતોને તોડનાર તથા સંસારના બધા તત્ત્વોને જાણનાર તેમને અમે નમસ્કાર કરીએ છીએ એવો અર્થ થાય છે.

પ્ર. ૨૧૯ ભગવાને મોક્ષ માટે શું કહ્યું છે ?

ઉ. ૨૧૯ ભગવાને કહ્યું છે કે જો તારે મોક્ષે જવું હોય તો કશું જ ત્યાગવાની જરૂર નથી. એક અહંકાર અને મમતા એમ બે ચીજ ત્યાગી એટલે બધું જ આવી ગયું. અહંકાર એટલે હું અને મમતા એટલે મારું એ બે જ ત્યાગવાના છે. પોતે જયાં નથી ત્યાં આરોપ કરવો તે અહંકાર

પ્ર. ૨૨૦ મોક્ષ સ્વભાવ એટલે શું ?

ઉ. ૨૨૦ મોક્ષ સ્વભાવ એટલે આત્મિક પર્યાયોમાં રમણતા. આત્મ પર્યાયોમાં રમણતા કરવાથી પોતે મોક્ષ સ્વરૂપમાં રહે છે. આત્માનો સ્વભાવ રમણતા કરવાનો છે કાં તો સંસારમાં અગર આત્મામાં.

પ્ર. ૨૨૧ મોક્ષ એ જવાની વસ્તુ છે, મેળવવાની વસ્તુ છે કે મોક્ષ એ સ્થિતિ છે ?

ઉ. ૨૨૧ મોક્ષ તો સ્વભાવ જ છે. તમારો પોતાનો સ્વભાવ જ મોક્ષ છે. તમે છો મોક્ષ સ્વરૂપ પણ અત્યારે તમે મોક્ષ સુખ ભોગવતા નથી કારણકે તેનું તમને ભાન નથી. મોક્ષ માટે તમારે કંઇ કોઇ જગ્યાએ જવાનું નથી. સર્વ દુઃખોથી મુક્તિ એ પહેલો મોક્ષ અને પછી સંસારથી મુક્તિ એ બીજો મોક્ષ.

પ્ર. ૨૨૨ સંસારથી ક્યારે છૂટાશે ?

ઉ. ૨૨૨ જયારે અન્યના એક પણ દોષ દેખાશે નહીં અને પોતાના એક એક દોષ દેખાશે ત્યારે છૂટાશે. પોતાના દોષે કરીને હું બંધાયેલો છું એવી દૃષ્ટિ થશે ત્યારે સામાના દોષ દેખાતા બંધ થશે, અને ત્યારે છૂટાશે. જગત નિર્દોષ જ છે એવું જાણશો તો છૂટશો. જગતનાં તમામ જીવો નિર્દોષ જ છે અને હું એકલો દોષિત છું, મારા દોષોએ કરીને હું બંધાયેલો છું એવી દૃષ્ટિ થશે ત્યારે છૂટાશે. બધા જીવો કોઇ પોતાની સત્તામાં નથી, પરસત્તાથી પોતાનાં કર્મના આધારે છે, નિરંતર કર્મ ભોગવ્યા જ કરે છે, એમાં કોઇ પણ જીવનો કિંચિત્માત્ર પણ દોષ હોતો જ નથી જેને આ સમજણ પડી તે મોક્ષે જશે.

પ્ર. ૨૨૩ મુક્તિ એટલે શું ?

ઉ. ૨૨૩ પુદ્ગલમાં રાગ-દ્વેષ ના થવો એનું નામ મુક્તિ. અનાયાસે આવેલાનો આનંદે આસ્વાદ કરવો એ જ મુક્તિ. જ્ઞાની પુરુષના આશીર્વાદનું ફળ જ મુક્તિ છે. ચારિત્ર મોહનો નિકાલ કરી નાંખીએ એનું નામ મુક્તિ. ચારિત્ર મોહમાં ડખો ડખલ ના કરો અને એને જોયા જ કરો તો એ ખરી પડશે અને નવા બીજ નહીં નાખે એનું નામ મુક્તિ. ચૈતન્ય સ્વભાવમાં સ્થિર થવું તેનું નામ મુક્તિ.

પ્ર. ૨૨૪ મુક્ત કોણ છે ?

ઉ. ૨૨૪ પોતાના જ્ઞાનની જેને પકડ નથી એ મુક્ત જ છે. જેનું મન ક્યારેય અશાંત ના થાય તે મુક્ત.

પ્ર. ૨૨૫ ક્યાં સુધી મુક્ત થઇ શકાય નહીં ?

ઉ. ૨૨૫ બુદ્ધિ હોય ત્યાં સુધી માણસ મુક્ત થઇ શકે નહીં.

પ્ર. ૨૨૬ મુક્ત ક્યારે થાય ?

ઉ. ૨૨૬ સંપૂર્ણ અભેદતા થાય ત્યારે મુક્ત થાય. અભેદતા નહીં ત્યાં સુધી મુક્તિ કેવી ?

પ્ર. ૨૨૭ પ્રત્યક્ષ મોક્ષ કોને કહેવાય ?

ઉ. ૨૨૭ સાંસારિક દુઃખોનો અભાવ એને પ્રત્યક્ષ મોક્ષ કહેવામાં આવે છે. ભયંકર ઉપાધિમાં સમાધિ રહે તે પ્રત્યક્ષ મોક્ષ કહેવાય.

પ્ર. ૨૨૮ "જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષ" એટલે શું ?

ઉ. ૨૨૮ જ્ઞાનક્રિયાથી મોક્ષ છે. જ્ઞાન ક્રિયા એટલે જ્ઞાતાદ્રષ્ટા રૂપ ઉપયોગ કરવો તેનું નામ મોક્ષ. જ્ઞેયને જાણવું તેનું નામ જ્ઞાનક્રિયા અને જ્ઞેયને સમજવું તેનું નામ દર્શન ક્રીયા. જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ એટલે એક તણખલું હલાવવાનું નહીં અને બધામાં જ શુદ્ધાત્મા દેખાય તથા સંપૂર્ણ જ્ઞાતા-દ્રષ્ટા રહ્યાં તેનાથી મોક્ષ છે.

પ્ર. ૨૨૯ મોક્ષનું દાન કોણ આપી શકે ?

ઉ. ૨૨૯ જેને ભગવાન વશ થઇ ગયેલા હોય તે મોક્ષનું દાન આપી શકે. ભગવાન પાસે કોઇ ચીજ માંગે નહીં, પ્રેમ જ માંગે તેને ભગવાન વશ થાય.

પ્ર. ૨૩૦ કયું વાક્ય મોક્ષે લઇ જાય ?

ઉ. ૨૩૦ કોઇ ગાળ ભાંડે અને અસર ના થાય, પોતાની જાતની જ ભૂલ છે એવું પોતાને લાગ્યા કરે અને પોતે પ્રતિક્રમણ કર્યા કરે તો એ ભગવાનનું મોટામાં મોટું જ્ઞાન છે. આ અમારું એક જ વાક્ય જો પાળે તો મોક્ષે જતો રહે. બીજા શબ્દોમાં કહીએ તો તમામ પ્રકારના સંયોગોમાં જગતને નિર્દોષ જોઇને સંપૂર્ણ રીતે અનઇફેક્ટીવ રહે તો અવશ્ય મોક્ષે જાય. જ્ઞાનીના વાક્યને જેમ છે તેમ ગળી જવાથી અવશ્ય મોક્ષ થાય જ.

પ્ર. ૨૩૧ "સદામે સમત્વમ્, ન મુક્તિ, ન બંધમ્, ચિદાનંદ સ્વરૂપો શિવોહમ," સમત્વની પરિસ્થિતિ કોને કહેવાય ?

ઉ. ૨૩૧ વીતરાગ પદ છે એ જ સમત્વની પરિસ્થિતિ કહેવાય. એ મુક્ત પદ પણ નથી અને બંધન પદ પણ નથી. સમત્વ પદ એટલે દ્વન્દ્વાતિત અવસ્થા છે. સુખ-દુઃખ, નફો-ખોટ એનો ભેદ નહીં એ દ્વન્દ્વાતિત કહેવાય. સમત્વ એટલે વિતરાગતા. વિતરાગતા એટલે સંપૂર્ણ મુક્ત થયો નથી અને બંધન છે નહીં વીતરાગ પદથી મોક્ષ પદ પ્રાપ્ત થાય. વીતરાગ પદથી આગળનાં પગથિયે જાય કે મોક્ષ થાય.

પ્ર. ૨૩૨ મોક્ષે જનાર દેહ કેવો હોય ?

ઉ. ૨૩૨ જે દેહે મોક્ષે જવાનું થાય છે તે દેહ બહુ મજબૂત હોય નિર્વાણ પામનારો દેહ ચરમશરીરી કહેવાય.

પ્ર. ૨૩૩ મોક્ષ કેવી રીતે મળે ?

ઉ. ૨૩૩ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન જતાં રહે એટલે મોક્ષ મળે. મોક્ષ જ્ઞાની પુરુષ પાસેથી જ મળે.

પ્ર. ૨૩૪ એક સમયમાં એકસો આઠ જીવો મોક્ષે જાય છે એ ક્યાંથી જાય છે ?

ઉ. ૨૩૪ એક સમયમાં નિયમથી જ જે એકસો આઠ જીવો મોક્ષે જાય છે એ પંદરે ક્ષેત્રોમાંથી (પંદરે કર્મભૂમિમાંથી) થઇને જાય છે એટલે કે પાંચ મહાવિદેહ ક્ષેત્ર, પાંચ ભરતક્ષેત્ર અને પાંચ ઐરાવત ક્ષેત્ર આ પંદર ક્ષેત્રમાંથી કુલ મળીને એકસો આઠ જીવો નિયમથી જ મોક્ષે જાય છે.

પ્ર. ૨૩૫ મોક્ષ વહેલો ક્યારે થાય ?

ઉ. ૨૩૫ જેટલો કેફ ઓછો એટલો મોક્ષ વહેલો થાય.

પ્ર. ૨૩૬ ક્યારે યથાર્થ મોક્ષ થયો કહેવાય ?

ઉ. ૨૩૬ આપણો ઉપરી વર્લ્ડમાં (દુનિયામાં) કોઇ છે જ નહીં એવું મુક્તિનું સુખ પ્રાપ્ત થાય ત્યારે યથાર્થ મોક્ષ થયો કહેવાય.

પ્ર. ૨૩૭ મોક્ષ કોનો થાય છે ?

ઉ. ૨૩૭ મોક્ષ નથી દેહનો થતો કે નથી આત્માનો થતો, મોક્ષ તો અહંકારનો થાય છે.

પ્ર. ૨૩૮ મોક્ષના દરવાજાની ટિકિટ કોણ આપી શકે ?

ઉ. ૨૩૮ સત્‌પુરુષ વિના મોક્ષના દરવાજામાં દાખલ થવાની ટિકિટ બીજો કોઇ આપી શકે નહીં.

પ્ર. ૨૩૯ "નગ્ગા એ મોક્ષ મગ્ગા" એનો અર્થ શો ?

ઉ. ૨૩૯ નાગાનો મોક્ષ છે. પરંતુ તેમાં દેહને નાગો નથી કરવાનો આત્માને નાગો કરવાનો છે, આત્માને મન, વચન, કાયાના ત્રણ વળગણ વળગેલા છે તેનાથી નાગો કરે તો કલ્યાણ થાય. દેહને તો અનંત અવતાર નાગો કર્યો. જાનવરનાં અવતારમાં નાગા નાગા જ ફર ફર કર્યા છે મુઆ. દેહને નાગો કરવાથી મોક્ષ મળે તેમ નથી પરંતુ આત્માને નાગો કરવાનો અર્થાત્ કર્મોના આવરણોથી મુક્ત કરવાનો છે. એવો વીતરાગ ભગવંતોનો આશય છે.

પ્ર. ૨૪૦ કયાં ચાર સંજોગો ભેગા થાય તો ચાર ભવમાં મોક્ષ થાય ?

ઉ. ૨૪૦ ૧. **પરમ અવગાઢ વિનય :** અવિનય સામે વિનય કરવો તે ગાઢ વિનય કહેવાય અને અવિનયી બે ધોલો મારે ત્યારે પણ વિનય સાચવવો તે પરમ અવગાઢ વિનય કહેવાય.

૨. **મોક્ષનો કામી :** મોક્ષ સિવાય અન્ય કોઇ ચીજ વસ્તુની ઇચ્છા માત્ર રહી નથી.

૩. **સત્‌પુરુષનું વચન બળ :** સત્‌પુરુષનો રાજીપો અને સત્‌પુરુષનું વચન બળ હોય.

૪. **આજ્ઞા :** સત્‌પુરુષની આજ્ઞા નિરંતર પાળતો હોય.

ઉપરોક્ત ચાર સંજોગો ભેગા થાય તો ચાર ભવમાં મોક્ષે જાય.

પ્ર. ૨૪૧ કોનો ત્રણ અવતારે મોક્ષ થાય ?

ઉ. ૨૪૧ અથડામણ ના થાય તેનો ત્રણ અવતારે મોક્ષ થાય, તેની હું ગેરંટી આપું છું. અથડામણ થઇ જાય તો પ્રતિક્રમણ કરવું. અથડામણ પુદ્‌ગલની છે અને પુદ્‌ગલની અથડામણ પ્રતિક્રમણથી નાશ થાય છે.

પ્ર. ૨૪૨ મોક્ષે જનારની અંતર ક્રિયા કેવી હોય ?

ઉ. ૨૪૨ અંદર પોતે મુક્તિમાં જ હોય. અંદર ભીતરમાં મુક્તમાળા નિરંતર ફરતી જ હોય. પોતે મોક્ષે સ્વરૂપ જ છે એવું તેને નિરંતર ભાન હોય.

પ્ર. ૨૪૩ કોનો મોક્ષ ના થાય ?

ઉ. ૨૪૩ જે જીવડા ચાલાક છે ચતુરાઇવાળા છે તેનો ક્યારેય મોક્ષ ના થાય. ચતુરાઇ એ રૌદ્રધ્યાન છે. રૌદ્રધ્યાનનું ફળ નર્કગતિ આવે છે.

પ્ર. ૨૪૪ મોક્ષ ક્યારે પ્રાપ્ત થાય ?

ઉ. ૨૪૪ નાક અને કાનના વિષયો જન્મ્યા પછી મોક્ષ પ્રાપ્ત થાય.

પ્ર. ૨૪૫ મોક્ષમાં મહેનત નથી સંસારમાં મહેનત છે કેવી રીતે ?

ઉ. ૨૪૫ જેમ પાણીને ગરમ કરવું હોય તો મહેનત કરવી પડે ચૂલો બનાવવો પડે, લાકડા નાખવા પડે, પ્રગટાંવવા પડે અને પાણીને ઠંડું પાડવું હોય તો કોઇ મહેનત કરવાની જરૂર નથી એની મેળે ઠંડું પડી જાય કારણ કે પાણીનો સ્વભાવ જ ઠંડો છે તેવી જ રીતે આત્માનો પોતાનો સ્વભાવ જ મોક્ષ છે, મુક્તિ છે. મુક્તિ તો પોતાનો સ્વભાવ જ એટલે તેમાં મહેનત ના હોય.

પ્ર. ૨૪૬ મોક્ષે જતાં કઇ બે ચીજ જોઇએ ?

ઉ. ૨૪૬ ૧. મૂળ નિમિત્ત, ૨. મુળ ઉપાદાન
મૂળ નિમિત્ત એટલે મોક્ષદાતા પુરુષ જોઇએ અને મોક્ષ એ મૂળ ઉપાદાન જોઇએ.

પ્ર. ૨૪૭ મોક્ષ શેને આધિન છે ?

ઉ. ૨૪૭ મોક્ષ વેષ કે જાતિને આધિન નથી પણ જ્ઞાનને આધિન છે.

પ્ર. ૨૪૮ મોક્ષે જનારાના લક્ષણ શું ?

ઉ. ૨૪૮ મોક્ષે જનારો તો નિરંતર પોતાની જ ભૂલો જોયા જ કરે.

પ્ર. ૨૪૯ મોક્ષે જવા માટે કોનું સાંભળવાનું નહીં ?

ઉ. ૨૪૯ જો તમારે મોક્ષે જવું હોય તો બુદ્ધિનું જરાય સાંભળવાનું નહિં, સાંભળશો તો મોક્ષ તમારાથી અનંત અવતાર છેટો થઇ જશે. વાણિયાઓમાં બુદ્ધિ બહુ હોય તે તેમને બહુ જ માર ખવડાવે. વણિક બુદ્ધિથી તો મોક્ષમાર્ગે અંતરાય બંધાય છે.

પ્ર. ૨૫૦ પ્રત્યક્ષ મોક્ષનું કારણ શું છે ?

ઉ. ૨૫૦ કોઇપણ સ્થિતિમાં બીજાની ભૂલ ના દેખાય તે પ્રત્યક્ષ મોક્ષનું કારણ છે. આખું જગત નિર્દોષ દેખાય તે પ્રત્યક્ષ મોક્ષનું કારણ છે.

પ્ર. ૨૫૧ તમારી ગણતરીમાં મોક્ષ કઇ જાતનો ગણાય ?

ઉ. ૨૫૧ મોક્ષ એટલે ''નો બોસ'' અને ''નો અન્ડર હેન્ડ'' તથા કાયમ માટે પોતાના સ્વાભાવિક સુખમાં જ રહે અને તે સ્વતંત્ર પોત પોતાની રીતે સુખ ભોગવે. દરેક સિદ્ધ પોતપોતાની સ્થિતિમાં હોય. મોક્ષમાં ત્યાં એકાકાર થઇ જવાનું નથી ત્યાં તમારું સુખ તમે સ્વતંત્ર રીતે જ ભોગવી શકો છો. સિદ્ધગતિમાં બધા સિદ્ધો સ્વતંત્ર રીતે જ પોતાના સુખને અનુભવે છે, નિરંતર પરમાનંદને અનુભવે છે. એમનું એક મિનિટનું સુખ, એ જો દુનિયા ઉપર પડે તો આખી દુનિયા હજારો વર્ષ સુધી આનંદમાં રહે એવા સુખને ભોગવી રહ્યાં છે.

પ્ર. ૨૫૨ મોક્ષ માંગવાથી મળી જાય ખરો ?

ઉ. ૨૫૨ માંગવાથી બધું જ મળી જાય, પણ મોક્ષદાતા પુરુષ હોય તો. મોક્ષદાતા હાજર હોવો જોઈએ. જે પોતે નિરંતર મોક્ષમાં જ રહેતા હોય તેવા અક્રમ વિજ્ઞાની પાસેથી મોક્ષ માંગવાથી મળી શકે છે.

પ્ર. ૨૫૩ મોક્ષ કોનો કરવાનો છે ?

ઉ. ૨૫૩ જે બંધાયેલો છે તેનો મોક્ષ કરવાનો છે. ભોગવે છે તે બંધન અવસ્થા ભોગવે છે અર્થાત્ અહંકાર બંધાયેલો છે એટલે મોક્ષ પામવાનો ભાવ એ અહંકારનો ભાવ છે, આત્માને તેવો ભાવ જ નથી, તે તો છૂટો જ છે. જન્મ-મરણ અને આવાગમન છે તે અહંકારના છે, તેથી અહંકારનો મોક્ષ કરવાનો છે.

પ્ર. ૨૫૪ મોક્ષ મેળવવા માટે આ દેહની સાધન રૂપે જરૂર ખરીને ?

ઉ. ૨૫૪ મનુષ્ય દેહ જ મોક્ષ મેળવવાનું મોટામાં મોટું સાધન છે. મોક્ષ તો કોઇ ગતિમાં ન થાય. દેવગતિમાંથી યે ન થાય અને જાનવર ગતિમાંથી યે ન થાય. બીજા કોઇ પણ અવતારમાંથી (ગતિમાંથી) મોક્ષ ન થાય, એકલો મનુષ્યનો અવતાર જ એવો છે કે તેમાં પાંચેય ગતિ ખુલ્લી છે, એટલે મોક્ષ મેળવવા માટે આ દેહની સાધન રૂપે જરૂર છે.

પ્ર. ૨૫૫ મોક્ષે જવા માટે નર્કમાં જવું ફરજીયાત છે ?

ઉ. ૨૫૫ કુદરતનો નિયમ એવો છે કે જેટલા મોક્ષે ગયા તેમાંથી એંશી ટકા નર્કે ગયા પછી જ મોક્ષે જાય છે. નર્કમાં ના ગયો હોય તો મોક્ષે જવા ના દે. માર પડે ત્યારે ઇન્વેન્શન ચાલે. ખાવાનું, પીવાનું બધું મળ્યા કરે, આવો પધારો પધારો બધા કરે તો ઇન્વેન્શન અટકી જાય.

પ્ર. ૨૫૬ જે સિદ્ધગતિમાં (મોક્ષે) ગયા છે એ કેવા સુખનો અનુભવ કરે છે ?

ઉ. ૨૫૬ પોતે જ, પોતાનો અનુભવ કરે છે. પોતે પોતાનું સ્વાનુભવ સુખ ભોગવ્યા જ કરે છે અને નિરંતર ગતિમાન છે પણ એમને જ્ઞાનક્રિયા અને દર્શનક્રિયા નિરંતર ચાલુ જ રહે છે. એમનું અનંતજ્ઞાન અને અનંતદર્શન વપરાય છે તેના પરિણામમાં આનંદ હોય જ. મેં આ હાથ ઊંચો કર્યો તે બધાં સિદ્ધોને જ્ઞાનમાં દેખાય.

પ્ર. ૨૫૭ કોણ સીધો મોક્ષે જઈ શકે ?

ઉ. ૨૫૭ ઘર્ષણ એકલું જ ના હોય તો માણસ સીધો મોક્ષે જાય. બસ આ એક જ શબ્દ શીખી ગયો કે ''મારે કોઈના ઘર્ષણમાં આવવું નથી'' તો તે સીધો મોક્ષે જાય, વચ્ચે ગુરુનીય જરૂર નહીંને, કોઈનીય જરૂર નહીં.

પ્ર. ૨૫૮ કોનો ત્રણ ભવે મોક્ષ થાય ?

ઉ. ૨૫૮ તીર્થંકર ભગવાનને જે પહેલું દાન આપે અર્થાત્ ગોચરી વહોરાવે તે તદ્ભવે અગર નિયમથી જ ત્રીજા ભવે મોક્ષે જાય જ, તેનો ચોથો ભવ હોય જ નહીં.

પ્ર. ૨૫૯ માંગલિક એટલે શું ?

ઉ. ૨૫૯ માંગલિક એટલે આત્માના ભાન દ્વારા અને પોતાના પુરુષાર્થ વડે કેવળજ્ઞાનને પમાડે તે માંગલિક છે. પરની લાગણીનું અભિમાન ટળી જાય અને પોતાના ત્રિકાળી સ્વભાવની દશામાં શુદ્ધભાવ પ્રગટે તે સાચું માંગલિક છે. પવિત્રતાને પમાડે, અપવિત્રતાને ટાળે, નિર્વિકારી દશાને પમાડે અને વિકારી દશાને ટાળે, સંસારના વેગને ટાળે અને મોક્ષના વેગને પમાડે તે માંગલિક. આત્મિક સુખની પ્રાપ્તિ કરાવે તે માંગલિક.

પ્ર. ૨૬૦ શાસ્ત્રોમાં મોક્ષ માટે શું ક્રમ બતાવાયેલો છે ?

ઉ. ૨૬૦ શાસ્ત્રોમાં ત્રણ વસ્તુથી મોક્ષ દર્શાવેલ છે.

૧. ષટ્ કર્મપાલન, ૨. પંચ મહાવ્રત ધારણ કરવા. ૩. સંયમ ધારણ કરવો અર્થાત્ દીક્ષા લેવી.

૧. ષટ્ કર્મપાલન કરવા : ૧. તીર્થંકરની ભક્તિ તેના ગુણગાન ગાવા, ૨. સદ્ગુરુની સેવા, ઉપાસના, ૩. સ્વાધ્યાય, ૪. સંયમ, ૫. તપ, ૬. યથાશક્તિ દાન.

૨. **પંચ મહાવ્રત ધારણ કરવા : ૧. સત્ય બોલવું, ૨. અહિંસા, ૩. ચોરી ન કરવી, ૪. અબ્રહ્મચર્ય ન સેવવું (બ્રહ્મચર્ય પાળવું.) ૫. પરિગ્રહ ન કરવો.**

૩. **ચારિત્ર લેવું : સમર્થ ગુરુ પાસે સંયમ ધારણ કરવો અર્થાત્ દીક્ષા લેવી.**

પ્ર. ૨૬૧ શું જાણવાથી મોક્ષ થાય ?

ઉ. ૨૬૧ શાસ્ત્ર કથન મુજબ વિવેક, શમ અને ઉપશમને જાણવાથી મોક્ષ થાય.

વિવેક : સાચાને સાચું સમજવું, સત્નો આદર કરવો, કોઈનોય અનાદર ન કરવો તેનું નામ વિવેક.

શમ : બધા જીવો ઉપર સમભાવ રાખવો, પોતાના આત્મા ઉપર પણ સમભાવ રાખવો.

ઉપશમ : પોતાના ઉપયોગને અંતર તરફ વાળવો. શુભ અને શુદ્ધ ઉપયોગમાં રહેવું.

પ્ર. ૨૬૨ ભગવાન રામચંદ્રનાં કુટુંબમાં કેટલા મોક્ષે ગયેલા ?

ઉ. ૨૬૨ ૧. શ્રીરામ, ૨. ભરત, ૩. કૈકયી, ૪. લવ, ૫. કુશ, ૬. હનુમાન.

પ્ર. ૨૬૩ અંતકૃત કોને કહેવાય ?

ઉ. ૨૬૩ જેમણે કેવળજ્ઞાન પામતાની સાથે જ સંસારનો અંત કર્યો અને મોક્ષે ગયા અર્થાત્ સિદ્ધ થયા તેઓને અંતકૃત કહેવાય. અથવા અંતકૃત કેવળી પણ કહી શકાય.

પ્ર. ૨૬૪ કૃષ્ણ ભગવાનના કુટુંબમાં કેટલા અંતકૃત કેવળી થઈ મોક્ષે ગયેલા ?

ઉ. ૨૬૪ લગભગ પચાસ જીવો તેમના કુટુંબમાંથી અંતકૃત કેવળી થઈ મોક્ષે ગયેલા તેમાં કૃષ્ણ ભગવાનની પોતાની આઠ પટરાણીઓ, કૃષ્ણ ભગવાનના પોતાના પાંચ પુત્રો, કૃષ્ણ ભગવાનના પોતાના બાર ભાઈઓ, તથા પોતાના ભાભીના ત્રણ પુત્રો અને બીજા અન્ય એ બધા શેત્રુંજય તીર્થ ઉપરથી મોક્ષે ગયેલા.

પ્ર. ૨૬૫ શ્રી મહાવીર પ્રભુના વખતમાં કેટલા જીવો અંતકૃત કેવળી થઈ મોક્ષે ગયેલા ?

ઉ. ૨૬૫ શ્રી મહાવીર પ્રભુના વખતમાં શ્રેણિક રાજાની ત્રેવીસ રાણીઓ તથા અન્ય બીજા સોળ ભવ્ય જીવો એમ કુલ ઓગણચાલીસ જીવો અંતકૃત કેવળી થઈ મોક્ષે ગયેલા.

પ્ર. ૨૬૬ એક જ દિવસે દીક્ષા, કેવળજ્ઞાન અને સિદ્ધ દશા કોણે પ્રાપ્ત કર્યા હતા ?

ઉ. ૨૬૬ શ્રી કૃષ્ણભગવાન (વાસુદેવ) ના ભાઇ શ્રી ગજસુકુમારે પ્રભુ નેમિનાથની પાસેથી દીક્ષા લીધી તે જ દિવસે દ્વારકાના સ્મશાનગૃહમાં પોતાના શ્વસુર તરફથી મહા ઉપસર્ગ થતા તે જ દિવસે કેવળજ્ઞાન પામી સિદ્ધ દશાને પ્રાપ્ત થયેલા.

પ્ર. ૨૬૭ કેવા અને કેટલી વય વાળા મનુષ્યો મોક્ષ મેળવી શકે ?

ઉ. ૨૬૭ જઘન્ય અર્થાત્ ઓછામાં ઓછી નવ વર્ષની આયુ અને વધુમાં વધુ ૮૪ પર્વના આયુષ્ય વાળા તથા વ્રજ ઋષભનારાચ સંઘયણવાળા જીવો મોક્ષે જઇ શકે છે.

પ્ર. ૨૬૮ કયા દેવલોકમાં ઉત્પન્ન થયા પછી નજીકના ભવમાં મોક્ષ થાય ?

ઉ. ૨૬૮ અનુત્તર વિમાનના પહેલા ચાર વિમાનોમાં જે દેવો રહે છે તે દરેક દેવો બે વાર મનુષ્ય જન્મ ધારણ કરી મોક્ષને પામે છે. જયારે સર્વાથસિદ્ધ વિમાનવાસી દેવો ફક્ત ત્યાંથી ચ્યવીને એક જ વખત મનુષ્ય જન્મ ધારણ કરે અને તે જ ભવે મોક્ષે જાય છે.

પ્ર. ૨૬૯ મોક્ષનું સ્વરૂપ શું છે ?

ઉ. ૨૬૯ મોક્ષનું સ્વરૂપ વચનાતિત છે.

પ્ર. ૨૭૦ જલ્દી મોક્ષે જવા માટેના ત્રેવીસ બોલ કયા કયા ?

ઉ. ૨૭૦ જલ્દી મોક્ષે જવા માટેના ત્રેવીસ (૨૩) બોલ નીચે મુજબ જાણવા.

૧. મોક્ષની અભિલાષા રાખવાથી.
૨. મોક્ષના હેતુથી તિવ્ર ઉગ્ર તપ કરવાથી.
૩. ગુરુ-ગમતાપૂર્વક સૂત્ર-સિદ્ધાંત સાંભળવાથી.
૪. આગમ સાંભળીને તેમાં પ્રવૃત્તિ કરવાથી.
૫. પાંચેય ઇન્દ્રિયોનું દમન કરવાથી.
૬. છ કાય જીવોની રક્ષા કરવાથી.
૭. ભોજન સમયે સાધુ-સાધ્વીને વહોરાવવાની ભાવના ભાવવાથી.
૮. સદ્જ્ઞાન ભણવા અને ભણાવવાથી.
૯. નૌ કોટી પ્રત્યાખ્યાન કરવાથી.
૧૦. દસ પ્રકારની વૈયાવચ્ચ કરવાથી.

૧૧. કષાયને નિર્મળ કરવાથી.
૧૨. શક્તિ છતાં ક્ષમા કરવાથી.
૧૩. લાગેલા પાપની શીઘ્ર આલોચના કરવાથી.
૧૪. ગ્રહણ કરેલા નિયમ અભિગ્રહના શુદ્ધ પાલનથી.
૧૫. સુપાત્રદાન અને અભયદાન દેવાથી.
૧૬. સાચા મનથી બ્રહ્મચર્ય પાળવાથી.
૧૭. પાપ રહિત વચન બોલવાથી
૧૮. લીધેલા સંયમના યથોચિત પાલન કરવાથી.
૧૯. ધર્મધ્યાન, શુકલ ધ્યાન કરવાથી.
૨૦. એક મહિનામાં છ પૌષધ કરવાથી.
૨૧. ઉભયકાલ પ્રતિક્રમણ કરવાથી.
૨૨. રાત્રિના અંતમાં ધર્મ જાગરણા કરવાથી.
૨૩. આરાધન સહિત આલોચના કરી સમાધિ મરણ મરવાથી.

ૐ

પર્વ ચૌદમું
યોગ

પ્ર. ૧ યોગ એટલે શું ?

ઉ. ૧ યોગ એટલે જોડાવું, જોઈન્ટ થવું. શરીરમાં જે ચક્રો છે એ ચક્રોની મહીં ચિત્તની એકાગ્રતા કરવી એ યોગ કહેવાય. આત્મા જાણે પછી જે કંઈપણ કરવામાં આવે તે યોગ છે. મમતા જાય તેનું નામ યોગ. બીજા બધાં જ બાકીના યોગ તે દેહયોગ છે, મનોયોગ છે, વાણીના યોગ છે, જે સંસારમાં રખડાવનારા છે. આત્મયોગ તે જ ખરેખર સાચો યોગ છે, તેનાથી મોક્ષ છે. લૌકિક યોગ એટલે કસરત કરીને આનંદ મેળવવો તે. ટૂંકમાં યોગ એટલે આત્મા અને ક્રિયાનું જોડાણ. પ્રતિષ્ઠિત આત્માનું મન સાથે જોડાણ તે મનોયોગ. પ્રતિષ્ઠિત આત્માનું વચન સાથે જોડાણ તે વચનયોગ. પ્રતિષ્ઠિત આત્માનું દેહ સાથે જોડાણ તે દેહયોગ. મન, વચન, કાયાના નિમિત્તથી આત્માના પ્રદેશ સકંપ થાય અને કર્મોનું ખેંચાણ થાય તેને યોગ કહે છે.

પ્ર. ૨ યોગના આઠ અંગ કયા કયા ?

ઉ. ૨ યોગના આઠ અંગ નીચે મુજબ છે.

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.

૧. **યમ :** યમ એટલે કંટ્રોલમાં લેવું તે. કંટ્રોલમાં લાવવાની ઇચ્છા છે તે યમ. કંટ્રોલમાં લેવાનો પ્રયત્ન કરે તે યમ. ધર્મમાં પેસવાનો પ્રયત્ન કરે તે યમ. યમ એટલે ઇન્દ્રિયોને વશ કરવી તે.

૨. **નિયમ :** નિયમ એટલે કંટ્રોલમાં આવી ગયું તે. જે લોકો માળા ફેરવવાના પદમાં છે અને કેટલોક ભાગ કંટ્રોલ થઇ ગયો છે તેને નિયમ કહેવાય. નિયમ એટલે કાળને વિશે એનું મન એ સમય પ્રમાણે વર્તે તે.

૩. **આસન :** આસન એટલે કોઇપણ માણસ એક જગ્યાએ ત્રણ કલાક બેસી શકે તેને આસન કહેવાય. ભગવાન કહે છે કે આસન પ્રાપ્ત થાય તો લક્ષ્મી ખૂંટે નહીં.

૪. **પ્રાણાયામ :** શુદ્ધ પ્રાણને જમણું નસકોરું બંધ કરી ડાબા નસકોરાથી અંદર ખેંચવો પછી નાક બંધ કરી રોકાય તેટલી વાર રોકવો અને ત્યારબાદ ધીરે ધીરે જમણાં નસકોરાથી અશુધ્ધ પ્રાણને બહાર કાઢવો તે પ્રાણાયામ.

૫. **પ્રત્યાહાર :** પ્રત્યાહાર એટલે ઇન્દ્રિયોને આહાર કે ખોરાક નહીં આપવો તે. આંખથી જુએ ખરા પણ આહાર નહીં આપે. કાનથી સાંભળે પણ આહાર નહીં આપવાનો.

૬. **ધારણા :** મનની મહીં ભગવાનની ધારણા કરે છે. મનની અંદર કૃષ્ણ ભગવાનની કે અન્ય ધારણા કરવી અને ધ્યાન એકાગ્રતા કરી તાર જોડવો તે.

૭. **ધ્યાન :** ધ્યાતા અને ધ્યેય એક થાય ત્યારે ધ્યાન ઉત્પન્ન થાય છે. પોતાના સ્વરૂપનું ધ્યાન એને ધ્યાન કહેવાય.

૮. **સમાધિ :** આધિ, વ્યાધિ, ઉપાધિમાં સમાધિ તે સમાધિ કહેવાય.

પ્રશ્ન ૩ યોગની માતા કોણ ?

ઉ. ૩ યોગની માતા સમતા છે.

પ્રશ્ન ૪ ચાર પ્રકારના યોગ કયા કયા ?

ઉ. ૪ ૧. **દેહયોગ :** દેહમાં ચક્રો આવેલા છે ત્યાં આગળ એકાગ્રતા કરવી તેને દેહયોગ કહે છે. આ તો વ્યગ્રતાના રોગની દવા છે.

૨. **વાણીયોગ :** મંત્રનો જપ કરવો તે વાણી યોગ. એમાં આખો દહાડો જપ કર્યા કરે.

૩. **મનોયોગ :** કોઇપણ પ્રકારનું માનસિક ધ્યાન કરે તે મનોયોગ. પરંતુ ધ્યેય વગરનું ધ્યાન એ તો ઠોકાઠોક કહેવાય. સ્વરૂપ જ્ઞાન પ્રાપ્ત થાય તો ધ્યેય પ્રાપ્ત થાય.

૪. **આત્મયોગ :** શુદ્ધાત્મામાં રહીએ એ આત્મયોગ છે. સ્વરૂપનું જ્ઞાન એ આત્મયોગ એટલે કે પોતાના નિજ સ્વરૂપનું ધ્યાન અને તેમાં જ રમણતા એ આત્મયોગ કહેવાય.

પ્ર. ૫ અન્ય મત અનુસાર પાંચ પ્રકારના યોગ કયા કયા ?

ઉ. ૫ ૧. **સ્થાન યોગ** : સ્થાન એટલે વંદના કરવી. કાર્યોત્સર્ગે ઊભા રહેવું. વિરાદિક આસન વાળવા તથા મુદ્રાઓ કરવી.

૨. **વર્ણ યોગ** : અક્ષરોના શુદ્ધ ઉચ્ચાર કરવા.

૩. **અર્થ યોગ** : વાક્યનો ભાવાર્થ ચીંતવવો.

૪. **આલંબન યોગ** : અરિહંતના સ્વરૂપમાં જ ઉપયોગ કરવો.

૫. **એકાગ્રતાયોગ** : એકાગ્રતા એટલે શુદ્ધ સ્વરૂપમાં નિશ્ચલતા થવી. જયાં સુધી ધ્યાનથી એકતા ન થાય ત્યાં સુધી આસન, મુદ્રા વગેરે દ્વારા શુદ્ધિપૂર્વક આવશ્યક ચૈત્યવંદન કરતાં રહેવું.

પ્ર. ૬ યોગના કેટલા આસનો છે ?

ઉ. ૬ યોગના મુખ્ય ચોર્યાસી આસનો છે, તેમાનાં બત્રીસ આસનો મનુષ્યને માટે ખૂબ જ ઉપયોગી છે અને તેમાંય પદ્માસન, સિદ્ધાસન, સ્વસ્તિકાસન, ભદ્રાસન, વજ્રાસન અને વિરાસન એ છ આસનો વધારે મહત્વનાં છે. આ ચોર્યાસી આસનોના નામ આ મુજબ છે. ૧. સિદ્ધ ૨. પ્રસિદ્ધ સિદ્ધ ૩. પદ્માસન ૪. બ્રદ્ધપદ્મ ૫. ઉત્થિતપસ ૬. ઉર્ધ્વપદ્મ ૭. સુપ્તપદ્મ ૮. ભદ્ર ૯. સ્વસ્તિક ૧૦. યોગ ૧૧. પ્રાણાયમ ૧૨. મુક્ત ૧૩. પવનમુક્ત ૧૪. સૂર્ય ૧૫. સૂર્યભેદન ૧૬. ભસ્ત્રિકા ૧૭. સાવિત્રીસમાધિ ૧૮. અચિત્યનીય ૧૯. બ્રહ્મજવરાકુશ ૨૦. ઉદ્ધારક ૨૧. મૃત્યુભંજક ૨૨. આત્મારામ ૨૩. ભૈરવ ૨૪. ગરુડ ૨૫. ગોમુખ ૨૬. વાતાયન ૨૭. સિદ્ધમુક્તાવલિ ૨૮. નેતિ ૨૯. પૂર્વ ૩૦. પશ્ચિમોતાન ૩૧. મહામુદ્રા ૩૨. વજ્ર ૩૩. ચક્ર ૩૪. ગર્ભ ૩૫. શીર્ષાસન ૩૬. હસ્તાધરશીર્ષ ૩૭. ઉર્ધ્વસર્વાંગ ૩૮. હસ્તપાંદાંગુષ્ઠ ૩૯. પાદાંગુષ્ઠ ૪૦. ઉત્તાનપાદ ૪૧. જાનુલગ્નહસ્ત ૪૨. એકપાદશિર ૪૩. દ્વિપાદશિર ૪૪. એકહસ્ત ૪૫ પાદ હસ્ત ૪૬. કર્ણપીડમૂલ ૪૭. કોણ ૪૮. ત્રિકોણ ૪૯. ચતુષ્કોણ ૫૦. કંદપીડન ૫૧. તુલિત ૫૨. લોલ (તાડ કે વૃક્ષ) ૫૩. ધનુષ્ય ૫૪. વિયોગ ૫૫. વિલોમ ૫૬. યોનિ ૫૭. ગુપ્તાંગ ૫૮. ઉત્કટ ૫૯. શોક ૬૦. સંકટ ૬૧. અંધ ૬૨. રુંડ ૬૩. શવાસન ૬૪. વૃષ ૬૫. ગોપુચ્છ ૬૬. ઉષ્ટ્ર ૬૭. મર્કટ ૬૮. મત્સ્ય

૬૯. મત્સ્યેન્દ્ર ૭૦. મકર ૭૧. કચ્છપ ૭૨. મંડૂક ૭૩. ઉતાનમંડૂક ૭૪. હંસ ૭૫. બક ૭૬. મયૂર ૭૭. કુક્કુટ ૭૮. ફોદિ ૭૯. શલભ ૮૦. વૃશ્ચિક ૮૧. સર્પ ૮૨. હલાસન ૮૩. વિરાસન ૮૪. શાંતિપ્રિયાસન

પ્ર. ૭. યોગની આઠ સિદ્ધિઓ કઇ કઇ છે. ?

ઉ. ૭ ૧. અણિમા ૨. મહિમા ૩. લઘિમા ૪. ગરિમા ૫. પ્રાપ્તિ ૬. પ્રાકામ્ય ૭. ઇશિત્વ ૮. વશિત્વ

પ્ર. ૮ શરીરની નાડીઓ વિશે યોગદર્શન શું કહે છે ?

ઉ. ૮ શરીરની નાડીઓનું ઉત્પત્તિસ્થાન કંદ છે. કંદ એટલે મૂળ. કંદ એ સર્વ નાડીઓનું મૂળ છે. ગુદાથી બે આંગળ ઉપર અને જનેન્દ્રિયથી બે આંગળ નીચે આ કંદ આવેલો છે. એ પક્ષીના ઇંડા જેવા આકારનો છે અને તેની પહોળાઇ ચાર આંગળની છે. બોતેર હજાર નાડીઓ આ કંદમાંથી નીકળે છે. કંદમાંથી નીકળતી નાડીઓમાં ઇંડા, પીંગળા અને સુષુમણા એ ત્રણ નાડીઓ ખૂબ જ અગત્યની છે, એમાં પણ સુષુમણા નાડી મુખ્ય છે. સુષુમણા નાડી મૂલાધાર ચક્રથી બ્રહ્મરંધ્ર સુધી લંબાયેલી છે. તે નાડી સૌથી શ્રેષ્ઠ અને યોગીઓ માટે અતિ મહત્ત્વની છે. બીજી બધી નાડીઓ આ નાડીને આધારે રહેલી છે. આ સુષુમણા નાડી કરોડરજ્જુના પોલાણની અંદર લટકાવવામાં આવેલી છે અને તેમાં સૂક્ષ્મ વિભાગો છે. આ સુષુમણા નાડી અગ્નિ જેવા લાલ રંગની છે. સુષુમણા નાડીની અંદર વ્રજ નામની સૂર્ય સમાન તેજસ્વી નાડી છે તે સ્વભાવે રાજસિક છે. વ્રજ નાડીની અંદર ચિત્રા નામની બીજી નાડી છે, તે સાત્ત્વિક ગુણવાળી અને ઝાંખા રંગની છે. આ ચિત્રાની અંદર એક બારિક સૂક્ષ્મ નળી છે, તે બ્રહ્મનાડી તરીકે ઓળખાય છે. જયારે કુંડલીની જાગ્રત થાય છે ત્યારે તે બ્રહ્મનાડી દ્વારા મૂલાધારથી સહસ્ત્રાર તરફ આગળ વધે છે. આ નાડીમાં છ સૂક્ષ્મ ચક્રો અથવા કમળો આવેલા છે.

પ્ર. ૯ શરીરમાં આવેલા છ ચક્રો શું છે તે સમજાવો ?

ઉ. ૯ મુખ્ય નાડી સુષુમણા અને તેની અંદર આવેલી અતિ સૂક્ષ્મ નાડી જેને બ્રહ્મનાડી તરીકે ઓળખવામાં આવે છે તે બ્રહ્મનાડીની અંદર આ સૂક્ષ્મ ચક્રો અથવા છ કમળો આવેલા છે. તેની વિગત નીચે મુજબ છે.

ચક્રનું નામ અને તે કેટલી પાંખડીનું કમળ છે.	ચક્ર આ દેહમાં કઇ જગ્યાએ આવેલું છે	બ્રહ્માંડના કયાં કેન્દ્ર સાથે તેનો સંબંધ છે	પૃથ્વીના કયા તત્ત્વ સાથે સંબંધ છે	તેમાં કયા પ્રણવના અંશો છે.	તેના અધિષ્ઠાયક દેવ કોણ છે.
૧. મૂલાધાર ચક્ર (૪પાંખડી) કમળ	પ્રજોત્પાદક અંગની ઉપર કરોડરજ્જુના મૂળમાં આવેલું છે. તેને ભેદવાથી પૃથ્વી તત્ત્વ ઉપર વિજય મળે છે.	ભૂલોક	પૃથ્વી	અ.	બ્રહ્મા
	[આ ચક્રનું ભેદન થતાં(સિધ્ધ થતાં) વચનબળ વધે છે અને આકાશગામીની વિદ્યા સિદ્ધ થઇ શકે છે]				
૨. સ્વાધિષ્ઠાનચક્ર (૬ પાંખડી) કમળ	જે જનેન્દ્રિયના મૂળમાં આવેલું છે. લીંગ પ્રદેશમાં જેને ભેદવાથી જળ તત્ત્વ ઉપર વિજય મળે.	ભુવઃલોક	જળ	ઉ.	વિષ્ણુ
	[આ ચક્રનું ભેદન થતાં(સિધ્ધ થતાં) મૃત્યુ ઉપર વિજય અર્થાત્ સમાધિમરણ થાય]				
૩. મણિપુર ચક્ર (૧૦ પાંખડી) કમળ	જે નાભિમાં આવેલું છે. ઉદર પ્રદેશમાં અગ્નિતત્ત્વ ઉપર પ્રભુત્ત્વ દેવલોક સાથે સંપર્ક સધાય છે.	સ્વઃલોક	અગ્નિ	મ્	રૂદ્ર
	[આ ચક્રનું ભેદન થતાં(સિધ્ધ થતાં) પરકાયા પ્રવેશની વિદ્યા સિદ્ધ થઇ શકે છે.]				
૪. અનાહત ચક્ર (૧૨ પાંખડી) કમળ	જે હૃદયમાં આવેલું છે. વૃક્ષઃ પ્રદેશ તેના ભેદનથી વાયુતત્ત્વ કાબૂમાં આવી જાય.	મહઃલોક	વાયુ	નાદ્	ઇશાન
	[આ ચક્રનું ભેદન થતાં(સિધ્ધ થતાં) દૂરદર્શન અને દૂરશ્રવણની સિદ્ધિ પ્રાપ્ત થઇ શકે છે.]				
૫. વિશુદ્ધ ચક્ર (૧૬ પાંખડી) કમળ	જે ગળામાં આવેલું છે. તે ચક્રના ભેદનથી આકાશ તત્ત્વ ઉપર કાબૂ આવે છે.	જનલોક	આકાશ	બિંદુ	સદાશિવ
	[આ ચક્રનું ભેદન થતાં(સિધ્ધ થતાં) પરમ જ્ઞાનની આરાધના સિદ્ધ થઇ શકે છે.]				

૬. આજ્ઞાચક્ર (૨ પાંખડીનું કમળ)	જે કપાળમાં બે ભ્રુકુટિની વચ્ચે આવેલું છે. કપાલ પ્રદેશમાં તેના ભેદનથી તપોલોકનો સંપર્ક સધાય છે.	તપલોક [આ ચક્રનું ભેદન થતાં(સિધ્ધ થતાં) અનુભવાય છે.]	મન	શક્તિ	સદ્‌ગુરુ સમાધિનો આનંદ
૭. સહસ્ત્રાર ચક્ર (૧૦૦૦ પાંખડીનું કમળ)	બ્રહ્મરંધ્રમાં આવેલું છે.	સત્યલોક	ચિત્ત શક્તિ	નિર્વાણ કળા	પરબ્રહ્મ

ખાસ નોંધ -: ચક્રવર્તી રાજાઓ આ છ એ ચક્રોનું ભેદન કરે છે, તેથી તેમનો પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, ઉપર કાબૂ હોય છે તથા અખૂટ શક્તિ પ્રગટ થાય છે. ચક્રો બધા ઇલેકટ્રિકલ્સ ઇન્સ્ટોલેશન છે, તેનાથી મન સારું થાય છે.

પ્ર. ૧૦ યોગની પરિભાષામાં શરીરની છ અવસ્થાઓ કઇ કઇ છે ?

ઉ. ૧૦ ૧. જન્મ ૨. સ્થિતિ ૩. વર્ધન ૪. વિપરિણમન્ ૫. અપક્ષય ૬. નાશ

પ્ર. ૧૧ યોગની પરિભાષામાં જીવનની આઠ અવસ્થાઓ કઇ કઇ છે ?

ઉ. ૧૧ ૧. કૌમારવસ્થા ૨. પૌગંડવસ્થા ૩. કિશોરઅવસ્થા ૪. યૌવનઅવસ્થા ૫. બાલ અવસ્થા ૬. તારૂણ્ય અવસ્થા ૭. વૃદ્ધ અવસ્થા ૮. વર્ષીયાન અવસ્થા

પ્ર. ૧૨ યોગ ઉપર ધર્મગ્રંથ કોણે રચેલ છે. ?

ઉ. ૧૨ ભારતીય તત્ત્વજ્ઞાનના મૂળ ગ્રંથો પ્રાચિન છ દર્શનો (છ દર્શનશાસ્ત્રો) છે તેમાંથી યોગસૂત્ર મહર્ષી પતંજલિ એ લખેલ છે. જેમાં યોગ અંગેની તમામ માહિતીનો સમાવેશ થાય છે. જેમાં ચિત્ત વૃતિનો નિરોધ કરવો તે યોગ છે. એમ પતંજલિ એ જણાવ્યું છે.

પ્ર. ૧૩ યોગ અંગેની સાચી સમજ તથા તે અંગેના ભય સ્થાનો તથા દંભને ખુલ્લો પાડતો ગ્રંથ કયો છે ?

ઉ. ૧૩ એક યોગીની આત્મકથા (યોગી કથામૃત) મૂળ લેખક યોગાનંદ છે આ પુસ્તકમાં યોગ સંબંધી ગજબનાક ફોડ આપેલા છે.

પ્ર. ૧૪ આ કુંડલિની જાગૃત કરે છે તે શું છે ?

ઉ. ૧૪ એ મિકેનિકલ જાગૃતિ છે. કુંડલિની જાગ્રત થઇ એટલે કંઇ આત્મા પ્રાપ્ત થતો નથી. કુંડલિની જાગૃતિ એ એક પ્રકારની માદકતા છે. એક જાતની સુંદર પ્રકારની એકાગ્રતા છે અને ઠંડક લાગે સ્થિરતા આવે.

પ્ર. ૧૫ યોગથી લાખો વર્ષો સુધી જીવી શકાય છે ?

ઉ. ૧૫ લાખો તો નહીં પણ હજાર બે હજાર વર્ષ જીવી શકાય. યોગથી આત્મતત્ત્વ ઉપર ખેંચાય છે તે ઠેઠ ઉપર બ્રહ્મરંધ્રમાં ખેંચી લે છે, ત્યારે હાર્ટ (હૃદય), નાડી બધું બંધ થઇ જાય છે. આત્મા કમર સુધી હોય તો જ હૃદય, નાડી બધું ચાલે પણ એનાથી ઉપર ગયો તો પછી બધી મશીનરી બંધ થઇ જાય. હવે કોઇએ આ યોગ ૧૫ વર્ષ, ૩ મહિના ૩ દિવસ, ૩ કલાક અને ૩ મિનિટની ઉંમરે શરૂ કર્યો હોય અને હજાર વર્ષ પછી પૂરો થાય તો એનું આયુષ્ય ફરી ૧૫ વર્ષ, ૩ મહિના, ૩ દિવસ, ૩ કલાક અને ૩ મિનિટથી પાછું શરૂ થાય. અહીં ધબકારા થયા એટલું આયુષ્ય ખર્ચાયુ અને ધબકારા અનામત તો એટલું આયુષ્ય અનામત - પરંતુ આ યોગમાં આત્માને કોથળામાં પુરી રાખે એવી દશા હોય છે. સુખ ઉત્પન્ન ના થાય.

પ્ર. ૧૬ શક્તિપાત એટલે શું ?

ઉ. ૧૬ શક્તિપાત એ પૌદ્ગલિક કહેવાય. એ તો વધે ઘટે, આપનારની શક્તિ ઘટે અને લેનારની શક્તિ વધે. ઉદા. એક છ ફૂટ પાણીનો વેંકડો છે (વહેણ છે) હવે તમને બૂટ કાંઢવાની મુશ્કેલી પડે એટલે તમે ઊભા રહી જાવ અને બીજા બે ત્રણ જણા વહેણ કૂદી ગયા. પછી હું કહું કે શું ઊભા છો કૂદી જાવને અને તમે તરત જ કૂદી જાવ તે શક્તિ પાત.

પ્ર. ૧૭ હઠયોગ એટલે શું ?

ઉ. ૧૭ આ નાક દબાવીને સમાધિ કરવા જાય એ હઠયોગ કહેવાય.

પ્ર. ૧૮ યોગમાર્ગ શું છે ?

ઉ. ૧૮ યોગમાર્ગ એ રીલેટિવનું રીયલાઇઝ છે. યોગથી રીલેટિવ આત્મા પ્રાપ્ત થાય છે, તેને માટે મહેનત કરવી પડે છે. રીયલ આત્મામાં તો કંઇ જ પણ કરવું ના પડે. હું કરું છું, તે કરે છે અને તેઓ કરે છે આ વાત જ્યાં છે ત્યાં રીયલ આત્મા ના હોય. રીયલ આત્માની સમાધિ સારી કહેવાય. રીલેટિવ આત્માની સમાધિ તો ક્યારેક ખોવાઇ જાય.

પ્ર. ૧૯ સાંખ્ય યોગ એટલે શું ?

ઉ. ૧૯ એકલું સાંખ્ય એ એક પાંખવાળું કહેવાય તેનાંથી ઊડી ના શકાય એટલે સાંખ્ય અને યોગ એ બે પાંખેથી ઊડી શકાય માટે આ બેને ભેગું કર્યું છે.

છ દર્શનોમાં સાંખ્ય એ પહેલું દર્શન છે તેનાં રચયિતા શ્રી કપિલદેવ ગણાય છે. જયારે બીજા યોગસૂત્ર દર્શનના રચયિતા મહર્ષી પતંજલી ગણાય છે. સાંખ્ય એટલે જ્ઞાન જાણવું જોઇએ. દેહના ધર્મ, મનના ધર્મ, બુદ્ધિના ધર્મ એ બધું જાણવું એનું નામ સાંખ્ય કહેવાય. જ્યારે યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ કરવો તે. યોગ એટલે જોડાવું, જોઇન્ટ થવું. યોગ વગર સાંખ્ય પામી શકાય નહી. મનોયોગ, દેહયોગ, વચનયોગ વગેરેનો આધાર લઇને આગળ વધવું પડે. યોગ વગર માનસિક પૂંજા થતી નથી. જેના દ્વારા આગળ સીડી ચઢો અને ભગવાનનું ધ્યાન કરો તથા તેમનું અવલંબન લો તે યોગ. શ્રી સહજાનંદ સ્વામીએ સાંખ્ય અને યોગ ભેગા કર્યા હતાં.

પ્ર. ૨૦ **કર્મયોગ એટલે શું ?**

ઉ. ૨૦ આ બધું ભગવાન કરે છે અને તેની પ્રેરણાથી હું તો નિમિત્ત ભાવે આ બધું કરું છું એ કર્મયોગ.

પ્ર. ૨૧ **"યોગ ઉપયોગ પરોપકારાય" એનો અર્થ શો ?**

ઉ. ૨૧ યોગ એટલે મન, વચન, કાયાનો યોગ અને ઉપયોગ એટલે અંતઃકરણની શક્તિઓ આ બધું જ પરોપકારને માટે વાપરવા તે યોગ ઉપયોગ પરોપકારાય કહેવાય. પોતાને પ્રાપ્ત થયેલ મન, વચન, કાયા તથા અંતઃકરણની શક્તિઓ લોકો માટે વાપરવી, લોકોના ભલા માટે વાપરવી તે જ યોગ ઉપયોગ પરોપકારાયનો સાચો અર્થ છે.

પ્ર. ૨૨ **નિષ્કામ યોગ એટલે શું ?**

ઉ. ૨૨ **નિષ્કામ યોગ એટલે :**

[૧] જો તું શાક લેવા જાય તો શાકની આશા રાખજે પણ શાક લીધું અને છતાં કડવું આવી જાય તો પછી લેવાઇ ગયું એ ફળ એમાં ફળની આશા ના રાખીશ એટલે કે રાગ દ્વેષ ના કરીશ જે થયું તે માન્ય રાખજે.

[૨] જો ગજવું કપાય તો શાંતિ રાખજે, એના પર વિલાપ ના કરીશ ત્યાં સમતા રાખજે, રાગ દ્વેષ ના કરીશ.

[૩] અહીંથી સાડી લેવા માટે ગયા. સાડીની આશા હોય તો જ સાડી લેવા જાવ. પછી સાડી ખરીદી લેવી અને સાડી ખરાબ નીકળી તો ડીપ્રેસ ના થઇશ. સાડી જેવી નીકળે તેવી એ ભલે હો ત્યાં આગળ ફળની આશા ના રાખીશ. રાગ દ્વેષ ના કરીશ.

[૪] જોડાની આશાએ મોચીને ત્યાં જવું પણ જોડા ખરીદી લીધા પછી સારું કે ખોટું પ્રિય કે અપ્રિયની આશા ના રાખવી તે નિષ્કામ કર્મ છે. અને એ જ નિષ્કામ યોગ છે.

પ્ર. ૨૩ કાયોત્સર્ગ એટલે શું ?

ઉ. ૨૩ કાયોત્સર્ગ એટલે મન, વચન, કાયાથી જુદો છું એવું ધ્યાન ધરવું તે. મન, વચન, કાયાથી છૂટો થયો અને શુદ્ધાત્મા જ થઇ ગયો તે કાયોત્સર્ગ.

પ્ર. ૨૪ ભાવ પ્રાણાયામ એટલે શું ?

ઉ. ૨૪ રેચક : પાપ નિવારણ રૂપ
પૂરક : સદ્ વિચાર રૂપ
કુંભક : બોધ ટકાવવા રૂપ

પ્ર. ૨૫ મેડીટેશન અને યોગસાધના શું છે ?

ઉ. ૨૫ મેડીટેશન તો સૂક્ષ્મ દારુ છે અને યોગ સાધના એ સૂક્ષ્મ નશો છે.

પ્ર. ૨૬ કુંડલિની એટલે શું ?

ઉ. ૨૬ કુંડલિની એ તો છે હઠાગ્રહ, કુંડલિની જાગૃતિ એનું નામ જ હઠાગ્રહ.

પ્ર. ૨૭ યોગી કોને કહેવાય ?

ઉ. ૨૭ સર્વ પ્રકારની સ્પૃહાથી રહિતપણે સત્માં કેવળ અનન્ય નિષ્ઠાએ જે સર્વ પ્રકારે સત્ જ આચરે છે. જગત જેને વિસ્મૃત થયું છે તે યોગી છે. જે મનુષ્યમાં તમામ પ્રકારનાં દ્વન્દ્વોમાં મનની સમવૃત્તિ સ્થિર રહે છે તે યોગી છે. બાકી કહેવાતા યોગીઓ તો વ્યવસ્થિતને આધિન ચાલતા મશીનો છે.

પ્ર. ૨૮ યોગેશ્વર કોને કહેવાય ?

ઉ. ૨૮ જે બધા યોગીઓના ઉપરી હોય તેને યોગેશ્વર કહેવાય. આત્મયોગી હોય તેને જ યોગેશ્વર કહેવાય.

પ્ર. ૨૯ હઠયોગી કેવા હોય ?

ઉ. ૨૯ હઠયોગી સંપૂર્ણ પરક્ષેત્રમાં હોય, સ્વક્ષેત્રમાં જરાય ના હોય. ચીન દેશમાં જીવતા બાળ્યા છતાં જરાય હાલે નહીં, પાપણેય હાલે નહીં, આખા આત્મા પરક્ષેત્રમાં વ્યાપી જાય. યોગમાર્ગમાં રીલેટિવ આત્માને ચઢાવીને તાળવે લાવી દે એટલે રીલેટિવ આત્મા શરીરમાં ના રહે એટલે શ્વાસોચ્છ્વાસ બંધ થઇ જાય.

પ્ર. ૩૦ યોગબળ અને જ્ઞાનબળ એટલે શું ?

ઉ. ૩૦ દેહમાં, મનમાં, બુદ્ધિમાં જે જ્ઞાન પ્રગટ થયું હોય તો તે યોગબળ કહેવાય. યોગબળ એટલે પુદ્ગલનું અને જ્ઞાનબળ તે આત્માનું.

પ્ર. ૩૧ યોગના પંદર પ્રકાર કઈ રીતે વર્ણવ્યા છે ?

ઉ. ૩૧ **ચાર મનોયોગ** : ૧. સત્ય મનોયોગ ૨. અસત્ય મનોયોગ
૩. મિશ્ર મનોયોગ ૪. વ્યવહાર મનોયોગ

ચાર વચનયોગ : ૧. સત્ય વચનયોગ ૨. અસત્ય વચનયોગ
૩. મિશ્ર વચનયોગ ૪. વ્યવહાર વચનયોગ

સાત કાયા યોગ : ૧. ઔદારિક કાયાયોગ ૨. ઔદારિક મિશ્ર કાયાયોગ
૩. વૈક્રીયિક કાયાયોગ ૪. વૈક્રીયિક મિશ્ર કાયાયોગ
૫. આહારક કાયાયોગ ૬. આહારક મિશ્ર કાયાયોગ
૭. કાર્મણ કાયાયોગ

ચાર મનોયોગ, ચાર વચનયોગ અને સાત કાયાયોગ એમ કુલ પંદર પ્રકાર યોગના ગણ્યા છે.

પ્ર. ૩૨ ધ્યાનમાં ચિત્તને સ્થિર કરવા માટે કયા સ્થાને એકાગ્ર કરવું ?

ઉ. ૩૨ ધ્યાન સમયે ચિત્તને સ્થિર કરવા માટે દસ સ્થાન કહ્યાં છે.

૧. નેત્રયુગલ	૬. નાભિ
૨. કર્ણ યુગલ	૭. મસ્તક
૩. નાસિકાગ્રભાગ	૮. હૃદય
૪. કપાળ	૯. તાળવું
૫. મુખ	૧૦. બે ભ્રમર વચ્ચેનો મધ્યભાગ

ઉપરોકત દશમાંથી ગમે તે એક સ્થાનમાં ચિત્તને સ્થિર કરી શકાય.

પ્ર. ૩૩ શરીરને તંદુરસ્તી અને તાકાત મેળવવા માટેના આસનો કયા ?

ઉ. ૩૩ **ઊભા ઊભા કરવાના** : ૧. તાડાસન ૨. ત્રિકોણાસન ૩. ગરુડાસન

બેઠા બેઠા કરવાના : ૧. પશ્ચિમોતાનાસન ૨. જાનુશીર્ષાસન
૩. પદ્માસન ૪. લોલાસન

સૂતાં સૂતાં કરવાના : ૧. ઉતાનપાદાસન ૨. પવનમુક્તાસન

માથું નીચે પગ ઉપર : ૧. શીર્ષાસન ૨. વૃક્ષાસન
૩. સર્વાંગાસન ૪. વિપરીત કરણી

પ્ર. ૩૪ કયા આસનો કયા કયા પ્રકારના દર્દોમાં મદદ કરે છે તે જણાવો ?

ઉ. ૩૪ ૧. **અર્ધમત્સ્યેન્દ્રાસન :** શરીરની ૭૨૦૦૦ નાડીઓ શુદ્ધ કરી અસંખ્ય રોગોનો નાશ કરવામાં મદદકર્તા છે.

૨. **સર્વાંગાસન :** મૂત્રપિંડની તકલીફો, હૃદયને લગતી બીમારીઓ ફેફસાંના રોગો, સ્ત્રી રોગો, એનીમિયા, ચીર યૌવન, મેધા સમૃતિ વગેરે માટે.

૩. **પશ્ચિમોતાનાસન :** દુર્બળતા, ઠિંગણાપણું , આમવાત, ચરબી, પાચનતંત્ર, તથા પ્રજજનતંત્રની તકલીફો વગેરે રોગોમાં ઉપયોગી.

૪. **ગરુડાસન :** વૃષણવૃદ્ધિ, તમામ પ્રકારના સંધિવા, સાંધાના વા અને ઊંચાઈ વધારવા માટે ઉપયોગી.

૫. **યોગમુદ્રા :** યૌનવિકાર, લોહીવિકાર, પેટનો મેદ, ક્ષય, કમરદર્દ , અજીર્ણ, કબજીયાત વગેરે માટે

૬. **શશાંગાસન :** પેટના રોગો, પેટ-સાથળની ચરબી, સંધિવા, કાકડા વગેરે માટે

૭. **વિપરીતકરણી :** મેધા, સ્મૃતિ, ચીરયૌવન, કંઠ રોગો, આંખો, હાથીપગો વગેરે માટે

૮. **પવન મુક્તાસન :** પેટનો મેદ, કબજીયાત, એસીડીટી, વાયુ વિકારો, ગર્ભાશયના રોગો અને એપેન્ડિકસ વગેરેમાં ખૂબ ઉપયોગી.

૯. **ભુજંગાસન :** ડાયાબીટીસ, મેદ, અનિંદ્રા, એસીડીટી, પીઠદર્દ, સ્ત્રી રોગો, મણકાની ગાદી ખસવી, આંખોનું તેજ, જ્ઞાનતંતુઓ વગેરે માટે

૧૦. **વજ્રાસન :** બ્લડપ્રેસર, ઢીંચણનો વા, પથરી, દાંતદર્દ, શીરદર્દ, શુક્રદોષ, ઓજસ, બળ વગેરે માટે

૧૧. **પાદ્હસ્તાસન :** વાયુરોગો, કમરદર્દ, ચરબી, કીડનીના રોગો, ફેક્ચરથી ટૂંકા થયેલ પગ વગેરે માટે

૧૨. **ઉત્તાનપાદાસન :** ડાયાબીટીસ, ભગંદર, હરસમસા, પેટ અને આંતરડાની તકલીફો વગેરેમાં ઉપયોગી

૧૩. **ગોમુખાસન :** સારણ ગાંઠ, અર્શ, પગનો સંધિવા, વૃક્ષઃસ્થળનો વિકાસ વગેરે માટે

૧૪. **કટિઆસન** : હૃદય રોગો થતાં રોકવા, કમર અને કીડનીને લગતી તમામ તકલીફો,ચૂંક વગેરે માટે

૧૫. **વૃષાસન** : ધાતુક્ષય, શ્વસનતંત્ર, પાચનતંત્ર, હૃદયક્ષતિ, વગેરેમાં સુધારો કરીને ચીરયૌવન બક્ષતુ આ આસન છે

૧૬. **મંડૂકાસન (ભદ્રાસન)** : માસિક ધર્મની તકલીફો, સ્વપ્ન દોષ જેવી તકલીફો તથા અવાજ સુંદર કરે છે.

૧૭. **વક્રાસન** : કોઢ, વાઈ, દાંતદર્દ, મુખદર્દ, કમરદર્દ વગેરેમાં અસરકારક

૧૮. **શલભાસન** : કીડનીની તકલીફો, આંતરડાના રોગો, કફ-પિત્ત, ચરબી, પાચનતંત્રની તકલીફો વગેરે માટે

૧૯. **ઉષ્ટ્રાસન** : લોહીવિકાર, ચામડીના દર્દો, શિરોવેદના , ભગંદર, ત્રિદોષ, દુર્બળતા, કફ રોગોમાં ઉપયોગી.

૨૦. **ઉત્કટાસન** : સાયટીકા, સંધિવા, જલોદર, ભગંદર, હાથીપગા, ચર્મરોગ, કરોડરજ્જુની વક્રતા, કમરદર્દ, મળાવરોધ વગેરે રોગોમાં ઉપયોગી છે.

પ્ર. ૩૫ શરીરના નવ તંત્રોના યોગક્ષેમમાં સહાયરૂપ યોગાસનો વિશે ખ્યાલ આપો ?

ઉ. ૩૫

ક્રમ	**તંત્ર**	**ચક્ર(ગ્રંથિ)**	**અંગ**	**અસરકર્તા યોગાસન**
૧.	ચેતાતંત્ર	સહસ્રાર ચક્ર (પીટ્યુટરી ગ્લાન્ડ) અને આજ્ઞાચક્ર (પિનિયલ ગ્લાન્ડ)	મોટું મગજ નાનું મગજ ચહેરો જ્ઞાનતંતુઓ	મત્સ્યાસન, સર્વાંગાસન વિપરીતકરણી, પાદ હસ્તાસન, હલાસન, શીર્ષાસન, સૂર્ય નમસ્કાર
૨.	શ્વસન તંત્ર	વિશુદ્ધિ ચક્ર (થાઈરોઈડ ગ્લાન્ડ)	નાક સ્વરપેટી શ્વાસનળી ફેફસાં	ભુજંગાસન, શલભાસન, ધનુરાસન, ઉષ્ટ્રાસન, સિંહાસન, સર્વાંગાસન, હલાસન, મત્સ્યાસન, સુપ્તવજ્રાસન

			પદ્માસન,
			સૂર્ય નમસ્કાર,
			અર્ધ મત્સ્યેંદ્રાસન,
			પશ્ચિમોતાનાસન
૩. રૂધિરાભિસરણ	સ્વાધિષ્ઠાન ચક્ર	હૃદય	પદ્માસન, વજ્રાસન,
	(ઓડ્રીનલ	બરોળ	વૃષાસન, ગોમુખાસન,
	ગ્લાન્ડ)	યકૃત	કટિઆસન, વક્રાસન,
		મૂત્રપિંડ	અર્ધમત્સ્યેન્દ્રાસન,
		નાડી તંત્ર,	પશ્ચિમોતાનાસન,
		અસ્થિ તંત્ર	સુપ્ત વજ્રાસન
૪. પાચન તંત્ર	મણિપુર ચક્ર	અન્નનળી	ઉતાપાદાસન,
	(પેન્ક્રીઆસ)	હોજરી,	પવન મુક્તાસન, યોગમુદ્રા
		પિત્તાશય	શશાંગાસન, પાદ્હસ્તાસન,
		મોટું આંતરડું	હલાસન,
		ગુદા, ત્વચા	પશ્ચિમોતાનાસન,
		નાનું આંતરડુ,	ભુજંગાસન,
			શલભાસન, ધનુરાસન,
			પદ્માસન, વજ્રાસન,
			અર્ધ મત્સ્યેન્દ્રાસન
૫. પ્રજનન તંત્ર	મુલાધાર ચક્ર	મૂત્રપિંડ	વૃષાસન, ગોમુખાસન,
	(પ્રોસ્ટેટ	ગર્ભાશય,	મંડૂકાસન, કટિઆસન,
	ગ્લાન્ડ)	બીજાશય	ભૂજંગાસન, ધનુરાસન,
		વીર્યાશય	પાદ્હસ્તાસન, ગરુડાસન,
		જનનેંદ્રિય	હલાસન, સર્વાંગાસન,
			વજ્રાસન, પદ્માસન,
			શંસાગાસન,
			મત્સ્યાસન, જાનુ શીરાસન,
૬. તમામ તંત્રો	તમામ ચક્રો	તમામ અંગો	પશ્ચિમોતાનાસન,
			મત્સ્યેન્દ્રાસન,
			સર્વાંગાસન, વજ્રાસન,
			હલાસન, ધનુરાસન,

			સૂર્ય નમસ્કાર,
			અર્ધ મત્સ્યેન્દ્રાસન
૭. અસ્થિતંત્ર	-	તમામ હાડકાં	ધનુરાસન, ઉષ્ટ્રાસન
૮. સ્નાયુતંત્ર	-	તમામ સ્નાયુઓ	ઉત્કટાસન
			સૂર્ય નમસ્કાર
૯. નાડીતંત્ર	-	તમામ ધમની,	વક્રાસન,
		શીરા,	અર્ધ મત્સ્યેન્દ્રાસન,
			સૂર્ય નમસ્કાર

પ્ર. ૩૬ શરીરના મહત્ત્વના અઢાર અંગો અંગેના અસરકર્તા યોગાસનો વિશે જણાવો ?

ઉ. ૩૬

ક્રમ	અંગ-ધાતુ	અસરકર્તા યોગાસનો,
૧.	શરીરનું ગઠન	ઠિંગણાપણું દૂર કરવા, પાદ હસ્તાસન, પશ્ચિમોતાનાસન, સિંહાસન, ગરુડાસન,
૨.	મગજ અને ભાવના	માનસિક રોગો, આઘાત, શોક, ચિંતા દૂર કરવા પદ્માસન, વજ્રાસન, શવાસન,
૩.	ચિત્ત	બુદ્ધિ, સ્મૃતિ વધારવા વિપરીતકરણી, સર્વાંગાસન, મત્સ્યાસન, સુપ્ત વજ્રાસન
૪.	ઓજસ	તેજ, બળ, વીર્ય વધારવા પદ્માસન, વજ્રાસન, ગોમુખાસન, વૃષાસન, હલાસન, સર્વાંગાસન, વિપરીતકરણી, અર્ધ મત્સ્યેન્દ્રાસન, જાનુ શિરાસન, સૂર્ય નમસ્કાર
૫.	ચિર યૌવન	વૃષાસન, ગોમુખાસન, હલાસન સર્વાંગાસન, વિપરીતકરણી, પશ્ચિમોતાનાસન,
૬.	કાન	બહેરાશ વગેરે કર્ણ રોગો માટે સિંહાસન, મત્સ્યાસન, સુપ્ત વજ્રાસન
૭.	જીભ	બોબડાપણું દૂર કરવા માટે સિંહાસન, મત્સ્યાસન, સુપ્ત વજ્રાસન

૮ આંખ	સિંહાસન, વક્રાસન, ઉષ્ટ્રાસન, ભૂજંગાસન, સર્વાંગાસન, મત્સ્યાસન, સુપ્ત વજ્રાસન, વક્રાસન, અર્ધ મત્સ્યેન્દ્રાસન, પર્વતાસન એકપાદ પ્રસરેણાસન
૯ કંઠ (ગળું)	સિંહાસન, અર્ધ મત્સ્યેન્દ્રાસન, વક્રાસન ધનુરાસન, વિપરીતકરણી, સર્વાંગાસન મત્સ્યાસન, સુપ્ત વજ્રાસન, હલાસન
૧૦. હૃદય	પદ્માસન, વજ્રાસન, વૃષાસન ગોમુખાસન, શવાસન, સર્વાંગાસન, કટિઆસન
૧૧ યકૃત બરોળ	વક્રાસન, અર્ધમત્સ્યેન્દ્રાસન ઉષ્ટ્રાસન, હલાસન, સર્વાંગાસન
૧૨ વૃક્ષઃ સ્થળ	ગોમુખાસન, ઉષ્ટ્રાસન, મત્સ્યાસન, સુપ્તવજ્રાસન, ભૂજંગાસન
૧૩ પીઠ	પીઠદર્દ, ખૂંધ, વક્રતા દૂર કરવા ભૂજંગાસન, ધનુરાસન, ઉષ્ટ્રાસન, મત્સ્યાસન, સુપ્ત વજ્રાસન, ઉત્કટાસન વક્રાસન, અર્ધ મત્સ્યેન્દ્રાસન
૧૪ વૃષણ/યોનિ	ગરુડાસન, વૃષાસન, ગૌમુખાસન
૧૫ પગ	પદ્માસન, વજ્રાસન, ગરુડાસન યોગમુદ્રા, શશાંગાસન, પાદ્હસ્તાસન, પશ્ચિમોતાનાસન, ત્રિકોણાસન, ગૌમુખાસન, ઉષ્ટ્રાસન, વૃષાસન વિપરીતકરણી, સર્વાંગાસન ઉત્કટાસન
૧૬ હાથ	ગરુડાસન, ગૌમુખાસન, ત્રિકોણાસન, ઉત્કટાસન
૧૭ મેદ	પેટ પવન મુક્તાસન, ભૂજંગાસન,

	શમભાસન, ધનુરાસન, પાદ હસ્તાસન, પશ્ચિમોતાનાસન, હલાસન, મત્સ્યાસન, સુપ્ત વજ્રાસન,
	કમરનો મેદ : કટિઆસન, વક્રાસન, ત્રિકોણાસન, યોગમુદ્રા, શશાંગાસન, મંડૂકાસન, જાનુ શીરાસન
૧૮ કમર	કટિઆસન, મર્દાનાસન, યોગમુદ્રા શશાંગાસન, પશ્ચિમોતાનાસન, ઉલ્ટ્રાસન, પાદ્‌હસ્તાસન, ભૂજંગાસન ધનુરાસન

પ્ર. ૩૭ યોગના કેટલા પ્રકાર છે ? અને તે કયા કયા ?

ઉ. ૩૭ સત્‌પુરુષો નીચેના બત્રીસ યોગનો સંગ્રહ કરી આત્માને ઉજ્જવળ કરવાનું કહે છે

૧. શિષ્ય પોતાના જેવો થાય તેને માટે તેને શ્રુતાદિક જ્ઞાન આપવું.
૨. પોતાના આચાર્યપણાનું જે જ્ઞાન હોય તેનો અન્યને બોધ આપવો અને પ્રકાશ કરવો.
૩. આપત્તિકાળે પણ ધર્મનું દૃઢપણું ત્યાગવું નહીં.
૪. લોક, પરલોકનાં સુખનાં ફળની વાંછના વિના તપ કરવું.
૫. શિક્ષા મળી તે પ્રમાણે યત્નાથી વર્તવું અને નવી શિક્ષા વિવેકથી ગ્રહણ કરવી.
૬. મમત્વનો ત્યાગ કરવો.
૭. ગુપ્ત તપ કરવું.
૮. નિર્લોભતા રાખવી.
૯. પરિષહ ઉપસર્ગને જીતવા
૧૦. સરળ ચિત્ત રાખવું.
૧૧. આત્મસંયમ શુદ્ધ રાખવો
૧૨. સમકિત શુદ્ધ રાખવું.
૧૩. ચિત્તની એકાગ્ર સમાધિ રાખવી
૧૪. કપટ રહિત આચાર પાળવો.

૧૫. વિનય કરવા યોગ્ય પુરુષોનો યથાયોગ્ય વિનય કરવો.
૧૬. સંતોષથી કરીને તૃષ્ણાની મર્યાદા ટૂંકી કરી નાંખવી.
૧૭. વૈરાગ્ય ભાવનામાં નિમગ્ન રહેવું.
૧૮. માયા રહિત વર્તવું
૧૯. શુદ્ધ કરણીમાં સાવધાન થવું
૨૦. સંવરને આદરવો અને પાપને રોકવા.
૨૧. પોતાના દોષ સમભાવપૂર્વક ટાળવા.
૨૨. સર્વ પ્રકારનાં વિષયથી વિરક્ત રહેવું.
૨૩. મૂળ ગુણે પંચ મહાવ્રત વિશુદ્ધ પાળવાં.
૨૪. ઉતર ગુણે પંચ મહાવ્રતને વિશુદ્ધ પાળવાં
૨૫. ઉત્સાહપૂર્વક કાર્યોત્સર્ગ કરવો.
૨૬. પ્રમાદ રહિત જ્ઞાન - ધ્યાનમાં પ્રવર્તન કરવું.
૨૭. હંમેશા આત્મ ચારિત્રમાં સૂક્ષ્મ ઉપયોગથી વર્તવું
૨૮. ધ્યાન, જિતેન્દ્રિયતા અર્થે એકાગ્રતાપૂર્વક કરવું.
૨૯. મરણાંત દુઃખથી પણ ભય પામવો નહીં.
૩૦. પ્રાયશ્ચિત વિશુદ્ધિ કરવી.
૩૧. મરણકાળે આરાધના કરવી.
૩૨. સ્ત્રી આદિના સંગને ત્યાગવો.

પ્ર. ૩૮ યોગની દસ મુદ્રાઓ કઈ કઈ ગણાય છે ?

ઉ. ૩૮ ૧. મહામુદ્રા ૨. મહાવેધ ૩. મહાબંધ ૪. મૂલબંધ ૫. જાલંધરબંધ
૬. ઉડ્ડિયાન બંધ ૭. ખેચરી ૮. વ્રજોલી ૯. વિપરીતકરણી
૧૦. શક્તિચાલીની

પ્ર. ૩૯ યોગ સાધના કરનાર સાધકના લક્ષણો જણાવો ?

ઉ. ૩૯ યોગ સાધના કરનાર સાધકમાં નીચેના બાર લક્ષણો હોવા જોઈએ.

૧. સ્થિર બુદ્ધિવાળો
૨. સ્વાધીન
૩. વિશાળ હૃદયવાળો
૪. ક્ષમાશિલ
૫. વીર
૬. ગુરુચરણપૂજક
૭. લય યોગની, સાધનામાં તત્પર
૮. વીર્યવાન
૯. દયાવાન
૧૦. સત્યવાદી
૧૧. શ્રદ્ધાવાન
૧૨. યોગાભ્યાસમાં તત્પર

પર્વ પંદરમું
રાગ - દ્વેષ

પ્ર. ૧ રાગ કોને કહેવાય ?

ઉ. ૧ અજ્ઞાન પ્રત્યે પ્રેમ તે રાગ. જ્યાં તું નથી ત્યાં હું છું એમ બોલું છું એ જ રાગ. ''હું ચંદુલાલ છું'' એ જ રાગ. જ્યાં પોતે નથી ત્યાં હું છું બોલવું એ જ મોટામાં મોટો રાગ. ઊંધી માન્યતા એ જ રાગ છે. રાગ તો ઇચ્છાપૂર્વકનો હોય તેનું નામ રાગ કહેવાય. ઇચ્છા નથી હોતી અને ખેંચાણ થાય છે, તે આકર્ષણ કહેવાય. લોકો આકર્ષણને રાગ કહે છે. પારકી વસ્તુને પોતાની માનવી એ જ રાગ છે. તાંતો રહે એનું નામ જ રાગ કહેવાય.

પ્ર. ૨ રાગ શેનો બનેલો છે ?

ઉ. ૨ રાગ એ તો લોભ અને માયાનો બનેલો છે. રાગ એ એવો મીઠો રસ છે કે જ્ઞાનને પણ ઢાંકી દે.

પ્ર. ૩ જૈન દર્શનમાં રાગના કેટલા પ્રકાર બતાવ્યા છે ?

ઉ. ૩ રાગના ત્રણ પ્રકાર છે

૧. **સ્નેહ રાગ :** અતિશય લાગણી હોય, પ્રેમ હોય તેને આધારે ઊભો થાય તે સ્નેહ રાગ.

૨. **કામ રાગ :** વિષય લોલુપતાને કારણે રાગ ઊભો થાય તે કામ રાગ. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં લુબ્ધપણું તે કામ રાગ.

૩. **દૃષ્ટિ રાગ :** વીતરાગતાનું એક પણ લક્ષણ નહીં તે દૃષ્ટિ રાગ. દૃષ્ટિ રાગીને આત્મા ઉપર આવરણ આવેલું હોય. કોઇપણ એક દૃષ્ટિ ઉપર કે વ્યૂ પોઇન્ટ ઉપર સંપૂર્ણ રાગ ઉત્પન્ન થઇ ગયો તે દૃષ્ટિ રાગ. દૃષ્ટિ રાગ ક્યારેય ના જાય. દૃષ્ટિ રાગ એ રાગનોય રાગ છે.

પ્ર. ૪ પ્રશસ્ત રાગ એટલે શું ?

ઉ. ૪ પ્રશસ્ત રાગ એટલે જે રાગથી સંસારના બધા રાગ છૂટી જાય તે. આ રાગ ઉત્પન્ન થાય એટલે સંસારના બીજા બધા જ રાગ ઊડી જાય છે, એને

ભગવાને પ્રશસ્ત રાગ કહ્યો. જે રાગ સંસારના રોગોને છોડાવે તે પ્રશસ્ત રાગ. પ્રશસ્ત રાગ એ પ્રત્યક્ષ મોક્ષનું કારણ છે કારણકે એ રાગમાં સંસાર હેતું નથી. જ્ઞાની પુરુષ પ્રત્યેનો કે તીર્થંકર ભગવંતો પ્રત્યેનો રાગ તે પ્રશસ્ત રાગ છે.

પ્ર. ૫ દ્વેષ એ કોનું ફરજન્દ છે ?

ઉ. ૫ દ્વેષ એ રાગનું ફરજન્દ છે. જેના પર રાગ કરીએ ને તે એકસેસ (વધુ પડતો) વધી જાય એટલે એની પર દ્વેષ થાય પાછો. કોઈપણ વસ્તુ એના પ્રમાણની (હદની) બહાર જાયને એટલે આપણને ના ગમતી થાય અને ના ગમતી હોય એનું નામ દ્વેષ. રાત્રે ધણી અને ધણિયાણી લડયા હોય અને બીજે દિવસે સવારે બંનેના મોઢા ચઢેલા હોય તે તાંતો કહેવાય અને આ તાંતો એ જ દ્વેષ છે.

પ્ર. ૬ રાગ દ્વેષ શું છે ?

ઉ. ૬ રાગ એ કારણ છે અને દ્વેષ એ રાગનું પરિણામ છે. દ્વેષ નીકળ્યા જ કરે. રાગ દ્વેષ એ સ્મૃતિના માતા પિતા છે. યાદ રહેવું એ રાગ દ્વેષને આધિન છે. ગમો - અણગમો એકસેસ થઈ જાય તો રાગ દ્વેષમાં પરિણમે.

પ્ર. ૭ ભગવાને રાગ દ્વેષ માટે શું કહ્યું છે ?

ઉ. ૭ ખોટાને ખોટું જાણ અને સારાને સારું જાણ પણ ખોટું જાણતી વખતે એની પર કિંચિત્માત્ર પણ દ્વેષ ના રહેવો જોઈએ અને સારું જાણતી વખતે કિંચિત્માત્ર રાગ ના રહેવો જોઈએ. ખોટાને ખોટું ના જાણીએ તો સારાને સારું જાણી શકાય નહીં. કોઈનામાં ડખલ કરી કે રાગ દ્વેષ ઊભા થઈ જાય.

પ્ર. ૮ રાગ દ્વેષ ક્યારે જાય ?

ઉ. ૮ દેહાધ્યાસ છે ત્યાં સુધી રાગ દ્વેષ છે. દેહાધ્યાસ મટયો કે રાગ દ્વેષ ગયા. દેહાધ્યાસ એટલે આ દેહ તે હું છું, આ વાણી બોલું છું તે હું બોલું છું આ મન મારું છે, એ દેહાધ્યાસ કહેવાય. આ દેહાધ્યાસ જાય તો રાગ દ્વેષ જાય.

પ્ર. ૯ યાદ એ શેના આધારે છે ? તેને કેવી રીતે ભૂલવું ?

ઉ. ૯ યાદ એ રાગ દ્વેષને આધિન છે અર્થાત્ રાગ દ્વેષને કારણે યાદ રહે છે. યાદ આવે છે માટે તે જીવ સાથે કંઈક ઋણાનુંબંધ અર્થાત્ હિસાબ છે તેથી તે જીવનું પ્રતિક્રમણ કરવાથી ચોંટ ભૂંસાઈ જાય. યાદ આવે છે એટલે જાણવું

કે અહીં આગળ કંઇ વધારે ચીંકણું છે. તો ત્યાં પ્રતિક્રમણ કર કર કરીએ તો બધું છૂટી જાય. યાદ આવે તેનું પ્રતિક્રમણ કરવું અને ઇચ્છા થાય તેનું પ્રત્યાખ્યાન કરવું.

પ્ર. ૧૦ દ્વેષ કોનું નામ છે ?

ઉ. ૧૦ ક્રોધ અને માન એ બે કષાય અને અરતિ (અણગમો), શોક, ભય અને જુગુપ્સા, આ ચાર નોકષાય એ બધાનું નામ દ્વેષ છે.

પ્ર. ૧૧ રાગ શેનો બનેલો છે ? રાગ કોનું નામ છે ?

ઉ. ૧૧ માયા અને લોભ એ બે કષાય અને ગમો, હાસ્ય, તથા સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ, આ પાંચ નોકષાય એ બધાનું નામ રાગ છે.

ૐ

પર્વ સોળમું
લેશ્યા

પ્ર. ૧ લેશ્યા એટલે શું ? તેનું વિગતવાર વર્ણન કરો ?

ઉ. ૧ લેશ્યા એ લૌકિક વ્યવહાર ઉપરથી કરવામાં આવેલું લાગણીઓનું પૃથ્થકરણ છે. લેશ્યા એ એક જાતના કષાયો જ છે. કષાયોના કર્મ પુદ્ગલોમાં ભળેલા કાળા વગેરે રંગના જે કર્મ પુદ્ગલો તે દ્રવ્ય લેશ્યા છે. અને તે દ્રવ્ય લેશ્યાથી ઉત્પન્ન થતા પ્રાણીઓના સ્વભાવો તે ભાવ લેશ્યા છે. જૈન દર્શનમાં લેશ્યા અંગે જંબુવૃક્ષ (જાંબુના ઝાડ) અને ચોરનું દૃષ્ટાંત ખૂબ જ પ્રચલિત છે. જાંબુનું ઝાડ અને તેના ઉપર લાગેલ જાંબુના ફળ મેળવવા માટે દરેક લેશ્યાવાળી વ્યક્તિ કેવી રીતે વર્તે છે. **કૃષ્ણ લેશ્યાવાળો** માણસ આખા ઝાડને જ કાપી નાખવું એવો વિચાર કરે છે અને તે પ્રમાણે પ્રવૃત્તિ કરે છે. **નીલ લેશ્યાવાળો** માણસ મોટી મોટી ડાળીઓને કાપવાની પ્રવૃત્તિ કરે છે. **કાપોત લેશ્યાવાળો** માણસ નાની નાની ડાળીઓને કાપવાની પ્રવૃતિ કરે છે. **તેજો લેશ્યાવાળો** માત્ર જાંબુના ઝૂમખા તોડવાની પ્રવૃત્તિ કરે છે. **પદ્મ લેશ્યાવાળો** માણસ માત્ર જાંબુ તોડી ભેગા કરે છે. અને **શુક્લ લેશ્યાવાળો** માણસ માત્ર પવનથી નીચે પડેલા જાંબુ વીણી લઇ લે છે. આ જ રીતે ચોર ચોરી કરવા જાય છે. તેમાં **કૃષ્ણ લેશ્યાવાળો** માણસ ધન મેળવવા માટે સ્ત્રી, પુરુષ અને પશુ બધાંનો વધ કરી ધન મેળવે છે. **નીલ લેશ્યાવાળો** માણસ જાનવરને મારતો નથી પણ માણસ અને સ્ત્રીઓનો વધ કરે છે. **કાપોત લેશ્યાવાળો** માણસ (ચોર) ધન મેળવવા માટે માત્ર પુરુષોનો વધ કરે છે. સ્ત્રીઓનો વધ કરતો નથી. **તેજો લેશ્યાવાળો** ચોર પુરુષનો જ વધ કરે છે. પરંતુ તે જે પુરુષ પાસે હથિયાર હોય તે જ પુરુષનો વધ કરે છે. અન્ય પુરુષને મારી નાખતો નથી. **પદ્મ લેશ્યાવાળો** ચોર ધન મેળવવા માટે જે પુરુષ હથિયારથી હુમલો કરે તેને જ મારી નાંખે છે. બીજા પુરુષ પાસે પણ હથિયાર છે પરંતુ તે સામનો કરતો નથી, તેથી તેને તે મારતો નથી. અને **શુક્લ લેશ્યાવાળો** ચોર કોઇપણ

જીવનો વધ કર્યા વગર માત્ર ધન લઈને ચાલી નીકળે છે. લેશ્યા અંગે નીચેનું કોષ્ટક વધારે સ્પષ્ટતા દર્શાવે છે.

લેશ્યાનું નામ	લેશ્યાનો રંગ	ગંધ	રસ	સ્પર્શ	લાગણી
૧. કૃષ્ણ	અતિ કાળો	અતિ દુર્ગંધી	અતિ કડવો	અતિ કઠોર	અતિ ક્રૂર
૨. નીલ	ઓછો કાળો	ઓછો દુર્ગંધી	ઓછો કડવો	ઓછો કઠોર	ઓછો ક્રૂર
૩. કાપોત	ભૂરો	અલ્પ દુર્ગંધી	અલ્પ કડવો	અલ્પ કઠોર	અલ્પ. ક્રૂર
૪. તેજો	પીળો	કાંઈક સુગંધી	કાંઈક મીઠો	કાંઈક સુંવાળો	કાંઈક શાંત
૫. પદ્મ	આછો ગુલાબી	સુગંધી	મીઠો	સુંવાળો	શાંત
૬. શુક્લ	અતિ સફેદ	અતિ સુગંધી	અતિ મીઠો	અતિશય સુંવાળો	અત્યંત શાંત

પ્ર. ૨ છ લેશ્યામાં કયા ભાવની તથા કેવા વિચારની મુખ્યતા હોય છે ?

ઉ. ૨

લેશ્યાનું નામ	વિચારો	ભાવ
૧. કૃષ્ણ લેશ્યા	હિંસા કરવાના વિચારો	હિંસા ભાવની પ્રાધાન્યતા
૨. નીલ લેશ્યા	ચોરી કરવાના વિચારો	પાંચ ઇન્દ્રિયના વિષયમાં લુબ્ધપણું
૩. કાપોત લેશ્યા	મૈથુન કરવાની ઇચ્છા	વક્રતાની મુખ્યતા
૪. તેજો લેશ્યા	તપ કરવાની ઇચ્છા	ધર્મ રુચિની લેશ્યા
૫. પદ્મ લેશ્યા	દાન કરવાની ઇચ્છા	જિતેન્દ્રિય પણાની લેશ્યા
૬. શુક્લ લેશ્યા	મોક્ષે જવાની ઇચ્છા	રાગ દ્વેષના સંયોગોમાં સમાનતા કેળવવાનો પ્રયાસ

પ્ર. ૩ લેશ્યા અને ગુણસ્થાનકનો સંબંધ શું છે ?

ઉ. ૩ ૧. પ્રથમ ત્રણ લેશ્યા જેવી કે કૃષ્ણલેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા તે ચોથા ગુણસ્થાનક સુધી હોય છે.

૨. પાંચમાં-છઠ્ઠા ગુણસ્થાનકમાં છ યે લેશ્યા હોય છે પરંતુ પ્રથમ ત્રણ લેશ્યા નહીંવત્ હોય છે.

૩. સાતમાં ગુણસ્થાનકમાં તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુક્લ ત્રણેય લેશ્યા હોય છે.

૪. આઠમાં ગુણસ્થાનકથી બારમાં ગુણસ્થાનકોમાં ફક્ત શુક્લ લેશ્યા હોય છે.

પ્ર. ૪ છ લેશ્યાવાળા જીવો સબંધી તથા તેના ફળ સબંધી જણાવો ?

ઉ. ૪ ૧. **કૃષ્ણ લેશ્યા :** કૃષ્ણ લેશ્યાવાળા માણસોમાં બોલવામાં કઠોરતા, દયાહિનતા અને સ્વભાવમાં કર્કશતા હોય છે મહા રૌદ્રધ્યાની હોય છે સદા ક્રોધિ અને દ્વેષી હોય છે, નિર્દય હોય અને નિરંતર વેર રાખનારો હોય તે કૃષ્ણ લેશ્યાવાળો જાણવો આ લેશ્યાવાળા નરકમાં જાય છે

૨. **નીલ લેશ્યા :** નીલ લેશ્યાવાળા માણસો દંભ કરવામાં, ચાલાકી અને લાંચ ખાવામાં હોંશિયાર હોય છે. જે માણસ આળસુ, મંદબુદ્ધિ, સ્ત્રીમાં લુબ્ધ, પરને છેતરનાર, અભિમાની હોય તેને નીલ લેશ્યાવાળો જાણવો. આ લેશ્યાવાળા સ્થાવર કાય જીવોમાં જાય છે.

૩ **કાપોત લેશ્યા :** જે સતત શોકમાં રહેતો હોય, સદા શોક કરતો હોય, પારકાની નિંદા કરતો હોય, પોતાની બડાઈ મારતો હોય અને રણ સંગ્રામમાં ભયંકર હોય તેવા જીવોને કાપોત લેશ્યાવાળા જાણવા. આ લેશ્યાવાળા જીવો તિર્યંચ ગતિમાં જાય છે.

૪. **તેજો લેશ્યા :** જે વિદ્વવાન હોય, દયાળું હોય, કાર્યાકાર્યનો વિચાર કરતો હોય લાભ કે અલાભમાં સદા મગ્ન રહેતો હોય તથા જેનામાં સરળતા, દાન વગેરે ભાવના હોય તેને તેજો લેશ્યાવાળો જાણવો. આ લેશ્યાવાળા મનુષ્ય ગતિમાં જાય છે.

૫. **પદ્મ લેશ્યા :** જે ક્ષમાવાન, નિરંતર ત્યાગવૃતિવાળો હોય, દેવપૂજામાં તત્પર હોય, વ્રત ધારણ કરવામાં આનંદ અને પારકાનું

ભલું કરવાની ભાવના હોય છે, અહિંસા સત્યાદિ પાંચ યમને ધારણ કરતો હોય, પવિત્ર હોય અને સદાય પ્રસન્ન રહેતો હોય તેવા માણસને પદ્મ લેશ્યાવાળો જાણવો. આ લેશ્યાવાળા દેવલોકમાં જાય છે.

૬. **શુક્લ લેશ્યા :** જે રાગ-દ્વેષથી મુક્ત હોય, માન અપમાનથી રહિત હોય અને પરમાત્મ ભાવને પામેલો હોય તેવા માણસને શુક્લ લેશ્યાવાળો જાણવો. આ લેશ્યાવાળા મોક્ષે જાય છે.

પ્ર. ૫ તેજો લેશ્યા લબ્ધિ કેવી રીતે ઉત્પન્ન થાય છે ?

ઉ. ૫ જે મનુષ્ય છ મહિના સુધી નિયમધારી થઇ સૂર્ય સામે આતાપના લે તથા છઠ્ઠ કરે અને એક મુઠ્ઠી અડદના બાકળા તથા અંજલિ માત્ર જળથી પારણું કરે વળી પાછો છઠ્ઠ એમ છઠ્ઠના પારણે છઠ્ઠ એમ છ મહિના સુધી છઠ્ઠનો તપ તથા સૂર્યની આતાપના લે તો છ માસને અંતે તેને તેજો લેશ્યા નામની લબ્ધિ ઉત્પન્ન થાય છે.

પ્ર. ૬ લેશ્યાનાં ગુણધર્મ વિશે સંક્ષિપ્તમાં જણાવો ?

ઉ. ૬ ૧. **કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા :** આ ત્રણ લેશ્યા દુર્ગંધવાળી, અમનોજ્ઞ, શીતરુક્ષ અને અવિશુદ્ધ છે.

૨. **તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુક્લ લેશ્યા :** આ ત્રણ લેશ્યા સુગંધવાળી, મનોજ્ઞ, ઉષ્ણ સ્નિગ્ધ અને વિશુદ્ધ છે.

પ્ર. ૭ સાતેય નરકમાં રહેલા જીવોને કઇ કઇ લેશ્યા હોય છે ?

ઉ. ૭ પહેલી અને બીજી નરકના જીવોને કાપોત લેશ્યા હોય છે. ત્રીજી નરકના જીવોને કાપોત અને નીલ લેશ્યા હોય છે. ચોથી નરકના જીવોને નીલ લેશ્યા હોય છે. પાંચમી નરકના જીવોને નીલ અને કૃષ્ણ લેશ્યા હોય છે. છઠ્ઠી અને સાતમી નરકના જીવોને કૃષ્ણ લેશ્યા હોય છે.

પ્ર. ૮ અવધિજ્ઞાની જીવને કેટલી લેશ્યાઓ હોય છે ?

ઉ. ૮ અવધિજ્ઞાની જીવને તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુક્લ લેશ્યા એ ત્રણ વિશુદ્ધ લેશ્યાઓ હોય છે.

પ્ર. ૯ શુક્લ લેશ્યાવાળાને કેટલી દૃષ્ટિ હોય છે ?

ઉ. ૯ શુક્લ લેશ્યાવાળાને આઠ દૃષ્ટિ હોઇ શકે છે.

ૐ

પર્વ સત્તરમું

વિનય, વિરતિ, વીતરાગ, વ્યવસ્થિત, વાણી

પ્ર. ૧ વિનય એટલે શું?

ઉ. ૧ વ્યૂ પોઇન્ટ (દૃષ્ટિ બિંદુ) ને નય કહેવાય, તેમાં વ્યવહાર નય અને નિશ્ચય નય એ બે ભાગ થતાં તેને સદ્‌વિવેક પૂર્વક જુદા રાખે તેને વિનય કહેવાય. વિનય એટલે વિષેશ નય. આ જગતના બધાં જ નય તે સંસાર માટેના છે. વિશેષ નય તે મોક્ષે લઇ જનાર છે. શિસ્ત અને નમ્રતા એ વિનય કહેવાય. અહંકાર બૂમ ના પાડે તે વિનય. વિનય એટલે જયાં અહંકાર ઓછામાં ઓછો દેખાય તે, ગાંડપણ ના કરે. આપણાંથી કોઇનેય દુખ ન થાય તે વિનય.

પ્ર. ૨ પરમ વિનય એટલે શું?

ઉ. ૨ કોઇનેય આપણાંથી કિંચિત્‌માત્ર પણ દુઃખ ન થાય એ જ પરમ વિનય છે. અહંકાર રહિત સ્થિતિ એ જ પરમ વિનય. ''હું શુદ્ધાત્મા છું'' એ જ પરમ વિનય છે. પરમ વિનય એટલે ગ્રહણ કર્યા કરવું. પૂજય માણસનો રાજીપો મેળવવો પછી એ મારે-કરે પણ ત્યાં જ પડી રહેવું તે પરમ વિનય. પરમ વિનય એ પ્રજ્ઞા ભાગ છે. મન બગડેલું ના હોય, વાણી બગડેલી ના હોય, વર્તન બગડેલું ના હોય એ પરમ વિનય. પરમ વિનયમાં તો પોતાનો મત જ ના હોય અને સંપૂર્ણ સમર્પણ ભાવ હોય. લઘુત્તમભાવ એ પરમ વિનય છે. પરમ વિનય એટલે આંતરિક વિનય અને આંતરિક વિનયથી મોક્ષ છે. પરમ વિનય એ આબરૂ છે. પરમ વિનય એટલે જે દેખાય છે તે તરફનો આદર ભાવ નહિ પણ જે નથી દેખાતું તે તરફનો આદરભાવ. જે કોઇનીય કશીય વિરાધના ના કરે તેને મોક્ષ માટેનો પરમ વિનય કહેવાય. પરમ વિનય એટલે બિલકુલ અહંકાર જ નહીં તે. અહંકાર વગર ચૂપચાપ બેસી રહેવું તે પરમ વિનય. પરમ વિનય એટલે સંપૂર્ણ સર્મપણ ભાવ. આ ક્ષણ સુધીની તમામ જાણકારીઓને રજા ઉપર ઉતારી દઇ શુદ્ધ સમર્પણ દશામાં

રહેવું એ પરમ વિનય છે. પરમ વિનય કહ્યો એનો અર્થ એટલો સમજી જવાનો કે વગર કામનું કશું બોલવા-ચાલવાનું નહીં, કામનું હોય તો જ બોલવું. પોતાનું ડહાપણ કે પોતાની અક્કલ અહીં ઉઘાડી કરવાની નહીં કારણકે તમારી અક્કલો બધી નકલ કરેલી છે દરઅસલ નથી, આ પ્રકારની જાગૃતિ રહી તે જ પરમ વિનય છે. પરમ વિનય એટલે કે આ દાદા જ જ્ઞાની પુરુષ છે અને એ જ મને મોક્ષે લઇ જશે એમ ખાત્રીથી, નિશ્ચયથી માને તે પરમ વિનય કહેવાય.

પ્ર. ૩ પરમ વિનય ક્યાં છે?

ઉ. ૩ જેણે કિંચિત્માત્ર પણ કોઇની વિરાધના કરી ના હોય, જ્યાં વાદ ના હોય, વિવાદ ના હોય, ડખો ના હોય, જ્યાં કાયદા ના હોય ત્યાં પરમ વિનય છે.

પ્ર. ૪ વિનય કેવો હોવો જોઇએ?

ઉ. ૪ આપણો વિનય એવો હોવો ઘટે કે અપરાધક જીવ અનઅપરાધક થાય. ભગવાનની ધાતુ સાથે મિલાપ થાય તેવો વિનય હોવો જોઇએ. ભગવાનના સ્વભાવે સ્વભાવ થઇ જાય ત્યાં સુધીનો પરમ વિનય રાખવો જોઇએ.

પ્ર. ૫ પરમ વિનય કેવી રીતે પ્રાપ્ત થાય?

ઉ. ૫ પરમ વિનય તો જ્ઞાની પુરુષ કે જે દેહધારી પરમાત્મા છે તેમનું ધ્યાન ધરતા તેમની ચર્યાનું ક્ષણે ક્ષણનું નિરિક્ષણ (અવલોકન) કરતાં તેમની રુચિ તથા તેમનો સહજ સમ્યક્ વહેવાર અવલોકતાં તેમાંથી બોધ શીખતાં પ્રાપ્ત થાય.

પ્ર. ૬ પરમ વિનય ક્યારે ઉત્પન્ન થાય?

ઉ. ૬ અહંકાર ઓગળે તો જ પરમ વિનય ઉત્પન્ન થાય. હાથ જોડવાથી તે સાષ્ટાંગ પ્રણામ સુધીમાં જે જે કરવામાં આવે છે તેમાં પાર વગરના વિનય ધર્મ છે.

પ્ર. ૭ કઇ વસ્તુ પરમ વિનયને ઘાત કરનારી છે?

ઉ. ૭ અહીં સત્સંગમાં એવું કંઇક બોલે કે જેથી બધાં હસે તો તે પરમ વિનયને ઘાત કરનારી વસ્તુ છે અને હસનારને પણ થોડુંક નુકશાન થાય.

પ્ર. ૮ અવિનય એટલે શું?

ઉ. ૮ વિનયની પડેલી જ ના હોય અને વિનય ના કરે તે અવિનય કહેવાય. અવિનય એટલે મારે કંઇ લેવા-દેવા નહીં એવું વર્તન કરે એનું નામ અવિનય.

પ્ર. ૯ કયા દસ પદનો વિનય કરવો જોઈએ?

ઉ. ૯ ૧. અરિહંત ૨. ધર્મ (વીતરાગ ધર્મ)
૩. સિદ્ધ ૪. ચૈત્ય (જિનાલય)
૫. આચાર્ય ૬. શ્રુત (આગમો)
૭. ઉપાધ્યાય ૮. પ્રવચન (શાસન)
૯. સાધુ ૧૦. સમ્યક્ત્વ (સમકિત)

પ્ર. ૧૦ વ્યવહારના દસ પ્રકારના વિનય કયા કયા છે?

ઉ. ૧૦ ૧ **સત્કાર** : વિનય કરવા યોગ્ય વ્યક્તિનો આદર સત્કાર કરવો માનાર્થે બોલાવવા તથા અક્ષત ફૂલ ચઢાવવા.

૨. **સન્માન** : યથા યોગ્ય સન્માન કરવું, ગુણગાન ગાવા.

૩. **કૃતિ કર્મ** : વંદના કરવી, પ્રણામ કે વંદન કરવા.

૪. **અભ્યુત્થાન** : આદર કરવા યોગ્ય પુરુષને આવતા જોઈને આસન છોડી ઊભા થવું.

૫ **અંજલિકરણ** : બંન્ને હાથ જોડવા, પગે લાગવું.

૬. **આસનાભિગ્રહ** : બેસવા માટે આસનનું આમંત્રણ દેવું.

૭. **આસનાનું પ્રદાન** : યોગ્ય આસન લાવી પાથરવું.

૮. **સન્મુખ જવું** : આદર કરવા યોગ્ય પુરુષને આવતા જોઈ તેમની સન્મુખ જવું.

૯. **સેવા કરવી** : ઉત્કૃષ્ટ પ્રકારનાં પુરુષ જયાં બેઠા હોય ત્યાં તેમના ચરણ પાસે બેસી તેમના ચરણ દબાવવા તેમની સેવા કરવી.

૧૦. **મૂકવા જવું** : જયારે આવો પવિત્ર પુરુષ ઊઠીને જાય ત્યારે થોડે સુધી મૂકવા માટે જવું.

પ્ર. ૧૧ વિનયના કેટલા પ્રકાર છે ?

ઉ. ૧૧ વિનયના મુખ્ય પાંચ પ્રકાર છે.

૧. **દર્શન વિનય** : તીર્થંકર ભગવંતોએ કહેલ તત્ત્વની પ્રતીતિમાં નિઃશંક થવું તે દર્શન વિનય છે. સમ્યક્દર્શન ધારણ કરનારા પ્રત્યે પ્રીતિ કરવી. આત્મા અને પરપદાર્થના ભેદ વિજ્ઞાનનો અનુભવ કરવો તે દર્શન વિનય છે.

૨. **જ્ઞાન વિનય :** બહુમાન પૂર્વક જ્ઞાનગ્રહણ કરવું, તેનો અભ્યાસ કરવો સ્મરણ કરવું એને જ્ઞાન વિનય કહેવાય. આહાર, વિહાર વગેરે ક્રિયા કરતાં મૌન ધારણ કરવું, તે પણ જ્ઞાન વિનય છે. સમ્યક્જ્ઞાનની આરાધના માટે ઉદ્યમ કરવો. જિન શાસ્ત્રનાં શ્રવણ પઠનમાં બહું ઉત્સાહ રાખવો તથા વંદન, સ્તવન બહુ આદરથી ભણવું તે જ્ઞાન વિનય છે. સારા ધર્મ પુસ્તકોનો યોગ મળવો તે મહાલાભનું કારણ માનવું અને તેનો સત્કાર આદર કરવાથી જ્ઞાન વિનય પ્રાપ્ત થાય છે.

૩. **ચારિત્ર વિનય :** ચારિત્રનું શ્રદ્ધાન કરવું તેનું સમ્યક્ પ્રકારે આરાધન કરવું, અન્યની પાસે ચારિત્રના ગુણોની સ્તવના કરવી અને ચારિત્રનું સ્વરૂપ કહી બતાવવું વગેરે ચારિત્ર વિનય છે. વિષય કષાયને ઘટાડવા તથા ચારિત્ર ધારણ કરનારાઓનાં ગુણોનો આદર કરવાથી ચારિત્ર વિનય થાય છે.

૪. **તપ વિનય :** ધ્યાન, સ્વાધ્યાયમાં ઉદ્યમવંત બની, ઇન્દ્રિયોને વિષયોમાં પ્રર્વતતી રોકવા માટે ઉપવાસ આદિ તપમાં પુરુષાર્થ કરવો તે તપ વિનય છે.

૫. **ઉપચાર વિનય :** આચાર્ય વગેરેનું પ્રત્યક્ષ દર્શન થાય એટલે તરત ઊભા થવું તેમની સન્મુખ જવું હાથ જોડવા વગેરે વિનય કરવો તેમની ગેરહાજરી હોય ત્યારે પણ મન, વચન, કાયાના યોગે કરીને પગે લાગવું, તેમના ગુણોનું કિર્તન કરવું, પંચ પરમેષ્ટિનું સ્મરણ કરવું તેમના નામે કરેલી સ્થાપનાનો વિનય, વંદન, કરવો તે ઉપચાર વિનય છે.

(ઘણા શાસ્ત્રોમાં ચાર પ્રકારે વિનય કહ્યો છે તેમાં તપ વિનય અલગ બતાવ્યો નથી)

પ્ર. ૧૨ **વિરતિ એટલે શું ?**

ઉ. ૧૨ પુદ્ગલથી વિરામ પામવું તે વિરતિ. જાણ્યું તેનું નામ વિરતિ. ક્રોધ, માન, માયા, લોભ ઊભા ના થાય તેનું નામ વિરતિ. વિરતિ એટલે અટકી જવું તે. આ ઝેર છે એ જાણે પછી ના લેવાય તે પછી ઝેર પ્રત્યે તેને વિરતિ રહે. વિરતિ એટલે વિરમવું. પાંચેય ઇન્દ્રિયોના વિકારથી વિરમવું, ભોગોથી

પાછા હઠવું. ભોગોના ભાવથી છૂટી જઇને પોતાના સ્વરૂપમાં સ્થિર રહેવું તેનું નામ વિરતિ. પરથી વિરમવું અને સ્વમાં રમવું તે વિરતિ. જે પદાર્થનો પોતે ત્યાગ કર્યો તે પદાર્થ પ્રત્યેનો અનાદિનો અંદર રહેલા રસનો ત્યાગ થવો તે વિરતિ. અંતરંગ ઇચ્છા નષ્ટ થાય તેટલે અંશે ભગવાન તેને વિરતિ કહે છે. આત્મા કષાયી નથી અને અકષાયી પણ નથી પરંતુ જાણવાં જેવો છે એવું જે સમજ્યા એનું નામ વિરતિ. અસંગપણું એ જ વિરતિ. ''હું શુદ્ધાત્મા છું'' એ જ અસંગપણાનું લક્ષણ છે. જ્ઞાનનું ફળ એ જ વિરતિ. બીજેથી મન, વચન, કાયાની પ્રવૃતિ રોકાઇ એક આત્મહિતમાં વર્તે અને આખરે શાંત થાય તેનું નામ વિરતિ છે. પ્રથમ આત્મજ્ઞાન થવું અને પછી તે સ્વરૂપમાં ક્રમે ક્રમે લીન થવું તેનું નામ વિરતિ છે.

પ્ર. ૧૩ સર્વ વિરતિ એટલે શું ?

ઉ. ૧૩ સ્વરૂપમાં રમણતા એનું નામ જ સર્વ વિરતિ. નિરંતર આત્માનું લક્ષ રહે તે સર્વ વિરતિ. આખોય આત્મા જાણ્યો, એનું નામ સર્વ વિરતિ. આત્મા જાણી લેવો તેનું નામ જ સર્વ વિરતિ. બીજા કોઇ જીવનો દોષ ના દેખાય, કોઇ ગાળો ભાંડતો હોય તો પણ તેનો દોષ ના દેખાય એનું નામ સર્વ વિરતિ. કોઇના દોષ દેખાય નહિ તો જાણવું કે સર્વ વિરતિ પદ છે. સ્થાવર અને ત્રસ જીવોની હિંસાદિનું સર્વથા વર્જવું તે સર્વ વિરતિ કહેવાય છે. સર્વ વિરતિ એ સિદ્ધિ રૂપી મહેલ પર ચઢવાની નિસરણી (સીડી) છે.

પ્ર. ૧૪ વિરતિ ક્યારે આવે ?

ઉ. ૧૪ આરતી કરવાથી વિરતિ આવે.

પ્ર. ૧૫ અવિરતિ ભાવ ના બાર ભેદ જણાવો ?

ઉ. ૧૫ મિથ્યાત્વની હાજરી હોય ત્યાં સુધી અવિરતિપણું ખસતું નથી. અવિરતિ ભાવ ના બાર ભેદ છે. પાંચ ઇન્દ્રિય અને મનને વશ ન રાખવું તથા પૃથ્વી આદિ છ કાય જીવોની રક્ષાના ભાવ ન કરવા એમ બાર પ્રકારના અવિરતિ ભાવ છે અથવા હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ એ પાંચ પાપ એ અવિરતિ ભાવ છે.

પ્ર. ૧૬ વીતરાગ કોને કહેવાય ? વીતરાગ એટલે શું ?

ઉ. ૧૬ કોઇ પણ જાતનો આગ્રહ ન હોય તેનું નામ વીતરાગ. જ્ઞાન પ્રત્યે રાગ હોય તો તે વીતરાગ કહેવાય. જ્ઞાન પ્રત્યે પ્રેમ તે વીતરાગ. આત્મા સિવાય બીજું કશું યાદ જ ના આવે, આત્મા અને આત્માનાં સાધનો સિવાય બીજું કશું યાદ જ ના આવે, યાદ જ ના રહે તે વીતરાગ. જેને ભૂતકાળનો ભય, ભવિષ્યકાળનો ભય અને વર્તમાનનો ભય આ ત્રણ ભય ખલાસ થઇ જાય ત્યારે તેને વીતરાગ કહેવામાં આવે. જેને આ જગતમાં કોઇ ચીજ સબંધી ભય જ ના લાગે તે વીતરાગ. સમભાવે ફાઇલનો નિકાલ કરતો થયો ત્યાંથી માંડીને સંપૂર્ણ વીતરાગ થાય ત્યાં સુધી વીતરાગ કહેવાય. કોઇ જગ્યાએ હારે નહિ એનું નામ જ વીતરાગ, વખતે દેહ હારે, મન હારે, વાણી હારે પણ પોતે ના હારે. આ જગતમાં કોઇપણ જીવને કિંચિત્માત્ર પણ દુઃખ નથી દેવું એવો નિરંતર ભાવ છે અને તે વર્તનમાં છે એ જ વીતરાગ છે. ચારિત્ર મોહ ઉપર રાગ દ્વેષ ના કરે એનું નામ વીતરાગ. હું આ નહિ અને આ મારું નહિ તે વીતરાગ. જગત જેનાંથી ખુશ થાય છે. તેમાં જે ખુશ થતો નથી તે વીતરાગ. ના ગમતા જોડે અભાવ નથી થતો તેનું નામ વીતરાગ. જેને કોઇપણ પ્રકારનો ડર ના હોય તે વીતરાગ. જેને આ જગતમાં કોઇપણ જાતની સ્મૃતિ ના હોય તે વીતરાગ. કોઇપણ જાતનાં ધર્મ જોડે મતભેદ ના પડે તેનું નામ વીતરાગ. નિરંતર હોમ ડિપાર્ટમેન્ટમાં (આત્મામાં) રહેવું અને ફોરેન ડિપાર્ટમેન્ટ (પુદ્ગલ)માં સંપૂર્ણ સુપર ફ્લુયસ (ઉપલક) રહે, તેને વીતરાગ કહેવાય. કસાઇ ઉપર જેને ચીઢ નથી ચઢતી અને દાનેશ્વરી ઉપર જેને રાગ નથી થતો તે વીતરાગ. કોઇપણ પ્રકારની ઇચ્છા રહિત જેની વાણી વહે છે તે વીતરાગ. પ્રકૃતિ અને પુરુષ બંને સહજ થાય એનું નામ વીતરાગ. જે કોઇના દુઃખે દુઃખી ના થાય તેને વીતરાગ કહેવાય. દુઃખના સ્થાનમાં પણ કંઇપણ દુઃખ ના લાગે તેનું નામ વીતરાગ. ના ગમતા જોડે અભાવ નથી થતો અને ગમતા જોડે ભાવ નથી થતો તેનું નામ વીતરાગ. વીતરાગ એટલે કોઇ જાતના રાગ દ્વેષ નહિ તે. ફૂલો ચઢાવે તોયે રાગ નહીં અને ગજવું કાપે તોય દ્વેષ નહીં, રક્ષણ આપનાર ઉપકારી ઉપર રાગ નહીં અને ઉપસર્ગ કરનાર પર દ્વેષ નહીં તે વીતરાગ. જે કોઇથીય ક્યારેય છેતરાય નહીં તે વીતરાગ. પોતાનું હિત ક્યારેય ના ચૂકે તેનું નામ વીતરાગ. જેને ત્યાગ કે

ગ્રહણ ઉપર રાગ નથી તે વીતરાગ. પરિગ્રહની ઇન્દ્રજાળ સૃષ્ટિમાં જાય અને છતાં અપરિગ્રહ ભાવમાં સ્થિતપ્રજ્ઞ રહે, ચળે નહીં એનું નામ વીતરાગ. સંસારની કોઇ ચીજ યાદ ના રહે તેનું નામ વીતરાગ. વીતરાગમાં કરુણા હોય. વીતરાગ શબ્દનો અર્થ જ નિષ્પક્ષપાતી. જે સંપૂર્ણ નિષ્પક્ષપાતી છે તે વીતરાગ.

પ્ર. ૧૭ વીતરાગ ક્યારે થવાશે ?

ઉ. ૧૭ ના ગમતું ચોખ્ખા મને સહી લેવાશે ત્યારે વીતરાગ થવાશે. વીતરાગ થવું હોય તો જાણી બૂઝીને છેતરાજો. જાણી જોઇને એટલે કે જ્ઞાતા - દ્રષ્ટા પદમાં રહીને છેતરાજો. ચોખ્ખું મન એટલે સામા માટે ખરાબ વિચાર ના આવે તે અને કદાચ આવે તો તરત જ પ્રતિક્રમણ કરે અને તેને ધોઇ નાંખે. બુદ્ધિના કોથળા વેચીને અબુધ થવાય તો વીતરાગ થવાશે.

પ્ર. ૧૮ વીતરાગ ધર્મ એટલે શું ?

ઉ. ૧૮ બધા જ દ્રષ્ટિ બિંદુઓને પોતે સમાવી લે એનું નામ વીતરાગ ધર્મ. વીતરાગ ધર્મ અનેકાંત કહેવાય. વીતરાગ ધર્મ કોનું નામ કે જે ૩૬૦° ડિગ્રીનો ધર્મ હોય, સંપૂર્ણ ધર્મ હોય, સાચો ધર્મ હોય, રહસ્યમય પૂર્ણ ધર્મ હોય, જે નિષ્પક્ષપાતી હોય અને આઉટ ઓફ સ્ટાન્ડ હોય. આપણી દાળમાં માટી નાંખી જાય તોય સંયમ ના જાય તેનું નામ વીતરાગ ધર્મ.

પ્ર. ૧૯ વીતરાગ ધર્મ પામ્યો કોણ કહેવાય ?

ઉ. ૧૯ જેના કષાય ગયા તે વીતરાગધર્મ પામ્યો કહેવાય.

પ્ર. ૨૦ વીતરાગતા એટલે શું ?

ઉ. ૨૦ વીતરાગતાનો અર્થ નિષ્પક્ષપાતીપણું. કોઇપણ સંજોગોમાં મોંઢા ઉપર દ્વેષ ઉત્પન્ન ના થાય તેનું નામ વીતરાગતા. જ્યાં કિંચિત્‌માત્ર દ્વેષ નથી તે વીતરાગતા. ફાઇલો જોડે સમભાવે નિકાલ એટલે વીતરાગતા. આખા જગત જોડે વારણ મૂકવું તેનું નામ વીતરાગતા. વારણનું ફળ નિવારણ અને પછી નિર્વાણ થાય. નિરંતર હોમ ડિપાર્ટમેન્ટમાં (આત્મામાં) રહેવાનું અને ફોરેન ડિપાર્ટમેન્ટમાં (વ્યવહારમાં) કમ્પલીટ સુપર ફલુયસ (ઉપલક) રહેવાનું, સાંમો ઊંધો ચોટે છતાં આપણે તો સમભાવે નિકાલ કરવાનો છે તે વીતરાગતા. વીતરાગતા એટલે નિરાકુળતા.

પ્ર. ૨૧ વીતરાગતા જોવાનું થર્મોમીટર શું ?

ઉ. ૨૧ વાણી

પ્ર. ૨૨ વીતરાગતાની જનની કોણ ?

ઉ. ૨૨ ઉદાસીનતા એ વીતરાગતાની જનની છે. ઉદાસીનતા એટલે રુચિયે નહીં અને અરુચિયે નહીં તે.

પ્ર. ૨૩ વીતરાગતા પ્રાપ્ત કરવાનો ઉપાય શું ?

ઉ. ૨૩ વીતરાગતા પ્રાપ્ત કરવા માટે જ્ઞાનીપુરુષ પાસે જવું પડશે. વીતરાગ મત જાણી લેવો જોઇએ. નિરાગ્રહી થાય ત્યારે વીતરાગતા આવે. આડાઇ ઘટે ત્યારે વીતરાગતા આવે. સંકલ્પ વિકલ્પ જાય ત્યારે વીતરાગતા આવે.

પ્ર. ૨૪ કલ્પિત વીતરાગતા કોને કહેવાય ?

ઉ. ૨૪ દરેક સંયોગોમાં એડજસ્ટ થવું તે કલ્પિત વીતરાગતા કહેવાય.

પ્ર. ૨૫ વીતરાગોનો મત શું છે ?

ઉ. ૨૫ ધ્યાન ફેરવો. દુર્ધ્યાન અર્થાત્ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થતા હોય તો પુરુષાર્થ એટલો કરો કે દુર્ધ્યાન ન થાય. જ્યાં કિંચિત્માત્ર પણ ચંચળતા નથી ત્યાં વીતરાગોનો મત છે. જે ક્યારેય ડગે નહીં અને અચળ હોય તે વીતરાગોનો મત કહેવાય.

પ્ર. ૨૬ ખટપટિયા વીતરાગ કોને કહેવાય ?

ઉ. ૨૬ ખટપટિયા વીતરાગ એટલે પારકાના હિત માટે ખટપટ કરે તે. ખટપટિયા એટલે મારી ઠોકીને જીજ્ઞાસુને સીધા કરી દે, લોકોને મારી ઠોકીને સમજણ પાડે અને સીધા કરીને પછી દવા પીવડાવી દે, મહાવીર એવી દવા ના પાય કારણ કે તે સંપૂર્ણ વીતરાગ કહેવાય.

પ્ર. ૨૭ વીતરાગોએ જગત નિર્દોષ શાં આધારે જોયું ?

ઉ. ૨૭ જીવમાત્ર બધા કર્મોને આધિન છે તેથી કોઇ જીવ કર્મ સ્વતંત્ર રીતે કરતો નથી. પરવશતાથી કર્મો કરવા પડે છે. આ બધા લોકો પોતપોતાનાં કર્મો ભોગવી રહ્યાં છે. મારાં કર્મના ઉદયથી સામેવાળો માણસ મને ગાળો દે છે તે તો નિમિત્ત છે અને તેણે તો મને એક કર્મમાંથી છોડાવ્યો માટે તે તો ઉપકારી છે. આવી કર્મની થિયરી સમજેલી જાગૃત્તિને આધારે જગત નિર્દોષ જોયું છે.

પ્ર. ૨૮ **વીતરાગો શું કહે છે ?**

ઉ. ૨૮ અમે કશું જ સ્વીકારતા નથી તું જે આપીશ તે તને રીટર્ન વીથ થેન્કસ. (આભાર સહિત પરત મળશે.) તું ચાર આના નાખીશ તો તને અનેકગણું થઈને મળશે. ફૂલ નાંખીશ તો અનેકગણા ફૂલ મળશે અને ગાળ આપીશ તો તેય તને અનેક ઘણી થઈને મળશે. એક ફેરો વીતરાગને માટે મન, વચન, કાયાની એકતાથી ખર્ચી જો. વીતરાગો કહે છે કે ''બીજા ગમે તે કરતા હોય તે તું ના કરીશ માત્ર તું તારા હિતનું કરજે. ગ્રહણ-ત્યાગ છે જ નહીં. જ્યાં કશું ગ્રહણ કરવાનું નથી ત્યાં કશું જ ત્યાગવાનું પણ નથી પ્રગટ જ્ઞાનીથી મુક્તિ છે. પ્રગટની બલિહારી જે સમજયો તેનો નિશ્ચિત મોક્ષ છે. જ્ઞાની સિવાય વીતરાગોનું હૃદય કોણ ખોલી શકત.''

પ્ર. ૨૯ **વીતરાગ ચારિત્ર એટલે શું ?**

ઉ. ૨૯ રીલેટિવને જુએ જાણે છતાંય રાગ-દ્વેષ ના થાય તે વીતરાગ ચારિત્ર.

પ્ર. ૩૦ **વીતરાગ માર્ગ કોનું નામ કહેવાય ?**

ઉ. ૩૦ જ્યાં ચંચળતાનો નાશ થઈ જાય તેને વીતરાગ માર્ગ કહેવાય. જરાય જુદાઈ ના લાગે એ વીતરાગનો માર્ગ. વીતરાગના માર્ગમાં આર્તધ્યાન, રૌદ્રધ્યાન હોય જ નહીં. જ્યાં કોઈપણ પ્રકારની નિર્બળતા છે ત્યાં વીતરાગનો માર્ગ નથી એમ નિશ્ચયથી જાણવું.

પ્ર. ૩૧ **વીતરાગ માર્ગ ઉપર કોને કહેવાય ?**

ઉ. ૩૧ વીતરાગ માર્ગ ઉપર એટલે બધામાં નોર્માલિટી ઉપર આવે. ઊંઘવામાં, ખાવામાં, પીવામાં, હરવામાં, ફરવામાં, ત્યાગમાં, તપમાં બધામાં નોર્માલિટી ઉપર આવે તે વીતરાગ માર્ગ ઉપર કહેવાય.

પ્ર. ૩૨ **વીતરાગ માર્ગમાં વિરોધી વસ્તુ શું છે ?**

ઉ. ૩૨ વીતરાગ માર્ગમાં આ વિષયનું આરાધન એ વિરોધી વસ્તુ છે.

પ્ર. ૩૩ **વીતરાગોની દૃષ્ટિ કેવી હોય ?**

ઉ. ૩૩ શું મારી પાસે છે એ જુએ. શું રહ્યું હવે મારી પાસે એક હાથ ગયો તો કહેશે કે એક તો છે ને ! બંને હાથ ગયા તો કહેશે બે પગ તો છે ને ! શું ગયું તે ના જુએ અને શું બચ્યું છે તે જ જુએ. ખોવાઈ ગયું તેને ના જુએ. નથી શું ખોવાયું અને શું બચ્યું તે જ જુએ તે વીતરાગોની દૃષ્ટિ છે.

પ્ર. ૩૪ વીતરાગ ભાવ એટલે શું ?

ઉ. ૩૪ વીતરાગ ભાવ એટલે સ્વપ્રકાશભાવ. સ્વપ્રકાશભાવ એટલે બુદ્ધિનો અભાવ. બુદ્ધિનો અભાવ થયો તો વીતરાગ ભાવ થયો, નહીં તો વીતરાગ ભાવ તો આવે જ નહીંને. ટૂંકમાં અબુધ થવાય તો વીતરાગ ભાવ પ્રગટે.

પ્ર. ૩૫ વીતરાગ કેવા હોય ?

ઉ. ૩૫ વીતરાગ તો ડાહીમાંના ગાંડા દીકરા. ક્ષત્રિયાણી તો બહુ ડાહી હોય. વીતરાગ બે કિનારાવાળા હોય.

૧. કિનારો : જરૂરિયાત હોય તેટલું જ વાપરે.

૨. કિનારો : ખા-પીને ખીલાઇ દે.

આ બંને કિનારા સરખા રાખીને ચાલજો. મોક્ષે જવું હોય તો બેઉ કિનારેથી મોક્ષ છે.

પ્ર. ૩૬ વીતરાગના શબ્દો કોને કહેવાય ?

ઉ. ૩૬ જે શબ્દોથી કેફ ઉતરે એ વીતરાગના શબ્દો કહેવાય.

પ્ર. ૩૭ વીતરાગનું વિજ્ઞાન ક્યાંથી શરૂ થાય છે ?

ઉ. ૩૭ વીતરાગનું વિજ્ઞાન સમકિતથી શરૂ થાય છે.

પ્ર. ૩૮ વીતરાગ અને જ્ઞાની વચ્ચે શું ફેર ?

ઉ. ૩૮ વીતરાગ હોય તો શરણું ના લે. જ્ઞાની એકલા જ શરણું લે. વીતરાગ અને જ્ઞાની વચ્ચે આટલો જ ફેર. અર્થાત્ જ્ઞાની એકલા જ જીવોને શરણું આપે છે. વીતરાગ કોઇ જીવને શરણું આપે નહીં.

પ્ર. ૩૯ વીતરાગતા અને ઉદાસીનતામાં શું ફેર ?

ઉ. ૩૯ ઉદાસીનતા એટલે રાગ-દ્વેષ ઉપર આંતરો નાખી દેવો તે અને વીતરાગતા એટલે તો સંપૂર્ણ રાગ-દ્વેષ જ ના હોય તે. તમામ રાગ-દ્વેષનો અભાવ એંટલે વીતરાગતા. ઉદાસીનતા એ વીતરાગની જનની છે. ઉદાસીનતામાં અંદર ઉલ્લાસ હોય પણ બહાર ઉલ્લાસ ના દેખાય જ્યારે વીતરાગતામાં અંદર અને બહાર બધે ઉલ્લાસ દેખાય.

પ્ર. ૪૦ વ્યવસ્થિત શું છે ?

ઉ. ૪૦ વ્યવસ્થિત તો તમારે મોક્ષના સ્ટેશને જતાં સુધીની ટિકિટ છે. એ ટિકિટ હોય તો જ તમારાથી આગળ મુસાફરી થાય. વ્યવસ્થિત એ સર્વ

અવસ્થામાં સંપૂર્ણ સમાધાનકારી જ્ઞાન છે. આગમો ઓગાળી નાંખે તોય તેના અર્કથી પણ આ વ્યવસ્થિત એ ઊંચી વસ્તુ છે. એ તો મહાવીર હોય તો જ બોલી શકે. વૈજ્ઞાનિક સાંયોગિક પુરાવાઓ એ જ વ્યવસ્થિત.

પ્ર. ૪૧ **વ્યવસ્થિત એટલે શું ?**

ઉ. ૪૧ સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ માત્રથી જે જે કંઇ બને છે તે વ્યવસ્થિત છે. શુદ્ધાત્મા સિવાયનો ભાગ તે પ્રકૃતિ. પ્રકૃતિ અને બહારના સંજોગો બધા ભેગા થઇને જે કાર્ય કરે તે વ્યવસ્થિત. વ્યવસ્થિત એટલે નેચર (કુદરત). જે વસ્તુની આપણે નોંધ જ ના રાખીએ એનું નામ વ્યવસ્થિત. વ્યવસ્થિત એટલે ખુલ્લી આંખે, સાવધાની પૂર્વક રોડ ઉપર ગાડી ચલાવવી અને પછી એકસીડન્ટ થાય તો વ્યવસ્થિત કહેવું. કાર્ય કર્યે જાવ અને પછી એકસીડન્ટ થાય તો વ્યવસ્થિત છે. પહેલેથી જ વ્યવસ્થિત બોલવું એ ગુન્હો છે. કેટલાક કેસમાં પહેલેથી જ વ્યવસ્થિત બોલવું કે જ્યાં આગળ આપણને ખોટો ભય લાગતો હોય તો પહેલેથી વ્યવસ્થિત કહી દેવું. વ્યવસ્થિતનો અર્થ જ એ છે કે પ્રકૃતિના કાર્યમાં અને બહારના એવિડન્સમાં ડખો નહીં કરવો તે. વ્યવસ્થિતનો અર્થ શો કે જે છે એ છે અને નથી તે નથી. જે છે તે ક્યારેય નથી થવાનું નથી અને જે નથી તે ક્યારેય છે થવાનું નથી આ સમજાઇ જાય, તો શંકા ન રહે. વ્યવસ્થિત એટલે સંપૂર્ણ ચોક્કસપણું. વ્યવસ્થિત એટલે સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ. વ્યવસ્થિત એટલે કંટ્રોલીંગ સ્ટેશન. આ જગતમાં જે કંઇ દેખાય છે તે બધું કંટ્રોલ કરે છે તે વ્યવસ્થિત નામની શક્તિ છે. પ્રકૃતિમાં ડખો ડખલ ન કરવી તેનું નામ વ્યવસ્થિત. વ્યવસ્થિત એટલે કે જે પહેલા શોધખોળ હતી તે રૂપકમાં આવે છે તે. બહારના સંજોગોમાં હાથ-પગના કાર્યોમાં મહીંથી બોલે કે હાલવા માંડો તો એમાં કશો ડખો નહીં કરવાનો એના જ્ઞાતા-દ્રષ્ટા રહેવાનું ચંદુલાલ શું કરે છે તેને જોયા કરવાનું. વ્યવસ્થિત એટલે જે છે એ જ કરેક્ટ છે પણ જોયા કરે એટલે તમે છૂટા. તન્મ્યાકાર નહીં થવાનું શુદ્ધાત્મા સિવાય પ્રકૃતિ રહી એ ગુનેગારી છે એ જે કરતી હોય તેને કરવા દેવું એમ પણ ના કહીશ અને ના કરવા દેવું એમ પણ ના કહીશ છતાં એને શાંતિ રહે એટલા માટે કહી દેવું વ્યવસ્થિત છે.

પ્ર. ૩૪ વીતરાગ ભાવ એટલે શું ?

ઉ. ૩૪ વીતરાગ ભાવ એટલે સ્વપ્રકાશભાવ. સ્વપ્રકાશભાવ એટલે બુદ્ધિનો અભાવ. બુદ્ધિનો અભાવ થયો તો વીતરાગ ભાવ થયો, નહીં તો વીતરાગ ભાવ તો આવે જ નહીંને. ટૂંકમાં અબુધ થવાય તો વીતરાગ ભાવ પ્રગટે.

પ્ર. ૩૫ વીતરાગ કેવા હોય ?

ઉ. ૩૫ વીતરાગ તો ડાહીમાંના ગાંડા દીકરા. ક્ષત્રિયાણી તો બહુ ડાહી હોય. વીતરાગ બે કિનારાવાળા હોય.

૧. કિનારો : જરૂરિયાત હોય તેટલું જ વાપરે.

૨. કિનારો : ખા-પીને ખીલાઇ દે.

આ બંને કિનારા સરખા રાખીને ચાલજો. મોક્ષે જવું હોય તો બેઉ કિનારેથી મોક્ષ છે.

પ્ર. ૩૬ વીતરાગના શબ્દો કોને કહેવાય ?

ઉ. ૩૬ જે શબ્દોથી કેફ ઉતરે એ વીતરાગના શબ્દો કહેવાય.

પ્ર. ૩૭ વીતરાગનું વિજ્ઞાન ક્યાંથી શરૂ થાય છે ?

ઉ. ૩૭ વીતરાગનું વિજ્ઞાન સમકિતથી શરૂ થાય છે.

પ્ર. ૩૮ વીતરાગ અને જ્ઞાની વચ્ચે શું ફેર ?

ઉ. ૩૮ વીતરાગ હોય તો શરણું ના લે. જ્ઞાની એકલા જ શરણું લે. વીતરાગ અને જ્ઞાની વચ્ચે આટલો જ ફેર. અર્થાત્ જ્ઞાની એકલા જ જીવોને શરણું આપે છે. વીતરાગ કોઇ જીવને શરણું આપે નહીં.

પ્ર. ૩૯ વીતરાગતા અને ઉદાસીનતામાં શું ફેર ?

ઉ. ૩૯ ઉદાસીનતા એટલે રાગ-દ્વેષ ઉપર આંતરો નાખી દેવો તે અને વીતરાગતા એટલે તો સંપૂર્ણ રાગ-દ્વેષ જ ના હોય તે. તમામ રાગ-દ્વેષનો અભાવ એંટલે વીતરાગતા. ઉદાસીનતા એ વીતરાગની જનની છે. ઉદાસીનતામાં અંદર ઉલ્લાસ હોય પણ બહાર ઉલ્લાસ ના દેખાય જ્યારે વીતરાગતામાં અંદર અને બહાર બધે ઉલ્લાસ દેખાય.

પ્ર. ૪૦ વ્યવસ્થિત શું છે ?

ઉ. ૪૦ વ્યવસ્થિત તો તમારે મોક્ષના સ્ટેશને જતાં સુધીની ટિકિટ છે. એ ટિકિટ હોય તો જ તમારાથી આગળ મુસાફરી થાય. વ્યવસ્થિત એ સર્વ

અવસ્થામાં સંપૂર્ણ સમાધાનકારી જ્ઞાન છે. આગમો ઓગાળી નાંખે તોય તેના અર્કથી પણ આ વ્યવસ્થિત એ ઊંચી વસ્તુ છે. એ તો મહાવીર હોય તો જ બોલી શકે. વૈજ્ઞાનિક સાંયોગિક પુરાવાઓ એ જ વ્યવસ્થિત.

પ્ર. ૪૧ વ્યવસ્થિત એટલે શું ?

ઉ. ૪૧ સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ માત્રથી જે જે કંઇ બને છે તે વ્યવસ્થિત છે. શુદ્ધાત્મા સિવાયનો ભાગ તે પ્રકૃતિ. પ્રકૃતિ અને બહારના સંજોગો બધા ભેગા થઇને જે કાર્ય કરે તે વ્યવસ્થિત. વ્યવસ્થિત એટલે નેચર (કુદરત). જે વસ્તુની આપણે નોંધ જ ના રાખીએ એનું નામ વ્યવસ્થિત. વ્યવસ્થિત એટલે ખુલ્લી આંખે, સાવધાની પૂર્વક રોડ ઉપર ગાડી ચલાવવી અને પછી એકસીડન્ટ થાય તો વ્યવસ્થિત કહેવું. કાર્ય કર્યે જાવ અને પછી એકસીડન્ટ થાય તો વ્યવસ્થિત છે. પહેલેથી જ વ્યવસ્થિત બોલવું એ ગુન્હો છે. કેટલાક કેસમાં પહેલેથી જ વ્યવસ્થિત બોલવું કે જયાં આગળ આપણને ખોટો ભય લાગતો હોય તો પહેલેથી વ્યવસ્થિત કહી દેવું. વ્યવસ્થિતનો અર્થ જ એ છે કે પ્રકૃતિના કાર્યમાં અને બહારના એવિડન્સમાં ડખો નહીં કરવો તે. વ્યવસ્થિતનો અર્થ શો કે જે છે એ છે અને નથી તે નથી. જે છે તે ક્યારેય નથી થવાનું નથી અને જે નથી તે ક્યારેય છે થવાનું નથી આ સમજાઇ જાય, તો શંકા ન રહે. વ્યવસ્થિત એટલે સંપૂર્ણ ચોક્કસપણું. વ્યવસ્થિત એટલે સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ. વ્યવસ્થિત એટલે કંટ્રોલીંગ સ્ટેશન. આ જગતમાં જે કંઇ દેખાય છે તે બધું કંટ્રોલ કરે છે તે વ્યવસ્થિત નામની શક્તિ છે. પ્રકૃતિમાં ડખો ડખલ ન કરવી તેનું નામ વ્યવસ્થિત. વ્યવસ્થિત એટલે કે જે પહેલા શોધખોળ હતી તે રૂપકમાં આવે છે તે. બહારના સંજોગોમાં હાથ-પગના કાર્યોમાં મહીંથી બોલે કે હાલવા માંડો તો એમાં કશો ડખો નહીં કરવાનો એના જ્ઞાતા-દ્રષ્ટા રહેવાનું ચંદુલાલ શું કરે છે તેને જોયા કરવાનું. વ્યવસ્થિત એટલે જે છે એ જ કરેક્ટ છે પણ જોયા કરે એટલે તમે છૂટા. તન્મ્યાકાર નહીં થવાનું શુદ્ધાત્મા સિવાય પ્રકૃતિ રહી એ ગુનેગારી છે એ જે કરતી હોય તેને કરવા દેવું એમ પણ ના કહીશ અને ના કરવા દેવું એમ પણ ના કહીશ છતાં એને શાંતિ રહે એટલા માટે કહી દેવું વ્યવસ્થિત છે.

પ્ર. ૪૨ વ્યવસ્થિત ઉપર ફોડ પાડો ?

ઉ. ૪૨ વ્યવસ્થિતમાં બે કોઝ હોય. એક અસામાન્ય કોઝ અને બીજું સામાન્ય કોઝ એમ બેઉ કોઝ હોય. પહેલું અસામાન્ય કોઝ હોય તો સામાન્ય કોઝ ભેગું થાય. દહીં હોય તો વલોવનાર મળી આવે. દહીંએ અસામાન્ય કોઝ છે અને વલોવનાર સામાન્ય કોઝ છે. જાન કોની ! વરની જાન. વર નાસી જાય તો તમને કોઇ જમાડે પણ નહીં એટલે વર એ અસામાન્ય કોઝ કહેવાય.

પ્ર. ૪૩ સર્જકશક્તિ એ શું છે ?

ઉ. ૪૩ સર્જકશક્તિ એટલે શું કહેવા માંગીએ છીએ કે સૂર્યોદય ક્યારે થાય કે સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ઊભા થાય ત્યારે થાય. સૂર્યનારાયણને ઉતાવળ હોય તોય એમનાથી અવાય નહીં. એમનો સૂર્યોદય ક્યારે થાય જયારે બધા એવિડન્સ ભેગા થાય ત્યારે. ઉદયકર્મ છે તે સર્જકશક્તિને આધિન છે. સર્જકશક્તિને જ્ઞાની પુરુષ ચાર્જ કહે છે, એને પુરુષાર્થ નથી કહેતા.

પ્ર. ૪૪ વ્યવસ્થિત એ આપની કેટલા જન્મોની શોધખોળ છે ?

ઉ. ૪૪ વ્યવસ્થિત એ અમારી ત્રીસ જન્મોની શોધખોળ છે.

પ્ર. ૪૫ દાદાશ્રીને વ્યવસ્થિત જોડે શું વાત થયેલી ?

ઉ. ૪૫ વ્યવસ્થિત અમને કહે કે પાંચ છ અવતાર ચક્રવર્તીનું પદ ભોગવો પછી નિરાંતે મોક્ષે જજો. તોય અમે કહીએ ના બા, આ ડખો અમારે ના જોઇએ. અમે તો એકલા પડી રહેવાના, બે ભવ બહુ થઇ ગયા. આ રાજ ચલાવવાનું ને લઢવાનું તો થાય પણ આ તેરસો રાણીઓ (રીંગણા) એને શું કરીએ, એમાં શું સ્વાદ, કયું કેવું નીકળે તે શી રીતે કહેવાય ? આ માલ તો મૂળથી જ એવો એટલે કશું જ ઇચ્છવાં (વાંછવા) જેવું નથી. ચક્રવર્તી પદ પણ નહીં એમાં એકાદ રીંગણું ચરકું નીકળે તો ! મહીં ગલ જ નહીં ને નર્યા બિયાં તો શું થાય ? અને તેથી જ ભરત રાજા કંટાળી ગયા હતા. તેથી બાપાને કહેતા કે રાણીવાસમાં જઉં છું ને પચ્ચીસ પચાસ રાણીઓ બહાર નીકળે તેમાંથી પાંચનું દિવેલ પીધા જેવું, પાંચનું ઊતરી ગયેલી કઢી જેવું અને પાંચનું હસતું જોઉં છું તે મારુંય મોં દિવેલ પીધા જેવું થઇ જાય છે તે હસતી રાણીઓ કહે કે આ રાજાજીને શું થયું ? અલ્યા આ તો પેલી દિવેલ પીધેલા જેવી મોંઢાવાળી રાણીઓની એમના મોં ઉપર છાયા પડી.

પ્ર. ૪૬ વ્યવસ્થિતને ક્યારે વાપરવું ?

ઉ. ૪૬ જ્યારે સંકલ્પ-વિકલ્પ ઊભા થાય ત્યારે જ વાપરવું. અવસ્થા ઉત્પન્ન થાય છે ત્યારે જે બીજા વાક્યો આપ્યા છે તેનો ઉપયોગ કરવો તેમાં વ્યવસ્થિતનો ઉપયોગ ન કરવો. એક કલાકમાં અસંખ્યાત અવસ્થાઓ ઉત્પન્ન થાય છે. ''અવસ્થા માત્ર કુદરતી રચના છે, જેનો કોઇ બાપોય રચનાર નથી અને તે વ્યવસ્થિત જ છે.'' ''સ્થૂલ સંયોગો, સૂક્ષ્મ સંયોગો, વાણીના સંયોગો પર છે અને પરાધિન છે.'' આ વાક્યો બોલવાં.

પ્ર. ૪૭ વ્યવસ્થિત શબ્દ બોલવાનો કોને અધિકાર છે ?

ઉ. ૪૭ સૌ પ્રથમ તો જેને જ્ઞાન મળ્યું છે અર્થાત્ આત્મજ્ઞાન પ્રાપ્ત થયું છે તેને જ વ્યવસ્થિત શબ્દ બોલવાનો અધિકાર છે. પ્રકૃતિનાં ગુણોમાં કંઇપણ ડખલ ન કરે તેને વ્યવસ્થિત બોલવાનો અધિકાર છે. પ્રયત્ન કર્યા પછી અવળું થાય તો વ્યવસ્થિત કહી દેવું. વ્યવસ્થિત શબ્દ બહુ ઊંચો છે પણ લોકોને વાપરતા નથી આવડતું. વ્યવસ્થિત શબ્દ સમજવો જોઇએ, એ લક્ષમાં રાખવાની વસ્તુ છે, ગમે ત્યારે બોલવાની વસ્તુ નથી.

પ્ર. ૪૮ વ્યવસ્થિત કોના માટે છે ?

ઉ. ૪૮ જેણે મન, વચન, કાયાની અવસ્થાઓમાંથી છૂટવાનો નિશ્ચય કર્યો છે તેને માટે અને અવસ્થાઓમાં તન્મયાકાર નથી થવું તેને માટે વ્યવસ્થિત છે.

પ્ર. ૪૯ વ્યવસ્થિત કોને સમજાય ?

ઉ. ૪૯ જેનાં તમામ પ્રકારનાં દ્વન્દ્વો જાય તેને વ્યવસ્થિતનું જ્ઞાન કમ્પલીટ સમજાય. જેણે મન, વચન, કાયાની અવસ્થા છોડવાનો નિર્ણય કર્યો છે તેને વ્યવસ્થિત સમજાય.

પ્ર. ૫૦ વ્યવસ્થિત છે એમ શબ્દ બોલવાથી શું લાભ ?

ઉ. ૫૦ આ એક જ શબ્દ બોલવાથી બધા પ્રકારના ભોં (ભય) મટી જાય છે. વ્યવસ્થિત છે એમ બોલવાથી સંકલ્પ વિકલ્પ થતાં નથી અને જ્ઞાન ફ્રેકચર નથી થતું એ મોટામાં મોટો લાભ છે.

પ્ર. ૫૧ નિયતી અને વ્યવસ્થિતમાં ફેર શું ?

ઉ. ૫૧ નિયતી અને વ્યવસ્થિતમાં બહુ ફેર છે. નિયતી શું કહે છે કે બંધ આંખે ગાડી ચલાવો અને એકસીડન્ટ થાય તો કોઇનોય દોષ જોઇશ નહીં. જ્યારે વ્યવસ્થિત શું કહે છે કે આંખો ખુલ્લી રાખીને અને સાવધાનીપૂર્વક ગાડી

ચલાવો અને પછી એકસીડન્ટ થાય ત્યારે વ્યવસ્થિત બોલવું અને કોઇનોય દોષ જોઇશ નહીં. નિયતી છે એમ માનનારોએ માર ખાધો છે અને નિયતી નથી એમ માનનારોએ પણ માર ખાધો છે જ્યારે વ્યવસ્થિત સમજનારાઓ બધી જંજાળમાંથી છૂટી ગયા છે. વ્યવસ્થિત સમજનારને નિરાકુળતા રહે છે.

પ્ર. ૫૨ શબ્દ કોને કહે છે ?

ઉ. ૫૨ ભાષાવર્ગણાના સ્કંધોના સંયોગ-વિયોગના કારણે જે ધ્વનિરૂપ પરિણમન થાય તેને શબ્દ કહે છે. શબ્દ એ પુદ્ગલનો પર્યાય છે. બે પરમાણુંઓ અથડાય એટલે અવાજ ઉત્પન્ન થાય. આ બધું મિકેનિકલ છે.

પ્ર. ૫૩ શબ્દ નિત્ય છે કે અનિત્ય છે ?

ઉ. ૫૩ શબ્દ અનિત્ય છે એ સાચી વાત છે. શબ્દ તો વિનાશી છે માટે શબ્દ અનિત્ય કહેવાય. આ શબ્દ સ્વાભાવિક નથી. શબ્દ તો વસ્તુમાં અથડામણ થાય તો જ ઉત્પન્ન થાય છે. શબ્દ તો સંયોગ છે, બે ત્રણ વસ્તુના સંયોગથી થાય છે માટે એ સ્વાભાવિક વસ્તુ નથી.

પ્ર. ૫૪ શબ્દના કેટલા પ્રકાર છે ?

ઉ. ૫૪ શબ્દના બે પ્રકાર છે.

૧. ભાષાત્મક, ૨. અક્ષરાત્મક

પ્ર. ૫૫ ભાષાત્મક શબ્દ કોને કહે છે તેના કેટલા પ્રકાર છે ?

ઉ. ૫૫ ત્રસ જીવોના યોગના કારણે થવાવાળા ધ્વનિને ભાષાત્મક શબ્દ કહે છે. તેના બે પ્રકાર છે.

૧. અક્ષરાત્મક ભાષા ૨. અનક્ષરાત્મક

પ્ર. ૫૬ અક્ષરાત્મક ભાષા કેટલા પ્રકારની છે ?

ઉ. ૫૬ કોઇપણ ભાષા હોય પરંતુ તે જીવથી બોલાતી નથી. ભાષા એ પુદ્ગલોનો વ્યંજન પર્યાય છે. ભાષા પુદ્ગલ દ્રવ્યના કારણથી ઉત્પન્ન થાય છે પણ જીવના કારણથી નથી. પુદ્ગલ દ્રવ્ય જગતનું તત્ત્વ છે. તેમાં ભાષા વર્ગણામાંથી શબ્દ થવાને યોગ્ય પરમાણું શબ્દરૂપ પરિણમે છે. જીવની ઇચ્છાથી ભાષા થતી નથી. સંસ્કૃત, પ્રાકૃત, માગધી, પાલી, આસામી, ઉડિયા, ઉર્દૂ, કન્નડ, કાશ્મીરી, ગુજરાતી, તામિલ, તેલુગુ, પંજાબી, મરાઠી, મલયાલમ, બંગલા, સિંધી, હિંદી, અંગ્રેજી, અરબી, જર્મન, ફ્રેંચ, સ્પેનિશ,

મેન્ડેરિન (ચીની) વગેરે અનેક પ્રકારની અક્ષરાત્મક ભાષા હોય છે. તે આર્ય, દ્રાવિડ, મલેચ્છ, દક્ષિણી, વગેરે મનુષ્યોને હોય છે આ ભાષાથી વ્યવહારની પ્રવૃતિ થાય છે.

પ્ર. ૫૭ અનક્ષરાત્મક ભાષા એટલે શું ?

ઉ. ૫૭ બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય તથા તીર્યંચોને અનક્ષરાત્મક ભાષા હોય છે. મચ્છરનો અથવા માખીનો બણબણાટ તે પુદ્ગલનો અવાજ છે. મચ્છરનો જીવ છે તેથી તે અવાજ નીકળે છે કે બોલે છે તેમ નથી. ભગવાનની ૐ ધ્વનિ અનક્ષરાત્મક છે. સર્વજ્ઞ દેવની દિવ્ય ધ્વનિ પણ અનક્ષરાત્મક ભાષા કહેવાય છે, તે પણ પુદ્ગલની અવસ્થા છે. તીર્થંકરનો આત્મા તેનો કર્તા હર્તા નથી.

પ્ર. ૫૮ આ ભાષાત્મક શબ્દો તો જીવોના શબ્દો છે છતાં તેમને પુદ્ગલ દ્રવ્યનાં પર્યાયો કેમ કહેવામાં આવે છે ?

ઉ. ૫૮ જો કે ભાષાત્મક શબ્દની ઉત્પત્તિ જીવના સંયોગથી છે તો પણ જીવે પૂર્વે શબ્દાદિ પંચેન્દ્રિય વિષયોના રાગવશ સુસ્વર કે દુઃસ્વર પ્રકૃતિનો બંધ કરેલો તેના ઉદયનાં નિમિત્તથી શબ્દોની ઉત્પતિ છે. છતાં પણ નિશ્ચયથી ભાષા વર્ગણાત્મક પુદ્ગલ સ્કંધોનું જ પરિણમન છે તે કારણથી ભાષાત્મક શબ્દોને પુદ્ગલ દ્રવ્યોની પર્યાય કહેવામાં આવે છે.

પ્ર. ૫૯ આ શબ્દોની વર્તમાન પર્યાયના સમયે જીવ કઇ રીતે નિમિત્ત થાય છે ?

ઉ. ૫૯ જીવને ઇચ્છા થાય છે કે હું આ પ્રકારે બોલું. ઇચ્છાના નિમિત્તથી આત્માના પ્રદેશોનો યોગ થાય છે. તે યોગના નિમિત્તથી એક ક્ષેત્રાવગાહસ્થિન નામનો શરીરમાં જે વાયુ ચાલે છે તે વાયુ ચાલવાના નિમિત્તથી હોઠ, જીભ, કંઠ અને તાળવું વગેરેનું તે અનુરૂપ હલનચલન થાય છે, તે નિમિત્તથી ભાષાવર્ગણાનું શબ્દરૂપ પરિણમન થાય છે.

પ્ર. ૬૦ દિવ્ય ધ્વનિના શબ્દમાં આત્મા કેવી રીતે નિમિત્ત થાય છે ?

ઉ. ૬૦ પૂર્વકાળમાં સમ્યક્દૃષ્ટિ આત્માને જગતના જીવોની પરમકરૂણા રૂપ ભાવ થયો કે ''જીવમાત્રનો મોહ કઇ રીતે છૂટે અને સુમાર્ગમાં તેઓ લાગી જાય અને તેમનો છૂટકારો થાય વગેરે'' આ પ્રકારની ભાવનાથી જે વિશિષ્ટ પુણ્યપ્રકૃતિ અને સુસ્વર પ્રકૃતિ નો બંધ કર્યો તેના ઉદયનું નિમિત્ત પામીને, ભવ્ય જીવોનો પુણ્યોદય હોતા, યોગના નિમિત્તથી અર્હત પરમેષ્ટીના સર્વ અંગોથી ભાષાવર્ગણાઓનું અનક્ષરાત્મક ભાષારૂપ પરિણમન થાય છે.

પ્ર. ૬૧ અભાષાત્મક શબ્દ કેટલા પ્રકારના છે ?

ઉ. ૬૧ અભાષાત્મક શબ્દ બે પ્રકારના છે.
૧. પ્રાયોગિક, ૨. વૈસ્ત્રસિક

પ્ર. ૬૨ પ્રાયોગિક શબ્દ કોને કહે છે ? તેના કેટલા પ્રકાર છે ?

ઉ. ૬૨ યથાયોગ્ય બે પૌદ્ગલિક-સ્કંધોનો પ્રયોગ અથવા સબંધ થવાથી જે શબ્દ ઉત્પન્ન થાય તેને પ્રાયોગિક શબ્દ કહે છે. તેના મુખ્ય ચાર પ્રકાર છે.
૧. તત, ૨. વિતત, ૩. ધન, ૪. સુષિર.

પ્ર. ૬૩ તત શબ્દ કોને કહે છે ?

ઉ. ૬૩ વીણા, સિતાર, ગિટાર, આદિથી ઉત્પન્ન થવાવાળા શબ્દોને તત શબ્દ કહે છે ?

પ્ર. ૬૪ વિતત શબ્દ કોને કહે છે ?

ઉ. ૬૪ ઢોલ, નગારાં વગેરેના ચામડાંથી ઉત્પન્ન થવાવાળા શબ્દોને વિતત કહે છે.

પ્ર. ૬૫ ધન શબ્દ કોને કહે છે ?

ઉ. ૬૫ મંજીરા કે કાંસાના ઘંટ વગેરેના પ્રયોગથી ઉત્પન્ન થવાવાળા શબ્દને ધન કહે છે.

પ્ર. ૬૬ સુષિર શબ્દ કોને કહે છે ?

ઉ. ૬૬ વાંસળી, પિપૂડી, સિસોટી, શંખ વગેરેને ફૂંકવાથી ઉત્પન્ન થવાવાળા શબ્દને સુષિર કહે છે.

પ્ર. ૬૭ વૈસ્ત્રસિક શબ્દ કોને કહે છે ?

ઉ. ૬૭ વિસ્ત્રસા અથવા સ્વભાવથી અર્થાત્ બીજા કોઇના પ્રયોગ વિના જે શબ્દો થાય છે તેમને વૈસ્ત્રસિક શબ્દ કહે છે. જેમ કે મેઘ ગર્જનાનો અવાજ વગેરે, તેનો કર્તા ઇશ્વર નથી, પણ તે પુદ્ગલ દ્રવ્યની અવસ્થા છે.

પ્ર. ૬૮ કયા અક્ષરોમાં સવિશેષ વિદ્યુતવાહક ક્ષેત્ર બનાવવાની શક્તિ છે ?

ઉ. ૬૮ ૐ તથા પાંચ અનુસ્વાર અને ય, ર, લ, વ, સ, શ, ષ, હ એ અક્ષરો વિદ્યુતવાહક ક્ષેત્ર બનાવવાની શક્તિ ધરાવે છે.

પ્ર. ૬૯ શબ્દોના મૂળ રૂપ અપભ્રષ્ટ (અપ્રભ્રંશ) થવાના મુખ્ય કારણો કયા?

ઉ. ૬૯ શબ્દોના મૂળ રૂપ અપ્રભ્રંશ થવાના મુખ્ય છ કારણો નીચે મુજબ છે.
૧. સ્પષ્ટ ઉચ્ચારની ખામી.

૨. વ્યાકરણ શાસ્ત્રની મર્યાદા કે મહત્તાનો ભંગ.

૩. ઘણો અહંકાર

૪. અક્ષરને ભૂંસવા કે અસ્પષ્ટ રીતે સુધારવા.

૫. બોલનાર, લખનાર કે વાંચનારનો ખોટો ખ્યાલ.

૬. જેવું લખ્યું હોય તેવું વાંચવું કે જેવું સાંભળ્યું હોય તેવું બોલવું.

પ્ર. ૭૦ મૂળાક્ષરોનું વર્ગીકરણ જણાવો ?

ઉ. ૭૦ **સ્વર** અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, ઌ, ૡ, એ, ઐ, ઓ, ઔ

વ્યજન અઘોષ ક, ચ, ટ, ત, પ, ખ, છ, ઠ, થ, ફ

ઘોષ ગ, જ, ડ, દ, બ, ધ, ઢ, ઝ, ઘ, ભ

કંઠય ક, ખ, ગ, ઘ, ઙ

તાલવ્ય ચ, છ, જ, ઝ, ઞ (જ્ઞ)

મૂર્ધન્ય ટ, ઠ, ડ, ઢ, ણ

દંત્ય ત, થ, દ, ધ, ન

ઓષ્ઠય પ, ફ, બ, ભ, મ

અનુનાસિક ઙ, ઞ, ણ, ન, મ

અર્ધ સ્વર ય, ર, લ, વ

ઉષ્માક્ષર શ, ષ, સ, ળ

મહાપ્રાણ હ

પ્ર. ૭૧ વાણીના ઉચ્ચાર સ્થાન કયા કહેવાય ?

ઉ. ૭૧ કંઠ, તાળવું અને હોઠ એ ત્રણ ઉચ્ચાર સ્થાન ગણાય .છે.

પ્ર. ૭૨ વ્યાકરણનાં અવ્યયનાં ચાર પ્રકાર કયા કયા ?

ઉ. ૭૨ ૧. **ક્રિયા વિશેષણ** : જલદી, અચાનક વગેરે

૨. **નામયોગી** : ઉપર, અંદર, બહાર વગેરે

૩. **ઉભયાન્વયી** : અથવા અને વગેરે

૪. **કેવળ પ્રયોગી** : અહો, અરેરે વગેરે

પ્ર. ૭૩ ભાષામાં મુખ્ય આઠ ભાવ કયા કયા ?

ઉ. ૭૩ રતિ, હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા (કંટાળો) અને વિસ્મય (આશ્ચર્ય) આ આઠ ભાવ હોય છે.

પ્ર. ૭૪ ભાષા આત્મરૂપ (જીવરૂપ) છે કે પુદ્ગલ રૂપ છે ?

ઉ. ૭૪ ભાષા આત્મરૂપ નથી પરંતુ પુદ્ગલરૂપ છે.

પ્ર. ૭૫ ભાષા રૂપી છે કે અરૂપી છે ?

ઉ. ૭૫ ભાષા પુદ્ગલરૂપ હોવાથી રૂપી છે.

પ્ર. ૭૬ ભાષા સજીવ છે કે અજીવ છે ?

ઉ. ૭૬ ભાષા અજીવ છે.

પ્ર. ૭૭ ભાષા જીવોને હોય છે કે અજીવોને પણ હોય છે ?

ઉ. ૭૭ ભાષા જીવોને હોય છે, અજીવોને હોતી નથી.

પ્ર. ૭૮ બોલતા પહેલાં ભાષા કહેવાય છે કે બોલતી વખતે ભાષા કહેવાય છે કે બોલ્યા પછી ભાષા કહેવાય છે ?

ઉ. ૭૮ બોલવાની પહેલા ભાષા કહેવાતી નથી, બોલ્યા બાદ પણ ભાષા કહેવાતી નથી પરંતુ બોલતા સમયે ભાષા કહેવાય છે.

પ્ર. ૭૯ ભાષા કેટલા પ્રકારની છે?

ઉ. ૭૯ ભાષા ચાર પ્રકારની છે. ૧. સત્યભાષા, ૨. અસત્ય ભાષા, ૩. સત્યમૃષા ભાષા (મિશ્ર ભાષા) ૪. અસત્ય મૃષાભાષા (સત્યપણ નહિ, અસત્ય પણ નહિ - વ્યવહાર ભાષા)

પ્ર. ૮૦ આગમના મતે ભાષા કેટલા પ્રકારની છે ?

ઉ. ૮૦ ભગવતી સૂત્રના શતક ૧૦ ના ઉદ્દેશા ૩ ના અધિકારમાં ભાષા બાર પ્રકારની વર્ણવેલ છે.

૧. સંબોધન કરવા પૂર્વક બોલાતી ''આમંત્રણી''

૨. આજ્ઞાપૂર્વક બોલાતી ''આજ્ઞાપની''

૩. યાચના કરવારૂપ ''યાચની''

૪. પ્રશ્ન કરવારૂપ ''પ્રચ્છણી''

૫. ઉપદેશ આપવારૂપ ''પ્રજ્ઞાપની''

૬. નિષેધ કરવારૂપ ''પ્રત્યાખ્યાની''

૭. ઇચ્છાને અનુકૂળ એવી ''ઇચ્છાનુલોમા''

૮. અર્થનાં નિશ્ચય સિવાય બોલાતી ''અનભિગૃહિત''

૯. અર્થનાં નિશ્ચયપૂર્વક બોલાતી ''અભિગૃહિત''

૧૦. અર્થનો સંશય કરાવનારી ''સંશયકરણી''

૧૧. લોકપ્રસિદ્ધ શબ્દાર્થવાળી ''વ્યાકૃતા''

૧૨. ગંભીર શબ્દાર્થવાળી ''અવ્યાકૃતા''

પ્ર. ૮૧ ''અમે આશ્રય કરીશું,'' ''ઉભા રહીશું,'' ''બેસીશું,'' ''આળોટીશું'' ઈત્યાદિ ભાષા કયા પ્રકારની કહેવાય ?

ઉ. ૮૧ તે ભાષા પ્રજ્ઞાપની કહેવાય પણ મૃષા ન કહેવાય.

પ્ર. ૮૨ ભાષામાં મુખ્ય નવ રસ કયા કયા ?

ઉ. ૮૨ શૃગાર, વીર, કરુણ, હાસ્ય, રૌદ્ર, ભયાનક, બીભત્સ, અદ્‌ભૂત અને શાંત આ નવ રસ છે.

પ્ર. ૮૩ ભાષાનાં મુખ્ય અલંકારો કેટલા ?

ઉ. ૮૩ ભાષાનાં મુખ્ય ચુમ્માલીસ (૪૪) અલંકારો છે.

૧. અનુપ્રાસ ૨. યમક ૩. દિપક ૪. રૂપક ૫. ઉપમા ૬. અર્થાતરન્યાસ ૭. આક્ષેપ ૮. વ્યતિરેક ૯. વિભાવના ૧૦. સમાસોક્તિ ૧૧. અતિશયોક્તિ ૧૨. યથાસંખ્ય ૧૩. ઉત્પ્રેક્ષા ૧૪. વાર્તા ૧૫. પ્રેયસ ૧૬. રસવત ૧૭. ઉર્જસ્વિન ૧૮. પર્યાયોક્તિ ૧૯. સમાહિત ૨૦. ઉદાર ૨૧. શ્લેષ ૨૨. અપહ્નુતિ ૨૩. વિશેષોક્તિ ૨૪. વ્યાજસ્તુતિ ૨૫. ઉપમારૂપક ૨૬. તુલ્યયોગિતા ૨૭. નિર્દશન ૨૮. વિરોધ ૨૯. ઉપમેયોપમા ૩૦. સહોક્તિ ૩૧. પરિવૃતિ ૩૨. અસંદેહ ૩૩. અનન્વય ૩૪. ઉત્પ્રેક્ષાવયમ ૩૫. સંસૃષ્ટિ (સંકીર્ણ) ૩૬. આશિષ ૩૭. હેતુ ૩૮. નિપુણ ૩૯. સ્વાભાવોક્તિ ૪૦. અપ્રસ્તુત પ્રશંસા ૪૧. સૂક્ષ્મ ૪૨. લેશ ૪૩. વક્રોક્તિ ૪૪. સંકર

પ્ર. ૮૪ દુનિયામાં કુલ કેટલી ભાષાઓ છે તેમાની મુખ્ય ભાષાઓ કઈ કઈ ? બોલનાર વસ્તી તથા ક્યાં બોલાય છે તે જણાવો ?

ઉ. ૮૪ દુનિયામાં ભાષાશાસ્ત્રીઓએ વિશ્વની આશરે ૨૮૦૦ જેટલી ભાષાઓને નાના મોટા કૂળોમાં વર્ગીકૃત કરી છે. તેમાંની મુખ્ય વીસ જેટલી ભાષાઓનું કોષ્ટક નીચે મુજબ છે.

	ભાષાનું નામ	બોલનાર વસ્તી	મુખ્ય દેશ
૧.	મેન્ડેરિન (ચીની)	૫૬ કરોડ	ચીન
૨.	અંગ્રેજી	૩૧ કરોડ	બ્રિટન, કેનેડા, યુ. સ્ટે, ઓસ્ટ્રેલિયા

	ભાષાનું નામ	બોલનાર વસ્તી	મુખ્ય દેશ
૩.	રશિયન	૨૦ કરોડ	રશિયા
૪.	હિંદી	૧૭ કરોડ	ઉ.ભારત, મધ્ય ભારત
૫.	સ્પેનીશ	૧૭ કરોડ	સ્પેન, ચીલી, આર્જેન્ટિના
૬.	જર્મન	૧૩ કરોડ	જર્મની
૭.	જાપાની	૧૦ કરોડ	જાપાન
૮.	બંગાળી	૧૦ કરોડ	પૂ. ભારત, બાંગ્લાદેશ
૯.	અરબી	૯ કરોડ	અરબસ્તાન, ઇજિપ્ત,
૧૦.	ફિરંગી	૯ કરોડ	પોર્ટુગલ, બ્રાઝિલ
૧૧.	ઇન્ડોનેશિયાઇ	૮ કરોડ	ઇન્ડોનેશિયા
૧૨.	ફ્રેન્ચ	૮ કરોડ	ફ્રાન્સ, ઉ. આફ્રિકા
૧૩.	ઇટાલિયન	૭ કરોડ	ઇટાલી
૧૪.	કેન્ટોની (ચીની)	૬ કરોડ	દક્ષિણ ચીન, અગ્નિ એશિયા
૧૫.	જાવાઇ	૬ કરોડ	ઇન્ડોનેશિયા
૧૬.	તેલુગુ	૫ કરોડ	આંધ્રપ્રદેશ
૧૭.	યુક્રેની	૪ કરોડ	યુક્રેન
૧૮.	વુ (ચીની)	૪ કરોડ	ચીન
૧૯.	તામિલ	૪ કરોડ	તામિલનાડુ
૨૦.	ઉર્દૂ	૪ કરોડ	ભારત, પાકિસ્તાન

પ્ર. ૮૫ ભારતમાં કુલ કેટલી ભાષાઓ છે ? કેટલી બોલીઓ બોલાય છે છતાં બંધારણે માન્ય કરેલી ભાષાઓ કેટલી ?

ઉ. ૮૫ ભારતમાં કુલ ૮૨૬ ભાષાઓ છે અને ૧૬૫૨ બોલીઓ છે. આમ છતાં ભારતનાં બંધારણમાં માત્ર પંદર ભાષાઓને રાષ્ટ્રીય ભાષા તરીકેનું સ્થાન મળ્યું છે જેવી કે આસામી, ઉડિયા, ઉર્દૂ, કન્નડ, કાશ્મીરી, ગુજરાતી, તામિલ, તેલુગુ, પંજાબી, મરાઠી, મલયાલમ, બંગલા, સંસ્કૃત, સિંધી અને હિંદી.

પ્ર. ૮૬ જ્ઞાની પુરૂષે મોક્ષે જવા માટે કઇ ભાષાને પ્રાધાન્ય આપ્યું છે ?

ઉ. ૮૬ જ્ઞાની પુરૂષ શ્રી દાદા ભગવાને કહ્યું છે કે ''મોક્ષે જવું હશે તો ગુજરાતી ભાષા શીખવી પડશે.'' વસ્તીની દૃષ્ટિએ જોઇએ તો ભારત દેશમાં લગભગ ત્રણ કરોડ લોકો ગુજરાતી ભાષા બોલે છે.

પ્ર. ૮૭ દુનિયાની બધી ભાષાઓ શેમાંથી ઉત્પન્ન થયેલી છે?

ઉ. ૮૭ દુનિયાની બધી ભાષાઓ મૂળ સંસ્કૃત ભાષામાંથી ઉત્પન્ન થયેલી છે.

પ્ર. ૮૮ આ સ્વર અને શબ્દની માતા કોણ ?

ઉ. ૮૮ ભાવ

પ્ર. ૮૯ વાણી એ કોઝ છે કે ઇફેક્ટ છે ?

ઉ. ૮૯ ઇફેક્ટ છે માટે બદલી ના શકાય એટલે કહીએ છીએ કે વાણી પર છે અને પરાધિન છે.

પ્ર. ૯૦ દરેક ભાષાની શું ખાસિયત હોય છે ?

ઉ. ૯૦ હંમેશા દરેક ભાષાના પોતાના પરમાણું હોય છે જેમ કે અંગ્રેજોની ભાષા અંગ્રેજી હતી. તેઓ હિંદુસ્તાનમાં તેમની અંગ્રેજી ભાષા લાવ્યા એટલે તેમના જે ગુણો હતા, સાહજિક ગુણો, ટાઇમ-એકઝેકટ જોઇએ, શિસ્ત વગેરે ગુણો ભાષાની સાથે નવેસરથી હિન્દુસ્તાનમાં ચાલુ થઇ ગયા.

પ્ર. ૯૧ વાણી અને ભાષામાં તફાવત શું ?

ઉ. ૯૧ જેટલું ભસવામાં આવે છે એ ભાષા કહેવાય અને મનુષ્યોને વાણી હોય છે. બીજા જીવોને વાણી નથી હોતી ભાષા હોય છે. ભાષા બધાંની પણ વાણી મનુષ્યોની એકલાની હોય. જાનવરોને વાણી ના હોય બાકી ભાષા તો સહુ સહુની ભાષા હોય. ગાયની ભાષા, પોપટની ભાષા, એટલે ભાષા સામાન્ય હોય અને વાણી મનુષ્યે મનુષ્યે જુદી જુદી હોય. વાણી એ પોતાની વસ્તુ છે. વાણી શું છે એ પ્રોજેક્ટ કરે છે એ ભાષા કહેવાય.

પ્ર. ૯૨ દિવ્ય ધ્વનિ એટલે શું ?

ઉ. ૯૨ દિવ્ય ધ્વનિ એટલે માલિકી વગરની વાણી અને એ જ દેશના કહેવાય. એવો મધુર ધ્વનિ કે એનાથી કોઇ ચીજ મધુર ના હોય. આ મધુર ધ્વનિ એ જ દિવ્ય ધ્વનિ કહો કે દેશના કહો પણ તીર્થંકરની દેશના એટલે દેશના અને તેય અર્ધ માગધી ભાષામાં હોય છે.

પ્ર. ૯૩ વાણીને સ્વાભાવિક ના કહેવાય ?

ઉ. ૯૩ વાણીને સ્વાભાવિક ના કહેવાય. સ્વાભાવિક એટલે પોતાના (સ્વના) ગુણધર્મમાં આવે તે. આત્માના ગુણધર્મમાં વાણી છે જ નહીં. આત્મામાં અવાજ નામનો ગુણ જ નથી. આત્મામાંથી વાણી નીકળતી જ નથી.

આત્મા અક્રિય છે, અવાજ વગરનો છે. વાણી એ આત્માનો ગુણ નથી, આત્માની અવસ્થાયે નથી તેમજ આત્માનો સ્વભાવેય નથી. જોવું અને જાણવું એ જ આત્માનો સ્વભાવ છે માટે વાણીને સ્વાભાવિક ના કહેવાય.

પ્ર. ૯૪ બધા કહે છે કે અંદરનો અવાજ એ શું છે ?

ઉ. ૯૪ એ ઉદયકર્મ બોલે છે. એ પ્રેરણા કરનારું ઉદયકર્મ અને એ જે બધો અવાજ ગયા જન્મે બંધાઇ ગયેલો છે એ અહીં અત્યારે રૂપકમાં આવે છે. મહીં અંદર પ્રકૃતિની પ્રેરણા સિવાય બીજી એકવાત છે, ''હૈયાસૂઝ'' એ સાચી વસ્તુ છે. અવાજ એ ભૌતિક વસ્તુ છે, અનાત્મ વસ્તુ છે, એ આત્મ વસ્તુ નથી. આત્મામાં અવાજ નામનો ગુણ જ નથી આ જે અવાજ નીકળે છે એ બધા અવાજ પુદ્ગલ ઘસાવાથી થાય છે અને તેમાં આત્માની જરૂર જ નથી. એ બધો અજીવ તત્ત્વનો વિભાગ છે.

પ્ર. ૯૫ વાણી શું છે ? તે કેવી રીતે ટેપ થાય છે ?

ઉ. ૯૫ વાણીમાત્ર ખૂલ્લો અહંકાર છે. વાણી ઉપરથી કેટલા પ્રમાણમાં અને કેવો અહંકાર ચાર્જ થયો હોય તે ખબર પડે. વાણી એ સૂક્ષ્મનું સ્થૂળ થયેલું છે. વાણી અહંકારની પ્રેરણાથી ટેપ થાય છે. અહંકાર પોતે તે ટેપ કરતો નથી, માત્ર તેની પ્રેરણાથી ટેપ થાય છે. જેવો ભાવ હોય તેવું ટેપ થઇ જાય છે. આત્મા અને પરમાણુંના સંયોગો ભેગા થાય છે અને ત્યાં ચાર્જ થઇ જાય છે. આત્માની હાજરીમાં ભાવાભાવનાં (ભાવ અને અભાવના) સ્પંદન થાય છે એમાં ઇગોઇઝમ ભળે એટલે એ સ્પંદન ટેપ થઇ જાય. જેટલા શબ્દ પ્રયોગ છે એ બધો ઇગોઇઝમ છે.

પ્ર. ૯૬ મૂળ વાણી ક્યાંથી આવી ? વાણી ટેપ કેવી રીતે થાય છે ?

ઉ. ૯૬ મૂળ વાણી અજ્ઞાનતામાંથી ઉત્પન્ન થાય છે. તમારા સ્વરૂપની અજ્ઞાનતા છે ત્યાં સુધી વાણી ઉત્પન્ન થયા જ કરવાની. અજ્ઞાનતામાં સંજોગો અનુસાર સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સના આધારે આ ઓરીજીનલ ટેપરેકર્ડ ઊભી થઇ પણ આત્માની અત્યારે આ ભ્રાંતદશામાં કેવી રીતે ટેપ થાય છે એ જાણવા જેવું છે. અજ્ઞાનદશાથી વિશેષભાવો ઉત્પન્ન થાય છે એ વિશેષભાવથી પછી ધીમે ધીમે સંજ્ઞા રૂપે સૂચવે છે, સંજ્ઞામાંથી એમ થતા થતાં કોડવર્ડ તૈયાર થાય છે પોતે સંજ્ઞાથી બતાવવા જાય છે તે દેહની સંજ્ઞા આમાં હોતી નથી. મહીં અંદર પોતાની ભાવ સંજ્ઞા હોય છે. આત્માની

હાજરીથી અહંકારના ભાવ અને બુદ્ધિના ભાવ થાય છે એ સંજ્ઞા કહેવાય છે. પહેલી સંજ્ઞા ઉપરથી આખી ટેપ ઉતરે છે પછી ટેપ બહાર પડે છે. મૂળ પોતાની જ સંજ્ઞા છે. આત્મા તો સ્વભાવથી જ ચોખ્ખો છે અને વાણી એ પરિણામ છે એટલે ટૂંકમાં મૂળ વાણી જ નથી હોતી, મૂળ તો ખાલી સંજ્ઞા જ હોય છે. જેમ એક મૂંગો માણસ આમ હાથથી સંજ્ઞા કરે અને બીજો મૂંગો માણસ આમ સંજ્ઞા કરે અને આપણે તપાસ કરીએ તો તે બંને મૂંગા માણસો રેલ્વે સ્ટેશને ભેગા થઇ ગયા હોય. એ જેમ સંજ્ઞાથી વાત કરે છે એવી અંદર મૂંગાની ભાષા જેવી ભાષા બોલાય છે, તેના ઉપરથી આ ટેપ બહાર નીકળે છે. પરમાણુંઓ પોતે બોલતા નથી પરંતુ મારે પેલાને આમ કહેવું છે એવો જે ભાવ ઉત્પન્ન થાય છે તે ય શબ્દ છે નહીં માત્ર ભાવ જ ઉત્પન્ન થયો ને તેને ભાવ સંજ્ઞા કહી તેની સાથે તરત જ કોડવર્ડ એની મેળે જ પુદ્ગલમાં તૈયાર થયા કરે અને પછી વાણી રૂપે બહાર નીકળે એટલે ભાવ પ્રમાણે ટેપ તૈયાર થઇ જાય. બાકી કાંઇ એને શબ્દે શબ્દ ટેપ કરવો પડતો નથી. કોડવર્ડમાંથી શોર્ટ હેન્ડ થાય પછી કંઠ, તાળવું, જીભ અને હોઠ આ ચાર બધી મશીનરી મારફત બહાર નીકળે છે, ત્યારે એ શબ્દરૂપે થાય છે. ટૂંકમાં સંજ્ઞાથી કોડવર્ડ થઇ જાય અને કોડવર્ડમાંથી પછી શોર્ટહેન્ડ થાય છે અને શોર્ટહેન્ડમાંથી પછી આ સ્થૂલ વાણી નીકળ્યા કરે છે. વાણી નીકળે છે તે ખ્યોર ગતભાવોનું ડિસ્ચાર્જ જ છે. વાણી એ ડિસ્ચાર્જનું ય ડિસ્ચાર્જ છે. વાણી એ સૂક્ષ્મનું સ્થૂલ થયેલું છે. પ્રથમ સ્થૂલ હતું તેમાં રાગ-દ્વેષ થવાથી સૂક્ષ્મ થયુ અને સૂક્ષ્મમાંથી પાછું સ્થૂળ થાય છે.

પ્ર. ૯૭ વાણીનું વિજ્ઞાન શું છે ?

ઉ. ૯૭ જેવો હેતુ હોય તેવી વાણી નીકળે એ સિદ્ધાંત છે. કોઇની ઉપર રાગ કરતો હોય ત્યારે વાણીનું રૂપ કેવું હોય તે જોઇ લેજો અને કોઇની ઉપર દ્વેષ કરતો હોય ત્યારે વાણીનું રૂપ કેવું છે તે જોજો. જગત કલ્યાણની ભાવના છે અને પોતે શુદ્ધાત્મા થયેલા છે એટલે વીતરાગી વાણી નીકળે જે સામાને સીધી અસર કરે.

પ્ર. ૯૮ વાણીનો કાયદો શું છે ?

ઉ. ૯૮ વાણીનો કાયદો એ છે કે જે વાણી બોલો એ સત્ય, પ્રિય, હિતકર અને મીતકર (મીત એટલે ઓછા શબ્દોમાં) હોવી જોઇએ. સામાને ફીટ થાય એવી આપણે વાણી બોલવી જોઇએ.

પ્ર. ૯૯ સત્ય એટલે શું ?

ઉ. ૯૯ સત્ય એટલે તારણવી. સત્ય તો વિચાર ભિન્નતા હોય ત્યાં છે. તમારું સત્ય જુદું, પેલાનું સત્ય જુદું અને પછી કોમન સત્ય જુદું. આ જે સત્ય છે ને તે બધા પોતાના વ્યૂ પોઇન્ટને સત્ય કહે છે. એક અંશથી માંડીને ત્રણસો સાઇઠ અંશ સુધીના બધા સત્ય જે છે એ જાત જાતના સત્ય હોય અને તે પાછા મતભેદવાળા હોય એટલે કોઇ આને પહોંચી શકે નહીં. ભગવાનને ત્યાં એવું સત્ય અને અસત્ય જેવું કઇ છે જ નહીં, આ તો વિનાશી છે બધું. આ સત્ય તો સમાજમાં સામ-સામા દુઃખ ના થાય એટલા માટે આ રચના કરેલી. આ સત્ય તો અસત્યના આધારે ઊભું રહ્યું છે એને અસત્યનો આધાર છે માટે સત્ય પણ અસત્ય જ છે.

પ્ર. ૧૦૦ સત્ય કેવું હોવું જોઇએ ?

ઉ. ૧૦૦ સત્ય ના ચાર પાસાં હોવા જોઇએ ૧. સત્ય હોવું જોઇએ. ૨. પ્રિય હોવું જોઇએ ૩. હિતવાળું હોવું જોઇએ ૪. મીત એટલે ઓછા શબ્દોમાં હોવું જોઇએ. આ ચાર પાસાં સહિત હોય એનું નામ સત્ય કહેવાય. નગ્ન સત્ય બોલવુ એ ભયંકર ખૂન છે. પોતાના મધરને કોઇ પોતાનાં બાપની વહુ કહે તે નગ્ન સત્ય કહેવાય. સત્ય પણ ઓઢાડીને, વીંટાળીને, કપડાં પહેરાવીને પછી બોલવું. આંધળા ને આંધળો ના કહેવું પણ ભાઇ સુરદાસ મારી વાત સાંભળશો એમ કહીએ તો તેનેં સારું લાગે. સત્ય તેનું નામ કહેવાય કે સામો સ્વીકારતો હોય.

પ્ર. ૧૦૧ મોટું સત્ય શું છે ?

ઉ. ૧૦૧ બીજાના અને પોતાના હિત માટે, આત્મ કલ્યાણનાં હેતુ માટે જુઠું બોલવું તે સૌથી મોટું સત્ય છે.

પ્ર. ૧૦૨ વ્યવહાર સત્ય શું છે ?

ઉ. ૧૦૨ કોઇ જીવને વાણીથી દુઃખ ના થાય, વર્તનથી દુઃખ ના થાય અને મનથી પણ એને માટે ખરાબ વિચાર ના કરાય એ મોટામાં મોટું સત્ય છે. મોટામાં મોટો સિદ્ધાંત અને છેલ્લામાં છેલ્લું વ્યવહાર સત્ય છે કે ''આપણે મનમાં નક્કી રાખવું કે વ્યવહાર સત્ય મારે સંપૂર્ણ સર્વાંશે પાળવું છે'' વ્યવહાર સત્ય પાળે છે તે નિશ્ચય સત્ય પાળી શકે છે.

પ્ર. ૧૦૩ જૂઠું બોલવું એ બાબતમાં સમજાવો ?

ઉ. ૧૦૩ જૂઠું બોલ્યા હોય ને તેનાં કરતાં જૂઠું બોલવાના ભાવ કરો છો તે વધારે કર્મ કહેવાય. જૂઠું બોલવું એ તો જાણે કર્મ ફળ છે, જયારે જૂઠું બોલવાના ભાવ જ અને જૂઠું બોલવાનો આપણો નિશ્ચય તે કર્મ બંધ કરે છે માટે જૂઠું બોલવાનો અભિપ્રાય જ છોડી દેવો જોઇએ અને જૂઠું બોલાઇ જાય તો પશ્ચાતાપ કરવો જોઇએ. જૂઠું બોલવું એજ બંધન છે એવો જો અભિપ્રાય તમારાથી થઇ ગયો તો તમારા જૂઠું બોલવાના પાપો બંધ થઇ જશે. જૂઠું બોલવાનો અભિપ્રાય નથી ને તો તમારી જવાબદારીનો અંત આવી જાય છે. જૂઠું બોલવું એ જીવનનો અંત લાવવા બરાબર છે. જીવનનો અંત લાવવો અને જૂઠું બોલવું એ બે સરખું જ છે. જૂઠું નથી બોલવું એવું ડિસાઇડ કરવું પડે અને છતાંય ક્યાંક બોલાઇ ગયું તો પશ્ચાતાપ કરવો અને તેની માફી માગી લેવી. પ્રતિક્રમણ કરવા એ જ ઉપાય છે.

પ્ર. ૧૦૪ આખ્યાન અને વ્યાખ્યાન એટલે શું ?

ઉ. ૧૦૪ આ બધાં જે બે-ચાર માણસોની જોડે વાતો કરે એ આખ્યાન કહેવાય અને આખા ટોળામાં બોલે એ વ્યાખ્યાન કહેવાય. વ્યાખ્યાનમાં તો સાંભળનારોય જુદો અને બોલનારોય જુદો એ વ્યાખ્યાન કહેવાય. વ્યાખ્યાનમાં બોલે એ ઉપદેશ કહેવાય. આ ધર્મના વ્યાખ્યાન સાંભળવા એ ઉર્ધ્વગતિનું મનોરંજન છે અને સિનેમા એ અધોગતિનું મનોરંજન છે, બેઉ મનોરંજન છે.

પ્ર. ૧૦૫ વ્યાખ્યાન કોનું ઊગી નીકળે ?

ઉ. ૧૦૫ વચન-બળ હોય અને ચારિત્રનો પ્રભાવ હોય તો વ્યાખ્યાન ઊગી નીકળે.

પ્ર. ૧૦૬ વ્યાખ્યાન શાના માટે સાંભળવાનાં છે ?

ઉ. ૧૦૬ ઘરમાં કકળાટ ઓછો થાય અને ક્લેશને કાઢવા માટે વ્યાખ્યાન સાંભળવાનાં છે. રાત્રે શાંતિથી ઊંઘ આવે માટે વ્યાખ્યાન સાંભળવાનાં છે.

પ્ર. ૧૦૭ પ્રવચન એટલે શું ?

ઉ. ૧૦૭ પ્રવચન એટલે પાણીમાં ઝબોળવું. એમાં કંઇ સાબુ ઘાલો તો દહાડો વળે. આ તો એકલું પાણીમાં ઝબોળ્યા કરે એમા દહાડો વળે નહીં. પ્રવચન એ ટાઇમ બગાડવા માટેનું સાધન છે. પ્રવચન કોના માટે છે કે જેને વાંચતાં ના આવડે અને સાર કાઢતાં ના આવડે ત્યારે એ પ્રવચન સાંભળવા માટે જાય.

પ્ર. ૧૦૮ આદેશ કોને કહેવાય ?

ઉ. ૧૦૮ મહારાજની આજ્ઞા સાથેનો ઉપદેશ હોય તેને આદેશ કહેવાય. બટાકા ના ખાશો, ડુંગળી, લસણ અને કંદમૂળ ના ખાશો. આ પ્રકારની અહંકાર સહિત આજ્ઞા કે હુકમ તે આદેશ કહેવાય. એક આચાર્ય મહારાજ કોઇને કહે કે ''બટાકા છોડી દે, ડુંગળી છોડી દે મુઆ આમ શા સારું કરે છે'' એ આદેશ કહેવાય. આદેશ એટલે એક જાતનો હુકમ કરવો. આદેશમાં હુકમ ગીરી હોય. સત્તાગીરી હોય કે અમે તને આ કહીએ છીએ તારે કરવાનું જ છે. એની પાછળ પોતાનો ઓર્ડર હોય છે. આદેશ એટલે બહુ ભારે અહંકારવાળી વાણી.

પ્ર. ૧૦૯ ઓર્ડર કોનો મનાય ?

ઉ. ૧૦૯ જેના કષાય ખલાસ થઇ ગયા હોય તેનો ઓર્ડર મનાય. ઓર્ડર તો મહાવીર ભગવાનનો મનાય અગર તો જ્ઞાની પુરુષનો મનાય. આ બે સિવાય કોઇનોય ઓર્ડર ના મનાય. જેનામાં પોતાનો ગુનો નથી અને પોતાના ગુનાને જે જાણે છે તેનો ઓર્ડર મનાય.

પ્ર. ૧૧૦ ઉપદેશ કોને કહેવાય ?

ઉ. ૧૧૦ ઉપદેશ એટલે માલિકી ભાવવાળી વાણી. સામાન્ય ભાવે બધાંને કહેવું સહું સહુંને જેટલું અનુકૂળ આવે એ પ્રમાણે ગ્રહણ કરે. હું બોલું અને તમને અનુકૂળ આવે તે પ્રમાણે એનો અર્થ સમજીને કરો. આમાંથી તમે જે સાર ગ્રહણ કરો એ પ્રમાણે છોડો યા ના છોડો એમ અમારાથી બોલાય નહીં એ ઉપદેશ કહેવાય. બોલનારનોય કર્તાભાવ હોય અને સાંભળનારનોય કર્તાભાવ હોય ત્યાં ઉપદેશ છે. ઉપદેશમાં ચેતનતા ના હોય. ઉપદેશમાં અહંકાર અને મમતા બેઉં હોય. અહંકાર થોડો હોય અને સમજાવે કે આ ખાશો તો આમ થશે. આ ખાવાનું આવું ફળ આવશે વગેરે તેને ઉપદેશ કહેવાય. ઉપદેશ એટલે એને સારું શું અને ખોટું શું એવું જાહેર કરવું એ ઉપદેશ.

પ્ર. ૧૧૧ ઉપદેશ કઇ વસ્તુનો આપી શકાય ?

ઉ. ૧૧૧ પોતાનામાં જે પરિવર્તન પામેલું હોય એટલું જ માણસને ઉપદેશ આપવાનો અધિકાર. બ્રહ્મચારી હોઉં તો મને બ્રહ્મચર્યનો ઉપદેશ આપવાનો અધિકાર છે. આત્મજ્ઞાની હોય તે આત્મા સબંધમાં કોઇને ઉપદેશ આપી શકે.

પ્ર. ૧૧૨ કોનો ઉપદેશ કામનો ?

ઉ. ૧૧૨ એક બાજુ સમકિત થયેલું હોય, આત્મા પ્રાપ્ત કર્યો હોય અને થોડો અહંકાર બાકી હોય ત્યારે એ ઉપદેશ આપી શકે. સમકિતધારી પણ અહંકારી હોય તો એનો ઉપદેશ કામનો. જેની દૃષ્ટિ સવળી થયેલી છે, સમ્યક્ દૃષ્ટિ થયેલી છે, તેનો ઉપદેશ કામનો.

પ્ર. ૧૧૩ સાચો ઉપદેશક કોને કહેવાય ?

ઉ. ૧૧૩ જેનામાં અશાંતિ હોય જ નહીં, ક્રોધ, માન, માયા, લોભની નબળાઇ ના હોય જે પૈસા લેતા ના હોય, વિષય અને લક્ષ્મી સબંધી જેને વિચાર ના હોય એને સાચો ઉપદેશક કહેવાય અને તેની પાસે સાચી શાંતિ મળે. ઉપદેશક હંમેશા પોતાને માટે જીવતા ના હોય, બીજાને માટે જીંવે એનું નામ ઉપદેશક. જે શિષ્યનું કે ભક્તનું દરેક પ્રકારનું દુઃખ લઇ લે, હેલ્પ કરે, તે સાચો ઉપદેશક કહેવાય. ઉપદેશક તો કેવા હોય કે એમને ગાળ ભાંડીએ, મારીએ તો પણ અવળું ના બોલે.

પ્ર. ૧૧૪ ઉપદેશકનું ગુણસ્થાનક કયું કહેવાય ?

ઉ. ૧૧૪ નિશ્ચયથી છઠ્ઠું ગુણસ્થાનક હોય તે ઉપદેશ આપી શકે. છઠ્ઠું ગુણસ્થાનક સર્વ વિરતિ છે. આ ગૂંઠાણામાં કષાયો મંદ હોય છે, એટલે કંટ્રોલેબલ કષાય હોય છે. એ કષાય બીજા કોઇનેય ખબર પડી ન જાય, બીજા કોઇનેય દુઃખદાયી ન થઇ પડે એવા કષાયો હોય એવી સ્થિતિ હોય તો જ ઉપદેશ આપી શકાય, નહીં તો નર્કની જોખમદારી છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન બંધ થઇ જાય, એટલે કષાયરહિત પ્રરુપણા કહેવાય. છઠ્ઠે ગુંઠાણે અહંકાર શૂન્યતાને પામ્યો નથી. પણ અમુક ભાગ ઊડી ગયેલો છે, એટલે એનાથી અહંકાર વધે નહીં, પણ ઘટે. છઠ્ઠે ગુંઠાણે અનંતાનુંબંધી ચાર કષાય અને અપ્રત્યાખ્યાની ચાર કષાય ઊડી જાય છે, એટલે આઠ કષાય નિર્મુળ થયેલા હોય અને બાકીના આઠ કષાય ઉપશમ થયેલા હોય. ઉપશમ કષાય બહુ નડતા નથી, એ વાળી લેવાય એવા હોય, બહાર ના દેખાય એવા હોય. સમકિત વગર કોઇને ઉપદેશનો એક અક્ષરેય બોલાય નહીં. પોતાના ચાર અનંતાનુંબંધી કષાય ગયા નથી, સમ્યક્ત્વ મોહ ગયો નથી, ત્યાં સુધી ઉપદેશ આપી શકાય નહીં. પ્યોર છઠ્ઠું ગુંઠાણું હોય તે ઉપદેશ આપી શકે.

પ્ર. ૧૧૫ ઉપદેશ આપવાનો અધિકાર કોને છે ?

ઉ. ૧૧૫ જે ચિડાતો ના હોય તેને ઉપદેશ આપવાનો અધિકાર છે. ઉપદેશક આર્તધ્યાન, રૌદ્રધ્યાનથી મુક્ત હોવો જોઇએ. જેનું વચનબળ હોય તેને ઉપદેશ આપવાનો અધિકાર છે. શાસ્ત્રની પરિભાષામાં જે નિશ્ચયથી છઠ્ઠા ગૂંઠાણામાં છે તેને ઉપદેશ આપવાનો અધિકાર છે.

પ્ર. ૧૧૬ ઉપદેશકમાં કયા ત્રણ મુખ્ય ગુણો હોવાં જોઇએ ?

ઉ. ૧૧૬ ૧. સમ્યક્ દૃષ્ટિ હોવી જોઇએ.

૨. સ્ત્રી સબંધી વિચાર ના હોવો જોઇએ.

૩. પૈસા સબંધી લેવડ દેવડ ના હોવી જોઇએ.

પ્ર. ૧૧૭ ક્યાં સુધી ઉપદેશમાં ના પડવું જોઇએ ?

ઉ. ૧૧૭ જયાં સુધી ડિસ્ચાર્જ અહંકાર ખલાસ ના થાય ત્યાં સુધી કોઇને ઉપદેશ ના અપાય. બુદ્ધિનો ક્ષય ન થાય, અહંકારનો ક્ષય ના થાય, પૌદ્ગલિક ઇચ્છાઓ ખલાસ ના થાય, વિષયનાં વિચાર નિર્મૂળ ના થાય ત્યાં સુધી ઉપદેશમાં ના પડવું.

પ્ર. ૧૧૮ દેશના કોને કહેવાય ?

ઉ. ૧૧૮ દેશના એટલે પ્રત્યક્ષ સરસ્વતી. માલિકી વગરની વાણી એટલે દેશના. તીર્થંકરોની દેશના કહેવાય. દેશનાનો અર્થ શું કે માલિકીભાવ વગરનો શબ્દ. દેશના એનું નામ કે કેવળ સાંભળવાની જ. દેશના વીતરાગતા પૂર્વક હોય. ઉદય ભાવે ઇચ્છાપૂર્વક નહીં, કોઇને કરવું ના પડે અને તે નીડરતાથી નીકળ્યા કરે વહ્યા કરે, કોઇ ભય કે બીક કશું નહીં તે દેશના. દેશના તો એનો ઉદય હોય એટલો કાળ એ વહી જાય અને પછી પૂરી થઇ જાય. દેશના સમજ રૂપે હોય. દેશના એટલે ફેરવી ના શકાય ટાઇપ થઇ ગયેલી રેકર્ડ નીકળ્યા જ કરે. દેશનાનું અંગ્રેજીમાં નામ ટેપ રેકર્ડ. દેશના એ નિરઅહંકારી ગુણ છે, એટલે એ અહંકાર રહિત હોય. અહંકાર વગરની વાણી એ દેશના કહેવાય. બારમાં ગૂંઠાણાંમાં આવે પછી દેશના ગણાય. તીર્થંકર ભગવંતોને કેવળજ્ઞાન થયા પછી જે વાણી નીકળે તેને દેશના કહેવાય. તમામ તીર્થંકરોની દેશના અર્ધમાગધી ભાંષામાં હોય છે.

પ્ર. ૧૧૯ વ્યવહારમાં કેવી ભાષા બોલવી જોઈએ ?

ઉ. ૧૧૯ કાનને ન ગમતું હોય તેવું ન બોલવું, તમને સાંભળવું ન ગમતું હોય તો તમે તેવું ન બોલશો. તમોને જેવું સાંભળવું ગમતું હોય તેવું જ તમે બોલશો. જગત વાવ સ્વરૂપ છે. જગતમાં જેવું તમે બોલશો તેવું જ તમને પડઘા સ્વરૂપે તરત જ પાછું મળશે માટે સારું બોલવું. ઇચ્છા નથી એમ કહેવાય પણ નથી ગમતું એમ ના કહેવાય. ગમતું નથી એમ કહેવું તે દોષ છે. ''આ મને નહીં ફાવે'' એમ બોલ્યો એ જ મેડનેસ (ગાંડપણ) છે. નહીં ફાવે એમ બોલવું તે નર્યું ઇગોઇઝમ છે. નહીં ફાવે એમ બોલવું તે ગુન્હો છે. ક્યારેય આપણે એમ ના બોલવું કે અમારી વાત સાંભળતા નથી પણ આપણે એમ બોલવું કે ''અમારી વાત તમને ના ગમે તેવી હોય છતાં અમને સાંભળો.'' આમ કહીને વાત કરવી. ''આમ કર્યું હોત તો આમ થાત.'' આ વાક્ય જિંદગીમાં બોલવું નહીં અને કોઇક બોલે તો સાંભળવું નહીં. એ વાક્ય જ વેસ્ટ ઓફ ટાઇમ અને એનરજી છે.

પ્ર. ૧૨૦ સામા જોડે વાતચીત કરતી વખતે શું ધ્યાન રાખવું જોઈએ ?

ઉ. ૧૨૦ એક તો સામાના શુદ્ધાત્મા પાસે પરવાનગી લેવી પડે. સામેવાળી વ્યક્તિ સાથે વાત કરવી હોય તો તમારે તેના (સામેવાળી વ્યક્તિના) શુદ્ધાત્માની પરવાનગી લેવી પડે કે એમને અનુકૂળ આવે એવી વાણી મને બોલવાની પરમ શક્તિ આપો. પછી તમારે દાદાની પરવાનગી લેવી પડે. એવી પરવાનગી લીધા પછી બોલો તો પાંસરી વાણી નીકળે. એમને એમ બેફાટ બોલ્યા કરે તો પાંસરી વાણી શી રીતે નીકળે ? મીકેનિઝમ ગોઠવાયું એટલે પછી એની મેળે ચેન્જ થઇને આવે પછી.

પ્ર. ૧૨૧ વાણી બોલતાં પહેલા કેવો ભાવ હોવો જોઈએ ?

ઉ. ૧૨૧ વાણી બોલતાં પહેલાં એવો ભાવ હોવો જોઇએ કે વાણી એવી જ નીકળે છે કે જેથી સામાનું કલ્યાણ જ થાઓ અને પછી જે નીકળે તે પર છે અને પરાધિન છે.

પ્ર. ૧૨૨ વાણી બોલતી વખતે કેવાં પ્રકારની જાગૃતિ રાખવી ? વાણી ઉપર ઉપયોગ એટલે શું ?

ઉ. ૧૨૨ વાણી બોલતી વખતે જાગૃતિ એવી રાખવાની છે આ બોલ બોલવામાં કોને કોને કેવી રીતે પ્રમાણ દુભાય છે એ જોવાનું છે અને આનું જ નામ વાણી

ઉપર ઉપયોગ કહેવાય છે. વાણી ઉપર આ રીતે ઉપયોગ રાખવો એ જ જાગૃતિ કહેવાય અને સામાને દુઃખ થાય એવું બોલાયું હોય તો તરત પ્રતિક્રમણ કરી નાંખવું.

પ્ર. ૧૨૩ કઇ વાણી સત્ય અને કઇ વાણી અસત્ય કહેવાય ?

ઉ. ૧૨૩ હિત, મીત અને પ્રિય આ ત્રણ ગુણાકારવાળી વાણી તે સત્ય છે અને બીજી બધી વાણી અસત્ય છે.

પ્ર. ૧૨૪ વચનબળ ક્યારે ઉત્પન્ન થાય ? વચન સિદ્ધિ ક્યારે થાય ?

ઉ. ૧૨૪ મન, વચન, કાયાથી સત્ય બોલે તો વચન સિદ્ધિ પ્રાપ્ત થાય. એક પણ શબ્દ મશ્કરી માટે ના વાપર્યો હોય, એક પણ શબ્દ ખોટા સ્વાર્થ માટે કે પડાવી લેવા માટે ના વાપર્યો હોય, વાણીનો દુરુપયોગ ના કર્યો હોય, પોતાનું માન વધે એટલા માટે વાણી ના બોલ્યા હોય, માનની ચટણી ખાવા શબ્દ પ્રયોગો ના થયા હોય ત્યારે વચનબળ ઉત્પન્ન થાય.

પ્ર. ૧૨૫ લોકો તમારું ક્યારે સાંભળશે ? લોકોને તમારું ક્યારે સમજાશે ?

ઉ. ૧૨૫ મીઠી વાણી થશે ત્યારે લોકો તમારી વાત સાંભળશે. જ્યાં સુધી પર્સનાલીટી નહીં પડે ત્યાં સુધી કોઇ અક્ષરેય સાંભળશે નહીં. પ્રેમ સ્વરૂપ થશો ત્યારે લોકોને તમારું સમજાશે. કાયદા બાયદા ના ખોળો અને કોઇનાય દોષ ના જુઓ ત્યારે પ્રેમ સ્વરૂપ થવાશે.

પ્ર. ૧૨૬ વાણી ક્યારે નોર્મલ સ્ટેજમાં આવે ?

ઉ. ૧૨૬ વાણીના જ્ઞાતા - દ્રષ્ટા રહેવાથી વાણી એની મેળે નોર્મલ સ્ટેજમાં આવે.

પ્ર. ૧૨૭ વાણી સુધારવા માટે શું કરવાનું ? વાણી ક્યારે સુધરે ?

ઉ. ૧૨૭ કોઇની ભૂલ ના કાઢે, કોઇની જોડે અથડામણમાં ના આવે તો વાણી સુધરે. આખો દહાડો મનમાં ભાવના રહ્યાં કરે કે મારે આ વાણી સુધારવી છે. આ વાણી સુધારવી છે એમ આખો દહાડો ભાવના રહ્યાં કરે તો વાણી સુધરી જાય, કારણો સેવ્યા સિવાય તો વાણી સુધરે નહીં. આપણે નક્કી કરીએ કે કોઇને દુઃખ ન થાય એવી વાણી બોલવી છે, કોઇ ધર્મને અડચણ ના પડે, કોઇ ધર્મનું, કોઇ વ્યક્તિનું પ્રમાણ ના દુભાય એવી વાણી બોલવી છે, એવું નક્કી કર કર કરી તે પ્રમાણે ભાવના ભાવવી એટલે વાણી સારી નીકળશે. સ્યાદવાદ વાણી બોલવી છે એવો ભાવ કરે તો સ્યાદવાદ વાણી ઉત્પન્ન થઇ જાય. લોકોને જે ભાષા નથી ગમતી તે બોલાતી બંધ થઇ જાય તો

વાણી સુધરી જાય. વાણી સુધારવી હોય તો લોકોને ના ગમતી વાણી બંધ કરી દો. વાણી સુધારવી એટલે શું કે લોકોને વાણી ગમતી થવી જોઇએ. જ્યારે નવરાશનો ટાઇમ મળે ત્યારે દાદા ભગવાન પાસે આપણે શુદ્ધવાણી, સ્વાદવાદ વાણી બોલવાની શક્તિઓ માંગ માંગ કરવી. હે દાદા ભગવાન મને સ્વાદવાદ વાણી બોલાય અને મૃદુ ઋજુ ભાષા બોલાય તેવી શક્તિઓ આપો એવું માંગ્યા કરો. ''કંઠે બિરાજો હે દાદા ઉચ્ચરાવો સવળી ભાષા'' આ બોલ બોલ કરવું અને અહીં ગળે નિદિધ્યાસન કરીએ તોય વાણી સુધરી જાય. સામાને દુઃખ થાય એવું બોલાયું હોય તો પ્રતિક્રમણ કરી લેવું અને સામો માણસ ગમે તે બોલે ત્યારે વાણી પર છે અને પરાધિન છે તથા સામાંની ટેપ રેકર્ડ છે, આટલું જો જાગૃતિમાં રહે તો પછી ધીમે ધીમે વાણી સુધરે.

પ્ર. ૧૨૮ વાણી ઉપર કંટ્રોલ શી રીતે લાવવો ?

ઉ. ૧૨૮ જ્ઞાનીની આજ્ઞા લઇને મૌન લઇ લે તો હિતકારી છે અને બીજું વાણીના કંટ્રોલ માટે પ્રતિક્રમણ કરે તો થાય. વાણીના કંટ્રોલ માટે આ બે જ રસ્તા છે. વાણી ટેપરેકર્ડ છે, તે છપાયેલાની બહાર વધારે કે ઓછું કશું બોલવાની નથી. સ્થૂલ સંયોગો, સૂક્ષ્મ સંયોગો, વાણીના સંયોગો પર છે અને પરાધિન છે, એ લક્ષમાં રાખવું.

પ્ર. ૧૨૯ અપશબ્દ કોને કહેવાય ?

ઉ. ૧૨૯ શબ્દ બોલીએ અને સામાને ખરાબ લાગે તો તે શબ્દ અપશબ્દ કહેવાય. બીજાને કહીએ અને એને દુઃખ થાય એ બધાય અપશબ્દ કહેવાય. અવળો શબ્દ નીકળ્યો એટલે પોતાની મહીં તો ભાવ હિંસા થઇ ગઇ, એ આત્મ હિંસા ગણાય છે. અપશબ્દો શરીરને રોગિષ્ટ કરે છે.

પ્ર. ૧૩૦ ટોણો એટલે શું ?

ઉ. ૧૩૦ ટોણો એટલે ગધેડાને ડફણું મારવાનું તે. ટોણો તો બહું ભારે હોય. ટોણો તો કાળજે ઘા લાગે તેવો હોય. ટોણો મારવો એ તો મોટી હિંસા કહેવાય.

પ્ર. ૧૩૧ વાણીનો અપવ્યવ અને દુર્વ્યય સમજાવો ?

ઉ. ૧૩૧ અપવ્યવ એટલે ઉંધી વાણી વાપરવી. જ્યાં જે વાણી હોવી જોઇએ ત્યાં બીજી જ વાણી બોલવી, આ અપવ્યય કહેવાય. જે જ્યાં ફીટ થતું હોય તે જ્ઞાન નહીં બોલવાનું અને બીજી રીતે બોલવાનું એ અપવ્યય. દુર્વ્યય એટલે

વ્યય નહીં કરવા જેવી જગ્યાએ વ્યય કરે, વગર કામનો ભસ ભસ કરે એ દુર્વ્યય કહેવાય. વગર કામનું બોલ બોલ કરે છે, ના બોલવાનું બોલ બોલ કરે એ દુર્વ્યય કહેવાય.

પ્ર. ૧૩૨ અવર્ણવાદ એટલે શું ?

ઉ. ૧૩૨ અવર્ણવાદ એટલે કોઈના માટે ગાઢ નિંદા કરવી તે. ગાઢ નિંદા કરવી એ અવર્ણવાદ છે. આ માણસ ખરાબ જ છે એવું સામાનાં મગજમાં ઠસાવી દેવું એ અવર્ણવાદ કહેવાય. જે માણસમાં જે ગુણ છે તે નહિં પણ જે ગુણ નથી તેની બધાંને વાત કરવી એ અવર્ણવાદ. અવર્ણવાદ એટલે જે નથી એ બોલવું તે. કોઇપણ રસ્તે જેમ છે તેમ નહિ ચિતરવું પણ ઉંધુ ચિતરવું એ અવર્ણવાદ કહેવાય.

પ્ર. ૧૩૩ તંતીલી ભાષા એટલે શું ?

ઉ. ૧૩૩ રાત્રે તમારે વાઈફ જોડે ભાંજગડ થઈ જાય અને તે સવારમાં ચા મૂકતી વખતે આમ ટકોરો મારે એટલે આપણે સમજી ગયા કે ઓહો રાત્રે બન્યું તે ભૂલ્યા નથી. એ તાંતો પછી બોલે તે વાણીયે એવી તંતીલી નીકળે. પંદર વર્ષ સુધી જ્યાં સુધી ગુનેગાર માણસ મળ્યો નથી ત્યાં સુધી એ યાદ ના આવે, પણ પંદર વર્ષે એ ભેગો થાય કે તમને બધું યાદ આવે એનું નામ તાંતો કહેવાય. ''જો મેં કેવી સરસ રસોઈ બનાવી અને એને તો આવડતી જ નથી.'' એવું તંતે ચઢે, સ્પર્ધામાં ચઢે એ તંતીલી ભાષા. પોતાનું ખરું માનવું અને સામાનું સાંભળવું નહીં તે તંતીલી ભાષા.

પ્ર. ૧૩૪ કઠોર ભાષા એટલે શું ?

ઉ. ૧૩૪ તું નાલાયક છે, બદમાશ છે, ચોર છે એવા જે શબ્દો આપણને સાંભળવાં ના ગમે તે કઠોર ભાષા કહેવાય. જે બોલ સાંભળતાંની સાથે આપણું હૃદય પણ સ્તંભિત થઈ જાય એ કઠોર ભાષા. જરા પણ પ્રિય કે મીઠી ના લાગે ઊલટું મનમાં બહું દુ:ખ થાય કે આવું ક્યાંથી આવ્યું એ કઠોર ભાષા કહેવાય.

પ્ર. ૧૩૫ વાણીનો ડખો એટલે શું ?

ઉ. ૧૩૫ કોઈ કહે તમે શું કરવા બોલ્યા અને આપણે કહીએ હવે નહીં બોલું તો એ ડખો ના કહેવાય. પણ તેને બદલે આપણે એવું કહીએ કે ''હું નહીં બોલું તો આ બધું બગડશે'' આવું બોલવું એ ડખો છે. ડખો એ જ અંતરાય છે આગ્રહ એ જ ડખો છે.

પ્ર. ૧૩૬ બે - જવાબદાર વાક્ય કોણ બોલે ?

ઉ. ૧૩૬ જેને પોતાની જવાબદારીનું ભાન નથી તે બે - જવાબદાર વાક્ય બોલે. અને આવા બે - જવાબદાર વાક્ય બોલનારનાં ભેગું આપણે ભસવા જઈએ તો આપણે કૂતરા કહેવાઈએ. એટલે આપણે તો તેનો ઉપકાર માનવો અને કહેવું કે ભાઈ તારો ઉપકાર છે. ઉપકાર નહીં માનો તો એમાં તમારો આખો અહંકાર ઊભો થઈને દ્વેષ પરિણામ પામશે, એટલે જયાં જયાં દ્વેષ આવતો હોય ત્યાં અંદરખાને ઉપકાર માનજો.

પ્ર. ૧૩૭ મોટામાં મોટી હિંસા કઈ ?

ઉ. ૧૩૭ પોતાની વાતનું રક્ષણ કરવું તે જ મોટામાં મોટી હિંસા છે. પોતાની વાત સાચી જ છે તેવું ઠસાવવા જાય તે જ હિંસા છે.

પ્ર. ૧૩૮ વાણી દ્વારા મશ્કરી કરવાનું ફળ શું ?

ઉ. ૧૩૮ બહુ ટાઈટ બ્રેઈન હોય તે મશ્કરી કરે. મશ્કરી કરવી એ બુદ્ધિની નિશાની છે. મશ્કરીઓ કરવાનું ફળ આ બધાં દવાખાના દેખાય છે. હાથ, પગ બધાં જે ભાંગે છે તે મશ્કરી કરવાનું ફળ છે.

પ્ર. ૧૩૯ કોને મોટામાં મોટો ગુન્હો કહેવાય ?

ઉ. ૧૩૯ આપણા લીધે સામાને સહેજ પણ ડખો થાય એવું બોલવું એ મોટામાં મોટો ગુન્હો છે.

પ્ર. ૧૪૦ વાણી એ ખુલ્લો અહંકાર છે, તે સમજાવો ?

ઉ. ૧૪૦ વાણી બંધ થઈ જાય તો ખલાસ થઈ ગયું મોક્ષે જાય. વાણીથી જ બધો અહંકાર ઊભો થાય છે, પછી એ અહંકાર પાછો વાણીથી બહાર નીકળે છે. વાણી બંધ થાય એટલે અહંકાર બંધ થઈ જાય છે. વાણીથી જગત ઊભું થયું છે અને વાણી ખલાસ થઈ જવાથી જગત બંધ થઈ જાય છે.

પ્ર. ૧૪૧ વાણીની અસર ક્યારે બંધ થાય ?

ઉ. ૧૪૧ આપણે નક્કી કરી નાંખો કે દાદાએ કહ્યું છે કે આ વાણી એ ટેપરેકોર્ડ છે. એવું ફીટ થઈ જવું જોઈએ તો આપણને અસર ના કરે. આપણે જાણીએ છીએ કે આ રેકર્ડ આવી વાગે છે. આપણા વિજ્ઞાનમાં આ વાણી એ રેકર્ડ છે, એ વાત સમજમાં આવી જાય તો વાણીની અસર બંધ થાય.

પ્ર. ૧૪૨ વાણીને રેકર્ડ છે એમ કહેવાય ?

ઉ. ૧૪૨ આ રેકર્ડ છે કારણ કે હું બોલતો નથી. આ રેકર્ડ કોનું નામ કહેવાય કે જેને સારું બોલે તેનો જશ જોઈતો નથી કે ખોટું બોલે તેનો અપજશ જોઈતો નથી ત્યારે રેકર્ડ કહેવાય. વાણી રેકર્ડ છે એમ ત્યારે જ બોલી શકાય કે જયારે મોંઢા ઉપર ભાવાભાવ ના દેખાય. જેને વાણીનું માલિકીપણું કે વાણીનો માલિકી ભાવ ઉડી ગયો તે રેકર્ડ છે એમ બોલી શકે.

પ્ર. ૧૪૩ કોની વાણી રૂપાળી નીકળે ?

ઉ. ૧૪૩ જેનું મન રૂપાળું તેનું બધું જ રૂપાળું, જો મન રૂપાળું હોય તો વાણી રૂપાળી જ નીકળે.

પ્ર. ૧૪૪ નિરાગ્રહી વાણી ક્યારે નીકળે ?

ઉ. ૧૪૪ વ્યવસ્થિતનું જ્ઞાન પૂરેપૂરું સમજાઈ જાય પછી તો મનનું સ્પંદન ઉભુ ના થાય અને તે પછી નિરાગ્રહી વાણી નીકળે.

પ્ર. ૧૪૫ સાહજિક વાણી એટલે શું ?

ઉ. ૧૪૫ સાહજિક વાણી એટલે જેમાં કિંચિત્માત્ર પણ અહંકાર ના હોય તે. વાણી જયારે ટેપરેકર્ડ બોલે છે એમ થાય ત્યારે સહજ વાણી થાય. આ વાણીનો હું એક સેકંડ પણ માલિક થતો નથી એટલે અમારી વાણી એ સાહજિક વાણી છે.

પ્ર. ૧૪૬ નિર્વિવાદ વાણી કોને કહેવાય ?

ઉ. ૧૪૬ પોતાનો આત્મા કબૂલ કરે એ જ નિર્વિવાદ વાણી. વાદી અને પ્રતિવાદી બંને કબૂલ કરે એ નિર્વિવાદી વાણી કહેવાય.

પ્ર. ૧૪૭ અપૂર્વ વાણી કોને કહેવાય ?

ઉ. ૧૪૭ પૂર્વે ક્યારેય પણ ન સાંભળી હોય, કોઈ દહાડો વાંચી ના હોય, એ બધી અપૂર્વવાણી. જે વાણીના સ્પંદનેય ના થાય તે અપૂર્વવાણી કહેવાય.

પ્ર. ૧૪૮ સ્પષ્ટ વાણી કોણ બોલી શકે ?

ઉ. ૧૪૮ જેમનામાં કંઈપણ ભિખારીપણું નથી તે પુરુષ સ્પષ્ટ વાણી બોલી શકે.

પ્ર. ૧૪૯ વીતરાગ વાણી કોને કહેવાય ?

ઉ. ૧૪૯ વાદી કબૂલ કરે, પ્રતિવાદી કબૂલ કરે, પ્રમાણ ગણવામાં આવે છે, તેને વીતરાગ વાણી કહેવાય. કોઈપણ પ્રકારના રાગ કે દ્વેષ વગરની વાણી

વીતરાંગ વાણી કહેવાય. સંપૂર્ણ રીતે સામાનું કલ્યાણ કેમ કરીને થાય એ ભાવવાળી વાણી તે જ વીતરાગ વાણી. જે વાણી કલાક જ ધ્યાન પૂર્વક સાંભળે તો સમકિત થઈ જાય તેનું નામ વીતરાગ વાણી. પોતાનો આત્મા કબૂલ કરે જ એ વીતરાગ વાણી કહેવાય. વીતરાગ વાણી એટલે દરેક ધર્મનાં લોકો એને કબૂલ કરે. વીતરાગ વાણી આત્મરંજન કરાવનારી હોય. વીતરાગ વાણી સાંભળતા જ તદ્દન નવી લાગે, અપૂર્વ લાગે. નિષ્પક્ષપાતી વાણી તે વીતરાગ વાણી.

પ્ર. ૧૫૦ કોની વાણી અંશ વીતરાગી કહેવાય ?

ઉ. ૧૫૦ પોતાના હિતાહિતનું ભાન વધતું જાય તેની વાણી અંશ વીતરાગી કહેવાય જે વાણીને બધા કબૂલ કરે તેને અંશ વીતરાગી વાણી કહેવાય.

પ્ર. ૧૫૧ વીતરાગ વાણી ક્યારે નીકળે ?

ઉ. ૧૫૧ કોઈપણ પ્રકારનો રોગ હોય ત્યાં સુધી વીતરાગ વાણી નીકળે જ નહિ.

પ્ર. ૧૫૨ વીતરાગ વાણીની શરૂઆત ક્યારે થાય ?

ઉ. ૧૫૨ સમ્યક્ત્વ થાય ત્યારથી વીતરાગ વાણીની શરૂઆત થાય.

પ્ર. ૧૫૩ સ્યાદવાદ વાણી કોને કહેવાય ?

ઉ. ૧૫૩ કોઈનાય અભિપ્રાયને, કોઈનાય વિચારને નુકશાન ના કરે અને સંપૂર્ણ નિરાગ્રહી વાણી હોય તે જ સ્યાદવાદ વાણી કહેવાય. જે વાણી મીઠી અને મનોહર હોય તથા જેનાથી કોઈનુંય પણ પ્રમાણ ના દુભાય એવી વાણી તે સ્યાદવાદ વાણી કહેવાય. આત્માને સ્થિર કરાવે તે સ્યાદવાદ વાણી. સ્યાદવાદ વાણી એટલે કે જે દરેક સંપ્રદાયની વ્યક્તિને માન્ય (સ્વીકાર્ય) હોય. સ્યાદવાદ વાણી એટલે વીતરાગની વાણી. કોઈપણ ધર્મનું પ્રમાણ ના દુભાય એનું નામ સ્યાદવાદ વાણી. સ્યાદવાદ વાણી સંપૂર્ણ હોય. દરેકની પ્રકૃતિ જુદી-જુદી હોય છતાં જે વાણી કોઈનીય પ્રકૃતિને હરકત ના કરે તેવી વાણી ને સ્યાદવાદ વાણી કહેવાય. કોઈનાયે સત્યનું પ્રમાણ ના દુભાય એનું નામ સ્યાદવાદ વાણી કહેવાય. જે વાત કોઈને એટેક ના કરે અને આપણું કામ કાઢે એ સ્યાદવાદ વાણી કહેવાય. જે વાણીને પ્રમાણ માનવામાં આવે તે સ્યાદવાદ વાણી. સ્યાદવાદ વાણી એટલે વાદી અને પ્રતિવાદી બંને કબૂલ કરે તે. પક્ષાપક્ષથી રહિત વાણી, સત્યાસત્યથી રહિત વાણી અને કોઈનાય પરિણામ ન બદલાય તેવી વાણી તે સ્યાદવાદ વાણી.

પ્ર. ૧૪૨ વાણીને રેકર્ડ છે એમ કહેવાય ?

ઉ. ૧૪૨ આ રેકર્ડ છે કારણ કે હું બોલતો નથી. આ રેકર્ડ કોનું નામ કહેવાય કે જેને સારું બોલે તેનો જશ જોઈતો નથી કે ખોટું બોલે તેનો અપજશ જોઈતો નથી ત્યારે રેકર્ડ કહેવાય. વાણી રેકર્ડ છે એમ ત્યારે જ બોલી શકાય કે જ્યારે મોંઢા ઉપર ભાવાભાવ ના દેખાય. જેને વાણીનું માલિકીપણું કે વાણીનો માલિકી ભાવ ઉડી ગયો તે રેકર્ડ છે એમ બોલી શકે.

પ્ર. ૧૪૩ કોની વાણી રૂપાળી નીકળે ?

ઉ. ૧૪૩ જેનું મન રૂપાળું તેનું બધું જ રૂપાળું, જો મન રૂપાળું હોય તો વાણી રૂપાળી જ નીકળે.

પ્ર. ૧૪૪ નિરાગ્રહી વાણી ક્યારે નીકળે ?

ઉ. ૧૪૪ વ્યવસ્થિતનું જ્ઞાન પૂરેપૂરું સમજાઈ જાય પછી તો મનનું સ્પંદન ઉભુ ના થાય અને તે પછી નિરાગ્રહી વાણી નીકળે.

પ્ર. ૧૪૫ સાહજિક વાણી એટલે શું ?

ઉ. ૧૪૫ સાહજિક વાણી એટલે જેમાં કિંચિત્માત્ર પણ અહંકાર ના હોય તે. વાણી જ્યારે ટેપરેકર્ડ બોલે છે એમ થાય ત્યારે સહજ વાણી થાય. આ વાણીનો હું એક સેકંડ પણ માલિક થતો નથી એટલે અમારી વાણી એ સાહજિક વાણી છે.

પ્ર. ૧૪૬ નિર્વિવાદ વાણી કોને કહેવાય ?

ઉ. ૧૪૬ પોતાનો આત્મા કબૂલ કરે એ જ નિર્વિવાદ વાણી. વાદી અને પ્રતિવાદી બંને કબૂલ કરે એ નિર્વિવાદી વાણી કહેવાય.

પ્ર. ૧૪૭ અપૂર્વ વાણી કોને કહેવાય ?

ઉ. ૧૪૭ પૂર્વે ક્યારેય પણ ન સાંભળી હોય, કોઈ દહાડો વાંચી ના હોય, એ બધી અપૂર્વવાણી. જે વાણીના સ્પંદનેય ના થાય તે અપૂર્વવાણી કહેવાય.

પ્ર. ૧૪૮ સ્પષ્ટ વાણી કોણ બોલી શકે ?

ઉ. ૧૪૮ જેમનામાં કંઈપણ ભિખારીપણું નથી તે પુરુષ સ્પષ્ટ વાણી બોલી શકે.

પ્ર. ૧૪૯ વીતરાગ વાણી કોને કહેવાય ?

ઉ. ૧૪૯ વાદી કબૂલ કરે, પ્રતિવાદી કબૂલ કરે, પ્રમાણ ગણવામાં આવે છે, તેને વીતરાગ વાણી કહેવાય. કોઈપણ પ્રકારના રાગ કે દ્વેષ વગરની વાણી

વીતરાંગ વાણી કહેવાય. સંપૂર્ણ રીતે સામાનું કલ્યાણ કેમ કરીને થાય એ ભાવવાળી વાણી તે જ વીતરાગ વાણી. જે વાણી કલાક જ ધ્યાન પૂર્વક સાંભળે તો સમકિત થઈ જાય તેનું નામ વીતરાગ વાણી. પોતાનો આત્મા કબૂલ કરે જ એ વીતરાગ વાણી કહેવાય. વીતરાગ વાણી એટલે દરેક ધર્મનાં લોકો એને કબૂલ કરે. વીતરાગ વાણી આત્મરંજન કરાવનારી હોય. વીતરાગ વાણી સાંભળતા જ તદ્દન નવી લાગે, અપૂર્વ લાગે. નિષ્પક્ષપાતી વાણી તે વીતરાગ વાણી.

પ્ર. ૧૫૦ કોની વાણી અંશ વીતરાગી કહેવાય ?

ઉ. ૧૫૦ પોતાના હિતાહિતનું ભાન વધતું જાય તેની વાણી અંશ વીતરાગી કહેવાય જે વાણીને બધા કબૂલ કરે તેને અંશ વીતરાગી વાણી કહેવાય.

પ્ર. ૧૫૧ વીતરાગ વાણી ક્યારે નીકળે ?

ઉ. ૧૫૧ કોઈપણ પ્રકારનો રોગ હોય ત્યાં સુધી વીતરાગ વાણી નીકળે જ નહિ.

પ્ર. ૧૫૨ વીતરાગ વાણીની શરૂઆત ક્યારે થાય ?

ઉ. ૧૫૨ સમ્યક્ત્વ થાય ત્યારથી વીતરાગ વાણીની શરૂઆત થાય.

પ્ર. ૧૫૩ સ્યાદવાદ વાણી કોને કહેવાય ?

ઉ. ૧૫૩ કોઈનાય અભિપ્રાયને, કોઈનાય વિચારને નુકશાન ના કરે અને સંપૂર્ણ નિરાગ્રહી વાણી હોય તે જ સ્યાદવાદ વાણી કહેવાય. જે વાણી મીઠી અને મનોહર હોય તથા જેનાથી કોઈનુંય પણ પ્રમાણ ના દુભાય એવી વાણી તે સ્યાદવાદ વાણી કહેવાય. આત્માને સ્થિર કરાવે તે સ્યાદવાદ વાણી. સ્યાદવાદ વાણી એટલે કે જે દરેક સંપ્રદાયની વ્યક્તિને માન્ય (સ્વીકાર્ય) હોય. સ્યાદવાદ વાણી એટલે વીતરાગની વાણી. કોઈપણ ધર્મનું પ્રમાણ ના દુભાય એનું નામ સ્યાદવાદ વાણી. સ્યાદવાદ વાણી સંપૂર્ણ હોય. દરેકની પ્રકૃતિ જુદી-જુદી હોય છતાં જે વાણી કોઈનીય પ્રકૃતિને હરકત ના કરે તેવી વાણી ને સ્યાદવાદ વાણી કહેવાય. કોઈનાયે સત્યનું પ્રમાણ ના દુભાય એનું નામ સ્યાદવાદ વાણી કહેવાય. જે વાત કોઈને એટેક ના કરે અને આપણું કામ કાઢે એ સ્યાદવાદ વાણી કહેવાય. જે વાણીને પ્રમાણ માનવામાં આવે તે સ્યાદવાદ વાણી. સ્યાદવાદ વાણી એટલે વાદી અને પ્રતિવાદી બંને કબૂલ કરે તે. પક્ષાપક્ષથી રહિત વાણી, સત્યાસત્યથી રહિત વાણી અને કોઈનાય પરિણામ ન બદલાય તેવી વાણી તે સ્યાદવાદ વાણી.

અહીં આગળ બધી જ જ્ઞાતિના આવ્યા હોય, અભણ, ભણેલાં પણ કોઈનાંય પ્રમાણ ના દુભાય એનું નામ સ્યાદવાદ વાણી. એ સાંભળ સાંભળ કરવાનું મન થાય અને અંદર પાપના પૂંજ ભસ્મીભૂત કરી નાંખે તે સ્યાદવાદ વાણી. સ્યાદવાદ વાણી એટલે નિરાગ્રહી વાણી. કોઈપણ ધર્મનું તેમજ અધર્મનું પણ પ્રમાણ ના દુભાય એવી વાણીને સ્યાદવાદ વાણી કહેવાય. સ્યાદવાદ વાણી એ અનેકાંત કહેવાય. સ્યાદવાદ વાણી એનું નામ કે દરેક ધર્મવાળા ખુશ થઈને સાંભળે, બધાંને ગમે, વિધવાઓને ગમે, ગુજરાતી ભણ્યાં નથી તેમનેય ગમે, દોઢ વર્ષના બાળકનેય ગમે, ભલે સમજતો નથી તેનેય ગમે તથા દરેકને હિતકારી થઈ પડે તેનું નામ સ્યાદવાદ વાણી. જે આત્મરંજન કરે તે સ્યાદવાદ વાણી.

પ્ર. ૧૫૪ સ્યાદવાદ વાણીનો ઉદય ક્યારે થાય ?

ઉ. ૧૫૪ સર્વ કર્મોનો ક્ષય થાય, કષાય નિર્મૂળ થાય, આખું વીતરાગ વિજ્ઞાન હાજર થાય, આત્માનો સ્પષ્ટ અનુભવ થાય, અહંકારની ભૂમિકાનો અંત આવે, તથા જગત આખું નિર્દોષ દેખાય ત્યારે સ્યાદવાદ વાણીનો ભવ્ય ઉદય થાય છે. સ્યાદવાદ વાણી ના નીકળે ત્યાં સુધી મોક્ષમાર્ગમાં ઉપદેશ આપવો એ ભયંકર જોખમદારી છે.

પ્ર. ૧૫૫ સ્યાદવાદ વાણી ક્યારે ઉત્પન્ન થાય ?

ઉ. ૧૫૫ અહંકારની ભૂમિકા પૂરી થાય અને જગત આખું નિર્દોષ દેખાય ત્યારે સ્યાદવાદ વાણી ઉત્પન્ન થાય.

પ્ર. ૧૫૬ સ્યાદવાદ વાણી ક્યારે નીકળશે ?

ઉ. ૧૫૬ વ્યવહાર શુદ્ધિ વગર સ્યાદવાદ વાણી નીકળે નહીં. વિષયનું એકપણ પરમાણું હશે ત્યાં સુધી સ્યાદવાદ વાણી નીકળશે નહીં. બધા જ કર્મોનો ક્ષય થાય તથા ક્રોધ, માન, માયા, લોભનો ક્ષય થાય ત્યારે સ્યાદવાદ વાણી નીકળે. નિર્ગ્રંથ થાય ત્યારે સ્યાદવાદ વાણી નીકળે.

પ્ર. ૧૫૭ સ્યાદવાદ એટલે શું ?

ઉ. ૧૫૭ બધાં જ સાચા છે, બધાંનું પ્રમાણ સાચું છે, બધાં જ ધર્મો સાચા છે તેમ જે કહે તે સ્યાદવાદ. સ્યાદવાદ એટલે કોઈપણ ધર્મનું પ્રમાણ ના દુભવે, કોઈપણ ધર્મની ડિરેક્ટ ભૂલ ના દેખાડે, સાપેક્ષ-નિરપેક્ષ બંને ને એકસેપ્ટ કરે તેનું નામ સ્યાદવાદ. સ્યાદવાદ શું કહે છે કે પોતાનું જે કઈ પદ હોય તે ભૂલીને સામાની

વાત સાંભળજે. સ્યાદવાદનો અર્થ એવો કે બધાં કયા ભાવથી, કયા વ્યૂ પોઈન્ટથી કહે છે એ આપણે જાણવું જોઈએ. ટૂંકમાં જે દરેકનું સ્વીકાર કરે એનું નામ સ્યાદવાદ. સામાનો વ્યૂ પોઈન્ટ સમજીને તેને દુઃખ ના થાય એવી રીતે વ્યવહાર કરવો એ સ્યાદવાદ કહેવાય. સ્યાદવાદ એ રીયલ-રીલેટિવ છે. સ્યાદવાદ એટલે દરેક ખૂણાંને, દરેક ધર્મને ધ્યાનમાં રાખી વાત કરવી એટલે ત્રણસો સાઇઠ ડિગ્રીના ધર્મો જે છે એ બધાંને કોઈને હરકત ના થાય, કોઈને દુઃખ ના થાય એવી રીતે વાત કરવી તે સ્યાદવાદ. કોઈનુંય દૃષ્ટિબિંદુ કે પ્રમાણ ન દુભાય તે સ્યાદવાદ. સ્યાદવાદ એટલે કોઇના વિચારને સહેજપણ નુકશાન ન કરે તે. સ્યાદવાદ એટલે કોઇનીય જોડે સહેજે મતભેદ નહીં. તમારુંય કરેક્ટ છે, આમનુંય કરેક્ટ છે પેલાનુંય કરેક્ટ છે. કંઇ દૃષ્ટિએ કરેક્ટ છે તે પાછું બધું જાણે તોજ સ્યાદવાદ કહેવાય. જયારથી માલિકી વગરની વાણી થાય ત્યારથી સ્યાદવાદ કહેવાય. કોઇનાય વ્યૂ પોઇન્ટને ખોટો ના કહે સર્વ વ્યૂ પોઇન્ટને માન્ય કરે તે સ્યાદવાદ. ચલાવનાર ચલાવે છે, ચેતવનારો ચેતવે છે, ચેતનાર ચેતે છે અને જાણનારો જાણે છે આ બધાને AT A TIME એકી વખતે જાણે તે સ્યાદવાદ. જેના એક અક્ષરથી કોઇ જીવનું પ્રમાણ ન દુભાય તે સ્યાદવાદ કહેવાય. નિરાગ્રહી છીએ એવોય આગ્રહ નહીં તેનું નામ સ્યાદવાદ કહેવાય. કોઇનુંય ખંડન-મંડન ના કરે, પક્ષા-પક્ષી ના હોય તેનું નામ સ્યાદવાદ કહેવાય.

પ્ર. ૧૫૮ અનેકાંત એટલે શું ?

ઉ. ૧૫૮ અનેકાંત એટલે નિરાગ્રહી. અનેકાંત એટલે બાંધેલુ સત્ય નહીં પણ સર્વાંશ સત્ય. અનેકાંત એટલે એકાંતિક નહીં એવું. અનેકાંત એટલે વાસ્તવિક. અનેકાંત એટલે કોઇપણ પ્રકારનો આગ્રહ નહીં તે. આ અપેક્ષાએ આયે સત્ય છે અને આ અપેક્ષાએ આય સત્ય છે બંનેને સ્વીકારે, દરેક સત્યને સ્વીકારે. ભગવાન અનેકાંત હતા, અનેકાંત એટલે બધાને ગમે. અનેકાંત એટલે કે કોઇપણ માણસને વાણી જુદી ના લાગે, ખરાબ ના લાગે અને બધાં ભાવવાળા હોય એટલે દરેકને પોત પોતાના ભાવનું મળી જાય.

પ્ર. ૧૫૯ સ્યાદવાદ અને અનેકાંતમાં ફેર શું ?

ઉ. ૧૫૯ સ્યાદવાદ એ વચન ઉપર આધાર રાખે છે અને અનેકાંત એ આગ્રહ ઉપર આધાર રાખે છે. એકાંતિક એટલે આગ્રહ અને અનેકાંત એટલે આગ્રહ રહિત. અનેકાંત એ વ્યૂ પોઇન્ટ ઉપર છે જયારે સ્યાદવાદ એ વાણી ઉપર છે.

પ્ર. ૧૬૦ વાત કેટલા પ્રકારની હોય છે ?

ઉ. ૧૬૦ વાત બે પ્રકારની હોય છે એક સદોષ અને બીજી નિર્દોષ. ભોજન કથા, દેશ કથા, સ્ત્રી કથા અને રાજ કથા એ સદોષ વાત છે. સદોષ વાતમાં મુનિઓ પડતા નથી પરંતુ જે વાતથી જ્ઞાનની વૃદ્ધિ થાય, શ્રદ્ધાની પુષ્ટિ થાય, સદાચારનો વિકાસ થાય તેવી વાત નિર્દોષ છે. નિર્દોષ વાત મુનિઓની સાધનામાં બાધક થતી નથી આટલું લક્ષમાં રાખીને તમારે જે વાત કરવી હોય તે કરી શકો છો. જિજ્ઞાસુઓને સત્ય વસ્તુઓની સમજ આપવી એ પણ અમારી સાધનાનો જ એક ભાગ છે તેથી અમારી સાધનાનો ભંગ થતો નથી અને તારા જેવા તત્ત્વશોધક આ હકીકતમાંથી યોગ્ય માર્ગદર્શન ન મેળવે એમ હું માનતો નથી એટલે વ્યતિત કરેલા સમય માટે મને સંતોષ છે. (શ્રેણિક રાજા અને મુનિ વચ્ચે થયેલી આ વાત છે) શ્રેણિકને સમકિત પ્રાપ્તિ થઇ તેનો યશ એક નિર્ગ્રંથ મુનિને ફાળે જાય છે.

પ્ર. ૧૬૧ સાચી વાત કોને કહેવાય ?

ઉ. ૧૬૧ સાચી વાત હિંસક ના હોવી જોઇએ. સાચી વાત સંસારમાં બોલવી એ ગુનો છે અને સાચી વાત હોતી જ નથી. કોઇ માણસ સાચું બોલી શકતો જ નથી જુઠું જ બોલે છે. સાચું તો એને કહેવાય કે સામો માણસ કબૂલ કરે તે. ખરેખર કોઇ વાત સાચી તો હોતી જ નથી પણ પોતાની સમજણનું સત્ય માનેલું છે.

પ્ર. ૧૬૨ હૃદયપૂર્વકની વાત એટલે શું ?

ઉ. ૧૬૨ હૃદયપૂર્વકની વાત એટલે મન, વચન, કાયાની એકતા વાળી વાત. હાર્ટ એટલે વિકલ્પો બંધ કરવાનું સાધન. હાર્ટીલી મોક્ષે જાય. હાર્ટની વાત હેલ્પ કરે. હાર્ટની વાત આપણને નિવેડો લાવી આપે.

પ્ર. ૧૬૩ જ્ઞાની પુરુષની વાત કેવી કહેવાય ?

ઉ. ૧૬૩ જ્ઞાની પુરુષની વાત ત્રિકાળ સિદ્ધ વાત કહેવાય એ એક ફેરો બોલ્યા હોયને તે તીર્થંકરોય એજ કહેતા હોય.

પ્ર. ૧૬૪ ક્યાં સુધી સાચી વાત ના નીકળે ?

ઉ. ૧૬૪ ૧. જયાં સુધી સાંસારિક કંઇ પણ ઘાટ છે ત્યાં સુધી સાચી વાત કોઇ દિવસ ના નીકળે.

૨. જયાં સુધી વાણીમાં તંત છે, તાંતો છે, ખેંચ છે, ત્યાં સુધી અસરવાળી વાણી ના નીકળે.

૩. જયાં સુધી ડિસ્ચાર્જ અંહકાર નિર્મૂળ થયો નથી ત્યાં સુધી વાણીમાં પ્રભાવ ના આવે.

૪. જયાં સુધી કિંચિત્માત્ર પણ હરીફાઇ છે ત્યાં સુધી પર્સનાલીટી ના પડે અને તેથી વાણી પ્રભાવિત ના હોય

૫. જયાં સુધી વિષયના વિચાર આવે છે ત્યાં સુધી વાણીમાં પ્રભાવ ના આવે.

૬. જયાં સુધી વાણીનો કે શબ્દોનો દુરુપયોગ થાય છે ત્યાં સુધી વાણીમાં પ્રભાવ ના આવે.

પ્ર. ૧૬૫ વાણી કેવી હોવી જોઇએ ?

ઉ. ૧૬૫ મરેલો માણસ સજીવન થાય તેવી વાણી હોવી જોઇએ.

પ્ર. ૧૬૬ જ્ઞાનીની વાણી કેવી હોય ?

ઉ. ૧૬૬ જ્ઞાનીની વાણી એ પ્રત્યક્ષ સરસ્વતી હોય. મિથ્યાત્વને તોડી નાખે તેવી વાણી હોય. જે વાણી ક્યારેય પાછી ના ફેંકાય તેવી અલૌકિક વાણી હોય. જ્ઞાનીની વાણીમાં મુખ્ય બે ગુણ હોય. ૧. જગતની વિસ્મૃતી કરાવે. ૨. આત્મા ઉપરના આવરણો દૂર કરે. જ્ઞાનીની વાણીમાં એવું ગજબનાક વચનબળ હોય કે શબ્દ સાંભળતાં જ પાપ ધોવાઈ જાય. જ્ઞાનીની વાણી માલિકી વગરની તથા જગતના તમામ દુઃખોનો ક્ષય કરનારી હોય. જ્ઞાનીની વાણી રીયલ-રીલેટિવ હોય.

પ્ર. ૧૬૭ પ્રત્યક્ષ સરસ્વતી કોને કહેવાય ?

ઉ. ૧૬૭ જે વાણીમાં એક અંશ પણ ઈગોઈઝમ ના હોય તેને પ્રત્યક્ષ સરસ્વતી કહેવાય. જે વાણી બધાનો આત્મા કબૂલ કરે તે પ્રત્યક્ષ સરસ્વતી કહેવાય. માલિકી વગરની વાણીને પ્રત્યક્ષ સરસ્વતી કહેવાય.

પ્ર. ૧૬૮ બ્રહ્મ વાક્ય કોને કહેવાય ?

ઉ. ૧૬૮ શબ્દ છેકી ન શકાય તેનું નામ બ્રહ્મ વાક્ય.

પ્ર. ૧૬૯ વાણી સ્વાતંત્ર એટલે શું ?

ઉ. ૧૬૯ વાણી સ્વાતંત્ર એટલે દ્વેષ રહિત વાત કરવી તે.

પ્ર. ૧૭૦ આ જગતમાં કોનું વાક્ય સ્વીકારવા જેવું છે ?

ઉ. ૧૭૦ આ જગતમાં કોઈનું પણ એક વાક્ય સ્વીકારવા જેવું હોય તો તે વીતરાગનું. બીજો કોઈ એવો માણસ નથી કે જેનું એક પણ વાક્ય

સ્વીકારવા જેવું હોય. વીતરાગનું વાક્ય સ્વીકારવા જેવું છે કારણકે તે વાદી અને પ્રતિવાદી બંને કબૂલ કરે તેવું હોય છે.

પ્ર. ૧૭૧ કોની વાણી સાંભળવી ?

ઉ. ૧૭૧ આ જગતમાં જેને માન-અપમાન સમ થયું હોય તેની જ વાણી સાંભળજો.

પ્ર. ૧૭૨ ૐ શબ્દ શું છે ?

ઉ. ૧૭૨ ૐ કારમાં બહુ સત્ય રહેલું છે. સૂક્ષ્મ રીતે જ્ઞાની પુરુષ એ ૐ કહેવાય. જેણે આત્મા પ્રાપ્ત કર્યો છે, એવા સત્ પુરુષથી માંડીને પૂર્ણાહુતિ સ્વરૂપ થયેલા તમામ મહાત્માઓને ૐ સ્વરૂપ કહેવાય. ૐ બોલે તોય પંચ પરમેષ્ટિ ભગવંતોને નમસ્કાર પહોચે છે. ૐ કારમાં જે સત્ય રહેલુ છે, તે વિકલ્પી સત્ય છે, છતાં એ વિકલ્પી સત્ય નિર્વિકલ્પી તરફ લઈ જાય એવું છે.

પ્ર. ૧૭૩ શબ્દ બ્રહ્મ શું છે ?

ઉ. ૧૭૩ શબ્દ બ્રહ્મ એટલે શું કે કાનને રણકાર થાય એમાં આપણને શો સ્વાદ આવે ! એટલે યથાર્થ બ્રહ્મ જોઈશે. એવા તો બધા બહુ બ્રહ્મ છે. શબ્દ બ્રહ્મ, નાદ બ્રહ્મ, પણ યથાર્થ આત્મા જોઈશે જે અગમ્ય છે. આત્મા શાસ્ત્રમાં ઉતરી શકે એવો છે નહીં, તે અવર્ણનીય છે, અવકતવ્ય છે. જયાં શબ્દ પણ પહોંચી શકે નહીં, જયાં દૃષ્ટિ પણ પહોંચી શકે નહીં ત્યાં આત્મા છે અને નિર્લેપ ભાવે રહેલો છે, અસંગ જ ભાવે રહેલો છે. શબ્દ બ્રહ્મ એ મોક્ષ માર્ગે જતાં વચલું સ્ટેશન છે. એ કંઈ બહુ મોટી વસ્તુ નથી, એ કંઈ આત્મા પ્રાપ્ત થયો ન કહેવાય. આત્મા તો પ્રાપ્ત થયા પછી જાય નહીં એનું નામ આત્મા. એક ક્ષણ આઘો - પાછો ના થાય એનું નામ આત્મા.

પ્ર. ૧૭૪ નાદ બ્રહ્મ એટલે શું ? તે ક્યારે સંભળાય ?

ઉ. ૧૭૪ નાદ બ્રહ્મ એ આત્મા નથી, એ તો એક જાતના વાજાં વાગે છે, એકાગ્રતા કરવાનું સાધન છે, એથી આગળ આત્મા તો બહુ છેટો છે. નાદ બ્રહ્મ તો બીજું બધું સાંભળવાનું બંધ કરી દો તો સંભળાય. આ કાનમાં બીજું બધું ના સાંભળે તો નાદ બ્રહ્મ સંભળાય. બીજું જાત જાતનું સાંભળવાની ઈચ્છાઓ બધી બહુ છે, આ જાણવું છે, તે જાણવું છે. આ સાંભળવુ છે, ને તે સાંભળવુ છે, કોઈ નકામી વાતો કરવા બેઠો છે કે તરત પૂછશે કે શું થયું ? કેમ થયું ? હવે નાદ બ્રહ્મ તો આવી બધી ઈચ્છાઓ પૂરી થાય ત્યારે નાદ

બ્રહ્મ સહેજે સંભળાય. એ તો સહજ સ્વભાવ છે. નાદ બ્રહ્મમાં એકાગ્રતા ઉત્પન્ન થાય છે. ટૂંકમાં નાદ બ્રહ્મ એ એકાગ્રતા ઉત્પન્ન કરવાનું સાધન છે, તેનાથી બહું સરસ એકાગ્રતા ઉત્પન્ન થાય છે.

પ્ર. ૧૭૫ નાદ બ્રહ્મની કક્ષા સાથે અધ્યાત્મ વિકાસને કોઈ સબંધ ખરો ?

ઉ. ૧૭૫ હા, ખરો ને. અધ્યાત્મ વિકાસને માટે એકાગ્રતા જોઈએ અને એકાગ્રતા આ નાદ બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે. એકાગ્રતા ઉત્પન્ન થાય તો અધ્યાત્મ શરૂ થાય નહીં તો અધ્યાત્મ કંઈ શરૂ થાય નહીં ને ! બાકી આત્મા તો આ બધી વસ્તુઓથી બહુ છેટો (દૂર) છે.

પ્ર. ૧૭૬ અનાહત નાદ એટલે શું ?

ઉ. ૧૭૬ શરીરમાં કોઈપણ ભાગનો નાદ પકડી લે છે તે હાર્ટ પાસે, કોણી પાસે, કાંડા પાસે, નાદ આવે એ નાદને અનાહત નાદ કહેવાય છે. અનાહત નાદથી એકાગ્રતા થાય અને એમાંથી આગળ વધે પરંતુ તે મોક્ષમાર્ગ ન હોય એ તો પૌદ્ગલિક છે. આ શરીરમાં કોઈપણ જગ્યાએ ધબકારા થાય ત્યાં આગળ ચિત્ત એકાગ્ર થઈ જાય તે અનાહત-નાદ છે.

પ્ર. ૧૭૭ કયું વાક્ય જ્ઞાનીની દશામાં રાખે તેવું છે ?

ઉ. ૧૭૭ ''અવસ્થા માત્ર કુદરતી રચના છે જેનો કોઈ બાપોય રચનાર નથી અને તે વ્યસ્થિત જ છે'' આ એક જ વાક્યની આખો દહાડો આરાધના કરે તો જ્ઞાનીની દશામાં આવી જવાય તેમ છે.

પ્ર. ૧૭૮ શું બોલવાથી કર્તાપણું રહેતું નથી ?

ઉ. ૧૭૮ ''અવસ્થા માત્ર કુદરતી રચના છે'' તે બોલવાથી કર્તાપણું રહેતું નથી. જ્યાં સુધી ''હું શુદ્ધાત્મા છું'' તે લક્ષ રહે ત્યાં સુધી કર્તાપણું ના રહે.

પ્ર. ૧૭૯ પ્રતિકુળ અવસ્થા આવે ત્યારે શું બોલવું ?

ઉ. ૧૭૯ ''અવસ્થા માત્ર કુદરતી રચના છે તેનો કોઈ બાપોય રચનાર નથી અને તે વ્યવસ્થિત જ છે'' તેમ બોલવું. આ પ્રમાણે બોલવાથી ડીપ્રેસ નહીં થવાય.

પ્ર. ૧૮૦ વેદના થાય ત્યારે શું બોલવું ?

ઉ. ૧૮૦ હું નિર્વેદક છું. મચ્છર કરડે તો બોલવું કે હુ નિર્વેદક છું.

પ્ર. ૧૮૧ કયું વાક્ય એવું છે કે જે બોલે તો વૈરાગ્ય આવે ?

ઉ. ૧૮૧ "All these are Relative and Temperory adjustments" આટલું બોલે તો વૈરાગ્ય આવે.

પ્ર. ૧૮૨ કયા વાક્યમાં મહાવીર બની જાય તેટલું બળ છે ?

ઉ. ૧૮૨ ''અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થામાં હું સંપૂર્ણ શુદ્ધ છું સર્વાંગ શુદ્ધ છું'' આ જ્ઞાનીના વાક્યમાં એટલું બધુ બળ છે કે બોલતાની સાથે જ સંપૂર્ણ મહાવીર પદ પ્રાપ્ત થઈ જાય.

પ્ર. ૧૮૩ કયા વાક્યમાં જગતનાં તમામ શાસ્ત્રોનાં જ્ઞાન આવી ગયા ?

ઉ. ૧૮૩ ''પ્રાપ્ત સંયોગોનો સુમેળ રાખીને સમતાથી નિકાલ કરવો'' આ એકજ વાક્યમાં જગતના તમામે તમામ શાસ્ત્રોનાં જ્ઞાન આવી ગયા છે.

પ્ર. ૧૮૪ કયા બે વાક્યમાં તીર્થંકરોનું આખું જ્ઞાન સમાયેલું છે ?

ઉ. ૧૮૪ પચ્ચીસ પ્રકારનાં મોહ ચાર્જ થાય છે અને પચ્ચીસ પ્રકારના મોહ ડિસ્ચાર્જ થાય છે. ભગવાન કહે છે કે જા ડિસ્ચાર્જ થાય છે તેની જોખમદારી અમારી પણ ચાર્જ ના થવા દઈશ. દાદા ભગવાન મળ્યા પછી ચાર્જ નહીં થાય આ બે વાક્યોમાં ચોવીસ તીર્થંકરોનું આખું વિજ્ઞાન સમાયેલું છે.

પ્ર. ૧૮૫ કયાં વાક્યમાં પિસતાલીસ આગમો આવી જાય છે ?

ઉ. ૧૮૫ ''અવસ્થા માત્ર કુદરતી રચના છે જેનો કોઈ બાપોય રચનાર નથી અને તે વ્યવસ્થિત જ છે'' આ વાક્યમાં પિસતાલીસ આગમો સમાઇ જાય છે.

પ્ર. ૧૮૬ કયાં ત્રણ વાક્યો મોક્ષે જનાર પાસે હોય જ નહીં ?

ઉ. ૧૮૬ હું કરું છું, તે કરે છે અને તું કરું છું એ ત્રણ વાક્યો મોક્ષે જનાર પાસે હોય જ નહીં.

પ્ર. ૧૮૭ શું બોલવાનું દાદા પાસે ?

ઉ. ૧૮૭ હે દાદા ભગવાન કોઈપણ જીવ માત્રની હાનિ ન થાઓ, એટલું બોલજો. છતાં થઈ જાય તો બોલજો કે હે દાદા હાનિ ન્હોતી કરવી છતાં થઈ ગઈ કે થઈ જાય છે તો તેની ક્ષમા માંગું છું અને ફરી ન થાય તેવી શક્તિ આપજો.

પ્ર. ૧૮૮ જ્ઞાન પછી બોલતી વખતે શું ધ્યાન રાખવું ?

ઉ. ૧૮૮ અમારી ગેરહાજરીમાં સત્સંગ કરવો પણ સત્સંગની વાતો ના કરવી. ખાલી પોતાના જ અનુભવ કહેવાની છૂટ છે તે સિવાયની વાત ના કરવી. આ તો ગર્વરસ ચાખી ગયા છે તે ઠોકાઠોક કરે પણ જ્ઞાનનો તો એકપણ શબ્દ જ ના બોલાય. આ તો ગાદી ખોટી દેખાય અને ઉલ્ટાની બુદ્ધિથી તો વીતંડાવાદ થાય. જ્ઞાનીપુરુષ પોતે તો જ્ઞાનમાં જોઇને બોલે તમારાથી તો જ્ઞાનનો શબ્દ જ ના બોલાય. માત્ર પોતાનો અનુભવ કહેવાની છૂટ છે.

પ્ર. ૧૮૯ પરમશ્રુત એટલે શું ?

ઉ. ૧૮૯ જ્યાં અને ત્યાં બધું જ ફોડ પડી જાય તે પરમશ્રુત કહેવાય.

પ્ર. ૧૯૦ વાણી સાંભળતાની સાથે અંદર જે ફોડ પડે છે એ કોણ ?

ઉ. ૧૯૦ એ અહંકાર અને બુદ્ધિ એ બેની ભેગી શક્તિ ઘણી છે તે એક મિનિટમાં કેટલાય ફોડ પડે.

પ્ર. ૧૯૧ બોલતું ઉપનીષદ કોને કહેવાય ?

ઉ. ૧૯૧ કોઈપણ જાતની સીક્રસી ના હોય ત્યારે બોલતું ઉપનીષદ કહેવાય.

પ્ર. ૧૯૨ મહાવ્રત શેમાં આવી જાય ?

ઉ. ૧૯૨ આ બોલ (વાણી) જ એક એવી વસ્તુ છે કે એ જો સચવાઈ જાય તો બધાં જ મહાવ્રત આવી જાય. બોલ એ તો લક્ષ્મી છે તેને તો ગણી-ગણીને વાપરવી જોઈએ. આ શબ્દો ના હોત તો મોક્ષ તો સહેજા સહેજ છે. આ કાળમાં વાણીથી જ બંધન છે. બોલવું જો બંધ થઈ જાય તો ભાવ બંધ થઈ જાય અને ભાવ બંધ થઈ જાય તો ભવ બંધ થઈ જાય. આ ભવ એ તો બોલવા પાછળનો પડઘો છે.

પ્ર. ૧૯૩ કયા બે વાક્યો વ્યવહારને પૂર્ણાહૂતિ આપે એવા છે ?

ઉ. ૧૯૩ ફાઈલોનો સમભાવે નિકાલ કરવો અને વ્યવસ્થિત છે આ બે વાક્યો વ્યવહારને પૂર્ણાહૂતિ આપે એવા છે.

પ્ર. ૧૯૪ ગાવાની કળા કોને સુંદર આવડે ?

ઉ. ૧૯૪ જળ અને સૂક્ષ્મ તેજ તત્ત્વ જેનામાં વધારે હોય તેનામાં ગાવાની પ્રકૃત્તિ સુંદર હોય.

પ્ર. ૧૯૫ શબ્દો ક્યારે પ્યોર થાય ?

ઉ. ૧૯૫ અહંકાર જેટલો શુદ્ધ થાય તથા આત્મા જેટલો શુદ્ધ થાય એટલે કે આત્મા જેટલો નિરાવરણ થાય તેટલા શબ્દો પ્યોર થાય.

પ્ર. ૧૯૬ અવાજ કોનો જોશભેર નીકળે ?

ઉ. ૧૯૬ કેટલી પુણ્યૈ હોય ત્યારે અવાજ જોશભેર નીકળે. પુણ્યૈવાળામાં જોશભેર હવાના પરમાણું હોય. મારો અવાજ તો છત ઊંચી નીચી કરી નાંખે તેવો હતો, એમ પૂજ્ય દાદાશ્રી કહેતા હતા.

પ્ર. ૧૯૭ દસ પ્રકારના અપ્રિય વચનો સમજાવો.

ઉ. ૧૯૭ ૧. ''તું મુર્ખ છે,'' આખલો છે, ઢોર છે, હે મૂર્ખ ! તું શું સમજે ઈત્યાદિ કર્કશ ભાષા છે.

૨. ''તું કજાત, હલકી વર્ણનો છે, અધર્મી છે. મહાપાપી છે અપશુકનિયાળ છે'' ઈત્યાદિ કટુ વચનો છે.

૩. તું ભ્રષ્ટાચારી છે, મહાદુષ્ટ છે ઈત્યાદિ મર્મછેદક પુરુષ ભાષા છે.

૪. ''તારું નાક કાપીશું, તને ડામ દઈશું, તારું માથું કાપીશું તને ખાઈ જઈશું'' ઈત્યાદિ નિષ્ઠુર ભાષા છે.

૫. હે નિર્લજ્જ, વર્ણશંકરા તારી જાત, કુળ, આચારનું ઠેકાણું નથી, જોયું તારું તપ તું કુશીલ છે, લંપટ છે, તારું નામ લેતાં લાજી મરાય એ ઈત્યાદિ પરકોપણી ભાષા છે.

૬. જે વચન સાંભળતા જ સાંધા ગગડી જાય તે મધ્ય કૃષ ભાષા છે.

૭. પોતાના મોંઢે પોતાના ગુણ ગાવા, બીજાનાં દોષ પ્રગટ કરવાં, મદ દર્શાવવાં વચન બોલવા તે અભિમાની ભાષા છે.

૮. શીલ ખંડન કરાવનારી અને બંધાવનારી અનયંકર ભાષા છે.

૯. વીર્ય, શીલગુણ આદિને નિર્મૂળ કરનારી, જૂઠા દોષ કરનારી, જૂઠા આળ ચઢાવનારી છે તે છેદંકર ભાષા છે.

૧૦. જે વચન સાંભળી કાળજે અસહ્ય ઘા લાગી જાય અથવા પ્રાણ છૂટી જાય તે ભૂતવધકર ભાષા છે.

પ્ર. ૧૯૮ વાણીના દોષો કયા કયા તે જણાવો ?

ઉ. ૧૯૮ વાણીના દસ દોષો નીચે મુજબ છે.

૧. **કુવચન દોષ :** કડવું, અપ્રિય કે અસત્ય વચન બોલવા.

૨. **સહસાકાર દોષ :** વગર વિચાર્યે ઉતાવળથી વચન બોલવા.

૩. **સ્વચ્છંદ દોષ :** રાગ-દ્વેષ વધે તેવા ધર્મ-વિરુદ્ધ વચનો બોલવા.

૪. **સંક્ષેપ દોષ :** સૂત્રના પાઠને ટૂંકા કરીને બોલવા.

૫. **કલહ દોષ :** સામાયિકમાં કોઈને ક્લેશ કે કલહ થાય તેવા વચનો કહેવા.

૬. **વિકથા દોષ :** સ્ત્રી કથા, ભોજનકથા, દેશ કથા, રાજ કથા સંબંધી વાત કરવી.

૭. **હાસ્ય દોષ :** હાંસી, મશ્કરી કે કટાક્ષ વચન બોલવા.

૮. અશુદ્ધ દોષ : સૂત્ર પાઠ અશુદ્ધ ઉચ્ચારથી બોલવા.

૯. નિરપેક્ષ દોષ : નિશ્ચયકારી ભાષા બોલવી, તમારું કામ થશે જ.

૧૦. મુણ મુણ દોષ : સ્પષ્ટ ઉચ્ચાર વિના ગુણ ગુણ બોલવું અથવા સામાયિક દરમ્યાન ગણ-ગણ્યા કરવું.

પ્ર. ૧૯૯ "હું શુદ્ધાત્મા છું" એવું કોણ બોલે છે ?

ઉ. ૧૯૯ "હું શુદ્ધાત્મા છું" એવું પ્રજ્ઞા નામની જે શક્તિ ઊભી થયેલી છે તે બોલે છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર જો બોલે તો તો તેનું અસ્તિત્ત્વ જ ઊડી જાય. અજ્ઞા એટલે બુદ્ધિ, એ હંમેશા સંસારમાં ભટાકવી મારે અને પ્રજ્ઞા હમેશાં મોક્ષે લઇ જવા માટે માથાકૂટ કરે આ બેનું સંઘર્ષણ શરીરની અંદર નિરંતર ચાલ્યા કરતું હોય છે.

પ્ર. ૨૦૦ ચાર વેદના ચાર મહાવાક્યો કયા કયા છે ?

ઉ. ૨૦૦ અયમ્ આત્મા બ્રહ્મ, અહં બ્રહ્માસ્મિ, તત્ત્વમસિ, પ્રજ્ઞાનં બ્રહ્મ એ ચાર વેદના ચાર મહાવાક્યો છે.

પ્ર. ૨૦૧ શ્રુતવાણીના અભ્યાસથી આત્મજ્ઞાન થાય ?

ઉ. ૨૦૧ ના ! શ્રુતવાણી એ બધું હેલ્પીંગ કરનાર વસ્તુ છે. શ્રુતવાણીથી ચિત્તની મજબૂતી થાય છે, દહાડે દહાડે ચિત્ત નિર્મળ થતું જાય છે અને ચિત્ત નિર્મળ હોય અને જ્ઞાની પુરુષ મળી જાય તો તે વ્યક્તિ એ જ્ઞાન વધારે સારી રીતે પકડી શકે છે.

પ્ર. ૨૦૨ ખુદાઇ ચમત્કાર એટલે શું ?

ઉ. ૨૦૨ ખુદાઇ ચમત્કાર એટલે શું કે પેલાને ગાળો દેવી હોય તોય એનાથી ના દેવાય. અહીં ગળા સુધી શબ્દ આવે પણ બોલાય જ નહીં. ઘરેથી ખૂબ નક્કી કરીને આવેલો હોય કે આજે તો ખૂબ ગાળો ભાંડી દઉં પણ ત્યાં જાય અને થોડીવાર બેસે પણ અહીં ગળેથી શબ્દ ના બોલાય, તેને ખુદાઇ ચમત્કાર કહેવાય.

પ્ર. ૨૦૩ કોઇને આપણે ગમે તેટલું સમજાવીએ છતાં ન સમજે તો શું કરવું ?

ઉ. ૨૦૩ જ્યાં આપણું બોલેલું ફળતું ના હોય તો આપણે બંધ થઇ જવું જોઇએ, આપણે મૂરખ છીએ, આપણને બોલતા નથી આવડતું માટે બંધ થઇ જવું જોઇએ. આપણું બોલેલું ફળે નહીં અને ઊલટું આપણું મન બગડે, આપણો આત્મા બગડે, આવું કોણ કરે ! એક માણસ સુધારી શકાય એવો આ કાળ નથી અને છતાંય સાચા પ્રેમથી માણસ સુધરી શકે છે.

પ્ર. ૨૦૪ મૃદુ ઋજુ ભાષા એટલે શું ?

ઉ. ૨૦૪ ઋજુ એટલે સરળ હોય અને મૃદુ એટલે નમ્રતાવાળી. અત્યંત નમ્રતાવાળી વાણી હોય ત્યારે મૃદુ કહેવાય.

પ્ર. ૨૦૫ તીર્થંકરોની વાણીના કોડ કેવા હોય છે ?

ઉ. ૨૦૫ એમણે કોડ એવો નક્કી કરેલો હોય કે મારી વાણીથી કોઇપણ જીવને કિંચિત્માત્ર પણ દુઃખ થાય નહીં. દુઃખ તો થાય જ નહીં, પણ કોઇ જીવનું કિંચિત્માત્ર પ્રમાણ પણ દુભાય. વૃક્ષનું ય પ્રમાણ ના દુભાય એવા કોડ ફક્ત તીર્થંકરોને જ થયેલા હોય.

પ્ર. ૨૦૬ આપણી વાણી સામા વાળાને કેમ વાગે છે ?

ઉ. ૨૦૬ વાણી જે શબ્દરૂપ છે તે નથી વાગતી પણ વાણી પાછળ જે અહંકાર છે તેની ઝાળ લાગે છે. હું સાચો છું એ જ અહંકારનું રક્ષણ કર્યું કહેવાય. આપણે અહંકારનુ રક્ષણ કરવાનું છોડી દઇએ એટલે પછી આપણી વાણી કોઇનેય વાગે નહીં.

પ્ર. ૨૦૭ વાણીનાં સંયોગો કેવા છે ?

ઉ. ૨૦૭ વાણી એ રેકર્ડ છે. વાણીના સંયોગો સ્થૂળ-સૂક્ષ્મ છે, ફિઝીકલ છે, પર અને પરાધિન છે.

પ્ર. ૨૦૮ વાણી મીઠી ક્યારે થાય ?

ઉ. ૨૦૮ ક્લેશ ભાવ ઓછો થતો જાય, પ્રેમ વધતો જાય તેમ વાણી મીઠી થતી જાય. જ્યારે ભેદભાવ ઓછો થતો જાય ત્યારે પ્રેમ વધે. પોતાનાં ઘરનાં માણસો પર પ્રેમ તો સહું કોઇને હોય પણ જ્યારે પોતાનાં ઘરનાં માણસ જેવો બીજાં ઉપરેય પ્રેમ વધતો જાય ત્યારે વાણી મધુર થતી જાય.

પ્ર. ૨૦૯ સમ્યક્ વાણી કોને કહેવાય ?

ઉ. ૨૦૯ જે વાણી કોઇને દુઃખ ના આપે, ત્રાસ ના આપે એ સમ્યક્ વાણી કહેવાય. સમ્યક્ વાણી એ તો બહુ ખાસ આરાધવા જેવી છે. મોટામાં મોટી ભક્તિ હોય તો તે સમ્યક્ વાણી છે.

પ્ર. ૨૧૦ વલ્લભતા એટલે શું ?

ઉ. ૨૧૦ વલ્લભતા એટલે વાણી નીકળે ને તો એ વાણી ઉપર આફરિન થઇ જવાય. વલ્લભતા હોય તો જ તેની વાણી ઉપર લોકો આફરિન થઇ જાય. જે વાણી આત્માને હિતકારી છે એવી વાણીને વલ્લભતા કહેવાય. વલ્લભતા

વસ્તુ એવી છે કે જેની વાણીમાં અહંકાર ના હોય. અર્થાત્ જેની વાણી સર્યા કરતી હોય ત્યાં વલ્લભતા બહું વધી જાય.

પ્ર. ૨૧૧ મૂઆ શબ્દ શું છે ?

ઉ. ૨૧૧ મૂઆ એ તો મોટામાં મોટો આશીર્વાદ છે. જેને અમે મૂઆ કહ્યું છે તે બધા અજર અમર તપવાના છે. અમે એકવાર કહ્યું હોય કે મૂઆ પાંસરો મરને એવું કહીએ એ અજર અમર રહે.

પ્ર. ૨૧૨ પ્રશ્નોત્તરી કોણ કરી શકે ?

ઉ. ૨૧૨ જ્ઞાની પુરુષ સિવાય પ્રશ્નોત્તરી કોઇ કરી શકે નહીં. એ બીજા માણસનું કામ નહીં કારણ કે ચાર ઉત્તર આપે અને પાંચમો આપે તે ઘડીએ વાદ ઉપર વિવાદ થાય અને છઠ્ઠો આપે એટલે મારામારી થાય. પ્રશ્નોત્તર રૂપે જ્ઞાન એ છેલ્લા સ્ટેશનની વાત છે. પ્રશ્નોત્તરી દ્વારા મનનું સમાધાન થાય.

પ્ર. ૨૧૩ જ્ઞાનીઓની ભાષા સમજવા કેવું હૃદય જોઇએ ?

ઉ. ૨૧૩ જ્ઞાનીઓની ભાષા સમજવા માટે શુક્લ હૃદય જોઇએ.

પ્ર. ૨૧૪ "વાસિત બોધ આધાર" એનો અર્થ શું ?

ઉ. ૨૧૪ ''વાસિત બોધ આધાર'' એ બહુ જ મોટી વાત છે. અહીં કહે છે કે હે ભગવાન, અમારે ભાગ વાસિત બોધ આવ્યો છે, એટલે કે વાસી બોધનો આધાર અમારે લેવો પડે છે. બોધ મળે છે પણ વાસિત. વાસિત એટલે જુનો નહીં પણ જે માણસ વાસનાવાળા છે એમનો બોધ અમને મળે છે, એટલે એ બોધ અમને નિર્વાસિત બનાવતો નથી, બોધ નકામો જાય છે. ખરેખર તો બોધ નિર્વાસિત હોવો જોઇએ. જેને વાસના નથી એનો બોધ જોઇએ. ટૂંકમાં ''વાસિત બોધ આધાર'' એટલે શું કે જેને માનની કામનાઓ છે, કીર્તિની કામનાઓ છે, દેરા બાંધવાની કામનાઓ છે, એટલે એમનો બોધ વાસનાવાળો હોવાથી નકામો જાય છે. જેને ઘણા લોકો પ્રખ્યાત ગણે છે એને વાસના વધારે હોય. એક જ્ઞાનીપુરુષ એકલા જ નિર્વાસનિક હોય તેથી તેમનો બોધ શુદ્ધ બોધ હોય. કષાય મંદ થયાં હોય ત્યાં વાસનાવાળો બોધ ન હોય.

પ્ર. ૨૧૫ બોધને વાસી ક્યારે કહેવાય ?

ઉ. ૨૧૫ કિંચિત્માત્ર પણ જેને સંસારની વાસના છે તે બોધ વાસી કહેવાય. સાંસારિક કોઇપણ પ્રકારની વાસના જેનામાં છે તેવી વ્યક્તિના બોધને વાસી બોધ કહેવાય. વાસનાવાળો બોધ એ અબોધ કહેવાય.

પર્વ અઢારમું
શંકા, શિષ્ય

પ્ર. ૧ શંકા એટલે શું ? શંકા કેમ આવતી હશે ?

ઉ. ૧ ભયંકર અજ્ઞાનતા એનું નામ શંકા. શંકા એટલે પોતાનાં આત્માને બગાડવાનું સાધન. શંકા તો આખો આત્મા ખલાસ કરી નાંખે. શંકા તો મગજનું માંસ ખાય, એ દેહનું માંસ ના ખાય. પોતાની જાત ઉપર વિશ્વાસ નહીં, કોઇ પણ વસ્તુ કે બુદ્ધિ ઉપર વિશ્વાસ નહીં તે શંકા કહેવાય. શ્રી જિનેશ્વરદેવે કહેલા તત્ત્વમાં સંદેહ કરવો તેનું નામ શંકા. અમંગળ વિચાર આવે તેનો વાંધો નથી પણ તેની સાથે સહમત થયા એટલે શંકા થઇ કહેવાય. શંકા એ દુનિયામાં મોટામાં મોટી ખરાબ વસ્તુ છે. કરડવા આવે, કરડવા માંડે, અંદર ડંખ મારવાનું શરૂ થાય, એનું નામ શંકા. શંકા એ બુદ્ધિનો ડખો છે. વધુ પડતી બુદ્ધિનો ડખો છે. શંકા એ વધુ બુદ્ધિનું પ્રદર્શન છે. શંકા એટલે આપઘાત. શંકા એક જ મિનિટ રાખી અને એનાથી આગળ ગયા તો શંકા એવડું મોટુ પોઇઝન છે કે એક મિનિટથી વધારે લેવામાં આવે તો આપઘાત થાય. જગતમાં બધા અનર્થનું મોટામાં મોટું મૂળ હોય તો શંકા. શંકા એ તો ટી.બી. નો રોગ છે. શંકા કરે એટલે એ માણસ જીવતો હોવા છતાં મરેલો જ છે. શંકા જેવું એકેય ભૂત નથી. શંકાના ભૂતથી જ આખુંય જગત મરી રહ્યું છે. આ જગતમાં દેખાતાં બધાં તાપ, સંતાપ, પરિતાપ, ઉતાપ એ બધા શંકાથી ઊભા થયેલા છે. તમામ દુઃખોનું મૂળ કારણ આ શંકા જ છે. આ શંકા એ જ વિનાશનું કારણ છે, એ એક વાળ પુરતીયે હેલ્પ કરતી નથી અને નુકશાન પાર વગરનું. સ્ત્રી શંકા રાખે એટલે એ ડાકણ કહેવાય.

પ્ર. ૨ શંકા કોણ કરાવડાવે છે ?

ઉ. ૨ બુદ્ધિ શંકા કરાવડાવે છે અને શંકા થાય તો ડખો થાય. આ તો કૂતરું દેખ્યું તો બુદ્ધિ કહેશે કે કાલે પેલાને કૂતરું કરડેલું ને તે આ કૂતરું પણ એવું જ દેખાય છે ને. કરડી જશે તો ! અલ્યા એના હાથમાં શું સત્તા છે, વ્યવસ્થિતમાં હશે તો કરડશે માટે બુદ્ધિને કહેવું કે તું બાજુએ બેસ. એક વિષયની લાલચ પણ શંકા જન્માવે છે. વિષયથી છુટ્યા તો શંકાથીયે છુટ્યા.

પ્ર. ૩ શંકા બાબતે ફોડ પાડો ? તેને દૂર કરવાનો ઉપાય શું ?

ઉ. ૩ કંઇક દુઃખ ભોગવવાનું હોય ખરેખરું દુઃખ ભોગવવાનું થાય ત્યારે શંકા ઉત્પન્ન થાય છે. વ્યવહારમાં ગમે તેટલું નુકસાન થાય, છતાં શંકા ના કરશો. શંકા કરે એટલે એ માણસ જીવતો હોવા છતાં મરેલો જ છે. આ વહેમ, સંદેહ, શંકા એ બધા સ્ત્રીના પરમાણું છે, એને આપણે કહીએ અમે પુરુષ છીએ, તું ગેટ-આઉટ. આંખે દીઠું હોય તોયે શંકા ના કરવી. શંકા હંમેશા સો ટકા ખોટી જ હોય છે. જ્યાં શંકા નથી રાખતો ત્યાં શંકા હોય છે અને જ્યાં વિશ્વાસ રાખે છે ત્યાં જ શંકા હોય છે. જ્યાં શંકા છે ત્યાં કશું જ નથી હોતું. શંકા કાઢ્યે જાય નહીં, ઊલ્ટી વધે એ તો જ્ઞાની પુરુષનાં કહેવાથી શંકા જતી રહે. જ્ઞાનીનાં જ્ઞાનથી શંકા જાય અથવા જ્ઞાનમાં રહેવાથી શંકા જાય. આ જગતમાં શંકા રાખવા જેવી ચીજ જ નથી માટે શંકા ઊભી જ ના થવા દેવી. શંકા જન્મતા જ મારવી એનો વેલો વધવા ના દેશો, નહીં તો જંપીને બેસવા ના દે. મોટામાં મોટા ચક્રવર્તી રાજાઓને શંકાએ મારી નાંખેલા. કોઇના ચારિત્ર સબંધી તો શંકા ના કરાય બહુ જોખમ છે. આ આખું જગત અંધારામાં જ પોલમપોલ ચાલી રહ્યું છે અને ડિસ્ચાર્જમય છે, એટલે કોઇ ગુનેગાર નથી. શંકા રાખનાર તો હાથમાં આવેલ મોક્ષ ખોઇ બેસે માટે કોઇ જાતની શંકા કરવા જેવું આ જગત નથી. જાગૃતિ રાખવા જેવું જગત છે, સાવધાની રાખવી.

પ્ર. ૪ શંકા કરવી એ કઇ કલમનો ગુનો છે ?

ઉ. ૪ કોઇના ઉપર શંકા કરી એ બદલનો ગુનો લાગુ પડ્યો, કલમ ચારસો આડત્રીસ ચાલુ થઇ ગઇ. શંકા એ એન્ડલેસ વસ્તુ છે. વિચારનો અંત આવશે, પણ શંકાનો અંત નહીં આવે. સંસારમાં કોઇપણ પ્રકારની શંકા રાખવી એ ગુનો છે. શંકા રાખવાથી કામ થતું નથી. શંકા આવે તો કામ કરવું નહીં. શંકા નામનું બીજ એવું છે કે આ બીજથી તો સતરસો જાતની વનસ્પતિ ઊગે છે. આ શંકા તો ડાકણ કરતાંય ભૂંડી વસ્તુ છે. ''સંશયાત્મા વિનશ્યતી'' શંકા કરનાર જીવનો વિનાશ થાય છે. શંકા કરવી એ કુદરતના કાયદાનું તથા ભગવાનના કાયદાનું ઉલ્લંઘન કર્યા બરોબર છે.

પ્ર. ૫ શંકાનું નિવારણ શું ?

ઉ. ૫ આ વ્યવસ્થિત સમજાઈ જાય તો કશી જ શંકા ઉત્પન્ન ના થાય. આ વહેમ, સંદેહ, શંકા એ બધા સ્ત્રીના પરમાણું છે એને આપણે કહીએ અમે પુરુષ છીએ તું ગેટ-આઉટ. નિઃશંકપણાથી શંકા જાય. શંકા યથાર્થ પ્રતિક્રમણથી દૂર થાય. પોતે અનંત શક્તિનો ધણી તેને કોઇ શું કરી શકે, એમ શૂરવીરતા જ નિઃશંકતામાં પરિણમે છે અને નિઃશંકપણાથી શંકા જાય. નિરંતર નિઃશંકતા એ આત્મા જાણ્યાની નિશાની છે. જગત ચોખ્ખું ડિસ્ચાર્જમય છે. ડિસ્ચાર્જની બહાર આ જગત નથી એટલે કોઇ ગુનેગાર નથી, માણસનો દોષ નથી, આ કર્મ જ ભમાવે છે, પછી શંકા જ ક્યાં રહી.

પ્ર. ૬ શંકા, આશંકા અને કુશંકા સમજાવો ?

ઉ. ૬ ભાગીદાર પૈસા લઇ જાય એ શંકા આવે છે. એક જ દહાડો શંકા કરી એનું નામ શંકા કહેવાય અને વારે ઘડીએ શંકા કરીએ એનું નામ આશંકા કહેવાય. કોઇ છોકરી-છોકરા જોડે ફરતી હોય ત્યારે મનમાં જાત-જાતનાં ખરાબ વિચારો કરે કે આ લોકોએ જરૂર દેહ-સબંધ ભોગવ્યો હશે, વગેરે વગેરે આ અત્યંત હલકા કે ખરાબ વિચારો કરે તે કુશંકા કહેવાય. હવે ખરેખર એવું ના પણ હોય અને એવું હોય પણ ખરું એ બધી કુશંકા કહેવાય.

પ્ર. ૭ શિષ્ય કોને કહેવાય ?

ઉ. ૭ ગુરુના સુખમાં જ પોતાનું સુખ માને તે શિષ્ય. જે ગુરુનો પ્રસંશક હોય. ગુરુની પૂઠે પૂઠે વહ્યાં જાય તે શિષ્ય. ગુરુપદે હૃદયમાં એક ફેરો બેસાડ્યા પછી ગુરુના ગમે તેવા વિપરીત વર્તન, વાણી કે સનેપાત અથવા ગાંડપણના ઉદયોમાં પણ ખંડન ના કરે તે સાચો શિષ્ય. ગુરુએ પાંચમી ધાતી છે. ગુરુ ગાંડા કાઢે તોય પણ શ્રદ્ધા ઊઠે નહીં એનું નામ શિષ્ય કહેવાય. ગુરુ ગાંડપણ કરે તોય પણ જેની દૃષ્ટિ ના બગડે તે સાચો શિષ્ય. ગુરુને શેમાં આનંદ થાય છે તે જ જુએ અને એવું આખી જીંદગી કરે તથા ગુરુની આજ્ઞામાં જ પોતાની આખી જીંદગી વિતાવે તે સાચો શિષ્ય.

પ્ર. ૮ શિષ્યો કેટલા પ્રકારના હોય છે ?

ઉ. ૮ શિષ્યો ચાર પ્રકારના હોય છે.

૧. **સમીપ મુક્તિ ગામી :** નજીકના કાળમાં મોક્ષે જનારા

૨. ભવ્ય : ગણત્રીના ભવોમાં મોક્ષે જનારા.

૩. અભવ્ય : ક્યારે મોક્ષે જશે તે કહી શકાય નહીં.

પ્ર. ૯ આખા વર્લ્ડનો ઉપરી કોણ થઇ શકે ?

ઉ. ૯ જે આખા વર્લ્ડનો શિષ્ય થાય એ વર્લ્ડનો ઉપરી થઇ શકે. ગુરુ તો આખા જગતને કરવા જેવું છે. જ્યાંથી પણ કંઇ જ્ઞાન મળે તે પ્રાપ્ત કરી લેવું. મહાવીર ભગવાને શું કર્યુ કે જીવમાત્રને ગુરુ તરીકે સ્થાપ્યાં અને પોતે શિષ્ય તરીકે રહ્યાં. મહાવીર ભગવાને આખાં જગતનાં જીવ માત્રને ગુરુ કર્યા હતા કારણ કે બધાંની પાસેથી કંઇક જાણવાનું હોય છે.

પ્ર. ૧૦ ખરેખર મહાવીરનો શિષ્ય તો કેવો હોય ?

ઉ. ૧૦ મહાવીરનો શિષ્ય તો આખાં વર્લ્ડને આંગળી ઉપર ધારણ કરી શકે તેવો હોય.

પ્ર. ૧૧ મહાવીર પ્રભુએ પોતાનાં શિષ્યો માટે શું કહ્યું હતું ?

ઉ. ૧૧ હે ગૌતમ, મારા શિષ્યો વાંકા અને જડ થશે. વાંકા એટલે અર્થનો અનર્થ કરશે. ઉત્તરમાં કહ્યું હોય તો દક્ષિણ દિશાને ઉત્તર દિશા સમજશે એટલે કે સમજણના ફેરથી વાંકા કહ્યાં છે. અર્થનો અનર્થ કરશે, ચોપડવાની દવા પી જશે, તેથી વાંકા કહ્યાં છે. અને જડ એટલે ક્રિયાઓને જ આત્મા માનશે. જે સાધન છે તેને જ સાધ્ય માનશે.

પ્ર. ૧૨ કૃપાળુદેવે મહાવીરના શિષ્યો બાબતે શું કહ્યું છે ?

ઉ. ૧૨ કોઇ ક્રિયા જડ થઇ રહ્યાં શુષ્ક જ્ઞાનમાં, કોઇ માને માર્ગ મોક્ષનો કરુણા ઉપજે.

ૐ

પર્વ ઓગણીસમું

સ્વપ્ન, સમકિત, સમાધિ, સામાયિક, સંત, સંન્યાસ, સાધુ, સ્થવિર, સ્થિતપ્રજ્ઞ, સિન્સિયર, સહજ, સ્વચ્છંદ, સંયમ, સત્સંગ, સ્વાધ્યાય, સાયન્સ, સિધ્ધાંત.

પ્ર. ૧ સ્વપ્ન એટલે શું ? તે વિગતવાર સમજાવો.

ઉ. ૧ સ્વપ્ન એ આપણા કર્મ છે. સ્વપ્નું એ તદ્દન સત્ય વસ્તુ છે એ ગપ્પું નથી સ્વપનું એ તો બહુ ઊંચી વસ્તુ છે. સ્વપ્નુ તો આપણે લાખ રૂપિયા આપીએ તોયે ના આવે. સ્વપ્નમાં રાજા થયેલો માણસ સાચાં રાજા કરતાં અનેક ઘણો આનંદ ભોગવે છે. સ્વપ્નું એ કલ્પના નથી સ્વપ્નું એ સો એ સો ટકા સાચી વસ્તુ છે, પણ સાચાં પડવું ના પડવું એ વાત જુદી છે. સ્વપ્નામાં તો શરીરમાંથી બહું જાત જાતનાં લક્ષણ દેખાય. એ રડે હઉં, હસે હઉં, ભય પામે, બધી બહું જાતનાં લક્ષણ દેખાય અને શરીર તો ઊંઘતું હોય. સ્થૂળ દેહને કશી લેવા દેવા નથી તોય આંખમાંથી પાણી નીકળે આ દેહ ઉપર બહુ લક્ષણો દેખાય કે જે સ્વપ્નની અસર પડી હોય છે માટે સ્વપ્નું એ સત્ય છે.

સ્વપ્નું તો બે દેહનું કર્મ છે. એ કર્મનો ઉદય આવે એ પ્રમાણે સ્વપ્નું આવે અને જાગ્રત અવસ્થા એ ત્રણ દેહનું કર્મ છે, એટલે આપણને કર્મનો ઉદય આવે એ પ્રમાણે ભોગવવું પડે છે. આ બહુ ઝીણી વાત છે. પોતે અને સ્વપ્નું બે જુદી વસ્તુ છે. પોતે જોનાર અને જાણનાર છે એટલે પોતે શબ્દને જુએ, વાંચે, એનો અર્થ એ કે પોતે છુટ્ટો જ છે. સ્વપ્નું ખૂબ અસરવાળું છે. સ્વપ્નામાં દુઃખ થાય તે રડે તો ઓશીકું ભીનું થઇ ગયું હોય. હવે જો સ્વપ્નામાં જો દુઃખ થાયને તો લોહી ઘટે અને સ્વપ્નામાં જો ખૂબ આનંદ થયો હોય ને તો લોહી વધે આટલું બધું અસરવાળું સ્વપ્ન છે.

સ્વપ્નને કારણે શરીરના વજનમાં બહુ ફેર પડે. આ સ્વપ્ન એ કર્મ છે, માટે અસરવાળું છે. સ્વપ્ન એ રીલેટિવ સત્ય છે. આ સ્વપ્ન એ ચેતનનો પ્રગટ પ્રભાવ છે. સ્વપ્ન એ બે દેહનું ઉદય કર્મ છે અર્થાત્ સ્વપ્ન એ એક જાતનું સ્પંદન છે, પૂર્વ ભવે જે હિસાબ બંધાયેલો છે, પણ એમાં બે દેહનો બંધાયેલો છે, એટલે સ્થૂલ દેહ તે ઘડીએ સ્વપ્નમાં એબસન્ટ (ગેરહાજર) રહે છે. સ્વપ્ન એ પૂર્વ ભવના આધારે જ છે, આમાં આધાર જ પૂર્વ ભવનો છે, એનું આયોજન ગયા અવતારમાં થાય છે અને રૂપકમાં આ ભવમાં આવે છે. આયોજન થાય છે તે દહાડે પરમાણું રૂપે હોય છે એટલે વરાળ રૂપે હોય છે, અત્યારે આ અવતારમાં એ બરફ રૂપે છે, એટલે વરાળનું થઇ ગયું પાણી અને પાણી નો થઇ ગયો બરફ એટલે આ રૂપકમાં કહેવાય. સ્વપ્ન રૂપક રૂપે છે અને પદ્ધતિસરનું જ છે. આજે મન વચન કાયાથી બ્રહ્મચર્ય પાળતો હોય પણ સ્વપ્નમાં સંસાર ભોગવતો હોય, એવું સ્વપ્ન આવે એટલે સ્વપ્ન એ તો પાછલા સંસ્કાર છે.

ભૂતકાળમાં ગમે તે અવતારમાં જે કંઇ જોયેલું હોય તે જ સ્વપ્નમાં દેખાય છે, જોયા વગરની કોઇ સ્થિતિ કે દૃશ્ય સ્વપ્નમાં દેખાય નહીં. પાછલા અવતારની સંજ્ઞા મહીં પડેલી હોય એ સંજ્ઞા ઉદયમાં આવે તેની આ અસરો છે. આ અવતારમાં પણ બે દેહનું કાર્ય થઇ ગયું હોય તો આ અવતાર માં જોયેલુ હોય એ પણ સ્વપ્નમાં આવે છે. સ્વપ્નમાં જેટલું તમે જુઓ છો એ બધુંય પોતાનાં કર્મોનું ફળ છે. કારણ દેહ અને સૂક્ષ્મદેહ એ બે દેહનું કર્મ છે, એમાં સ્થૂલ દેહ હોતો નથી. સ્વપ્ન એ કારણદેહની અસર છે. કારણદેહને લીધે આ સ્વપ્ન ઊભું થાય છે. ક્રોધ, માન, માયા, લોભ, એ કારણદેહમાં જાય. સૂક્ષ્મ શરીર એટલે તેજસ બોડી (ઇલેક્ટ્રીકલ બોડી) એ ઇલેક્ટ્રીકલ છે, તો આ સ્વપ્ન કાર્ય કરે નહીં તો કાર્ય થાય નહીં. સ્વપ્ન એ સહજભાવ કહેવાય છે, કારણકે સ્વપ્ન સહજભાવે જ આવે છે.આ જગત જે દેખાય છે તે પણ ઉઘાડી આંખનું સ્વપ્ન જ છે. આ ત્રણ દેહનું કર્મ છે, પરંતુ જયાં સુધી જ્ઞાનમાં જાગ્રત થયાં નથી ત્યાં સુધી આ જગત સત્ય લાગે પરંતુ વાસ્તવમાં જ્ઞાની પુરુષોની દૃષ્ટિએ તો આ જગત એ ઉઘાડી આંખનું સ્વપ્ન જ છે. આ ઉઘાડી આંખના સ્વપ્નમાંથી જાગ્યો એટલે શુદ્ધાત્મા થયો અને એટલે પછી મુક્તિ થાય.

પ્ર. ૨ **સ્વપ્ન શું છે ?**

ઉ. ૨ સ્વપ્ન એ તો અનેક ભવની સંકલના છે. સ્વપ્ન એ બે દેહના કર્મનો ઉદય છે, નવું નથી. કોઈપણ વસ્તુ સ્વપ્નામાં ના જોયેલી આવે જ નહીં, કોઈપણ ભવમાં જોયેલું હોય તે જ દેખાય. સ્વપ્ન ગાઢ નિંદ્રા થાય ત્યારે શરૂ થાય. એ સંપૂર્ણ સ્વતંત્ર છે. સ્વપ્નમાં સ્થૂલ દેહના બધાં બારા બંધ હોય છે. સૂક્ષ્મ દેહમાં મન, બુદ્ધિ, ચિત્ત, કાર્ય કરે છે, અહંકાર કશું જ કરી શકતો નથી, અહંકારનું ત્યાં કશુંય ચાલતું નથી. સ્વપ્ન એ બે દેહનું છે, માટે એમાં અહંકાર ના હોય. સ્વપ્ન એ બધી જ ગાંઠો છે. સ્વપ્ન એ સંપૂર્ણ ઈફેક્ટ છે, એમાં અહંકારનુ કાર્ય ન હોવાથી કોઝ ના નંખાય. સ્વપ્ન એ પાપ - પુણ્યના ઉદય પ્રમાણે હોય, બે દેહથી બંધાયેલું કર્મ હોવાથી બે દેહથી જ તે વેદાય છે.

પ્ર. ૩ **ત્રીસ ઉત્તમ સ્વપ્ન કયા કયા ગણાય છે ?**

ઉ. ૩ ૧. અરિહંતની પ્રતિમા ૨. હાથી ૩. ગણેશ ૪. બળદ ૫. ગ્રહ ૬. સિંહ ૭. પર્વત ૮. લક્ષ્મી દેવી ૯. માછલી ૧૦. ફૂલની માળા ૧૧. કલ્પવૃક્ષ ૧૨. ચંદ્ર ૧૩. સૂર્ય ૧૪. નૃપતિ ૧૫. ધ્વજા ૧૬. પૂર્ણ કળશ ૧૭. ગાય ૧૮. પદ્મ સરોવર ૧૯. ભદ્રાસન ૨૦. સમુદ્ર ૨૧. માંસ ૨૨. દેવવિમાન ૨૩. રત્નોનો ઢગલો ૨૪. અગ્નિશિખા ૨૫. દેવાંગના ૨૬. દેવ દર્શન ૨૭. મેઘ ૨૮. સુવર્ણ ૨૯. બ્રહ્મા ૩૦. કૃષ્ણ

પ્ર. ૪ **બેતાલીસ મધ્યમ પ્રકારના સ્વપ્ન કયા કયા ગણાય છે.**

ઉ. ૪ ૧. ભૂત ૨. પિશાચ ૩. ગંધર્વ ૪. રાક્ષસ ૫. ખવીસ ૬. મહિષ ૭. અહિ ૮. વાનર ૯. કંટક ૧૦. વૃક્ષ ૧૧. નદી ૧૨. ખજૂર ૧૩. સ્મશાન ૧૪. નટ ૧૫. ખર ૧૬. માર્જાર ૧૭. કૂતરો ૧૮. ભસ્મ ૧૯. અસ્થિ ૨૦. વમન ૨૧. તમ (અંધારુ) ૨૨. કુસ્ત્રી ૨૩. ચર્મ ૨૪. રકત (લોહી) ૨૫. કલહ ૨૬. ગ્રહ યુદ્ધ ૨૭. તારાપતન ૨૮. ભૂકંપ ૨૯. સૂર્ય ચંદ્ર સ્ફોટન ૩૦. મહાવાયુ ૩૧. મહાતપ ૩૨. વિસ્ફોટક ૩૩. કુવાક્ય ૩૪. બુક્સ ૩૫. દોસ્ય ૩૬. સંગીત ૩૭. અસ્મ ૩૮. ધીજ ૩૯. વામન ૪૦. વિવક્ત દૃષ્ટિ ૪૧. જલ શૌષ ૪૨. ભૂમ જ્ઞાન.

પ્ર. ૫ સ્વપ્નના મુખ્ય પાંચ પ્રકાર કયા કયા છે ?

ઉ. ૫ સ્વપ્નના કુલ બોતેર પ્રકાર છે. પરંતુ મુખ્ય પાંચ પ્રકાર નીચે મુજબ છે.

૧. **યથા તથ્ય સ્વપ્ન :** જેવુ સ્વપ્ન જુએ તેવુ ફળ મળે. આ સ્વપ્ન સત્ય અને શુભ ફળ આપનાર છે.

૨. **પ્રયાણ સ્વપ્ન :** વિસ્તારવાળું સ્વપ્ન એ પણ સત્ય હોય છે અને મિથ્યા પણ હોય છે.

૩. **ચિંતા સ્વપ્ન :** જાગ્રત અવસ્થામાં જે પદાર્થોનો વિચાર કર્યો છે એ સ્વપ્નમાં જુએ તે ચિંતા સ્વપ્ન છે.

૪. **તદ્વિપરીત સ્વપ્ન :** સ્વપ્નમાં જે પદાર્થો જોયાં છે. જાગ્રત અવસ્થામાં એનાથી વિપરીત પદાર્થોની પ્રાપ્તી થાય. આ સ્વપ્ન વિપરીત ફળ આપનારુ છે.

૫. **અવ્યક્ત સ્વપ્ન :** સ્વપ્નમાં અસ્પષ્ટ અર્થનું દેખાવું. આળ જંજાળ દેખવી તે.

પ્ર. ૬ સ્વપ્નશાસ્ત્ર સ્વપ્નો અંગે શું કહે છે?

ઉ. ૬ સ્વપ્નશાસ્ત્રમાં બોતેર સ્વપ્નો અંગે કહેલ છે તેમાના બેતાલીસ સ્વપ્નો સામાન્ય છે જયારે ત્રીસ સ્વપ્નો ઉત્કૃષ્ટ પ્રકારના છે આ ત્રીસ ઉત્કૃષ્ટ પ્રકારનાં સ્વપ્નોમાંથી ચૌદ મહા સ્વપ્નો તીર્થકરની માતાને તથા ચક્રવર્તીની માતાને જયારે તીર્થકર અને ચક્રવર્તી ગર્ભમાં આવે છે ત્યારે તેઓ પોતાના મુખમાં પ્રવેશતા જુએ છે. તીર્થકરની માતાને આ સ્વપ્નો એકદમ સ્પષ્ટ દેખાય છે જયારે ચક્રવર્તીની માતાને થોડા ઝાંખા દેખાય છે.

પ્ર. ૭ તીર્થકર કે ચર્કવર્તી માતાને જે મહા સ્વપ્નો આવે છે તે કયા કયા છે?

ઉ. ૭ ૧. હાથી ૨. વૃષભ ૩. સિંહ ૪. લક્ષ્મી દેવી ૫. ફૂલોની માળા ૬. ચંદ્ર ૭. સૂર્ય ૮. મહેન્દ્ર ધજા ૯. કળશ ૧૦. પદ્મ સરોવર ૧૧. ક્ષીર સમુદ્ર ૧૨. ભવન કે વિમાન ૧૩. રત્નોનો ઢગલો ૧૪. અગ્નિ શિખા

પ્ર. ૮ વાસુદેવ બલરામ અને મંડલેશ્વરની માતા કેટલાં સ્વપ્ન જુએ છે?

ઉ. ૮ તીર્થકરની માતાને જે ચૌદ મહાસ્વપ્નો દેખાય છે તેમાંના સાત મહાસ્વપ્નો વાસુદેવની માતાને દેખાય છે તેમાંના ચાર મહાસ્વપ્નો બલરામની માતા જુએ છે અને આ ચૌદમાંનું એક સ્વપ્ન મંડલેશ્વરની માતા જુએ છે.

પ્ર. ૯ જ્ઞાની પુરુષ સ્વપ્નમાં કોને દેખાય છે?

ઉ. ૯ જેને વધારે તમન્ના હોય તેને જ્ઞાની પુરુષનાં સ્વપ્નમાં દર્શન થાય છે આ તો પહેલાનો હિસાબ હોય તેથી અને અત્યારે નિમિત્ત તે સ્વપ્ન આવી જાય.

પ્ર. ૧૦ એ જ ભવમાં મોક્ષે જનારા જીવને કેવા કેવા સ્વપ્નો આવે છે તે જણાવો?

ઉ. ૧૦ ૧ કોઇ સ્ત્રી કે પુરુષ સ્વપ્નના અંતમાં હાથી, ઘોડા, યાવત, બળદ આદિની પંક્તિને દેખે એના ઉપર ચડે કે પોતાને એના ઉપર ચડેલા માને એવું જોઇને તુરત જ જાગી ઊઠે તો એવું સમજવું કે તે વ્યક્તિ એ જ ભવમાં મોક્ષે જશે.

૨ કોઇ સ્ત્રી કે પુરુષ સ્વપ્નનાં અંતમાં એક દોરડાને કે જે સમુદ્રની પૂર્વ પશ્ચિમ સુધી લાંબું હોય તેને પોતાના હાથથી એકઠું કરતો જુએ તો સમજવું કે તે એજ ભવમાં મોક્ષે જશે.

૩ કોઇ સ્ત્રી કે પુરુષને એવું સ્વપ્ન આવે કે લોકાંત સુધી પૂર્વ પશ્ચિમ લાંબી દોરડીને એણે કાપી નાંખેલ છે તો સમજવું કે તે એજ ભવે મોક્ષે જશે.

૪ કોઇ સ્ત્રી કે પુરુષને સ્વપ્નમાં લોઢુ, તાંબુ, કથીર કે સીસાનો ઢગલો દેખાય અને તે એ ઢગલાની ઉપર પોતે ચઢી જાય તો સમજવું કે તે એજ ભવે મોક્ષે જશે.

૫ કોઇ સ્ત્રી કે પુરુષ સ્વપ્નમાં સોના, ચાંદી, રત્ન કે હીરાના ઢગલાને જુએ અને તેના ઉપર ચડી જાય તો સમજવું કે તે એજ ભવમાં મોક્ષે જશે.

૬ કોઇ સ્ત્રી કે પુરુષ સ્વપ્નમાં શરસ્તંભ, વિરણસ્તંભ, વંશીમૂળસ્તંભ કે વલ્લીમૂળ દેખે અને એને મૂળથી ઊખાડીને ફેંકી દે તો સમજવું કે તે એજ ભવમાં મોક્ષે જશે.

૭ કોઇ સ્ત્રી કે પુરુષ સ્વપ્નામાં બહુ મોટો ઘાસનો ઢગલો કે કચરાનો ઢગલો વીખેરીને ફેંકી દે એવું દેખે તો સમજવું કે તે એજ ભવમાં મોક્ષે જશે.

૮ કોઇ સ્ત્રી કે પુરુષ સ્વપ્નમાં દૂધનો ઘડો, દહીંનો ઘડો, ઘીનો ઘડો અને મધનો ઘડો આમ ચાર ઘડાને જુએ અને તેને ઊઠાવી લે તો સમજવું કે તે એજ ભવમાં મોક્ષે જશે.

૯ કોઇ સ્ત્રી કે પુરુષ સ્વપ્નમાં એવું જુએ કે પાંચ રંગોવાળા ઊલટા થયેલા દોરાને તેણે સુલટાવી દીધેલ છે તો સમજવું કે તે એ જ ભવમાં મોક્ષે જશે.

૧૦ કોઇ સ્ત્રી કે પુરુષ સ્વપ્નમાં ચારે તરફથી ફૂલોથી સુશોભિત પદ્મ સરોવરને જુએ અને તેમાં પ્રવેશ કરતો પોતાને જુએ તો સમજવું કે તે જ ભવે મોક્ષે જશે.

૧૧ કોઇ સ્ત્રી કે પુરુષ સ્વપ્નમાં શ્રેષ્ઠ રત્નોથી બનેલ ભવનને જુએ અને એમાં પ્રવેશ કરે તો સમજવું કે તે એજ ભવે મોક્ષે જશે.

૧૨ કોઇ સ્ત્રી કે પુરુષ સ્વપ્નમાં દારૂનો ઘડો, દારૂ જેવા વિશેષ પદાર્થનો ઘડો, તેલનો ઘડો અને ચરંબીનો ઘડો દેખે અને ફોડી નાંખે તો સમજવું કે તે એજ ભવમાં મોક્ષે જશે.

૧૩ કોઇ સ્ત્રી કે પુરુષ સ્વપ્નમાં અનેક તરંગોથી યુક્ત એક મહાસમુદ્ર જુએ અને તેને તરીને તેના સામે કાંઠે પહોચી જાય તો સમજવું કે તે એજ ભવે મોક્ષે જશે.

૧૪ કોઇ સ્ત્રી કે પુરુષ સ્વપ્નમાં શ્રેષ્ઠ રત્નોથી બનેલ વિમાનને જુએ અને એની ઊપર ચડી જાય તો સમજવું કે તે એજ ભવમાં મોક્ષે જશે.

પ્ર. ૧૧ કયા નવ કારણોને લીધે સ્વપ્ન આવે છે તે સમજાવો?

ઉ. ૧૧ નીચેના નવ કારણોને લીધે સ્વપ્ન આવે છે તેમાંના પ્રથમ છ કારણોને લીધે સ્વપ્ન આવે છે તે સ્વપ્ન જરા પણ ફળ આપતા નથી.

૧. પૂર્વે જોયેલું સ્વપ્નમાં આવે.

૨. પૂર્વે સાંભળેલું સ્વપ્નમાં આવે.

૩ પૂર્વે અનુભવેલું સ્વપ્નમાં આવે.

૪ આધિ, વ્યાધિ, ઉપાધિ, સંતાપ, રોગો, કે ચિંતાને કારણે સ્વપ્ન આવે.

૫ મળ-મૂત્રની અડચણને કારણે સ્વપ્ન આવે.

૬ પ્રકૃતિ વિકાર અર્થાત્ સ્વભાવને કારણે સ્વપ્ન આવે.

આ છ કારણોને લીધે આવતા સ્વપ્નો ફળ આપતા નથી.

૭ ધર્મ ક્રિયાના પ્રભાવથી જે સ્વપ્ન આવે.

૮ દેવ-દેવીની સહાયથી જે સ્વપ્ન આવે.

૯ ઊગ્ર પાપના ઉદયથી જે સ્વપ્ન આવે.

આ છેલ્લા ત્રણ કારણો જોયા, સાંભળ્યાં કે અનુભવ્યા વિના જે જે સ્વપ્ન આવે તે સારાં-મીઠાં સ્વપ્નો ફળ આપનારા હોય છે.

પ્ર. ૧૨ કયા સમયે આવેલાં સ્વપ્નો ફળ આપે છે ? ક્યારે ફળ આપે છે? કેવી રીતે ફળ આપે છે ?

ઉ. ૧૨ ૧ દિવસે આવેલું અને એક પછી એક એમ ઘણા સ્વપ્નો આવેલા નિષ્ફળ જાય.

૨ રાત્રિના પ્રથમ પ્રહર અર્થાત્ સાંજના ૬-૦૦ થી ૯-૦૦ ની વચ્ચે આવેલ સ્વપ્ન બાર મહિનામાં ફળ આપે છે.

૩ રાત્રિના બીજા પ્રહર અર્થાત્ રાત્રે ૯-૦૦ થી ૧૨-૦૦ ની વચ્ચે આવેલ સ્વપ્ન છ મહિનામાં ફળ આપે છે.

૪ રાત્રિના ત્રીજા પ્રહર અર્થાત્ રાત્રે ૧૨-૦૦ થી ૩-૦૦ ની વચ્ચે આવેલ સ્વપ્ન ત્રણ મહિનામાં ફળ આપે છે.

૫ રાત્રિના ચોથા પ્રહર અર્થાત્ રાત્રે ૩-૦૦ થી ૬-૦૦ ની વચ્ચે આવેલું સ્વપ્ન એક મહીનામાં ફળ આપે છે.

૬ પ્રાતઃ કાળે સવારના ૫-૧૫ થી ૬-૦૦ ની વચ્ચે આવેલ સ્વપ્ન દસ દિવસમાં ફળ આપે છે.

૭ સૂર્યોદય સમયે જોયેલું. એવું સ્વપ્ન તત્કાળ ફળ આપે છે.

સારું સ્વપ્ન જોયા પછી સૂવું નહીં. શુભ સ્વપ્ન જોયા પછી નિંદ્રા લેવાથી તે ફળતું નથી. એટલે ડાહ્યાં શાણાં અને સંસ્કારી માણસે શુભ સ્વપ્ન આવ્યા પછી ભગવત ભજન સ્તુતિ જપ અન્ય ક્રિયા કરી બાકીની રાત્રિ જાગૃત અવસ્થામાં પસાર કરવી.

ખરાબ સ્વપ્ન જોયા પછી તરત જ સૂઇ જવું અને સ્વપ્ન કોઇને કહેવું નહીં. એમ કરવાથી તે નિષ્ફળ જાય છે. પહેલાં શુભ અને પછી ખરાબ સ્વપ્ન આવે તો ખરાબ સ્વપ્ન ફળ આપે. એવી રીતે જો પહેલાં ખરાબ સ્વપ્ન આવે અને પછી શુભ સ્વપ્ન આવે તો શુભ સ્વપ્ન ફળે છે.

પ્ર. ૧૩ કયા સમયે આવેલા સ્વપ્નો ભવિષ્યમાં બનનાર કોઇ ઘટના અંગે સૂચન કરતા હોય છે.?

ઉ. ૧૩ સામાન્ય રીતે રાત્રિના ૪ થી ૬ ની વચ્ચે ના ગાળા દરમ્યાન આવેલ સ્વપ્નો જે જાગ્યા પછી પણ બરોબર યાદ રહે છે તે ભવિષ્યમાં બનનાર

કોઇ ઘટના અંગે સંકેત કરતા હોય છે. કોઇ સ્વપ્ન ત્રણ વાર આવે તો સમજવું તે ચોક્કસ કંઇક સૂચન કરે છે. સ્વપ્નાની વાત કોઇને સવારમાં નાસ્તો કર્યા પહેલાં કોઇને કરવી નહીં.

પ્ર. ૧૪ કેટલાક મહત્ત્વના સ્વપ્નો કેવું ફળ આપે છે તે જણાવો?

ઉ. ૧૪ ૧. સ્વપ્નમાં કોઇ હાથીથી, બળદથી, સિંહથી, ઘોડાથી કે સિંહણથી જોડેલા રથમાં પોતાની જાતને બેસીને જતો જુએ તો તે રાજા થાય.

૨ સ્વપ્નમાં સૂર્ય કે ચંદ્રના બિંબને પોતે ગળી જતા જુએ તો તે દીન અને દરિદ્ર હોવા છતાં રાજા થશે.

૩ સ્વપ્નમાં નદી કાંઠે સફેદ હાથી ઉપર ચોખાનું ભોજન કરું છું એવું જુએ તો પણ તે ધર્મિષ્ઠ રાજા થાય.

૪ સ્વપ્નમાં હાથી, ઘોડા, રથ, વાહન, આસન, ઘર કે વસ્ત્રોનું અપહરણ થતાં જુએ તો તેને રાજભય, શોક, સ્વજનનો વિરોધ અને ધનની હાનિ થાય.

૫ સ્વપ્નમાં કોઇ પોતાની પત્નીનું અપહરણ થતાં જુએ તો તેના ધનનો નાશ થાય છે તથા શોક-સંતાપ થાય.

૬ સ્વપ્નમાં હથિયાર, આભૂષણો, મણિ, મોતી, સુવર્ણ, ચાંદી કે અન્ય કોઇ ધાતુનું અપહરણ કે ચોરી જતાં જુએ તો તેને ધનની માન હાનિ થાય કે મરણ પણ થાય.

૭ સ્વપ્નમાં કોઇ પોતાના ગોત્રની સ્ત્રીનું અપહરણ થતા જુએ તો સ્વજનનો વધ થાય અથવા જેલ-બંધન થાય.

૮ સ્વપ્નમાં ઘુવડ દેખાય તો જેલમાં જવાનો પ્રસંગ આવે.

૯ જો કોઇ સ્વપ્નમાં પોતાની પથારીનું અપહરણ જુએ તો તેની પત્ની મરે અને પગરખાંનું અપહરણ જુએ તો તેને આકરી શરીર પીડા થાય.

૧૦ સ્વપ્નમાં જો પોતાના ઘરના બારણાંની ભુંગલ હીંચકો અને પગ પાવડી કે ઘર ભાગેલું જુએ તો તેની સ્ત્રીનું મરણ થાય.

૧૧ સ્વપ્નમાં જે ગોમય અને ઔષધ સાથે ગરમ પાણીનું પાન કરે તે નિયમથી અતિસારના રોગથી મરે.

૧૨ જેને સ્વપ્નમાં પોતાના હૃદય સરોવરમાં કમળો ઊગેલા દેખાય તે તરત કોઢ રોગથી પીડાઇને મૃત્યુ પામે છે.

૧૩ સ્વપ્નમાં હસે તો શોક થાય અને જો પ્રવૃત્તિ કરે તો વધ માર તથા જો નાચે તો બંધન અને પઠન કરવાથી ક્લેહ થાય.

૧૪ સ્વપ્નમાં જો કાળી ગાય, કાળો ઘોડો, કાળો રાજ હસ્તી કાળા વર્ણનો (રંગનો) દેવ દેખાય તો અશુભ ફળ મળે.

૧૫ સ્વપ્નમાં કાજલ આંજયું જુએ તો નેત્રરોગ થાય.

૧૬ સ્વપ્નમાં રોમ (રુંવાંટા) છેદ જુએ તો ધનનો નાશ થાય.

૧૭ સ્વપ્નમાં પાડા કે ઊંટ ઉપર સવારી કરી દક્ષિણ દિશામાં જાય તો તુરત જ શીઘ્ર મરણ થાય.

૧૮ જો કોઇ સ્વપ્નમાં મનુષ્યનું મસ્તક, ચરણ કે ભુજાઓનું ભક્ષણ કરે તેને ક્રમશ રાજય, ૧૦૦૦ સોનાની લગડીઓ મળે.

૧૯ જો કોઇ સ્વપ્નમાં પોતાની જમણી ભુજાએ સર્પ કરડયાં છે તેવું જુએ તો તે પાંચ રાત્રિમાં ૧૦૦૦ સૌનૈયા પામે.

૨૦ સ્વપ્નમાં જો સરોવર, સમુદ્ર, જળથી ભરેલી નદી કે પોતાના મિત્રનું મરણ થયેલું જુએ તો તેને અચાનક ઘણું ધન મળે.

૨૧ સ્વપ્નમાં જે પ્રભુ પ્રતિમા, સ્નાત્ર તેને ફળાદિકનું ભેટણું કે પૂજા વગેરે કાર્યો કર્યાનું જુએ તેને સર્વપ્રકારે શુભની વૃદ્ધિ થાય.

૨૨ જે સ્વપ્નમાં ઘણાં ઘીનું પાન જુએ તેનો યશ વધે અને ક્ષીર સાથે ઘીનુ ભોજન કરેલું જુએ તો પણ લાભ થાય.

૨૩ સ્વપ્નમાં જો સફેદ વસ્તુ, કપાસ, મીઠું, રૂ, હાડકું અને બીજી સફેદ વસ્તુ જુએ તો શુભ જાણવું.

૨૪ સ્વપ્નમાં જો ચોખા દહીં કે ઉત્તમ જાતિના ફૂલો જુએ તો ધનપ્રાપ્તિ થાય.

૨૫ સ્વપ્નમાં આકાશમાં પક્ષીઓ દેખાય કે સ્વપ્નમાં કબૂતર દેખાય તો પરદેશગમન થાય.

૨૬ સ્વપ્નમાં પગરખાં, છત્ર કે તીક્ષ્ણ તલવાર મળ્યા જુએ તો પરદેશ ગમન થાય.

૨૭ સ્વપ્નમાં વહાણમાં બેઠેલો હોય અને વહાણ ભાંગવાથી તરીને બહાર નીકળ્યો એવું જુએ તો પરદેશગમન થાય અને ઘણી લક્ષ્મી કમાય.

૨૮ પરદેશગમન દેખાય તો લાંબી મુસાફરી થશે.

પ્ર. ૧૫ સ્વપ્નમાં શું દેખાય અને તેનું શું ફળ આવે તે જણાવો ?

ઉ. ૧૫ ૧. ચંદ્ર કે તારા દેખાય તો પ્રેમમાં સફળતા મળે.

૨. ધરતીકંપ દેખાય તો નવી વ્યક્તિ સાથે પ્રેમ થાય.

૩. મધ માખી દેખાય તો પ્રેમીઓ બદલાશે.

૪. સ્વપ્નમાંથી જાગી જવાય તો પ્રેમમાં પડશો.

૫. સ્વપ્નમાં પત્ની દેખાય તો નવી સ્ત્રીના પ્રેમમાં પડશો.

૬. હીરા પહેરવાનું સ્વપ્ન આવે તો પ્રેમમાં તકલીફ પડશે.

૭. હરણ દેખાય તો કોઇ તમારા પ્રેમમાં છે.

૮. કોઇને મારવાનું સ્વપ્નું આવે તો પ્રેમ તૂટી જશે.

૯. કોઇ લગ્નની દરખાસ્ત મૂકે છે અને તમે સ્વીકારો છો એવું સ્વપ્ન આવે તો પ્રેમમાં મોટી તકલીફો આવશે.

૧૦. દરિયાઇ અકસ્માત દેખાય તો પ્રણયમાં ખલેલ આવશે.

૧૧. મેઘધનુષ દેખાય તો લગ્ન જીવન સુખી બનશે.

૧૨. વિમાન દેખાય તો પૈસાદાર વ્યક્તિ સાથે લગ્ન થાય.

૧૩. જમીન દેખાય તો સુંદર પત્ની મળશે.

૧૪. મોર દેખાય તો સુંદર સ્ત્રી સાથે લગ્ન થશે.

૧૫. મૃત્યુ દેખાય તો તમારા લગ્ન થશે.

૧૬. પાણીમાં ડૂબતાં દેખાય તો લગ્ન થશે, નસીબ ખુલશે.

૧૭. ઘર બાંધવું દેખાય તો લગ્ન થશે.

૧૮. જેલ દેખાય તો લગ્ન થશે.

૧૯. હાથી દેખાય તો લગ્ન થાય, લગ્ન થયા હોય તો ઘણાં છોકરાં થાય.

૨૦. સ્ત્રીને ઠીંગણો માણસ સ્વપ્નમાં દેખાય તો તેને ડાહ્યો અને ઉમદા પતિ મળવાનો.

૨૧. મડદું દેખાય તો જલ્દી લગ્ન થાય.

૨૨. રાંધવાનું કે ચૂલા આગળ બેસવાનું સ્વપ્ન આવે તો લગ્ન થાય.

૨૩. ખુરશીમાં બેસવાનું સ્વપ્ન દેખાય તોયે લગ્ન થાય.

૨૪. પોતાનો ભાઈ દેખાય તો લગ્ન થવાનાં શુકન થયા.

૨૫. રોટલો ખાવાનું સ્વપ્ન એ લગ્નની આગાહી છે.

૨૬. વખાર કે ગોડાઉન દેખાય તો ભવ્ય લગ્ન થાય.

૨૭. દેવદૂત દેખાય તો મિત્રનું મૃત્યુ થાય.
૨૮. ગ્રહણ દેખાય તો સગામાં કોઈનું મૃત્યુ થાય.
૨૯. લગ્ન દેખાય તો મૃત્યુ નો ભય ઊભો થાય.
૩૦. કૂતરો કે બિલાડી દેખાય તો ખરાબ સમાચાર મળે.
૩૧. લોહી દેખાય તો ગંભીર માંદગી કે અકસ્માત થાય.
૩૨. રાખ દેખાય તો સગામાં કોઈનું મૃત્યુ થાય.
૩૩. મોટર અકસ્માત દેખાય તો નજીકનાં ૨૪ કલાકમાં અકસ્માત થાય માટે ધ્યાન રાખવું
૩૪. ચર્ચ દેખાય તો ધંધામાં ફાયદો થાય.
૩૫. અનાજ દેખાય તો પૈસા વધશે.
૩૬. ગાય દેખાય તો સુખ સમૃદ્ધિ વધશે.
૩૭. નાના બાળકો દેખાય તો ધંધામાં ફાયદો થાય.
૩૮. વીજળી પડેલી દેખાય તો ધંધામાં અચાનક લાભ થાય.
૩૯. સિંહ દેખાય તો પૈસા મળશે.
૪૦. અનાજ જુઓ અને અનાજને ભેગુ કરતાં હોય તેવું દેખાય તો ધન આવશે.
૪૧. રોટલો જોવામાં આવે તો પૈસો અને માન મળશે.
૪૨. હોડીમાં બીજા સાથે બેસવાનું સ્વપ્ન આવે તો નસીબ સારું.
૪૩. કોઈ ઈનામ લેવાનો કે આપવાનો અનુભવ થાય તો નજીકના સમયમાં સમૃદ્ધિ આવશે.
૪૪. વરસાદ પડતો દેખાય તો સારો બનાવ બને.
૪૫. બરફ દેખાય તો અગત્યનો કાગળ આવશે.
૪૬. પાર્ટી દેખાય તો આબરૂ વધશે.
૪૭. સ્વર્ગ દેખાય તો પ્રગતિ વધશે.
૪૮. પર્વત દેખાય તો તકલીફ દૂર થાય.
૪૯. માતા - પિતા દેખાય તો સારો બનાવ બનશે.
૫૦. પત્તા રમતા દેખાય તો ફાયદો થાય.
૫૧. કૉફી પીતાં દેખાય તો દગાબાજ મિત્રો મળશે.
૫૨. લાંબા વાળ દેખાય તો સ્ત્રી દગો કરશે.

૫૩. પતંગ દેખાય તો ભય વધે.

૫૪. હાથીદાંત દેખાય તો સુખ અને લાભ થવાનો.

૫૫. ઝાડ અથવા ટેકરી દેખાય તો માન મળશે.

૫૬. જળચર પ્રાણી દેખાય તો પ્રેમમાં છેતરપિંડી થાય.

૫૭. લોખંડ દેખાય તો ભય સૂચવે.

૫૮. તાંબુ દેખાય તો સ્ત્રી બીજાને ચાહે છે.

૫૯. પડી જવાનું સ્વપ્ન દેખાય તો નુકશાન થાય, બેરી ખોઈ બેસશો.

૬૦. મડદું બળતું જોવામાં આવે તો મૃત્યુ થાય અથવા મિત્રોને કેદ થાય.

૬૧. કબ્રસ્તાન દેખાય તો લાંબું સુખી આયુષ્ય મળે.

૬૨. હાલતી - ડોલતી ખુરશીમાં બેસવાનું સ્વપ્ન આવે તો નસીબ સુધરે.

પ્ર. ૧૬ ચરકાચાર્ય અને વાગ્ભટ ના મત મુજબ સ્વપ્નનાં સાત પ્રકાર કયા કયા ગણાય ?

ઉ. ૧૬ આ સાત પ્રકાર નીચે મુજબ જાણવા :

૧. **દૃષ્ટ** : જે આપણે જાગૃત અવસ્થામાં ખુલ્લી આંખોએ જોયેલું હોય તેજ વસ્તુ રાત્રે સ્વપ્નમાં દેખાય તો તેને દૃષ્ટ સ્વપ્ન કહે છે.

૨. **શ્રુત** : જાગ્રત અવસ્થામાં કાનથી જે કાંઇ સાંભળ્યુ હોય તે રાત્રે સ્વપ્નમાં દેખાય તો તેને શ્રુત સ્વપ્ન કહે છે.

૩. **અનુભૂત** : જે જાગ્રત અવસ્થામાં ઇન્દ્રિયોથી અનુભવ કરીને જોયેલું છે તે જો દેખાય તો તે અનુભૂત સ્વપ્ન કહે છે.

૪. **પ્રાર્થિત** : જાગ્રત અવસ્થામાં જે ચીજની ઇચ્છા કરી હોય તે ચીજ વસ્તુ દેખાય તો તે પ્રાર્થિત સ્વપ્ન કહે છે.

૫. **કલ્પિત** : જે વસ્તુ નથી જોઇ, નથી સાંભળી, નથી અનુભવ કરેલી પરંતુ જાગ્રત અવસ્થામાં જેની કલ્પના કે અનુમાન કરેલુ તે દેખાય તેને કલ્પિત સ્વપ્ન કહેવાય.

૬. **ભાવિક** : ન જોયેલી, ન સાંભળેલી, ન અનુભવેલી, ન ઇચ્છેલી, ન કલ્પેલી એવી નવી અને વિલક્ષણ વસ્તુ દેખાય તેને ભાવિક સ્વપ્ન કહે છે. આ સ્વપ્ન જ ફળ આપનારું છે.

૭. **દોષજ** : વાત, પિત, કફના ત્રણ દોષોથી જે સ્વપ્ન આવે તેને દોષજ સ્વપ્ન કહેવાય છે.

પ્ર. ૧૭ કયા સમયે આવેલ સ્વપ્ન કેટલો સમય ફળદાયી થાય છે.?

ઉ. ૧૭ પ્રહર સંહિતા મુજબ ભાવિક સ્વપ્ન જ ફળ આપનાર છે.

૧. રાત્રિના પ્રથમ પ્રહરમાં સાંજે ૬ થી ૯ ની વચ્ચે આવેલ સ્વપ્ન એક વર્ષે ફળે આપે.

૨. રાત્રિના બીજા પ્રહરમાં રાત્રે ૯ થી ૧૨ ની વચ્ચે આવેલ સ્વપ્ન છ મહિનામા ફળ આપે.

૩. રાત્રિના ત્રીજા પ્રહરમાં રાત્રે ૧૨ થી ૩ ની વચ્ચે આવેલ સ્વપ્ન ત્રણ મહિનામાં ફળ આપે.

૪. રાત્રિના ચોથા પ્રહરમાં રાત્રે ૩ થી ૬ ની વચ્ચે આવેલ સ્વપ્ન એક મહિનામાં ફળ આપે છે.

પ્ર. ૧૮ સ્વપ્ન આવે તે કયા કર્મનો ઉદય છે? દર્શનાવરણીય કર્મનું કે વેદનીય કર્મનું ફળ છે?

ઉ. ૧૮ સ્વપ્ન અનેક પ્રકારના હોય છે. જો મુંઝવનારું સ્વપ્ન હોય તો મોહનીય કર્મના ઉદયથી અને જો અત્યંત દુઃખ પેદા કરનારું હોય તો અશાતા વેદનીય કર્મના ઉદયથી સમજવું. આનંદ આપનારું હોય તો શાતા વેદનીય કર્મના ઉદયથી જાણવું. એમ સ્વપ્નનાં સ્વરૂપનો વિચાર કરતાં જુદાં જુદાં કર્મમાં તે જઇ શકે છે. સ્વપ્ન ઉત્પત્તિનું કારણ દર્શનાવરણીય કર્મ ગણાય છે.

પ્ર. ૧૯ સમકિત એટલે શું ?

ઉ. ૧૯ આત્મામાં આત્મબુદ્ધિ થવી તેનું નામ સમકિત. સમકિત એટલે અવિરોધા ભાસ. સમકિત એટલે સમ્યક્દર્શન. સ્વભાવને પામવું એનું નામ જ સમકિત. સમકિત એટલે સવળી દૃષ્ટિ, અવિનાશી ચીજમાં સુખ માનવું તેનું નામ સમકિત. સમકિત એ જ્ઞાન નથી પણ સમજણ છે. વસ્તુને જેમ છે તેમ યથાર્થ જ જોવી એનું નામ સમકિત. આત્મા અકર્તા છે એનું ભાન થાય ત્યારે સમકિત થયું કહેવાય. પોતાનો સ્વભાવ કેવો છે તે જાણવું તેની પ્રતીતિ કરવી એનું નામ સમકિત. પોતાની ભૂલ પોતાને દેખાય તેનું નામ સમકિત. સમકિત એટલે આત્માની ઓળખ થવી તે. સમકિત એનું નામ કે ગમે તે સ્થિતિમાં સવળો ચાલે. નિજ દોષ દૃષ્ટિ એટલે સમકિત. સવળીએ ચઢેલો હંમેશા પોતાના જ દોષ જુએ, આત્માના હેતુ માટે જગતને ભૂલવું

તેનું નામ સમકિત. સંસારમાં રહીએ છતાં સંસાર અડે નહીં એનું નામ સમકિત. આપણે કોણ છીએ એ શ્રદ્ધા બેસે એ સમકિત. જે વૃત્તિઓ બહાર ભટકતી હતી તે જયારે વૃત્તિઓ નીજ ઘરમાં રહે તેને પરમ અર્થમાં સમકિત કહ્યું છે. સમકિત એટલે જેમ છે તેમ યથાર્થ દર્શન. સમકિત એટલે સવળું તે. લોક ઊંધું નાખી આપે તો આપણે સવળું કરી આપીએ આગળનું શું થશે, તે સમજી શકે તેવો થયો તે સમકિત, આત્માનું શબ્દ રૂપે ભાન થવું તે સમકિત. આત્માની પ્રતીતિ તેને સમકિત કહ્યું છે. તકરાર-ઝઘડામાં વઢવઢામાં પણ આત્માની પ્રતીતિ રહે તેનું નામ સમકિત કહેવાય. જ્ઞાની પુરુષનો પ્રેમ સંપાદન કરવો તે જ સમકિત. સમકિત એટલે આત્મા અને હું બે જુદા છીએ એવું એને વિચારવામાં આવે અને ખાત્રી થાય અને કંઈક અનુભવ થાય ત્યારે તેને સમકિત કહેવાય. કોઈ વસ્તુ નથી એ દૃષ્ટિ છે. સમકિત એટલે દૃષ્ટિ ફેર. લોકોની અવળી દૃષ્ટિ હોય સમકિતીને સવળી દૃષ્ટિ હોય. સમકિત એટલે ઊંધી સમજણ છૂટી જવી તે. જ્ઞાન માન્યતા એનું નામ સમકિત. પોતાના સ્વરૂપનું જે અદર્શન હતું તે હવે દર્શનમાં આવ્યું હું શુદ્ધાત્મા છું એ દર્શનમાં આવ્યું એટલે સમકિત થયું કહેવાય. દુનિયાની કોઈ વસ્તુમાં સાચું સુખ છે નહીં એક આત્મામાં જ સાચું સુખ છે એવી પ્રતીતિ બેસવી એનું નામ સમકિત. સાચો આત્મા બિલીફમાં આવે તો સમકિત કહેવાય. આત્માને ઓળખવો તે સમકિત. આત્માનું ભાન થાય અને હું કોઈપણ ક્રિયાનો કર્તા નથી તેવું ભાન રહે તેનું નામ સમકિત. વિનાશી ચીજોમાંથી સુખ બુદ્ધિ ઊડી જાય અને સમ્યક્દર્શનમાં બુદ્ધિ ફીટ થઈ જાય તેનું નામ સમકિત. સંસારના સંપૂર્ણ દુઃખના સમુદ્રમાં એક પણ દુઃખ અડે નહીં અને સુખ વર્તે તેનું નામ સમકિત.

પ્ર. ૨૦ સમ્યક્દર્શન કોને કહેવાય ?

ઉ. ૨૦ કષાયો ઉપશમ થઈ જાય બિલકુલ કષાય ના રહે અને અડતાળીસ મિનિટ આનંદ થાય એને સમ્યક્દર્શન કહે છે. કષાયો ઉપશમ થઈ જાય એ પણ અડતાળીસ જ મિનિટ, ઓગણપચાસ મિનિટ નહીં તેને સમ્યક્દર્શન કહેવાય. દરેકનો, સામાનો, પારકાનો ગુનો એ પોતાનો જ ગુનો દેખાય તે સમ્યક્દર્શન કહેવાય. સાચી શ્રદ્ધા એટલે સમ્યક્દર્શન. આત્માનો અનુભવ

થયો તેવી આત્મભૂતિને વીતરાગ દેવ સમ્યક્દર્શન કહે છે. જેને આત્માનું સ્વસંવેદન છે તેને વીતરાગ દેવ સમ્યક્દર્શન કહે છે. તત્ત્વ ઉપર જે શ્રદ્ધા તે સમ્યક્દર્શન કહેવાય છે.

પ્ર. ૨૧ સમકિત થાય તે માટે શું કરવું ?

ઉ. ૨૧ જ્ઞાની પુરુષે નીચે દર્શાવેલી ત્રણ ચાવીઓ જો બરોબર સમજી લે તો સમકિત થઈ જાય તેવું છે.

૧. મનને ગાંઠો કહી છે, મનને પરાયું કહ્યું છે મનને વશ કરવા તૈયાર થશો તો મન પણ સામે તૈયાર થઈને આવશે એટલે આપણે ગાંઠોનું બનેલું છે કહ્યું એટલે રહ્યું કશું.

૨. ભોગવે તેની ભૂલ - આ જગતમાં જે કંઈ ભોગવવું પડે છે અને જેને ભોગવવું પડે છે તેની પોતાની જ ભૂલ છે.

૩. ઘર્ષણમાં આવવું નથી - એવું જો એની શ્રદ્ધામાં બેસી ગયું અને ક્યાંય ક્યારેય કોઈના ઘર્ષણમાં જે આવતો નથી અથવા ઘર્ષણ થઈ ગયું તો પ્રતિક્રમણ કરી ધોઈ નાંખે તો આ જીવ અવશ્ય સમકિતને પામે.

પ્ર. ૨૨ સમકિત શાને લીધે અટકેલું છે ?

ઉ. ૨૨ મતભેદને લીધે સમકિત અટકેલું છે. મતભેદ મટે તો સમકિત થાય.

પ્ર. ૨૩ સમકિત ક્યારે થાય ?

ઉ. ૨૩ મિથ્યાત્વ મોહીની એટલે સંસારી ચીજો ઉપરનો મોહ અને મિશ્ર મોહીની એટલે ચેતન-જીવતાં મનુષ્યો ઉપરનો મોહ આ બે મોહ જાય ત્યારે સમકિત થાય. મતભેદ મટે તો સમકિત થાય. ભગવાને વિષયોને મોહ નથી કહ્યો મતને મોહ કહ્યો છે. આત્મા અકર્તા છે એવું ભાન થાય ત્યારે સમકિત થયું કહેવાય. પોતાના દોષ દેખાય ત્યારથી સમકિત થયું કહેવાય. વિષયમાં સુખ બુદ્ધિ ટળે એટલે કે દર્શન મોહ ટળે તો સમકિત પ્રાપ્ત થાય છે. વિષય અને કષાયથી રહિત ભૂમિકા હોય તો સમકિત થાય.

પ્ર. ૨૪ સમકિતીને શું કહેવાય ?

ઉ. ૨૪ સમકિતી એ ભગવાનના પ્રતિનિધિ કહેવાય. સર્વ સત્તાધીશને ઓળખીને બધાંની વ્યવહાર સત્તાને માન્ય કરે તે સમકિતી.

પ્ર. ૨૫ મિથ્યાદૃષ્ટિ અને સમ્યક્દૃષ્ટિ એટલે શું ?

ઉ. ૨૫ વિનાશી ચીજ ભોગવવાની ઈચ્છા એ મિથ્યાદૃષ્ટિ અને અવિનાશી ચીજ ભોગવવાની ઈચ્છા એ સમ્યક્દૃષ્ટિ. જ્યાં દુઃખનો છાંટોય ના હોય એ સમ્યક્દૃષ્ટિ. આત્મા અને હું બે જુદા છીએ એવું જેને વિચારણામાં આવે અને ખાત્રી થાય અને કંઈક અનુભવ થાય એ સમ્યક્દૃષ્ટિ.

પ્ર. ૨૬ વ્યવહાર સમકિત એટલે શું ?

ઉ. ૨૬ વ્યવહાર સમકિત એટલે વીતરાગ એકલા જ મોક્ષે લઈ જનાર છે, એવું નક્કી થઈ ગયું એવી શ્રદ્ધા બેઠી એનું નામ વ્યવહાર સમકિત. સત્દેવ, સત્ધર્મ અને સત્ગુરુ મોક્ષે લઈ જશે એટલી સમજણ પડી એ વ્યવહાર સમકિત. વ્યવહાર સમકિત એટલે નામનું સમકિત ગુણ એકેય નહીં જેમ નામ લક્ષ્મીચંદ હોય પણ પાસે બે રૂપિયા પણ ના હોય તેના જેવું.

પ્ર. ૨૭ પરમાર્થ સમકિત કોને કહેવાય ?

ઉ. ૨૭ જ્ઞાની પુરુષ જ્યારે જ્ઞાન આપે છે તે વખતે સીધી જ અનુભૂતિ થાય છે તેને પરમાર્થ સમકિત કહે છે.

પ્ર. ૨૮ અવગાઢ સમકિત એટલે શું ?

ઉ. ૨૮ સ્થાનને વળગી રહે અને કોઈપણ સંજોગોમાં સ્થાન ના છોડે તે અવગાઢ સમકિત કહેવાય.

પ્ર. ૨૯ સમકિતના કેટલા પ્રકાર છે તે વિગતવાર સમજાવો ?

ઉ. ૨૯ સમકિતના મુખ્ય પાંચ પ્રકાર છે. દર્શન ગુણથી બીજા ત્રણ પ્રકાર માનવામાં આવે છે. આત્મામાં રુચિ તે સમકિત છે. આત્મપ્રદેશ સાથે ઓતપ્રોત થઈને રહેલા મિથ્યાત્વ મોહનીયના પુદ્ગલોનો ક્ષય થવાથી આત્માના સર્વ પ્રદેશો જે સ્વચ્છતા અને સ્વસ્થતા પામે છે તે જ સમકિત છે. સમકિત સામાન્ય રીતે બે પ્રકારે પ્રાપ્ત થાય છે. ૧. સ્વાભાવિક રીતે ૨. ગુરુના ઉપદેશથી.

સમકિતના મુખ્ય પાંચ પ્રકાર છે.

૧. સાસ્વાદન ૨. વેદક ૩. ઔપશમિક (ઉપશમ)

૪. ક્ષાયોપશમિક ૫. ક્ષાયિક

દર્શન ગુણથી સમકિતના બીજા ત્રણ ભેદ છે.

૧. **રોચક સમકિત :** આત્મામા દૃઢ પ્રતીતિ તે રોચક સમકિત કહેવાય છે.

૨. **દીપક સમકિત :** બીજાઓના સમકિતને પ્રદીપ્ત કરે તે દીપક સમકિત છે. જેના નિમિત્તે બીજાને સમકિત પ્રગટ થાય તેને દીપક સમકિત કહેવાય.

૩. **કારક સમકિત :** જે સંયમ તથા તપ વગેરેને ઉત્પન્ન કરે તે કારક સમકિત કહેવાય.

પ્ર. ૩૦ સાસ્વાદન સમકિત કોને કહેવાય ?

ઉ. ૩૦ ઉપશમ સમકિતથી પડીને મિથ્યાત્વની તરફ જતાં મધ્યની પતનમુખી અવસ્થા જયાં સુધી મિથ્યાત્વને ના પામ્યો હોય તે સમયનાં જીવનાં પરિણામને સાસ્વાદન સમકિત કહેવાય છે. ઉત્કૃષ્ટથી છ આવલિ પર્યંત અને જઘન્યથી એક સમય સમકિતના પરિણામ રહે તે સાસ્વાદન સમકિત છે. સાસ્વાદન સમકિત એટલે વમી ગયેલું સમકિત.

પ્ર. ૩૧ વેદક સમકિત કોને કહેવાય ?

ઉ. ૩૧ ક્ષપક ભાવને પ્રાપ્ત થયેલાને વેદક સમકિત કહે છે. ક્ષયોપશમ સમકિતને વેદક સમકિત પણ કહે છે. પરંતુ ક્ષયોપશમમાંથી ક્ષાયિક સમકિત થવાના સંધિના વખતનું જે સમકિત છે તે ખરેખર રીતે વેદક સમકિત કહેવાય છે.

પ્ર. ૩૨ ઉપશમ (ઔપશમિક) સમકિત કોને કહેવાય ?

ઉ. ૩૨ મિથ્યાત્વના પીસીસ થાય, બ્રેક થઈ જાય તો સમકિત એક બાજુ દેખાય. અંશ સમકિત થાય જેને ઉપશમ સમકિત કહે છે. મિથ્યાત્વની ગ્રંથિનો એવો કાળ આવે એવા સંજોગો ભેગા થાય ત્યારે ત્રણ ટુકડા થઈ જાય છે

૧. મિથ્યાત્વ મોહ ૨. મિશ્ર મોહ ૩. સમ્યક્ત્વ મોહ

આમા મિથ્યાત્વ મોહ અને મિશ્ર મોહ જયારે જાય ત્યારે ઉપશમ સમકિત થાય. સમ્યક્ત્વ મોહ રહે તેને ઉપશમ સમકિત થાય. આખી જિંદગીમાં એક કલાક માટે થાય તે પછી ક્યારેય દેખાય નહીં તે ઉપશમ સમકિત. એક કલાક ચંચળતા તૂટી જાય, બધી પ્રકૃતિ શાંત રહે તેને ઉપશમ સમકિત કહે છે. આ પ્રકારનું સમકિત આખા સંસાર પરિભ્રમણમાં વધારેમાં વધારે પાંચ જ વખત દેખા દે છે. અનંતાનુંબંધી ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વ, સમ્યક્મિથ્યાત્વ અને સમ્યક્ પ્રકૃતિ આ સાત પ્રકૃતિઓનો ઉપશમ થવાથી જે સમકિત (સમ્યક્ત્વ) થાય તેને ઔપશમિક કે ઉપશમ સમકિત કહે છે.

પ્ર. ૩૩ ક્ષયોપશમ સમકિત કોને કહેવાય ?

ઉ. ૩૩ અમુક પ્રકૃતિ ક્ષય પામેલી હોય અને બીજી ઉપશમી ગઈ હોય એ ક્ષયોપશમ સમકિત કહેવાય. આ સમકિતમાં તો પ્રકૃતિ દબાઈ ગઈ હોય તે ફરી પાછી ઊભી થાય. મિથ્યાત્વ મોહનીયનો ક્ષય થવાથી ક્ષયોપશમ સમકિત થાય છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય, મિથ્યાત્વ મોહ અને મિશ્ર મોહ આ છ પ્રકૃત્તિનો ઉદયાભાવી ક્ષય અને સમ્યક્ત્વ મોહનો ઉપશમ તથા સમકિત પ્રકૃત્તિનો ઉદય થવાથી જે સમકિત પ્રગટે છે તેને ક્ષાયોપશમિક સમકિત કહે છે.

પ્ર. ૩૪ ક્ષાયિક સમકિત કોને કહેવાય ?

ઉ. ૩૪ અનુતાબંધી ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય, મિથ્યાત્વ મોહ, મિશ્ર મોહ અને સમ્યક્ત્વ મોહ એ સાતેય પ્રકૃત્તિનો ક્ષય થાય ત્યારે ક્ષાયિક સમકિત કહેવાય છે. સૂઝ પૂરેપૂરી બેસી જાય ત્યારે ક્ષાયિક સમકિત થાય. પર પરિણતી જ નહીં નિરંતર સ્વ પરિણતિ જ રહે તે ક્ષાયિક સમકિત, ક્ષાયિક સમકિત એટલે પુદગલ પરિણતિનો આખોય ત્યાગ. હું શુદ્ધાત્મા છું તેવી નિરંતર પ્રતીતિ રહેવી એનું નામ ક્ષાયિક સમકિત. જે સમકિત થયા પછી કર્મ ના બંધાય તેનું નામ ક્ષાયિક સમકિત. તાંતો તૂટ્યો તે ક્ષાયિક સમકિત. પ્રજ્ઞા ઉત્પન્ન થઈ જાય અને જે નિરંતર આપણને ચેતવે છે એ જ ક્ષાયિક સમકિત કહેવાય. આ જગતમાં જે કંઈપણ કરવામાં આવે છે તે જગતને પોષાય યા ના પોષાય છતાં હું કંઈજ કરતો નથી એવો નિરંતર ખ્યાલ રહેવો તે કેવળદર્શન છે આ કેવળદર્શન એટલે જ ક્ષાયિક સમકિત. આત્મા શું હશે એ જાણવાનો સમ્યક્ત્વ મોહ હતો એ મોહ જતો રહ્યો અને આત્મા જાણી લીધો એટલે ક્ષાયિક સમકિત થયું. દર્શનમાં જે અવળું દેખાતું હતું એ અવળું બિલકુલ બંધ થઈ ગયું અને યથાર્થ દર્શન શરૂ થઈ ગયું, યથાર્થ દર્શનની શરૂઆતને ક્ષાયિક સમકિત કહ્યું છે. આત્મા અને આત્માના સ્થાન સબંધી આખી શંકા જ ઊડી ગઇ એ ક્ષાયિક સમકિત. આત્માનો સંદેહ ગયો તેનું નામ જ ક્ષાયિક સમકિત. ક્ષાયક સમકિત એટલે નિશ્ચયથી બારમું ગૂંઠાણું અને વ્યવહારથી ચોથું ગૂંઠાણું કહેવાય. ચારિત્ર મોહને જુએ અને જાણે તે ક્ષાયિક સમકિત.

પ્ર. ૩૫ સમ્યક્ત્વ શું છે ?

ઉ. ૩૫ સમ્યક્ત્વ એ આત્માની સુંદરતા છે, આત્માનું શુદ્ધ પરિણામ છે. સમ્યક્ત્વ રત્નથી કોઇ શ્રેષ્ઠ રત્ન નથી, કોઇ મોટો મિત્ર નથી, કોઇ મોટો બંધુ નથી કે કોઇ મોટો લાભ નથી. સર્વગુણાંશ તે સમ્યક્ત્વ.

પ્ર. ૩૬ સમકિત થયા પછીની દશા કેવી હોય ?

ઉ. ૩૬ જેમ પાકેલું ફળ વૃક્ષ ઉપરથી ખરી પડે પછી તે ફરી વૃક્ષ ઉપર ચોંટે નહીં તેમ સમકિત પ્રગટ થતા અનંત સંસારની વેલડી મૂળમાંથી ઉખડી જાય છે. સંસાર આખો સળગી જાય છે, પછી આદર્શ વ્યવહાર ઉદય કર્મને આધિન વર્ત્યા કરે છે.

પ્ર. ૩૭ સમકિત શુદ્ધ ક્યારે કહેવાય ?

ઉ. ૩૭ સમકિત પાંચ લક્ષણો, છ જયણા, છ આગારો, છ ભાવનાઓ, છ સ્થાનો, પાંચ આભૂષણો, ચાર સદહણા, ત્રણ લિંગ, દસ પ્રકારનો વિનય, ત્રણ પ્રકારની શુદ્ધિ, પાંચ પ્રકારનાં દુષણોનો ત્યાગ, આઠ પ્રભાવકો એમ સડસટ ભેદોથી યુક્ત હોય તે સમકિત શુદ્ધ કહેવાય.

પ્ર. ૩૮ કયું સમકિત વમે અને કયું ન વમે ?

ઉ. ૩૮ ક્ષયોપશમ સમકિત અને ઉપશમ સમકિત હોય તો તે જીવ વમી શકે. પણ ક્ષાયિક સમકિત હોય તો તે વમાય નહિં. ક્ષાયિક સમકિતવાળો જીવ વધારેમાં વધારે ચાર ભવ કરે. યુગલિયાનું આયુષ્ય બંધાયા પછી ક્ષાયિક સમકિત આવ્યું હોય તો ચાર ભવ થવાનો સંભવ છે, નહીં તો ત્રણ ભવે મોક્ષ થઇ જાય.

પ્ર. ૩૯ સમકિતની પ્રાપ્તિ પછી કેટલાં ભવે મોક્ષ થાય છે ?

ઉ. ૩૯ સમકિતની પ્રાપ્તિ પછી વધુમાં વધુ પંદર ભવે મોક્ષ થઇ જ જાય છે અને કદાચ કોઇ જીવ ભાગ્યે પડી જાય તો પણ અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ સુધી જ ભટકવું પડે પછી મોક્ષે જતો જ રહે.

પ્ર. ૪૦ સમકિત થયા પછી કેવાં કપડાં પહેરવાં જોઇએ ?

ઉ. ૪૦ ભગવાને કહ્યું છે કે છેલ્લું સ્ટેશન આવે તેને અને છેલ્લા પંદર અવતાર બાકી રહ્યાં ત્યારે રેશમી કપડાં પહેરે તો વાંધો ના આવે.

પ્ર. ૪૧ સમ્યક્ત્વના પાંચ લક્ષણો કયા કયા છે ?

ઉ. ૪૧ સમ્યક્ત્વના (સમકિતના) મુખ્ય પાંચ લક્ષણો નીચે મુજબ છે.

૧. **શમ (શમતા) રાખવી :** શમ એટલે શાંતિ. ગમે તેવા બળવાન કારણો ઉપસ્થિત થવાં છતાં ક્રોધાદિને વશ થવું નહીં, ક્ષમા રાખવી, શાંતિ ધારણ કરવી તેને શમ કહેવાય. જે વ્યક્તિ નિર્દોષ જીવને સતાવતો નથી કે દુઃખી કરતો નથી, અંદરથી શીતળ રહે છે, કોઇ પર દ્વેષ કરતો નથી તેને શમ કહેવાય. ઉદયમાં આવેલા કષાયોમાં મંદતા થવી, અનાદિકાળની વૃત્તિઓ સમાઇ જવી તે શમ.

૨. **સંવેગ :** મોક્ષ સિવાય બીજી કોઇ ચીજની ઝંખના કે પ્રાર્થના ન કરે તેને સંવેગ કહે છે. મોક્ષ સિવાય કોઇપણ વસ્તુમાં રુચિ ધરાવતો નથી, પૌદ્લગિક સુખને દુઃખ માને છે એ સંવેગ કહેવાય છે. મુક્ત થવા સિવાય બીજી કોઇપણ પ્રકારની ઇચ્છા નહીં, અભિલાષા નહીં તે સંવેગ કહેવાય છે.

૩. **નિર્વેદ :** સંસાર અસાર છે, શરીર અપવિત્ર છે, ભોગ અતૃપ્તિકારી અને વિનાશી છે, એવી ભાવના નિરંતર રહે તેને નિર્વેદ કહે છે. સંસાર પ્રત્યે ઉદાસીનતા, સંસારમાં અરુચિ, સંસારમાં ભયંકર કંટાળો આવે, જિનેશ્વરને (અરિહંતને) શરણે જવાની પ્રબલ જિજ્ઞાસા થાય, સંસારરૂપી કારાગારમાંથી છૂટવાની તાલાવેલી પ્રગટે, જરાક અવસર મળે તો છૂટી જવાની દૃઢ બુદ્ધિ જેનામાં હોય છે તે નિર્વેદવાળા કહેવાય. નિર્વેદનો અર્થ સંસારથી વૈરાગ્ય છે. જ્યારથી એમ સમજાયું કે ભ્રાંતિમાં જ પરિભ્રમણ કર્યું ત્યારથી હવે ઘણી થઇ અરે જીવ ! હવે શોભ એ પ્રકારની વિચારણા કે ચિંતવન તેને નિર્વેદ કહેવાય.

૪. **અનુકંપા :** જીવમાત્રનાં દુઃખનો પ્રતિકાર કરવાની સતત ઇચ્છા થવી તે અનુકંપા કહેવાય. ચંદ્ર જેમ પોતાની ચાંદની દરેકને આપે છે તેમ બધાં જીવમાત્ર ઉપર સરખી દયા, પાપી ઉપર પણ અનુકંપા, દુઃખી પ્રત્યે કરૂણાની-દયાની ભાવનાં, દુઃખી જીવોને મદદ કરવી, ધર્મ માર્ગે ભૂલેલાને સત્ય સમજાવવું, એ સઘળા વડે જીવમાં સ્વાત્મતુલ્ય બુદ્ધિ તે અનુકંપા કહેવાય છે.

૫. **આસ્તિકતા :** તીર્થંકર પરમાત્માનાં વચનોમાં શ્રદ્ધા તે આસ્તિકતા કહેવાય છે. જિન વચન પર પરમ વિશ્વાસ, નવ તત્ત્વમાં પૂરી શ્રદ્ધા દેવગુરુ પ્રત્યે અડગ નિષ્ઠા તે આસ્તિકતા કહેવાય. પુણ્ય-પાપ, સ્વર્ગ-નરક, લોક-પરલોક તથા જન્મ-પુનર્જન્મનાં અસ્તિત્વને સ્વીકારવું તે આસ્તિકતા કહેવાય. મહાત્મ્ય જેનું પરમ છે એવા નિસ્પૃહી પુરુષોનાં વચનમાં જ તલ્લિનતા, શ્રદ્ધા-અને આસ્થા તે આસ્તિકતા કહેવાય છે.

પ્ર. ૪૨ સમકિતના ભૂષણ કેટલા છે ?

ઉ. ૪૨ જેનાથી વસ્તું શોભે-દીપે તેને ભૂષણ કહેવાય. જે ગુણ અથવા કાર્યથી સમકિતની શોભા વધે તેને સમકિતનું ભૂષણ કહેવાય. ગુજરાતીમાં તેને આભૂષણ પણ કહેવાય છે. સમકિતના મુખ્ય પાંચ ભૂષણ છે.

૧. **સ્થિરતા (સ્થૈર્ય) :** ધર્મ પાલનમાં સ્થિરતા અને દૃઢતા હોય છે. ધર્મથી ડગી ગયેલાને પણ સમકિતી સ્થિરતા કરે એવી અદ્‌ભૂત સ્થિરતા હોય.

૨. **પ્રભાવના :** જે ગુણોને લીધે કે ક્રિયાને લીધે લોકોમાં ધર્મનો પ્રભાવ વધે તેવા સર્વ કાર્યોને પ્રભાવના કહેવાય. જિન શાસનને દીપાવે તે પ્રભાવના.

૩. **ભક્તિ :** જિનેશ્વરદેવની અને સદ્‌ગુરુ (જ્ઞાની પુરુષની) ભક્તિ કરવી. અંતરંગ જિન ભક્તિ -પ્રીતિ, શાસ્ત્ર, ધર્મગુરુ, ધર્માત્માઓનો યથા યોગ્ય વિનય કરે તેમની સેવા કરવી તે પણ ભક્તિ છે.

૪. **ક્રિયા કૌશલ્ય :** જ્ઞાન અને ક્રિયાના યોગથી ક્રિયામાં કુશળતા દાખવવી. સાધુની સેવા કરવી. સ્વધર્મીની સેવા કરવી.

૫. **તીર્થ સેવન :** તીર્થયાત્રા કરવી જોઇએ. મોક્ષાભિલાષી સાધુ મહારાજનો સમાગમ કરવો જોઇએ.

પ્ર. ૪૩ સમ્યક્ત્વને (સમકિતને) દુષિત કરનાર કઇ પાંચ વસ્તુઓ છે ?

ઉ. ૪૩ સમકિતને દુષિત કરનાર પાંચ દુષિતો નીચે મુજબ છે.

૧. **શંકા :** અરિહંત પરમાત્માએ કહેલ ધર્મ કે તત્ત્વમાં સંદેહ થયો તે શંકા કહેવાય.

૨. **કાંક્ષા :** કોઇ ધર્મની અમુક વસ્તું (કરણી) આચરણી કે માન્યતાં સારી છે એમ માનવું એ કાંક્ષા. અમુક ધર્મમાં આ વસ્તુ ઘણી સારી છે.

૩. **વિચિકીત્સા :** ક્રિયાના ફળમાં સંદેહ કરવો તે વિચિકીત્સા.

૪. **મિથ્યા દૃષ્ટિની પ્રશંસા :** મિથ્યાત્વી લોકોની દૃષ્ટિ ખરેખર સુંદર છે એમ માની તેમની પ્રશંસા કરવી તે.

૫. **મિથ્યાત્વીનો પરિચય :** મિથ્યાત્વીના ઘેર કામ વિના જવું તેના સામું જો જો કરવું. મિથ્યાત્વી સાથે પરિચય કરવો તે.

પ્ર. ૪૪ સમકિતના ચાર સદહણા એટલે શું ?

ઉ. ૪૪ સદહણા એટલે શ્રદ્ધા. સમકિતીને ચાર પ્રકારની શ્રદ્ધા હોવી જોઇએ.

૧. **પરમાર્થ સંસ્તવ :** જડ, ચેતન, પાપ, પુણ્ય, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષ એ નવ તત્ત્વોનો પરિચય તેને પરમાર્થ સંસ્તવ કહે છે.

૨. **પરમાર્થ જ્ઞાતૃસેવન :** સૂત્રના અર્થને એટલે કે ભાવ તથા રહસ્યને જાણે છે તેવા સદ્‌ગુરુની સેવા કરવી તે પરમાર્થ જ્ઞાતૃસેવન કહેવાય છે.

૩. **વ્યાપન્ન વર્જન :** જેનું દર્શન, જેનું સમ્યક્‌ત્વ ખંડીત થયું હોય તેનો પરિચય ન કરવો.

૪. **કુદૃષ્ટિ વર્જન :** મિથ્યાત્વીનો કોઇપણ પ્રકારે પરિચય ન કરવો તે.

પ્ર. ૪૫ સમકિતના ત્રણ લિંગો એટલે શું ?

ઉ. ૪૫ લિંગ એટલે ચિન્હ, (ઓળખવાનું નિશાન.) સમ્યક્‌ત્વ પ્રગટ થયું છે તેને ઓળખવા માટેના ત્રણ ચિન્હો નીચે મુજબ છે.

૧. આગમો સાંભળવાની જિજ્ઞાસા. દરરોજ જિન વાણી સાંભળવાની અભિલાષા રાખવી.

૨. વીતરાગ ધર્મ ઉપર અને વીતરાગ ધર્મ સાધના પ્રત્યે પરમ અનુરાગ.

૩. તીર્થંકર ભગવંતોની ભક્તિ તથા સાધુ-મહારાજ સાહેબોની સેવા, તેમનું વૈયાવચ્ચ.

પ્ર. ૪૬ સમકિતના દસ પ્રકારના વિનય કયા કયા છે ?

ઉ. ૪૬ ૧. પ્રણામ, વંદન કરવા.

૨. અંતરંગ પ્રેમ દાખવવો.

૫. **આસ્તિકતા :** તીર્થંકર પરમાત્માનાં વચનોમાં શ્રદ્ધા તે આસ્તિકતા કહેવાય છે. જિન વચન પર પરમ વિશ્વાસ, નવ તત્ત્વમાં પૂરી શ્રદ્ધા દેવગુરુ પ્રત્યે અડગ નિષ્ઠા તે આસ્તિકતા કહેવાય. પુણ્ય-પાપ, સ્વર્ગ-નરક, લોક-પરલોક તથા જન્મ-પુનર્જન્મનાં અસ્તિત્વને સ્વીકારવું તે આસ્તિકતા કહેવાય. મહાત્મ્ય જેનું પરમ છે એવા નિસ્પૃહી પુરુષોનાં વચનમાં જ તલ્લિનતા, શ્રદ્ધા-અને આસ્થા તે આસ્તિકતા કહેવાય છે.

પ્ર. ૪૨ સમકિતના ભૂષણ કેટલા છે ?

ઉ. ૪૨ જેનાથી વસ્તું શોભે-દીપે તેને ભૂષણ કહેવાય. જે ગુણ અથવા કાર્યથી સમકિતની શોભા વધે તેને સમકિતનું ભૂષણ કહેવાય. ગુજરાતીમાં તેને આભૂષણ પણ કહેવાય છે. સમકિતના મુખ્ય પાંચ ભૂષણ છે.

૧. **સ્થિરતા (સ્થૈર્ય) :** ધર્મ પાલનમાં સ્થિરતા અને દૃઢતા હોય છે. ધર્મથી ડગી ગયેલાને પણ સમકિતી સ્થિરતા કરે એવી અદ્‌ભૂત સ્થિરતા હોય.

૨. **પ્રભાવના :** જે ગુણોને લીધે કે ક્રિયાને લીધે લોકોમાં ધર્મનો પ્રભાવ વધે તેવા સર્વ કાર્યોને પ્રભાવના કહેવાય. જિન શાસનને દીપાવે તે પ્રભાવના.

૩. **ભક્તિ :** જિનેશ્વરદેવની અને સદ્‌ગુરુ (જ્ઞાની પુરુષની) ભક્તિ કરવી. અંતરંગ જિન ભક્તિ -પ્રીતિ, શાસ્ત્ર, ધર્મગુરુ, ધર્માત્માઓનો યથા યોગ્ય વિનય કરે તેમની સેવા કરવી તે પણ ભક્તિ છે.

૪. **ક્રિયા કૌશલ્ય :** જ્ઞાન અને ક્રિયાના યોગથી ક્રિયામાં કુશળતા દાખવવી. સાધુની સેવા કરવી. સ્વધર્મીની સેવા કરવી.

૫. **તીર્થ સેવન :** તીર્થયાત્રા કરવી જોઇએ. મોક્ષાભિલાષી સાધુ મહારાજનો સમાગમ કરવો જોઇએ.

પ્ર. ૪૩ સમ્યક્‌ત્વને (સમકિતને) દુષિત કરનાર કઇ પાંચ વસ્તુઓ છે ?

ઉ. ૪૩ સમકિતને દુષિત કરનાર પાંચ દુષિતો નીચે મુજબ છે.

૧. **શંકા :** અરિહંત પરમાત્માએ કહેલ ધર્મ કે તત્ત્વમાં સંદેહ થયો તે શંકા કહેવાય.

૨. **કાંક્ષા :** કોઇ ધર્મની અમુક વસ્તું (કરણી) આચરણી કે માન્યતાં સારી છે એમ માનવું એ કાંક્ષા. અમુક ધર્મમાં આ વસ્તુ ઘણી સારી છે.

૩. **વિચિકીત્સા :** ક્રિયાના ફળમાં સંદેહ કરવો તે વિચિકીત્સા.

૪. **મિથ્યા દૃષ્ટિની પ્રશંસા :** મિથ્યાત્વી લોકોની દૃષ્ટિ ખરેખર સુંદર છે એમ માની તેમની પ્રશંસા કરવી તે.

૫. **મિથ્યાત્વીનો પરિચય :** મિથ્યાત્વીના ઘેર કામ વિના જવું તેના સામું જો જો કરવું. મિથ્યાત્વી સાથે પરિચય કરવો તે.

પ્ર. ૪૪ સમકિતના ચાર સદહણા એટલે શું ?

ઉ. ૪૪ સદહણા એટલે શ્રદ્ધા. સમકિતીને ચાર પ્રકારની શ્રદ્ધા હોવી જોઇએ.

૧. **પરમાર્થ સંસ્તવ :** જડ, ચેતન, પાપ, પુણ્ય, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષ એ નવ તત્ત્વોનો પરિચય તેને પરમાર્થ સંસ્તવ કહે છે.

૨. **પરમાર્થ જ્ઞાતૃસેવન :** સૂત્રના અર્થને એટલે કે ભાવ તથા રહસ્યને જાણે છે તેવા સદ્‌ગુરુની સેવા કરવી તે પરમાર્થ જ્ઞાતૃસેવન કહેવાય છે.

૩. **વ્યાપન્ન વર્જન :** જેનું દર્શન, જેનું સમ્યક્‌ત્વ ખંડીત થયું હોય તેનો પરિચય ન કરવો.

૪. **કુદૃષ્ટિ વર્જન :** મિથ્યાત્વીનો કોઇપણ પ્રકારે પરિચય ન કરવો તે.

પ્ર. ૪૫ સમકિતના ત્રણ લિંગો એટલે શું ?

ઉ. ૪૫ લિંગ એટલે ચિન્હ, (ઓળખવાનું નિશાન.) સમ્યક્‌ત્વ પ્રગટ થયું છે તેને ઓળખવા માટેના ત્રણ ચિન્હો નીચે મુજબ છે.

૧. આગમો સાંભળવાની જિજ્ઞાસા. દરરોજ જિન વાણી સાંભળવાની અભિલાષા રાખવી.

૨. વીતરાગ ધર્મ ઉપર અને વીતરાગ ધર્મ સાધના પ્રત્યે પરમ અનુરાગ.

૩. તીર્થંકર ભગવંતોની ભક્તિ તથા સાધુ-મહારાજ સાહેબોની સેવા, તેમનું વૈયાવચ્ચ.

પ્ર. ૪૬ સમકિતના દસ પ્રકારના વિનય કયા કયા છે ?

ઉ. ૪૬ ૧. પ્રણામ, વંદન કરવા.

૨. અંતરંગ પ્રેમ દાખવવો.

૩. ગુણગાન ગાવા.

૪. અવગુણ દેખાય તો ઢાંકવા.

૫. અશાતના ના થાય તેમ વર્તવું.

૬. અરિહંત ભગવંતનો, તેમની પ્રતિમાનો, જિન મંદિરનો વિનય કરવો.

૭. સિદ્ધ ભગવંતનો, તેમની પ્રતિમાનો, જિન મંદિરનો વિનય કરવો.

૮. આચાર્ય ભગવંતનો, તેમની પ્રતિમાનો, વિનય કરવો તથા સાધુ અને ઉપાધ્યાય ભગવંતોનો વિનય કરવો.

૯. આગમો, શાસ્ત્રોનો વિનય કરવો.

૧૦. સંઘ અને સમક્તિનો વિનય કરવો.

પ્ર. ૪૭ સમકિતની ત્રણ પ્રકારની શુદ્ધિ કઇ કઇ ?

ઉ. ૪૭ ૧. મનની શુદ્ધિ

૨. વચનની શુદ્ધિ

૩. કાયાની શુદ્ધિ

પ્ર. ૪૮ સમકિતના આઠ પ્રભાવકો કયા કયા છે ?

ઉ. ૪૮ જે ગુણ લબ્ધિ અથવા ક્રિયાથી લોકોમાં વીતરાગ ધર્મનો પ્રભાવ વધે તેને પ્રભાવક કહેવાય.

૧. શાસનની પ્રભાવના કરે પ્રાવચનિક : હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે પ્રવચનોના માધ્યમથી શાસનની પ્રભાવના કરેલ.

૨. ધર્મકથા કહી બીજાને ધર્મ પમાડે : ધર્મ કથાકાર:-શ્રી નંદીષેણ મુનિ.

૩. જે પ્રમાણ, યુક્તિ અને સિદ્ધાંતના બળથી પરવાદીઓ સાથે વાદ કરીને તેમને હરાવે અને વીતરાગ શાસનનો મહિમા વધારે દા.ત. વાદી શ્રી મલ્લવાદિસૂરિ.

૪. જે અષ્ટાંગ નિમિત્ત તથા જયોતિષશાસ્ત્રના જ્ઞાતા પરગામી બની શાસનની પ્રભાવના કરે. દા.ત. : ભદ્રબાહુ સ્વામી.

૫. વિવિધ પ્રકારની તપશ્ચર્યા વડે શાસનની પ્રભાવના કરે. દા.ત. તપસ્વી વિષ્ણુકુમાર.

૬. મંત્ર-તંત્ર આદિ વિદ્યાનો ઉપયોગ શાસનની ઉન્નતિ માટે કરે અથવા સંઘ કે શાસન ઉપર કોઇ આફત આવી હોય તેને નિવારવા કરે તે. દા.ત. ખપુટાચાર્ય.

૭. અંજન, ચૂર્ણ, લેપ આદિ સિદ્ધ કરેલા યોગો વડે જિન શાસનનું ગૌરવ વધારે. દા.ત. સિદ્ધ પાદલિપ્તસુરી.

૮. કાવ્ય શક્તિ વડે સહુનાં હૃદયનું હરણ કરી લે અને તે દ્વારા શાસનનું ગૌરવ વધારે. દા.ત. સિદ્ધસેન દીવાકર, હેમચંદ્રાચાર્ય, બપ્પભટ્ટિસુરી.

પ્ર. ૪૯ સમકિતધારીની છ યતના કઇ કઇ ?

ઉ. ૪૯ સમકિતધારીએ છ પ્રકારની યતના કરવી એટલે કે છ બાબતમાં પ્રયત્નશીલ રહેવું.

૧. અન્ય તીર્થનાં દેવોને પૂજવાં નહીં.

૨. અન્ય ધર્મનાં મંદિરને પૂજવાં નહીં.

૩. અન્ય તીર્થનાં દેવોને ભેટ ચઢાવવી નહીં કે ત્યાં દાન આપવું નહીં.

૪. અન્ય ધર્મનાં મંદિરો કે દેવળોમાં દાન આપવું નહીં.

૫. અન્ય ધર્મી સાથે બોલવું નહીં કે લાંબો વાર્તાલાપ કરવો નહીં.

૬. અન્ય ધર્મનાં પુસ્તક વાંચવા નહીં.

પ્ર. ૫૦ સમકિતના છ આગાર કયા કયા છે ?

ઉ. ૫૦ જેમ કાયદો ઘડતી વખતે તેમાં અપવાદની કલમો રાખવામાં આવે છે તેમ પ્રતિજ્ઞા લેતી વખતે તેમાં કેટલીક છૂટછાટો રાખવામાં આવેલી છે. તેને આગાર કહેવામાં આવે છે, તેથી કરેલી પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી તેવા છ આગારો નીચે મુજબ છે.

૧. **રાજાભિયોગ :** અંતરની ઇચ્છા ન હોય પણ રાજાની આજ્ઞાથી કોઇ કામ કરવું પડે તો સમ્યક્ત્વનો ભંગ થતો નથી. દા.ત. રાજાની આજ્ઞાથી મિથ્યાત્વીને નમસ્કાર કરવા પડે.

૨. **ગણાભિયોગ :** અંતરની ઇચ્છા ન હોય પણ લોકસમૂહના આગ્રહથી કોઇ કામ કરવું પડે. આજીવિકાને કારણે કોઇ ગણ સમૂહ કે પંચ આદિના આગ્રહથી કોઇ કામ કરવું પડે.

૩. **બલાભિયોગ :** અંતરની ઇચ્છા ન હોય પણ કોઇ બળવાનની ઇચ્છાથી તેના હુકમથી કોઇ કામ કરવું પડે.

૪. **દેવાભિયોગ :** અંતરની ઇચ્છા ન હોય પણ કોઇ દેવી-દેવતાનાં દબાણને વશ થઇ કાર્ય કરવું પડે. કુળદેવતાનાં દબાણથી કોઇ કાર્ય કરવું પડે.

૫. **ગુરુનિગ્રહ :** અંતરની ઇચ્છા ન હોય છતાં માતા-પિતા કે કુલગુરુના આગ્રહથી કોઇ કાર્ય કરવું પડે.

૬. **વૃતિકાંતાર :** દુકાળ આદિને કારણે કે જંગલમાં માર્ગ ભૂલવાને કારણે જીવન નિર્વાહ માટે જો શુદ્ધ ધર્મથી પ્રતિકુળ નિરુપાયે કોઇ પ્રવૃત્તિ કરવી પડે.

પ્ર. ૫૧ સમકિતની છ ભાવનાઓ કઇ કઇ ?

ઉ. ૫૧ સમકિતને પુષ્ટ કરવા છ ભાવના ભાવવી આવશ્યક છે.

૧. સમ્યક્ત્વ એ ચારિત્ર ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે એમ ચિંતવવું એ પ્રથમ ભાવના છે. મૂળ લીલું હોય તો વૃક્ષ ફૂલે-ફાલે. મોક્ષરૂપી નગરના પ્રવેશ દ્વાર સ્વરૂપ સમકિત છે એમ ભાવના ભાવવી.

૨. સમ્યક્ત્વ એ મોક્ષ રૂપી નગરીમાં પેસવાનું દ્વાર છે એમ ચિંતવવું એ બીજી ભાવના છે. દરવાજા વિના જેમ નગરમાં પેસી ન શકાય તેમ સમકિત વિના મુકિત મેળવી ન શકાય એમ ચિંતવવું.

૩. સમ્યક્ત્વ એ ધર્મરૂપી મહેલનો પાયો છે એમ ચિંતવવું તે ત્રીજી ભાવનાં છે. પાયા વિના મહેલ ટકે નહીં. જિનધર્મરૂપી વાહનની પીઠ તુલ્ય સમકિત છે. પ્રતિષ્ઠાન એટલે પીઠ. તેના આધારે જ વાહનનું અસ્તિત્ત્વ હોય છે. તેમ ધર્મને સામર્થ્ય સમકિત આપે છે.

૪. સમ્યક્ત્વ એ જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણનો નિધિ છે એમ ચિંતવવું. વિનય આદિ ગુણોનો આધાર સમકિત છે.

૫. સમ્યક્ત્વ એ ચારિત્રરૂપી જીવનનો આધાર છે, એમ ચિંતવવું એ પાંચમી ભાવના છે. કોઇપણ પેય (પીવાનો) પદાર્થ વાસણ વગર રહી શકે નહીં તેમ ધર્મરૂપી અમૃતને માટે યોગ્ય પાત્ર સમકિત છે. સમકિતરૂપી પાત્ર વગર ધર્મ અમૃત રહી શકતું નથી.

૬. સમ્યક્ત્વ એ આત્મવિકાસ માટે અનુપમ વસ્તુ છે. મોક્ષે જવા અંગેનું લાયસન્સ છે એમ ચિંતવવું એ છઠ્ઠી ભાવના.

પ્ર. ૫૨ સમ્યક્ત્વના છ સ્થાનો કયા કયા ગણાય છે ?

ઉ. ૫૨ સમ્યક્ત્વને ટકાવવા માટે તાત્વીક ભૂમિકાની જરૂર છે. આ તાત્વીક ભૂમિકા છ સ્થાનો અર્થાત્ છ સિદ્ધાંતોનો સ્વીકાર કરવાથી તૈયાર થાય છે.

૧. જીવ છે.

૨. જીવ નિત્ય છે.

૩. શુભાશુભ કર્મનો અમુક અપેક્ષા એ કર્તા છે ખરેખર અકર્તા છે.

૪. આત્મા શુભાશુભ કર્મફળનો અપેક્ષાએ ભોક્તા છે. વાસ્તવમાં ખરેખર અભોક્તા છે.

૫. તે સર્વ કર્મનો ક્ષય કરી જ્ઞાની પુરુષની કૃપાથી મોક્ષ મેળવી શકે છે.

૬. મોક્ષનો ઉપાય સુલભ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ વગર મુક્તિ શક્ય નથી.

પ્ર. ૫૩ સમકિતના ૬૭ (સડસઠ) બોલ કયા કયા ગણાય છે ?

ઉ. ૫૩ સમકિતના સડસઠ બોલ નીચે મુજબ ગણાય છે.

૧.	સમકિતના લક્ષણો	૫
૨.	સમકિતના આભુષણો	૫
૩.	સમકિતના દુષણો	૫
૪.	ચાર સદહણા	૪
૫.	ત્રણ લિંગ (ચિન્હો)	૩
૬.	દસ પ્રકારના વિનય	૧૦
૭.	ત્રણ પ્રકારની શુદ્ધિ	૩
૮.	આઠ પ્રભાવકો	૮
૯.	છ યતના	૬
૧૦.	છ ભાવના	૬
૧૧.	છ સ્થાનો	૬
૧૨.	છ આગાર	૬

પ્ર. ૫૪ સમ્યક્ જ્ઞાનની વૃદ્ધિ માટે શું ઉપાય છે ?

ઉ. ૫૪ સમ્યક્ જ્ઞાનની વૃદ્ધિ માટે શાસ્ત્રકારોએ આઠ પ્રકારનો જ્ઞાનાચાર બતાવ્યો છે.

૧. જ્ઞાનાચાર કાલ

૨. વિનય

૩. બહુમાન

૪. **ઉપધાન તપ** : ૨૧ ઉપવાસ + ૮ આયંબિલ + ૧૮ એકાસણા.

૫. **અનિહનવતા** : ગુરુના નામનો જપ, સ્મરણ.

૬. **વ્યંજનશુદ્ધિ** : અક્ષર શુદ્ધિ.

૭. **અર્થ શુદ્ધિ** : સૂત્રના અર્થ જેમ છે તેમ સમજવા.

૮. **તદુભય શુદ્ધિ** : શુદ્ધ ઉચ્ચાર.

પ્ર. ૫૫ કાય શુદ્ધિવાળો સમકિતી કોને કહેવાય ?

ઉ. ૫૫ તલવાર આદિથી ભેદાવા અને બંધન કેદ આદિથી પીડાવા છતાં અર્થાત્ અતિ વિષમ આપત્તિમાં આવવા છતાં જે રાગ-દ્વેષના જીતનાર શ્રી જિનેશ્વર દેવ સિવાય અન્યને નમસ્કાર કરતાં નથી તે ભાગ્યશાળી કાય શુદ્ધિવાળો સમકિતી કહેવાય.

પ્ર. ૫૬ કૃષ્ણ ભગવાનને ક્ષાયક સમકિત ક્યારે ઉપજેલું ?

ઉ. ૫૬ વર્તમાન ચોવીસીના બાવીસમાં તીર્થંકર ભગવાન નેમિનાથની આજ્ઞાથી પાંચસો સાધુઓને વાંદતા કૃષ્ણ ભગવાનને ક્ષાયક સમકિતની પ્રાપ્તિ થયેલ.

પ્ર. ૫૭ બીજા મતે સમકિતના દસ ભેદો કયા કયા છે ?

ઉ. ૫૭ ૧. **નિસર્ગ રુચિ** : બીજાના ઉપદેશ વિના પોતાની મેળે જાતિ સ્મરણ આદિ જ્ઞાનથી જાણીને સમકિત થાય તે નિસર્ગ રુચિ સમકિત કહેવાય છે.

૨. **ઉપદેશ રુચિ** : ગીતાર્થ ગુરુના ઉપદેશથી સમકિત થાય તેને ઉપદેશ રુચિ સમકિત કહેવાય છે.

૩. **આજ્ઞા રુચિ** : અરિહંત દેવ અને ગુરુની આજ્ઞાના પાલનથી જે સમકિત થાય છે તેને આજ્ઞા રુચિ સમકિત કહેવાય છે.

૪. **સૂત્ર રુચિ** : સૂત્રો કે આગમ ભણવાથી જે સમકિત થાય છે તે સૂત્ર રુચિ સમકિત કહેવાય છે.

૫. **બીજ રુચિ** : પાણીમાં તેલના ટીપાંની જેમ થોડું શીખવાથી પણ બહુરૂપમાં પરિણત થઈને જે સમકિત થાય છે. તે બીજ રુચિ સમકિત કહેવાય છે.

૬. **અભિગમ રુચિ** : જે સમકિત ૧૧અંગ અને ૧૨ ઉપાંગ આદિ શાસ્ત્રોને ભણતા ભણતા ઉત્પન્ન થાય તે અભિગમ રુચિ કહેવાય.

૭. **વિસ્તાર રુચિ :** ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્ય જેવા કે જડ, ચેતન, ગતિ સહાયક તત્ત્વ, સ્થિતિ સહાયક તત્ત્વ, આકાશ અને કાળ તથા નવ તત્ત્વો જેવા કે જડ, ચેતન, પાપ, પુણ્ય, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષ તથા સાત નય નિક્ષેપ અને હેય, જ્ઞેય અને ઉપાદેય આદિને વિસ્તારપૂર્વક જાણવાથી જે સમકિત થાય તે વિસ્તાર રુચિ સમકિત કહેવાય છે.

૮. **ક્રિયા રુચિ :** જે સમકિત સમિતિ (પાંચ સમિતિ) અને ત્રણ ગુપ્તિ રૂપ અષ્ટપ્રવચન માતા તથા પ્રતિલેખના આદિ સાધુ-શ્રાવકની ક્રિયાઓથી ઉત્પન્ન થાય તે ક્રિયા રુચિ સમકિત કહેવાય છે.

૯. **સંક્ષેપ રુચિ :** જેને કોઈપણ પ્રકારનો કદાગ્રહ કે હઠાગ્રહ નથી તેમજ જૈનધર્મમાં પ્રવિણ પણ નથી એવી સ્થિતિમાં જે સંક્ષિપ્ત જ્ઞાન યુક્ત સમકિત થાય છે તેને સંક્ષેપ રુચિ સમકિત કહેવાય છે.

૧૦. **ધર્મ રુચિ :** સતધર્મ અને ચારિત્ર ધર્મની આરાધના કરતાં જે સમકિત થાય તે ધર્મ રુચિ સમકિત કહેવાય છે.

પ્ર. ૫૮ સમ્યક્ દૃષ્ટિની વિશેષતા શું છે ?

ઉ. ૫૮ સમ્યક્ દૃષ્ટિ જીવ સાત સ્થાનમાં (નારક, તીર્યંચ, સ્ત્રી, નપુંસક, ભવન પતિ, વાણ વ્યંતર અને જ્યોતિષી દેવો) આયુષ્યનો નવો બંધ કરતો નથી.

પ્ર. ૫૯ સમકિત પ્રાપ્ત થયા પછી સમકિત સ્થિર રહે તો તે જીવ કેટલા ભવ કરી મોક્ષ પ્રાપ્ત કરી લે છે ?

ઉ. ૫૯ જઘન્ય એટલે ઓછામાં ઓછા ત્રણ ભવ અને વધુમાં વધુ પંદર ભવ કરી મોક્ષ પ્રાપ્ત કરી લે છે. સાત ભવ દેવનાં અને આઠ ભવ મનુષ્યનાં કરી મોક્ષે જાય.

પ્ર. ૬૦ સમકિત આવ્યા પછી તેનું વમન થઈ જાય તો તે જીવ ક્યારે મોક્ષને પામે છે ?

ઉ. ૬૦ ઓછામાં ઓછા અંતમુહૂર્ત અને વધુમાં વધુ અર્ધ પુદ્ગલ પરાવર્તનમાં પુનઃ સમકિત અને ચારિત્ર પ્રાપ્ત કરી મુક્ત થઇ જાય છે.

પ્ર. ૬૧ સમ્યક્ત્વ જીવને શું કહે છે ?

ઉ. ૬૧ સમ્યક્ત્વ જીવને કહે છે કે મને ગ્રહણ કરવાથી ગ્રહણ કરનારની ઇચ્છા ન થાય તો પણ મારે તેને પરાણે મોક્ષે લઇ જવો પડે છે, માટે ગ્રહણ કરતા પહેલા એ વિચાર કરવો કે મોક્ષે જવાની ઇચ્છા ફેરવવી હશે તો પણ કામ આવવાની નથી. મારે તને મોક્ષે પહોંચાડવો એ મારી પ્રતિજ્ઞા છે.

પ્ર. ૬૨ સમકિતીને કેટલા અંગ હોય છે?

ઉ. ૬૨ જેમ શરીરના આઠ અંગ હોય તેમ સમકિતીને આઠ અંગ હોય છે.

૧. **નિઃશંકિત અંગ :** આ લોકનો ભય, પરલોકનો ભય, વેદના ભય, અરક્ષા ભય, અગુપ્ત ભય, મરણ ભય, અને અકસ્માત ભય આ સાત પ્રકારના ભયથી તેની શ્રદ્ધા વિચલીત થતી નથી તથા ક્યારેય જિનેશ્વરનાં વચનમા શંકા કે સંદેશ ઊભો થતો નથી પરંતુ પોતાના આત્મામાં નિર્લપ થઈને રહે છે. નિશંક બની વીચરે છે.

૨. **નિઃકાંક્ષિત અંગ :** શુભ ક્રિયા કરી તેના ફળની ઈચ્છા કરતો નથી તથા ફળ અંગે ક્યારેય સંદેહ ઊભો થતો નથી. અતિન્દ્રિય આનંદમાં મગ્ન રહે છે.

૩. **નિર્વિચિકિત્સા અંગ :** અશુભ વસ્તુ જોઈ મનમાં કે ચિત્તમાં ગ્લાનીનો અનુભવ કરતાં નથી. સાધુ, આચાર્યના મેલા-મલિન વસ્ત્રો જોઈ તેમના માટે કિંચિત્‌માત્ર પણ અભાવ કરતા નથી. આત્મા સ્વરૂપની મગ્નતામાં સામ્ય ભાવનું અવલંબન લે છે.

૪. **અમૂક દૃષ્ટિ અંગ :** દરેક ધર્મક્રિયા વિચારપૂર્વક, ભાવ સહિત અને સમજણપૂર્વક કરે છે દેખા-દેખી કે અનુકરણ કરતો નથી.

૫. **ઉપગહન અંગ :** બીજાના ગુણોને દેખીને પોતાના ગુણો વધારે છે અને સાધર્મી જીવો ના દોષ પ્રસિદ્ધ કરતા નથી. આત્મિક સ્વભાવની સ્થિરતામાં લીન રહે છે.

૬. **સ્થિતિકરણ અંગ :** પોતાના આત્માને સદા ધર્મમાં સ્થિર કરે છે. પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરે છે.

૭. **વાત્સલ્ય અંગ :** ધર્મ, ધર્માત્માઓ અને આત્મ સ્વરૂપમાં પ્રેમભાવ રાખે છે. આત્માનંદમાં ભ્રમરની માફક આસક્ત રહે છે.

૮. **પ્રભાવના અંગ :** ધર્મની ઉન્નતિ કરવાનો, અને શાસનનો પ્રભાવ વધે તે માટે સદા પ્રયત્ન કરે છે.

પ્ર. ૬૩ બીજ રુચિ સમ્યક્ત્વ એટલે શું ?

ઉ. ૬૩ આત્માનું દરઅસલ જેવું છે તેવું સ્વરૂપ જેને ભાસ્યું છે તેવા પુરુષને વિષે ''નિષ્કામ શ્રદ્ધા'' છે જેને તે પુરુષને બીજ રુચિ સમ્યક્ત્વ છે.

પ્ર. ૬૪ સમ્યક્દર્શનનું મુખ્ય લક્ષણ શું છે?

ઉ. ૬૪ સમ્યક્દર્શનનું મુખ્ય લક્ષણ વીતરાગતા છે.

પ્ર. ૬૫ કયા જીવને સમ્યક્દર્શન થાય છે?

ઉ. ૬૫ જે જીવ જ્ઞાનીના અભિપ્રાયથી બોધ પામ્યો છે તે જીવને સમ્યક્દર્શન થાય છે.

પ્ર. ૬૬ સમ્યક્દર્શનના નિવાસનાં સવોત્કૃષ્ટ સ્થાનક કયા કયા?

ઉ. ૬૬ સમ્યક્દર્શનના નિવાસનાં સવોત્કૃષ્ટ સ્થાનક છ છે.

૧. આત્મા છે. ૪. આત્મા ભોક્તા છે.
૨. આત્મા નિત્ય છે. ૫. મોક્ષપદ છે.
૩. આત્મા કર્તા છે. ૬. મોક્ષનો ઉપાય છે.

પ્ર. ૬૭ સમ્યક્દર્શનની ઉત્પતિ કેવી રીતે થાય છે ?

ઉ. ૬૭ સમ્યક્દર્શન નિસર્ગ અર્થાત્ પોતાના સ્વભાવથી પરોપદેશ સિવાય તથા અધિગમ અર્થાત્ બીજાના ઉપદેશથી અને શાસ્ત્ર શ્રવણથી આ બે પ્રકારથી ઉત્પન્ન થાય છે.

પ્ર. ૬૮ ક્ષાયિક સમકિતી જીવ તિર્યંચમાં જઇ શકે ?

ઉ. ૬૮ ક્ષાયિક સમ્યક્ દૃષ્ટિ જીવ યુગલીયા સિવાયની તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થતો નથી.

પ્ર. ૬૯ ઔપશમિક સમકિતનો ઉત્કૃષ્ટ કાળ કેટલો ગણાય ?

ઉ. ૬૯ અંતરમુહૂર્તનો ગણાય છે.

પ્ર. ૭૦ પાંચ પ્રકારના સમકિતમાંથી કેટલા પૌદ્ગલિક છે ?

ઉ. ૭૦ ઉપશમ, ક્ષાયિક, સાસ્વાદન આ ત્રણ સમકિત અપૌદ્ગલિક છે. જયારે ક્ષયોપશમ અને વેદક સમકિત પૌદ્ગલિક છે.

પ્ર. ૭૧ ક્ષાયિક સમકિતીને વધારેમાં વધારે કેટલા ભવ થાય ?

ઉ. ૭૧ ક્ષાયિક સમકિતીને વધારેમાં વધારે ચાર અને નહીં તો તેજ ભવે મોક્ષે જાય.

પ્ર. ૭૨ એક ભવમાં ક્ષયોપશમિક સમ્યક્ત્વ એક વ્યક્તિને આશ્રિત કેટલી વાર આવે અને જાય ?

ઉ. ૭૨ બે હજાર થી નવ હજાર વખત. ક્ષયોપશમિક સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગરોપમની કહે છે.

પ્ર. ૭૩ સમાધિ કોને કહેવાય?

ઉ. ૭૩ નિરંતર જાગૃતિ એનું નામ જ સમાધિ. આધિ, વ્યાધિ, ઉપાધિમાં પણ સમાધિ રહે તેનું નામ સાચી સમાધિ. ચિત્તની આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત દશા તે સમાધિ. દરેક અવસ્થામાં અનાસક્તિ તે જ પૂર્ણ સમાધિ. કશું યાદ ના આવે અને કશું યાદ ના રહે તે સમાધિ કહેવાય. ''સ્વ.'' અને ''પરનું'' સંપૂર્ણ ભાન રહે તેને સમાધિ કહેવાય. મન, વચન, કાયાની સંપૂર્ણ જાગૃતિ રહે તે જ સમાધિ. જગતની અને સંસારની વિસ્મૃતી એ જ સમાધિ. તાવ જ ના ચઢે એનું નામ સમાધિ. અખંડ જાગૃતિપૂર્વકની સમાધિ એનું નામ સમાધિ. શરીર ઉપર ધૂળની એક રજકણ પણ પડી હોય તો ખબર પડી જાય એનું નામ સમાધિ. કષાયોની સંપૂર્ણ નિવૃતી ત્યાં સંપૂર્ણ સમાધિ. પાંચેય ઇન્દ્રિયોની સંપૂર્ણ જાગૃતિપૂર્વકની સમાધિ તે સાચી સમાધિ કહેવાય. અંહકારનો વિલય થાય ત્યારે સંપૂર્ણ જાગૃતિ આવે. આત્મા પ્રાપ્ત થયો એનું નામ જ સમાધિ. હસતાં, ઉઠતાં, બેસતાં, ખાતાં, પીતાં મહીં સમાધિ જાય નહીં એ સમાધિ કહેવાય. નાક દબાવીને સમાધિ કરે એ સાચી સમાધિ ન હોય, એ ઉપાય છે. જ્યાં સુધી સમાધિ માટે પ્રયાસ છે ત્યાં સુધી સમાધિ ગણાતી નથી સહજ રીતે જે સમાધિ રહે તે જ સાચી સમાધિ છે.

પ્ર. ૭૪ સમાધિ ક્યારે આવશે ?

ઉ. ૭૪ સંસારમાં જેની પર અતિશય વહાલ છે, (લક્ષ્મીજી, પૈસા) તે વહેતું મુકવામાં આવશે ત્યારે સમાધિ આવશે. વ્હાલી ચીજને વહેતી મૂકો તો સમાધી થાય. જો સંસારમાં લક્ષ્મીજી ઉપર અતિશય વહાલ છે તો તેને વહેતી મૂકો, વધારે આવે તો વધારે વહેતી મૂકજો. ટૂંકમાં સંસારની વહાલી ચીજોને વહેતી મૂકશો તો સમાધિ રહેશે.

પ્ર. ૭૫ સમાધિ ક્યારે પ્રાપ્ત થાય ?

ઉ. ૭૫ જ્ઞાની પુરુષની વાણી તથા તેમના બોધ-વચનોની સ્મૃતિ અને તેમાં જ રમણતા એ સમાધિનું કારણ જણાય છે.

પ્ર. ૭૬ સમાધિનું સાચું સુખ ક્યારે વર્તાશે ?

ઉ. ૭૬ જેને કંઈજ જોઈતું નથી તમામ પ્રકારની લોભની ગાંઠ છૂટી જાય ત્યારે સમાધિનું સાચુ સુખ વર્તાશે.

પ્ર. ૭૭ સ્વરૂપ જ્ઞાન પછી અનંત સમાધિને અટકાવે છે કોણ ?

ઉ. ૭૭ અભિપ્રાય અટકાવે છે. જે બે-પાંચ મોટા અભિપ્રાયો છે તે અભિપ્રાયજ સમાધિના અનંત સુખને અટકાવે છે. આ અભિપ્રાય ઊડી ગયા કે મુક્તદશા માણવા મળે.

પ્ર. ૭૮ સવિકલ્પ સમાધિ કોને કહેવાય ?

ઉ. ૭૮ સમ્યક્ત્વ મોહનીમાં આત્મા આવો હશે કે તેવો હશે એવી કલ્પના થયા જ કરે એને સવિકલ્પ સમાધિ કહી છે અને તેને જ સરાગ સમ્યક્ત્વ કહ્યું છે. Establishment of mind એટલે સવિકલ્પ સમાધિ. આ સમાધિમાં ભગવાન અને ભક્ત જુદા હોય.

પ્ર. ૭૯ નિર્વિકલ્પ સમાધિ ક્યારે ઉત્પન્ન થાય ?

ઉ. ૭૯ અહંકાર અને મમતા બે ખલાસ થાય ત્યારે નિર્વિકલ્પ સમાધિ ઉત્પન્ન થાય. નિર્વિકલ્પ સમાધિ એટલે પોતે જ ભગવાન થઈ જાય છે.

પ્ર. ૮૦ નિર્વિકલ્પ સમાધિ હોય તે આત્મા કઈ રીતે દેહમાંથી બહાર જાય ?

ઉ. ૮૦ નિર્વિકલ્પ સમાધિ હોય તેનો આત્મા આ દેહમાંથી છૂટો થાય તો આખાં બ્રહ્માંડમાં પ્રકાશ આપીને જાય. આખાં બ્રહ્માંડમાં પ્રકાશે.

પ્ર. ૮૧ નિર્બીજ સમાધિ કોને કહેવાય ?

ઉ. ૮૧ આખીયે બુદ્ધિ બંધ થશે ત્યારે નિર્બીજ સમાધિ પ્રગટશે. અબુધ થવું પડશે. અબુધ થાવ એટલે નિર્બીજ સમાધિ પ્રગટશે. નિર્બીજ સમાધિ એ જ મોક્ષનું કારણ છે.

પ્ર. ૮૨ સામાયિક એટલે શું ?

ઉ. ૮૨ સામાયિક એટલે અડતાલીસ મિનિટ સુધી આત્માનું ભાન ન ભૂલવું તે. સ્વ સમયમાં ઓછામાં ઓછા આઠ સમય રહે તે સામાયિક. સ્વ સમયને સામાયિક કહે છે. આઠ સમય સુધી પોતાનાં સ્વરૂપનું ભાન તે સામાયિક. વધારેમાં વધારે મિનિટમાં એક સમય ઓછો પણ પોતાનાં સ્વરૂપનું ભાન અને ધ્યાન રહે તે સામાયિક. મન, વચન, કાયા, આઘા પાછા ન થાય તેનું નામ સામાયિક. કષ્ટ સિવાય જગત ભૂલાય તેનુ નામ સામાયિક. આત્મા જાણ્યા પછી એક કલાક સંસાર યાદ ના આવે તો તે સામાયિક કહેવાય. બહારનું લફરુ ના હોય અને ફાઈલોનો નિકાલ કરવાનો ના હોય તે

સામાયિક. આત્મા બેલેન્સમાં રહ્યો તે સામાયિક. આત્મા સમ એ સામાયિક. સામાયિક એટલે રીલેટિવમાંથી એકઝેક્ટનેસમાં જવાનો માર્ગ. આ મનનાં વિચારો વગેરેને સમતાથી જોવા અને જાણવા તે સામાયિક. કષાયને ઓગાળી નાંખવા એને સામાયિક કહ્યું છે. કષાયના અભાવને ખરું સામાયિક કહ્યું છે. આત્મ હેતુ માટે જે કંઈ પણ કરવામાં આવે તે સામાયિક કહેવાય છે. મન, વચન, કાયાનો ઉપયોગ નહીં કરવાનો તે બહું મોટું સામાયિક કહેવાય. અડતાલીસ મિનિટ સુધી અંદરનો બધો સિનેમા જોવાનો એ સામાયિક છે. જે વિચાર આવે સારા કે ખરાબ તે બધાને જોવાના, જો જો જ કર્યા કરવાનું જેમ સિનેમામાં જોઈએ છીએ તેવું કોઈપણ સંજોગોમાં વિષમ ભાવ ન થવા દેવો એ સામાયિક છે. સ્થૂલ સામાયિક એટલે મનને વ્યગ્રતામાંથી એકાગ્રતામાં લાવે છે તે. સામાયિક એટલે એક કલાક માટે આરંભ પરિગ્રહથી રહિત થવું તે. સામાયિક એટલે અધ્યાત્મ સબંધમાં એક જ ધ્યાનમાં રહેવું તેનું નામ સામાયિક. ''હું શુદ્ધાત્મા છું'' એનું લક્ષ રહેવું એ જ સામાયિક. ફાઈલોનો સમભાવે નિકાલ કરવો એ સામાયિક. રીલેટિવ અને રીયલ જોયા કરવું એ સામાયિક. આપણા પાંચ વાક્યો એ સામાયિક સ્વરૂપ છે. જગત વિસ્મૃત કરાવડાવે એ સામાયિક. સમભાવે રહેવું એનું નામ જ સામાયિક. એકલા આત્મા ના જ વિચાર હોય અને ભૌતિકનો કોઇ વિચાર આવે નહીં તો એ શુદ્ધ સામાયિક કહેવાય. સામાયિકનો ખરો અર્થ એ છે કે વિષમભાવ ન થવા દે, કોઈપણ કારણસર સમ ન રહે પણ વિષમ ન થવા દો એનું નામ સામાયિક. સામાયિક એટલે અડતાલીસ મિનિટ સુધી વિષમતા ન થવા દેવી તે. આત્માનું કષાયોથી અલગ થઈને પ્રગટેલું શુદ્ધ સ્વરૂપ તે જ સામાયિક છે. (સમ + આય + ઈક) = સામાયિક એટલે જે ક્રિયાથી સમતાની, પ્રાણીમાત્ર પ્રત્યે સમભાવની પ્રાપ્તિ થાય અને ક્રોધાદિ કષાયો ઉપશમ પામે (શાંત થાય) તેને જ સામાયિક કહ્યું છે. અનાદિ કાળના રાગ-દ્વેષ રૂપે પરિણામોમાંથી જેના વડે સાધકને સમભાવમાં રહેવાનો લાભ થાય તેને સામાયિક કહ્યું છે. સર્વજીવો પ્રત્યે મૈત્રીભાવ રાખવાનો લાભ જેનાથી મળે છે તેને સામાયિક કહે છે. આત્મભાવમાં સ્થિર થવું તે સામાયિક છે. ટૂંકમાં સમભાવમાં જવું, ટકવું અને સ્થિર થવું તે સામાયિક છે.

પ્ર. ૮૩ ભગવાને સામાયિક કોને કહ્યું છે?

ઉ. ૮૩ જેને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ન થાય તેને આખોય દહાડો સામાયિક છે, એમ ભગવાને કહ્યું છે.

પ્ર. ૮૪ પુણ્યાસાર શ્રાવકનુ સામાયિક એટલે શું ? તેની કિંમત કેટલી ?

ઉ. ૮૪ રૂ ની પુણીઓ વેચીને પોતાનું ગુજરાન ચલાવનાર એક શ્રાવક જેનું નામ પુણ્યાસાર શ્રાવક પડેલું. ભગવાન મહાવીરના વખતમાં થયેલ. આર્તધ્યાન. રોદ્રધ્યાન થાય નહીં અને પોતાના શુક્લ ધ્યાનમાં જ રહે તે પુણ્યાસાર શ્રાવકનું સામાયિક છે. અડતાલીસ મિનિટ સુધી જીવમાત્રમાં શુદ્ધાત્માં જો જો કરવા એ પુણ્યાસાર શ્રાવકનું સામાયિક છે. પુણ્યાસાર શ્રાવકના સામાયિકની તો ગજબની કિંમત છે તે આખું શ્રેણિક રાજાનું રાજ ત્રણ ટકા દલાલીમાં જતું રહે એટલી બધી કિંમત છે.

પ્ર. ૮૫ સામાયિકથી જીવને શું ફળ મળે છે?

ઉ. ૮૫ સામાયિકથી સાવધ પાપના યોગની નિવૃત્તિ થાય છે. મન, વચન, કાયાનાં યોગથી બંધાતા પાપકર્મોથી જીવ નિવૃત્ત થાય છે.

પ્ર. ૮૬ સામાયિક શાને માટે કરવાની છે?

ઉ. ૮૬ શુદ્ધ ઉપયોગ રાખવાં માટે સામાયિક કરવાની છે. શુદ્ધ ઉપયોગ સહેજે રહેતો હોય તો સામાયિક કરવી એવું લખી આપ્યું નથી. બીજું કશું નહીં મનમાંથી જે સ્ફુરણા થાય તેના જ્ઞાતા-દ્રષ્ટા રહ્યાં કરવાનું, ખરાબ વિચાર આવે કે તરત કહેવું (ન્હોય મારું) એમ કહે તો છૂટ્યો. અક્રમની સામાયિક જ્ઞાતા- દ્રષ્ટાની સામાયિક હોય એટલે એમાં કાર્યોત્સર્ગ પણ આવી જાય. આત્મરસ ભોગવવા માટે સામાયિક કરવાનું છે. કષાયોની ગાંઠો ઓગાળવા માટે સામાયિક કરવાની છે. જ્ઞેય - જ્ઞાતા સબંધથી જ ગાંઠો બધી ઓગળી જાય. ભૂતકાળમાં વસાઈ ગયેલા પર્યાયોને જોવાં એ આપણું આ સામાયિક, એમાં પુદ્ગલને લેવા દેવા નહીં. પુદ્ગલનો જ્ઞાતા થઈને કામ કરે એવું આ સામાયિક છે. સામાયિક એટલે સમતામાં રહેવું, રાગ, દ્વેષ ન થવા દેવા. વ્યવહાર સામાયિક મનથી થાય. નિશ્ચય સામાયિક આત્માથી થાય. મનને એકાગ્ર કરવું અને બહાર દોડધામ ના કરવાં દેવું તે વ્યવહાર સામાયિક. વ્યવહાર સામાયિકનું ફળ પુણ્યાનુંબંધી પુણ્ય બંધાય. કષાયના અભાવને સામાયિક કહેવામાં આવે છે.

પ્ર. ૮૭ સામાયિક કરતા પહેલાં શું બોલવું ?

ઉ. ૮૭ સામાયિક કરતા પહેલાં નિયમ કરવો પડે. હે ભગવાન, આ ચંદુલાલ મારું નામ, આ મારી કાયા, આ મારી જાત, મારું મિથ્યાત્વ બધું આપને ધરાવું છું અત્યારે મને આ સામાયિક કરતી વખતે વીતરાગ ભાવ આપો. આમ વિધિપૂર્વક કરે તો કામ થાય. આપણું આ જ્ઞાન લીધેલું હોય તે સામાયિક કાયોત્સર્ગ પૂર્વક કરેતો બહુ જ કિંમતી. આ મન, વચન, કાયા હું નહીં. ''હું શુદ્ધાત્મા છું'' એવું ધ્યાનમાં રહેવું એનું નામ કાઉસગ્ગ. મન, વચન, કાયાથી ભિન્ન હું પ્રગટ શુદ્ધાત્મા છું એવું બોલાવ્યું એ બધું કાયોત્સર્ગ જ હતું.

પ્ર. ૮૮ પોતાનાં સ્વરૂપનું ભાન નથી થયું તેણે સામાયિક કેવી રીતે કરવું ?

ઉ. ૮૮ સામાયિક કરતાં પહેલા નિયમ કરવો પડે ''હે ભગવાન આ ચંદુલાલ મારું નામ, આ મારી કાયા, આ મારી જાત, મારું મિથ્યાત્વ બધું આપને ધરાવું છું. અત્યારે મને આ સામાયિક કરતી વખતે વીતરાગ ભાવ આપો આમ વિધિપૂર્વક કરે તો કામ થાય.

પ્ર. ૮૯ નિર્ગ્રંથ થવા શું કરવું ?

ઉ. ૮૯ ભગવાનની બતાવેલી સામાયિકો કરવી. સામાયિકથી જે બહુ મોટી ગ્રંથી હોય જે બહું હેરાન કરતી હોય તે ઓગળી જાય.

પ્ર. ૯૦ સામાયિકની વિધિ સમજાવો ?

ઉ. ૯૦ સામાયિક કષાયોને ઓગાળવા માટેનો એક અદ્‌ભૂત પ્રયોગ છે. આ પ્રયોગ શરૂ કરતા પહેલા બાર મિનિટ સુંદર ભૂમિકા તૈયાર કરી હોય ત્યાર પછી સામાયિક થાય તો ઉત્તમ ફળની પ્રાપ્તિ કરાવનાર નિવડે.

૧. સૌ પ્રથમ પાંચ વાર ત્રિમંત્ર બોલવો.

૨. સર્વસ્વ અમારું અર્પણ છે તે પદ ગાવું

૩. અંધારા કોટિ વર્ષના-(દેવોને આવાહ્ન) કરવું.

૪. હે દાદા ભગવાન, હે શ્રી સીમંધર સ્વામી પ્રભુ મને શુદ્ધ ઉપયોગ પૂર્વક આખી જિંદગી થયેલા વિષય સબંધી દોષોનું સામાયિક પ્રતિક્રમણ કરવાની શક્તિ આપો (આ વાક્ય પાંચ વખત બોલવું)

૫. હું મન, વચન, કાયા, મારા તથા મારા નામની સર્વ માયા, ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ આપ પ્રગટ પરમાત્મા સ્વરૂપ પ્રભુનાં સુચરણોમાં સમર્પણ કરું છું.

૬. હું શુદ્ધાત્મા છું. ૭. હું વિશુદ્ધ આત્મા છું.

૮. હું પરમ જ્યોતિ સ્વરૂપ સિદ્ધ ભગવાન છું.

૯. હું મન, વચન, કાયાથી તદ્દન જુદો એવો શુદ્ધાત્મા છું

૧૦. હું ભાવકર્મથી મુક્ત એવો શુદ્ધાત્મા છું

૧૧. હું દ્રવ્યકર્મથી મુક્ત એવો શુદ્ધાત્મા છું

૧૨. હું નોકર્મથી મુક્ત એવો શુદ્ધાત્મા છું.

૧૩. હું અનંત જ્ઞાનવાળો છું ૧૪. હું અનંત દર્શનવાળો છું

૧૫. હું અનંત શક્તિવાળો છું ૧૬. હું અનંત સુખનું ધામ છું

૧૭. હું વિજ્ઞાન સ્વરૂપ છું

૧૮ અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં હું સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું

૧૯ અનંતા દેષ્યોને જોવામાં પરિણમેલી અંનતી અવસ્થાઓમાં હું સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું

૨૦ હું મન, વચન, કાયાથી તદ્દન નોખો એવો શુદ્ધાત્મા છું

૨૧ હું મન, વચન, કાયાથી તદ્દન ભિન્ન એવો શુદ્ધાત્મા છું

૨૨. હું મન, વચન, કાયાથી તદ્દન જુદો એવો શુદ્ધાત્મા છું

આ ઉપર જણાવેલ, સિદ્ધ સ્તુતિના દરેક વાક્યો પાંચ પાંચ વાર બોલાઇ જાય એટલે પછી આંખ બંધ કરી અંદરની ફિલ્મ જોવાનું શરૂ કરવું આમ અડતાળીસ મિનિટ સુધી જે કષાય સબંધી સામાયિક હોય તેને લગતી ભૂલો, દોષો, અપરાધો દેખાતાં જશે તેનું પ્રતિક્રમણ કરતાં જવાનું આ રીતે અડતાળીસ મિનિટ પૂરી થયે આ પ્રયોગ પૂરો થાય છે, ત્યારબાદ બે કે ત્રણ મિનિટ પછી ફરીથી પાછું અડતાળીસ મિનિટનો પ્રયોગ ગોઠવી શકાય

પ્ર. ૯૧ છૂટા પાડવાની સામાયિક બતાવો ?

ઉ. ૯૧ હે શુદ્ધાત્મા ભગવાન ! તમે જુદા ને ચંદુલાલ જુદા હે શુદ્ધાત્મા ભગવાન તમે રીયલ છો અને ચંદુલાલ રીલેટિવ છે. હે શુદ્ધાત્મા ભગવાન તમે પરમેનન્ટ છો અને ચંદુલાલ ટેમ્પરરી છે. હે શુદ્ધાત્મા ભગવાન તમે અવિનાશી છો અને ચંદુલાલ વિનાશી છે. આ વાક્યો ૪૮ મિનિટ સુધી બોલ્યા કરવા, આજ છુટા પડવાની સામાયિક છે.

પ્ર. ૯૨ સામાયિક વખતે ટાળવાનાં બત્રીસ દોષ કયા કયા છે ?

ઉ. ૯૨ સામાયિકમાં મનનાં દસ, વચનનાં દસ અને કાયાનાં બાર એમ કુલ બત્રીસ દોષ રોકીને વિવેકી શ્રાવકે સામાયિક કરવાની હોય છે.

૧. મનનાં દસ દોષ

૧. વિવેક વગરના મન વડે સામાયિક કરવું અવિવેક.

૨. યશની, માનની પ્રતિષ્ઠાની ઈચ્છા રાખવી.

૩. ધન, ભોજન, વસ્ત્રાદિકની અભિલાષા રાખવી.

૪. અભિમાન કરવું. ગર્વ લેવો.

૫. પરાભાવ થતો જોઈ નિયાણું ચિંતવવું

૬. આજીવિકા તથા અન્ય ભયથી મનમાં ડરવું.

૭. ધર્મનાં ફળ વિશે શંકા કરવી સંદેહ કરવો.

૮. રૌદ્ર-ચિંતવનથી અને માત્ર લોકવ્યવહારથી સામાયિકનો સમય પૂરો કરવો. રોષ અથવા કષાય થવો.

૯. આ સામાયિકની કેદમાંથી હું ક્યારે છૂટીશ એમ વિચારવું. અવિનય કરવો.

૧૦. સ્થાપનાજી કે ગુરુને અંધકારમાં રાખીને ઉદ્ધતાઈથી કે શૂન્ય મને સામાયિક કરવું.

૨. વચનનાં દસ દોષ

૧. સામાયિકમાં અપશબ્દો બોલવા. કુવચન કહેવા.

૨. ઘ્રાસકો પડે તેવી ભાષા બોલે. ઉતાવળે ન બોલવાનું બોલી નાંખે.

૩. પાપકાર્યની સૂચના કરવી કે આદેશ આપવો.

૪. સ્વચ્છંદે મન ફાવે તેમ બોલવું. ફિલ્મના ગીત ગાવાં.

૫. સૂત્રના આલાવાનો સંક્ષેપ કરવો. અર્થનો અનર્થ થાય તેવું ટૂંકું વચન બોલવુ. સ્પષ્ટ ઉચ્ચાર વિના ગડબડ બોલે.

૬. કલેશ-કંકાસ થાય તેવું વચન બોલવું.

૭. વિકથા કે નિંદા કરવી.

૮. હાસ્ય, મજાક-મશ્કરી કરવી.

૯. જયણાં રાખ્યાં વિના ઉઘાડા મુખે બોલવું.

૧૦. અવિરતિ લોકોને આવો-આવજો કહેવું.

૩. કાયાનાં બાર દોષ

૧. વસ્ત્ર કે હાથ વગેરેથી પગ બાંધીને બેસવું, ઉભડક બેસવું, પગની આંટી મારીને બેસવું, ઉંધા ટાંટિયા રાખીને બેસવું, પગ ઉપર પગ ચઢાવીને બેસવું.

૨. આસનને આમતેમ હલાવવું, ડગમગતા આસને બેસવું.

૩. શરીરનાં એક કે વધુ અંગથી પાપયુક્ત કાર્ય કરવું કે સંજ્ઞા કરવી.

૪. કાગડાનાં ડોળાની જેમ ચારે બાજુ નજર ફરતી રાખે. આંખો ચંચળ રાખવી તે.

૫. પૂજયા વિના થાંભલા કે ભીંતને ટેકે બેસવું.

૬. અંગોપાંગ સંકોચવા કે લાંબા કરવા.

૭. આળસ મરડવી.

૮. હાથ-પગ આંગળીઓ વગેરેનાં ટચાકા ફોડવા.

૯. શરીરને ખંજવાળવું.

૧૦. શરીરનો મેલ ઉતારવો કે નખ કાપવા.

૧૧. લમણે હાથ દઈ બેસે, શોક ઉપજે એવી આકૃતિએ બેસે, ગળાને હાથને ટેકે રાખી બેસે.

૧૨. સામાયિમાં ઊંઘે. ઊંઘવું એ દોષ છે.

પ્ર. ૯૩ સામાયિક કેટલી કોટિએ થાય ?

ઉ. ૯૩ સામાયિક નવકોટિ વૃત્તિએ મૂકયા વિના થતું નથી. અગિયાર પ્રકૃતિ (સમકિતની સાત પ્રકૃત્તિ અને ચાર કષાયની એમ અગિયાર) ખપાવ્યા વિના સામાયિક આવે નહિ. યથાર્થ સામાયિક થાય તેની દશા તો અદ્‌ભૂત થાય.

પ્ર. ૯૪ સામાયિકના પચ્ચક્‌ખાણનું કયું સૂત્ર છે ?

ઉ. ૯૪ કરેમિ ભંતે સામાયિકનું પચ્ચક્‌ખાણ સૂત્ર છે.

પ્ર. ૯૫ સામાયિકમાં કઈ વસ્તુઓને ન અડકી શકાય ?

ઉ. ૯૫ કાચી માટી, કાચું પાણી, અગ્નિ, ઝાડ-પાન, સ્ત્રી, પૈસા વગેરેને ન અડકી શકાય.

પ્ર. ૯૬ સામાયિક વખતે કયા પાંચ ઉપકરણો સાથે રાખવા જોઈએ ?

ઉ. ૯૬ શાસ્ત્રરૂપી સમુદ્રમાં ધર્મના પાંચ ઉપકરણ બતાવ્યા છે. ઉત્તમ આસ્તિક પુરુષોએ આ ઉપકરણો લઈ સામાયિક કરવી જોઈએ.

૧. **સ્થાપનાચાર્ય :** સ્થાપનાચાર્ય સ્થાપીને સામાયિક કરવું જોઈએ. આ સ્થાપના દશ પ્રકારની થાય છે. ૧. અક્ષ ૨. વરાક્ક ૩. કાષ્ટ ૪. પુસ્તક ૫. ચિત્રપટ (ફોટો) આ પાંચેય સ્થાપનાના સદ્‌ભાવ અને અસદ્‌ભાવ એવા પણ બે ભેદ છે.

૨. **મુહપતિ :** મુખ વસ્ત્રીકા રાખીને સામાયિક કરવું.

૩. **જપમાળા-(નવકારવાળી) :** ૧૦૮ મણકાની નવકારમંત્ર ગણવા માટેની માળા.

૪. **ચરવળો :** પૃથ્વી ઉપર પડેલી રજ અને હરતાં-ફરતાં જીવોને ખસેડવા તથા પૃથ્વી પ્રર્માજન કરવા માટેની સૂતરના દોરાની બનાવેલી સાવરણી. રજોહરણ પણ કહેવાય છે.

૫. **કટાસણું :** પૃથ્વી ઉપર બેસવાં માટેનું ગરમ ઊનના દોરાનું બનાવેલું આસન.

પ્ર. ૯૭ સામાયિક લેતાં નવકાર પંચિદિ એ બોલતાં જમણો હાથ સ્થાપનાજી સામે શાં માટે રાખવામાં આવે છે ?

ઉ. ૯૭ આચાર્ય મહારાજના છત્રીસ ગુણોનું આરોપણ કરવા માટે જમણો હાથ સ્થાપનાજી સામે રખાય છે.

પ્ર. ૯૮ "सामाईक वयजुतो" એ સૂત્ર બોલતાં જમણો હાથ ચરવળા કે કટાસણા ઉપર શાં માટે મૂકીએ છીએ ?

ઉ. ૯૮ મારી સામાયિકની પ્રતિજ્ઞા પૂરી થઈ છે. એ દર્શાવવા જમણો હાથ ચરવળા કે કટાસણા ઉપર રાખવામાં આવે છે. આ સૂત્રનું બીજું નામ સામાયિક પારવાનું સૂત્ર છે.

પ્ર. ૯૯ સામાયિક પારિ રહ્યાં પછી જમણો હાથ સવળો રાખીને નવકાર શાં માટે બોલવામાં આવે છે ?

ઉ. ૯૯ સ્થાપનાજીમાં આરોપણ કરેલ છત્રીસ ગુણો પાછા ખેંચી લેવા માટે જમણો હાથ સવળો રાખીને નવકાર બોલાય છે.

પ્ર. ૧૦૦ તિર્યંચો પણ સામાયિક કરી શકે છે ?

ઉ. ૧૦૦ સમતા ભાવ રૂપ આત્મ પરિણતિ થઈ ગઈ તેજ સામયિક છે. કંઈક અમુક શબ્દો બોલવા એનું જ નામ સામાયિક નથી. બે ઘડી અર્થાત્ અડતાલીસ મિનિટ પોતાના પરિણામને ચૈતન્યમાં સ્થિર રાખવાનો પ્રયોગ કરી નિર્વિકલ્પ થઈને સ્વભાવમાં ઉપયોગ જોડવો એ સામાયિક છે. રાજા રાવણનો હાથી ત્રિલોક મંડન સમ્યક્ દર્શન સહિત વ્રતધારી શ્રાવક થયો હતો. મહાવીરના આત્માને સિંહના ભવમાં સમ્યક્ દર્શન થયું હતું અને વ્રતધારી શ્રાવક થઈને તેમણે સમાધિમરણ કર્યુ હતું. સમ્યક્ દર્શન પછી તિર્યંચને પણ સામાયિક હોય. દરિયામાં માછલાને પણ સામાયિક હોય. જો અંતરંગમાં સમતાનો અભાવ હોય અને ફક્ત બાહ્યથી પ્રતિજ્ઞા લઈ ઘર, દુકાન, કામધંધો છોડી ઉપાશ્રયમાં બેસી માળા ફેરવવાં બેસવું તે સામાયિક નથી પરંતુ દંભ છે, ફકત લોકોને દેખાડવા જેવું છે, અજ્ઞાન જન્ય રૂઢિ છે. પરંતુ જો અંતરંગમાં પૂર્ણ સમતા હોય અને દુકાન ઉપર બેસી ગ્રાહકો સાથે વ્યવહાર કરતા રહે તો તે પણ સામાયિક છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાનનો અભાવ હોય તે સામાયિક છે.

પ્ર. ૧૦૧ સંત કોને કહેવાય ?

ઉ. ૧૦૧ જે લોકોને શાંતિ પમાડે તે સંત. લોકોની સ્થિતિ બદલે તે સંત કહેવાય. લોકોના વ્યવહારનાં પ્રશ્નનાં નિરાકરણ કરે તે સંત. જે પારકાનાં માટે જીવે છે તે સંત કહેવાય. જે પોતાનું કલ્યાણ કરવા પ્રયત્ન કરી રહ્યાં હોય અને પાછળ આવતાં અન્ય જિજ્ઞાસુઓને મદદ કરતા હોય એનું નામ સંત. સંતો ખોટું છોડાવે અને સારું કરાવડાવે, અશુભને છોડાવે અને શુભ કરાવડાવે, વ્યસનો છોડાવડાવે. પારકાની સેવા કરે અને પારકાની ચિંતા કરે એ સંત કહેવાય. તેમને આખો દહાડો વિચાર આવે કે લોકોનું કેમ કરીને ભલું થાય, લોકોને કેમ કરીને શાંતિ થાય, આખા ગામની ચિંતા કરતાં હોય અને પોતાની ચિંતા ના કરતાં હોય તે સાચા સંત કહેવાય. સાચા સંતના મુખ્ય લક્ષણ એ કે લક્ષ્મી લેતાં ના હોય અને સ્ત્રી વિષયોથી દૂર રહેતા હોય. કોઈ પણ પ્રકારની લાલચ ના હોય એ સંત કહેવાય. સંત તો એને કહેવાય કે જે પોતાનું સુખ બીજાને આપતા હોય. જેનામાં તિતિક્ષાનો ગુણ નથી એ સંત જ ના કહેવાય. ભૌતિક સુખો માટે નિઃસ્પૃહ અને આત્મા માટે

સ:સ્પૃહ હોય તથા જેનામાં તિરસ્કાર ના હોય તે સંત કહેવાય. મમતા રહિત પુરુષો એ સંત કહેવાય. સંત તેને કહેવાય કે જેને આત્માનું જ્ઞાન ના હોય, સમકિત ના હોય છતાંય જેની ચિત્તવૃત્તિઓની ઘણી ખરી મલિનતા ઓછી થઇ ગઇ હોય અને જેને ક્રોધ, માન, માયા, લોભ ઠંડા પડી ગયેલા હોય. સંત ને ક્રોધ, માન, માયા, લોભ કન્ટ્રોલેબલ હોય. કોઇ ગાળો બોલે, અપમાન કરે, છતાં એમને કંઇ અસર ના થાય અને સામેવાળાને દુઃખ ના આપે તો તે સાચા સંત કહેવાય. સંત કેવા હોય જેમાં વિવેક-વિનય બહુ હોય, ખાવામાં, પીવામાં, ઉઠવામાં, બેસવામાં, હરવામાં, ફરવામાં વિવેક હોય. સંતોનો ખોરાક સાત્ત્વીક હોય, વર્તન સાત્ત્વીક હોય, સત્ પ્રાપ્ત કરવાની મહેચ્છા હોય તે સાચો સંત કહેવાય. ઓલીયા જેવા પુરુષો જોવામાં આવે તે સંત કહેવાય. જેને સત્ પ્રાપ્ત થયું નથી એ સંત કહેવાય. તેમનામાં કોઇ અપલક્ષણ ના હોય, ફક્ત માન એકલું જ માગે આપણે બાપજી, બાપજી કહીએ કે ખુશ થાય બસ એમનામાં અહંકાર એકલો જ હોય, વળી કોઇ ભેટ મૂકીએ તો જરૂરીયાત પુરતુ લે બીજું કાંઇ પણ ભેગું કરવાનું હોય નહીં એ સંત કહેવાય. જેનું ચિત્ત નિર્મળ થઇ ગયેલું છે તે સંત કહેવાય. જેના દર્શન કરવાથી આપણો ક્લેશ ઘટી જાય તે સંત. અહંકાર ભલે હોય પણ જે પારકાનાં સુખ માટે જ ફરતો હોય તે સંત. પારકાનાં ગુણનો પરમાણું બહું નાનો હોય તો એને મોટો પહાડ જેવો બનાવે એનું નામ સંત. માર ખાય તેનું નામ સંત. મનની માળા ફેરવે તે સંત કહેવાય.

પ્ર. ૧૦૨ ચાર મહાન સંતો કયા થઈ ગયા ?

ઉ. ૧૦૨ ૧. ઉતર ભારતમાં સંત તુલસીદાસ બહુ કામી હતા. પત્નીએ ટોણો માર્યો આટલી તલ્લીનતા જો મારા બદલે ભગવાનમાં રાખી હોત તો ભગવાન પ્રસન્ન થઈ જાય અને ભક્તિને માર્ગે ચાલી નીકળ્યા સંત થઈ ગયા.

૨. સૌરાષ્ટ્રમાં નરસિંહ મહેતા-મહેતાણી વહેલા ચાલી ગયાં ત્યારે બોલ્યા ''ભલુ થયું ભાંગી જંજાળ, સુખે ભજસુ શ્રીગોપાળ.''

૩. મહારાષ્ટ્રમાં સંત એકનાથ (અનુકૂળ પત્ની મળેલી.)

૪. મહારાષ્ટ્રમાં સંત તુકારામ (કર્કશા પત્ની મળેલી.)

પ્ર. ૧૦૩ જાનવરોમાં સંત કોણ ?

ઉ. ૧૦૩ જાનવરોમાં અર્થાત્ પક્ષીઓમાં કબૂતર તે સંત છે. કબૂતર સંપૂર્ણ શાકાહારી છે અને નિર્દોષ તથા ભોળુ છે, માટે જ લોકો કબૂતરીઓ બંધાવે છે કે બિચારું ચોમાસામાં ક્યાં જશે અને શું ખાશે કારણ કે તે સંપૂર્ણ શાકાહારી છે. જુવારનો દાણો સડેલો હશે તો તેને તે અડશે જ નહીં. કબૂતર ક્યારેય કોઈ જીવડું કે કોઈ નાનો જીવ ખાતું જ નથી.

પ્ર. ૧૦૪ સત્ પુરુષ કોને કહેવાય ?

ઉ. ૧૦૪ સત્ પુરુષ તેને કહેવાય કે જેને જ્ઞાની પુરુષ થકી સત્ પ્રાપ્ત થયું છે, એટલે કે સનાતન આત્મા પ્રાપ્ત થયો છે. આત્માની પ્રતીતિ બેઠી છે એ બધાંને સત્ પુરુષ કહેવાય. સત્ પુરુષ એજ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે, એક સેકન્ડ પણ બીજી પરિણતિ નથી એનું નામ સત્ પુરુષ-છે. શાસ્ત્રમાં નથી, સાંભળવામાં નથી, છતાં અનુભવમાં આવે એવી જેની વાણી છે, અંતરંગ સ્પૃહા નથી એવી ગુપ્ત આચરણા છે, ગર્વ નથી, ગાવરતા નથી, ત્યાગાત્યાગ સંભવે નહીં તે આત્મા પ્રાપ્ત કરેલો માણસ અને જેને સમકિત થયેલું છે એ સત્ પુરુષ કહેવાય. તમે ધોલ મારો, ગાળો દો, માર મારો, કપડા ફાડી લો છતાં પણ જેમની પરિણતિ બદલાતી નથી તથા એક ક્ષણ પણ આત્માનો ઉપયોગ ના ચૂકે એનું નામ સત્ પુરુષ. પોતાની મૌલિક વાણી હોય, જેને કોઈ જાતની ભીખ નથી, માનની, પૈસાની, કિર્તીની, સ્ત્રી વિષયની અને પોતે દેહમાં રહેતા નથી એ સત્ પુરુષ કહેવાય. સત્પુરુષને સંયમ હોય. ટૂંકમાં જ્ઞાની પુરુષ થકી જેમને સત્ની પ્રાપ્તિ થઈ હોય અર્થાત્ જેને પોતાના સ્વરૂપનું ભાન હોય તેને સત્ પુરુષ કહેવાય.

પ્ર. ૧૦૫ સત્ પુરુષ કેવી રીતે ઓળખાય?

ઉ. ૧૦૫ સત્ પુરુષ તેના નયનથી, વચનથી અને શ્રેણીથી ઓળખાય

૧. નયનથી : તેમના નેત્ર બહુ શાંત હોય તેમાં સૌમ્યતા જણાય.

૨. વચનથી : વચન અપૂર્વ અને પૂર્વાપર અવિરોધી હોય.

૩. શ્રેણીથી : વર્તન શુદ્ધ હોય.

પ્ર. ૧૦૬ સંત પુરુષ અને સત્ પુરુષ એ બેમાં ફેર શો ?

ઉ. ૧૦૬ સંત પુરુષ હંમેશા અહંકારી બહુ જ હોય, સંત પુરુષ હંમેશા કંઈક એકાદ ખોડવાળો હોય જ્યારે સત્ પુરુષનો અહંકાર ઘણો ખરો ઓગળી ગયો હોય.

સંતને આત્મા પ્રાપ્ત થયેલો હોતો નથી અર્થાત્ પોતાના સ્વરૂપનું ભાન નથી જયારે સત્ પુરુષને જ્ઞાની પુરુષ થકી જ્ઞાન (આત્મા) પ્રાપ્ત થયેલું હોય છે.

પ્ર. ૧૦૭ આવા દુષમકાળમાં જીવનાં કલ્યાણ કરવાનો માર્ગ કોની પાસેથી પ્રાપ્ત કરવો ?

ઉ. ૧૦૭ શ્રીમદ રાજચંદ્ર બધું ખુલ્લું કહી ગયા છે. જીવના કલ્યાણનો માર્ગ કે ''બીજું કાંઇ શોધમાં એકમાત્ર સત્ પુરુષને શોધીને તેના ચરણ કમળમાં સર્વભાવ અર્પણ કરી દઇ વર્ત્યો જા પછી જો મોક્ષ ના મળે તો મારી પાસેથી લેજે'' આવી ગેરંટી આપનાર આ અવસર્પિણી કાળમાં આ એકલાજ નીકળ્યા છે. આ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રને આખાં જગતનું કલ્યાણ કરવાની ભાવના હતી.

પ્ર. ૧૦૮ સત્ પુરુષ મેળવવા માટે શું કરવું ?

ઉ. ૧૦૮ સત્ પુરુષને શોધવાની ખોળવાની જરૂર છે અને ના મળે ત્યાં સુધી સત્ પુરુષ ભેગા થાય એવી ભાવના નિરંતર ભાવવાની જરૂર છે.

પ્ર. ૧૦૯ સંત પુરુષ, સત્ પુરુષ અને જ્ઞાની પુરુષ કોને કહેવાય ?

ઉ. ૧૦૯ ૧. **સંત પુરુષ :** જેના ચિત્તની મલીનતા ઓછી થઈ હોય અને જે લોકોને શાંતિ પમાડે તથા પારકાના માટે જીવે છે તે સંત પુરુષ કહેવાય. સંત હંમેશા અહંકારવાળા હોય અને પોતે આત્મા ખોળતા હોય.

૨. **સત્ પુરુષ :** જેને જ્ઞાની પુરુષ થકી નિજ સ્વરૂપનું ભાન થયું તે સત્ પુરુષ કહેવાય. જેને પોતે હું કોણ છું એનું ભાન થયું હોય અને પોતે આગળ શું કરવાનું બાકી છે તે જાણતા હોય, તે સત્ પુરુષ કહેવાય. પોતાનું કલ્યાણ થઈ ગયુ એ સત્ પુરુષ કહેવાય. જેને આત્મા પ્રાપ્ત થયો છે અને જે નિરંતર આત્મ રમણતામાં રહેવા પુરુષાર્થ કરે છે તે સત્ પુરુષ છે.

૩. **જ્ઞાની પુરુષ :** જે સત્નું ભાન કરાવે તે જ્ઞાની પુરુષ. આખાય જગતનાં શાસ્ત્રો એક જ શબ્દમાં સમજાવી દે તે જ્ઞાની પુરુષ. જ્ઞાની પુરુષ એ ભગવાનનાં પ્રતિનિધી કહેવાય. જેને કંઇપણ જાણવાનું બાકી નથી તે જ્ઞાની પુરુષ. નિર્વિકલ્પ સમાધિ રહેતી હોય તે જ્ઞાની પુરુષ.

પ્ર. ૧૧૦ જ્ઞાનીઓ જગતને કઈ રીતે જગાડે છે ?

ઉ. ૧૧૦ માતા પોતાના બાળકને હાલરડાં ગાઈને સુવડાવે છે અને પ્રભાતિયાં ગાઈને જગાડે છે તેમ જ્ઞાનીઓ આત્માનાં પ્રભાતિયાં ગાઈને જગતને જગાડે છે ''જાગરે બાપલા જાગ, જાગરે બાપલા જાગ, સર્વે જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય. સદ્‌ગુરુ આજ્ઞા જિન દશા નિમિત્ત કારણમાંય.''

પ્ર. ૧૧૧ સંન્યાસ એટલે શું ?

ઉ. ૧૧૧ સંન્યાસ એટલે ન્યાસ લેવો તે. મન, વચન, કાયામાંથી બધેથી આત્મા ખેંચીને આત્મામાં મૂકી દે તેને સંન્યાસ કહેવાય. આત્મા આત્મામાં જ રહે એ સંન્યાસ.

પ્ર. ૧૧૨ સંન્યસ્ત એટલે શું ?

ઉ. ૧૧૨ સંન્યસ્ત એટલે વેશ બદલવાનું એ નહીં પણ આત્મજ્ઞાન પ્રાપ્ત થવું તે છે. સંન્યસ્ત એટલે પૌદ્‌ગલિક રમણતા જેને બંધ થઈ ગઈ હોય અને આત્મ રમણતા જેને ચાલુ થઈ ગઈ હોય તે સંન્યસ્ત. સંન્યસ્ત એટલે જેને ''હું'' અને ''મારું'' ના રહ્યું હોય તે. કોઈપણ જાતનો સંશય ન રહે તે સંન્યસ્ત. આ જગતનાં બધાં કોયડાં ઉકેલે તે સંન્યસ્ત કહેવાય.

પ્ર. ૧૧૩ સંન્યાસી કોને કહેવાય ?

ઉ. ૧૧૩ સંન્યાસી એટલે કે જેને કિંચિત્‌માત્ર મારાપણું નથી તે જ સાચો સંન્યાસી. જ્ઞાની એકલા જ સંન્યાસી કહેવાય. જે સંસારમાં રહે છે બધી જ રીતે સંસારી છે પણ તે સંસારભાવમાં જ રહેતા નથી અને સ્વ પરિણતિમાં રહે છે તે સંન્યાસી. પર પરિણતિ બંધ થઈ ગઈ અને સ્વ પરિણતિમાં રહેવાની શરૂઆત થઈ છે તે સંન્યાસી. સંન્યાસીમાં તો નામેય નિર્બળતા જ ના હોય, ભગવાનની નજીક ગયેલો હોય તે સંન્યાસી. ભગવાન જોડે નિરંતર વાત કરે તે સંન્યાસી. પર પરિણામને અને સ્વ પરિણામને જે જાણી શકે તે સંન્યાસી. એક ક્ષણ પણ સંસારી ભાવમાં ન રહે તે સંન્યાસી. આ કોઈ ચીજ મારી નથી અને એક આત્મા જ મારો છે અને જગતનું કલ્યાણ થાઓ એવો ભાવ જેનો છે તે સંન્યાસી. જ્યાં મહીં ભગવાન પ્રગટ થઈ ગયાં હોય તે જ સાચો સંન્યાસી. જેનામાં ક્રોધ, માન, માયા, લોભ નથી તે સંન્યાસી. જેને કોઈપણ પ્રકારની ઈચ્છા જ નથી અને જે નિરીચ્છક છે તેને સંન્યાસી

કહેવાય. સંન્યાસી તો તે કહેવાય કે જે દેહને પોતાનો ના માને અને જે દેહમાં જ ના રહેતો હોય તે સંન્યાસી કહેવાય. કોઈપણ ચીજનું માલિકીપણું ના હોય તે સંન્યાસી.

પ્ર. ૧૧૪ કર્મ સંન્યાસી કોને કહેવાય ?

ઉ. ૧૧૪ હું કર્તા નથી એવું જેને નિરંતર ભાન રહે છે તેનું નામ કર્મ સંન્યાસી.

પ્ર. ૧૧૫ સંન્યાસીમાં કયાં મુખ્ય ત્રણ ગુણ હોય ?

ઉ. ૧૧૫ નીચેના મુખ્ય ત્રણ ગુણ હોય તે સંન્યાસી.

૧. કર્તૃત્વનું અભિમાન ના હોય

૨. આસક્તિ ના હોય. મારાપણું ના હોય

૩. કામના ના હોય, કોઈપણ પ્રકારની ઈચ્છા ના હોય

પ્ર. ૧૧૬ શાસ્ત્રમાં સંન્યાસીનો અર્થ શો કરેલો છે ?

ઉ. ૧૧૬ સમ્ + ન્યાસ. સંપૂર્ણ પણે જેણે સમતા ધારણ કરી છે જે પૂર્ણ સમતાધારી છે તે સંન્યાસી છે. જેને સ્વ પરિણતિની શરૂઆત થઈ છે પરંતુ હજુ પૂર્ણાહુતિ નથી થઈ એ સંન્યાસી. સંન્યાસી એટલે કે જે પર પરિણતિને ખસેડ ખસેડ કરે, પર પરિણામને અને સ્વ પરિણામને સમજીને ચાલતા હોય તે સંન્યાસી કહેવાય. સંન્યાસી એટલે સંસારમાં મૂર્તિ દેખાય પણ મૂર્તિરૂપે હોય નહીં.

પ્ર. ૧૧૭ સાધુ અને સંન્યાસી એ બેમાં શો ભેદ ?

ઉ. ૧૧૭ સાધુ અને સંન્યાસી એ બેમાં તો ઘણો ફેર છે. આત્મદશા સાધે તે સાધુ, જે સાધક એકલો જ હોય તે સાધુ. જેના ક્રોધ, માન, લોભ કંટ્રોલેબલ (સંયમિત) હોય એટલે કે એના ક્રોધ, માન, માયા, લોભ કોઈનેય હરકત ના કરે એવા હોય તે સાધુ કહેવાય. જયારે સંન્યાસી તો બહુ ઊંચી દશા છે, તેમને તો કષાયો સંપૂર્ણ ખલાસ થઈ ગયા જેવા જ હોય, તેમને તો શેનો ત્યાગ થયો છે તે પણ યાદ ના હોય અને સંપૂર્ણ સમતાધારી હોય. સંન્યાસીને કોઈપણ પ્રકારની કામના ના હોય. સંન્યાસી પોતાના આત્માનંદની નિરાકુળતામાંથી બહાર નીકળતા જ ના હોય. જેને કોઈપણ ચીજનું માલિકીપણું ના હોય તેને સંન્યાસી કહેવાય.

પ્ર. ૧૧૮ સાધુ કોને કહેવાય ?

ઉ. ૧૧૮ આત્મદશા સાધે તે સાધુ. જબરાઈ ઉત્પન્ન થઈ ના હોય અને સર્વસ્વ નબળાઈ ગઈ હોય તે સાધુ. ખ્યોર સાધક હોય તેને સાધુ કહેવાય. સમકિત થયું હોય તે સાધુ. પરમેષ્ઠિ પદમાં આવે તે સાધુ. જિનની કે જિનેશ્વરની વાણી સાંભળીને, એ સંપૂર્ણ પાળી તે સાધુ કહેવાય. સાધુ તો હંમેશા સાધક અવસ્થામાં રહે. ખોટ-બોટ ના હોય અને કાયમ નફો જ રહે તેને સાધુ કહેવાય. શુદ્ધાત્માં પ્રાપ્ત થયાં પછી સમભાવે ફાઈલનો નિકાલ તે સાધક અવસ્થા. સાધક દશા એટલે સિદ્ધ દશા. બાધક દશા બિલકુલ ના હોય તે સાધુ કહેવાય. ક્રોધ, માન, માયા, લોભ કંટ્રોલેબલ (સંયમિત) હોય અર્થાત્ જેમનાં ક્રોધ, માન, માયા, લોભ કોઈનેય હરકત ના કરે એવા હોય તે સાધુ કહેવાય. જે સાધક એકલો જ હોય તે સાધુ કહેવાય. બાવીસેય પ્રકારના પરિષહ સહન થાય તો સાધુમાં ગણાય. ત્રણ દિવસથી ભૂખ લાગી હોય છતાં ખાવાનો વિચાર ના આવે તે ભૂખ પરિષહ સહન કર્યો કહેવાય. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન એમ તેર પ્રકારનું વ્યવહાર ચારિત્ર હોય એ સાધુ કહેવાય. સાચો વિવેક, સાચી સમજ, ઈન્દ્રિયો તથા મનનો સંયમ અને સાચી તપશ્ચર્યા આ ચાર ગુણોનું સમન્વયપણું જેનામાં છે તેને સાધુ કહેવાય.

પ્ર. ૧૧૯ ભગવાનના સાધુ કોને કહેવાય ?

ઉ. ૧૧૯ આખો દેહ સળગતો હોય છતાં એક દુર્ધ્યાન ના થાય એવા સાધુને ભગવાનના સાધુ કહેવાય. ભગવાને તો જેને અંશ શુદ્ધ ઉપયોગ થયો, તેને સાધુ ગણ્યા છે. આત્મદશા સાધે છે તેને સાધુ કહ્યાં છે. સાધુને જોતાંની સાથે જ ગમે તેવી ચિંતા હોય તોય ભૂલી જઈ આનંદ આવે, જેનું મોઢું જોતાં જ આનંદ થાય, દિલ ઠરી જાય. સાધુના ગયા પછી પણ આપણને પગે લાગવાનું મન થાય તે સાચો સાધુ. પંચમહાવ્રતનું અણિશુદ્ધ પાલન કરતા હોય અને ક્યાંક ભૂલ થાય તો તરત જ તે ભૂલનું પ્રતિક્રમણ કરતાં હોય તે ભગવાનના સાધુ કહેવાય. આગમમાં જણાવ્યા મુજબના સત્યાવીસ ગુણોના ધારકને ભગવાનના સાધુ કહેવાય.

પ્ર. ૧૨૦ સાધુ થવાનો કોને અધિકાર છે ?

ઉ. ૧૨૦ જેને સમકિત થયું છે તેને સાધુ થવાનો અધિકાર છે.

પ્ર. ૧૨૧ સાધુ કેટલા પ્રકારના છે ?

ઉ. ૧૨૧ મહાવીર ભગવાને કહ્યું છે કે ત્રણ પ્રકારના સાધુઓ છે.

૧. **દુઃખગર્ભિત વૈરાગ્ય :** દુઃખના માર્યા દુઃખ સહન નહીં થવાથી ભાગી ગયેલા અને સાધુ થઈ ગયેલ તેને દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાય. દુઃખથી ડરીને સાધુ થઈ ગયેલા, તેને દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાય.

૨. **મોહ ગર્ભિત વૈરાગ્ય :** બૈરી હોય, ખાવા-પીવાનું હોય પણ અપમાન સહન ન થાય એટલે સાધુ થઉ તો લોકો માનભેર પગે લાગે અને કીર્તિ મળે એમ મોહને લીધે વૈરાગ્ય લીધેલો એ બધા મોહ ગર્ભિત વૈરાગ્યથી થયેલા સાધુ કહેવાય.

૩. **જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય :** જ્ઞાન માટે જ સાધુ થયેલા હોય સાચાં આત્મજ્ઞાની પુરુષને ખોળવાં તથા આત્મા પ્રાપ્ત કરવા માટે વૈરાગ્ય ઉપજે અને સાધુ થયા હોય તેને જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય કહેવાય. આવા સાધુ કળિયુગમાં બહુ ઓછા હોય.

પ્ર. ૧૨૨ યતિધર્મ દસ પ્રકારે કહ્યો છે તે સમજાવો ?

ઉ. ૧૨૨ યતિધર્મ દસ પ્રકારે કહ્યો છે.

૧. **અહિંસા :** અર્થ વગર વિના પ્રયોજને કોઈપણ જીવને કિંચિત્‌માત્ર પણ દુઃખ ન પહોંચાડવું તે.

૨. **સત્ય :** સાચું બોલવું અને હૃદય પવિત્ર રાખવું.

૩. **અચોર્ય :** ચોરી ન કરવી.

૪. **બ્રહ્મચર્ય :** ઈન્દ્રિયો ઉપર કાબૂ રાખવો. સંયમમાં રહેવું મન, વચન, કાયાથી બ્રહ્મચર્ય પાળવું.

૫. **પરિગ્રહ :** પોતાનાં થકી કોઈપણ પ્રકારનો અનાવશ્યક પરિગ્રહ રાખવો નહીં.

૬. **તપ :** તપ કરવું, અદીઠ તપ કરવું, ઉણોદરી તપ કરવું.

૭. **ક્ષમા :** ક્રોધ કરવો નહીં. ક્રોધનો અભાવ તેનું નામ જ ક્ષમા.

૮. **મૃદુતા :** અભિમાન રાખવું નહીં.

૯. **આર્જવતા :** સરળતા-રાખવી અને કુડ-કપટ કરવું નહીં.

૧૦. **સંતોષ :** ઈચ્છા અને તૃષ્ણાઓનો ત્યાગ કરવો.

પ્ર. ૧૨૩ એકલધારી સાધુના આઠ અવગુણ કયા કયા ?

ઉ. ૧૨૩ ૧. અહંકારી હોય તે એકલો રહે

૨. ક્રોધી હોય તે એકલો રહે

૩. કપટી હોય તે એકલો રહે

૪. લોભી હોય તે એકલો રહે

૫. પાપ કરવામાં આસક્ત હોય તે એકલો રહે

૬. કુતૂહલી અને મશ્કરો હોય તે એકલો રહે

૭. ધૂતારો હોય તે એકલો રહે

૮. માઠા આચરનો હોય તે એકલો રહે

પ્ર. ૧૨૪ કયા આઠ ગુણનો ધણી હોય તે એકલો રહે?

ઉ. ૧૨૪ ૧. સંયમના દૃઢ પ્રમાણનો ધણી ગુરૂની આજ્ઞા લઈ એકલો રહે.

૨. ઘણા સૂત્રનો જાણકાર એકલો રહે

૩ જઘન્ય દસ પૂર્વનો અથવા ૧૪ પૂર્વનો ભણેલો એકલો રહે.

૪. ચાર જ્ઞાનનો ધણી એકલો રહે. અર્થાત મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન આ ચાર જ્ઞાનનો ધણી એકલો રહે.

૫. મહાબળનો ધણી એકલો રહે.

૬. ક્લેશ રહિત હોય તે એકલો રહે.

૭. સંતોષી હોય તે એકલો રહે.

૮. ધીરજવાન હોય તે એકલો રહે.

પ્ર. ૧૨૫ મુનિ કોને કહેવાય ?

ઉ. ૧૨૫ આત્મજ્ઞાન હોય તેજ મુનિ કહેવાય. આત્મજ્ઞાની એ જ મુનિ ગણાય. સંસારના તમામ સંજોગોમાં મૌન રહે તે મુનિ. મૌન એટલે જરૂરીયાત પુરતું જ બોલે, આત્માનાં માટે, આત્માનાં હેતુ માટે, બીજાના આત્માનાં હિત માટે, આત્મકલ્યાણ માટે બોલે છે, તે મુનિ જ કહેવાય. આત્મજ્ઞાન ત્યાં મુનિપણું. જ્ઞાનને ધારણ કરે તે મુનિ. જયાં આત્મા અને પરમાત્મા બે જ હોય તેને મુનિ કહેવાય. ઘણું કરીને પ્રયોજન વિના બોલવું જ નહીં તેનું નામ મુનિપણું. જેને અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન હોય તે મુનિ. સંસાર સમુદ્રનું વર્ણન આપે પણ કિનારાનું વર્ણન ન આપી શકે તે મુનિ. જેણે એકલો આત્મા જાણ્યો તેને મુનિ કહેવાય.

પ્ર. ૧૨૬ મહામુનિ કોને કહેવાય ? પરમાર્થ મૌન કોને કહેવાય ?

ઉ. ૧૨૬ આત્માર્થ સિવાય બીજા કોઈ અર્થે વાણી ના હોય તે પરમાર્થ મૌન કહેવાય, સંપૂર્ણ મૌન કહેવાય. આવું મૌન ધારણ કરનારને મહામુનિ કહેવાય.

પ્ર. ૧૨૭ મુનિને ક્ષાન્ત અને દાંન્ત કેમ કહે છે ?

ઉ. ૧૨૭ મુનિ સહિષ્ણું હોય છે તેથી તેમને ક્ષાન્ત કહે છે અને દાંન્ત એટલે ઈન્દ્રિયોનો દમન કરનાર હોય છે તેથી દાંન્ત કહે છે.

પ્ર. ૧૨૮ યતિ કોને કહેવાય ?

ઉ. ૧૨૮ સંસારનો પાર પામે તે યતિ. યતિનો અર્થ એ કે ત્યાગાત્યાગ સંભવે નહીં. યતિ પાસે વિદ્યાઓ હોય. સંસાર સમુદ્રને પાર કરીને સામે કિનારે જાય તે યતિ. સંસારના એવિડન્સની પાર ઉતરી ગયો હોય તે યતિ. યતિ તો સંસાર સમુદ્રનું વર્ણન આપે અને કિનારાનુંય પણ વર્ણન આપે. યતિ તો સ્વરૂપમાં રમણતા કરે. યતિ તો ભગવાનની બિલકુલ નજદીક હોય.

પ્ર. ૧૨૯ સ્વામિ કોને કહેવાય ?

ઉ. ૧૨૯ કે જેને પોતાનું જ અમી ઝરે તે સ્વામી કહેવાય.

પ્ર. ૧૩૦ ઋષિ કોને કહેવાય ? તેના કેટલા ભેદ છે ?

ઉ. ૧૩૦ બહુ ઋદ્ધિધારી હોય તે ઋષિ કહેવાય તેના ચાર ભેદ છે.

૧. રાજર્ષિ : અનેક ઋદ્ધિઓ હોય તે.

૨. બ્રહ્મર્ષિ : બ્રહ્મની શોધમાં પડ્યા હોય તે બ્રહ્મર્ષિ.

૩. દેવર્ષિ : આકાશગામી મુનિદેવ. અક્ષીણ મહા ઋદ્ધિવાળા.

૪. પરમર્ષિ : કેવળજ્ઞાની.

પ્ર. ૧૩૧ શ્રમણ કોને કહેવાય ?

ઉ. ૧૩૧ માથું મુંડાવાથી શ્રમણ નથી થવાતું, સમતાથી શ્રમણ થવાય છે. તપ દ્વારા જે પરિશ્રમ કરીને અહંકારને શુદ્ધ કરવા પ્રયત્ન કરે છે, તે શ્રમણ કહેવાય.

પ્ર. ૧૩૨ તાપસ કોને કહેવાય ?

ઉ. ૧૩૨ તપથી તાપસ થવાય છે, માત્ર ઘાસનું ચીવર કે વલ્કલ ધારણ કરવાથી તાપસ થવાતું નથી. જેઓ માત્ર પાંદડાં ખાઈને જ જીવનને ટકાવી રાખે છે અને ઉગ્ર તપશ્ચર્યા કરે છે તે તાપસ છે.

પ્ર. ૧૩૩ કાંદર્પિક કોને કહેવાય ?

ઉ. ૧૩૩ સંયમ છતાં જે હાસ્યજનક વચન કે ચેષ્ટા દ્વારા અન્ય ને હસાવે તે કાંદર્પિક કહેવાય.

પ્ર. ૧૩૪ આભિયોગીક કોને કહેવાય ?

ઉ. ૧૩૪ આભિયોગીક એટલે વિદ્યા કે મંત્રાદિ વડે વશીકરણ કરનાર.

પ્ર. ૧૩૫ બ્રાહ્મણ કોને કહેવાય?

ઉ. ૧૩૫ બ્રાહ્મણ કુંટુબમાં જન્મ હોવાથી બ્રાહ્મણ કહેવાતા નથી, કે ૐ કારના જાપ કે આલાપ કરવાથી બ્રાહ્મણ નથી થવાતું બ્રહ્મ(આત્માને)ને જાણવાથી બ્રાહ્મણ થવાય છે. બ્રહ્મને જાણ્યાં પછી એ બ્રહ્મની (આત્મા) અંદર ચર્યા કરે એ બ્રહ્મચર્યથી બ્રાહ્મણ કહેવાય છે.

પ્ર. ૧૩૬ આચાર્ય કોને કહેવાય?

ઉ. ૧૩૬ આચાર્ય તો કેવા હોય કે એક આંખ કાઢે તો સૌ શિષ્યોને પરસેવો છૂટી જાય, વઢવું ના પડે એ તો ખાલી આંખથી જ કામ થાય. એકપણ ભૂલ ના થવા દે એ આચાર્ય કહેવાય. આચાર્યની એક જ દૃષ્ટિ પડે ને બધું જ સીધું કરી નાખે. આચાર્ય ભગવાનને દેખતા જ શાંતિ થવી જ જોઈએ તેને આચાર્ય કહેવાય. જે ઉદયકર્મનો ગર્વ ના લે તે સાચા આચાર્ય કહેવાય. નિરંતર જ્ઞાનમાં જ રહે, પોતે આચાર પાળે અને બીજાને પળાવડાવે તે આચાર્ય કહેવાય. આચાર્ય તો ગમે તેની ગમે તેવી વાત હોય તે સાંભળવા તૈયાર થાય અને કહેશે, કહો વાત કરો શાંત ભાવે કહે અને બીજી વાત એ કે ભેગા થઈને સત્ય અસત્યની વિચારણા કરે. આચાર્ય તો ક્ષત્રિય હોવો જોઈએ, વણિક ના ચાલે. ભગવાને કહ્યું કે સાધુ અને ઉપાધ્યાય સુધી વણિક ચાલે પણ આચાર્ય પદ તો ક્ષત્રિયને જ જોઈએ.

પ્ર. ૧૩૭ સ્થવિર કોને કહેવાય? તેના કેટલા પ્રકાર છે?

ઉ. ૧૩૭ જે આચાર્ય કે ઉપાધ્યાય હોય પણ જ્ઞાનમાં નિરંતર વૃદ્ધિ કરતા રહી જ્ઞાનવૃદ્ધ બને ગીતાર્થ બને ત્યારે સ્થવિર કહેવાય. તેમના ત્રણ પ્રકાર છે.

૧ વય સ્થવિર : સાઠ વર્ષથી અધિક ઉંમરવાળા સાધુને વય સ્થવિર કહે છે.

૨ શ્રુત સ્થવિર : આંચારાંગ આદિ ચાર અંગથી અધિક ભણેલા સાધુને શ્રુત સ્થવિર કહે છે. જ્ઞાન સ્થવિર પણ કહેવાય છે.

૩ **વ્રત સ્થવિર :** વીસ વર્ષથી અધિક દીક્ષા પર્યાયવાળા સાધુને વ્રત સ્થવિર કહે છે. પર્યાય સ્થવિર પણ કહેવાય.

પ્ર. ૧૩૮ પુરોહિત એટલે કોણ ?

ઉ. ૧૩૮ પુરોહિત એટલે જે સંપૂર્ણ પણે આત્માનું કલ્યાણ કરે તે.

પ્ર. ૧૩૯ પંડિત કોણ ?

ઉ. ૧૩૯ ''પોથી પઢ પઢ જુગ ગયા, ભયા ન પંડિત કોઇ, અઢાઇ અક્ષર પ્રેમકા પઢે સો પંડિત હોઇ.'' પંડને ઇચ્છે તે પંડિત. આત્મા જ્ઞાનનો પિંડ છે અને આત્મા શબ્દ પણ અઢી અક્ષરનો છે, કર્મ પણ અઢી અક્ષરનો શબ્દ છે. આ આત્મા શું ? કર્મ શું ? એ બધું જાણે તે પંડિત કહેવાય. શબ્દથી આત્માને જાણે તે પંડિત કહેવાય.

પ્ર. ૧૪૦ ગણીની કોને કહેવાય?

ઉ. ૧૪૦ સાધ્વી સમુદાયની અધિકારીણીને ગણીની અથવા ગણીજી સાહેબ કહેવાય છે.

પ્ર. ૧૪૧ ભિક્ષુ કોને કહેવાય?

ઉ. ૧૪૧ જે કર્મરૂપી પાંજરાને ભેદે તે ભિક્ષુ કહેવાય. જે ક્ષુધા પરિષહને સહન કરે તે ભિક્ષુ કહેવાય. જે નિર્દોષ ભિક્ષા લેવા માટે વિધિપૂર્વક વિચરે તેને ભિક્ષુ કહેવાય.

પ્ર. ૧૪૨ યોગી કોને કહે છે?

ઉ. ૧૪૨ ચમત્કાર કરીને કે ચમત્કાર બતાવીને યોગને સિદ્ધ કરવો એ યોગીનું લક્ષણ નથી. સર્વોતમ યોગી તો એ છે કે સર્વ પ્રકારની સ્પૃહાથી રહિતપણે સતમાં કેવળ અનન્ય નિષ્ઠાએ જે સર્વ પ્રકારે ''સત્'' આચરે છે, જગત જેને વિસ્મૃત થયું છે, તે યોગી છે. યોગ એટલે જોડાવું જે આત્મા સાથે જોડાઇ ગયો છે, અર્થાત્ જીવ અને શિવનો ભેદ મટી ગયો છે, તે સાચો યોગી છે.

પ્ર. ૧૪૩ મુનિવરોનાં કેટલા પ્રકારે ભેદ કહ્યાં છે?

ઉ. ૧૪૩ મુનિવરોનાં નીચે મુજબ દસ પ્રકારે ભેદ કહ્યાં છે.

૧ **આચાર્ય :** સમ્યક્જ્ઞાન આદિ ગુણોના ધારકને આચાર્ય કહેવાય છે જે પોતે આચાર પાળે છે અને બીજાને પળાવડાવે છે તે આચાર્ય છે.

૨ **ઉપાધ્યાય :** જેમને સમકિત પ્રાપ્ત થયું છે અને જેઓ પોતે શાસ્ત્રો ભણે છે અને બીજાને ભણાવે છે તેને ઉપાધ્યાય કહેવામાં આવે છે.

૩ **તપસ્વી :** અનશનાદિ મહાતપ કરનાર જીવને તપસ્વી કહેવામાં આવે છે.

૪ **રોક્ષ્ય :** જે શ્રુત શીખવામાં અને વ્રતોની ભાવનામાં નિરંતર તત્પર હોય તેને રોક્ષ્ય કહેવામાં આવે છે.

૫ **ગ્લાન :** રોગ આદિથી જેમનું શરીર ક્ષીણ અને દુઃખી હોય તેવા સાધુને ગ્લાન કહેવામાં આવે છે.

૬ **ગણ :** સહાધ્યાયીનો સમુદાય અથવા વૃદ્ધ મુનિઓની પરંપરાના જે હોય તેને ગણ કહેવામાં આવે છે.

૭ **કુલ :** એક જ આચાર્ય પાસેથી દીક્ષા લેનાર શિષ્યોનો પરિવાર કુલ કહેવાય છે.

૮ **સંઘ :** ચાર પ્રકારના મુનિવરોનો સમૂહ તે સંઘ છે જેમાં ઋષિ, યતિ મુનિ અને અણગાર હોય.

૯ **સાધુ :** આત્મદશા સાધે તે સાધુ.

૧૦ **મનોજ્ઞ :** પંડિતપણાથી, વક્તાપણાથી, ઊંચાકુળથી લોકોમાં માન્ય હોય તથા ગુરુકુળનું ગૌરવ વધારનાર હોય તેને મનોજ્ઞ કહેવાય.

પ્ર. ૧૪૪ સ્થિતપ્રજ્ઞ એટલે શું?

ઉ. ૧૪૪ સ્થિતપ્રજ્ઞ એટલે પોતે પોતાની બુદ્ધિથી વિચારી વિચારીને પ્રશ્નોનો ઉકેલ લાવે અને સ્થિર થાય તે. બુદ્ધિ સ્થિર થાય તે સ્થિતપ્રજ્ઞ. વ્યભિચારીણી બુદ્ધિની સ્થિરતા એનું નામ સ્થિતપ્રજ્ઞ. સ્થિતપ્રજ્ઞ દશામાં આત્મ અનુભવ નથી. સ્થિતપ્રજ્ઞ એટલે ઇમોશનલ ના થાય તે. હું કરું છું તેમાં શંકા પડે ત્યારે સ્થિતપ્રજ્ઞ કહેવાય. સ્થિતપ્રજ્ઞ એટલે જે પ્રજ્ઞામાં સ્થિર થયા છે, જે અસારને બાજુએ કરે અને સારને ગ્રહણ કરે છે તે સ્થિતપ્રજ્ઞ.

પ્ર. ૧૪૫ સ્થિતપ્રજ્ઞ દશા એટલે શું ?

ઉ. ૧૪૫ સ્થિતપ્રજ્ઞ દશા એ તો સમ સ્થિતિમાં પેસવાનું દ્વાર છે. સ્થિતપ્રજ્ઞ દશા એટલે શુદ્ધ થયેલી બુદ્ધિથી આત્માના ગુણધર્મ જાણે અને તેનું ઓળખાણ પડે પણ તેની અનુભૂતિ ન થાય. સ્થિતપ્રજ્ઞ દશા એ અનુભવ દશા નથી.

સ્થિતપ્રજ્ઞ દશાથી જગતને અને બધા તત્ત્વોને જાણે, ઓળખે અને તેને જ વ્યવહાર સમકિત કહેવાય. આ આત્મા અને અન્યથી તે પર છે એમ શબ્દ ભેદ પાડવાનું ચાલુ થઇ જાય તો સ્થિતપ્રજ્ઞ દશા ચાલુ થઇ જાય અને છેક આત્માનો અનુભવ થાય ત્યાં સુધી જે દશા રહે તે સ્થિતપ્રજ્ઞ દશા કહેવાય. સ્થિતપ્રજ્ઞ દશાથી ઇમોશનલ ના થાય, મોશનમાં રહે તે સ્થિતપ્રજ્ઞ, પરંતુ સમાધિ ઉત્પન્ન ના થાય. કૃષ્ણ ભગવાન ગીતામાં જે છેલ્લું સ્ટેશન કહેવા માગે છે તે આ સ્થિતપ્રજ્ઞ દશા, એ છેલ્લું સ્ટેશન છે. કૃષ્ણ ભગવાને જે માર્ગ બાંધ્યો તે સ્થિતપ્રજ્ઞ દશા સુધી આવે પણ એની આગળ તો ઘણું બધું છે. સ્થિતપ્રજ્ઞ દશા અને આત્મા જાણવો એમાં બહુ ફેર છે. સ્થિતપ્રજ્ઞ એટલે પ્રજ્ઞામાં સ્થિર થવું અને તે પણ રીલેટિવ પ્રજ્ઞા એના પછી એને આત્મા પ્રાપ્ત કરવાનો બાકી રહે છે.

પ્ર. ૧૪૬ સિન્સિયર કોને કહેવાય?

ઉ. ૧૪૬ આપણે પોતાની જાત સાથે જે રીતે વર્તીએ છીએ એવી રીતે મિત્રની સાથે વર્તીએ એ સિન્સિયર કહેવાય. કોઇપણ પરિસ્થિતિમાં સામાં માટે ખરાબ વિચાર તમને ના આવે તો તમે સિન્સિયર કહેવાવ. સામેવાળો અવળું બોલે તોય તેમના માટે ખરાબ વિચાર ન આવે તે સિન્સિયર કહેવાય. સામેનાં મનમાં એમ લાગે કે આ મને દુઃખ નહીં આપે એવું દરેક જીવને આપણાં તરફ રહે ત્યારે સિન્સિયર રહેલા કહેવાય. પોતાના ધ્યેયથી વિરુદ્ધ ક્યારેય પણ ના ચાલે, કોઇ પણ સંજોગોમાં નક્કી કરેલો ધ્યેય ન ચૂકે એ પોતાની જાતને સિન્સિયર કહેવાય. મન, વચન કાયાની એકતા કાયમની ક્યારેય પણ બાંધછોડ ન થાય એવી હોય ત્યાં સુધી સિન્સિયર કહેવાય. સિન્સિયર થવું હોય તો તેણે કાચા કાનનું થયે પાલવે નહીં. વ્યવહાર ચોખ્ખો કરવા માટે આ બધા શબ્દો છે. સિન્સિયર વિવેકવાળો હોય. માણસ જો પોતાની જાતને સિન્સિયર રહે તો એ પરમાત્મા થાય, પછી જ્ઞાની મળો કે પછી ના મળો પણ એની પોતાની જાતને સિન્સિયર રહ્યાં તો એ બધા સંજોગો ભેગા થઇ જાય. સામો દગો કરે તોય તારે સિન્સિયર રહેવું એ તરવાની ચાવી છે. સિન્સિયારિટિ એટલે હાર્ટિલી. હાર્ટિલી એટલે જયાં કશો બદલો લેવાનો નથી ત્યાં સિન્સિયર રહેવું તે. જેટલી વસ્તુને તમે સિન્સિયર થયા તેટલી વસ્તુને તમે જીત્યા. સામો માણસ ઇન સિન્સિયર થાય તોય પણ પોતાનું

સિન્સિયરપણું ન જાય. તો એ સિન્સિયારિટી કહેવાય. આ જગત જીતવાનું તોજ મોક્ષે જવા દેશે. સિન્સિયર એટલે આપણું હૃદય અને સામેના હૃદયનો એક જ તાર એમાં જુદાઇ ના પડવા દે. સિન્સિયારિટીમાં મન ભળે તો મોક્ષે લઇ જાય. સિન્સિયર એટલે કિંચિત્‌માત્ર પણ જુદાઇ રાખવાની નહીં તે.

પ્ર. ૧૪૭ સિન્સિયારિટી અને મોરાલિટી શું છે?

ઉ. ૧૪૭ સિન્સિયારિટી અને મોરાલિટી એ ભગવાન પાસે પહોંચવાનો મેઇન રોડ છે. સંપૂર્ણ સિન્સિયારિટી અને સંપૂર્ણ મોરાલિટીને કારણે દાદા આ પદ ઉપર બેઠા છે અને ભગવાન પણ તેમને વશ થઇ ગયા છે.

પ્ર. ૧૪૮ કઇ જ્ઞાતિના લોકો સિન્સિયર વધારે હોય ?

ઉ. ૧૪૮ ક્ષત્રિયો હંમેશા વધારે સિન્સિયર હોય. મોરલ તો ઘણા ઓછાં હોય પરંતુ સિન્સિયર તો હોય જ અને વણિક જ્ઞાતિ કે જે વિચારશીલ કોમ છે એ તો પોતાની સ્ત્રી જોડે પણ સિન્સિયર ના રહે.

પ્ર. ૧૪૯ સિન્સિયર એટલે શું ? સિન્સિયારિટી એટલે શું ?

ઉ. ૧૪૯ સિન્સિયર એટલે કોઇપણ સંજોગોમાં પોતાના ધ્યેયની વિરૂદ્ધ ક્યારેય ન ચાલે તે. સિન્સિયારિટી એટલે તમારી અને સામા માણસના હૃદયની એકતા. જેનું મંડન કર્યું હોય તેનું ખંડન ના કરવું એ સિન્સિયારિટી. સિન્સિયારિટી એટલે નિરંતર તન્મયાકાર. સિન્સિયર એટલે જ્ઞાની પુરુષથી જુદો એક પણ અભિપ્રાય રાખવો નહીં અને પોતાના અભિપ્રાય બાળી નાંખવા તે.

પ્ર. ૧૫૦ સહજ એટલે શું ?

ઉ. ૧૫૦ સહજ એટલે જેમ છે તેમ કરવા દેવું તે. આ મન વચન કાયાની ક્રિયાઓ ઉદયકર્મને આધિન ચાલ્યા કરે છે એનું નિરીક્ષણ કર્યા કરવું પરંતુ તેમાં ડખલ ના કરવી તે સહજ કહેવાય. સહજ એટલે સંપૂર્ણ અપ્રયત્નદશા. ઉદય પ્રમાણે ભટકવું એનું નામ સહજ. સહજ એટલે પોતાનાં સ્વભાવમાં રહી જ્ઞાતા-દ્રષ્ટા રૂપ ઉપયોગ કરવો, સ્વરૂપમાં રમણતા કરવી તે. સહજ એટલે પ્રકૃતિ સ્વભાવ છે, તેમાં તન્મયાકાર રહેવું, ડખલ નહીં કરવી તે. જાનવરો, પશુ, પંખીઓ બધા સહજ છે, પણ તેઓ અજ્ઞાનતાથી સહજ છે. સહજ તો મનમાં જેવાં વિચાર આવે તેવું જ કરે અને તેવું ના કરે તોય આત્માની ડખલ ના હોય તો તે સહજ છે. આત્મા જુદો થઇ જાય તો, સાંસારિક કાર્યો અંતઃકરણથી ચાલ્યા જ કરે એનું નામ જ સહજ.

પ્ર. ૧૫૧ સાહજિકતા કોને કહેવાય ?

ઉ. ૧૫૧ પ્રકૃતિ અને આત્મા વચ્ચેની ચંચળતા ઊડી ગઇ એનું નામ સાહજિકતા. કર્તાપદ રહિતની સ્થિતિ નિરંતર વર્તતી હોય એ સાચા અર્થમાં સાહજિકતા છે. સાહજિકતા એટલે અહંકારનો બિલકુલ વપરાશ જ નહીં, અહંકારનો ઉપયોગ બિલકુલ ના હોય ત્યારે સાહજિકતા ઉત્પન્ન થાય. અપ્રયત્ન દશાથી મન, વચન, કાયાનું પ્રવર્તન રહે કે પ્રવર્તન ચાલ્યા કરે તેનું નામ સાહજિકતા. મન, વચન, કાયાની જે ક્રિયાઓ થઇ રહી છે તેમાં ડખલ ના કરવી એને સાહજિકતા કહેવાય. સાહજિક એટલે કર્તાપણું ના હોય, વિચારો થયા વગર કામ કર્યે જ જાય તે સાહજિક.

પ્ર. ૧૫૨ સહજભાવ એટલે શું ?

ઉ. ૧૫૨ સહજભાવ એટલે હું ક્રિયા કરું છું એ ભાન નાં હોય એનું નામ સહજભાવ. સહજભાવથી ધોલ મારીએ એટલે દુઃખ થાય નહીં. સંપૂર્ણ દેહની સહજતા એ ભગવાન કહેવાય. અહંકાર હોય તે સાહજિક હોય જ નહીં.

પ્ર. ૧૫૩ દેહ, સહજ થયો ક્યારે કહેવાય ?

ઉ. ૧૫૩ આપણા દેહને કંઇપણ કરે તોય આપણને રાગ-દ્વેષ ના થાય તેનું નામ સહજ થયો કહેવાય. સહજ એટલે સ્વાભાવિક, કુદરતી, વિભાવિક દશા નહીં તે. પોતે હું છું, એવું ભાન નહીં તે સહજ દેહની નિશાની છે. જ્ઞાન પરિણામ પામે અને કર્મો ઓછા થઇ જાય એટલે દેહ સહજ થતો જાય. ધીમે ધીમે અંશે કરીને દેહ સહજ થઇ જ રહ્યો છે અને જેટલા અંશે સહજ થાય એટલા અંશે સમાધિ થાય.

પ્ર. ૧૫૪ સહજ રહેવા માટે શું કરવું ?

ઉ. ૧૫૪ ''અવસ્થા માત્ર કુદરતી રચના છે જેનો કોઇ બાપોય રચનાર નથી અને તે વ્યવસ્થિત જ છે.'' આટલું આપણે બોલ્યા એટલે જ્ઞાનીનાં શબ્દોના આધારે સહજ રહેવાશે. ''હું ચંદુલાલ છું'' તે જાય ત્યારે સહજ થવાય.

પ્ર. ૧૫૫ સંપૂર્ણ સાહજિક ક્યારે થવાય ?

ઉ. ૧૫૫ વિષય ઉપર સંપૂર્ણ કંટ્રોલ હોય ત્યારે સાહજિક થવાય.

પ્ર. ૧૫૬ ઋજુતા એટલે શું ?

ઉ. ૧૫૬ ઋજુતા એટલે સહજતાની પરાકાષ્ટા.

પ્ર. ૧૫૭ જ્ઞાનીઓની સહજ પ્રકૃતિ કોને કહેવાય ?

ઉ. ૧૫૭ વિચાર આવે અને અસર ના કરે તો પ્રકૃતિ સહજ કહેવાય.

પ્ર. ૧૫૮ સ્વચ્છંદ એટલે શું ?

ઉ. ૧૫૮ સ્વચ્છંદ એટલે બુદ્ધિ ભ્રમ. આ માર મારનારો અને આ માર ખાનારો એવી ભ્રમિત બુદ્ધિ તે સ્વચ્છંદ. પોતે પોતાની સમજણે ચાલે તે સ્વચ્છંદ. મારા જેવો કોઇ અક્કલવાળો નથી, તમે બધા ભાજીમૂળા છો એમ સમજે તે સ્વચ્છંદ. પોતાના છંદે ધર્મ સમજવો તે સ્વચ્છંદ. સ્વચ્છંદ એટલે કે ભગવાનના વાક્યો પોતાની ભાષામાં વાપરવા અને ભગવાનનો અર્થ પોતાની ભાષામાં કર્યો તે. સ્વચ્છંદ એટલે કાયદાની વિરુદ્ધ કરવું, ઊંધુ કરવું તે. મનુષ્ય માત્ર મોક્ષે જવા ઉપાય કરે છે પણ પોતાની સમજણે કરે છે તેને ભગવાન સ્વચ્છંદ કહે છે. સ્વચ્છંદ એટલે મતિ કલ્પના. સજીવનમૂર્તિની આજ્ઞા વગર જે જે કંઇપણ કરવામાં આવે છે તે સ્વચ્છંદ છે. પોતાની સમજણે ધર્મ કરે તે સ્વચ્છંદ કહેવાય. જાત ઉપર ખાત્રી ના હોય તેનું નામ સ્વચ્છંદ. પોતાની સમજણે જ્ઞાન સમજવું તે સ્વચ્છંદ. શાસ્ત્રો પોતાની સમજણે વાંચ્યા અને પોતાની સમજણે ચાલે તે સ્વચ્છંદ. સ્વચ્છંદ એટલે નિજ મતિ અને નિજ કલ્પનાએ ચાલે તે. સ્વચ્છંદ એટલે પોતે ન્યાયાધીશ, પોતે વકીલ, અને પોતે જ આરોપી. પોતાનું જ ધાર્યું કરવું તેનું નામ સ્વચ્છંદ. પોતાના ડહાપણે નકશા ચિતરવા તે સ્વચ્છંદ. પોતાની સમજણે બધું કરે તે સ્વચ્છંદ. સ્વચ્છંદ એટલે પોતાની મેળે દવા બનાવી લેવી. હું ચંદુલાલ છું એ જ સ્વચ્છંદ છે. જ્યાં જ્ઞાનીપુરુષની આજ્ઞાપૂર્વકની પ્રવૃત્તિ નથી ત્યાં બધો સ્વચ્છંદ છે. પોતાની મેળે, પોતાના ડહાપણથી ગોઠવણી કરો તથા પોતાના ડહાપણે બધું કર્યા કરવું અને પોતે સંતોષ માન્યા કરવો કે હવે કોઇ વાંધો નથી એ નર્યો સ્વચ્છંદ છે. સ્વચ્છંદ એટલે પોતાના ડહાપણે મોક્ષ ખોળવો તે. મનને માર માર કરવું તે પણ સ્વચ્છંદ છે. સ્વચ્છંદ એટલે પોતાની મેળે માર્ગ ખોળી કાઢે તે. આડાઇ એટલે સ્વચ્છંદ. દેહાધ્યાસ અને નામ રૂપ સાથે તદ્રૂપતા એ જ મોટો સ્વચ્છંદ છે. ધર્મના પુસ્તકો અને શાસ્ત્રો બહુ વાંચ્યા તેનાથી સ્વચ્છંદ ઊભો થાય, એક અક્ષરેય સમજયો નથી અને મનમાં માની બેઠો છે કે હું સમજયો છું એ જ સ્વચ્છંદ છે.

પ્ર. ૧૫૯ સ્વચ્છંદ કોને કહેવાય ?

ઉ. ૧૫૯ પોતે પોતાની સમજણે ચાલે તે સ્વચ્છંદ. મરણના ભયને લીધે કોઇ જાતે દવાનું મિક્ષ્ચર બનાવી પીતા નથી અને અહીં આત્માની બાબતમાં જાતે મિક્ષ્ચર બનાવી અનંત અવતારનું મરણ નોંતરે છે, એ જ સ્વચ્છંદ છે. વીતરાગ વિજ્ઞાનમાં પોતાના ડહાપણથી ચાલે તે સ્વચ્છંદ. પોતાનું જ ધાર્યું કરવું તેનું નામ સ્વચ્છંદ. જ્ઞાનીએ જે કહ્યું હોય તેનો અવળો અર્થ કરીને ચાલે તે સ્વચ્છંદ. પોતાનાં ડહાપણે દીવો લઇને આત્મા ખોળે તે સ્વચ્છંદ. અહંકાર સાથે વિચારેલું, બુદ્ધિના માધ્યમ સાથે કલ્પેલું તથા સાંભળેલું બધું જ સ્વચ્છંદ છે. જ્ઞાનીનાં સાંભળેલા વાક્ય પોતાના ડહાપણે સમજવા, જ્ઞાનીના પુસ્તકમાં લખેલા વાક્યો પોતાના ડહાપણે સમજવા અને પોતાના ડહાપણે ચાલવું તે સ્વચ્છંદ છે.

પ્ર. ૧૬૦ સ્વચ્છંદ ઓછો હોય તે માણસ કેવો હોય ?

ઉ. ૧૬૦ જેમ વાળો તેમ વળે તેવો હોય.

પ્ર. ૧૬૧ સ્વચ્છંદ બાબતે શ્રીમદ્ રાજચંદ્રે શું કહ્યું છે ?

ઉ. ૧૬૧ ''રોકે જીવ સ્વચ્છંદ તો પામે અવશ્ય મોક્ષ.
પામ્યા એમ અનંત છે ભાખ્યું જિન નિર્દોષ.
પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય.
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય.''

પ્ર. ૧૬૨ કોનું નામ સ્વચ્છંદ ગયો કહેવાય ?

ઉ. ૧૬૨ એક ક્ષણ વાર આજ્ઞા રહિત દશા નહીં એનું નામ સ્વચ્છંદ ગયો કહેવાય. સમ્યક્‌ત્વ પ્રાપ્ત થયું એ સ્વચ્છંદ ગયાની નિશાની. જ્યાં સુધી સમ્યક્‌ત્વ પ્રાપ્ત ના થાય ત્યાં સુધી સ્વચ્છંદ હોય જ. જ્ઞાની પુરુષની આજ્ઞામાં જે રહે છે તેનો સ્વચ્છંદ રોકાયેલો છે.

પ્ર. ૧૬૩ બોધ બીજ ક્યારે ઉત્પન્ન થાય ?

ઉ. ૧૬૩ સ્વચ્છંદ જાય ત્યારે બોધ બીજ ઉત્પન્ન થાય.

પ્ર. ૧૬૪ સ્વચ્છંદ રોકવા શું કરવું ?

ઉ. ૧૬૪ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે ''પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી સ્વચ્છંદ રોકાય. પ્રાયે અન્ય ઉપાય થકી બમણો થતો જાય.'' આ તો લગ્ન કર્યા હોય ને ધણી બનાવ્યો ત્યાં જો એ ધણીને ગુરુ સ્થાને સ્થાપે અને એના કહ્યાં પ્રમાણે કરે તોય અનંતકાળનો સ્વચ્છંદ રોગ નીકળી જાય.

પ્ર. ૧૬૫ સંયમ એટલે શું ?

ઉ. ૧૬૫ સંયમ એટલે જીવને દુઃખ નથી દેતોને, ખોટું બોલીનેય દુઃખ ના દેવું જોઈએ તે. પરિષહ કે ઉપસર્ગ આવે છતાંય મહીં અસર ના થવા દે અને અસર થાય તો તેને જાણે તે સંયમ કહેવાય. વેદનને જાણે તે સંયમ. જે દોષ ઊભો થાય, એ દોષ પોતાને ગમે નહીં એનું નામ સંયમ. દોષ ઊભો થાય તેમાં પોતે તન્મયાકાર ના થાય એનું નામ સંયમ કહેવાય. એક બાજુ ગુસ્સો થયાં કરતો હોય ને બીજી બાજુ પોતે ખેદ કર્યા કરતો હોય તો ખેદ કરનાર સંયમી છે. કોઈ ગાળ ભાંડે અને પોતે જ્ઞાતા-દ્રષ્ટા રહે એનું નામ સંયમ કહેવાય. હું કોણ છું, એનું ભાન નથી ત્યાં સંયમ ઉત્પન્ન થાય નહીં. ક્રોધ, માન, માયા, લોભને સંયમમાં લેવા એ સંયમ. ક્રોધ, માન, માયા, લોભનો સંયમ રાખવો એનું નામ સંયમ કહેવાય. અસંયમમાં સંયમ રાખવો એનું નામ સંયમ કહેવાય. સંસારનું કોઈ દુઃખ અડે નહીં એનું નામ સંયમ. ક્રોધ, માન, માયા, લોભ કંટ્રોલેબલ હોય, સામાને કિંચિત્માત્ર નુકસાન ના કરે એવા હોય અર્થાત્ ક્રોધ, માન, માયા, લોભના સંયમને સંયમ કહેવાય. સ્વચ્છંદ રોકાય એનું નામ સંયમ. નિરઅહંકાર સહિત વસ્તુનો અભાવ થાય તો સંયમ કહેવાય.

પ્ર. ૧૬૬ સંયમ કોને કહેવાય ?

ઉ. ૧૬૬ સ્વચ્છંદ રોકાય તેનું નામ સંયમ. શું થાય છે એ જોયા જ કરે એ છેલ્લામાં છેલ્લો સંયમ. આ જ્ઞાનીઓનો સંયમ કહેવાય. ક્રોધ, માન, માયા, લોભમાં હિંસક ભાવ ના રહે તેનું નામ સંયમ. આત્મ પરિણામ અને પુદ્ગલ પરિણામ બંને જુદા યથાર્થપણે રહે તે સંયમ. પોતાનો દોષ દેખાય અને તેનું પ્રતિક્રમણ કરે એ સાચો સંયમ કહેવાય. કષાયોના સંયમને ભગવાને સંયમ કહ્યો છે. હું અને મારું ગયા તેનું નામ સંયમ. રાગ-દ્વેષ ના થાય એનું નામ સંયમ. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ના થાય તેનું નામ સંયમ. અસંયમીને કિંચિત્માત્ર પણ દુઃખ ના થવા દે તે જ મોટામાં મોટો સંયમ છે. પોતાનાં કષાયો બહારનાં કોઈપણ માણસને દુઃખ ના દે, કે કોઈનેય બીજાને નુકશાન ના કરે તે સંયમ. અંદરના ગમે તેવા પરિણામો ઊભા થાય, ગમે તેવી અંદર ઝંઝાવાત જાગે છતાં બહાર કોઈનેય ખબર જ ના પડે તે સંયમ. કોઈપણ જીવને કિંચિત્માત્ર પણ દુઃખ ના થાય તેવો ભાવ તેનું નામ

સંયમ. આંતરિક સંયમને સંયમ કહેવાય. નિયમ ના જળવાઇ રહે એવી જગ્યાએ નિયમ જળવાય તો તેને સંયમ કહેવાય. જેને મારાપણું છુટી ગયું છે સંયમ કહેવાય. લોભ અડે નહીં કપટ અડે નહીં, ભયંકર માનની જગ્યા હોય ને સંજોગ ઊભા થયાં છતાં માન ઊભું ના થાય તેનું નામ સંયમ. ''હું શુદ્ધાત્મા છું'' અને મારે ફાઇલનો સમભાવે નિકાલ કરવો છે એ સમભાવને સંયમ કહેવાય. ફાઇલનો સમભાવે નિકાલ કરો એનું નામ સંયમ. કોઇ આવીને આપણી દાળમાં માટી નાંખી જાય તોયે જે કમાન છટકે નહીં તે સંયમ.

પ્ર. ૧૬૭ સંયમની શરૂઆત ક્યારથી કહેવાય ?

ઉ. ૧૬૭ આર્તધ્યાન, રૌદ્રધ્યાન બંધ થાય ત્યારથી સંયમની શરૂઆત થાય.

પ્ર. ૧૬૮ સ્વસંયમ કોને કહેવાય ?

ઉ. ૧૬૮ નો લો લો (No Low Low) એટલે સ્વસંયમ.

પ્ર. ૧૬૯ સંયમ પરિણામ એટલે શું ?

ઉ. ૧૬૯ પુદ્ગલમાં આત્મા ભળે નહીં, જુદોને જુદો વર્ત્યા કરે એ સંયમ પરિણામ. સંયમ પરિણામ એટલે આત્મ પરિણામ અને પુદ્ગલ પરિણામ બંને યથાર્થપણે જુદા રહે તે. આ મારી ભૂલ થઇ, ખોટું થયું તેનું પ્રતિક્રમણ કરીએ તે સંયમ પરિણામ કહેવાય. શુદ્ધાત્મામાં રહીને ફાઇલોનો નિકાલ કરવો જ છે એ ભાવ એ સંયમ કહેવાય અને એ ભાવને આધારે વર્તાતી જાગૃતિ એ સંયમ પરિણામ કહેવાય. સંયમ પરિણામથી જ મોક્ષ છે.

પ્ર. ૧૭૦ સંયમ પરિણામ ક્યારે ઉત્પન્ન થાય ?

ઉ. ૧૭૦ કોઇ ધોલ મારે તે વખતે અંદર ભયંકર અસંયમ પરિણામ થવાની જગ્યાએ સમભાવે નિકાલ કરે ત્યારે જબરજસ્ત સંયમ પરિણામ ઉત્પન્ન થાય. એક જ ફેરો સંયમ પરિણામ રાખ્યું કે મહીં શક્તિ ખૂબ વધી જાય. ત્રણ વખત રાખે તો નવગણું થાય. આમ મલ્ટિપ્લિકેશન થયા જ કરે. સંયમ તો કોઇ ધોલ મારે કે તરત જ કશી અસર જ ના થાય, જાણે કશું બન્યું ના હોય એવી રીતે રહે એનું નામ સંયમ પરિણામ કહેવાય. સંયમ પરિણામ એટલે યથાર્થ જાગૃતિ કહેવાય. સંજોગો ભેગા થાય અને તારવણી નીકળે તો સંયમ પરિણામ ઉત્પન્ન થાય.

પ્ર. ૧૭૧ સંયમ પરિણામી કોને કહેવાય ?

ઉ. ૧૭૧ સંયમ પરિણામી તો તેને કહેવાય કે જેને વિષયનો વિચાર જ ના આવે.

પ્ર. ૧૭૨ સંયમ અને ત્યાગ એ બેમાં શો ભેદ છે ?

ઉ. ૧૭૨ ત્યાગ હંમેશા ઉદયકર્મથી હોય. ઉદયકર્મથી થયેલો હોય એને મેં ત્યાગ્યું બોલવાથી ગુનો લાગે છે, એ ન બોલવું જોઇએ. ઇન્દ્રિયોના સંયમને ભગવાને ત્યાગ કહ્યો છે. વસ્તુના ત્યાગને ત્યાગ નથી કહ્યો પરંતુ વસ્તુ પ્રત્યેની મૂર્છાના ત્યાગને ભગવાને ત્યાગ કહ્યો છે. કષાયોના સંયમને ભગવાને સંયમ કહ્યો છે. કષાયોને મંદ કરવા, કષાય ઉપશમ કરવા કે કષાયનો ક્ષય કરવો કે કષાયોનો અભાવ કરવો એ જ સંયમ છે. સ્વચ્છંદ રોકાય એનું નામ સંયમ.

પ્ર. ૧૭૩ સંયમ અને સમતા એ બેમાં શો ફેર ?

ઉ. ૧૭૩ સંયમ એ પુરુષાર્થ છે અને સમતા એ તો જ્ઞાનથી ઉત્પન્ન થનારો સ્વભાવ છે. ધર્મનેય પુરુષાર્થ કીધો છે, નિયમનેય પુરુષાર્થ કહ્યો છે અને સંયમનેય પુરુષાર્થ કહ્યો છે. પુરુષાર્થ બહાર દેખાય નહીં કોઇ દહાડોય, પુરુષાર્થ એ આંતરિક વસ્તુ છે.

પ્ર. ૧૭૪ સંયમ અને તપમાં શું ભેદ છે ?

ઉ. ૧૭૪ સંયમ અને તપ એ બન્ને બિલકુલ જુદાં જ છે. સંયમમાં તપવાનું હોતું નથી અને તપમાં તો તપવાનું હોય. કોઇ કહેશે કે ખોરાકમાં તમને સંયમ નથી તો ખોરાક પ્રમાણસર લે તો સંયમ થાય અને તપમાં તો મનને તપાવવું પડે, બાળીને તપાવવું પડે અને આપણું અક્રમનું તપ તો બિલકુલ જુદું છે. હોમ ડિપાર્ટમેન્ટ અને ફોરેન ડિપાર્ટમેન્ટ એકાકાર ના થાય ત્યાં જાગૃતિ રહે, એને ભગવાને તપ કહ્યું છે. ક્રોધ, માન, માયા અને લોભના સંયમને ભગવાને સંયમ કીધો છે જ્યારે અદીઠ તપને ભગવાને તપ કહ્યું છે.

પ્ર. ૧૭૫ સંયમ કેટલા પ્રકારના છે ?

ઉ. ૧૭૫ સંયમ શાસ્ત્રની પરિભાષામાં સાત પ્રકારના છે.

૧. સામાયિક, ૨. છેદોપસ્થાપન, ૩. પરિહારવિશુદ્ધિ, ૪. સૂક્ષ્મસંપરાય, ૫. યથાખ્યાત, ૬. દેશસંયમ, ૭. સર્વ વિરતી.

પ્ર. ૧૭૬ સત્સંગ એટલે શું ? સત્સંગ કોને કહેવાય ?

ઉ. ૧૭૬ સત્સંગ એટલે જ્ઞાની પુરુષનો વ્યવહાર જોવા ભેગા થવું તે. સત્સંગ એટલે જ્ઞાની પુરુષનાં હૃદયના તાર સાથે આપણાં હૃદયનો તાર મેળવવાનું એક તીર્થ. જ્ઞાની પુરુષ એ પોતે સત્ છે માટે એમનો સંગ એ સત્સંત છે. જ્ઞાની પુરુષ કે જે મુક્તિ આપે જે મોક્ષનું દાન આપી શકે છે તે મોક્ષદાતા પુરુષનો સંગ તેમના વાક્યોનો સંગ તે સત્સંગ છે. ઈનકરેક્ટ વસ્તુમાંથી કરેક્ટ ખોળવું તે સત્સંગ. પ્રગટ આત્માની હાજરીનો સંગ એ સત્સંગ કહેવાય. સત્સંગ એટલે ''પોતાને ગામ'' પોતાને ઘેર જવાનો રસ્તો. સત્સંગ એટલે આ જગત શું છે અને શું નથી એટલું સમજવું તે. સત્સંગ એટલે સત્‌ની (આત્માની) વાત કંઈક જાણવી તે. ઈશ્વરના ઘરની વાતો થાય તેને સત્સંગ કહેવાય. જે મન અને ચિત્તને ઠારે તે સત્સંગ કહેવાય. સત્સંગ એટલે આત્માની વાતો કરવી તે. જે વાત આપણને હળવા બનાવે તે સત્સંગ. સંસાર રોગ મટાડે તેને સત્સંગ કહેવાય. ચિંતા જાય તેને સત્સંગ કહેવાય. જ્ઞાનીની ચર્યા જોવી, જાણવી તથા તેમના વચનો આરાધવા તે સત્સંગ છે. પૂર્ણ જાગ્રત દશામાં સમતા રાખી આત્મયોગ સાધવો તેનું નામ સત્સંગ. જ્ઞાનીની વીતરાગતા, નીડરતા, નિર્વિકલ્પતા, કરુણા, પ્રેમ તથા નિર અહંકાર દશાનાં જ્ઞાતા-દ્રષ્ટા થવું તેનું નામ સત્સંગ. દાદાને જોયા કરવા એ જ મોટામાં મોટો સત્સંગ છે. માયા દૂર ખસી ત્યાં સત્સંગ છે. આપણું સુખ બીજાને આપવાનું મન થાય એ સત્સંગ. સત્‌પુરુષ, સંત પુરુષ અને જ્ઞાની પુરુષનો સંગ એટલે સત્સંગ કહેવાય. સત્સંગ એટલે શુદ્ધાત્માના રીલેટિવનો સંગ. સત્ આત્મા છે અને એને રક્ષણ કરનારા જ્ઞાન વાક્યો જોડે સંગ તે સત્સંગ. સત્સંગ એટલે અંદર શાંતિ વધે, અંદર બધું રૂપકમાં આવે તે. સત્સંગ એ એવી ચીજ છે કે જ્યાંથી ટુકડો કાપો ત્યાંથી ગળ્યો જ લાગે.

પ્ર. ૧૭૭ સાચો સત્સંગ કોને કહેવાય ?

ઉ. ૧૭૭ બધાને પ્રિય થઈ પડે અને આકર્ષક થઈ પડે તે સાચો સત્સંગ. નાના બાળકથી માંડીને તે ઘરડા ડોસાને, ભણેલા તથા અભણને બધાને આકર્ષણરૂપ થઈ પડે તે સાચો સત્સંગ. સત્સંગ એટલે દરેક બાબતનાં ખુલાસા. સાચો સત્સંગ એને કહેવાય કે સામાનો આત્મા તે વાત કબૂલ કરે અને તેને આનંદ થાય જ.

પ્ર. ૧૭૮ ખરો સત્સંગ કોને કહેવાય ?

ઉ. ૧૭૮ ખરો સત્સંગ તે અસંગ સત્સંગ. જે સત્સંગ આપણને અસંગ બનાવે તે સાચો ખરો સત્સંગ. તેને પરમ સત્સંગ પણ કહે છે.

પ્ર. ૧૭૯ સત્સંગ શેના માટે છે ?

ઉ. ૧૭૯ આજ્ઞા યથાર્થ સમજવા માટે જ છે. પોતાનું જ્ઞાન સમજાય એટલા માટે સત્સંગ છે. જ્ઞાન સમજાય એટલા માટે સત્સંગ છે. સત્સંગ તો આત્માની પુષ્ટિ છે એ તો વિટામિન કહેવાય. સત્સંગ તો આત્માની ઉપર રહેલા આવરણોને તોડવા માટેનું મોટામાં મોટું નિમિત્ત છે. આ આવરણ તૂટે તો અજવાળું થાય. વીતરાગ વિજ્ઞાન સમજવા માટે સત્સંગ છે.

પ્ર. ૧૮૦ સત્સંગથી શું લાભ ?

ઉ. ૧૮૦ સત્સંગથી જ્ઞાન વધારે પરિણામ પામે, ઝડપથી પરિણામ પામે, અંદરથી મેલ ધોવાય છે, ચિત્ત શુદ્ધિ થાય છે.

પ્ર. ૧૮૧ સત્સંગનો મર્મ શું છે ?

ઉ. ૧૮૧ સ્થિરતા સત્સંગનો મર્મ છે. કોઈપણ વ્યક્તિ ગમે તેવા પ્રશ્નો કરતી હોય, સાંસારિક વાત પૂછતી હોય, પોતાનું દુઃખ દર્દ રડતી હોય ત્યારે કરુણા સભર પ્રેમથી આત્મયોગ સાધી ધીરજથી જાગૃતિપૂર્વક જ્ઞાની પુરુષ આવેલા સંજોગોનો સમતાપૂર્વક વીતરાગ ભાવે, પક્ષપાત રહિત સમભાવે કેવો નિકાલ કરે છે, તે જોવું, જાણવું, અનુભવવું, સમજવું અને તેમાં સ્થિરતા રાખવી તે સત્સંગનો મર્મ છે.

પ્ર. ૧૮૨ સ્વાધ્યાય એટલે શું ?

ઉ. ૧૮૨ બીજાને માટે કંઈપણ નહીં કરતાં પોતાનાં એકલાને માટે જે કરવું એ સ્વાધ્યાય કહેવાય. સ્વાધ્યાય એટલે શાસ્ત્રમાંથી એણે જે જાણવાનું જાણ્યું હતું એને ફરી ફરી જાણવાનું. તમે સ્વાધ્યાય કરો છો એટલે તમારા પોતાનાં માટે કરવાનું છે, પારકા માટે કરું છું એ ભાન ન હોવું જોઈએ.

પ્ર. ૧૮૩ સ્વાધ્યાયના કેટલા પ્રકાર છે ?

ઉ. ૧૮૩ સ્વાધ્યાયના પાંચ પ્રકાર છે.

૧. વાંચના : વાંચના એટલે સૂત્ર તથા અર્થનો અભ્યાસ કરવો તે. ગ્રંથ ભણવો તે.

૨. **પૃચ્છના** : સૂત્ર અથવા અર્થ સબંધી સંદેહ દૂર કરવા માટે બીજા વિશેષ જ્ઞાતાને પૂછવું તે પૃચ્છના કહેવાય.

૩. **પરાવર્તના** : ભણી ગયેલા સૂત્રાદિક વિસરી ન જવાય, માટે તેનું વારંવાર ગણવું, આવૃત્તિ કરવી તે પરાવર્તના કહેવાય છે. ગોખવું મોઢે કરી નાખવું તે પરાવર્તના.

૪. **અનુપ્રેક્ષા** : અનુપ્રેક્ષા એટલે સૂત્રાર્થનો મુખથી ઉચ્ચાર કર્યા વિના મનમાં ધ્યાન કરવું તે. કાયોત્સર્ગમાં અને અસ્વાધ્યાયને દિવસે મુખે પરાવર્તન થઇ શકે નહીં, તે વખતે અનુપ્રેક્ષા વડે જ શ્રુત સ્મૃતિ વગેરે થાય છે.

૫. **ધર્મકથા** : ધર્મકથા એટલે ધર્મની કથા વાર્તાઓ કહેવી અને સૂત્રાર્થની વ્યાખ્યા કરવી તથા પોતે સાંભળવી તે.

પ્ર. ૧૮૪ સ્વાધ્યાય ક્યારે ન કરવો ?

ઉ. ૧૮૪ સાયંકાળની સંધ્યા સમયે, મધ્ય રાત્રે, પ્રભાત કાળે અને મધ્યાહ્ન સમયે સ્વાધ્યાય કરવો નહીં. આમ આ ચાર સમયે સ્વાધ્યાય ન કરવો, એવું શાસ્ત્રકથન છે.

પ્ર. ૧૮૫ સાધુઓએ કયારે સ્વાધ્યાય ન કરવો તે માટે શાસ્ત્રમાં શું જોગવાઇ છે ?

ઉ. ૧૮૫ અઠયાવીશ અસ્વાધ્યાય કાળ કહ્યાં છે તે સમયે સાધુ કે સાધ્વીએ અધ્યયન ન કરાય.

૧ અષાઢ મહિનાનો પડવો
૧ કારતક મહિનાનો પડવો
૧ ફાગણ મહિનાનો પડવો
૧ આસો મહિનાનો પડવો
૧ પ્રભાત કાળે
૧ મધ્યાહ્ન કાળે
૧ સંધ્યા કાળે
૧ મધ્ય રાત્રે
૧૦ અંતરિક્ષ અસ્વાધ્યાય કાળ
૧૦ ઔદારિક અસ્વાધ્યાય કાળ

૨૮

પ્ર. ૧૮૬ અભ્યાસ અને અધ્યાસ એક જ છે?

ઉ. ૧૮૬ અભ્યાસ અને અધ્યાસ એક નથી બંને જુદી વસ્તુ છે. અભ્યાસ એટલે અધ્યયન. વારંવાર એકની એક વસ્તુનું પુનરાવર્તન કરવું તે અભ્યાસ જ્યારે અધ્યાસ એટલે વિપરીતતા. અધ્યાસ એટલે આરોપ કરવો. અધિકઆસ એટલે પોતાની જગ્યા નહીં ત્યાં બેસવું તે. અધ્યાસ એટલે ભ્રાંતિ. દેહ છે તેને આત્મા માને એ અધ્યાસ છે.

પ્ર. ૧૮૭ સાયન્સ કોને કહેવાય?

ઉ. ૧૮૭ સાયન્સ એટલે ભૌતિક વિજ્ઞાન નહીં પરંતુ અધ્યાત્મ વિજ્ઞાન. જયાં કર્તા પદ જ ઉડી જાય એ વિજ્ઞાન કહેવાય. આઉટ ઓફ સ્ટાન્ડર્ડ એટલે વિજ્ઞાન કહેવાય. વિજ્ઞાન એટલે મોક્ષ માર્ગ કહેવાય. પ્રશ્નો બંધ કરે એનું નામ વિજ્ઞાન કહેવાય. કાયમની ચિંતા જાય તેનું નામ વિજ્ઞાન કહેવાય. અહંકાર અને મમતાને ખલાસ કરી નાંખે એનું નામ વિજ્ઞાન કહેવાય. જે આનંદ ઉત્પન્ન કરાવે એ વિજ્ઞાન કહેવાય. જેમાં ધર્મ નાં હોય અને અધર્મેય નાં હોય એનું નામ સાયન્સ કહેવાય. સાયન્સ એટલે પાપ પણ નહીં અને પુણ્ય પણ નહીં. વિજ્ઞાન તેનું નામ કે જે મુક્તિ આપે અને તે ક્રિયાકારી હોય. વિજ્ઞાન એટલે ચેતન હોય તે સ્વયંમ્ કામ કર્યા જ કરે. વિજ્ઞાન એટલે જે જાણવા માત્રથી જ મુક્ત થવાય, કરવાનું કશું જ નહીં. જે જ્ઞાન ક્રિયાકારી હોય તે વિજ્ઞાન કહેવાય. જે સર્વ દુઃખોનો અંત લાવે તે વિજ્ઞાન. વિશાળ જ્ઞાન એ વિજ્ઞાન છે. ચિંતા થવાની જગ્યાએ નિશ્ચિંત રહીં શકે તેનું નામ વિજ્ઞાન. કોઇપણ પરિસ્થિતિમાં માયા મુઝવે નહીં તેનું નામ વિજ્ઞાન. ઉપરથી એટમબોમ્બ પડે તો પણ પેટનું પાણી નાં હાલે તેનું નામ વિજ્ઞાન કહેવાય. વિરોધાભાસ ના થાય તેનું નામ વિજ્ઞાન. ક્યાંય વિરોધાભાસ ના હોય તે વિજ્ઞાન. વિજ્ઞાન એટલે વિશેષ જ્ઞાન. જે જ્ઞાન લોકો જાણતાં નથી તે વિશેષ જ્ઞાન. મતભેદ ના પડે તેનું નામ વિજ્ઞાન. કોઇનુંય ચાલે જ નહીં ભગવાનનાં બાપનાં બાપનુંય ચાલે જ નહીં તેને વિજ્ઞાન કહેવાય. સાયન્સ કોનું નામ કહેવાય તો કે જે અનુભવ જ્ઞાન આપે. જે જ્ઞાનથી મરણનો ભય ના લાગે, મતભેદ ના પડે તેનું નામ વિજ્ઞાન. એલીવેશન અને ડીપ્રેસન થાય નહીં તેનું નામ વિજ્ઞાન. વિજ્ઞાન કોનું નામ કહેવાય કે અવિરોધાભાસ હોય બધા તાળાં મળતા હોય.

૨. **પૃચ્છના** : સૂત્ર અથવા અર્થ સબંધી સંદેહ દૂર કરવા માટે બીજા વિશેષ જ્ઞાતાને પૂછવું તે પૃચ્છના કહેવાય.

૩. **પરાવર્તના** : ભણી ગયેલા સૂત્રાદિક વિસરી ન જવાય, માટે તેનું વારંવાર ગણવું, આવૃત્તિ કરવી તે પરાવર્તના કહેવાય છે. ગોખવું મોઢે કરી નાખવું તે પરાવર્તના.

૪. **અનુપ્રેક્ષા** : અનુપ્રેક્ષા એટલે સૂત્રાર્થનો મુખથી ઉચ્ચાર કર્યા વિના મનમાં ધ્યાન કરવું તે. કાયોત્સર્ગમાં અને અસ્વાધ્યાયને દિવસે મુખે પરાવર્તન થઇ શકે નહીં, તે વખતે અનુપ્રેક્ષા વડે જ શ્રુત સ્મૃતિ વગેરે થાય છે.

૫. **ધર્મકથા** : ધર્મકથા એટલે ધર્મની કથા વાર્તાઓ કહેવી અને સૂત્રાર્થની વ્યાખ્યા કરવી તથા પોતે સાંભળવી તે.

પ્ર. ૧૮૪ સ્વાધ્યાય ક્યારે ન કરવો ?

ઉ. ૧૮૪ સાયંકાળની સંધ્યા સમયે, મધ્ય રાત્રે, પ્રભાત કાળે અને મધ્યાહ્ન સમયે સ્વાધ્યાય કરવો નહીં. આમ આ ચાર સમયે સ્વાધ્યાય ન કરવો, એવું શાસ્ત્રકથન છે.

પ્ર. ૧૮૫ સાધુઓએ કયારે સ્વાધ્યાય ન કરવો તે માટે શાસ્ત્રમાં શું જોગવાઇ છે ?

ઉ. ૧૮૫ અઠયાવીશ અસ્વાધ્યાય કાળ કહ્યાં છે તે સમયે સાધુ કે સાધ્વીએ અધ્યયન ન કરાય.

૧ અષાઢ મહિનાનો પડવો
૧ કારતક મહિનાનો પડવો
૧ ફાગણ મહિનાનો પડવો
૧ આસો મહિનાનો પડવો
૧ પ્રભાત કાળે
૧ મધ્યાહ્ન કાળે
૧ સંધ્યા કાળે
૧ મધ્ય રાત્રે
૧૦ અંતરિક્ષ અસ્વાધ્યાય કાળ
૧૦ ઔદારિક અસ્વાધ્યાય કાળ

પ્ર. ૧૮૬ અભ્યાસ અને અધ્યાસ એક જ છે?

ઉ. ૧૮૬ અભ્યાસ અને અધ્યાસ એક નથી બંને જુદી વસ્તુ છે. અભ્યાસ એટલે અધ્યયન. વારંવાર એકની એક વસ્તુનું પુનરાવર્તન કરવું તે અભ્યાસ જયારે અધ્યાસ એટલે વિપરીતતા. અધ્યાસ એટલે આરોપ કરવો. અધિકઆસ એટલે પોતાની જગ્યા નહીં ત્યાં બેસવું તે. અધ્યાસ એટલે ભ્રાંતિ. દેહ છે તેને આત્મા માને એ અધ્યાસ છે.

પ્ર. ૧૮૭ સાયન્સ કોને કહેવાય?

ઉ. ૧૮૭ સાયન્સ એટલે ભૌતિક વિજ્ઞાન નહીં પરંતુ અધ્યાત્મ વિજ્ઞાન. જયાં કર્તા પદ જ ઉડી જાય એ વિજ્ઞાન કહેવાય. આઉટ ઓફ સ્ટાન્ડર્ડ એટલે વિજ્ઞાન કહેવાય. વિજ્ઞાન એટલે મોક્ષ માર્ગ કહેવાય. પ્રશ્નો બંધ કરે એનું નામ વિજ્ઞાન કહેવાય. કાયમની ચિંતા જાય તેનું નામ વિજ્ઞાન કહેવાય. અહંકાર અને મમતાને ખલાસ કરી નાંખે એનું નામ વિજ્ઞાન કહેવાય. જે આનંદ ઉત્પન્ન કરાવે એ વિજ્ઞાન કહેવાય. જેમાં ધર્મ નાં હોય અને અધર્મેય નાં હોય એનું નામ સાયન્સ કહેવાય. સાયન્સ એટલે પાપ પણ નહીં અને પુણ્ય પણ નહીં. વિજ્ઞાન તેનું નામ કે જે મુક્તિ આપે અને તે ક્રિયાકારી હોય. વિજ્ઞાન એટલે ચેતન હોય તે સ્વયંમ્ કામ કર્યા જ કરે. વિજ્ઞાન એટલે જે જાણવા માત્રથી જ મુક્ત થવાય, કરવાનું કશું જ નહીં. જે જ્ઞાન ક્રિયાકારી હોય તે વિજ્ઞાન કહેવાય. જે સર્વ દુઃખોનો અંત લાવે તે વિજ્ઞાન. વિશાળ જ્ઞાન એ વિજ્ઞાન છે. ચિંતા થવાની જગ્યાએ નિશ્ચિંત રહીં શકે તેનું નામ વિજ્ઞાન. કોઇપણ પરિસ્થિતિમાં માયા મુઝવે નહીં તેનું નામ વિજ્ઞાન. ઉપરથી એટમબોમ્બ પડે તો પણ પેટનું પાણી નાં હાલે તેનું નામ વિજ્ઞાન કહેવાય. વિરોધાભાસ ના થાય તેનું નામ વિજ્ઞાન. ક્યાંય વિરોધાભાસ ના હોય તે વિજ્ઞાન. વિજ્ઞાન એટલે વિશેષ જ્ઞાન. જે જ્ઞાન લોકો જાણતાં નથી તે વિશેષ જ્ઞાન. મતભેદ ના પડે તેનું નામ વિજ્ઞાન. કોઇનુંય ચાલે જ નહીં ભગવાનનાં બાપનાં બાપનુંય ચાલે જ નહીં તેને વિજ્ઞાન કહેવાય. સાયન્સ કોનું નામ કહેવાય તો કે જે અનુભવ જ્ઞાન આપે. જે જ્ઞાનથી મરણનો ભય ના લાગે, મતભેદ ના પડે તેનું નામ વિજ્ઞાન. એલીવેશન અને ડીપ્રેસન થાય નહીં તેનું નામ વિજ્ઞાન. વિજ્ઞાન કોનું નામ કહેવાય કે અવિરોધાભાસ હોય બધા તાળાં મળતા હોય.

પ્ર. ૧૮૮ શું વિરોધાભાસ કહેવાય?

ઉ. ૧૮૮ પરમ સત્ય જાણવાની તમન્ના અને મતાગ્રહ એ બેઉ વિરોધાભાસ છે.

પ્ર. ૧૮૯ વિજ્ઞાનનું ફળ શું ?

ઉ. ૧૮૯ વિજ્ઞાનનું ફળ જાગૃતિ છે.

પ્ર. ૧૯૦ પર્સનાલિટી ક્યારે આવે?

ઉ. ૧૯૦ વિજ્ઞાન જાણીએ ત્યારે પર્સનાલિટી આવે. આ જગતમાં જે ભૂલી જવાય છે એ જ્ઞાન છે અને ક્યારેય પણ ન ભુલાય એ વિજ્ઞાન છે.

પ્ર. ૧૯૧ પ્રયોગ એટલે શું ?

ઉ. ૧૯૧ જેમાં બધી વસ્તુઓ ભેગી કરવી પડે અગર ભેગી થયેલી વસ્તુઓ હોય તેને છૂટી પાડવી તેનું નામ પ્રયોગ.

પ્ર. ૧૯૨ સાયન્ટીસ્ટ કોને કહેવાય ?

ઉ. ૧૯૨ જે નવું જાણવાનું હોય તેમાં ચિત્ત પેઠા પછી છ મહિના સુધી તેની પત્ની કે ઘર કશાયમાં તેનું ચિત્ત પેસે નહીં તે સાયન્ટીસ્ટ કહેવાય.

પ્ર. ૧૯૩ વીતરાગ વિજ્ઞાન કોને કહેવાય ?

ઉ. ૧૯૩ હોમ અને ફોરેન બન્ને સંપૂર્ણ છૂટા રહે એ વીતરાગ વિજ્ઞાન કહેવાય. હિતા-હિતનું ભાન રખાવે એ વીતરાગ વિજ્ઞાન કહેવાય. કોઈપણ પ્રકારનું દુઃખ જ ના હોય તે વીતરાગ વિજ્ઞાન. વીતરાગોનો એક અક્ષર જો સમજે તો દુઃખ જ ના રહે. વીતરાગ વિજ્ઞાન નિરાગ્રહીઓનું બોલેલું છે અને નિરાગ્રહી બનાવવા માટેનું એ વિજ્ઞાન છે. વીતરાગ વિજ્ઞાન પ્રત્યક્ષ જ્ઞાની સિવાય કામ લાગે તેવું નથી.

પ્ર. ૧૯૪ હિન્દુસ્તાનમાંથી વિજ્ઞાન કેમ જતું રહ્યું ?

ઉ. ૧૯૪ રાવણ વિદ્યાધર હતો, તેનાં પૂતળા લોકો બાળે છે તેથી હિન્દુસ્તાનથી બધું વિજ્ઞાન જતું રહ્યું.

પ્ર. ૧૯૫ દુનિયામાં બે જાતના કયા વિજ્ઞાન છે ?

ઉ. ૧૯૫ દુનિયામાં બે જાતના જ વિજ્ઞાન છે એક આંતરિક વિજ્ઞાન અને બીજું બાહ્ય વિજ્ઞાન. હિન્દુસ્તાનનાં લોકો આંતરવિજ્ઞાન સમજવાને લાયક છે કારણ કે તે પુર્નજન્મને સમજે છે. પરદેશનાં લોકો બાહ્ય વિજ્ઞાનવાળા ભૌતિક સુખ સમૃદ્ધિ વધારવાના સાધનો શોધે છે. પરંતુ હવે હિન્દુસ્તાનનો આંતર વિજ્ઞાનનો પડદો બંધ થતો જાય છે.

પ્ર. ૧૯૬ ભેદ વિજ્ઞાન એટલે શું ?

ઉ. ૧૯૬ જગતના તમામ શાસ્ત્રો કરતાં મોટામાં મોટું વિજ્ઞાન એ ભેદ વિજ્ઞાન છે.

પ્ર. ૧૯૭ વીતરાગ વિજ્ઞાનને સમજવાને પાત્ર થયો ક્યારે કહેવાય ?

ઉ. ૧૯૭ ગમે તેટલો વૈભવ હોય પણ એક ક્ષણવાર બંધન ન ગમે ત્યારે તે વીતરાગ વિજ્ઞાન સમજવાને પાત્ર થયો કહેવાય.

પ્ર. ૧૯૮ સિદ્ધાંત એટલે શું ?

ઉ. ૧૯૮ સિદ્ધાંત એટલે એવરીવ્હેર એપ્લીકેબલ. બીજું હોય નહીં એનું નામ સિદ્ધાંત. જ્ઞાનયોગ એ સિદ્ધાંત છે. રાઈટ બીલિફથી જ અવિરોધાભાસ ઉત્પન્ન થાય અને અવિરોધાભાસને જ સિદ્ધાંત કહેવાય. કાયમને માટે જે ત્રિકાળ સિદ્ધ હોય એનું નામ સિદ્ધાંત કહેવાય. સિદ્ધાંત કોને કહેવાય કે જે કોઈ કાળે અસિદ્ધાંતપણાને ના પામે. જ્યાં સુધી સ્પષ્ટ વેદન થાય નહીં ત્યાં સુધી સિદ્ધાંત પ્રાપ્ત થાય નહીં. વાદ ઉપર વિવાદ ના હોય તે સિદ્ધાંત કહેવાય.

પ્ર. ૧૯૯ સિદ્ધાંતબોધ એટલે શું ?

ઉ. ૧૯૯ સિદ્ધાંતબોધ એટલે જીવાજીવ પદાર્થનું વિશેષપણે કથન.

પ્ર. ૨૦૦ જૈન દર્શનમાં સિદ્ધાંત કોને કહેવાય છે ?

ઉ. ૨૦૦ જૈન દર્શનમાં ગણધરોએ લખેલ આગમોને સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે અને તેમાંય ખાસ કરીને સ્થાનકવાસી મત મુજબ બત્રીસ આગમોને સિદ્ધાંત તરીકે માનવામાં આવે છે.

ૐ

પર્વ વીસમું
હિંસા-અહિંસા

પ્ર. ૧ હિંસા કોને કહેવાય ?

ઉ. ૧ પોતાની વાતનું રક્ષણ કરવું તે જ મોટામાં મોટી હિંસા છે. પોતાની વાત સાચી જ છે તેવું ઠસાવવા જાય તે જ હિંસા. કોઈનેય માટે એક શબ્દ પણ અવળો બોલ્યા તો તે હિંસા છે. પોતે કર્તા થયો કે હિંસા ચોંટી. જાગૃતિ સંસાર માટે વપરાઈ તે બધી જ હિંસા છે. બુદ્ધિનો ડખો એ હિંસા કહેવાય. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ મોટામાં મોટી હિંસા છે.

પ્ર. ૨ આ જગતમાં મોટામાં મોટી હિંસા કઈ ?

ઉ. ૨ કષાય કરવાં તે મોટામાં મોટી હિંસા. ક્રોધ, માન, માયા, લોભ એ મોટામાં મોટી હિંસા છે તથા પોતાની વાતનું રક્ષણ કરવું તે જ મોટામાં મોટી હિંસા છે.

પ્ર. ૩ શાસ્ત્રની પરિભાષામાં હિંસા કોને કહે છે ? તેના કેટલા ભેદ છે ?

ઉ. ૩ પ્રમાદ, વશ કે કષાય વશ પોતાના કે પરના પ્રાણનો ઘાત કરવો તે હિંસા છે. પ્રમાદથી સામાના પ્રાણનો ત્યાગ કરાવવો તેનું નામ હિંસા. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શને જણાવનાર પાંચ ઈન્દ્રિયો, મન, વચન, કાયા એ ત્રણેનું બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એમ દસ પ્રાણ કહેવાય છે. આ દસ પ્રાણમાંથી જે જીવને જેટલા પ્રાણ હોય તે પ્રાણીનો પ્રાણથી વિયોગ કરાવવો તેનું નામ હિંસા, કોઈપણ જીવને કિંચિત્માત્ર પણ દુઃખ પહોંચાડવું તેનું નામ હિંસા.

હિંસાના ચાર ભેદ છે.

૧. સંકલ્પી હિંસા ૨. ઉદ્યમી હિંસા ૩. આરંભી હિંસા અને ૪. વિરોધી હિંસા.

૧. **સંકલ્પી હિંસા :** ઈરાદાપૂર્વક કોઈ જીવનો ઘાત કરવો તે સંકલ્પી હિંસા છે.

૨. **ઉદ્યમી હિંસા :** સાવધાની પૂર્વક વ્યાપાર કરતાં છતાં પણ જે હિંસા થાય તેને ઉદ્યમી હિંસા કહે છે.

૩. **આરંભી હિંસા :** રસોઈ વગેરે ઘરના કાર્યો સાવધાનીથી પૂરેપૂરી કાળજીપૂર્વક કર્યા છતાં પણ જે હિંસા થઈ જાય છે તે આરંભી હિંસા કહેવાય છે.

૪. **વિરોધી હિંસા :** કોઈ આક્રમણકારી મનુષ્ય અથવા જાનવર દ્વારા ધન, સ્વજન, શીલ આદિના નાશ પ્રસંગે રક્ષણ અર્થે તેની સાથે પ્રતિ-આક્રમણ કરવામાં જે હિંસા થઈ જાય તેને વિરોધી હિંસા કહે છે.

પ્ર. ૪ ભાવ હિંસા એટલે શું ? ભાવ હિંસા ન થાય તેનો ઉપાય શું ?

ઉ. ૪ મારે કોઈપણ જીવને મારવો છે એવો ભાવ થવો અને કોઈપણ જીવને મારે દુઃખ દેવું છે એવો ભાવ ઉત્પન્ન થવો તે ભાવ હિંસા છે. ક્રોધ, માન, માયા, લોભ એ ભાવ હિંસા છે. કષાય તથા આર્તધ્યાન એ ભાવહિંસા છે. વીતરાગ ભગવંતોએ આત્મહિંસાને જ ભાવ હિંસા કહી છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ ભયંકર આત્મહિંસા છે. આત્મભાવનું મરણ એ મોટી ભાવહિંસા છે. કઢાપો અને અજંપો એ રૌદ્રધ્યાન અને આર્તધ્યાન છે. ''પ્રાપ્ત મન, વચન, કાયાથી આ જગતના કોઈપણ જીવને કિંચિત્માત્ર પણ દુઃખ ન હો, ન હો, ન હો,'' આ પ્રકારની નિરંતર ભાવના કર્યા કરવી એ જ ભાવ હિંસા ન થાય તેનો સરળ ઉપાય છે. પૂજ્ય દાદા ભગવાન પાસે મારાથી ભાવ હિંસા ન થાય તે માટે શક્તિ માંગવી તે પણ ભાવ હિંસામાંથી બચવાનો સરળ ઉપાય છે.

પ્ર. ૫ ભાવહિંસા અને દ્રવ્ય હિંસા સમજાવો ?

ઉ. ૫ જે રાગ-દ્વેષથી ક્રોધ, માન, માયા, લોભાદિથી અથવા પ્રમાદભાવથી આત્માનાં શુદ્ધ શાંત ભાવનો ઘાત થાય છે તે ભાવોને ભાવહિંસા કહે છે પછી જ્યારે ક્રોધવશ કોઈને મારે પીટે છે અથવા હાનિ પહોંચાડે છે ત્યારે દ્રવ્ય હિંસા થાય છે. ભાવહિંસા દ્રવ્યહિંસાનું કારણ છે.

પ્ર. ૬ અહિંસા એટલે શું ?

ઉ. ૬ આ વર્લ્ડ (દુનિયાને) જેમ છે તેમ જાણવું ત્યારથી સાચી અહિંસાની શરૂઆત થાય છે. તમને કોઈ ગાળ ભાંડે છતાં તમારું સ્હેજ પણ મન ના બગડે તેનું નામ અહિંસા. નાસી જવું તેનું નામ અહિંસા નહીં, પણ આપણે સામાને મારવું નથી પણ આપણને જોઈને જ સામો ધ્રુજી જાય તેનું નામ

અહિંસા. રાગ-દ્વેષનો અભાવ થવો એ અહિંસા. અહિંસા તો તેને કહેવાય કે પૂરી શક્તિ હોવા છતાં સામાને કંઈ જ ના કરે તે. અહિંસા એટલે કોઈના માટે ખરાબ વિચાર પણ ના આવે એનું નામ અહિંસા કહેવાય. દુશ્મન માટે પણ ખરાબ વિચાર ના આવે, દુશ્મનને માટે પણ કેમ એનું કલ્યાણ થાય એવાં વિચારો આવે એ અહિંસા કહેવાય. અહિંસાનાં હેતુ માટે હિંસા એ જ અહિંસા. મન, વચન, કાયાનું માલિકીપણું છૂટી જવું એ અહિંસા છે. હિંસા નામેય ના હોવી જોઈએ. બધા જીવમાત્રમાં પરમાત્મા બિરાજમાન જ છે, કોની હિંસા કરશો અને કોને દુઃખ દેશો ?

પ્ર. ૭ અહિંસા કેટલા પ્રકારની છે ?

ઉ. ૭ અહિંસા બે પ્રકારની છે

૧. **દ્રવ્ય અહિંસા :** નાના નાના જીવજંતુઓ બચાવવા, મોટા પ્રાણીઓ બચાવવા તેમજ કોઈપણ પ્રકારના ત્રસ જીવોને દુઃખ ન પહોંચાડવું એ દ્રવ્ય અહિંસા છે. અને તે પૂર્વ જન્મોના ઉદયકર્માધીન છે.

૨. **ભાવ અહિંસા :** પ્રાપ્ત મન, વચન, કાયાથી આ જગતના કોઈપણ જીવને કિંચિત્ માત્ર પણ દુઃખ ન હો ન હો, ન હો તેવો અંતરભાવ રહ્યાં કરવો એ ભાવ અહિંસા.

પ્ર. ૮ અહિંસા શું છે ?

ઉ. ૮ અહિંસા પરમ ધર્મ છે. અહિંસા તો બહુ ઊંચી વસ્તુ છે. અહિંસામાં અબ્રહ્મચર્ય ના હોય, અહિંસામાં પરિગ્રહ ના હોય, અહિંસામાં અસત્ય ના હોય, અહિંસામાં ચોરી પણ ના હોય. અહિંસા મહાવ્રતમાં દરેક વ્રત સમાઈ જાય છે. અહિંસા તો કોનું નામ કહેવાય કે પૂરી શક્તિ હોય છતાં એને કોઈ કશું કરે તોય એ સામું કશું જ કરે નહીં. અહિંસાના સામ્રાજ્ય વગર કોઈ દહાડોય કેવળ જ્ઞાન થાય નહીં. અહિંસા વગર સંપૂર્ણ જાગૃતિ આવશે નહી. આપણામાં ઊંચામાં ઊંચી અહિંસા હોય તો વાઘ એનો હિંસક ભાવ ભૂલી જાય. અહિંસા એ જ અધ્યાત્મની ઉન્નતિ છે. અહિંસા એટલે મન, વચન, કાયાથી કોઈપણ જીવને કિંચિત્ માત્ર દુઃખ ન થાય એ.

પ્ર. ૯ અહિંસક ભાવ એટલે શું ?

ઉ. ૯ અહિંસક ભાવ એટલે હું કોઈને નહીં મારું એવો ભાવ એનુ નામ અહિંસા. અહિંસા માટે જીવન ખર્ચી નાખવું એનું નામ અહિંસક ભાવ કહેવાય.

પ્ર. ૧૦ અહિંસક કોને કહેવાય ?

ઉ. ૧૦ નિર્બળ લોકોનું રક્ષણ કરવા માટે જે તલવાર રાખે છે તે અહિંસક છે. જે જાગૃત છે તે અહિંસક છે. આ શરીર મારું નથી તેમ માને છે તે હિંસાના સાગરમાં અહિંસક છે. લાખ મુસલમાન પાછળ પડે તોય તે સ્થિર ઊભો રહે એક ડગલુય પણ પાછળ ન ભરે તે અહિંસક કહેવાય.

પ્ર. ૧૧ હિંસાના સાગરમાં અહિંસક ક્યારે થવાય ?

ઉ. ૧૧ આપેલા જ્ઞાનની બોધકળા ઉત્પન્ન થશે ત્યારે તમે હિંસાના સાગરમાં અહિંસક રહી શકશો.

પ્ર. ૧૨ અહિંસા પાળવાના ઉપાય શો ?

ઉ. ૧૨ ૧. જે જીવ આપણાથી ત્રાસ પામે તેને દુઃખ નહીં આપવું. બે ઈન્દ્રીયથી માંડીને પંચેન્દ્રિય જીવોનું નામ ના દેવાય.

૨. સૂર્યનારાયણ દેવ આથમ્યા પછી જમવાનું નહીં.

૩. જીભ ઉપર કન્ટ્રોલ રાખવો. તમને કોઈ ગાળ દે તો દુઃખ થાય ને એવી રીતે તમે કોઈને કહો તો તેને દુઃખ થાય તે હિંસા જ છે.

૪. મનમાં ખરાબ વિચાર નાં કરવાં. કોઈનું મફતનું પડાવી લેવાના વિચાર ના કરવા.

૫. પૈસા ભેગા કરવાનાં વિચાર નાં કરવાં. જે તારા હિસાબમાં છે તેટલા આવી જ મળવાના છે.

૬. માંસાહાર, માછલી, ઈંડાં, બટાકા, ડુંગળી, લસણ આ ચીજો નાં ખાવી. કંદમૂળ ના ખાવા.

પ્ર. ૧૩ અહિંસા વ્રતની પાંચ ભાવનાઓ કઈ કઈ છે ?

ઉ. ૧૩ અહિંસા વ્રતની પાંચ ભાવનાઓ નીચે મુજબ છે.

૧. **મનોગુપ્તિ :** મન દ્વારા ક્યારેય કોઈ વસ્તુ કે વ્યક્તિ માટે ખરાબ વિચાર ન કરવા કે તે વિચારમાં તન્મયાકાર ન થવું તે મનોગુપ્તિ કહેવાય. વિચારો જ્ઞેય છે અને હું જ્ઞાતા છું તે જાગૃતિ રાખવી તેને મનોગુપ્તિ કહેવાય. ખરાબ વિચારોનું પ્રતિક્રમણ કરવું તે પણ મનોગુપ્તિ છે.

૨. **વચનગુપ્તિ :** હિત, મિત, પ્રિય અને સત્ય આ ચાર ગુણાકાર વાળી વાણી બોલવવી. વાણી ઉપર કન્ટ્રોલ રાખવો તે વચનગુપ્તિ છે.

૩. **ઈર્યાસમિતિ :** જમીન ઉપર જોઈને ચાલવું ઝીણા જીવજંતુ આપણા પગ નીચે કચરાઈ ના જાય તે હેતુથી સાચવીને સંભાળીને અને જોઈને ચાલવું તેને ઈર્યાસમિતિ કહેવાય.

૪. **આદાન નિક્ષેપણ :** કોઈપણ ચીજવસ્તુ આપતાં લેતાં મુકતા ધ્યાન રાખવું કોઈ જીવની હિંસા ના થાય તેનું ધ્યાન રાખવું તેને આદાન નિક્ષેપણ કહેવાય.

૫. **આલોકિત પાન ભોજન :** સૂર્યનારાયણની હાજરીમાં જોઈને ખાવું-પીવું એ આલોકિત પાન ભોજન કહેવાય.

પ્ર. ૧૪ આરંભી હિંસા એટલે શું ? તેના ત્રણ ભેદ કયા કયા ?

ઉ. ૧૪ આરંભી હિંસા તે છે કે જે ગૃહસ્થીને આવશ્યક સંસારી કાર્યોમાં કરવી પડે છે ત્યાં હિંસા કરવાનો સંકલ્પ હોતો નથી. તેના ત્રણ ભેદ છે.

૧. **ઉદ્યમી હિંસા :** જે આજીવિકા-સાધનના હેતુ માટે શસ્ત્રકર્મ, લેખન, ખેતી, વાણિજ્ય, શિલ્પકર્મ, કળા-સંગીત એ છ પ્રકારના કામો કરતા થાય છે તે ઉદ્યમી હિંસા છે.

૨. **ગૃહારંભી હિંસા :** જે ઘરમાં આહાર, પાન, તૈયાર કરવામાં તથા મકાન, બાગ, કુવા ખોદવામાં કે ખોદાવવામાં આદિમાં થાય છે તેને ગૃહારંભી હિંસા કહેવાય છે.

૩. **વિરોધી હિંસા :** દુષ્ટો દ્વારા અથવા શત્રુ દ્વારા આક્રમણ કરવામાં આવે ત્યારે પોતાની અને પોતાના કુટુંબની, માલ-સામાનની, કે દેશની રક્ષા કરવા માટે પ્રતિપક્ષી હુમલો કરવા દ્વારા જે હિંસા થાય છે તે વિરોધી હિંસા કહેવાય છે.

પ્ર. ૧૫ હિંસા સંબંધી ચાર ભાંગા કયા કયા છે ?

ઉ. ૧૫ (૧) દ્રવ્યથી હિંસા, ભાવથી નહિ
(૨) ભાવથી હિંસા, દ્રવ્યથી નહિ
(૩) દ્રવ્યથી પણ નહિ અને ભાવથી પણ નહિ
(૪) દ્રવ્યથી પણ હિંસા અને ભાવથી પણ હિંસા

ૐ

પર્વ એકવીસમું
જ્ઞાન, જ્ઞાની

પ્ર. ૧ જ્ઞાન એટલે શું ? જ્ઞાન કોને કહેવાય ?

ઉ. ૧ સર્વ વ્યૂ પોઈન્ટથી જોવું તેનું નામ જ્ઞાન. મનની અવસ્થાઓ અનંત ગુણી અનંત છે તેમા સ્વસ્થતા રહે તેનું નામ જ્ઞાન. ગૂંચ ઉકેલવી તેનું નામ જ્ઞાન નથી પરંતુ ગૂંચ આવતા પહેલાં ફેકચર થાય તેનું નામ જ્ઞાન. સર્વે ગૂંચોનો કાયમી ઉકેલ તેનું નામ જ્ઞાન. જે જ્ઞાન બેલેન્સ ઓફ માઈન્ડ રખાવે તે સાચું જ્ઞાન. કેફ ન ચઢે તેનું નામ જ્ઞાન. દ્વન્દ્વો વધે નહીં તેનું નામ જ્ઞાન. જે જાણવાથી ચિંતા જાય તેનું નામ જ્ઞાન. સર્વ રીતે સર્વ અવસ્થામાં સમાધાન કરાવે તેજ જ્ઞાન. જેનાથી અહંકાર ઓછો થાય તેનું નામ જ્ઞાન. સાચું જ્ઞાન તો એનું નામ કહેવાય કે સામા ઉપર ક્યારેય પણ એટેક ના કરે. જે સર્વ દુઃખમાંથી મુક્તિ અપાવે તેનું નામ જ્ઞાન. જ્ઞાન એનું નામ કે મોહ જ ઉત્પન્ન ન થાય. જે જ્ઞાન સર્વ જાતના કેફ ઉતારે તેનું નામ જ્ઞાન. જ્ઞાન તો એનું નામ કહેવાય કે કષાયને ઊભા જ થવા ના દે. ફાંસી ઉપર ચઢે ત્યારે ચઢાવનાર માણસોને મહીં ઉપાધિ થાય અને ચઢનાર પરમાનંદમાં હોય તે જ્ઞાન. વિષયોનાં મહાસાગરમાં રહેવાં છતાં વિષયો તરફ ચિત્ત ન જાય તેનું નામ જ્ઞાન, અથાત્ વિષયોના સમુદ્રમાં નિર્વિષયી રહે તેનું નામ જ્ઞાન. અનિષ્ટ સંજોગોમાં અને ઈષ્ટ સંયોગોમાં સમતા રહે તેનું નામ જ્ઞાન. સીધાં જ ચૈતન્યના દર્શન કરવા તે જ્ઞાન. કોઈપણ સ્થિતિમાં પેટનું પાણી ના હાલે તેનું નામ જ્ઞાન. ઉદયમાં એકાકાર ના થવું તેનું નામ જ્ઞાન. વિષમ પરિસ્થિતિમાં સમતા રહે એનું નામ જ્ઞાન. ભયથી મુક્તિ અપાવે તેનું નામ જ્ઞાન. એક ક્ષણ પણ આત્મા ના ભુલાય એનું નામ જ્ઞાન. સર્વે અવસ્થામાં નિઃશંક સમાધાન રહે તેનું નામ જ્ઞાન. શંકા કે વિકલ્પનું જરાય કારણ ના રહે અને પરમ શાંતિ પ્રવર્તાવે તેનું નામ જ્ઞાન. સંસારમાં રહે છોકરા પરણાવે, છોકરીઓ પરણાવે, ધંધા કરે પણ માયા અડે નહીં અને ચિંતા થાય નહીં એનું નામ જ્ઞાન. ટાઈમે હાજર થાય એનું નામ જ્ઞાન. પોતે કોણ છે અને કોણ નથી એ જાણવું એનું નામ જ્ઞાન. દેહ હોવા છતાં નિરાલંબ

બનાવે એનું નામ જ્ઞાન. જે જ્ઞાન જગત વિસ્મૃત કરાવે તે સાચું જ્ઞાન કહેવાય. જે જ્ઞાન કોઈને ગૂંચવે નહીં એનું નામ જ્ઞાન કહેવાય. જ્ઞાન એટલે આર-પાર જેમ છે તેમ દેખાવું તે. અજ્ઞાનમાં પેસવા ના દે એનું નામ જ્ઞાન. જે ક્યારેય પણ ચેકો ના મારવો પડે તેનું નામ જ્ઞાન. જ્ઞાન તેનું નામ કે વિરાધક ભાવ ના થવો જોઈએ, ગમે તે સ્થિતિમાં, ગમે તે સંજોગોમાં, ગમે તે કામમાં જે હંમેશા નિરંતર સમાધાન રાખે એનું નામ જ્ઞાન. જે જ્ઞાન ક્રિયાકારી હોય તે જ્ઞાન કહેવાય. મહીંથી પ્રશ્ન જ ઊભો ના થાય એ જ્ઞાન. વાદ ઉપર વિવાદ કરવાનું મન જ ના થાય એ સાચું જ્ઞાન. પોતાની ભૂલો દેખાય એનું નામ જ જ્ઞાન. જે સંપૂર્ણ નિઃશંક બનાવે તે જ્ઞાન. જે જે કંઈપણ ટેમ્પરરી છે, સંયોગ વિયોગ છે તે મારું ન હોય તેવું જે જાણે તે જ્ઞાન. વ્યવહારમાં સંપૂર્ણ સમાધાન રહે તે જ્ઞાન. સંસારના સર્વ દુઃખોને મટાડે તે જ્ઞાન. કિંચિત્માત્ર પણ ક્યારેય મુંઝવણ ના થાય એનુ નામ જ્ઞાન. મનનું યથાર્થ સમાધાન તેનુ નામ જ્ઞાન. ઉપાધિમાં સમાધિ રાખે એ સાચું જ્ઞાન. આત્મા રમાડે એનું નામ જ્ઞાન. બધી જ રીતે તાળો મળવો જોઈએ અને વિરોધાભાસ ઉત્પન્ન ના થાય તેનું નામ જ્ઞાન. મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકાર પોત પોતાનાં ધર્મમાં આવી જાય તેનું નામ જ્ઞાન. જ્ઞેય અને જ્ઞાતા એકાકાર ના થાય એનું નામ જ્ઞાન. જ્ઞાન તો તેનું નામ કે જે છલકાય નહીં. જે જ્ઞાનથી સર્વસ્વ ક્લેશ જાય તે જ્ઞાન. જે જ્ઞાનથી બંધ તૂટી જાય તે જ્ઞાન. આ દુનિયામાં હમેશાં સેફ-સાઈડ રહેવાય તેનું નામ જ્ઞાન. આધિ, વ્યાધિ, ઉપાધિના ત્રણેય દુ.ખમાં સમાધિ રહે તે સાચું જ્ઞાન. જે જાણ્યા પછી કશું જ જાણવાનું બાકી ના રહે તેનું નામ જ્ઞાન. પોતાનાં દોષ દેખાય તેનું નામ જ્ઞાન. જે જ્ઞાન ક્રિયામાં આવે તે જ્ઞાન. કનિષ્ઠ સંસારીથી માંડીને તે સાધુ સુધીના બધાં જ, બાળકથી માંડીને તે વૃદ્ધ સુધીના બધાં જ માણસને આકર્ષક થઈ પડે તે સાચુ જ્ઞાન. જ્ઞાન તો તેનું નામ કે ક્રિયાકારી હોય. પાંચ આજ્ઞા એ જ જ્ઞાન છે.

પ્ર. ૨ છેલ્લુ જ્ઞાન કયું ?

ઉ. ૨ પ્રશ્નોતરી રૂપે જ્ઞાન એનું નામ છેલ્લું જ્ઞાન અને બીજા બધાં વ્યાખ્યાનો, આખ્યાનો, પ્રવચનો એ તો બધાં વચલા સ્ટેશનો કહેવાય.

પ્ર. ૩ જ્ઞાનની માતા કોણ ?

ઉ. ૩ જ્ઞાનની માતા સમજ. એ સમજ જ્ઞાની પાસે સમજો. ખાલી સમજ જ જ્ઞાનમાં પરિણામ પામશે. પૂર્ણ સમજ એ કેવળદર્શન છે અને વર્તનમાં આવે એ કેવળજ્ઞાન છે. ''સમજ'' એ કેવળજ્ઞાનની બીગીનીંગ છે. પરમ વિનયથી ''સમજ'' ના દ્વાર ખૂલી જાય છે. અહંકાર ઓગળે તો જ પરમ વિનય ઉત્પન્ન થાય.

પ્ર. ૪ જ્ઞાન શેના વિના ટકે નહીં ?

ઉ. ૪ પરમ વિનય વગર જ્ઞાન ટકે તેમ નથી.

પ્ર. ૫ જ્ઞાનનું પહેલું પગથિયું શું છે ?

ઉ. ૫ શ્રદ્ધા એ જ્ઞાનનું પહેલુ પગથિયું છે. શ્રદ્ધાની પ્રતીતિ ઉપર ઊભું રહે તે જ્ઞાન. શ્રદ્ધા નથી તો જ્ઞાન નથી.

પ્ર. ૬ જ્ઞાનને કોણ ધારણ કરે છે ?

ઉ. ૬ પ્રજ્ઞાશક્તિ જ્ઞાનને ધારણ કરે છે. આત્માને કશી લેવા-દેવા નથી.

પ્ર. ૭ જ્ઞાન શું છે ? જ્ઞાનનું સ્વરૂપ શું છે ?

ઉ. ૭ જ્ઞાન પોતે જ આત્મા છે. જ્ઞાનનું સ્વરૂપ આત્મા છે અને આત્માનું સ્વરૂપ જ્ઞાન છે. જ્ઞાન એ જ આત્મા છે. શાસ્ત્રોનું જ્ઞાન એ શ્રુતજ્ઞાન કે સ્મૃતિજ્ઞાન કહેવાય.

પ્ર. ૮ કોને મોટું જ્ઞાન કહેવાય ?

ઉ. ૮ જેને પાપ કરતાં બીક લાગે છે એ મોટું જ્ઞાન કહેવાય.

પ્ર. ૯ જ્ઞાન અને સમજમાં ફેર શું ?

ઉ. ૯ જ્ઞાન એ અપાય એવી ચીજ નથી. સમજ અપાય એવી ચીજ છે. જ્ઞાન જાણીએ ખરા પણ વર્તનમાં ના આવે તે સમજ. સમજ એટલે અનડિસાઈડેડ વાત. સમજ આચરણમાં એટલે કે વર્તનમાં ના આવે જ્યારે જ્ઞાન આચરણ કે વર્તનમાં આવે. ટૂંકમાં જે જ્ઞાન વર્તનમા ન આવે તે સમજ કહેવાય અને સમજ વર્તનમાં આવે તે જ્ઞાન કહેવાય. જ્ઞાની પુરુષ પાસેથી આ સમજ સમજી લેવાથી તે ધીમે-ધીમે જ્ઞાનમાં પરિણમે. સમજ એ જ્ઞાનની માતા છે. સમજ કોનું નામ કહ્યું કે ઠોકર ના વાગે. સમજ એ બીજરૂપે છે અને જ્ઞાન એ વૃક્ષરૂપે છે. સમજ કેવળદર્શન છે. સમજની બીગીનીંગ પોઈન્ટને કેવળદર્શન કહે છે અને એન્ડ પોઈન્ટને કેવળજ્ઞાન કહે છે.

પ્ર. ૧૦ જ્ઞાન એ સમજ નથી પણ પ્રકાશ છે તે અંગે ફોડ પાડો ?

ઉ. ૧૦ પ્રકાશ એટલે બેઠાં-બેઠાં બધું દેખાય અને સમજ એ શ્રદ્ધા છે. સમજ એ દર્શન છે અને જ્ઞાન એ પ્રકાશ છે અને એ પ્રકાશ એ જ આત્મા છે. જ્ઞાન જ આત્મા છે, બીજી કોઈ વસ્તુ આત્મા નથી. કેવળજ્ઞાન કેવળ એટલે કાંઈ પણ બીજું ભેળસેળ નહીં એવું જ્ઞાન, એનું નામ જ પ્રકાશ, એનું નામ જ આત્મા, એ અજોડ છે. ઈન્દ્રિયાતિત છે.

પ્ર. ૧૧ જ્ઞાન પ્રકાશમાં ક્યારે આવે ?

ઉ. ૧૧ જગતમાં જે રીયલ જ્ઞાન છે, યુનિવર્સલ ટૂથ છે તેને બુદ્ધિ પહોંચી શકતી નથી, બુદ્ધિ છેલ્લા થર પાસે અટકી જાય છે. બુદ્ધિનો છેલ્લો થર ઓળંગે તો જ્ઞાન પ્રકાશમાં આવે. મનના બધા લેયર પૂરા થાય ત્યાર પછી બુદ્ધિના થર શરૂ થાય છે અને બુદ્ધિના બધા થર પૂરા થાય ત્યાર પછી જ્ઞાન પ્રકાશમાં આવી જાય.

પ્ર. ૧૨ વેદ અને જ્ઞાન આ બે અલગ શબ્દો કેમ છે ?

ઉ. ૧૨ વેદ એ શબ્દરૂપ જ્ઞાન છે એટલે બુદ્ધિગમ્ય જ્ઞાન છે. વેદ બુદ્ધિજન્ય છે. વેદ એ થિયરેટીકલ છે, ક્રિયાસહિત છે, ત્રિગુણાત્મક છે અને જ્ઞાન ત્રિગુણાત્મક ના હોય, બુદ્ધિજન્ય ના હોય. જ્ઞાન હંમેશા ચેતન હોય. વેદ એ સાધન જ્ઞાન છે, સાધ્યજ્ઞાન નથી માટે વેદ પોતે જાતે બોલે છે કે ''નેતિ નેતિ (નઈતિ નઈતિ) એટલે કે ધીસ ઈઝ નોટ ધેટ, તું જે આત્મા ખોળે છે, તે અહીં હોઈ શકે નહીં કારણકે આત્મા અવર્ણનીય છે, અવક્તવ્ય છે. વેદ એ શબ્દ સ્વરૂપ છે. આત્મા શબ્દમાં હોય નહીં માટે જ્ઞાની પુરુષ પાસે જા કે જ્યાં આત્મા હાથમાં આવી શકે.'' જ્ઞાની એમ કહેશે ''ધીસ ઈઝ ધેટ.'' જ્ઞાન અનુભવગમ્ય છે, પ્રેકટીકલ છે. વેદ બૌદ્ધિક છે. વેદ સંસારનું ડેવલપમેન્ટ કરે. આ વેદ એ મૂળ ઋષભદેવ ભગવાનના જ મુખેથી નીકળેલા છે અને ભરત ચક્રવર્તીના છોકરા મરિચી પાસે લખાવડાવેલા છે. વેદમાં માર્ગદર્શન છે એટલે કે વેદ એક સાધન છે એ સાધ્ય વસ્તુ નથી. જ્ઞાન વેદમાં છે પણ વિજ્ઞાન વેદની બહાર છે. આ જે વેદ છે ને એ ભલે ગમે એમ લોકો નામ દેતા હોય પણ ધર્મની શરૂઆત કરનાર વર્તમાન અવસર્પિણી કાળમાં થયેલા પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના જ મુખેથી નીકળેલા છે. જ્ઞાન તો જ્ઞાનીના હૃદયમાં જ રહેલું હોય છે.

પ્ર. ૧૩ જ્ઞાન ક્યારે પ્રગટ થાય ?

ઉ. ૧૩ પોતાનાં સુખની નહીં પણ સામાની અડચણોની જ જેને પડેલી હોય એ કારુણ્યથી બીજ પડયું અને તેનાંથી જ્ઞાન પ્રગટ થયા વગર રહે જ નહી. વળી જેનું સર્વસ્વપણે યાચકપણું મટી જાય તેને જ્ઞાન અવશ્ય પ્રગટ થાય. સર્વ વિષયોનું ભિખારીપણું મટે ત્યારે જ્ઞાન પ્રગટ થાય. બધાં પ્રકારની ભીખ જાય ત્યારે જ્ઞાન પ્રગટ થાય.અમારું સર્વસ્વપણે યાચકપણું મટયું, કીર્તિની, માનની, લક્ષ્મીની, વિષયોની, શિષ્યોની કે દેરાં બાંધવાની કોઈપણ પ્રકારની ભીખ અમને કિંચિત્માત્ર ના રહી ત્યારે જ આ જ્ઞાન પ્રગટ થયું એમ પૂજય દાદાશ્રી કહેતા હતા.

પ્ર. ૧૪ દાદા ભગવાનને અક્રમ જ્ઞાન ક્યારે પ્રગટ થયેલું ?

ઉ. ૧૪ સોનગઢવાળી ગાડીમાંથી વાળુ કરીને દાદા શ્રી સુરતનાં રેલ્વે સ્ટેશને ઉતર્યા ત્યાં ત્રણ નંબરના પ્લેટફોર્મ ઉપર છેલ્લા બાંકડા ઉપર બેઠાં હતાં સાથે રહેલ શ્રી રણછોડભાઈ વાસણ સાફ કરવા ગયેલ. ત્યાં ઈ.સ. ૧૯૫૮ ની સાલમાં જૂન મહિનો સાંજનો ૬-૪૫નો ટાઈમ અને એકાએક બટનેચરલ આ જ્ઞાન પ્રકાશ ઝળક્યો, આ સ્થિતિ ૭-૪૫ મિનિટ સુધી એટલે એક કલાક રહી હતી. આ ધીટ કાળનું આ અગિયારમું આશ્ચર્ય છે.

પ્ર. ૧૫ અક્રમ જ્ઞાન પ્રગટ થયું ક્યારે કહેવાય ?

ઉ. ૧૫ અક્રમ જ્ઞાન પ્રગટ થયું ત્યારે કહેવાય કે જયારે વીતરાગતા ઉત્પન્ન થાય. વીતરાગતા બુદ્ધિનો અભાવ થાય ત્યારે ઉત્પન્ન થાય. બુદ્ધિ નહીં હોય તો જ મોક્ષ થશે. બુદ્ધિ હશે ત્યાં સુધી સંસારમાં ભટક ભટક કરવાનું પછી ગુરુ રૂપે કે બાવા રૂપે ગમે તે રૂપે ભટકવાનું. બુદ્ધિ ખલાસ થાય ત્યારે આત્મ જ્ઞાન થાય. બુદ્ધિ ખલાસ થાય ત્યારે આ જ્ઞાન પ્રગટ થાય. એક બાજુ બુદ્ધિનું ખલાસ થવું અને બીજીબાજુ આ જ્ઞાનનું પ્રગટ થવું બે સાથે છે. બુદ્ધિનો એક સેન્ટ ના હોય ત્યારે એ મૂળ સ્વરૂપ ઉત્પન્ન થાય.

પ્ર. ૧૬ વીતરાગ દૃષ્ટિએ અક્રમ જ્ઞાન કોને અપાય ?

ઉ. ૧૬ વીતરાગ દૃષ્ટિએ અક્રમ જ્ઞાન ૩૩ ટકા માર્કવાળાને અપાય પણ અત્યારે માઈનસ ત્રણ માર્કવાળાનેય આપવું પડે છે.

૧. કશું જ ભૂલે નહીં તેને

૨. કોઈની સાથે ક્યારેય પણ સહેજપણ મતભેદ ન પડે તેને

૩. કોઈની સાથે ક્યારેય પણ લઢે-વઢે કે ઝઘડે નહીં તેને ઉપરના ત્રણ ગુણ ધરાવતી વ્યક્તિ ખરેખર આ જ્ઞાનને લાયક ગણી શકાય પરંતુ કાળ વિચિત્ર છે એટલે ઋષભદેવ ભગવાનની આજ્ઞા લઈને પૂજય દાદાશ્રીએ માઇનસ ત્રણ માર્કવાળાનેય જ્ઞાન આપ્યું હતું.

પ્ર. ૧૭ અક્રમ જ્ઞાન કોને વહેલું પ્રાપ્ત થાય ?

ઉ. ૧૭ અક્રમ જ્ઞાન ક્રોધીને વહેલું પ્રાપ્ત થાય.

પ્ર. ૧૮ શ્રી દાદા ભગવાનને આ અક્રમ જ્ઞાન આપવાનો સંકેત ક્યાં થયેલ ?

ઉ. ૧૮ ખંભાત પાસે વડવા શ્રીમદ્‌ના આશ્રમમાં ભોંયરામાં શ્રી વૃષભદેવ ભગવાનની મૂર્તિ છે, ત્યાં આ સંકેત મળેલ. શ્રી ઋષભદેવ ભગવાને કહ્યું કે ''૩૩ ટકા તો શું પણ હવે ત્રણ માર્ક માયનસ હોય તો પણ જ્ઞાન આપજે અને મોક્ષે લઈ જજે તને બધી જ છૂટ છે.''

પ્ર. ૧૯ કોના માટે આ અક્રમ જ્ઞાન નથી ?

ઉ. ૧૯ સમાજ કલ્યાણની ભાવનાવાળા માટે આ જ્ઞાન નથી. ગાંડો માણસ ત્રણ ત્રણ -ચાર ચાર મણ ભાર ઊંચકે ડાહ્યાં માણસથી ન ઊંચકાય તેમ આ સમાજ કલ્યાણની ભાવના વાળાને છંછેડશો નહીં તેમને સમાજની સેવા કરવા દેશો. તેમને માટે આ અક્રમ જ્ઞાન નથી.

પ્ર. ૨૦ આપ અક્રમ જ્ઞાન આપો છો ત્યારે એક કલાકમાં તમે સ્વપદમાં બેસાડી દો છો તે શું કહેવાય ?

ઉ. ૨૦ સિદ્ધિ કહેવાય.

પ્ર. ૨૧ આ અક્રમ જ્ઞાન કેવું છે ?

ઉ. ૨૧ પૂજય દાદાશ્રી કહેતા હતા કે ''આ અક્રમ જ્ઞાન તો કેવું છે કે અનંત અવતારનું અંધારુ અગિયાર વર્ષમાં સંપૂર્ણ ખાલી થઈ જાય અને આ તો ખાલી કર્યું ત્યારથી સુખ વર્તે. એક વખત સંસારમાં વીતરાગ થઈ ગયો એટલે સંસાર બિલકુલ વળગે નહીં એવો નિયમ છે. અગિયાર વર્ષમાં વીતરાગતા કેળવી લેવાની આપણે જરાય કાચા ના પડીએ તો આપણું જ્ઞાન જાહોજલાલી અને મઝાથી મોક્ષે લઈ જશે.''

પ્ર. ૨૨ અક્રમ જ્ઞાનની ત્રણ અવસ્થા કઈ ?

ઉ. ૨૨ અક્રમ જ્ઞાન આપે એટલે જિતેન્દ્રિય જિન થાય પછી, જિત મોહ જિન (ચારિત્ર મોહ ખલાસ થાય એટલે) અને છેલ્લે ક્ષીણ મોહ જિન થાય.

પ્ર. ૨૩ અક્રમ જ્ઞાનની સૂક્ષ્મતાં બાબતે સમજાવો ?

ઉ. ૨૩ પૂજ્ય દાદાશ્રી કહેતા કે ''અમે જે જ્ઞાન આપ્યું છે તે વડના પાંદડા ઉપર લખી શકાય એટલું જ આપ્યું છે. તેમાં મહાવીર ભગવાનના પિસ્તાલીસ આગમો સમાઈ જાય છે. એકવીસ આગમ તે આત્મા મન, વચન, કાયાથી જુદો છે એ દેખાડવા લખ્યા. ભગવાન બોલ્યા અને ગણધરોએ લખ્યું એ બધાનો સાર અમે આટલામાં જ કહીએ છીએ, કે ચંદુલાલ એ રીલેટિવ છે ચંદુલાલ બોલે છે તે રીલેટિવ છે. એ પરણ્યો તે બાયડીય રીલેટિવ છે. આટલું જ એકવીસ આગમનો સાર છે. ત્રણ સેકન્ડમાં એકવીસ આગમનો સાર આપું છું અને ચોવીસેય તીર્થંકરોનું જ્ઞાન વડના પાંદડાંમાં આપું છું.''

પ્ર. ૨૪ તમે અક્રમ જ્ઞાન આપો છો ત્યારે શું થાય છે ?

ઉ. ૨૪ અશુદ્ધ ચેતનને શુદ્ધ કરીએ છીએ અને આ અશુદ્ધ ચેતન જે છે તે પાછું મૂળ ચેતન નથી, એ પાવર ચેતન છે એટલે એને અમે શુદ્ધ કરીએ છીએ. એ સંપૂર્ણ શુદ્ધ થાય તો જ બેઉ છૂટા પડી જાય. જ્ઞાન આપીએ છીએ ત્યારે મૂળ ચેતનમાંથી પ્રજ્ઞા નામની શક્તિ જુદી પડે છે જે તમને નિરંતર મોક્ષમાં લઈ જવા ફરે અને બુદ્ધિ તમને આ બાજુ નીચે લઈ જવા ફરે હવે આ પ્રજ્ઞા આ કાર્ય કરવા પૂરતી જ મૂળચેતનમાંથી જુદી પડેલી છે અને કાર્ય પુરુ થયાં પછી મૂળ આત્મા સાથે એક થઈ જશે. જડ અને ચેતન બે વસ્તુ ભેગી થવાથી અહંકાર ઉત્પન્ન થાય છે, જે વિશેષભાવ છે. જ્ઞાનીપુરુષ જડ અને ચેતન બે જુદા પાડી આપે એટલે અહંકાર ઊડી જાય છે. જ્ઞાન લીધા પછી જે અહંકાર રહે છે તે મૃત અહંકાર કહેવાય. તે નિકાલી છે હવે ડખો ના કરે અને જ્ઞાતા-દ્રષ્ટા રહે તો તે ઓગળ્યા જ કરે.

પ્ર. ૨૫ અક્રમ જ્ઞાન મળ્યા પછી કયો ગુણ ઉત્પન્ન થાય છે ?

ઉ. ૨૫ અક્રમ જ્ઞાન મળ્યા પછી સિદ્ધ ભગવાનનો એક નિરાકુળતા નામનો ગુણ ઉત્પન્ન થાય છે. અર્થાત્ સિદ્ધ ભગવંતોનો ૧/૮ ગુણ પ્રાપ્ત થઈ જાય છે અને દેહ છૂટ્યા પછી બીજા ગુણો પ્રાપ્ત થાય છે.

પ્ર. ૨૬ આ અક્રમ જ્ઞાન કયા પ્રદેશમાં કામ લાગે તેવું છે ?

ઉ. ૨૬ મદ્રાસ, આંધ્ર અને મૈસૂર પ્રદેશમાં કામ લાગે તેવું છે.

પ્ર. ૨૭ કેટલા પરસેન્ટ જ્ઞાન છે તે કેવી રીતે ગણાય ?

ઉ. ૨૭ સામામાં શુદ્ધાત્મા દેખાય એ ૧૦૦ ટકા જ્ઞાન પુરું થયું કહેવાય અને પોતે શુદ્ધાત્મા છે એ નક્કી થઈ જાય અને પોતે શુદ્ધાત્મા છે એ લક્ષ રાખે તો ૬૦ ટકા જ્ઞાન ગણાય.

પ્ર. ૨૮ આ અક્રમ જ્ઞાન આ કાળમાં કેટલું પચશે ?

ઉ. ૨૮ પૂજ્ય દાદાશ્રી કહેતા ''મને આ જ્ઞાન ચાર અંશ ઓછું પચ્યું અને તમને હું આ જ્ઞાન આપીશ ત્યારે તમને પંદર અંશ ઓછું પચશે પણ આપીશ તો બધું જ જ્ઞાન અને દાદાની લિફટમાં બેઠા એટલે મોક્ષ સામે આવશે'' પૂજ્ય દાદાશ્રી ૩૫૬° ડિગ્રી ઉપર હતા અને મહાત્માઓ ૩૪૫° ડિગ્રીએ પહોંચી શકે તેમ છે.

પ્ર. ૨૯ કેટલી ડિગ્રી ઉપર અક્રમ જ્ઞાન પહોંચે પછી સેફ સાઈડ ગણાય ?

ઉ. ૨૯ સૌ પહેલા બધા મહાત્માઓ ૨૨૫° અને ૨૫૦° ડિગ્રીએ હતા તે વધીને અત્યારે ૩૨૫° ડિગ્રી જેટલે આવી ગયા છે. આ તો ૩૦૦° ડિગ્રીનો આંક વટાવે એટલે સેફ સાઈડ રહે એની નીચેના બધા ભટક ભટક કરે.

પ્ર. ૩૦ આ અક્રમ જ્ઞાન કોને ઝડપથી પરિણામ પામે ?

ઉ. ૩૦ આ અક્રમ જ્ઞાન ચુન ચુન કરનારને નહી પણ લહેરીને ઝડપથી પરિણામ પામે. લહેરી માણસનામાં કપટ ના હોય.

પ્ર. ૩૧ ''જ્ઞાન ક્રિયાભ્યામ મોક્ષ'' એટલે શું ?

ઉ. ૩૧ જ્ઞાન ક્રિયા એટલે જેમાં મહેનત કશી જ ન હોય તે. જ્ઞાતા-દ્રષ્ટા ભાવ તે, જ્ઞાનક્રિયા, જ્ઞાનક્રિયા એટલે એક તણખલુંયે હલાવવાનું નહી તે. જીવમાત્રમાં શુદ્ધાત્મા દેખાય અને પોતે પણ શુદ્ધાત્મા છે તે લક્ષ ન ચુકાય તેવો ભાવ રાખો તે દર્શનક્રિયા.

પ્ર. ૩૨ સંકટ સમયે સ્વ રક્ષાત્મક જ્ઞાન વાક્યો કયા બોલવા ?

ઉ. ૩૨ સંકટ સમયે નીચે જણાવેલ સ્વ રક્ષાત્મક જ્ઞાન વાક્યો પહાડ ફાટી જાય તેવા મોટા અવાજે પચ્ચીસ વખત બોલવા.

૧. **હું અનંત દર્શનવાળો છું :** ફાઈલોનો ઉદય આવે અને સૂઝ ના પડે, ગૂંગળામણ કે સફોકેશન થાય ત્યારે.

૨. **હું અનંત જ્ઞાનવાળો છું :** સમજ ન પડે ત્યારે

૩. **હું અવ્યાબાધ સ્વરૂપવાળો છું :** બહારથી ભય આવે મનોવેદના થાય દેહ દુઃખતો હોય બહારવટિયા સામા મળે કે કોઈકનો એકાદ હાથ કાપેલો જુઓ ત્યારે બોલવું.

૪. **હું અનંત શકિતવાળો છું :** દેહબળ ઘટી ગયું હોય, મનોબળ ઘટી ગયું હોય કે વાણીબળ ઘટી ગયું હોય કે શક્તિઓ કાચી પડી ગઈ હોય ત્યારે

૫. **હું અમૂર્ત છું :** જંગલમાં ક્યાંક ગયા હોઈએ અને પાંચ સાત સિંહ મળ્યા ત્યારે બોલવું.

૬. **હું અગુરુલઘુ સ્વભાવવાળો છું :** ડીપ્રેસન આવે, પરિણામ ઊંચાનીચા આવે ત્યારે બોલવું.

૭. **હું અનંત ઐશ્વર્યવાળો છું :** લોભ ના પરમાણું હેરાન કરે, લાલચ થાય ત્યારે બોલવું.

૮. **હું અનંત સુખવાળો છું :** દુઃખના પરિણામો ઊભા થયા હોય કે મૂર્છાના કે તેવા સંજોગો આવે ત્યારે બોલવું.

૯. **હું નિમાર્ની છું :** દેહનો આકાર બદલાય., કદરૂપો કે બેડોળ દેહ બની જાય ત્યારે બોલવું.

૧૦. **હું નિર્વિચારી મનવાળો છું :** બહુ વિચારો આવે ખૂબ વિચાર આવ આવ કરે ત્યારે બોલવું.

૧૧. **મન, વચન, કાયાની તમામ સંગી ક્રિયાઓથી હું તદ્દન અસંગ છું :** સંડાસ જવાનું થાય ત્યારે જો સંગ થાય તો આત્મા ગંધાઈ ઊઠે પણ કોઈનેય બિલાડી કે કૂતરાનો આત્મા ગંધાઈ ઊઠતો નથી.

પ્ર. ૩૩ પૂજ્ય દાદા ભગવાને એક મુસલમાનને શેર માટીની ખોટનો ઉપાય શું બતાવેલ ?

ઉ. ૩૩ નીચે પ્રમાણેનાં જ્ઞાન વાક્યો દરરોજ પાંચ પાંચ વખત સવાર-સાંજ બે ટાઈમ બોલવા માટે જણાવેલ.

મુસલમાનને ત્રિમંત્રને બદલે આ પાંચ નમસ્કાર બોલવાં જણાવેલું કેટલો સુંદર ઉપાય

૧. જે માણસ ખુદાના દર્શન કરી ખુદા જેવા દેખાય છે અને ખુદાઈનું દાન આપે છે તેમને નમસ્કાર કરું છું.

૨. જે ખુદ ખુદા છે તેમને નમસ્કાર કરું છું.

૩. જે ખુદાને ઓળખીને, ખુદાની આજ્ઞા પાળીને બીજા પાસે નિયમ કરાવડાવે છે તેને નમસ્કાર કરું છું.

૪. જે ખુદાના દર્શન કરી બીજાને કુરાન પઢાવે છે તેને નમસ્કાર કરું છું

૫. જે ખુદાથી કોઈ મોટો નથી એવી શ્રદ્ધા કરીને આખો દહાડો ખુદાની બંદગીમાં રહેવાનો પ્રયત્ન કરે છે તેને નમસ્કાર કરું છું.

(દરેક નમસ્કાર પાંચ પાંચ વખત બોલવાના છે.)

પ્ર. ૩૪ જ્ઞાન એટલે શું ? તેના કેટલા પ્રકાર છે ?

ઉ. ૩૪ દરેક પદાર્થોમાં, સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ એ બે ધર્મ હોય છે, તેમાંનો વિશેષ ધર્મ જાણવાની આત્મામાં રહેલી શક્તિ તે જ્ઞાન કહેવાય છે.

જ્ઞાનના પાંચ પ્રકાર છે.

૧. મતિજ્ઞાન ૨. શ્રુતજ્ઞાન ૩. અવધિજ્ઞાન

૪. મનઃપર્યયજ્ઞાન ૫. કેવળજ્ઞાન

પ્ર. ૩૫ શ્રુતજ્ઞાન એટલે શું ?

ઉ. ૩૫ શ્રુતજ્ઞાન એટલે જ્ઞાની પાસેથી સાંભળ્યું, પુસ્તકમાંથી વાંચ્યું, બીજું કંઈ લોકો પાસેથી વાત સાંભળી અગર તો વ્યાખ્યાન કે પ્રવચન સાંભળવું એ બધું જાણીએ તે શ્રુતજ્ઞાન થયું. સમજણ એ શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાન સાંભળવાથી અને વાંચવાથી ઉત્પન્ન થાય છે. જે શ્રુતજ્ઞાન અધ્યાત્મ તરફ વાળે એ સુશ્રુતજ્ઞાન કહેવાય અને જે શ્રુતજ્ઞાન સંસારમાં હિતકારી લાગે એ કૂશ્રુત કહેવાય. શબ્દ ઉપરથી અર્થનો અને અર્થ ઉપરથી શબ્દનો સબંધ જાણવાની જે જ્ઞાન શક્તિ મન અને ઇન્દ્રિયોના નિમિત્તથી જાગ્રત થાય છે તે શ્રુતજ્ઞાન છે. સ્મૃતિમાં આવેલ વસ્તુની વિચારણા ચાલે તે શ્રુતજ્ઞાન છે. શાસ્ત્રોથી પ્રાપ્ત થતો બોધ તે જ શ્રુતજ્ઞાન છે પરંતુ શાસ્ત્રો તેનું સાધન હોવાથી ઉપચારથી શાસ્ત્ર પણ શ્રુતજ્ઞાન કહેવાય છે. શ્રુતની ઉત્પત્તિનું નિમિત્ત મન છે. શબ્દ કે સંકેત દ્વારા જે જ્ઞાન થાય છે તે શ્રુતજ્ઞાન છે. સાંભળીએ તે શ્રુતજ્ઞાન. મતિજ્ઞાનથી જાણેલા પદાર્થોનું વિશેષ જ્ઞાન કરવું તે શ્રુતજ્ઞાન. જેમ કાનથી આત્મા શબ્દ સાંભળ્યો એ મતિજ્ઞાન છે. આત્મા

શબ્દથી આત્માનાં ગુણ પર્યાય આદિનો બોધ થવો તે શ્રુતજ્ઞાન છે. ભણાવનાર ગુરુજી દ્વારા અથવા શાસ્ત્રો દ્વારા સમજીને જે વાચ્ય-વાચક ભાવવાળો તત્ત્વબોધ થાય તે શ્રુતજ્ઞાન છે.

પ્ર. ૩૬ શ્રુતજ્ઞાનનાં કેટલા ભેદ છે ? શ્રુતજ્ઞાનનાં કેટલા પ્રકાર છે ?

ઉ. ૩૬ શ્રુતજ્ઞાનનાં મુખ્ય બે ભેદ છે.

અ. દીગંબર મત અનુસાર કુલ વીસ ભેદ છે.

૧. અનક્ષરાત્મક શ્રુતજ્ઞાન (તેના બે ભેદ) ૨

૨ અક્ષરાત્મક શ્રુતજ્ઞાન-(તેના અઢાર ભેદ) ૧૮

બ. શ્રુતજ્ઞાનનાં શ્વેતાંમ્બર મત મુજબ ચૌદ ભેદ છે.

૧. અક્ષરશ્રુત	૬. મિથ્યાશ્રુત	૧૧. ગમિક શ્રુત
૨. અનક્ષર શ્રુત	૭. સાદિ શ્રુત	૧૨. અગમિક શ્રુત
૩. સંજ્ઞીશ્રુત	૮. અનાદિ શ્રુત	૧૩. પ્રવિષ્ટ શ્રુત
૪. અસંજ્ઞી શ્રુત	૯. સપર્યવસિત શ્રુત	૧૪. અંગબાહ્ય શ્રુત
૫. સમ્યક્ શ્રુત	૧૦. અપર્યવસિત શ્રુત	

પ્ર. ૩૭ અક્ષરશ્રુત એટલે શું ? તેનાં કેટલા ભેદ છે?

ઉ. ૩૭ અક્ષરો દ્વારા જે જ્ઞાન થાય તે અક્ષર શ્રુત તેનાં ત્રણ ભેદ છે.

૧. પુસ્તક, તાડપત્ર આદિમાં લખેલા અક્ષરો તે સંજ્ઞાક્ષર

૨. મુખે ઉચ્ચાર કરવા રૂપે અક્ષરો તે વ્યંજનાક્ષર

૩. અક્ષરોની ઓળખાણ રૂપે હૃદયસ્થ જે જ્ઞાન તે લબ્ધ્યક્ષર

પ્ર. ૩૮ અનક્ષરશ્રુત એટલે શું ?

ઉ. ૩૮ જેમાં અક્ષરોનું ઉચ્ચારણ ન હોય તે, જેમ કે ખોંખારો, ઉધરસ, તાળી પાડવી, અથવા હાથ- મુખના ઇશારા કરવા તેને અનક્ષરશ્રુત કહેવાય.

પ્ર. ૩૯ શ્રુતજ્ઞાનની આદિ કંઇ અને અંત કયો ?

ઉ. ૩૯ શ્રુતજ્ઞાનની આદિમાં સામાયિક અધ્યયન છે અને અંત બિંદુસાર કે જે ચૌદમું પૂર્વ છે તે ગણાય છે.

પ્ર. ૪૦ મતિજ્ઞાન એટલે શું?

ઉ. ૪૦ શ્રુતજ્ઞાનનું ફળ આવે તે મહીં પરિણામ પામે ત્યારે એ મતિજ્ઞાન થઇ જાય. મતિજ્ઞાન એટલે આત્મા તરફ લઇ જનારું જે વિજ્ઞાન છે તેને સમજવું અને

સમજીને પાછું મહીં ગેડમાં બેસી જવું, ફીટ થવું એ. સમજ એ મતિજ્ઞાન છે સદ્‌બુદ્ધિ હોય તેને મતિજ્ઞાન કહેવાય. ઇન્દ્રિયો અને મન દ્વારા જે વિષયબોધ થાય તે મતિજ્ઞાન. તમારી જે જ્ઞાનમાં મતિ (બુદ્ધિ) સ્થિર થઇ જાય એ જ્ઞાન તમે બીજા ને કહો ત્યારે તમારું એ મતિજ્ઞાન છે અને પેલા સાંભળનાર માટે એ શ્રુતજ્ઞાન છે આમ કરતાં કરતાં મતિ વધતી વધતી સો ટકા થાય તો કેવળજ્ઞાન થાય. નવ્વાણું ટકા સુધી મતિજ્ઞાન કહેવાય છે અને એક ટકો વધ્યું તો તે કેવળજ્ઞાન એટલે મતિ જ્ઞાન છે તે આગળ કેવળજ્ઞાન સુધી પહોંચે છે. શ્રુતજ્ઞાન પ્રગમે (પચે) એટલે મતિજ્ઞાન થાય. આત્મા પ્રાપ્ત કરવા માટે જે બુદ્ધિ હોય તે સુમતિ હોય તેને ભગવાને મતિજ્ઞાન કહ્યું છે. મન અને ઇન્દ્રિયોના નિમિત્તથી વિષયોમાં રહેલાં વિશેષ ધર્મ જાણવા જે જ્ઞાન-શક્તિ જાગ્રત થાય છે તે મતિજ્ઞાન છે. તર્ક શક્તિ અનુમાન કરવાની શક્તિ, સ્મૃતિમાં લાવનાર, શક્તિ વગેરે પ્રકારની જ્ઞાન શક્તિની માત્રાઓને મતિજ્ઞાન કહે છે. ટૂંકમાં શ્રુતજ્ઞાન પરિણામ પામે ત્યારે મતિજ્ઞાન કહેવાય. પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન એ છ વડે કરીને જે જાણવું થાય તેને મતિજ્ઞાન કહીએ છીએ. મતિજ્ઞાનવરણીય તથા વીર્યાતરાયના ક્ષયોપશયથી તથા ઇન્દ્રિય અને મનના નિમિત્તથી વસ્તુના એકદેશ જ્ઞાનને મતિજ્ઞાન કહે છે. મતિજ્ઞાનનું બીજું જાણીતું નામ આભિનિબોધિક જ્ઞાન છે આભિ એટલે અભિમુખ અને નિ એટલે નિયમિત અર્થના અવબોધ ને આભિનિબોધિક જ્ઞાન કહે છે.

પ્ર. ૪૧ મતિજ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી છે ?

ઉ. ૪૧ મતિજ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ છાસઠ સાગરોપમની છે.

પ્ર. ૪૨ મતિજ્ઞાનનાં કેટલાં પ્રકાર છે ?

ઉ. ૪૨ મતિજ્ઞાનનાં મુખ્ય પાંચ ભેદ છે.

૧.	સાવ્યવહારિક પ્રત્યક્ષ (વ્યંજનાગ્રહના-૪૮, અર્થાવગ્રહના-૭૨, ઇહાજ્ઞાનના-૭૨ અપાયજ્ઞાનના-૭૨, ધારણા જ્ઞાનના-૭૨. કુલ ૩૩૬)	૩૩૬
૨.	સ્મરણ	૧૨
૩	પ્રત્યભિ જ્ઞાન	૧૨
૪	તર્ક	૧૨
૫	અનુમાન (સ્વાર્થીનું માન)	૧૨
		૩૮૪

નોંધ : અન્ય મતે કોઇક જગ્યાએ ૨૮ ભેદ અને વધુમાં વધુ ૩૪૦ ભેદ દર્શાવેલ છે.

પ્ર. ૪૩ મતિજ્ઞાનના ભેદો વિશે જણાવો.?

ઉ. ૪૩ મતિજ્ઞાનના મુખ્ય બે ભેદો છે. ૧. શ્રુતનિશ્રિંત ૨. અશ્રુતનિશ્રિંત. આ બંનેના ચાર ચાર ભેદો છે. શ્રુતનિશ્રિંતના ૧ અવગ્રહ ૨. ઇહા ૩. અપાય અને ૪. ધારણા એમ ચાર ભેદો છે. જ્યારે અશ્રુતનિશ્રિંતના ૧. ઓત્પાતિકી ૨. વૈનાયિકી ૩. કાર્મિકી અને ૪. પારિણામિકી એમ ચાર પ્રકારની બુદ્ધિ એ ચાર ભેદો છે.

પ્ર. ૪૪ શ્રુતનિશ્રિંત અને અશ્રુતનિશ્રિંત નો અર્થ જણાવો ?

ઉ. ૪૪ **શ્રુતનિશ્રિંત** : જે પૂર્વે સાંભળેલું હોય, અથવા અનુભવેલું હોય પરંતુ વર્તમાનકાળે વસ્તુ જાણતાં તેનું અનુસરણ ન હોય, માત્ર પૂર્વના અનુભવથી થયેલા સંસ્કારો દ્વારા સહજપણે જે જણાય તે શ્રુતિનિશ્રિંત.

અશ્રુતનિશ્રિંત : જેનો પૂર્વે અનુભવ કર્યો જ નથી અને આપમેળે જણાય તે અશ્રુતનિશ્રિંત.

પ્ર. ૪૫ અવગ્રહ, ઇહા, અપાય, ધારણા, ઓત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી, અને પારિણામિકી આ શબ્દોના અર્થ જણાવો.?

ઉ. ૪૫ **અવગ્રહ** : અતિશય અસ્પષ્ટ. (અવ્યકત) એવું જે જ્ઞાન તે અવગ્રહ

ઇહા : આ શું હશે. એવી વિચારણા કરવા દ્વારા નિશ્ચય પાસે પહોચવું તે ઇહા.

અપાય : જે વસ્તુ હોય તેનો નિર્ણય કરવો તે અપાય.

ધારણા : નિર્ણીત થયેલી વસ્તુને ધારી રાખવી, દૃઢ કરવી તે ધારણા.

ઔત્પાતિકી : અકસ્માત બુદ્ધિ ઉત્પન્ન થાય, હાજર જવાબી તે ઔત્પાતિકી.

વૈનયિકી : ગુરુજીના વિનયથી, પ્રસન્નતાથી જે બુદ્ધિ થાય તે વૈનયિકી.

કાર્મિકી : કામ કરતાં કરતાં જે બુદ્ધિ થાય તે કાર્મિકી.

પારિણામિકી: ઉંમર થવાથી, અનુભવથી જે બુદ્ધિ આવે તે પારિણામિકી.

સમજીને પાછું મહીં ગેડમાં બેસી જવું, ફીટ થવું એ. સમજ એ મતિજ્ઞાન છે સદ્‌બુદ્ધિ હોય તેને મતિજ્ઞાન કહેવાય. ઇન્દ્રિયો અને મન દ્વારા જે વિષયબોધ થાય તે મતિજ્ઞાન. તમારી જે જ્ઞાનમાં મતિ (બુદ્ધિ) સ્થિર થઇ જાય એ જ્ઞાન તમે બીજા ને કહો ત્યારે તમારું એ મતિજ્ઞાન છે અને પેલા સાંભળનાર માટે એ શ્રુતજ્ઞાન છે આમ કરતાં કરતાં મતિ વધતી વધતી સો ટકા થાય તો કેવળજ્ઞાન થાય. નવ્વાણું ટકા સુધી મતિજ્ઞાન કહેવાય છે અને એક ટકો વધ્યું તો તે કેવળજ્ઞાન એટલે મતિ જ્ઞાન છે તે આગળ કેવળજ્ઞાન સુધી પહોંચે છે. શ્રુતજ્ઞાન પ્રગમે (પચે) એટલે મતિજ્ઞાન થાય. આત્મા પ્રાપ્ત કરવા માટે જે બુદ્ધિ હોય તે સુમતિ હોય તેને ભગવાને મતિજ્ઞાન કહ્યું છે. મન અને ઇન્દ્રિયોના નિમિત્તથી વિષયોમાં રહેલાં વિશેષ ધર્મ જાણવા જે જ્ઞાન-શક્તિ જાગ્રત થાય છે તે મતિજ્ઞાન છે. તર્ક શક્તિ અનુમાન કરવાની શક્તિ, સ્મૃતિમાં લાવનાર, શક્તિ વગેરે પ્રકારની જ્ઞાન શક્તિની માત્રાઓને મતિજ્ઞાન કહે છે. ટૂંકમાં શ્રુતજ્ઞાન પરિણામ પામે ત્યારે મતિજ્ઞાન કહેવાય. પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન એ છ વડે કરીને જે જાણવું થાય તેને મતિજ્ઞાન કહીએ છીએ. મતિજ્ઞાનવરણીય તથા વીર્યાતરાયના ક્ષયોપશયથી તથા ઇન્દ્રિય અને મનના નિમિત્તથી વસ્તુના એકદેશ જ્ઞાનને મતિજ્ઞાન કહે છે. મતિજ્ઞાનનું બીજું જાણીતું નામ આભિનિબોધિક જ્ઞાન છે આભિ એટલે અભિમુખ અને નિ એટલે નિયમિત અર્થના અવબોધ ને આભિનિબોધિક જ્ઞાન કહે છે.

પ્ર. ૪૧ મતિજ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી છે ?

ઉ. ૪૧ મતિજ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ છાસઠ સાગરોપમની છે.

પ્ર. ૪૨ મતિજ્ઞાનનાં કેટલાં પ્રકાર છે ?

ઉ. ૪૨ મતિજ્ઞાનનાં મુખ્ય પાંચ ભેદ છે.

૧.	સાવ્યવહારિક પ્રત્યક્ષ (વ્યંજનાગ્રહના-૪૮, અર્થાવગ્રહના-૭૨, ઇહાજ્ઞાનના-૭૨ અપાયજ્ઞાનના-૭૨, ધારણા જ્ઞાનના-૭૨. કુલ ૩૩૬)	૩૩૬
૨.	સ્મરણ	૧૨
૩	પ્રત્યભિ જ્ઞાન	૧૨
૪	તર્ક	૧૨
૫	અનુમાન (સ્વાર્થીનું માન)	૧૨
		૩૮૪

નોંધ : અન્ય મતે કોઈક જગ્યાએ ૨૮ ભેદ અને વધુમાં વધુ ૩૪૦ ભેદ દર્શાવેલ છે.

પ્ર. ૪૩ મતિજ્ઞાનના ભેદો વિશે જણાવો.?

ઉ. ૪૩ મતિજ્ઞાનના મુખ્ય બે ભેદો છે. ૧. શ્રુતનિશ્રિંત ૨. અશ્રુતનિશ્રિંત. આ બંનેના ચાર ચાર ભેદો છે. શ્રુતનિશ્રિંતના ૧ અવગ્રહ ૨. ઈહા ૩. અપાય અને ૪. ધારણા એમ ચાર ભેદો છે. જ્યારે અશ્રુતનિશ્રિંતના ૧. ઓત્પાતિકી ૨. વૈનાયિકી ૩. કાર્મિકી અને ૪. પારિણામિકી એમ ચાર પ્રકારની બુદ્ધિ એ ચાર ભેદો છે.

પ્ર. ૪૪ શ્રુતનિશ્રિંત અને અશ્રુતનિશ્રિંત નો અર્થ જણાવો ?

ઉ. ૪૪ **શ્રુતનિશ્રિંત** : જે પૂર્વે સાંભળેલું હોય, અથવા અનુભવેલું હોય પરંતુ વર્તમાનકાળે વસ્તુ જાણતાં તેનું અનુસરણ ન હોય, માત્ર પૂર્વના અનુભવથી થયેલા સંસ્કારો દ્વારા સહજપણે જે જણાય તે શ્રુતિનિશ્રિંત.

અશ્રુતનિશ્રિંત : જેનો પૂર્વે અનુભવ કર્યો જ નથી અને આપમેળે જણાય તે અશ્રુતનિશ્રિંત.

પ્ર. ૪૫ અવગ્રહ, ઈહા, અપાય, ધારણા, ઓત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી, અને પારિણામિકી આ શબ્દોના અર્થ જણાવો.?

ઉ. ૪૫ **અવગ્રહ** : અતિશય અસ્પષ્ટ. (અવ્યકત) એવું જે જ્ઞાન તે અવગ્રહ

ઈહા : આ શું હશે. એવી વિચારણા કરવા દ્વારા નિશ્ચય પાસે પહોચવું તે ઈહા.

અપાય : જે વસ્તુ હોય તેનો નિર્ણય કરવો તે અપાય.

ધારણા : નિર્ણીત થયેલી વસ્તુને ધારી રાખવી, દૃઢ કરવી તે ધારણા.

ઔત્પાતિકી : અકસ્માત બુદ્ધિ ઉત્પન્ન થાય, હાજર જવાબી તે ઔત્પાતિકી.

વૈનયિકી : ગુરુજીના વિનયથી, પ્રસન્નતાથી જે બુદ્ધિ થાય તે વૈનયિકી.

કાર્મિકી : કામ કરતાં કરતાં જે બુદ્ધિ થાય તે કાર્મિકી.

પારિણામિકી: ઉંમર થવાથી, અનુભવથી જે બુદ્ધિ આવે તે પારિણામિકી.

પ્ર. ૪૬ અવગ્રહના બે પેટા ભેદો છે તે કયા કયા ? તેનો અર્થ શું ?

ઉ. ૪૬ અવગ્રહના બે ભેદો છે ૧ વ્યંજનાવગ્રહ ૨. અર્થાવગ્રહ

વ્યંજનાવગ્રહ : જયાં માત્ર ઇન્દ્રિયો અને શરાવલાને પાયેલા પાણીની જેમ જે આગળ આગળ થનારા જ્ઞાનમાં કારણ બને તે વ્યંજનાવગ્રહ કહેવાય.

અર્થાવગ્રહ : જયાં આ કંઇક એવો અર્થ બોધ થાય તે અર્થાવગ્રહ કહેવાય.

પ્ર. ૪૭ શું બધી જ ઇન્દ્રિયોથી વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ થાય છે ?

ઉ. ૪૭ ના, વ્યંજનાવગ્રહ ચક્ષુ અને મનનો થતો નથી, શેષ ચાર જ ઇન્દ્રિયોનો થાય છે. અર્થાવગ્રહ છે એ બધી ઇન્દ્રિયોનો થાય છે.

પ્ર. ૪૮ ચક્ષુ અને મનનો વ્યંજનાવગ્રહ ન થવાનું કારણ શું ?

ઉ. ૪૮ આ બંન્ને ઇન્દ્રિયો અપ્રાપ્યકારી છે એટલે કે વિષયની સાથે સંયોગ પામ્યા વિના વિષયને જાણી શકે છે, માટે વ્યંજનાવગ્રહ નથી બાકીની ચાર ઇન્દ્રિયો પ્રાપ્યકારી છે માટે વ્યંજનાવગ્રહ છે. અગ્નિ અને જલાદિને ચક્ષુથી જોતાં અને મનથી વિચારતાં ચક્ષુ અને મનને ઉપઘાત-અનુગ્રહ થતો નથી માટે અપ્રાપ્યકારી છે

પ્ર. ૪૯ મતિ જ્ઞાનથી વધારેમાં વધારે કેટલું જોઇ શકાય ?

ઉ. ૪૯ શાસ્ત્રના સહારાથી સર્વ દ્રવ્યો, સર્વ ક્ષેત્ર, સર્વકાળ અને અનંતા પર્યાયો જાણી શકાય છે.

પ્ર. ૫૦ અવધિજ્ઞાન એટલે શું ?

ઉ. ૫૦ રૂપી પદાર્થોમાં રહેલા વિશેષ ધર્મને જાણવા ઈન્દ્રિયાદિકના વિના સાક્ષાત્ આત્મા દ્વારા સીધી રીતે જે જ્ઞાનશક્તિ જાગ્રત થાય છે તે અવધિજ્ઞાન કહેવાય છે. આત્માની ચૈતન્ય શક્તિ જયાં સુધી રૂપી પદાર્થને જ જાણવાવાળી હોય ત્યાં સુધી અવધિજ્ઞાન તરીકે ઓળખાય છે. અવધિનો વિષય કેવળરૂપી પદાર્થ સુધી જ સીમિત હોવાથી તેને સીમિત-સીમા-યા અવધિજ્ઞાન કહેવાય છે. છ તત્ત્વોમાં માત્ર એક પુદ્ગલ તત્વ જ રૂપી છે એટલે પુદ્ગલ દ્રવ્યજ અવધિનો વિષય થઈ શકે છે. જેના દ્વારા પરોક્ષ રહેલા પણ રૂપવાળા પદાર્થો વિસ્તારપૂર્વક દેખાય તે અવધિજ્ઞાન. આ જ્ઞાન દેવોને અને નારકીઓને જન્મતાંની સાથે જ હોય છે. મનુષ્ય અને તીર્યંચને

તેનું પ્રતિબંધક કર્મ, તપ વગેરેથી નાશ પામે ત્યારે આ જ્ઞાન પ્રાપ્ત થાય છે. અવધિજ્ઞાનની શક્તિ કર્મના ક્ષયોપક્ષમની વૈચિત્ર્યતાને કારણે વિચિત્ર હોય છે. જેમ કે કેટલાકને જે સ્થળે અવધિજ્ઞાન થયું હોય તે સ્થળ છોડતા તે જ્ઞાન પણ ચાલ્યું જાય છે, કેટલાંકને બધે સ્થળે કાયમ રહે છે, કેટલાંકને ધીમે ધીમે વધતું જાય છે, કેટલાંકને વધ-ઘટ પામ્યા કરે છે અને કેટલાંકને સ્થિર રહે છે, તે મુજબ કેટલાંક અવધિજ્ઞાની દેવને જુએ પણ તેમના વિમાનને ન જોઇ શકે કેટલાક વિમાનને જોઇ શકે પણ દેવને ન જોઇ શકે, કેટલાંક દેવ અને વિમાન બન્નેને જોઇ શકે તથા કોઈ એ બેમાંથી એકેયને ના જુએ. ટૂંકમાં મન અને ઈન્દ્રિયના નિમિત્ત વિના મર્યાદાને વિષે રહેલ જે રૂપી દ્રવ્ય છે તેને જોવું જાણવું તે અવધિજ્ઞાન છે.

પ્ર. ૫૧ અવધિજ્ઞાનના મુખ્ય કેટલા પ્રકાર છે ?

ઉ. ૫૧ અવધિજ્ઞાનના મુખ્ય બે પ્રકાર છે.

૧. **ગુણ પ્રત્યય અવધિજ્ઞાન :** મનુષ્યો અને તીર્યંચને સમ્યક્ત્વ કે તપના પ્રભાવથી થાય છે.

૨. **ભવ પ્રત્યય અવધિજ્ઞાન :** દેવોને અને નારકીઓને જન્મતાંની સાથે હોય છે તે ભવ પ્રત્યય અવધિજ્ઞાન કહેવાય છે.

પ્ર. ૫૨ અવધિજ્ઞાનના બીજા પ્રકારે કેટલા ભેદ છે ?

ઉ. ૫૨ અવધિજ્ઞાનના અન્ય રીતે ત્રણ ભેદ છે.

૧. **દેશાવધિ અવધિજ્ઞાન :** આ અવધિજ્ઞાન મનુષ્ય, તીર્યંચ, દેવ, નારકી ચારે ગતિમાં થઈ શકે છે.

૨. **પરમાવધિ અવધિજ્ઞાન :** આ માત્ર મનુષ્યને જ તથા તેજ ભવમાં મોક્ષે જનારાઓને થાય છે.

૩. **સર્વાવધિ અવધિજ્ઞાન :** આ અવધિજ્ઞાન પણ મનુષ્યને જ તથા તેજ ભવમાં મોક્ષે જનાર મનુષ્યને થાય છે.

પ્ર. ૫૩ અવધિજ્ઞાનના દિગંબર મત અનુસાર કેટલા ભેદ છે ?

ઉ. ૫૩ અવધિજ્ઞાનના બીજી રીતે છ ભેદ નીચે મુજબ છે.

૧. **અનુગામી અવધિજ્ઞાન :** અનુગામી અવધિજ્ઞાનના બે ભેદ છે. એક અંતર્ગત અવધિજ્ઞાન - જે અવધિજ્ઞાનથી કોઈ એક જ દિશાના રૂપી પદાર્થ જોઈ-જાણી શકાય તેને અંતર્ગત અવધિજ્ઞાન કહે છે. અને

બીજો-મધ્યગત અવધિજ્ઞાન - જે અવધિજ્ઞાનથી અવધિજ્ઞાની છ એ દિશાઓના રૂપી પુદ્ગલને જાણે તેને મધ્યગત અવધિજ્ઞાન કહેવાય છે.

૨. **અનનુગામિ અવધિજ્ઞાન :** અનનુગામીનો અર્થ થાય છે સાથે નહીં ચાલનારું. જે અવધિજ્ઞાન તેના ઉત્પતિ સ્થાનને છોડીને અન્ય ક્ષેત્રમાં જતાં પોતાના સ્વામીની સાથે ન જાય તેને અનનુગામિ અવધિજ્ઞાન કહેવાય છે.

૩. **વર્ધમાન અવધિજ્ઞાન :** જે અવધિજ્ઞાન પૂર્વ અવસ્થાની અપેક્ષાએ વર્તમાન અવસ્થામાં પરિણામોની વિશુદ્ધિને કારણે ઉતરોતર વૃદ્ધિ પામે છે તેને વર્ધમાન અવધિજ્ઞાન કહેવાય છે. જેમ વધારે અને વધારે બળતણ (ઈંધણ) નાંખવાથી અને વાયુનાં નિમિત્તથી આગ વધે છે. તેવી જ રીતે વર્ધમાન અવધિજ્ઞાન ઉત્પતિ કાળમાં અલ્પવિષયક હોવા છતાં પણ પરિણામની શુદ્ધિ વધવાની સાથે સાથે ઉતરોત્તર વૃદ્ધિ પામે છે.

૪. **હીયમાન અવધિજ્ઞાન :** હીયમાનનો અર્થ ઘટી રહેલ અવધિજ્ઞાન. જે અવધિજ્ઞાન પૂર્વ અવસ્થાની અપેક્ષાએ વર્તમાન અવસ્થામાં અશુભ વિચારોના કારણે ઉતરોત્તર ઘટતુ રહે તેને હીયમાન અવધિજ્ઞાન કહેવાય છે.

૫. **અવસ્થિત (પ્રતિપાતિ) અવધિજ્ઞાન :** પ્રતિપાતિનો અર્થ પતન પામનારું અવધિજ્ઞાન અર્થાત્ જે અવધિજ્ઞાન થોડો કાળ રહીને સર્વથા નાશ થઈ જાય તેને પ્રતિપાતિ અથવા અવસ્થિત અવધિજ્ઞાન કહેવાય છે. જેમ તેલના અભાવમાં અથવા વાયુનાં ઝપાટાથી દિપક સર્વથા બુઝાઈ જાય છે તેમ ઉત્પન્ન થયા પછી શીઘ્ર લુપ્ત થઈ જાય તે પ્રતિપાતિ (અવસ્થિત) અવધિજ્ઞાન છે.

૬. **અનવસ્થિત (અપ્રતિપાત) અવધિજ્ઞાન :** જે અવધિજ્ઞાન ઉત્પન્ન થયા પછી કેવળજ્ઞાનની ઉત્પતિના પહેલા એક ક્ષણ સુધી વિદ્યમાન રહે છે તેને અપ્રતિપાતિ અવધિજ્ઞાન કહેવાય છે.

પ્ર. ૫૪ અવધિજ્ઞાનનો આકાર કેવો હોય છે ?

ઉ. ૫૪ ૧. નારકીનું અવધિજ્ઞાન પાણી ઉપર તરવાના તરાપાને આકારે હોય છે.

૨. ભવનપતિ દેવોનું અવધિજ્ઞાન પાલાને આકારે હોય છે.

૩. વ્યંતર દેવોનું અવધિજ્ઞાન ઢોલને આકારે હોય છે.

૪. જ્યોતિષ દેવોનું અવધિજ્ઞાન જલ્લરી ઝાલરને આકારે હોય છે.

૫. બાર દેવલોકનું અવધિજ્ઞાન મૃદંગને આકારે હોય છે.

૬. નવ ગ્રૈવેયકનું અવધિજ્ઞાન પુષ્પથી ભરેલી ચગેરીના આકારે હોય છે.

૭. પાંચ અનુત્તરનું અવધિજ્ઞાન કુમારી કન્યાના ગલકંચુવાને આકારે હોય છે.

પ્ર. ૫૫ પરમા અવધિજ્ઞાન થયા પછી કેટલા કાળે કેવળજ્ઞાન થાય ?

ઉ. ૫૫ શ્રી ભગવતી સૂત્રના ૧૮મા શતકના આઠમા ઉદ્દેશાની ટીકામાં સ્પષ્ટ લખેલ છે કે પરમ અવધિજ્ઞાની અવશ્ય અંતમુહૂર્ત કાળે કેવળજ્ઞાની થાય. અર્થાત્ તેને અંતમુહૂર્તે કેવળજ્ઞાન થાય છે.

પ્ર. ૫૬ મનઃપર્યયજ્ઞાન કોને કહે છે ?

ઉ. ૫૬ જે જ્ઞાન ઈન્દ્રિય અને મનની સહાયતા વિના આત્મશક્તિથી બીજાના મનમાં રહેલા અથવા વિકલ્પગત્ રૂપી પદાર્થોને એકદેશ સ્પષ્ટ જાણે તેને મનઃપર્યયજ્ઞાન કહે છે. મનના પર્યાય એટલે પોતાના મનની તમામ પ્રકારની સ્થિતિને સમજી શકે, એક એક પર્યાયને સમજી શકે એટલે મનથી સાવ જુદો જ રહેતો હોય અને એજ પછી સામાના મનના પર્યાયની સ્થિતિ સમજી શકે એ મનઃપર્યય જ્ઞાન. મનઃપર્યયનો ખરો અર્થ શું છે કે પોતાના મનનાં બધાંય પર્યાય જાણવા તેનું નામ મનઃપર્યયજ્ઞાન. આત્મા જાણ્યા સિવાય અર્થાત્ આત્મા થયા વગર મનઃપર્યયજ્ઞાનમાં ન ગણાય. આ મનનાં પર્યાયો નિરંતર બદલાય તેનાં જ્ઞાતા-દ્રષ્ટા તે જ મનઃપર્યય જ્ઞાન અને પોતાના મનનાં પર્યાયો જાણે તો બીજાના મનમાં શું થઈ રહ્યું છે એનો એને પડઘો પડે એટલે પોતે કહી શકે કે આમાં આવું મન છે. પણ પોતાના જાણે ત્યારે કહી શકે કે મનમાં સારા વિચાર આવે કે ખોટા વિચાર આવે તે બધા પર્યાયને તમે જાણો એ મનઃપર્યયજ્ઞાન. પર્યાય વિજ્ઞાન ઝીણામાં ઝીણું

સમજે એના આધારે જે આવ્યું એ બધુ સમજાય ત્યારે મનઃપર્યયજ્ઞાન કહેવાય. મનઃપર્યયજ્ઞાન થાય એટલે સામાનાં મનમાં શું ચાલી રહ્યું છે તે દેખાય. અઢી દ્વિપમાં રહેલા સંજ્ઞી પર્યાપ્તા પંચેન્દ્રિય પ્રાણીઓના ચિંતિત અર્થને જાણી શકવાની જ્ઞાન શક્તિને મનઃપર્યયજ્ઞાન કહે છે. માનસિક આકૃતિઓ રૂપ પુદ્ગલ દ્રવ્યના પર્યાયોને ઈન્દ્રિયોની અપેક્ષા વિના સાક્ષાત્ આત્માથી જાણી શકવાની ચૈતન્ય જ્ઞાન શક્તિને મનઃપર્યયજ્ઞાન કહેવાય છે. મનઃપર્યયજ્ઞાન તે સિદ્ધિઓનું કારણ છે સામાના મનની વાત જાણી લેવી તે મનઃપર્યયજ્ઞાન કહેવાય છે. ટૂંકમાં જે જ્ઞાન દ્વારા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનનાં પર્યાયોને જાણી શકાય તેને મનઃપર્યયજ્ઞાન કહે છે સામાન્ય રીતે સાતમાં ગુણસ્થાનકે આ ઉદ્ભવે છે.

પ્ર. ૫૭ મનઃપર્યયજ્ઞાનના કેટલા પ્રકાર છે ?

ઉ. ૫૭ મનઃપર્યયજ્ઞાનના મુખ્ય બે પ્રકાર છે

૧. **ઋજુમતિ મનઃપર્યયજ્ઞાન :** જે મનઃપર્યયજ્ઞાન બીજાનાં મનમાં રહેલી સરળ અને સીધી વાતોને જાણે તે ઋજુમતિ મનઃપર્યયજ્ઞાન છે. અર્થાત્ સામાન્ય રૂપથી જે સામેના મનનાં ભાવોને જાણે તે ઋજુમતિ મનઃપર્યયજ્ઞાન છે.

૨. **વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન :** જે મનઃપર્યયજ્ઞાન બીજાના કુટિલ-મનમાં રહેલાને પણ, અર્ધચિંતનને ભવિષ્યમાં ચિંતવાશે તેને, ભૂતકાળમાં ચિંતવી હતી તેને વગેરે બાબતોને જાણે તેને વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન કહે છે અર્થાત્ વિશેષ રૂપથી અને સૂક્ષ્મત્તર રીતે મનના પર્યાયોને સ્પષ્ટ પણે જાણવા તેને વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન કહે છે. વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન પૂરા ભવ સુધી સાથે જ રહે છે. ઋજુમતિ મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થયા પછી કદાચિત જતું પણ રહેતું હોય છે.

પ્ર. ૫૮ મનઃપર્યયજ્ઞાન સાધુને કે ગૃહસ્થને હોય ?

ઉ. ૫૮ શ્રી પન્નવણાસૂત્રના ત્રીજા પદની ટીકામાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે આર્મષોઆદિ ઋદ્ધિને પામેલા મહર્ષીઓને જ મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થાય પણ ગૃહસ્થોને તો ન જ થાય.

પ્ર. ૫૯ કેવળજ્ઞાન કોને કહે છે ?

ઉ. ૫૯ જે સ્વતંત્રતાથી કેવળ આત્મશક્તિ દ્વારા ત્રિકાળવર્તી સમસ્ત પર્યાયો સહિત સમસ્ત દ્રવ્યોને સર્વ પ્રત્યક્ષ જાણે તેને કેવળજ્ઞાન કહે છે. જગતની સર્વ વસ્તુઓને સાક્ષાત્ જાણી અને દેખી શકાય તે કેવળજ્ઞાન. આત્મસાક્ષાત્કાર પણે સર્વ પદાર્થમાં રહેલા વિશેષ ધર્મોનું સંપૂર્ણ જ્ઞાન કરવાની શક્તિ તે કેવળજ્ઞાન. વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન જેને થાય તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ જરૂર થાય છે. આ જગતમાં જે કંઈ પણ કરવામાં આવે છે તે જગતને પોષાય યા ન પણ પોષાય છતાં હું કંઈજ પણ કરતો નથી એવી જે નિરંતર સમજ રહેવી તે કેવળજ્ઞાન છે.

પ્ર. ૬૦ આ પાંચ જ્ઞાન જેવા કે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન તેમાં કેટલા પરોક્ષ તથા કેટલા પ્રત્યક્ષ છે ?

ઉ. ૬૦ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ પરોક્ષ જ્ઞાન છે. પરોક્ષ એટલે મહીં વિચાર અને એ બધા આધાર જોઈએ માટે પરોક્ષ છે.

મનઃ પર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન એ પ્રત્યક્ષજ્ઞાન છે કારણ કે એમાં કોઈ આધારની જરૂર નથી. મનઃપર્યય જ્ઞાન બિલકુલ પ્રત્યક્ષ નહી પણ અર્ધ પ્રત્યક્ષ જેવું જ્યારે કેવળજ્ઞાન બિલકુલ પ્રત્યક્ષ કહેવાય.

પ્ર. ૬૧ જાતિસ્મરણ જ્ઞાન એટલે શું ?

ઉ. ૬૧ રાગ-દ્વેષ, સંકલ્પ-વિકલ્પ ઘણાં મંદ થાય અને પછી એકાંતમાં બેસી વિચાર શ્રેણીમાં ચઢી જાય તો સ્મરણ કરતાં કરતાં પૂર્વની વાત જરૂર સ્મરણમાં આવે છે, એટલે કે પૂર્વ જન્મમાં પોતે શું હતા અને તેનું જ નામ જાતિ સ્મરણજ્ઞાન કહેવાય. જાતિ સ્મરણ જ્ઞાન સંત ઉપદેશથી, સંત સમાગમથી કે યથાર્થ વિચારવાથી થાય છે. નવસો ભવ કે નવસો નવ્વાણું ભવ સુધી જોઈ શકાય છે. જાતિ સ્મરણજ્ઞાન એ જાતિજ્ઞાનના ''ધારણા'' નામના ભેદમાં સમાય છે તે પાછલા ભવ જાણી શકે છે તે જ્યાં સુધી પાછલા ભવમાં અસંજ્ઞીપણું ન આવ્યું હોય ત્યાં સુધી આગળ ચાલી શકે છે. જાતિસ્મરણ જ્ઞાન બુદ્ધિથી થાય છે. આ મતિજ્ઞાનનો જ એક ભેદ છે. શ્રીમદ્ રાજચંદ્રને જાતિસ્મરણ જ્ઞાન હતું.

પ્ર. ૬૨ જાતિસ્મરણજ્ઞાન વાળો મનુષ્ય પાછળનો ભવ કેવી રીતે દેખે છે ?

ઉ. ૬૨ નાનપણમાં કોઈ ગામ, વસ્તુ આદિ જોયા હોય અને મોટા થઈએ ત્યારે કાઈ પ્રસંગે તે ગામાદિનું આત્મામાં સ્મરણ થાય છે તે પ્રમાણે જાતિસ્મરણ જ્ઞાનવાનને પૂર્વભવનું ભાન થાય છે. કોઈને આ સ્મૃતિ થોડા વખત માટે રહે તો કોઈને લાંબો વખત રહે છે. શ્રીમદ્ રાજચંદ્ર પૂર્વના કોઈ ભવમાં દિગંબર દિક્ષા પાળી હતી એમ કહેવાય છે તે ભવમાં પણ એમનું નામ રાજચંદ્ર હતું આ ભવમાં પહેલા તો તેમનું નામ બીજુ (લક્ષ્મીચંદ કે અભેચંદ) રાખેલ હતું, પણ પોતે જ ત્રણ ચાર વર્ષના થયા ત્યારથી પોતાનું નામ રાયચંદ રખાવ્યું અને લેખ વગેરેમાં ''રાજચંદ્ર'' લખતા તેથી ''શ્રીમદ્ રાજચંદ્ર'' નામ કાયમ થયું. કાઠિયાવાડના એક યોગી વૈજનાથે કહેલું કે શ્રીમદ્ રાજચંદ્ર પૂર્વભવમાં નેપાળમાં રાજકુંવર હતા. તે વિશે શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું હતું કે એમણે મિથ્યા કહ્યું નથી. વૈજનાથને આત્મસાક્ષાત્કાર નહોતો પણ તેઓ શ્વાસોચ્છ્વાસ રોકતા તેથી તેમનું મન નિર્મળ હતું તેથી પોતાના અને બીજાના ભવ જાણી શકતાં.

પ્ર. ૬૩ જાતિસ્મરણ જ્ઞાન થયું છે અથવા તેનો અનુભવ યથાતથ્ય થયો છે એ શા ઊપરથી સમજાય ?

ઉ. ૬૩ અમુક દેશમાં, અમુક ગામ, અમુક ઘેર પૂર્વે દેહ ધારણ થયો હતો અને તેના ચિન્હો બીજા જીવને જણાવવાથી તે દેશાદિનું અથવા તેના નિશાનાદિનું કંઈપણ વિદ્યમાનપણું હોય તો બીજા જીવને પણ પ્રતીતિનો હેતુ સંભવે છે. અથવા જાતિ સ્મૃતિ જ્ઞાનવાન કરતાં જેનું વિશેષજ્ઞાન છે તે જાણે અથવા જેને જાતિસ્મૃતિજ્ઞાન છે, તે પુરુષના અથવા સ્ત્રીના સબંધમાં કોઈ જીવ પૂર્વ ભવે આવ્યો છે, વિશેષે કરીને આવ્યો છે તેને સબંધ જણાવતા કંઈ પણ સ્મૃતિ થાય તો તેવા જીવને પણ પ્રતીતિ આવે.

પ્ર. ૬૪ બુદ્ધિજન્ય જ્ઞાન કોને કહેવાય ?

ઉ. ૬૪ શ્રુતજ્ઞાનથી સમજાય ખરું પણ એ બુદ્ધિજન્ય જ્ઞાન કહેવાય. બુદ્ધિજન્ય જ્ઞાન જાડું હોય એ મૂળ અસલ સ્વરૂપે ના સમજાય. આખા જગતના શાસ્ત્રો જાણે પણ આત્મા ના જાણ્યો ત્યાં સુધી બુદ્ધિજન્ય જ્ઞાન કહેવાય અને એકલો આત્મા જાણ્યો હોય ને કશુંય શાસ્ત્ર ના જાણ્યા હોય તોય એ જ્ઞાનજન્ય કહેવાય.

પ્ર. ૬૫ ત્રિકાળજ્ઞાન એટલે શું ?

ઉ. ૬૫ પૂજ્ય દાદાશ્રી કહેતા કે ''ભવિષ્યકાળનો અગ્રશોચ, ભૂતકાળનો ગતશોચ અને વર્તમાન શોચ આ બધામાંથી તમોને મુક્ત કર્યા છે. તમોએ ત્રણ કાળ હાથમાં લીધા છે ત્રણેય કાળની લગામ તમારા હાથમાં આવી છે તે જ તમોને ત્રિકાળજ્ઞાન આપ્યું છે. ત્રણ કાળને હાથમાં લીધા તે ત્રિકાળજ્ઞાન, ત્રણે કાળ તમારી મૂઠ્ઠીમાં છે એને જ ત્રિકાળજ્ઞાન કહે છે.''

પ્ર. ૬૬ અનુભવ જ્ઞાન એટલે શું ?

ઉ. ૬૬ અનુભવ જ્ઞાન એટલે આત્મા થઈને આત્મા વર્તવો.

પ્ર. ૬૭ અનુભવ જ્ઞાનની નિશાની શું ?

ઉ. ૬૭ અપ્રયત્ન દશા. સહેજે બધું થયા કરે તે.

પ્ર. ૬૮ શ્રુત જ્ઞાન અને મતિ જ્ઞાન વચ્ચે શો સંબંધ ?

ઉ. ૬૮ શ્રુત જ્ઞાનનું ફળ મતિજ્ઞાન છે અને મતિજ્ઞાનનુ ફળ શ્રુતજ્ઞાન છે એમ શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાન કારણ કાર્ય છે. મતિજ્ઞાન સંપૂર્ણ સો ટકા થયું એનું નામ કેવળજ્ઞાન. આ શ્રુતજ્ઞાન એ થિયરેટીકલ જ્ઞાન છે અને મતિજ્ઞાન એ પ્રેકટીકલ છે. એ પ્રેકટીકલમાંથી થિયરેટીકલ હોય છે. થિયરેટીકલમાંથી પ્રેકટીકલ એમ કરતું કરતું કેવળજ્ઞાન સુધી જાય છે. શ્રુતજ્ઞાનની સમ્યક્ આરાધના હોય અને પોતાની ઈચ્છા છે કે મને આ શ્રુતજ્ઞાનનું ફળ જોઈએ છે તો શ્રુતજ્ઞાનનું ફળ મતિજ્ઞાન હોય છે. સમજ એ મતિજ્ઞાન છે અને સમજણ એ શ્રુતજ્ઞાન છે.

પ્ર. ૬૯ કેવળજ્ઞાન અને ત્રિકાળજ્ઞાનમાં શું ફરક છે ?

ઉ. ૬૯ કેવળજ્ઞાન તો આત્મા કહેવાય. કેવળજ્ઞાન એટલે પોતે આત્મા જ છે. કેવળજ્ઞાન એટલે એબ્સોલ્યુટ જ્ઞાન. ત્રિકાળજ્ઞાનમાં કોઈપણ જ્ઞાન ત્રિકાળી કેમ હોય તે જાણવું જોઈએ. આપણા લોકો એમ સમજે કે પચીસ વરસ પછી શું થશે તે અત્યારે તેને દેખાય પણ તે વર્તમાન કાળ જ કહેવાય. વર્તમાન કાળ એકલો જ દેખાય અને બીજા બે કાળ એની સમજણમાં આવી જાય. જેમ કે અત્યારે આ માટીનો ઘડો છે તે પહેલા માટી હતી અને હવે પછી ભાંગીને ભૂક્કો થઈને પાછો માટી જ થઈ જશે એ ખ્યાલ રહેવું તે ત્રિકાળજ્ઞાન છે.

પ્ર. ૭૦ વિભંગજ્ઞાન એટલે શુ ?

ઉ. ૭૦ કુશ્રુત બધું સાંભળે, ભણે અને તેમાંથી કુમતિ ઉત્પન્ન થાય છે અને તેમાંથી કુઅવધિ ઉત્પન્ન થાય છે એ વિભંગજ્ઞાન. આખું જગત વિભંગજ્ઞાનમાં જ છે.

પ્ર. ૭૧ જ્ઞાની કોને કહેવાય ? જ્ઞાની પુરુષ કોને કહેવાય ?

ઉ. ૭૧ લોક આંગળી કરે તેવું કાંઈપણ ના કરે તે જ્ઞાની. જે અહંકાર છોડાવે તે જ્ઞાની. જેની વાણી સાંભળીને આત્મા ઊછાળો મારે તે જ્ઞાની. કોઈના અભિપ્રાયને કોઈ રીતે ખોટો ન કહે તે જ્ઞાની. સો એ સો ટકા કોમ્પ્રેસ, ટેન્શન અને ફલેક્સીબલ સંપૂર્ણ થાય તે જ્ઞાની. ઉદય કર્મ ને અનુસરે તે જ્ઞાની. કશામાં મારું તારું ના કરે, ઉદયકર્મ તરીકે વર્તે તે જ્ઞાની. જેને કંઈપણ પ્રપંચ ના હોય જેને કંઈપણ પૈસાની લેવડ દેવડ ન હોય, કંઈપણ કોઈપણ જાતનો અહંકાર ન હોય અને જેને કંઈ જાણવાનું બાકી રહ્યું ન હોય તે જ્ઞાની. બધા ફોડ પાડે અને આત્માનું જ્ઞાન તથા ભાન કરાવી આપે તે જ્ઞાની. જે રોકડી Cash મુક્તિ અપાવે તે જ્ઞાની. જે આપણી દુર્ધ્યાન શક્તિ લઈ લે, એ શક્તિ જ ઉપાડી લે તે જ્ઞાનીપુરુષ. (આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ દુર્ધ્યાન છે.) જે આત્મામાં નિરંતર રહે તે જ્ઞાની. આખા જગતનું વાતાવરણ વાઈટ વોશ કરે તે જ્ઞાની. બીજાના અંતર ઠારે તે જ્ઞાની. જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી બંધાયેલા નથી તે જ્ઞાની. જે આખાય જગતના શાસ્ત્રોને એકજ શબ્દમાં સમજાવી દે તે જ્ઞાની. જ્ઞાનીપુરુષ એટલે અવર્ણનીય આત્મા. આપણા પાપોનો નાશ કરી આપે તે જ્ઞાની. પ્રારબ્ધ અને પુરુષાર્થની લક્ષ્મણ રેખા જાણી તેનું નામ જ્ઞાની. જેને ઉદય કર્મનો ગર્વ મટી જાય તે જ્ઞાની. જેના શબ્દો સાંભળતાની સાથે શ્રદ્ધા બેસી જાય તે જ્ઞાની. મરણ વખતે શરીરમાં રોગ ના હોય તે યથાર્થ જ્ઞાની. આ જગતમાં જેટલા મનુષ્યો છે તે બધાંની જાગૃતિ ભેગી કરે એટલી જાગૃતિ જેનામાં હોય તે જ્ઞાની. જ્ઞાની એટલે ત્રણ લોકને દર્શન કરવા યોગ્ય પુરુષ. આ દુનિયામાં જે કોઈ ચીજના ભિખારી નથી તે જ્ઞાની. જે એક કલાકમાં સંપૂર્ણ પાપો બાળીને ભસ્મ કરી નાખે તે જ્ઞાની. આશ્રમનો શ્રમ ના કરે તેનું નામ જ્ઞાની. કોઈપણ સ્થિતિમાં ઈમોશનલ ના થાય તે જ્ઞાની. દેહ જોડે લટકતી સલામ કરતા આવડી ગયું તે જ્ઞાની. રોકડો મોક્ષ

આપે તે જ્ઞાની. આત્મજ્ઞાનથી કેવળજ્ઞાન સુધીના બધાં જ્ઞાની કહેવાય. જેમના શબ્દે શબ્દે શાસ્ત્ર લખવા લાયક હોય તે જ્ઞાની. આધિ, વ્યાધિ, ઉપાધિમાં સમાધિ અપાવે તે જ્ઞાની. આંત્યંતિક મુક્તિ અપાવે તે જ્ઞાની. આખા જગતને નિર્દોષ ભાળે તે જ્ઞાની. મૂર્તિમંત મોક્ષ સ્વરૂપ અને તરણ તારણહાર તથા દેહધારી પરમાત્મા તે જ્ઞાની. સંપૂર્ણ નિષ્પક્ષપાતી હોય, તેમની વાણી સ્યાદવાદ હોય અને જેની સામે વિશ્વના સકલ રહસ્યો છતાં થઈ ગયા હોય તે જ્ઞાની. સંપૂર્ણ નિરિચ્છક દશામાં વર્તે તથા કોઈપણ પ્રકારની ભીખ ના હોય તે જ્ઞાની. આ દુનિયામાં જ્યારે જુઓ ત્યારે ફ્રેશ ને ફ્રેશ દેખાય એનું નામ જ્ઞાની. વ્યવહાર અને નિશ્ચય બંને સાચવે તે જ્ઞાની. આખું જગત ઉઘાડી આંખનું સ્વપ્ન છે એવું જે જુએ છે તે જ્ઞાની. હું અને ભગવાન બે એક થયા તુહીના બોલે એ હુંહી જ બોલે તે જ્ઞાની. જેનામાં અહંકાર અને મમતા ના હોય, જે ભગવાન સ્વરૂપ થયા હોય તથા જે વસ્તુત્વનું ભાન કરાવડાવે તે જ્ઞાની. કોઈ ચીજ જાણવાની બાકી ના હોય એનુ નામ જ્ઞાની. બધા દુઃખોથી મુક્તિ અપાવે તે જ્ઞાની. જે નિરંતર વર્તમાનમાં વર્તે અને પ્રકૃતિમાં રહીને પોતે છૂટા રહે તે જ્ઞાની. સંસારમાં કશું ના આવડે તેનું નામ જ્ઞાની. જે નિરંતર અપ્રયત્ન દશામાં હોય તથા જેમની જોડ ના હોય અજોડ હોય તે જ્ઞાની. શાસ્ત્રમાં નથી, સાંભળ્યામાં નથી છતાં અનુભવમાં આવે એવી જેની વાણી છે તે જ્ઞાની. સત્‌દેવ, સત્‌ગુરુ અને સત્‌ધર્મ એ ત્રણેય ભેગું થાય તેનું નામ જ્ઞાની. જેને દુનિયામાં કશું જાણવાનું બાકી નથી તે જ્ઞાની. જ્ઞાની કોનું નામ કે જેનામાં રાગ દ્વેષ ના હોય તથા કોઈપણ પ્રકારનો ત્યાગાત્યાગ સંભવે નહી. જ્ઞાની એટલે ભગવાનનાં પ્રતિનિધિ. પોતાના જ્ઞાનની ઉપર જે વહેમ પાડી આપે તેનું નામ જ્ઞાની. શબ્દોનો પરમાર્થ સમજે તે જ્ઞાની. જેની સર્વ પ્રકારની ભીખ છુટી ગઈ છે તે જ્ઞાની. ઈફેક્ટમાં અનઈફેક્ટીવ રહે તે જ્ઞાની. અંધારામાં વહી જાય તેને અંજવાળામાં જવા દે તેનું નામ જ્ઞાની. પ્રતિકુળને અનુકૂળ માને તે જ્ઞાની. મનને ગમતું કે ના ગમતું બંનેને જોયા કરે તે જ્ઞાની. જીવ અને શિવનો ભેદ મટી ગયો તે જ્ઞાની. મોક્ષનો માર્ગ બતાવે તે જ્ઞાની. મોત આવે ને ચમકે નહીં તે જ્ઞાની. પ્રકૃતિ માત્રને જાણે પણ વર્તે નહીં તે જ્ઞાની. વ્યવહાર અને નિશ્ચય બંનેમાં જે ચોક્કસ છે તે જ્ઞાની. દોષ દેખતાંની સાથે જ પ્રતિક્રમણ કરે તે જ્ઞાની. બધાનાં બધાંય વિચારોને જાણી જોઈને

રાજીખુશીથી એડજસ્ટ થાય એ જ્ઞાની. કાયમની કેડ મટાડે તેનું નામ જ્ઞાની. ચિંતા મટાડે તેનું નામ જ્ઞાની. જ્ઞાનનો છેડો એજ જ્ઞાની. જેને કોઈપણ અવસ્થાની ચોંટ નહિ તે જ્ઞાની. અવસ્થાને માત્ર જુએ અને જાણે તથા અકષાય ભાવ એ જ જ્ઞાની. ઉદયમાં જોડાય નહીં તે જ્ઞાની. જ્ઞાની તો તેનું નામ કે પોતે જેટલું બોલે તેટલું પુરવાર કરી આપે. સંસાર ભુલાડે તેનું નામ જ્ઞાની. જેનામાં અહ્રમ બિલકુલેય ના હોય નિરંતર જ્ઞાતા - દ્રષ્ટાપદમાં રહેતાં હોય તે જ્ઞાની. જેને દેહની મસ્તી નથી, વાણીની મસ્તી નથી, મનની મસ્તી નથી તે જ્ઞાની. જ્ઞાની ત્રણેય કાળ એક જ સમયમાં જોઈ શકે છે. આત્માનો અનુભવ જેને સંપૂર્ણ થયો છે તે જ્ઞાની.

પ્ર. ૭૨ જ્ઞાની પુરુષ શું છે ?

ઉ. ૭૨ જ્ઞાની પુરુષ એ તો સમસરણ માર્ગનો અંત છે. જ્ઞાની પુરુષ એ મુક્તિ ધર્મ પ્રાપ્તિનું છેલ્લું નિમિત્ત છે. જ્ઞાની પુરુષ કોણ કે જેને વર્લ્ડમાં (દુનિયામાં) કશું જાણવાનું બાકી નથી. જ્ઞાની પુરુષ તો તે જ કે જે નિશદિન આત્માના જ ઉપયોગમાં રહે છે તેમની વાણી અનુભવમાં આવે તેવી હોય તેમને અંતરંગ સ્પૃહા ના હોય ગર્વ કે ગારવતા ના હોય. જગતમાં તે કોઇ ચીજના ભિખારી ના હોય સંપૂર્ણ અયાચકપણું હોય. જ્ઞાની પોતે પારસમણી કહેવાય. સૂક્ષ્મ રીતે જ્ઞાનીપુરુષ એ ૐ કહેવાય.

પ્ર. ૭૩ કોને જ્ઞાનીનું પદ મળે ?

ઉ. ૭૩ જેને સર્વસ્વ પ્રકારની ભીખ મટે તેને જ્ઞાનીનું પદ મળે. જેને ભીખ સર્વસ્વ પ્રકારની ગઇ તેને આ જગતનાં તમામ સૂત્રો હાથમાં આપવામાં આવે છે. નિરિચ્છક એ જ્ઞાની કહેવાય. જે કોઈ ચીજના ભિખારી નથી તેને જ્ઞાનીનું પદ મળે છે.

પ્ર. ૭૪ જ્ઞાની પુરુષ પાંચમાં આરામાં થવાના છે એ વાત કેટલાં વર્ષ પહેલાં કહેલી ?

ઉ. ૭૪ અમે આ કાળમાં આવવાના છીએ અને આ અક્રમ વિજ્ઞાન આપવાના છીએ. એ વાત ત્રણ લાખ વર્ષ પહેલાં તીર્થંકરે કહેલી. ત્રણ લાખ વર્ષ પછી ભયંકર ઘીટ આશ્ચર્ય કાળમાં જ્ઞાની પાકશે અને લોકોનું કામ કાઢી નાખશે એમ ભગવાને કહેલું, તે અમે પણ વાંચેલું પરંતુ તે અમે પોતે હોઇશું એ ખબર નહીં એમ પૂજ્ય દાદાશ્રી કહેતા.

પ્ર. ૭૫ જ્ઞાની પુરુષ કેવી રીતે ઓળખાય?

ઉ. ૭૫ જ્ઞાની પુરુષ તેમની આંખો ઉપરથી ઓળખાય અને બીજી તેમની વીતરાગ વાણી ઉપરથી ઓળખી શકાય.

પ્ર. ૭૬ આગળના વખતમાં કયા કયા જ્ઞાનીઓ થઇ ગયા?

ઉ. ૭૬ વશિષ્ટ, અષ્ટાવક્ર, શ્રીમદ્ રાજચંદ્ર, શ્રી કુન્દકુન્દાચાર્ય.

પ્ર. ૭૭ શ્રીમદ્ રાજચંદ્રે જ્ઞાનીપુરુષ માટે શું લખ્યું છે?

ઉ. ૭૭ શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું કે ''એક અંશ શાતાથી કરીને પૂર્ણ કામતા સુધીની સર્વ સમાધિ તેનું સત્પુરુષ જ કારણ છે આટલી બધી સમર્થતા છતાં જેને કાંઇ પણ સ્પૃહા નથી, ઉન્મતતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગારવતા નથી એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરુષને અમે ફરી ફરી નામ રૂપે સ્મરીએ છીએ.'' જેને કિંચિત્માત્ર કોઇ પણ પ્રકારની સ્પૃહા નથી, દુનિયામાં જેને કોઇપણ પ્રકારની ભીખ જેને નથી. માનની, કીર્તિની, ધનની, સ્ત્રીઓની, શિષ્યોની, દેરાસર બાંધવાની, ઉપદેશ આપવાની યે જેને ભીખ નથી કે કોઇને સુધારવાની યે ભીખ નથી, કોઇપણ જાતનો ગર્વ નથી, ગારવતા નથી, પોતાપણું નથી એ જ્ઞાનીપુરુષ છે.

પ્ર. ૭૮ આપ્તપુરુષ કોને કહેવાય?

ઉ. ૭૮ આપ્ત શબ્દના ત્રણ મુખ્ય અર્થ છે. પ્રમાણભૂત, વિશ્વાસપાત્ર અને યથાર્થ જ્ઞાનયુકત. આપ્તપુરુષ એટલે આ સંસારમાં સર્વસ્વ રીતે વિશ્વાસ કરવા યોગ્ય અને મોક્ષે જતાં સુધી સર્વસ્વ રીતે વિશ્વાસ કરવા યોગ્ય પુરુષ. જગતમાં આપ્તપુરુષ તે એકલા જ્ઞાની પુરુષ જ કહેવાય. આપ્ત એટલે બધી રીતે વિશ્વાસ કરવા યોગ્ય. સાંસારિકથી માંડીને મોક્ષપ્રાપ્તી માટે ઠેઠ સુધી વિશ્વાસ કરવા યોગ્ય હોય તેને આપ્તપુરુષ કહેવાય.

પ્ર. ૭૯ અક્રમ વિજ્ઞાની કોનું નામ કહેવાય?

ઉ. ૭૯ અક્રમ વિજ્ઞાની એનું નામ કહેવાય કે જેનામાં બુદ્ધિ સેન્ટ પરસેન્ટ ન હોય, એક ટકોય બુદ્ધિ નહીં તેનું નામ અક્રમ વિજ્ઞાની.

પ્ર. ૮૦ અપૂર્વ જ્ઞાની કોને કહેવાય?

ઉ. ૮૦ જે સ્થિતિમાં જે નામે અને જે વેશે અને જે અવસ્થામાં જ્ઞાન થાય તેમાં કશામાં, કશો ફેરફાર ના કરે તે અપૂર્વ જ્ઞાની.

પ્ર. ૮૧ જ્ઞાનીમાં કેટલા ગુણ હોય?

ઉ. ૮૧ તીર્થંકરોને જ્ઞાનીનું વર્ણન કરવામાં મહેનત કરવી પડતી હતી કારણ જ્ઞાની અવર્ણનીય છે. તીર્થંકરોમાં ૧૦૮ ગુણો હોય જયારે જ્ઞાનીમાં ૧૦૦૮ ગુણ હોય તેમા મુખ્ય ૧૬ ગુણ અને તેમાંય ચાર ગુણ જે સામાન્ય રીતે કોઇનેય પ્રાપ્ત ના થાય તેવા હોય.

૧. એક આંખમાં સૂર્ય જેવો પ્રતાપ હોય.

૨. બીજી આંખમા ચંદ્ર જેવી સૌમ્યતા હોય.

૩. સાગર જેવા ગંભીર હોય.

૪. મેરુ પર્વત જેવા સ્થિર હોય.

૫. અબુધ હોય, બુદ્ધિનો એક છાંટોય ના હોય.

૬. સર્વજ્ઞ હોય, કંઇ જ જાણવાનું બાકી ના હોય

૭. બાળક જેવી નિર્દોષતા હોય, સંપૂર્ણ ટોચ પરની સમજ સહિતની નિર્દોષતા હોય. આખા જગતને નિર્દોષ જુએ.

૮. નિરિચ્છક હોય જેને કોઇપણ પ્રકારની ઇચ્છા કે ભીખ ના હોય.

૯. કરૂણાના સાગર હોય, અપાર કરૂણાના ધામ હોય.

૧૦. સરળતા હોય, અહંકાર અને મમતા રહિત સંપૂર્ણ નિરઅહંકારી પદે હોવાથી જેમ કહો તેમ કરે તેવા સરળ હોય.

૧૧. સંપૂર્ણ નિરાગ્રહી હોય, આગ્રહનું એકય પરમાણું ના હોય.

૧૨. નિર્ગ્રંથ હોય, બધી જ ગ્રંથિઓ છેદાઇ ગઇ હોય.

૧૩. સંપૂર્ણ નિષ્પક્ષપાતી હોય, પોતાના ખુદના મન, વચન, કાયા માટે પણ નિષ્પક્ષપાતી હોય. દરેક ધર્મવાળાને પોતાના લાગે.

૧૪. વાણી, વર્તન અને વિનય મનોહર હોય, સ્યાદવાદ વાણી હોય અને વચનબળ ગજબનું હોય.

૧૫. ટેન્શન રહિત મુકત હાસ્ય હોય, તમામ પ્રકારના દ્વન્દોથી મુક્ત હોય દ્વન્દ્વાતિત્ત હોય તેથી મુક્ત હાસ્ય હોય.

૧૬. ગુરુત્તમ, લઘુત્તમ હોય નિશ્ચયમાં સૌથી મોટા અને વ્યવહારમાં કીડી કરતાંય નાના, આખા જગતના શિષ્ય હોય.

૧૭. સીકસી ના હોય, (ખાનગી ના હોય,) આ જગતમાં પોલ વગરનો હોય તેને જ્ઞાની કહેવાય. જેને સીક્રેટ નથી ઓપન ટુ સ્કાય (ખુલ્લી કિતાબ જેવું) જેનું જીવન હોય.

૧૮. બ્રહ્માંડનો માલિક હોય. જે મનના માલિક નથી વાણીના માલિક નથી, દેહના માલિક નથી આ ત્રણેયનું માલિકીપણું છૂટે એ બ્રહ્માંડનો માલિક કહેવાય.

૧૯. વ્યવહાર આદર્શ કહેવાય, આદર્શ વ્યવહાર એટલે બધા આજુ બાજુના પાડોશીઓ અને બધા એમ કહે કે કહેવું પડે એમનું તો.

૨૦. ભેદવિજ્ઞાની હોય, પુદ્ગલ અને આત્મા જુદા પાડી આપે તેવા હોય.

૨૧. વર્લ્ડની અજાયબી હોય એટલે કે અજોડ હોય તેમની કોઇ જોડ હોય નહીં.

૨૨. એક ક્ષણવાર પણ સંસારમાં ના હોય, સંસાર પરિણતિ ન હોય દિવસ-રાત નિરંતર આત્મ રમણતા જ હોય.

૨૩. સંપૂર્ણ સ્વતંત્ર હોય-એકેય ભૂલ ના હોય તેથી કોઈ ઉપરી જ નહીં તેમ જ કોઈ અન્ડર હેન્ડ પણ નહીં.

૨૪. પ્રત્યેક કર્મ દિવ્ય હોય-સંપૂર્ણ અહંકાર રહિત હોવાથી તથા દરેક ક્રિયા વિધિપૂર્વકની હોય તેથી તેમના પ્રત્યેક કર્મ એકેય કર્મ બંધનકર્તા ન હોય.

૨૫. કોમ્પ્રેસીબલ હોય-ગમે તેટલું પ્રેસર આવે તો તે પોતે સંકોચાઇ જાય અને પાછા ખમી લે અને તરત જ તેવાને તેવા થઈ જાય.

૨૬. ફલેક્સીબલ હોય-એટલે વાળો તેમ વળી જાય પણ ક્યારેય તૂટી ન જાય અને અત્યંત સરળતા હોય.

૨૭. ટેન્સાઈલ હોય-એટલે ગમે તેટલું ટેન્સન ઝીલી શકે તેવા હોય.

૨૮. વર્તમાનમાં નિરંતર વર્તતા હોય, કાળના નાનામાં નાના અવિભાજ્ય સમયમાં જ રહે. નિરંતર વર્તમાનમાં જ વર્ત્યા કરે.

૨૯. વીતરાગ હોય-એક ક્ષણ પણ વીતરાગ વિહોણાં ના હોય. તમામ પ્રકારના મતભેદથી રહિત.

૩૦. ભીડમાં એકાંત હોય-જ્ઞાની પુરુષને તો ભીડમાં એકાંત હોય.

પ્ર. ૮૨ જ્ઞાનીને આ જગતમાં કઈ ચાર વસ્તુઓ દેખાય ?

ઉ. ૮૨ **ભોજનાલય** : ભોગવવાની + વાપરવાની વસ્તુ

શૌચાલય : ભોગવીને છોડી દેવાની વસ્તુ

પૂરન-ગલન : જેનું પૂરણ થયું તેનું ગલન થાય.

શુદ્ધાત્મા : શુદ્ધ આત્મા આ ચાર સિવાય જ્ઞાનીને આ જગતમાં કશુ દેખાય જ નહીં.

પ્ર. ૮૩ જ્ઞાનીની પ્રતિભા શું ?

ઉ. ૮૩ આખા જગતમાં અજોડ એવું નિખાલસ હાસ્ય તેમની પ્રતિભા છે.

પ્ર. ૮૪ જ્ઞાની પુરુષનો એક કલાકનો રાજીપો શું ફળ આપે ?

ઉ. ૮૪ જ્ઞાની પુરુષનો એક કલાકનો રાજીપો આખા બ્રહ્માંડના માલિક બનાવી દે પણ સરળ થઈએ તો મળે.

પ્ર. ૮૫ જ્ઞાની પુરુષ વર્લ્ડની (દુનિયાની) અજાયબી કેમ ગણાય ?

ઉ. ૮૫ જ્ઞાની પુરુષને બે વિરોધાભાસી ગુણો એક સાથે ઉત્પન્ન થાય છે એમની એક આંખમા સૂર્યનો પ્રતાપ હોય અને બીજી આંખમાં ચંદ્ર જેવી સૌમ્યતા હોય. આ જગતના મોટા મોટા મહાત્માઓને કાં તો પ્રતાપ હોય કાં તો સૌમ્યતા હોય જ્યારે જ્ઞાની પુરુષમાં આ બન્ને ગુણો એક સાથે ઉત્પન્ન થાય માટે જ્ઞાની પુરુષ વર્લ્ડની (દુનિયાની) અજાયબી ગણાય છે.

પ્ર. ૮૬ જ્ઞાની પુરુષને મૂર્તિમંત મોક્ષ શાથી કહે છે ?

ઉ. ૮૬ આત્મા અને અનાત્મા ભ્રાંતિ રસથી જોડાયા છે તે ક્યારેય છૂટે તેમ નથી જ્ઞાની પુરુષ પરમાણું નાંખે છે ત્યારે જ તે ભ્રાંતિરસ ઓગળે છે અને આત્મા (શુદ્ધાત્મા) જુદો વર્તાય છે માટે જ્ઞાની પુરુષ એ મૂર્તિમાન મોક્ષ છે.

પ્ર. ૮૭ જ્ઞાની પુરુષને વાત્સલ્ય મૂર્તિ કેમ કહે છે ?

ઉ. ૮૭ નિષ્પક્ષપાતી હોય તે જ વાત્સલ્ય મૂર્તિ થઈ શકે. જ્યારથી પૃથ્વી ઉપર ધર્મની શરૂઆત થઈ ત્યારથી તીર્થંકરો સિવાય કોઈ વાત્સલ્ય મૂર્તિ થયું જ નથી પરંતુ અક્રમ વિજ્ઞાની સંપૂર્ણ નિષ્પક્ષપાતી હોવાથી વાત્સલ્ય મૂર્તિ કહેવાય છે.

પ્ર. ૮૮ જ્ઞાની પુરુષની દરેક ક્રિયા દિવ્ય કેમ હોય છે. ?

ઉ. ૮૮ જ્ઞાની પુરુષમાં સંપૂર્ણ અહંકાર ખલાસ થઈ ગયો છે વળી તેમની કોઈ ક્રિયા વિધિ વગરની હોતી નથી પછી તે દવા લેવાની હોય કે જમવાનું હોય કે અન્ય કંઈપણ કાર્ય હોય, દરેક ક્રિયા વિધિ સહિત છે તથા મન, વચન, કાયાનું માલિકીપણું નથી તેથી તેમની દરેક ક્રિયા દિવ્ય હોય છે.

પ્ર. ૮૯ મુકત હાસ્ય ક્યારે ઉત્પન્ન થાય ?

ઉ. ૮૯ જ્યારે નિર્વેદ થાય ત્યારે આખાં બ્રહ્માંડનો સ્વામી થાય અને દેહનું સ્વામીપણું સંપૂર્ણ ઊડી ગયું હોય ત્યારે મુક્તહાસ્ય ડૂંટીએથી ઉત્પન્ન થાય.

પ્ર. ૯૦ તરણ તારણહાર કોને કહેવાય ?

ઉ. ૯૦ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે ''જેની પ્રાપ્તિ પછી અનંતકાળનું યાચકપણું મટી સર્વ કાળને માટે અયાચકપણું પ્રાપ્ત થાય એવા જે કોઈ હોય તો તેને તરણતારણહાર જાણીએ''

પ્ર. ૯૧ જિતેન્દ્રિય જિન કોને કહેવાય ?

ઉ. ૯૧ જે જ્ઞેયને જ્ઞેય કહે અને જ્ઞાતાને જ્ઞાતા કહે એ બધી ઈન્દ્રિયોને જીતી ગયો અને તે જ જિતેન્દ્રિય જિન કહેવાય. આરોપિત ભાવ છે કે ''હું ચંદુલાલ છું'' તે ઊડી જાય ત્યારે જિતેન્દ્રિય જિન કહેવાય.

પ્ર. ૯૨ દાદાની મહીં ભગવાન ક્યારે ખીલે ?

ઉ. ૯૨ આ સત્સંગમાં જયારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ભેગા થાય ત્યારે તો મહીંથી ભગવાન ખીલે. આ વાણી તો કેવી છે કે જયારથી સાંભળી ત્યારથી સંયમ ઉત્પન્ન થાય અને જયાં અસંયમ થાય ત્યાં મહીં ખૂંચે.

પ્ર. ૯૩ જ્ઞાનીનો પ્રેમ કેવો હોય ?

ઉ. ૯૩ જ્ઞાનીનો એવો પ્રેમ હોય કે મડદું બેઠું થઈ જાય. મડદું જીવતું થઈ જાય એવો પ્રેમ હોય.

પ્ર. ૯૪ જ્ઞાનીની દશા શું ?

ઉ. ૯૪ શુધ્ધ ઉપયોગી અને સમતાધારી જ્ઞાન ધ્યાન મનોહારી રે, કર્મ કલંકકો દૂર નિવારી, જીવ લહે શિવ નારી રે.

પ્ર. ૯૫ જ્ઞાની At a Time કેટલી વસ્તુ જોઈ શકે ?

ઉ. ૯૫ જ્ઞાની At a Time ચાર વસ્તુ જોઈ શકે.

૧. પોતાની જાતને
૨. દાદા ભગવાનને
૩. તમને ચંદુલાલને
૪. તમારા આત્માને

પ્ર. ૯૬ જ્ઞાની પુરુષનાં આશીર્વાદનું ફળ શું ?

ઉ. ૯૬ મુક્તિ

પ્ર. ૯૭ જ્ઞાની પાસે શું હોય ?

ઉ. ૯૭ જ્ઞાની પાસે લૌકિક આબરૂ ના હોય, અલૌકિક આબરૂ હોય. લોક આબરૂ તો મારી મેં તે દિવસની વિશ્વામિત્રી નદીમાં નાંખી દીધી છે અમે નીડર છીએ પણ અમારી નીડરતા બીકવાળી હોય, બેફામ ન હોય.

પ્ર. ૯૮ જ્ઞાની પુરુષ જ્ઞાન આપે ત્યારે શું કરે ?

ઉ. ૯૮ અનંત જન્મોના પાપોને બાળીને ભસ્મીભૂત કરે તથા માન નામના છોકરાને મારી નાંખે અને બાકીના પાંચને કેદમાં નાખે. ભ્રાંતિ રસથી એકાકાર થયેલા આત્મા અને અનાત્માને પરમાણું છાંટી વચનબળથી જુદા પાડી દે છે.

પ્ર. ૯૯ જ્ઞાની કોણ અને સર્વજ્ઞ કોણ ?

ઉ. ૯૯ જે એક તત્ત્વ આત્માને જાણે તેને જ્ઞાની કહેવાય અને જગતનાં બધાં તત્ત્વોને જાણે તે સર્વજ્ઞ કહેવાય.

પ્ર. ૧૦૦ જ્ઞાની પુરુષોની બાહ્ય ચર્યા કેવી હોય ?

ઉ. ૧૦૦ જ્ઞાની પુરુષોને બહારના ભાગમાં અહંકાર હોય નહીં એટલે સહેજા સ્હેજ થઈ જાય એટલે માંકડ કરડે તો પાસાં ફેરવે કે રડે પણ ખરા. સાહજિક હોય.

પ્ર. ૧૦૧ જ્ઞાની પાસે કેટલી કળા હોય ?

ઉ. ૧૦૧ જ્ઞાની પાસે ઘણા બધાં પ્રકારની બોધકળા અને અનંત પ્રકારની જ્ઞાનકળા હોય.

પ્ર. ૧૦૨ જ્ઞાની કરે તે ન કરશો પણ જ્ઞાની કહે તે કરજો એ વાક્ય સમજાવો ?

ઉ. ૧૦૨ એકવાર બુધ્ધ ભગવાન શહેરમા થઈને જતાં હશે અને તેમને તરસ લાગી તે એક જણને કહ્યું ભાઈ જરા પાણી પાશો, તે પેલો કોઢવાળો હતો તે ગરમ થઈ ગયો અને ભગવાનને લોખંડનો ઊકળતો રસ આપ્યો તે ભગવાન પી ગયા તે જોઈને તેમનો શિષ્ય પીવા ગયો ત્યારે ભગવાને કહ્યું કે આ તારું કામ નથી માટે જ્ઞાની કરે તે ન કરશો પણ જ્ઞાની કહે તે કરજો. જ્ઞાનીના વચન વિચારવા માટે છે જ્યાં ને ત્યાં પ્રદર્શન કરવા માટે કે બોલવા માટે નથી. જ્ઞાની પાસે દરેકનું મારણ હોય એટલે એ તરત ઉપાય મૂકી દે.

પ્ર. ૧૦૩ જ્ઞાની પુરુષનું ઓળખાણ નહીં થવામાં જીવનાં કયા મુખ્ય દોષ કારણભૂત છે ?

ઉ. ૧૦૩ જ્ઞાની પુરુષનું ઓળખાણ નહીં થવામાં ઘણું કરીને જીવના ત્રણ મોટા દોષ છે.

૧. ''હું જાણું છું'' અને ''હું સમજું છું'' એવા પ્રકારનું જે માન જીવને રહ્યાં કરે છે તે માન જ્ઞાની પુરુષનું ઓળખાણ થવા દેતું નથી.

૨. પરિગ્રહ અને મોહને કારણે જ્ઞાની પુરુષ કરતાં પણ વિશેષ રાગ ભૌતિક ચીજવસ્તુઓમાં છે તેથી જ્ઞાની પુરુષની ઓળખાણ થતી નથી.

૩. લોકભયને લીધે, અપકીર્તિના ભયને લીધે અને અપમાનનાં ભયને લીધે જ્ઞાનીથી વિમુખ રહે છે.

૪. સ્વચ્છંદ એ પણ એક મોટું કારણ છે. પોતાની કલ્પના પ્રમાણે જ્ઞાનીના વિચારનું, શાસ્ત્રનું તોલ કરવામાં આવે છે થોડું ઘણું પણ શાસ્ત્ર સબંધી વાચનાદિજ્ઞાન મળવાથી ઘણા પ્રકારે તે દર્શાવવાની ઈચ્છા જીવને રહ્યાં કરે છે આ જ કારણો જીવને જ્ઞાનીથી અજાણ્યો રાખે છે. આ દોષોનું ઉપાદાન કારણ એવો તો એક ''સ્વચ્છંદ'' નામનો મહાદોષ છે અને તેનું નિમિત્ત કારણ અસત્સંગ અર્થાત્ કુસંગ છે.

પ્ર. ૧૦૪ જ્ઞાનીની કૃપા પ્રાપ્તિ માટે શેની જરૂર છે ?

ઉ. ૧૦૪ માત્ર પરમ વિનય અને હું કંઈજ જાણતો નથી એ ભાવ નિરંતર રહે તથા જ્ઞાનીનો અવિરત સત્સંગ અને જ્ઞાનીની આજ્ઞામાં જ રહે તેના ઉપર જ્ઞાનીની અવશ્ય કૃપા થાય જ.

પ્ર. ૧૦૫ જ્ઞાન એટલે શું ?

ઉ. ૧૦૫ જે વડે વસ્તુનું સ્વરૂપ જાણીએ તે જ્ઞાન.

પ્ર. ૧૦૬ જ્ઞાનની શી આવશ્યકતા છે ?

ઉ. ૧૦૬ અજ્ઞાનને કારણે જ અનંત કાળથી ભટકવાનું ચાલું રહ્યું છે એ અજ્ઞાનાદિક ટાળવા માટે જ્ઞાનની પરિપૂર્ણ આવશ્યકતાં છે.

પ્ર. ૧૦૭ જ્ઞાન પ્રાપ્તિનાં સાધનો શું ?

ઉ. ૧૦૭ જ્ઞાન પ્રાપ્તિનાં સાધનો નીચે મુજબ છે.

૧. આર્યભૂમિમાં ભારત દેશમાં ઉત્તમ કુળમાં મનુષ્ય જન્મ.

૨. પુણ્યાનુબંધી પુણ્ય

૩. સર્વજ્ઞ વચનામૃતની પ્રાપ્તિ અને એની શ્રધ્ધા.

પ્ર. ૧૦૮ જ્ઞાની પુરુષને જોયાં પછી સ્ત્રી પરત્વે કેવી ભાવના ઘટે ?

ઉ. ૧૦૮ જ્ઞાની પુરુષને જોયાં પછી સ્ત્રીને જોઈ જો રાગ ઉત્પન્ન થતો હોય, તો જ્ઞાની પુરુષને જોયાં નથી એમ તમે નિશ્ચયથી જાણજો.

પ્ર. ૧૦૯ જ્ઞાની પુરુષનાં વચન સાંભળ્યા પછી સ્ત્રીનું સજીવન શરીર કેવું ભાસે છે ?

ઉ. ૧૦૯ જ્ઞાની પુરુષનાં વચનને સાંભળ્યા પછી સ્ત્રીનું સજીવન શરીર અજીવનપણે ભાસ્યા વિના રહે નહિ.

પ્ર. ૧૧૦ સર્વ જ્ઞાનનો સાર શ્રી સર્વજ્ઞ ભગવંતોએ શેને કહ્યો છે ?

ઉ. ૧૧૦ આત્મા અત્યંત સહજ સ્વસ્થતા પામે એ જ સર્વ જ્ઞાનનો સાર શ્રી સર્વજ્ઞે કહ્યો છે.

પ્ર. ૧૧૧ નવપદની ઓળીમાં જ્ઞાનના ૫૧ ભેદો આવે છે તે કયા ?

ઉ. ૧૧૧ મતિજ્ઞાનના ૨૮, શ્રુતજ્ઞાનના ૧૪, અવધિજ્ઞાનના ૬, મનઃપર્યયજ્ઞાનના ૨ અને કેવળજ્ઞાનનો એક એમ કુલ એકાવન (૫૧) ભેદો છે.

પ્ર. ૧૧૨ કેવળજ્ઞાન થયા પછી બાકી રહેલી પ્રકૃતિઓ કેવા સ્વરૂપની હોય છે ?

ઉ. ૧૧૨ સૂયગડાંગસૂત્રના બીજા શ્રુત સ્કંધના ત્રીજા અધ્યયનની ટીકામાં શ્રી શીલાંક સૂરીશ્વરજી લખે છે કે બળેલી દોરડી સમાન હોય છે પરંતુ કેવળજ્ઞાન થયા પછી જેમનું આયુષ્ય અધિક હોય તેમને તો જીર્ણ વસ્ત્ર સમાન જ હોય છે.

ૐ

પર્વ બાવીસમું

અજ્ઞાન, આત્મા, અહંકાર, અક્રમ, અભિપ્રાય, અધ્યાત્મ, અભિમાન, અંતરાય, આજ્ઞા.

પ્ર. ૧ અજ્ઞાન શું છે ?

ઉ. ૧ અજ્ઞાન એક પ્રકારનું જ્ઞાન જ છે, પણ મોક્ષે જનારને માટે એ અજ્ઞાન છે. આ સંસારી જ્ઞાન એ બધું અજ્ઞાન છે. બુધ્ધિથી જે ઊભું થયેલું એને અજ્ઞાન કહેવામાં આવે છે. સંસારને માટે એ જ્ઞાન છે પણ મોક્ષે જવું હોય તેને માટે અજ્ઞાન છે. વિપરીત જ્ઞાનને આપણે અજ્ઞાન કહીએ છીએ અને સમ્યક્જ્ઞાનને આપણે જ્ઞાન કહીએ છીએ. મોક્ષે જવું હોય એની અપેક્ષાએ એને અજ્ઞાન કહ્યું છે સંસારીઓને માટે એ મુખ્ય વસ્તુ છે.

પ્ર ૨ અજ્ઞાન કોને કહેવાય ?

ઉ. ૨ પોતાનું ઘોર અહિત કરે એનું નામ અજ્ઞાન. અહંકાર વત્તા અહંકાર એટલે અજ્ઞાન (અહંકાર + અહંકાર = અજ્ઞાન). જે જ્ઞાનથી ઈમોશનલ થઈ જવાય એ બધું જ અજ્ઞાન છે. કેફ વધારે તેનું નામ અજ્ઞાન અર્થાત્ જે જ્ઞાનથી કેફ વધે તે બધું અજ્ઞાન કહેવાય. જે જાણવાથી સુખ ઓછું થાય તે અજ્ઞાન. ભ્રાંતિમાં જીવન જીવવું એનું નામ અજ્ઞાન. જે જ્ઞાનથી અંતર શાંતિ ના થાય એનું નામ અજ્ઞાન. જે જ્ઞાન તમે જાણ્યું છે તે તમને કામ ન લાગ્યું તો તે અજ્ઞાન છે. જે જાણવાથી દુઃખ ઘટે નહીં તે અજ્ઞાન છે. સંસારનું કામ પુરું થાય નહીં અને ભગવાનનું નામ લેવાય નહીં એનું નામ જ અજ્ઞાન.

પ્ર. ૩ અજ્ઞાની કોને કહેવાય ?

ઉ. ૩ જે નિરંતર પોતાનું અહિત જ કર્યા કરે છે તે અજ્ઞાની. ભૂતકાળ સંભારે તે અજ્ઞાની અને ભવિષ્યકાળની યોજનાઓ કરે તે અજ્ઞાની. જેને જીવમાત્રમાં ભગવાન બેઠેલા નથી દેખાતા તે અજ્ઞાની.

પ્ર. ૪ અજ્ઞાનનું સ્વરૂપ શું છે ?

ઉ. ૪ રૉંગ બીલિફો અર્થાત્ મિથ્યાત્વ એ અજ્ઞાનનું સ્વરૂપ છે.

પ્ર. ૫ અજ્ઞાન કેવી રીતે ઊભું થાય છે ?

ઉ. ૫ અનાદિ કાળથી ભ્રાંતિરસ આત્મા અને અનાત્મા બન્નેનાં સાંધામાં નિરંતર રોજ પડ્યા કરે છે તેથી અજ્ઞાન ઊભું જ થયા કરે છે. ભ્રાંતિરસ ''મેં કર્યું'', ''મેં કર્યું'' એમ કહેવાથી ઉત્પન્ન થાય છે.

પ્ર. ૬ અજ્ઞાનનો છેડો ખરો ?

ઉ. ૬ અજ્ઞાનનો છેડો નથી કારણ કે તે બંગડીની જેમ ગોળ છે. અજ્ઞાનને કારણે ચોર્યાસી લાખ યોનિઓનાં ગોળ ચક્કરમાં ભટક ભટક કરવું પડે છે.

પ્ર. ૭ આત્મા શબ્દનો અર્થ શો ?

ઉ. ૭ અત્ ધાતુ ઉપરથી આત્મન્ શબ્દ બન્યો છે. આત્મન્ શબ્દ પુલ્લિંગ છે. તેનો અર્થ નિરંતર ગતિ કે સ્પંદ છે અને પરમતત્ત્વ એવો પણ થાય છે. આત્મતત્ત્વ અનુભવગમ્ય હોવા છતાં અવર્ણનીય છે એ સ્પષ્ટ થાય છે.

પ્ર. ૮ આત્મા એટલે શું ? તે કેમ ભૂલી જવાયો ?

ઉ. ૮ આત્મા એટલે ચેતન. આત્મા એટલે સેલ્ફ. પોતે કોણ છે એ જાણવું એનું નામ આત્મા. આત્મા વસ્તુ છે. જે અવિનાશી હોય તેને વસ્તુ કહેવાય. દ્રવ્ય ગુણ, પર્યાય જેનામાં હોય એ વસ્તુ કહેવાય. દરેક વસ્તુ પોતે દ્રવ્ય રૂપે ગુણવાન સહિત અને અવસ્થા સહિત હોય. જેમ એક શેઠ હોય અને થોડો દારૂ પી જાય અને બોલે કે હું હિન્દુસ્તાનનો પ્રેસીડેન્ટ છું તો આપણે સમજીએ ને કે આ દારૂનો અમલ બોલે છે, એજ રીતે લોકોને મોહનો દારૂ ચઢેલો છે એટલે ભાન ભૂલી ગયા છે અને તેથી જ આત્મા ભૂલાઇ ગયો છે. નાટકથી નાટકી ક્યારેય પણ રંગાય નહીં એનું નામ આત્મા. હિંસક ભાવ નિર્મૂળ થયો એનુ નામ જ આત્મા..

પ્ર. ૯ ચેતન એટલે શું ?

ઉ. ૯ ચેતન તો આંખે દેખાય નહીં, કાને સંભળાય નહીં કે જીભથી ચખાય નહીં. પાંચ ઇન્દ્રિયો દ્વારા કદી પણ અનુભવમાં ના આવે એ ચેતન. ચેતન તો જગતે કદી જોયું નથી, સૂણ્યું નથી કે શ્રદ્ધયું નથી. જે ચેતન જેવું દેખાય છે તે મિકેનિકલ ચેતન છે જે ચંચળ છે, સચર છે. મૂળ ચેતન તો અચળ છે.

દર અસલ ચેતનનો સ્વભાવ જ્ઞાતા દ્રષ્ટા છે. જે કશુંજ કરતું નથી એનું નામ ચેતન. ફકત જાણે છે અને જુવે છે એ બે જ ક્રિયા ચેતનની છે. દ્રવ્ય, ગુણ, પર્યાય એનું નામ ચેતન.

પ્ર. ૧૦ આત્મા શું છે ?

ઉ. ૧૦ આત્મા એ સંજ્ઞા સૂચક શબ્દ છે. જ્ઞાન ધનપૂંજ એટલે આત્મા. આત્મા જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે. આત્મા એક સ્વરૂપે ત્રિકાળ સ્થિતિ કરી શકે એવો નિત્ય પદાર્થ છે.

પ્ર. ૧૧ આત્મા કોનું નામ કહેવાય?

ઉ. ૧૧ પોતાની ભૂલો દેખાય એનું નામ આત્મા. પોતે પોતાની જાત માટે નિષ્પક્ષપાતી થયો એનું નામ આત્મા. તમે આત્મા છો, શુદ્ધ ઉપયોગમાં છો તો તમને કોઇ કર્મ અડે જ નહીં.

પ્ર. ૧૨ આત્માનું ખરું નામ શું છે ?

ઉ. ૧૨ આત્માનું ખરેખરું રીયલ નામ ''નિજલિંગઅપ્પા'' છે.

પ્ર. ૧૩ આત્મા કેવો છે?

ઉ. ૧૩ આત્મા દ્વૈતા-દ્વૈત છે. આત્મા જયારે દેહમાં રમણતાં કરે, દેહનું કાર્ય કરે, સંસાર વ્યવહાર કરે ત્યારે એ દ્વૈત છે અને સંસાર વ્યવહારમાં ના હોય ત્યારે એ અદ્વૈત છે. આત્મામાં સ્થિરતા થાય ત્યારે અદ્વૈત છે. આત્મા કલ્પસ્વરૂપ છે, એટલે જેવું ચિંતવે તેવો થાય. તમે કહો કે હું હવે વૃદ્ધ જેવો દેખાઉ છું તો તેવો દેખાવાની શરૂઆત થાય અને તમે કહો કે ના હવે હું જુવાન જેવો દેખાઉ છું તો તેવો દેખાવાની શરૂઆત થાય. જેવું કલ્પો તેવું દેખાય. આત્મા કલ્પસ્વરૂપ છે અને વિકલ્પ કરો એટલે પછી સંસાર ઊભો થાય .

પ્ર. ૧૪ આત્મા ક્યાં છે? એ કેવી રીતે ઓળખાય, ખબર પડે?

ઉ. ૧૪ જયાં કંઇપણ જ્ઞાન છે કે અજ્ઞાન છે, દયા છે, લાગણીઓ છે ત્યાં આત્મા છે અને જયાં લાગણી ઉત્પન્ન થતી નથી ત્યાં આત્મા નથી.

પ્ર. ૧૫ આ શરીરમાં આત્માનું સ્થાન ક્યાં છે?

ઉ. ૧૫ આખા શરીરમાં આત્મા છે. આ શરીરમાં જયાં જયાં ટાંકણી અડાડીએ અને ખબર પડે છે ત્યાં આત્મા છે આ વાળમાં અને આ નખ જેટલા વધારાના નખ કાપીએ છીએ ને એ ભાગમાં આત્મા નથી. ઊંઘમાં કોઇએ વાળ કાપી લીધા તો આપણને કશી ખબર ના પડે એટલે એમાં આત્મા નથી. લૌકિક

જાણવું હોય તો આત્માનું સ્થાન હૃદયમાં છે અને અલૌકિક જાણવું હોય તો આત્મા આખાં શરીરમાં છે. ટૂંકમાં વાળમાં અને નખમાં નથી બીજે બધે જ આત્માનું સ્થાન છે. આ જયાં દેવતા અડાડીએ અને ખબર પડે ત્યાં આત્માનું સ્થાન છે. આખાં શરીરમાં (સર્વાંગ) આત્મા વ્યાપી રહ્યો છે ઉદા. તલમાં તેલ, દૂધમાં ઘી અને ફુલમાં સુગંધ રહે છે તેની પેઠે.

પ્ર. ૧૬ આત્મા દેખી શકાય? કે કલ્પના છે?

ઉ. ૧૬ આપણને હવા દેખાતી નથી છતાં તમને ખબર પડે છે કે હવા છે. આ અત્તરની સુગંધ આવે છે પણ એ સુગંધ દેખાય છે ખરી. છતાં આપણને અત્તર છે એ વાતની ખાતરી થાય છે. જેમ સુગંધ ઉપરથી અત્તર ઓળખાય છે એવું આત્મા એના સુખ ઉપરથી ઓળખાય છે. આત્મા અરૂપી છે.

પ્ર. ૧૭ આત્માનો કંઇ આકાર ખરો?

ઉ. ૧૭ આત્માને કંઇ આકાર ન હોય એ નિરાકારી વસ્તુ છે. છતાંય જે દેહમાં છે એ દેહનો જે આકાર છે એના જેવા આકારનો છે. પરંતુ સિદ્ધક્ષેત્રમાં સિદ્ધગતિમાં છેલ્લા જે ચરમદેહે કામ થયું તે દેહના આકારનો ૧/૩ ભાગ જેટલો આકાર ઘટી જાય છે. એટલે ૨/૩ ભાગના આકારે તે સિદ્ધક્ષેત્રમાં રહે છે. પણ આત્મા છે નિરાકાર, એ નિરાકારી વસ્તુ છે. નિરંજન નિરાકારી આકાર છે. એ તમારી કલ્પનામાં છે તેવો આકાર નથી એનો સ્વાભાવિક આકાર છે.

પ્ર. ૧૮ આત્માને કોણે બનાવ્યો છે ?

ઉ. ૧૮ એને કોઈએ બનાવ્યો નથી. બનાવ્યો હોય ને તો તેનો નાશ થાત. આત્મા એ નિરંતર રહેનારી વસ્તુ છે. આત્મા સનાતન તત્ત્વ છે, એનું બીગીનીંગ થયું જ નથી, એનો કોઈ બનાવનાર નથી. બનાવનાર હોત તો તો બનાવનાર નોય નાશ થાય અને બનનાર નોય નાશ થાય.

પ્ર. ૧૯ આત્મા જેવી વસ્તુ શાં માટે ઉત્પન્ન થઈ ?

ઉ. ૧૯ એ ઉત્પન્ન જેવું થયું જ નથી. આ જગતમાં છ તત્ત્વો છે. તે તત્ત્વો નિરંતર પરિવર્તન થયા જ કરે છે અને પરિવર્તનને લઈને આ અવસ્થાઓ બધી દેખાય છે. અવસ્થાઓને લોક જાણે છે કે આ મારું સ્વરૂપ છે. એ અવસ્થાઓ વિનાશી છે, અને તત્ત્વ અવિનાશી છે. એટલે આત્માને ઉત્પન્ન થવાનું હોતું જ નથી.

પ્ર. ૨૦ ગુર્જિએફ કહે છે કે આત્માનું વજન થઈ શકે છે તો આ શક્ય ખરું ?

ઉ. ૨૦ ના. મૂળ આત્માનું વજન ના હોય, પરંતુ વ્યવહાર આત્માનું વજન થઈ શકે, એ રીતે એનું કહેલું ખોટું નથી. વ્યવહારમાં આત્મા એટલે શું કે મૂળ આત્માની સાથે બીજા પરમાણુંઓ ગયા એટલે આત્મા વજનદાર છે એ કહેવું આ દૃષ્ટિએ ખોટું નથી. કારણકે અહીંથી બીજી યોનિમાં જતી વખતે મૂળ આત્માની જોડે-જોડે વ્યવહાર આત્મા જાય છે, એનું પુદ્ગલ જાય છે. એ પુદ્ગલનું વજન થાય. મૂળ આત્માનું વજન ના હોય.

પ્ર. ૨૧ આત્મા કપાઈ જાય ખરો ?

ઉ. ૨૧ આત્મા કપાય નહીં, છેદાય નહીં. કશુંય ના થાય. આત્મા એટલો સંકોચાઈ જાય. આત્માનો સ્વભાવ સંકોચ અને વિકાસ છે. આ કીડી હોય ને એમાંય આખો આત્મા છે, અને હાથીમાંયે એક જ આખો આત્મા છે, પણ એ વિકાસ પામેલો છે. હાથ-પગ કાપે ને ત્યારે આત્મા સંકોચાઈ જાય અને એ પણ અમુક ભાગ કપાઈ જાય ને તો સંકોચાઈ જાય પરંતુ જો વધારે ભાગ કપાઇ ગયો તો ના સંકોચાય. આત્મા સંકોચ-વિકાસનું ભાજન છે. જેટલાં પ્રમાણમાં ભાજન હોય એટલાં પ્રમાણમાં એ વિકાસ પામે. ભાજન નાનું હોય તો એટલાં પ્રમાણમાં સંકોચ પામે.

પ્ર. ૨૨ આત્માનું સ્વરૂપ કેવું દેખાય ?

ઉ. ૨૨ આત્મા તો પોતે જ્યોતિ સ્વરૂપ છે, પ્રકાશ સ્વરૂપ છે. હા જે પ્રકાશને સ્થળનીયે જરૂર નથી, આધારનીય જરૂર નથી, એવું પ્રકાશ સ્વરૂપ આત્માનું છે. સત્ અને ચિત્ત એ આત્માનું સ્વરૂપ છે. સત્ ચિત્ત એટલે શુદ્ધતા.

પ્ર. ૨૩ આત્માનો સ્વભાવ કેવો છે ?

ઉ. ૨૩ અચિંત્ય ચિંતામણી છે, એટલે જેવું ચિંતવે તેવું તરત જ થઈ જાય. આત્મા કલ્પસ્વરૂપ છે, એટલે એનું લાઈટ બહાર ગયું એટલે અહંકાર ઊભો થઈ ગયો. પોતે જાતે ચિંતવે નહી પણ જેવું અહંકાર આરોપણ થઈ ચિંતવાય એટલે તેવા ને તેવા વિકલ્પ સ્વરૂપે થઈ જાય. આત્મા તો શુદ્ધ જ રહે છે, પણ આ અહંકાર જે કરે છે, જેવું ચિંતવન કરે છે, તેવો થઈ જાય છે, એને વ્યવહાર આત્મા, મિકેનિકલ આત્મા કે પ્રતિષ્ઠિત આત્મા કહેવાય. હું નાદાર છું એવું ચિંતવે તો તેની સાથે નાદાર થઈ જાય. હું માંદો છું ચિંતવે તો તેની સાથે માંદો થઈ જાય. આનંદ એ આત્માનો સ્વભાવ છે.

પ્ર. ૨૪ આત્માના ગુણધર્મ કયા કયા ?

ઉ. ૨૪ આત્મા અનંતગુણોનું ધામ છે અને એ એના પોતાના સ્વાભાવિક ગુણો છે, એટલે એ ગુણો કોઈ દહાડોય આઘાપાછા ના થાય એવા છે. આત્માના ૩૬૦ ગુણધર્મ છે. એમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતશક્તિ અને અનંતસુખનું ધામ એ એના ચાર મુખ્ય ગુણધર્મો છે.

પ્ર. ૨૫ આત્માનો ધર્મ શું છે ?

ઉ. ૨૫ બધાં ધર્મને જાણે તે આત્માનો ધર્મ. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર-અને દેહ આ બધા શું-શું કરી રહ્યાં છે, તેને જાણ્યાં કરે એનું નામ આત્મા. બધાં પોતપોતાના ધર્મમાં છે અને આત્મા આત્માનાં ધર્મમાં છે.

પ્ર. ૨૬ આત્મા અને દેહનો શો સબંધ ?

ઉ. ૨૬ આત્મા અને દેહનો કોઈ સબંધ નથી. આ માણસની પાછળ જેમ પડછાયો છે, તેને માણસ જોડે જેટલું કનેકશન છે, તેટલું આત્માને અને દેહને સબંધ છે. પડછાયો જેમ સૂર્યનારાયણની હાજરીથી ઊભો થાય છે. તેમ આત્માની હાજરીથી આ બધું ઊભું થાય છે. આત્મા અને દેહનો સબંધ એટલો છૂટો છે જેમ આ લિફટમાં ઉભેલો માણસ અને લીફટ એ બે જુદા છે. મન, વચન, કાયા એ લિફટ છે એ બધું જ કાર્ય કરે છે. તમારે તો ફકત આત્માના ભાવે કરીને બટન દબાવવાનું. આત્મા ચૈતન્ય છે અને જડ સબંધ છે. પોતે સબંધી અને જડ સબંધ માત્ર છે. આપણને સંયોગોનો સબંધ થયો છે, બંધ નથી થયો અને સંયોગો વિયોગી સ્વભાવના છે. એક ફેરો જ્ઞાની પાસેથી આત્મા પ્રાપ્ત કરી લીધો પછી સંયોગ સબંધ બધો વિયોગી સ્વભાવનો છે.

પ્ર. ૨૭ જીવ અને આત્મા એ બેમાં ફેર શું ?

ઉ. ૨૭ જે જીવે છે, મરે છે એને જીવ કહેવાય અને જે જીવે નહીં અને મરે નહીં એ આત્મા કહેવાય. જીવ તો ટેમ્પરરી એડજસ્ટમેન્ટ છે, એ અવસ્થા માત્ર છે. જીવ સંસારી અવસ્થામાં હોય એમાં પાપ-પુણ્ય બધું ભેગું થાય, પૌદ્ગલિક વસ્તુ ભેગી હોય, કર્મ સહિત હોય-એને જીવ કહેવાય. જીવે-મરે એ અવસ્થાને જીવ કહેવાય છે અને અજન્મા-અમર એ આત્મા કહેવાય. આ હું કરું છું, હું ભોગવું છું એવું ભાન છે ત્યાં સુધી જીવ છે. જીવ કર્તા-ભોક્તા છે અને અર્કતા-ભોક્તા થયો એવી એને શ્રદ્ધા બેસે ત્યારથી એ

આત્મા થયો. જીવવાની વાંછના કરે અને મરવાની ઇચ્છા ના કરે એ જીવ. આત્મા તો અકર્તા-અભોક્તા છે. એનો એ જ આત્મા કર્મ સાથે હોય ત્યારે જીવ કહેવાય અને કર્મરહિત હોય તો આત્મા કહેવાય. કર્મ સાથે હોય ત્યારે જીવે-મરે એ જીવ, એટલે આ જીવ જે છે ને એ આત્માની જ અવસ્થા છે, પણ ભ્રાંત અવસ્થા છે, એટલે જીવ અને આત્મા એક જ છે. રસોઇ કરતી વખતે રસોયણ કહેવાય અને બહાર નાચ કરતી વખતે નાચનારી કહેવાય પણ બાઇ એની એજ.

પ્ર. ૨૮ જીવ શું છે ? અને ચેતન શું છે ?

ઉ. ૨૮ જે જીવે છે મરે છે તે જીવ. આપણે જે પ્રતિષ્ઠિત આત્મા કહીએ છીએ એ જીવ. લોકો જેને પ્રતિષ્ઠિત આત્મા કહે છે એ જીવ. લોકો બોલે ખરા કે મને કાપી નાંખ્યો, મારી નાંખ્યો, હું મરી જઇશ, હું મરી જઇશ, હું બચી ગયો ડોકટરને પાછા કહે પણ ખરા કે મને બચાવો એ જીવ, જયારે જે જીવતો નથી અને મરતો નથી તે ચેતન છે. ચેતનને કાપી શકાય નહીં, બાળી શકાય નહી, જયારે જીવને તો બાળી શકાય, કાપી શકાય, જીવને દેહથી શ્વાસોચ્છ્વાસથી સબંધ છે. રોંગ બીલિફની પ્રતિષ્ઠા તે જીવ. ગીતામાં જેટલો ઉપદેશ છે તે જીવ માટે છે, ચેતનને માટે ઉપદેશ હોય નહીં. તાત્પર્ય એ છે કે ઉપદેશ યા બોધ જીવને માટે છે. જીવને સંબોધીને બોધ છે. ઉપદેશ ચેતનને ઉદ્દેશીને હોય નહીં કારણકે ચેતન સર્વસ્વ હોવાથી એ સ્વયમ્ બોધ સ્વરૂપ જ છે. શરીરને ચેતન અને જીવ બન્ને છોડી જાય છે, કેમ કે ચેતનની હાજરી વગર જીવ કશું જ કરી શકે નહીં. શરીરને જીવ જયારે છોડે ત્યારે ચૈતન્યની હાજરીમાં જ છોડી શકે. ચેતન ના હોય તો જીવ શરીરને છોડી પણ ના શકે. ચેતન સ્વતંત્ર છે જયારે જીવ પરાધિન, પરાશ્રિત અને પરતંત્ર છે. જીવમાં ચેતન નથી છતાં લોક જીવે છે, વાંચે છે, ખાય છે, પીવે છે, હરે છે, ફરે છે વગેરે. જીવ મિશ્રચેતન છે, નિશ્ચેતન ચેતન છે.

પ્ર. ૨૯ જીવ, આત્મા અને ભગવાનમાં ફેર શો ?

ઉ. ૨૯ હું મરી જઇશ એવું ભાન છે તે જીવ છે. હું નહીં મરું એવું ભાન આવે તે આત્મા છે અને સંપૂર્ણ સ્ટેજમાં આવે તે ભગવાન. પુરુષ થયા પછી પુરુષાર્થમાં આવે ત્યારે ભગવાન કહેવાય.

પ્ર. ૩૦ આ આત્મા, પરમાત્મા, બ્રહ્મ-પરબ્રહ્મ એ બધા એક જ શબ્દ છે કે પર્યાયવાચક શબ્દ છે ?

ઉ. ૩૦ એ બધા પર્યાયવાચક શબ્દો છે. પર્યાય એટલે અવસ્થા. આત્મા અમુક અવસ્થામાં આત્મા ગણાય છે, જયારે અમુક અવસ્થામાં એનો એ જ આત્મા પરમાત્મા ગણાય છે અને એનો એ જ આત્મા અમુક અવસ્થામાં મુઢાત્મા કહેવાય છે. મુઢાત્મા એટલે બર્હિમુખી આત્મા. જ્ઞાન પ્રાપ્ત થાય અર્થાત્ સ્વરૂપનું ભાન થાય તો એજ આત્મા અંતરાત્મા કહેવાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આત્માની અવસ્થાઓ જ બદલાયા કરે છે. જેમ એક વકીલ હોય તે પહેલા પૈસા કમાતો ના હોય દશા વાંકી હોય ત્યારે લોક કહેશે કે વકીલ કશું કમાતો નથી લુખ્ખો છે અને હવે એનો એ જ વકીલ નસીબ સુધરતા અને એકાદ બે કેસ જીતી જતા પૈસાવાળો થઇ ગયો ત્યારે લોકો તેને બહુ બુદ્ધિશાળી શ્રીમંત માણસ છે એમ કહેશે. હવે વળી પાછા સંજોગો બદલાતા એ વકીલના રૂપિયા કોઇ કારણ સર ખલાસ થાય તો લોકો કહેશે કે એ તે નાદાર છે પણ વસ્તુ સ્થિતિમાં પોતે તેનો તેજ છે.

પ્ર. ૩૧ જીવાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એ એક જ વસ્તુનાં ત્રણ જુદા જુદા નામ છે એ સમજાવો ?

ઉ. ૩૧ એક જ વસ્તુનાં ત્રણ વિશેષણ છે. અહી ઘેર આ છોકરાના બાપા કહેવાય અને ત્યાં એની દુકાને ગયા તે શેઠ કહેવાય અને કોર્ટમાં વકીલાત કરવા ગયા ત્યારે વકીલ કહેવાય. અલ્યા કેમ આના આ જ બાપા, આના આ જ શેઠ અને આના આ જ વકીલ. એવું કેમ બોલો છો ? ત્યારે કહે જેવા જેવા કામ છે એ પ્રમાણે એનું વિશેષણ છે. જેવા સંજોગ એના ભેગા થયા હોય દુકાન ભેગી થઇ તો શેઠ કહેવાયા, કોર્ટમાં વકીલાત કરવા ગયા તો વકીલ કહેવાયા એ રીતે આ બધુ છે. પુદ્ગલમાં જ વિનાશી ચીજોમાં જ સુખ છે એવું માન્યું છે ત્યાં સુધી એ જીવાત્મા. આ ભૌતિક સુખોની જેને લહેર પડે છે અને રાગ-દ્વેષ કર્યા કરે છે એ જીવાત્મા છે અને એ માન્યતા પૂરી થઇ અને સનાતનમાં (આત્મામાં) સુખ છે એ માન્યતા થઇ ગઇ એટલે અંતરાત્મા થયો. જ્ઞાની પુરુષ થકી જયારે પોતાનું સ્વરૂપ જાણે કે ભાઇ આ હું ન્હોય, હું તો શુદ્ધાત્મા છે, હું તો કાયમનો છું અને મારે આ સંસારની કોઇ ચીજ જોઇતી નથી, ત્યારે એ અંતરાત્મા દશા થાય. વીતરાગ થવાની

જેને દૃષ્ટિ છે તે અંતરાત્મા. આ અંતરાત્મા એટલે ઇન્ટ્રીમ ગવર્નમેન્ટનું સ્ટેજ છે. એમાં બે કામ કરે એક તો ભૌતિકનું અને બીજું પોતાનું. જેવા સંજોગ ભેગા થાય તે બાજુ ઉપયોગ છે. પછી ધીમે ધીમે બહારનો (સંસારનો) નિકાલ કરે તેમ અંતરાત્મામાંથી ધીમે ધીમે સંપૂર્ણ ગવર્નમેન્ટ થયાં કરે છે અને પરમાત્મા એટલે જે વીતરાગ થઇ ગયા. કોઇની જોડે રાગ-દ્વેષ નહીં તો એ પરમાત્મા કહેવાય.

પ્ર. ૩૨ ઇશ્વર અને પરમેશ્વરમાં શું ફેર છે ?

ઉ. ૩૨ ઇશ્વર એટલે જેને કર્તાપણાનું ભાન છે, જેને હું કરી શકું છું એવો અહંકાર છે અને એ અહંકારથી આખું ગામ પણ બાળી મેલે પછી એનું ફળ એ ભોગવે પણ એને ઇશ્વર કહેવાય. ટૂંકમાં પોતાના કર્તાપણાનાં ભાનથી, અહંકારથી જે છે તેને ઇશ્વર કહેવાય અને એ વિભૂતિ સ્વરૂપ કહેવાય. પરમેશ્વર વીતરાગ હોય, પરમેશ્વર અકર્તા છે.

પ્ર. ૩૩ જીવની કઇ અવસ્થા કહી છે એ સમજાવો ?

ઉ. ૩૩ કર્તા-ભોક્તા છે એ જીવની અવસ્થા. હું આ કરું છું અને આ હું ભોગવું છું એ વિનાશી અવસ્થા કહેવાય. હું કર્તા છું, હું ભોક્તા છું એવું જેને ભાન છે તથા જીવવાની વાંછના કરે અને મરવાની ઇચ્છા ના કરે એ જીવ. આત્મા તો અકર્તા-અભોક્તા છે.

પ્ર. ૩૪ આત્માના અનંત ફેઝીઝ છે પણ મુખ્ય ત્રણ ફેઝીઝ કયા તે જણાવો ?

ઉ. ૩૪ ૧. **મૂઢાત્મા દશા :** હું ચંદુલાલ છું એવુ નિશ્ચયપૂર્વક બોલવું અને નાશવંત ચીજવસ્તુઓ માટે દોડધામ કરવી એ મૂઢાત્મા દશા છે. જેને મન, વચન, અને કાયામાં વગેરેમાં આત્મબુદ્ધિ છે એટલે દેહ જ આત્મા છે વિગેરે એ પ્રમાણે સર્વ પૌદ્ગલિક પ્રવર્તનમાં જેને આત્મત્વ બુદ્ધિ છે, તે મુઢાત્મા કહેવાય છે, તે મિથ્યાત્વ દૃષ્ટિ છે. શાસ્ત્રોમાં તેને ધર્મા ધર્મ આત્મા પણ કહે છે.

૨. **અંતરાત્મા દશા :** જ્ઞાનીપુરુષ લાઇન ઓફ ડીમકિશન નાંખી આપે અર્થાત ઇન્ટ્રીમ ગવર્નમેન્ટ થઇ જાય તે અંતરાત્મા દશા. કર્મ સહિત અવસ્થામાં પણ જ્ઞાનાદિ ઉપયોગ લક્ષણવાળા, નિર્વિકાર, અમર, અવ્યાબાધ અને સમગ્ર પરભાવથી મુક્ત એવા આત્માને વિષે જેને આત્મબુદ્ધિ છે તે અંતરાત્મા કહેવાય છે. ચોથા ગુણસ્થાનકથી

આરંભીને બારમા ક્ષીણમોહ ગુણસ્થાનક સુધી અંતરાત્મા કહેવાય છે. થિયરી ઓફ રીયાલિટી શાસ્ત્રની ભાષામાં જ્ઞાન ધન આત્મા કહેવાય. જ્ઞાનધન એટલે શું કે વોટ ઈઝ રીયલ એન્ડ વોટ ઈઝ રીલેટિવ અર્થાત્ શાશ્વતી અને અશાશ્વતી વસ્તુને ઓળખતો થાય, ત્યારે થિયરી ઓફ રીયાલિટીમાં આવે એટલે કે શુદ્ધાત્માનું લક્ષ બેસે, અલખ નિરંજનનું લક્ષ બેસે.

૩. **પરમાત્મા દશા :** તમામ ફાઈલોનો નિકાલ થઈ જાય એટલે પૂર્ણદશા. ફૂલ ગવર્નમેન્ટ થિયરી ઓફ એબ્સોલ્યૂટીઝમ કહેવાય. શાસ્ત્રની ભાષામાં વિજ્ઞાન ધન આત્મા કહેવાય. વિજ્ઞાન ધન એટલે બધામાં ''હું જ છું'' એવું દેખાય એ વિજ્ઞાન ધન આત્મા કહેવાય. જે કેવળજ્ઞાન તથા કેવળદર્શનના ઉપયોગવાળા છે તે પરમાત્મા કહેવાય છે તે તેરમાં અને ચૌદમાં ગુણસ્થાનકે હોય છે.

પ્ર. ૩૫ આત્મા કેટલાં પ્રકારના છે ?

ઉ. ૩૫ ઉપયોગ લક્ષણથી આત્મા એક પ્રકારે છે તો પણ અમુક વિશેષતાને લીધે આત્માના આઠ પ્રકાર નીચે મુજબ જાણવા.

૧. **દ્રવ્યાત્મા :** ત્રિકાળવર્તી આત્મદ્રવ્ય તે દ્રવ્યાત્મા કહેવાય. તે સર્વ જીવોને હોય છે.

૨. **કષાયાત્મા :** ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયથી યુક્ત આત્મા તે કષાયાત્મા કહેવાય. તે સકષાયી જીવોને હોય છે. પરંતુ ઉપશાંત કષાયવાળા અગિયારમાં ગુણસ્થાનવર્તી અને ક્ષીણ કષાયવાળાને કષાયાત્મા હોતો નથી.

૩. **યોગાત્મા :** મન, વચન, કાયાના વ્યાપારવાળાને યોગાત્મા હોય છે.

૪. **ઉપયોગ આત્મા :** સાકાર અને નિરાકાર ઉપયોગવાળા સિદ્ધ અને સંસારી સર્વ જીવોને ઉપયોગાત્મા હોય છે.

૫. **જ્ઞાનાત્મા :** સમ્યક્ વિશેષ અવબોધરૂપ જ્ઞાનાત્મા સર્વ સમ્યક્દૃષ્ટિ જીવોને હોય છે.

૬. **દર્શનાત્મા :** સામાન્ય અવબોધરૂપ દર્શનાત્મા સર્વ જીવોને હોય છે.

૭. **ચારિત્રાત્મા :** વિરતિવાળાને ચારિત્રાત્મા હોય છે.

૮. **વીર્યાત્મા :** કરણવીર્યવાળા સર્વ સંસારી જીવોને વીર્યાત્મા હોય છે.

પ્ર. ૩૫ આત્માના બે શત્રુઓ કયા ?

ઉ. ૩૫ ૧. અજ્ઞાન અને ૨. પ્રમાદ એ બંને આત્માના શત્રુઓ છે.

પ્ર. ૩૬ આત્માની પુષ્ટિ ક્યારે થાય ?

ઉ. ૩૬ જેટલી અભેદતા રહે એટલી પોતાનાં આત્માની પુષ્ટિ થાય છે. બુદ્ધિ ભેદ પાડે છે, પોતાપણું જાય તો અભેદ થવાય.

પ્ર. ૩૭ આત્મા પુદ્ગલને ચોંટયો છે કે પુદ્ગલ આત્માને ચોંટયું છે ?

ઉ. ૩૭ એવું છે ને, કોઇ કોઇને ચોટયું જ નથી, બધુ નૈમિત્તિક છે. આત્મા એ ચેતન છે અને આ પુદ્ગલ એ જડ છે. આત્મા વ્યવહારમાં પેસતાં જ આ સંજોગોને કારણે પુદ્ગલની નજીક આવ્યો આ બે જોડે મૂક્યા સંજોગોએ એટલે વિશેષભાવ ઉત્પન્ન થાય છે અને વિશેષભાવ થવાથી સંસાર ચાલુ થઇ જાય છે, પછી જયારે મૂળ ભાવમાં આત્મા આવે અને પોતે જાણે કે હું કોણ છું ત્યારે એ છૂટે ત્યાર પછી પુદ્ગલ છૂટે છે.

પ્ર. ૩૮ નવા નવા આત્માઓ દુનિયામાં આવતા હશે કે જેટલા છે તેટલા જ આત્મા આ દુનિયામાં છે ?

ઉ. ૩૮ એકેય આત્માની વધઘટ થતી નથી. તેમાં ઓછુંયે થતું નથી અને વધતુંયે નથી. આ જગતમાં એકલો આત્મા જ નહીં પણ અનાત્માનુયે એક પરમાણું પણ વધઘટ નથી થતું. આટલી બધી લડાઇઓ થાય, તોફાનો થાય, આટલા બધા માણસો મરી જાય તો પણ એક પરમાણું ઘટતું નથી અને એક પરમાણું વધતું નથી. જેટલા અહીંથી મુક્તિમાં જાય છે એટલા આત્મા બીજી જગ્યા (નીગોદ)માંથી અહીં આવે છે. આ સંસાર વ્યવહારમાં આવે છે. વ્યવહાર એટલે જે જીવોના નામ-રૂપ પડયા એ વ્યવહારમાં આવી ગયા, અર્થાત્ આ ગુલાબનો છોડ છે એ વ્યવહારમાં આવ્યો કહેવાય. બટાકો નામ પડયું, વાયુકાય નામ પડયું એ બધાય વ્યવહારમાં આવી ગયા અને હજુ જેનું નામ રૂપ કંઇ પડયું નથી એ વ્યવહારમાં જ આવ્યા નથી. એવા જીવો અનંતા છે કે જે વ્યવહારમાં આવ્યા નથી એટલે એમનો તો હિસાબ જ ગણશો નહીં. અહીંથી જેટલા મોક્ષે જાય તેટલા પેલામાંથી (નીગોદમાંથી) અહીં આવી જ જાય. એટલે આ વ્યવહારમાં જેટલા જીવો છે, તે તેટલા જ રહે છે. એમાં કશુયે વધઘટ થતું નથી એનું નામ સંસાર કહેવાય. એક વધેય નહીં અને એક ઘટેય નહીં. આ મનુષ્યોની વસ્તી વધી

છે ને તે એ આ જાનવરમાંથી ઓછા થયા એ બધા અહીં મનુષ્યમાં આવ્યા પછી મનુષ્યમાંથી અણહક્કના વિષયો ભોગવીને પાછા જાનવરમાં જવાના. એમ ચક્કર ચાલ્યા જ કરે છે એટલે અહીં જેટલી સંખ્યા છે તે અકબંધ જ રહ્યા કરે.

પ્ર. ૩૯ પુનઃજન્મ કોણ લે છે ? જીવ લે છે કે આત્મા લે છે ?

ઉ. ૩૯ ના કોઇને લેવો પડતો જીવથી થઇ જાય છે. આ જગત આખું ''ઇટ હેપન્સ'' જ છે. આત્માને કશી લેવા દેવા જ નથી, બધું જીવથી જ છે, જેને ભૌતિક સુખો જોઇએ છે તેને યોનિમાં પ્રવેશ કરવાનો રાઇટ છે. ભૌતિક સુખો ના જોઇતા હોય તેને યોનિમાં પ્રવેશ કરવાનો રાઇટ જતો રહે છે.

પ્ર. ૪૦ ક્યાં સુધી જીવને ભટક ભટક કરવું પડે ?

ઉ. ૪૦ મૃત્યુ પછી આત્મા બીજી યોનિમાં જાય છે. જયાં સુધી પોતાના ''સેલ્ફનું'' રીયલાઇઝ ના થાય ત્યાં સુધી બધી યોનિઓમાં કર્મ અનુસાર ભટક ભટક કરે છે. જયાં સુધી મનમાં તન્મયાકાર થાય છે, બુદ્ધિમાં તન્મયાકાર થાય છે, ત્યાં સુધી સંસાર ઉભો રહ્યો છે, કારણકે તન્મયાકાર થવુ એટલે યોનિમાં બીજ પડવું અને કૃષ્ણ ભગવાને કહ્યું છે કે યોનિમાં બીજ પડે છે ને તેનાંથી આ સંસાર ઊભો રહ્યો છે. યોનિમાં બીજ પડતું બંધ થઇ ગયું કે એનો સંસાર ખલાસ થઇ ગયો.

પ્ર. ૪૧ એકલા આત્માને જ મોક્ષે જવાનું છે, બીજા બધાંને કંઇ લાગતું નથી ?

ઉ. ૪૧ આત્મા મોક્ષ સ્વરૂપ જ છે, પણ આમાં આ બીજા તત્ત્વોનું દબાણ આવ્યું છે તે તત્ત્વોમાંથી છૂટે એટલે મોક્ષ થાય અને પોતે મોક્ષ સ્વરૂપ જ છે પણ અજ્ઞાને કરીને માન્યા કરે છે કે હું આ છું, હું આ છું અને તેથી રૉંગ બીલિફોમાં ફસાયા કરે છે અને જ્ઞાને કરીને છૂટે.

પ્ર. ૪૨ દરેક આત્માનો મોક્ષે જવાનો કાળ નક્કી હોય કે કોઇ આત્માનો નક્કી ના હોય ?

ઉ. ૪૨ દરેક આત્મા મોક્ષે જવાનો છે એ વાત ચોક્કસ છે. પણ એનો મોક્ષે જવાનો કાળ નક્કી નથી થતો. જીવને શરૂઆતનો મનુષ્ય અવતાર નક્કી ટાઇમે બિલકુલ રેગ્યુલર એના ટાઇમસર જ થઇ જાય છે. પછી આ મનુષ્ય અવતારમાં શું કરે છે એના ઉપર આધાર રાખે છે. કારણકે મનુષ્ય અવતાર મળ્યો એટલે એ ભટકવા માટે સ્વતંત્ર થયો. મનુષ્યના અવતારમાં

એ ગૂંચવાડો ઊભો કરે છે કે ગૂંચવાડો ઓછો કરે છે કે ગૂંચવાડો બંધ કરે છે એના ઉપર મોક્ષનો આધાર છે. મનુષ્યમાં એને કર્તાપણામાં તો બધી છૂટ હોય છે, ગમે તે ગતિમાં જવાનું, નર્કગતિમાં જવાનું કાર્ય કરી શકે જાનવર ગતિમાં જવાનું કાર્ય કરી શકે, મનુષ્યમાં પાછું આવે એવુંયે કાર્ય કરી શકે, દેવગતિમાં જવાનુંયે કાર્ય કરી શકે અને જો કદી જ્ઞાની પુરુષ મળી જાય કે વીતરાગ મળી જાય તો સંસાર કાર્ય નહીં કરતા વીતરાગ માર્ગ ઉપર ચાલે. વીતરાગ માર્ગ ઉપર ચાલે તો મુક્તિમાં જાય એટલે મુક્તિ પણ મનુષ્ય પણામાંથી જ થાય. બીજે ક્યાંયથી અરે દેવ ગતિમાંથીયે મુક્તિમાં ના જઇ શકે. બીજી ગતિઓમાં કર્તાપણું નથી જયારે મનુષ્યમાં કર્તાપણું છે એટલે મનુષ્યપણામાંથી જ જે ગતિમાં જવું હોય તેવો પુરુષાર્થ થઇ શકે છે.

પ્ર. ૪૩ આત્મા ઉર્ધ્વગામી સ્વભાવનો છે તો ઉર્ધ્વગામીની વ્યાખ્યા કહો અને ઉર્ધ્વગામી છે તો પછી અધોગતિ કેમ થાય છે ?

ઉ. ૪૩ ઉર્ધ્વગામી એટલે સ્વભાવથી જ મોક્ષે જાય એવો છે, તમે જો કશી ડખલ ના કરનાર હો તો. આત્મા સ્વભાવથી જ મોક્ષે જાય એવો છે એમાં તમારે કશું કરવું પડે એવું નથી અને પુદ્ગલ એ સ્વભાવથી જ અધોગામી તરફ લઇ જાય એવું છે. જેટલું પુદ્ગલનું જોર વધ્યું એટલો નીચે દબાય અને જેટલું પુદ્ગલનું જોર ઓછું થયું એટલો ઊચે જાય અને જયારે પુદ્ગલ રહિત થાય ત્યારે મોક્ષે જાય. મનુષ્યોને કે કોઇપણ જીવને નુકસાનકારક વિચારો કર્યા કે કોઇને કિંચિત્માત્ર પણ દુઃખદાયી થાય એવો વિચાર પણ કર્યો એટલે વજનદાર પરમાણું ચોંટ્યા એટલે વજનદાર થયો એ પછી નીચે લઇ જાય અને દુનિયામાં કોઇનુંય પણ ભલું કે સારું કરવાનો વિચાર થાય તો હલકા પરમાણું ચોંટે તો ઉપર લઇ જાય. શુદ્ધાત્મા પ્રાપ્ત થઇ જાય તો પછી પુદ્ગલ ખેંચતું ઓછું થઇ જાય.

પ્ર. ૪૪ બધાં આત્માઓ જુદા છે કે બધાં એક પરમાત્માના સ્વરૂપો છે ?

ઉ. ૪૪ વ્યવહારથી બધાં જુદા છે નામ-રૂપ જોવા જઇએ તો વ્યવહારથી બધાં જુદા છે. રીયલી એક જ છે એટલે સ્વભાવે કરીને એક જ છે. આ સોનાની લગડીઓ હોય તે બધી જુદી જુદી હોય પણ કહેવાય બધું સોનું, એવું આ કહેવાય કે આત્મા એક છે પણ આમ લગડીની જેમ બધાં જુદા જુદા છે.

ભેદ બુદ્ધિવાળાને આ વાત સમજવામાં બહું ભાંજગડ પડી જાય છે ! અનેક હોવા છતાં એક છે તે વાત બહું સમજવા જેવી છે અને બહું ઝીણી વાત છે. નહીં તો ત્યાં જો ભેગું થઇ જતું હોય તો એમાં આપણને શું મળ્યું આપણને જે મોક્ષનું સુખ જોઇતું હોય તે જો ત્યાં ભેગા થઇ જાય તો એમાં આપણને શું સુખ મળ્યું ? ભગવાન જોડે અભેદ થઇ ગયા તો એમાં આપણું શું રહ્યું ? અને બધા ભગવાન જ છે ને ! રામચંદ્રજી મોક્ષે ગયા તે મોક્ષનું સુખ અત્યારે એ પોતે ભોગવે છે અને આપણે અહીં છીએ તો આપણને અહીંની ઉપાધિ હોય તે ભોગવવી પડે અને સંસારમય, બ્રહ્માંડમાંય આત્મા એક નથી, અનંત જીવો છે, પણ બધા એક સ્વભાવના છે એના ગુણધર્મો એક છે એમાં કોઇ દહાડોય ફેર નથી. વિલીનીકરણ છે જ નહીં. આત્મા પોતે જ પરમાત્મા છે અને જો અહીંના કરતાં સુખ વધારે હોય તો જ લોકો કહે કે અમે મોક્ષે જઇએ અને ત્યાં જો એકાકાર થઇ જવાનું હોય તો અમારે જવું નથી.

પ્ર. ૪૫ પ્રતિષ્ઠિત આત્મા કોને કહેવાય ?

ઉ. ૪૫ અહંકાર અને મમતાને જો ભેગું કરીએ તો પ્રતિષ્ઠિત આત્મા કહેવાય. પ્રતિષ્ઠિત આત્મા મનથી જુદો જ રહે છે. જ્યાં સુધી ''હું ખુદ કોણ છું'' એ જાણીએ નહીં ત્યાં સુધી જેને આપણે આત્મા ગણીએ છીએ કે ''આ ચંદુલાલ હું જ છું.'' તે જ પ્રતિષ્ઠિત આત્મા. આપણે એક મૂર્તિમાં પ્રતિષ્ઠિા કરીએ એવું આ પ્રતિષ્ઠા કરેલી છે, તેથી આપણને આ ફળ આપ્યા કરે છે. મૂળ દર અસલ આત્માનું ભાન થાય ત્યારે કામ થઈ જાય. પોતે કોણ છું એનું સેલ્ફ રીયલાઇઝ થવું જોઇએ. જે રૂપે પ્રતિષ્ઠા કરે છે. તે જ રૂપે પ્રતિષ્ઠિત આત્મા થાય છે અને જ્ઞાન થયા પછી ''હું શુદ્ધાત્મા છું'' કહ્યું એટલે પ્રતિષ્ઠા બંધ થઇ ગઇ. પ્રતિષ્ઠિત આત્મા જ ચિંતવે છે. મૂળ આત્મા તો કશું ચિંતવતો જ નથી. શુદ્ધાત્મા સિવાય આખોય પ્રતિષ્ઠિત આત્મા છે. અજ્ઞાની માણસ પણ પ્રતિષ્ઠિત આત્માને મનથી જુદુ પાડી યોગ-બોગ કરીને અમુક શક્તિઓ મેળવે છે. હું કરું છું એ ભાવ અહંકારમાં વહેંચાય અને આ મારું છે એ ભાવ મમતામાં વહેંચાય, તે બંને ભેગા થાય એટલે પ્રતિષ્ઠિત આત્મા કહેવાય. પ્રતિષ્ઠિત આત્મા તે બ્રહ્મ, તે બે કામ કરે, એક સર્જન કરે યોજનાઓ ઘડે, રાતે સૂઇ ગયો હોય અને સૂતાં સૂતાં યોજનાઓ ઘડે અને તે પાછો ભોગવે તેમ સર્જન અને વિસર્જન કરે છે એ પોતે બ્રહ્મા થઇ પાછો ભ્રમિત થઇ જાય છે, તે પ્રતિષ્ઠિત આત્મા છે.

પ્ર. ૪૬ નિશ્ચેતન ચેતન કોને કહેવાય ?

ઉ. ૪૬ દેહ અને મન એ નિશ્ચેતન ચેતન છે. આ ખાઇએ છીએ, પીએ છીએ, આ શ્વાસ લઇએ છીએ, જોઇએ છીએ, કરીએ છીએ, સાંભળીએ છીએ, પેટમાં દુઃખે છે, ખાવાનું પચે છે, સંડાસ થાય છે. આ બધી દેહની ક્રિયાઓ એ નિશ્ચેતન ચેતન છે. ચેતન જેવું લાગે પણ ખરેખર તે ચેતન નથી માટે તેને નિશ્ચેતન ચેતન કહેવામાં આવે છે. જગત આખું જેને ચેતન માને છે, તે નિશ્ચેતન ચેતન છે. મૂળ ચેતનની હાજરીમાં જે ચાર્જ થઇ રહ્યું છે એ પછી ડિસ્ચાર્જ થયા કરે છે એને નિશ્ચેતન ચેતન કહ્યું છે. જ્યાં સુધી આત્માનું ભાન થયું નથી ત્યાં સુધી બધાં નિશ્ચેતન ચેતન કહેવાય અને તેમના ભગવાનેય નિશ્ચેતન ચેતન કહેવાય. નિશ્ચેતન ચેતન એટલે મિકેનિકલ ચેતન. જેમાં ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મન હોય એ બધું જ મિકેનિકલ ચેતન છે.

પ્ર. ૪૭ મિશ્ર ચેતન કોને કહેવાય ?

ઉ. ૪૭ બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ત્રણ મિશ્રચેતન છે. અંતઃકરણની ક્રિયાઓ એ મિશ્રચેતન છે.

પ્ર. ૪૮ મિશ્રચેતન અને મિકેનિકલ ચેતન એ બેમાં ફરક શો ?

ઉ. ૪૮ બધું એક જ છે પણ મિશ્રચેતન તો શરૂઆતમાં કહેવાય, ત્યારે મિકેનિકલ ચેતન ના પણ હોય, પરંતુ જ્યારે ડિસ્ચાર્જ થાય ત્યારે મિકેનિકલ થાય. જ્યારે ખરેખરું જામી જાય પછી એ ડિસ્ચાર્જ સ્વરૂપ થાય. ત્યારે એ મિકેનિકલ થઇ જાય, તે પહેલા મિકેનિકલ ના હોય. અહીં આગળ ઊંધા વિચાર કરે ત્યારથી એ મિશ્રચેતન થવા માંડે એ પછી જામી જાય એ પછી આવતા ભવમાં ફળ આવે એ વખતે મિકેનિકલ કહેવાય, અત્યારે મિકેનિકલ ના હોય. મિશ્રચેતન અમુક ટાઇમ પછી એ મિકેનિકલ કહેવાય છે, પહેલા મિકેનિકલ નથી કહેવાતું, જ્યારે ડિસ્ચાર્જ થવા માંડે ત્યારે મિકેનિકલ કહેવાય છે. એ ડિસ્ચાર્જ થતું ચેતન છે.

પ્ર. ૪૯ આત્મા જાણવાની વસ્તું છે કે અનુભવવાની ?

ઉ. ૪૯ જાણવાની અને અનુભવવાની બેઉ. જાણ્યા સિવાય અનુભવ ના થાય. અનુભવ્યા સિવાય જણાય ખરો પણ જાણ્યા સિવાય અનુભવ ના કરી શકાય.

પ્ર. ૫૦ આત્માનો અનુભવ એટલે શું ?

ઉ. ૫૦ નિરંતર પરમાનંદ એ જ આત્માનો અનુભવ છે. ''હું શુદ્ધાત્મા છું'' એવો નિર્ણય થવો એનું નામ જ આત્માનુભવ.

પ્ર. ૫૧ આત્માનો અનુભવ ક્યારે થાય ?

ઉ. ૫૧ અહંકારનો અમલ ઊતરે તો આત્માનો અનુભવ થાય.

પ્ર. ૫૨ આત્મા જાણ્યો કોને કહેવાય ?

ઉ. ૫૨ સંસારનું એકેય દુઃખ અડે નહીં તેને આત્મા જાણ્યો કહેવાય.

પ્ર. ૫૩ આત્મા જાણ્યો એટલે સર્વ જાણ્યું એનો અર્થ શું ?

ઉ. ૫૩ આત્મા જાણે એટલે પછી એને જગતમાં કશું જાણવાનું બાકી ના રહ્યું. એટલે જેને આ જગતમાં કશું જાણવાનું બાકી ના રહ્યું એ એકલા આત્માને જાણે.

પ્ર. ૫૪ આત્મજ્ઞાન જાણે છે એ પૌદ્ગલિક જ્ઞાન પણ જાણે એવું કહી શકાય ખરું ?

ઉ. ૫૪ ખરી રીતે આત્મજ્ઞાન એ જાણવાનું નથી, પોતે પોતાનાં સ્વરૂપનું ભાન થવાનું છે, પોતાને જે બેભાનપણું છે, પોતાના સ્વરૂપનું ભાન નથી તે ભાન કરવાનું છે. એ તો શબ્દથી બોલાય કે જાણવાનું છે, બાકી તો પોતે-પોતાનું ભાન થવાનું છે. આત્મજ્ઞાન તો આપણા શાસ્ત્ર જ્ઞાનીઓ બધાય જાણે છે પણ ભાન થતું નથી, એ બધું જાણે છે, તમામ શાસ્ત્રો મોઢે છે કે આત્મા આવો હોય, આવો જ હોય, એવું બધુંય જાણે છે, પણ પોતાને પોતાનું ભાન થતું નથી. સંપૂર્ણ પુદ્ગલને જાણે તે ચેતનને જાણે અથવા તો સંપૂર્ણ ચેતનને જાણે તો પુદ્ગલને જાણે. જેમ ઘઉંને જાણે તો કાંકરા ઓળખાઇ જાય અને કાંકરાને જાણે તો ઘઉં ઓળખાઇ જાય એવું છે.

પ્ર. ૫૫ સહજાત્મ સ્વરૂપ એટલે શું ?

ઉ. ૫૫ આ દેહ સહજ થઇ જાય તો આત્મા તો સહજ જ છે. આ બધો રીલેટિવ ભાગ છે એ સહજ થઇ જાય તો પેલો તો સહજ જ છે. પોતાને તો કશી ભાંજગડ જ નથી, આને (દેહને) સહજ કરવાનો છે. એકનો અનાદર નહીં અને એકનો આદર નહીં એ સહજ. આવી પડેલું એનું નામ સહજ, પછી જલેબી આવે તો જલેબી અને રોટલો આવે તો રોટલો. આ દેહ સહજ થઇ ગયો એટલે સહજાત્મ સ્વરૂપ કહેવાય. આત્મા અને કર્મો જે છે તેમાં જરાય ડખો ના કરે તે સહજાત્મ સ્વરૂપ. દેહ ચિંઢાય, અકળાય ખરો પણ પોતે ડખલ ના કરે તે સહજાત્મ સ્વરૂપ.

પ્ર. ૫૬ સહજાત્મ એટલે શું ? પરમાત્મા એટલે શું ?

ઉ. ૫૬ જેને કેવળજ્ઞાન થયું નથી તે સહજ છે, વિકલ્પી નથી. જેની ક્રિયામાં હું પણું નથી અને સહજપણે વર્તે છે તે સહજાત્મા. જ્યાં સુધી કેવળજ્ઞાન ના થાય અને કેવળદર્શન થાય ત્યારે સહજાત્મા કહેવાય અને કેવળજ્ઞાન થાય ત્યારે પરમાત્મા કહેવાય. એક પગ બહાર છે અને એક પગ અંદર છે તેવો કે જેને ઓરડામાં પેઠાનોય ખ્યાલ નથી અને બહાર રહ્યો છે, એવું દેખાતું નથી તે કેવળદર્શન અને ઓરડામાં પેસી ગયો તે કેવળજ્ઞાન એટલે પરમાત્મા. સૂક્ષ્મતમ મમતા જાય ત્યારે કેવળદર્શન અને સૂક્ષ્મતમ અહંકાર જાય ત્યારે કેવળજ્ઞાન.

પ્ર. ૫૭ આત્મા સહજ થયો ક્યારે કહેવાય ?

ઉ. ૫૭ રીલેટિવ ડખો ગયો તો આત્મા સહજ થાય. આત્મા સહજ થયો એટલે શું કે આત્મા જ્ઞાતા-દ્રષ્ટા અને પરમાનંદ સ્વરૂપ રહે. રાગ-દ્વેષ ના થાય એ જ જ્ઞાતા-દ્રષ્ટાપણું.

પ્ર. ૫૮ સચ્ચિદાનંદ શબ્દનો અર્થ શો ?

ઉ. ૫૮ સત્+ચિત્ત+આનંદ = સચ્ચિદાનંદ. સત્ એટલે અવિનાશી. ચિત્ત એટલે જ્ઞાનદર્શન. અવિનાશી જ્ઞાનદર્શન હોય તો આનંદ કાયમને માટે હોય. સચ્ચિદાનંદ એટલે શુદ્ધ ચિત્ત. શુદ્ધ ચિત્તથી આનંદ એટલે જે જ્ઞાનદર્શન અવિનાશી હોય એ આનંદ સ્વરૂપ હોય. સચ્ચિદાનંદ એ જ આત્મા, એ જ પરમાનંદમય આત્મા. રીયલમાં હાઇ ક્વોલિટી એ સચ્ચિદાનંદ અને રીલેટિવમાં હાઇ ક્વોલિટી એટલે સત્યમ્, શિવમ્, સુન્દરમ્.

પ્ર. ૫૯ સચ્ચિદાનંદ એટલે શું ?

ઉ. ૫૯ જેનું ચિત્ત પોતાના આત્મામાં નિરંતર રહે છે એ સચ્ચિદાનંદ. જેનું ચિત્ત સહેજે ભટકે નહીં, આઘુપાછું થાય નહીં, ગાળ દે તોય ભટકે નહીં, માર મારે તોય ભટકે નહીં, દુનિયાની કોઇ અસર ચિત્તને થાય નહીં એ સચ્ચિદાનંદ કહેવાય. સચ્ચિદાનંદ એટલે સત્ ચિત્ત અને આનંદ. પોતાનું સ્વરૂપ જે છે એનું નામ જ સચ્ચિદાનંદ. સચ્ચિદાનંદ તો અનુભવ દશા છે. અને શુદ્ધાત્મા એ પ્રતીતિ અને લક્ષદશા છે. સચ્ચિદાનંદ એ આપણું મૂળ સ્વરૂપ છે, જે જીવમાત્રની અંદર છે અને તે જ પરમાત્મા છે. જેને આ સંસાર અડેય નહીં અને નડેય નહીં તેનું નામ સચ્ચિદાનંદ.

પ્ર. ૬૦ સચ્ચિદાનંદ શું છે ?

ઉ. ૬૦ ધી ઇસેન્સ ઓફ ધી વર્લ્ડ ઇઝ સચ્ચિદાનંદ. આ સચ્ચિદાનંદ શબ્દ બોલવાથી ઘણી ઇફેક્ટ થાય છે. સમજ્યા વગર બોલે તોય ઇફેક્ટ થાય. સમજીને બોલે તો તો ઘણો લાભ થાય. આ શબ્દ બોલવાથી સ્પંદનો ઉત્પન્ન થાય છે અને અંદર બધું વલોવાય છે. બધા જ ધર્મના ઇષ્ટદેવો ભેગા થાય તે સચ્ચિદાનંદ. બધા ભગવાનનું ભેગું નામ તે સચ્ચિદાનંદ. સચ્ચિદાનંદ ઇઝ ધી પ્રોપર નેમ ઓફ ધી ગોડ. સચ્ચિદાનંદ એ જ ચોવીસ તીર્થંકરોનું સ્વરૂપ છે. સચ્ચિદાનંદ તો પોતાના ગામનું, નિજ ગામનું સરનામું છે, જ્યાં જવાનું છે ત્યાંનું.

પ્ર. ૬૧ બ્રહ્મ શબ્દનો અર્થ શો ?

ઉ. ૬૧ બ્રહ્મ શબ્દ બૃહ ધાતુ પરથી બન્યો છે. આ ધાતુનો અર્થ વૃદ્ધિ પામવું, મહાન થવું, સર્વત્ર વ્યાપવું અને સંપૂર્ણ બનવું એવો થાય છે.

પ્ર. ૬૨ બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એ વાક્ય સમજાવો ?

ઉ. ૬૨ આ વાક્ય સંપૂર્ણ સાચું નથી. વાસ્તવમાં બ્રહ્મ સત્ય છે અને જગત પણ સત્ય છે. આ જગત રીલેટિવ સત્ય છે અને બ્રહ્મ રીયલ સત્ય છે, બસ એટલો જ ફેર છે. જગત મિથ્યા છે જ નહીં. જગત મિથ્યા જેવી વસ્તુ જ નથી. જો જગત મિથ્યા હોય ને તો તો માણસ રાત્રે ઊંઘી ગયો હોય અને મોઢું આમ જરાક પહોળું થયું હોય તો આમ છેટે રહીને મરચું મોઢામાં નાખી આપે તો ? તો બૂમાબૂમ કરે કે ના કરે ? એને ઊંઘમાંથી આપણે ઉઠાડવા જવું પડે ? કેમ આપણે જગાડ્યા સિવાય એને અસર થાય ? શી રીતે એને ખબર પડે ? એટલે મિથ્યા હોય ને તો આવું થાય નહીંને કશું ? જે અસરવાળું હોય તેને મિથ્યા કેમ કહેવાય. અસરવાળું છે એટલે મિથ્યા નથી જગત, પરંતુ જગત રીલેટિવ સત્ય છે અને બ્રહ્મ રીયલ સત્ય છે. બ્રહ્મના પ્રકાશથી પ્રકાશે છે માટે રીલેટિવ સત્ય છે, પણ વિનાશી સત્ય છે જ્યારે બ્રહ્મ એ અવિનાશી સત્ય છે. ત્યાગ ભાવના પ્રગટાવવા માટે અને લોકો ત્યાગી બને તે હેતુંથી મહાન પુરુષો આવું બોલેલા કે ભાઇ આ બધું મિથ્યા છે, આ મિથ્યામાંથી શું સાર કાઢવાનો છે ! માટે હવે ત્યાગી થઇને, ત્યાગ કરીને કંઇક આગળ વધો. એ હેતુથી આપણા લોકોએ આવું કહેલું પણ ખરેખર તો જગત જેમ છે તેમ એને કહેવું જોઇએ. આ બધું આંખેથી

દેખાય છે. પંચેન્દ્રિયથી અનુભવમાં આવે છે એ બધું રીલેટિવ કરેક્ટ છે. ખોટી તો કોઇ વસ્તું છે જ નહીં આ જગતમાં. આ માંકડ મારવાની દવા પણ મિથ્યા નથી, એ પી જાયને તો ખબર પડી જાય કે મિથ્યા છે કે નહીં. જ્યાં સુધી ભૌતિક સુખોની જરૂર હોય, વિનાશી સુખો જોઇતા હોય ત્યાં સુધી રીલેટિવ સત્યમાં બેસી રહો અને ત્યાં સુધી રીલેટિવમાં ભટક ભટક કરો. હવે જ્યારે આ જંજાળથી કંટાળે અને અવિનાશી સુખો જોઇતા હોય તો ત્રિકાળવર્તી હોય ત્યાં જા કે જે રીયલ સત્ય છે.

પ્ર. ૬૩ બ્રહ્મ પ્રાપ્તિનો બાધક કોણ ?

ઉ. ૬૩ બાધક અજ્ઞાન છે. મળ, વિક્ષેપ અને અજ્ઞાન, આ ત્રણ વસ્તુ બાધક છે. આપણા લોકો મળ, વિક્ષેપ કાઢ કાઢ કર્યા કરે છે, પરંતુ અજ્ઞાન કાઢવાના કોઇ જગ્યાએ પ્રયત્ન થતા નથી. એનું શું કારણ ? કારણ કે એવા જ્ઞાની પુરુષ હોતા નથી, કોઇક જ ફેરો હજારો વર્ષે જ્ઞાનીપુરુષનો અવતાર હોય છે, બાકી જ્ઞાની ના હોય. એ જ્ઞાની હોય તો અજ્ઞાન જાય અને અજ્ઞાન ગયું એટલે બધું ગયું. ટૂંકમાં મોટામાં મોટું બાધક કારણ હોય તો અજ્ઞાન છે, એ અજ્ઞાન ગયું અને હું કોણ છું તેનું પોતાને ભાન થાય તો એ ભાન થયા પછી એ લક્ષ જાય નહીં.

પ્ર. ૬૪ બ્રહ્મ ક્યારે પ્રગટ થાય ?

ઉ. ૬૪ ક્રોધ, માન, માયા, લોભ અને મમતા જાય ત્યારે બ્રહ્મ પ્રગટ થાય.

પ્ર. ૬૫ બ્રહ્મ સ્વરૂપ કોને કહેવાય ?

ઉ. ૬૫ હું ક્યારેય પણ મરવાનો નથી એવી આત્માની સ્થિતિ હોય અને મરણનો ભય જ ટળી ગયો હોય તે બ્રહ્મસ્વરૂપ કહેવાય. બ્રહ્મ સ્વરૂપ કોને કહેવાય કે જેની વાણી મતવાળી ના હોય, ગચ્છવાળી ના હોય, ફકત આત્મા સબંધની જ વાણી હોય. જુદાઇ ના પડે એ બ્રહ્મસ્વરૂપ કહેવાય. બ્રહ્મસ્વરૂપ થયું ક્યારે કહેવાય કે કોઇ જાતનો મતભેદ ના રહ્યો હોય.

પ્ર. ૬૬ બ્રહ્મનિષ્ઠ કોણ કહેવાય ?

ઉ. ૬૬ જેની નિષ્ઠા બ્રહ્મમાં છે તે બ્રહ્મનિષ્ઠ કહેવાય. જેને ભગવાનમાં (આત્મામાં) નિષ્ઠા બેઠી એ બ્રહ્મનિષ્ઠ.

પ્ર. ૬૭ બ્રહ્મનિષ્ઠ દશાં એટલે શું ?

ઉ. ૬૭ બ્રહ્મનિષ્ઠ દશાં એટલે આખા જગતનાં ઉપરી જેવી દશાં.

પ્ર. ૬૮ બ્રહ્મનિષ્ઠ કેટલા પ્રકારના છે ?

ઉ. ૬૮ બ્રહ્મનિષ્ઠ ત્રણ પ્રકારના છે.

૧. ધર્મા-ધર્મ. તે અધર્મ કાઢવા ફરે (ધર્મ સ્વરૂપ થવાની ઇચ્છાવાળા.)

૨. રીયલ-રીલેટિવનો ભેદ જાણનારા.

૩. એબ્સોલ્યૂટ.

પ્ર. ૬૯ બ્રહ્માસ્મી કોને કહેવાય ?

ઉ. ૬૯ જ્યાં સુધી સેલ્ફનું રીયલાઇઝ ના થયું હોય ત્યાં સુધી બ્રહ્માસ્મી થયો જ ના કહેવાય. ગજવું કાપી ગયો, માર-મારી ગયો ને અસર બિલકુલ ના થાય તો એને બ્રહ્માસ્મી કહેવાય.

પ્ર. ૭૦ બ્રહ્મ પ્રાપ્તિનું ફળ શું હશે ?

ઉ. ૭૦ બ્રહ્મ પ્રાપ્તિનું ફળ નિરંતર પરમાનંદ સ્થિતિ, દેહ હોય છતાં જનક વિદેહી જેવી સ્થિતિ હોય. બ્રહ્મમય સ્થિતિ એટલે સંસાર એને પછી અડે નહીં, સ્પર્શ કરે નહીં, ફૂલો ચઢાવે તોય સ્પર્શ ના કરે અને ઢેખાળો મારે તોય સ્પર્શ ના કરે.

પ્ર. ૭૧ બ્રહ્મમય સ્થિતિ થઇ જાય એટલે બધાં એક દેખાય બધાં બ્રહ્મસ્વરૂપ દેખાય ?

ઉ. ૭૧ અમને તો બધું બ્રહ્મમય દેખાય. અમારી જાગૃતિ કેવી હોય કે અમને આ સ્ત્રી-પુરુષો પહેલા વીઝને શું દેખાય ? કપડું પહેરેલું ના દેખાય. બધાં નાગા દેખાય. પછી બીજા વીઝને આ ચામડી ઉતારી નાખેલી હોય એવું દેખાય પછી ત્રીજા વીઝને અમને શું દેખાય ? અંદર આંતરડા અને બધું એકઝેક્ટ દેખાય એટલે આમ એકસરે જેવું દેખાય એટલે અમને આમાં રાગ-દ્વેષ કશું થાય નહીં અને છેલ્લે બ્રહ્મસ્વરૂપ બધાંમાં દેખાયા કરે.

પ્ર. ૭૨ બ્રહ્મસબંધ એટલે શું ?

ઉ. ૭૨ બ્રહ્મસબંધ એટલે જ્યાં બ્રહ્મ પ્રગટ થઇ ગયા છે તેમના ચરણનાં અંગૂઠે અડીને સબંધ લે તે બ્રહ્મસબંધ. જ્ઞાની પુરુષની જોડે લગની લાગે તે બ્રહ્મસબંધ. બ્રહ્મરસ ઝરે ત્યારે લગની લાગે અને ત્યારે બ્રહ્મસબંધ થાય. પોતાનું સ્વરૂપ સમજાય તે ખરો બ્રહ્મસબંધ થયો કહેવાય. એક ક્ષણ પણ સ્વરૂપ ભૂલાય નહીં તે બ્રહ્મસબંધ. એક પણ ચિંતા ના થાય, શુદ્ધાત્માનું નિરંતર લક્ષ રહે તે ખરો બ્રહ્મસબંધ પામ્યા કહેવાય. ''મન, વચન, કાયાથી તદ્દન જુદો એવો બ્રહ્મસબંધવાળો હું શુદ્ધાત્મા છું'' એ વાત ભૂલાય નહીં તે બ્રહ્મસબંધ. આત્મા સાથે સબંધ બાંધી આપે તેનું નામ બ્રહ્મસબંધ.

પ્ર. ૭૩ બ્રહ્મ અને પરબ્રહ્મમાં શું તફાવત ?

ઉ. ૭૩ બ્રહ્મ પોતે નિજ સ્વરૂપમાં રહી શકે, બીજાને ભાન કરાવી શકે તે બ્રહ્મ. પરબ્રહ્મ તો સંપૂર્ણ વીતરાગ હોય, એ કોઇનેય ભાન-બાન કરાવી ના શકે કે ન કરાવે.

પ્ર. ૭૪ બ્રહ્મજ્ઞાન અને આત્મજ્ઞાનમાં ફેર શું ?

ઉ. ૭૪ બ્રહ્મજ્ઞાન તો આત્મજ્ઞાનનો દરવાજો છે. એ બ્રહ્મજ્ઞાનમાં પેસે ત્યાર પછી આત્મજ્ઞાન થાય. બ્રહ્મજ્ઞાન થાય છે તે બધું સાધનના પરિણામ રૂપે પોતાના સ્વરૂપ પર એકાગ્રતા થાય છે, પરંતુ સ્વરૂપ શું છે એ ભાન થતું નથી. સ્વરૂપનું ભાન તો આત્મજ્ઞાન થાય તો જ થાય. જે અબ્રહ્મને જાણે ત્યારથી બ્રહ્મજ્ઞાન કહેવાય. લોકોને અત્યારે સાંસારિક સુખોની નિષ્ઠા છે. પાંચ ઇન્દ્રિયોના સુખોની નિષ્ઠા છે, એ નિષ્ઠા જેની ફરી જાય કે આ સુખો ખોટા છે, ભૌતિક છે અને નકામાં છે, તથા સાચું સુખ આત્મામાં જ છે એ બ્રહ્મજ્ઞાન કહેવાય. ભગવાનમાં જ સુખ છે એવું નક્કી થાય ત્યારે એ બ્રહ્મનિષ્ઠ થાય. સંસારની નિષ્ઠા ઉઠે ત્યાર પછી બ્રહ્મમાં નિષ્ઠા બેસે. બ્રહ્મનિષ્ઠા થઇ ત્યાંથી જ એ બ્રહ્મજ્ઞાન કહેવાય અને આ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરનાર વ્યક્તિને બ્રહ્મસ્વરૂપ કહેવાય. બ્રહ્મજ્ઞાન થયા પછી આત્મજ્ઞાન થાય, ત્યારે આત્મનિષ્ઠ પુરુષ કહેવાય. આત્મનિષ્ઠમાં બુદ્ધિ જ ના હોય. બુદ્ધિ જતી રહે ત્યાર પછી જ આ અજવાળું થાય. બ્રહ્મનિષ્ઠમાં બુદ્ધિ હોય એટલે એને આ અજવાળું ના હોય. જ્ઞાનીપુરુષ બ્રહ્મની નિષ્ઠા બેસાડે તે બ્રહ્મનિષ્ઠ થાય, ત્યારથી બ્રહ્મજ્ઞાન થવા માંડે ને તે પછી છેલ્લે આત્મજ્ઞાન થાય.

પ્ર. ૭૫ દ્વૈતા-દ્વૈતનો અર્થ શું?

ઉ. ૭૫ બાય રીલેટિવ વ્યૂ પોઇન્ટ આત્મા દ્વૈત છે. જ્યાં સુધી આ દેહ છે ત્યાં સુધી રીલેટિવ વ્યૂ પોઇન્ટ જ હોય અને રીયલ વ્યૂ પોઇન્ટથી આત્મા અદ્વૈત છે, અને પછી મોક્ષે જાય છે ત્યારે ત્યાં વિશેષણ હોતું જ નથી. આ શરીર છે ત્યાં સુધી જ વિશેષણ છે. દ્વૈત એને કહેવાય છે કે હું અને કર્મ બંને છીએ એને દ્વૈત કહેવાય. ત્યારે અદ્વૈતવાળા શું કહે છે કે હું જ છું, કર્મ જેવી વસ્તુ જ નથી. દ્વૈત અને અદ્વૈત એકલું હોય નહીં કારણકે આત્મા દ્વૈતાદ્વૈત છે. આત્મા એકલો અદ્વૈત નથી હોઇ શકતો. એ સંસારની અપેક્ષાએ વ્યવહારના કનેક્શનમાં આવે ત્યારે દ્વૈત છે અને પોતે મૂળ સ્વરૂપમાં રહે

તો અદ્વૈત છે એટલે અમે અમારા પોતાનામાં રહીએ ત્યારે અમે સંપૂર્ણ અદ્વૈત હોઇએ. અદ્વૈત તો એનું નામ કહેવાય કે દ્વન્દ્વાતિત થયેલો હોય અને પછી એને નફો કે ખોટ એવું કશું જ સ્પર્શે નહીં, એને ગજવું કાપે તોયે સરખું અને ફૂલો ચઢાવે તોય સરખું. ગાળો ભાંડે તો ય સરખું, ઘોલ મારે તોયે સરખું તો અદ્વૈત કહેવાય. આ અદ્વૈત કહેવાનો શું ભાવાર્થ છે કે ફોરેન ડિપાર્ટમેન્ટમાં ઉપયોગ ના મૂકો, એના બદલે આ ઊંધુ થઇ ગયું. ''હોમ'' એ અદ્વૈત છે અને ''ફોરેન'' એ દ્વૈત છે. ફોરેનમાં ઉપયોગ ના મૂકવો અને હોમમાં જ રહો. દ્વૈતને જાણ્યા પછી તેનાથી દૂર રહેવું તેનું નામ અદ્વૈત. જેને મમત્વનો રોગ નથી તે અદ્વૈત.

પ્ર. ૭૬ શિવ અને જીવ એ બેમાં શું ફેર છે ?

ઉ. ૭૬ જેને મરવાનો ભય લાગે છે એ બધા જીવ અને મરવાને ભય લાગતો બંધ થયો એટલે એનો એજ જીવ પછી શિવ થઇ ગયો. કલ્યાણ સ્વરૂપ થયેલો હોય તે પુરુષ શિવ કહેવાય. જીવ નામ રૂપ ક્રિયાથી પર થાય તો શિવ કહેવાય. હું જન્મતોય નથી અને હું મરતોય નથી તેવું ભાન થઇ જાય તો તે જીવનો શિવ થઇ ગયો કહેવાય. શિવ એટલે શુદ્ધાત્મા.

પ્ર. ૭૭ જીવ-શિવનો ભેદ મનુષ્યદેહ સિવાય બીજા કોઇ દેહે થઇ શકે કે નહીં ?

ઉ. ૭૭ ના. બીજા કોઇ દેહે ના થઇ શકે.

પ્ર. ૭૮ આત્મા જ પરમાત્મા થાય છે એમ ?

ઉ. ૭૮ આત્મા પોતે જ પરમાત્મા છે, ફક્ત એને ભાન થવું જોઇએ. તમને એક મિનિટ માટે પણ ભાન થાય કે ''હું પરમાત્મા છું'' ત્યારથી તમે પરમાત્મા થવા માંડો.

પ્ર. ૭૯ આત્મ સાક્ષાત્કાર માટે આ જાતિ, પંથ વગેરે બાધક ખરું ?

ઉ. ૭૯ એને કશું નડે નહીં, આત્મ સાક્ષાત્કાર ગમે તે માણસને થઇ શકે. એ બાધક તો કઇ રીતે છે કે જ્યાં સુધી જાતિનો અહંકાર છે, પંથનો અહંકાર છે, જાતનો અહંકાર છે, એ બધું બાધક છે અને જે આ બાધકમાંથી આઘો પાછો થઇ અને જ્ઞાની પુરુષ ખોળી કાઢે તો એનો ઉકેલ આવી જાય. બાધક એકલો અહંકાર જ છે. આત્મસાક્ષાત્કાર માટે અહંકાર અને મમતા એ જ મોટામાં મોટા બાધક કારણ છે.

પ્ર. ૮૦ પ્રમેય, પ્રમાતા અને પ્રમાણનું સ્વરૂપ સમજાવો ?

ઉ. ૮૦ પ્રમેય એટલે આ શરીર. દેહ એ પ્રમેય ગણાય અને આ બ્રહ્માંડેય પ્રમેય ગણાય. આત્મા પોતે પ્રમાતા છે. અત્યારે આત્મા આ દેહમાં છે ત્યારે આત્માનું લાઇટ કેટલું હોય ? એનું પ્રમાણ કેટલું હોય ? કે આ દેહ પૂરતું જ ! હવે સંપૂર્ણ જ્ઞાન હોય અને આ શરીર છૂટી જાય તો એ લાઇટનું પ્રમાણ કેટલું થઇ જાય ! આખા પ્રમયેમાં, આખા બ્રહ્માંડમાં એનું લાઇટ ફેલાઇ જાય. પ્રમેય પ્રમાણે પ્રમાણ થઇ જાય. જેવું ભાજન હોય તે પ્રમાણે લાઇટ થઇ જાય. એટલે કેવળજ્ઞાન થયાં પછી જો દેહ છૂટી જાય તો આ પ્રમાતા છે એ આખા પ્રમેયમાં ફેલાઇ જાય. પોતાનું લાઇટ આખા બ્રહ્માંડમાં ફેલાઇ જાય. અત્યારે પ્રમાણ કેટલું છે ત્યારે કહે આ દેહ પૂરતું જ છે. ઘડામાં લાઇટ મૂક્યુ હોય તો તે ઘડા જેટલા જ અંદરના ભાગમાં પ્રકાશ આપે અને ઘડો ફૂટી જાય તો રૂમમાં લાઇટ ફેલાય, પછી લાઇટ પાતળું થઇ જાય, એટલે લાઇટ જેમ વધારે ફેલાય, તેમ વધારે પાતળું થતું જાય, કારણકે એ તો પૌદ્ગલિક પ્રકાશ છે અને આત્માનું લાઇટ પાતળું ના થાય. એ લાઇટ તો ગમે તેટલું ફેલાય આખા બ્રહ્માંડમાં ફેલાય તોય એવું ને એવું જ રહે.

પ્ર. ૮૧ આત્મા સર્વવ્યાપી છે એ કઇ રીતે ?

ઉ. ૮૧ આત્મા સર્વવ્યાપી છે એ સાપેક્ષ વાત છે જયારે છેલ્લો અવતાર હોય છે ચરમદેહ હોય છે ત્યારે આત્મા સંપૂર્ણ નિરાવરણ થાય છે તે ઘડીએ એ આત્મા આખાં બ્રહ્માંડમાં સર્વવ્યાપી થાય છે પણ એ બધા આત્માનું નહીં પણ જે આત્મા મોક્ષે જવાનો હોય, સંપૂર્ણ નિવારણ થયેલો હોય તે આત્મા એકલો જ સર્વવ્યાપી થાય છે બાકી આ બીજા બધા આત્મા નહીં. તમને સમજમાં આવ્યું. આત્મા ચેતનરૂપે સર્વવ્યાપી નથી, એનો સ્વભાવ સર્વવ્યાપી છે. છેલ્લા અવતારમાં ચરમ શરીર હોય ત્યારે તેનું લાઇટ આખા બ્રહ્માંડમાં બધે ફેલાય એટલે એ સાપેક્ષ વસ્તુ છે એટલે આત્મા સર્વવ્યાપક છે એવું કહેવાય છે પણ એ એના લાઇટથી સર્વવ્યાપક છે એના પ્રકાશથી સર્વવ્યાપક છે. આ બધેય એ પોતે છે નહીં. ટૂંકમાં તમામ આવરણોનો ક્ષય થતા દેહ છૂટી જાય ત્યારે જે આત્મા મોક્ષ તરફ જાય છે ત્યારે તેનો પ્રકાશ બ્રહ્માંડમાં ફેલાય છે તે દૃષ્ટિએ તેને સર્વવ્યાપક કહ્યાં છે.

પ્ર. ૮૨ ટંકોત્કીર્ણ એટલે શું ?

ઉ. ૮૨ ટંકોત્કીર્ણનો જેમ છે તેમ અર્થ તો જ્ઞાનીઓ જ કરી શકે. વીતરાગોનો આ અજાયબ શબ્દ છે. ટંકોત્કીર્ણ એટલે જેમ તેલ અને પાણીને ગમે તે કરીએ છતાંયે બંનેના પરમાણુંઓ એકાકાર ક્યારેય ના થાય એના જેવું આત્મા અનાત્માનું કહેવાય. આ ટંકોત્કીર્ણ શબ્દ ઋષભદેવ ભગવાનનો કહેલો શબ્દ છે એ સાયન્ટિફિક શબ્દ છે, જેનો અર્થ પંડિતોથી સમજાય એવો નથી. છતાં સ્થૂલ ભાષામાં કહી શકાય કે જેમ તેલ અને પાણી ગમે તેટલું હલાવીયે તોય એકાકાર ના થાય તેમ આત્મા અને પુદગલ ગમે તેટલું વલોવ - વલોવ કરીએ તોય કમ્પાઉન્ડ ના થાય મિક્ષચર રૂપે જ રહે તેને ટંકોત્કીર્ણ કહેવાય. ટંકોત્કીર્ણ એ પરમાર્થ ભાષાનો શબ્દ છે અને સ્વાનુભવ તેનું પ્રમાણ છે. ટંકોત્કીર્ણ એટલે ક્યારેય એકાકાર થયો નથી થશે નહીં અને છેય નહીં. તેલ અને પાણી ભેગાં કરીએ તો ક્યારેય એકાકાર ના થાય, પ્રયોગ કરીને જુદા પાડી શકાય. ટંકોત્કીર્ણ એટલે અસંયોગી. ટંકોત્કીર્ણ એ પારિભાષિક શબ્દ છે, લોકભાષાનો શબ્દ નથી.

પ્ર. ૮૩ આત્માને નિર્ગુણ કહે છે તે વાત સમજાવો ?

ઉ. ૮૩ આ જે માન્યતા છે કે આત્મા નિર્ગુણ છે એ ભૂલ ભરેલી માન્યતા છે. આ દુનિયામાં પથરોય ગુણ વગર નથી, એ પથરોય ચટણી વાટવાં કે ઢેખાળાના કામમાં લાગે છે એટલે આત્મા તો પરમાત્મા છે એની મહીં બહું અનંતાગુણો છે. એ નિર્ગુણનું તમને સમજાવું શાસ્ત્રકારોએ નિર્ગુણ કહ્યું પણ લોકો પોતાની ભાષામાં લઇ ગયા. પોતાની ભાષામાં સમજે એટલે ફળ મળે ખરું ! ના મળે. આત્મા નિર્ગુણ છે એ વાત સાચી છે, પણ પ્રકૃતિના ગુણે કરીને આત્મા નિર્ગુણ છે અર્થાત્ પ્રકૃતિનો એક પણ ગુણ આત્મામાં નથી અને આત્માનો એક પણ ગુણ પ્રકૃતિમાં નથી. આત્મા પોતાનાં જે સ્વાભાવિક ગુણો છે એનાથી ભરપૂર છે. પ્રકૃતિનો એક પણ ગુણ આત્મામાં નથી માટે નિર્ગુણ કહ્યું, આત્મા પ્રકૃતિનાં ગુણે કરીને નિર્ગુણ છે. પ્રકૃતિની અપેક્ષાએ અને સ્વગુણોથી ભરપૂર છે આત્માનાં સ્વગુણો તો અનંતઘણા છે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતશક્તિ, અનંતસુખનું ધામ પરમાનંદી છે આત્મા સગુણ - નિર્ગુણ છે. શાસ્ત્રોમાં અપેક્ષાએ અમુક વાતો કીધેલી છે તે દૃષ્ટિ ન સમજવાથી ગુંચો ઊભી થાય છે.

પ્ર. ૮૪ શાસ્ત્ર એમ કહે છે કે આત્મા સ્વતંત્ર છે ?

ઉ. ૮૪ ના. સચ્ચિદાનંદ સ્વરૂપ છે પણ સ્વતંત્ર નથી તેથી તો આ વેષ થયો છે. સ્વતંત્ર હોય તો તે હમણે મુક્તિ થઇ જાય ને ! વાર જ શું લાગે ! આ તો એવો બંધાયેલો છે તે જો સાંકળ લોઢાની આવી જાડી હોત ને તેનાથી બંધાયો હોત ને તો આપણે ગેસ કટીંગ કરીને કાપી નાખત. પણ આ તો એવો બંધાયેલો છે કે તૂટી જ ના શકે. અધાતુ સાંકળીએ પરમાત્મા બંદીવાન. અધાતુ સાંકળીએ એટલે આ પ્રકૃતિની સાંકળીએ બંધાયો છે. જે લોકો એમ કહે છે કે આત્માને બંધન નથી તેને મોક્ષ પણ નથી, એમ બોલી શકાય અને જે લોકો આત્માને બંધન છે, એમ કહે છે તેને મોક્ષ પણ છે એવું કહેવુ પડે. આત્માને બંધન નથી એ વાત તો સો ટકા સાચી છે પણ કંઇ અપેક્ષાએ બોલવાનું ? આ તો નિર્પેક્ષ વાત છે. આત્માને જ્ઞાન ભાવે બંધન નથી અજ્ઞાનભાવે બંધન છે. તમને ભાવ આવ્યો કે ''હું શુદ્ધાત્મા છું.'' તો તમને બંધન નથી અને જ્યાં સુધી 'હું જ ચંદુલાલ છું.' એવો ભાવ છે ત્યાં સુધી બંધન જ છે.

પ્ર. ૮૫ ''શૂન્ય છે તત્ત્વથી, જે પૂર્ણ છે પર્યાયથી'' તે સમજાવો ?

ઉ. ૮૫ શૂન્ય એટલે નિર્વિકાર પદ. દ્રવ્યગુણે કરીને આત્મા શૂન્ય છે, મૂળ સ્વભાવે કરીને શૂન્ય છે, પોતે સ્વભાવમાં આવે તો શૂન્ય છે. શૂન્ય એટલે આ જગત શૂન્ય સમજે છે તેવો આનો અર્થ નથી. શૂન્ય એટલે નિર્વિકારી પદ. મનને શૂન્ય કરવાં માગે છે પણ આત્મા પ્રાપ્ત થાય ત્યારે એ શૂન્ય થાય એટલે આત્માના ગુણે ગુણ પ્રાપ્ત થઇ જાય ત્યારે એ શૂન્ય થાય. મન એકઝોસ્ટ થઇ જાય એટલે શૂન્ય થઇ જાય. પર્યાય વિનાશી હોય અને દ્રવ્ય ગુણ અવિનાશી હોય. દ્રવ્ય ગુણ સહચારી હોય. ગુણ બધા સહચારી છે અને પર્યાય બદલાયા કરે. જ્ઞેય પ્રમાણે આત્માનાં પર્યાય થઇ જાય. આત્માનાં દ્રવ્ય ગુણ જ્ઞેય પ્રમાણે ના થાય એટલે દરેક પોતાનાં પર્યાયે કરીને પૂર્ણ છે. સિદ્ધ ભગવાનનેય દ્રવ્ય ગુણ અને પર્યાય હોય પણ તેમનાં બધાં શુદ્ધ પર્યાયો હોય એટલે ખાલી જોવાનું અને જાણવાનું. દ્રવ્યથી શૂન્ય છે અને પૂર્ણ છે તે પ્રકાશથી કારણકે તે સ્વપર પ્રકાશક છે. આખા બ્રહ્માંડે પ્રકાશે. ટૂંકમાં દ્રવ્ય અને ગુણે કરીને આત્મા શૂન્ય છે અને પર્યાયે કરીને પૂર્ણ છે મૂળ સ્વભાવે કરીને શૂન્ય છે.

પ્ર. ૮૬ આત્માને નિરંજન નિરાકાર કેમ કહ્યો છે ?

ઉ. ૮૬ નિરંજન એટલે એને કર્મ લાગી શકતા નથી અને નિરાકાર એટલે કલ્પના કરી શકાય તેવો આકાર નથી. આત્માને આકાર છે પણ તે સ્વાભાવિક આકાર છે. આ આકાશ નિરાકારી છે તેવી રીતે. લોક સમજે એવો આકાર નથી. લોક તો કલ્પનામાં પડે કે આત્મા ગાય જેવો કે ઘોડા જેવો છે તેવો તે નથી. આત્માનો સ્વાભાવિક આકાર છે, કલ્પિત નથી. આત્મા નિરાકાર હોવા છતાં દેહાકાર છે. જે ભાગ પર દેહનું આવરણ છે તે ભાગમાં આત્મા છે, તેનો તેવો આકાર છે. આત્મા ભાજનના પ્રમાણમાં સંકોચ વિકાસ કરે છે. ભાજન પ્રમાણે પ્રકાશ કરે. છેલ્લા અવતાર પછી દેહ ના રહે ત્યારે આખાં લોકને પ્રકાશ કરે. આત્માનો નિરાકારી આકાર છે નિરંજન નિરાકારી આકાર છે.

પ્ર. ૮૭ આત્મા પરમ જયોતિ સ્વરૂપ છે એ સમજાવો ?

ઉ. ૮૭ આત્માનું જ્ઞાન અને દર્શન એ બે ભેગા થાય એને જયોતિ સ્વરૂપ કહેવાય એટલે કે સ્વપર પ્રકાશક છે. આત્મા બધી જ વસ્તુઓને જાણે, વસ્તુઓને વસ્તુ રૂપે જાણે અને અવસ્થાને અવસ્થા રૂપે જાણે અને પોતે પોતાના ગુણોને પણ જાણે છે. જ્ઞાન દર્શન ભેગું કરીએ તો ચૈતન્ય પણ કહેવાય. કેવળજ્ઞાન, કેવળદર્શન અને કેવળસુખ તેનું નામ જયોતિ સ્વરૂપ. લોકોને દીવો દેખાય ને પોતે માને કે મને ભગવાન મળ્યા, અલ્યા મૂંઆ એ તો દીવો છે આત્મા તો એ દીવાને જોનારો છે.

પ્ર. ૮૮ અવ્યાબાધ એટલે શું ?

ઉ. ૮૮ અવ્યાબાધનો અર્થ એ થાય છે કે મારું સ્વરૂપ એવું છે કે કોઇ જીવને કિંચિત્માત્ર, ક્યારેય પણ દુઃખ ન કરી શકે અને સામાનું સ્વરૂપ પણ એવું છે કે એને દુઃખ ક્યારેય પણ ના થાય. એવી જ રીતે આપણને પણ સામો દુઃખ ના દઇ શકે એ અનુભવ થઇ જાય એ અવ્યાબાધ કહેવાય. સામાને એનો અનુભવ નથી પણ મને તો અનુભવ થઇ ગયો પછી મારાથી દુઃખ થશે એવી શંકા ના રહે. જયાં સુધી સામાને મારાથી દુઃખ થાય છે, એવી શંકા સહેજ પણ થાય તો આપણે ચંદુલાલ પાસે પ્રતિક્રમણ કરાવડાવવાનું. એ શંકાનું નિવારણ કરવાનું અને આપણું તો તેનું તેજ સ્વરૂપ છે, અવ્યાબાધ ! જ્ઞાની પુરુષે જે ગાદી પર બેસાડયા તે ગાદી પર બેઠાં બેઠાં

કામ કર્યા કરવાનું. અવ્યાબાધ એટલે કોઇ જીવને કિંચિત્માત્ર દુઃખ ના થાય એવું પોતાનું સ્વરૂપ છે છતાં હું સાપ છું એવું માનીને બચકું ભરે છે તો સામો મરી જાય છે કારણકે આરોપીત ભાવ છે અને જેવું માને તેવી શક્તિ ઉત્પન્ન થાય.

પ્ર. ૮૯ મારે જાતે આત્માનો અનુભવ કરવો હોય તો કેવી રીતે થાય ?

ઉ. ૮૯ હું એ રીત કહુંને તો છે તો સહેલી પણ તમારાથી એ થશે નહીં. અત્યારે માણસોનું મનોબળ બહુ તૂટી ગયેલું છે છતાં તમને એક રસ્તો બતાવું કે તમારું ગજવું કપાયું હોય, પાંચ હજાર રૂપિયા ગયા હોય તો તમને ભગવાનનો ન્યાય શું કહે છે ? કે ભાઇ આ તમારાં જ કર્મનું ફળ છે તેથી આ ગજવા કાપનારો તમને મળી આવ્યો. પેલો તો નિમિત્ત છે, એટલે નિમિત્તને બચકા ના ભરવા જોઇએ. એને તો આશીર્વાદ આપવા જોઇએ કે તેં મને એક કર્મમાંથી મુક્ત કર્યો આવું રહેવાશે તમારાથી ? આટલી સમજણ પડે તોયે બહુ થઇ ગયું. તમારે પેલા ગજવા કાપનારનો ઉપકાર માનવો જોઇએ કે આ કર્મમાંથી મને છોડાવ્યો અગર તો તમને કોઇ ગાળ ભાંડે તો તે ઘડીએ તમને હાજર રહેવું જોઇએ કે આ મારાં કર્મના ઉદયથી છે અને આ ભાઇ તો નિમિત્ત છે, એટલું હાજર રહેવું જોઇએ. પછી કોઇક મારે, હાથ કાપી નાંખે તોય આ મારાં કર્મના ઉદય છે અને સામેવાળો નિમિત્ત છે, એટલે જ્ઞાન હાજર રહેશે તો જાવ તમને આત્મા પ્રાપ્ત થશે પણ એ જ્ઞાન આ દૂષણકાળને લઇને હાજર રહેતું નથી અને માણસનું મન એટલું બધું બળવાન પણ રહે નહીં ને ? અત્યારે આ જમાનામાં ના રહે ને? મન તો બધું ફ્રેકચર થઇ ગયેલું છે એટલે અમે એક ફેરો જાગૃતિ આપીએ પછી જાગૃતિ જાય નહીં.

પ્ર. ૯૦ અનાત્માને જાણ્યા વગર આત્મા જાણી શકાય ?

ઉ. ૯૦ આત્મા જાણે તો અનાત્મા જાણે, પણ તે શબ્દથી જાણે તેમાં ખરેખર અનાત્માને જાણી શકાતો નથી તેથી આપણે એવું કહ્યું કે ''મન, વચન, કાયાની તમામ સંગી ક્રિયાથી હું તદ્દન અસંગ છું.'' એ સંગી ક્રિયાઓ બધી અનાત્મા છે. મન, વચન, કાયાના તમામ લેપાયમાન ભાવોથી હું સર્વથા નિર્લેપ જ છું. આ લેપાયમાન ભાવો જે મનમાં બધાં આવે છે તે બધો અનાત્મ વિભાગ છે.

પ્ર. ૯૧ આત્મજ્ઞાન એટલે શું ? આત્મજ્ઞાન કોને કહેવાય ?

ઉ. ૯૧ વિચારોને જોવા એ જ આત્મજ્ઞાન. વિચાર એ જ્ઞેય છે અને આત્મજ્ઞાન એ જ્ઞાતા છે. હું ચંદુલાલ છું એ આત્મઅજ્ઞાન અને આત્મજ્ઞાન એટલે પોતે ખરેખર કોણ છે, પોતાનું કોણ છે એનું ભાન થાય તે. આ આત્માના ગુણધર્મ અને આ પુદ્ગલના ગુણધર્મ (પ્રકૃતિના ગુણધર્મ) એટલું જ જેણે ભેદ જ્ઞાન જાણ્યું એનું નામ આત્મજ્ઞાન. જે જ્ઞાનથી આ સંસારની કોઇ ચીજ સ્પર્શે નહીં તેનું નામ આત્મજ્ઞાન. આત્મજ્ઞાન કોનું નામ કે જે જ્ઞાન જાણ્યાં પછી જાણવાની ભૂખ મટી જાય. વાસ્તવિક જાણવું તેનું નામ જ આત્મજ્ઞાન. આ જગતની વાસ્તવિકતા જાણવી તેનું નામ જ આત્મજ્ઞાન. આ જગતની વાસ્તવિકતા જાણવી, જગતનો કોણ ક્રીયેટર છે, ચલાવે છે કોણ એ જાણવું એનું નામ જ આત્મજ્ઞાન. જે જ્ઞાન જાણ્યા પછી કોઇપણ પ્રકારની ચિંતા ઊભી ના થાય એ આત્મજ્ઞાન. આત્માથી આત્મા જાણવો તેનું નામ આત્મજ્ઞાન. જે જ્ઞાનથી જગતની અસર ના થાય તે આત્મજ્ઞાન.

પ્ર. ૯૨ આત્મજ્ઞાનનાં ઉદયની શરૂઆત ક્યારે થાય ?

ઉ. ૯૨ હું તો મૂર્ખમાં મૂર્ખ છું એવું સમજાય ત્યારે આત્મજ્ઞાનનાં ઉદયની શરૂઆત થાય. જયારે જગતમાં હું મૂર્ખ છું એવું સમજાય ત્યારે આત્મજ્ઞાનના ઉદયની શરૂઆત થાય છે.

પ્ર. ૯૩ આત્મજ્ઞાન જાણવા માટે શું કરવું ?

ઉ. ૯૩ જયાં જાણવાનું હોય ત્યાં કશું જ કરવાનું ના હોય. આત્મજ્ઞાનીને મળવાનું. જયાં કંઇપણ કરવાનું છે, ત્યાં આત્મજ્ઞાન નથી.

પ્ર. ૯૪ આત્મજ્ઞાન થવા માટે શું જરૂરી છે ?

ઉ. ૯૪ આત્મજ્ઞાન થવા આત્મા ગુણધર્મ સહિત જાણે અને તે પરિણામ પામે તો આત્મજ્ઞાન થાય.

પ્ર. ૯૫ આત્મજ્ઞાન ક્યાં છે ?

ઉ. ૯૫ જયાં શાસ્ત્રો નથી, જયાં પુસ્તકો નથી, જયાં માળા નથી એવા આત્મજ્ઞાની પાસે આત્મજ્ઞાન છે.

પ્ર. ૯૬ આત્મજ્ઞાન કેવી રીતે મળે ?

ઉ. ૯૬ આત્મજ્ઞાની પાસેથી આત્મજ્ઞાન મળે. આત્મજ્ઞાની પ્રત્યક્ષ મળે તો આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય. આત્મજ્ઞાનીને આપણે છંછેડીયે અને તેમનો અહંકાર ઊભો ના થાય, મમતા ઊભી ના થાય તો સાચા જ્ઞાની છે એમ

માનવું. આત્મજ્ઞાનીના વાણી, વર્તન અને વિનય મનોહર હોય એ આપણા મનનું હરણ કરે એવા હોય એવાં આત્મજ્ઞાની પાસે પરમ વિનયથી માંગણી કરવાથી આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય.

પ્ર. ૯૭ આત્મજ્ઞાનનાં લક્ષણ શાં ?

ઉ. ૯૭ નિરાગ્રહી હોય. કોઇપણ જાતનો આગ્રહ ન હોય. અમે નિરાગ્રહી છીએ એવોય આગ્રહ નહીં એનું નામ સ્યાદવાદ. નિરાગ્રહતા એ જ વીતરાગતા છે.

પ્ર. ૯૮ આત્મજ્ઞાન ક્યારે ઉત્પન્ન થશે ?

ઉ. ૯૮ ''અવસ્થા માત્ર કુદરતી રચના છે તેનો કોઇ બાપોય રચનાર નથી અને તે વ્યવસ્થિત જ છે.'' એવું જ્યારે ફીટ થશે ત્યારે આત્મજ્ઞાન ઉત્પન્ન થશે.

પ્ર. ૯૯ આત્મજ્ઞાન થયું ક્યારે કહેવાય ?

ઉ. ૯૯ દ્વૈતભાવ જાય ત્યારે આત્મજ્ઞાન થયું કહેવાય. આ જગતમાં કશું આવડતું ના હોય અને ''વ્યવસ્થિત છે'' એવું સમજાય, એવું અનુભવમાં આવી જાય તેને આત્મજ્ઞાન થઇ ગયું એમ કહેવાય.

પ્ર. ૧૦૦ આત્મજ્ઞાનની નિશાની શું ?

ઉ. ૧૦૦ રાગ-દ્વેષ ના થાય તે આત્મજ્ઞાનની નિશાની છે. ચિંતા ના થાય, વરીઝ ના થાય, આધિ, વ્યાધિ, ઉપાધિમાં સમાધિ રહે એ આત્મજ્ઞાનની નિશાની છે. આત્મા પ્રાપ્ત થયા પછી શરીર દુઃખતું હોય, માથું દુઃખતું હોય તોયે પણ મહી સમાધિ રહે. બહાર ગાળો ભાંડતો હોય તોયે સમાધિ રહે. દુઃખમાયે સમાધિ રહે એ આત્મજ્ઞાનની નિશાની. આત્મા પ્રાપ્ત થયો હોય તેને રોજ પોતાના પાંચસો પાંચસો દોષ દેખાય અને તેનું પ્રતિક્રમણ થાય એ આત્મજ્ઞાનની નિશાની. પોતાની પ્રકૃતિનો ફોટો પાડતાં આવડ્યો તે આત્મજ્ઞાનની નિશાની. આત્મજ્ઞાન પ્રગટ થાય એટલે મૃદુતા, ઋજુતા, સરળતા, સહજ ક્ષમા આવે.

પ્ર. ૧૦૧ આત્મજ્ઞાની કોને કહેવાય ?

ઉ. ૧૦૧ માત્ર એક આત્મતત્ત્વના જાણકાર છે તેને આત્મજ્ઞાની કે તત્ત્વજ્ઞાની કહેવાય. જેને પૌદ્ગલિક વિચાર જ લક્ષ્મી કે વિષયનો આવતો નથી તથા મન, વચન, કાયાનું સ્વામીપણું જ ના હોય તે આત્મજ્ઞાની કહેવાય.

પ્ર. ૧૦૨ સર્વજ્ઞ કોને કહેવાય ?

ઉ. ૧૦૨ આત્મા સહિત છ અવિનાશી દ્રવ્યો અને નવ તત્ત્વોનો જાણકાર છે તેને સર્વજ્ઞ કહેવાય. સર્વજ્ઞ તો ૩૬૦° ડિગ્રીના હોય ત્યારે કહેવાય. પોતે એક સમય પણ પર સમયમાં ના જાય, નિરંતર સ્વ સમયમાં હોય તે સર્વજ્ઞ. જેને જગત સંપૂર્ણ નિર્દોષ દેખાયું તે સર્વજ્ઞ થઇ ગયો. વિશ્વ તત્ત્વ જાણે તે સર્વજ્ઞ. સંપૂર્ણ અભ્યંતર નિર્ગ્રંથ હોય એ સર્વજ્ઞ કહેવાય. જ્ઞાનીપુરુષ જે ૩૫૬° ડિગ્રી ઉપર છે તે કારણ સર્વજ્ઞ કહેવાય.

પ્ર. ૧૦૩ શુદ્ધાત્મા એટલે શું ?

ઉ. ૧૦૩ શુદ્ધાત્મા એટલે અચિંત્ય ચિતામણી છે એટલે ચિંતવનમાં ન આવી શકે તેવો અને જે માંગે તે ફળ આપે તેવો છે, પોતે ત્રણ લોકનો નાથ છે. મિથ્યાત્વ ચશ્માથી મુક્ત અને કર્તાપણાના ભાનથી મુક્ત એનું નામ શુદ્ધાત્મા. શુદ્ધાત્મા એનું નામ કહેવાય કે સામો ગાળો દે, આપણને મારે તોય તેનામાં શુદ્ધાત્મા દેખાય અને આપણો ઉદયકર્મ છે એમ સમજાય. શુદ્ધાત્મા એટલે શુદ્ધ ચિદ્રુપ. જેનું જ્ઞાનદર્શન શુદ્ધ થયું છે એવું જે સ્વરૂપ પોતાનું તે જ શુદ્ધ ચિદ્રુપ. શુદ્ધ ચિદ્રુપ અને શુદ્ધાત્મા એક જ શબ્દ છે. શુદ્ધાત્મા એ જડથી ચેતન જુદું પાડવાનું સાધન છે.

પ્ર. ૧૦૪ આપે શુદ્ધાત્મા શાથી કહ્યો ? એકલો આત્મા શબ્દ કેમ ના કહ્યો ?

ઉ. ૧૦૪ શુદ્ધાત્મા એટલે શુદ્ધ ચેતન જ. શુદ્ધ એટલા માટે કહેવાનું કે પહેલા મનમાં એમ લાગતું હતું કે હું પાપી છું, હું આવો નાલાયક છું, હું આમ છું, હું તેમ છું, એવાં બધાં પોતાની જાત ઉપરના જે આરોપ હતા તે આરોપ બધાં નીકળી ગયા. શુદ્ધાત્માને બદલે આત્મા કહેને તો પોતાની શુદ્ધતાનું ભાન ભૂલી જાય, નિર્લેપતાનું ભાન જતું રહે એટલે શુદ્ધાત્મા કહ્યું છે.

પ્ર. ૧૦૫ શુદ્ધાત્માનો મર્મ શું છે ?

ઉ. ૧૦૫ શુદ્ધાત્માનો મર્મ એ અસંગ છે, નિર્લેપ છે જયારે આત્મા એવો નથી, આત્મા લેપાયેલો છે અને શુદ્ધાત્મા એ તો પરમાત્મા જ છે. બધા ધર્મવાળા બોલે છે ને મારો આત્મા પાપી છે તોય શુદ્ધાત્માને કશો વાંધો ના આવે. શુદ્ધાત્મા એ જ સૂચવે છે કે આપણે હવે નિર્લેપ થઇ ગયા, પાપ ગયા બધાં, એટલે શુદ્ધ ઉપયોગ માટે શુદ્ધાત્મા કહ્યો છે. બાકી આત્માવાળાને તો શુદ્ધ ઉપયોગ હોય નહીં. આત્મા તો બધાં આત્મા જ છે ને પણ જે શુદ્ધ ઉપયોગી

હોય તેને શુદ્ધાત્મા કહેવાય. આત્મા તો ચાર પ્રકારના છે, અશુદ્ધ ઉપયોગી, અશુભ ઉપયોગી, શુભ ઉપયોગી અને શુદ્ધ ઉપયોગી એવા બધા આત્મા છે. એટલે એકલો આત્મા બોલીએ તો એમાં કયો આત્મા ? ત્યારે કહે શુદ્ધાત્મા એટલે શુદ્ધ ઉપયોગી એ શુદ્ધાત્મા હોય. હવે ઉપયોગ પાછો શુદ્ધ રાખવાનો છે. ઉપયોગ શુદ્ધ રાખવા માટે ''શુદ્ધાત્મા'' છે. નહીં તો ઉપયોગ શુદ્ધ રહે નહીં ને. એક જણે કહ્યું કે દાદા બધે આત્મા કહેવડાવે છે અને તમે એકલા ''શુદ્ધાત્મા'' કહેવડાવો છો એવું કેમ ? મે કહ્યું કે એ જે આત્મા કહે છે ને તે આત્મા જ ન હોય અને અમે ''શુદ્ધાત્મા'' કહીએ છીએ એનું કારણ જુદું છે. શું કહીએ છીએ ? કે તને રીયલાયઝ એક ફેરો કરી આપ્યું કે તું ''શુદ્ધાત્મા'' છું અને આ ચંદુલાલ જુદા છે એવું તને બુદ્ધિથી સમજણ પડી ગઇ હવે ચંદુલાલથી ખરાબમાં ખરાબ કામ થઇ ગયું. લોકો નિંદા કરે એવું કામ થઇ ગયું તે વખતે તારે ''હું શુદ્ધાત્મા છું'' એ લક્ષ ના ચૂકવું જોઇએ. હું અશુદ્ધ છું એવું ક્યારેય પણ માનીશ નહીં, એવું કહેવા માટે ''શુદ્ધાત્મા'' કહેવો પડે છે. તું અશુદ્ધ થયો નથી એટલા માટે કહેવું પડે છે અમે જે શુદ્ધાત્મા પદ આપ્યું છે તે શુદ્ધાત્મા પદ પછી બદલાતું જ નથી. માટે શુદ્ધ મૂક્યું છે અશુદ્ધ તો આ દેહ છે એટલે અશુદ્ધિ તો થયા જ કરવાની કોઇકને વધારે અશુદ્ધિ થાય તો કોઇકને ઓછી અશુદ્ધિ થાય પણ એ તો થયા જ કરવાની અને તેનું પાછું મનમાં પેસી જાય કે ''મને તો દાદાએ શુદ્ધ બનાવ્યો તો પણ આ તે અશુદ્ધિ હજુ રહી છે'' અને એવું પેસી ગયું તો પાછું બગડી જાય. આ બધી ગૂંચ ઊભી ના થાય માટે અમે શુદ્ધાત્મા કહીએ છીએ. શુદ્ધાત્મા એટલે બિલકુલ શુદ્ધ એ પછી ગમે તેવું થાય તો ય એ કદી અશુદ્ધ થતો જ નથી. પરંતુ પૂર્વના અભ્યાસને કારણે મન કાચું પડી જાય છે, ત્યારે આ શબ્દ જ તેને ભાન કરાવે છે કે ''તું શુદ્ધાત્મા'' છે.

પ્ર. ૧૦૬ શુદ્ધાત્મા પદ શું છે ?

ઉ. ૧૦૬ શુદ્ધાત્મા પદ એ તો પરમાત્માના ''યાર્ડમાં'' આવેલું સ્થાન છે. આ પદ પ્રાપ્ત થાય એટલે કેવળજ્ઞાનના અંશની શરૂઆત થાય. કેવળજ્ઞાનના અમૂક અંશનુ ગ્રહણ થાય એટલે આત્મા તદ્દન છૂટો જ દેખાયા કરે ત્યાર પછી

એબ્સોલ્યૂટ થાય. આ તમને શુદ્ધાત્મા અમે આપ્યો છે તે ફર્સ્ટ સ્ટેપ છે, એની આગળ તો ઘણું બધું બાકી છે, પછી શુદ્ધાત્માનું સ્વરૂપ એના ગુણ સાથે પ્રગટ થાય શુદ્ધાત્મા એ કંઇ પરમાત્મા નથી. તમને શુદ્ધાત્મા પદ કેમ આપવામાં આવ્યું છે ? કે તમે શુદ્ધાત્મા અને ચંદુલાલ જે કંઇપણ કરે છે તેના તમે રિસપોન્સીબલ નથી એવી ખાતરી થાય તે માટે આ પદ આપ્યું છે. સારું કરો તેનોય ડાઘ નથી પડતો અને ખોટું કરો તેનોય ડાઘ નથી પડતો. કર્તાપદ જ મારું ન હોય એ શુદ્ધાત્માનું લક્ષ બેઠું કહેવાય. શુદ્ધાત્મા શબ્દ એ તો ખાલી સંજ્ઞા જ છે, તમામ અવસ્થાઓથી હું શુદ્ધ જ છું, ત્રણે કાળ શુદ્ધ જ છું એ સંજ્ઞામાં કહેવાય. શુદ્ધતા માટે નિશંકપણું ઉત્પન્ન થાય ત્યાર પછીનું પદ એ કેવળજ્ઞાન સ્વરૂપ આપણું આવે.

પ્ર. ૧૦૭ શુદ્ધાત્મા અને દેહ એ બેનો સબંધ કેવો છે ?

ઉ. ૧૦૭ આંધળો અને લંગડો બે જણની સોદાબાજી જેવું છે. આંધળાના ખભે લંગડો બેઠો અને રસ્તો દેખાડે, બંનેને સારું ફાવી ગયું તેના જેવું છે. જાણનાર જુદો અને કરનાર જુદો, જે કરે છે તે જાણે નહીં અને જાણે તે કરે નહીં. શુદ્ધાત્મા જે જાણે છે તે કરતો નથી તે લંગડો છે અને આંધળો ચાલે છે તે દેહ છે. આ બેઉનો વેપાર ચાલે.

પ્ર. ૧૦૮ ''હું શુદ્ધાત્મા છું'' એ આત્મભાવના કહેવાય ?

ઉ. ૧૦૮ નીજ પરિણતિ એ આત્મભાવના કહેવાય. ''હું શુદ્ધાત્મા છું'' એ આત્મ ભાવના નથી. શુદ્ધાત્મા એ પરમાત્મા નથી. શુદ્ધાત્મા તો પરમાત્માનાં ''યાર્ડમાં'' આવેલું સ્થાન છે. શુદ્ધાત્મા પદ પછી આગળનું પદ કેવળજ્ઞાન સ્વરૂપ રહે છે એ છેલ્લું પદ છે.

પ્ર. ૧૦૯ શુદ્ધાત્માની રમણતા કોને કહેવાય ?

ઉ. ૧૦૯ શુદ્ધાત્માની રમણતા એટલે નિરંતર શુદ્ધાત્માનું ધ્યાન રહે તે. રીયલનું આરાધન કરવાનું છે અને રીલેટિવને જાણવાનું છે. ''હું શુદ્ધાત્મા છું'' એવું બે કલાક બોલે તોય રમણતા કહેવાય. જ્ઞાતા-દ્રષ્ટા તે રમણતા કહેવાય.

પ્ર. ૧૧૦ ચાર પ્રકારે આત્મ રમણતા થાય તે કઇ રીતે ?

ઉ. ૧૧૦ ૧. ''હું શુદ્ધાત્મા છું'', ''હું શુદ્ધાત્મા છું'' એવું એક કલાક આંખો બંધ કરી બોલ્યા કરે તે.

૨. ''હું શુદ્ધાત્મા છું'', ''હું શુદ્ધાત્મા છું'' એવું એક કલાક સુધી બોલી બોલીને નોટના કાગળ ઉપર લખ્યા કરે.

૩. શુદ્ધાત્માના જે ગુણો છે હું અનંતજ્ઞાનવાળો છું, હું અનંત દર્શનવાળો છું, હું અનંત શક્તિવાળો છું, હું અનંત સુખનું ધામ છું આવા સિદ્ધ સ્તુતિનાં સૂત્રો ઉપયોગપૂર્વક મોટે મોટેથી બોલ્યા કરે.

૪. જીવમાત્રમાં શુદ્ધાત્મા જો જો કરે.

પ્ર. ૧૧૧ આ દેહમાં કેટલા પ્રકારની ચેતના છે ?

ઉ. ૧૧૧ આ દેહમાં ત્રણ પ્રકારની ચેતના છે

૧. **જ્ઞાન ચેતના :** તે રીયલ સ્વરૂપે છે. શુદ્ધ ચેતના પણ કહેવાય. આત્મા સ્વયમ્ તે જ્ઞાન ચેતના કહેવાય.

૨. **કર્મ ચેતના :** હું કંઇક કરું છું એ આરોપીત ભાવ એ કર્મ ચેતના. હું આમ કરી નાંખું, તેમ કરી નાખું, હું કરું છું તેમ ગાયા કરે છે તે કર્મ ચેતના.

૩. **કર્મ ફળ ચેતના :** આ ભમરડો ફરે છે તેમાં કંઇ ચેતનતા નથી તેનામાં તો કર્મ ફળ ચેતના છે. કઢાપો, અંજપો, ચિંતા બધું જ આમાં હોય. કર્મનું ફળ આવે ત્યારે એ રડે હસે એ કર્મફળ ચેતના.

પ્ર. ૧૧૨ આત્મા શું છે ?

ઉ. ૧૧૨ આત્મા સ્વપર પ્રકાશક છે. આત્મા પોતાને ખુદને પ્રકાશ કરે અને આખી દુનિયાનાં તમામ જ્ઞેયોને, દેખ્યોને પ્રકાશમાન કરે છે. આત્મા વિજ્ઞાન સ્વરૂપ છે.

પ્ર. ૧૧૩ આત્મા બધામાં છે તે બાબતે કબીરે શું કહ્યું છે ?

ઉ. ૧૧૩ સબ ઘટ મેરે સાઇઆ, ખાલી ઘટ ન કોઇ
બલિહારી ઉસ ઘટકી, જીસ ઘટ પ્રગટ હોઇ.

આ જગતમાં જેટલા જીવો છે તે દરેકની અંદર આત્મા છે. કોઇપણ જીવ આત્મા વગરનો નથી પરંતુ બલિહારી તો તે જીવની કહેવાય કે જે જીવની અંદર રહેલ આત્મા પ્રગટ થાય અર્થાત્ આત્મજ્ઞાન થાય ત્યારે.

પ્ર. ૧૧૪ આત્માનું ખરું સ્વરૂપ શું ?

ઉ. ૧૧૪ જે જે વસ્તુ સ્વરૂપે છે તેમનું સ્વરૂપ હોય જ. આત્મા પણ વસ્તુ છે અને તેનું પોતાનું પણ સ્વરૂપ છે, મનુષ્યની સમજમાં ન આવે તેવું ગજબનું સ્વરૂપ છે અને એ જ જાણવાનું છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર જેનું સ્વરૂપ છે અને પરમાનંદ જેનો સ્વભાવ છે તે જાણવાનું છે.

પ્ર. ૧૧૫ તત્ત્વે કરીને આત્મા કેવો છે ?

ઉ. ૧૧૫ તત્ત્વે કરીને આત્મા આકાશ જેવો છે. આત્મા એક જ વસ્તુ છે તે પરમાણુંઓનો બનેલો નથી. પ્રકાશ જેવો એનો સ્વભાવ છે, જ્ઞાન દર્શન એના ગુણ છે.

પ્ર. ૧૧૬ આત્મા સત્તારૂપે છે કે શક્તિરૂપે છે ?

ઉ. ૧૧૬ આત્મા સત્તારૂપે છે શક્તિરૂપે નથી. જ્ઞાની અનાવરણ કરી આપે એટલે આત્મા સતામાં આવે આત્મા શક્તિરૂપે હોય તો અનાવરણ ના થાય.

પ્ર. ૧૧૭ આત્માનો શો ઉપયોગ છે ?

ઉ. ૧૧૭ મન, વચન, કાયાને ઈફેક્ટ કેવી થઇ તે જાણવા માટે આત્માનો ઉપયોગ છે, બીજા કશા માટે નથી તે સિવાયના બીજા બધાં ઉપયોગ સંસાર વધારનારા છે.

પ્ર. ૧૧૮ આત્માનું કાર્ય શું ?

ઉ. ૧૧૮ જોવું અને જાણવું, જ્ઞાતા અને દ્રષ્ટા. તથા વીતરાગતા જ

પ્ર. ૧૧૯ આત્માની દશાં મૂઢ કેમ કહેવાય ?

ઉ. ૧૧૯ આત્માની દશાં મૂઢ કહેવાય કારણ વિનાશી (નાશવંત) ચીજોમાં સુખ માન્યું છે, ભૌતિક ચીજોમાં સુખ માન્યું છે. ખરેખર સુખ શામાં છે તેનું ભાન નથી, પોતે કોણ છે તેનું ભાન નથી માટે આત્માની આ દશાંને મૂઢ કહી છે.

પ્ર. ૧૨૦ આત્માને ચૈતન્ય ધન શાં માટે કહેવાય ?

ઉ. ૧૨૦ જ્ઞાન અને દર્શન ભેગું કરીએ તો ચૈતન્ય કહેવાય. બીજી કોઇ વસ્તુમાં ચૈતન્ય નથી માત્ર આત્મામાં જ અનંત જ્ઞાન અને અનંતદર્શન છે તેથી તેને ચૈતન્ય ધન કહ્યાં છે.

પ્ર. ૧૨૧ આત્મા સહજ ક્યારે થાય ?

ઉ. ૧૨૧ રીલેટિવમાં ડખો ગયો એટલે આત્મા સહજ થાય. પોતે જ્ઞાતા દ્રષ્ટા અને પરમાનંદમાં રહે ત્યારે આત્મા સહજ થાય.

પ્ર. ૧૨૨ આત્મધર્મની શરૂઆત ક્યારે થાય ?

ઉ. ૧૨૨ સમકિત થાય ત્યારથી આત્મધર્મની શરૂઆત થાય. કોઇપણ જીવને આપણા લીધે સહેજ પણ ત્રાસ કે અડચણ તથા દુઃખ ઉત્પન્ન ના થાય એ જ આત્મધર્મ છે.

પ્ર. ૧૨૩ આત્મા ક્યારે શુદ્ધ ઉપયોગમાં હોય અને ક્યારે અશુદ્ધ ઉપયોગમાં હોય ?

ઉ. ૧૨૩ આત્માનો પ્રદેશ જયારે કંપાયમાન ના થતો હોય ત્યારે આત્મા શુદ્ધ ઉપયોગમાં હોય અને આત્માનો પ્રદેશ કંપાયમાન થાય, પહોળો થાય અથવા સંકોચાય ત્યારે આત્મા અશુદ્ધ ઉપયોગમાં હોય.

પ્ર. ૧૨૪ આત્મા ભારે ક્યારે બને અને હલકો ક્યારે બને ?

ઉ. ૧૨૪ અઢાર પાપ સ્થાનકથી આત્મા ભારે બને અને તેના ત્યાગથી હલકો બને.

પ્ર. ૧૨૫ આત્મા કેવી રીતે સમજાય ?

ઉ. ૧૨૫ આત્મા તો આખા વર્લ્ડની ગુહ્યતમ વસ્તુ છે. આત્મા અવર્ણનીય, અવ્યક્તવ્ય અને નિઃશબ્દ છે. આત્મા શબ્દથી સમજાય તેવો નથી, સંજ્ઞાથી સમજાય. જ્ઞાની પુરુષ તમારો આત્મા સંજ્ઞાથી જાગ્રત કરી દે છે. જેમ બે મૂંગા માણસો હોય તે તેમની ભાષા જુદી હોય એક આમ હાથ કરે અને બીજો આમ હાથ કરે એટલે બેઉ સ્ટેશન ઉપર પહોંચી ગયા હોય એ બંને એમની સંજ્ઞાથી સમજી જાય, આપણને તેમાં ખબર ના પડે, એવી રીતે જ્ઞાનીની સંજ્ઞા જ્ઞાની જ સમજે. એ તો જ્ઞાની કૃપા વરસાવે અને સંજ્ઞાથી સમજાવે તો જ તમારો આત્મા જાગ્રત થાય અને સમજાય.

પ્ર. ૧૨૬ આત્માને જોઇ શકાય અને જોઇ શકાય તેને શું કહેવાય ?

ઉ. ૧૨૬ આત્મા પ્રકાશ સ્વરૂપ છે તેને જોઇ શકાય છે. જે આત્મા જોઇ શકે એને કેવળજ્ઞાન કહેવાય. આત્મા જ્ઞાન સ્વરૂપ છે, આનંદ તો એનો સ્વભાવ છે.

પ્ર. ૧૨૭ આત્મયોગ એટલે શું ?

ઉ. ૧૨૭ ગણા-અણગમા વગરની કોઇ વાત, સ્થળ કે વખત હોતાં નથી પણ તેમાં સમતા, સ્થિરતા અને જાગૃતિ લાવે તે આત્મયોગ છે.

પ્ર. ૧૨૮ આત્માનો આનંદ કેવો હોય ?

ઉ. ૧૨૮ બહારથી કંઇ પણ આનંદ આવે છે એ પૌદ્ગલિક આનંદ છે. સહજ, અપ્રયાસ, આનંદ એ જ આત્માનો આનંદ છે. જગત વિસ્મૃત કરાવડાવે એનું નામ આનંદ અને એ જ આત્માનો આનંદ. આનંદ તો નિરૂપાય આનંદ હોવો જોઇએ, મુક્ત આનંદ હોવો જોઇએ. ક્રોધ, માન, માયા, લોભની ગેરહાજરી એ જ આનંદ.

પ્ર. ૧૨૯ આત્મા અને અનાત્મા કેવા સ્વરૂપે છે ?

ઉ. ૧૨૯ આત્મા અને અનાત્મા મિશ્રણ સ્વરૂપે છે, કમ્પાઉન્ડ સ્વરૂપે નથી અને તેથી જ છૂટાં પાડી શકાય તેમ છે. સોની જેમ સોનાની વીંટીમાં રહેલું તાંબુ અને સોનું જુદુ કરી શકે તેમ જ્ઞાની પુરુષ આત્મા અને અનાત્મા બંને જુદાં પાડી શકે તેમ છે.

પ્ર. ૧૩૦ આત્મા શરીરમાં કઈ જગ્યાએ આવરાયેલો નથી ?

ઉ. ૧૩૦ દરેક જીવને ડૂંટી એ સેન્ટર છે અને ત્યાં આત્મા આવરાયેલો નથી. શુદ્ધ જ્ઞાન પ્રકાશ ત્યાં રહેલો છે અને તેથી જ દરેક માણસને પોતાનું ઘર મળે છે. ડૂંટી આગળ આત્માના આઠ પ્રદેશ ખુલ્લાં છે.

પ્ર. ૧૩૧ આત્મા અરૂપી છે તો એનો સાક્ષાત્કાર કેવી રીતે થાય અને સાક્ષાત્કાર થાય ત્યારે શું થાય ?

ઉ. ૧૩૧ એવું છે ને સાક્ષાત્કાર કરનારોય પોતે અરૂપી છે, એ સાક્ષાત્કાર કરનાર રૂપી નથી એટલે સ્વભાવે સ્વભાવ મળી જાય. સાક્ષાત્કાર થાય એટલે જાગૃતિ એકદમ વધી જાય અને વૃત્તિઓ બહાર ગઈ હોય તોયે તે પરત પાછી આવતી રહે અને નિજ સ્વભાવમાં વર્તે.

પ્ર. ૧૩૨ સાક્ષાત્કાર એટલે શું ?

ઉ. ૧૩૨ સાક્ષાત્કાર એટલે શું કે સાક્ષાત્ પોતે એ શિવ સ્વરૂપ થયો. સાક્ષાત્કારમાં જોવું ના પડે, કશું આંખોથી જોવું ના પડે એની મેળે જ આમ સહજ જ દેખાયા કરે. ભગવાન અને ભક્ત એ બે જ્યાં સુધી જુદાં જુદાં હોય ત્યાં સુધી આત્મદર્શન થાય નહીં. સાચો સાક્ષાત્કાર તો ક્યારેય જાય નહીં. સાક્ષાત્કાર થયા પછી ક્રોધ, માન, માયા, લોભ એ બધી નબળાઈ જતી રહેલી લાગે, આપણને સંયમ આવેલો લાગે. સાક્ષાત્કાર થયા પછી દેહાધ્યાસ છૂટી જાય, નિરંતર આત્માનો અધ્યાસ જાય નહીં, નિરંતર ક્ષાયક સમકિત રહે, નિરંતર પ્રતીતિ રહે, ચિંતા થાય નહીં, ક્રોધ, માન, માયા, લોભ થાય નહીં. સાક્ષાત્કાર થયા પછી વધારેમાં વધારે પંદર ભવે મોક્ષ થાય. સાક્ષાત્કાર થયો કોને કહેવાય કે ફરી એ ભક્ત ના થાય કારણકે સાક્ષાત્કાર થયા પછી ભક્ત ના ગણાય પછી એ ભગવાન થયો કહેવાય. ગમે તેવી સ્થિતિમાં શાંતિ ના જાય એનું નામ સાક્ષાત્કાર. આત્મા એક ક્ષણવાર પણ ભૂલાય નહીં તે સાક્ષાત્કાર.

પ્ર. ૧૩૩ આત્મ સાક્ષાત્કાર અને આત્માનુંભવ એ બેમાં શો ફેર ?

ઉ. ૧૩૩ આત્મ સાક્ષાત્કાર અને આત્મ અનુભવ એ બે જુદી વસ્તુ છે. આત્મ સાક્ષાત્કાર પહેલાં થાય અને પછી આગળ વધે એટલે આત્મ અનુભવ થાય. અર્થાત્ સાક્ષાત્કાર પછી આગળ વધે ત્યારે અનુભવ કહેવાય. જ્ઞાની જ્ઞાન આપે છે તેને આત્મ સાક્ષાત્કાર કહેવાય. સાક્ષાત્કાર થાય એટલે એને પ્રતીતિ બેસે કે ''હું શુદ્ધાત્મા છું,'' નહીં તો એની હું ચંદુલાલ છું. એ પ્રતીતિ જાય નહીં ને !

પ્ર. ૧૩૪ આત્માનો ઉદ્ધાર આત્માએ પોતે જ કરવાનો છે એમ કહી શકાય ?

ઉ. ૧૩૪ આત્માનો ઉદ્ધાર આત્માએ (પોતે) જાતે જ કરવાનો છે એટલે શું કે આત્મા મૂળ તો ઉદ્ધાર થઇ ગયેલી જ વસ્તુ છે પણ તેમાં આપણો જે માનેલો આત્મા છે, પ્રતિષ્ઠિત આત્મા છે એની માન્યતામાં એ હકીકત આવતી નથી. મૂળ આત્માનો તો ઉદ્ધાર થઇ ગયેલો જ છે પરંતુ પ્રતિષ્ઠિત આત્મા એટલે કે પોતે પોતાની જાતને જે આત્મા ગણે છે એ ''પોતે'' જયારે એમ જાણશે કે ''મારું સ્વરૂપ જ આવું છે અને હું તો જ્ઞાન દર્શન ચારિત્રમય છું'' એટલે એનો પણ ઉદ્ધાર થઇ જાય. એટલે પોતે પોતાનો ઉદ્ધાર એ આવી રીતે બોલાય છે. આમ પુરુષાર્થ કરે ત્યારે જ તો થાય ને ! પણ જ્ઞાની પુરુષ એને ભેગા થાય અને પોતાના સ્વરૂપનું ભાન કરાવી આપે પછી પુરુષાર્થ કરી શકે ! ને ત્યારે એનો ઉદ્ધાર થઇ જાય

પ્ર. ૧૩૫ આત્મા ધારે તો કર્મ ખપાવી શકે ?

ઉ. ૧૩૫ પોતે બંધાયેલો શી રીતે છૂટી શકે એ તો આત્મા સ્વભાવમાં આવે તો કર્મો ખપે. સ્વભાવમાં આવ્યા પછી તો ગમે તેવા કર્મો હોય તોય ઉડાડી મેલે.

પ્ર. ૧૩૬ આત્મા શેનાથી બંધાયેલો છે ?

ઉ. ૧૩૬ આત્મા ક્યારેય ના બંધાય પણ અજ્ઞાનના બોજથી બંધાય છે, અધાતુ સાંકળીએ પરમાત્મા બંધાયા છે.

પ્ર. ૧૩૭ આત્માને બંધન નથી તો પછી મુક્તિ શાની ખોળવાની ?

ઉ. ૧૩૭ આત્માને બંધન નથી એ અપેક્ષાએ વાત કહેલી છે જો તેમ હોય તો પછી મંદિર કે દેરાસરમાં શું કામ જાય છે ? આ તો જ્ઞાન ભાવે બંધન નથી પણ અજ્ઞાન ભાવે બંધન છે.

પ્ર. ૧૩૮ આત્મા કર્તા છે એ સમજાવો ?

ઉ. ૧૩૮ જયાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી આત્મા સંસારનો કર્તા છે, વિભાવ પરિણતિથી કર્તા છે અને સ્વપરિણતિથી (સ્વભાવ પરિણતિથી) પોતે પોતાનો જ કર્તા છે (જ્ઞાનક્રિયાનો કર્તા છે), બીજા કોઇનો કર્તા નથી. એ સમજવા માટે શ્રીમદ્ રાજચંદ્ર (કૃપાળુદેવ) બોલેલા કે આત્મા કર્તા છે.

પ્ર. ૧૩૯ પરિણતિ કોને કહેવાય ?

ઉ. ૧૩૯ કર્તાપદને પરિણતિ કહેવાય. જે સ્વાભાવિક જ થયા કરે એમાં કશું કરવું ના પડે તે પરિણતિ.

પ્ર. ૧૪૦ સ્વપરિણતિ અને પરપરિણતિ એટલે શું ?

ઉ. ૧૪૦ ચંદુલાલ જે બધું કરે છે તે વ્યવસ્થિત કરાવે છે, તેને આપણે જોયા કરવાનું એનું નામ સ્વપરિણતિ. જ્ઞાતા - દ્રષ્ટા પરમાનંદમાં રહેવું તે સ્વપરિણતિ અથવા સ્વભાવ પરિણતિ. અહંકાર હોય ત્યારે બોલે ને કે મેં આ કર્યું, આ કર્યું એ વિભાવ પરિણતિ અથવા પરપરિણતિ. વિભાવ એટલે અહંકાર. દ્રવ્ય કર્મ એટલે વિભાવ પરિણતિ. આત્માનો ઉપયોગ સાંસારિક હેતુ માટે વપરાય એ વિભાવિક પરિણતિ કહેવાય. પર પરિણામને પોતાના પરિણામ માને એનું નામ પરપરિણતિ. માથુ દુઃખે છે એ પર પરિણામ કહેવાય અને તેને મને દુઃખે છે એમ કહ્યું એ પરપરિણતિ કહેવાય. પર પરિણામને હું કરું છું એમ માનવું એનું નામ પરપરિણતિ જયારે શુદ્ધાત્માનું અવલંબન કરે એ સ્વપરિણતિ.

પ્ર. ૧૪૧ આત્મા કર્તા નથી, જડ કર્તા નથી તો કર્તા કોણ છે ?

ઉ. ૧૪૧ સ્વભાવ કર્તા છે. આપણે કૂતરાને કહીએ કે આ તને ખાવાનું આપ્યું છે માટે શાંતિથી રાત્રે સૂઇ જજે, તોય મૂંવું ભસ ભસ કરે વળી માલિક ઊઠીને ઝપોટે તો પાછું ચૂપ થઇ જાય, પાછું થોડીક વારે ભસવાં માંડે. ઉદા. સૂર્યનારાયણ ઊગે છે અને પત્થરો તપે છે પથ્થરનો સ્વભાવ તપવાનો છે ? ઘરમાં મરચાં, રાઇ, હીંગ અને તેલનો વઘાર થાય ને આપણને ઉધરસ આવી આમાં કર્તા કોણ ? વઘારનો સ્વભાવ. આ શરીરમાં ઉધરસ ભરેલી છે પણ જો કંઇક ચાર પરમાણું ભેગાં થઇ જાય તો તે પંદર દહાડા સુધી ઉધરસ ચાલુ થઇ જાય છે તે સ્વભાવ છે એટલે પોતે કર્તા નથી સ્વભાવ કર્તા છે. ભગવાનની ભાષામાં આ જગતમાં જે કંઇપણ થયેલું દેખાય છે તેનો કર્તા વ્યવસ્થિત નામની શક્તિ છે.

પ્ર. ૧૪૨ આત્મા પ્રાપ્ત કરવા કોણે મહેનત કરી હતી ?

ઉ. ૧૪૨ આત્મા પ્રાપ્ત કરવા માટે કબીર નામના સંતે ખૂબ જ મહેનત કરેલી.

પ્ર. ૧૪૩ આત્મા પ્રાપ્ત કરવા શેની જરૂર છે ?

ઉ. ૧૪૩ આત્મા પ્રાપ્ત કરવા ગુણોની જરૂર નથી નિષ્કેફીની જરૂર છે. નિષ્કેફી આત્મા પ્રાપ્ત કરી શકે છે.

પ્ર. ૧૪૪ પ્રતિષ્ઠિત આત્માની પ્રગતિ માટે શું કરવું જોઇએ ?

ઉ. ૧૪૪ પ્રમાણિકતાની નિષ્ઠા ઉપર ચાલવું જોઇએ. જુઠ્ઠુ તો સંજોગવશાત બોલવું પડે પણ પ્રમાણિકતા તોડવી તે ગુનો છે.

પ્ર. ૧૪૫ આત્મજાગૃતિ પોતાની મેળે થઇ શકે ?

ઉ. ૧૪૫ ક્યારેય પણ ના થાય. નિમિત્ત વગર તો કોઇ ક્રિયા થાય નહીં, નિમિત્ત વગર થાય તો જાણવું કે પહેલાં નિમિત્ત મળેલું હોવું જોઇએ. કેટલાક સ્વયંબુદ્ધ થતા હોય છે, પણ તે કોક થાય છે. કોઇ નથી થતું એવું નથી પણ બધાને માટે આ કાયદો નથી. કોઇક જ સ્વયંબુદ્ધ થાય છે અને તેય અબજોમાં એકાદ એને આગળનાં ભવમાં જ્ઞાનીઓ કે ગુરુઓ તો મળેલાં હોવા જોઇએ.

પ્ર. ૧૪૬ આત્માનું સ્પષ્ટ સુખ વેદનમાં કેમ નથી આવતું ?

ઉ. ૧૪૬ બાહ્ય કોઇપણ નિમિત્તથી, પંચેન્દ્રિયોથી માન-તાન, લક્ષ્મી વિષયોથી સુખ લેવાય છે એટલે જયાં સુધી વિષયોનું સેવન છે ત્યાં સુધી આત્માનું સ્પષ્ટ સુખ વેદનમાં ના આવે. બ્રહ્મચર્ય હોય તો સ્પષ્ટ સુખ અનુભવાય.

પ્ર. ૧૪૭ આત્માનાં સુખનું લક્ષણ શું ?

ઉ. ૧૪૭ આત્માનાં સુખથી નિરાકુળતા રહે. નિરાકુળતા એ જ આત્માના સુખનું લક્ષણ છે.

પ્ર. ૧૪૮ આત્માની શક્તિઓ શેમાં વેડફાઇ જાય છે ?

ઉ. ૧૪૮ ઘર્ષણ અને સંઘર્ષથી આત્માની અનંત શક્તિઓ વેડફાઇ જાય છે. સંઘર્ષથી બધી શક્તિઓ ટકરાઇ ટકરાઇને ખલાસ થઇ જાય છે. હરીફાઇને કારણે (સ્પર્ધાને કારણે) પણ શક્તિઓ ઘણા પ્રમાણમાં વેડફાઇ જાય છે.

પ્ર. ૧૪૯ આત્મ શક્તિનું લીકેજ શું ?

ઉ. ૧૪૯ આત્મ શક્તિનું લીકેજ વાણી છે. વાણી દ્વારા આત્માની અનંત શક્તિઓ વેડફાય છે.

પ્ર. ૧૫૦ આત્મવીર્ય કેવી રીતે ઉત્પન્ન થાય ?

ઉ. ૧૫૦ અહંકારને લઈને આત્મવીર્ય તૂટી જાય અને જેમ અહંકાર ઓગળે તેમ તેમ આત્મવીર્ય ઉત્પન્ન થતું જાય. જ્યારે આત્મવીર્ય ઘટતું લાગે ત્યારે પચ્ચીસ વખત મોટેથી બોલવું કે ''હું અનંત શક્તિવાળો છું'' એટલે શક્તિ ઉત્પન્ન થાય. જ્ઞાતા-દ્રષ્ટા પદમાં રહેવાથી બધી શક્તિઓ ઉત્પન્ન થાય છે. જે બધા વિઘ્નો તોડી પાડે છે.

પ્ર. ૧૫૧ આત્મા ક્યારે પ્રાપ્ત થાય ?

ઉ. ૧૫૧ સર્વ રીતે સંપૂર્ણ નિરાગ્રહી થઈ એક માત્ર આત્મા જાણવાનો આગ્રહ કરે તો જ તે પ્રાપ્ત થશે. બધી કામનાઓ મૂકી માત્ર 'સત્'ને જ જાણવાનો કામી થાય તો જ પરમ સત્ પ્રાપ્ત થશે. જોઈએ છે પરમેનન્ટ વસ્તુ અને આગ્રહ કર્યા કરે છે ટેમ્પરરી વસ્તુનો પછી આત્મા ક્યાંથી પ્રાપ્ત થાય.

પ્ર. ૧૫૨ આત્મા શેનાથી જાગે ?

ઉ. ૧૫૨ શબ્દથી ના જાગે. અવાચ્ય એવા આત્માને જ્ઞાની પુરુષ સંજ્ઞાથી જગાડે.

પ્ર. ૧૫૩ આત્મા જાણ્યો ક્યારે કહેવાય ?

ઉ. ૧૫૩ સંસારનું એકેય દુઃખ અડે નહીં તેને આત્મા જાણ્યો કહેવાય.

પ્ર. ૧૫૪ આત્મા પ્રગટ થયો છે તેની નિશાની શું ?

ઉ. ૧૫૪ અનઈઝીમાં ઈઝી રહ્યાં કરે અને સંસાર રજ માત્ર પણ સ્પર્શ નાં કરે તો જાણવું કે આત્મા પ્રગટ થઇ ગયો છે. વાણી પણ જુદી જાતની હોય.

પ્ર. ૧૫૫ પરમાત્મા ક્યાં પ્રગટ થાય ?

ઉ. ૧૫૫ જ્યાં સંપૂર્ણ અયાચકપણું પ્રાપ્ત થાય ત્યાં જ પરમાત્મા પ્રગટ થાય. જ્ઞાની પુરુષ લક્ષ્મીના, વિષયોના, શિષ્યોના, કીર્તિના એ કશાયનાં ભિખારી ના હોય. તમામ પ્રકારની ભીખોનો અંત આવે ત્યારે પ્રગટ થાય.

પ્ર. ૧૫૬ આત્મા ક્યારે નાનો થાય છે ?

ઉ. ૧૫૬ સંસારી આત્મા પૂર્ણ હોય. ત્યાગીઓનો આત્મા સંસારીઓ કરતા નાનો હોય. ત્યાગ કરવાથી જ્ઞાતાનો સ્વભાવ ઓછો થતો જાય છે. જ્ઞેયનો ત્યાગ કરવાથી જ્ઞાતાનો સ્વભાવ ઓછો થતો જાય છે. નિયમ એવો છે કે જેટલા ટેસ્ટથી સુખ ચાખતા હો તેટલા જ ટેસ્ટથી દુઃખને ચાખો તો કશું જ નથી.

પ્ર. ૧૫૭ આત્મ સન્મુખ થયો ક્યારે કહેવાય ?

ઉ. ૧૫૭ બધી ઇચ્છાઓ છોડીને હાથ છૂટા કરી નાંખ્યા હોય અને નોંધો કશુંય ના હોય એ આત્મ સન્મુખ થયો કહેવાય. સંસારમાં ચોક્કસ રહેવું અને આત્મ સન્મુખ થવું બે સાથે બની શકે નહીં.

પ્ર. ૧૫૮ સ્વાનુભવ પદ એટલે શું ?

ઉ. ૧૫૮ આત્મા પ્રાપ્ત કર્યા પછી જેટલો સંયમમાં રહ્યો તેટલું સ્વાનુભવ પદ કહેવાય. જેને એક અંશ થયો તે પછી સર્વાંશ થઇ જાય. ક્રોધ, માન, માયા, લોભનાં સંયમને સંયમ પરિણામ કહેવાય.

પ્ર. ૧૫૯ આત્મ અનુભવ એટલે શું ?

ઉ. ૧૫૯ પેરાલીસીસમાંય આત્મસુખ ના જાય, દુઃખને સુખ કરી આપે તે આત્મ અનુભવ કહેવાય. હું કોણ છું નું ભાન થાય ત્યારે આત્મ અનુભવ થાય. પહેલા જેને ''હું ચંદુલાલ છું''નું ભાન હતું તેને જ હવે ''હું શુદ્ધાત્મા છું''નું ભાન થાય છે એને જ આત્મ અનુભવ થાય છે. ''હું શુદ્ધાત્મા છું'' એવો નિર્ણય થવો એનું નામ જ આત્માનુભવ કહેવાય. આત્માનો અનુભવ એટલે નિરંતર પરમાનંદ સ્થિતિ. પુદ્ગલમાં જે ખળભળાટ છે તે બંધ થઇ જાય એટલે આત્માનો અનુભવ થાય. જે સૂક્ષ્મતમ અહંકાર છે કે જેનો ફોટો પાડી શકાતો નથી, જે આકાશ જેવો છે તેને આ અનુભવ થાય છે. સંસારની બળતરા બંધ થઇ તે આત્મ અનુભવ છે. વિષયો ઉપર ચીઢ નહીં અને રાગ પણ નહીં તે આત્મ અનુભવ. પોતાના ભાનમાં આવવું તેનું નામ આત્મ અનુભવ.

પ્ર. ૧૬૦ આત્માનો અનુભવ ક્યારે થાય ?

ઉ. ૧૬૦ ખાવો, પીવો, બધુંય કરો, મેં ખાવાની ના નથી પાડી, કપડાં ફાવે તેવાં પહેરો પણ નીરસ થાવ. આ બધામાં નીરસ થાય તો આત્માનો અનુભવ થઇ જાય. આ બધા રસને લીધે આત્માનો અનુભવ નથી થતો. આ વિષયોમાંથી રસ ઊંડી જશે અને આત્મામાં રસ બેસી જશે ત્યારે આત્માનુભવ થશે.

પ્ર. ૧૬૧ આત્માનો અનુભવ કેવો છે ?

ઉ. ૧૬૧ સ્વાદ જાણી શકાય પણ દેખી ન શકાય. આત્મા સ્વસંવેદનથી વેદી શકાય છે.

પ્ર. ૧૬૨ શેને કારણે આત્માનો અનુભવ અટક્યો છે ?

ઉ. ૧૬૨ અભિપ્રાયને લીધે આત્માનો અનુભવ અટક્યો છે.

પ્ર. ૧૬૩ દરેકનાં આત્મા એક સ્વરૂપ છે તો પછી દરેકને અનુભવ જુદા જુદા કેમ થાય છે ?

ઉ. ૧૬૩ દરેક આત્મા સમસરણ માર્ગમાં છે એ દરેક આત્મા જુદા જુદા માઇલે હોવાથી દરેકને જુદા જુદા અનુભવ થાય છે.

પ્ર. ૧૬૪ આત્મ અનુભવ અને કેવળજ્ઞાનમાં શો ફેર ?

ઉ. ૧૬૪ કેવળજ્ઞાનમાં નિરંતર આનંદ રહે. દેહથી છૂટો છું એવું ભાન રહે અને આત્મ અનુભવમાં નિરંતર આનંદ ના રહે, આત્મ અનુભવ ઢીલો પડે કે પ્રતીતિ ઢીલી પડે કે તરત આનંદ જતો રહે.

પ્ર. ૧૬૫ આત્મા વર્તાયો અને આત્મા અનુભવમાં આવ્યો એ બેમાં ફેર શું ?

ઉ. ૧૬૫ આત્મા ચારિત્રમાં આવ્યો તેને વર્તાયો કહેવાય. પહેલા અનુભવમાં આવે પછી વર્તે. હોમ ડિપાર્ટમેન્ટમાં રહેવું એનું નામ જ ચારિત્ર.

પ્ર. ૧૬૬ આત્માનો અનુભવ કયાં ગુઠાણે થાય ?

ઉ. ૧૬૬ આત્માનો અનુભવ ચોથે ગુંઠાણે થાય, પાંચમે ગુંઠાણે થાય અને છઠ્ઠે ગુંઠાણે પણ થાય.

પ્ર. ૧૬૭ સંપૂર્ણ દશાં ક્યારે પામી શકાય ?

ઉ. ૧૬૭ ''અનંતાજ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં હું સંપૂર્ણ શુદ્ધ છું સર્વાંગ શુદ્ધ છું'' આટલું જ વાક્ય જો કોઇ પુરેપુરું સમજી જાય તો સંપૂર્ણ દશાં પામી શકાય.

પ્ર. ૧૬૮ આત્મવૈભવ ક્યારે પ્રગટે ?

ઉ. ૧૬૮ આત્મવૈભવ તો એકમાત્ર બ્રહ્મચર્યવ્રતથી જ પ્રગટે છે. બ્રહ્મચર્યવ્રત સંપૂર્ણ આત્મ અનુભવપદને નિરંતર પ્રાપ્ત કરાવે એવું મહાનવ્રત છે. રાગ-દ્વેષ મટે તો વૈભવ પ્રગટે.

પ્ર. ૧૬૯ ભગવાને આત્માના કેટલા ભેદ પાડ્યા છે ?

ઉ. ૧૬૯ ભગવાને આત્માના બે ભેદ પાડ્યા છે. ૧. સંસારી, ૨. સિદ્ધ. જે મોક્ષે ગયેલા છે તે સિદ્ધ કહેવાય. અને બીજા બધાય સંસારી એટલે જો તમે ત્યાગી હો તોય સંસારી જ છો.

પ્ર. ૧૭૦ આત્મા ક્યાં વર્તે છે તે શેના ઉપરથી ખબર પડે ?

ઉ. ૧૭૦ તાંતો ક્યાં ક્યાં રહ્યો છે તેના ઉપરથી આત્મા ક્યાં વર્તે છે તે જાણી શકાય.

પ્ર. ૧૭૧ પુરાણ પુરુષ એટલે કોણ ?

ઉ. ૧૭૧ પુરાણ પુરુષ એટલે શુદ્ધાત્મા.

પ્ર. ૧૭૨ આત્મા કેવળી સિવાય કોઇ દેખી જ ના શકે ?

ઉ. ૧૭૨ આત્મા કેવળીને જ્ઞાનથી દેખાય. મહાત્માઓને આત્મા દર્શનથી દેખાય. કેવળદર્શનથી જોઇ શકે.

પ્ર. ૧૭૩ બુદ્ધ માર્ગ આત્માને કેવો સમજે છે ?

ઉ. ૧૭૩ બૌદ્ધોએ આત્મા ક્ષણિક છે એવું માન્યું છે. આત્મા ક્ષણે ક્ષણે બદલાય છે તેવું તેઓ માને છે. અવિનાશી નથી પણ વિચાર બદલાય ત્યારે આત્મા પણ બદલાય તેવું તેઓ માને છે, પણ વાસ્તવમાં તેવું નથી.

પ્ર. ૧૭૪ ક્રમિક માર્ગમાં સાક્ષાત્કાર કહે છે તે શું છે ?

ઉ. ૧૭૪ તન્મયાકાર અને સાક્ષાત્કાર બંને જુદી વસ્તું છે. ક્રમિક માર્ગમાં ઠેઠ સુધી ભક્ત અને ભગવાન જુદા રહે છે. ક્રમિક માર્ગમાં જે સાક્ષાત્કાર કહે છે તે પ્રતિષ્ઠિત આત્માનો છે. મારો ભગવાન બોલે. હું ભગવાન નહીં પરંતુ તેમાં નિકટતા બહુ વર્તાય.

પ્ર. ૧૭૫ સર્વજ્ઞપણું કોણ ગુમાવશે ?

ઉ. ૧૭૫ આ અમે જે કહી રહ્યાં છીએ તે અબજો વર્ષ પછી પણ કોઇ છેકો નહીં મારી શકે અને જો કોઇ સર્વજ્ઞ પણ છેકો મારશે તો તેનું સર્વજ્ઞપદ ખોઇ બેસશે.

પ્ર. ૧૭૬ આત્મભાન થયું કોને કહેવાય ?

ઉ. ૧૭૬ જે સમયે સ્વસંવેદન થયું તેને આત્મભાન થયું કહેવાય. સ્વસંવેદન નિરંતર થયા કરે તેને કેવળજ્ઞાન કહેવાય.

પ્ર. ૧૭૭ નિર્ગ્રંથ બનવા માટે શું કરવું ?

ઉ. ૧૭૭ એક મહીના માટે આપણને જે જે વિચાર આવે તેનો ગ્રાફ બનાવવો અને જોતા રહેવાનું, હવે જે વસ્તુનાં વધારેમાં વધારે વિચાર આવે તેની ચાર-પાંચ ગ્રંથિઓ મોટી હોય છે હવે આ ગ્રાફ પ્રમાણે આવી ચાર-પાંચ ગ્રંથિઓને જાણી લીધાં પછી જયારે જે ગ્રંથિ ફૂટે તેને જ્ઞાતા-દ્રષ્ટાના ઉપયોગથી જોતા રહેવું. આ પ્રયોગથી ધીમે ધીમે ગ્રંથિ ઓગળવા માંડશે.

પ્ર. ૧૭૮ તત્ત્વબુદ્ધિ એટલે શું ?

ઉ. ૧૭૮ તત્ત્વબુદ્ધિ એટલે ''હું શુદ્ધાત્મા છું'' એ હાથમાં આવી ગયું એ જ. આજ દીન સુધી દેહ બુદ્ધિ હતી, દેહમાં જ તત્ત્વબુદ્ધિ હતી.

પ્ર. ૧૭૯ સનાતન એટલે શું ? પુરાતન એટલે શું ?

ઉ. ૧૭૯ સનાતન એટલે જેની શરૂઆત પણ નહીં અને અંત પણ નહીં તે. સત્ એ જ સનાતન. પુરાતન એટલે પૂરાણું. પૂરાણું એટલે જેની શરૂઆત અને જેનો અંત આવે તે બધું પુરાતન. રીલેટિવ બધું જ પુરાતન કહેવાય.

પ્ર. ૧૮૦ અમરપદ કોને કહેવાય ?

ઉ. ૧૮૦ વર્તમાનમાં જ રહેવાય એનું નામ અમરપદ. જ્યાં ભૂતકાળનો પસ્તાવો કે સ્મરણ નથી અને જ્યાં ભવિષ્યની ચિંતા કે કલ્પના નથી એવી અસ્તિત્વ દશાનું બીજું નામ જ અમરપદ. વર્તમાનમાં કાયમ રહેવું તેનું નામ અમરપદ.

પ્ર. ૧૮૧ શું આત્મઘાત જ છે ?

ઉ. ૧૮૧ અહંકાર, આડાઈ અને તિરસ્કાર એ આત્મઘાત જ છે. સ્ત્રીવિષય વિકાર એ મોટામાં મોટો આત્મઘાત છે.

પ્ર. ૧૮૨ નિર્વિકલ્પી ક્યારે થવાય ?

ઉ. ૧૮૨ જે બને છે, જે બની રહ્યું છે એને જ કરેક્ટ કહેવામાં આવે તો નિર્વિકલ્પી થાય. ''બન્યું તે જ ન્યાય'' છે એમ જ સમજો તો તમે નિર્વિકલ્પી થતા જશો.

પ્ર. ૧૮૩ સત્નો અર્થ શો ?

ઉ. ૧૮૩ સત્નો અર્થ જ એ છે કે જે અવિનાશી હોય. અવિનાશી હોય અને જોડે જોડે ગુણ-પર્યાય સહિત હોય અને અગુરુલઘુ સ્વભાવવાળું હોય તેને સત્ કહેવાય. અગુરુલઘુ એટલે પૂરન ના થાય, ગલન ના થાય, વધે નહીં, ઘટે નહીં, પાતળું ના થઈ જાય એનું નામ સત્ કહેવાય. આત્મા એ સત્ કહેવાય. પુદ્ગલ તત્ત્વ પણ સત્ છે. મૂળ જે પુદ્ગલ છે, પરમાણું સ્વરૂપે છે એ પણ સત્ છે, એ વિનાશી નથી, એમાં પૂરન-ગલન થતું નથી. જેનું ત્રિકાળ અસ્તિત્વ છે એ બધું સત્ કહેવાય. આખાં બ્રહ્માંડમાં આવા છ અવિનાશી સત્ છે. આત્મા, પુદ્ગલ, ગતિસહાયક તત્ત્વ (ધર્માસ્તીકાય), સ્થિતિ સહાયક તત્ત્વ (અધર્માસ્તીકાય), આકાશ અને કાળ આ છ સત્ છે.

પ્ર. ૧૮૪ સત્ય અને સત્ વચ્ચે શું તફાવત છે ?

ઉ. ૧૮૪

સત્ય	સત્
૧. સત્ય વિનાશી છે.	૧. સત્ અવિનાશી છે.
૨. સત્ય એ જગતને લાગુ થાય. વ્યવહારને લાગુ થાય છે.	૨. સત્ એ નિશ્ચયને લાગુ થાય છે.
૩. વ્યવહારને જે સત્ય લાગુ થાય છે તે વિનાશી છે.	૩. સચ્ચિદાનંદનું સત્ એ અવિનાશી છે.
૪. સત્ય વારેઘડીએ બદલાયા કરે છે એને ફરતા વાર ન લાગે.	૪. સત્ એ પરમેનન્ટ છે. કાયમી છે. સનાતન છે તે બદલાય જ નહીં.
૫. સત્ય સાપેક્ષ છે. રીલેટિવ છે.	૫. સત્ એ નિરપેક્ષ છે. -રીયલ છે એને અપેક્ષા કશી લાગુ ના થાય.
૬. સત્ય કાલ્પનિક વસ્તુ છે.	૬. સત્ નિર્વિકલ્પી વસ્તુ છે.
૭. સત્ય એ કાળવર્તી છે. કાળે કાળે બદલાતું રહે છે. કાળને આધિન ફરતું જાય.	૭. સત્ ગમે તે કાળમાં સંપૂર્ણ શુદ્ધ જ રહે છે.
૮. સત્ય એ સનાતન વસ્તુ નથી.	૮. સત્ એ સનાતન વસ્તુ છે.

પ્ર. ૧૮૫ અંતરાત્માને શું કાર્ય કરવાનું ?

ઉ. ૧૮૫ અંતરાત્માને બે કાર્ય કરવાના છે એક તો ફાઇલોનો સમભાવે નિકાલ કરવાનો અને શુદ્ધાત્માનું ધ્યાન કરવાનું. અંતરાત્મા એટલે ઇન્ટરીમ ગવર્નમેન્ટ (વચગાળાની સરકાર).

પ્ર. ૧૮૬ પ્રતીતિ કોને બેસે છે ?

ઉ. ૧૮૬ પ્રતીતિ અહંકારને બેસે છે કે હું ખરેખર આ નથી આ છું. જે અહંકારને પ્રતીતિ હતી કે ''હું ચંદુલાલ છું.'' એ પ્રતીતિ ઉઠીને અહીં બેઠી એનું નામ દર્શન. જ્ઞાન પ્રતીતિ કરાવે છે અર્થાત્ દાદા ભગવાનની કૃપા પ્રતીતિ કરાવે છે.

પ્ર. ૧૮૭ વીતરાગોની વાત પૂર્ણ ક્યારે પામ્યો કહેવાય ?

ઉ. ૧૮૭ એવરીવ્હેર એડજસ્ટ થાય ત્યારે વીતરાગોની વાત સંપૂર્ણ પામ્યો કહેવાય. એડજસ્ટ એવરીવ્હેર ના થવાય તો હાથમાં આવેલો મોક્ષ પણ જતો રહે. ''એડજસ્ટ એવરીવ્હેર'' આ વાક્ય જ તમારો સંસાર ટોપ ઉપર લઇ જશે. વ્યવહારમાં ટોપ ઉપર ગયા સિવાય કોઇ મોક્ષે ગયેલો નહીં.

પ્ર. ૧૮૮ સ્પષ્ટ વેદન ક્યારે થાય ?

ઉ. ૧૮૮ સંસારી સંગ-પ્રસંગ ના થાય ત્યારે સ્પષ્ટ વેદન થાય. સંસાર સંગનો વાંધો નથી, પ્રસંગનો વાંધો છે. દેહનો સંગ જ ભારે પડી ગયો છે તે પાછો પ્રસંગ ક્યાં કરવા જઈએ ! ક્રોધ, માન, માયા, લોભ પોતાના ડિસ્ચાર્જ ભાવના ઊભા થાય તે સંગ અને સામાના નિમિત્તે ઊભા થાય તે પ્રસંગ.

પ્ર. ૧૮૯ "હું વિજ્ઞાન સ્વરૂપ છું" એ વાક્ય ક્યારે નીકળેલું ?

ઉ. ૧૮૯ તારીખ ૧૫-૪-૧૯૮૭ના સાંજે ચાર વાગે શ્રી મનુભાઈ મહેતાને ત્યાં નાલંદા એપાર્ટમેન્ટ, પેડર રોડ, જસલોક હોસ્પીટલની સામે, મુંબઈમાં દાદાએ સત્સંગ હોલમાં આવી બધા મહાત્માઓને કહ્યું હતું કે ''અમે અમેરિકામાં હોઈએ કે ગમે ત્યાં હોઈએ તમારે ચરણવિધિ કરવી હોય ત્યારે તમારા પોતાના જમણા પગનો અંગૂઠો કપાળે અડાડી ઓછામાં ઓછા પાંચ વખત ''હું વિજ્ઞાન સ્વરૂપ છું'' એમ બોલવું, દાદાની પ્રત્યક્ષ ચરણવિધિ કરી હોય તેવું ફળ મળશે. વધારે જેટલી વાર બોલાય તેટલું વધું સારું.'' આમ આ વાક્ય બહાર નીકળેલ અને તે દિવસે જેટલા મહાત્માઓ હતાં તે બધાને દાદાએ પોતાના અંગૂઠે આ વિધિ કરાવી હતી.

પ્ર. ૧૯૦ દેહ છૂટે ત્યારે આત્મા સાથે શું જોડે જાય ?

ઉ. ૧૯૦ દેહ છૂટે ત્યારે આત્મા સાથે તમામ પ્રકારનાં કર્મો (કારણ કર્મો) એટલે કે કારણ દેહ, સૂક્ષ્મ દેહ (ઈલેક્ટ્રિકલ બોડી) અને આત્મા આ ત્રણ સાથે નીકળે છે એટલે માણસ મરે છે ત્યારે આત્મા, સૂક્ષ્મ શરીર અને કારણ શરીર સાથે જાય છે.

પ્ર. ૧૯૧ ભવરોગ, તેનો વૈદ્ય અને તેની દવા જણાવો. ?

ઉ. ૧૯૧ આત્મા પોતે સમર્થ વૈદ્ય છે. સમ્યક્દર્શન-સમ્યક્જ્ઞાન એ રામબાણ ઔષધિ છે. તે ઔષધિનું પથ્ય નીતિ, ન્યાય, સત્ય, પ્રમાણિકતા, અહિંસા, શીલ, દયા અને ત્યાગ છે. આત્માની રમણતાના અનુપાન સાથે જો દવા લેવાય તો રોગ જાય. આ ભવરોગની સારવારમાં સખત ચરી (પરેજી) રાખવી પડે છે. પાંચે ઇન્દ્રિયોના ઘેરા વ્યસન, અનાદીથી કેળવી દીધેલી ટેવો, એ બધું છોડવું પડે છે. કંચન - કામિનીના મોહને મારવો પડે છે. ભવરોગથી છૂટવા માટે સંયમ તપની નિર્મળ હવામાં રહેવું પડે છે. ભવરોગની તીવ્રતા

સદ્‌ભાવના અને સદ્‌વિચારથી મંદ થાય છે તેની દારૂણ વેદના સત્ શાસ્ત્રોના અભ્યાસથી અને સાધુ સમાગમથી જરૂર વીસરી શકાય છે. પરંતુ ભવરોગની નિવૃત્તી તો ત્રિકાળી સ્વરૂપના આશ્રયથી જ થાય છે. ભવરોગનો સાચો ધન્વંતરી તો પોતાનો આત્મા જ છે. તેની જ વાત અને તેની જ ઉપાસના તે સંજીવની દવા છે.

પ્ર. ૧૯૨ આત્મ નૈષ્ઠિક એટલે શું ?

ઉ. ૧૯૨ આત્મામાં જ સ્થિતિ કરનારા અને પૌદ્‌ગલિક સુખથી વિમુખ એવાને આત્મ નૈષ્ઠિક કહે છે.

પ્ર. ૧૯૩ અનંત ચતુષ્ઠય એટલે શું ?

ઉ. ૧૯૩ અનંત ચતુષ્ઠય એટલે અનંતજ્ઞાન, અનંતદર્શન અનંતવીર્ય અને અનંતસુખ.

પ્ર. ૧૯૪ ચરમદેહી એટલે શું ?

ઉ. ૧૯૪ એ જ ભવમાં મોક્ષે જવાવાળા હોવાથી છેલ્લો દેહ ધારણ કરનારાને ચરમદેહી કહેવાય છે. આ દેહ જલ્દીથી કપાય તેવો કે જલ્દીથી બળે તેવો હોતો નથી, ઘણો મજબૂત હોય છે.

પ્ર. ૧૯૫ પરમાત્મા કોણ થઇ શકે ?

ઉ. ૧૯૫ આ પ્રેમમય માર્ગ છે. જગતમાં કોઇ ઉપર તિરસ્કાર ના આવે તે પરમાત્મા થઇ શકે. અભેદતાનું જ્ઞાન અને ભાન હોય તે પરમાત્મા થઇ શકે.

પ્ર. ૧૯૬ રાધા અને કૃષ્ણ એટલે શું ?

ઉ. ૧૯૬ આરાધના એ રાધા છે અને શુદ્ધાત્મા એ કૃષ્ણ છે. ચિત્ત જયારે કૃષ્ણમાં સંલગ્ન થાય ત્યારે રાધેકૃષ્ણ કહેવાય છે. એ બંનેના લગ્ન જ્ઞાની પુરુષ કરાવી આપે અને રાધે કૃષ્ણ થયા કે બેડો પાર. એ સબંધ જ્ઞાની પુરુષ સિવાય કોઇ બાંધી ન આપે અને તે જ બ્રહ્મસબંધ છે.

પ્ર. ૧૯૭ અક્ષરધામ એટલે શું ?

ઉ. ૧૯૭ અક્ષરધામ એટલે આત્મા. અક્ષરધામ એટલે શરીર કે જે નાશવંત છે. નાશવંત છોડી દો અને ચેતન (આત્મા) ભણી ચાલો એમ સહજાનંદ સ્વામી કહેવા માંગે છે.

પ્ર. ૧૯૮ સાક્ષીભાવ એટલે શું ?

ઉ. ૧૯૮ પોતે પોતાનું ભાન થયા પછી જ સાક્ષીભાવ ઉત્પન્ન થાય. ક્રમિકમાં અહંકાર સાક્ષી હોય છે. અક્રમમાં આત્મા પોતે જ્ઞાતા-દ્રષ્ટા હોય છે.

પ્ર. ૧૯૯ રાત્રે શુદ્ધાત્માનું ધ્યાન કરવાથી શું થાય ?

ઉ. ૧૯૯ રાત્રે સૂતી વખતે શુદ્ધાત્માનું ધ્યાન કરવાથી રહ્યો સહ્યો કચરો (મેલ) નીકળી જાય છે.

પ્ર. ૨૦૦ ક્ષપકશ્રેણી એટલે શું ?

ઉ. ૨૦૦ તમે શુદ્ધાત્મા છો તે જ ક્ષપકશ્રેણી ''હું શુદ્ધાત્મા છું'' એનું ભાન તે ક્ષપકશ્રેણી.

પ્ર. ૨૦૧ આત્માનો ખોરાક શું ?

ઉ. ૨૦૧ આત્માનો ખોરાક જ્ઞાતા-દ્રષ્ટા છે અને તેનું ફળ પરમાનંદ. આત્મા સિવાય બીજું બધું જ ખોરાકથી જીવે છે.

પ્ર. ૨૦૨ ''એકો અહ્મ બહુશ્યામ'' એટલે શું ?

ઉ. ૨૦૨ આત્મા અરૂપી છે છતાં અનેક રૂપ ધારણ કરે છે. વ્યવહારથી અનેક છે અને નિશ્ચયથી એક છે. હું ચંદુલાલ છું, હા હું ચંદુલાલ છું તે પાછો કોઈનો જમાઈ, કોઈનો સસરો, કોઈનો મામો, કોઈનો માસો, કોઈનો કાકો, કોઈનો પાછો બનેવી તે શું ? આ જ એકો અહ્મ બહુશ્યામ.

પ્ર. ૨૦૩ અનુભવ, લક્ષ, પ્રતીતિ સમજાવો?

ઉ. ૨૦૩ ૧. અનુભવ- એકલો બેઠો હોય ત્યારે આત્માનું ધ્યાન કરે તે અનુભવ પદ.

૨. લક્ષ- ફાઈલો આવે તો નિકાલ કરે પણ લક્ષ ના જાય.

૩. પ્રતીતિ- ઝઘડો કરતો હોય તોય પ્રતીતિ ન જાય.

પ્ર. ૨૦૪ અલખ નિરંજન એટલે શું ?

ઉ. ૨૦૪ અલખ એટલે જેનું લક્ષ બેસે તેવું નથી તે. હવે પોતાના સ્વરૂપનું લક્ષ થયું તે અલખ નિરંજન. નિરંજનનો અર્થ એબ્સોલ્યૂટ.

પ્ર. ૨૦૫ એબ્સોલ્યૂટ એટલે શું ?

ઉ. ૨૦૫ એબ્સોલ્યૂટ એટલે અસંગ, નિર્લેપ એવા બધાં શબ્દો ભેગાં કરો ત્યારે એબ્સોલ્યૂટ થાય. એમાં નિરપેક્ષ એ શબ્દ નાંખવો પડે. જે જ્ઞાનથી સુખ જ વર્તે એનું નામ એબ્સોલ્યૂટ.

પ્ર. ૨૦૬ લક્ષ ક્યારે બેસે?

ઉ. ૨૦૬ ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એકરૂપ થાય ત્યાર પછી લક્ષ બેસે. લક્ષ વધારે રહે એ અનુભવ કહેવાય. આ લક્ષ એ તો બારમું ગુંઠાણું છે.

પ્ર. ૨૦૭ ૐ શું અને બિંદુ સંયુક્તમ એટલે શું?

ઉ. ૨૦૭ ૐ એટલે સર્વ સિદ્ધોને નમસ્કાર. પંચ પરમેષ્ઠિનું ટૂંકું રૂપ ૐ છે. અને શુદ્ધાત્માનું લક્ષ એ બિંદુ સંયુક્તમ છે. ''હું શુદ્ધાત્મા છું'' એવા ધ્યાન પૂર્વકના ૐ કારને બિંદુ સંયુક્તમ ધ્યાન કહેવાય અને તેનું ફળ વૈભવ સહિત મોક્ષ.

પ્ર. ૨૦૮ બોધ બીજ એટલે શું ?

ઉ. ૨૦૮ બોધ બીજ એટલે આત્મા શું છે એનું શબ્દે કરીને જ્ઞાન થાય તે.

પ્ર. ૨૦૯ તત્ત્વદૃષ્ટિ કોને કહેવાય?

ઉ. ૨૦૯ આ શેરડીના કારખાનાવાળા જોઇ લે કે આમાંથી કેટલી ખાંડ નીકળશે તે જોઇ લે તે તત્ત્વદૃષ્ટિ. તે છોડા અને કૂચાને ના જુએ તેમ આત્મદૃષ્ટિથી શુદ્ધાત્માને જોવો તે તત્ત્વદૃષ્ટિ.

પ્ર. ૨૧૦ સ્પષ્ટ અને અસ્પષ્ટ વેદન એટલે શું?

ઉ. ૨૧૦ ૧. સ્પષ્ટ વેદન : અત્તર દેખાય અને સુગંધી પણ આવે તે સ્પષ્ટ વેદન.
૨. અસ્પષ્ટ વેદન : અત્તરની સુગંધ આવે છતા અત્તર દેખાય નહીં તે.

પ્ર. ૨૧૧ એક અવતારી કોને કહેવાય ?

ઉ. ૨૧૧ અહીથી ભરતક્ષેત્રથી સીધો જ મહાવિદેહ ક્ષેત્રે મનુષ્યપણે જન્મે અને ત્યાં તીર્થંકરના દર્શન થાય તો દેવગતિમાં પણ ના જાય અને સીધો જ મોક્ષે ચાલ્યો જાય તેને એક અવતારી કહેવાય.

પ્ર. ૨૧૨ ચાર દશા વર્ણવો ? આત્માની ચાર દશા સમજાવો?

ઉ. ૨૧૨ ૧. અનાદિ અનંત : અજ્ઞાન અવસ્થા, સંસારી જીવ
૨. અનાદિ શાંત : જ્ઞાની મળે તે દશા, સત્પુરુષ પાસે જ જ્ઞાન પામ્યો તે દશા.
૩. સાદિ શાંત : વચલી દશા, શ્રદ્ધા બેઠી કે મોક્ષે જવાશે તે દશા. સત્પુરુષમાં અચળ શ્રદ્ધા બેઠી તે.
૪. આદિ અનંત : મોક્ષે ગયો તે મોક્ષ પછીની દશા.

પ્ર. ૨૧૩ તત્વજ્ઞાન કોને કહેવાય?

ઉ. ૨૧૩ જે જ્ઞાન જાણ્યા-પછી ચિંતા ઊભી ના થાય તે તત્ત્વજ્ઞાન.

પ્ર. ૨૧૪ સાયન્ટિફિક ભાષામાં આત્માને શું કહ્યું છે?

ઉ. ૨૧૪ શુદ્ધ ચિદ્રુપ.

પ્ર. ૨૧૫ આત્માની વાત કોણ કરી શકે?

ઉ. ૨૧૫ જેનો દેહાધ્યાસ છૂટી ગયો તે જ આત્માની વાત કરી શકે.

પ્ર. ૨૧૬ ઈશ્વર સાકાર છે કે નિરાકાર ?

ઉ. ૨૧૬ ભગવાન તો નિરંજન નિરાકાર છે પણ જે દેહમાં પરમાત્મા પ્રગટ થાય છે તેને સાકાર કહેવાય છે.

પ્ર. ૨૧૭ જીવના ચાર ભેદ સમજાવો ?

ઉ. ૨૧૭ ૧. **આસન્ન ભવ્ય :** જે મોક્ષ દરવાજામાં પેસી ગયા છે અર્થાત્ નજીકનાં થોડાક વખતમાં જ મોક્ષે જનારા જીવો કે જે ભગવાનની આજ્ઞા પાળે છે, તેવા સમકિત ધારી મહાત્માઓ તે આસન્ન ભવ્ય કહેવાય.

૨. **ભવ્ય :** મોક્ષ ને લાયક થયા છે. માર્ગાનુસારી એટલે જેમને મોક્ષનો માર્ગ મળી ગયો છે તે અને જેઓ વધારેમાં વધારે પંદર ભવમાં જ મોક્ષે જનારા છે તે જીવોને ભવ્ય કહેવાય.

૩. **દૂર ભવ્ય :** ઘણા કાળ પછી જેઓ મોક્ષે જવાના છે તે દૂર ભવ્ય કહેવાય

૪. **અભવ્ય :** મનુષ્ય સિવાયનાને ભગવાને અભવ્ય કહ્યાં છે. જાનવર વગેરે અભવ્ય કહેવાય. અભવ્ય એટલે અમુક કાળે મોક્ષે જશે ત્યાં સુધી અભવ્ય કહેવાય. જેને પુર્ન:જન્મ છે તેનું ભાન નથી તે બધા અભવ્ય જીવો કહેવાય.

પ્ર. ૨૧૮ નિર્વેદ કોને કહેવાય ?

ઉ. ૨૧૮ મન, વચન, કાયા ઈફેક્ટીવ હોવા છતાં અનીફેક્ટીવ રહે તે નિર્વેદ કહેવાય. મન, વચન, કાયાની સંપૂર્ણ ઈફેક્ટમાં સંપૂર્ણ અનીફેક્ટીવ રહે તે નિર્વેદ કહેવાય. વેદના છતાં વેદના ના થાય તે નિર્વેદ. સિદ્ધ ભગવાનને નિર્વેદ ના કહેવાય કારણ કે તેમને મન, વચન, કાયા નથી. વેદનાના આધારે નિર્વેદ છે. એ દ્વન્દ છે. એકલું વેદ ના કહેવાય. જાણવાની બાબતમાં આત્મા વેદક છે અને ખમવાની બાબતમાં નિર્વેદક છે.

પ્ર. ૨૧૯ આપની પાસે જ્ઞાન મળ્યું તે જ આત્મજ્ઞાનને ?

ઉ. ૨૧૯ મળ્યું તે આત્મજ્ઞાન નથી મહીં પ્રગટ થયું તે આત્મજ્ઞાન છે. અમે બોલાવીએ અને તમે બોલો તો તેની સાથે બધાં પાપો ભસ્મીભૂત થાય અને મહીં (અંદર) જ્ઞાન પ્રગટ થાય.

પ્ર. ૨૨૦ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ સમજાવો. ?

ઉ. ૨૨૦ ઉત્પાદ - બ્રહ્મા - સત્વ ગુણી, પ્રારબ્ધ અને પુરુષાર્થમાં માને છે અને સર્જન કરે છે.

વિષ્ણુ - ધ્રુવ - રજો ગુણી, પુરુષાર્થમાં માને છે અને સ્થિરતા રાખે છે.

વ્યય - મહેશ - તમો ગુણી, પ્રારબ્ધમાં માને છે અને વિસર્જન કરે છે.

પ્ર. ૨૨૧ પર્યાય એટલે શું ?

ઉ. ૨૨૧ પર્યાય એ બહુ ઝીણી સૂક્ષ્મ વસ્તુ છે અને અવસ્થા એ જાડી વસ્તુ છે. પાંચ ઈન્દ્રિયથી અનુભવમાં આવે એવી છે તે બધી અવસ્થાઓ કહેવાય અને પર્યાય એ જ્ઞાને કરીને સમજાય એવું છે. જ્ઞેયમાં જ્ઞેયાકાર પરિણામ તે પર્યાય. આત્માનો એકલાનો પ્રકાશ એવો છે કે સંપૂર્ણ જ્ઞેયાકાર થઈ શકે. બીજો કોઇ પ્રકાશ એવો નથી કે જે જ્ઞેયાકાર થઇ શકે. વસ્તુની સૂક્ષ્મ અવસ્થાને પર્યાય કહેવાય છે.

પ્ર. ૨૨૨ આત્મદશામાં આત્માનું સુખ કેવી રીતે ખબર પડે કે આ આત્માનું જ સુખ છે ?

ઉ. ૨૨૨ બહારથી કશામાંથી સુખ ના હોય, કંઈ જોવાથી ઉત્પન્ન થયેલું ના હોય, કંઈ સાંભળવાથી, કંઈ સૂંઘવાથી, ખાવાથી, સ્પર્શથી, ઠંડકથી કે કોઈ જાતનું ઈન્દ્રિય સુખ ના હોય, પૈસાને લીધે સુખ ના હોય, કોઈ આવો કહેનારું ના હોય (માનનું). વિષયનું સુખ ના હોય ત્યાં આગળ મહીં જે સુખ વર્તાય તે આત્માનું સુખ છે, પણ આ સુખની તમને ખાસ ખબર ના પડે. જ્યાં સુધી વિષયો હોય ત્યાં સુધી આત્માનું સ્પષ્ટ સુખ ના આવે.

પ્ર. ૨૨૩ બહુ મોટો ઉપસર્ગ આવે ત્યારે શું કરવું ?

ઉ. ૨૨૩ ભગવાને ગજસુકુમારને સમજાવ્યું હતું કે મોટા ઉપસર્ગ આવી પડે ત્યારે શુદ્ધાત્મા શુદ્ધાત્મા ના કરશો. શુદ્ધાત્મા તો સ્થૂલ સ્વરૂપ છે, શબ્દ રૂપ છે ત્યારે તો સૂક્ષ્મ સ્વરૂપમાં જતા રહેજો એટલે કે ''હું કેવળજ્ઞાન સ્વરૂપ છું'' એમ બોલવું.

પ્ર. ૨૨૪ શુદ્ધ ઉપયોગ રાખવા શું જાગૃતિ રાખવી ?

ઉ. ૨૨૪ ઉપયોગ શુદ્ધ રાખવા જગતનાં તમામ પ્રકારના સંકલ્પ-વિકલ્પથી છુટા રહો, સંકલ્પ-વિકલ્પને ભૂલી જાઓ.

પ્ર. ૨૨૫ જિતેન્દ્રિય જિન કોણ ?

ઉ. ૨૨૫ હું આત્મા છું, જ્ઞાતા-દ્રષ્ટા છું અને આ ચંદુલાલ એ જ્ઞેય છે આ બાબત લક્ષમાં આવી ગઈ તે જિતેન્દ્રીય જિન થઈ ગયો.

પ્ર. ૨૨૬ બ્રહ્માંડનો માલિક કોણ ?

ઉ. ૨૨૬ જે દેહનો માલિક નથી, વાણીનો માલિક નથી, મનનો માલિક નથી એ બ્રહ્માંડનો માલિક છે.

પ્ર. ૨૨૭ જીવ અને આત્મા એક જ છે કે અલગ અલગ ?

ઉ. ૨૨૭ જીવ એ આત્માની ભ્રાંત અવસ્થા છે. જીવે મરે એ અવસ્થાને જીવ કહેવાય છે અને આત્મા શુદ્ધ ચેતન રૂપ છે. આત્મા પોતે જ પરમાત્મા છે પણ તેનું ભાન થવું જોઈએ. જીવ અને આત્મા એક નથી અને અલગ પણ નથી. આત્મા ભ્રાંત નથી, અવસ્થા ભ્રાંત છે. આત્મા તે પરમાત્માથી ક્યારેય દૂર થયો જ નથી ફક્ત એને પરમાત્માનું ભાન નથી.

પ્ર. ૨૨૮ સમયસાર એટલે શું ?

ઉ. ૨૨૮ એક સમય પણ શુદ્ધાત્માંનું ભાન થાય તો એક સમયનો સાર થયો કહેવાય તે જ સમયસાર છે. આત્મામાં રમણતા કરે તે સમયસાર. એક ક્ષણ પણ સ્વપરિણતિ ઉત્પન્ન થાય એને સમયસાર કહ્યો છે. એક સમય પણ સમયસાર જેને ઉત્પન્ન થયો તેને એ કાયમ રહે જ. પોતાના સ્વરૂપના ધ્યાનમાં રહેવું તે સમયસાર કહેવાય. એક સમય પણ જો મુક્ત થયો તેને સમયસાર પ્રાપ્ત થયું કહેવાય.

પ્ર. ૨૨૯ અકિંચન એટલે શું ?

ઉ. ૨૨૯ આત્મામાં રહેવું તે અકિંચન

પ્ર. ૨૩૦ અધ્યાસ કોને કહેવાય ?

ઉ. ૨૩૦ આત્માનાં સાંનિધ્યમાં રહેવું તે અધ્યાસ.

પ્ર. ૨૩૧ દિવ્યચક્ષુ એટલે શું ?

ઉ. ૨૩૧ વ્યવહાર અને નિશ્ચય બંને સમ્યક્ રીતે જોવું તેને દિવ્યચક્ષુ કહેવાય. ગધેડો હોય તેને ખેંચી લાવીને ગાદીએ ના બેસાડાય. કોઈ સંતપુરુષ હોય તો તેને બેસાડાય. જેવો માણસ હોય તેવો શબ્દ કહેવાનો, તેને સમજાય તેવી ભાષામાં કહેવાય. રીયલ અને રીલેટિવ એ બે વ્યૂ પોઈન્ટ જાણે તે દિવ્યચક્ષુ કહેવાય.

પ્ર. ૨૩૨ દેહાધ્યાસ એટલે શું ?

ઉ. ૨૩૨ દેહાધ્યાસ એટલે હું આચાર્ય છું તે. દેહાધ્યાસને કુચારિત્ર કહેવાય. જે તમે નથી તેને પોતે માન માન કરો તે દેહાધ્યાસ. દેહને કોઈ સળી કરે ને પોતે જો સ્વીકારે તો તે દેહાધ્યાસ છે.

પ્ર. ૨૩૩ દેહાધ્યાસ ગયો કોને કહેવાય ?

ઉ. ૨૩૩ ગજવું કાપી લે, ગાળ ભાંડે, મારે તોય તમને રાગ-દ્વેષ ના થાય તો દેહાધ્યાસ ગયો કહેવાય. આત્મજ્ઞાન પ્રાપ્ત ના થાય ત્યાં સુધી આખું જગત દેહાધ્યાસે વીટળાયેલું છે. જેટલા વિકલ્પ એટલે દેહાધ્યાસ. દેહાધ્યાસ જાય એટલે ચારિત્રમાં આવ્યો કહેવાય. ચારિત્ર પ્રગટે ત્યારે દેહાધ્યાસ ગયો છે તેમ કહેવાય.

પ્ર. ૨૩૪ સંગીચેતના એટલે શું ?

ઉ. ૨૩૪ સંગીચેતના એટલે આરોપીત ચેતના. વિધિ કરતો હોય કે ધ્યાનમાં બેઠો હોય અને કંઈક મોટો અવાજ થાય ને જે શરીર ઓટોમેટિક હાલી ઊઠે તે સંગીચેતના કહેવાય.

પ્ર. ૨૩૫ સ્યાદવાદ એટલે શું ?

ઉ. ૨૩૫ ચલાવનાર ચલાવે, ચેતવનારો ચેતવે છે, ચેતનાર ચેતે અને જાણનારો જાણે છે આ બધા એકી વખતે જાણે તે સ્યાદવાદ. નિરાગ્રહી છીએ એવોય આગ્રહ નહીં તેનું નામ સ્યાદવાદ.

પ્ર. ૨૩૬ અનેકાંત એટલે શું ?

ઉ. ૨૩૬ શુદ્ધ ઉપયોગમય જીવન એનું નામ અનેકાંત. શુદ્ધ ઉપયોગ એટલે તે પોતાની જાતને શુદ્ધ જુએ છે અને અન્યને ચોર, વેશ્યા, સાપ, વાઘ બધાંને શુદ્ધ જ જુએ છે તે.

પ્ર. ૨૩૭ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ સમજાઓ ?

ઉ. ૨૩૭ ''હું શુદ્ધાત્મા જ છું'' એવું ભાન થાય એ જ્ઞાન કહેવાય. જીવનમાત્રમાં શુદ્ધાત્મા જોવો એનું નામ દર્શન છે. હું શુદ્ધાત્મા છું એવી પ્રતીતિ એ દર્શન છે. સમભાવે ફાઇલોનો નિકાલ થાય છે એ ચારિત્ર છે, જ્ઞાતા - દ્રષ્ટા રહે તે ચારિત્ર છે અને અવળા સંજોગોમાં અંદર જે તપી જાય છે, તેને જોયા કરવું તે તપ છે. બહાર કશું થાય ત્યારે હૃદય તપે એને જોવું અને જાણવું એ તપ. આત્મા અને અનાત્માના સાંધાને એક થવા ના દે તે ખરું તપ. ફોરેનમાં પ્રવેશ ના કરવો અને હોમમાં જ રહેવું એ તપ. શરીરની અંદર જે તપ થઇ રહ્યું છે કે જેને કોઇ જોઇ શકે નહીં તેવા અદીઠ તપને ભગવાને તપ કહ્યું છે.

પ્ર. ૨૩૮ એગોમે સાસો અપ્પા, નાણ દર્શન સજ્જુઓ, શેષામે બાહીરા ભાવા, સવ્વે સંજોગ લખ્ખણા, સંજોગ મૂલા જીવેણ, પતા દુઃખ પરંપરા, તમ્હા સંજોગ સબંધમ, સવ્વમ્ તીવીહેણ વોસરિયામી નો અર્થ શો?

ઉ. ૨૩૮ હું એક શાશ્વત આત્મા છું. જ્ઞાન-દર્શનવાળો એવો શાશ્વત શુદ્ધાત્મા છું. સત્ એકલો જ છું આ શેષ રહ્યાં તે બધા બહારના ભાવો છે. એ સંયોગ લક્ષણવાળા છે. સંયોગ લક્ષણ એટલે કે આડો વિચાર આવે એ સંયોગ, પરણવાના વિચાર આવે તે સંયોગ, રાંડવાનો વિચાર આવે એ બધા બાહિરાભાવા એટલે કે બહારના ભાવો કહેવાય. જેનો વિયોગ થવાનો તે બધા સંયોગ કહેવાય. જે ભૂલથી બોલાવેલા તે આવેલા છે, તે બધા સંયોગ જીવના દુખોની પરંપરાના મૂળમાં છે તે બધા સંયોગો હું દાદા-ભગવાનને (વીતરાગને) વોસરાવું છું એટલે સમપર્ણ કરું છું.

પ્ર. ૨૩૯ નિર્વિકલ્પ એટલે શું ?

ઉ. ૨૩૯ એકમાત્ર આત્મા અનુભવ એ જ નિર્વિકલ્પ છે. ''હું છૂટો છું'' એ અનુભવમાં આવે એ નિર્વિકલ્પ કહેવાય.

પ્ર. ૨૪૦ ભાવસત્તા શું છે ? તે કોની ?

ઉ. ૨૪૦ ભાવસત્તા તે શુદ્ધાત્માની ના હોય અને પ્રતિષ્ઠિત આત્માની પણ ના હોય. ભાવસત્તા તો અજ્ઞાન દશાથી ઉત્પન્ન થાય છે. અજ્ઞાનમાંથી અહંકાર ઊભો થાય છે અને તેની ભાવસત્તા છે. ભાવસત્તા એ જ અહંકાર. ભાવસત્તા એ અજ્ઞાન આત્માની દશા છે.

પ્ર. ૨૪૧ કેવળજ્ઞાની કોને કહેવાય?

ઉ. ૨૪૧ અવસ્થા બદલાય પણ પોતે એક જ રહે તે કેવળી કહેવાય. કેવળ એક જ આત્મભાવમાં રહે તે કેવળી. આધિ, વ્યાધિ, ઉપાધિમાં, સમાધિ રહે તે કેવળજ્ઞાની.

પ્ર. ૨૪૨ પ્રયોગ એટલે શું ? પ્રયોગી એટલે શું ?

ઉ. ૨૪૨ સંસારી અવસ્થામાં પ્રયોગ એટલે દેહ. અન્ય દૃષ્ટિએ પ્રયોગ એ તો યજ્ઞ છે. પ્રયોગી એટલે પ્રતિષ્ઠિત આત્મા. પ્રયોગી ફાઇલોનો નિકાલ કરે તે આહુતિ છે અને સમભાવે નિકાલ કરે તે ઘી હોય છે. આત્મજ્ઞાની મળે તો જ અધ્યાત્મ યજ્ઞ પ્રાપ્ત થાય. ફાઇલોનો સમભાવે રાગ-દ્વેષ વગર નિકાલ થાય તે જ આધ્યાત્મિક યજ્ઞ. એ યજ્ઞ ચામડાની આંખથી દેખાય નહીં. સ્વરૂપના લક્ષ સાથેનો આ યજ્ઞ જ મોક્ષની પ્રાપ્ત કરાવનારો છે.

પ્ર. ૨૪૩ વિદેહી કોને કહેવાય?

ઉ. ૨૪૩ જેનો જીવ-શિવનો ભેદ છૂટી ગયો છે અને પાછો પોતે શિવ સ્વરૂપ થયો તે વિદેહી કહેવાય. આપણે અહી જનકરાજા થયા હતા. નિજ સ્વરૂપનું જેને ભાન થયું એ જ વિદેહી.

પ્ર. ૨૪૪ સોહ્મનો અર્થ શો?

ઉ. ૨૪૪ સોહ્મ એટલે ''તે હું છું''. સોહ્મ એ તો શુદ્ધાત્મા પ્રાપ્ત કરવા માટેનું સાધન છે. જેને સાધ્ય મળી જાય પછી એને સાધન છૂટી જાય છે.

પ્ર. ૨૪૫ અધિષ્ઠાન કોને કહેવાય?

ઉ. ૨૪૫ જગત જેમાંથી ઉત્પન્ન થયું છે અને જેમાં લય થાય એને અધિષ્ઠાન કહેવાય. પ્રતિષ્ઠિત આત્મામાંથી આ બધું ઉત્પન્ન થયું છે અને એમાં જ પાછું લય થાય છે, આમાં મૂળ આત્માને કશી લેવા-દેવા નથી.

પ્ર. ૨૪૬ આત્મજ્ઞાની અને કેવળજ્ઞાનીમાં શો ફેર?

ઉ. ૨૪૬ કશોય ફેર નહીં, આત્મા કેવળજ્ઞાન સ્વરૂપ છે, પણ સત્તાએ કરીને ફેર છે. સત્તા એટલે આવરણને લઇને કેવળજ્ઞાન ના દેખાય. બહારનું દેખાય, સત્તા એની એજ હોય. જેમ કોઇને દોઢ નંબરના ચશ્મા હોય અને કોઇને ચશ્મા ના હોય.

પ્ર. ૨૪૭ બૂઝ્યો ક્યારે કહેવાય ?

ઉ. ૨૪૭ ક્લેશ જાય, ચિંતા જાય ત્યાં બૂઝ્યો કહેવાય. જેને ગાળો ભાંડે, માર મારે તોય ક્લેશ ના થાય, ગાડીમાં બેસાડે તો ય ક્લેશ નહીં અને ગાડીમાંથી તરત ઉતારી પાડે તોય ક્લેશ નહીં તો એ બૂઝ્યો કહેવાય.

પ્ર. ૨૪૮ હું બાવો અને મંગળદાસ એ સમજાઓ ?

ઉ. ૨૪૮ હું એટલે આત્મા, બાવો એટલે પ્રતિષ્ઠિત આત્મા અને મંગળદાસ એટલે દેહ (જે નામ હોય તે). હું એટલે શુદ્ધાત્મા. ડિસ્ચાર્જ અંહકારનો સ્થૂલ ભાગ એટલે મંગળદાસ અને ડિસ્ચાર્જ અહંકારના સૂક્ષ્મતમ ભાગને બાવો કહેવાય છે. ''હું'' શુદ્ધ ચેતન, જ્ઞાતા-દ્રષ્ટા, અસંગ, અક્રિય વિજ્ઞાન સ્વરૂપ છું. પુદ્ગલ એ મંગળદાસ છે અને બાવો મિશ્રચેતન છે જે આખા જગતનું અધિકરણ છે. મંગળદાસનું વર્તન તો આગળના ભવનાં રૂપક રૂપે છે, પરિણામ રૂપે છે, જે બદલી ના શકાય. એટલે જ્ઞાની બાવાની માન્યતા અને અભિપ્રાય બદલવા માટે જણાવે છે. બાવાની માન્યતા બદલવી એ અક્રમ વિજ્ઞાનનું રહસ્ય છે. ''હું શુદ્ધાત્મા છું'' એવું જે માને છે એ બાવામાં ગયું. મહાત્માઓનો બાવો શુદ્ધાત્માની માન્યતાવાળો થયો છે, પરંતુ હજુ શુદ્ધાત્મા સ્વરૂપ થયો નથી એટલે ''હું શુદ્ધાત્મા છું'' એવા શબ્દોનું અવલંબન અનિવાર્ય બને છે જ્યારે વિજ્ઞાન સ્વરૂપ ''હું'' તે મૂળથી જ નિરાલંબ છે. આ બાવો જેમ જેમ આજ્ઞા પાલન કરતો જશે તેમ તેમ તે રૂપ થતો જશે. વ્યવહારમાં વિશેષતાનું પ્રદર્શન એ બાવાનું બાવાપણું છે. ''બાવો'' મંગળદાસના માધ્યમ દ્વારા વ્યવહારમાં વિશેષતા પ્રદર્શિત કરે છે. બાકી મંગળદાસને વિશેષતા બતાવવી એવું કશું નથી. હવે આ સમયે બાવાની બીલિફ પ્રમાણે મંગળદાસ દ્વારા જે વર્તન (મન, વચન, કાયા,) સંયોગાધિન થઇ જાય છે, તે મંગળદાસનું ડીસ્ચાર્જ બને છે. પ્રજ્ઞાશક્તિ બાવાને ચેતવે છે. તમારે દાદા ભગવાનની પાંચ આજ્ઞા પ્રમાણે વર્તવાનું છે, જેથી તમને નિરાકુળતા રહે અને કેવળજ્ઞાન થાય. જ્યાં સુધી અંદર કંઇપણ ભૌતિક સુખની, વસ્તુની ઇચ્છા અથવા લાલચ છે ત્યાં સુધી બાવો કહેવાય અને જ્યારે તમામ ઇચ્છા નિર્મૂળ થઇ જાય, માત્ર શુદ્ધાત્માના અનુભવની જ ઇચ્છા રહે ત્યારે બાવો ભગવાન કહેવાય. જ્યાં સુધી બાવો બુદ્ધિના પ્રકાશને અનુસરીને તે મુજબ મંગળદાસ પાસે કરાવડાવે ત્યાં સુધી તેનુ બાવાપણું રહે છે. પણ જ્યારે બાવો પ્રજ્ઞા શક્તિના કહ્યાં પ્રમાણે આજ્ઞામાં જ રહે છે, તેમ તેમ બાવાપણું ઓગળતું જાય છે.

પ્ર. ૨૪૯ જ્ઞાતા-દ્રષ્ટા કોને કહેવાય ?

ઉ. ૨૪૯ મૂળ આત્માનો ધર્મ જાણવા - જોવાનો એટલે કે જ્ઞાતા-દ્રષ્ટા છે. જોવા જાણવામાં કશી ભૂલ ના થાય એનું નામ જ્ઞાતા-દ્રષ્ટા. પર્યાય અનંત છે એમાં ગભરાવાનું શું ? માથામાં કરોડ વાળ છે પણ એક કાંસકો ફેરવ્યો કે ઠેકાણે આવી જાય. ગજસુકુમાર સ્વામીને માથે તેમના સસરાએ ધગધગતા અંગારા સગડીમાં મૂક્યાં છતાં સ્વભાવમાં ટકી ગયા, ખંધક મુનિના પાંચસો શિષ્યોને ઘાણીમાં પીલ્યા છતાં સમભાવ ટકી રહ્યો તેનું નામ જ્ઞાતા-દ્રષ્ટા છે.

પ્ર. ૨૫૦ અનુભૂતિ કોને કહેવાય ?

ઉ. ૨૫૦ અનુભૂતિ તો જીવ-શિવની ભેદબુદ્ધિ ટળે ત્યારે અનુભૂતિ કહેવાય. આત્મા જાણે ને એટલે પેલી-જીવ-શિવની ભેદબુદ્ધિ તૂટી જાય અને જીવ-શિવની ભેદબુદ્ધિ તૂટી તો ભય તૂટી જાય અને પછી વીતરાગતા રહે. ''હું જ શિવ છું'' એવું ભાન થવું જોઈએ એનું નામ અનુભૂતિ. ''હું શુદ્ધાત્મા છું'' એવું ભાન થયું એનું નામ અનુભૂતિ. અનુભૂતિ એટલે આત્માનું ધ્યાન થવું તે. અક્રમ માર્ગમાં પૂજ્ય દાદાશ્રી અનંતકાળના પાપોને બાળી નાંખીને પહેલા અનુભૂતિ કરાવે છે.

પ્ર. ૨૫૧ આત્માનું ઉપાદાન કારણ શું ?

ઉ. ૨૫૧ આત્માનું ઉપાદાન કારણ એક સત્પુરુષ છે. પછી જ્ઞાન, દર્શન, અવસ્થા, નિમિત્તકારણ છે. આ વિચાર મારો, આ કાર્ય મારું એ નિમિત્તકારણ છે. અનુભવદશા ઉત્પન્ન થતા સુધી. (તેરમાં ગુંઠાણા સુધી) સત્પુરુષ એ મોટું ઉપાદાન કારણ છે. સત્પુરુષ એ નિર્પેક્ષ કારણ છે ટૂંકમાં નિર્પેક્ષ છે તે ઉપાદાન કારણ અને સાપેક્ષ છે તે નિમિત્તકારણ છે.

પ્ર. ૨૫૨ આજદીન સુધી થયેલા તમામ સર્વજ્ઞો અને પૂજ્ય દાદામાં શો ફેર ?

ઉ. ૨૫૨ પૂજ્ય દાદાશ્રી કહેતા કે ''અત્યાર સુધીમાં જે સર્વજ્ઞો પાક્યાં હશે તેમાં કોઇ મારા જેવો પાક્યો નથી અને પાકશે નહીં કારણકે તેઓ વીતરાગ હતા. હું ખટપટિયો વીતરાગ છું ખટપટિયો એટલે પેલા અવતારીઓ કરતાં એક પદ ઊંચો છું તેઓ સારા માલને હસતા હતા અને હું તો વાંકાને પણ હસું છું, આવકારું છું. હું વીતરાગ છું અને ખટપટિયો છું કારણ માલ વાંકો અને કાંટાવાળો છે. તું વાંકો હોઉ છતાં મને મળીને તને લાભ ન થાય તો મને મળેલાનું શું કામનું ?''

પ્ર. ૨૫૩ કેવળજ્ઞાન થયાં પછી દેહની દશાં કેવી હોય ?

ઉ. ૨૫૩ કેવળજ્ઞાન થયાં પછી તેનો આહાર પરમાણુંઓનો હોય, સ્થૂળ આહાર ન હોય, તેમને નિંદ્રા પણ ન હોય. કેવળજ્ઞાનીને ઝેર પણ અસર ના કરે.

પ્ર. ૨૫૪ માણસ બેભાન થાય ત્યારે આત્માની શી દશાં હોય ?

ઉ. ૨૫૪ માણસ બેભાન થાય છે ત્યારે તેનો શુદ્ધાત્મા (મૂળ આત્મા) બેભાન થતો નથી પણ તેનો પ્રતિષ્ઠિત આત્મા બેભાન થાય છે. પ્રતિષ્ઠિત આત્મા ભમરડા સ્વરૂપ છે.

પ્ર. ૨૫૫ ખરેખર આવાગમન કોને છે ?

ઉ. ૨૫૫ જે અહંકાર છે જ તેને જ આવાગમન છે.

પ્ર. ૨૫૬ મૂઢાત્મા અને શુદ્ધાત્મા કોણ ?

ઉ. ૨૫૬ આ પુણ્ય અને પાપ એ બે તત્ત્વો જેને ગ્રહણિય છે એ મૂઢાત્મા અને પુણ્ય તથા પાપ બંને ત્યાગ કરવા યોગ્ય છે એવું જેને સમજાઇ ગયું એ શુદ્ધાત્મા.

પ્ર. ૨૫૭ પ્રતિષ્ઠિત આત્મા અને શુદ્ધાત્મા વચ્ચેનો તફાવત શો ?

ઉ. ૨૫૭

પ્રતિષ્ઠિત આત્મા	શુદ્ધાત્મા
૧. પોતે હું આ છું એમ કરી પ્રતિષ્ઠા કરી ઊભો કરેલ છે તે પ્રતિષ્ઠિત આત્મા	૧. પ્રતિષ્ઠિત આત્માને જે જ્ઞેય સ્વરૂપે જાણે છે તે શુદ્ધાત્મા કહેવાય છે.
૨. પ્રતિષ્ઠિત આત્મા પર પ્રકાશક છે	૨. શુદ્ધાત્મા સ્વપર પ્રકાશક છે.
૩. ઇન્દ્રિય ગમ્ય જ્ઞાન તે પ્રતિષ્ઠિત આત્મા	૩. અતિઇન્દ્રિય જ્ઞાન તે શુદ્ધાત્મા
૪. અનેકવિધ ચેષ્ટાઓ થાય તે પ્રતિષ્ઠિત આત્માની છે.	૪. શુદ્ધાત્માની કેવળજ્ઞાન દર્શન ક્રિયા જ છે.
૫. હું અને મારું એ રીતે જે પ્રતિષ્ઠા થયા કરે તેનાંથી પ્રતિષ્ઠિત આત્મા બંધાય છે	૫. હું અને મારું ગયા પછી અસરો જે ભોગવાઇ જાય પછી રહે છે તે શુદ્ધાત્મા છે.
૬. પ્રતિષ્ઠિત આત્મા ટેમ્પરરી એટલે કે વિનાશી છે.	૬. શુદ્ધાત્મા પરમેનન્ટ વસ્તુ છે જે અવિનાશી છે.

પ્ર. ૨૫૮ સમુદ્ઘાત એટલે શું ? તેના કેટલા પ્રકાર છે ?

ઉ. ૨૫૮ બળાત્કારે આત્મપ્રદેશો એકાએક બહાર નીકળી પડી વધારે પડતા જૂના કર્મોની ઉદીરણા કરી, ભોગવી, નાશ કરવાનો પ્રયત્ન કરે તેને સમુદ્ઘાત કહેવામાં આવે છે. એકી સાથે જોરથી પ્રબળતાથી કર્મોનો નાશ જે પ્રયત્નમાં (પુરુષાર્થમાં) થાય તે સમુદ્ઘાત. તેના સાત પ્રકારો છે.

૧. વેદના સમુદ્ઘાત ૫. તૈજસ સમુદ્ઘાત
૨. કષાય સમુદ્ઘાત ૬. આહારક સમુદ્ઘાત
૩. મરણ સમુદ્ઘાત ૭. કેવલિ સમુદ્ઘાત
૪. વૈક્રિય સમુદ્ઘાત

૧. **વેદના સમુદ્ઘાત :** અશાતા વેદનીય વેદના વડે વ્યાકુળ આત્મા જે પ્રસંગે પોતાના કેટલાક આત્મ પ્રદેશો બહાર કાઢી ઉદર વગેરેના પોલાણ ભાગ પૂરી તથા ખભા વગેરેના આંતરા પૂરી, શરીરની ઊંચાઇ તથા જાડાઈ જેટલો એક સરખો દંડાકારે થાય છે અને તે વખતે પ્રબળ ઉદીરણા કરણ વડે અશાતા વેદનીય કર્મના ઘણા કર્મપ્રદેશો ઉદયાવલિકામાં નાંખી ઉદયમાં લાવી (આણી) તેનો નાશ કરે તે પ્રસંગ વેદના સમુદ્ઘાત તરીકે ઓળખાય છે.

૨. **કષાય સમુદ્ઘાત :** કષાય વડે વ્યાકુળ થયેલો આત્મા (વેદના સમુદ્ઘાતમાં કહ્યાં પ્રમાણે) જે વખતે દંડાકારે થઇ પ્રબળ ઉદીરણા વડે કષાય મોહનીય કર્મનાં ઘણાં કર્મ પુદ્ગલો ઉદયાવલિકામાં નાંખી ઉદયમાં આણી તેનો વિનાશ કરે અને ઘણાં નવાં કર્મપ્રદેશો બાંધે છે. તે પ્રસંગ કષાય સમુદ્ઘાત કહેવાય.

૩. **મરણ સમુદ્ઘાત :** મરણ વખતે વ્યાકુળ થયેલો આત્મા મરણથી અંતરમુહૂર્ત પહેલા પોતાના કેટલાક આત્મપ્રદેશોને શરીરની બહાર કાઢી જયાં ઉત્પન્ન થવાનો છે તે સ્થાન સુધી સ્વદેહ પ્રમાણ જાડાદંડના આકારે જઘન્યથી અંગૂઠાનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી અસંખ્ય યોજન સુધી લંબાવી અંતરમુહૂર્ત સુધી એવી જ અવસ્થાએ રહી કોઇ જીવ ફરીથી મૂળ શરીરમાં દાખલ થઇ પુનઃ એ રીતે જ દીર્ઘ દંડાકાર થઇ અવશ્ય મરણ પામે તે પ્રસંગ. એ દંડ અવસ્થામાં આયુષ્ય કર્મના ઘણા પુદ્ગલોને પ્રબળ ઉદીરણા વડે ઉદયાવલિકામાં દાખલ કરી ઉદયમાં લાવી વિનાશ પમાડે છે. અહીં નવીન કાર્યગ્રહણ નથી.

૪. **વૈક્રિય સમુદ્ઘાત :** વૈક્રિય લબ્ધિવાળો આત્મા પોતાના આત્મપ્રદેશોને શરીર બહાર કાઢી, ઉત્કૃષ્ટથી સંખ્યાત યોજન દીર્ઘ અને સ્વશરીર પ્રમાણ જાડો દંડાકાર રચી પૂર્વોયોજિત વૈક્રિયનામ કર્મના ઘણા પ્રદેશોને ઉદીરણા વડે ઉદયમાં લાવી વિનાશ કરવા સાથે રચવા ધારેલા વૈક્રિય શરીર યોગ્ય વૈક્રિય પુદ્ગલો ગ્રહણ કરી વૈક્રિય શરીર બનાવે છે તે પ્રસંગે આ સમુદ્ઘાત હોય છે.

૫. **તૈજસ સમુદ્ઘાત :** તેજોલેશ્યાની લબ્ધિવાળો આત્મા પોતાના આત્મપ્રદેશોને શરીર બહાર કાઢી ઉત્કૃષ્ટથી સંખ્યાત યોજન દીર્ઘ અને સ્વદેહ પ્રમાણ જાડો દંડાકાર રચી પૂર્વયોજિત તૈજસ નામકર્મના પ્રદેશોનો પ્રબલ ઉદીરણા વડે ઉદયમાં લાવી નિર્જરવા સાથે તેજસ પુદ્ગલોને ગ્રહણ કરી તેજોલેશ્યા અથવા શીતલેશ્યા મૂકે છે તે પ્રસંગે તૈજસ સમુદ્ઘાત હોય છે.

૬. **આહારક સમુદ્ઘાત :** આહારક લબ્ધિવાળા ચૌદ પૂર્વધર મુનિ મહાત્મા શ્રી જિનેશ્વરની સમવસરણાદિ ઋદ્ધિ દર્શન અથવા શ્રુતજ્ઞાનમાં ઉપજેલા સૂક્ષ્મ સંદેહનું નિવારણ ઇત્યાદિ કારણથી પોતાના આત્મ પ્રદેશો બહાર કાઢી ઉત્કૃષ્ટ થી સંખ્યાત યોજન દીર્ઘ અને સ્વદેહ પ્રમાણ સ્થૂલ દંડાકારથી રચી પૂર્વયોજિત આહારક નામ કર્મના પુદગલો પ્રબલ ઉદીરણા વડે ઉદયમાં લાવી નિર્જરવા સાથે આહારક શરીર યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી આહારક શરીર બનાવવાના પ્રસંગે આ સમુદ્ઘાત કરે છે.

૭. **કેવળી સમુદ્ઘાત :** જે કેવળી ભગવંતને નામ, ગોત્ર, અને વેદનીય એ ત્રણ કર્મની સ્થિતિ જો પોતાનાં આયુષ્ય કર્મની સ્થિતિથી અધિક ભોગવવી બાકી રહે તેમ હોય તો તે ત્રણેય કર્મની સ્થિતિઓને આયુષ્ય કર્મની જેટલી બનાવવાં પોતાનાં આત્મપ્રદેશોને શરીર બહાર કાઢી પહેલે સમયે લોકના નીચેનાં છેડાથી ઉપરનાં છેડાં સુધી ચૌદ રજ્જૂ પ્રમાણ ઊંચો અને સ્વદેહ પ્રમાણ જાડો આત્મપ્રદેશોનો દંડાકાર રચી બીજે સમયે ઉત્તરથી દક્ષિણ અથવા પૂર્વથી પશ્ચિમ લોકાંત સુધી કપાટ આકાર બનાવી ત્રીજે સમયે પૂર્વથી પશ્ચિમ અથવા ઉત્તરથી દક્ષિણ બીજો કપાટ આકાર બનાવવાથી મંથન

આકાર (ચાર પાંખડાવાળા રવૈયાનો આકાર) બનાવી ચોથે સમયે ચાર આંતરા પૂરા કરી તે કેવળી ભગંવતનો આત્મા સંપૂર્ણ લોકાકાશમાં વ્યાપ્ત થઇ જાય છે. ત્યારબાદ પાંચમાં સમયે આત્માના પ્રદેશો સંહરી છઠ્ઠે સમયે મંથાનની બે પાંખના આત્મપ્રદેશો સંહરી સાતમે સમયે કપાટ સંહરી, આઠમે સમયે દંડ સંહરી, પૂર્વવત સંપૂર્ણ દેહસ્થ થાય તે કેવળી સમુદ્દઘાત. એમાં પૂર્વોકત ત્રણ કર્મોનો પ્રબલ ઉદીરણા દ્વારા નહીં પણ અપવર્તના દ્વારા ઘણો વિનાશ થઇ જાય છે.

પ્ર. ૨૫૯ અહંકાર એટલે શું ? અહંકાર કોને કહેવાય ?

ઉ. ૨૫૯ જયાં હું નથી ત્યાં હું નો આરોપ કર્યો એનું નામ અહંકાર. હું ચંદુલાલ છું એ અહંકાર છે. જયાં હું નથી ત્યાં હું માનવું એ અહંકાર. અહંકાર એ કોઇ વસ્તુ નથી, આરોપીત ભાવ છે. અહંકાર એટલે પોતે કરતો ના હોય છતાં હું કરું છું એવો આરોપીત ભાવ એ અહંકાર છે. જે પોતે નથી કરતો તે કરવાનો આરોપ કરવો તેનું નામ અહંકાર. અહંકાર એટલે આરોપીત ભાવ. જયાં પોતે નથી ત્યાં પોતાપણું સ્વીકારવું તે અહંકાર. જે નથી તેમાં માન્યતા કરવી એ જ અહંકાર. વિપરીત માન્યતા એ જ અહંકાર. જયાં પોતે નથી ત્યાં આરોપણ કરવું ''હું છું'' એ જ અહંકાર. જયાં પોતે નથી કર્યું તેને પોતે કર્યું છે એમ માને છે તે જ અહંકાર. હું ચંદુલાલ છું એજ અહંકાર છે. તું ચંદુલાલ નથી અને તારી જાતને ચંદુલાલ કહું છું, એ જ અહંકાર છે. પોતે પોતાના જ પગ ઉપર કુહાડી માર માર કરે તેનું નામ અહંકાર. મન, વચન, કાયા, એ વ્યવસ્થિતને તાબે છે તેને પોતાના તાબે લઇ લે છે, એનું નામ જ અહંકાર. અંતઃ કરણનો ચોથો અને છેલ્લો ભાગ તે અહંકાર. મન અથવા ચિત્ત સાથે ભળી બુદ્ધિ જે નિર્ણય આપે તેને છેલ્લે સહી કરી આપે તે અહંકાર. અહંકાર સહી ના કરે ત્યાં સુધી કોઇ કાર્ય થાય જ નહીં. પોતે જયાં નથી ત્યાં આરોપ કરવો તે અહંકાર. હું પણાનો પ્રસ્તાવ કરવો એ અહંકાર છે. અહમ્‌ને ખુલ્લો કરવો એ અહંકાર છે. કરે છે બીજા અને કહે છે કે હું કરું છું તેનું નામ અહંકાર. દેહના સ્વભાવને ચિટકાવે તે અહંકાર કહેવાય. અહંકાર એટલે પોતે જ હોય તે પોતાને ખબર નહીં હોવાથી બીજા લોકોએ કહ્યું કે તમે આમ છો, તે આપણે માની લીધું એ આરોપીત ભાવ એને અહંકાર કહેવાય. દા. ત. ચંદુલાલ તમે નથી

છતાં તમે આરોપ કરો છો કે હું ચંદુલાલ છું. એ અહંકાર. આ બાઇનો ફાધર થાઉં તે એ બીજો અહંકાર. હું આટલા વર્ષનો છું એ ત્રીજો અહંકાર. હું શરીરે જાડો છું એ ચોથો અહંકાર. હું રૂપાળો છું એ પાંચમો અહંકાર. હું ગરીબ છું એ છઠ્ઠો અહંકાર. આ બધાં કેટલા જાતના અહંકાર છે. જે જે હું છું એમ માનવું એ બધો જ અહંકાર.

પ્ર. ૨૬૦ અહંકાર શું છે ?

ઉ. ૨૬૦ અહંકાર એ કશી વસ્તુ નથી. અહંકાર એ જડ નથી, મિશ્ર ચેતન છે. મિશ્રચેતન એટલે ચેતનના ભાવ આની મહીં ચડેલા છે તે ચેતનના ભાવ અને જડભાવ બેઉ ભેગુ થઇને મિક્ષ્ચર થઇ ગયું એટલે મિશ્રચેતન કહેવાય. એમાં ખરેખર ચેતન જરાય વપરાતું નથી. માત્ર રૉંગ બીલિફથી ચેતન વપરાય છે જગતમાં જે જે માનવામાં આવે છે તે બધી જ રૉંગ બીલિફો છે. રૉંગ બીલિફનું ભેગુ સ્વરૂપ તે અહંકાર (ઇગોઇઝમ). અહંકાર એ રૉંગ બીલિફથી ઉત્પન્ન થયેલી વસ્તુ છે. અહંકાર એ જડ તત્ત્વોનું વિશેષ પરિણામ છે. ટૂંકમાં અહંકાર એ જડ અને ચેતનનું મિક્ષચર છે. કોઇએ કહ્યું કે તમે ચંદુલાલ અને તમેય માની લીધું કે ''હું ચંદુલાલ જ છું'' તે અહંકાર કહેવાય. આપણે જે માનીએ છીએ કે હું આ છું એ બધોય અહંકાર. અહંકાર આંધળો છે, સારું કરવાય પ્રેરે અને ખરાબ કરવાય પ્રેરે તે બધો અહંકાર. એ સારામાં ખોટું ક્યારે કરશે તે કહેવાય નહીં કારણકે તે આંધળો છે. અહંકાર તદ્દન નફ્ફટ વસ્તુ છે ક્યારે ઊંધો ફરે તે કહેવાય નહીં. અહંકાર એ ધ્યેય વગરની વસ્તુ છે ગમે ત્યારે ગાંડુ કાઢે ટાઇમ - બાઇમ ના જુવે તેને અહંકાર કહેવાય.

પ્ર. ૨૬૧ ઇગોઇઝમની માતા કોણ ?

ઉ. ૨૬૧ ટોલરન્સ (સહનશક્તિ) ઇઝ ધ મધર ઓફ ઇગોઇઝમ.

પ્ર. ૨૬૨ અહંકારના મા બાપ કોણ ?

ઉ. ૨૬૨ માન અને લોભ એ અહંકારના મા બાપ છે.

પ્ર. ૨૬૩ અહંકારનું (ઇગોઇઝમનું) રૂટ કોઝ શું ?

ઉ. ૨૬૩ અહંકારનું રૂટ કોઝ અજ્ઞાન છે. અજ્ઞાનના ટેકાથી અહંકાર ઊભો રહ્યો છે અજ્ઞાનતાનું સર્જન અહંકાર છે.

પ્ર. ૨૬૪ અહંકાર કોના તાબામાં છે ?

ઉ. ૨૬૪ અહંકાર બુદ્ધિના તાબામાં છે. બુદ્ધિ કહે એમ અહંકાર કર્યા કરે છે. અહંકાર પ્રેસીડેન્ટ છે અને બુદ્ધિ વડાપ્રધાન છે. અહંકાર આંધળો છે, એ બુદ્ધિની આંખે જુએ છે.

પ્ર. ૨૬૫ અહંકારનો (ઇગોઇઝમનો) ફોટો કેવો હોય ?

ઉ. ૨૬૫ અહંકારનો ફોટો ગલકાના ભજિયા જેવો પડે છે.

૧. ઇન્દ્રિય સુખવાળાના અહંકારનો ફોટો એક ગલકાંનું ભજીયુ હોય તેવો ઘાટ વગરનો પડે.

૨. નિરિન્દ્રિય સુખવાળાના ઇગોઇઝમનો ફોટો મોટો ગોળ દેખાય.

૩. અતિન્દ્રિય સુખવાળાના ઇગોઇઝમનો ફોટો આરપાર દેખાય. મહાત્માઓના ઇગોઇઝમનો ફોટો ભજીયાની અંદરનું ગલકુ દેખાય તેવો પડે.

પ્ર. ૨૬૬ અહંકારનું સ્થાન આ શરીરમાં ક્યાં છે ?

ઉ. ૨૬૬ અહંકાર પાછલા ભાગમાં કરોડની નીચે કેડના ભાગમાં રહેલો છે. યોગી બાપા નામનાં સ્વામિનારાયણ સંપ્રદાયનાં એક સંત બરડામાં ધબ્બો મારી આપતા હતા, તેની પાછળનો આશય અહંકારને પાંસરો કરવાનો હતો. અહંકાર ઓગાળવાનો હતો.

પ્ર. ૨૬૭ આરોપીત ભાવ એટલે શું ?

ઉ. ૨૬૭ જ્યાં તમે નથી ત્યાં આરોપ કરો છો કે હું ચંદુલાલ છું તે અને જે છો તે તમે જાણતા નથી તેને આરોપીત ભાવ કહેવાય. સંકલ્પ અને વિકલ્પ (હું અને મારું) એ જ આરોપીત ભાવ છે. પોતે પોતાની મેળે જાળું ઊભું કરવું એ વિકલ્પ અને સંકલ્પ એટલે તન્મયતા કરી અર્થાત્ એ જાળામાં રહેવાનું કર્યું તે. હું ચંદુલાલ છું એ વિકલ્પ કહેવાય અને આ મારું છે એ સંકલ્પ કહેવાય. આરોપીતભાવ એ કર્મ અને ભોગવટો તે કર્મફળ. આરોપીતભાવને જ અહંકાર કહે છે.

પ્ર. ૨૬૮ પોઝિટિવ અહંકાર એટલે શું ?

ઉ. ૨૬૮ કોઇને કિંચિત્માત્ર દુઃખ ના થાય એવો અહંકાર એ પોઝિટિવ અહંકાર કહેવાય.

પ્ર. ૨૬૯ શુદ્ધ અહંકાર કોને કહેવાય ?

ઉ. ૨૬૯ જે અહંકારમાં સંસારનું એક પણ પરમાણું રહેલું ના હોય તે શુદ્ધ અહંકાર કહેવાય. શુદ્ધ અહંકાર એટલે શુદ્ધાત્મા. શુદ્ધ અહંકારમાં ક્રોધ, માન, માયા, લોભનું એક પણ પરમાણું ના હોય, રાગ-દ્વેષનું એક પરમાણું ના હોય. ક્રમિક માર્ગમાં લોકો અહંકારને જ શુદ્ધ કરે છે. મન, વચન, કાયાનો એકાત્મ યોગ હોય તો જ ક્રમિક માર્ગ હેલ્પ કરે.

પ્ર. ૨૭૦ નિકાલી અહંકાર એટલે શું ?

ઉ. ૨૭૦ નિકાલી અહંકાર એટલે કે વાળો તેમ વળી જાય ગાંડા ના કાઢે. ચક્રવર્તીને અહંકાર હોય પણ વાળો તેમ વળી જાય તેવો નિકાલી અહંકાર હોય.

પ્ર. ૨૭૧ ગાંડો અહંકાર કોને કહેવાય ?

ઉ. ૨૭૧ જેને લોકો એકસેપ્ટ ના કરે તે ગાંડો અહંકાર કહેવાય. પોતે હું કંઇક છું એવું માની બેઠો હોય તે ગાંડો અહંકાર કહેવાય, કદરૂપો અહંકાર કહેવાય.

પ્ર. ૨૭૨ વહેતો અહંકાર કોને કહેવાય ?

ઉ. ૨૭૨ વહેતો અહંકાર એ નાટકીય અહંકાર કહેવાય. આ સ્ત્રીઓમાં અહંકાર જોશો તો એ બધો વહેતો અહંકાર. આ હમણાં હું કઢી કરી નાંખું, હમણાં આમ શાક કરી નાંખું એ પ્રકારની ભાષા બોલે તે બધો વહેતો અહંકાર અને પુરુષો તો અહંકારને પકડે મેં આમ કહ્યું હતું ને તે આમ કર્યું એ આડાઇ કહેવાય.

પ્ર. ૨૭૩ અહંકાર રૂપાળો ક્યારે થાય ?

ઉ. ૨૭૩ પોતે રીયલ શુદ્ધાત્મા અને બીજું બધુ રીલેટિવ છે, એના જ્ઞાતા દ્રષ્ટા રહે તો અહંકાર રૂપાળો થતો જાય.

પ્ર. ૨૭૪ અહ્મ અને અહંકારમાં શું ફેર ?

ઉ. ૨૭૪ અહ્મ એટલે હું પણું અને હું પણાનો પ્રસ્તાવ કરવો એ અહંકાર. વધારે પડતું હું પણું બોલવું એ પ્રસ્તાવ કર્યો કહેવાય.

પ્ર. ૨૭૫ કેફ કોને કહેવાય ?

ઉ. ૨૭૫ એબોવનોર્મલ ઇગોઇઝમ છે તેને કેફ કહેવાય. કેફ એ જ મેડનેસ છે. નોર્મલિટી કરતાં વધુ પડતો અહંકાર તે એબોવનોર્મલ અહંકાર કહેવાય.

પ્ર. ૨૭૬ અહંકાર અને અભિમાનનો અર્થ સમજાવો ?

ઉ. ૨૭૬ અહંકાર એટલે પોતે કરતો ના હોય છતાંય કહેશે કે ''હું કરું છું.'' એ આરોપીત ભાવ છે એને અહંકાર કહેવામાં આવે છે. ટૂંકમાં જે પોતે નથી કરતો તે કરવાનો આરોપ કરવો તે અહંકાર છે. જ્યારે અભિમાન કેવી વસ્તુ છે કે એમાં આરોપીત ભાવ એટલે અહંકાર તો છે જ પણ મારે ચાર બંગલા છે, બે ગાડીઓ છે એવું પ્રદર્શન કરે તે અભિમાન કહેવાય.

પ્ર. ૨૭૭ અહંકાર, માન, અભિમાન એમાં ફેર શો ?

ઉ. ૨૭૭ અહંકાર એટલે જ્યાં પોતે નથી ત્યાં પોતાપણાનો આરોપ કરવો એનું નામ અહંકાર. પોતે કરતો નથી અને હું કરું છું કહે છે એનું નામ અહંકાર. માન એટલે અહંકારનું વિસ્તૃત સ્વરૂપ, બહુવચન થયેલું. વિનય એકસેપ્ટ ના કરવો તેને માન કહેવાય છે. ''ઇગો વીથ રીચ મટીરીયલ્સ'' એ માન કહેવાય. માનીની પાસે સામાન સારો સારો હોય. ફર્સ્ટ કલાસ કપડાં પહેરી રૂ. ૩૦૦૦નું ઘડિયાળ પહેરીને આટલી જરા બાંય ઊંચી રાખે આમ લોકોને દેખાય તે માટે, તે માન કહેવાય. અભિમાન એ અહંકારનું પરિણામ છે. અહંકાર મમતા સહિત હોય ત્યારે અભિમાન કહેવાય. મમતા હોય તો અભિમાન જન્મે. અભિમાન એટલે આ મારી મોટર, આ મારા છોકરાં આવું બધું આપણને દેખાડ દેખાડ કરે એ અભિમાન. અભિમાન એટલે પોતાને જરૂરિયાત કરતાં વસ્તુ વધારે હોય અને એ દેખાડે. પોતાની પાસે સાધન હોય તે લોકોને કહી બતાવે એ અભિમાન. અભિમાન એટલે માનની જાહેરાત કરવી તે. અહંકારીને અપમાનનો ભય લાગ્યા કરે. પોતાની વસ્તુ સામાને માન કરવા માટે દેખાડવી, એનું નામ અભિમાન. અહંકાર અણસમજણથી થયેલો છે અને અભિમાન તો સમજણપૂર્વક પોતે ગર્વરસ લે છે કે જો આ જુઓ. અભિમાન એટલે પૌદ્ગલિક વેઇટને પોતાનું વેઇટ માનવું, હું મોટો છું એમ માનવું. આ બંગલાનું વેઇટ છે, એને પોતાનું વેઇટ માનવું તે અભિમાન. અભિમાન કરે એટલે વસ્તુઓ જવાની તૈયારી કરે. કુદરતનો ધંધો શું કે અભિમાનને ઉતારવાનો. અભિમાન વધે કે પડયો જ છે, મારે લાપોટ ઉપરથી માટે નમ્રતા રાખવી જોઇએ. જેમ જેમ આપણી પાસે વિશેષ સાંસારિક સાધનો હોય ને તેમ નમ્રતા હોવી ઘટે. અભિમાન કરજ્યા કરે જ્યારે અહંકાર તે અંતરદાહ બાળ્યા કરે.

પ્ર. ૨૭૮ વધારે અહંકારી કોણ ?

ઉ. ૨૭૮ જેણે માન ના દીઠું હોય અને પછી માન મળ્યું હોય એ બહુ અહંકારી હોય.

પ્ર. ૨૭૯ અહમ દુભાયો કોને કહેવાય ?

ઉ. ૨૭૯ કોઇ બિચારો બોલવા જાય અને આપણે કહીએ બેસ બેસ નથી બોલવાનું. એ એના અહંકારને દુભવ્યો કહેવાય. કોઇનો તિરસ્કાર કરવાથી એનો અહંકાર દુભાય.

પ્ર. ૨૮૦ અહંકાર ભગ્ન કોને કહેવાય ?

ઉ. ૨૮૦ માનની આશા રાખે અને ત્યાં જ અપમાન થાય એટલે આશા બધી તૂટી પડે પછી ભગ્ન થઇ જાય એને અહંકાર ભગ્ન કહેવાય. અહંકાર ભગ્ન વ્યક્તિ એ થોડોક ક્રેક હોય જેમ પ્રેમ ભગ્ન હોય તેમ અહંકાર ભગ્ન હોય.

પ્ર. ૨૮૧ દેહાધ્યાસ એટલે શું ?

ઉ. ૨૮૧ આ દેહ તે હું અને હું કર્તા એ જ દેહાધ્યાસ છે. જે તમે નથી તેને પોતે માન માન કરો તે દેહાધ્યાસ. દેહને કોઇ સળી કરે અને પોતે એ સ્વીકારે તો એ દેહાધ્યાસ છે. મને કેમ કર્યું કહ્યું તો એ દેહાધ્યાસ. આ દેહ હું છું અને આ દેહ મારો છે, આ વાણી બોલું છું, તે મારી વાણી છે, આ વિચાર મને આવે છે અને હું વિચારક છું, એનું નામ દેહાધ્યાસ. દ્રવ્યકર્મનો કર્તા છું, ભાવકર્મ નો કર્તા હું છું અને નો કર્મનો કર્તા હું છું એનું નામ દેહાધ્યાસ. દેહના જે ગુણો છે, દેહનું જે નામ છે, દેહના જેટલા સ્વભાવ છે, એવા પ્રકારનો જે અધ્યાસ થઇ ગયો છે, એને દેહાધ્યાસ કહેવાય.

પ્ર. ૨૮૨ વિરાટ પુરુષ કોને કહેવાય ?

ઉ. ૨૮૨ આપણા અહંકારને જે લઇ લે તે વિરાટ પુરુષ.

પ્ર. ૨૮૩ અહંકાર કેવી રીતે ધોવાતો જાય ?

ઉ. ૨૮૩ જો સામો કડવું પાય અને તમો હસતે મોઢે આશીર્વાદ આપીને પી જાવ તો એક બાજુ તમારો અહંકાર ધોવાય અને તમે એટલા મુક્ત થાવ અને બીજી બાજુ સામાવાળાને, કડવું પાનારને પણ રીએક્શન આવે અને એ પણ ફરી જાય. નિલકંઠ થવા કડવું પીવું પડશે. નક્કી કરો કે અહંકાર નીરસ કરવો જ છે, એટલે એ નીરસ થયા જ કરશે. અહંકારને મારવાનો નથી નીરસ કરવાનો છે. અહંકાર નુકશાનકર્તા છે એમ જાણો ત્યારથી જ બધું સુધરવા

માંડશે. અહંકારનું રક્ષણ કરવા જેવું નથી. અહંકાર જ્ઞેય છે અને તમે જ્ઞાતા છો એ જાગૃતિ રાખવી એ જ અદીઠ તપ છે. અહંકારનો રસ ઓગાળી મૂકવા આ જાગૃતિ રાખવી પડે. કોઇ અપમાન કરે તે તો તમારો કડવો રસ ખેંચવા આવ્યો કહેવાય ત્યારે તમારે રાજી થવું જોઇએ કે કોઇ તમારો અહંકારનો રસ વગર મહેનતે ખેંચી આપે છે અને અપમાન પી જવું તથા તેનો ઉપકાર માનવો અને તેથી અહંકાર નીરસ બની જશે. એક વખત નક્કી કરવું કે જે જે કોઈ આપે તે બધું જ કડવું પી લેવું છે.

પ્ર. ૨૮૪ અહંકાર ક્યારે ઓગળે છે ?

ઉ. ૨૮૪ અહંકાર એટલે ભૂલનું સ્વરૂપ. પોતાની ભૂલો દેખાય એટલે અહંકાર ઓગળે. શુદ્ધ ઉપયોગથી અહંકાર ઓગળે. અહંકાર ઓગાળવાનું મુખ્ય સાધન શુદ્ધ ઉપયોગ જ છે. જેટલો શુદ્ધ ઉપયોગ એટલો અહંકાર ઓગળ્યા કરે.

પ્ર. ૨૮૫ અહંકાર ખલાસ ક્યારે થાય ?

ઉ. ૨૮૫ ''હું કોણ છું'' એનું ભાન થાય તો જ અહ્મ ખલાસ થાય. મોક્ષ અહંકારનો થાય છે. જેનાં અહંકાર અને મમતા ખલાસ થઈ ગયા છે તેવા જ્ઞાની પુરુષની કૃપાથી અહંકાર ખલાસ થાય. કરવાનું કંઈ નથી એવું જાણી ગયો તું, ત્યારથી અહંકાર ખલાસ થવા માડે. અહંકાર જેનો ગયો હોય તેવા જ્ઞાની પાસેથી જ્ઞાન પ્રાપ્ત થાય એટલે અહંકાર ખલાસ થાય.

પ્ર. ૨૮૬ જ્ઞાન ના લીધું હોય તો ઈગોઈઝમ કેવી રીતે ઓછો કરી શકાય ?

ઉ. ૨૮૬ કોઇ અપમાન કરે તો ઇગો તૂટવાં માંડે. ઇગો તૂટવો અને ઇગો ઓગળવો તેમાં બહું ફેર છે. કોઈ અપમાન કરે તો દાદા ભગવાન એને શાંતિ આપો એવો ભાવ કરવો જોઈએ અને બોલવું કે ''દાદાને ગમ્યું તે ખરું''. કોઈ જગ્યાએ દસ ડોલર પડી ગયા તો ચિંતા નહીં કરવાની અને બોલવું કે ''દાદા તમને ગમ્યું તે ખરું''. ''હું અક્કલવાળો છું'' એવું ક્યારેય બોલવું નહીં, નહીં તો સાયકોલોજી ઈફેક્ટ થાય. અક્કલવાળો છું એમ બોલવાથી ઈગોઈઝમ વધતો જાય એટલે આવા બધા પ્રયોગ કરે, સહન કરવાના અને બીજું ''દાદા ભગવાનને ગમ્યું એ ખરું'' એમ કહીને ચલાવવું એટલે ઈગોઈઝમ ઓછો થઈ જાય. કંઈપણ બનાવ ઘટના કે પ્રસંગ બને ત્યારે ''દાદા ભગવાનને ગમ્યું તે ખરું'' એમ અંદરથી રહે અને સમજાય તો પછી ધીમે ધીમે ઈગોઈઝમ ઓછો થતો જશે.

પ્ર. ૨૮૭ અહંકાર ગયા પછી સંપૂર્ણ અનાવરણ ક્યારે થાય ?

ઉ. ૨૮૭ અહંકાર ગયા પછી અમારા સાનિધ્યમાં ત્રણસો (૩૦૦) કલાક આવે તો દર્શન દેખાવાનું બધું ઉઘડી જાય, અનાવરણ થઈ જાય.

પ્ર. ૨૮૮ રૂપાળો માણસ કદરૂપો કેમ દેખાય છે ?

ઉ. ૨૮૮ અહંકારને કારણે.

પ્ર. ૨૮૯ કોણ જન્મે છે અને કોણ મરે છે ?

ઉ. ૨૮૯ અહંકાર જન્મે છે અને અહંકાર જ મરે છે. ખરી રીતે પોતે (આત્મા) મરતો જ નથી.

પ્ર. ૨૯૦ આત્મજ્ઞાન કોને થાય ?

ઉ. ૨૯૦ અહંકારને આત્મજ્ઞાન થાય છે.

પ્ર. ૨૯૧ વ્યવસ્થિતનું જ્ઞાન ક્યારે હેલ્પ કરે ?

ઉ. ૨૯૧ અહંકાર ના હોય ત્યારે જ વ્યવસ્થિતનું જ્ઞાન હેલ્પ કરે છે. અહંકાર જાય પછી ક્રમબદ્ધ પર્યાય પ્રમાણે શેષ રહે છે અને ત્યારે વ્યવસ્થિતનું જ્ઞાન હેલ્પ કરે છે.

પ્ર. ૨૯૨ અહ્મ કેવો રાખવાનો છે ?

ઉ. ૨૯૨ ''હું કંઈ જ જાણતો નથી'' એવો અહ્મ રાખવાનો છે. હું કંઈ જ જાણતો નથી એવો અહ્મ રાખી જે કાર્ય કરવામાં આવે તો તેનું ફળ આવે. આ પ્રકારનો અહ્મ તે સાત્વિક અહ્મ કહેવાય કારણકે આ પ્રકારના અહ્મથી કેફ ના ચઢે.

પ્ર. ૨૯૩ જાણ્યું કોનું નામ કહેવાય?

ઉ. ૨૯૩ જાણ્યું એનું નામ કહેવાય કે સર્વસ્વ પ્રકારના કેફ ઉતરી જાય.

પ્ર. ૨૯૪ સામાના પ્રશ્નોનું સમાધાન ક્યારે થાય ?

ઉ. ૨૯૪ જ્યારે અહંકાર સંપૂર્ણ ખલાસ થઈ જાય, ડિસ્ચાર્જ અહંકાર પણ ખલાસ થઈ જાય ત્યારે સામાનાં પ્રશ્નોનું સમાધાન થાય. જ્યાં સુધી ગર્વ રસ ચખાય છે ત્યાં સુધી સ્વાદવાદ વાણી પણ ના નીકળે. ઉપશમ થયેલા કષાયો જ્યાં સુધી ક્ષય થયા નથી ત્યાં સુધી ઉપદેશમાં પડવું એ ભયંકર જોખમ છે.

પ્ર. ૨૯૫ સાક્ષીભાવ કોને કહેવાય ?

ઉ. ૨૯૫ અહંકાર સહિત જ્ઞાતા-દ્રષ્ટા થવું એને સાક્ષીભાવ કહેવાય છે. સાક્ષીભાવ એ ભ્રાંતિ કહેવાય. ક્રમિકમાર્ગમાં આ વાત બરોબર છે. એ એક પ્રકારની જાગૃતિ છે પણ લાખોમાં બે-પાંચ માણસને આ જાગૃતિ રહે. જ્યાં સુધી અહંકાર છે ત્યાં સાક્ષીભાવ છે. સાક્ષીભાવ એટલે અહંકારી ભાવ એટલે સંસારમાં રખડવાનો ધંધો એ કંઈ છૂટકારો થાય નહીં. અહંકાર સાક્ષી રહ્યો એટલે પુણ્યે બંધાઈને આવતા ભવમાં સારું ફળ મળે, ખાવા પીવાનું સારું મળે. ટૂંકમાં સાક્ષીભાવ એટલે અવસ્થાને જો જો કરવી પણ તે અહંકાર સહિત જ હોય. ફૂલ ચઢાવે તેની પર રાગ નહીં અને ગજવું કાપે તેની ઉપર દ્વેષ નહીં તે સાક્ષીભાવ.

પ્ર. ૨૯૬ સંકલ્પ-વિકલ્પ એટલે શું અને નિર્વિકલ્પ એટલે શું ?

ઉ. ૨૯૬ હું એ વિકલ્પ અને મારું એ સંકલ્પ. અહંકાર જ સંકલ્પ-વિકલ્પ કરે છે હું ચંદુલાલ છું એ વિકલ્પ કહેવાય અને આ મારું ઘર છે એ સંકલ્પ કહેવાય. મોહ એ વિકલ્પ છે. જેમ જેમ અજ્ઞાનતા વધે તેમ તેમ વિકલ્પ વધે. મોહ પૂરો થયો એ નિર્વિકલ્પ. સંકલ્પ અને વિકલ્પને જે જાણે છે તે નિર્વિકલ્પ કહેવાય. મનનાં ધર્મને પોતાનાં ધર્મ માને તે સંકલ્પ અને પોતાનાં ધર્મને પોતાનાં જાણે તે નિર્વિકલ્પ.

પ્ર. ૨૯૭ અંતઃકરણ વિશે સમજાવો ?

ઉ. ૨૯૭ અંતઃકરણ ચાર વસ્તુઓનું બનેલું છે. અંતઃકરણ ચિત્ત, મન, બુદ્ધિ અને અહંકાર, આ ચાર સભ્યોની પાર્લામેન્ટનું બનેલું છે એ સ્વયંમ્ સંચાલિત છે. સ્વયંમ્ સંચાલિત એટલે ડિસ્ચાર્જ સ્વરૂપ છે, સંયોગો મળે એટલે ઊભું થાય. આ અંતઃકરણમાં અહંકાર એ ભાઈ છે અને મન, બુદ્ધિ અને ચિત્ત એ ત્રણ બ્હેનો છે. અહંકાર એ આંધળો છે તે પ્રેસીડન્ટ છે. ચિત્ત અને મન એ સભ્યો છે જે બાજુ વોટ વધી જાય તેનું ચલણ ચાલે. ચિત્ત ફોરેન ડિપાર્ટમેન્ટ છે અને મન હોમ ડિપાર્ટમેન્ટ છે. અંતઃકરણનાં આ ચારેય મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર રૂપી છે અને વાંચી શકાય છે છતાં ચક્ષુગમ્ય નથી, જ્ઞાન ગમ્ય છે. દરેકનું કાર્ય જુદું જુદું છે છતાં પણ દરેક કાર્ય ચારેયના ભેગાં સહકારથી જ થાય છે. આ અંતઃકરણ એ તો પાર્લામેન્ટરી સીસ્ટમ છે અને તેમાં છેલ્લે અહંકાર સહી કરી આપે છે. અંતઃકરણમાં પહેલી અસર

બુદ્ધિમાં થાય છે, બુદ્ધિ જો હાજર ના હોય તો અસર ના થાય ત્યાંથી પછી મનને અસર પહોંચે છે. બુદ્ધિ સ્વીકારનાર હોય તો જ ભાંજગડ છે. બુદ્ધિ સ્વીકારે પછી મન પકડી લે ને પછી મન કૂદાકૂદ કરી મૂકે છે. અંતઃકરણ સદ્‌ગુરુ કે જ્ઞાનીને આધીન રહી શકે તેવું છે.

પ્ર. ૨૯૮ નિરાકુળતા શું છે ?

ઉ. ૨૯૮ જ્યાં અહંકાર શૂન્યતા પર છે ત્યાં નિરાકુળતા પ્રાપ્ત થાય. જ્યાં સુધી અહંકાર શૂન્યતા પર ના આવે ત્યાં સુધી નિરાકુળતા એક ક્ષણ વાર પ્રાપ્ત થાય નહીં. અહંકાર ગયા પછી નિરાકુળતા ઉત્પન્ન થાય અને નિરાંત તો બધા સંયોગો ના હોય ત્યારે હોય. નિરાકુળતા તો સિદ્ધ ભગવંતોનો ૧/૮ ગુણ છે.

પ્ર. ૨૯૯ સેલ્ફ કોન્ફીડન્સવાળો કોણ હોય ?

ઉ. ૨૯૯ જેનો અહંકાર જરા ઓછો (કમી) થયેલો હોય તેને સેલ્ફ કોન્ફીડન્સવાળો કહેવાય.

પ્ર. ૩૦૦ અહંકારનું આવરણ લાવનારું શું છે ?

ઉ. ૩૦૦ આગ્રહ એ જ અહંકારનું આવરણ લાવનારું છે. અમારામાં જે આગ્રહ ભરેલો છે તેનો હેતુ નિરાગ્રહ થવાનો છે.

પ્ર. ૩૦૧ જીવ અને શિવ એક ક્યારે થાય ?

ઉ. ૩૦૧ અહંકાર ઓગળે ત્યારે જીવ અને શિવ એક થાય.

પ્ર. ૩૦૨ જીવતા મરી ગયા એટલે શું ?

ઉ. ૩૦૨ જીવતા મરી ગયા એટલે ઈગોઈઝમ ગયું. ઈગોઈઝમ મરી ગયું એ જીવતા મરી ગયા કહેવાય.

પ્ર. ૩૦૩ અક્રમ વિજ્ઞાન એટલે શું ?

ઉ. ૩૦૩ ૧ અક્રમ વિજ્ઞાન એટલે કળિકાળનું આ પાંચમા આરામાં કુદરતનું વરદાન. અક્રમ વિજ્ઞાન એટલે **ABSOLUTE SCIENCE**

૨. અક્રમ વિજ્ઞાન એટલે મોક્ષનું રોકડું લાયસન્સ.

૩. અક્રમ વિજ્ઞાન એટલે જાણવાનું કંઈ બાકી ન રહે તેવું વિજ્ઞાન

૪. અક્રમ વિજ્ઞાન એટલે જીવતી જાગતી વીતરાગતા

૫. અક્રમ વિજ્ઞાન એટલે જ્ઞાની પુરુષનું હૃદય.
૬. અક્રમ વિજ્ઞાન એટલે હું કોણ છું એનો રીયલ ફોડ (કાયમી ઉકેલ)
૭. અક્રમ વિજ્ઞાન એટલે તમામ રોગોનો બીન શર્તે રોકડો ઈલાજ.
૮. અક્રમ વિજ્ઞાન એટલે સીધી સમજ અને વિપરીત સમજનો અંત
૯. અક્રમ વિજ્ઞાન એટલે લીફ્ટ માર્ગ, અપવાદ માર્ગ
૧૦. અક્રમ વિજ્ઞાન એટલે કર્તા ભાવનું મૂળથી મરણ.
૧૧. અક્રમ વિજ્ઞાન એટલે દિવ્યચક્ષુની પ્રાપ્તિ.
૧૨. અક્રમ વિજ્ઞાન એટલે સંપૂર્ણ નિર્દોષ દૃષ્ટિની પ્રાપ્તિ.
૧૩. અક્રમ વિજ્ઞાન એટલે ૩૬૦° ડિગ્રીની સંપૂર્ણ જાગ્રત અવસ્થા
૧૪. અક્રમ વિજ્ઞાન એટલે તરત મોક્ષ પામવાનું સાધન.
૧૫. અક્રમ વિજ્ઞાન એટલે આત્મ રમણતા ચાલુ થવી અને પૌદ્ગલિક રમણતાનો અંત આવવો.
૧૬. અક્રમ વિજ્ઞાન એટલે જેમ છે તેમ ખુલ્લું કરી આપવું.
૧૭. અક્રમ વિજ્ઞાન એટલે અહંકારનો ફૂલ સ્ટોપ.
૧૮. અક્રમ વિજ્ઞાન એટલે શુદ્ધ વ્યવહાર અને શુદ્ધ નિશ્ચય.
૧૯. અક્રમ વિજ્ઞાન એટલે આ કાળનું અસંયતી પૂજા નામનું અગિયારમું આશ્ચર્ય.
૨૦. અક્રમ વિજ્ઞાન એટલે જે આડો છે તે હું ન્હોય એવું ભાન થવું તે.
૨૧. અક્રમ વિજ્ઞાન એટલે ચોવીસ તીર્થંકરોનું ભેગું વિજ્ઞાન.
૨૨. અક્રમ વિજ્ઞાન એટલે કર્મ ખપાવ્યા સિવાય જ્ઞાન પ્રાપ્ત થાય તે.
૨૩. અક્રમ વિજ્ઞાન એટલે કર્મનો બંધ પડ્યા વગર જ નિર્જરા થયા કરે તે.
૨૪. અક્રમ વિજ્ઞાન એટલે વગર મહેનતે વીતરાગ થવાનો શોર્ટ કટ.
૨૫. અક્રમ વિજ્ઞાન એટલે ચોવીસ તીર્થંકરોના વખતમાં જે સમજ્યા નહીં, બુઝ્યા નહીં તે બધાયને બૂઝવાનું સાધન.

પ્ર. ૩૦૪ અક્રમ વિજ્ઞાન અંગે કયા ધર્મગ્રંથમાં સમર્થન છે ?

ઉ. ૩૦૪ ભટ્ટારક શ્રી જ્ઞાનભૂષણ વિરચિત ''તત્વજ્ઞાન તરંગિણી''-(ગુજરાતી ગદ્યપદ્યાનું વાદ) અનુવાદક,-સંપાદક તથા પ્રકાશક શ્રી રવજીભાઈ છગનભાઈ દેસાઈના ગ્રંથમાં દ્વિતીય આવૃત્તિ ઈ.સ. ૧૯૬૭ના પૃષ્ઠ ૩૪૮ નાં ૧૮ અને ૧૯માં શ્લોકમાં આ અંગે સમર્થન છે.

પ્ર. ૩૦૫ અક્રમ વિજ્ઞાની પાકશે તે વાત કોણે લખી હતી ?

ઉ. ૩૦૫ ત્રણ લાખ વર્ષ પહેલા થયેલ સોળમાં જિને લખ્યું હતું કે ''ત્રણ લાખ વર્ષ પછી આ ભયંકર ઘીટ આશ્ચર્ય કાળમાં (પાંચમાં આરામા) ગૃહસ્થી લીંગે અસયંતી પૂજાશે.'' અસંયતી એટલે સંસારી વેશ અને ગૃહસ્થીપણું હોય તે.

પ્ર. ૩૦૬ અક્રમ વિજ્ઞાનનું ફાઉન્ડેશન શું ?

ઉ. ૩૦૬ લઘુત્તમ ભાવમાં રહેવું અને અભેદ દૃષ્ટિ રાખવી એ અક્રમ વિજ્ઞાનનું ફાઉન્ડેશન છે અર્થાત્ લઘુતમ ભાવ અને અભેદ દૃષ્ટિ એ અક્રમ વિજ્ઞાનનો પાયો છે. આ વિજ્ઞાન કંઈ એમને એમ ફાઉન્ડેશન વગર નથી. જીવમાત્રની જોડે, આખા બ્રહ્માંડના જીવો સાથે અભેદ દૃષ્ટિ રાખવી અને લઘુતમ ભાવમા રહેવું એવું અદ્ભૂત ફાઉન્ડેશન છે.

પ્ર. ૩૦૭ અક્રમ વિજ્ઞાનનો હેતુ શો છે ?

ઉ. ૩૦૭ આ અક્રમ વિજ્ઞાનનો હેતુ જ આખો શૂટ ઓન સાઈટ (દેખો ત્યાંથી ઠાર) પ્રતિક્રમણનો છે. જ્યાં ભૂલ થાય અને દેખાય કે તરત જ પ્રતિક્રમણ કરી લેવું એજ અક્રમ વિજ્ઞાનનો હેતું છે.

પ્ર. ૩૦૮ અક્રમ વિજ્ઞાનનો કોર્સ કર્યાનું ફળ શું ?

ઉ. ૩૦૮ અક્રમ વિજ્ઞાનનો ટૂંકો અને ટચ કોર્સ કરી લીધો તેનું અનંત અવતારનું સાટું આ એક અવતારમાં પુરુ થઈ જાય તેવું છે. અનંત અવતારની ખોટ આ એક અવતારમાં પૂરી થઈ જાય છે પછી કાયમની નિર્ભયતા, અસંગતા અને વીતરાગતા નિરંતર રહે છે.

પ્ર. ૩૦૯ અક્રમ વિજ્ઞાન કઈ રીતે કામ કરે છે ?

ઉ. ૩૦૯ અક્રમ વિજ્ઞાન ત્રણ રીતે કામ કરે છે.

૧. સંસાર રોગ મટાડે છે અને તેને જડ મૂળથી નિર્મૂળ કરે છે.

૨. નિરોગી થયો તેનું રક્ષણ કરે છે.

૩. નવો રોગ ઉત્પન્ન જ નથી થવા દેતું.

પ્ર. ૩૧૦ અક્રમ વિજ્ઞાન પ્રાપ્ત થયું હોય તેનું જીવન કેવું હોવું ઘટે ?

ઉ. ૩૧૦ બિલકુલ ખેંચ વગરનું જીવન હોવું જોઈએ. પોતાની સાચી વાતને જાહેર કરે પણ કોઈ સ્વીકારે નહીં તો તેને સાચી ઠરાવવાની યે જરૂર ના જાણે. તમે મારી જોડે વાત કરતા હો તો હું તેનો તમને જવાબ આપુ અને તમારી

વાત ખરી કરાવવા માટે તમે ફરી વાત કરો એ ખેંચ કહેવાય અને વખતે ખેંચ ઊભી થાય, પ્રકૃતિનાં ભરેલા માલને કારણે (હિસાબે) તો તેને પણ તમારે જોવી તો તમે પોતે મુક્ત થઇ જાવ. તમે જુઓ તો તમે છૂટ્યા કારણ કે તમે કાયદામાં છો. જ્ઞાતા-દ્રષ્ટા રહ્યા એટલે છૂટ્યા.

પ્ર. ૩૧૧ અક્રમ વિજ્ઞાન સૌ પ્રથમ આ અવસર્પિણી કાળમાં ક્યારે હતું ?

ઉ. ૩૧૧ આ અવસર્પિણી કાળનાં ત્રીજા આરામાં થયેલ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાને આ અક્રમ વિજ્ઞાન ભરત ચક્રવર્તી ને આપેલ અને આ વિજ્ઞાનના પ્રભાવે ભરત ચક્રવર્તી રાજપાટ, રાણીઓ અને લડાઇઓ લડવા છતાં તેજ ભવે મોક્ષે ગયા. આ અક્રમ વિજ્ઞાન દર દસ લાખ વર્ષે પ્રગટ થાય છે.

પ્ર. ૩૧૨ અક્રમ વિજ્ઞાન કેટલી ડિગ્રીવાળા લોકોને માટે કામ લાગે તેવું છે?

ઉ. ૩૧૨ આ અક્રમ વિજ્ઞાન ૨૫૦° ડિગ્રીવાળા માટે છે.

પ્ર. ૩૧૩ ક્રમ એટલે શું અને અક્રમ એટલે શું?

ઉ. ૩૧૩ સંસાર ચક્રનો ક્રમ, જન્મ મરણનો ક્રમ, શુભ-અશુભનો ક્રમ, રાગ દ્વેષનો ક્રમ, દ્વન્દ્વાત્મક વૃત્તિઓનો ક્રમ, મોટા-નાનાનો ક્રમ, શ્રીમંત-ગરીબનો ક્રમ, શાતા-અશાતાનો ક્રમ, રાત-દિવસનો ક્રમ, સંસારમાં જે કંઇ વહી રહ્યાં છે એવા નિરંતર વહેતાનો ક્રમ, આધિ, વ્યાધિ, ઉપાધિનો ક્રમ, મન, બુદ્ધિ ચિત્ત અને અહંકારનો ક્રમ. અજ્ઞાનનો ક્રમ, શાબ્દિક જ્ઞાનનો ક્રમ, શાસ્ત્રોનો ક્રમ, વેદાન્ત અને-અગમ-નિગમનો ક્રમ, તમામ સાંસારિક અવસ્થાઓનો ક્રમ, તીર્યંચ, નરક, મનુષ્ય, દેવગતિનો ક્રમ, એટલે જ્યાં જુઓ ત્યાં ક્રમને ક્રમ. ક્રમ એટલે અવસ્થા. ક્રમ એટલે સ્ટાન્ડર્ડ-(ધોરણે). ક્રમ એટલે દ્વન્દ. ક્રમ એટલે વાડાબંધી. ક્રમ એટલે સંપ્રદાય. ક્રમ એટલે રાગ-દ્વેષ. ક્રમ એટલે ક્રોધ, માન, માયા, લોભરૂપી કષાય. ક્રમ એટલે આત્માની વિભાવીક અવસ્થા. ક્રમ એટલે વહેતો સંસાર સાગર. ક્રમ એટલે ચંચળ, ક્યારેય અચળ ન થાય એવું ચંચળ. ક્રમ એટલે પૌદ્ગલિક રમણતા. આ થઇ ક્રમના સ્વરૂપની યર્થાથતા.

અક્રમ એટલે સંસાર ચક્રનો શાશ્વત અંત, આવા-ગમનથી મુક્તિ અને મરણની ભ્રાંતિથી કાયમ માટેનો છુટકારો, શુભ-અશુભનો અંત થઇ કેવળ

શુદ્ધમાં સ્થિતિ. અક્રમ એટલે ચર્તુગતિમાંથી મુક્તિ અને આત્મામાં સ્થિતિ. અક્રમ એટલે NO LAW LAW. અક્રમ એટલે કાયદા વિનાનો કાયદો. અક્રમ એટલે રાગ, દ્વેષ, અહંકાર, મમતા, વેરથી શાશ્વત અને રોકડી મુક્તિ. અક્રમ એટલે નિરંતર નીંદ્વન્દ તત્ત્વની સાચી અનુભૂતિ. અક્રમ એટલે મોટા-નાનાનો તાંતો કાયમ માટે નાબૂત, શ્રીમંત-ગરીબના ભેદ-ભાવનો અંત્ અને નિરંતર આત્માનંદ, પરમાનંદ અને જ્ઞાતા-દ્રષ્ટાની અનુભૂતિ, લક્ષ, પ્રતીતિ. અક્રમ એટલે અલખ નિરંજનનાં પ્રગટ દર્શન. અક્રમ એટલે પ્રગટ પરમાત્મા તત્ત્વ ના અનુભવમાં આવે એવા પ્રત્યક્ષ દર્શન થઇ સંપૂર્ણ પરમાત્મા પદની પ્રાપ્તિ થવી તે. અક્રમ એટલે સિદ્ધ દશાની શાબ્દિક નહીં પરંતુ અનુભવમાં આવે તેવી સંપૂર્ણ પ્રાપ્તિ. અક્રમ એટલે જીવતો જાગતો હાજરા- હજુર મૂર્તિમાન મોક્ષ. અક્રમ એટલે સંસારનાં તમામ દુ:ખોનો અભાવ. અક્રમ એટલે સાંસારિક વિષાદથી કાયમ માટે મુક્તિ થઇને પરમાનંદની પ્રગટ પ્રાપ્તિ. અક્રમ એટલે જે ક્યારેય પણ વધ ઘટ ના થાય એવા રીયલ પ્રેમ સુખની પ્રાપ્તિ. અક્રમ એટલે સંસારમાંની તમામ આધિ-વ્યાધિ-ઉપાધિના ઉદયમાં સ્વ સમાધિ. અક્રમ એટલે ક્યારેય વિનાશ ના થાય એવું આત્મ સુખ. અક્રમ એટલે શબ્દમાં ન આવે, શબ્દથી ન પકડાય, શબ્દથી ન અનુભવાય, શબ્દથી ન વર્ણવાય એવું સર્વ શાસ્ત્રસંમત પોતાનું સ્વનું રીયલ યથાર્થ વસ્તુત્ત્વનું ભાન. અક્રમ એટલે અભેદ શુદ્ધાત્મા. અક્રમ એટલે સ્વનો રીયલ પરિચય. અક્રમ એટલે ક્ષાયક સમકિતની એક માત્ર ચાવી. અક્રમ એટલે પ્રત્યક્ષ ભગવાનના દર્શન અને પ્રાપ્તિ. અક્રમ એટલે અજ્ઞાનથી, સર્વ દુ:ખોથી અને સર્વ ભ્રાંતિથી મુક્તિ. અક્રમ એટલે ક્યારેય ડામાડોળ ના થાય એવી અચળ આત્મસ્થિતિ. અક્રમ એટલે સ્વ સ્વરૂપનો પરીચય અને આત્માનંદની અનુભવેલી સ્થિતિ. અક્રમ એટલે આ કળીકાળ (વર્તમાનકાળ)ની બલિહારી. અક્રમ એટલે સ્વભાવિક વસ્તુને મૂળ સ્વભાવમાં લાવવી તે. શ્રીમદ્ રાજચંદ્રનું આખુંય પુસ્તક સમજવામાં આવે તેનું નામ અક્રમ તોય તે વીસ ટકા ખૂટે. અક્રમ એટલે આ દળેલું છે તેમ જાણવું અને તેને ફરી દળવું નહીં તે. સંસાર અડે નહીં તેનું નામ અક્રમ. વગર મહેનતે વીતરાગ થઇ જવાય તે અક્રમ. ક્રિયા કરવાં છતાં કર્મ ના બંધાય તેનું નામ અક્રમ. સર્વ દુ:ખોથી મુક્ત થવાનો આધ્યાત્મિક માર્ગ એટલે અક્રમ.

પ્ર. ૩૧૪ અક્રમ માર્ગ એટલે શું ?

ઉ. ૩૧૪ અક્રમ માર્ગ એ અપવાદ માર્ગ છે. અક્રમ માર્ગ એટલે લિફ્ટમાં બેસીને વગર મહેનતે જ્ઞાનીની કૃપાથી મોક્ષ થાય તે. અક્રમ માર્ગ એટલે નિર્લેપ માર્ગ, એક કર્મ અડે નહીં. અક્રમ માર્ગ એટલે સંપૂર્ણ નિષ્પક્ષપાતી અને વીતરાગનો માર્ગ. અક્રમ માર્ગમાં માત્ર જ્ઞાનીની આજ્ઞામાં રહેવાનું બસ બીજું કંઇ કરવાનું નથી. અક્રમ માર્ગ એટલે ક્રમિક માર્ગ ફ્રેક્ચર થઇ જતાં નિકળેલ ડાયવરઝન માર્ગ. આ અપીડ મોક્ષ માર્ગ છે.

પ્ર. ૩૧૫ અક્રમ માર્ગે જે જ્ઞાન મળ્યું તે શું છે?

ઉ. ૩૧૫ આ અગિયારમું આશ્ચર્ય છે. આ તો પરમાત્મ યોગ છે આ કંઇ જેવો તેવો યોગ નથી. આખું બ્રહ્માંડ ઊંચું-નીંચુ થઇ જાય એવો યોગ પૂજ્ય દાદા ભગવાને આપ્યો છે, પરંતુ તેનો તમે ઉપયોગ ના કરો તો શું થાય ? અનંત શક્તિ વ્યક્ત થાય એવો આ યોગ આપ્યો છે માટે ધમ-ધમાઓ ઘેર જઇને, બીજા બધાં મચ્છરોને કહીએ કે ગેટ-આઉટ, નો એલાઉડ. હવે તો એક જ દીશા બસ પુરુષાર્થ, પુરુષાર્થ અને પુરુષાર્થ. એક કલાક જ યોગ માંડો તો બ્રહ્માંડ હાલી જાય. હવે જે રખડ્યા તે એક્યાસી હજાર વર્ષ સુધી રખડવાના છે.

પ્ર. ૩૧૬ અક્રમ માર્ગમાં વ્યવહાર કેવો છે?

ઉ. ૩૧૬ અહીં જે વ્યવહાર છે એ બરફ જેવો છે એ તમે ગમે તેટલો બચાવવા પ્રયત્ન કરશો પણ એક દહાડો ઓગળીને ખલાસ થઇ જશે.

પ્ર. ૩૧૭ અક્રમ માર્ગમાં કેવી દશા હોય?

ઉ. ૩૧૭ શુદ્ધ ઉપયોગી ને સમતાધારી, જ્ઞાન, ધ્યાન સબ મનોહારી, કર્મ કલંકકો દૂર નિવારી, જીવ વરે શિવ નારી. જ્ઞાન અને ધ્યાન મનને હરી લે તેવા મનોહારી હોય.

પ્ર. ૩૧૮ અક્રમ માર્ગમાં મોટામાં મોટું જોખમ કયું?

ઉ. ૩૧૮ સામાને કર્તા જોયો એટલે પોતે પણ કર્તા થઇ જાય. સામેવાળો કર્તા દેખાય ત્યાં સુધી જોખમ છે. પોતે કર્તા છે એવું ભાન થાય ત્યારે ચાર્જ થાય એટલે કચાસ હોય તો મનના વિચારોમાં અહંકાર ભળી જાય અને ચાર્જ થાય.

સામાને કર્તા જોયો એટલે ચાર્જ થાય. અક્રમ માર્ગમાં તો હું કરતો નથી, તે કરતો નથી અને તેઓ કરતા નથી આવું રહેવું જોઈએ. કોઇ કર્તા છે જ નહીં, કશામાં ડખોજ કરવા જેવો નથી. આ તો જ્યાં ને ત્યાં ડખો કરો છો તેથી જ્ઞાન દીપી નીકળતું નથી. હું જાણું છું ની મીઠાશ વર્તે કે ફૂંપળો ફુટે તો તે મોટામાં મોટું આત્મઘાતી કારણ છે ત્યાં તરત ભૂંસી નાંખવુ. ફૂંપળો ફૂંટતા જ ચૂંટી કાઢવું નહીં તો એ રોગ વધી જશે, જાગૃતિ ખલાસ કરી નાંખે.

પ્ર. ૩૧૯ અક્રમ માર્ગ કેટલાં વખત સુધી રહેશે ?

ઉ. ૩૧૯ હજાર-બે હજાર વર્ષ સુધી રહેશે. પછી ધર્મ આથમવા માંડશે. અહીં તો જેનુ ચાલશે એનું ચાલશે. જે બધાનો શિષ્ય થશે તેનું ચાલશે. જે લઘુતમ થશે તેને જગત સ્વીકારશે. અહીં તો લોકો જેને સ્વીકારશે તેનું ચાલશે.

પ્ર. ૩૨૦ અક્રમ માર્ગ કેવો છે ?

ઉ. ૩૨૦ આ અક્રમ માર્ગ અપીડ મોક્ષ માર્ગ છે. પૂજ્ય દાદાશ્રી કહેતા કે ''ઘણા બધા જ્ઞાન માર્ગ હું ભવોભવ જોતો આવ્યો છું પણ આવો જ્ઞાન માર્ગ મેં જોયો ન્હોતો અને મારે જે જ્ઞાન જોઈતું હતું તે જ મને મળ્યું છે તેનું મને પોતાને પણ આશ્ચર્ય થાય છે.''

પ્ર. ૩૨૧ ક્રમિક માર્ગ અને અક્રમ માર્ગ વચ્ચે તફાવત શો ?

ઉ. ૩૨૧

ક્રમિક માર્ગ	અક્રમ માર્ગ
૧. ક્રમિક માર્ગ કરવાનો છે	૧. અક્રમ માર્ગ સમજવાનો છે. સમજથી સમાવાનું છે. આ ક્રિયાશીલ માર્ગ નથી સમભાવે નિકાલ કરવાનો માર્ગ છે.
૨. પરિણામને હેતુ માને તેનું નામ ક્રમિક માર્ગ	૨. હેતુને હેતુ માને તેનું નામ અક્રમ માર્ગ
૩. ક્રમિક માર્ગ એટલે દ્રવ્યની શુદ્ધિ કરવાની	૩. અક્રમ માર્ગ એટલે ભાવની શુદ્ધિ કરવાની.
૪. ક્રમિક માર્ગ પરિણામને કોઝ કહે છે.	૪. અક્રમ માર્ગ કોઝને કોઝ કહે છે.

૫. ક્રમિક માર્ગ એટલે ત્યાગ કરવો પડે	૫. અક્રમ માર્ગમાં ત્યાગ કરવાનો ના હોય. અક્રમ માર્ગમાં ગ્રહણ ત્યાગ નથી.
૬. ક્રમિક માર્ગ ધોરીમાર્ગ છે. નિયમાનુસાર મૂળમાર્ગ છે	૬. અક્રમ માર્ગ શોર્ટ કટ છે. અપવાદ માર્ગ છે.
૭. ક્રમિકમાં ક્રમે ક્રમે કરીને બહારના વાણી, વર્તન શુદ્ધ થાય છે એટલે બહારથી ભીતર આવવાનું છે.	૭. અક્રમ માર્ગમાં અંદર શુદ્ધ સ્વરૂપનું ભાન પ્રથમ થાય છે. અહંકાર સંપૂર્ણ શુદ્ધ થાય છે પછી બહાર શુદ્ધ થયા કરે છે. ભીતરથી બહાર આવવાનું છે.
૮. ક્રમિકમાં કર્તા ભાવ છે. સાક્ષીભાવ છે.	૮. અક્રમમાં જ્ઞાતા-દ્રષ્ટા ભાવ છે, શું થાય છે તે માત્ર જોવા જાણવાનું છે.
૯. ક્રમિક એટલે કર્મ બાંધે અને સંસાર ચાલે તે.	૯. કર્મ બાંધે નહીં અને સંસાર ચાલે તે અક્રમ.
૧૦. ક્રમિક માર્ગ પુસ્તકમાં છે.	૧૦. અક્રમ માર્ગ જ્ઞાનીનાં હૃદયમાં છે તે તેમની કૃપાથી મળે છે.
૧૧. અહંકારનો કોમા એનું નામ ક્રમિક માર્ગ	૧૧. અહંકારનો ફૂલ સ્ટોપ એનું નામ અક્રમ માર્ગ
૧૨. ક્રમિક માર્ગ એટલે દળેલાને ફરી દળવું તે.	૧૨. અક્રમ માર્ગ એટલે આ દળેલું છે તેમ જાણવું અને તેને ફરી દળવું નહીં તે.
૧૩. ક્રમિક માર્ગ એટલે મહેનતનો માર્ગ	૧૩. અક્રમ એટલે વગર મહેનતે વીતરાગ થવાનો માર્ગ. વગર મહેનતે કૃપાથી મોક્ષ.

પ્ર. ૩૨૨ અભિપ્રાય અંગે વિગતવાર છણાવટ કરો ?

ઉ. ૩૨૨ લોકસંજ્ઞાથી અને અણસમજણથી અભિપ્રાય બેસે છે. મૂળ તો લોકસંજ્ઞા જ અભિપ્રાય કરાવડાવે છે. અભિપ્રાય અહંકારનાં પરમાણુંથી બનેલો છે. અભિપ્રાય એ જ અંતરાય છે. અભિપ્રાયને લીધે જેમ છે તેમ જોઇ શકાતું

નથી. અભિપ્રાયને કારણે જ મુક્ત આનંદ અનુભવાતો નથી. ક્રિયાથી કોઝીઝ બંધાતા નથી પરંતુ અભિપ્રાયથી કોઝીઝ બંધાય છે. લોકસંજ્ઞાથી પોતે માન્યતા બાંધે છે, તે મુજબ બુદ્ધિ નક્કી કરીને વર્તાવે છે. અભિપ્રાય બુદ્ધિના આશયને આધિન છે. બુદ્ધિએ જેમાં સુખ માન્યું તેના આધારે અભિપ્રાય પડે. અભિપ્રાય એ તંતીલી વાણીનું કારણ છે. જ્યારે શંકા એ અભિપ્રાયનું કારણ છે. અભિપ્રાયને આધારે દૃષ્ટિ બંધાય અને તેવું જ પછી દેખાયા કરે. એક વસ્તુ ઉપર કેન્દ્રિત થયેલો જબરજસ્ત અભિપ્રાય અટકણમાં પરિણમે. વિષયો રાગ-દ્વેષવાળા નથી પરંતુ અભિપ્રાયની માન્યતા એજ રાગ દ્વેષ છે. જેવો અભિપ્રાય તેવું પુદ્ગલ પરિણમિને ભેગું થવાનું. ક્રિયાથી બીજ નંખાતું નથી પરંતુ અભિપ્રાયથી બીજ નંખાય છે. અભિપ્રાયે અંતરાય નોતરાય. અભિપ્રાયથી જ અંતરાયો ઊભા થાય છે.

પ્ર. ૩૨૩ અભિપ્રાય કોણ આપે છે ?

ઉ. ૩૨૩ બુદ્ધિ અને અહંકાર ભેગા મળી અભિપ્રાય આપે છે.

પ્ર. ૩૨૪ અભિપ્રાય દૂર કરવા શું કરવું ?

ઉ. ૩૨૪ જ્યારથી નક્કી કર્યુ કે અભિપ્રાય દૂર કરવો છે ત્યારથી તે દૂર થવા માંડે. અવગાઢ અભિપ્રાયને દરરોજ બે-બે કલાક ખોદ ખોદ કરે પ્રતિક્રમણ કરે તો તે ખલાસ થાય. અભિપ્રાય બદલવા પ્રતિસ્પર્ધી અભિપ્રાય મૂકવો. ચોર છે એ અભિપ્રાય છેદવા ચોર ને શાહુકાર છે કહેવું પડે અને અંતે તો ખરેખર એ શુદ્ધાત્મા છે એવી દૃષ્ટિ મૂકવી પડે. આત્માનો નિશ્ચય થતાં તમામ અંતરાયનો અંત આવે છે. જ્ઞાનીની સંજ્ઞા આત્મામાં સુખ છે, આ સંજ્ઞાથી લોક સંજ્ઞા ઊડી જાય અને લોક સંજ્ઞાનો લોપ થાય એટલે અભિપ્રાય ઊડી જાય.

પ્ર. ૩૨૫ આવકારવા યોગ્ય અભિપ્રાય કયો ?

ઉ. ૩૨૫ આવકારવા યોગ્ય અભિપ્રાય કોઈ હોય તો એક બ્રહ્મચર્યનો અને બીજો આ દેહ દગો છે તેનો રાખવાં જેવો છે.

પ્ર. ૩૨૬ કોઈ વ્યક્તિ અંગેનો અવળો અભિપ્રાય કાઢવો હોય તો શું ઉપાય ?

ઉ. ૩૨૬ એ વ્યક્તિ જ્યારે જ્યારે યાદ આવે અથવા ભેગી થાય ત્યારે બહું બહું ઉપકારી છે એવું બોલીએ કે થઈ જાય પ્લસનું માઈનસ.

પ્ર. ૩૨૭ અભિપ્રાય અને રૉંગ બીલિફ એ બેમાં ફેર શું ?

ઉ. ૩૨૭ અભિપ્રાય અને રૉંગ બીલિફમાં ઘણો ફેર છે. અભિપ્રાય અને એવી કેટલી બધી ચીજો ભેગી કરો ત્યારે એ રૉંગ બીલિફ કહેવાય. જ્યારે અભિપ્રાય તો રૉંગ બીલિફનો એક નાનામાં નાનો ભાગ છે. રૉંગ બીલિફ એ કંઈ અભિપ્રાયનો ભાગ નથી. અભિપ્રાયોની જન્મ દાતા રૉંગ બીલિફ છે. આ સંસારનું ધોરીમૂળ જ રૉંગ બીલિફ છે. જ્યારે અભિપ્રાય એતો અંતરાય છે. અભિપ્રાય જલ્દીથી દૂર થઈ શકે છે જ્યારે રૉંગ બીલિફ જ્ઞાનીની કૃપા વિના દૂર થઈ શકતી નથી.

પ્ર. ૩૨૮ અધ્યાત્મ એટલે શું ?

ઉ. ૩૨૮ આત્માની સન્મુખ થવું તે અધ્યાત્મ. અહંકાર શૂન્ય થાય તે જ અધ્યાત્મ છે. અધ્યાત્મ વસ્તુ એ ક્રિયા નથી દૃષ્ટિ છે. જે જાણ્યા પછી કશું જ જાણવું ના પડે તે અધ્યાત્મ. મિથ્યાત્વ અને તેના હેતુઓનો ત્યાગ કરી આત્માને અવલંબી શુદ્ધ ક્રિયા ધર્મમાં પ્રર્વતવું એ અધ્યાત્મ કહેવાય છે. ચોથા ગુણ સ્થાનકથી માંડી ચૌદમાં ગુણસ્થાનક સુધી ક્રમે ક્રમે જે શુદ્ધ દૃષ્ટિ થાય છે તે અધ્યાત્મ છે. સમ્યક્દર્શન થાય ત્યારે અધ્યાત્મમાં આવ્યો કહેવાય. અધ્યાત્મ રોડ એ એક એવો રોડ છે કે જેના ઉપર ગયા પછી બીજા આધી ભૌતિક રોડ દેખાતાં જ નથી.

પ્ર. ૩૨૯ અધ્યાત્મની શરૂઆત ક્યારે થાય ?

ઉ. ૩૨૯ મોહની કેડ તૂટી જાય ત્યારે અધ્યાત્મની શરૂઆત થાય.

પ્ર. ૩૩૦ અધ્યાત્મ શાના માટે છે ?

ઉ. ૩૩૦ આ જગતમાં ચિત્ત શુદ્ધિ કરવા માટે જ અધ્યાત્મ છે એટલે ચિત્ત શુદ્ધિ કરવાની જરૂર છે. ચિત્ત શુદ્ધ થઈ જાય ને તો પછી કર્મ શુદ્ધ થઈ જાય. ચોરી કરવાથી ચિત્ત અશુદ્ધ થાય અને પ્રશ્ચાતાપ અને પ્રતિક્રમણ કરવાથી એનુ એ ચિત્ત શુદ્ધ થઈ જાય.

પ્ર. ૩૩૧ અધ્યાત્મ માર્ગ એ કોની શોધખોળ છે ?

ઉ. ૩૩૧ અધ્યાત્મ માર્ગ એ હૃદયવાળા (હાર્ટિલી) માણસોની શોધ છે.

પ્ર. ૩૩૨ અધ્યાત્મ માર્ગ કેટલા માઈલ લાંબો છે ?

ઉ. ૩૩૨ અધ્યાત્મ માર્ગ ચાર માઈલ જ લાંબો છે.

પ્ર. ૩૩૩ અધ્યાત્મની ઊંચાઈનું ખરું માપ શું ?

ઉ. ૩૩૩ ખરા દુઃખો એ જ તમારી અધ્યાત્મની ઊંચાઈનું ખરું માપ છે. આફતો, સમસ્યાઓ એ તો તમારું થર્મોમીટર છે.

પ્ર. ૩૩૪ અધ્યાત્મની અનુભૂતિ કોની ગેરહાજરીમાં થાય ?

ઉ. ૩૩૪ અધ્યાત્મની અનુભૂતિ બુદ્ધિની ગેરહાજરીમાં થાય.

પ્ર. ૩૩૫ આધ્યાત્મિક એટલે શું?

ઉ. ૩૩૫ ભૌતિકનો એક સેન્ટ પરસન્ટ પણ વિચાર ના હોય તે આધ્યાત્મિક, નિરંતર આત્મ વિચારણા હોય તે આધ્યાત્મિક. આંતરિક તપ, અદીઠ તપ એ જ આધ્યાત્મિક છે.

પ્ર. ૩૩૬ આધ્યાત્મિક વિજય કોને કહેવાય?

ઉ. ૩૩૬ પોતાની ભૂલ પોતાને દેખાય તે જ આધ્યાત્મિક વિજય છે. સામેવાળો છંછેડે તોય છંછેડાઇ ના જાય એ આધ્યાત્મિક વિજય કહેવાય. આ દેહને ફાઇલ કહેવું એ મોટામાં મોટો આધ્યાત્મિક વિજય છે.

પ્ર. ૩૩૭ અભિમાન એટલે શું?

ઉ. ૩૩૭ અભિમાન એટલે પૌદ્ગલિક વજનને પોતાનું વજન માનવું તે. હું મોટો છું એમ માનવું તે અભિમાન. પૌદ્ગલિક મોટાઇને માન્ય કરવી તે અભિમાન. દેહ અંગેના બધાય વિશેષણોમાં મસ્તી લેવી તે અભિમાન કહેવાય. અભિમાન એટલે માનની જાહેરાત. બધુ બતાય બતાય કરે કે મારે પાંચ બંગલા છે, મારે બે ગાડીઓ છે એને અભિમાન કહેવાય.

પ્ર. ૩૩૮ અભિમાની કોને કહેવાય?

ઉ. ૩૩૮ અહંકાર મમતા સહિત હોય એટલે એ અભિમાન ઉભું થયું કહેવાય. કોઇ જતો હોય અને આપણે પૂછીએ ભાઇ આપ કોણ ? ત્યારે એ કહે હું ચંદુલાલ વકીલ મને ના ઓળખ્યો એટલે એ અભિમાની કહેવાય.

પ્ર. ૩૩૯ સ્વમાન એટલે શું ?

ઉ. ૩૩૯ સ્વમાન એટલે અપમાન ન થાય એ માટેનું રક્ષણ કરવું તે. વ્યવહારમાં સ્વમાન એ સદ્ગુણ ગણાય છે. અજ્ઞાન દશાની સદ્ગુણની લિમિટ તેને સ્વમાન કહેવાય છે.

પ્ર. ૩૪૦ મિથ્યાભીમાન એટલે શું ?

ઉ. ૩૪૦ ભાઈને ખાવાનું તો ઠેકાણું ના હોય અને બહાર લોકોને કહેશે કે અમારે તો આમ સાહેબી છે અને એવી બધી ઠોકાઠોક કરે એ મિથ્યાભિમાન કહેવાય. મિથ્યા એટલે કશું છે નહીં અને અભિમાન કરે છે, બણગા ફુકે છે એ મિથ્યાભિમાન. ઘર હોય નહીં, ભાડાના ઘરમાં રહેતો હોય અને કહે આ બધી મારી મિલ્કત છે એ મિથ્યાભિમાન કહેવાય.

પ્ર. ૩૪૧ "હમ" કોને કહેવાય ?

ઉ. ૩૪૧ કશો સામાન, કોઈ ચીજ ના હોય ત્યારે "હમ" ઉભું થાય કારણકે જીવવું શા આધારે. પહેલા વસ્તુઓના આધારે જીવતો હતો હવે "હમ" ના આધારે જીવે. "હમ" જેવી તો દુનિયામાં કોઈ ખરાબ ચીજ નથી કારણકે કશું જ ના હોય ત્યારે એનો જન્મ થાય. સ્વયંમ્જાત. "હમ" એનો અવાજ રણકાટવાળો, ખખડાટવાળો હોય, કલદાર રૂપિયો ખખડે ને એવો એ ખખડે. અહંકાર જાય પરંતુ આ "હમ" ક્યારેય ના જાય. "હમ" તો અધોગતિમાં લઈ જાય અને ત્યાં માર ખા ખા કરે ત્યારે "હમ" કચરાય. "હમ" તો પોતાની મેળે ઊભું કરેલું તે જતું હશે. છેવટે તે "હમ" ને પછી "સોહમ"માં લઈ જાય છે.

પ્ર. ૩૪૨ ઘમંડ કોને કહેવાય ?

ઉ. ૩૪૨ કશોય માલ ના હોય અને કહેશે અરે વકીલના બાપનેય હરાવી પાડુ, હું ગમે તેને હરાવી પાડુ, આ પ્રકારની વાણી બોલવી તેને ઘમંડ કહેવાય.

પ્ર. ૩૪૩ તુંડમિજાજી કોને કહેવાય ?

ઉ. ૩૪૩ નહી સમજણનો છાંટો કે નહી લક્ષ્મીનો આંકડો તોય મિજાજ પાર વગરનો તેને તુંડમિજાજી કહેવાય. પરણવાનું ના મળતું હોય તોય પાછો મિજાજ ભારે હોય એ તુંડમિજાજી કહેવાય.

પ્ર. ૩૪૪ મચ્છરાળો કોને કહેવાય ?

ઉ. ૩૪૪ મચ્છરાળો તો થોડાક મચ્છર જેવો જ હોય. જે લોકોને ચટકો મારે અને તેનાથી લ્હાય બળે તેને મચ્છરાળો કહેવાય.

પ્ર. ૩૪૫ ઘેમરાજી કોને કહેવાય ?

ઉ. ૩૪૫ ઘેમરાજી એટલે અહીંથી છેટે ત્રણ માઇલ જવાય એવું મજબૂત શરીર ના હોય અને પાછો કહેશે કે હું તો આખી દુનિયા ફરી આવું એટલી તાકાત છે, એ ઘેમરાજી કહેવાય. બધાને છીટ છીટ કરે, એને બધા માણસો જાનવર જેવા લાગે એ ઘેમરાજી. ઘમંડ વધારે કરે એટલે ઘેમરાજી કહેવાય.

પ્ર. ૩૪૬ તુમાખીવાળો કોને કહેવાય ?

ઉ. ૩૪૬ આજથી પોણો સો વર્ષ પહેલા કલેકટરો, ડી.એસ.પી.ઓ એ બધાની તુમાખી હતી, જાણે ભગવાન હોય એટલી તુમાખી રાખતા હતા અને મોટા મોટા શેઠીયાઓને પણ હંટરથી ફટકારતા. તુમાખીવાળો માણસ ગમે તેટલા મોટા માણસને હડધૂત કરી મૂકે જેને ને તેને છીટ છીટ કર્યા કરે.

પ્ર. ૩૪૭ દેહાભિમાને ગલિતે, વિજ્ઞાને પરમાત્મન, યત્ર યત્ર મનોયાતિ, તત્ર તત્ર સમાધાન, આ વાક્ય સમજાવો ?

ઉ. ૩૪૭ દેહાભિમાન ગયેલું હોય અને ''હું શુદ્ધાત્મા છું'' ની પ્રતીતિ બેઠી હોય એટલે કે જયાં જયાં મન જાય ત્યાં ત્યાં સમાધાન જ હોય. ગાળો ભાંડતો હોય ત્યાં સમાધાન, પૈસા ન આપતો હોય તોય સમાધાન. દરેક કામમાં સમાધાન રહે.

પ્ર. ૩૪૮ દેહાભિમાન ગયેલું કોને કહેવાય ?

ઉ. ૩૪૮ દેહાભિમાન ગયેલું છે એટલે હું કર્તા છું અને આ દેહ હું છું એ ભાન ઊડી ગયું એટલે દેહાભિમાન ગયેલું કહેવાય.

પ્ર. ૩૪૯ સ્વમાન અને અભિમાન વચ્ચેનો ભેદ સમજાવો ?

ઉ. ૩૪૯ સ્વમાન એટલે અપમાન ન થાય એ માટેનું રક્ષણ કરવું તે. સ્વમાન એટલે સામાનું સ્વમાન રાખવું અને તેને બદલે પોતાનું સ્વમાન પ્રાપ્ત કરવું એનું નામ સ્વમાન. સ્વમાન એટલે મને કોઇ સહેજ પણ સળી ના કરે એવા પ્રકારનું માન અને મારી સ્થિરતાને કોઇ ડગાવે નહીં, એટલા પુરતું જ રાખે છે તેને સ્વમાન કહેવાય. સ્વમાન એ તો બહુ મોટી ચીજ છે. અજ્ઞાન દશાની સદ્‌ગુણની લિમિટ છે. સ્વમાનને લઇને માણસ બાઉન્ડ્રીમાં રહે નહીં તો નફ્ફટ થઇ જાય. ટૂંકમાં સ્વમાન એટલે અપમાન ન થાય તેના માટે પ્રોટેક્શન કરવું તે. સ્વમાન એ સદ્‌ગુણ કહેવાય. જયારે અભિમાન એ

વ્યવહારમાં દુર્ગુણ કહેવાય. અભિમાન એટલે પોતાની પાસે જે કંઇ ચીજ વસ્તુઓ છે તે બધાને બતાય બતાય કરે છેવટે અમે કુળવાન અને રૂપાળા છીએ એ પણ બતાવે. પોતે માન ચાંખવા માટે તથા બીજાને હલકો પાડવા પ્રયત્ન કરે એનું નામ અભિમાન. અભિમાન એટલે માનની જાહેરાત. બહુમાની એનું નામ અભિમાન. આપણે ના પુછીયે તોય તે કહેશે કે આ હવેલી મારી આ મોટરગાડી મારી, આ વજીફો મારો આપણે એને બીજી વાત કહીએ તોય એ એનું જ ગાણું ગા ગા કરે તે અભિમાન.

પ્ર. ૩૫૦ અંતરાય એટલે શું ?

ઉ. ૩૫૦ અંતરાય એટલે કુદરતમાં હસ્તક્ષેપ કરવો. અંતરાય એટલે પોતે જાણી જોઇને બાંધેલી ભીંત, પછી સામી બાજું જવું હોય તો શી રીતે જવાય? ધારેલું કામ સિદ્ધ ના થવા દે એ જ અંતરાય છે. વિરોધાભાસી વિચારને લીધે અંતરાય પડે છે, એટલે વિરોધાભાસી વિચાર ના રાખવા. એક જ બાજુના વિચાર રાખવા. ઘણીવાર લગ્ન કરવું છે એવો વિચાર આવે અને ઘણી વાર લગ્ન નથી કરવું એવો વિચાર આવે, આવા વિરોધાભાસી વિચારથી અંતરાય પડે છે. બાકી છોકરી માટે છોકરો જન્મી જ ચૂકયો હોય છે પણ આવા અંતરાયને લીધે ટાઈમીંગ ખૂંટે છે.

પ્ર. ૩૫૧ અંતરાય ક્યારે તૂટે ?

ઉ. ૩૫૧ ગમતુ અને ના ગમતું છૂટી જાય ત્યારે અંતરાય તૂટે.

પ્ર. ૩૫૨ અંતરાયો દૂર કરવા શું કરવું ?

ઉ. ૩૫૨ લઘુતમભાવમાં આવી જવું એટલે બધા અંતરાયો ઉડી જશે.

પ્ર. ૩૫૩ અધ્યાત્મ માર્ગમાં મોટામાં મોટો અંતરાય શું છે ?

ઉ. ૩૫૩ અધ્યાત્મ જીવનમાં પ્રવેશ કરનાર અને તેમાં પ્રગતિ કરનારને મોટામાં મોટો અંતરાય માન્યતા છે. ''આમ તો થાય જ નહીં'', એવા તર્કથી શોભતી આ માન્યતા દૃઢાગ્રહનું રૂપ લે છે, જે અંતરાય રૂપ છે.

પ્ર. ૩૫૪ આજ્ઞા શું છે ? દાદાની પાંચ આજ્ઞા શું છે ?

ઉ. ૩૫૪ આજ્ઞા એ સંપૂર્ણ જાગૃતિમાં રહેવા માટેનું સાધન છે. આ પાંચ આજ્ઞા એ ચોવીસ તીર્થંકરોની આજ્ઞા બરોબર છે. આજ્ઞા એ જ ધર્મ અને આજ્ઞા એ જ તપ છે. મોક્ષે જવું હોય તેને તો જ્ઞાન અને જ્ઞાનીની આજ્ઞા આ બંનેની

જરૂર છે. જ્ઞાનના રક્ષણ માટે આ પાંચ આજ્ઞા છે. પાંચ આજ્ઞા એ મોટામાં મોટું અહિંસક કવચ છે. આ પાંચ આજ્ઞા એ વર્લ્ડના (દુનિયાના) તમામ શાસ્ત્રોનું તારણ છે. આ પાંચ આજ્ઞામાં એટલું બધું બળ છે કે તીર્થંકરોના પીસતાળીસ આગમો આમાં સમાઇ જાય છે. વર્લ્ડનું સાંયન્સ આ પાંચ આજ્ઞામાં આપી દીધું છે. કોમનસેન્સ પ્રગટાવે તેવી આ પાંચ આજ્ઞા છે. ચારિત્રમોહ આ આજ્ઞાથી ઓગળી જાય. ચારિત્ર મોહના નિકાલ માટે જ આ પાંચ આજ્ઞા આપી છે. આ પાંચ આજ્ઞામાં રહે તો અશાતા વેદનીય એની પાસે આવી જ ન શકે. પાંચ આજ્ઞા એ સંપૂર્ણ આદર્શ વ્યવહાર છે અને નિશ્ચય શુદ્ધાત્મા આપ્યો છે. પાંચ આજ્ઞામાં રહેવાથી શીલ પણ ઉત્પન્ન થાય. આ આજ્ઞાના પાલનથી તો તીર્થંકર મળે અને એમની સેવામાં રહેવાય એવા સંજોગો બાંઝે. આ પાંચ આજ્ઞાથી પ્રકૃતિ તૂટે, પ્રકૃતિ ફ્રેકચર થાય. દાદા ભગવાનની પાંચ આજ્ઞા એ સ્વભાવ જાગૃતિમાં રાખવા માટેનું અજાયબ સાધન છે.

પ્ર. ૩૫૫ આજ્ઞા પાળવી શું છે ?

ઉ. ૩૫૫ આજ્ઞા પાળવી એ ધર્મધ્યાન છે. આજ્ઞા પાળ્યાનું ફળ ભોગવવા માટે એક અવતાર રહેવું પડે, માટે પાંચ આજ્ઞા પાળવી જ છે તે ધ્યેય હોવો જોઇએ.

પ્ર. ૩૫૬ દાદાની પાંચ આજ્ઞા એ સમુચ્ચય કારણો કઇ રીતે છે ?

ઉ. ૩૫૬ દાદાની પાંચ આજ્ઞા તે એકત્ત્વ ભાવે સમુચ્ચય કારણો છે એટલે કે સમુચ્ચય કારણો છે તે એકત્ત્વ ભાવે છે. કોઇપણ એક આજ્ઞામાં બાકીની ચાર આજ્ઞાઓ આવી જાય છે. ૧. વ્યવહાર દૃષ્ટિ (રીલેટિવ વ્યૂપોઇન્ટ) ૨. નિશ્ચય દૃષ્ટિ (રીયલ વ્યૂપોઇન્ટ) ૩. વ્યવસ્થિત શક્તિ ૪. ફાઇલોનો સમભાવે નિકાલ ૫. શુદ્ધાત્માનો ચોપડો.

પ્ર. ૩૫૭ સંપૂર્ણ આજ્ઞામાં ક્યારે રહી શકાય ?

ઉ. ૩૫૭ નિશંકપણું ઉત્પન્ન થાય તો જ આજ્ઞા પાલન થાય. જે જન્મથી જ અલ્પ સંસારી અને જન્મથી જ અપરિગ્રહી હોય તે જ અમારી સંપૂર્ણ આજ્ઞામાં રહી શકે એમ પૂજ્ય દાદા ભગવાન કહેતા હતા.

પ્ર. ૩૫૮ જ્ઞાનીની આજ્ઞા બે કલાક પાળ્યાનું ફળ શું ?

ઉ. ૩૫૮ અમારી આજ્ઞા બે કલાક પાળે અને શુદ્ધ ઉપયોગમાં રહે તો તે ભગવાન મહાવીર જેવું સુખ ભોગવે. બે કલાક આજ્ઞામાં રહે તો તે બીજાને જ્ઞાન આપી શકે. જ્ઞાન આપે તે ગોખેલી ચીજ ના હોય તે જોઇ જોઇને બોલે.

પર્વ ત્રેવીસમું

ઉપાદાન, ઉદ્દીરણા, ઉદ્વેગ, ઉદાસીન, ઉપયોગ, ઉન્માદ

પ્ર. ૧ ઉપાદાન કોને કહેવાય ?

ઉ. ૧ અનંત અવતારથી પ્રગતિ કરતાં કરતાં અત્યાર સુધી આત્મા સબંધી જે જાગૃતિ પ્રાપ્ત કરી છે તે ઉપાદાન. આત્મા એટલે સંપૂર્ણ જાગૃતિ અને ઉપાદાન એટલે જેટલી જાગૃતિ એણે ઉત્પન્ન કરી છે તે. આત્મા પ્રાપ્ત કરવા માટે એની જે યોગ્યતા છે તે ઉપાદાન. આત્મા પ્રાપ્ત કરવાં માટે એ કયા લેવલે આવ્યો છે તે જગ્યા તે ઉપાદાન. પોતે શેને આત્મા માની રહ્યાં છે એ એનું ઉપાદાન કહેવાય. હજુ આત્મા પ્રાપ્ત કર્યો નથી, અહીં ઘેરથી નીકળી ગયેલ છે અને ગામ પહોચ્યાં નથી તે વચ્ચે કયા માઈલ ઉપર છે એનું નામ ઉપાદાન ગણાય છે. ઉપાદાન એ એક પ્રકારની જાગૃતિ છે. ઉપાદાન એટલે જાત અનુભવ, અનંત અવતારનો ભેગો કરેલો અનુભવ અને આત્મા સબંધી સૂઝ એનું નામ ઉપાદાન. ટૂંકમાં ઉપાદાન એટલે નિજ જાગૃતિ. અનંત અવતારથી પોતે ભટકે તેમાં જેટલી જાગૃતિ વધી એટલું એનું ઉપાદાન. એ જાગૃતિ પ્રમાણ એજ ઉપાદાન છે. જેમ જેમ જન્મો થતાં જાય તેમ તેમ ઈવોલ્યુશનના ક્રમમાં જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ ઉપાદાન ઊંચું થતું જાય છે. ઉપાદાન પુર્નજન્મને સમજતું હોવું જોઈએ, ત્યારપછી નિમિત્ત કામ લાગે. અહિં હિન્દુસ્તાનમાં આવે ત્યારે પુર્નજન્મને સમજતો થાય ત્યારે જાણવું કે ઉપાદાન હોય, કંઈક પદ્ધતિસરનું આવેલું છે. આ જગત ભ્રાંતિ સ્વરૂપ છે. આ ભ્રાંતિને ભ્રાંતિ જાણે ત્યારથી ઉપાદાનની શરૂઆત થાય છે. ભ્રાંતિનું એને ભાન થાય છે ત્યારથી ઉપાદાનની શરૂઆત થાય છે.

પ્ર. ૨ નિમિત્ત અને ઉપાદાન સમજાવો ?

ઉ. ૨ આ દુનિયામાં નિમિત્ત જ મહા ઉપકારી છે. એક જ વસ્તુ છે કે નિમિત્તની જરૂર છે અને ઉપાદાનની જરૂર ખરી પણ ઉપાદાન ઓછું હોય પણ

નિમિત્ત મળે એને તો ઉપાદાન ઊંચું થઈ જાય. નિમિત્ત જ ઉપકારી છે. પુસ્તકો નિમિત્ત છે, મંદિરો નિમિત્ત છે, દેરાસર નિમિત્ત છે, જ્ઞાની પુરુષ નિમિત્ત છે, હવે આ બધાં પુસ્તકો, દેરાસરો ના હોય તો આ ઉપાદાનનું શું થાય ? એટલે નિમિત્ત હોય તો જ કામ થાય, નહીં તો કામ થાય નહીં. ચોવીસ તીર્થંકરોએ એ જ કહ્યું છે કે નિમિત્તને ભજો. ઉપાદાન ઓછું હશે તો નિમિત્ત મળશે તો ઉપાદાન જાગૃત થઈ જશે. ઉપાદાન એટલે શું કે ઘી મૂકવું, દીવેટો મૂકવી, બધું તૈયાર રાખવું તે. આવું તો તૈયાર અનંત અવતાર થી લોકો એ રાખેલું છે, પણ ફક્ત દીવો પેટાવનાર નિમિત્ત જોઈએ એટલે કે મોક્ષે લઈ જનાર નિમિત્તના શાસ્ત્રો નથી મળ્યા, મોક્ષે લઈ જનાર નિમિત્ત એવા જ્ઞાની પુરુષ નથી મળ્યા. એ બધા સાધનો ભેગા થતાં નથી એ નિમિત્ત કહેવાય છે, તેના વગર તો ભટક ભટક કરે છે. ભાવના વગર તો નિમિત્તેય ભેગું ના થાય. નિમિત્ત ભેગું થાય તે માટે સ્ટ્રોંગ ભાવના હોવી જ જોઈએ. જ્ઞાની પુરુષ નિમિત્ત છે અને તમારું ઉપાદાન છે. ઉપાદાન ગમે એટલું તૈયાર હશે પણ જ્ઞાની પુરુષના નિમિત્ત સિવાય કાર્ય થાય નહીં. આ એક જ કાર્ય એવું છે અધ્યાત્મ વિદ્યા કે જેમાં નિમિત્ત સિવાય પ્રગટ થાય નહીં. અપવાદ એ જુદી વસ્તુ છે નિયમમાં અપવાદ હોવો જ જોઈએ એનું નામ જ નિયમ કહેવાય.

પ્ર. ૩ ઉપાદાન અને નિમિત્ત એ બેમાંથી ખરુ ઉપકારી કયું ?

ઉ. ૩ ઉપાદાન અને નિમિત્ત બંનેની સાથે જરૂર છે. આ બેમાં ખરું ઉપકારી નિમિત્ત છે. જો નિમિત્ત ઉપકારી ના હોય તો કોઈ કોઈનો ઉપકાર માને જ નહી. કોઈ શિષ્ય ગુરુનો કે જ્ઞાનીનો ઉપકાર માને જ નહી એટલે એમનું કલ્યાણ થાય નહી માટે નિમિત્ત ખરું ઉપકારી છે. નિમિત્ત નહીં હોય તો કશું જ થાય નહી. ઉપાદાન લાખ અવતાર સુધી હોય તોય એકલું ઉપાદાન કશું કામ ના કરે. નિમિત્ત એટલે ભણાવનાર અને ઉપાદાન એટલે છોકરો. હવે ભણાવનાર ખૂબ ચતુર અને હોશિયાર હોય તો છોકરો જરા કાચો હોય તો પણ ચાલે એટલે નિમિત્ત સારું જોઈશે, નિમિત્તની જ કિંમત છે. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે ''ઉપાદાનનું નામ લઈ, જે ત્યજે નિમિત્ત પામે નહી સિદ્ધત્વને રહે ભ્રાંતિમાં સ્થિત'' અર્થાત્ જો કોઈ નિમિત્તને છોડી દેશે તો તે ક્યારેય સિદ્ધત્વને પામશે મહીં અને ભ્રાંતિમાં જ રહેશે એમ કહ્યું છે. ઉપાદાન જાગૃત રાખ્યું હોય તો નિમિત્ત કામ લાગશે.

પ્ર. ૪ નિસર્ગ ઉપાદાન એટલે શું ?

ઉ. ૪ જેને કોઇ માણસ મળ્યો ના હોય, કોઇ ગુરુ કે જ્ઞાની મળ્યા ના હોય તેને નિસર્ગ ઉપાદાન કહે છે. ગૃહિત મિથ્યાત્વ ના હોય તો નિસર્ગ ઉપાદાન એકલાથી મોક્ષે જાત પણ આ તો જન્મયા ત્યારથી બધા મિથ્યાત્વ જ ગ્રહણ કરે છે. મહારાજ પાસેથી, શાસ્ત્રમાંથી, મા-બાપ પાસેથી બધેથી મિથ્યાત્વ ગ્રહણ કરે છે, જેને શાસ્ત્રકારોએ ગૃહિત મિથ્યાત્વ કહ્યું છે. આ ગૃહિત મિથ્યાત્વ છૂટે માટે નિમિત્તની જરૂર છે, માટે જ્ઞાની ગુરુ રૂપ નિમિત્તથી જ એમાંથી છૂટી શકાય, નિમિત્ત વગર છૂટે નહીં. નિમિત્તની જરૂર નથી એવું બોલ્યા તેથી નિમિત્ત ભેગું થાય નહીં અને દહાડો વળે નહીં, એટલે નિમિત્તની જરૂર નથી એમ કયારેય બોલાય જ નહીં.

પ્ર. ૫ છેલ્લામાં છેલ્લું નિમિત્ત અને છેલ્લામાં છેલ્લું ઉપાદાન કયું?

ઉ. ૫ છેલ્લામાં છેલ્લું નિમિત્ત એ જ્ઞાની પુરુષ અને છેલ્લામાં છેલ્લું ઉપાદાન એ શુદ્ધાત્મા. જયાં સુધી શુદ્ધાત્મા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી નિમિત્તની જરૂર છે શુદ્ધાત્મા પ્રાપ્ત થયા પછી નિમિત્તની જરૂર નથી.

પ્ર. ૬ એક દ્રવ્ય બીજા દ્રવ્યને કંઇ કરી શકતુ નથી. એ વાક્ય સમજાઓ?

ઉ. ૬ આ શાસ્ત્રમાં કહેલી વાત તદ્દન સાચી વાત છે. આ વાક્ય ઘણું ઊંચું છે. પરંતુ લોકો અવળું સમજયા છે. પુદ્ગલ દ્રવ્ય આત્માનું કંઇપણ કરી શકતું નથી અને આત્મા પુદ્ગલ દ્રવ્યનુ કંઇ કરી શકતું નથી એટલે આ દ્રવ્યની વાત છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કંઇ ઉપકાર કરી શકતું નથી એ વાતને નિમિત્ત ઉપાદાન સાથે કાંઇ લાગતું વળગતું નથી, ત્યારે લોકોએ નિમિત્ત છે તે ઉપાદાનનુ કંઇ કરી શકતું નથી, એવો અવળો અર્થ કરી દીધો છે ક્યાંની વાત ક્યાં જોઇન્ટ કરે છે, લોકોની સમજવામાં ભૂલ છે, એમાં શાસ્ત્ર શું કરે ? અને વાસ્તવમાં નિમિત્ત અને ઉપાદાન એ બે દ્રવ્ય જુદા છે જ નહી. એક જ દ્રવ્યનાં બનેલા છે. ઉપાદાન એ ય પુદ્ગલ છે અને નિમિત્ત એય પુદ્ગલ છે. ઉપાદાન અને નિમિત્ત બંને ગુરુ-લઘુ સ્વભાવના છે બાકી શાસ્ત્રકારોએ જે વાત કહી છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઇ કરી શકે નહીં, એ દીવા જેવી સ્પષ્ટ વાત છે.

પ્ર. ૭ અપાદાન એટલે શું ?

ઉ. ૭ અપાદાન એટલે છૂટું પડી જવું, તોડ્યા વગરનું છૂટું પડી જવું. આ આંબા ઉપર કેરી હોય અને પવન ના હોય અને છતાં પાકી ગઇ હોય એટલે નીચે પડી જાય એ અપાદાન કહેવાય. જ્ઞાન પછી અહંકાર અને મમતા છુટા પડી જાય તે અપાદાન કહેવાય. જ્ઞાનીએ કાઢ્યું નથી અને તમેય કાઢ્યું નથી, એ અપાદાન થયું કહેવાય. કેરી આંબાને છોડવી નથી ત્યારે કેરીને આંબો છોડવો નથી છતાં પાકી ગઇ એટલે પવન ના હોય છતાં આંબાથી છૂટી પડી જઇ નીચે પડે છે એ અપાદાન કહેવાય.

પ્ર. ૮ નિમિત્ત વિશે ટૂંકમાં સમજ આપો?

ઉ. ૮ નિમિત્ત એટલે આપણને જે જરૂરિયાત છે, તે જરૂરિયાતના ટાઇમે ગૂંચ ઉકેલી આપે તે નિમિત્ત કહેવાય. સંયોગ જુદી વસ્તુ છે. નિમિત્ત એટલે સંયોગ નહીં, નિમિત્તને નિમિત્ત જ કહેવાની જરૂર છે. નિમિત્ત શબ્દનો અર્થ એ છે કે ઉપરી નહીં અન્ડરહેન્ડ નહીં. આપણને પુસ્તક મળ્યું એ પણ નિમિત્ત કહેવાય.

પ્ર. ૯ બંધનનું ઉપાદાન કારણ કયું ? મોક્ષનું ઉપાદાન કયું ?

ઉ. ૯ બંધનનું ઉપાદાન કારણ અજ્ઞાન છે. અજ્ઞાનથી બંધન થયું છે અને મોક્ષનું ઉપાદાન જ્ઞાન છે. જ્ઞાનનું ઉપાદાન થયું ત્યારથી બંધનમાંથી મુક્તિ મળતી જાય. અજ્ઞાનમાંથી મુક્ત થયો એટલે જ્ઞાની પદને પામ્યો.

પ્ર. ૧૦ નિમિત્ત અને ઉપાદાન એટલે શું ?

ઉ. ૧૦ દાદા ભેગા થાય તે નિમિત્ત અને જ્ઞાન આપે તે ઉપાદાન.

પ્ર. ૧૧ ઉદ્દીરણા એટલે શું ?

ઉ. ૧૧ ઉદ્દીરણા એટલે જે કર્મો અત્યારે ફળ આપવા માટે પાક્યા નથી તેવા કર્મોને બોલાવીને તેનો નિકાલ કરી નાંખવો. તમને કઇ વીસ વર્ષ પછી કર્મ આવવાના છે, તો આજે તમો એ બધા ભસ્મીભૂત કરી શકો છો. અક્રમજ્ઞાન મળ્યા પછી પુરુષ થયા પછી આ પરાક્રમ થઇ શકે છે. સાતમા ગુંઠાણાથી (નિશ્ચયથી સાતમા) નીચેની કોઇ વ્યક્તિ આ કરી શકે નહીં. ઉદ્દીરણા એટલે કર્મોનો ઉદય આવ્યા પહેલાં કર્મોને બોલાવીને ખપાવી દેવા. કર્મનો વિપાક કરવો. વિપાક એટલે એને પકવો, જેમ આપણે કેરીને પરાળમાં ઘાલીને પકવીએ છીએ તેમ કર્મને તમે પકવો, એટલે એ ઉદયમાં આવશે. પુરુષ થયા પછી જે યોગ માંડીને કર્મોને ઉડાડે તેને ઉદ્દીરણા કહેવાય. કાચા કર્મોને બોલાવીને, પકવીને ખંખેરી નાંખવા એ ઉદ્દીરણા.

પ્ર. ૧૨ ઉદીરણા વિશે વૈજ્ઞાનિક સમજ આપો ?

ઉ. ૧૨ સ્વરૂપજ્ઞાન થયાં પછી એટલે કે સાચા અર્થમાં પુરુષ થયા પછી જે યોગ માંડીને કર્મો ઉડાડે તેને ઉદીરણા કહેવાય. ઉદીરણા એ નૈમિત્તીક તપ છે. સામાન્ય રીતે તો ઉદીરણા કરવા માટે તમારે આત્મસ્વરૂપ થવું પડે. સામાયિક અને કાયોત્સર્ગ થઇ જાય ત્યારે આત્મસ્વરૂપ થવાય. અહીં અક્રમ માર્ગમાં એકલું સામાયિકથી જ આત્મસ્વરૂપ થઇ જાય છે, તેથી ઉદીરણા થઇ શકે છે. અક્રમ માર્ગનું સામાયિક કરો તેમાં બધા કર્મોની ઉદીરણા થઇ જ જાય છે. આપણે ચરમ શરીર નથી એટલે જેને આ કર્મો રહેવા દેવા હોય તે રહેવા દેજો પણ ચરમશરીરીએ તો ઉદીરણા કરવી જ પડે, કારણકે એને લાગતું હોય કે હવે આયુષ્ય પુરુ થવા આવ્યું છે અને દુકાનમાં માલ ઢગલે બંધ પડેલો દેખાય. હવે એ માલ ખપાવ્યા વગર શી રીતે જવાય ! એક બાજુ મુદત પૂરી થાય છે, માટે ભગવાન કંઇક ઉપાય કરાવો ત્યારે ભગવાન કહે કર્મનો વિપાક કરો. વિપાક એટલે એને પકવો અને પછી એને ખપાવી દો.

પ્ર. ૧૩ ઉદ્વેગ એટલે શું ?

ઉ. ૧૩ પ્રતિષ્ઠિત આત્માનો વેગ ઊંચે મગજમાં ચઢ્યો તે ઉદ્વેગ. ઉદ્વેગ એ ઇમોશનલ અવસ્થા છે. ઉદ્વેગની અવસ્થામાં એક સાથે ગાંઠો સામટી ફૂટવાથી ચિત્ત તે જ અવસ્થામાં તન્મયાકાર થઇ જાય છે. જેમ વાદળા સૂર્યપ્રકાશને ઢાંકી દે છે તેમ ઉદ્વેગની અવસ્થામાં જ્ઞાનપ્રકાશ જબરજસ્ત રીતે આવરાઇ જાય છે, ગજબની શક્તિ આવરાઇ જાય છે. ઉદ્વેગમાં મનની કે દેહની સ્થિરતા ન રહે. ઉદ્વેગ એ એક્સીડન્ટ છે. ઉદ્વેગ મોહની પરાકાષ્ટાઓથી સર્જાય છે. મતભેદથીયે ઉદ્વેગ થાય. ઉદ્વેગ એ ય હિસાબ છે. બુદ્ધિ ઉદ્વેગ કરાવે છે. ઇમોશનલ થયો કે ઉદ્વેગ શરૂ થઇ જાય છે. ટૂંકમાં વેગ ઊંચે મગજમાં ચઢી જાય એ ઉદ્વેગ.

પ્ર. ૧૪ ઉદ્વેગથી બચવા શું કરશો ?

ઉ. ૧૪ ઉદ્વેગથી બચવા જેના નિમિત્તે થાય છે, એ નિમિત્ત ખોળી કાઢ્યું અને તે નિમિત્તથી છેટું રહેવું, વખતે કોઇ વસ્તુ ઉદ્વેગ કરનારી હોય તો એ વસ્તુ ગમે તેટલી અમૂલ્ય કેમ ના હોય તો પણ તેને છોડી દેવી, તેનો ત્યાગ કરવો જોઇએ. ઉદ્વેગના કારણો મૂળથી ઊખાડી નાંખવા પડે કારણ કે સહેજ પણ ઉદ્વેગ થાય ત્યારથી જ એ મોક્ષમાર્ગ નથી. કર્તાપદનું ભાન તૂટ્યું કે ઉદ્વેગ નહીં થાય.

પ્ર. ૧૫ વેગ, આવેગ અને ઉદ્વેગ સમજાવો?

ઉ. ૧૫ વેગ સાહજિક વસ્તુ છે. જે ત્રસ જીવો છે તે બધાં જીવને વેગ અવશ્ય હોય છે. આવેગ અસહજ છે, પોતે કર્તા થાય તો આવેગ થાય છે અને ઉદ્વેગ તો પોતાને ન કરવું હોય તોય થાય. પોતાની ઈચ્છા ના હોય તોય ઉદ્વેગ થાય, અને તે ઉદ્વેગ માંથુ ફાડી નાંખે તેવો ઉદ્વેગ થાય. વેગ તો જ્ઞાનીઓનેય પણ હોય. જ્યારે આવેગ અને ઉદ્વેગ જ્ઞાનીને ન હોય. આત્માનો વેગ મગજમાં ઊંચે ચઢવો તે ઉદ્વેગ છે. ઈમોશનલ થયો કે ઉદ્વેગ શરૂ થઈ જાય છે.

પ્ર. ૧૬ ઉદ્વેગ કોને થાય ?

ઉ. ૧૬ તમે કોઈને ઉદ્વેગ કરાવ્યો હશે તો તમને ઉદ્વેગ થાય. વેગ બહાર જાય ત્યારે ઉદ્વેગ થાય. વેગ મગજમાં ઊંચે ચઢે ત્યારે ઉદ્વેગ કહેવાય.

પ્ર. ૧૭ ઉદ્વેગ અને તાંતો એ બેમાં શું ફેર ?

ઉ. ૧૭ ઉદ્વેગમાં પ્રતિક્રમણ બહુ મોડું થાય અને તાંતામાં થોડી વાર લાગે. ઉદ્વેગ એટલે બોમ્બાડીંગ કરે એના જેવું છે અને તાંતો એટલે ટિયરગેસ છોડીને ગૂંગળાવે તેના જેવું કહેવાય.

પ્ર. ૧૮ ઉદાસીન એટલે શું ?

ઉ. ૧૮ રાગેય નહીં અને દ્વેષેય નહીં તેનું નામ ઉદાસીન. ઉદાસીન એટલે જે ભાવો છે તેમાં અભાવ ના થાય, તેમજ ભાવ પણ ના થાય અને વીતરાગ રહે તે ઉદાસીન. સંસાર તરફ કિંચિત્માત્ર અભાવ નહીં પણ સદ્ભાવ અને મોક્ષ તરફ પણ કિંચિત્માત્ર અભાવ નહી પણ સદ્ભાવ તેનું નામ ઉદાસીન.

પ્ર. ૧૯ ઉદાસીનતા એટલે શું ?

ઉ. ૧૯ ઉદાસીનતા એટલે બધી નાશવંત ચીજો પર ભાવ તૂટી જાય, અને અવિનાશીની શોધ છતાં તે પ્રાપ્ત ના થાય. એક આત્મા જાણવા સિવાય બીજી કોઈ વસ્તુમાં રુચિ ના હોય તે ઉદાસીનતા. ઉદાસીનતા એટલે રાગ-દ્વેષ ઉપર આંતરો નાંખી દેવો તે. ઉદાસીનતા એટલે રુચિ આવેય નહી અને અરુચિ પણ આવેય નહીં. ઉદાસીનતામાં અંદર ઉલ્લાસ હોય અને બહાર ઉલ્લાસ ના દેખાય. કોઈની બૂમ ના પડે એનું નામ ઉદાસીનતા. ઉદાસીનતા એટલે નિશ્ચય અને વ્યવહારનો સમભાવ અર્થાત્ નિશ્ચય અને વ્યવહારમાં કોઈનુંય નુકસાન ના થાય એવી રીતે રહેવું તેનું નામ ઉદાસીનતા. વ્યવહાર

અને નિશ્ચયમાં સમાનભાવે રહેવું એનું નામ ઉદાસીનતા. ઉદાસીનતા એ વીતરાગતાની જનની છે. ઉદાસીનતા એ અધ્યાત્મની જનની છે.

પ્ર. ૨૦ ઉદાસીન ભાવ કોને કહેવાય ?

ઉ. ૨૦ જેમાં વૃતિઓ ઝલાઈ ના રહે એનું નામ ઉદાસીન ભાવ.

પ્ર. ૨૧ ઉપયોગ એટલે શું ? ઉપયોગ કોને કહેવાય ?

ઉ. ૨૧ જાગૃતિને અમુક જગ્યાએ નક્કી કરવી એનું નામ ઉપયોગ. જાગૃતિ બીજામાં ન પેસી જાય જેમ કે સંસારમાં, નફા-ખોટમાં એટલે કે એક જ જગ્યાએ જાગૃતિને રોકી રાખે તે ઉપયોગ. જયાં જાગૃતિ વર્તે તે ઉપયોગ. આંખો દેખે છતાં દેખાય નહીં એનું નામ ઉપયોગ. મન જે દેખાડે તેનું ના માનવું તેનું નામ ઉપયોગ. આ દોઢ માઈલ સુધી બે બાજુ દરિયો હોય અને વચ્ચે એક જ જણ ચાલે એટલા સાંકડા પૂલ ઉપરથી તમને ચાલવાનું કહ્યું હોય તો તે વખતે જે જાગૃતિ રાખો છો તેને ઉપયોગ કહેવાય. હવે તે ઘડીએ બેંકનો વિચાર આવે કે આટલી રકમ રહી છે અને આટલી ભરવાની છે તો તેને તરત જ ખસેડી મૂકે અને જાગૃતિ પૂલ ઉપર ચાલવામાં જ કોન્સેન્ટ્રેટ કરે. ચિત્તને હાજર રાખવું એનું નામ ઉપયોગ. ઉપયોગ એ ચેતનાનો જાણવા રૂપ પર્યાય છે.

પ્ર. ૨૨ આત્માના ઉપયોગ કેટલા પ્રકારના ? કયા કયા ?

ઉ. ૨૨ આત્માના ચાર પ્રકારના ઉપયોગ છે.

૧. અશુદ્ધ ઉપયોગ ૨. અશુભ ઉપયોગ

૩. શુભ ઉપયોગ ૪. શુદ્ધ ઉપયોગ

૧. **અશુદ્ધ ઉપયોગ :** કોઈક વ્યક્તિ દેખીતા કારણ વગર હરણાંનો શિકાર કરે અને તે ફક્ત શિકાર કર્યાનો આનંદ મેળવવા માટે જ પાછો ગર્વ કરે કે મેં કેવું માર્યું, ખોજ સિવાય હેતુ વગર કેવળ મોજ માણવા જ મારે તે આત્માનો અશુદ્ધ ઉપયોગ કહેવાય. ભાંગફોડ કર્યા જ કરવી અથવા અનર્થ હિંસા કરે, હાલતાં ચાલતાં શિકાર કરે એ બધા આત્માના અશુદ્ધ ઉપયોગ કહેવાય. મનુષ્યને કારણ વગર મારી નાંખે, મનુષ્યનું માંસ ખાય તે પણ અશુદ્ધ ઉપયોગ કહેવાય. કોઈકનું ઘર બાળી મેલીને ગર્વ લે, ખોટુ કરીને હસે, સામાનું નુકશાન કરીને પાછો મૂછો ઉપર હાથ દે તે બધાં આત્માનાં અશુદ્ધ ઉપયોગ, તેનું ફળ નર્કગતિ આવે.

૨. **અશુભ ઉપયોગ :** ઘરના કહે કે આજે તો હરણું ખાવું પડશે કારણ કે બીજું કશું જ ઘરમાં ખાવાનું નથી તે બૈરી - છોકરા ભૂખે ટળવળતા હોય ને પેલો હરણું મારી લાવીને ઘરમાં આપે પણ મહીં તેને અપાર દુઃખ થાય, પ્રશ્ચાતાપ થાય કે મેં ખોટું કર્યું તે આત્માનો અશુભ ઉપયોગ. અશુદ્ધ અને અશુભ ઉપયોગમાં ક્રિયા એક સરખી જ હોય પણ એક કરેલી ક્રિયા પર ગર્વ લે, મોજ માણે જ્યારે બીજો પશ્ચાતાપનાં આંસુ પાડે તેટલો ફેર. પોતાના ઉપયોગ માટે હિંસા કરે. પોતાના સ્વાર્થ તથા બૈરાં-છોકરાં માટે કપટ કરે, ભેળસેળ કરે, સ્વાર્થ માટે જુઠ્ઠું બોલે, ક્રોધ, માન, માયા, લોભ કરે એ બધો અશુભ ઉપયોગ કહેવાય, એનું ફળ જાનવરગતિ.

૩. **શુભ ઉપયોગ :** શુભ ઉપયોગમાં ઘરમાં બધા ભૂખે ટળવળતા હોય છતાંય પેલો તો એમ કહે કે કોઈને મારીને મારે મારી ભૂખ નથી મટાડવી એ આત્માનો શુભ ઉપયોગ. પારકા માટે સારી ભાવના રાખે, લોકોનું ભલું કરે, દીલ સાચું નીતિમય રાખે, તે શુભ ઉપયોગ. મન, વચન, કાયા અને અંતઃકરણની બધી શક્તિ પારકા માટે વપરાય તે સંપૂર્ણ શુભ ઉપયોગ તેનું ફળ દેવગતિ આવે અર્થાત્ શુભ અને અશુભ બે ભેગો ઉપયોગ હોય તો મનુષ્ય ગતિ મળે અને એકલો શુભ ઉપયોગ હોય તો દેવગતિ મળે.

૪. **શુદ્ધ ઉપયોગ :** શુદ્ધ ઉપયોગી શુદ્ધને જ જુએ, મહિના માલને જુએ, પેકીંગને ના જુએ. તત્ત્વ દૃષ્ટિથી જોવું તે શુદ્ધ ઉપયોગ. આત્મા પ્રાપ્ત થયા પછી જ શુદ્ધ ઉપયોગ શરૂ થાય અને તેનું ફળ મોક્ષ.

પ્ર. ૨૩ શુદ્ધ ઉપયોગ કોને કહેવાય તે વિગતવાર સમજાવો ?

ઉ. ૨૩ શુદ્ધ આત્માને અંગે જ ઉપયોગ ગોઠવો તે શુદ્ધ ઉપયોગ. શુદ્ધ ઉપયોગ એટલે પોતે જ્ઞાતા-દૃષ્ટા હોય અને શુદ્ધ વ્યવહારને જુએ. શુદ્ધ ઉપયોગ એટલે સામાના આત્માને અને દેહને જુદા જોઈ શકે તે. નિરંતર પોતાનું શુદ્ધ જુએ અને બીજાનું પણ શુદ્ધ જુએ તે શુદ્ધ ઉપયોગ. હું શુદ્ધાત્મા છું એ દૃષ્ટિ રાખવી અને બધામાં શુદ્ધાત્મા દેખવો એ શુદ્ધ ઉપયોગ. સામો કર્તા ના દેખાય તેય શુદ્ધ ઉપયોગ કહેવાય. આ કોણ કરે છે ? હું કોણ છું ? આ બધુ શું છે ? કર્તા કોણ ? આનું નિમિત્ત કોણ ? આ બધુ એટ એ ટાઈમ

જેમ છે તેમ હાજર રહે તે શુદ્ધ ઉપયોગ. પોતાની જાતને શુદ્ધ જોવી અને બીજાને શુદ્ધ જોવા, કોઈની અશુદ્ધિ દેખાય નહી તમને ગાળ ભાંડે તોય તમને તેમની અશુદ્ધિ દેખાય નહી એનું નામ શુદ્ધ ઉપયોગ. એ ગાળ ભાંડે છે એ બધુ આપણે જોયા કરવાનું અને જાણ્યા કરવાનું આનું નામ શુદ્ધ ઉપયોગ. ચંદુલાલ ત્રિમંત્ર બોલે અને તમે એને જોયા કરો એટલે શુદ્ધ ઉપયોગ. કોઈપણ પૌદ્ગલિક ક્રિયા છે, એ સારી હોય કે ખરાબ હોય પણ બંનેયને તમે જોયા કરો તો તમારો શુદ્ધ ઉપયોગ છે. જ્ઞાતા-દ્રષ્ટાપણું એનું નામ શુદ્ધ ઉપયોગ. તત્ત્વ દ્રષ્ટિ નિરંતર રહેવી એનું નામ શુદ્ધ ઉપયોગ. મનમાં તન્મયાકાર પરિણામ ન હોય, વાણીમાં તન્મયાકાર પરિણામ ના હોય, વર્તનમા તન્મયાકાર પરિણામ ના હોય એનું નામ શુદ્ધ ઉપયોગ. જ્ઞાની પુરુષની આજ્ઞામાં ઉપયોગ રહ્યો હોય, રીયલ રીલેટિવ જોતાં જોતાં ચાલવું એ શુદ્ધ ઉપયોગ. પાંચ આજ્ઞા પાળી એનું નામ શુદ્ધ ઉપયોગ. પાંચમાંથી એક આજ્ઞાપાળી તોય શુદ્ધ ઉપયોગ જ છે. કોઇ બે-પાંચ ગાળ ભાડે તો પણ તેનામાં શુદ્ધાત્મા જ દેખાય એ શુદ્ધ ઉપયોગ કહેવાય. બીજાનો રજ માત્ર પણ દોષ ના દેખાય અને દોષીત માણસ પણ નિર્દોષ દેખાય તે શુદ્ધ ઉપયોગ. આખા જગતને ભગવત સ્વરૂપે સમજે તો એ શુદ્ધ ઉપયોગ કહેવાય. અતિક્રમણ થાય તેની પર પ્રતિક્રમણ કરાવીએ તે શુદ્ધ ઉપયોગ. ભૂતકાળમાં હું આવો હતો નહીં, અત્યારે હું આવો છું નહીં અને ભવિષ્યમાં હું આવો હોઇશ નહીં એ શુદ્ધ ઉપયોગ છે.

પ્ર. ૨૪ ઉપયોગ અને જાગૃતિ એ બેમાં ફેર શો ?

ઉ. ૨૪ અહીં ફાનસ હોય તો પેલા દાદરાવાળા લોકોને શું લાભ મળે ? દાદરો ચઢવો હોય તો ફાનસનો શો લાભ મળે ? એટલે ત્યાં દાદરા પાસે ધરવું પડે ત્યારે એનું નામ ઉપયોગ કહેવાય અને ફાનસ એ જાગૃતિ છે.

પ્ર. ૨૫ આત્મા ક્યારે શુદ્ધ ઉપયોગમાં હોય છે ?

ઉ. ૨૫ આત્માનો પ્રદેશ જયારે કંપાયમાન ના થતો હોય ત્યારે આત્મા શુદ્ધ ઉપયોગમાં હોય. આત્માનો પ્રદેશ કંપાયમાન થાય, પહોળો થાય અને સંકોચાય ત્યારે આત્મા અશુદ્ધ ઉપયોગમાં હોય.

પ્ર. ૨૬ શુદ્ધ ઉપયોગ ક્યારે કહેવાય ?

ઉ. ૨૬ જયારે તમામ પ્રકારના સંકલ્પ -વિકલ્પ એની મેળે જ ખલાસ થાય ત્યારે શુદ્ધ ઉપયોગ કહેવાય.

પ્ર. ૨૭ પોતાના ઉપયોગમાં ક્યારે રહેવાય ?

ઉ. ૨૭ જ્યારે બધી ઇચ્છાઓ મંદ થઇ જાય ત્યારે પોતાના ઉપયોગમાં રહેવાય.

પ્ર. ૨૮ શુદ્ધ ઉપયોગ પૂર્વક એક ઉપવાસનું ફળ શું ?

ઉ. ૨૮ રાત્રે નિશ્ચય કરીને સૂઇ જવાનું કે આવતી કાલે શુદ્ધ ઉપયોગપૂર્વક ઉપવાસ કરવો છે ત્યાર પછી પાંચ આજ્ઞામાં આખો દિવસ રહેવાનું, કવિરાજનાં પદો વાંચવાના, આવા એક ઉપવાસથી આખા વર્ષનો શુદ્ધ ઉપયોગ ભેગો થાય. નિરંતર ઉણોદરી એ કાયમ ઉપવાસ જેવું છે.

પ્ર. ૨૯ સ્વરૂપનાં કેટલા પ્રકારના અનુભવ છે ?

ઉ. ૨૯ ત્રણ પ્રકારનાં અનુભવ સ્વરૂપ ના જ્ઞાન થયા પછી થાય ૧. કોઇ પણ ફાઇલ ન આવે ત્યારે અનુભવ થાય ૨. ફાઇલો આવે ત્યારે લક્ષ રહે ૩. લઢવાડ થાય ત્યારે પ્રતીતિ રહે

પ્ર. ૩૦ શુદ્ધ ઉપયોગી માટે શું કહ્યું છે ?

ઉ. ૩૦ શુદ્ધ ઉપયોગીને સમતાધારી, જ્ઞાન, ધ્યાન મનોહારી રે કર્મ, કલંકકો દૂર નિવારી, જીવ વરે શિવ નારી રે.

પ્ર. ૩૧ ઉપયોગમાં ઉપયોગ કોને કહેવાય ?

ઉ. ૩૧ પહેલો ઉપયોગ એટલે જે શુદ્ધ ઉપયોગ છે તે. ઉપયોગ એટલે પોતાની જાતને શુદ્ધ જોવી, બીજાને શુદ્ધ જોવા, આજ્ઞામાં રહેવું તે. શુદ્ધ ઉપયોગ એટલે પોતે શુદ્ધાત્મા છે એવુ નિરંતર ભાન રહે, જગત આખું નિર્દોષ દેખાય. સહુમાં શુદ્ધાત્મા દેખાય તે શુદ્ધ ઉપયોગ. મનમાં, વાણીમાં અને વર્તનમાં તન્મયાકાર પરિણામ ના હોય એનું નામ શુદ્ધ ઉપયોગ. આ બધા શુદ્ધ ઉપયોગ કહેવાય અને એ શુદ્ધ ઉપયોગની ઉપરેય ઉપયોગ રાખે કે શુદ્ધ ઉપયોગ કેવો વર્તે છે એ કેવળજ્ઞાન કહેવાય. પહેલો શુદ્ધ ઉપયોગ કહેવાય. ઉપયોગમાં ઉપયોગ એ કેવળજ્ઞાન છે. શુદ્ધ ઉપયોગ એ જ્ઞાન સ્વરૂપ કહેવાય અને ઉપયોગમાં ઉપયોગ એ વિજ્ઞાન સ્વરૂપ કહેવાય. (કેવળજ્ઞાન સ્વરૂપ કહેવાય). શુદ્ધ ઉપયોગની જે જાગૃતિ છે તેની ઉપરેય જાગૃતિ એ કેવળજ્ઞાનની જાગૃતિ છે, એ છેલ્લી જાગૃતિ છે.

પ્ર. ૩૨ ઉન્માદ એટલે શું? તે કેટલા પ્રકારના છે ?

ઉ. ૩૨ જેનાથી સ્પષ્ટ ચેતના એટલે કે વિવેક જ્ઞાન નાશ થઇ જાય તેને ઉન્માદ કહે છે તે બે પ્રકારના છે

૧. **યક્ષાવેશ ઉન્માદ :** શરીરમાં યક્ષ પ્રવેશ કરવાથી જે ઉન્માદ થાય છે તેને યક્ષાવેશ ઉન્માદ કહે છે, જે સુખપૂર્વક છોડી શકાય છે તે યક્ષ આવેશ ઉન્માદ છે

૨. **મોહનીય ઉન્માદ :** મોહનીય કર્મના ઉદયથી આત્માને પારમાર્થિક સત્ય-અસત્યનો વિવેક નષ્ટ થઇ જાય છે તેને મોહનીય ઉન્માદ કહે છે, એના બે ભેદ છે. મિથ્યાત્વ મોહનીય ઉન્માદ અને ચારિત્ર મોહનીય ઉન્માદ. મિથ્યાત્વ મોહનીય ઉન્માદથી જીવ અતત્ત્વને તત્ત્વ માને છે જયારે ચારિત્ર મોહનીય ઉન્માદથી જીવ વિષયાદિના સ્વરૂપને જાણવા છતાં પણ અજ્ઞાનીની પેઠે એમાં પ્રવૃત્તી કરે છે અથવા વેદ મોહનીયના ઉદયથી હિતાહિતનું ભાન ભૂલીને ઉન્મત બની જાય છે.

ૐ

પર્વ ચોવીસમું
વીતરાગ વિજ્ઞાન રહસ્ય

પ્ર. ૧ વીતરાગ વિજ્ઞાનનું રહસ્ય શું ?

ઉ. ૧ વર્તમાન અવસર્પિણી કાળમાં પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવથી માંડીને ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીર સુધી આ ચોવીસે તીર્થંકરો સંપૂર્ણ વીતરાગ ૩૬૦° ડિગ્રી ઉપર હોવાથી જેમ છે તેમ વીતરાગ વિજ્ઞાન ખુલ્લું ના થયું. તીર્થંકરોના દીલમાંથી પ્રગટયું ન્હોતું જે વીતરાગ વિજ્ઞાન તે આ અવસર્પિણીકાળના પાંચમાં આરામાં થયેલ અક્રમ વિજ્ઞાની સર્વજ્ઞ શ્રી દાદા ભગવાન, ખટપટીયા વીતરાગ ૩૫૬° ડિગ્રી ઉપર હોવાથી ચરોતરી અને તળપદી ભાષામાં સંપૂર્ણ ગુજરાતીમાં બહાર પડયું. [પુજય દાદાશ્રી કહેતા ''જેઓને મોક્ષે જવું છે તેઓને ગુજરાતી ભાષા શીખવી પડશે''] આજ વીતરાગ વિજ્ઞાનનું અદ્‌ભુત રહસ્ય છે. અહીં એક વસ્તુ ખાસ ઉલ્લેખનીય છે કે પૂજય દાદાશ્રીના મુખે નીકળેલ તળપદી ગુજરાતી ભાષાનાં કેટલાય એવા શબ્દો છે, જેનું અંગ્રેજી કે અન્ય ભાષામાં ટ્રાન્સલેશન કરવું ઘણું અઘરું છે કદાચ અશક્ય જ છે એમ કહીએ તો પણ અતિસયોક્તિ નહીં ગણાય દા.ત. આપોપુ, ગડભાજ, ભાંજગડ, મુઆ, ડફોળ, બબુચક, ઘનચકકર, લપકા, વાંધો, વચકો, ગર્વરસ, લોચો, અડપલું, લોપડચોપડ, નિવેડો, ઢંગધડા, પોલમપોલ, નઠારો, ઝઘડો, કોયડો, ગુચ, અટવાયેલું, ઘેલછા, ઢાંક પિછોડો, ડુમો ભરાયો, બૂઝ, પાંસા ઘસવા, ધૂળધાણી, ચેનચાળા, ચેષ્ઠા, ક્રિડા, ડચકાખાતુ, થેપાડું, પોતડી, પંચિયું, કઢાપો, અંજપો.

પ્ર. ૨ મોક્ષે જવા માટે જ્ઞાની પુરુષની પરમ્ આવશ્યકતા છે. તેવાં જ્ઞાની પુરુષ ભેગા થાય તે માટે શું વિધી કરવી ?

ઉ. ૨ આ જગતમાં ગમે તેટલા તપ કરો, જપ કરો, ક્રિયાઓ કરો પણ જ્ઞાન વિના મુક્તિ કે મોક્ષ નથી. આ જ્ઞાન મેળવવા માટે જ્ઞાની પુરુષનો ભેટો થવો પરમ આવશ્યક છે. આવા જ્ઞાની પુરુષ ભેગા થાય તે માટે જ્ઞાની પુરુષે

જ્ઞાન સાક્ષાત્કાર પામવા માટેની વ્યવહાર વિધિ આપેલ જે નીચે મુજબ છે.

[૧] પ્રગટ જ્ઞાની પુરુષ દાદા ભગવાનને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. નમસ્કાર કરું છું, નમસ્કાર કરું છું.

[૨] પ્રગટ જ્ઞાનીપુરુષ થકી સત્ પ્રાપ્ત થયું છે જેમને તે સત્ પુરુષોને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું, નમસ્કાર કરું છું, નમસ્કાર કરું છું.

[૩] સર્વ નિષ્પક્ષપાતી દેવ-દેવીઓને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું, નમસ્કાર કરું છું, નમસ્કાર કરું છું.

[૪] હે પ્રગટ જ્ઞાનીપુરુષ તથા સત્પુરુષો ! આજે આ ભડકે બળતા જગતનું કલ્યાણ કરો, કલ્યાણ કરો, કલ્યાણ કરો અને હું તેમાં નિમિત્ત બનું એવી શુદ્ધ ભાવનાથી આપની સમક્ષ મન, વચન, કાયાની એકાગ્રતાથી પ્રાર્થનાવિધિ કરું છું. જે આત્યંતિક સફળ થાઓ, સફળ થાઓ, સફળ થાઓ.

[૫] હે દાદા ભગવાન ! આપના શુદ્ધ જ્ઞાનમાં અવલોકન થયેલા અને આપના શ્રીમુખેથી પ્રગટેલા શુદ્ધ જ્ઞાનસૂત્રો નીચે મુજબના છે. જે મારી શ્રદ્ધામાં દૃઢ થાય તેવી શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.

ક. મન, વચન, કાયાની તમામ સંગી ક્રિયાઓથી શુદ્ધ ચેતન સાવ અસંગ જ છે. (૩)

ખ. મન, વચન, કાયાના, તમામ લેપાયમાન ભાવો જે આવે છે તેનાથી શુદ્ધ ચેતન સર્વથા નિર્લેપ જ છે. (૩)

ગ. મન, વચન, કાયાની ટેવો અને તેના સ્વભાવને શુદ્ધ ચેતન જાણે છે અને પોતાના સ્વ-સ્વભાવને પણ શુદ્ધ ચેતન જાણે છે કારણકે તે સ્વ-પર પ્રકાશક છે. (૩)

ઘ. આહારી આહાર કરે છે અને નિરાહારી શુદ્ધ ચેતન માત્ર તેને જાણે છે. (૩)

ચ. સ્થૂળ સંયોગો, સૂક્ષ્મ સંયોગો અને વાણીના સંયોગો પર છે. અને પરાધિન છે, અને શુદ્ધ ચેતન તેનું જ્ઞાતા-દૃષ્ટા માત્ર છે. (૩)

છ. સ્થૂળતમથી સુક્ષ્મતમ સુધીની તમામ સંસારિક અવસ્થાઓનું શુદ્ધ ચેતન જ્ઞાતા-દ્રષ્ટા માત્ર છે, ટંકોત્કીર્ણ છે. આનંદ સ્વરૂપ છે. (૩)

જ. મન, વચન, કાયાની અવસ્થા માત્ર કુદરતી રચના (Only Scientific Circumstancial Evidence) છે. જેનો કોઇ બાપોય રચનાર નથી અને તે વ્યવસ્થિત જ છે. (૩)

ઝ. નિશ્ચેતન-ચેતનનો એક પણ ગુણ શુદ્ધ ચેતનમાં નથી અને શુદ્ધ ચેતન નૌ એક પણ ગુણ નિશ્ચેતન-ચેતનમાં નથી. બન્ને સર્વથા સાવ જુદા છે. (૩)

ટ. ચંચળ ભાગના જે જે ભાવો છે તે નિશ્ચેતન ચેતનના ભાવો છે અને શુદ્ધ ચેતન કે જે અચળ છે તેના ભાવો નથી. (૩)

હે પ્રભુ ! ભ્રાંતિથી મને શુદ્ધ ચેતન ના ભાવો, ઉપરનાં સૂત્રો મુજબ આ જ છે એમ યથાર્થ, જેમ છે તેમ સમજાયું નથી, કારણકે નિષ્પક્ષપાતી ભાવે મને મારી જાતને જોતાં સમજાયું કે મારામાંથી અંતરક્લેશ તથા કઢાપો - અજંપો ગયેલ નથી. હે પ્રભુ ! માટે મારા અંતરક્લેશને શમાવવા પરમ શક્તિ આપો. હવે મારા શુદ્ધ ભાવોને જેમ છે તેમ સમજવા સિવાય કોઇ કામના નથી, હું કેવળ મોક્ષનો જ કામી છું તે અર્થે મારી દૃઢ અભિલાષા છે કે હું સત્ પુરુષોના વિનયમાં અને જ્ઞાની પુરુષનાં પરમ વિનયમાં રહી ''હું કઇ જ જાણતો નથી'' એ ભાવમાં જ રહું. ઉપરનાં જ્ઞાન સૂત્રો મુજબના શુદ્ધ ભાવો મારી શ્રદ્ધામાં આવતાં નથી અને જ્ઞાનમાં આવતા નથી. જો એ ભાવો મારી દૃઢ શ્રદ્ધામાં આવશે તો જ હું અનુભવીશ કે મને યથાર્થ સમ્યક્ દર્શન થયું છે. આ માટે બે જ ચીજની મુખ્ય જરૂર છે.

અ. હું પરમ સત્ય જાણવાનો જ કામી છું એ ભાવ નિષ્ઠા.

બ. ''પરમ સત્ય'' જ્ઞાનીપુરુષની આજ્ઞાના સંપૂર્ણ આરાધનથી જ પ્રાપ્ત થાય છે.

જ્ઞાનીપુરુષના પ્રત્યક્ષ યોગ સિવાય અન્ય કોઇ જ માર્ગ નથી માટે પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષની શોધમાં રહું અને તેમનો યોગ પ્રાપ્ત થયે હું તેમની જ આજ્ઞાની આરાધનામાં રહેવાનો દૃઢ નિર્ણય-નિશ્ચય કરું છું તે મારી કામના સફળ થાઓ, સફળ થાઓ, સફળ થાઓ.

ખાસનોંધ : જ્ઞાનસૂત્રોના અંતે કૌશમાં (૩) લખેલ છે. અર્થાત્ તે દરેક સૂત્રો જિજ્ઞાસુએ ત્રણ વાર મોટેથી બોલવાના છે.

પ્ર. ૩ મોક્ષ માર્ગે ઉત્તરોત્તર પ્રગતિ થાય અને મોક્ષે જવાય તથા વ્યવહારમાં પણ શાંતિ રહે તે માટે જ્ઞાની પુરુષે આપેલ પ્રયોગ વિધિ જણાવો ?

ઉ. ૩ જ્ઞાની પુરુષ સર્વજ્ઞ શ્રી દાદા ભગવાનને કોઈપણ જીવ ભેગો થાય ત્યારે પૂજ્ય દાદાશ્રી તેને નીચે જણાવેલ પાંચ વસ્તુઓ નિત્યક્રમ રૂપે વાંચવા અને તેનો અભ્યાસ કરવા જણાવતા. આ પ્રયોગ દ્વારા તે જીવને મોક્ષ માર્ગે ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી ઉત્કૃષ્ટ ભૂમિકા તૈયાર થાય છે તથા વ્યવહાર સુંદર બને છે.

૧. ત્રિમંત્ર-દરરોજ સવાર-સાંજ ઓછામાં ઓછા પાંચ વખત બોલવો.
૨. નમસ્કાર વિધિ-દરરોજ દિવસમાં એકવાર વાંચી જવી.
૩. નવ કલમો-દરરોજ દિવસમાં ત્રણવાર વાંચવી અને ભાવના ભાવવી.
૪. શુદ્ધાત્મા પ્રત્યે પ્રાર્થના - દરરોજ રાત્રે સૂતી વખતે એકવાર વાંચવી.
૫. ''દાદા ભગવાનના અસીમ જય જય કાર હો''ની કિર્તન ભક્તિ - દરરોજ ઓછામાં ઓછી આઠ મિનિટ અને વધુમાં વધુ પચાસ મિનિટ મોટેથી બોલવી.

૧. ત્રિમંત્ર : નમો અરિહંતાણં
નમો સિદ્ધાંણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાંણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમ્મુકારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં ॥ ૧ ॥
ૐ નમો ભગવતે વાસુદેવાય ॥ ૨ ॥
ૐ નમઃ શિવાય ॥ ૩ ॥
જય સચ્ચિદાનંદ

૨. નમસ્કાર વિધિ

૧. પ્રત્યક્ષ ''દાદા ભગવાન''ની સાક્ષીએ, વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા, તીર્થંકર ભગવાન ''શ્રી સીમંધર સ્વામી''ને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૪૦)

૨. પ્રત્યક્ષ ''દાદા ભગવાન''ની સાક્ષીએ, વર્તમાને મહાવિદેહ ક્ષેત્ર તથા અન્ય ક્ષેત્રોમાં વિચરતા ''ૐ પરમેષ્ટિ ભગવંતો''ને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૫)

૩. પ્રત્યક્ષ ''દાદા ભગવાન''ની સાક્ષીએ, વર્તમાને મહાવિદેહ ક્ષેત્ર તથા અન્ય ક્ષેત્રોમાં વિચરતા ''પંચ પરમેષ્ટિ ભગવંતો''ને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૫)

૪. પ્રત્યક્ષ ''દાદા ભગવાન''ની સાક્ષીએ, વર્તમાને મહાવિદેહ ક્ષેત્ર તથા અન્ય ક્ષેત્રોમાં વિહરમાન ''તીર્થંકર સાહેબો''ને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૫)

૫. ''વીતરાગ શાસન દેવ-દેવીઓ''ને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૫)

૬. ''નિષ્પક્ષપાતી શાસન દેવ-દેવીઓ''ને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૫)

૭. ''ચોવીસ તીર્થંકર ભગવંતો''ને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૫)

૮. ''શ્રીકૃષ્ણ ભગવાન''ને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૫)

૯. ભરત ક્ષેત્રે હાલ વિચરતા સર્વજ્ઞ ''શ્રી દાદા ભગવાન''ને નિશ્ચયથી અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૫)

૧૦. ''દાદા ભગવાન''ના ભાવિ તીર્થંકર સાહેબોને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૫)

૧૧. ''દાદા ભગવાન''ના સર્વે સમકિતધારી જ્ઞાની મહાત્માઓને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૫)

૧૨. આખા બ્રહ્માંડના જીવમાત્રના ''રીયલ'' સ્વરૂપને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. (૫)

૧૩. ''રીયલ'' સ્વરૂપ એ ભગવત સ્વરૂપ છે. જેથી આખા જગતને ભગવત સ્વરૂપે દર્શન કરું છું. (૫)

૧૪. ''રીયલ'' સ્વરૂપ એ શુદ્ધાત્મા સ્વરૂપ છે જેથી આખા જગતને શુદ્ધાત્મા સ્વરૂપે દર્શન કરું છું. (૫)

૧૫. ''રીયલ'' સ્વરૂપ એ તત્ત્વ સ્વરૂપ છે. જેથી આખા જગતને તત્ત્વજ્ઞાને કરીને દર્શન કરું છું. (૫)

ખાસ નોંધ : વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર સ્વામીને પરમ પૂજ્ય શ્રી દાદા ભગવાનના માધ્યમ દ્વારા પ્રત્યક્ષ નમસ્કાર પહોંચે છે. કૌંસમાં લખેલી સંખ્યા હોય તેટલા વખત તે નમસ્કાર બોલવાના છે.

(૩) નવ કલમો

૧. હે દાદા ભગવાન ! મને કોઇપણ દેહધારી જીવાત્માનો કિંચિત્‌માત્ર પણ અહમ ન દુભાય, ન દુભાવાય કે દુભવવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો. મને કોઇ દેહધારી જીવાત્માનો કિંચિત્‌માત્ર પણ અહમ ન દુભાય એવી સ્યાદવાદ વાણી, સ્યાદવાદ વર્તન અને સ્યાદવાદ મનન કરવાની પરમ શક્તિ આપો.

૨. હે દાદા ભગવાન ! મને કોઇપણ ધર્મનું કિંચિત્‌માત્ર પણ પ્રમાણ ન દુભાય, ન દુભાવાય કે દુભવવા પ્રત્યે ન અનુમોદાય તેવી પરમ શક્તિ આપો. મને કોઇપણ ધર્મનું કિંચિત્‌માત્ર પણ પ્રમાણ ન દુભાવાય, એવી સ્યાદવાદ વાણી, સ્યાદવાદ વર્તન અને સ્યાદવાદ મનન કરવાની પરમ શકિત આપો.

૩. હે દાદા ભગવાન ! મને કોઇપણ દેહધારી ઉપદેશક સાધુ, સાધ્વી કે આચાર્યનો અવર્ણવાદ, અપરાધ, અવિનય ન કરવાની પરમ શક્તિ આપો.

૪. હે દાદા ભગવાન ! મને કોઇપણ દેહધારી જીવાત્મા પ્રત્યે કિંચિત્‌માત્ર પણ અભાવ, તિરસ્કાર, ક્યારેય પણ ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.

૫. હે દાદા ભગવાન ! મને કોઇપણ દેહધારી જીવાત્મા સાથે ક્યારેય પણ કઠોર ભાષા તંતીલી ભાષા ન બોલાય, ન

બોલાવાય કે બોલવા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો કોઇ કઠોર ભાષા, તંતીલી ભાષા બોલે તો મને મૃદુ ઋજુ ભાષા બોલવાની શક્તિ આપો.

૬. હે દાદા ભગવાન ! મને કોઇપણ દેહધારી જીવાત્મા પ્રત્યે સ્ત્રી, પુરુષ અગર નપુંસક ગમે તે લિંગધારી હોય, તો તેના સબંધી કિંચિત્‌માત્ર પણ વિષય - વિકાર સબંધી દોષો, ઇચ્છાઓ, ચેષ્ટાઓ વિચાર સબંધી દોષો ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો. મને નિરંતર નિર્વિકાર રહેવાની પરમ શક્તિ આપો.

૭. હે દાદા ભગવાન ! મને કોઇપણ રસમાં લુબ્ધપણું ન કરાય એવી શક્તિ આપો. સમરસી ખોરાક લેવા એવી પરમ શક્તિ આપો.

૮. હે દાદા ભગવાન ! મને કોઇપણ દેહધારી જીવાત્માનો પ્રત્યક્ષ અગર પરોક્ષ, જીવંત અગર મૃત્યુ પામેલાનો કોઇનો કિંચિત્‌માત્ર પણ અર્વણવાદ, અપરાધ, અવિનય ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.

૯. હે દાદા ભગવાન ! મને જગત કલ્યાણ કરવાનુ નિમિત્ત બનવાની પરમ શક્તિ આપો, શક્તિ આપો. શક્તિ આપો.

ખાસ નોધ: આટલુ તમારે દાદા પાસે માંગવાનું આ દરરોજ વાંચવાની ચીજ ન હોય, અંતરમાં રાખવાની ચીજ છે આ દરરોજ ઉપયોગપૂર્વક ભાવવાની ચીજ છે આટલા પાઠમાં તમામ શાસ્ત્રોનો સાર આવી જાય છે.

૪. શુદ્ધાત્મા પ્રત્યે પ્રાર્થના

હે અંતર્યામી પરમાત્મા, આપ દરેક જીવમાત્રમાં બિરાજમાન છો તેમ જ મારામાં પણ બિરાજેલા છો. આપનુ સ્વરૂપ તેજ મારું સ્વરૂપ છે. મારું સ્વરૂપ શુદ્ધાત્મા છે. હે શુદ્ધાત્મા ભગવાન, હું આપને અભેદ ભાવે અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. અજ્ઞાનતાએ કરીને મે ★ જે જે દોષો કર્યા છે, તે સર્વ દોષોને આપની સમક્ષ જાહેર કરું છું તેનો હૃદયપૂર્વક ખૂબ પસ્તાવો કરું છું અને આપની પાસે ક્ષમા પ્રાર્થુ

છું હે પ્રભુ ! મને ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો અને ફરીથી એવા દોષો ક્યારેય પણ ના કરું એવી આપ મને શક્તિ આપો. હે શુદ્ધાત્મા ભગવાન. આપ એવી કૃપા કરો કે અમને ભેદભાવ છૂટી જાય અને અભેદ સ્વરૂપ પ્રાપ્ત થાય, અમે તમારામાં અભેદ સ્વરૂપે તન્મયાકાર રહીએ.

★ જે દોષ થયા હોય તે મનમાં જાહેર કરવા.

૫. ''દાદા ભગવાનના અસીમ જય જય કાર હો'' બોલે ને તો એ પ્રત્યક્ષ પરમાત્માની કિર્તન ભક્તિ છે. જે દાદા ભગવાન ચૌદ લોકનો નાથ છે જે મહીં પ્રગટ થયેલાં છે તે પ્રત્યક્ષ પરમાત્માની કિર્તન ભક્તિ છે. આ ભક્તિ બોલવાથી છાતી માં પડેલા ઘા રૂઝાઇ જાય છે. આ ભક્તિ ઓછામાં ઓછી દસ મિનિટથી ઉપર બોલવાનું શરૂ થયું તો એ ભયંકર પાપો ભસ્મીભૂત કરીને મોક્ષ ભણી લઇ જાય એવું અદ્‌ભૂત બળ આ કિર્તન ભક્તિમાં છૂપાયેલું છે. વળી આ કિર્તન ભક્તિ બોલવાથી અંદર અમૃતબિંદુ ટપકે છે. તેનાથી અંદર ગજબનો આનંદ ઊભો થાય છે.

ભણેલ વર્ગ દરેક જાણે છે કે આ શરીર વાયટાલીટી પાવરને આધારે ચાલે છે. આ વાયટાલીટી પાવર વિટામિન કે અન્ય વસ્તુઓ ખાવાથી પ્રગટે તેમ નથી. પરંતુ ''દાદા ભગવાનના અસીમ જય જય કાર હો''ની કિર્તન ભક્તિ મોટેથી બોલતા શરીરમાં રહેલા અશુદ્ધ પરમાણુઓ બહાર નીકળે છે અને વાતાવરણમાં રહેલા શુદ્ધ પરમાણુઓ અંદર શરીરમાં ખેંચાય છે. આ પ્રયોગથી શરીરમાં ગજબની વાયટાલીટી ઊભી થાય છે જે અનુભવે જ સમજી શકાય તેવી વસ્તુ છે.

પ્ર. ૪ **નવ કલમો શું છે ?**

ઉ. ૪ આ નવ કલમોમાં મોક્ષમાર્ગનું રહસ્ય છૂંપાયેલું છે આ નવ કલમો એ વીતરાગ વિજ્ઞાનનો સાર છે. આ નવ કલમોમાં પ્રતિક્રમણ પ્રત્યાખ્યાન બધું એમાં આવી ગયું છે. આ નવ કલમો વાંચે અને એ ભાવના ભાવે ને તો એકાદ અવતારમાં મોક્ષ થઇ જાય. દુનિયામાં કોઇની જોડે વેર ના રહે. સર્વ સાથે મૈત્રી થઇ જાય. આખા ચૌદ લોકનો સાર અને આ દુનિયાનાં તમામ

શાસ્ત્રોનો સાર આમાં આવી જાય છે. અને આ ભાવના કરતી વખતે કેવું હોવું જોઇએ ? વાંચતી વખતે શબ્દે શબ્દ આમ દેખાવો જોઇએ. તમે વાંચતા હો એવું દેખાય તો તમે બીજી જગ્યાએ ગુંચાયેલા નથી. આ ભાવના ભાવતી વખતે તમે બીજી જગ્યાએ ના હોવાં જોઇએ. આ ભાવના જોડે આવનારી વસ્તુ છે આ ભાવના બીજ રૂપે છે તે આવતા ભવે તે ફળ રૂપે રૂપકમા આવશે માટે કહ્યું છે કે આ ભાવના એ જોડે આવનારી વસ્તુ છે.

પ્ર. ૫ ચિત્ત શુદ્ધિ થાય તે માટેનો ઉપાય શું ?

ઉ. ૫ કવિરાજ નવનીત સંઘવીના પદો શુક્લ ધ્યાનની શ્રેણીથી લખાયેલા છે તે જ્ઞાની પુરુષની પ્રત્યક્ષ કૃપાનું ફળ છે. આ પદો જે સાંભળશે, ધારણ કરશે અને કવિના રાગમાં ગાશે તેને ચિત્ત શુદ્ધિ થયા વગર રહેશે જ નહીં.

પ્ર. ૬ વીતરાગ વિજ્ઞાનનો સાર શું ?

ઉ. ૬ વ્યવહારના બેઝમેન્ટ ઉપર નિશ્ચય ઉભો રહ્યો છે. વ્યવહારમાં જ્ઞાની પુરુષે આપેલ ચાર મહાવાક્યો જેવા કે ''ભોગવે તેની ભૂલ'', ''બન્યું તે જ ન્યાય'', ''અથડામણ ટાળો'' અને ''એડજસ્ટ એવરીવ્હેર'' આ જેમ છે તેમ સમજાઇ જાય તો આદર્શ વ્યવહાર સ્વયમ્ ઉભો થઇ જાય અને નિશ્ચયમાં ''અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં હું સંપૂર્ણ શુદ્ધ છું સર્વાંગ શુદ્ધ છું'' તથા ''અવસ્થા માત્ર કુદરતી રચના છે જેનો કોઇ બાપોય રચનાર નથી અને તે વ્યવસ્થિત જ છે'' આ બે વાક્ય જેમ છે તેમ સમજમાં આવી જાય તો મોક્ષ સહજાસહજ અહિંજ અનુભવમાં આવે તેમ છે, આજ વીતરાગ વિજ્ઞાનનો સાર છે. નવ કલમો એ વીતરાગ વિજ્ઞાનનો સાર છે.

ૐ

જ્ઞાની પુરુષના જીવનનો સંક્ષિપ્ત પરિચય

ઇ.સ.	ઉંમર વર્ષ	પ્રસંગ
૧૯૦૮	૦	કારતક સુદ ચૌદસને શનિવારે જન્મ રાત્રે ૧૨-૧૦
૧૯૧૭	૯	આફ્રિકાનો પ્રસંગ.
૧૯૧૭	૯	શેઠને પોતાના કૂતરાએ જ બચકું ભર્યું.
૧૯૧૯	૧૧	છાતી ફૂટવાનો પ્રસંગ, અલૌકિક તરફ હેંડો.
૧૯૨૦	૧૨	કંઠી તૂટી ગઇ, નગુરો.
૧૯૨૦	૧૨	લઘુત્તમ સાધારણ અવયવ શોધતાં ભગવાન ખોળી કાઢ્યા.
૧૯૨૦	૧૨	પિતાશ્રી મુળજીભાઇ મૃત્યુ પામ્યા.
૧૯૨૧	૧૩	ભગવાનને પડકાર્યા. સ્વતંત્રતા માટે.
૧૯૨૨	૧૪	''યમરાજ'' અંગેની માન્યતા ખોટી છે તેમ સાબિત કર્યું.
૧૯૨૩	૧૫	કુસંગમાં બીડીઓ પીવાની ટેવ પડી ગઇ.
૧૯૨૩	૧૫	સ્કૂલમાં માસ્તરને કીધું, અંગ્રેજી શીખવા ૧૫ વર્ષ બગાડ્યા.
૧૯૨૫	૧૭	ઘડિયાળ અને રેડિયાનો પ્રસંગ
૧૯૨૬	૧૮	સાયકલના પંકચર બાબતે.
૧૯૨૬	૧૮	લગ્ન થયા, ચોરીમાં ફેટો ખસ્યો, તીવ્ર વૈરાગ્ય ઉપજ્યો.
૧૯૨૭	૧૯	બાબો આવ્યો ત્યારે પેંડા વહેચ્યા તે.
૧૯૨૮	૨૦	બહારવટિયા મળ્યા.
૧૯૨૮	૨૦	મોટાભાઇ શ્રી મણિભાઇ મૃત્યુ પામ્યા.
૧૯૨૮	૨૦	દરેક સિક્કાને બે બાજુ હોય છે.
૧૯૩૦	૨૨	બસ ચૂકી ગયા તે.
૧૯૩૦	૨૨	અહંકાર બહુ ભારે.
૧૯૩૦	૨૨	મિત્રોને અભયદાન આપેલ.
૧૯૩૧	૨૩	ભાગીદાર શ્રી કાંતિભાઇએ શ્રીમદ્ રાજચંદ્રનું પુસ્તક આપ્યું.
૧૯૩૨	૨૪	કોન્ટ્રાક્ટના ધંધામાં લોખંડ-સિમેન્ટ ન કાઢવા તે.
૧૯૩૩	૨૫	બહારના નાસ્તાનો પ્રસંગ
૧૯૩૪	૨૬	કેવી દુનિયા
૧૯૩૫	૨૭	મહેમાનને પ્રેમથી જમાડવા બાબતે.
૧૯૩૬	૨૮	એક ગુરુ સમાધિ શીખવાડવા આવેલ.

૧૯૩૯	૩૧	પત્ની સાથે મતભેદ પડેલો.
૧૯૪૦	૩૨	સત્સંગની શરૂઆત કરેલી.
૧૯૪૧	૩૩	કોણે આપ્યું કોણે લીધું.
૧૯૪૨	૩૪	મિત્રો પાસે માંગતા રૂપિયા ૪૨,૦૦૦/- માંડવાળ કર્યા.
૧૯૪૨	૩૪	જગત ગાંડાનું ઇસ્પિતાલ છે.
૧૯૪૩	૩૫	અહંકાર કેવો હતો તે પ્રસંગ.
૧૯૪૪	૩૬	પત્ની હોવા છતાં કડક બ્રહ્મચર્ય પાલન.
૧૯૪૫	૩૭	પૂજા ભણાવતાં હતા.
૧૯૪૬	૩૮	સખત વૈરાગ્ય આવેલ.
૧૯૪૬	૩૮	કૉંગ્રેસ અધિવેશનમાં શ્રી સુભાષચંદ્ર બોઝને મળેલા
૧૯૪૭	૩૯	સૌને ખુશ કરો એવો નિયમ.
૧૯૪૮	૪૦	હળવા થઇ જાવ.
૧૯૪૯	૪૧	ભોગવે તેની ભૂલ.
૧૯૫૦	૪૨	ચશ્માવાળો પ્રસંગ
૧૯૫૧	૪૩	સરકારી ચોરીઓ સંપૂર્ણ બંધ.
૧૯૫૧	૪૩	અથડામણ ટાળ.
૧૯૫૬	૪૮	માતા ઝવેરબાનો દેહ છૂટી ગયો.
૧૯૫૭	૪૯	વર્તમાન ભય છે કે કેમ તે ચકાસવા અંગેનો પ્રસંગ.
૧૯૫૮	**૫૦**	**સુરત સ્ટેશને જ્ઞાન પ્રગટ થયું.**
૧૯૫૮	૫૦	આગલા અવતારમાં શું હતા તે અંગેનો પ્રસંગ.
૧૯૬૨	૫૪	ભગવાનની આજ્ઞા લઇ ચંદ્રકાંતભાઇને જ્ઞાન આપ્યું.
૧૯૬૮	૬૦	ભાગીદાર કાંતિભાઇનો દેહ છૂટ્યો.
૧૯૬૮	૬૦	સામેથી પાવાગઢ મંદિરના પૂજારીને જ્ઞાન આપેલ.
૧૯૬૮	૬૦	૧૦ વર્ષની ઉંમરના બાળક શ્રી વિનીલને જ્ઞાન આપ્યું.
૧૯૭૧	૬૩	ખંભાતમાં એક સાથે ઘણા બધાને જ્ઞાન આપ્યું.
૧૯૭૧	૬૩	શ્રી સીમંધર સ્વામીના નમસ્કાર બહાર પડયા.
૧૯૭૩	૬૫	પુષ્કર ક્ષેત્રમાં યાત્રાનો પ્રસંગ.
૧૯૭૫	૬૭	અગાસ તીર્થક્ષેત્રના વહીવટ કર્તા સાથે વાર્તાલાપ.
૧૯૭૬	૬૮	વૃંદાવન ગાર્ડનમાં રાત્રે ૧-૦૦ વાગે જ્ઞાનવિધિ
૧૯૭૬	૬૮	૨૪-૧૧-૭૬ હુકકાએ વિદાય લીધી.
૧૯૭૭	૬૯	તારો જ હિસાબ છે.

૧૯૭૯	૭૧	૧૮-૧૨-૭૮ ના.રોજ રાત્રે ૧૧-૩૦ વાગે પગે ફ્રેક્ચર થયું.
૧૯૮૦	૭૨	ગાંધીનગર કોમ્પ્યુટર સેન્ટરમાં જન્મકુંડળી કઢાવી.
૧૯૮૨	૭૪	પ્રથમ અમેરિકાનો પ્રવાસ. જુલાઇ ૧૯૮૨
૧૯૮૪	૭૬	તા. ૨-૫-૧૯૮૪ સુરત કામરેજ મંદિરની શિલારોપણ વિધિ.
૧૯૮૪	૭૬	બીજો અમેરિકાનો પ્રવાસ. મે ૧૯૮૪
૧૯૮૫	૭૭	ત્રીજો અમેરિકાનો પ્રવાસ તા. ૫-૫-૧૯૮૫
૧૯૮૬	૭૮	પત્ની હિરાબાનો દેહ છૂટી ગયો.
૧૯૮૬	૭૮	ચોથો અમેરિકા પ્રવાસ તા. ૨૦-૪-૧૯૮૬.
૧૯૮૬	૭૮	ખંભાત જતા જીવલેણ અકસ્માત તા. ૬-૧૧-૧૯૮૬.
૧૯૮૭	૭૯	મુંબઇમાં છેલ્લી જ્ઞાનવિધી તા. ૧૧-૪-૧૯૮૭.
૧૯૮૭	૭૯	પાંચમો અમેરિકા પ્રવાસ.
૧૯૮૭	૭૯	ચોવીસ કલાકની કિર્તન ભક્તિનો પ્રારંભ. તા. ૧૨-૧૧-૮૭
૧૯૮૮	૮૦	તા. ૨-૧-૮૮ ના રોજ શનિવારે દેહ છુટી ગયો.

દાદાશ્રીનું મૂળ નામ શ્રી અંબાલાલ મૂળજીભાઇ પટેલ. વતન ગરવી ગુજરાતના ખેડા જિલ્લાનું ભાદરણ ગામ. તેમનો જન્મ વડોદરા પાસે આવેલ તરસાળી ગામે મોસાળમાં તારીખ ૮-૧૧-૧૯૦૮ ના રોજ રાત્રે ૧૨ કલાક અને ૧૦ મિનિટે કારતક સુદ ચૌદશને શનિવારે થયેલો. તેમનાં માતાનું નામ ઝવેરબા અને પિતાનું નામ મૂળજીભાઇ હતું. દાદાશ્રીના મામાનું નામ બકોરભાઇ અને મામીનું નામ દિવાળીબા હતું.

તેમની માતા ઝવેરબાએ નાનપણથી જ ઉચ્ચ સંસ્કાર આપેલા, બાળઅવસ્થામાં લાડપણનું નામ ગલો (અંબાલાલ) કોઇ છોકરાને મારીને ઘેર આવતો ત્યારે તેમના માતૃશ્રી બા કહેતા ''દીકરા માર ખાઇને આવજે પણ મારીને ના આવતો, તારા ઘાને પાટો બાંધીને હું રુંઝવી દઇશ પણ સામાને ઘેર કોઇ સંભાળ લેનારું ના હોય તો તેનું શું થાય. આનું નામ ઉચ્ચ સંસ્કાર કહેવાય.

નાનપણમાં આઠ વર્ષની ઉંમર સુધી અંબાલાલ (ગલો) દિગંબર અવસ્થામાં રખડતા હતા. તરસાળી ખાતે નાનપણનાં મિત્રોમાં નરસિંહભાઇ, ધુળાકાકા અને મણિલાલ હતા. આ મિત્રો સાથે તેઓ કેટલીક વાર ખેતરમાંથી કાચી કેરીઓ તોડી લાવતા હતા. દિવાળી મામીના લાડકા ભાણિયા(ગલો) એક દિવસ પપૈયાની ચોરી કરતાં પકડાઇ ગયેલા, પરંતુ ગામના ભાણેજ હોવાને નાતે માલિક વઢ્યો ન હતો. નાનપણમાં શરીર ભારે મજબૂત હતું ગામનું તળાવ તરીને સામે કિનારે જતાં રહેતા હતા.

નાની વયે લગભગ ૯ વર્ષના હશે ત્યારનો એક પ્રસંગ છે. તેમના બાપુજીએ તેમને આફ્રિકા મોકલવાનો વિચાર કર્યો તે તેમને ખબર પડી ત્યારે અનંત જન્મોના દિવ્ય સંસ્કારોને કારણે તેઓએ કહેલું કે ''મને આ દેશના પરમાણું છોડીને બીજે જવાનું પસંદ નથી'' અને નાટક કરેલું તેથી પિતાશ્રીએ તે વિચાર પડતો મૂકેલો.

દાદાના શબ્દોમાં : હું નાનપણમાં નવ વર્ષનો હતો ને ત્યારે જરા ટીખળી સ્વભાવનો હતો-તે એક શેઠને ત્યાં ગયેલો, કામ હતું કે મારા ફાધરે કહેલું કે આટલું એમને કહેજે તેં મે શેઠને કહ્યું કે આ પ્રમાણે તમને કહેવડાવ્યું છે. ત્યારે શેઠ કૂતરું લઈને રમાડ રમાડ કરે. આમ હાથ ફેરવ ફેરવ કરે. મેં કહ્યું તેમાંય કાંઇ ઈમોશનલ થયા નહીં એટલે મે જાણ્યું કે મારે રમવા જંવું છે અને આ રમવા જવા દેશે નહીં શેઠને હજી પાંચ-દશ મિનિટ થઇ તોય મહીં પેટમાં પાણી હાલતું નથી ને તે હજી કૂતરું જ રમાડ્યા કરે છે. હું કહું છું તેની કંઇ એમને અસર થતી નથી. હું તો ઉતાવળીયો અને ટીખળી માણસ એટલે મેં તો કૂતરાની પૂંછડી આમ જોર કરીને દબાવી દીધી કૂતરાનું મોઢું શેઠના પગ આગળ હતું તે તેણે શેઠને બચકું ભરી લીધું અને શેઠ તો પેલાને (કૂતરાને) મારવા માંડ્યા ત્યારે મેં કહ્યું કે શેઠ બિચારાને મારશો નહીં ત્યારે કહે કે કેમ ? મારો કૂતરો મને બચકું ભરે નહીં! આજે કેમ બચકુ ભર્યું ત્યારે મેં કહ્યું કે મેં પૂંછડી દાબી હતી. એને મારશો નહીં એમ આ લોકો નિમિત્તને બચકા ભરે છે. જો કૂતરાએ નિમિત્તને બચકુ ભર્યું એમ આપણા લોકોય નિમિત્તને બચકા ભરભર કર્યા કરે છે એવું નવ વર્ષે મેં શોધી કાઢેલું.

કુંટુબમાં પિતરાઈ હતા તે ગૂજરી ગયા તે વખતે કુટુંબની સ્ત્રીઓ ત્યાં આવેલી હતી. તે આટલે સુધી આમ લૂગડુ આગળ ખેંચ્યું અને ''ઓ મારા ભાઈ રે'' કરીને એવી બૂમ પાડી તે મહીં જાણે શું ઇલેકટ્રિસિટિ ઉત્પન્ન થઈ હોય. તે મારી આંખમાંથી પાણી નીકળવા માંડ્યુ. એટલે પછી મેં જાણ્યું કે આટલું બધું રડે છે તે કેટલું બધું રડતા હશે. હવે પેલું આગળ પેલું લૂગડુ ખેચેલું તે મને બીજી ખબર ના પડે અને આ સ્ત્રીઓ આટલી બધી છાતી કૂટે છે તે છાતી તોડી નાંખશે, તેમ મને લાગેલું. તે વખતે હું બહું નાનો ને તે મને બહું લાગણી થાય અને હું તો જેવું જોવું તેને સાચું માનું કારણ કે મને તો બુધ્ધિની કંઈ લાંબી પડેલી નહોતી. મને હાર્ટની બહું પડેલી એટલે હાર્ટિલી સ્વભાવ તે આ દેખું તો મહીં કંઈનું કંઈ થઈ જાય એટલે પછી મેં તો જઈને એક બાઈને પૂછયું કે ''તમે આ છાતી શું કરવા તોડી નાંખો છો ? તે બાઈ કહે એવું નહીં એ તો અમે આમ હાથ કરીએ, હાથ ઉપર હાથ પછાડીએ તે પછી હું જાતે જઈને જોઈ આવ્યો કે આવું કેવી રીતે બને. એટલે બહું પાકા લોકો તે આટલે સુધી લૂગડું ખેંચેલુંને અવાજ

સરસ કાઢે એવી બનાવટ કરે પણ તે ધીમે ધીમે જોઇને શીખી ગયો પછી સમજી ગયો કે આ લૌકિક છે, આ દુનિયા જ આખી લૌકિક છે. આપણે તો અલૌકિક તરફ હેંડો. આ દુનિયામાં ફસાઇસું તો માર્યા ગયા જાણજો અને અનંત અવતારની આ ભાંજગડો તે નાનપણથી જ મને આ અવળું લાગતું.

કુળ ધર્મ પ્રમાણે માતાએ નાની વયે વૈષ્ણવ સંપ્રદાયની કંઠી બંધાવેલી તે એક વખત તૂટી ગયેલી ત્યારે બા કહે કે આપણે ફરી બંધાવીએ. ત્યારે અંબાલાલે કહ્યું કે ''આપણા બાપ-દાદાઓ આ કુવામાં પડ્યા હશે તે દહાડે આ કૂવામાં પાણી હશે પણ મને તો આ કૂવામાં જોતા મોટા મોટા પત્થર અને સાપ દેખાય છે, પાણી દેખાતું નથી. હું આ કૂવામાં પડવા માંગતો નથી. બાપદાદા પડે એ કૂવામાં આપણે પડવું એવું કાંઇ લખી આપ્યું છે.'' એટલે મેં ના પાડી ત્યારે બા કહે પણ બેટા બધા તને નુગરો (નગુરો) કહેશે ત્યારે મેં કહેલું ''જે લોકો મને પ્રત્યક્ષ જ્ઞાન આપે તે મારા. ગુરુ મને અજવાળું આપે એ મારા ગુરુ. પોતે જ અંધારામાં અટવાય એવા ગુરુ મારે ના જોઇએ. તે ઘડીએ ગુરુ એટલે પ્રકાશ ધરનાર એવો અર્થ હું સમજતો હતો. તે પ્રત્યક્ષ મને જો પ્રકાશ ન ધરે તો મારે એવું ટાઢું પાણી છંટાવીને કે માથા ઉપર ઘડા રેડાવીને મારે એવી કંઠીઓ બંધાવવી નથી.'' અનંત જન્મોના દિવ્ય સંસ્કારો લઇને જ જન્મયા હોય તેથી જ આવી વાણી નીકળી શકે.

બાર વર્ષની વયે નિશાળમાં લઘુત્તમ સાધારણ અવયવના દાખલા શીખતા હતા ત્યારે માસ્તરે લઘુત્તમ પૂછયો કે ''આ બધી રકમોમાં એવી કંઇ રકમ છે કે જે નાનામાં નાની અને સર્વેમાં અવિભાજ્ય રૂપે રહેલી છે'' ત્યારે બાળજ્ઞાની અંબાલાલ ઊભા થઈ બોલ્યા સાહેબ આ તમારી વ્યાખ્યા ઉપરથી તો મે ભગવાન ખોળી કાઢ્યાં. આ જીવ માત્ર રકમ જ છે તેની અંદર નાનામાં નાની અવિભાજ્ય રૂપે રહેલ કોઇ હોય તો તે સ્વયમ્ ભગવાન જ છે. આમ નાની ઉંમરે વિચક્ષણતાને આધારે ભગવાન ખોળી કાઢ્યા. બાર વર્ષની ઉંમરે જ પિતાશ્રી મુળજીભાઇ મૃત્યુ પામ્યા હતા.

તેરમે વર્ષે ગામમાં એક સંત આવેલા તેમની પાસે દરરોજ દાદાશ્રી (અંબાલાલ) જતા, તે સંત અંધ હતા, તેમની ભાવપૂર્વક અંબાલાલ સેવા કરતા. સંતે કૃપાફળ આપતા કહ્યું ''જા બેટા ભગવાન તને મોક્ષે લઇ જશે.'' ત્યારે અંબાલાલે કહ્યું કે ''ભગવાન મને મોક્ષે લઇ જાય એવો મોક્ષ મારે જોઇતો નથી. મોક્ષ અને ઉપરી એ બે વિરોધાભાસ છે મારે માથે તો ઉપરીય ના જોઇએ અને અન્ડર હેન્ડ પણ ના જોઇએ. ભગવાન જો મોક્ષે લઇ જનારો હોય તો બેઠા હોઇએ ત્યાંથી ઊઠાડે અને આપણને ઊઠવું પડે એ ના ફાવે. મને પરતંત્રતા સહેજ પણ પસંદ નથી.'' આમ સ્વતંત્રતા જાગી ઊઠેલી અને તેથી જ ભગવાનને પડકાર્યા હતા.

ચૌદ વર્ષની ઉંમરે એક વખત અંબાલાલના કુટુંબમાં એક ઉંમરલાયક કાકાને હોસ્પિટલમાં દાખલ કરેલ અને અંબાલાલને રાત્રે તે કાકાની દેખરેખ રાખવા માટે હોસ્પિટલમાં સુવાનું હતું. અંબાલાલની ઉંમર નાની હોવાથી બીજા વડીલોએ સમજાવ્યું કે ગલા જાગતો રહેજે. યમરાજ આવીને કદાચ કાકાને લઇ જાય તો તરત જ સમાચાર આપવા દોડી આવજે. અને યમરાજ આવશે તો કૂતરા રડશે એ તેની નિશાની છે. મારે તો વિચક્ષણતા હતી એટલે હું તો જાગતો કાકા પાસે બેસી રહેલ. રાત્રે કૂતરા રડ્યા એટલે હું સાવધાન થઇ ગયો પણ કોઇ યમરાજ આવ્યા નહીં મેં ઊભા થઇને જોયું તો કાકાના શ્વાસ ચાલતા હતા. યમરાજ સબંધી વિચારની શ્રેણીએ ચઢતા મે શોધી કાઢ્યું કે યમરાજ નામનું કોઇ જીવડું પણ આ પૃથ્વી પર નથી. પરંતુ નિયમરાજ જેવી વસ્તુ છે. લોકો પાપ કર્મો કરતા અટકે તેથી તેમને બીવડાવવા માટે મહાન પુરુષોએ યમરાજનો કાલ્પનિક ભય ઉભો કરેલ છે. આમ ચૌદ વર્ષની ઉંમરે યમરાજ છે તે માન્યતા સર્વથા ખોટી છે તેવું મને સમજાયેલ.

પંદર વર્ષની ઉંમરે કુસંગમાં બીડીઓ પીવાની ટેવ પડી ગઇ. બીડીઓ પીએ, સીગારેટ પીએ, હુક્કો પીએ, જલેબી અને ભજીયા ખાઇએ તેથી જ પછી મેટ્રિકમાં ફેલ (નાપાસ) થયા. જો કે મેટ્રિકમાં જાણી જોઇને ફેલ (નાપાસ) થયા હતાં તેનું બીજુ એક કારણ પિતાશ્રી અને મોટા ભાઇની ઇચ્છા મેટ્રિકમાં પાસ થાય તો પરદેશમાં ભણાવી પછી સુબાની નોકરી અપાવવાની હતી. આ વાત મારા જાણવામાં આવી ગયેલી અને એટલે મનોમન સંકલ્પ કર્યો હતો કે મેટ્રિકમાં પાસ થાઉં તો સુબો કરવા ફરે ને મારે તો જીંદગીમાં નોકરીની ગુલામી કરવી જ નથી, પાનપટ્ટીની દુકાન ખોલીશ પણ માથે બોસ ના જોઇએ અને તેથી અમે વાંચીએ નહીં અને આઇસ્ક્રીમ તથા ભજીયાં ખાવા જતાં રહીએ. અમે જાણી જોઇને નોકરી ન કરવી પડે એટલે વાંચતા નહીં અને મેટ્રીકમાં નાપાસ થયા. પંદર વર્ષની ઉંમરે મેટ્રિકમાં હતા ત્યારે એક દિવસ અંગ્રેજીના વર્ગમાં માસ્તરને કહી દીધું સાહેબ આ એક અંગ્રેજી ભાષા શીખવા પંદર વર્ષ બગડ્યાં. આ પંદર વર્ષમાં તો ભગવાન ખોળી કાઢ્યા હોત. આ પ્રસંગ ઉપરથી કેવી ખુમારી તથા ભગવાન પ્રત્યેનો અથાગ પ્રેમ હતો તે સમજી શકાય તેમ છે. મેટ્રિકમાં પછી નાપાસ થયા ત્યાર પછી મોટાભાઇ સાથે કોન્ટ્રાક્ટના ધંધામાં જોડાઇ ગયા. બધું આવડી ગયું ફટાફટ. કોન્ટ્રાક્ટનો ધંધો તે બે રૂપિયા લઇને નીકળું ને તો સાત ભાઇબંધો પાછળ ફર્યા કરે બધાને ચા પાણી પીવડાવું ઘોડાગાડીમાં ફરીએ.

સત્તર વર્ષની ઉંમરે એક સેકન્ડ હેન્ડ ઘડિયાળ એક મિત્ર પાસેથી પંદર રૂપિયાનું લાવ્યો હતો તે આમ પહેરીને સૂઇ ગયો તે અહીં કાનમાં દુખ્યું એટલે મેં કહ્યું કે આતો ઉલ્ટું દુઃખદાયી થયું માટે ફરી નથી પહેરવું. વળી થતું આ ઘડિયાળના આધારે આપણે

ચાલવાનું. આ ત્રણ વાગ્યા તો ચમકાવે અરે ત્રણ વાગ્યા આ કરવાનું બાકી છે. ત્યારપછી ઘડીયાળ પહેરવાનું બંધ કરી દીધું.

ભાઇબંધોએ કહ્યું રેડિયો લાવો ત્યારે અંબાલાલે કહ્યું કે ''અલ્યા રેડિયો અને તે હું સાંભળું તો મારા ટાઇમનું શું થાય. આ માણસની પાસે સાંભળતા જ કંટાળો આવે છે, તો આ રેડિયો ના હોય અમારી પાસે. એ મેડનેસ છે બધી. ઘડિયાળને ચાવી આપવામાં કે કેલેન્ડરનું પેલું કાગળિયું જીવનમાં મેં ફાડ્યું નથી. આવી નવરાશ કે આવો ટાઇમ જ ના હોયને એટલે મેં ટાઇમ કોઇ વસ્તુમાં બગાડ્યો જ નથી. ફકત છેતરાયેલો એટલો જ કે આ લૂગડાનો (કપડાનો)-શોખ. લૂગડાં સારાં પહેરવાં જોઇએ સ્કૂલમાં પણ અપટુડેટ કપડાં પહેરીને જતાં હતાં.''

અઢાર વર્ષની ઉંમરે સાયકલ લાવેલા ત્યારે ભાઇબંધોએ કહ્યું કે પંકચર બનાવતા શીખી લેજો ત્યારે અંબાલાલે કહેલ કે ''જે વિદ્યા બધાં જાણે છે એમાં હું શું કામ મારું બ્રેઇન લગાવું જે વિદ્યા કોઇ જાણતું નથી તે જાણવામાં કંઇક છે.'' નાનપણથી જ એક જ ભાવના અને નિશ્ચય હતો કે એવું જ્ઞાન મને થાય કે જે કોઇને ના હોય. અઢાર વર્ષની ઉંમરે ચૈત્ર વદી આઠમના દિવસે લગ્ન લેવાયાં. છ ગામના પાટીદાર હોવાને નાતે રૂપિયા ૨૭૦૦/- પૈઠણ (દહેજ) અમારા પિતાશ્રીએ લીધેલું. પત્નીનું નામ હીરાબા હતું. લગ્ન મંડપમાં હસ્ત મેળાપ સમયે માથેથી નવો ફેંટો હતો તે સહેજ સરક્યો તે સમો કરતા મહીં વિચાર સ્ફૂર્યો કે અત્યારે તો લગ્ન થઇ રહ્યું છે પણ જ્યારે ત્યારે તો બેમાંથી એકનો રંડાપો નિશ્ચિંત જ છે ને ! ભયંકર મોહના પ્રસંગે કેટલો ઉત્કૃષ્ટ વૈરાગ્ય.

ઓગણીસમે વર્ષે બાબો જન્મેલ તે વખતે બધા મિત્રોને પેંડા ખવડાવેલા. તે બાબાનું નામ મધુસૂદન પાડેલું. આ બાબો એટલો બધો રૂપાળો હતો કે અમારા મોટાભાઇ પણ તેને રમાડતા. તે બાબો અઢી વર્ષનો થઇ. ઇ.સ. ૧૯૩૧ માં ગૂજરી ગયેલ ત્યારે પણ બધા મિત્રોને પેંડા ખવડાવેલા ત્યારે મિત્રોએ પૂછયું કે કેમ અંબાલાલ કાંઇ ફરી ઘેર સારો પ્રસંગ આવ્યો કે શું ત્યારે તેઓને કહેલું મહેમાન રૂપે આવેલ બાબો ગુજરી ગયો અર્થાત્ મહેમાન ગયા. બાવીસમાં વર્ષે બેબીનો જન્મ થયેલ તેનું નામ કપીલા હતું તે પણ છ મહિના રહીને ગુજરી ગયેલ. આ બંને પ્રસંગોએ પણ ઉપર મુજબ જ પેંડા વહેચ્યા હતા. કિંચિત્માત્ર પણ મમતા કે મોહ પોતાના બાળકો પ્રત્યે ન હતાં તે આ પ્રસંગથી સ્પષ્ટ જણાઇ આવે છે.

વીસ વર્ષની ઉંમરે એક કામ પર જવાનું હતું તે દહાડે પાંચ વાગ્યાની ગાડીમાં વિશ્વામિત્રી સ્ટેશનથી બેસવાનું હતું. તે વધારે રૂપિયા નહોતા પણ હજાર જ રૂપિયા લઇને કામ પર જવાનું હતું પણ તે દહાડે હજાર રૂપિયા એટલે આજના વીસ હજાર

રૂપિયા જેવા. મારી જોડે એક નોકર હતો. મારી જેટલી જ ઉંમરનો પટેલ જ હતો. તે મને કહે પહેલા ચાલો આપણે જરા ચા-નાસ્તો કરી લઈએ, પછી જવાય છે. એટલે નાસ્તો પાણી કરવા ગયા ત્યાર હોરો ટાઈમ થઇ ગયો અને ઘોડાગાડી સ્ટેશને પહોંચી ત્યારે ગાડી ઊપડતી હતી એવું જોવામાં આવ્યું હવે ઘેર પાછા જઇએ તો મોટાભાઇનો ભય બહુ, આ તો ઉપાધિ થઈ પછી મેં પેલાને કહ્યું અલ્યા ચાલીને જઇશું આપણે ! અહીંથી અગિયાર માઇલ છે. ત્યારે પેલો કહે છે હાં કશો વાંધો નહીં પણ આ રૂપિયા છે પાસે તે ? મેં કહ્યું એ બધું મારે સાચવવાનું તું ચાલીશ ખરોને ? ત્યારે કહે હા ચાલવાનો વાંધો નથી ! પછી તે રૂપિયા તે નોકરના લંગોટમાં બંધાવી દીધા અને થોડા છૂટા રૂપિયા કોટના ગજવામાં રાખ્યા અને પછી ચાલવા માંડ્યું રેલવેના પાટે પાટે. તે ત્યાંથી આઠ માઇલ ગયા ત્યારે એક પાદરા કરીને ગામ આવ્યું ત્યાં ચા-નાસ્તા કર્યા અને સીગારેટે ય લીધી મને ખબર હતી કે આ નંગોડો (બહારવટિયા) ભેગા થયા વગર રહે નહીં આ ક્વોલિટી દસ, અગિયાર કે બાર વાગેને એટલે ભેગા થયા વગર રહે નહીં. એટલે થોડી વધારે સીગારેટ લઇ લીધી ને પછી રેલ્વેના પાટે ચાલ ચાલ કર્યું ત્યાં એક બાવટી આવી એક તળાવ તે જ્યાં આગળ જે ગામમાં રેસ્ટ હાઉસમાં મુકામ કરવાનો છે ત્યાં જ આવું આવ્યું હવે ત્યાંથી રેસ્ટ હાઉસનો રસ્તો પા કલાકનો થાય. લોકોએ અમને કહેલું કે પેલી બાવટીમાં બહારવટિયા બેસી રહે છે. ત્યાં આવ્યા એટલે હું સમજી ગયો મને અણસારો માલુમ પડ્યો કે આ નીચે બધાં બેઠેલા છે એટલે મેં શું કરવા માંડ્યું કે આ રેલ્વે લાઇન ઉપરથી સ્લોપમાં નીચે ઉતર્યો અને એમના તરફ ગયો. પેલો અમારો નોકરેય મારી પાછળ પાછળ આવ્યો. રૂપિયા મારી પાસે નહીં રાખેલા. પેલા બહારવટિયા પાસે જઇને બેઠો. તે બહારવટિયાઓએ બુકાની બાંધેલી એટલે ઓળખાય નહીં અને અંધારું ઘોર પણ સાધારણ સહેજ સહેજ દેખાય. આ તારાઓને લીધે તે બહારવટિયા કહે ક્યાંથી આવ્યો ? ત્યારે મેં કહ્યું ભાઇ આ તો ટિકિટના પૈસા નહોતા તે ત્યાંથી ચાલતા ચાલતા આવ્યા છીએ પછી મેં કહ્યું આ ભાઇ મળ્યા તે કહ્યું હેંડ બીડીઓ પીએ અને અહીંયા તો બહારવટિયાનો ભોને એટલે તમે મળ્યા તે સારું થયું ! ત્યારે કહે ઊઠ અહીંથી હવે આગળ ચાલવા માંડ બહુ દોઢ ડાહ્યો ડહાપણ ના કરીશ એટલે હું સમજી ગયો કે આ લોકોએ લીલી ઝંડી આપી દીધી એટલે સીધા રેસ્ટ હાઉસમાં ગયા. ત્યાં રેસ્ટ હાઉસમાં પગી કહે છે ક્યાંથી આવ્યા શેઠ. મેં કહ્યું આમથી અત્યારે કંઇ ગાડી ! મેં કહ્યું ગાડી નહીં. ચાલતા ચાલતા આવ્યા ત્યારે કહે આ પેલી બાવટી આગળ કોઇ ભેગા ના થયા ? અહીંથી હમણાં જ ગયા. મેં કહ્યું ભેગા થયા અને એમણે પાસ આપ્યો ત્યારે તો અમે અહીં આવ્યા. ત્યારે કહે તમને કશું કર્યું ? માર્યા નથી ને ? ત્યારે મેં કહ્યું ના માર્યા નહીં. પાસ આપી દીધો. એ તો સહેજ

તુંકારો કરીને ટૈડકાવે. એટલું જ કે ઊઠ અહિંથી જા છાનોમાનો. એ જાણે કે આ તો માથે પડ્યા. મેં તો સીગારેટ ધરી કહ્યું લો સીગારેટ પીવોને ત્યારે કહે જો પાછો બોલ્યો. હું સમજુ કે આ જરાક નાટક કરીશું ને એટલે જવા દેશે. એટલે નાટક કરવાનું અને આ જગત જ નાટક જ છે અને મને તો બધી કળા આવડે.

આ વીસ વર્ષથી ઉંમરે એટલે કે મને વીસ વર્ષ પૂરા થયા ત્યારે અમારા મોટાભાઇ શ્રી મણીભાઇનો દેહ છૂટી ગયો હતો.

ઇ. સ. ૧૯૨૮માં હું સિનેમા જોવા ગયો હતો ત્યાં મને આ પ્રશ્ન ઉત્પન્ન થયો હતો કે અરેરે! આ સિનેમાથી તો આપણા સંસારનું શું થશે અને શી દશા થશે આ લોકોની ? પછી બીજો વિચાર આવ્યો કે, શું આ વિચારનો ઉપાય છે આપણી પાસે ? કોઇ સત્તા છે આપણી પાસે ? કોઇ સત્તા તો છે નહિ તો વિચાર આપણા કામનો નથી. સત્તા હોય તો એ વિચાર કામનો, જે વિચાર સત્તાની બહાર હોય અને એની પાછળ મથ્યા કરીએ તે ઇગોઇઝમ (અહંભાવ) છે. એટલે પછી બીજો વિચાર આવ્યો કે, શું આમ જ થવાનું છે. આ હિન્દુસ્તાનનું ? તે દહાડે અમને જ્ઞાન નહોતું જ્ઞાન તો ૧૯૫૮માં થયેલું. ૧૯૫૮માં જ્ઞાન થયું તે પહેલા અજ્ઞાન તો ખરું જ ને ? પણ ત્યારે અજ્ઞાનમાં એ ભાગ દેખાયો કે, જે અવળું જલ્દી કરી શકે છે તે સવળું પણ એટલી ઝડપથી પ્રચાર કરશે. માટે સવળાના પ્રચાર માટે એ સાધનો સારામાં સારાં છે. ૧૯૫૮માં જ્ઞાન થયા પછી એના પ્રત્યે જરાયે વિચાર નહિં આવેલા.

બાવીસ વર્ષની ઉંમરથી રાહ જોવાનું છોડી દીધેલું. એકવાર એક મિનિટ માટે બસ ચૂકી ગયા અને દોઢેક કલાક બીજી બસની રાહ જોવી પડી. તેમાં તારણ કાઢેલું કે આ દુનિયામાં કોઇપણ માણસની કે વસ્તુની રાહ જોવી એના જેવી ફુલીસનેસ (મૂર્ખામી) બીજી કોઇ નથી. બાવીસમાં વર્ષે મારો અહંકાર બહુ ભારે. હું અહંકારને લીધે જ જીવતો હતો અને કોન્ટ્રાક્ટનો ધંધો તે લોકો શેઠ શેઠ કર્યા કરે તે અહંકાર ફાલી ફૂલીને મોટો કરેલ, કોઇક અંબાલાલભાઇને બદલે બિચારો અંબાલાલ કહે તો મને આખી રાત ઊંઘ ના આવે. ઉપાધિ રહ્યા કરે એવો ભારે અહંકાર હતો. બાવીસ વર્ષની ઉંમરે એવું બનેલું કે એક જણને ત્યાં હું રાત્રે બાર વાગે ગયો. રાત્રે સિનેમા છૂટે તે રાત્રે બાર વાગે પેલા મિત્રને ત્યાં ગયો એટલે પેલાને મનમાં એમ થયું કે કોઇ દહાડો આ રાત્રે બાર વાગે આવે નહીં ને આજે આવ્યો છે તે કશું પૈસા બૈસા જોઇતા હશે. એટલે એણે બીજો ભાવ કર્યો. હવે મારે કશું જોઇતું નહોતું. પેલાની દૃષ્ટિ મને બદલાયેલી લાગી, રોજ દૃષ્ટિ હતી એ આજ મારા તરફ આ દૃષ્ટિ બગડી છે એટલે હું સમજયો ઘેર જઇને વિશ્લેષણ કર્યું. મને લાગ્યું કે આ જગતના મનુષ્યોને દૃષ્ટિ બગાડતાં વાર નહીં લાગે માટે આપણાં જોડે રહે છે તે બધા લોકોને એક એવું નિર્ભય

પદ આપો કે એમને પછી દૃષ્ટિ જ બગડે નહીં. એટલે પછી મિત્રોને મેં કહ્યું ''તમારે કોઇએ મારું કામ કરવું જ નહીં એટલે મારો ભોં તમને ના હોવો જોઇએ. હું બે માથાવાળા પાસે કશું જ માગતો નથી કારણ કે બે માથાવાળો પોતે જ દુઃખી છે. અને એ કંઇ ખોળે છે એની પાસે હું આશા રાખતો નથી પણ મારી પાસે આશા રાખજો કારણ કે તમે તો ખોળો છો અને તમને છૂટ છે. મારી પાસે તમારું કામ અડધી રાતે પણ કરાવી જજો'' ત્યારે બધા મિત્રોએ કહ્યું કે સુપર હ્યુમન સિવાય આવું કોઇ બોલી શકે નહિં.

ત્રેવીસમાં વર્ષે આ એક બનાવ બનેલ. પરમ તત્ત્વની પ્રાપ્તિની ઝંખના બહુ નાની ઉંમરથી પ્રગટેલી. વૈષ્ણવ ધર્મનો, સ્વામિનારાયણ ધર્મનો, જૈન ધર્મનો, કબીર, અખા વગેરે સંતોનો ખૂબ ઊંડો અભ્યાસ કરેલો. પણ ક્યાંય તૃપ્તિ ના થઇ. એવામાં અમારા ભાગીદાર શ્રી કાંતિભાઇએ શ્રીમદ્ રાજચંદ્રનું પુસ્તક આપ્યું. તે વાંચ્યા પછી અમે કહેલું કે ''અત્યાર સુધી મેં ઘણા પુસ્તકો જોયાં પણ મને કોઇની વાત ગમી નહીં અને મારી ભૂખેય મટી નહીં.'' શ્રીમદ્ રાજચંદ્રનું પુસ્તક મને ગમ્યું પણ પ્રગટ સ્વરૂપે તેમનાં દર્શન થયાં ન હોવાથી પૂર્ણ તૃપ્તિ થઇ નહીં. છતાં તલ્લિનતા તેમનામાં જ રહી.

ચોવીસમાં વર્ષે કોન્ટ્રાક્ટના ધંધામાં ભાગીદારને સ્પષ્ટ કહેલું કે ''બીજા કોન્ટ્રાક્ટરો સીમેન્ટ અને લોખંડ કાઢી લે છે તેમ આપણે નથી કરવું. સીમેન્ટ એ તો મકાનનું બ્લડ (લોહી) છે અને લોખંડ એ હાડકાં છે. લોહી અને હાડકાં કાઢી લે તો શું રહે ? ભૂખ્યા મરીશું પણ અનીતિ નહીં કરીએ. ચોવીસ વર્ષની ઉંમરે કોન્ટ્રાક્ટના ધંધામાં વખતે ઘણી વખત ભાદરણથી વડોદરા જવાનું થાય, તે લોકો શહેરમાંથી અમારી ફલાણી વસ્તુઓ લેતા આવજો તેમ કહે અને મારો સ્વભાવ પહેલેથી રાજશ્રી તે એક જગ્યાએ ભાવ પૂછીને વસ્તુ ખરીદી લઉં. બીજી જગ્યાએ ભાવ પૂછું જ નહીં અને મને ખબર હોય કે આ વધારે ભાવ છે તેથી પછી જ્યારે એ વસ્તુઓ લઇ ગામ પાછો જતો ત્યારે જેની વસ્તુ હોય તેને કહેતો ભાઇ રૂ. ૧૦-૦૦ની આવેલી છે. ખરેખર હું રૂ. ૧૨-૦૦માં ખરીદીને લાવ્યો હોઉં પણ મારા ઘરના બે રૂપિયા ઉમેરું જેથી લોકોને એમ ના થાય કે કંઇક કમિશન કાઢી લીધું હશે અને લોકો એમ જાણે કે અંબાલાલ ઘણી સારી વસ્તુ સસ્તામાં ખરીદી લાવે છે તે દરેક વખતે મને વસ્તુ લેતા આવવાનું કહે. આખું જીવન જ પરોપકારમાં ગયેલું, લોકો અમને સુપર હ્યુમન તરીકે ઓળખતા હતા.

પચીસ વર્ષની ઉંમરે એવું થયેલું કે દેહ સારો હોય છે, દાંત બધાય હોય છે તોય તે છેવટે બાળી જ મેલવાનું ને તેવું ૨૫માં વર્ષે પઝલ ઊભુ થયેલું. તે સવારમાં ધંધા ઉપર જતાં જતાં નાસ્તો કરવાની ટેવ. તે રોજ ચોખ્ખા ઘીની મીઠાઇ અને સેવનો રોજ

નાસ્તો કરવાની ટેવ પડેલી. આ બે વસ્તુ ખાઈને પછી જ કોન્ટ્રાક્ટના કામ ઉપર જવાનું. તે વખતે અંદર થયેલું કે આ બહારનું ખાવાથી શરીર બગડશે અને વિચાર આવેલ કે અહીં જ રોગમાં મર્યો ને તે ફરીના અવતારમાં નિરોગી નહીં થાય.

છવ્વીસ વર્ષની ઉંમરે એક જણ મારા ઓળખવાળા હતા, તેમને ત્યાં બહારગામ ઊતર્યો હતો. તે મને કહે કે, મારા બનેવીની તબીયત હમણાં બહુ બગડી ગયેલી છે, જરા સિરીયસ છે, એટલે મને તો આખો દહાડો ચેન પડતું નથી. પરમ દહાડે જ ત્યાંથી ખબર જોઈને પાછો આવ્યો છું. તે આમ ચિંતા (વરીઝ) કર્યા કરતો હતો. તેમની વાત સાંભળીને મનેય ચિંતા થવા માંડી, કારણ કે એમને જવાન ઉંમરના બહેન અને તે વખતે મને જ્ઞાન થયેલું નહિં. પછી રાત્રે અગિયાર થયા ને વાતો કરતાં કરતાં પેલા ભાઈએ તો નસકોરા બોલાવવા માંડ્યા. અને એના બનેવીની ચિંતાથી મને આખી રાત ઊંઘ ના આવી. આ દુનિયા આવી હોય? એના બનેવી હારું હું જાગું છું, હું ઉપાધિ કરું છું અને એ નસકોરા બોલાવે છે! પછી મેં મારી જાતને કહ્યું, હું ક્યાં આ ડફોળ બન્યો? જેનો બનેવી માંદો હતો તે ઊંઘી ગયો અને મેં વાત સાંભળી તો મને અસર થઈ ગઈ! આ તો આપણે જ ડફોળ છીએ! ત્યારથી હું દુનિયાને ઓળખતો થયો કે દુનિયા શું છે, પછી સમજી ગયો કે આ જગત પોલમપોલ છે.

સત્તાવીસ વર્ષની ઉંમરે એક ફેરો હું મારા વાઈફ અને મધર એ ત્રણ જણા બપોરના બાર વાગે બધું જમી રહ્યાં પછી ચાર જણ ઘેર આવ્યા. જમતાં પહેલા જો કદી એ આવ્યા હોત ને તો અમે એ બધું જમવાનું રહેવા દઈને થોડીવાર પછી બીજું ''નવું સરપ્લસ'' કરી અને પછી સાથે જમવા બેસત. પણ આ તો જમી રહ્યાં અને તરત જ ચાર જણ આવ્યા. હવે બપોરે બાર વાગેલા. ઉનાળાનો સખત તાપ. અમારા માજી મારી બાજુમાં બેઠા હતાં તે મને કહે કે ''આ ક્યાં આવ્યા.'' પેલા લોકો સાંભળે એવું નહીં પણ આમના હાવભાવ ઉપરથી હું સમજી ગયો કે એ શું કહેવા માગે છે. પેલા લોકો તો આગળના રૂમમાં છે તે પોતાના કપડાં કાઢતા હતા. બિસ્તર બધું મૂકતા હતા. એમને ખબર નહીં કે આ શું કહે છે. પણ હું માજીના હાવભાવ ઉપરથી સમજી ગયો એટલે મે માજીને કહ્યું બેસો હમણાં શાંતિ રાખો હાથેથી આમ કર્યું એટલે એ સમજી ગયાં. તે દહાડા પછી મે ઘરમાં કહી રાખેલું માજીને અને મારા વાઈફને કે બાર વાગ્યા પછી જો કોઇ માણસ આવે ને તમારે તબિયત નરમ હોય તો સૂઈ રહેવું. હું જમવાનું જાતે બનાવી આપીશ, પણ કોઈની ઉપર ભાવ નહીં બગાડતા. કોઇ આવે એટલે ભાવ બગાડવાના નહીં, નહીં તો ય જમાડવો તો પડશેજ પણ ભાવ બગાડીને જમાડવો એ મને પોષાશે નહીં. તે દહાડે અમને જ્ઞાન નહીં પણ કડકાઈથી કહેલું અને એવું પણ કહેલું કે નહીં તો આ સંસાર છોડી દઈશ. વૈરાગ લઈ લઈશ આવું એક જ વખત કહેલું

અને તેના પ્રભાવે બા અને પત્નીના વિચારો બધા ફેરફાર થઇ ગયેલા.

અઠયાવીસ વર્ષની ઉંમરે એક ગુરુ મને સમાધિ શીખવાડવા આવ્યા હતા. તે મને કહે કે નાક દબાવીને કરો ? મેં કહ્યું કે મહારાજ નાક દબાવો તો છોંકરું શું કરે ? ત્યારે કહે ક્યા કરનેવાલા હૈ ? મે કહ્યું કે બચકું ભરી લે. તો એ જ્ઞાન સાચું છે ? આ તો નાક દબાવીને હેન્ડલ મારીને સમાધિ કરવા નીકળ્યા. હેન્ડલ માર્યા તે હાથેય દુઃખે.

હું ત્રીસેક વર્ષની ઉંમરનો થયો ને ત્યારે હીરાબાને આંખમાં કશુંક થયેલું તે ડૉકટરને બતાડવા ગયા તે ડૉકટરથી એવું કંઇક થઇ ગયું કે હીરાબાની એક આંખ જતી રહી. એટલે બીજા બધા કહે છે કે ભાઇ તમે ફરી લગ્ન કરો અને છોકરાંય નહોતા એટલે ફરી લગ્ન કરો એમ કહેવા લાગ્યા ત્યારે મેં કહ્યું ''મેં હીરાબાને પ્રોમીસ આપ્યું છે એમની બેઉ આંખ જતી રહેશે તોય હું એમની સેવા કરીશ. કારણ કે મેં પ્રોમીસ આપેલું છે. પ્રોમીસ આપ્યા પછી ફરી ના જવાય. લગ્નમાં ચોરીમાં હાથ આપ્યો હતો. આપણે હાથ આપ્યો તે પ્રોમીસ કર્યું. આપણે અને બધાં સગાં વહાલાંઓની હાજરીમાં પ્રોમીસ કર્યું છે એ પ્રોમીસ આપણે ક્ષત્રિય તરીકે એમને આપ્યું હોય તો એ પ્રોમીસ માટે એક અવતાર મૂકી દેવો પડે.''

એકત્રીસ વર્ષની ઉંમરે મારે હઉં જીવનમાં એકવાર મતભેદ પડી ગયેલો. હું ફસાયો હતો હીરાબા મને કહે છે મારા ભાઇને ચાર દીકરીઓ છે તેમાં પહેલી દીકરી પરણે છે તો એને ચાંદીનું શું આપીશું ? ત્યારે મેં કહ્યું આ ઘરમાં હોય તે આપી દેજો. [અમારે ઘરમાં મારી-તારી શબ્દ ના નીકળે. આપણું આપણું જ બોલાય] ત્યારે તે દિવસે હીરાબા એવું બોલ્યા કે આ તમારાં મામાનાં દીકરાને ત્યાં તો આવડા આવડા ચાંદીના તાટ આપો છો. એટલે મારી-તારી થઇ તે દહાડે. તમારાં મામાનાં દીકરા કહ્યું આટલે સુધી આ દશા થઇ મારી. એટલે તરત મને મારી ભૂલ સમજાઇ અને તરત જ હું ફરી ગયો. ફરી જવાનો વાંધો નથી, પણ મતભેદ ન પડવો જોઇએ. એટલે મે કહ્યું હું એવું કહેવા નથી માંગતો, આમ રોકડા પાંચસો ને એક આપજોને એટલે હીરાબા તરત બોલ્યા ''તમે તો ભોળાને ભોળા રહ્યાં. આટલા બધા રૂપિયા અપાતા હશે.'' જો જીતી ગયો ને, મેં કહ્યું. પાંચસો એક રોકડા આપજો અને વાસણ નાના આપો. ત્યારે એ શું કહે કે તમે ભોળા છો આટલા બધાં અપાતાં હશે ! જો મતભેદ ઊડી ગયો ને ! મતભેદ પડવા ના દીધો અને ઊલટું એમણે મને કહ્યું કે તમે તો ભોળા છો. આ તો મારા ભાઇને ત્યાં તમે ઓછું આપો છો એ વિચારો એમના મનમાં પેસતા હતા તેને બદલે એમણે એમ કહ્યું કે આટલા બધા ના અપાય એટલે મારી ભૂલ થયેલી તે મેં સુધારી લીધી. આવી બધી ઘણા પ્રકારની અમારી પાસે બોધકળા હતી.

બત્રીસ વર્ષની ઉંમરે સત્સંગની શરૂઆત કરેલી અને જિંદગીમાં ઉપરી જોડે બળવો કરેલો અને અન્ડરહેન્ડનું રક્ષણ કરેલું. ક્ષત્રિયપણું સાચવી રાખેલું, રાત્રે પિકચર (સિનેમા) જોઇને પાછા આવતા હોય અને રસ્તામાં કૂતરું સૂઇ ગયેલું હોય તો દાદા પોતાના જોડા હાથમાં લઇને ચાલે કે જેથી તેને ઊંઘમાં ખલેલ ન પડે. આવી જાગૃતિ કે મારા નિમિત્તે કોઇને કિંચિત્માત્ર દુઃખ ન થવું જોઇએ કે મારા નિમિત્તે કોઇને ભય ન થવો જોઇએ.

તેત્રીસ વર્ષની ઉંમરે પૈસા સબંધી એક પ્રસંગ બનેલ. અમે એક માણસને પાંચસો રૂપિયા આપેલા, આપ્યા તે તો ચોપડે લખવાના ના હોય કે ચિઠ્ઠિમાંય સહી કશું ના હોય. તે પછી એને વર્ષ દોઢ વર્ષ થયું હશે મનેય કોઇ દહાડો સાંભરેલું નહિ, એક દહાડો પેલા ભાઇ ભેગા થઇ ગયા અને મને યાદ આવ્યું. પછી મેં કહ્યું કે, પેલા પાંચસો રૂપિયા મોકલી આપો, જો તમારે હવે છુટ થઇ હોય તો. મારા પાંચસો રૂપિયા લીધેલા તે મોકલી આપજો! ત્યારે એ કહે છે કે, શેના પાંચસો મેં કહ્યું કે, તમે મારી પાસેથી લઇ ગયા હતા તે ? ત્યારે એ કહે કે તમે મને ક્યાં ધીરેલા ? તમને રૂપિયા તો મેં ધીરેલા, એ તમે ભૂલી ગયા છો ? ત્યારે હું સમજી ગયો. પછી મેં કહ્યું કે, હા, મને યાદ કરવા દો! થોડી વાર આમ તેમ વિચાર કરીને મેં કહ્યું કે, હા, મને યાદ આવે છે ખરું, માટે કાલે આવીને લઇ જજો, પછી બીજે દહાડે રૂપિયા આપી દીધા. એ માણસ અહિં આવીને ચોંટે કે તમે મારા રૂપિયા નથી આપતા, તો શું કરો? આવા બનેલા દાખલાઓ છે. [આમ પૈસાની બાબતમાં તે માણસ દાદાને ઉંધો ચોટ્યો પણ છતાં પણ દાદાએ તે માણસને સામેથી પૈસા આપીને તેનો નીવેડો લાવેલ. આ પ્રસંગ ઉપરથી દાદાને પૈસા પ્રત્યે મોહ ન હતો એ સમજાય એવી વાત છે.] જ્ઞાન પહેલાં અમે કેવી રીતે મોક્ષમાં રહેતા કે ગાડીમાં મુંબઇથી બેસીએ અને ગાડી ઊપડે એટલે અમે કહીએ કે હવે આપણે મુંબઇથી મુક્ત થયા અને વડોદરાથી બંધાયા નથી માટે આ વચલો કાળ આપણો મોક્ષનો કાળ છે તે મોક્ષમાં રહો એટલે જ્ઞાન નહોતું ત્યારે આ રીતે અહંકારી મોક્ષ, કલ્પેલાં મોક્ષમાં રહેતા, પણ મઝા આવે.

ચોત્રીસ વર્ષની ઉંમરે અમને સમજાયેલું કે આપણે જેને પૈસા ધીર્યા છે તેની પાસેથી ઉઘરાણી કરીને પાછા માંગવા નથી પાછા માંગીશું તો ફરી લેવા આવશે એટલે પછી મિત્રો પાસેથી પૈસા લેણા નીકળતા હતા તેવા રૂપિયા ૪૨,૦૦૦/- તેમની પાછળ માંડવાળ કરેલા. હું ૧૯૪૨માં બોલતો હતો કે, વર્લ્ડનું કન્ર્વઝન ધીમે ધીમે મેન્ટલ હોસ્પિટલમાં થઇ રહ્યું છે, તે એક દિવસ મેન્ટલ હોસ્પિટલ થઇ જશે! તે આજે આપણને એમ જ લાગે છે કે, આ મેન્ટલ હોસ્પિટલના માણસો છે કે શું? હા, એ જ

છે.... આખો દા'ડો લોક ગાંડા જ કાઢ્યા કરે છે ને ! એક કપ ફૂટી ગયો હોય ને તો તેનાયે ઝઘડા કર્યા કરે, એને મેન્ટલ હોસ્પિટલ કહેવાય. મનુષ્ય તો કેવો હોય ? માનવતાવાદી હોય, ડાહ્યો હોય, કપ ફૂટી ગયો હોય, તો કહેશે, ફૂટી ગયો તે ફૂટી ગયો, એની ફરી વાત કરવી એ મૂર્ખાઇ છે, પુનરુક્તિદોષ લાગે. આ તો હજારો શું લાખોમાં પણ એક ઘર ક્લેશ વગરનું નથી. એટલે ગાંડાની હોસ્પિટલ કહેવાય. કારણ કે ધર્મસ્થાનોમાં તો સંપૂર્ણ શાંતિ જ વર્તવી જોઇએ. જાપાનમાં મહાન સાઇગો તરીકે જાણીતા સમુરાઇએ કહ્યું છે કે ભૂલને સુધાર્યા પછી, આમ વિચારવું શ્રેષ્ઠ છે - આ ભૂલ મારાથી થઇ હતી. પછી, આ બાબતને મૂકી દેવી, એની તરફ ફરીને ન જોવું અને તત્ક્ષણ આગળ નીકળી આવવું. ભૂલ માટે શરમ અનુભવવી અને તેને કેમ છાવરવી એની ચિંતા કર્યા કરવી એ ચૂરેચૂરા થઇ ગયેલા કાચના ચાના પ્યાલાને સમારવા જેવું નિરુપયોગી છે.

પાંત્રીસ વર્ષની ઉંમરે અમારે ઘેર તો ચાર ચાર ગાડીઓ પડી રહેતી, કારણ કે આવો પરગજુ માણસ કોણ મળે? ગૂંચવાયેલા માણસને એક કલાકમાં ગૂંચ કાઢી આપું. એવી બોધકળા હું લાવેલો, આવો અંબાલાલભાઇ કહે એટલે ચાલ્યું ! આવા ભોળા માણસ કોણ મળે? કશું બીજું ચા-પાણી નહિ કરો તોય ચાલશે, પણ આવો પધારો કહ્યું એટલે બસ, બહુ થઇ ગયું ! જમવાનું નહિ કરે તો ય ચાલશે, બે દહાડા ભૂખ્યો રહીશ. તારી ગાડીમાં આગલી સીટ પર મને બેસાડજે, પાછળ નહિ. એટલે પેલા લોકો આગલી સીટ મારી રોકી જ રાખે, હવે આવું કરનારું કોણ મળે? માની બિચારા ભોળા હોય, એક માનની ખાતર બિચારા બધી રીતે છેતરાય, રાતે બાર વાગ્યે ઘેર આવે ને કહે, અંબાલાલભાઇ, સાહેબ છે કે? ભાઇ સાહેબ કહ્યું કે બહું થઇ ગયું, એટલે માનીનો બીજા લોકો લાભ ઉઠાવે. પણ માનીને ફાયદો શો કરી આપે કે માનીને એવો ઊંચે ચઢાવે અને એવો અફાળે કે ફરી માન બધું ભૂલી જાય. ઊંચે ચઢ્યા પછી પડે ને? તે અમને રોજ અંબાલાલભાઇ કહેતા હોય ને એક દહાડો અંબાલાલ કહે તો કડવું ઝેર જેવું લાગે. એક ફેરો આખી રાત ઉપાધિ થતી. તે પછી ચિંતાનું પડીકું વાળ્યું, પડીકું વાળી અને વિધિ કરી, અને બે ઓશીકા વચ્ચે મૂકીને સૂઇ ગયો. પછી સવારમાં વિશ્વામિત્રી નદીમાં જઇને નાખી આવ્યો એ પડીકું!

છત્રીસ વર્ષની ઉંમર પછી કડક બ્રહ્મચર્ય પાળેલું. હિરાબા હોવા છતાં બ્રહ્મચર્યમાં બહુ જ જાગૃતિ રાખેલી.

સાડત્રીસ વર્ષની ઉંમરે અમે પૂજા ભણાવતા હતા, અને તે પછી સખત વૈરાગ્ય આવી ગયેલ.

આડત્રીસ વર્ષની ઉંમરે બારડોલી તાલુકામાં આવેલ હરિપુરા ગામમાં કૉંગ્રેસના અધિવેશનમાં ગયેલા ત્યાં આઝાદીના લડવૈયા સુભાષચંદ્ર બોઝને મળેલા.

ઓગણચાલીસ વર્ષની ઉંમરનો એક પ્રસંગ છે : ધંધામાં ખોટ આવી હોય તો લોકોને કહી દઉ અને નફો આવ્યો હોય તોય કહી દઉ પણ લોક પૂછે તો જ, નહિ તો મારા ધંધાની વાત જ ના કરું. લોક પૂછે, કે તમને હમણાં ખોટ આવી છે, એ વાત ખરી? ત્યારે હું કહી દઉં કે એ વાત ખરી છે. કોઇ દહાડો અમારા ભાગીદારે મને નથી કહ્યું કે, તમે કેમ કહી દો છો? કારણ કે આવું કહેલું તો સારું કે લોક ધીરવા આવતા હોય તો બંધ થઇ જશે ને દેવું વધતું ઓછું થશે. અમારે કંપનીમાં ખોટ આવેલી તે જરા ઠંડું પડેલું તે વડોદરા જઇએ ત્યારે લોક પૂછે કે, બહુ ખોટ આવી છે? ત્યારે મેં કહ્યું કે કેટલી લાગે છે તમને ત્યારે કહે કે લાખેક રૂપિયાની ખોટ આવી લાગે છે. ત્યારે મેં કહ્યું કે ત્રણ લાખની ખોટ ગઇ છે, હવે ધંધાની અરધા લાખની કે પોણા લાખની ખોટ આવી, પણ હું એને ત્રણ લાખની કહું, કારણ કે પેલો ખોળવા જ આવેલો હોય! એ શું ખોળવા આવ્યો હોય એ હું જાણું છું, કે આને જો હું લાખની કહીશ તો તે નાખુશ થશે. એટલે હું કહુ કે, ત્રણ લાખની ખોટ ગઇ એટલે તે દહાડે એ ભાઇ નિરાંતે જમે, બીજો કોઇક લાગણીવાળો આવે અને પૂછે કે ખોટ બહું ગઇ છે ? ત્યારે હું કહું કે ''ના, પચાસેક હજારની ખોટ ગઇ છે. એટલે એય ઘેર જઇને શાંતિથી જમે. લાગણીવાળા અને પેલા, બેઉ જાતના લોક આવવાના. બેઉને ખુશ કરીને કાઢવાના. હું ન્યાયાધીશ હોઉ તો બધાંને સુખી કરીને સજા કરું. કોઇને એના ગુના માટે સજા કરવાની આવે તો પહેલાં તો હું એને પાંચ વર્ષથી ઓછી સજા થાય એવું નથી એવી વાત કરું. પછી વકીલ ઓછું કરવાનું કહે ત્યારે ૪ વર્ષ, ૩ વર્ષ, ૨ વર્ષ એમ કરતાં કરતાં છેલ્લે છ મહિનાની એને સજા કરું. આથી પેલો જેલમાં તો જાય અને સુખી થાય. મનમાં રાજી થાય કે છ મહિનામાં પત્યું. આ તો માન્યતાનું જ દુઃખ છે. જો તેને પહેલેથી જ છ મહિનાની સજા થશે એમ કહેવામાં આવે તો એને એ બહુ લાગે. છેવટે આપણું ધ્યેય બધાંને સુખી કરવાનું છે. [ઉપરનાં બંને પ્રસંગો ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે દાદાએ આખી જિંદગી લોકોને ખુશ કરવા માટે જ બોધ કળા વાપરી હતી.]

દાદાની ચાલીસ વર્ષની ઉંમરે એક બનાવ બનેલ. કોઇક માણસ મુંબઇ જતો હોય વડોદરાથી, તે સૂઇ રહેવાની રાહ જોતો હોય અને પાલઘર આવે ત્યારે ગાડીમાં કંઇક જગ્યા થઇ તો હવે એ બિસ્તરો પાથરે, ત્યારે આપણે ના સમજીએ કે આ મૂરખ માણસ છે ! મને જ્ઞાન નહોતું થયું ત્યારે હું કહેતો હતો કે ધોળા આવ્યા, હવે શા બિસ્તરા પાથરો છો ? આ લોકોનું જોઇને બિસ્તરાની મને પણ કટેવ પડેલી. લોકો

મોટા મોટા બિસ્તરા લઇ જાય, તે મેં પણ મુંબઇથી એક બિસ્તરો વેચાતો લીધો, અને મહિ ગોદડું ઘાલીને બહારગામ જતો. દરેક વખતે મજૂર મળે, પણ એક દહાડો કોઇ મજૂર ના મળ્યો, અને મારાથી એ બિસ્તરો ના ઊંચકાયો. ખેંચ ખેંચ કરીને મારો દમ નીકળી ગયો. કોઇ ઝાલવાય ના મળ્યો. ત્યારથી સોગંદ લઇ લીધા કે ફરી ઊંચકાય એટલો જ સામાન ગાડીમાં જોડે રાખવો. તે આટલી બેગ એકલી રાખું, બીજી કશી ભાંજગડ નહિ, પાથરવા માટે ચાદર તે ચાદર પાથરીને બેગને ઓશીકાની જેમ ગોઠવીને સૂઈ જવાનું. બેગ ખૂંચે તો બેગમાંથી ટુવાલ હોય તે કાઢી આમ માથા નીચે મૂકીને સૂઇ ગયા એટલે ભાંજગડ પતી ગઇ. આ ઊંચકીને તો મારો દમ નીકળી ગયેલો. ત્યારથી સમજી ગયેલો કે આ લોકોની જોડે હું ક્યાં આ હરીફાઇમાં પડયો ? મમતાનો સ્વભાવ એવો કે આ કશું છોડે નહિ પણ અમને જેટલું જેટલું સમજણ પડીને કે તરત છોડી દઉં. જયાં માર પડે ત્યાં તરત છોડી દઉં. પછી નક્કી કરી લઉં. પણ આ બધું મારે જ્ઞાન થતા પહેલાની વાતો. જ્ઞાન થતા પહેલાં મારે એવી દૃષ્ટિઓ ઊભી થયેલી.

એકતાલીસ વર્ષની ઉંમરે દાદાએ ''ભોગવે તેની ભૂલ'' વાક્ય કેવી રીતે બહાર પાડેલ તે પ્રસંગ : એક બાઇ મુંબઇના બસ સ્ટેન્ડ પર ઊભી હતી. તે બસ સ્ટેન્ડમાં ઊભું રહેવું એ કંઇ ગુનો કહેવાય ? એટલામાં એક બસ આવી ને સ્ટેન્ડ ઉપર ચઢી ગઇ, અને તેણે સ્ટેન્ડ ભાંગી નાંખ્યું અને બાઇનેય કચડી નાંખી, ત્યાં પાંચસો માણસોનું ટોળું ભેગું થઇ ગયું. આ લોકોને કહીએ કે, આનો ન્યાય કરો, ત્યારે એ લોકો કહેશે કે, બિચારી આ બાઇ વગર ગુને મરી ગઇ. આમાં બાઇનો શો ગુનો ? આ ડ્રાઇવર નાલાયક છે, બાઇ બિચારી વગર ગુને મરી ગઇ, માટે ભગવાન જેવી કોઇ વસ્તુ જ આ સંસારમાં નથી લાગતી. લ્યો, આ લોકોએ આવું તારણ કાઢ્યું. પણ અમે શું કહ્યું ભોગવે એની ભૂલ. આ બધા તો ચાલુ હિસાબ છે. આ એક અવતારના નથી આજે એ બાઇની ભૂલ પકડાઇ તેથી ભોગવવું પડ્યું. આ કોઇ પોપાબાઇનું રાજ નથી, આ જગત અદલ ન્યાય સ્વરૂપ છે. ન્યાય વગર આ જગત એક સેકન્ડ પણ રહ્યું નથી. ભોગવે તેની ભૂલ, આ એક જ ન્યાય છે તેનાથી આખું જગત ચાલી રહ્યું છે અને ભ્રાંતિના ન્યાયથી સંસાર આખો ઊભો રહ્યો છે. ચોર અને શાહુકાર એ બેમાં અત્યારે ભોગવ્યું કોણે ? જેણે ભોગવ્યું તેની ભૂલ. ગજવું કાપનારો તો પકડાશે ત્યારે ચોર કહેવાશે. અત્યારે તો એ લહેરથી હોટલમાં ચા નાસ્તો કરે છે ને ! અત્યારે કોણ ભોગવે છે ? જેનું ગજવું કપાયું તે માટે કુદરતી ન્યાય કહે છે. ભૂલ આની. પહેલા તેણે ભૂલ કરેલી તેનું ફળ આજે આવ્યું ને તેથી જ તે લૂંટાયો.

બેતાલીસ વર્ષની ઉંમરે એક વખત હું પેપર વાંચતો હતો તે દેખાયું નહીં ત્યારે મારો ભાગીદાર કહે તમને બેતાલાં આવ્યા છે ચશ્મા લાવો. મેં કહ્યું મને જરૂર નથી. ત્યારે ભાગીદાર કહે ના એ તો બેતાલાં આવ્યાં કહેવાય ત્યારે મેં કહ્યું અલ્યા આવ્યા, તે જવા માટે આવ્યા છે. પણ છતા ભાગીદાર ચશ્મા લઇ આવ્યા. બે વર્ષ પછી એક જણો આવ્યો તે મને કહે તમારા ચશ્મા બહુ સારા છે મેં કહ્યું તને ગમતાં હોય તો તું લઇ જા મને ઉપાધિ છે. તે મેં તેને આપી દીધા અને હવે ત્યાર પછી સારું દેખાય છે.

તેતાલીસ વર્ષની ઉંમર પછી સરકારી ચોરીઓ વગેરે બંધ કરી દીધેલું. સરકારના કામમાં કોન્ટ્રાક્ટમાં ખૂબ ચોરીઓ કરેલી. બીજા કોન્ટ્રાક્ટર સોળના કાયદાને બદલે બાર વાપરે તો હું વધારે અક્કલવાળો તે અગિયાર વાપરું અને લેવલ બધું બરોબર કરીને ચૌદ પૂરવાર કરાવું. અમારું મન સરકાર જોડે જ ચોર રહેલું બીજે ક્યાંય નહીં, બીજે બધે આપી છૂટીયે પરંતુ ૧૯૫૧ પછી આ બધું બંધ કરી દીધેલું. એક ભાઇને એકાવનની સાલમાં આ એક શબ્દ આપ્યો હતો અથડામણ ટાળ. હું શાસ્ત્ર વાંચતો હતો ત્યારે એ મને આવીને કહે કે, દાદા, મને કશુંક આપો. એ મારે ત્યાં નોકરી કરતો હતો. ત્યારે મેં એને કહ્યું, તને શું આપે ? તું આખી દુનિયા જોડે લઢીને આવે છે, મારામારી કરીને આવે છે. રેલવેમાંય ઠોકાઠોક કરે. આમ પૈસા પાણી કરે. ને રેલવેને જે કાયદેસર ભરવાના છે તે ના ભરે અને ઉપરથી ઝઘડા કરે. તેના સબંધી આ બધું હું જાણું. તે મેં એને કહ્યું કે, તું અથડામણ ટાળ. બીજું કશું તારે શીખવાની જરૂર નથી, તે આજ સુધી હજીયે પાળે છે. અત્યારે તમે એની સાથે અથડામણ કરવાની નવી નવી રીતો ખોળી કાઢો જાતજાતની ગાળો ભાંડો તો એ આમ ખસી જશે. અથડામણ ટાળવાનું એટલે સહન કરવાનું નથી. સહન કરવાનું તો શીખશો જ નહિં, ઉકેલ કરવાનું શીખો.

મારી અડતાલીસ વર્ષની ઉંમરે મારી માતા ઝવેરબાનો દેહ છૂટી ગયેલો.

ઇ. સ. ૧૯૫૭ મને એમ થયું કે જ્ઞાન પેદા કેમ નથી થતું. એટલે મેં તપાસ કરી ભૂતકાળનો ભય નથી, ભવિષ્યનો ભય છે જ નહીં હવે વર્તમાનનો ભય છે કે નહીં તેની ચકાસણી કરવા હું રણછોડભાઇ સાથે સોનગઢમાં વાઘટેકરી ઉપર ગયો. વાઘની બોડ આગળ બેઠો પછી રણછોડભાઇ અને બીજા બે વાઘમારોએ કહ્યું કે તમે લોકો જતા રહો તે બારસો ફુટ ગયા પછી મને સંકલ્પ વિકલ્પ પેદા થયો કે વાઘ આવશે તો શું થશે તે વર્તમાન ભય દેખાયો ત્યારે મને ખબર પડી કે જ્ઞાન કેમ પેદા થતું નથી.

ઇ. સ. ૧૯૫૮માં સોનગઢથી વડોદરા પાછા વળતા ગાડીમાં સુરત આવેલા અને સંધ્યાકાળ પહેલા જમવાનો નિયમ એટલે ગાડીમાં જમી લીધેલું અને પછી સુરતના સ્ટેશને ઉતર્યા ત્યાં ત્રણ નંબરના પ્લેટફોર્મ ઉપર છેલ્લા બાંકડા ઉપર બેઠેલા

અને સાથે રહેલ ભાઇ શ્રી રણછોડભાઇ જમી લીધેલાં વાસણ ધોવા (સાફ કરવા) માટે ગયેલ જૂન મહિનો સંધ્યાકાળનો સમય ૬-૪૫ અને એકાએક જ આખા બ્રહ્માંડનું દર્શન જ્ઞાનમાં ઝળક્યું. આ સ્થિતિ એક કલાક અર્થાત્ ૬-૪૫ થી ૭-૪૫ સુધી રહી જેમાં પોતે કોણ છે ? આ જગત શું છે ? કેવી રીતે ચાલે છે ? ભગવાન કોણ છે શું કરે છે ? કયાં રહે છે ? વિગેરે વિગેરે બ્રહ્માંડનાં સર્વ રહસ્યો સ્પષ્ટ દર્શનમાં આવ્યાં. ત્યારબાદ એજ આત્મસ્થિતિ નિરંતર રહેવા માંડી. ૫૦ વર્ષની ઉંમરે આ ઘટના બની.

પૂજ્ય દાદાશ્રી તે સમયની સ્થિતિનું વર્ણન કરતા કહે છે ૧૯૫૮માં આ જ્ઞાન પ્રગટયુ અને અમે જ્ઞાની થયા, તે પહેલાં અમેય અજ્ઞાની જ હતા, અહંકારી હતા, તેના નિરંહકારી થયા. તે ઘડીએ બાંકડાં પર બેઠેલા છતાં સિદ્ધગતિમાં હોય એવું અપાર આત્મસુખ અમે અનુભવ્યું બાકી અનુભવ ગમ્ય વાતનું વર્ણન કઇ રીતે થાય. વધુમાં દાદાશ્રી કહે છે અમને આ જ્ઞાન થયું તે અમારા ભાભી દિવાળી બાને આભારી છે. ભાભી આવા ન હોત તો મને વૈરાગ્ય આવત નહીં, મારી ભાભી તો મારું તીર્થધામ છે. વીસ વર્ષ નિરંતર જાગ્યો છું ત્યારે આ જ્ઞાન પ્રગટ થયું છે વળી દાદા કહેતા મને તો છેલ્લા ત્રણ હજાર વર્ષથી કંટાળો આવતો હતો તે આ ભવમાં અમે ખરેખર ભગવાન થયા.

૧૯૫૮માં અમને જ્ઞાન થયું. ત્યાર પછી એક દિવસ કનુભાઇ કહે છે કે, ગયા અવતારમાં આપણે શું હતા ? તને નથી દેખાતું ? આજે રૂપકમાં આવ્યા છીએ તે ગયા અવતારનું રૂપક છે. આપણે તો શીલ્પી હતા તે આજે રૂપકમાં છે. અમારા કોન્ટ્રાક્ટના ધંધામાં એક બોર્ડ બનાવવાના પંદરસો રૂપિયાનું ટેન્ડર હતું. પણ કોન્ટ્રાક્ટમાં ટિમ્બર લખેલું. ટિમ્બર એટલે ગમે તે લાકડું, એમ ઓવરસિયરે કહ્યું છતાં મેં કહ્યું સરકાર આટલા બધા પૈસા આપે છે અને ગમે તે લાકડું મારાથી કેમ નંખાય ? મેં ઉંચી જાતનું સાગનું લાકડું નાખવાનું કહ્યું. આપણને જે શોભે તે જ આપણાથી થાય. સારા માણસને વસ્તુ પ્રાપ્ત ન થાય તેવો લોકોએ જમાનો કરી નાંખ્યો છે ?

ત્યાર પછી ચાર વર્ષ સુધી દાદાની આ સ્થિતિની કોઇને ખબર પડી નહીં છેવટે તેમના ભત્રીજા શ્રી ચંદ્રકાંતભાઇના નિમિત્તે ઇ. સ. ૧૯૬૨માં આ વિજ્ઞાન અક્રમ વિજ્ઞાન ખુલ્લું થયું. ખંભાતમાં વડવા આશ્રમમાં આવેલ શ્રી ઋષભદેવ ભગવાનના દેરાસરમાં જઇ ભગવાન પાસે આજ્ઞા લઇ અઢી ટકા માર્ક વાળા શ્રી ચંદ્રકાંતભાઇને સૌ પ્રથમ અક્રમ વિજ્ઞાન આપવામાં આવ્યું. દાદાના ભાગીદાર શ્રી કાંતિભાઇ ઇ. સ. ૧૯૬૮માં દેહ છોડી ચાલ્યા ગયા. ઈ. સ. ૧૯૬૮માં ત્રીસેક જણાં સાથે દાદા એલીફન્ટા યાત્રાએ ગયેલા ત્યાં સૌ પ્રથમવાર નટુકાકા (વાસુદેવ) ના પુત્ર વિનિલને કે જેની ઉમર માત્ર ૧૦ વર્ષની હતી તેને જાહેરમાં જ્ઞાન આપ્યું હતું. આમ સૌથી નાની

ઉમરનાં બાળકને જ્ઞાન આપવાનો આ પ્રથમ બનાવ હતો. પૂજય દાદાશ્રી હંમેશા પુખ્ત વયનાનેજ જ્ઞાન આપતા અર્થાત્ અઢાર વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિઓને જ્ઞાન નહોતા આપતા. ઇ. સ. ૧૯૬૮માં તારીખ ૧૬-૮-૬૮ ના રોજ પૂજય દાદાશ્રીએ પાવાગઢનાં જૈન મંદિરના પૂજારી શ્રી બાબુલાલ ઝવેરીને જન્માષ્ટમીને દિવસે સામે ચાલીને જ્ઞાન આપેલું.

ઇ. સ. ૧૯૭૧માં ખંભાતમાં સૌથી વધુ મહાત્માઓને એક સાથે જ્ઞાન આપવાનો મોટો પ્રોગ્રામ થયેલ. આજ વર્ષમાં સૌ પ્રથમ વખત ''પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર ભગવાન શ્રી સીમંધર સ્વામીને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.'' આ નમસ્કાર બહાર પડેલ.

શરૂઆતના નવ વર્ષો દરમ્યાન અર્થાત ઇ. સ. ૧૯૬૨ થી ઇ. સ. ૧૯૭૧ સુધી ખૂબ જ અલ્પ સંખ્યામાં આ જ્ઞાનનો લાભ જગતના લોકોને પ્રાપ્ત થયો પરંતુ ૧૯૭૧ પછી લોકોની પુણ્યૈઇ જાગી. દાદાએ ફરીથી ઋષભદેવ ભગવાન પાસે આજ્ઞા માંગી અને માઇનસ ૩ માર્કસવાળાને પણ આ જ્ઞાન આપવું તેવું નક્કી થયા પછી વધુને વધુ લોકોને આ જ્ઞાનનો લાભ મળવા લાગ્યો.

તારીખ ૨૫-૮-૭૩ના રોજ યાત્રામાં નીકળેલા ત્યારે પુષ્કર તીર્થક્ષેત્રમાં બ્રહ્માજીના મંદિરે જતા રસ્તામાં પૂજય શ્રી દાદા ભગવાને વાંદરાઓને જામફળ ખવડાવ્યું અને વાતો કરી શાદી બાદી કરી છે! કે લ્યો આ તો ના પાડે છે! મોક્ષમાં આવવું છે કે નહીં કે પછી આવો જ ધંધો કરવો છે અને પછી દાદાના હાથમાંથી વાંદરાઓએ જામફળ લઇ લીધું. દાદાએ બધા વાંદરાઓને જય સચ્ચિદાનંદ કહ્યું.

ઇ. સ. ૧૯૭૫માં દિવાળી પછી ભાઇબીજના દિવસે પંદર થી વીસ મહાત્માઓ સાથે દાદા અગાસ તીર્થ ક્ષેત્રમાં ગયેલા. પૂજય દાદા શ્રી અવારનવાર અગાસ જતાં હતા. પરંતુ આ પ્રસંગે ત્યાંના વહીવટ કર્તાઓએ દાદાશ્રીને કહેલું કે હવે તમારે અગાસ આવવું નહીં અને દાદાને ન કહેવાનાં શબ્દો કીધેલા ત્યારે પૂજય શ્રીએ કહેલું કે ''ભગવાન હવે અગાસમાંથી ખસી ગયેલા છે સારું થયું કે તમે નિમિત્ત બન્યા અને અમે અમારી જોખમદારીમાંથી છૂટી ગયા.'' ત્યાર બાદ દાદા ફરીથી અગાસ ક્યારેય ગયા નથી.

૬૮ વર્ષની ઉંમરે દાદા મહાત્માઓને લઇને યાત્રામાં નીકળેલા ત્યારે વૃંદાવન ગાર્ડનમાં મૈસુરમાં એક ઝાડ નીચે રીટઝ હોટલના મેનેજરને રાત્રે એક વાગે જ્ઞાન આપેલું. દાદાએ પોતાના દેહ સામે ક્યારેય જોયું નથી. આ સમયે માત્ર બે કે ત્રણ મહાત્મા જાગતા હતા. બાકીના બધાં ત્યાં જ સૂઇ ગયા હતા. રાત્રે બે વાગે વિધિ પૂરી થઇ પછી બધાને ઉઠાડીને ખીચડી શાક જમાંડયા અને પછી પાછા બધા સૂઇ ગયા.

દાદાનો હૂક્કો તારીખ ૨૪-૧૧-૭૬ ના રોજ તેમની ૬૮ વર્ષની ઉંમરે વિદાય લઇને ગયો તે ખંભાતમાં મૂળજીભાઇએ પોતાને ત્યાં મંદિરમાં પધરાવ્યો.

લગભગ ૧૯૭૭ની સાલમાં અમે જાત્રાએ ગયા હતા. આડત્રીસ માણસને લઇને બસમાં બધે ગયા હતા. તે એક શહેરમાં ગયા હતા. હવે એ શહેરમાં ફોજદારે બસ રોકી. અમે પૂછયું કે કેમ શું છે ? ત્યારે કહે છે કે, અહીંથી આગળ નહિં જવાનું મેં કહ્યું કે કારણ શું છે પણ ? અમે જાત્રાએ નીકળેલા છીએ ત્યારે કહે છે કે ના, આગળ જવાનું નથી. કારણકે આગળ આ રસ્તે લૂંટ થાય છે. આ ચાલીસ માઇલનો રસ્તો છે તે વારે ઘડીએ અહિ લૂંટ થયા જ કરે છે. એટલે રાત્રે નહિ જવા દેવાના મેં કહ્યું કે તો દહાડે ચોરી નથી થતી ? ત્યારે તે કહે છે કે દહાડે પણ ચોરીઓ તો થાય છે ત્યારે મેં કહ્યું તો અમે ક્યારે જઇએ ? રાત્રે જઇએ કે દહાડે જઇએ ? પછી ફોજદારને કહ્યું અમને જવા દો, અમને વાંધો નથી અમારી જવાબદારી ઉપર જવા દો, ત્યારે ફોજદાર કહે છે તો તમે જાવ, પણ આ બે પોલીસવાળા લઇ જવા પડશે. ત્યારે મેં કહ્યું કે ભઇ મૂકો તે ભરી બંદૂક સાથે બે પોલીસવાળાને બસમાં બેસાડયા, પણ રસ્તો પસાર કરી નાખ્યો, કશુંય થયું નહિ. એટલે કોઇ બાપોય નથી અડે એવો, આ જગતમાં ભડકવાની જરૂર જ નથી. એ લૂટારુંઓ રાતના એક વાગ્યા સુધી બેસી રહ્યા હોય, પછી કહેશે કે, આજે કોઇ શિકાર નથી મળતો અને એ જાય તે પાંચ મિનિટ છેટે ગયા હોય ને આપણી બસ ત્યાંથી પસાર થાય ! એ લોકો જુએ ને કહે પણ ખરા કે અલ્યા, પાંચ મિનિટ રાહ જોઇ હોત તો શિકાર આમ હાથમાંથી ન ગયો હોત. એવું આમ કોઇને કંઇ કરી શકવાની સત્તા જ નથી. આ દુનિયામાં ગભરાવાની કોઇ જરૂર જ નથી. તમારી જાતના તમે માલિક છો અને આ આજે તમને જે અડચણો પડે છે એ બધો તમારો જ હિસાબ છે. તમે જે ગૂંચવ્યો એ ગૂંચવ્યાનું ફળ આવ્યું. એટલે આપણે એ ફળ શાંતિપૂર્વક ભોગવી લેવાનું ને ફરી એવું ગૂંચવાય નહિ એટલું જોવું જોઇએ. બાકી આપણામાં કોઇની ડખલ નથી. ભગવાનનીય ડખલ નથી. બસ આગળ ગઇ ને વખતે લૂંટારુંઓ મળ્યા તો હિસાબ હશે તો મળશે, નહિ તો કેવી રીતે મળે ? છતાં ઉદ્ધત પણ ના થઇ જવું જોઇએ. હવે વખતે એ ફોજદાર અને મહાત્માઓ પણ કહે ત્યારે હું એકલો એમ ના કહું કે અત્યારે જ ચાલો હું બધા જ એવિડન્સ શું છે એ જોઇ લઉં. બધા જ કહે કે, નથીં જવું ત્યારે હું કહું કે હા, બરાબર છે જવાનું માંડવાળ કરો, કોઇ જગ્યાએ પકડ ના પકડવી જોઇએ.

જ્ઞાની પુરુષને ૭૧ વર્ષની ઉંમરે તા. ૧૮-૧૨-૭૮ ના રોજ રાત્રે ૧૧-૩૦ વાગે ખાટલામાંથી ઉઠવા જતાં દાદા પડી ગયા અને પગે ફ્રેકચર થયું ત્યારે દાદાએ

એનેસ્થેસિયા અને શીશી સૂંઘ્યા વગર ઓપરેશન કરવા દીધું. બધા ડોકટરો અચંબામાં પડી ગયા. જે દેહથી સંપૂર્ણપણે છૂટા રહે છે તેનો આ પ્રસંગ પરથી ખ્યાલ આવે છે.

ઇ. સ. ૧૯૮૦માં પૂજય દાદાશ્રી ગાંધીનગરમાં સત્સંગ માટે ગયેલ. ત્યાં ગાંધીનગરના કોમ્પ્યુટર સેન્ટરમાં નોકરી કરતા એક મુમુક્ષુ જીવને પૂજય દાદાશ્રીની કોમ્પ્યુટર દ્વારા કુંડળી કાઢવાની મહેચ્છા પ્રગટ થઇ અને તેમણે નીરુબેનને પૂછીને દાદાની જન્મ તારીખ, સમય અને સ્થળ મેળવી લઇ કોમ્પ્યુટરનાં માધ્યમથી દાદાની કુંડળી તૈયાર કરેલ. અને આ કુંડળી જોઇને તે મુમુક્ષુ ખુબ જ પ્રભાવીત થઇ ગયેલ.

ઇ. સ. ૧૯૮૨માં એટલે કે ૭૪ વર્ષની ઉંમરે દાદા પ્રથમવાર અમેરિકાની યાત્રાએ ગયેલા. અમેરિકાના આયોવા રાજયના નગર સિડાર રેપિડ્ઝ મેથોડિસ્ટ ચર્ચના એક પાદરીને મળવાનું થયું તેમનું નામ પોલ હસેલ હતું. મૂળ જર્મન. અમે મિત્રો બન્યા. એક વાર વાતચીતમાં મેં એમને કહ્યું. પોલ સાહેબ, મારી આયુષ્ય ૭૫ વર્ષનું છે જો હું પાંચ વર્ષની જીવનરહસ્યની ખોજની પરિયોજના કરું તો મારે ૮૦ વર્ષ સુધી જીવવું અનિવાર્ય થાય અને મને શ્રદ્ધા છે કે એમાં આંચ ન આવે. આ વિધાતાના લેખ પર મેખ મારવા જેવું છે ! પછી પોલસાહેબે મને કહ્યું મને એક મિશનરી યાદ આવી ગઇ. કદાચ તે ઇ. સ્ટેન્લી જોન્સ છે ! તેમની ઉંમર ૭૦ વર્ષની થઇ ત્યારે તેમણે પ્રાર્થના કરી કે હે સ્વર્ગીય પિતા, જો તું મને હવે દશ વર્ષ આપે તો હું મારું આખું જીવન તારા કાર્ય માટે વાપરીશ. તે ૮૦ વર્ષના થયા. ત્યારે ફરી પ્રાર્થના કરી કે હે સ્વર્ગીય પિતા. જો તું મને હજું દશ વર્ષ આપે તો હું તારું કામ કરીશ. તેમને દશ વર્ષ મળ્યાં અને તે ૯૦ વર્ષના થયા અને ત્યાં સુધી મિશનનું કામ કર્યું.

તા. ૨-૫-૮૪ના રોજ સુરત કામરેજ મંદિરની શિલારોપણ વિધિ દાદાના હસ્તે થયેલ. આ પ્રોગ્રામ પૂરો થયા પછી મે મહિનાના બીજા અઠવાડિયામાં બીજી વખત અમેરિકાનો પ્રવાસ થયો. ફરીથી તા. ૫-૫-૧૯૮૫ના રોજ દાદાશ્રી ત્રીજી વાર અમેરિકા ગયેલ. તા. ૨૦-૪-૮૬ના રોજ ફરીથી ચોથો અમેરિકાનો પ્રવાસ થયો હતો.

દાદાશ્રીનાં ધર્મપત્ની હીરાબાનો દેહ ૧૯૮૬માં એટલે દાદાની ૭૮ વર્ષની ઉંમરે શાંત થયેલ. તેમની સાથે ૧૯૨૬માં લગ્ન અને ૧૯૮૬માં દેહ વિલય એટલે ૬૦ વર્ષનું દાંમ્પત્ય જીવન પણ ક્યારેય મતભેદ નથી પડયો.

દાદાશ્રીની ૭૮ વર્ષની ઉંમરે તારીખ ૬-૧૧-૮૬ સાંજે ૬ થી ૭ ની વચ્ચે ગુરુવારે વડોદરાથી ખંભાત જતાં વાસદ - બોરસદ રોડ ઉપર ટેન્કર અથડાતાં જીવલેણ અકસ્માત નડ્યો પરંતુ દાદાનું મુક્તહાસ્ય આટલી વેદના છતાં જેમં છે તેમ અકબદ્ધ હતું. મુખ ઉપર સ્હેજ પણ વેદનાની છાયા પડેલી દેખાઇ નહોતી. અકસ્માત થયાના

થોડાક જ દિવસ પછી પૂજય દાદાશ્રીની જન્મ જયંતિ નવસારી મુકામે હતી. દાદાની તબિયત સારી ન હોવા છતાં પૂજય દાદાશ્રી જન્મ જયંતિ પ્રસંગે બગીમાં બેસી શોભાયાત્રામાં ફર્યા હતા અને સ્ટેજ ઉપર બધાને દર્શન પણ આપ્યા હતા.

ઇ. સ. ૧૯૮૭માં મુંબઇમાં પેડર રોડ ઉપર નાલંદા એપાર્ટમેન્ટમાં શ્રી મનુભાઇ મહેતાને ત્યાં તારીખ ૧૧-૪-૮૭ના રોજ છેલ્લી જ્ઞાન વિધી થયેલ. ત્યાર બાદ એપ્રિલના ત્રીજા અઠવાડિયામાં દાદા શ્રી અમેરિકામાં પાંચમાં પ્રવાસ માટે ગયેલ. ત્યાં અમેરિકામાં સખત બીમાર પડેલ અને ઓકટોબર ૧૯૮૭માં ભારત પાછા આવેલ. ઇ. સ. ૧૯૮૭માં વડોદરા મુકામે તા. ૨૨-૧૧-૧૯૮૭·માગશર વદ બીજના દિવસે દાદાએ સૌ પ્રથમ વખત ચોવીસ કલાકની કિર્તન ભક્તિ શ્રી કાંતિભાઇ મહેતાને ત્યાં શરૂ કરાવેલ.

આ દાદાશ્રીએ ૧૯૬૨ થી જાન્યુઆરી ૧૯૮૮ સુધી ૨૬ વર્ષ સુધી સતત. જ્ઞાનની ધારા નિરંતર વહેવડાવી. આશરે ૭૦,૦૦૦ માણસોને તેમના જ્ઞાનનો પ્રત્યક્ષ લાભ પ્રાપ્ત થયો હતો.

આ સર્વજ્ઞ જ્ઞાની પુરુષનો સ્થૂલ દેહ તારીખ ૨-૧-૧૯૮૮ ના રોજ બપોરે ૧ કલાક અને ૧૫ મિનિટે પોષ સુદ ચૌદસને શનિવારે વડોદરા શહેરમાં આવેલ ખત્રી પોળના ભાઉજી દરોગાનાં ખાંચામાં આવેલ શ્રી રસિકભાઇ પટેલના ત્યાં શાંત થયો હતો. તા. ૫-૧-૧૯૮૮ના રોજ બપોરે ત્રણ કલાક અને એક મિનિટે વડોદરાથી લગભગ ચૌદ કિલોમીટર દૂર ડભોઇ છોટાઉદેપુર રોડ ઉપર આવેલ કેલનપુર ગામની નજીક તેમની પોતાની જ માલિકીની જગ્યાએ અગ્નિ સંસ્કાર દ્વારા તેમનો દેહ પંચ મહાભૂતમાં વિલીન થયો હતો.

દાદા ભગવાનના અસીમ જય જય કાર હો

ॐ

જય સચ્ચિદાનંદ